પ્રાતઃસ્મરણીય શ્રી હરિભદ્રસૂરિ મહારાજ વિરચિત
શ્રુતહેમનિકષ શ્રી મુનિચંદ્રસૂરિ મહારાજ વિરચિત ટીકા સહિત

# ઉપદેશપદ ગ્રંથ

ગુજરાતી ભાવાનુવાદ
ભાગ-૧



ભાવાનુવાદકાર
પૂ. આ. શ્રી રાજશેખરસૂરીશ્વરજી મહારાજ

ધરણેન્દ્ર પદ્માવતી સંપૂજિતાય ૐ હ્રીં શ્રીં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ
શ્રી દાન-પ્રેમ-રામચંદ્ર-હીરસૂરીશ્વરેભ્યો નમઃ
ऐं नमः

પ્રાતઃસ્મરણીય શ્રી હરિભદ્રસૂરિ મહારાજ વિરચિત
શ્રુતહેમનિકષ શ્રી મુનિચંદ્રસૂરિ મહારાજ વિરચિત ટીકા સહિત

# ઉપદેશપદ ગ્રંથનો ગુજરાતી ભાવાનુવાદ

## (ભાગ-૧)


: ભાવાનુવાદકાર :
પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના પટ્ટાલંકાર
પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય હીરસૂરીશ્વરજી મહારાજાના પટ્ટપ્રદ્યોતક
પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય લલિતશેખરસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન
**આચાર્યદેવ શ્રી રાજશેખરસૂરિ મહારાજ**

: બૃહત્કથાનુવાદકાર :
પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય વીરશેખરસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન
પ.પૂ. મુનિરાજ શ્રી સુમતિશેખરવિજયજી

: સંપાદક :
પ.પૂ. મુનિરાજ શ્રી ધર્મશેખરવિજયજી

: સહયોગ :
પ.પૂ. મુનિરાજ શ્રી દિવ્યશેખરવિજયજી



: પ્રકાશક :
**શ્રી અરિહંત આરાધક ટ્રસ્ટ**
C/o. હિન્દુસ્તાન મિલ સ્ટોર્સ,
૪૮૧, ગની એપાર્ટમેન્ટ, રતન ટોકીઝ સામે, આગ્રા રોડ, ભિવંડી-૪૨૧૩૦૫

મૂલ્ય : રૂા. ૪૦૦ (ભાગ - ૧+૨)

વીર સંવત્ : ૨૫૩૨ વિક્રમ સંવત્ : ૨૦૬૨

# પરિશુદ્ધ જિનાજ્ઞાનો પ્રભાવ પાથરતા ઉપદેશપદોયુક્ત 'ઉપદેશપદ ગ્રંથ'નું સુકૃત

પ્રાત:સ્મરણીય યાકિની મહત્તરાધર્મસુનુ ૧૪૪૪ ગ્રંથના પ્રણેતા સુગૃહિત નામધેય પૂજ્યપાદ **હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ** રચેલા અને પ્રકાંડ વિદ્વદ્વરેણ્ય સહસ્રાવધાની પૂજ્યપાદ **મુનિચંદ્રસૂરીશ્વરજી મહારાજા** વિરચિત ટીકાસહિતનો **'ઉપદેશપદ'** ગ્રંથ ભાવાનુવાદકારકુલશૃંગાર જિનાજ્ઞામર્મજ્ઞ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ **વિજયરાજશેખરસૂરીશ્વરજી મહારાજા** દ્વારા ભાવાનુવાદ પામેલા આ ગ્રંથનું નિજજ્ઞાનનિધિ દ્વારા પ્રકાશન કરીને રાજકોટ (સૌ.) સ્થિત **શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક તપગચ્છ સંઘ ટ્રસ્ટ-રાજકોટ** વર્ધમાનનગર સંઘે વિક્રમના આઠ-આઠ દાયકા સુધી નિર્ભેળ જિન સિદ્ધાંતની નિર્ભિકપણે પ્રરૂપણા કરી જનારા અને અમારો શ્રી સંઘ પણ જેઓશ્રીના સિદ્ધાંતોને વરેલો છે એવા વ્યાખ્યાનવાચસ્પતિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના ભાવોપકાર તથા પૂજ્યપાદશ્રીના આજીવન અંતેવાસી બની 'સૂરિરામ' સમુદાયના વર્તમાન ગચ્છાધિપતિપદે અધિષ્ઠિત પૂ.આ.શ્રી હેમભૂષણ સૂ. મ. ના શુભ આશિષથી તથા વર્ધમાનતપોનિધિ પૂ. મુ. શ્રી નયભદ્ર વિ. મ. ની પ્રેરણાથી મહાન સુકૃત કર્યું છે.

પૂજ્યપાદ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા જેવા માર્ગસ્થપ્રજ્ઞાસંપન્ન મહાપુરુષોના રચાયેલા ગ્રંથોમાં અવગાહન કરવું અલ્પમતિ સાધુ-સાધ્વીજી ભગવંતો માટે કપરૂં છે. આજ સુધીમાં મોટા ૧૭ ગ્રંથોના વિશિષ્ટ ભાવાનુવાદ કરનારા પૂજ્યશ્રી ચતુર્વિધ શ્રી સંઘ ઉપર અનહદ ઉપકાર કરી રહ્યા છે. સહેજ પણ રસખંડિત ન થાય તે રીતે અન્વય ગોઠવીને અને ક્યાંક ગ્રંથકાર પરમર્ષીના અંત:સ્થલમાં રમતા ભાવને પ્રગટ કરીને પદાર્થની ગરિમા વધારવી એ પૂજ્યશ્રીની વિશિષ્ટતા છે.

આ સંપૂર્ણ ગ્રંથ કદાચ કોઈ પુણ્યાત્મા અધ્યયન ન કરી શકે તો તેના માટે પણ ગ્રંથ વાંચવા આકર્ષણ ઉભું કરે તે રીતના મહત્ત્વના પદાર્થોને 'સંક્ષિપ્ત સાર' રૂપે સંગ્રહિત કરીને કરેલો ઉપકાર એ પરોપકારિતાના પ્રકર્ષને સૂચવનારો છે.

પ્રસ્તુત ગ્રંથમાં પરિશુદ્ધ જિનાજ્ઞાનું મહત્ત્વ બતાવતાં ગાથા ૩૨૭ માં જણાવ્યું છે કે પરિશુદ્ધ આજ્ઞા અને અશુભ કર્મ એ બન્નેનો પાણી અને અગ્નિની જેમ વિરોધ છે. આથી પરિશુદ્ધ આજ્ઞા જ્યાં હોય ત્યાં અશુભ કર્મો ન રહે. આથી પરિશુદ્ધ આજ્ઞાથી અશુભ કર્મોનો ક્ષય થાય છે અને પરિણામે ભાવ આરોગ્યની પ્રાપ્તિ થાય છે.

ચતુર્વિધ શ્રી સંઘ પરિશુદ્ધ આજ્ઞાના બહુમાનવાળો થશે તો ગ્રંથકારશ્રી, ટીકાકાર મહર્ષી તથા ભાવાનુવાદકારશ્રીનો ભાવોપકાર ખરેખર સાર્થક થશે.

પૂજ્યશ્રીના સાહિત્યને ચતુર્વિધ શ્રી સંઘના કરકમલોમાં સ્થાપિત કરવાનું સદ્ભાગ્ય શ્રી **અરિહંત આરાધક ટ્રસ્ટ**ને પ્રાપ્ત થાય છે. પૂજ્યશ્રીની નવી નવી કૃતિઓ અનેક ભવ્યાત્માઓના આર્થિક સહકારથી, અનેક શ્રી સંઘોની જ્ઞાનનિધિ દ્વારા પ્રકાશિત કરીને જિનશાસનનો શ્રુતવારસો વિસ્તૃત રહે એવા પ્રયત્નમાં અમે રત રહીએ એવી અભ્યર્થના.

**લિ. શ્રી અરિહંત આરાધક ટ્રસ્ટ**

# ભાવાનુવાદકારનું અંતઃસ્ફુરણ

વિ.સં. ૨૦૧૬માં મારું શારીરિક સ્વાસ્થ્ય વધારે કથળતાં સારવાર માટે મારા પૂજ્ય ઉપકારી ગુરુદેવોએ મને પિંડવાડાથી નિઃસ્પૃહતાના સાગર પ.પૂ. પંન્યાસપ્રવર શ્રી કાંતિવિજયજી ગણિવરની સાથે ઊંઝા ચાતુર્માસ માટે મોકલ્યો. એ ચાતુર્માસમાં પ.પૂ. પંન્યાસજી મહારાજે મને ઉપદેશપદ ગ્રંથ વંચાવ્યો. હું પહેલાં જાતે એ ગ્રંથ વાંચતો, પછી પૂ. પંન્યાસજી મ.ની પાસે વાંચતો, પછી વંચાયેલી ગાથાઓનો ભાવાનુવાદ લખતો. (નૂતન અભ્યાસીઓ માટે વાંચનની આ પદ્ધતિ શ્રેષ્ઠ ગણાય.) આ રીતે મેં કથા સિવાયની બધી ગાથાઓનો અનુવાદ તૈયાર કર્યો. આ વખતે મને ભવિષ્યમાં સટીક ઉપદેશપદનો ભાવાનુવાદ કરવાની ભાવના થઈ હતી. એ ભાવના વર્ષો પછી આજે પૂર્ણ થયેલી જોઈને હર્ષ અનુભવું છું. આ પ્રસંગે દિલ દઈને ઉપદેશપદ ગ્રંથ વંચાવનારા મહાતપસ્વી પ.પૂ. પંન્યાસજી મહારાજ શ્રી કાંતિવિજયજી ગણિવરને ભાવભરી વંદના કરું છું.

ઉપદેશપદ ગ્રંથમાં મુખ્યતયા જિનાજ્ઞાનું વિવિધ રીતે વર્ણન હોવા છતાં બીજા અનેક ગંભીર પદાર્થો ગુંથી લેવામાં આવ્યા છે. ઉપદેશપદમાં આવેલા પદાર્થોના બોધ વિના જૈનશાસનમાં કુશળ બની શકાય નહિ. જૈનશાસનમાં કુશળતા સમ્યગ્દર્શનનું ભૂષણ છે. આથી જૈનશાસનમાં કુશળતા મેળવવાને ઈચ્છતા દરેક સાધુ આદિએ આ ગ્રંથનું ખૂબ ચિંતન-મનન કરવું જોઈએ. તેમાં પણ વ્યાખ્યાનકારોએ તો આ ગ્રંથને ખાસ વાંચવો-વિચારવો જોઈએ, જેથી વ્યાખ્યાનમાં શાસ્ત્ર મુજબ પ્રરૂપણા કરી શકાય. આમાં આવતા પદાર્થોને બરોબર સમજીને ટૂંકમાં તેની નોંધ કરવી જોઈએ. પછી ઘણા કાળ સુધી તેનો પાઠ કરવાપૂર્વક ચિંતન-મનન કરવું જોઈએ. મહેંદીને જેમ જેમ લસોટવામાં આવે તેમ તેમ તેના રંગની વૃદ્ધિ થાય છે. તે જ રીતે આવા પદાર્થોના ચિંતન-મનનથી બોધમાં વૃદ્ધિ થાય છે. આ ગ્રન્થની કેટલીક ગાથાઓ ચૂંટીને કંઠસ્થ કરવા જેવી છે.

આમાં આવેલા પદાર્થોનો પાઠ કરવાપૂર્વક ચિંતન-મનન કરવાની જેમને ભાવના થાય તેમને સરળતા રહે એ માટે મેં આ પુસ્તકના પ્રારંભમાં સંક્ષિપ્ત સાર લખ્યો છે. તેમાં મુખ્ય મુખ્ય વિષયોના પદાર્થોનો સંગ્રહ કર્યો છે. ગાથા નંબરો પણ આપ્યા છે. તેથી જેમને કોઈ સ્થળે મૂળગ્રંથ-સંસ્કૃત ટીકા જોવાની જરૂર લાગે તો જોઈ શકે. આ સંક્ષિપ્ત સાર જોવાથી પણ ખ્યાલ આવશે કે આ ગ્રંથમાં કેટલા બધા ગંભીર પદાર્થો રહેલા છે.

ઉપદેશપદ ગ્રંથના પદાર્થો ન્યાયવિશારદ મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે ઉપદેશ રહસ્ય નામના ગ્રંથમાં પોતાની આગવી શૈલીથી ગુંથ્યા છે. આથી જૈનશાસનમાં

કુશળ બનવા ઉપદેશ રહસ્યગ્રંથ પણ વાંચવો જરૂરી છે. પણ ઉપદેશપદ ગ્રંથ વાંચ્યા પછી એ ગ્રંથ વાંચવામાં આવે તો એ ગ્રંથને સમજવામાં સરળતા રહે. નવ્યન્યાયની શૈલીથી લખાયેલો હોવાથી એ ગ્રંથ સમજવો કઠીન છે. આમ છતાં વિદ્વદ્વર્ય મુનિ (હાલ આચાર્ય) શ્રી જયસુંદરવિજયજીએ ભાવાર્થપૂર્ણ અનુવાદ કર્યો હોવાથી એના આધારે આ ગ્રંથ સમજવો સરળ બન્યો છે.

પુસ્તકનું કદ ન વધે એ હેતુથી આ પુસ્તકમાં કથાઓ સિવાય બધી ગાથાઓની સંસ્કૃત ટીકાનું મુદ્રણ કરવામાં આવ્યું છે.

ઉપદેશપદમાં વિસ્તૃત કથાઓ ઘણી છે. આ કથાઓનો અનુવાદ કરવામાં મારો સમય ઘણો જાય. આથી મેં એ કાર્ય મુનિશ્રી સુમતિશેખરવિજયજીને સોંપ્યું. તેમણે એ કાર્ય દિલ દઈને પાર પાડ્યું છે. આ રીતે બન્નેની મહેનતથી આ ભાવાનુવાદ તૈયાર થયો છે. આ પ્રસંગે મારા ત્રણે પૂજ્ય ગુરુદેવોને નતમસ્તકે ભાવવાહી વંદના કરું છું. મુનિશ્રી ધર્મશેખરવિજયજીએ આ ગ્રંથનું સંપાદન કાર્ય કરીને મારી ઘણી જવાબદારી ઓછી કરી છે. મુનિશ્રી દિવ્યશેખર વિજયજીએ પ્રૂફ સંશોધન આદિ દ્વારા આમાં ઘણો સહયોગ આપ્યો છે. મુનિશ્રી હિતશેખર વિજયજીએ અનુવાદની પ્રેસકોપી તૈયાર કરી છે.

ગંભીર રહસ્યોથી પૂર્ણ આવા ગ્રંથોનો અનુવાદ કરવાનું મારા જેવા માટે કઠીન ગણાય. શબ્દાર્થ લખી નાખવો એ અલગ વાત છે અને રહસ્યોને પકડીને ભાષામાં ઉતારવા એ અલગ વાત છે. રહસ્યોને પકડવા અને ભાષામાં ઉતારવા એ કપરું કામ છે. આમાં મેં મારી શક્તિ મુજબ રહસ્યોને પકડીને ભાષામાં ઉતારવાનો પ્રયત્ન કર્યો છે. હું આમાં કેટલો સફળ બન્યો છું એનો નિર્ણય કરવાનું કામ વિદ્વાનોનું છે. આમાં વિદ્વાનોને ક્ષતિઓ જરૂર દેખાશે. આમ છતાં મને શ્રદ્ધા છે કે અનુગ્રહપૂર્ણ વિદ્વાનો આમાં રહેલી ક્ષતિઓનું પ્રમાર્જન કરવાપૂર્વક આ ભાવાનુવાદને આવકારશે.

આ ગ્રંથમાં અનુવાદમાં મૂળગ્રંથકાર-ટીકાકાર મહાપુરુષોના આશયથી વિરુદ્ધ કંઈ પણ લખાયું હોય તે બદલ ત્રિવિધ-ત્રિવિધે ક્ષમા યાચું છું.

વિ.સં. ૨૦૬૨, ફા.વ. ૧૩,
૨. ૭. આરાધના ભવન,
નવસારી.

**- આચાર્ય રાજશેખરસૂરિ**

## પ.પૂ. આ. શ્રી રાજશેખરસૂરીશ્વરજી મહારાજ દ્વારા
## અનુવાદિત-લિખિત-સંપાદિત-વિવેચિત-રચિત સાહિત્ય

**સટીક અનુવાદ**

૧. પંચાશક★
૨. પંચસૂત્ર
૩. ધર્મબિંદુ
૪. યોગબિંદુ
૫. ઉપદેશપદ
૬. પંચવસ્તુક
૭. શીલોપદેશમાલા★
૮. શ્રાદ્ધદિનકૃત્ય
૯. નવપદ પ્રકરણ★
૧૦. યોગદૃષ્ટિ સમુચ્ચય
૧૧. ગુરુતત્ત્વ વિનિશ્ચય★
૧૨. અષ્ટક પ્રકરણ
૧૩. પ્રશમરતિ પ્રકરણ
૧૪. વીતરાગસ્તોત્ર
૧૫. શ્રાવકધર્મ વિધિ પ્રકરણ
૧૬. ઉપદેશમાલા (પુષ્પમાલા)
૧૭. શ્રાવકપ્રજ્ઞપ્તિ (પ્રેસમાં)

**મૂળસૂત્ર-અનુવાદ**

૧૮. ધર્મબિંદુ★
૧૯. જ્ઞાનસાર
૨૦. અષ્ટક પ્રકરણ
૨૧. વીતરાગ સ્તોત્ર
૨૨. વીતરાગ સ્તોત્ર
૨૩. પ્રશમરતિ
૨૪. પંચસૂત્ર★
૨૫. ભવભાવના★
૨૬. તત્ત્વાર્થાધિગમ સૂત્ર
૨૭. ચૈત્યવંદન મહાભાષ્ય
૨૮. યતિલક્ષણ સમુચ્ચય

**સંપાદિત-સંકલિત-સંશોધિત**

૨૯. સિદ્ધહેમશબ્દાનુશાસન (મધ્યમવૃત્તિ)
૩૦. યોગશાસ્ત્ર (મૂળ શ્લોક)★
૩૧. જ્ઞાનસાર (મૂળ શ્લોક)★
૩૨. શીલોપદેશમાલા (સંસ્કૃત)
૩૩. શ્રાદ્ધદિનકૃત્ય (સંસ્કૃત)
૩૪. સિરિસિરિવાલકહા (પ્રાકૃત)
૩૫. સેનપ્રશ્ન (અનુવાદ)★
૩૬. હીરપ્રશ્ન (અનુવાદ)
૩૭. પરિશિષ્ટ પર્વ (અનુવાદ)★
૩૮. ત્રણ કર્મગ્રંથ (ગુજરાતી)★
૩૯. શ્રમણક્રિયા સૂત્રો
૪૦. ચોવિશ જિન જુહારીએ★ (સ્તવનો)
૪૧. પ્રેમગુણ ગંગામાં સ્નાન કરીએ (પૂ. પ્રેમસૂરિના ગુણાનુવાદ)★
૪૨. સાધનાસંગ્રહ (ઉપયોગી વિવિધ સંગ્રહ)

**લેખિત**

૪૩. પ્રભુભક્તિ
૪૪. માતા-પિતાની સેવા★
૪૫. મૈત્રી સાધના★
૪૬. પ્રમોદપુષ્પ પરિમલ★
૪૭. સત્સંગની સુવાસ★
૪૮. સાધુ સેવા આપે મુક્તિ મેવા★
૪૯. આહારશુદ્ધિથી આત્મશુદ્ધિ
૫૦. ભાવના ભવનાશિની
૫૧. જીવન જીતવાની જડીબુટ્ટીઓ★
૫૨. ચિત્ત પ્રસન્નતાની જડીબુટ્ટીઓ
૫૩. અણગારના શણગાર સાત સકાર★
૫૪. મમતા મારે સમતા તારે★
૫૫. પરોપકાર કરે ભવપાર
૫૬. પ્રભુભક્તિ મુક્તિની દૂતિ★
૫૭. તપ કરીએ ભવજલ તરીએ
૫૮. જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ
૫૯. સ્વાધીન રક્ષા પરાધીન ઉપેક્ષા
૬૦. આધ્યાત્મિક વિકાસના પાંચ પગથિયા
૬૧. જૈનધર્મની પ્રાચીનતા અને શાસન પ્રભાવક સંપ્રતિ મહારાજ★
૬૨. શ્રી શત્રુંજય તીર્થ સોહામણું
૬૩. નવકારનો જાપ મિટાવે સંતાપ★
૬૪. શ્રાવકના બાર વ્રતો
૬૫. એક શબ્દ ઔષધ કરે એક શબ્દ કરે ઘાવ

**વિવેચિત**

૬૬. તત્ત્વાર્થાધિગમ સૂત્ર

**રચિત**

૬૭. પ્રદેશબંધ (સંસ્કૃત ટીકા)★ લગભગ-૧૦ હજાર શ્લોક પ્રમાણ

**પ્રાપ્ય અન્ય પ્રકાશનો**

આત્મપ્રબોધ (અનુવાદ)
આત્મપ્રબોધ (પ્રત)
ભવભાવના (અનુવાદ)
પ્રતિમા શતક (અનુવાદ)
પાંડવ ચરિત્ર (અનુવાદ)
સંસ્કૃત શબ્દ રૂપાવલી
સંસ્કૃત ધાતુ-કૃદંત-રૂપાવલી
આચાર પ્રદીપ-અનુવાદ (પ્રેસમાં)
શ્રાદ્ધવિધિ-અનુવાદ (પ્રેસમાં)
ભવ આલોચના


**પ્રાપ્તિસ્થાન : શ્રી અરિહંત આરાધક ટ્રસ્ટ**

C/o હિન્દુસ્તાન મિલ સ્ટોર્સ, ૪૮૧, ગની એપાર્ટમેન્ટ, રતન ટોકીઝ સામે,
મુંબઈ-આગ્રા રોડ, ભિવંડી-૪૨૧૩૦૫. ફોન : (૦૨૫૨૨) ૨૩૨૨૬૬, ૨૩૩૮૧૪


★ આ નિશાનીવાળા પુસ્તકો અપ્રાપ્ય છે.

# ઉપદેશપદનો સંક્ષિપ્ત સાર

## મનુષ્યભવમાં ધર્મ જ કરવો જોઈએ.

અતિદુર્લભ મનુષ્યભવને પામીને કુશળ પુરુષોએ સદાય ધર્મમાં પ્રયત્ન કરવો જોઈએ. (૩) મનુષ્યભવ **અજ્ઞાન** અને **પ્રમાદ** એ બે દોષોથી દુર્લભ છે. [1]અજ્ઞાન-પ્રમાદના કારણે જીવ એકેન્દ્રિય આદિની ઉત્કૃષ્ટ [2]કાયસ્થિતિમાં ભમે છે. માટે મનુષ્યભવ દુર્લભ છે. (૧૬) અજ્ઞાન-પ્રમાદના કારણે ધર્મથી બાહ્ય ચિત્તવાળા જીવોની એકેન્દ્રિય આદિના ભવોમાં લાંબી કાયસ્થિતિ થાય છે. માટે મનુષ્યભવ પામીને શ્રુત-ચારિત્ર ધર્મમાં પ્રયત્ન કરવો જોઈએ. (૧૮)

## વિનય-વિધિપૂર્વક સૂત્રગ્રહણ

જિનાગમ પ્રમાણે થતી ધર્મપ્રવૃત્તિ સાચી ધર્મપ્રવૃત્તિ છે. માટે પહેલાં જિનાગમનો અભ્યાસ કરવો જોઈએ. (૧૯) જિનાગમનો અભ્યાસ વિનયપૂર્વક અને વિધિપૂર્વક કરવો જોઈએ. (૨૦ થી ૨૭) ગુરુએ પણ સૂત્રદાન વિધિપૂર્વક અને યોગ્ય શિષ્યોને કરવું જોઈએ. આઠમ, ચૌદશ અને વાચનાકાળને છોડીને સાધુની પાસે આવનારી સાધ્વીઓ અકાલચારિણી છે. (૨૯) [3]આસન્નસિદ્ધિક જીવ પોતાના કુટુંબની ચિંતા અને ધાર્મિક પ્રવૃત્તિ જિનાજ્ઞા પ્રમાણે જ કરે છે. આવા જીવને સર્વ કાર્યોમાં ભગવાન ઉપર (સાચું) બહુમાન છે. એથી તે જીવ જલદી ભગવાનરૂપ બની જાય. (૩૫) જિનાજ્ઞાને છોડીને પ્રવૃત્તિ કરનાર જીવ સ્વ-પરનું અહિત કરે છે. (૩૬)

## નિપુણબુદ્ધિનું મહત્ત્વ

બુદ્ધિયુક્ત જીવો જ આવા તત્ત્વને સમજી શકે છે એમ ૩૭મી ગાથામાં જણાવીને ૩૮ થી ૧૬૦ ગાથા સુધી વિસ્તારથી ચાર પ્રકારની બુદ્ધિનું સ્વરૂપ અને દૃષ્ટાંતો જણાવ્યાં છે. નિપુણ બુદ્ધિ સંબંધી દૃષ્ટાંતો સાંભળવાથી ભવ્ય જીવોની ફળના સારવાળી નિપુણબુદ્ધિ પ્રાયઃ વધે છે. (૧૬૧) નિપુણ બુદ્ધિમાન પુરુષોની ભક્તિથી, બહુમાનથી, ઈર્ષ્યાના અભાવથી અને પ્રશંસાથી બુદ્ધિ વધે છે. (૧૬૨) કલ્યાણમિત્રના યોગથી બુદ્ધિમાન પુરુષો પ્રત્યે ભક્તિ વગેરે પ્રગટે છે. શુદ્ધ કર્મપરિણામથી (=પુણ્યાનુબંધી પુણ્યના ઉદયથી) કલ્યાણમિત્રનો યોગ થાય છે. તેવા પ્રકારના પુરુષાર્થથી યુક્ત તથાભવ્યાત્વથી શુદ્ધ કર્મપરિણામનો યોગ

---

૧. અજ્ઞાન = આ સત્ય છે, આ અસત્ય છે એવા વિવેકનો અભાવ.

૨. કાયસ્થિતિ = મરીને ફરી ફરી તે જ ભવમાં ઉત્પન્ન થવું.

૩. આસન્નસિદ્ધિક = તે જ ભવમાં કે નજીકના ભવોમાં મુક્તિમાં જનાર.

(=પુણ્યાનુબંધી પુણ્યનો બંધ) થાય છે. (૧૬૩) કોઈપણ કાર્ય કાળ, સ્વભાવ, નિયતિ, પૂર્વકર્મ અને પુરુષાર્થ આ પાંચ કારણોથી થાય છે. આ પાંચમાં કોઈ એક કારણ મુખ્ય હોય અને બીજાં કારણો ગૌણ હોય તેવું બને. પણ પાંચે કારણ અવશ્ય હોય. કોઈ કાર્યમાં કર્મ મુખ્ય હોય, પુરુષાર્થ વગેરે ગૌણ હોય. કોઈ કાર્યમાં કાળ મુખ્ય હોય, પુરુષાર્થ વગેરે ગૌણ હોય. આમ કોઈપણ કાર્યમાં ગૌણ-મુખ્ય ભાવથી પાંચે કારણો અવશ્ય હોય. (૧૬૪-૧૬૫) બુદ્ધિશાળી જીવ પોતાની યોગ્યતા વગેરેનો બરોબર વિચાર કરીને ધર્મમાં પ્રવૃત્તિ કરે. (૧૬૭-૧૭૦)

## ધર્મ જિનાજ્ઞામાં છે

બુદ્ધિશાળી મનુષ્ય કોઈપણ પ્રવૃત્તિ અનુબંધનો (=પરિણામનો) વિચાર કરીને કરે. અજ્ઞાની જીવો અહિંસા એ જ સારભૂત છે એમ સમજીને ગુરુકુલવાસ વગેરે સર્વ કાર્યોનો ત્યાગ કરીને કેવળ અહિંસામાં જ ઉત્સાહ રાખે છે. પણ અજ્ઞાનતાના કારણે અહિંસાનું ફળ મેળવી શકતા નથી. બુદ્ધિશાળી પુરુષ વિચારે છે કે અહિંસા પાળવી હોય તો અહિંસાનું સ્વરૂપ સમજવું જોઈએ. અહિંસાનું સ્વરૂપ આગમથી જ સમજી શકાય. આગમ ગુરુ પાસેથી મળે છે. આથી તે ગુરુ પાસે રહીને શાસ્ત્રોક્ત વિધિપૂર્વક આગમનો અભ્યાસ કરે છે. ચારિત્રધર્મ આજ્ઞામાં છે. આથી જ જિનવચનનું પાલન કરીને આહાર લાવવામાં અનુપયોગ આદિથી દોષિત આહાર આવી જાય તો પણ આહાર શુદ્ધ છે. જિનવચનનું ઉલ્લંઘન કરીને લાવેલ શુદ્ધ આહાર પણ અશુદ્ધ છે. આથી સ્પષ્ટ સમજી શકાય છે કે ધર્મ કેવળ અહિંસામાં નથી, કિંતુ જિનાજ્ઞામાં છે. (૧૮૧-૪)

આજ્ઞાથી નિરપેક્ષ શુભ પણ પરિણામ અવશ્ય અશુદ્ધ જ છે. કારણ કે તીર્થંકરને વિષે બહુમાન ન હોવાથી તે પરિણામ અસદ્ આગ્રહરૂપ છે. આજ્ઞાથી નિરપેક્ષ પરિણામ અજ્ઞાનતાના કારણે શુભ લાગતો હોવા છતાં [૧]ગલમત્સ્ય, ભવવિમોચક અને વિષાન્નભોજીની જેમ અશુભ છે. (૧૮૭-૧૮૮)

૧. **ગલમત્સ્ય** - મને સુખ મળશે એવા ભાવથી માછલું પાણીમાં નાખેલા લોઢાના કાંટામાં રહેલા માંસનું ભક્ષણ કરે છે. પણ પરિણામે તેનું મૃત્યુ થાય છે.

**ભવવિમોચક** - દુઃખથી પીડાઈ રહેલા જીવને મારી નાખવામાં ધર્મ છે. કારણ કે એથી તેનો દુઃખથી છૂટકારો થાય છે. આવી માન્યતા ભવવિમોચક મતની છે. (મારી નાખવાથી જીવ દુઃખથી મુક્ત બને છે એ ભ્રમણા છે. કારણ કે બાકી રહેલા કર્મો ભવાંતરમાં ભોગવવા પડશે. દુઃખનું કારણ કર્મથી સર્વથા મુક્ત બનવું એ જ દુઃખમુક્તિનો સાચો ઉપાય છે.)

**વિષાન્નભોજી** - દુઃખથી કંટાળી ઝેરવાળું ભોજન કરું જેથી દુઃખથી મુક્ત બનું એમ વિચારીને ઝેરમિશ્રિત અન્નનું ભોજન કરનાર.

## મોહની મંદતા વિના રાગ-દ્વેષની મંદતા ન થાય

જેમાં રાગ-દ્વેષ મંદ છે તેવા પરિણામ (=અંતઃકરણની પરિણતિ) શુદ્ધ છે. મોહ પ્રબળ હોય ત્યારે રાગ-દ્વેષની મંદતા થતી નથી. મિથ્યાત્વ મોહનીય કર્મના ઉદયથી થતું વિપરીત જ્ઞાન તે મોહ છે. આ મોહ બળવાન હોય ત્યારે રાગ-દ્વેષની મંદતા ન થાય. કારણ મંદ થયા વિના કાર્ય મંદ ન થાય. મંદતા એટલે શક્તિ નષ્ટ થઈ જવી. અર્થાત્ રાગ-દ્વેષ જે શક્તિથી ઉત્પન્ન થાય છે તે શક્તિ નષ્ટ થઈ જાય (અથવા નજીકના કાળમાં શક્તિ નષ્ટ થવાની હોય) તે રાગ-દ્વેષની મંદતા છે. મિથ્યાત્વ મોહ રાગ-દ્વેષની શક્તિ છે. આથી મિથ્યાત્વ જ્યાં સુધી પ્રબળ હોય ત્યાં સુધી રાગ-દ્વેષની શક્તિ નષ્ટ ન થાય, અને એથી રાગ-દ્વેષ મંદ ન બને. (૧૮૯)

**પ્રશ્ન** - જો મોહ પ્રબળ હોય ત્યારે રાગ-દ્વેષની મંદતા ન થાય તો જેમને પોતાના પક્ષ(-દર્શન) ઉપર ગાઢ પક્ષપાત બંધાયો છે તેવા કેટલાક મિથ્યાદષ્ટિઓમાં પણ મોહ પ્રબળ હોવા છતાં જે ઘણો ઉપશમ દેખાય છે તે કેવી રીતે થયો ?

**ઉત્તર** - જેવી રીતે સન્નિપાત વ્યાધિમાં થયેલી સ્વસ્થતાથી પરિણામે દુઃખ વધે છે તેવી રીતે આજ્ઞાબાહ્ય ઉપશમથી પણ પરિણામે દુઃખ વધે છે.

સન્નિપાત એટલે વાત, પિત્ત અને કફનો એકી સાથે પ્રકોપ થવાથી થયેલો રોગ. આ રોગ શરીરમાંથી દૂર ન થયો હોય-નિર્મૂળ ન થયો હોય તો પણ કોઈક કાળના પ્રભાવથી દબાઈ ગયો હોય, તેથી શરીરમાં વ્યાધિની મંદતા જણાય. પણ પછી ફરી પૂર્વ અવસ્થાની અપેક્ષાએ વાત-પિત્ત-કફનો અધિક પ્રકોપ થવાથી તે વ્યાધિ વધારે પ્રબળ બને અને એથી મૂર્છા, પ્રલાપ અને અંગભંગ વગેરે દુઃખ અધિક થાય.

તેવી રીતે આજ્ઞાબાહ્ય રાગ-દ્વેષની મંદતારૂપ ઉપશમથી પણ પરિણામે દુઃખ વધે છે. તે આ પ્રમાણે-આજ્ઞાબાહ્ય ઉપશમથી તેવા પ્રકારનું દેવભવનું ઐશ્વર્ય અને મનુષ્ય જન્મમાં રાજ્ય વગેરે સુખ થોડા કાળ સુધી મળે છે. પણ પાપાનુબંધી પુણ્યના કારણે એ સુખ ભોગવ્યા પછી અધિક દુઃખ અનુભવે છે. આ વિષે કૂણિક અને બ્રહ્મદત્ત વગેરે દૃષ્ટાંતરૂપ છે. કૂણિક અને બ્રહ્મદત્ત સદ્ધર્મરૂપ બીજ વાવવામાં ભગવાનને પણ એકાંતે પ્રતિકૂળ હતા, અર્થાત્ ખુદ ભગવાન પણ તેમનામાં સદ્ધર્મરૂપ બીજ વાવી શકે નહિ તેવા હતા. તેમણે દુઃખે કરીને નાશ કરી શકાય (-દુઃખ ભોગવીને જ નાશ કરી શકાય) તેવો પાપસમૂહ બાંધ્યો હતો.

(કૂણિક પૂર્વભવમાં તાપસ હતો. બ્રહ્મદત્તે પૂર્વભવમાં ચારિત્ર લીધું હતું. આ અવસ્થામાં તે બંનેને ઉપશમ ભાવ હતો. પણ એ ઉપશમભાવ દબાઈ ગયેલા સન્નિપાત રોગ તુલ્ય

હતો. આથી તે વખતે તેમણે પાપાનુબંધી પુણ્ય બાંધ્યું. એ પુણ્યના કારણે તે બંને મરીને દેવલોકમાં ગયા. ત્યાંથી મનુષ્યભવમાં આવ્યા. તે ભવમાં પાપાનુબંધી પુણ્યના ઉદયથી ભયંકર પાપો કરીને બંને નરકમાં ગયા. આમ ઉપશમ ભાવથી પરિણામે અધિક દુઃખ મળ્યું.)

વિપરીત જ્ઞાનરૂપ મોહ પ્રબળ હોય ત્યારે મંદ બનેલા રાગ-દ્વેષ પાપાનુબંધી સાતા વેદનીયકર્મના અને મિથ્યાત્વ મોહનીયના બંધનું કારણ બને છે. (એથી જ્યારે સાતા વેદનીયકર્મ બંધાય ત્યારે સાથે સાથે મિથ્યાત્વ મોહનીયકર્મ પણ બંધાય.) પછી ભવાંતરમાં તે પુણ્યના વિપાકથી સુખની પ્રાપ્તિ થાય છે ત્યારે તેમના મિથ્યાત્વ મોહનીયનો પણ ઉદય થાય છે. એથી જ હિતકર અહિતકર કાર્યોમાં મૂઢતાને પામેલા (-આ કાર્ય મારા માટે હિતકર છે, આ કાર્ય મારા માટે અહિતકર છે એવા જ્ઞાનથી રહિત) તે જીવો મલિન કાર્યો કરે છે. પછી પૂર્વે ઉપાર્જન કરેલ પુણ્યાભાસ રૂપ કર્મ પૂર્ણ થઈ જતાં નરકાદિ દુઃખરૂપ અપાર સમુદ્રમાં ડૂબી જાય છે. (૧૯૦)

## ધર્મક્રિયા સફળ ક્યારે બને ?

આનાથી એ નિશ્ચિત થયું કે જ્યાં સુધી મિથ્યાત્વ નાશ ન પામે અથવા તો મંદ ન બને ત્યાં સુધી ધર્મક્રિયાઓ સફળ બને નહિ. જેમ દેડકાના ચૂર્ણમાંથી પાણી-માટી વગેરે સામગ્રી મળતાં દેડકાં ઉત્પન્ન થાય છે, તેમ જ્ઞાન વિના (=મોહના ક્ષયોપશમ વિના) કેવળ ક્રિયાથી મંદ કરાયેલા દોષો ફરી નિમિત્ત મળતાં તીવ્ર બને છે. આથી જ્ઞાન વિના કેવળ ક્રિયાથી મંદ કરાયેલા દોષો દેડકાના ચૂર્ણ સમાન છે. (૧૯૧) જે દોષો સમ્યક્ ક્રિયા દ્વારા (=સમ્યગ્જ્ઞાનપૂર્વક ક્રિયા દ્વારા) દૂર કરાયેલા હોય તે દોષો સામગ્રી મળવા છતાં ફરી ઉત્પન્ન થતા નથી. આથી જ સમ્યક્ ક્રિયાથી દૂર કરાયેલા દોષો અગ્નિથી બાળેલા દેડકાના ચૂર્ણ તુલ્ય છે. અગ્નિથી બાળેલા દેડકાના ચૂર્ણમાંથી નિમિત્ત મળવા છતાં દેડકા ઉત્પન્ન ન થાય. આથી ધર્મક્રિયાને સફળ બનાવવા મિથ્યાત્વમોહનો નાશ કરવો જોઈએ. (૧૯૨)

## માષતુષ મુનિમાં સમ્યગ્જ્ઞાન હતું

**પ્રશ્ન** - માષતુષ જેવા મુનિને વિશિષ્ટ જ્ઞાન ન હતું, છતાં તેમનામાં ચારિત્રરૂપ શુભ પરિણામ સંભળાય છે. તે શુભ પરિણામ કેવી રીતે થયો ? **ઉત્તર** - માષતુષ જેવા મુનિમાં મિથ્યાત્વ મોહનીયનો તીવ્ર ક્ષયોપશમ હતો. આથી માર્ગાનુસારી ભાવ હતો. માર્ગાનુસારી ભાવના કારણે સમ્યક્ ઓઘ (=સામાન્ય) જ્ઞાન હતું. સમ્યક્ ઓઘ જ્ઞાનના કારણે તેમનો પરિણામ શુભ જ હતો. (૧૯૩)

માષતુષ મુનિમાં વિશેષ જ્ઞાન ન હોવા છતાં માષતુષ મુનિ એટલું તો અવશ્ય જાણતા હતા કે, સંસાર ભયંકર જ છે. તેનું ઔષધ શુદ્ધ (ચારિત્ર) ધર્મ જ છે. શુદ્ધધર્મ પરમાર્થથી ગુરુકુલ સંવાસમાં પ્રાપ્ત થાય છે. (૧૯૪)

**પ્રશ્ન** - માષતુષ વગેરે મુનિઓમાં આ પ્રમાણે જ્ઞાન હતું એનો નિર્ણય શાના આધારે કરી શકાય ? **ઉત્તર** - કોઈ કારણથી એકલા મૂકવામાં આવે તો પણ ગુરુની આજ્ઞાનું ઉલ્લંઘન કરનારા ન હતા. ચંદ્રગુપ્તને ચાણક્ય ઉપર જેટલો વિશ્વાસ હતો તેનાથી અધિક વિશ્વાસ તેમને ગુરુ ઉપર હતો. (૧૯૫)

માષતુષ આદિને ગુરુ સિવાય બીજા વિષયમાં માત્ર વિશેષજ્ઞાનનો અભાવ હતો, પણ વિપર્યય ન હતો. કારણ કે તેમનામાં નિયમા મિથ્યાત્વ આદિનો અભાવ હતો. (૧૯૭)

સમ્યક્ બોધ થવામાં [1]વિપર્યય, અનધ્યવસાય અને સંશય એ ત્રણ દોષો બાધક છે. આ ત્રણથી યથાર્થ બોધ થતો નથી. આ ત્રણમાં વિપર્યય મહાન દોષ છે. કારણ કે વિપર્યયથી આલોક સંબંધી અને પરલોકસંબંધી કાર્યોમાં અનર્થ ફળવાળી અસત્ પ્રવૃત્તિ થાય છે. (૧૯૮)

જે માર્ગાનુસારી, શ્રાદ્ધ, પ્રજ્ઞાપનીય, ક્રિયાતત્પર, ગુણરાગી અને શક્ય આરંભ સંગત હોય તેને (શાસ્ત્રજ્ઞાતાઓ) સાધુ કહે છે. માષતુષ મુનિમાં આ બધા ગુણો હતા.

માષતુષ આદિ મુનિ ચારિત્રી હતા તેનું લક્ષણ શું ? એ વિષયમાં અહીં કહ્યું કે ગુરુસંબંધી ભ્રમનો અભાવ એ ચારિત્રનું લક્ષણ તો તેમનામાં છે જ, કિંતુ માર્ગાનુસારિતા વગેરે બધું ય પણ માષતુષ વગેરે મુનિના ચારિત્રનું લક્ષણ છે.

માષતુષ વગેરે મુનિમાં માર્ગાનુસારિતા વગેરે ગુણો હતા તેને જણાવનાર ચિહ્ન શું છે ? એવા પ્રશ્નના જવાબમાં ગાથાના ઉત્તરાર્ધમાં કહે છે કે - માષતુષ વગેરે મુનિ ગુરુના સાન્નિધ્યમાં પ્રતિલેખના-પ્રમાર્જના વગેરે સાધુસામાચારીનું પાલન કરવારૂપ ગુર્વાજ્ઞાનું સંપાદન કરતા હતા. ગુરુના સાન્નિધ્યની જેમ ગુરુના વિરહમાં પણ ગુર્વાજ્ઞાનું સંપાદન કરવું એ જ માષતુષ વગેરે મુનિમાં માર્ગાનુસારિતા વગેરે ગુણો હતા એનુ જ્ઞાપક (=જણાવનાર) લિંગ છે. (૨૦૦)

---

૧. પરસ્પર બે વિરુદ્ધ વસ્તુનું જ્ઞાન તે સંશય. જેમકે આ દોરડું છે કે સાપ ? યથાર્થ વસ્તુના સ્વરૂપથી વિરુદ્ધ હોય તેવું. "આ આમ જ છે" એવું એક પ્રકારનું જ્ઞાન તે વિપર્યય. જેમકે દોરડામાં આ સર્પ છે એવું જ્ઞાન. નિશ્ચયરહિત "આ કંઈક છે" એવું જ્ઞાન તે અનધ્યવસાય. જેમકે અંધારામાં "અહીં કાંઈક છે" એવું જ્ઞાન.

## સાધનામાં ઉચિત પ્રવૃત્તિથી જ સફળતા મળે

મોક્ષ પ્રત્યે અત્યંત દૃઢ અનુરાગવાળા પણ મુનિએ આર્યમહાગિરિ, આર્ય સુહસ્તિની જેમ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનો વિચાર કરીને પોતાના માટે જે અનુષ્ઠાન ઉચિત હોય, જે અનુષ્ઠાન કરવાની પોતાની શક્તિ હોય તે અનુષ્ઠાન કરવું જોઈએ, જેથી તેમાં સફળતા મળે. પણ ઉત્સાહમાં આવીને શક્તિથી ઉપરવટ થઈને અનુષ્ઠાન ન કરવું જોઈએ. કેમકે તેમાં સફળતા ન મળે. મહાપુરુષો જેમાં સફળતા મળે તેવા પ્રારંભને શ્રેષ્ઠ માને છે. (૨૦૧) પોતાની યોગ્યતા પ્રમાણે થયેલી થોડી પણ સુપરિશુદ્ધ પ્રવૃત્તિ અરિહંતનું વચન પાળવાના કારણે પરિપૂર્ણ ઉચિત પ્રવૃત્તિનું બીજ થાય છે, અર્થાત્ તેનાથી ભવિષ્યમાં અવશ્ય પરિપૂર્ણ ઉચિત પ્રવૃત્તિ પ્રાપ્ત થાય છે.

જેવી રીતે શુક્લપક્ષમાં પ્રવેશ થવાના કારણે એકમનો ચંદ્ર પરિપૂર્ણ ચંદ્રમંડળનો હેતુ બને છે, તેવી રીતે સર્વજ્ઞની આજ્ઞાનો પ્રવેશ થવાના કારણે (પોતાની યોગ્યતા મુજબનું) અલ્પ પણ અનુષ્ઠાન ક્રમે કરીને પરિપૂર્ણ અનુષ્ઠાનનો હેતુ થાય છે. (૨૨૨)

## ધર્મ પામવા ધર્મબીજોની વાવણી અનિવાર્ય છે

જેમ બીજની વાવણી ન કરી હોય તો સારો વરસાદ થવા છતાં ધાન્ય ન થાય, તેમ આત્મામાં ધર્મબીજની વાવણી ન કરી હોય તો સારા કાળમાં પણ ધર્મરૂપ ધાન્ય ન થાય. (૨૨૪) તેથી, પ્રસ્તુતમાં પરમસુખના અભિલાષી જીવોએ ધર્મની પ્રાપ્તિ કરવા માટે આજ્ઞાને આધીન બનીને યથાશક્તિ ધર્મબીજોની વાવણી કરવી જોઈએ. અરિહંત અને સાધુ વગેરે પવિત્ર પદાર્થો ઉપર કુશલ ચિત્ત વગેરે ધર્મબીજ છે. (યોગદૃષ્ટિ સમુચ્ચય ગ્રંથમાં ધર્મબીજોનું વિસ્તારથી વર્ણન કરવામાં આવ્યું છે.) (૨૨૫) જે જીવ લોકોત્તર ધર્મની આરાધના કરનારો બનવાનો હોય તે જીવમાં પ્રારંભમાં મિથ્યાત્વમોહની મંદતારૂપ ઉપશમ થાય છે. એના કારણે તે જીવ આલોક-પરલોકનાં ફળની અપેક્ષાથી રહિત બને છે, તથા જિનશાસનમાં કહેલા દયા-દાન આદિ ગુણો ઉપર શ્રદ્ધાવાળો બને છે. આવો જીવ લોકોત્તર ધર્મની થોડી પણ જે આરાધના કરે તે આરાધના શુદ્ધધર્મનું બીજ બને છે. એનાથી એને ભવિષ્યમાં અવંધ્ય લોકોત્તર સમ્યક્ત્વ વગેરે ધર્મની પ્રાપ્તિ થાય છે. (૨૩૧) ધર્મબીજ પ્રાયઃ બીજાઓને કહી શકાય તેવું નથી, પણ શુદ્ધભાવવાળા જીવો તેને અનુભવથી જાણી શકે છે, અર્થાત્ ધર્મબીજની વાવણી થાય ત્યારે આત્મામાં જે વિશિષ્ટ અધ્યવસાયો થાય છે, અને જે આનંદ થાય છે, તે અનુભવગમ્ય છે. ધર્મબીજ સંસારનો ક્ષય કરનારું હોવાથી ચિંતામણિરત્ન વગેરેથી પણ મહાન છે. (૨૩૨)

સંસારમાં પ્રાયઃ સર્વ જીવોની દ્રવ્યલિંગ ક્રિયા અનંત થઈ છે. તે દ્રવ્યક્રિયાઓમાં પણ શુદ્ધધર્મના બીજની વાવણી થઈ નથી.

**પ્રશ્ન–** દ્રવ્યલિંગ ક્રિયામાં કષાયો પ્રવર્તતા નથી, છતાં શુદ્ધ ધર્મબીજની વાવણી કેમ ન થઈ ?

**ઉત્તર–** દ્રવ્યલિંગ ક્રિયામાં કોઈક રીતે કષાયોની પ્રવૃત્તિ ન થવારૂપ લેશ્યાની શુદ્ધિ હોવા છતાં અનંતભવ ભ્રમણની યોગ્યતારૂપ સહજ ભાવમલ હજી પણ ઘણો હોવાથી શુદ્ધ ધર્મબીજની વાવણી ન થઈ. સહજ ભાવમલ ઘણો જ ક્ષીણ થઈ જાય ત્યારે મનુષ્યો ધર્મબીજની વાવણી કરી શકે છે. સહજ ભાવમવલ એટલે આત્મામાં રહેલી કર્મસંબંધની યોગ્યતા. આ ભાવમલના કારણે સંસારમાં જીવના પુદ્ગલ પરાવર્તો થાય છે. એથી ભાવમલ જેટલો વધારે તેટલા પુદ્ગલ પરાવર્તો વધારે થાય. (૨૩૩)

## આજ્ઞાબહુમાન વિના કલ્યાણ ન થાય

માત્ર ધર્મક્રિયાથી ફળ નથી મળતું, કિંતુ આજ્ઞાબહુમાનપૂર્વકની ધર્મક્રિયાથી ફળ મળે છે. આજ્ઞાબહુમાનપૂર્વક થતી ધર્મક્રિયાથી પુણ્યાનુબંધી પુણ્યનો બંધ થાય છે. અશુભ કર્મનો બંધ નિરનુબંધ થાય, સાનુબંધ ન થાય. (૨૩૮)

કોઈપણ રીતે થયેલા ભાવપૂર્વકના આજ્ઞાબહુમાનથી પોતાની શક્તિ પ્રમાણે પ્રધાનપણે મોક્ષમાર્ગને અનુસરનારી શાસનપ્રભાવના વગેરે વિવિધ સુક્રિયામાં ઉત્સાહપૂર્વક પ્રવૃત્તિ અવશ્ય થાય છે. જો પોતાની શક્તિ પ્રમાણે સુક્રિયા ન થાય તો સમજવું જોઈએ કે શુદ્ધ ભાવાજ્ઞાબહુમાન થયો નથી. કારણ કે નિશ્ચયનયના અભિપ્રાયથી જે કારણ પોતાના કાર્યને સાધે તે જ વાસ્તવિક કારણ છે આથી શદ્ધ ભાવાજ્ઞાબહુમાનની વિદ્યમાનતામાં સુક્રિયા અભિપ્રેત છે. (૨૩૯)

આજ્ઞાબહુમાનપૂર્વકની સુક્રિયાથી સુવર્ણઘટતુલ્ય વિશિષ્ટ ફળ થાય છે, અને તે ફળ અનુબંધવાળું (=ઉત્તરોત્તર પરંપરા ચાલે તેવું) જ હોય છે.

સુવર્ણઘટ તુલ્ય એમ કહેવાનો તાત્પર્યાર્થ આ પ્રમાણે છે - જેમ માટીનો ઘડો ભાંગે તો નકામો જાય છે, પણ સોનાનો ઘડો ભાંગે તો નકામો જતો નથી. કેમકે સુવર્ણનો ભાવ (=પૈસા) ઉપજે છે, અથવા તેનાથી જ નવો સુવર્ણનો ઘડો બનાવી શકાય છે. તેવી રીતે ભૂતકાળમાં બંધાઈ ગયેલાં તેવા પ્રકારનાં અશુભ કર્મોના ઉદયથી પુણ્યાનુબંધી પુણ્યનો બંધ અટકી જાય તો પણ ભવિષ્યમાં ફરી અવશ્ય સુક્રિયા કરવા દ્વારા પુણ્યાનુબંધી પુણ્યનો બંધ શરૂ થાય છે. (૨૪૦)

માત્ર બાહ્ય ધર્મક્રિયાથી માટીના ઘડા સમાન નિરનુબંધ પુણ્યરૂપ ફલ જાણવું. માટીનો ઘડો ફૂટે નહિ ત્યાં સુધી કામમાં આવે, ફૂટી ગયા પછી કામમાં ન આવે. તેમ નિરનુબંધ પુણ્યથી એ પુણ્યોદય હોય ત્યાં સુધી સુખ મળે, પણ તેની પરંપરા ન ચાલે. (૨૪૨)

બુદ્ધિમાન પુરુષે પરલોકના હિત માટે જિનાજ્ઞાનુસારી ધર્મકાર્યોમાં રાત-દિવસ પોતાના માનસિક પરિણામને રાગ-દ્વેષ-મોહથી રહિત કરવા જોઈએ. રાગ-દ્વેષ-મોહરહિત માનસિક પરિણામથી થતી ધર્મક્રિયાથી પુણ્યાનુબંધી પુણ્યનો બંધ થાય. (૨૪૩)

અહીં તીર્થંકર વગેરે પ્રત્યે બહુમાન થયા વિના આજ્ઞા પ્રત્યે બહુમાન ન જ થાય. આથી એ નિશ્ચિત થાય છે કે જે આસન્નભવ્ય જીવને આજ્ઞા પ્રત્યે બહુમાન છે તેને તીર્થંકર વગેરે પ્રત્યે અવશ્ય બહુમાન છે. (અગ્નિ વિના ધૂમાડો ન જ હોય એવો નિયમ છે. એ નિયમથી એ નિશ્ચિત થાય છે કે જ્યાં ધુમાડો હોય ત્યાં અગ્નિ અવશ્ય હોય.) એમ તીર્થંકર વગેરે પ્રત્યે બહુમાન થયા વિના આજ્ઞા પ્રત્યે બહુમાન ન જ થાય એવો નિયમ છે. આ નિયમથી એ નિશ્ચિત થાય છે કે જેને આજ્ઞા પ્રત્યે બહુમાન છે તેને તીર્થંકર વગેરે પ્રત્યે અવશ્ય બહુમાન છે. (૨૪૪)

## દ્રવ્યાજ્ઞા-ભાવાજ્ઞા

જેમણે રાગ-દ્વેષ-મોહના ગાઢ પરિણામરૂપ ગ્રંથિનો ભેદ કર્યો નથી તેવા જીવો અભિન્નગ્રંથી છે. અભિન્નગ્રંથી જીવોને ભાવથી જિનાજ્ઞા ન હોય. કેટલાક બાલ તપસ્વીઓ અને અન્યદર્શનીઓ સંસારથી અતિશય કંટાળેલા અને મોક્ષની તીવ્ર અભિલાષાવાળા જોવામાં આવે છે. પણ તેમણે ગ્રંથિનો ભેદ કર્યો ન હોવાથી જિનાજ્ઞાના યથાર્થ સ્વરૂપને જાણતા નથી. જિનાજ્ઞાના યથાર્થ સ્વરૂપને નહિ જાણવાના કારણે તેમને ભાવથી જિનાજ્ઞા ન હોય. (૨૫૨) ગ્રંથિસ્થાને આવેલા અપુનર્બંધક, માર્ગાભિમુખ, માર્ગપતિત, સકૃદ્બંધક, દૂરભવ્ય, અભવ્ય વગેરે જીવોને જિનાજ્ઞા દ્રવ્યથી હોય છે, ભાવથી ન હોય.

**ભાવાર્થ**– શાસ્ત્રમાં દ્રવ્ય શબ્દના પ્રધાન દ્રવ્ય અને અપ્રધાન દ્રવ્ય એમ બે અર્થ છે. જે પદાર્થ હમણાં દ્રવ્યરૂપ હોય, પણ ભવિષ્યમાં ભાવરૂપ બનવાની યોગ્યતાવાળો હોય તે પદાર્થ પ્રધાનદ્રવ્ય કહેવાય. જેમકે કોઈક સાધુને તાત્કાલિક આચાર્યપદ આપવાનો પ્રસંગ આવ્યો. પણ તે સાધુમાં હમણાં આચાર્યપદ પામવાની લાયકાત નથી. આમ છતાં ભવિષ્યમાં આ સાધુ આચાર્ય પદ પામવાની લાયકાતવાળો બની જશે એવી યોગ્યતા તેનામાં ગુરુને દેખાય છે. આવી યોગ્યતા જોઈને ગુરુ તેને તાત્કાલિક આચાર્યપદનું પ્રદાન કરે છે. આ આચાર્ય હમણાં આચાર્યપદને પામવાની લાયકાતવાળા ન હોવાથી દ્રવ્ય આચાર્ય છે, ભાવ આચાર્ય નથી. આમ છતાં તે આચાર્ય ભવિષ્યમાં ભાવ આચાર્ય બનશે એ અપેક્ષાએ હમણાં તે પ્રધાન દ્રવ્ય આચાર્ય છે.

જે પદાર્થ હમણાં દ્રવ્યરૂપ હોય અને ભવિષ્યમાં પણ તેનામાં ભાવરૂપ બનવાની લાયકાત ન હોય તે અપ્રધાન દ્રવ્ય કહેવાય. જેમકે અંગારમર્દક નામના આચાર્ય આચાર્યના ગુણોથી રહિત હોવાના કારણે તે દ્રવ્ય આચાર્ય હતા. તેમનામાં ભવિષ્યમાં પણ ભાવ આચાર્ય બનવાની લાયકાત ન હતી. આથી શાસ્ત્રમાં અંગારમર્દક આચાર્યને અપ્રધાન દ્રવ્ય આચાર્ય કહ્યા છે.

ગ્રંથિદેશે આવેલા અને દ્રવ્યથી આજ્ઞાનું પાલન કરવામાં તત્પર એવા અભવ્ય અને સકૃદ્બંધક વગેરે જીવોને આશ્રયીને દ્રવ્ય શબ્દનો અપ્રધાન અર્થ છે. કેમકે તે જીવોમાં ભાવાજ્ઞાને પામવાની યોગ્યતા નથી. અપુનર્બંધક વગેરે જીવોને આશ્રયીને દ્રવ્યશબ્દનો પ્રધાન(=યોગ્યતા) અર્થ છે. કારણ કે તેમનામાં ભાવાજ્ઞાનું કારણ વિદ્યમાન છે, અર્થાત્ તેમનામાં ભાવાજ્ઞાને પામવાની યોગ્યતા છે. (૨૫૩-૨૫૬)

તદર્થાલોચન, ગુણરાગ, વિસ્મય અને ભવભય આ ચાર પ્રધાન દ્રવ્યાજ્ઞાનાં લક્ષણો છે. આ ચારનો અભાવ અપ્રધાન દ્રવ્યાજ્ઞાનાં લક્ષણો છે. **તદર્થાલોચન-** તદર્થાલોચન એટલે આજ્ઞાના અર્થની વિચારણા કરવી. **ગુણરાગ-** આજ્ઞાના પ્રરૂપક અને અધ્યાપક આદિ પુરુષોના ગુણો ઉપર પક્ષપાત રાખવો તે ગુણરાગ. **વિસ્મય-** અહો ! અનાદિ સંસારમાં પૂર્વે ક્યારેય પ્રાપ્ત ન થઈ હોય તેવી જિનાજ્ઞા કોઈપણ રીતે મને પ્રાપ્ત થઈ છે એવો વિસ્મય. **ભવભય-** ભવભય એટલે સંસારભય, અથવા સામાન્યથી આજ્ઞાની વિરાધનાનો ભય. (૨૫૭)

અંગારમર્દક આચાર્યને અપ્રધાન દ્રવ્ય આજ્ઞા હતી, અને ગોવિંદવાચકને પ્રધાન દ્રવ્ય આજ્ઞા હતી. (૨૫૮) સમ્યગ્દૃષ્ટિને નિયમા ભાવાજ્ઞા હોય છે. આ ભાવાજ્ઞા પ્રશમ વગેરે કારણોના સદ્ભાવથી નિયમા મોક્ષને સાધનારી છે. (૨૫૯)

## સાધનામાં વિઘ્ન આવી શકે છે

ભાવાજ્ઞા હોય ત્યારે જીવ અતિનિપુણ બુદ્ધિથી હિત-અહિતને વિચારે છે. પ્રાયઃ ધર્મશ્રવણ વગેરે ધર્મકર્તવ્યમાં સમ્યક્ પ્રવર્તે છે, અને પ્રાયઃ ધર્મકાર્યને સિદ્ધ કરે છે.

**પ્રશ્ન–** પ્રાયઃ ધર્મકાર્યમાં સમ્યક્ પ્રવર્તે છે એમ પ્રાયઃ કેમ કહ્યું ?

**ઉત્તર–** ભાવાજ્ઞા પ્રાપ્ત થયે છતે સારા માર્ગમાં પ્રવૃત્ત થયેલા જીવને વિઘ્ન પણ આવે. આ વિઘ્ન જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ એમ ત્રણ પ્રકારના છે. તે ત્રણ વિઘ્નો અનુક્રમે કંટક, જ્વર અને દિશામોહ સમાન છે. જેમ એક ગામથી બીજે ગામ જતા મુસાફરને કાંટો વાગે એથી આગળ વધવામાં થોડો વિલંબ થાય. તાવ આવે તો અધિક

વિલંબ થાય. દિશાને ભૂલી જવારૂપ દિશામોહ થાય તો અતિશય અધિક વિલંબ થાય. તેવી રીતે પ્રસ્તુતમાં મોક્ષમાર્ગમાં પ્રવૃત્ત થયેલા કોઈક જીવને અવશ્ય ભોગવવા પડે તેવા કર્મના વિપાકથી કંટક, જ્વર અને દિશામોહ તુલ્ય વિઘ્ન આવે. વિઘ્ન દૂર થતાં મુસાફર આગળ વધે છે તેમ પ્રસ્તુત જીવ પણ વિઘ્ન દૂર થતાં મોક્ષ તરફ આગળ વધે છે. (૨૬૦ થી ૨૬૨)

મેઘકુમાર, દહનશૂર અને અર્હદ્દત્તના દૃષ્ટાંતના અનુસારે ધર્મવિઘ્નને ભયંકર પરિણામવાળું જાણીને બુદ્ધિમાન પુરુષે પરિશુદ્ધ (=જિનાજ્ઞા મુજબ) ધર્મબીજને વાવવામાં અપ્રમત્ત બનીને પ્રયત્ન કરવો જોઈએ. (૩૨૨) (ધર્મબીજ અપરિશુદ્ધ હોય તો વિઘ્ન આવે, પરિશુદ્ધ હોય તો વિઘ્ન ન આવે. જિનાજ્ઞા મુજબ ધર્મબીજ વાવવામાં આવે તો ધર્મબીજ પરિશુદ્ધ બને.)

## પરિશુદ્ધ જિનાજ્ઞાનો પ્રભાવ

પરિશુદ્ધ આજ્ઞાના યોગથી (=સર્વ અતિચારોનો ત્યાગ કરીને ધર્મ આરાધનાથી) આત્મામાં જ રમણ કરનારા જીવોનું અતિરૌદ્ર પણ કર્મ તેવા સ્વભાવથી જ પ્રાયઃ ફળતું નથી.

આમ્રવૃક્ષોમાં અંતરરહિત કુસુમસમૂહ ઊગ્યો હોય અને એથી એ વૃક્ષોની શાખાઓ શોભી રહી હોય, આમ છતાં એ પુષ્પો ઉપર વધારે પ્રમાણમાં વિજળી પડે તો તે વૃક્ષો ઉપર કેરીઓ પાકતી નથી. કારણ કે વિજળીનો ફળનાશ કરવાનો સ્વભાવ છે. તે જ પ્રમાણે પરિશુદ્ધ આજ્ઞાનો અભ્યાસ કરવાથી જેમનું મન મોક્ષમાર્ગમાં સારી રીતે સ્થિર થયેલું છે અને જેઓ અત્યંત અસાર ભવના ભ્રમણથી થાકી ગયેલા છે તેવા જીવોનું ભયંકર પરિણામવાળું અને મિથ્યાત્વ આદિથી ઉપાર્જન કરેલું અશુભ કર્મ પોતાનું ફળ આપવા સમર્થ ન થાય. કારણ કે પરિશુદ્ધ આજ્ઞાની આરાધનાનો ભયંકર પણ અશુભ કર્મોના ફળનો નાશ કરવાનો સ્વભાવ છે. (૩૨૩)

રોગોત્પત્તિને જણાવનારાં ચિન્હોથી રોગ આવશે એમ જાણીને રોગ થયા પહેલાં જ યત્ન કરનારાઓને રોગરૂપ ફળનો અભાવ પ્રત્યક્ષ જોવામાં આવે છે. તથા તુલ્યનિમિત્તવાળા પણ જીવોને રોગનાં કારણોનો ત્યાગ કરવાથી અને રોગનાં કારણોનો ત્યાગ ન કરવાથી વિશેષતા પ્રત્યક્ષથી સિદ્ધ છે, અર્થાત્ રોગોત્પત્તિનાં કારણો જાણવા છતાં જે જીવો રોગ થતાં પહેલાં જ રોગનાં કારણોનો ત્યાગ કરતા નથી, તે જીવોને રોગ થાય છે. રોગનાં કારણોનો ત્યાગ કરનારાઓને રોગ થતો નથી. (૩૨૪) બે મનુષ્યોને સમાન ભોજન કર્યા પછી બંનેને અજીર્ણ થતાં એક માણસ અજીર્ણનાં કારણોનો ત્યાગ (અજીર્ણ ન મટે ત્યાં સુધી

ભોજનનો ત્યાગ વગેરે) કરે તો તેને આરોગ્યની પ્રાપ્તિ થાય. બીજો માણસ અજીર્ણનાં કારણોનો ત્યાગ ન કરે (અજીર્ણ હોવા છતાં ભોજન કરે) તો તેને રોગ થાય. (૩૨૫) તે રીતે પ્રસ્તુતમાં પણ પરિશુદ્ધ આજ્ઞાથી ઉદયમાં આવે એ પહેલાં અશુભ કર્મોનો નાશ થાય છે. પરિશુદ્ધ આજ્ઞા અને અશુભ કર્મ એ બેનો પાણી અને અગ્નિની જેમ વિરોધ છે. આથી પરિશુદ્ધ આજ્ઞા જ્યાં હોય ત્યાં અશુભ કર્મો ન રહે. આથી પરિશુદ્ધ આજ્ઞાથી અશુભ કર્મોનો ક્ષય થાય છે અને એથી ભાવ આરોગ્યની પ્રાપ્તિ થાય છે. (૩૨૭)

પરિશુદ્ધ આજ્ઞાનો લાભ જ વીર્ય (=આત્મસામર્થ્ય) છે. પરિશુદ્ધ આજ્ઞાનું પાલન કરવું એ જ સાચો પુરુષાર્થ છે, દોડવું, કૂદવું વગેરે કે ધન વગેરે મેળવવાની મહેનત સાચો પુરુષાર્થ નથી. મોહની અધિકતાવાળા જીવો પરિશુદ્ધ આજ્ઞાને સહેલાઈથી સમજી શકતા નથી, માટે પરિશુદ્ધ આજ્ઞા દુર્વિજ્ઞેય=મુશ્કેલીથી જાણી શકાય તેવી છે. મોહની મંદતાવાળાજીવો જ પરિશુદ્ધ આજ્ઞાને સમજી શકે છે અને આજ્ઞા પ્રમાણે ધર્મ કરે છે, લોકહેરીથી ગતાનુગતિકપણે ધર્મ કરતા નથી. પરિશુદ્ધ આજ્ઞાનો લાભ જ કર્મનાશનો ઉપાય છે. પરિશુદ્ધ આજ્ઞાના લાભથી નાશ કરાયેલાં કર્મોની ફરી ઉત્પત્તિ થતી નથી. (૩૨૮)

**પ્રશ્ન–** કરેલું શુભ કે અશુભ કર્મ અવશ્ય ભોગવવું પડે છે એ પ્રમાણે સર્વલોકમાં પ્રવાદ છે. તો પછી આજ્ઞાયોગથી કર્મનો ફળ આપ્યા વિના નાશ કેવી રીતે થાય ?

**ઉત્તર–** કર્મો સોપક્રમ અને નિરુપક્રમ એ બે પ્રકારના છે. તેમાં કરેલું કર્મ અવશ્ય ભોગવવું પડે એ નિયમ નિરુપક્રમ કર્મને આશ્રયીને છે, સોપક્રમ કર્મને આશ્રયીને નથી. પરિશુદ્ધ આજ્ઞાથી સોપક્રમ કર્મ ફળ આપ્યા વિના નાશ પામે છે.

**સોપક્રમ** - તેવા પ્રકારના નિમિત્તથી જેનો નાશ કરી શકાય તેવું.

**નિરુપક્રમ** - તેવા પ્રકારના નિમિત્તથી જેનો નાશ ન કરી શકાય તેવું. (૩૪૦)

## ભાગ્ય-પુરુષાર્થનું વર્ણન

સર્વકાર્યો ભાગ્ય અને પુરુષાર્થ એ બેને આધીન છે, એટલે કે એ બંને ભેગા થાય તો જ કોઈપણ કાર્ય થાય. એથી જ બંને સમાન બળવાળા છે. કર્મ કાષ્ઠ સમાન છે. પુરુષાર્થ પ્રતિમા સમાન છે, અર્થાત્ કાષ્ઠમાં પ્રતિમા ઉત્પન્ન કરવાની ક્રિયા સમાન છે. અહીં તાત્પર્યાર્થ એ છે કે કાષ્ઠમાં પ્રતિમારૂપે બનવાની યોગ્યતા હોવા છતાં જો સુથાર વગેરે પ્રતિમા ઘડવાની ક્રિયા ન કરે તો કાષ્ઠમાંથી પ્રતિમા ન થાય. આથી જેમ યોગ્ય પણ કાષ્ઠ સ્વયમેવ પ્રતિમારૂપે બની જતું નથી, કિંતુ પુરુષાર્થથી જ પ્રતિમારૂપે બને છે, તેમ ભાગ્ય પણ પુરુષાર્થના સહકારથી પોતાના ફળનું (=કાર્યનું) કારણ બને છે. ભાગ્ય

અને પુરુષાર્થ એ બંનેનો એક-બીજાની સહાયથી કાર્ય કરવાનો સ્વભાવ છે. આ કાર્ય ભાગ્યે કર્યું અને આ કાર્ય પુરુષાર્થે કર્યું એવા વિભાગથી જે વ્યવહાર જોવામાં આવે છે તે વ્યવહાર પણ ભાગ્ય-પુરુષાર્થના આવા સ્વભાવના જ કારણે એક-બીજાના પ્રધાન-ગૌણ ભાવથી થયેલો છે. જેમાં પુરુષાર્થની પ્રધાનતા હોય અને કર્મ ગૌણ હોય તે કાર્ય પુરુષાર્થે કર્યું એવો વ્યવહાર જોવામાં આવે છે. જેમાં કર્મની પ્રધાનતા હોય અને પુરુષાર્થ ગૌણ હોય તે કાર્ય ભાગ્યે કર્યું એવો વ્યવહાર જોવામાં આવે છે.

અહીં ભાવાર્થ આ પ્રમાણે છે - સાતાવેદનીય વગેરે જે કર્મ પૂર્વે ઉત્કટ રસથી બાંધ્યું હોય અને એથી જ અલ્પ પુરુષાર્થથી થોડા જ કાળમાં ફળ આપે તે કાર્ય ભાગ્યે કરેલું છે, એટલે કે તેનાથી મળેલું ફળ કર્મકૃત છે એમ લોકમાં કહેવાય છે. સાતાવેદનીય વગેરે જે કર્મ પૂર્વે ઉત્કટ રસથી ઉપાર્જન ન કર્યું હોય અને એથી ઘણા પુરુષાર્થથી ફળ આપે તે કાર્ય પુરુષાર્થે કરેલું છે, એટલે કે તેનાથી મળેલું ફળ પુરુષાર્થકૃત છે. (૩૪૧ થી ૩૫૦)

## શુદ્ધાજ્ઞાનુસારી ધર્માનુષ્ઠાનથી ધર્માનુષ્ઠાનનો અનુબંધ

શુદ્ધાજ્ઞાનુસારી ધર્માનુષ્ઠાનનો આ સ્વભાવ જ છે કે કેવલ સ્વયં થાય છે એમ નહિ, કિંતુ અન્ય એવા ધર્માનુષ્ઠાનનો અનુબંધ (=પરંપરા) કરે કે જે ધર્માનુષ્ઠાન અન્ય કાર્ય કરવા સમર્થ હોય. જેમકે શુદ્ધાજ્ઞાપૂર્વક સમ્યગ્દર્શનનો સ્વીકાર કરવામાં આવે તો તે સમ્યક્ત્વ અન્ય દેશવિરતિ આદિ ધર્માનુષ્ઠાનોની પરંપરા સર્જે છે. એ દેશવિરતિ આદિ ધર્માનુષ્ઠાન ઉત્તરોત્તર સુગતિના લાભરૂપ અન્ય કાર્ય કરવા સમર્થ છે, અર્થાત્ એનાથી ઉત્તરોત્તર સુગતિની પ્રાપ્તિ થાય છે.

આ વિષે દીપકનું દૃષ્ટાંત છે. પવન ન આવે તેવા સ્થાનમાં મૂકેલો દીપક માત્ર પ્રકાશ જ કરે છે એમ નહિ, કિંતુ કાજળનો પણ અનુબંધ કરે છે, અને એ કાજળ તરુણીઓના નેત્રોને નિર્મલ બનાવે છે. પ્રસ્તુતમાં દીવાના સ્થાને સમ્યગ્દર્શન છે. કારણ કે તે પ્રકાશ કરે છે. કાજળના સ્થાને ઉત્તરોત્તર પ્રગટ થતો દેશવિરતિ વગેરે ધર્મ છે. તરુણીઓનાં નેત્રોને નિર્મલ બનાવવાના સ્થાને ઉત્તરોત્તર સુગતિની પ્રાપ્તિ છે. દીવાને નિર્વાત સ્થાનમાં મૂકવાના સ્થાને વિશુદ્ધ આજ્ઞાયોગ છે. કારણ કે તેનાથી કાર્યની પરંપરા ચાલે છે. (૩૫૯) (સમ્યગ્દર્શન નિર્મલ હોય તો આજ્ઞાયોગ વિશુદ્ધ બને. આથી જ અહીં ૩૬૧ થી ૩૬૬ ગાથા સુધીમાં સમ્યગ્દર્શનની નિર્મલતાનું મહત્ત્વ બતાવવા જણાવેલું બે ચિત્રકારોનું દૃષ્ટાંત અત્યંત બોધપ્રદ છે.)

અભવ્ય, દૂરભવ્ય, આસન્નભવ્ય, વગેરે જીવો ધર્મક્રિયા એકસરખી કરે છે. પણ બધા જીવોની ધર્મક્રિયા ઈષ્ટફળવાળી થતી નથી. કરાતા ધર્માનુષ્ઠાનોમાં રહેલી નિર્મલતા ચિત્રકર્મની

જેમ ઈષ્ટફળવાળી થાય છે, અર્થાત્ શુદ્ધ બોધિલાભરૂપ ભૂમિકા શુદ્ધ હોય તો ધર્મક્રિયા ઈષ્ટફળવાળી થાય. જેનાથી નિષ્કલંક કલ્યાણનો લાભ થાય તે ધર્મક્રિયા ઈષ્ટફળવાળી કહેવાય. (૩૬૭)

## શુદ્ધાજ્ઞાયોગ કેવા જીવોને હોય ?

તથાભવ્યત્વના સંયોગથી ગ્રંથિભેદ થતાં શુદ્ધાજ્ઞાયોગ થાય છે. ગ્રંથિભેદ વિના શુદ્ધાજ્ઞાયોગ થતો નથી. જેવી રીતે મધ્યમાં પાડેલા છિદ્રથી રહિત રત્નમાં સૂતરના તંતુનો પ્રવેશ થઈ શકતો નથી, તેવી રીતે અભિન્ન ગ્રંથિ જીવમાં જૈનાગમની સ્થાપના પરમાર્થથી થઈ શકતી નથી.

જેવી રીતે રત્નમાં છિદ્ર ન હોય ત્યારે તેવા કોઈ ખાસ પુરુષો માટે લાખ વગેરે ચોંટાડવાના દ્રવ્યથી દોરાને બહારથી રત્નમાં ચોટાડી દે. આ વખતે સૂતરનો રત્નની અંદર પ્રવેશ થયો ન હોવાથી સૂતરનો રત્નની સાથે થયેલો સંબંધ બાહ્ય સંબંધ છે. આ રીતે થયેલો બાહ્ય સંબંધ હોવા છતાં પરમાર્થથી નથી. કારણ કે તે સંબંધ રત્નની શોભાનો વિનાશ કરે છે. તથા અંદર પ્રવેશ કર્યા વિના દોરો રત્નમાં સ્થિર રહી શકે નહિ.

તે પ્રમાણે જીવોનો દ્રવ્યથી સૂત્રસંબંધ પણ પ્રાયઃ તેના જેવો જાણવો, અર્થાત્ સૂત્રસંબંધ હોવા છતાં પરમાર્થથી નથી.

અહીં શાસ્ત્રોમાં **દ્રવ્યશબ્દ**નો પ્રયોગ પ્રધાનદ્રવ્ય અને અપ્રધાનદ્રવ્ય એ બે અર્થમાં કરવામાં આવે છે. જે દ્રવ્યવસ્તુ ભવિષ્યમાં ભાવરૂપ બને તે પ્રધાન દ્રવ્ય કહેવાય. અને જે દ્રવ્યવસ્તુ ભવિષ્યમાં ભાવરૂપ ન બને તે અપ્રધાનદ્રવ્ય કહેવાય.

તેમાં જેઓ નજીકના કાળમાં ગ્રંથિભેદ કરવાના નથી તેવા દૂરભવ્ય વગેરેને અપ્રધાન દ્રવ્યસૂત્રયોગ હોય છે. કારણ કે તે સૂત્રયોગ એકાંતે જ સદ્બોધની સ્થાપના (=સદ્બોધનો પ્રાદુર્ભાવ) કરનાર ન હોવાથી તત્ત્વવિચારણામાં જરાય ઉપયોગી નથી. અપુનર્બંધક, માર્ગાભિમુખ અને માર્ગપતિત જીવોનો સૂત્રયોગ વ્યવહારથી તાત્ત્વિક છે. (એટલે કે પ્રધાનદ્રવ્ય છે). કારણ કે તે સૂત્રયોગ શુદ્ધબોધના લાભનું અવંધ્ય કારણ છે. (તે જીવો ભવિષ્યમાં અવશ્ય શુદ્ધબોધને પામશે. આથી તેમનો દ્રવ્યસૂત્રયોગ પ્રધાનદ્રવ્ય સૂત્રયોગ છે).

અભિન્નગ્રંથિ જીવોમાં દ્રવ્યશ્રુતયોગથી જીવાદિ સર્વ પદાર્થો વિષે થતું જ્ઞાન બાળકને અક્ષ અને રત્નના વિષયમાં થતા જ્ઞાનની જેમ માત્ર વિષયપ્રતિભાસ છે (આથી જ) તે જ્ઞાન અજ્ઞાન જાણવું.

**માત્ર વિષયપ્રતિભાસ** – સ્પર્શન, જીભ, નાક, આંખ અને કાન એ (પાંચ) ઇંદ્રિયો

છે. તેમના વિષયો અનુક્રમે સ્પર્શ, રસ, ગંધ, રૂપ અને શબ્દ છે. પ્રતિભાસ એટલે બોધ. ઇંદ્રિયોના વિષયોનો બોધ તે વિષયપ્રતિભાસ. વિષયોમાં રહેલ ગુણ-દોષના વિચાર વિના કેવળ વિષયોનો બોધ તે માત્ર વિષયપ્રતિભાસ.

આ વિષે બાળકનું દૃષ્ટાંત છે. બાળકને થતો અક્ષ અને રત્નનો બોધ માત્ર વિષય પ્રતિભાસ હોય છે. (બાળક અક્ષ અને રત્નને સમાનરૂપે જુએ છે. અક્ષનું વિશેષ મૂલ્ય નથી, રત્ન મૂલ્યવાન છે, એવા ભેદનું તેને જ્ઞાન હોતું નથી. બાળક તે તે વસ્તુને જુએ છે એથી તેને તે તે વસ્તુનો બોધ થાય છે. પણ આ વસ્તુ હિતકર છે અને આ વસ્તુ અહિતકર છે એવો બોધ હોતો નથી. આથી તે સર્પને જુએ તો સર્પથી દૂર ભાગવાના બદલે સંભવ છે કે સર્પને પકડવા દોડે.)

જેવી રીતે બાળકની બાલ્યાવસ્થા દૂર થતાં અક્ષ અને રત્નમાં રહેલા ભેદનો બોધ થાય છે તે રીતે ગ્રંથિનો ભેદ થતાં તુરત જ જ્ઞાન પ્રગટે છે. વિશેષ જ્ઞાન ન હોય બહુ જ અલ્પજ્ઞાન હોય તો પણ શ્રદ્ધા વગેરે ભાવથી એ અલ્પ પણ જ્ઞાન સમ્યગ્રૂપ જ છે. (૩૭૦ થી ૩૭૪)

## અશુભ અનુબંધની ભયંકરતા

સમ્યગ્જ્ઞાન દ્રવ્યથી અસત્પ્રવૃત્તિથી યુક્ત હોય તો પણ નિયમા મોક્ષરૂપ ફલનું કારણ બને છે. કારણ કે અશુભ અનુબંધનો વિચ્છેદ થાય છે. અશુભ અનુબંધ ભવરૂપ વૃક્ષનું મૂળ છે. અશુભ અનુબંધનો વિચ્છેદ થતાં ભવરૂપ વૃક્ષનો વિચ્છેદ થઈ જ ગયો. આથી સાધુ-શ્રાવકના આચારોથી યુક્ત જીવોએ નિંદા-ગર્હા આદિ ઉપાયથી અશુભાનુબંધનો નાશ કરવો જોઈએ. જો અશુભાનુબંધનો નાશ ન કરવામાં આવે તો ધર્મનો ભંગ થાય કે અતિચારથી મલિન બને. દોષનો અનુબંધ પ્રબળ હોય તો મૂલગુણ આદિનો સર્વથા ભંગ થાય અને એથી ધર્મનો નાશ થાય. મૂલગુણ આદિના ભંગમાં બાહ્ય ક્રિયાઓ દ્વારા ધર્મ કરાતો હોય તો પણ પરમાર્થથી એ ધર્મ જ નથી. દોષનો અનુબંધ મંદ હોય તો ધર્મનો સર્વથા નાશ ન થાય, ધર્મ હોય, પણ અતિચારોથી મલિન થયેલો ધર્મ હોય.

અપ્રમત્ત પણ ચૌદ પૂર્વધરોનો અંતરકાળ અનંત કહ્યો છે. તે અનંતકાળ અશુભાનુબંધ તીવ્ર હોય તો જ ઘટે છે. પ્રસ્તુત ગુણોનો ભંગ થયા પછી ફરી તે ગુણો પ્રાપ્ત થવામાં કેટલોક કાળ જે અંતર પડે છે તેમાં અવશ્ય ભોગવવા લાયક અશુભ અનુબંધ વિના બીજો કોઈ હેતુ નથી. ઘણી આશાતના કરનાર જીવોને ઉત્કૃષ્ટથી દેશોન અર્ધપુદ્ગલપરાવર્ત જેટલા અનંતકાળનું અંતર હોય એમ શાસ્ત્રમાં કહ્યું છે.

**પ્રશ્ન–** હમણાં સમ્યગ્દર્શન વગેરે ગુણોથી પતિત બનેલા પણ જીવોને પૂર્વે સમ્યગ્દર્શન

આદિ ગુણોની પ્રાપ્તિ થઈ જ હતી. એથી તેમને શુદ્ધાજ્ઞાયોગ (અરિહંત વચનની નિરતિચાર આરાધના) પ્રાપ્ત થયો જ હતો. તમોએ જેને અશુભાનુબંધનો વિચ્છેદ કરનાર તરીકે કલ્પેલો છે તે શુદ્ધાજ્ઞાયોગથી પણ તેમના અશુભાનુબંધનો વિચ્છેદ કેમ ન થયો ?

**ઉત્તર–** જેવી રીતે ત્રિફળા વગેરે ઔષધ સદા, આદરથી, વિધિપૂર્વક અને યુક્ત લેવામાં આવે તો જ કંડુ વગેરે રોગનો નાશ કરે છે, અન્યથા રોગનો નાશ ન કરે. તેવી રીતે શુદ્ધ આજ્ઞાયોગ પણ (સદા, આદરથી, વિધિપૂર્વક અને યુક્ત હોય તો) અશુભાનુબંધ રૂપ રોગનો નાશ કરે છે.

શુદ્ધાજ્ઞાયોગ ઔષધના દૃષ્ટાંતથી અશુભાનુબંધનો વિચ્છેદ કરતો હોવાથી જ ભગવાને સાધુ-શ્રાવકને યોગ્ય ચૈત્યવંદન વગેરે અનુષ્ઠાનોમાં અપ્રમાદને અશુભાનુબંધનો વિચ્છેદ કરનાર કહ્યો છે, અર્થાત્ અપ્રમાદપૂર્વક જ આજ્ઞાયોગ અશુભાનુબંધનો વિચ્છેદ કરે છે એમ કહ્યું છે. અહીં તાત્પર્ય એ છે કે જેમ ઔષધ લેવા માત્રથી રોગનો નાશ થઈ જતો નથી, કિંતુ પૂર્વે કહ્યું તે પ્રમાણે લેવાથી રોગનો નાશ થાય છે. એમ કેવલ આજ્ઞાયોગથી અશુભાનુબંધનો વિચ્છેદ થતો નથી, કિંતુ અપ્રમાદ સહિત જ આજ્ઞાયોગ અશુભાનુબંધનો વિચ્છેદ કરે છે. એથી જ જો અશુભાનુબંધનો વિચ્છેદ ન થયો હોય તો સમજવું જોઈએ કે શુદ્ધાજ્ઞાલાભ રૂપ અપ્રમાદ જ નથી, અર્થાત્ શુદ્ધાજ્ઞાયોગનો લાભ થયો છે, પણ અપ્રમાદ સહિત શુદ્ધાજ્ઞાયોગનો લાભ થયો નથી એમ સમજવું જોઈએ. કારણ કે (નિશ્ચયનયની દૃષ્ટિએ) જે કારણ પોતાના કાર્યને ઉત્પન્ન ન કરે તે કારણ કારણભાવને પામતું નથી, અર્થાત્ તે કારણ કારણ જ ન કહેવાય. આથી અશુભાનુબંધનો વિચ્છેદ ન થયો હોય તો અશુભાનુબંધનો વિચ્છેદ કરનાર તરીકે જેનું નિરૂપણ કરાઈ રહ્યું છે તે શુદ્ધાજ્ઞાલાભરૂપ અપ્રમાદ પોતાના સ્વરૂપને પામવા સમર્થ બનતો નથી, અર્થાત્ શુદ્ધાજ્ઞાલાભરૂપ અપ્રમાદનો અભાવ છે, એમ સમજવું જોઈએ.

**પૂર્વપક્ષ–** જો એમ છે તો અશુભાનુબંધનો વિચ્છેદ ન થવાં છતાં ઘણા શુદ્ધાજ્ઞાયોગવાળા વર્ણવાતા જોવામાં આવે છે. તેથી દોષ કેમ ન થાય? અહીં તાત્પર્યાર્થ આ છે- શાસ્ત્રમાં એવા ઘણા જીવોનું વર્ણન આવે છે કે તે જીવોના અશુભાનુબંધનો વિચ્છેદ થયો ન હતો. છતાં તેમને શુદ્ધાજ્ઞાયોગની પ્રાપ્તિ થઈ હતી. તેથી અહીં વિરોધ રૂપ દોષ કેમ ન આવે ?

**ઉત્તરપક્ષ–**જે શુદ્ધાજ્ઞાયોગ અનંતરપણે અશુભાનુબંધના વિચ્છેદનો હેતુ ન બને તે શુદ્ધાજ્ઞાયોગ પણ પરંપરાએ અશુભાનુબંધના વિચ્છેદનો હેતુ બને તેવા શુદ્ધાજ્ઞાયોગનો સાધક હોવાથી ઈષ્ટ છે.

જ્યારે હજી પણ અશુભાનુબંધ અતિગાઢ હોય અને આજ્ઞાયોગ મંદ હોય ત્યારે આજ્ઞાયોગ અશુભાનુબંધનો સર્વથા વિચ્છેદ કરવા માટે સમર્થ બનતો નથી. આમ છતાં તે આજ્ઞાયોગ અશુભાનુબંધનો સર્વથા વિચ્છેદ કરે તેવા તીવ્ર આજ્ઞાયોગનું કારણ બને છે. આથી તે આજ્ઞાયોગ પણ સુંદર જ છે.

**અહીં તાત્પર્ય આ પ્રમાણે છે–** જો અપ્રમાદસહિત આજ્ઞાયોગ જ અશુભાનુબંધનો વિચ્છેદ કરે છે તો પ્રાથમિક પ્રમાદસહિત આજ્ઞાયોગને નિષ્ફળ જ માનવો રહ્યો. આવા પૂર્વપક્ષનું સમાધાન કરવા માટે અહીં ઉત્તર પક્ષમાં કહ્યું કે–પ્રાથમિક પ્રમાદ સહિત આજ્ઞાયોગ નિષ્ફળ જતો નથી. કારણ કે તે આજ્ઞાયોગ અશુભાનુબંધનો સર્વથા વિચ્છેદ કરે તેવા તીવ્ર આજ્ઞાયોગનું કારણ બને છે.

પહેલાં કર્મરૂપ વ્યાધિની ચિકિત્સા કરવા માટે સમ્યગ્દર્શનાદિ ગુણનો સ્વીકાર કરવો જોઇએ એમ માનીને સમ્યગ્દર્શનાદિ ગુણનું પાલન કર્યું. પણ પછી સાધુપ્રદ્વેષ આદિ કારણથી સમ્યગ્દર્શનાદિ ગુણનો નાશ થયો. એથી દુર્ગતિપાત રૂપ વિકાર થયો. દુર્ગતિમાં તે તે વિડંબનાને સહન કરવા વડે તે વિકારનો અનુભવ કર્યો. પછી જન્માંતરમાં પૂર્વભવે આરાધેલા સમ્યગ્દર્શનાદિ ગુણની કોઇપણ રીતે પ્રાપ્તિ થઇ. આથી ફરી સમ્યગ્દર્શનાદિ ગુણનો અભ્યાસ થાય છે. આ અભ્યાસ અભિલષિત અશુભાનુબંધના વિચ્છેદનું કારણ બને છે. કોઈપણ રીતે ફરી પ્રાપ્ત થયેલ ગુણનું પાલન કરવું તેને અભ્યાસ કહેવામાં આવે છે.

**પ્રશ્ન–** નાશ પામેલા સમ્યગ્દર્શનાદિ ગુણોની ફરી પ્રાપ્તિ થાય એ વિષે કોઇ પ્રમાણભૂત વચન છે?

**ઉત્તર–** खाओसमिगभावे दढजत्तकयं सुभं अणुट्ठाणं । परिवडियंपि हु जायइ पुणोवि तब्भाववुड्ढिकरं (પચાંશક ૩/૨૪) એ પ્રમાણભૂત વચન છે. તેનો અર્થ આ છે–**"ક્ષાયોપશમિક ભાવમાં દૃઢ આદરપૂર્વક કરાયેલું શુભ અનુષ્ઠાન અશુભકર્મના ઉદયથી મૂકાઇ જાય-છૂટી જાય તો પણ ભવિષ્યમાં ફરી શુભ અધ્યવસાયની વૃદ્ધિને કરનારું બને છે."**

પ્રસ્તુતમાં દૃષ્ટાંત અને તેનો ઉપનય આ પ્રમાણે છે–કોઇ રોગી સદ્‌ઔષધનું સેવન કરે. જે ઔષધ પ્રસ્તુત વ્યાધિનો નિગ્રહ કરનારું હોવાથી અસ્ખલિત સામર્થ્યવાળું હોય તે ઔષધ સદ્ છે. સદ્ ઔષધનું સેવન શરૂ કર્યા પછી કોઇપણ પ્રમાદથી ઔષધ જેટલા પ્રમાણમાં લેવું જોઇએ તેનાથી અતિશય અલ્પપ્રમાણમાં ઔષધ લેવાય, અપથ્યનું સેવન થાય ઇત્યાદિ રીતે ક્રિયાનો અપચાર (=વિનાશ) થાય. આથી તેના અસહ્યવેદના વગેરે કટુ ફળનો અનુભવ થાય. આથી રોગી પૂર્ણ સાવધાની રાખીને ફરી તે જ ઔષધનું સેવન કરે. ફરી તે જ ઔષધનું સેવન વ્યાધિનો નાશ કરે. તે રીતે પ્રસ્તુતમાં પણ તેવા પ્રકારના

પ્રમાદના આસેવનથી ધર્મક્રિયાનો વિનાશ થાય. પછી દુર્ગતિમાં કટુ વિપાકોનો અનુભવ કરે (=અસહ્ય દુઃખોને સહન કરે). પછી જન્માંતરમાં ફરી ધર્મક્રિયાની પ્રાપ્તિ થાય. ફરી ધર્મક્રિયાનો અભ્યાસ અશુભાનુબંધના વિચ્છેદરૂપ ફળવાળો થાય છે. (૩૮૩ થી ૩૯૧)

## જિનવચનરૂપ ઔષધનો કાળ

અકસીર પણ ઔષધ અકાળે આપવાથી લાભ ન થાય, બલ્કે નુકશાન થાય, એમ આયુર્વેદમાં પ્રસિદ્ધ છે. તે રીતે પ્રસ્તુતમાં જિનવચનરૂપ ઔષધ અકાળે આપવાથી નુકશાન થાય. જિનવચનરૂપ ઔષધના પ્રયોગ માટે ગાઢમિથ્યાત્વ કાળ અકાળ (=અયોગ્ય કાળ) છે. જે કાળમાં મિથ્યાત્વ ગાઢ હોય તે કાળ ગાઢમિથ્યાત્વ કાળ છે. ચરમપુદ્ગલ પરાવર્ત સિવાયના બધા જ પુદ્ગલ પરાવર્તોનો કાળ ગાઢમિથ્યાત્વ કાળ છે. કારણ કે ત્યાં મિથ્યાત્વ ગાઢ હોય છે. આથી અચરમાવર્તકાળ જિનવચનરૂપ ઔષધના પ્રયોગ માટે અકાળ છે.

અચરમાવર્તકાળમાં જીવને જિનવચનની કોઈ અસર ન થાય. અચરમાવર્તકાળમાં રહેલો જીવ ગમે તેટલી વાર જિનવચન સાંભળે તો પણ તેના હૈયામાં તેની અસર ન થાય=જિનવચનને ન માને. આથી અચરમાવર્ત કાળ આજ્ઞાયોગ માટે અયોગ્ય કાળ છે.

ચરમાવર્ત જિનવચનરૂપ ઔષધના ઉપયોગનો કાળ છે. ચરમાવર્તમાં પણ જ્યારે તથાભવ્યત્વના પરિપાકથી બીજાધાન, અંકુરનો ઉદ્ભવ, અંકુરાદિનું પોષણ વગેરે થઈ રહ્યું હોય ત્યારે કાળ થાય, અર્થાત્ ત્યારે યોગ્ય કાળ છે.

ચરમાવર્તમાં આવેલો જીવ તથાભવ્યત્વના પરિપાકથી અપુનર્બંધક, માર્ગાભિમુખ અને માર્ગપતિત અવસ્થાને પામે છે. આ અવસ્થામાં તે જીવ ધર્મબીજની આત્મામાં વાવણી કરે છે. આથી અપુનર્બંધક વગેરે અવસ્થાનો સમય જિનવચનરૂપ ઔષધના પ્રયોગ માટે યોગ્ય કાળ છે. આ કથન વ્યવહારનયથી છે.

નિશ્ચયનયના મતે ગ્રંથિભેદ કાળને જ વચન રૂપ ઔષધના પ્રયોગનો કાળ જાણવો. ગ્રંથિભેદ થયે છતે સદા વિધિથી વચન રૂપ ઔષધનું પાલન થવાના કારણે વચનરૂપ ઔષધથી આરોગ્ય થાય.

**ગ્રંથિભેદકાળ**- જે કાળે અપૂર્વકરણ–અનિવૃત્તિકરણથી ગ્રંથિ ભેદાણી હોય તે ગ્રંથિભેદ કાળ છે, અર્થાત્ જે કાળે સમ્યગ્દર્શન વિદ્યમાન હોય તે ગ્રંથિભેદકાળ છે. ગ્રંથિભેદકાળ જિનવચન રૂપ ઔષધને આપવાનો યોગ્ય કાળ છે. કારણ કે સમ્યગ્દર્શન હોય ત્યારે જીવ સર્વકાળે અવસ્થાને ઉચિત કાર્ય કરવા રૂપ વિધિથી વચનરૂપ ઔષધનું પાલન કરે છે. એના કારણે વચનરૂપ ઔષધના પ્રયોગથી સંસારવ્યાધિના નાશ રૂપ આરોગ્યની પ્રાપ્તિ થાય છે.

નિશ્ચયનયના મતે અપુનર્બંધક વગેરે જીવોમાં વચનપ્રયોગનો અવસર નથી. તેનું કારણ એ છે કે તે જીવમાં વચનપ્રયોગ કરવામાં આવે તો પણ તે વચનપ્રયોગ તેમને સૂક્ષ્મબોધ કરનારો થતો નથી. કારણ કે તે કાળમાં અનાભોગ (=યથાર્થ બોધને અનુકૂલ ક્ષયોપશમનો અભાવ) ઘણો હોય છે. ભિન્નગ્રંથિ વગેરે જીવો તો મોહ દૂર થવાના કારણે અતિનિપુણ બુદ્ધિવાળા હોય છે, અને એથી તે તે કાર્યમાં પ્રવૃત્તિ કરતા તે જીવો તે તે કર્મરૂપવ્યાધિનો નાશ કરનારા થાય છે. (૪૩૭)

## મિથ્યાદૃષ્ટિનું સુખ પરમાર્થથી સુખ નથી

**પ્રશ્ન–** અકાળ પ્રયોગમાં વચનરૂપ ઔષધના પ્રયોગથી ગ્રૈવેયકાદિ સુખની સિદ્ધિ કેમ સંભળાય છે ?

**ઉત્તર–** ગ્રૈવેયક વગેરેના સુખની પ્રાપ્તિ પ્રસ્તુત ઔષધના યોગથી થનારા સુખ તુલ્ય જાણવી. જેવી રીતે અસાધ્ય વ્યાધિમાં વૈદ્યશાસ્ત્રમાં કહ્યા પ્રમાણે સદ્‌ઔષધનો પ્રયોગ કરવાથી તે સદ્‌ઔષધ પોતાના સંબંધના સામર્થ્યથી ક્ષણમાત્ર સુખને લઈ આવે છે, અર્થાત્ ઔષધની અસર રહે ત્યાં સુધી સુખ આપે છે, પણ પછી અધિક વ્યાધિના પ્રકોપ માટે થાય છે, તેવી રીતે પ્રસ્તુત વચનરૂપ ઔષધનો પ્રયોગ પણ જેમના ભવ્યત્વનો પરિપાક થયો નથી તેવા જીવોને ગ્રૈવેયક વગેરેમાં માત્ર ભૌતિક સુખની પ્રાપ્તિ કરાવીને પછી ક્રમે કરીને નરકાદિ દુર્ગતિમાં પ્રવેશ રૂપ ફળવાળો થાય છે. (૪૩૮)

કષ્ટ સાધ્ય વ્યાધિની પીડાથી જેનું શરીર વિહ્વલ બની રહ્યું છે તે જીવને કોઈક ઔષધથી પણ સુખ થાય એવું બને. પણ તેવું સુખ તત્ત્વથી સુખ નથી. એ સુખ સ્વભાવથી (=સ્વાભાવિક રીતે) થયેલું નથી, કિંતુ ઔષધથી થયેલું છે. (રોગ દૂર થાય અને જે સુખ થાય તે સ્વાભાવિક સુખ છે.) આવા સુખમાં પણ તેનું અંતર અત્યંત ભયંકર રોગના કારણે સદા પીડાઈ રહ્યું હોય છે. આથી તેને થયેલો સુખલાભ બાહ્ય જ છે. જેવી રીતે શરદઋતુના કાળમાં સૂર્યના અતિશય પ્રચંડ કિરણો મોટા સરોવરોને તપાવી દે છે. આમ છતાં તે સરોવરોમાં પાણી બહારથી જ ઉષ્ણ હોય છે, પણ અંદરમાં તો અત્યંત શીતલ હોય છે. તેવી રીતે પ્રસ્તુતમાં સત્ક્રિયાના યોગથી સુખનો બાહ્ય સંબંધ થવા છતાં તે જીવ ગાઢ મિથ્યાત્વ રૂપ ઉપદ્રવથી યુક્ત હોવાથી તેને દુઃખ જ હોય છે. (૪૪૦)

મિથ્યાદૃષ્ટિ જીવ અવશ્ય અસદ્ આગ્રહવાળો હોય છે. તેથી તેનો વિષયોનું સાધન એવી સ્ત્રી વગેરે વસ્તુનો ભોગ પરમાર્થથી ભોગ નથી. હેય અને ઉપાદેય સર્વ વસ્તુમાં અસદ્ આગ્રહરૂપ ઉપદ્રવના કારણે તેનો ભોગ વિષવિકારથી વિહ્વલ બનેલા પુરુષના જેવો છે. વિષવિકારથી જેનું ચિત્ત વિહ્વલ બનેલું છે એવો પુરુષ માળા, ચંદન અને સ્ત્રી આદિનો

ભોગ કરે તો તેનો એ ભોગ પરમાર્થથી અભોગ જ છે. એ પ્રમાણે મિથ્યાદષ્ટિ જીવને ચક્રવર્તી આદિનું પદ પ્રાપ્ત થવા છતાં વિપર્યાસના કારણે કોઈ ભોગ ન હોય, અર્થાત્ સુખ સુખરૂપે વેદાતું નથી. (૪૪૨)

મિથ્યાદષ્ટિને જીવાદિ કોઈપણ વસ્તુનો સમ્યગ્બોધ હોતો જ નથી. તે ન હોવાના કારણે તેના ભોગો પણ અંધપુરુષના ભોગતુલ્ય છે. જેણે મહેલ, શય્યા, આસન અને સ્ત્રી વગેરેનું રૂપ જોયું નથી તેવો અંધ પુરુષ મહેલ આદિનો ભોગ કરે તો પણ પરમાર્થથી તેના એ ભોગો ભોગપણાને ધારણ કરતા નથી. તે પ્રમાણે મિથ્યાદષ્ટિના પણ પ્રસ્તુત મહેલ આદિના ભોગો પરમાર્થથી ભોગપણાને ધારણ કરતા નથી. (૪૪૩)

## મિથ્યાદષ્ટિનું જ્ઞાન અજ્ઞાન કેમ છે ?

સત્પદાર્થ અને અસત્પદાર્થની વિશેષતા ન સમજી શકવાથી, ભવનો હેતુ હોવાથી, પોતાની મતિ પ્રમાણે અર્થ કરવાથી, જ્ઞાનના ફળનો અભાવ હોવાથી મિથ્યાદષ્ટિનું જ્ઞાન પણ અજ્ઞાન છે.

**ભવનો હેતુ–** મિથ્યાદષ્ટિ જીવ તત્ત્વભૂત અરિહંતદેવ વગેરેની નિંદા કરે છે. અતત્ત્વભૂત કુદેવ વગેરેને કુયુક્તિઓ લગાડીને સ્વીકારે છે. આમ મિથ્યાદષ્ટિનું જ્ઞાન પ્રાયઃ અસત્પ્રવૃત્તિનું અને અસત્પ્રવૃત્તિના અનુબંધનું કારણ હોવાથી સંસારનું કારણ છે.

**પ્રશ્ન–** પ્રાયઃ અસત્પ્રવૃત્તિનું કારણ હોવાથી એમ 'પ્રાયઃ' કેમ કહ્યું ?

**ઉત્તર–** યથાપ્રવૃત્તિકરણના છેલ્લા ભાગે રહેલા, જેમનો ગ્રંથિભેદ નજીકના કાળમાં થવાનો છે તેવા, જેમનો મિથ્યાત્વરૂપ જ્વર અત્યંત જીર્ણ બની ગયો છે તેવા, દુઃખી જીવો પ્રત્યે દયા, ગુણવાન જીવો ઉપર દ્વેષનો અભાવ અને ઉચિત આચરણ રૂપ પ્રવૃત્તિ કરનારા કેટલાક ઉત્તમ મિથ્યાદષ્ટિ જીવો પણ સુંદર પ્રવૃત્તિ કરનારા હોય છે. આથી નિયમનો (મિથ્યાદષ્ટિનું જ્ઞાન અસત્પ્રવૃત્તિનું કારણ છે એવા નિયમનો) ભંગ ન થાય એ માટે અહીં પ્રાયઃ એમ કહ્યું છે.

**વિરતિનો અભાવ–** જ્ઞાનનું ફળ વિરતિ અને પુણ્યમાં પ્રવૃત્તિ છે. મિથ્યાદષ્ટિને પરમાર્થથી પાપથી વિરતિ ન હોય. વિરતિ જ્ઞાન-સ્વીકાર-યતના હોય તો પ્રાપ્ત થાય. મિથ્યાદષ્ટિનું જ્ઞાન વિપરીત બોધથી દૂષિત થયેલું હોવાથી પહેલાં તો મિથ્યાદષ્ટિને જ્ઞાન જ હોતું નથી. જો જ્ઞાન જ ન હોય તો સ્વીકાર અને યતના કેવી રીતે હોય ? મિથ્યાદષ્ટિને પરમાર્થથી પુણ્યપ્રવૃત્તિ પણ ન હોય.

આમ અનેક રીતે મિથ્યાદષ્ટિનું જ્ઞાન અજ્ઞાન છે. જેવી રીતે અશુદ્ધ તુંબડાના પાત્રમાં

નાંખેલાં દૂધ અને સાકર વગેરે મધુર દ્રવ્યો ખરાબ થઈ જાય તેમ મિથ્યાદષ્ટિ જીવમાં જ્ઞાન પણ મિથ્યાત્વના ઉદયના કારણે વિપરીત ભાવને પામે છે. (૪૪૪ થી ૪૪૮)

## અભિગ્રહોનું મહત્ત્વ

પોતાના તીવ્ર ક્રોધ, તીવ્ર વેદોદય વગેરે દોષોને અને અભિગ્રહને પાળવાનું સામર્થ્ય જાણીને જેનાથી પોતાના દોષો દૂર થાય તેવા "મારે ક્ષમા રાખવી, શરીરનું પ્રતિકર્મ ન કરવું' વગેરે પ્રકારના અભિગ્રહોને સ્વીકારવા. કારણ કે મુમુક્ષુઓને એક ક્ષણવાર પણ અભિગ્રહથી રહિત રહેવું એ યોગ્ય નથી. (૪૫૦) અભિગ્રહો લેવા માત્ર ફળ આપનારા થતા નથી. માટે લીધેલા અભિગ્રહોને પરિશુદ્ધ પાળવા. અભિગ્રહ લીધા પછી અભિગ્રહનો વિષય પ્રાપ્ત ન થાય તો પણ ક્રોધ વગેરે કર્મની ઘણી નિર્જરા થાય.

**અભિગ્રહનો વિષય પ્રાપ્ત ન થાય તો પણ–** કોઈ ગમે તેટલું પ્રતિકૂળ વર્તન કરે તો પણ ક્ષમા રાખવી, = ગુસ્સો ન કરવો, આવો અભિગ્રહ લીધા પછી કોઈપણ માણસ પ્રતિકૂળ વર્તન ન કરે તો ક્ષમા કરવા યોગ્ય મનુષ્યની પ્રાપ્તિ ન થઈ. જેના ઉપર ક્ષમા રાખવાની હોય તે ક્ષમાના અભિગ્રહનો વિષય કહેવાય. પ્રતિકૂળ વર્તન કરનાર ઉપર ક્ષમા રાખવાની હોય છે. આથી પ્રતિકૂળ વર્તન કરનાર ક્ષમાનો વિષય છે. (૪૫૧)

અભિગ્રહનો વિષય પ્રાપ્ત ન થાય તો પણ ઘણી નિર્જરા થાય. કારણ કે અભિગ્રહના સ્વીકારમાં અભિગ્રહને પૂર્ણ કરવાનો (પાળવાનો) પરિણામ તૂટ્યો નથી. અભિગ્રહનો વિષય પ્રાપ્ત થાય તો પણ અભિગ્રહને પૂર્ણ કરવાના પરિણામથી જ નિર્જરા થાય. (૪૫૨)

સારી રીતે પાળેલા અભિગ્રહથી પૂર્વકૃત પાપ ક્ષય પામે છે, અને શુભાનુબંધ થાય છે. આ વિષે યમુનરાજાનું દૃષ્ટાંત અત્યંત મનનીય છે. (૪૫૭)

## પાપના પ્રતિકારનો પ્રભાવ

**પ્રશ્ન–** જો આ પ્રમાણે ઈરાદાપૂર્વક ઉત્સાહથી દંડ મુનિનો બોધિલાભના મૂળમાં અગ્નિ મૂકવા સમાન ઘાત કરવા છતાં યમુન રાજાને પરિશુદ્ધ પ્રવ્રજ્યાનો લાભ થયો અને એનાથી સુગતિની પ્રાપ્તિ થઈ તો પૂર્વે કહેલા ક્ષુલ્લક વગેરેનો માત્ર સાધુપ્રદ્વેષ વગેરે અલ્પદોષથી અનંત સંસાર કેમ થયો ? કેટલાકોને સંખ્યાત સંસાર અને કેટલાકોને અસંખ્યાત સંસાર કેમ થયો ?

**ઉત્તર–** ક્ષુલ્લક વગેરેનો અલ્પદોષ પ્રાયશ્ચિત્તરૂપ પ્રતિકારથી રહિત હતો. યમુનરાજર્ષિનો દોષ પ્રતિકારસહિત હતો. જેનો પ્રતિકાર કરવામાં આવ્યો હોય તેવું ઘણું પણ વિષ મારતું નથી. તેમ અહીં જેનો પ્રાયશ્ચિત્તરૂપ પ્રતીકાર કરવામાં આવ્યો હોય તેવું ઘણું પણ પાપ

ફળતું નથી. (૪૫૮) જો સારી રીતે (=તીવ્ર પશ્ચાત્તાપપૂર્વક) કરેલી નિંદા-ગર્હાથી દોષને અનુબંધથી રહિત કરી દેવામાં આવે તો દોષ અનિષ્ટ ફળવાળો ન થાય. (૧૦૧૨)

## સંક્લેશનો ત્યાગ અનિવાર્ય છે

મતિમાન જીવે વિરાધનારહિત શુદ્ધ ધર્મસ્થાનમાં આદર કરવો જોઈએ, સંક્લિષ્ટ ધર્માનુષ્ઠાનમાં આદર ન જ કરવો જોઈએ. સંક્લેશવાળા જીવને તપ, શાસ્ત્ર, વિનય અને પૂજા વગેરે ધર્માનુષ્ઠાનો આલંબન થતા નથી. આ વિષે ક્ષપક વગેરેનાં દૃષ્ટાંતો છે. (૪૮૪-૪૮૫)

સંક્લેશ દુઃખરૂપ અને દુઃખફલક છે. આથી આજ્ઞાના સમ્યક્ પાલનથી સંક્લેશનો સદાય ત્યાગ કરવો જોઈએ. (૪૯૮)

## ઉપદેશ કોને સફળ બને ?

ઉપદેશ બે પ્રકારના ભવ્યજીવોને સફળ છે. તે આ પ્રમાણે-(૧) જે જીવો વિવક્ષિત (ચોથું વગેરે) ગુણસ્થાનને પામવાની પૂર્ણ લાયકાતથી યુક્ત હોય તેવા જીવોને એ ગુણસ્થાનને પામવા માટે આ ઉપદેશ સફળ બને છે. (૨) જે જીવો તેવા પ્રકારના ક્લિષ્ટ કર્મોદયથી વિવક્ષિત(=ચોથું વગેરે) ગુણસ્થાન રૂપ મહેલના શિખર ઉપરથી પડવાની તૈયારીવાળા હોય તેવા જીવોને પતનથી બચવા માટે આ ઉપદેશ પ્રાયઃ સફલ છે.

**પ્રશ્ન–** પતનથી બચવા માટે આ ઉપદેશ પ્રાયઃ સફલ છે એમ પ્રાયઃ કેમ કહ્યું ?

**ઉત્તર–** પતનનું કારણ જે ક્લિષ્ટ કર્મોદય તે નિકાચિત અને અનિકાચિત એમ બે પ્રકારે છે. તેમાં જે જીવો નિકાચિત ક્લિષ્ટ કર્મોદયથી પડી રહ્યા હોય તેમને આ ઉપદેશ સફળ ન બને=પતનથી બચાવી ન શકે. જે જીવો અનિકાચિત ક્લિષ્ટ કર્મોદયથી એટલે કે સોપક્રમ કર્મના ઉદયથી પતન પામવાની તૈયારીવાળા હોય તેમને આ ઉપદેશ સફળ બને=પતનથી બચાવી શકે, માટે અહીં 'પ્રાયઃ' એમ કહ્યું છે. (૪૯૯)

ચક્રભ્રમણમાં દંડની જેમ ઉપદેશ સહકારી કારણ છે. ચક્રભ્રમણ ચાલુ કરવું હોય કે મંદ પડેલા ચક્રભ્રમણને વેગવાળું બનાવવું હોય ત્યારે દંડ ઉપયોગી બને છે. પણ ચક્રભ્રમણ ચાલુ હોય તો દંડ જેમ નિરર્થક છે તેમ સ્વગુણસ્થાનમાં સ્થિર જીવોને ઉપદેશના સહાયની જરૂર નથી. (૫૦૦)

## દરરોજ સૂત્રાર્થ પોરિસી શા માટે ?

**પ્રશ્ન–** જો સ્વગુણસ્થાનમાં સ્થિર જીવોને ઉપદેશના સહાયની જરૂર નથી તો પછી સાધુઓને સૂત્રપોરિસી-અર્થ પોરિસી નિત્ય કરવાનું કેમ કહ્યું ?

**ઉત્તર–** ગુણસ્થાનમાં સ્થિર રહેલા જીવોને ઉત્તરોત્તર ગુણની પ્રાપ્તિ થાય એ માટે સૂત્રાર્થ પોરિસીનું વિધાન છે. દરરોજ સૂત્રાર્થનો અભ્યાસ કરવા દ્વારા નવું નવું શ્રુતજ્ઞાન મેળવવાથી કેવળજ્ઞાનની ઉત્પત્તિ થાય એમ શાસ્ત્રમાં કહ્યું છે. માટે તે જીવો માટે દરરોજ સૂત્રાર્થ પોરિસીનું વિધાન છે. (૫૦૧-૫૦૨)

## ગુણ-દોષના અલ્પ-બહુત્વનો વિચાર

વ્રતપરિણામ વિદ્યમાન હોય ત્યારે જીવ તપશ્ચર્યા વગેરે સર્વકાર્યોમાં પ્રવૃત્તિ કરતાં પહેલાં ગુણ-દોષના અલ્પબહુત્વનો બરોબર વિચાર કરે. એવો વિચાર કર્યા પછી જેમાં ગુણ વધારે થાય તેવી પ્રવૃત્તિ કરે અને તે તે કાર્યનો જે પરિશુદ્ધ ઉપાય હોય તે ઉપાય કરવા પૂર્વક કરે. આ રીતે પ્રવૃત્તિ કરવાથી વર્તમાનમાં તો ઘણી નિર્જરા થાય જ, કિંતુ ભવિષ્યમાં પણ તેની પરંપરા ચાલે.

વ્રતપરિણામ ન થયા હોય તેવા ઘણા જીવો લોકોત્તરમાર્ગમાં પ્રવેશેલા હોવા છતાં ગુરુ-લાઘવની (=લાભ-હાનિની) વિચારણાથી રહિત હોય છે અને એથી જ વિપર્યાસ દૂર ન થયો હોવાના કારણે તે રીતે પ્રવર્તે છે કે જેથી દિઙ્મૂઢ બનેલા નિર્યામકની જેમ સ્વપરના અકલ્યાણનું કારણ બને છે. જેવી રીતે વહાણ કઈ દિશા તરફ જઈ રહ્યું છે એવું જેને ભાન નથી એવો નાવિક પોતાનું અને નાવમાં બેઠેલાઓનું અહિત કરે તેમ લાભ-હાનિની વિચારણાથી રહિત જૈન હોય તો પણ પોતાનું અને પોતાની નિશ્રામાં રહેલાઓનું અહિત કરે. (૫૪૧)

## સાધુ રોગની ચિકિત્સા ક્યારે કરાવે ?

કર્મોના ક્ષય વિના મોક્ષ નથી. આથી કર્મક્ષયના અર્થી જીવે ઉપસર્ગો ઉપસ્થિત થાય તો આર્ત-રૌદ્ર ધ્યાન કર્યા વિના સહન કરવા જોઈએ. જો ઉપસર્ગો સહન ન થઈ શકે તો સૂત્રાનુસારે (=ગુરુલાઘવના વિચારપૂર્વક) પ્રતિકાર કરવાની પ્રવૃત્તિ પણ હિતકર છે. (૫૪૨) આર્તધ્યાન ન થાય તો રોગને સહન કરવો જોઈએ. આર્તધ્યાન થાય કે સંયમયોગો સીદાય તો વિધિથી ચિકિત્સાનો પ્રારંભ કરવો જોઈએ. (૫૪૩)

**પ્રશ્ન–** સહન થઈ શકતું હોવા છતાં માયાથી સહન ન કરે એવું ન બને ?

**ઉત્તર–** જેને પરમાર્થથી વ્રતપરિણામ થયો છે, તે જીવ શ્રાવકસંબંધી કે સાધુસંબંધી અનુષ્ઠાનમાં માયા કરતો નથી. સમ્યગ્બોધવાળો હોવાથી બુદ્ધિમાન તે જગતમાં અન્ય સર્વ પદાર્થોથી અધિક પ્રિય એવા આત્માનો માયા કરીને ક્યારેય દ્રોહ કરતો નથી. (૫૪૪)

## સમિતિ-ગુપ્તિ

ઈર્યા સમિતિ વગેરે પાંચ સમિતિ છે. મનોગુપ્તિ વગેરે ત્રણ ગુપ્તિ છે. સમિતિઓ કેવળ પ્રવૃત્તિરૂપ છે. ગુપ્તિઓ પ્રવૃત્તિ અને નિવૃત્તિ ઉભયસ્વરૂપ છે. પ્રવૃત્તિ એટલે કાયા અને વચનની વિશિષ્ટવૃત્તિ. સમિતિ શબ્દના અર્થથી જ સમજી શકાય છે કે સમિતિ કેવળ પ્રવૃત્તિરૂપ છે. સમિતિ શબ્દમાં सम् અને इति એમ બે શબ્દો છે. તેમાં सम् એટલે ઉચિત અધ્યવસાયથી. इति એટલે પ્રવૃત્તિ. ઉચિત અધ્યવસાય (=ઉપયોગ) પૂર્વક પ્રવૃત્તિ કરવી તે સમિતિ. આમ સમિતિ શબ્દના અર્થથી જ પ્રવૃત્તિ સમજી શકાય છે. આમ સમિતિ કાયા અને વચનની પ્રવૃત્તિરૂપ છે.

રાગ-દ્વેષ વગેરે દોષોથી ક્ષુબ્ધ બનતા આત્માનું રક્ષણ કરે તે ગુપ્તિ. ગુપ્તિ પ્રવૃત્તિ-નિવૃત્તિ ઉભયસ્વરૂપ હોવાથી સમિતમુનિ નિયમા ગુપ્ત છે. ગુપ્તમુનિ સમિત હોય કે ન પણ હોય. જેમકે- કુશળ વચનને બોલતો સાધુ ગુપ્ત પણ છે અને સમિત પણ છે. ગુપ્ત સાધુ માનસધ્યાન વગેરે અવસ્થામાં કાયિક કે વાચિક પ્રવૃત્તિ ન હોવાથી ગુપ્ત જ હોય, સમિત ન હોય. ઉપયોગપૂર્વક મૌન સાધુ વચનથી ગુપ્ત છે, પણ સમિત નથી. કારણ કે વાચિક પ્રવૃત્તિ નથી.

સાધુને પૂર્વે ગુપ્તિ-સમિતિના સ્વરૂપનો બોધ હોય, કાર્ય ઉપસ્થિત થાય ત્યારે પ્રયોગકાળે ઉપયુક્ત સાધુની સમિતિ-ગુપ્તિઓ વ્યાઘાતથી (=ધર્મકથા વગેરે અન્ય વ્યાપારથી) રહિત હોય, અને અનંતરયોગમાં ઉપયુક્ત હોય, એટલે કે વિવક્ષિત કાર્ય કર્યા પછી જે કાર્ય કરવાનું હોય તે કાર્ય પણ સમિતિ-ગુપ્તિના પાલનપૂર્વક હોય, તેવા સાધુની સમિતિ-ગુપ્તિઓ શુદ્ધ છે. કેમકે તેમાં હેતુ, સ્વરૂપ અને અનુબંધ એ ત્રણેની શુદ્ધિ રહેલી છે. અહીં સ્વરૂપનું જ્ઞાન એ હેતુ છે. કાર્યમાં વ્યાઘાતથી રહિત પ્રવૃત્તિ સ્વરૂપ છે. અનંતર યોગ અનુબંધ છે. (૬૦૪ થી ૬૦૬)

## પ્રતિકૂળ સંયોગોમાં પણ ભાવ અખંડ રહે

ચારિત્ર (ના પરિણામ) વિદ્યમાન હોય ત્યારે શરીરનું સામર્થ્ય ન હોય તો પણ ભાવ મંદ કે મલિન ન બને. ચારિત્રીને પ્રતિકૂળ પણ દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવ અંતરના શુભભાવમાં પ્રાયઃ વિઘ્ન કરનારા બનતા નથી. બાહ્ય ક્રિયાઓ દ્રવ્યાદિ પ્રમાણે થાય. કોઈક સાધુને મોહનીય કર્મનો ક્ષયોપશમ મંદ હોય એથી શુભભાવમાં વિઘ્નનો સંભવ હોવાથી અહીં 'પ્રાયઃ' કહ્યું છે. સ્વામીની આજ્ઞાથી લડવા માટે ગયેલા સુભટને યુદ્ધમાં બાણો વાગવા છતાં લડવાના ભાવમાં ઓટ આવતી નથી, તેવી રીતે જિનાજ્ઞાથી કર્મની સામે યુદ્ધ કરવા માટે સજ્જ થયેલા મુનિના અંતરના ભાવમાં પ્રતિકૂળ દ્રવ્યાદિમાં પણ જરાય ખામી આવતી નથી.

જેવી રીતે, પોતાના દેશની જેમ પરદેશમાં પણ સંકટ પ્રાપ્ત થવા છતાં ધીર પુરુષોનું સત્ત્વ ચલિત થતું નથી, તેમ મુનિઓ પણ પ્રતિકૂળ દ્રવ્યાદિમાં ભાવમાં ખામી આવવા દેતા નથી. જેમ દુકાળમાં પણ દાનશૂર પુરુષોમાં દાનના ભાવ અકબંધ રહે છે તેમ દુકાળ વગેરેમાં પણ પ્રત્યુપેક્ષણા વગેરે કરવાનો મુનિઓનો ઉત્સાહ ભાંગી જતો નથી.

**અહીં ભાવાર્થ આ પ્રમાણે છે**—ભોજનરસનો જાણકાર તેવી આપત્તિમાં નિરસભોજન કરતો હોય તો પણ તેનું મન તો સદાય ક્યારે મને સ્વાદિષ્ટ ભોજન મળે એવી ભાવનામાં રમતું હોય છે અને ક્યારેક તેવી અનુકૂળતા મળી જાય ત્યારે સ્વાદિષ્ટ ભોજનને મેળવવાનો પ્રયત્ન પણ કરે છે, એ રીતે ભાવસાધુ તેવા સંયોગોમાં પ્રત્યુપેક્ષણા આદિ ન થઇ શકે કે બરોબર ન થઇ શકે તો પણ તેનું મન તો ક્યારે હું પ્રત્યુપેક્ષણાદિ ક્રિયાઓ પૂર્ણપણે કરનારો બનું એવી ભાવનામાં રમતું હોય છે અને અવસરે એ માટે શક્ય પ્રયત્ન પણ કરે જ છે. (૬૬૫ થી ૬૭૦)

## વર્તમાનમાં પણ સુસાધુઓ છે

પૂર્વે સાધુઓ કેવા હોય એવું જે વર્ણન કર્યું તેના આધારે કોઈને શંકા થાય કે આ પાંચમા આરાના પડતા કાળમાં આવા સાધુઓ ક્યાંથી હોય ? આ શંકાનું નિવારણ કરવા કહે છે કે અસદ્ગ્રહ આદિથી રહિત, પ્રજ્ઞાપનીય, શ્રદ્ધાળુ અને ક્ષમાદિથી યુક્ત ચારિત્રીઓ જેમાં નિરંકુશપણે અનુચિત આચારો પ્રવર્તેલા છે તેવા દુઃષમા કાળમાં પણ વિદ્યમાન જાણવા.

કલહ-ઉપદ્રવ કરનારા અને અસમાધિને કરાવે તેવા સ્વપક્ષના અને પરપક્ષના લોકોથી ચારે બાજુથી ભરચક હોય તેવા દુઃષમાં કાળમાં પણ ભાવસાધુઓનું કાળને અનુરૂપ બાહ્ય અનુષ્ઠાન (પરંપરાએ) મોક્ષફળવાળું જાણવું. તે આ પ્રમાણે—જેવી રીતે ધનવાન તેવા પ્રકારના દેવપૂજનાદિના સમયે ક્રોડ રૂપિયા ખર્ચીને જેવી પરિણામવિશુદ્ધિને પામે તેવી પરિણામવિશુદ્ધિ દરિદ્ર પુરુષ કાકિણી જેટલા પણ ધનના વ્યયથી પામે એવા લૌકિકના દૃષ્ટાંતના બળે જિનપ્રવચનમાં સરળપ્રકૃતિવાળા અને વર્તમાનકાળને અનુરૂપ ધર્માચરણ કરનારા વર્તમાનકાળના સાધુઓ તીર્થંકરના કાળે થનારા સુસાધુઓની જેમ જેનાથી (પરંપરાએ) મોક્ષફળ મળે એવા ચારિત્રના ભાગી થાય છે. (૭૩૫)

જો કે વર્તમાનકાળમાં નબળું સંઘયણ આદિના કારણે દોષો સેવવા પડે એવું બને. આમ છતાં બિમારી વગેરે પુષ્ટ આલંબનથી થતું દોષોનું સેવન પરમાર્થથી અસેવન જ જાણવું. કારણ કે "આ અવસ્થામાં ભગવાને આ કરવાનું કહ્યું છે" એવા અધ્યવસાયના કારણે ભાવ તો આજ્ઞામાં જ હોય છે. આજ્ઞામાં રહેલ ભાવ શુદ્ધ છે અને મોક્ષનું કારણ

છે. વળી દોષનું સેવન કર્યા પછી જો સાચો પશ્ચાત્તાપ થાય તો અકાર્ય કરવાથી બંધાયેલાં અશુભ કર્મોનો નાશ થાય છે. આ વિષે ચોરનું દૃષ્ટાંત મનનીય છે. જેવી રીતે ભાવવિશેષથી ચોર પણ અચોર થયો તેમ, હમણાં મોક્ષપ્રાપ્તિને યોગ્ય કાળ ન હોવા છતાં, જેવી રીતે સાચા માર્ગે ચાલનારાઓ ઈષ્ટ સ્થળે પહોંચે છે તેમ, દુઃષમા કાળમાં પણ સન્માર્ગમાં પ્રવૃત્ત સાધુઓ ભાવવિશેષથી કાળના વિલંબથી પણ મોક્ષમાં જરૂર જાય છે.

જેવી રીતે રોગનાશની મૃદુ પણ ક્રિયાથી લાંબા કાળે આરોગ્યની પ્રાપ્તિ થાય છે તેમ, જિનાજ્ઞા મુજબ સાધારણ પણ મૂલગુણ-ઉત્તરગુણોના પાલનથી જીવો મોક્ષને પામે છે. આથી યથાશક્તિ આજ્ઞાપાલનમાં તત્પર જીવોને હમણાં ચારિત્ર ન હોય એમ માનવું એ મૂઢતા છે. કારણ કે યથાશક્તિ આજ્ઞાપાલન જ ચારિત્રરૂપ છે, અને તે હમણાં પણ છે. (૮૦૧ થી ૮૦૮)

## ગુરુકુલવાસનું મહત્ત્વ

ગુરુકુલવાસ, સૂત્રાર્થપોરિસી, વિનય, વેયાવચ્ચ આદિનો ત્યાગ કરીને શુદ્ધભિક્ષાવૃત્તિ, ઘોરતપ, મલિનવસ્ત્ર આદિમાં કરાતો પ્રયત્ન શબરે પીછા માટે શૈવ સાધુઓને હણીને કરેલા ચરણસ્પર્શના ત્યાગસમાન છે. કારણ કે ગુરુથી છૂટા પડનારાઓ અવસન્ન વગેરે સાધુઓનો પરિચય કરીને શિથિલ બની જાય, યાવત્ મિથ્યાત્વને પણ પામે. ગુરુકુલવાસના ત્યાગથી શુદ્ધભિક્ષા પણ હિતકર બનતી નથી. જ્યારે ગુર્વાજ્ઞામાં રહેલાને આધાકર્મ વગેરે દોષો પણ શુદ્ધ બની જાય છે. કારણ કે ગચ્છમાં દોષોનું સેવન કારણિક અને યતનાપૂર્વક થાય. ગીતાર્થ યતનાથી દોષો સેવે તો તેમાં પ્રાયશ્ચિત્ત નથી. તથા ગુરુકુલવાસમાં બીજા જે ઘણા લાભો થાય છે એ અપેક્ષાએ અશુદ્ધભિક્ષા વગેરે દોષો તદ્દન અલ્પ ગણાય.

ધર્મ તીર્થંકરની આજ્ઞામાં છે. તીર્થંકરોએ આચારાંગના પહેલા જ સૂત્રમાં ગુરુકુલવાસ સાક્ષાત્ કહ્યો છે. ગુરુકુલવાસને કરતો સાધુ જ્ઞાનનું ભાજન બને છે, દર્શન અને ચારિત્રમાં અતિશય સ્થિર થાય છે. તેથી ધન્ય સાધુઓ યાવજ્જીવ ગુરુકુલવાસને છોડતા નથી. તેથી ગુરુકુલ વાસનો ત્યાગ કરીને પરોપદેશ વિના જાતે જ કરાતા શુદ્ધ ભિક્ષાવૃત્તિ વગેરે અનુષ્ઠાનો કોઈ લાભ કરતા નથી. (૬૭૩ થી ૬૮૨)

## સ્વાધ્યાયનું મહત્ત્વ

રત્નના ગુણોનું જ્ઞાન ન હોય ત્યારે રત્નમાં જેટલી શ્રદ્ધા હોય, તેના કરતાં અનંતગણી શ્રદ્ધા રત્નના ગુણોનું જ્ઞાન થતાં રત્નમાં થાય છે. એ તીવ્રશ્રદ્ધાથી તે રત્નનું રક્ષણ અને પૂજા-સ્તુતિ વગેરે અતિશય ગાઢ આદરથી વિધિપૂર્વક થાય. તે જ પ્રમાણે પ્રસ્તુતમાં

(૧) સ્વાધ્યાયથી અનુષ્ઠાનના મહત્ત્વનો બોધ.
(૨) અનુષ્ઠાનના મહત્ત્વના બોધથી અનુષ્ઠાન પ્રત્યે તીવ્ર શ્રદ્ધા.
(૩) તીવ્રશ્રદ્ધાથી અનુષ્ઠાન પ્રત્યે પક્ષપાત અને વિધિપૂર્વક આદરથી શક્તિપ્રમાણે ક્રિયા.
(૪) પક્ષપાત અને શક્તિ પ્રમાણે ક્રિયાથી શુભભાવની ઉત્પત્તિ.
(૫) શુભભાવથી કર્મોનો સાનુબંધ ક્ષયોપશમ.
(૬) સાનુબંધ ક્ષયોપશમથી દુર્ગતિમાં જવું પડે તેવા કર્મબંધનો અભાવ.
(૭) દુર્ગતિમાં જવું પડે તેવા કર્મબંધના અભાવથી પ્રતિદિન વિશુદ્ધિ.
(૮) પ્રતિદિન વિશુદ્ધિથી સર્વકર્મોનો ક્ષય. (૬૮૭ થી ૬૯૧)

## પરદર્શનના સંગત વાક્યોમાં દ્વેષ કરવો તે મૂઢતા છે (અકરણ નિયમ)

પૂર્વે કહ્યું તેમ વિશિષ્ટ કર્મક્ષયથી દુર્ગતિમાં જવું પડે તેવા કર્મો ફરી બંધાતા નથી. આ જ વિષયને અન્ય દર્શનીઓ પોતાના શાસ્ત્રમાં "અકરણનિયમ" શબ્દથી કહ્યો છે. આ યુક્ત જ છે. ભવિષ્યમાં ક્યારેય પાપમાં પ્રવૃત્તિ ન થાય તેને અકરણ નિયમ કહેવામાં આવે છે. અન્ય દર્શનમાં પણ જે કથન સંગત હોય તેમાં દ્વેષ કરવો તે મૂઢતા છે. જૈનશાસ્ત્રની સાથે સંગત થાય તેવાં વાક્યો પરદર્શનમાં બે પ્રકારના ઉપલબ્ધ થાય છે. કેટલાંક વાક્યો અર્થથી સંગત હોય. કેટલાંક વાક્યો શબ્દ અને અર્થ એ બંનેથી સંગત હોય. આવાં જૈનશાસ્ત્રની સાથે સંગતિવાળાં વચનો અન્યદર્શને કહેલાં છે એમ માનીને તે વચનોમાં દ્વેષ કરવો તે મૂઢતા છે, તેમાં પણ જિનમતમાં રહેલાઓની વિશેષથી મૂઢતા છે. કારણ કે દ્વાદશાંગી સર્વ દર્શનોનું મૂળ છે. આથી અન્ય દર્શનોમાં જે કાંઈ સારું ઉપલબ્ધ થાય તે દ્વાદશાંગીમાં રહેલું છે એમ જાણવું. આથી અન્ય દર્શનના અકરણ નિયમ વગેરેની અવજ્ઞા કરવાથી જિનની અવજ્ઞા થાય. જિનની અવજ્ઞા કરવાથી કોઈ પ્રકારનું કલ્યાણ ન થાય. સંકલ્પપૂર્વક તજેલાં પાપ ફરી ન કરવારૂપ અકરણ નિયમ ગ્રંથિભેદ થયે છતે હોય છે. અકરણ નિયમથી જીવ જેમ પોતે સંકટમાં પણ પાપ કરે નહિ, તેમ તે તે ઉપાયોથી બીજાઓની પાપનિવૃત્તિનું પણ પ્રાયઃ કારણ બને છે. (૬૯૨ થી ૬૯૫)

### યતના

યતના ધર્મની જનની છે, ધર્મનું રક્ષણ કરનારી છે, ધર્મની વૃદ્ધિ કરનારી છે, મોક્ષસુખને પમાડનારી છે. યતના કરનાર જીવમાં સન્માર્ગની શ્રદ્ધા હોવાથી તે સમ્યક્ત્વનો આરાધક છે. જીવાદિ તત્ત્વોનો બોધ હોવાથી જ્ઞાનનો આરાધક છે. સમ્યક્ક્રિયાનું પાલન હોવાથી ચારિત્રનો આરાધક છે. **યતનાનું લક્ષણ**-અપવાદથી દોષ સેવવો જ પડે તો ગુરુ-

લાઘવનો વિચાર કરીને જેમ બને તેમ ઓછો દોષ સેવવો પડે તેવી સાવધાનીથી જે પ્રવૃત્તિ થાય તે યતના છે. આવી પ્રવૃત્તિથી પરિમિત દોષ સેવવા દ્વારા અપરિમિત દોષ સેવનરૂપ ઘણી અસત્પ્રવૃત્તિનું નિવારણ થઈ જાય, અને સમ્યગ્દર્શનાદિની આરાધના અટકી ન પડે.

**પ્રશ્ન–** અમુક પ્રકારના દ્રવ્યાદિમાં અમુક રીતે વર્તવું જોઈએ, અને અમુક પ્રકારના દ્રવ્યાદિમાં અમુક રીતે વર્તવું જોઈએ એમ કેવી રીતે જાણી શકાય ?

**ઉત્તર–** રત્નશાસ્ત્રને જાણનારા રત્નવેપારીઓ રત્નમાં રહેલી વિશેષતાઓને સારી રીતે જાણી લે છે, અને પછી તે જ પ્રમાણે તેનું મૂલ્ય નક્કી કરે છે. તે જ રીતે સર્વજ્ઞ વચનના અનુસારે વ્યવહાર કરતા ગીતાર્થો પણ વિષમ અવસ્થાને પામેલા હોય તો પણ સેવવા યોગ્ય દ્રવ્યાદિની વિશેષતાઓને જાણી શકે છે અને વર્તમાન સંયોગોમાં આ પ્રમાણે વર્તન કરવાથી સમ્યગ્દર્શનનાદિની વૃદ્ધિ થશે એવો નિર્ણય કરી શકે છે. ઉત્સર્ગ માર્ગે ચાલી શકાય તેવા દ્રવ્યાદિ છે માટે ઉત્સર્ગ માર્ગે ચાલવું જોઈએ, ઉત્સર્ગ માર્ગે ચાલી શકાય તેવા દ્રવ્યાદિ નથી માટે અપવાદ માર્ગે ચાલવું જરૂરી છે. ઈત્યાદિ નિર્ણય કરી શકે છે. માટે જ તીર્થંકરોએ માસકલ્પ વિહાર વગેરે જે જે કરવાનું કહ્યું છે તે તે "કરવું જ" એવી એકાંતે આજ્ઞા નથી કરી, અશુદ્ધ ભિક્ષા વગેરે જેનો જેનો નિષેધ કર્યો છે તે તે "ન જ કરવું" એમ એકાંતે નિષેધ કર્યો નથી, કિંતુ સમ્યગ્દર્શનાદિની આરાધનામાં અશઠ પરિણામવાળા (=સરળ) બનવું એવી આજ્ઞા કરી છે. (૭૬૯ થી ૭૭૯)

## ઉત્સર્ગ-અપવાદ

જિનાજ્ઞાના પાલનમાં ધર્મ છે એમ પૂર્વે અનેકવાર કહ્યું છે. આજ્ઞાનું યથાર્થ પાલન થાય એ માટે બુદ્ધિશાળી પુરુષે ઉત્સર્ગ-અપવાદના યથાસ્થિત સ્વરૂપને જાણવામાં સૂત્રાનુસાર નયનિપુણ પ્રયત્ન કરવો જોઈએ. સામાન્યથી કહેલો વિધિ ઉત્સર્ગ છે. વિશેષથી કહેલો વિધિ અપવાદ છે.

સઘળા નયોને માન્ય હોય તેવું ઉત્સર્ગ-અપવાદનું એક જ તાત્ત્વિક સ્વરૂપ આ પ્રમાણે છે - ઉત્સર્ગરૂપ કે અપવાદરૂપ જે અનુષ્ઠાનના આસેવનથી દોષોનો નિરોધ થાય અને પૂર્વકર્મોનો ક્ષય થાય તે મોક્ષનો ઉપાય છે. જેનાથી રોગની શાંતિ થાય તે ઔષધ આરોગ્યનો ઉપાય છે. પર્વત વગેરે ઊંચી વસ્તુની અપેક્ષાએ ભૂતલ વગેરે વસ્તુ નીચી છે, અને ભૂતલ વગેરે નીચી વસ્તુની અપેક્ષાએ પર્વત વગેરે વસ્તુ ઊંચી છે. તે જ રીતે ઉત્સર્ગની અપેક્ષાએ અપવાદ છે અને અપવાદની અપેક્ષાએ ઉત્સર્ગ છે. આથી જેટલા ઉત્સર્ગ છે તેટલા જ અપવાદ છે અને જેટલા અપવાદ છે તેટલા જ ઉત્સર્ગ છે. આમ ઉત્સર્ગ-અપવાદની સંખ્યા સમાન છે. અનુકૂળ દ્રવ્યાદિથી યુક્ત સાધુનું જે ઉચિત અનુષ્ઠાન

તે ઉત્સર્ગ કહેવાય અને અનુકૂળ દ્રવ્યાદિથી રહિત સાધુનું જે ઉચિત અનુષ્ઠાન તે અપવાદ કહેવાય. આથી જે સાધુને દ્રવ્યાદિ અનુકૂળ હોય છતાં તે સાધુ દોષિત આહાર-પાણીનું સેવન કરે, જે સાધુને દ્રવ્યાદિ પ્રતિકૂળ હોય તેથી અપવાદ વિના ચાલી શકે તેમ ન હોય તો પણ તે સાધુ અપવાદનું સેવન ન કરે, તો તે નથી ઉત્સર્ગ કે નથી અપવાદ, કિંતુ ભવાભિનંદી જીવની ચેષ્ટા છે. (૭૮૧-૭૮૪)

## કેવી આચારણા પ્રમાણ કરવી ?

**પ્રશ્ન**– અહીં વારંવાર આજ્ઞા જ પ્રમાણ છે એમ કહ્યું છે. શાસ્ત્રમાં આચરણાને પણ પ્રમાણ કહી છે. તો આમાં વિરોધ નથી ?

**ઉત્તર** - વિરોધ નથી. કારણ કે આચરણા પણ તે જ પ્રમાણ છે કે જે આચરણા આજ્ઞાની સાથે વિરોધવાળી ન હોય. જો આજ્ઞાની સાથે વિરોધવાળું આચરણ થાય તો અરિહંત ભગવાનના વચનનો વિનાશ કરવારૂપ તીર્થંકરની આશાતના થાય. આચરણાનું લક્ષણ આ પ્રમાણે છે - કોઈ મહાપુરુષે મૂળગુણ - ઉત્તરગુણોનું વિરોધી ન હોય તેવું કોઈક કાળે કે કોઈક ક્ષેત્રમાં જે આચરણ કર્યું હોય, તેમના જેવા જ બીજા ગીતાર્થોએ તેનું નિવારણ ન કર્યું હોય, કિંતુ તેનો આદર કર્યો હોય, તે આચરણા કહેવાય છે. (૮૧૨-૮૧૩)

## જિનવચનથી વિરુદ્ધ વર્તનારાઓ પ્રત્યે દ્વેષ ન રાખવો

વર્તમાનકાળના પ્રભાવથી જૈનમતમાં બધાય સાધુઓ અને બધાય શ્રાવકો શાસ્ત્રોક્ત આચારોની પ્રધાનતાવાળા ન હોય, બલ્કે મોટા ભાગે અનાભોગ આદિના કારણે શાસ્ત્રથી વિરુદ્ધ પ્રવૃત્તિવાળા હોય, આથી જિનાગમોનું અધ્યયન અને આચારોનું પાલન કરવાના કારણે જેઓ આજ્ઞાથી શુદ્ધ હોય તેવા સાધુઓ અને શ્રાવકો ઉપર બહુમાન કરવું જોઈએ. જિનવચનથી વિરુદ્ધ આચરનારાઓ પ્રત્યે (જરા પણ) દ્વેષ ન રાખવો. તેમનું દર્શન થાય ત્યારે આ વળી અહીં ક્યાં આવ્યો ? આ વળી સામે ક્યાં મળ્યો ? એમ મનમાં થાય, તેમની પ્રશંસાદિરૂપ વાત થતી હોય ત્યારે એ સહન ન થાય, ઈત્યાદિ રીતે તેમના ઉપર દ્વેષ ન રાખવો. તેવા જીવો માટે ભવસ્થિતિ વિચારવી. તે આ પ્રમાણે-

બિચારા આ જીવોની ભવસ્થિતિ આવી છે કે જેથી કર્મથી ભારે થયેલા હોવાથી હજી પણ કલ્યાણના ભાજન થયા નથી, તેમને જિનધર્મને આચરવાનો ભાવ થતો નથી, એમ ચિંતવવું.

સમ્યગ્દર્શનાદિ મોક્ષમાર્ગમાં રહેલા સાધુએ અને શ્રાવકે તેમની સાથે આલાપ, સંલાપ, વિશ્વાસ, સ્નેહ વગેરે ન કરવા દ્વારા તેમનો ત્યાગ કરવો. વિધિથી ત્યાગ કરવો એટલે કે

તે જીવો જે ગામ, નગર કે વસતિ આદિમાં રહેતા હોય તેનાથી જુદા ગામ, નગર અને વસતિ આદિમાં રહેવું. જો તેમનો આલાપ, સંલાપ આદિથી સંસર્ગ કરવામાં આવે તો કોઢ અને જ્વર રોગથી હણાયેલાના સંસર્ગની જેમ તે તે દોષોનો સંચાર પોતાનામાં થાય, અને એથી આ લોક અને પરલોકમાં અનર્થની જ પ્રાપ્તિ થાય. (૮૩૮-૮૩૯)

## સૂત્રવ્યાખ્યાનનાં ચાર અંગો

શાસ્ત્રના ભાવો જાણવા માટે વ્યાખ્યાનવિધિના પદાર્થ, વાક્યાર્થ, મહાવાક્યાર્થ અને ઐદંપર્ય એ ચાર પ્રકાર છે. પહેલાં પદાર્થ, પછી વાક્યાર્થ, પછી મહાવાક્યાર્થ અને પછી ઐદંપર્ય કહે.

**પદાર્થ**– એક અર્થને જણાવે તે પદ. પદનો અર્થ તે પદાર્થ.

**વાક્યાર્થ**– પદાર્થોમાં ચાલના કરવી, ચાલના કરવી એટલે શંકા ઉઠાવવી, અર્થાત્ પદાર્થ સમજાઈ ગયા પછી તેમાં શંકા ઉઠાવવી (અથવા પૂર્વપક્ષ કરવો) તે વાક્યાર્થ.

**મહાવાક્યાર્થ**– કોઈ એક વિશિષ્ટ અર્થમાં જે શંકા ઉઠાવી હોય (અથવા પૂર્વપક્ષ કર્યો હોય) તેનું સમાધાન કરવું તે મહાવાક્યાર્થ.

**ઐદંપર્ય**– સૂત્રનો ભાવાર્થ-તાત્પર્યાર્થ તે ઐદંપર્ય.

આ પ્રમાણે પદાર્થ વગેરે સંપૂર્ણ ભેદો બતાવવામાં આવે તો જ શ્રોતાને શાસ્ત્રના પરમાર્થનો બોધ થાય. જો પદાર્થ વગેરે સંપૂર્ણ ભેદો બતાવવામાં ન આવે તો વિપરીત બોધ પણ થાય. (૮૫૯-૮૬૦)

(૮૬૫મી ગાથાથી ૮૮૦મી ગાથા સુધી न हिंस्यात् सर्वभूतानि ઈત્યાદિ કેટલાક સૂત્રોની પદાર્થ વગેરેના ક્રમથી વ્યાખ્યા કરી છે.)

## શ્રુત-ચિંતા-ભાવનાજ્ઞાન

અહીં જ્ઞાનના શ્રુતજ્ઞાન, ચિંતાજ્ઞાન અને ભાવનાજ્ઞાન એમ ત્રણ પ્રકાર છે. શ્રુતજ્ઞાન વગેરેનું લક્ષણ આ પ્રમાણે છે–

**શ્રુતજ્ઞાન**– ચિંતન-મનન વિના માત્ર શ્રુતથી (સાંભળવાથી કે વાંચવાથી) થયેલું કદાગ્રહ રહિત વાક્યાર્થ જ્ઞાન તે શ્રુતજ્ઞાન. આ જ્ઞાન કોઠીમાં રહેલા બીજ સમાન છે. જેમ કોઠીમાં પડેલા બીજમાં ફળની શક્તિ રહેલી છે, જો યોગ્ય ભૂમિ આદિ નિમિત્તો મળે તો તેમાંથી ફળ-પાક થાય, તેમ શ્રુતજ્ઞાનમાં ચિંતાજ્ઞાન અને ભાવનાજ્ઞાનરૂપ ફળ-પાક થવાની શક્તિ રહેલી છે. શ્રુતજ્ઞાનમાં હિતમાં પ્રવૃત્તિ કરાવવાની અને અહિતથી નિવૃત્તિ કરાવવાની

શક્તિ નથી. કોઠીમાં પડેલું બીજ જેમ ઉપયોગમાં આવતું નથી, તેમ માત્ર શ્રુતજ્ઞાનથી (હિતમાં પ્રવૃત્તિ અને અહિતથી નિવૃત્તિરૂપ) લાભ થતો નથી.

**ચિંતાજ્ઞાન–** સાંભળ્યા કે વાંચ્યા પછી અત્યંત સૂક્ષ્મ અને સુંદર યુક્તિઓથી ચિંતા-વિચારણા કરવાથી થતું મહાવાક્યાર્થજ્ઞાન તે ચિંતાજ્ઞાન. આ જ્ઞાન જલમાં પડેલા તેલના બિંદુ સમાન છે. જેમ તેલબિંદુ જલમાં પ્રસરીને વ્યાપી જાય છે, તેમ આ જ્ઞાન સૂત્રાર્થમાં વ્યાપી જાય છે, અર્થાત્ જે વિષયનું ચિંતાજ્ઞાન થાય છે, તે વિષયનો બોધ સૂક્ષ્મ બને છે.

**ભાવનાજ્ઞાન–** મહાવાક્યાર્થ થયા પછી એ વિષયના તાત્પર્યનું (=રહસ્યનું) જ્ઞાન તે ભાવનાજ્ઞાન. આ જ્ઞાનના યોગે વિધિ આદિ વિષે અતિશય આદર થાય છે. આ જ્ઞાન જાતિવંત અશુદ્ધ રત્નની કાંતિ સમાન છે. જેમ શ્રેષ્ઠરત્ન અશુદ્ધ (ક્ષાર આદિના પુટપાકથી રહિત હોવા) છતાં અન્યરત્નોથી અધિક દેદીપ્યમાન હોય છે, તેમ ભાવનાજ્ઞાન અશુદ્ધરત્ન સમાન ભવ્યજીવ કર્મરૂપ મલથી મલિન હોવા છતાં શેષ (શ્રુતાદિ) જ્ઞાનોથી અધિક પ્રકાશ પાથરે છે. આ જ્ઞાનથી જાણેલું જ વાસ્તવિક જાણેલું છે. ક્રિયા પણ આ જ્ઞાનપૂર્વક જ કરવામાં આવે તો જલદી મોક્ષ પ્રાપ્તિ થાય છે. (૮૮૨)

## સૂત્રવ્યાખ્યાનનાં છ અંગો

જેમ જિનશાસનમાં પદાર્થ વગેરે (ચાર)થી શાસ્ત્રવચનનો યથાર્થ બોધ કરવામાં આવે છે તેવી રીતે શિષ્ટલોકમાં પણ પદાર્થ વગેરેથી શાસ્ત્રવચનનો યથાર્થ બોધ કરવામાં આવે છે. લોકમાં વ્યાખ્યાનો ક્રમ આ પ્રમાણે છે–સંહિતા, પદ, પદાર્થ, પદવિગ્રહ, ચાલના અને પ્રત્યવસ્થાન એમ છ પ્રકારે સિદ્ધાંતનું વ્યાખ્યાન થાય છે.

**(૧) સંહિતા**=સર્વ પ્રથમ એકી સાથે સંપૂર્ણ સૂત્રનું શુદ્ધ ઉચ્ચારણ કરવું.

**(૨) પદ**=પછી એક એક પદ છૂટું પાડવું.

**(૩) પદાર્થ**=પછી એક એક પદનો અર્થ કરવો. પદાર્થના કારક, સમાસ, તદ્ધિત અને નિરુક્ત એમ ચાર પ્રકાર છે. તેમાં **पचतीति पाचकः** વગેરે કારક પદાર્થ છે. **संघः पतिः यस्यासौ संघपतिः** વગેરે સમાસ પદાર્થ છે. **जिनो देवताऽस्येति जैनः** વગેરે તદ્ધિત પદાર્થ છે. **भ्रमति च रौति चेति भ्रमरः** વગેરે નિરુક્ત પદાર્થ છે.

**(૪) પદવિગ્રહ**=જ્યાં જ્યાં સમાસ હોય ત્યાં ત્યાં સમાસનો વિગ્રહ કરવો. જેમકે संघपतिः=संघस्य पतिः ।

**(૫) ચાલના**=પછી શંકા કરવી, પૂર્વપક્ષ કરવો.

**(૬) પ્રત્યવસ્થાન**=પછી શંકાનું યુક્તિયુક્ત સમાધાન કરવું.

અહીં પદાર્થ લોકોત્તર પદાર્થની તુલ્ય જ છે. કારણ કે પદાર્થ અવિશિષ્ટ (=સામાન્ય) અર્થવાળા પદોના અર્થથી જાણી શકાય છે. ચાલના વાક્યાર્થ છે. પ્રત્યવસ્થાન મહાવાક્યાર્થ છે. અહીં વ્યાખ્યાનના લક્ષણમાં ઐદંપર્ય સાક્ષાત્ કહેલું ન હોવાં છતાં સામર્થ્યથી કહેલું જ જાણવું. કારણ કે સંહિતા વગેરે વ્યાખ્યાનનાં અંગોથી જે અર્થનું વ્યાખ્યાન કર્યું છે તે અર્થનો વિષય ઐદંપર્ય છે. અર્થાત્ સંહિતા વગેરેથી વ્યાખ્યાન કરવાનું પ્રયોજન ઐદંપર્યાર્થ છે, ઐદંપર્યાર્થ માટે જ સંહિતાદિથી વ્યાખ્યાન કરવામાં આવે છે. માટે વ્યાખ્યાનનાં લક્ષણમાં ઐદંપર્ય ન કહ્યું હોવા છતાં સામર્થ્યથી કહેલું જ છે. (૮૮૪)

## ધ્યાન કોણ કરી શકે ?

જેણે સાધુના સર્વ આચારોનું શિક્ષણ મેળવી લીધું છે, ધર્મધ્યાન-શુક્લ ધ્યાનને યોગ્ય સૂત્રાર્થનો સમ્યગ્ અભ્યાસ કરી લીધો છે, તે સાધુને વિહિત અન્ય અનુષ્ઠાનને બાધા ન પહોંચે તેમ, પૂર્વે (૮૯૨-૮૯૩ ગાથામાં) કહેલું જ ધ્યાન ઉચિત છે. શ્રાવકોને પણ વિહિત અન્ય અનુષ્ઠાનને બાધા ન પહોંચે તેમ યોગ્ય સમયે નમસ્કાર મહામંત્ર વગેરેનું ધ્યાન ઉચિત જ છે. (૮૯૭)

## ધર્મ બહુજનના સ્વીકારમાત્રથી ઉપાદેય ન બને

બુદ્ધિમાન મનુષ્યે ધર્મમાં જ્ઞાની ગીતાર્થને જ પ્રમાણ કરવો જોઈએ, અગીતાર્થને નહિ. ગીતાર્થ સિવાય અન્ય લોકને પ્રમાણ કરવાથી અનર્થ થાય. અન્ય લોક ગીતાર્થ જેવો આકાર ધારણ કરતો હોય તો પણ તેને પ્રમાણ ન કરવો જોઈએ. કેમકે વસ્તુઓનો બહારથી પરસ્પર આકાર સમાન હોવા છતાં વિચિત્ર શક્તિના કારણે અંદરથી ભેદ હોય છે.

**પૂર્વપક્ષ–** આ પ્રમાણે તો અલ્પ જ લોકને પ્રમાણ કરવાનું થાય, એથી ધર્મ સ્વીકારનાર લોક અલ્પ હોય, અલ્પ લોકથી સ્વીકારાયેલો હોવાના કારણે ધર્મ અતિશય આદેય ન બને.

**ઉત્તરપક્ષ–** જેમાં ઘણા લોકો પ્રવૃત્તિ કરે તેવા ધર્મને ઈચ્છનારા લોકોએ લોકમાં રૂઢ બનેલા હિમપથ, અગ્નિપ્રવેશ, ભૃગુપાત વગેરે ધર્મનો ત્યાગ ન કરવો જોઈએ. કેમકે તેમાં મોટી સંખ્યામાં લોકોનું આચરણ દેખાય છે. તેથી મોક્ષાભિલાષી પુરુષે સર્વજ્ઞ વચનને અનુસરનારું જ અનુષ્ઠાન પ્રમાણ કરવું જોઈએ. ધર્મમાં સ્વચ્છંદચારી ઘણા લોકને પ્રમાણ કરવાનું શું કામ છે ? કારણ કે મોક્ષાભિલાષી જીવો ઘણા હોતા નથી. જેવી રીતે લોકમાં રત્નના અર્થી અને રત્નને વેચનારા અતિશય અલ્પ હોય છે, તેમ શુદ્ધ ધર્મરૂપ રત્નના અર્થી અને તેના દાતા અતિશય અલ્પ જાણવા. (૯૦૮ થી ૯૧૧)

જેવી રીતે મૂઢ લોકો શરીરાદિના નિર્વાહનાં સાધન એવા વાવ, કૂવા, તળાવ વગેરેને કરવામાં ધર્મને કલ્પે છે તેવી રીતે અજ્ઞાન જૈનો પણ લોકોત્તર માર્ગમાં પ્રવેશ કરાવાતા

હોવા છતાં મોટા ભાગે જ્યાં ત્યાં જ ઘણા લોકોથી સ્વીકારાયેલા કુતીર્થમાં ગમન વગેરેમાં ધર્મની કલ્પના કરે છે. (૯૧૭)

રત્નના અર્થી જીવો થોડા હોય છે એ સત્ય દૃષ્ટાંતથી કોઈક આચાર્યે ઘણા લોકોથી સ્વીકારાયેલ ધર્મ પ્રમાણ છે એવી દૃષ્ટિવાળા કોઈ રાજાને અલ્પ વિવેકીલોકોથી સ્વીકારાયેલા શુદ્ધ ધર્મમાં સ્થિર કર્યો. (૯૧૮)

આચાર્યે રાજાને નગરમાં પ્રવેશ કરાવીને (=ફેરવીને) શાક, કાષ્ઠ, ધન, ધાન્યાદિનાં ઘણાં સ્થાનો બતાવ્યા, રત્નના વેપારની દુકાનો બહુ થોડી બતાવી. પછી કહ્યું: હે મહારાજ ! આ તમારા નગરમાં શાક અને કાષ્ઠ વગેરેના સ્થાનો ઘણાં છે. રત્નના વેપારનાં સ્થાનો બહુ થોડાં છે. તે જ પ્રમાણે અહીં નગરના સ્થાને લોક છે. લોકમાં શુદ્ધ ધર્મને સ્વીકારનારા જીવો બહુ અલ્પ હોય છે, અને બીજા અતિશય ઘણા હોય છે. (૯૧૯)

## મોક્ષની લગનીવાળાને અપ્રમાદ દુષ્કર નથી

**પ્રશ્ન–** શુદ્ધ ધર્મ દુષ્કર છે, તો શુદ્ધધર્મના ઉપદેશથી શું ?

**ઉત્તર–** જેને જન્મ-જરા-મરણાદિરૂપ સંસારથી ઉદ્વેગ થયો છે, અને મોક્ષની લગની લાગી છે તેવો જીવ મોક્ષને સાધી આપનાર તરીકે જે નિશ્ચિત થયું હોય તે બધું જ શક્તિ પ્રમાણે કરે, અર્થાત્ આવા જીવને શુદ્ધધર્મ દુષ્કર નથી. તે સમજે છે કે ભવદુઃખ અનંત છે અને મોક્ષસુખ પણ અનંત છે. તેથી ભવદુઃખનો અંત આવે તો ભવિષ્યમાં સદા માટે મોક્ષસુખની પ્રાપ્તિ થાય. શુદ્ધધર્મથી જ ભવદુઃખનો અંત આવે અને મોક્ષસુખની પ્રાપ્તિ થાય. [અહીં ઉપદેશ રહસ્ય ગ્રંથની ૧૮૧મી ગાથાની ટીકાનો ભાવ આ પ્રમાણે છે- જેને ફલની ઈચ્છા ઉત્કટ હોય અને ફળપ્રાપ્તિના ઉપાયોનું જ્ઞાન હોય તે મનુષ્ય તે ઉપાયોમાં પ્રવૃત્તિ કરવામાં આળસ કરતો નથી. કારણ કે આળસ ઉત્કટ ઈચ્છાના અભાવથી થાય છે. ભવવૈરાગ્યથી મોક્ષની ઈચ્છા ઉત્કટ બને છે. (જેટલા અંશે વૈરાગ્ય અધિક હોય તેટલા અંશે મોક્ષની ઈચ્છામાં ઉત્કટતા વધે.) આથી મોક્ષની ઉત્કટ ઈચ્છાવાળાને મોક્ષના ઉપાયભૂત અનુષ્ઠાનો દુષ્કર નથી.] આ વિષે અતિગંભીર અર્થવાળું તૈલપાત્રધારકનું અને રાધાવેધનું દૃષ્ટાંત મનનીય છે. ભવનિર્વેદ, મોક્ષાભિલાષ, ચારિત્ર, અપ્રમાદ એ ક્રમ વિના મોક્ષની પ્રાપ્તિ થતી નથી. માટે દીક્ષાના પ્રારંભથી વધતો અપ્રમાદનો અભ્યાસ જ મુક્તિનો ઉપાય છે. (૯૨૦ થી ૯૪૩)

## અનુષ્ઠાનના ત્રણ પ્રકાર

દેવપૂજા વગેરે અનુષ્ઠાનના સતતાભ્યાસ, વિષયાભ્યાસ, ભાવાભ્યાસ એમ ત્રણ પ્રકાર છે.

**સતતાભ્યાસ–** આ ઉપાદેય છે એવી બુદ્ધિથી જેનો સતત=નિત્ય જ અભ્યાસ કરવામાં આવે તે સતતાભ્યાસ. લોકોત્તર ગુણોની પ્રાપ્તિ થાય તેવી યોગ્યતા પ્રાપ્ત કરાવનાર માતા-પિતાનો વિનય વગેરે પ્રવૃત્તિ સતતાભ્યાસ ધર્માનુષ્ઠાન છે.

**વિષયાભ્યાસ–** વિષયમાં અભ્યાસ તે વિષયાભ્યાસ. અહીં વિષય શબ્દથી મોક્ષમાર્ગના સ્વામી અરિહંત વિવક્ષિત છે. મોક્ષમાર્ગના સ્વામી અરિહંતમાં પૂજાદિ કરવા રૂપ જે અભ્યાસ તે વિષયાભ્યાસ ધર્માનુષ્ઠાન.

**ભાવાભ્યાસ–** ભાવોનો અભ્યાસ તે ભાવાભ્યાસ. ભવથી ઉદ્વિગ્ન બનેલા જીવનો સમ્યગ્દર્શનાદિ ભાવોનો અભ્યાસ તે ભાવાભ્યાસ ધર્માનુષ્ઠાન. ભાવાભ્યાસ દૂર છે, એટલે કે વિલંબથી પ્રાપ્ત થાય છે. (અભ્યાસ એટલે વારંવાર કરવું.)

આ ત્રણ અનુષ્ઠાન યથોત્તર પ્રધાન છે, એટલે કે જે જેનાથી ઉત્તર છે તે તેનાથી પ્રધાન છે. સતતાભ્યાસથી વિષયાભ્યાસ પ્રધાન છે, વિષયાભ્યાસથી ભાવાભ્યાસ પ્રધાન છે. (૯૪૯)

નિશ્ચયનયના અભિપ્રાયથી સતતાભ્યાસ અને વિષયાભ્યાસ એ બે અનુષ્ઠાન યુક્તિ સહન કરી શકે તેવા નથી, અર્થાત્ નિશ્ચયનયની યુક્તિઓ આગળ ટકી શકે તેવા નથી. કારણ કે માતા-પિતાદિના વિનય સ્વરૂપ સતતાભ્યાસમાં સાક્ષાત્ સમ્યગ્દર્શનાદિની આરાધના નથી. તથા વિષયાભ્યાસમાં પણ ભવવૈરાગ્યાદિ ભાવથી રહિત દર્શન-પૂજન આદિને કોઈપણ રીતે ધર્માનુષ્ઠાન ન કહેવાય. ધર્માનુષ્ઠાન મોક્ષના લક્ષ્યવાળા હોવાથી એક જ ભાવાભ્યાસ અનુષ્ઠાન ઉપાદેય છે.

વ્યવહારનયના અભિપ્રાયથી તે તે રીતે વિષયભેદથી અપુનર્બંધક, માર્ગાભિમુખ, માર્ગપતિત વગેરે જીવોમાં સતતાભ્યાસ વગેરે અનુષ્ઠાન ઘટે છે. (૯૪૫ થી ૯૫૧)

## તથાભવ્યત્વ

કોઈપણ કાર્ય સ્વભાવ વગેરે પાંચ કારણો ભેગા મળવાથી થાય છે. આમ છતાં મોક્ષની પ્રાપ્તિમાં સ્વભાવ મુખ્ય કારણ છે. જે જીવમાં ભવ્યત્વ હોય તે જ મોક્ષમાં જાય. ભવ્ય બધા જીવોમાં ભવ્યત્વ છે. પણ બધા જીવોનું ભવ્યત્વ સમાન ન હોય, કિંતુ વિવિધ પ્રકારનું હોય. વિવિધ પ્રકારનું ભવ્યત્વ એ જ તથાભવ્યત્વ છે. દરેક જીવનું ભવ્યત્વ ભિન્ન ભિન્ન છે. કારણ કે કોઈ જીવ તીર્થંકર થઈને, કોઈ જીવ ગણધર થઈને તો કોઈ જીવ સામાન્ય કેવલી થઈને મોક્ષમાં જાય છે. ભિન્ન ભિન્ન ક્ષેત્રમાં અને ભિન્ન ભિન્ન કાળમાં જીવો મોક્ષે જાય છે. આમ ભવ્યત્વનું ફલ વિવિધ પ્રકારનું જોવામાં આવે છે. જો ભવ્યત્વ સમાન હોય તો ફળ પણ સમાન મળવું જોઈએ. ફળ સમાન મળતું નથી, ભિન્ન ભિન્ન મળે છે. એથી ભવ્યત્વ ભિન્ન ભિન્ન છે એમ સિદ્ધ થાય છે. દરેક જીવનું ભિન્ન ભિન્ન

ભવ્યત્વ એટલે જ તથાભવ્યત્વ. આ તથાભવ્યત્વ કર્મનિર્મિત નથી, કિંતુ જીવના જ્ઞાનોપયોગ વગેરેની જેમ સ્વભાવરૂપ છે.

તથાભવ્યત્વ કાર્ય કરવા માટે ઉપસ્થિત થાય ત્યારે તે બીજાં કાળ વગેરે કારણોને નજીકમાં કરે છે, એટલે કે કાર્યને અનુકૂળ કરે છે. પુરુષાર્થ પણ તથાભવ્યત્વ ભિન્ન હોય તો સફળ બને. કારણ કે ભિન્નભવ્યત્વ=તથાભવ્યત્વ વિવિધરૂપે પુરુષાર્થને ખેંચી લાવે છે. મોક્ષ માટે જીવો જે ભિન્ન ભિન્ન પુરુષાર્થ કરે છે તેનું કારણ પણ તે તે જીવનું તથાભવ્યત્વ છે. તથાભવ્યત્વના પરિપાક વિના જીવ મોક્ષ માટે પુરુષાર્થ કરી શકે જ નહિ.

અપુનર્બંધક વગેરે ધર્માધિકારીને યોગ્ય તે તે શાસ્ત્રમાં જણાવેલ ઉપદેશની સફળતા પણ જો ઉપદેશ તથાભવ્યત્વની અપેક્ષાવાળો હોય તો જ થાય. જેના તથાભવ્યત્વનો પરિપાક થયો હોય તે જ જીવ ઉપદેશને યોગ્ય છે.

આમ અનેક દલીલો દ્વારા ભવ્ય દરેક જીવનું ભવ્યત્વ ભિન્ન ભિન્ન છે એમ સિદ્ધ કર્યું છે.

**પ્રશ્ન–** ભવ્ય જીવોને બીજાધાન (=ધર્મબીજની વાવણી) વગેરે ગુણોનો લાભ તથાભવ્યત્વના આકર્ષણથી થાય છે, અર્થાત્ તથાભવ્યત્વ ગુણોને ખેંચી લાવે છે એમ અહીં કહ્યું છે. આ કથનના આધારે તો પુરુષાર્થ કરવાનું રહેતું નથી. કેમકે તથાભવ્યત્વથી જ ગુણોની પ્રાપ્તિ અને ક્રમે કરીને મોક્ષ થઈ જાય.

**ઉત્તર–** પુરુષાર્થ વિના તથાભવ્યત્વ સ્વકાર્ય કરવા માટે સમર્થ બનતું નથી. કારણ કે જૈનશાસનમાં કોઈપણ કાર્ય પુરુષાર્થ વગેરે પાંચેય કારણોથી થાય છે, કોઈ એક કારણથી નહિ. આથી તથાભવ્યત્વ પણ પુરુષાર્થ વગેરે કારણસમૂહ વિના સ્વકાર્ય કરવા સમર્થ બનતું નથી. માટે પુરુષાર્થ પણ જરૂરી છે જ. (૯૯૯ થી ૧૦૧૧)

અતિચારસહિત અનુષ્ઠાનનું ફળ મલિન મળે છે અને નિરતિચાર અનુષ્ઠાનનું ફળ નિર્મલ મળે છે, માટે શાશ્વતસુખના અર્થી મનુષ્યે દેવપૂજા વગેરે શુદ્ધયોગોમાં સમ્યગ્ (=અતિચાર ન લાગે તેમ) પ્રયત્ન કરવો જોઈએ એમ ૧૦૩૨મી ગાથામાં કહ્યા પછી ગ્રંથકારે શુદ્ધયોગોમાં પ્રયત્ન કરવાના ઉપાયો કલ્યાણમિત્ર વગેરે છે એમ કહીને ચાર ગાથાઓથી કલ્યાણમિત્રયોગ વગેરેનું વર્ણન કર્યું છે. ત્યાર બાદ ગ્રંથરચનાનું પ્રયોજન જણાવ્યું છે. છેલ્લી ગાથામાં પોતાના ઉપકારી સાધ્વીજી યાકિની મહત્તરાને યાદ કરવા માટે પોતાને યાકિની મહત્તરાના ધર્મપુત્ર તરીકે ઓળખાવીને ગ્રંથકર્તા તરીકે પોતાનું નામ જણાવીને ગ્રંથને પૂર્ણ કર્યો છે.

ઉપદેશપદ ભાગ-૧ ની

# અનુક્રમણિકા


| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ટીકાકારનું મંગલાચરણ | ૧ |
| ગ્રંથકારનું મંગલાચરણ | ૨ |
| અનુબંધ ચતુષ્ટય | ૮ |
| મનુષ્યભવની દુર્લભતા | ૧૧ |
| મનુષ્યભવની દુર્લભતાનાં દશ દૃષ્ટાંતો | ૧૩ |
| ૧. બ્રહ્મદત્ત ચક્રીના ઘરે ભોજનનું દૃષ્ટાંત | ૧૪ |
| ૨. જુગાર પાસાનું દૃષ્ટાંત | ૪૦ |
| ૩. સરસવ મિશ્રિત ધાન્યનું દૃષ્ટાંત | ૪૧ |
| ૪. રાજસભા જીતવાનું દૃષ્ટાંત | ૪૨ |
| ૫. સમુદ્રમાં પડી ગયેલાં રત્નોનું દૃષ્ટાંત | ૪૩ |
| ૬. ચંદ્રપાન સ્વપ્ન-મૂલદેવની કથા | ૪૫ |
| ૭. રાધાવેધ-સમુદ્રદત્તની કથા | ૫૩ |
| ૮. ચંદ્રદર્શન-કાચબાની કથા | ૫૬ |
| ૯. ધુંસરાના છિદ્રમાં ખીલી પ્રવેશ | ૫૭ |
| ૧૦. પરમાણુ સ્તંભનું દૃષ્ટાંત | ૫૮ |
| એકેન્દ્રિયાદિકની કાયસ્થિતિ | ૬૧ |
| કાળચક્ર | ૬૨ |
| સૂત્રગ્રહણ કરવામાં વિનયની જરૂર | ૬૬ |
| વિનયથી વિદ્યાસિદ્ધિ-**શ્રેણિકની કથા** | ૬૬ |
| કુમારી કન્યા કથા | ૭૧ |
| અન્વય-વ્યતિરેકથી વિનયફળ | ૭૩ |
| સાત પ્રકારના મિથ્યાત્વ | ૭૬ |
| સૂત્રદાનનો ક્રમ | ૭૯ |
| અકાલચારિણી સાધ્વી | ૭૯ |
| સૂત્રદાન-**સિદ્ધસેન આચાર્ય** કથા | ૮૧ |
| **નંદ-સુંદરીની કથા** | ૮૧ |
| આસન્ન સિદ્ધિકનું લક્ષણ-ઉચિત પ્રવૃત્તિ | ૮૭ |
| બુદ્ધિના ચાર ભેદો | ૯૧ |
| ઔત્પાત્તિકી બુદ્ધિનું લક્ષણ | ૯૨ |
| ઔત્પાત્તિકી બુદ્ધિ-દૃષ્ટાંત નામો | ૯૩ |
| વૈનયિકી બુદ્ધિનું સ્વરૂપ | ૯૪ |
| વૈનયિકી બુદ્ધિ-દૃષ્ટાંત નામો | ૯૫ |
| કાર્મિકી બુદ્ધિનું સ્વરૂપ | ૯૬ |
| કાર્મિકી બુદ્ધિ-દૃષ્ટાંત નામો | ૯૬ |
| પારિણામિકી બુદ્ધિનું સ્વરૂપ | ૯૮ |
| પારિણામિકી બુદ્ધિ-દૃષ્ટાંત નામો | ૯૯ |
| **ઔત્પાત્તિકી બુદ્ધિનાં દૃષ્ટાંતો** | |
| રોહકનું દૃષ્ટાંત | ૧૦૨ |
| મેંઢકનું દૃષ્ટાંત | ૧૦૪ |
| કુકડાનું દૃષ્ટાંત | ૧૦૫ |
| તલના માપનું દૃષ્ટાંત | ૧૦૫ |
| દોરડાનું દૃષ્ટાંત | ૧૦૬ |
| હાથીનું દૃષ્ટાંત | ૧૦૭ |
| કૂવાનું દૃષ્ટાંત | ૧૦૮ |
| વનખંડનું દૃષ્ટાંત | ૧૦૯ |
| ખીરનું દૃષ્ટાંત | ૧૦૯ |
| કાકડીનું ગાડું | ૧૨૩ |
| વૃક્ષનું દૃષ્ટાંત | ૧૨૪ |
| નિર્જળ કૂવામાં વીંટીનું દૃષ્ટાંત | ૧૨૫ |
| અભયકુમારનું દૃષ્ટાંત | ૧૨૫ |
| નવા-જુના પટ (કપડા)નું દૃષ્ટાંત | ૧૨૯ |
| સરટ=કાચંડાનું દૃષ્ટાંત | ૧૩૦ |
| કાગડાની સંખ્યાનું દૃષ્ટાંત | ૧૩૨ |
| વૃદ્ધ બ્રાહ્મણ-તરુણ સ્ત્રીનું દૃષ્ટાંત | ૧૩૩ |
| હાથીને તોલવાનું દૃષ્ટાંત | ૧૩૪ |
| રાણીના અપાનવાયુનું દૃષ્ટાંત | ૧૩૫ |
| લાખની ગુટિકાનું દૃષ્ટાંત | ૧૩૬ |
| તળાવમાં થાંભલાનું દૃષ્ટાંત | ૧૩૬ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| મૂત્રથી કમળ આલેખનનું દૃષ્ટાંત | ૧૩૭ |
| વિષ્ઠાને ફેંદતા કાગડાનું દૃષ્ટાંત | ૧૩૮ |
| તરુણ સ્ત્રીને ભોગવવાની અભિલાષા | ૧૩૯ |
| સ્ત્રીનું રૂપ લઈ રહેલી વ્યંતરી | ૧૪૦ |
| કયા પતિ ઉપર અધિક પ્રેમ-પરીક્ષા | ૧૪૧ |
| ચાર મિત્રો-મંત્રીપુત્રો સાચી માતાને પુત્ર અર્પણ કર્યો | ૧૪૨ |
| મધપૂડા સંબંધી કુલટા સ્ત્રીની કથા | ૧૪૫ |
| થાપણ ઓળવનાર પુરોહિત-દ્રમક કથા | ૧૪૬ |
| થાપણ ઓળવનારે કોથળી સીવી | ૧૪૮ |
| ગાયો ઓળવનાર-ગાય-કન્યાની નિશાનીઓ | ૧૪૮ |
| થાપણ ઓળવનાર-સીક્કાની બદલી | ૧૪૯ |
| દ્રવ્યલોભી રાજા-યાંત્રિક પ્રતિમા | ૧૪૯ |
| થાપણ ઓળવનાર ભિક્ષુ (બૌદ્ધ સાધુ) | ૧૫૦ |
| બૌદ્ધ સાધુ-બંધ ઓરડો-દિગંબર વેષ | ૧૫૧ |
| બે મિત્રને નિધાનની પ્રાપ્તિ | ૧૫૨ |
| છાણામાં ધન થાપી ધનનું રક્ષણ | ૧૫૩ |
| બાળકની બે માતાઓ-સાચીને પુત્ર અર્પણ | ૧૫૪ |
| ધાતુવાદીઓ-રાજાને સુવર્ણસિદ્ધિ | ૧૫૫ |
| શસ્ત્રપ્રધાન પુરુષો-રાજાની બુદ્ધિ | ૧૫૬ |
| જે તને ગમે તે મને આપજે | ૧૫૭ |
| અપૂર્વ સંભળાવનારને સોનાનો કચોળો | ૧૫૮ |
| **વૈનયિકી બુદ્ધિનાં દૃષ્ટાંતો** | |
| **નિમિત્તજ્ઞ બે શિષ્યો** | **૧૬૦** |
| **નંદરાજા અને કલ્પક મંત્રીનું દૃષ્ટાંત** | **૧૬૨** |
| ઉદાયીરાજા-ધર્મઘોષ આચાર્ય વિનયરત્ન સાધુ -મૂર્ખનંદ હજામ (રાજા)-કલ્પક-મંત્રી | ૧૬૭ |
| **સોમક ચિત્રકારનું દૃષ્ટાંત** | **૧૬૮** |
| ચિત્રકાર-શતાનીક રાજા-**મૃગાવતી રાણી** | ૧૭૩ |
| સુરપ્રિય યક્ષ-ચંડપ્રદ્યોત રાજા- વીર સમવસરણ જા સા સા સા -ચંદનબાળા-મૃગાવતી | |
| લિપિના નામો-અક્ષર-બિંદુ-કાના-માત્રા | ૧૭૩ |
| પદ વગેરે જોડવા | ૧૭૫ |
| 'ગણિત' દ્વાર સંબંધી ચાર દૃષ્ટાંત | ૧૭૭ |
| કૂવામાં કઈ જગ્યાએ શિરા છે ? | ૧૭૮ |
| અશ્વની માંગણી કરાવનાર કુમારી | ૧૭૯ |
| ઘરડા ગાડા વાળે-ગધેડા દ્વારા પાણીની શોધ | ૧૮૧ |
| સીતાજી ઉપર આળ ચડાવવી | ૧૮૨ |
| **મુરુંડ રાજા અને પાદલિપ્ત સૂરિ** | **૧૮૫** |
| અલ્પ પણ વિષની તાકાત | ૧૮૬ |
| સ્થૂલભદ્ર, ગણિકા-રથિકની કથા | ૧૮૭ |
| સુછાત્રોની કલાચાર્ય પ્રત્યે કૃતજ્ઞતા | ૧૯૩ |
| નેવાનું પાણી-ત્વગ્વિષ સર્પ | ૧૯૪ |
| બળદ, ઘોડા આદિ વિષે મંદભાગ્ય કથા | ૧૯૫ |
| **કાર્મિકી બુદ્ધિનાં દૃષ્ટાંતો** | |
| ચોર-ખેડૂત | ૧૯૮ |
| વણકર અને પીરસનાર | ૧૯૯ |
| મોતી પરોવનાર | ૧૯૯ |
| તરનાર-વસ્ત્ર સીવનાર | ૨૦૦ |
| સુથાર-કંદોઈ | ૨૦૧ |
| કુંભાર-ચિત્રકાર | ૨૦૧ |
| **પારિણામિકી બુદ્ધિનાં દૃષ્ટાંતો** | |
| અભયકુમારની કથામાં **લોહજંઘ લેખવાહક, અગ્નિ, અશિવ અને** | **૨૦૨થી** |
| **અનલગિરિ હાથી** | **૨૦૮** |
| કોષ્ઠ શેઠ-વ્યભિચારિણી પત્ની | ૨૦૯ |
| કુકડાના મસ્તકનું ભક્ષણ-રાજા | ૨૧૦ |
| **ક્ષુલ્લકકુમાર-નર્તકી-સુંદર ગાયું-પ્રતિબોધ** | **૨૧૧** |
| **પુષ્પચૂલા સાધ્વી-અન્નિકાપુત્રાચાર્ય** | **૨૧૩** |
| ઉદિતોદય રાજા | ૨૧૬ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| **નંદિષેણના શિષ્યને પ્રતિબોધ** | ૨૧૭ |
| **સુંસુમા-ચિલાતિપુત્ર** | ૨૧૮ |
| **શ્રાવિકાએ પતિના વ્રતનું રક્ષણ કર્યું** | ૨૨૧ |
| સંગતરાજા-મનદયિતા રાણી | ૨૨૨ |
| **ક્ષુલ્લક (કુરગડુ) મુનિ** | ૨૨૪ |
| મંત્રી અને રાજપુત્ર | ૨૨૬ |
| **ચાણક્ય અને ચંદ્રગુપ્ત** | ૨૨૮ |
| **સુંદરી અને નંદવણિક** | ૨૩૭ |
| **શાલ અને મહાશાલ** | ૨૩૯ |
| વીર ભગવંતની દેશના | ૨૪૦ |
| શાલ-મહાશાલ-ગાગલીને કેવળજ્ઞાન | ૨૪૨ |
| ગૌતમસ્વામીનું અષ્ટાપદ ગમન | ૨૪૩ |
| **પુંડરીક-કંડરીક** | ૨૪૫ |
| **ધનગિરિ-વજ્રસ્વામી** | ૨૪૭ |
| ચાર પ્રકારના શિષ્યો | ૨૫૨ |
| શ્રેષ્ઠિપુત્રીને પ્રતિબોધ | ૨૫૬ |
| ગગનગામિની વિદ્યા-શાસન પ્રભાવના | ૨૫૬ |
| ગૌતમસ્વામી ચરિત્ર | ૨૫૮ |
| શુભાબ્રાહ્મણી-જમાઈઓની પરીક્ષા | ૨૬૦ |
| દેવદત્તા ગણિકા | ૨૬૧ |
| **વૃદ્ધોનું મહત્ત્વ-તરુણો અને વૃદ્ધોને પૃચ્છા** | ૨૬૨ |
| અકાળે આમળા અને તેની પરીક્ષા | ૨૬૩ |
| મણિ-કૂવાનું પાણી લાલ | ૨૬૩ |
| ચંડકૌશિક સર્પ | ૨૬૪ |
| શ્રાવકપુત્ર પ્રમાદથી ગેંડો થયો | ૨૬૭ |
| **કૂલવાલક મુનિ** | ૨૬૮ |
| કોણિક અને ચેડારાજાનું યુદ્ધ | ૨૬૯ |
| અંધ સુમતિ બ્રાહ્મણની બુદ્ધિની પરીક્ષા | ૨૭૩ |
| બુદ્ધિની વૃદ્ધિના ઉપાયો | ૨૮૧ |
| કલ્યાણ મિત્ર યોગ, કાળ, સ્વભાવ, નિયતિ, કર્મ, પુરુષાર્થ | ૨૮૨ |
| કાળવાદ | ૨૮૬ |
| સ્વભાવવાદ | ૨૮૭ |
| નિયતિવાદ | ૨૮૮ |
| કર્મવાદ | ૨૮૮ |
| પુરુષવાદ | ૨૮૯ |
| **પર્વતક-નારદ-વસુરાજા** | ૨૯૪ |
| **રોહિણી આદિ ચાર પુત્રવધૂઓ** | ૨૯૯ |
| પ્રધાનફળ વિશે જ્યોતિષીને પૃચ્છા | ૩૦૪ |
| અહિંસાનું સ્વરૂપ, સાર આદિ | ૩૦૭ |
| આગમ ગુરુ પાસેથી મળે છે | ૩૧૦ |
| અહિંસાથી પણ આજ્ઞાની પ્રધાનતા | ૩૧૨ |
| ચારિત્ર આજ્ઞામાં રહેલું છે | ૩૧૨ |
| આધાકર્મી ખીર-વૃદ્ધાની કથા | ૩૧૩ |
| આજ્ઞા બાહ્ય અને સ્વેચ્છાએ કરાતી ક્રિયા અશુભ | ૩૧૬ |
| ગલમત્સ્ય-ભવવિમોચક-વિષાન્નભોજી | ૩૧૬ |
| મોહની પ્રબળતામાં રાગ-દ્વેષ મંદ ન પડે | ૩૨૦ |
| દેડકાનું ચૂર્ણ અને ભસ્મ | ૩૨૧ |
| કષ-છેદ-તાપ અને તાડન | ૩૨૩ |
| માષતુષાદિમાં માર્ગાનુસારિભાવ | ૩૨૬ |
| **માષતુષ મુનિની કથા** | ૩૨૭ |
| ગુરુકુલસંવાસ | ૩૩૦ |
| **ચંદ્રગુપ્ત-ચાણક્ય** | ૩૩૧ |
| અનધ્યવસાય-સંશય-વિપર્યય | ૩૩૪ |
| ચારિત્રી મુનિનું બીજું લક્ષણ | ૩૩૬ |
| **આર્ય મહાગિરિ-આર્ય સુહસ્તિસૂરિ** | ૩૪૩ |
| **રાત્રિભોજન વ્રતભંગ કરનાર** | ૩૫૦ |
| સાત પ્રકારની એષણા | ૩૫૩ |
| ગજાગ્રપદ પર્વત તીર્થ | ૩૫૬ |
| **અવંતિસુકુમાલની કથા** | ૩૫૮ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| એક જ ક્ષેત્રમાં વધારે સમય રહેવું પડે ત્યારે કરવાની વિધિ | ૩૬૫ |
| ધર્મબીજ વિના ધર્મનો અભાવ | ૩૬૬ |
| ધર્મ બીજો | ૩૬૭ |
| **એક ચિત્તિયા બે મિત્રો** | ૩૬૯ |
| બીજશુદ્ધિ | ૩૭૨ |
| સર્વ જીવોએ દ્રવ્ય ધર્મક્રિયા અનંતવાર કરી છે | ૩૭૫ |
| ભાવમલ | ૩૭૬ |
| વૈયાવૃત્ત્યનું સ્વરૂપ | ૩૭૮ |
| પુણ્યાનુબંધી પુણ્યની વિશેષતાઓ | ૩૮૨ |
| આજ્ઞા બહુમાનથી યથાશક્તિ ક્રિયામાં પ્રવૃત્તિ થાય | ૩૮૩ |
| સુક્રિયાથી સુવર્ણ ઘટ સમાન ફળ મળે | ૩૮૪ |
| માત્ર બાહ્ય ક્રિયાથી મૃત્તિકાઘટ તુલ્ય ફળ મળે | ૩૮૬ |
| આજ્ઞા બહુમાન-**ભીમકુમાર કથા** | ૩૯૧ |
| લૌકિકોએ પણ સ્વીકારેલું આજ્ઞાનું પ્રામાણ્ય | ૩૯૬ |
| અભિન્ન ગ્રંથી જીવો આજ્ઞા બાહ્ય | ૩૯૭ |
| અપુનર્બંધક આદિ જીવોને દ્રવ્ય આજ્ઞા | ૩૯૯ |
| યથાપ્રવૃત્તિકરણ આદિ ત્રણ કરણો | ૪૦૦ |
| સકૃત્‌બંધક, માર્ગાભિમુખ, માર્ગપતિત, દૂરભવ્ય, અભવ્ય | ૪૦૨ |
| પ્રધાન દ્રવ્ય-અપ્રધાન દ્રવ્ય | ૪૦૩ |
| પ્રધાન દ્રવ્યાજ્ઞા-અપ્રધાન દ્રવ્યાજ્ઞાનાં લક્ષણો | ૪૦૬ |
| **અંગારમર્દકાચાર્યનો વૃત્તાંત** | ૪૦૭ |
| **ગોવિંદવાચકનું ઉદાહરણ** | ૪૦૮ |
| ભાવાજ્ઞા સમ્યગ્દષ્ટિને જ હોય | ૪૧૦ |
| કંટક-જ્વર-મોહ સમાન વિઘ્ન | ૪૧૪ |
| **મેઘકુમારનું કથાનક** | ૪૨૮ |
| **દહનસુરનું કથાનક** | ૪૩૭ |
| **અર્હદ્દત્તનું ઉદાહરણ** | ૪૪૦ |
| રાજપુત્ર અને પુરોહિતપુત્ર ઉપસર્ગો કરે છે | ૪૪૮ |
| પરિશુદ્ધાજ્ઞાયોગથી અતિરૌદ્ર પણ કર્મનો નાશ તેની દૃષ્ટાંતપૂર્વક સિદ્ધિ | ૪૫૬ |
| પરિશુદ્ધ આજ્ઞાયોગનું મહત્ત્વ | ૪૬૨ |
| **જ્ઞાનગર્ભ મંત્રીની કથા** | ૪૬૭ |
| સોપક્રમ-નિરુપક્રમ એ બે પ્રકારનાં કર્મો | ૪૭૨ |
| દૈવ અને પુરુષાર્થનું વિવિધ રીતે વર્ણન | ૪૭૩ |
| **પુણ્યસાર અને વિક્રમસારનું કથાનક** | ૪૮૪ |
| ભરતનું દૃષ્ટાંત | ૪૮૭ |
| બ્રહ્મદત્ત ચક્રીનું દૃષ્ટાંત | ૪૮૮ |
| પરિશુદ્ધ આજ્ઞાયોગ અન્ય અનુષ્ઠાનનો અનુબંધ કરે છે | ૪૯૪ |

**मूलगाथानामकरादिक्रमः.........४९५**

ઉપદેશપદ ભાગ-૨ ની

# અનુક્રમણિકા


| વિષય | પૃષ્ઠ |
|---|---|
| શુદ્ધાજ્ઞાયોગનું માહાત્મ્ય | ૧ |
| **વિમલ અને પ્રભાકર ચિત્રકારની કથા** | ૪ |
| અધ્યાત્મરહિત અનુષ્ઠાન તુચ્છ મલસમાન | ૭ |
| શુદ્ધાજ્ઞાયોગથી અધ્યાત્મની પ્રાપ્તિ | ૮ |
| ગ્રંથિભેદ વિના શુદ્ધાજ્ઞાયોગનો અભાવ | ૯ |
| વિષય પ્રતિભાસ જેવું દ્રવ્યશ્રુત અજ્ઞાન છે | ૧૧ |
| ભિન્નગ્રંથિ જીવનું જ્ઞાન અસત્પ્રવૃત્તિથી યુક્ત હોવા છતાં સમ્યગ્ કેમ છે ? | ૧૩ |
| અશુભ અનુબંધ સંસારનું મૂળ છે | ૧૪ |
| અશુભ અનુબંધના વિચ્છેદમાં **આંગિરસ અને ગાલવનું દૃષ્ટાંત** | ૧૬ |
| સાધુ-શ્રાવકોએ નિંદા-ગર્હાથી અશુભાનુબંધનો ત્યાગ કરવો જોઈએ | ૧૮ |
| ચૌદ પૂર્વધરો પણ અનંત સંસારી થયા તેનું કારણ અશુભાનુબંધ છે | ૨૦ |
| શુદ્ધાજ્ઞાયોગથી અશુભભાનુબંધનો ઉચ્છેદ કેમ ન થયો ? શંકા-સમાધાન | ૨૨ |
| અપ્રમાદ અશુભાનુબંધનો વિચ્છેદક | ૨૫ |
| સ્ખલના પામેલાઓનો ફરી આજ્ઞાયોગથી ઉદ્ધાર થાય | ૨૯ |
| **રુદ્રક્ષુલ્લકનું દૃષ્ટાંત** | ૩૨ |
| દેવદ્રવ્યભક્ષણમાં **સંકાશ શ્રાવકનું દૃષ્ટાંત** | ૩૭ |
| દેવદ્રવ્યનો ઉપયોગ અનર્થ ફળવાળો છે | ૪૦ |
| દેવદ્રવ્યની વૃદ્ધિથી, તીર્થંકર પદ મળે | ૪૫ |
| **શીતલવિહારી દેવ** નામના સાધુનું દૃષ્ટાંત | ૪૯ |
| ઔષધ પણ અકાળે લેવાથી રોગવૃદ્ધિ | ૫૩ |
| જિનવચનરૂપ ઔષધનો અકાળ અને કાળ | ૫૪ |
| અપુનર્બંધક-માર્ગાભિમુખ-માર્ગપતિત | ૫૫ |
| ગ્રંથીભેદ કાળ | ૫૭ |
| ગ્રંથી ભેદનારનો પરિમિત સંસાર | ૫૮ |
| પુદ્ગલ પરાવર્ત | ૫૯ |
| મિથ્યાદૃષ્ટિની માન્યતા | ૬૨ |
| સમ્યગ્દૃષ્ટિની માન્યતા | ૬૩ |
| વૈદ્યશાસ્ત્રનીતિથી ઔષધનો કાળ | ૬૫ |
| ગૈવેયકાદિનું સુખ પણ પારમાર્થિક નથી | ૬૬ |
| મિથ્યાદૃષ્ટિ શા કારણે સુખ પામતો નથી | ૬૯ |
| મિથ્યાદૃષ્ટિનું જ્ઞાન અજ્ઞાન કેમ ? | ૭૧ |
| મિથ્યાદૃષ્ટિનું જ્ઞાન સંસારનું કારણ છે | ૭૬ |
| મિથ્યાત્વરૂપી ગ્રહ મહાઅનર્થ કરે છે | ૭૭ |
| ક્ષેત્ર-કાળને જાણીને અભિગ્રહો લેવા | ૭૯ |
| અભિગ્રહો લેવા માત્રથી ફળ ન આપે | ૭૯ |
| અભિગ્રહનો વિષય પ્રાપ્ત ન થવા છતાં ઘણી નિર્જરા થાય | ૮૦ |
| કર્મની નિર્જરા અભિગ્રહ પૂર્ણ કરવાના પરિણામથી થાય | ૮૧ |
| **જીર્ણશેઠનું દૃષ્ટાંત** | ૮૧ |
| અભિગ્રહના ચાર પ્રકાર | ૮૩ |
| અભિગ્રહના પ્રભાવમાં **યમુન રાજાનું દૃષ્ટાંત** | ૮૪ |
| પ્રતિકાર કરાયેલો દોષ ફળતો નથી | ૮૮ |
| દ્રવ્યવિષ-ભાવવિષનો પ્રતિકાર | ૯૦ |
| ભાવરૂપ અગ્નિને ઉત્તેજિત કરનાર આજ્ઞારૂપ પવન છે | ૯૩ |
| જન્માંધ, અંધ, સજ્જાક્ષ | ૯૫ |
| સજ્જાક્ષ સમાન સમ્યગ્દૃષ્ટિ જે કરે તેનું વર્ણન | ૯૬ |
| શુદ્ધ દીક્ષાના મનોરથ વિષે **બે બંધુઓનું દૃષ્ટાંત** | ૯૮ |
| સંક્લિષ્ટ ધર્માનુષ્ઠાનમાં આદર ન કરવો | ૧૦૧ |
| **ક્ષપકનું દૃષ્ટાંત** | ૧૦૨ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| **આગમિકનું દૃષ્ટાંત** | ૧૦૩ |
| **વિનયરત(રત્ન)નું દૃષ્ટાંત** | ૧૦૪ |
| **કુંતલારાણીનું દૃષ્ટાંત** | ૧૦૫ |
| પ્રસ્તુત ઉપદેશ કોને સફલ બને ? | ૧૦૮ |
| સૂત્રાર્થ પોરિસીનું નિત્ય વિધાન શા માટે ? | ૧૧૦ |
| મંદબુદ્ધિવાળા સાધુઓ બન્ને પોરિસીમાં સૂત્ર ભણે | ૧૧૦ |
| **અણુવ્રતોને આશ્રયીને દૃષ્ટાંતો** | |
| પહેલા વ્રત ઉપર **શ્રાવકપુત્ર જિનધર્મનું ઉદાહરણ** | ૧૧૩ |
| બીજા વ્રત ઉપર **સત્યવણિકનું દૃષ્ટાંત** | ૧૧૮ |
| ત્રીજા વ્રત ઉપર **શ્રાવકપુત્રનું દૃષ્ટાંત** | ૧૧૯ |
| ચોથા વ્રત ઉપર **પહેલા સુદર્શન શેઠનું દૃષ્ટાંત** | ૧૨૧ |
| ચોથા વ્રત ઉપર **બીજા સુદર્શન શેઠનું દૃષ્ટાંત** | ૧૨૫ |
| પાંચમા વ્રત ઉપર **બે નંદવણિકનું દૃષ્ટાંત** | ૧૩૫ |
| રોગ-અરોગ ઉપર **બ્રાહ્મણશ્રાવકનું દૃષ્ટાંત** | ૧૩૭ |
| વ્રતપરિણામની હાજરીમાં ઘણી નિર્જરા થાય | ૧૩૯ |
| આર્તધ્યાન ન થાય તો રોગને સહન કરે અન્યથા વિધિથી ચિકિત્સા કરાવે | ૧૪૨ |
| અજ્ઞાન લોકોના વચનની અવગણના કરનાર જ ધર્મ કરી શકે એ વિષે **શ્રીમતી અને સોમા શ્રાવિકાનું દૃષ્ટાંત** | ૧૫૨ |
| **ઝુંટણ વણિકનું કથાનક** | ૧૫૩ |
| **ગોબર વણિકનું કથાનક** | ૧૫૫ |
| પહેલું વ્રત-સ્થાવર અને સંપદાની કથા | ૧૫૯ |
| બીજું વ્રત-સોદાગર(વહાણવટી)ની કથા | ૧૬૧ |
| ત્રીજું વ્રત-તલચોરની કથા | ૧૬૨ |
| ચોથું વ્રત-પતિમારિકાની કથા | ૧૬૩ |
| પાંચમું વ્રત-લોભાસક્ત મનુષ્યની કથા | ૧૬૪ |
| રાત્રિભોજન-રાત્રિભોજન કરતા માણસની કથા | ૧૬૪ |
| પાંચ સમિતિઓ અને તેનું સ્વરૂપ | ૧૮૦ |
| ત્રણ ગુપ્તિઓ અને તેનું સ્વરૂપ | ૧૮૧ |
| ઈર્યાસમિતિ ઉપર વરદત્ત સાધુની કથા | ૧૮૮ |
| ભાષા સમિતિ ઉપર-સંગત સાધુની કથા | ૧૯૦ |
| એષણાસમિતિ ઉપર-નંદિષેણ મુનિની કથા | ૧૯૧ |
| આદાનભંડમત્તનિક્ષેપણા સમિતિ ઉપર સોમિલ મુનિનું ઉદાહરણ | ૨૦૧ |
| પારિષ્ઠાપનિકા સમિતિ ઉપર | |
| ૧. ધર્મરુચિ ક્ષુલ્લકનું ઉદાહરણ | ૨૦૨ |
| ૨. ધર્મરુચિ અણગારનું ઉદાહરણ | ૨૦૩ |
| મનોગુપ્તિનું ઉદાહરણ | ૨૨૦ |
| વચનગુપ્તિનું ઉદાહરણ | ૨૨૦ |
| કાયગુપ્તિનું ઉદાહરણ | ૨૨૨ |
| શુભભાવવાળા ચારિત્રીને દ્રવ્યાદિ પ્રાયઃ વિઘ્ન ન કરે | ૨૨૫ |
| પ્રતિકૂળ દ્રવ્ય સંબંધિ દૃષ્ટાંત | ૨૨૭ |
| પ્રતિકૂળ ક્ષેત્ર સંબંધિ દૃષ્ટાંત | ૨૨૮ |
| પ્રતિકૂળ કાળ સંબંધિ દૃષ્ટાંત | ૨૨૯ |
| ચારિત્રીને શુભ સામાચારી અત્યંત પ્રિય હોય છે | ૨૩૦ |
| નિરસ ભોજન કરનારનો પક્ષપાત સ્વાદુ ભોજનમાં હોય છે | ૨૩૧ |
| દ્રવ્યાદિની પ્રતિકૂળતામાં પણ ચારિત્રીનો પક્ષપાત સ્વાધ્યાય-ધ્યાન-વિનયાદિમાં હોય છે | ૨૩૧ |
| પાંચમાં આરામાં પણ ચારિત્રની સત્તા છે | ૨૩૨ |
| સ્વાધ્યાયાદિમાં યથાશક્તિ પ્રયત્ન ચારિત્ર્યની વિશુદ્ધિ માટે છે | ૨૩૪ |
| **પિશાચની વાર્તા** | ૨૩૫ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| **કુલવધૂમાં સંરક્ષણનો પ્રસંગ** | ૨૩૫ |
| અસદ્ગ્રહનું ફળ | ૨૩૭ |
| ગુરુકુલવાસના ત્યાગથી ઘણી હાનિ થાય | ૨૩૮ |
| ગુરુનાં લક્ષણો | ૨૩૯ |
| પ્રથમના ત્રણ ભાંગાથી આહારનું ગ્રહણ | ૨૪૧ |
| મોરપિચ્છ માટે શૈવસાધુનો ઘાત કરનાર **શબર (ભિલ્લ)નું દૃષ્ટાંત** | ૨૪૨ |
| જિનાજ્ઞા મહાન ગુણને ઉત્પન્ન કરે છે | ૨૪૩ |
| જિનાજ્ઞા ધર્મનું મૂળ છે | ૨૪૪ |
| ગુરુકુલવાસ ધર્મનું પ્રથમ અંગ છે | ૨૪૫ |
| ગુરુકુલવાસ સાધુધર્મમાં મુખ્ય ઉપકારક છે | ૨૪૬ |
| એકાસણું નિત્ય છે, ઉપવાસ નૈમિત્તિક છે | ૨૪૮ |
| આહાર વાપરવાનાં છ કારણો | ૨૪૮ |
| ગુરુ-લાઘવની વિચારણાપૂર્વક કરેલી સાવદ્ય પણ પ્રવૃત્તિ ગુણ કરનારી થાય | ૨૫૦ |
| અજ્ઞાત ગુણવાળા રત્ન કરતા જ્ઞાતગુણવાળા રત્નમાં અનંતગુણી શ્રદ્ધા હોય | ૨૫૨ |
| સ્વાધ્યાયાદિથી થતા લાભો | ૨૫૪ |
| નિકાચિત અશુભ કર્મવાળાને દુર્ગતિમાં જવું પડે | ૨૫૫ |
| અન્ય તીર્થિકોએ વિશિષ્ટ કર્મક્ષયોપશમને 'પાપ-અકરણનિયમ' કહ્યો છે | ૨૫૬ |
| દ્વાદશાંગી સર્વદર્શનનું મૂળ છે | ૨૫૮ |
| અર્થથી તુલ્ય પરદર્શનના વાક્યોને ન માનવા એ મૂઢતા છે | ૨૫૯ |
| અકરણ નિયમનું લક્ષણ | ૨૬૦ |
| પાપ-અકરણ નિયમમાં દૃષ્ટાંતો | ૨૬૧ |
| રતિસુંદરીનું દૃષ્ટાંત | ૨૬૪ |
| બુદ્ધિસુંદરીનું દૃષ્ટાંત | ૨૭૨ |
| ઋદ્ધિસુંદરીનું દૃષ્ટાંત | ૨૭૫ |
| ગુણસુંદરીનું દૃષ્ટાંત | ૨૮૧ |
| રતિસુંદરી આદિ ચારેયના પછીના ભવો | ૨૮૮ |
| સર્વવિરતિમાં અકરણ નિયમની મહત્તા | ૨૯૫ |
| ક્ષપકશ્રેણિમાં બધાંય કર્મોમાં અકરણનિયમ હોય | ૨૯૬ |
| અકરણ નિયમથી જ વીતરાગ હિંસાદિ પાપ કરતા નથી | ૨૯૭ |
| સુખની પરંપરા પણ અકરણ નિયમને આધીન | ૨૯૮ |
| ભાવસાધુઓનું કાળને અનુરૂપ બાહ્ય અનુષ્ઠાન મોક્ષ ફળવાળું જાણવું | ૩૦૦ |
| શંખ-કલાવતીનું દૃષ્ટાંત | ૩૦૩ |
| યતના ધર્મની જનની છે | ૩૨૮ |
| યતનાનું લક્ષણ | ૩૩૦ |
| દ્રવ્યાદિની આપત્તિમાં કરવામાં આવતી યતના સમ્યગ્દર્શનાદિની સિદ્ધિ કરનારી છે | ૩૩૧ |
| ગીતાર્થ યતનાને જાણી શકે છે | ૩૩૩ |
| અશઠ(=સરળ) બનવું એવી જિનાજ્ઞા | ૩૩૭ |
| ભાવથી રહિત બાહ્યક્રિયા નિરર્થક છે | ૩૩૮ |
| જેનાથી દોષોનો નિરોધ થાય તે મોક્ષનો ઉપાય છે | ૩૩૯ |
| ઉત્સર્ગ-અપવાદની સંખ્યા તુલ્ય છે | ૩૪૦ |
| ઉત્સર્ગ-અપવાદનું લક્ષણ | ૩૪૧ |
| પુષ્ટ આલંબન વિના દોષોનું સેવન ચારિત્રનો વિનાશ કરે | ૩૪૭ |
| પુષ્ટ આલંબનથી થતું દોષોનું સેવન પરમાર્થથી અસેવન જાણવું | ૩૪૭ |
| ભોગો ઝાંઝવાના જળ સમાન | ૩૪૮ |
| શુદ્ધભાવ(=પશ્ચાત્તાપ) પાપક્ષયનું કારણ- **ચોરનું દૃષ્ટાંત** | ૩૪૯ |
| સાધારણ ક્રિયાથી પણ જીવો મોક્ષ સાધી શકે છે | ૩૫૧ |

| વિષય | પૃષ્ઠ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|---|
| ચારિત્ર પાંચમા આરાના અંત સુધી રહેશે ... | ૩૫૧ | વાચનાવિધિ .................... | ૩૮૦ |
| આજ્ઞાબાહ્યને જિનસમયમાં પણ ચારિત્ર | | પદાર્થ-વાક્યાર્થ-મહાવાક્યાર્થ-ઐદંપર્યાર્થ ... | ૩૮૨ |
| ન હોય .................... | ૩૫૧ | પદાર્થ વગેરેની સિદ્ધિ માટે માર્ગભ્રષ્ટ | |
| આચરણાનું લક્ષણ.................... | ૩૫૪ | મુસાફરનું દૃષ્ટાંત .................... | ૩૮૪ |
| પાંચમા આરાના ફળસ્વરૂપ હાથી આદિ | | પદાર્થ.................... | ૩૮૬ |
| આઠ સ્વપ્નનના ફળાદેશ .................... | ૩૫૫ | વાક્યાર્થ .................... | ૩૮૭ |
| હાથીના સ્વપ્નનો ફળાદેશ .................... | ૩૫૭ | મહાવાક્યાર્થ.................... | ૩૮૭ |
| વાનર સ્વપ્નનો ફળાદેશ .................... | ૩૫૭ | ઐદંપયાર્થ .................... | ૩૮૮ |
| ક્ષીરવૃક્ષ સ્વપ્નનો ફળાદેશ .................... | ૩૫૮ | સાધુને દાન કરવાનો વિધિ અને દાનનું ફળ | ૩૯૬ |
| કાગસ્વપ્નનો ફળાદેશ .................... | ૩૫૮ | શ્રુતજ્ઞાન-ચિંતાજ્ઞાન-ભાવનાજ્ઞાનનું લક્ષણ .. | ૪૦૪ |
| સિંહ સ્વપ્નનો ફળાદેશ.................... | ૩૫૯ | સંહિતા-પદ-પદાર્થ-પદવિગ્રહ-ચાલના- | |
| પદ્માકર સ્વપ્નનો ફળાદેશ.................... | ૩૫૯ | પ્રત્યવસ્થાન .................... | ૪૦૬ |
| બીજ સ્વપ્નનો ફળાદેશ .................... | ૩૬૦ | જ્ઞાની ઈચ્છિત કાર્યને અવશ્ય સાધે.................... | ૪૦૯ |
| કળશ સ્વપ્નનો ફળાદેશ .................... | ૩૬૦ | જ્ઞાની યોગ્ય જીવોમાં બીજાધાન કરે .................... | ૪૧૦ |
| કલિયુગને આશ્રયીને લૌકિક દૃષ્ટાંતો .................... | ૩૬૧ | બીજાધાન ઉપર **રાજા-રાણીનું દૃષ્ટાંત** .................... | ૪૧૩ |
| પાંચ પાડવો અને કલિયુગ .................... | ૩૬૪ | અરિહંતનું ધ્યાન .................... | ૪૧૪ |
| આજ્ઞાથી શુદ્ધ હોય તેવા સાધુઓ અને | | સિદ્ધનું ધ્યાન.................... | ૪૧૫ |
| શ્રાવકો ઉપર બહુમાન કરવું .................... | ૩૬૫ | બીજાધાન ઉપર-**રાજાનું બીજું દૃષ્ટાંત**.................... | ૪૧૭ |
| જિનવચનથી વિરુદ્ધ વર્તનારાઓ ઉપર | | **ચારિસંજીવની ચારનું દૃષ્ટાંત** .................... | ૪૧૮ |
| દ્વેષ ન કરવો .................... | ૩૬૬ | મોક્ષના અભિલાષી જીવો ઘણા હોતા નથી .. | ૪૨૦ |
| વિધિપૂર્વક તેમનો સદા ત્યાગ કરવો .................... | ૩૬૬ | રત્નના લેનાર-વેચનાર અલ્પ હોય છે .................... | ૪૨૧ |
| અનુવર્તનાથી રહેવું .................... | ૩૬૭ | વૈભવરહિત જીવને રત્ન લેવાની ઈચ્છા | |
| અનુવર્તનાનું સ્વરૂપ .................... | ૩૬૭ | સ્વપ્નમાં પણ ન થાય તેમ ગુણરહિત જીવને | |
| અનુવર્તના વિના રહેવામાં થતા દોષો .................... | ૩૬૮ | ધર્મની સ્પૃહા સ્વપ્નમાં પણ ન થાય.................... | ૪૨૧ |
| **કુવૃષ્ટિ-જળ રાજા અને બુદ્ધિ મંત્રીનું દૃષ્ટાંત** | ૩૭૩ | ધાર્મિક જીવનો ગુણ વૈભવ .................... | ૪૨૪ |
| પરિશુદ્ધ આજ્ઞાયોગના ઉપાયો.................... | ૩૭૫ | આચાર્યે રાજાને રત્નવેપારનાં સ્થાનો | |
| ગુરુનું સ્વરૂપ અને લક્ષણ.................... | ૩૭૬ | બતાવીને ધર્મમાં સ્થિર કર્યો.................... | ૪૨૬ |
| હેતુવાદમાં હેતુથી આગમવાદમાં આગમથી | | મોક્ષની તીવ્ર સ્પૃહાવાળાને અપ્રમાદ | |
| પ્રરૂપણા .................... | ૩૭૭ | દુષ્કર નથી .................... | ૪૨૭ |
| ગુરુના આશ્રયથી મળતું ફળ .................... | ૩૭૯ | પ્રમાદ ત્યાગ ઉપર **તૈલપાત્ર ધારકનું** દૃષ્ટાંત | ૪૨૯ |
| સૂત્રથી અર્થમાં અધિક પ્રયત્ન કરવો જોઈએ | ૩૭૯ | પાત્રને અનુસારે જિનોપદેશની વિવિધતા ... | ૪૩૩ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| અપ્રમાદથી કાર્યની સિદ્ધિ | ૪૩૫ |
| **રાધાવેધનું દૃષ્ટાંત** | ૪૩૬ |
| વધતો અપ્રમાદનો અભ્યાસ જ મુક્તિનો ઉપાય છે | ૪૩૭ |
| કાળ પણ કંઈક પ્રતિબંધક છે | ૪૩૮ |
| કલિયુગના અવતરણ ઉપર બ્રાહ્મણ-વણિક-રાજાનું દૃષ્ટાંત | ૪૪૦ |
| સતતાભ્યાસ-વિષયાભ્યાસ-ભાવાભ્યાસ | ૪૪૧ |
| સતતાભ્યાસ ઉપર કુરુચંદ્ર રાજાનું દૃષ્ટાંત | ૪૪૫ |
| વિષયાભ્યાસ ઉપર **મેના-પોપટનું ઉદાહરણ** | ૪૫૦ |
| ચૌદ રત્નો તથા નવનિધિઓ | ૪૭૩ |
| ભાવાભ્યાસ ઉપર નંદસુંદર રાજાનું ઉદાહરણ | ૪૭૮ |
| તથાભવ્યત્વની વિસ્તારથી ચર્ચા | ૪૮૨ |
| નાનો પણ અતિચાર ઘણા અનિષ્ટ ફળવાળો | ૪૯૨ |
| નિંદા-ગર્હાથી અનુબંધરહિત કરાયેલ અતિચાર અનિષ્ટ ફળવાળો ન થાય | ૪૯૨ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| સૂરતેજ રાજાનું દૃષ્ટાંત | ૪૯૩ |
| શુદ્ધ આચારમાં તત્પર બનવું | ૪૯૪ |
| પુષ્પપૂજાની માત્ર ભાવનાથી પણ **દુર્ગતનારીને દેવલોકની પ્રાપ્તિ** | ૪૯૬ |
| વિશુદ્ધયોગથી મોક્ષની પ્રાપ્તિ | ૪૯૯ |
| રત્નશિખનું ઉદાહરણ | ૪૯૯ |
| આક્ષેપણી આદિચાર કથા | ૪૯૯ |
| વિરાંગદ અને સુમિત્રનું ઉદાહરણ | ૫૦૧ |
| રતિસેના ગણિકા | ૫૦૪ |
| કુટ્ટણીની કપટજાળ | ૫૦૪ |
| રતિસેનાને ઊંટડી કરી | ૫૧૧ |
| ફરી મૂળ સ્વરૂપવાળી કરી | ૫૧૨ |
| વિશુદ્ધયોગમાં પ્રયત્ન કરવાના ઉપાયો | ૫૨૧ |
| ટીકાકારની પ્રશસ્તિ | ૫૨૮ |
| ભાવાનુવાદકારની પ્રશસ્તિ | ૫૨૯ |
| પુદ્ગલ પરાવર્તનું સ્વરૂપ | ૫૩૦ |

ધરણેન્દ્ર પદ્માવતી સંપૂજિતાય
ૐ હ્રીઁ શ્રીઁ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ
શ્રી દાન-પ્રેમ-રામચન્દ્ર-હીરસૂરીશ્વરેભ્યો નમઃ
ऐं नमः

પ્રાતઃસ્મરણીય શ્રી હરિભદ્રસૂરિ મહારાજ વિરચિત
શ્રુતહેમનિકષ શ્રી મુનિચંદ્રસૂરિ મહારાજ વિરચિત ટીકાસહિત

# ઉપદેશપદગ્રન્થનો ગુજરાતી ભાવાનુવાદ

## ભાગ-૧

यस्योपदेशपदसंपदमापदन्तसंपादिकां सपदि संघटितश्रियं च ।
आसाद्य सन्ति भविनः कृतिनः प्रयत्नात् तं वीरमीरितरजस्तमसं प्रणम्य ॥१॥

तत्त्वामृतोदधीनामानन्दितसकलविबुधहृदयानाम् ।
उपदेशपदानामहमुपक्रमे विवरणं किञ्चित् ॥२॥

पूर्वैर्यद्यपि कल्पितेह गहना वृत्तिः समस्त्यल्पधी-
र्लोकः कालबलेन तां स्फुटतया बोद्धुं यतो न क्षमः ।
तत्तस्योपकृतिं विधातुमनघां स्वस्यापि तत्त्वानुगां,
प्रीतिं संतनितुं स्वबोधवचनो यत्नोऽयमास्थीयते ॥३॥

### ટીકાકારનું મંગલાચરણ

જેની ઉપદેશરૂપી સંપત્તિને પામીને ભવ્યજીવો (સાચા અર્થમાં) ધર્મી બને છે, [1]રજોગુણ અને તમોગુણને દૂર કરનારા તે શ્રીવીરને પ્રયત્નપૂર્વક પ્રણામ કરીને, ઉપદેશ પદ નામના ગ્રંથનું અલ્પ વિવરણ શરૂ કરું છું.

શ્રીવીરની ઉપદેશરૂપ સંપત્તિ જલદી આપત્તિના અંતને પમાડે છે, અથાત્ આપત્તિનો નાશ કરે છે, અને (જ્ઞાનાદિરૂપ) લક્ષ્મીની સાથે સંબંધ કરાવે છે. શ્રી વીરનાં ઉપદેશવચનો તત્ત્વરૂપ અમૃતના સાગર છે અને સર્વ વિદ્વાનોના હૃદયને આનંદ પમાડનારાં છે. (૧-૨)

---

૧. આરંભની રુચિ અર્થાત્ ખૂબ પ્રવૃત્તિ કરવાની રુચિ, અધીરતા, પરિગ્રહ વધારવો, વિષયોનું સેવન વગેરે રજોગુણનાં લક્ષણો છે. ક્રોધ, અજ્ઞાનતા વગેરે તમોગુણનાં લક્ષણો છે.

જો કે પૂર્વપુરુષોએ ઉપદેશપદ ગ્રંથ ઉપર કઠિનવૃત્તિ રચેલી છે. પણ કાળબળથી અલ્પબુદ્ધિવાળો લોક તેને સ્પષ્ટપણે સમજવા માટે સમર્થ નથી. તેથી અલ્પબુદ્ધિવાળા લોકો ઉપર ઉપકાર કરવા માટે અને પોતાની પણ તત્ત્વસંબંધી પવિત્ર પ્રીતિને વિસ્તારવા માટે પોતાના બોધને કહેનારા(=જણાવનારા) આ(=વૃત્તિ રચવાના) પ્રયત્નને હું શરૂ કરું છું.(૩)

## ગ્રંથકારનું મંગલાચરણ

इह खल्वार्यमण्डलमध्योपलब्धजन्मानोऽपि निष्कङ्कपङ्कजपुञ्जोज्ज्वलकुलजातिप्रभृतिगुणमणिरमणीयताभाजोऽपि तथाविधशास्त्राभ्यासवशोपजातजात्यमतिमाहात्म्यापहस्तितबृहस्पतयोऽपि विहितौदार्यदाक्षिण्यप्रियंवदत्वाद्यनुपमकृत्यपरंपरासंपादितसकलमनस्विमानवमनःप्रमोदसंपदोऽपि स्वभावत एव मन्दमोहमदिरामदतया मनाक्प्राप्तनिर्वाणपुरपथानुकूलविषयवैराग्या अपि प्राणिनः प्रायो जिनोपज्ञानि सकलकुशलारम्भमूलबीजानि अत एवाधरीकृतनिधानकामधेनुप्रमुखपदार्थप्रभावाणि दूरसमुत्सारितप्रचुरतरमोहतिमिरप्रसराण्युपदेशपदानि विना न सम्यग्दर्शनादिपरिपूर्णमोक्षमार्गावतारसारा भवितुमर्हन्ति । कथञ्चित् तत्रावतीर्णा अप्यनादिकालविलग्नविलीनवासनासंतानविषवेगावेशवशेन क्षोभ्यमाणमनसो न स्थैर्यमवलम्बितुमलं, यद् वक्ष्यति,-"**सफलो एसुवएसो, गुणठाणारंभगाण भव्वाण । परिवडमाणाण तहा, पायं न उ तट्ठियाणं तु ।।**" इत्यवधार्य परहिताधाननिबिडनिबद्धबुद्धिर्भगवान् सुगृहीतनामधेयः **श्रीहरिभद्रसूरिरुपदेशपदनामकं प्रकरणं चिकीर्षुरादावेव** मङ्गलाभिधेयप्रयोजनप्रतिपादकमिदं गाथायुग्ममाह—

**नमिऊण महाभागं, तिलोगनाहं जिणं महावीरं ।**
**लोयालोयमियंकं, सिद्धं सिद्धोवदेसत्थं ॥१॥**

**वोच्छं उवएसपए, कइइ अहं तदुवदेसओ सुहुमे ।**
**भावत्थसारजुत्ते, मंदमइविबोहणट्ठाए ॥२॥**

**इह चाद्यगाथया सकलाकुशलकलापनिर्मूलोन्मूलकत्वेन समीहितशास्त्रनिष्पत्तिहेतुरादिमङ्गलमुक्तम्, द्वितीयया तु प्रेक्षावत्प्रवृत्त्यर्थं साक्षादेवोपदेशपदलक्षणमभिधेयं, मन्दमतिश्रोतृजनावबोधलक्षणं च प्रयोजनम्। सामर्थ्याच्चाभिधानाभिधेययोर्वाच्यवाचकभावलक्षणः, अभिधेयप्रयोजनयोश्च साध्यसाधनभावस्वभावः संबन्ध उक्त इति समुदायार्थः । संप्रत्यवयवार्थः प्रतन्यते; तत्र 'नत्वा' प्रणम्य प्रशस्तमनोवाक्कायव्यापारगोचरभावमानीयेति यावत्, महावीरमित्युत्तरेण योगः । कीदृशमित्याह, भागोऽचिन्त्या शक्तिः, ततो महान् प्रशस्यो भागो यस्य स तथा, तं 'महाभागम्' । महाभागता चास्य जन्ममज्जनकाल एव सहस्राक्षशङ्काशङ्कुसमुत्खननाय वामचरणाङ्गुष्ठकोटिविघट्टितामरगिरिवशात्, संकुलशैलराशेरिलाया विसंस्थूलतासंपादनेन, शक्रकृतपराक्रमप्रशंसाऽसहिष्णोः क्रीडनव्याजानीतात्मपरिभवस्य स्वस्कन्धभगवदारोपणानन्तरमेवारब्धगगनतलोल्लङ्घनकारिकायवृद्धेः सुरस्य वज्रनिष्ठुरमुष्टिघाताद् भूमिवत्कुब्जताकरणेन, सकलत्रैलोक्यसाहाय्यनिरपेक्षतया प्रव्रज्यानन्तरमेव दिव्याद्युपसर्गसंसर्गाधिसहनाङ्गीकारेण, केवलज्ञान-**

लाभकाले चाष्टमहाप्रातिहार्यसपर्योपस्थापनेन, तदनु आन्तरतमःपटलपाटनपटीयसा समस्तजनमनोहारिणाऽवितथकथापथस्फीतिकारिणा जातिजरामरणापहारिणा प्रधानार्धमागधभाषाविशेषेण समकालमेव मित्रस्वरूपनरामरादिजन्तुसंशयसंदोहापोहसमुत्पादनेन, स्वविहारपवनप्रसरेण च पञ्चविंशतियोजनप्रमाणचतुर्दिग्विभागमहीमण्डलमध्ये सर्वाधिव्याधिरजोराशेरपसारणेन, सकलसुरासुरातिशायिशरीरसौन्दर्यादिगुणग्रामवशेन च त्रिभुवनस्यापि प्रतीतैव । पुनरपि कीदृशमित्याह, लोक्यते केवलालोकलोचनबलेन केवलिभिर्दृश्यते यः स 'लोकः', स च धर्माधर्मजीवपुद्‌गलास्तिकायोपलक्षित आकाशदेशः, तदुक्तम्;- ''धर्मादीनां वृत्तिर्द्रव्याणां भवति यत्र तत् क्षेत्रम् । तैर्द्रव्यैः सह लोकस्तद्विपरीतं ह्यलोकाख्यम् ॥१॥'' इह तु तदेकदेशोऽप्यूर्द्ध्वादिर्ग्रामैकदेशग्रामवल्लोक इत्युच्यते, ततस्त्रयो लोकाः समाहृतास्त्रिलोकम्, त्रिलोकस्य लोकत्रयवर्त्तिनो भव्यजनस्य नाथः अप्राप्तसम्यग्दर्शनादिगुणाधानेन प्राप्तगुणानां च तत्तदुपायप्ररूपणेन रक्षणतो योगक्षेमकर्त्ता यस्तं 'त्रिलोकनाथम्'; 'जिनं' दुरन्तरागाद्यन्तरवैरिवारजेतारम् । कमित्याह;- दुर्गसुराधमसंगमकादिक्षुद्रजन्तुकृतोपसर्गवर्गसंसर्गेऽप्यविचलितसत्त्वतया महान् बृहद्वीरः शूरो यस्तं 'महावीरम्' अपश्चिमतीर्थाधीश्वरं वर्द्धमाननामानमित्यर्थः। पुनरपि कीदृशमित्याह;- लोक उक्तलक्षणस्तद्विपरीतश्चालोकः, लोकालोकयोर्मृगाङ्क इव केवलालोकपूर्वकवचनचन्द्रिकाप्राग्भारेण यथावस्थिततत्स्वरूपप्रकाशनात् तं 'लोकालोकमृगाङ्कम्' । तथा, 'षिञ् बन्धने' इति वचनात्सितं चिरकालबद्धं कर्म ध्मातं निर्दग्धं शुक्लध्यानानलाद् येन स निरुक्तात्सिद्धः; 'षिधु गत्याम्' इति गतो निर्वृतिं यातो भुवनाद्भुतभूतविभूतिभाजनतया, 'षिधू शास्त्रे मांगल्ये च' इति वचनात् समस्तवस्तुस्तोमशास्ता विहितमङ्गलः 'षिधु संराद्धौ' 'राध साध संसिद्धौ' इति वचनात् साधितसकलप्रयोजनो वा सिद्धस्तं 'सिद्धम्' उक्तं च;- ''ध्मातं सितं येन पुराणकर्म, यो वा गतो निर्वृतिसौधमूर्ध्नि। ख्यातोऽनुशास्ता परिनिष्ठितार्थो, यः सोऽस्तु सिद्धः कृतमङ्गलो मे ॥१॥'' तथा, सिद्धः प्रमाणबलोपलब्धात्मतत्त्व उपदेशस्य प्रवचनस्यार्थः जीवाजीवादिरूपोऽभिधेयविशेषो यस्य स तथा; अथवा सिद्धः सकलक्लेशविनिर्मुक्तो जीवविशेषः स एवोपदेशस्याज्ञाया अर्थं प्रयोजनं यस्य स तथा, भगवदाज्ञाया मोक्षैकफलत्वेन परमर्षिभिः प्रतिपादितत्वात्, अतस्तं 'सिद्धोपदेशार्थम्'। अत्र च विशेषणबाहुल्यमज्ञातज्ञापनफलमेवोक्तम्, न पुनर्व्यवच्छेदार्थम्, यथा कृष्णो भ्रमरः शुक्ला बलाका इत्यादीवेति । 'वक्ष्ये'ऽभिधास्ये किमित्याह;- 'उपदेशपदानि', इह सकललोकपुरुषार्थेषु मोक्ष एव प्रधानः पुरुषार्थ इति तस्यैव मतिमतामुपदेष्टुमर्हत्वेन तदुपदेशानामेव भावत उपदेशत्वमामनन्ति, तत उपदेशानां मोक्षमार्गविषयाणां शिक्षाविशेषाणां पदानि स्थानानि मनुष्यजन्मदुर्लभत्वादीनि, यद्वा, उपदेशा एव पदानि वचनानि उपदेशपदानि तानि । 'कतिचित्'-स्वल्पानि सूत्रतः, अर्थतस्त्वपरिमाणानि, सर्वसूत्राणामनन्तार्थाभिधायकत्वेन पारगतगदितागमे प्रतिपादनात् ।

**तथा चार्षम्;- "सव्वनईणं जा हुज्ज वालुया सव्वुउदहि जं तोयं । एत्तो अणंतगुणिओ अत्थो सुत्तस्स एक्कस्स ॥१॥" कथं वक्ष्ये इत्याह;- तस्य महाभागादिगुणभाजनस्य भगवतो महावीरस्योपदेशास्तदुपदेशास्तेभ्यः 'तदुपदेशतः', महावीरागमानुसारेणेत्यर्थः, स्वातन्त्र्येण च्छद्मस्थस्योपदेशदानानधिकारित्वात् । कीदृशानीत्याह,- 'सूक्ष्माणि' सूक्ष्मार्थप्रतिपादकत्वात् कुशाग्रबुद्धिगम्यानि, अत एव भावार्थ ऐदम्पर्यं तदेव सारः पदवाक्यमहावाक्यार्थेषु मध्ये प्रधानं तेन युक्तानि 'भावार्थसारयुक्तानि' । भावार्थश्च "एयं पुण एवं खलु" इत्यादिना वक्ष्यते । किमर्थमित्याह;- मन्दा जडा संशयविपर्ययानध्यवसायविप्लवोपेता तत्त्वप्रतीतिं प्रति मतिर्बुद्धिर्येषां ते तथा तेषां विबोधनं संशयादिबोधदोषापोहेन परमार्थप्रकाशनं तदेवार्थः प्रयोजनं यत्र भणने तद् 'मन्दमतिविबोधनार्थम्', क्रियाविशेषणमेतत् ॥१-२॥**

આ સંસારમાં ખરેખર ! જીવો આર્યદેશમાં જન્મ પામેલા હોવા છતાં, નિર્મલ કમલના સમૂહ સમાન નિર્મલ કુલ જાતિ વગેરે ગુણરૂપ મણિઓના સૌંદર્યનો અનુભવ કરનારા હોવા છતાં, તેવા પ્રકારના શાસ્ત્રાભ્યાસથી થયેલા શ્રેષ્ઠમતિ માહાત્મ્યથી બૃહસ્પતિનો પણ તિરસ્કાર કરનારા હોવા છતાં, કરેલી ઉદારતા-દાક્ષિણ્યતા-પ્રિયવચન આદિ અનુપમ કાર્યપરંપરાથી શ્રેષ્ઠ ચિત્તવાળા સર્વ મનુષ્યોની માનસિક હર્ષરૂપ સંપત્તિઓને પ્રાપ્ત કરનારા હોવા છતાં, મોહરૂપ મદિરાનું ઘેન મંદ થઈ જવાથી મોક્ષનગરના માર્ગને અનુકૂળ હોય તેવા વિષયવૈરાગ્યને કંઈક પ્રાપ્ત કરનારા હોવા છતાં, પ્રાયઃ સકલકુશળ કાર્યોના પ્રારંભ માટે મૂલ બીજ સમાન, એથી જ નિધાન અને કામધેનુ વગેરે (સર્વ) પદાર્થોના પ્રભાવને હલકો પાડનારાં અને અતિશય મોહરૂપ અંધકારના ફેલાવાને દૂર કરનારાં (અટકાવી દેનારાં) જિનપ્રણીત ઉપદેશપદો વિના સમ્યગ્દર્શનાદિરૂપ પરિપૂર્ણ મોક્ષમાર્ગમાં પ્રવેશ કરવા દ્વારા શ્રેષ્ઠ થવા માટે યોગ્ય બનતા નથી, અર્થાત્ મોક્ષમાર્ગમાં પ્રવેશ કરવાને યોગ્ય બનતા નથી. તથા કોઈ પણ રીતે મોક્ષમાર્ગમાં પ્રવેશ કરવા છતાં અનાદિકાળથી વળગેલી અને આત્માની સાથે વિશેષથી એકમેક થયેલી વાસના(=મિથ્યાજ્ઞાનથી થયેલા સંસ્કાર)ની પરંપરારૂપ વિષવેગના જોરથી જેમનું મન ક્ષોભ પામી રહ્યું છે એવા જીવો જિનપ્રણીત ઉપદેશપદો વિના મોક્ષમાર્ગમાં સ્થિરતાનું આલંબન લેવા માટે સમર્થ થતા નથી, અર્થાત્ સ્થિર બની શકતા નથી.

આ ગ્રંથમાં જ આગળ કહેશે કે– "ચોથું ગુણસ્થાન આદિ ગુણસ્થાનનો આરંભ કરનારા, અર્થાત્ ચોથું ગુણસ્થાન આદિ કોઈ ગુણસ્થાનને પામવા માટે સંપૂર્ણ યોગ્યતાને પામેલા, ભવ્ય જીવોને અને તેવા પ્રકારના ક્લિષ્ટ કર્મોદયથી વિવક્ષિત ગુણસ્થાનથી નીચે પડી રહ્યા છે તેવા જીવોને આ ઉપદેશ [1]પ્રાયઃ સફલ છે. અહીં આશય એ છે કે જે જીવો ઉપરના ગુણસ્થાને ચઢવાને માટે લાયક હોય તેવા જીવો આ ઉપદેશથી ઉપરના ગુણસ્થાને ચઢે છે. અને જે જીવો પ્રાપ્ત કરેલા ગુણસ્થાનથી પડી રહ્યા હોય તેવા જીવો આ ઉપદેશથી પડતા બચી જાય છે. એથી આ બે પ્રકારના જીવો માટે આ ઉપદેશ સફલ છે. પણ જે ભવ્યજીવો ગુણસ્થાનકમાં સ્થિર હોય તેમને આ ઉપદેશ સફલ બનતો નથી." (ઉપદેશપદ ગાથા ૪૯૯)

૧. નિકાચિત કર્મોના ઉદયથી પડતા જીવોને આ ઉપદેશ સફળ બનતો નથી માટે અહીં પ્રાયઃ કહ્યું છે.

(આ ગાથાથી ટીકાકાર પ્રસ્તુતમાં એમ કહેવા માગે છે કે ચોથું ગુણસ્થાન વગેરે ગુણસ્થાનને પામવાની સંપૂર્ણ લાયકાતવાળા પણ જીવો જિનપ્રણીત ઉપદેશપદો વિના ચોથું વગેરે ગુણસ્થાનને પામી શકતા નથી. તથા ચોથું વગેરે ગુણસ્થાનક પ્રાપ્ત થયા પછી પણ જિનપ્રણીત ઉપદેશપદો વિના સ્થિર રહી શકતા નથી. આથી ગુણસ્થાનકની પ્રાપ્તિ માટે અને તેમાં સ્થિરતા માટે જિનપ્રણીત ઉપદેશ પદો બહુ જ જરૂરી છે.)

**આ પ્રમાણે નિર્ણય કરીને જેમની બુદ્ધિ પરહિત કરવામાં ગાઢ બંધાયેલી છે તેવા, જેમનું નામ પ્રાતઃકાળે સ્મરણ કરવા લાયક છે તેવા અને ઉપદેશપદ નામના પ્રકરણને કરવાની (=રચવાની) ઇચ્છાવાળા શ્રી હરિભદ્રસૂરિ મહારાજા પ્રારંભમાં જ મંગલ, અભિધેય અને પ્રયોજનને જણાવનારી આ બે ગાથાને કહે છે–**

**ગાથાર્થ–** મહાભાગ, ત્રિલોકનાથ, જિન, લોકાલોકચંદ્ર, સિદ્ધ અને સિદ્ધોપદેશાર્થ એવા મહાવીરને નમીને તેમના ઉપદેશથી સૂક્ષ્મ અને ભાવાર્થસારયુક્ત એવા અતિ અલ્પ ઉપદેશપદોને મંદમતિ જીવોના વિશેષ બોધ માટે કહીશ.

**ટીકાર્થ– મહાભાગ**-મહા એટલે પ્રશંસનીય. ભાગ એટલે અચિંત્યશક્તિ. મહાભાગ એટલે પ્રશંસનીય અચિંત્યશક્તિવાળા. શ્રી વીરમાં પ્રશંસનીય અચિંત્યશક્તિ હતી. તે આ પ્રમાણે–

(૧) શ્રી મહાવીર પરમાત્માના જન્માભિષેક વખતે ઇંદ્રને આટલા બાળ વીર આટલા બધા જળભારને શી રીતે સહન કરશે ? એવી શંકા થઇ. ઇંદ્રના આ સંશયરૂપ ખીલાને ઉખેડવા માટે શ્રી વીરે ડાબા પગના અંગુઠાના અગ્રભાગથી મેરુપર્વતને સ્પર્શ કર્યો. તેથી ફેલાયેલા પર્વતસમૂહની સાથે પૃથ્વીને કંપાવી દીધી.

(૨) સૌધર્મ ઇંદ્રે મહાવીરના પરાક્રમની પ્રશંસા કરી. આ પ્રશંસાને સહન ન કરનાર એક દેવ જ્યાં શ્રીવીર રાજકુમારો સાથે રમી રહ્યાં હતાં ત્યાં રાજકુમારનું રૂપ ધારણ કરીને તેમની સાથે રમવા લાગ્યો. તે રમતમાં એવી શરત કરી હતી કે જે કોઇ જિતે તે હારનારના ખભા પર ચઢે. દેવ જાણી જોઇને હારી ગયો. આથી તેણે શ્રીવીરને પોતાના ખભા ઉપર ચઢાવ્યા. ભગવાનને ખભા ઉપર બેસાડ્યા પછી તુરત તે દેવ આકાશતળને ઓળંગી જાય તેટલી કાયાને વધારવાનું શરૂ કર્યું. આથી શ્રીવીરે તેની પીઠમાં વજ્ર જેવી મુઠ્ઠીનો કઠોર ઘા કરીને તેને ભૂમિની જેમ કુબડો કરી દીધો. (ભૂમિ ઊંચી નીચી હોય છે. એક સરખી નથી હોતી. આથી અહીં 'ભૂમિની જેમ' એમ કહ્યું છે.)

(૩) શ્રીવીરે સંપૂર્ણ ત્રણ લોકની સહાયથી નિરપેક્ષ બનીને દીક્ષા લીધી. દીક્ષા લીધા પછી તરત જ દેવ-મનુષ્ય વગેરેના ઉપસર્ગોનો જે સંબંધ થયો, અર્થાત્ જે ઉપસર્ગો આવ્યા, તેને શ્રીવીરે સહન કરવાનું સ્વીકાર્યું.[1]

૧. દીક્ષા લીધા પછી તરત જ ગોવાળિયાએ કરેલા ઉપસર્ગને દૂર કરીને ઇંદ્રે શ્રીવીરને વિનંતિ કરી કે, હે પ્રભુ ! આપને બાર વર્ષો સુધી ઉપસર્ગોની પરંપરા થવાની છે. તેને અટકાવવા માટે હું આપની પાસે રહેવા માગું છું. શ્રીવીરે કહ્યું: હે ઇન્દ્ર ! અરિહંતો ક્યારેય પરની સહાયની અપેક્ષા રાખતા નથી.

(૪) કેવળજ્ઞાનની પ્રાપ્તિના કાળે(=કેવળજ્ઞાનની પ્રાપ્તિ પછી સદાય) આઠ મહાપ્રાતિહાર્યો રૂપ પૂજાની પ્રાપ્તિ[૧] થઇ.

(૫) શ્રી વીરપ્રભુની કેવલજ્ઞાનની પ્રાપ્તિ પછી અંતરના અજ્ઞાન સમૂહને છેદવામાં ચતુર, સર્વલોકના મનને હરનારી, સત્યકથાના માર્ગને વિસ્તારનારી, અને જન્મ-જરા-મરણને દૂર કરનારી, (સર્વભાષાઓમાં) મુખ્ય અને ઉત્કૃષ્ટ એવી અર્ધમાગધી ભાષાથી (વિરોધી હોવા છતાં પ્રભુના સાન્નિધ્યથી) મિત્ર સ્વરૂપ બનેલા રાજા વગેરે જીવોના સંશયસમૂહને સમકાળે જ (=એકી સાથે) દૂર કરે છે.

(૬) શ્રી વીરપ્રભુ પોતાના વિહાર રૂપ પવનના ફેલાવાથી ચાર દિશાઓના પૃથ્વીપ્રદેશમાં ૨૫ યોજન સુધી (ઉપર અને નીચે સાડા બાર-સાડા બાર યોજન સુધી એમ કુલ સવાસો યોજન સુધી) સર્વ આધિ-વ્યાધિ રૂપ ધૂળસમૂહને દૂર કરે છે.

(૭) શ્રી વીરપ્રભુમાં સર્વ સુર-અસુરોથી ચઢિયાતું શરીરસૌંદર્ય વગેરે ગુણસમૂહ હોય છે.

આ કારણોથી શ્રી વીરપ્રભુની પ્રશંસનીય અચિંત્યશક્તિ ત્રણભુવનમાં પણ પ્રસિદ્ધ જ છે.

**ત્રિલોકનાથ**– કેવળજ્ઞાનરૂપ ચક્ષુબળથી કેવલીઓથી જે જોવાય તે લોક કહેવાય છે. તે લોક ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, જીવાસ્તિકાય અને પુદ્‌ગલાસ્તિકાયથી ઓળખાયેલ આકાશ પ્રદેશ છે. અર્થાત્ આ ચાર જેટલા આકાશપ્રદેશમાં છે તેટલો આકાશપ્રદેશ લોક છે. કહ્યું છે કે– **"ધર્માસ્તિકાય આદિ(ચાર) દ્રવ્યો જે ક્ષેત્રમાં રહે છે તે દ્રવ્યોની સાથે તે ક્ષેત્રને લોક કહેવાય છે અને તેનાથી વિપરીત(=અન્ય) ક્ષેત્ર અલોક કહેવાય છે."** અહીં તો જેવી રીતે ગામનો એક દેશ ગામ કહેવાય છે, તે રીતે લોકનો ઊર્ધ્વ આદિ એક દેશ પણ લોક કહેવાય છે. તેથી (ઊર્ધ્વ, અધો અને તિર્યગ્ એ ત્રણની અપેક્ષાએ) ત્રણ લોક તે ત્રિલોક કહેવાય છે. ત્રણ લોકના નાથ તે ત્રિલોકનાથ. અહીં ત્રણ લોકના નાથ એટલે ત્રણ લોકમાં રહેલા ભવ્યલોકના નાથ. જે યોગ અને ક્ષેમને કરે તે નાથ. પ્રાપ્ત ન થયેલા સમ્યગ્દર્શનાદિની પ્રાપ્તિ થવી તે યોગ. પ્રાપ્ત થયેલા ગુણોનું રક્ષણ કરવું તે ક્ષેમ. શ્રી વીરપ્રભુ ત્રણ લોકમાં રહેલા ભવ્યજીવોના યોગ-ક્ષેમને કરે છે માટે ત્રિલોકનાથ છે.

**જિન**- દુઃખે કરીને જેમનો નાશ કરી શકાય તેવા રાગાદિ આંતરશત્રુઓના સમૂહને જિતનારા શ્રીવીર જિન કહેવાય છે.

**લોકાલોકચંદ્ર**– લોકનું લક્ષણ પૂર્વે કહ્યું છે. તેનાથી વિપરીત (=અન્ય) અલોક છે. જેવી રીતે ચંદ્ર વસ્તુનું પ્રકાશન કરે છે, તેવી રીતે શ્રીવીરપ્રભુ કેવળજ્ઞાનપૂર્વક વચનરૂપી ચંદ્રજ્યોત્સ્નાના સમૂહથી લોકાલોકના યથાવસ્થિત સ્વરૂપનું પ્રકાશન કરે છે, માટે લોકાલોકચંદ્ર છે.

૧. **उपस्थापन**=સમીપમાં સ્થાપવું.

**સિદ્ધ**– સિદ્ધશબ્દમાં **સિ** અને **દ્ધ** એમ બે અક્ષરો છે. તેમાં **સિ** એટલે **સિત. સિત** એટલે બાંધેલું. **દ્ધ** એટલે **ધ્માત. ધ્માત** એટલે બાળી નાખેલું. આથી સિદ્ધ શબ્દનો [1]નિરુક્તિથી થતો અર્થ આ પ્રમાણે છે– લાંબા કાળથી બાંધેલું કર્મ શુક્લધ્યાનરૂપ અગ્નિ વડે જેનાથી બાળી નંખાયું છે તે સિદ્ધ. અથવા જે ભુવનની આશ્ચર્યકારી વિભૂતિનું પાત્ર હોવાના કારણે મોક્ષમાં ગયેલ છે તે સિદ્ધ. અથવા જે સર્વ વસ્તુસમૂહને કહે તે સિદ્ધ. અથવા જેણે મંગલ કર્યું છે તે સિદ્ધ. અથવા જેણે સર્વ કાર્યોને સાધી લીધાં છે તે સિદ્ધ. કહ્યું છે કે **"જેના વડે બાંધેલાં પૂર્વકર્મો બાળી નંખાયા છે અથવા જે મોક્ષ મહેલની ઉપર ગયો છે, અથવા જે અનુશાસન કરે છે=વસ્તુને કહે છે, અથવા જેનાં કાર્યો પૂર્ણ થઈ ગયાં છે, તે જીવને સિદ્ધ કહ્યો છે. તે સિદ્ધ મારું મંગલ કરનાર થાઓ."**

**સિદ્ધોપદેશાર્થ**– અહીં ઉપદેશ એટલે પ્રવચન. અર્થ એટલે જીવાજીવાદિરૂપ અભિધેય-વિશેષ. સિદ્ધ એટલે જેણે પ્રમાણબલથી યથાર્થ સ્વરૂપને જાણ્યું છે તે. અહીં તાત્પર્યાર્થ આ છે– જેણે પ્રમાણબલથી પ્રવચનના જીવાજીવાદિરૂપ અભિધેયવિશેષનું યથાર્થ સ્વરૂપ જાણી લીધું છે તે સિદ્ધોપદેશાર્થ. અથવા સિદ્ધ એટલે સર્વ ક્લેશોથી તદ્દન મુક્ત જીવવિશેષ. ઉપદેશ એટલે આજ્ઞા. અર્થ એટલે પ્રયોજન. સિદ્ધ જ જેની આજ્ઞાનું પ્રયોજન છે તે સિદ્ધોપદેશાર્થ. કારણ કે પરમર્ષિઓએ ભગવાનની આજ્ઞાને કેવળ મોક્ષફળવાળી કહી છે, અર્થાત્ ભગવાનની આજ્ઞાનું ફલ કેવળ મોક્ષ જ છે, એમ પરમર્ષિઓએ કહ્યું છે. (સિદ્ધ કહો કે મોક્ષ કહો એ બંનેનો અર્થ સમાન છે.)

**મહાવીર**– વીર એટલે શૂર. મહાન વીર(=શૂર) તે મહાવીર. દુઃખ આપનાર અને સુરાધમ એવા સંગમ વગેરે ક્ષુદ્રજીવોથી કરાયેલા ઉપસર્ગ સમૂહનો સંબંધ થવા છતાં સત્ત્વ ચલિત ન થવાના કારણે ભગવાન મહાવીર કહેવાયા. મહાવીર એટલે વર્ધમાન નામના અંતિમ તીર્થંકર.

અહીં મહાવીરનાં ઘણાં વિશેષણો કહ્યાં છે તે જેઓ મહાવીરને ન જાણતા હોય તેમને મહાવીર કેવા હતા તે જણાવવા માટે કહ્યાં છે, નહિ કે અન્યનો વ્યવચ્છેદ કરવા. જેમકે કાળો ભમરો, સફેદ બગલી, અહીં ભમરાનું 'કાળો' એ વિશેષણ કાળા સિવાયના ભમરાનો વ્યવચ્છેદ કરવા માટે નથી, કિંતુ ભમરાનું સ્વરૂપ જણાવવા માટે છે, એટલે કે ભમરો કાળો હોય છે એમ જણાવવા માટે છે. તે રીતે બગલીનું 'સફેદ' એ વિશેષણ બગલી સફેદ હોય છે એમ જણાવવા માટે છે, અન્ય બગલીનો વ્યવચ્છેદ કરવા માટે નહિ.

---

૧. પદને ભાંગીને (=પદના એક એક અક્ષરને જુદા કરીને) જે અર્થ કરવામાં આવે તેને નિરુક્તિ અર્થ કહેવામાં આવે છે.

(અહીં ભાવાર્થ આ પ્રમાણે છે– વિશેષણો વ્યવચ્છેદક અને સ્વરૂપબોધક એમ બે પ્રકારના હોય છે. તેમાં અન્યનો વ્યવચ્છેદ કરે=અન્યને જુદું પાડે તે વ્યવચ્છેદક વિશેષણ છે. જેમકે નીલકમલ. અહીં કમળનું નીલ વિશેષણ રક્તકમલ અને શ્વેતકમલ વગેરે કમળોનો વ્યવચ્છેદ કરે છે. પણ ગરમ અગ્નિ. અહીં ગરમ વિશેષણ અન્ય અગ્નિનો વ્યચ્છેદ કરવા નથી, કિંતુ અગ્નિ ગરમ હોય છે એમ અગ્નિનું સ્વરૂપ બતાવવા માટે છે.)

**નમીને**– મહાવીરને નમીને એટલે મહાવીરને પ્રશસ્ત મન-વચન-કાયાના વ્યાપારનો વિષય[1] બનાવીને.

**તેમના ઉપદેશથી**– તેમના ઉપદેશથી એટલે મહાભાગ આદિ ગુણોના ભાજન એવા મહાવીરના આગમના અનુસારે. કેમકે છદ્મસ્થને સ્વતંત્રપણે ઉપદેશ આપવાનો અધિકાર નથી.

**સૂક્ષ્મ**– સૂક્ષ્મ એટલે સૂક્ષ્મ પદાર્થોને જણાવનાર હોવાથી તીક્ષ્ણ બુદ્ધિથી જાણી શકાય તેવાં.

**ભાવાર્થસારયુક્ત**– ભાવાર્થ એટલે ઐદમ્પર્ય=નિચોડ. સાર એટલે પ્રધાન=મુખ્ય. ભાવાર્થ એ જ સાર તે ભાવાર્થસાર. પદાર્થ, વાક્યાર્થ, અને મહાવાક્યાર્થમાં પ્રધાન તે ભાવાર્થસાર. અહીં ભાવાર્થ આ પ્રમાણે છે- પદાર્થ, વાક્યાર્થ, મહાવાક્યાર્થ અને ઐદંપર્યાર્થ એ ચાર વ્યાખ્યા કરવાનાં અંગો છે. તેમાં ઐદંપર્યાર્થ મુખ્ય છે. ભાવાર્થસાર છે એટલે કે ઐદંપર્યાર્થ એ જ પ્રધાન=મુખ્ય છે. ભાવાર્થસારથી યુક્ત છે એટલે પ્રધાન એવા ઐદંપર્યાર્થથી યુક્ત છે. ઉપદેશપદો પ્રધાન એવા ઐદંપર્યાર્થથી યુક્ત છે. ભાવાર્થ **एयं पुण एवं खलु** ઇત્યાદિ (૧૬ મી વગેરે) ગાથાઓથી કહેશે.

**અતિઅલ્પ**– અહીં ઉપદેશપદો સૂત્રથી અતિઅલ્પ છે પણ અર્થથી તો પરિમાણથી રહિત છે, અર્થાત્ ઉપદેશપદોના અર્થનું તો કોઇ પરિમાણ જ નથી. કારણ કે સર્વ સૂત્રો અનંત અર્થોને કહેનારાં છે, અર્થાત્ એક એક સૂત્રના અનંત અર્થો થાય છે એમ સર્વજ્ઞના આગમમાં કહ્યું છે. અહીં આર્ષ(=ઋષિવચન) આ પ્રમાણે છે– **"સર્વનદીઓની જેટલી રેતી થાય અને સર્વ સમુદ્રોનું જેટલું પાણી થાય, તેનાથી અનંતગુણા અર્થો એક સૂત્રના થાય."**

**ઉપદેશપદોને– અહીં લોકમાં રહેલા સર્વ પુરુષાર્થોમાં મોક્ષ જ પ્રધાન પુરુષાર્થ છે.** આથી મતિમાન પુરુષો માટે મોક્ષ જ ઉપદેશ આપવાને યોગ્ય છે, અર્થાત્ મતિમાન પુરુષોએ મોક્ષનો જ ઉપદેશ આપવો જોઇએ. આથી મતિમાન પુરુષો મોક્ષસંબંધી ઉપદેશોનું જ પરમાર્થથી ઉપદેશપણું માને છે, અર્થાત્ મોક્ષ સંબંધી ઉપદેશોને જ પરમાર્થથી ઉપદેશરૂપે માને છે. તેથી ઉપદેશો એટલે મોક્ષમાર્ગ સંબંધી શિક્ષાવિશેષો. પદો એટલે સ્થાનો. ઉપદેશોનાં પદો એટલે ઉપદેશોનાં સ્થાનો. આ સ્થાનો મનુષ્યજન્મની દુર્લભતા વગેરે છે, અર્થાત્

૧. જેના માટે મન-વચન-કાયાનો વ્યાપાર હોય તે મન-વચન-કાયાના વ્યાપારનો વિષય કહેવાય. પ્રસ્તુતમાં મહાવીરને નમવા મન-વચન-કાયાનો વ્યાપાર છે, માટે મન-વચન-કાયાના વ્યાપારનો વિષય મહાવીર છે.

પ્રસ્તુતમાં મોક્ષમાર્ગનો ઉપદેશ આપવા માટે મનુષ્યજન્મની દુર્લભતા વગેરે બાબતોનો ઉપદેશ આપવામાં આવ્યો છે. અથવા ઉપદેશપદોનો વિગ્રહ આ પ્રમાણે છે– ઉપદેશ એ જ પદો તે ઉપદેશપદો. અહીં પદો એટલે વચનો. આથી ઉપદેશપદો એટલે ઉપદેશરૂપ વચનો.

**મંદમતિ જીવોના વિશેષબોધ માટે**– મંદ એટલે જડ. જડ એટલે તત્ત્વનો બોધ કરવામાં સંશય[1], વિપર્યય અને અનધ્યવસાય રૂપ ઉપદ્રવથી યુક્ત. મંદ છે મતિ જેમની તે મંદમતિ-જીવો. વિશેષ બોધ એટલે બોધના સંશય વગેરે દોષો દૂર થાય તે રીતે પરમાર્થનો પ્રકાશ. આનો ભાવ એ છે કે મંદમતિજીવોને સંશય વગેરે ન રહે તે રીતે પારમાર્થિક બોધ થાય એ ઉપદેશપદોને કહેવામાં પ્રયોજન છે.

## અનુબંધચતુષ્ટય

(મગલ, અભિધેય, પ્રયોજન અને સંબંધ એ ચારની અનુબંધચતુષ્ટય સંજ્ઞા છે. આ ગ્રંથમાં અનુબંધચતુષ્ટય આ પ્રમાણે છે–)

મંગલ સર્વ અશુભ સમૂહને મૂળથી ઉખેડી નાખે છે. આથી અહીં પહેલી ગાથાથી ઇષ્ટશાસ્ત્રની સિદ્ધિનું કારણ એવું [2]આદિમંગલ કહ્યું છે. બીજી ગાથાથી વિચારપૂર્વક પ્રવૃત્તિ કરનારા પુરુષોની આ શાસ્ત્રમાં પ્રવૃત્તિ થાય એ માટે ઉપદેશપદ રૂપ અભિધેય સાક્ષાત્ જ કહ્યું છે. મંદમતિ શ્રોતાજનને બોધ થાય એ પ્રયોજન સાક્ષાત્ જ કહ્યું છે. તથા સામર્થ્યથી અભિધાન(=ગ્રંથ) અને અભિધેય(=વિષય) એ બેનો વાચ્ય-વાચકરૂપ સંબંધ કહ્યો છે, અર્થાત્ અભિધેય વાચ્ય છે(=કહેવા યોગ્ય છે) અને અભિધાન(=પ્રસ્તુત ગ્રંથ) વાચક (=કહેનાર) છે. તથા અભિધેય અને પ્રયોજન(=હેતુ) એ બેનો સાધ્ય-સાધનરૂપ સંબંધ છે, અર્થાત્ અભિધેય સાધ્ય છે અને પ્રયોજન સાધન છે. (૧-૨)

**अथ पदेषूपदेशपदेषु सर्वप्रधानमुपदेशपदं तदभिधित्सुराह—**

**लद्धूण माणुसत्तं, कहंचि अइदुल्लहं भवसमुद्दे ।**
**सम्मं निउंजियव्वं, कुसलेहिं सयावि धम्मम्मि ॥३॥**

---

૧. પરસ્પર બે વિરુદ્ધ વસ્તુનું જ્ઞાન તે સંશય. જેમકે– આ દોરડું છે કે સાપ ? યથાર્થ વસ્તુના સ્વરૂપથી વિરુદ્ધ હોય તેવું "આ આમ જ છે." એવું એક પ્રકારનું જ્ઞાન તે વિપર્યય. જેમકે-દોરડામાં આ સર્પ છે એવું જ્ઞાન. નિશ્ચય રહિત "આ કંઇક છે" એવું જ્ઞાન તે અનધ્યવસાય. જેમકે- અંધારામાં "અહીં કાંઇક છે" એવું જ્ઞાન.

૨. આદિ, મધ્ય અને અંતિમ એમ ત્રણ મંગલ છે. આદિમંગલ વિઘ્ન વિના ઇષ્ટશાસ્ત્રરચનાની સિદ્ધિ થાય એ માટે તથા શિષ્યો વિઘ્ન વિના શાસ્ત્રાર્થના પારને પામે એ માટે છે. મધ્યમંગલ શિષ્ય-પ્રશિષ્યોની પરંપરામાં શાસ્ત્રાર્થ સ્થિર થાય એ માટે છે. અંતિમમંગલ શિષ્ય-પ્રશિષ્યોની પરંપરામાં શાસ્ત્રાર્થનો વિચ્છેદ ન થાય એ માટે છે. આમ ત્રણ મંગલ હોવાથી અહીં મંગલનું 'આદિ' એવુ વિશેષણ છે.

'लब्ध्वा' समुपलभ्य 'मानुषत्वं' मनुजभावलक्षणं 'कथंचित्' केनापि प्रकारेण तनुकषायत्वादिनाध्यवसायविशेषेणेत्यर्थः, यदवाचि—''पयईइ तणुकसाओ, दाणरओ सीलसंजमविहूणो । मज्झिमगुणेहिं जुत्तो, मणुयाउं बंधए जीवो ॥१ ॥'' 'अतिदुर्लभम्' अतीव दुरापं वक्ष्यमाणैरेव चोल्लकादिभिर्ज्ञातैः 'भवसमुद्रे'ऽनेकपरजात्यन्तरनीरभराकीर्णेऽनर्वाक्पारे संसारकूपारे । किमित्याह-'सम्यक्' स्वावस्थोचितानुष्ठानारम्भरूपसंगतभावयुक्तं यथा भवति एवं 'नियोक्तव्यं' मनोवाक्कायसामर्थ्यागोपनेन व्यापारणीयं 'कुशलैः'अज्ञानादिदोषकुशलवञ्चनकलाकलापकलितैः मतिमद्भिः पुंभिरित्यर्थः।'सदापि' बालयुवत्वादि-सर्वावस्थाव्याप्त्या सर्वकालमेव, 'धर्मे' श्रुतचारित्रलक्षणे जिनप्रणीते, अत एव पठ्यते— ''बाल एव चरेद्धर्ममनित्यं खलु जीवितम् । फलानामिव पक्वानां, शश्वत् पतनतो भयम् ॥१ ॥ अद्य श्वो वा परश्वो वा, श्रोष्यते निष्पतिष्यतः । परिपक्वफलस्येव, वपुषोऽपि टणक्ककः ॥३ ॥''

**સર્વ ઉપદેશવચનોમાં[1] જે પ્રધાન(=મુખ્ય) ઉપદેશવચન છે, તેને કહેવાની ઈચ્છાવાળા ગ્રંથકાર કહે છે–**

**ગાથાર્થ**– ભવસમુદ્રમાં અતિદુર્લભ એવા મનુષ્યભવને કોઈપણ રીતે પામીને કુશળ પુરુષોએ મનુષ્યભવને સદાય ધર્મમાં સમ્યક્ જોડવો જોઈએ, અર્થાત્ મનુષ્યભવનો સદાય ધર્મમાં સમ્યક્ ઉપયોગ કરવો જોઈએ.

**ટીકાર્થ**– **ભવસમુદ્રમાં**=અનેક બીજી જાતિઓના ભેદરૂપ પાણીના સમૂહથી ભરેલા અને જેનો કિનારો બહુ દૂર છે તેવા સંસારસમુદ્રમાં.

**અતિદુર્લભ**= હવે પછી જ કહેવાશે તે ભોજન વગેરે દૃષ્ટાંતોથી અતિશય મુશ્કેલીથી પ્રાપ્ત કરી શકાય તેવા.

**કોઈપણ રીતે**– કષાયોની મંદતા આદિ અધ્યવસાય વિશેષથી. કહ્યું છે કે– **"પ્રકૃતિથી અલ્પ કષાયવાળો, દાનમાં તત્પર, શીલ-સંયમથી રહિત અને મધ્યમગુણોથી[2] યુક્ત જીવ મનુષ્યનું આયુષ્ય બાંધે છે."**

---

૧. **पदेषु** એ પદમાં પદ શબ્દનો વસ્તુ અર્થ કરવો. ઉપદેશ વચનોરૂપ વસ્તુઓમાં. શબ્દરત્નમહોદધિ કોષમાં પદ શબ્દનો 'વસ્તુ' એવો અર્થ પણ જણાવ્યો છે. આથી શબ્દાર્થ આ પ્રમાણે થાય- ઉપદેશવચનરૂપ વસ્તુઓમાં જે સર્વથી પ્રધાન ઉપદેશવચન છે......

૨. મધ્યમગુણોથી યુક્ત એટલે મનુષ્યનું આયુષ્ય બંધાય તેવા ક્ષમા વગેરે ગુણોથી યુક્ત. જો અધમગુણો હોય તો નરકનું આયુષ્ય બંધાય. ઉત્તમગુણો હોય તો મોક્ષની પ્રાપ્તિ થાય અથવા દેવગતિનું આયુષ્ય બંધાય. માટે અહીં મધ્યમગુણોથી યુક્ત એમ કહ્યું છે.

**કુશલપુરુષોએ=** અજ્ઞાનતા વગેરે દોષોને કુશળતાથી છેતરનાર કલાસમૂહથી યુક્ત મતિમાન પુરુષોએ. (છેતરનારનો તાત્પર્યાર્થ નાશ કરનાર એવો સમજવો. કલાસમૂહ અજ્ઞાનતાદિ દોષોનો નાશ કરે છે.)

**સદાય=** બાલ્યાવસ્થા અને યુવાવસ્થા આદિ સર્વ અવસ્થાઓમાં, સર્વ કાળમાં. આથી જ કહેવાય છે કે, **"બાલ્યાવસ્થામાં જ ધર્મ કરવો જોઈએ, કારણ કે જીવન અનિત્ય છે. પાકેલાં ફળોની જેમ સદા પડવાનો ભય રહે છે. પાકેલા ફળની જેમ ભવિષ્યમાં પડનારા શરીરનો પણ આજે, કાલે કે પરમ દિવસે પડવાનો અવાજ સંભળાશે."**

**ધર્મમાં=** શ્રુતધર્મમાં[1] અને ચારિત્રધર્મમાં.

**સમ્યક્ જોડવો જોઈએ=** પોતાની અવસ્થાને જે ઉચિત હોય તેવા અનુષ્ઠાનનો પ્રારંભ કરવો જોઈએ. પોતાની અવસ્થાને ઉચિત જે અનુષ્ઠાનનો પ્રારંભ કર્યો હોય તે અનુષ્ઠાનને સંગત થાય તેવા ભાવથી યુક્ત જે રીતે થાય તે રીતે મન-વચન-કાયાની શક્તિને છુપાવ્યા વિના મનુષ્યપણાનો ઉપયોગ કરવો જોઈએ. (૩)

मनुजत्वदुर्लभत्वमेवाह—

**अइदुल्लहं च एयं, चोल्लगपमुहेहिं अत्थ समयम्मि ।**

**भणियं दिट्ठंतेहिं, अहमवि ते संपविक्खामि ॥४॥"**

**'अतिदुर्लभं च' अतिदुरापमेव 'एतद्'मानुषत्वं 'चोल्लकप्रमुखैः' अनन्तरमेव व्याख्यास्यमानैर्दशभिः 'अत्र' आर्हते 'समये' सिद्धान्ते 'भणितं' निरूपितं वर्त्तते 'दृष्टान्तैः' उदाहरणैः । यदि नामैवं ततः किमित्याह;— 'अहमपि' कर्त्ता, न केवलं पूर्वैरेवोक्ता इत्यादि( ? इत्यपि )शब्दार्थः, 'तान्' चोल्लकादिदृष्टान्तान् 'संप्रवक्ष्यामि' भगवद्-भद्रबाहुस्वामिभणितानुसारसांगत्येन प्रतिपादयिष्यामि । ननु पूर्वैरेवोपदेशपदानामुक्तत्वात् किं भवतः पिष्टपेषणप्रायेण तद्भणनेन प्रयोजनमिति ? उच्यते-पूर्वैस्तत्कालभाविनः प्रौढप्रज्ञान् श्रोतॄन् स्वयमेव भावार्थप्रतिपत्तिसहानपेक्ष्य भावार्थाविष्करणानादरेण नोपदेश (? उपदेश ) प्रणयनमकारि, संप्रति तु तुच्छबुद्धिः श्रोतृलोको न स्वयमेव भावार्थमवबोद्धुं क्षमत इति तदनुग्रहधिया भावार्थसारयुक्तोपदेशपदप्रणयनं प्रस्तुतमिति ॥४॥**

મનુષ્યભવની દુર્લભતાને જ કહે છે–

**ગાથાર્થ–** જૈનશાસ્ત્રોમાં ભોજન વગેરે દૃષ્ટાંતોથી મનુષ્યભવને અતિશય દુર્લભ કહ્યો છે. આથી હું પણ તે દૃષ્ટાંતોને કહીશ.

૧. સ્વાધ્યાય કરવો, ભણવું એ શ્રુતધર્મ છે. ચારિત્રની ક્રિયાઓ ચારિત્રધર્મ છે.

**ટીકાર્થ–** ભોજન વગેરે દશ દૃષ્ટાંતો હમણાં જ કહેવામાં આવશે.

**હું પણ–** કેવળ પૂર્વપુરુષોએ જ દૃષ્ટાંતો કહ્યાં છે એમ નથી, કિંતુ હું પણ કહીશ.

**કહીશ–** ભગવાન ભદ્રબાહુસ્વામીએ કહેલાં દૃષ્ટાંતોની સાથે સંગતિ થાય(=વિસંવાદ ન થાય) તે રીતે કહીશ.

**પ્રશ્ન–** પૂર્વપુરુષોએ એ જ ઉપદેશ વચનો કહ્યાં છે, તેથી પિષ્ટપેષણ સમાન ઉપદેશવચનોને કહેવામાં તમારું શું પ્રયોજન છે ?

**ઉત્તર–** પૂર્વપુરુષોએ તે કાળે થનારા પ્રૌઢબુદ્ધિવાળા અને(એથી જ) જાતે જ ભાવાર્થને જાણવામાં સમર્થ એવા શ્રોતાઓની અપેક્ષાએ ભાવાર્થને પ્રગટ કર્યા વિના ઉપદેશની રચના કરી છે. હમણાં તો શ્રોતાજન મંદબુદ્ધિવાળા છે અને (એથી જ) જાતે જ ભાવાર્થને જાણવા માટે સમર્થ નથી. આથી તેવા શ્રોતાજન ઉપર અનુગ્રહ કરવાની બુદ્ધિથી પ્રધાન એવા ઐદમ્પર્યથી યુક્ત ઉપદેશપદની રચના કરવાનો પ્રારંભ કર્યો છે. (૪)

चोल्लकादिदृष्टान्तानेवाह—

**चोल्लगपासगधण्णे, जूए रयणे य सुमिणचक्के य ।**
**चम्मजुगे परमाणू, दस दिट्ठंता मणुयलंभे ॥५॥**

**चोल्लकश्च पाशकौ च धान्यानि चेति 'चोल्लकपाशकधान्यानि', 'धन्ने' इत्येकवचननिर्देशः प्राकृतत्वात्, एवमन्यत्रापि १-२-३, 'द्यूतं' प्रतीतमेव ४, 'रत्नानि च' ५, स्वप्नश्च चक्रं चेति 'स्वप्नचक्रे' ६-७, चः समुच्चये, चर्म च युगं चेति 'चर्मयुगे' ८-९, पदैकदेशेऽपि पदसमुदायोपचारादिह युगशब्देन युगसमिले गृह्येते, 'परमाणवः' १० अमी दशसंख्याः, दृष्टं प्रमाणोपलब्धमर्थं मनुजत्वदुर्लभत्वादिलक्षणमन्तं श्रोतुः प्रतीतिपथं नयन्तीति दृष्टान्ताः, 'मनुजलम्भे' मानुष्यप्राप्तावित्यर्थः । दृष्टान्तभावना चैवं कार्या;— जीवो मानुष्यं लब्ध्वा पुनस्तदेव दुःखेन लप्स्यत इति प्रतिज्ञा, अकृतधर्मत्वे सति बह्वन्तरायान्तरितत्वादिति हेतुः, यद्यद्बहुभिरन्तरायैरन्तरितं तत् तत् पुनर्दुःखेन लभ्यते, ब्रह्मदत्तचक्रवर्त्तिमित्रस्य ब्राह्मणस्यैकदा चक्रवर्त्तिगृहे प्राप्तभोजनस्य सकलभरतक्षेत्रवास्तव्यराजादिलोकगृहपर्यवसाने पुनश्चक्रवर्तिगृहे चोल्लकापरनामभोजनवत् १ चाणक्यपाशकपातवत् २, भरतक्षेत्रसर्वधान्यमध्यप्रक्षिप्तसर्षपप्रस्थपुनर्मीलकवत् ३, अष्टाधिकस्तम्भशतोष्टोत्तराश्रिशताष्टसमर्गलशतवारनिरन्तरद्यूतजयवत् ४, महाश्रेष्ठिपुत्रनानावणिग्देशविक्रीतरत्नसमाहारवत् ५, महाराज्यलाभस्वप्नदर्शनाकाङ्क्षिस्वप्नकार्पटिकतादृशस्वप्नलाभवत् ६, मन्त्रिदौहित्रराजसुतसुरेन्द्रदत्ताष्टचक्रारकपरिवर्त्तान्तरित-**

**राधावेधवत् ७, एकच्छिद्रमहच्चर्मावनद्धमहाह्रदसंभूतकच्छपग्रीवानुप्रवेशोपलब्ध-पुनस्तच्छिद्रलाभवत् ८, महासमुद्रमध्ये विघटितपूर्वापरान्तविक्षिप्तयुगे समिलास्वयं-छिद्रानुप्रवेशवत् ९, अनन्तपरमाणुसंघातघटितदेवसंचूर्णितविभक्ततत्परमाणुसमाहार-जन्यस्तम्भवद् वा १०, इति दृष्टान्ताः । अनेकजात्यन्तरप्राप्तिलक्षणबह्वन्तरायान्तरितं च मानुषत्वं जन्मेत्युपनयः, तस्माद्दुरापमिति निगमनमिति ॥५॥**

ચોલ્લક વગેરે દૃષ્ટાંતોને કહે છે–

ચોલ્લક, પાશક અને ધાન્ય ત્રણ દૃષ્ટાંતો છે. ધાન્ય શબ્દને એકવચન પ્રાકૃતથી થયું છે. ચોથું જુગારનું દૃષ્ટાંત પ્રસિદ્ધ છે. પાંચમું રત્નનું દૃષ્ટાંત છે. છઠ્ઠું અને સાતમું સ્વપ્ન અને ચક્રનું દૃષ્ટાંત છે. 'च' શબ્દ સમુચ્ચયમાં છે. ચર્મ અને યુગ એ આઠમું અને નવમું દૃષ્ટાંત છે. પદના એક દેશમાં પણ પદસમુદાયના ઉપચારથી અહીં યુગશબ્દથી યુગ અને સમિલા બંને ગ્રહણ કરવા. પરમાણુ દશમું દૃષ્ટાંત છે.

દૃષ્ટ એટલે પ્રત્યક્ષ અને પરોક્ષ પ્રમાણથી જણાયેલો અર્થ. અન્ત એટલે શ્રોતાના પ્રતીતિપથ સુધી લઈ જવું તે. અર્થાત્ પ્રત્યક્ષ અને પરોક્ષ પ્રમાણથી જણાયેલ પદાર્થને (જેમકે મનુષ્યભવ દુર્લભ છે એવો અર્થ) શ્રોતાના પ્રતીતિપથ સુધી લઈ જાય તે દૃષ્ટાંત કહેવાય છે. દૃષ્ટાંતની ભાવના આ પ્રમાણે વિચારવી

**સાધ્ય**- જીવ મનુષ્યભવ મેળવીને પછી ફરીથી તે જ મનુષ્યભવને દુઃખથી મેળવે છે.

**હેતુ**- કારણ કે મનુષ્યભવ પ્રાપ્ત થયા પછી જીવ ધર્મની આરાધના ન કરે તો તેનો મળેલો મનુષ્યભવ ઘણાં પ્રકારના અંતરાયકર્મથી આચ્છાદિત બને આ હેતુ છે.

**વ્યાપ્તિ**– જે જે ઘણાં અંતરાયકર્મથી આચ્છાદિત હોય તે તે ફરી ઘણાં દુઃખથી પ્રાપ્ત કરી શકાય છે.

**દૃષ્ટાંત**– (૧) જેમ બ્રહ્મદત્ત ચક્રવર્તીના મિત્રને એક વખત ચક્રવર્તીના ઘરે ભોજન કરવાનો પ્રસંગ પ્રાપ્ત થયા પછી આખા ભરતક્ષેત્રના બધા લોકોના ઘરે ક્રમથી ભોજન કરીને પછી ફરી ચક્રવર્તીના ઘરે ભોજન કરવાનો પ્રસંગ દુર્લભ છે તેમ. (૨) ચાણક્યના પાશાના પાતની જેમ. (૩) ભરતક્ષેત્રના સર્વ ધાન્યોમાં નાખેલાં પ્રસ્થ સરસવના દાણાને ફરી મેળવવાની જેમ. (૪) એકસો આઠ થાંભલાવાળા મહેલના એકેક થાંભલાને એકસોઆઠવાર નિરંતર જિતીને અભંગપણે એકસોઆઠ થાંભલાને જુગાર રમીને જિતી લેવા તે. (૫) મહાશ્રેષ્ઠીના પુત્રોએ જુદા જુદા દેશના વણિકોને વેંચેલા રત્નોને પાછા લાવવા સમાન. (૬) મહારાજ્યના લાભના સ્વપ્નના દર્શન પછી

તેવા પ્રકારના સ્વપ્નની કાંક્ષા રાખતા કાર્પટિકને ફરી તેવા પ્રકારના સ્વપ્નના લાભની જેમ. (૭) મંત્રીના દોહિત્ર સુરેન્દ્રદત્ત રાજપુત્રનું આઠ આરા ઉપર ઉલટસૂલટ ફરતી પુતળીના રાધાવેધની જેમ. (૮) ગાઢ સેવાળથી આચ્છાદિત મહાસરોવરમાં આકસ્મિક પડેલા છિદ્રમાંથી બહાર કાઢેલી ડોકવાળા કાચબાનું આકાશમાં ફરી તેવા પ્રકારના અવલોકનની જેમ. (૯) છેલ્લા સ્વયંભૂરમણ સમુદ્રમાં પૂર્વ પશ્ચિમ કાંઠે નાખેલી યુગ અને સમિલાનું એકબીજાને મળીને સ્વયં પરોવાઇ જવાની જેમ. (૧૦) અનંત પરમાણુઓથી નિર્માણ થયેલ સ્તંભને ચૂરીને દેવવડે આકાશમાં ફુંકી દેવાયેલા પરમાણુઓમાંથી ફરી તેવા પ્રકારના થાંભલાને બનાવવાની જેમ. આ પ્રમાણે દસ દૃષ્ટાંતો છે.

**ઉપનય**– અનેક જન્માંતરોની પ્રાપ્તિ સ્વરૂપ ઘણાં અંતરાયોથી આચ્છાદિત મનુષ્યજન્મ છે, એ ઉપનય છે.

**નિગમન**– તેથી મનુષ્ય જન્મ દુર્લભ છે એમ નક્કી થયું.

**अथैतानेव दृष्टान्तान् विस्तरतः क्रमेण भावयन्नाह—**

**चोल्ल त्ति भोयणं बंभदत्तपरिवारभारहजणम्मि ।**
**सयमेव पुणो दुलहं, जह तत्थ तहेत्थ मणुयत्तं ॥६॥**
**गाथाभावार्थः कथानकादवसेयस्तच्चेदम्;**

**अथ संग्रहगाथाक्षरार्थः— 'चोल्ल' त्ति भोयणमिति, प्रागुक्तदृष्टान्तद्वारगाथायां यच्चोल्लक इति पदमुपन्यस्तं तद्देशीवशाद् भोजनस्य वाचकमित्यर्थः, तच्च 'भोजनं' 'परीवारभारहजणम्मि' त्ति सूचनात् सूत्रमिति न्यायात् प्रथमं तावद् ब्रह्मदत्तगृहे, ततोऽन्तः-पुरादिपरिवारवेश्मसु, ततोऽपि भारतवासिलोकमन्दिरेषु कररूपतया प्रगुक्तब्राह्मणस्य निरूपितं राज्ञा, तावद्भोजनपर्यन्ते च 'स्वयमेव' तस्यैव ब्राह्मणस्य न पुनः पुत्रपौत्राद्यपेक्षया 'पुनः' द्वितीयवारं 'दुर्लभं' दुरापं तन्निरूपितभोजनं 'यथा' येन प्रकारेण 'तत्र' चक्रवर्त्तिगृहे, 'तथैव' प्रस्तुतं 'मनुजत्वम्' इति ॥६॥**

હવે આ જ દૃષ્ટાંતોને વિસ્તાર પૂર્વક ક્રમથી વિચારતા ગ્રંથકાર કહે છે–

પહેલા બ્રહ્મદત્તને ઘરે પછી પુર વગેરેમાં રહેનારા પરિવારને ઘરે અને પછી ભારતવાસી સર્વ લોકોના ઘરે ક્રમથી ભોજનનો ફરી વારો દુર્લભ છે તેમ મનુષ્ય જન્મ દુર્લભ છે.

આ ભરતક્ષેત્રમાં દક્ષિણાર્ધ ભરતના મધ્યખંડમાં હંમેશાં શત્રુઓના ભયથી નહીં કંપનારું એવું કાંપીલ્યપુર નામનું નગર હતું. તે નગરમાં શીલથી તથા પુષ્કળ ધનથી જેનું માહાત્મ્ય

ઘણું વધ્યું છે એવો લોક સ્વપ્નમાં પણ[1] પરસ્ત્રી તરફ રાગદૃષ્ટિ કરતો નથી. દાક્ષિણ્યતા ગુણનો ક્ષીરસમુદ્ર, પ્રિય બોલનાર, સ્થિર અને ગંભીર ચિત્તવાળો, ગુણીઓ પ્રત્યે જેને આદર ઉત્પન્ન થયો છે એવો અતિ ઘણો લોક તે નગરમાં વસે છે. ઉત્તમ જાતિમાં જન્મેલી, સુમનોહર, અતિવિશાળ તિલકથી યુક્ત(અથવા સારા સૌભાગ્યવાળી) ઉત્તમ પુરુષના સંગને પામેલી, મનોહર સ્તનોને ધારણ કરનારી, સારા આચરણવાળી, સુવ્રતથી યુક્ત, સરળસ્વભાવી, શીલરૂપી સુગંધને ધારણ કરનારી એવી ઘણી સ્ત્રીઓ નગરની અંદર છે અને ઉત્તમ ચમેલીના વૃક્ષો છે જેમાં, સુમનોહર, અતિવિશાળ તિલક વૃક્ષો છે જેમાં, ગોળાકારને ધારણ કરનારી, સપાટ સુંગધી ગંધોથી મઘમઘતી એવી ઉદ્યાનોની શ્રેણીઓ નગરના બહારના ભાગમાં આવેલી છે. તે નગરમાં સજ્જનના ઘરોમાં ઉજ્જ્વળ-સારાવર્ણવાળી અને યૌવનવાળી, દુષ્કરવ્રતનું આચરણ કર્યું છે જેમણે એવી સ્ત્રીઓ છે અને સજ્જનોના ઘરોમાં બીજી સંપત્તિ રૂપી સ્ત્રીઓ છે, અર્થાત્ સજ્જનો બીજી ઘણી સંપત્તિવાળા છે. અને તે નગરમાં જિનમંદિરોની ઉપર પ્રચંડ પવનથી ફરકતી ધજાઓ શોભે છે, જાણે કે ધર્મીજનની કીર્તિઓ સ્વર્ગમાં ન ચાલી હોય ! વિપુલ સૈન્યવાળો, ઇક્ષ્વાકુ વંશમાં ઉત્પન્ન થયેલામાં શ્રેષ્ઠ અનેક આશ્ચર્યોનું ઘર સમાન એવો બ્રહ્મ નામનો રાજા તે નગરનું પાલન કરે છે. અતિપુષ્ટ, અતિદીર્ઘ અને ક્યાંય પણ ત્રુટિ વિનાની (ખામી વિનાની) ગુણોરૂપી દોરડીઓથી બંધાયેલી લક્ષ્મી (સંપત્તિ) હંમેશા સ્થિર થઇ હતી. સામથી, દંડથી, અને ભેદથી તથા અવસરોચિત દાનના પ્રદાનથી તેનો યશ ઘણે દૂર સુધી વિસ્તર્યો હતો. પ્રબળ-દુશ્મનોના ક્રોડ સૈન્યને વશમાં લેવાથી પ્રસિદ્ધિ પામેલ(વૃદ્ધિ પામેલ) છે પુરુષાર્થ જેનો એવા તે રાજાને ઘણા સ્નેહરૂપી રત્નની ખાણ સમાન ચુલણી નામે સ્ત્રી હતી. તે રાજાને સ્વાભાવિક મૈત્રીભાવથી જોડાયેલા બ્રહ્મા જેવા ચારબુદ્ધિથી યુક્ત ચાર મિત્ર રાજા હતા. તેમાનો કાશીદેશનો કટક, ગજપુરનો અધિપતિ કણેરુદત્ત, કોશલ સ્વામી દીર્ઘ અને ચંપાદેશનો પુષ્પચૂલ હતા. નિષ્પાપ (નીતિપૂર્ણ) રાજ્યની ચિંતામાં ધુરંધર ધનુ નામે મહામાત્ય હતો તથા તેને પિતાના ગુણો જેવા ઘણાં ગુણોથી યુક્ત વરધનુ નામે પુત્ર હતો. તે બ્રહ્મ વગેરે પાંચે ય રાજાઓએ ગાઢ પ્રીતિના વશથી વિરહને નહીં ઇચ્છતા પરસ્પર આ પ્રમાણે વિચારણા કરી. "પાંચેય રાજ્યોમાં વારાફરતી દરેકના રાજ્યમાં પરિવારથી સહિત બધા રાજાઓએ ભેગા થઇને એકેક વરસ સાથે રહેવું." બહુપુણ્યથી પ્રાપ્ત થયેલ ભોગસુખને ભોગવતા ઉત્કંઠિત મનવાળા એવા તેઓનો કેટલોક કાળ જલદીથી પસાર થયો પછી કોઇક વખત ક્યારેક રાત્રીના મધ્યભાગમાં ચુલણી અતિસ્ફાર (ઉત્તમ) ચૌદ મહાસ્વપ્નો જુએ છે.–(૧૮) તે આ પ્રમાણે ૧. હાથી ૨. વૃષભ ૩. સિંહ ૪. અભિષેક કરાતી લક્ષ્મી ૫. ફુલની માળા ૬. ચંદ્ર ૭.

૧. 'સ્વપ્નમાં પણ' અહીં પણ શબ્દનો અર્થ એ છે કે જાગૃત અવસ્થામાં તો સુતરામ્ પરસ્ત્રી તરફ દૃષ્ટિ નથી કરતો એમ કહેવાનો ભાવ છે.

સૂર્ય ૮. ધ્વજ ૯. પૂર્ણ કળશ ૧૦. પદ્મસરોવર ૧૧. સમુદ્ર ૧૨. દેવવિમાન. ૧૩. રત્નોનો ઢગલો અને ૧૪. નિર્ધૂમ અગ્નિ.

તે જ ક્ષણે જાગેલી મુગ્ધા(સ્વપ્ન જોઇને અતિ આશ્ચર્ય પામેલી) ચુલની બ્રહ્મ રાજાને કહે છે કે– હે સ્વામિન્ ! મેં આજે ચૌદ મહાસ્વપ્નો જોયા. ખુશ થયું છે હૈયું જેનું, મેઘધારાથી સિંચાઇને પુલકિત થયેલ કદંબ પુષ્પ જેવો વિકસિત, કમળ જેવી પહોળી થઇ છે આંખો જેની એવો રાજા કહે છે કે હે દેવી ! આપણા કુળમાં કલ્પવૃક્ષ, કુળધ્વજ તથા કુલપ્રદીપસમાન, પૃથ્વીમંડળરૂપી મુગટનો મણિ, ગુણરત્નોની ખાણ સમાન સુપુત્ર થશે. સાધિક નવમાસને અંતે વાયુ અને ધૂળની ડમરીઓ શાંત થયે છતે ઉદ્યોતિત કરાયો છે દિશાઓનો સમૂહ જેના વડે, કરાયો છે ચમત્કાર જેના વડે એવો પુત્ર જન્મ્યો. વર્ધાપનકાદિ સંબંધી વિવિધ પ્રકારના કાર્યો કરાવ્યા. યોગ્ય સમયે તેનું નામ બ્રહ્મદત્ત રાખવામાં આવ્યું. તે શુક્લપક્ષના ચંદ્રમંડળની જેમ વૃદ્ધિ પામવા લાગ્યો. આ (બ્રહ્મદત્ત) લક્ષ્મીના નિવાસભૂત શ્રીવત્સ ચિહ્નથી અંકિત વક્ષસ્થળવાળો છે. (૨૪)

કોઇક સમયે કટક વગેરે રાજાઓ બ્રહ્મરાજાની પાસે આવ્યા ત્યારે બ્રહ્મના મસ્તકમાં સજ્જનને શોક આપે એવો રોગ થયો. સૂત્ર-અર્થના પારંગત પ્રધાન વૈદ્યોએ ઔષધાદિથી સારી રીતે ઉપચાર કર્યો છતાં પણ શિરોવેદના મટતી નથી. 'આ જગત મરણના અંતવાળુ છે.' એમ મનમાં નિશ્ચય કર્યો. કટકાદિને બોલાવીને બ્રહ્મદત્તને અર્પણ કર્યો અને કહ્યું કે મારો આ પુત્ર સર્વકળામાં કુશળ થાય અને સંપૂર્ણ રાજ્યનો ભાર વહન કરવા સમર્થ થાય તેમ તમારે કરવું. પછી ક્રમથી બ્રહ્મરાજા પરલોકમાં સીધાવ્યા. સર્વ પણ લોકપ્રસિદ્ધ મૃતક કાર્યો કર્યા પછી કટકાદિ ત્રણેય રાજાઓ ત્યાં રાજ્યકર્મમાં દીર્ઘ રાજાને સ્થાપીને પોતપોતાના રાજ્યોમાં ગયા. રાજ્યકાર્યની ચિંતા કરતા ચુલણી અને દીર્ઘ બંનેને પણ શીલવનને બાળવામાં દાવાનળ સમાન પ્રચંડ કામ પ્રદીપ્ત થયો. ચિત્તની ચંચળતાથી કુળની મલીનતાનો દરકાર કર્યા વિના લોકલજ્જાને મૂકીને ચુલની પાપી દીર્ઘમાં આસક્ત બની. પાપરતિ, કુટિલગતિ, વિષયાસક્તિ રૂપ વિષથી પૂર્ણ એવો દીર્ઘ ચુલણીને વિષે દીર્ઘપૃષ્ઠ સાપની જેમ કુદૃષ્ટિવાળો થયો. ધનુ અમાત્યે ચુલણીના આ શીલભંગના ફળવાળું સંપૂર્ણ ચરિત્ર જાણ્યું અને વિચાર્યું કે આ વસ્તુ કુમારને માટે કુશળરૂપ નથી અને વરધનુપુત્રને કહ્યું કે, હે પુત્ર ! કુમારની માતા કુમારના હિતવાળી નથી. તેથી તારે પ્રયત્નપૂર્વક કુમારના શરીરની રક્ષા કરવી. અને યોગ્ય સમયે તારે માતાનું સર્વ ચરિત્ર એને જણાવવું. જેથી કરીને આ કોઇ પણ છળથી ઉપદ્રવને ન પામે. માતાના ચરિત્રને જાણ્યા પછી તીવ્રકોપાવેશને પામેલો કુમાર કાળના કારણે યૌવનાભિમુખ થયો. માતાને આ બીના જણાવવા માટે કોયલ અને કાગડા વગેરે અસમાન જાતિના વિસદશ આચરણ કરવામાં રત એવા જીવોને અંતઃપુરમાં જઇને તેને (વિસદશ આચરણને) બતાવે છે અને કોપવાળું મુખ કરીને કહે છેઃ હે માત ! મારા રાજ્યમાં અન્યોચિત અનાચારનું

સેવન કરશે તેનો હું નિગ્રહ કરીશ. તે સર્વ અનાચારો નિરપેક્ષ મનવાળા મારે સર્વથા નિગ્રહ કરવા યોગ્ય છે. તે પ્રમાણે અનેકવાર નિગ્રહ કરતા અને તેમ બોલતા બ્રહ્મદત્તને જોઈને દીર્ઘ ચુલણીને કહે છે કે તારો પુત્ર જે બોલે છે તે પરિણામે સુંદર નથી. તે કહે છે આ બાળભાવથી બોલે છે, પણ સદ્ભાવથી નહિ. દીર્ઘ કહે છે કે હે મુગ્ધે ! આ ખોટું નથી કહેતો, કારણ કે આ કુમાર યુવાન થયો છે, જે મારા અને તારા મરણને કરશે. તેથી કોઈપણ ન જાણે એવા ઉપાયથી આને મારવો જોઈએ. તું મને સ્વાધીન થયે છતે તને બીજા પુત્રો થશે. રતિના રાગમાં પરવશ થયેલી, આ લોક-પરલોક કાર્યમાં મૂઢચિત્તવાળી ચુલણીએ આ વાત સ્વીકારી. સ્ત્રીઓના ચરિત્રોને ધિક્કાર થાઓ, કારણ કે સર્વલક્ષણને ધરનાર, લાવણ્યના ઉત્કર્ષથી જિતાયો છે કામદેવ જેના વડે અને સર્વ અવિનયથી રહિત એવા પોતાના પુત્ર વિષે આવું (પુત્રનું મરણ) ચિંતવનારી થઈ. તેના માટે તેઓએ રાજપુત્રીની સાથે સગાઈ કરી અને વિવાહની સર્વ સામગ્રીને ભેગી કરી. કુમારને રહેવા માટે સો થાંભલાવાળું, પ્રવેશ અને નિર્ગમના અતિગૂઢ દરવાજા છે જેમાં એવું **જતુઘર**[1] બનાવરાવ્યું.

રાજ્યકાર્યમાં કુશળ ધનુએ આ બાતમી જાણી અને તેણે દીર્ઘ રાજાને કહ્યું કે આ મારો પુત્ર વરધનુ રાજ્યના કાર્ય કરવામાં સમર્થ થયો છે તેથી મને વનમાં સાધના કરવા જવા રજા આપો જેથી હું ત્યાં જાઉં. પછી દીર્ઘે કપટથી કહ્યું: હે અમાત્ય ! અહીં નગરમાં રહીને તું પ્રધાન પરલોક અનુષ્ઠાનને કર. આ વચનને સ્વીકારીને ધનુએ નગરના પરિસરની બહાર ગંગાના કાંઠે એક વિશાળ શ્રેષ્ઠ પ્રપા(સત્રશાળા) કરાવી. ત્યાં તે પરિવ્રાજકોને તથા ભિક્ષુકોને તથા અનેક જાતના મુસાફરોને ભદ્ર-ગજેન્દ્રની જેમ દાન[2] દેવા માટે પ્રવૃત્ત થયો. પોતાના સન્માન દાનને પામેલા પોતાના સર્વ પુરુષોની પાસે લાક્ષાગૃહ સુધી પહોંચતી ચારગાઉ સુરંગ બનાવડાવે છે. આ પ્રમાણે સુરંગનું કાર્ય પૂર્ણ થયું ત્યારે પોતાના પરિવાર સહિત તે રાજકન્યા વિવાહ માટે જેમાં ધજા ફરકી રહી છે એવા કાંપિલ્યપુરમાં આવી. લગ્નવિધિ પૂર્ણ થઈ અને પછી રાત્રિએ વરધનુની સાથે કુમારે લાક્ષાગૃહમાં પ્રવેશ કર્યો. રાત્રિના બે પ્રહર વીત્યા પછી તે લાક્ષાગૃહને સળગાવવામાં આવ્યું. અને તે ભવનની આજુબાજુ ચારે તરફ ભયંકર કોલાહલ થયો. ખળભળેલા સમુદ્ર સમાન કોલાહલને સાંભળીને કુમારે વરધનુને પુછ્યું: અકાળે આ કયું દંગલ ઉત્પન્ન થયું છે ? વરધનુએ કહ્યું: હે કુમાર ! તારા અનર્થ માટે વિવાહનું ષડ્યંત્ર (કાવત્રું) રચાયું છે. આ રાજકન્યા નથી તેની સમાન કોઈ અન્ય કન્યા છે. પછી કન્યા વિષે મંદસ્નેહી કુમારે પુછ્યું: હમણાં શું કરવા યોગ્ય છે ? પછી વરધનુએ કહ્યું: નીચે પગથી લાત માર. કુમારે લાત મારી એટલે સુરંગનો દરવાજો મળ્યો અને તે સુરંગથી બંને જણા પણ બહાર નીકળી ગયા. અને ગંગાના તીરે સત્રશાળા પાસે પહોંચ્યા, જ્યાં પહેલા ધનુએ બે જાતિવંત ઘોડાને તૈયાર રાખ્યા હતા. તેના ઉપર આરૂઢ થયેલા તે બંને તત્ક્ષણ પચાસ યોજન દૂર નીકળી ગયા. અતિ લાંબા

૧. જતુઘર એટલે લાખનું મહેલ. જે તરત જ સળગી ઊઠે એવા વૃક્ષના રસમાંથી બને છે.

૨. હાથીના પક્ષમાં દાન એટલે મદ.

માર્ગના પરિશ્રમથી થાકેલા બંને ઘોડા ઢળી પડ્યા. પછી તે બંને પગથી જ ચાલવા લાગ્યા, એક કુટ્ટ નામના ગામમાં પહોંચ્યાં. કુમારે વરધનુને આમ કહ્યું: મને અતિ ભૂખ પીડે છે તથા મને ઘણો થાક લાગ્યો છે. કુમારને ગામની બહાર રાખીને વરધનુ ગામમાં ગયો, હજામને લઈ આવીને કુમારનું મુંડન કરાવ્યું અને ભગવા વસ્ત્રો પહેરાવ્યા અને લક્ષ્મીના(કાંતિ-શોભાના) કુલઘર સમાન છાતી ઉપર શ્રીવત્સને ચાર આંગળ વસ્ત્રથી આચ્છાદન કર્યું(=ઢાંક્યું). દાર્ઘરાજા ઓળખી જાય તો હણી નાખે એવો ભ્રમ ઉત્પન્ન થયો. વરધનુએ પોતે પણ વેષનું પરિવર્તન કર્યું. આ પ્રમાણે ભયને વહન કરતા તથા ભયના ઉપાયને કરતા ગામની અંદર એક બ્રાહ્મણના ઘરે પહોંચ્યા. દાસના બાળકે ઘરમાંથી આવીને કહ્યું કે આ ઘરમાં તમે ભોજન કરો. રાજ યોગ્ય આચારથી ત્યાં ભોજન કર્યું. ભોજન પછી એક ઉત્તમ સ્ત્રી કુમારના મસ્તકને અક્ષતથી વધાવે છે અને કહે છે કે આ મારી બંધુમતી કન્યાનો વર થશે. પોતાને અત્યંત ગુપ્ત રાખવામાં તત્પર વરધનુએ કહ્યું: આ મૂર્ખ બટુક (બ્રાહ્મણ પુત્ર)નું આટલું બધું સન્માન કેમ કરાય છે ? વિકસિત નયનવાળા ઘરસ્વામીએ કહ્યું: હે સ્વામિન્! સાંભળો પૂર્વે નૈમિત્તિકે કહ્યું છે કે– જે પટ્ટથી આચ્છાદિત શ્રીવત્સવાળો મિત્રસહિત ઘરે આવશે અને ભોજન કરશે તે આ બાળાનો વર થશે પણ બીજો નહીં. પછી કુમાર તે જ દિવસે પાણિગ્રહણ (લગ્ન) કરે છે, તત્ક્ષણ જ પરસ્પર બંનેનો નિર્ભર સ્નેહ થયો. બંધુમતીનો રાગ પિતા આદિ વિશે તેમજ ચિરપરિચિત પણ લોકને વિશે પાતળો થયો. વિદ્વાનો કહે છે કે- "બાળપણમાં પિતા-માતા-ભાઈ-મિત્રજન પ્રિય હોય છે, યૌવનને પામેલી યુવતીઓને એક પતિ પ્રિય થાય છે." કુમારે અતિ લજ્જાથી સર્વાંગને અર્પણ કરતી કૌતુકમનવાળી બંધુમતીની સાથે રાત્રિ પસાર કરી. બીજે દિવસે વરધનુએ કહ્યું કે હજુ દૂર જવાનું છે. આથી બંધુમતીને સત્ય હકીકત જણાવી બંને પણ નીકળી ગયા. માર્ગમાં ઘણા દૂર ગયા પછી બીજા ગામમાં પહોંચ્યા. ત્યાં પાણી લેવા માટે વરધનુ જલદી નીકળ્યો અને તુરત પાછો ફરીને કહે છે કે લોકો પાસેથી મેં સાંભળ્યું છે કે બ્રહ્મદત્તને પકડવા દીર્ઘ રાજાએ સર્વ માર્ગો પર જાપ્તો ગોઠવ્યો છે તેથી નાશીને દૂરથી જ માર્ગનો ત્યાગ કરીને જઈએ. ચાલતા મહાટવીમાં પહોંચ્યા અને કુમાર ઘણો તરસ્યો થયો. (૮૧) વરધનુએ કુમારને વડ નીચે રાખ્યો અને પોતે પાણી લેવા ગયો. સૂર્યાસ્ત થયો પણ ક્યાંય પાણી ન મળ્યું. દીર્ઘના સૈનિકોએ વરધનુને જોયો. ક્રોધિત થયેલા સૈનિકોએ ઘણો માર માર્યો, કોઈપણ રીતે કુમારની પાસે પહોંચ્યો. તેણે છૂપા રહી ઝાડની ઓથમાં સંતાયેલા કુમારને દૂર ભાગી જવા ઈશારો કર્યો. ત્યાર પછી તીવ્રવેગથી ભાગતો કુમાર દુઃખે કરી પાર પામી શકાય, કાયર પુરુષોના હાંજા ગગડાવી નાખે એવા જંગલમાં ગયો, જ્યાં સિંહોના ભયંકર અવાજથી ભરાયેલી ગિરિની ગુફાઓ છે. હું માનું છું કે જયાં નવા નવા ઊગતા આંબાના વૃક્ષના પાંદડાના સોય જેવા તીક્ષ્ણ દર્ભથી ઉત્પન્ન કરાયેલા ભયને કારણે અને વૃક્ષોના ગાઢ પાંદડાઓથી ઢંકાયેલા હોવાના કારણે સૂર્યના કિરણો પ્રવેશતા નથી. જંગલમાં સિંહોએ

મારેલા હાથીઓના કુંભસ્થળોમાંથી ગળેલા મોતીઓ શોભે છે અને ઊંચા વૃક્ષની ડાળીઓના અગ્ર ભાગોએ તારાના સમૂહોને સ્ખલિત કર્યા છે. જ્યાં ઘણા ભિલ્લોના ભાલાઓથી વીંધાયેલા ચિત્તાઓના શરીરમાંથી ઝરતા લોહીથી સિંચાયેલી પૃથ્વી જાણે વનદેવતાના પગના અળતાના રસથી સિંચાયેલ ન હોય એવી શોભે છે. એક બાજુ ભિલ્લો વડે હણાયેલા અને વૃક્ષોની ડાળીઓ ઉપર લટકાવેલા વ્યાઘ્રોથી અને બીજી બાજુ સિંહો વડે હણાયેલા મૃગો અને ગજેન્દ્રોના હાડકાઓના ઢગલાઓથી બિહામણું બનેલું જંગલ હંમેશા મુસાફરોને યમનગરીની જેમ ઉત્કૃષ્ટ સંતાપ કરે છે. હાથીઓના મદના ગંધ સમાન ગંધવાળા સતવન નામના વૃક્ષોમાં હાથીઓ હશે એવી શંકાથી નિષ્ફળ છાપો મારતા સિંહો જેમાં ભમે છે એવું જંગલ છે. જેમાં વૃક્ષના અગ્રભાગ પર રહેલા વાનરો સતત ઉષ્ણ-શ્વાસોશ્વાસના પવનોથી હેમંતઋતુને પસાર કરે છે. આવા પ્રકારની તે અટવી અતિ વિસ્તૃત છે. ભૂખ તરસથી પીડાયેલો કુમાર તે અટવી ઓળંગીને ત્રીજા દિવસે તપથી કૃશ થયેલ છતાં પ્રસન્ન મનવાળા એક તાપસને જુએ છે. તેના દર્શનમાત્રથી પણ તેને જીવવાની આશા બંધાઇ. પગમાં પડવાપૂર્વક તેણે પુછ્યું: હે ભગવન્ ! તમારો આશ્રમ ક્યાં છે ? તેણે આશ્રમનું સ્થાન કહ્યું. પછી કુલપતિની પાસે લઇ ગયો અને કુલપતિએ પ્રેમપૂર્વક પુછ્યું: હે મહાભાગ ! આ અટવી ઘણી આપત્તિઓથી ભરેલી છે અને સજ્જન જનથી રહિત છે તેથી તારું અહીં હમણાં આગમન કેવી રીતે થયું ? આ પ્રશ્ન સદ્ભાવપૂર્વકનો છે એમ જાણીને કુમારે પોતાના ઘરનો સર્વ પણ વૃત્તાંત કુલપતિને યથાસ્થિત કહ્યો. દુર્ભાગ્ય અને સ્નેહની પરવશતાથી કુલપતિએ કહ્યું કે હું તારા પિતા બ્રહ્મરાજાનો નાનો ભાઇ હતો. તેથી હે વત્સ ! આ આશ્રમ તારો પોતાનો જ છે. તું ભય વિના અહીં રહે. વિષાદને છોડ. સંસારના ચરિત્રો આવા પ્રકારના હોય છે. જેમ પાણીના રેંટ-યંત્રમાં ભરાયેલી ઘડીઓ ઊંધી વળી ક્ષણથી ખાલી થાય છે તેમ અહીં ભવચક્રમાં લક્ષ્મીના આવાસ અને લોકમાં ઉત્તમકુળવાળા જીવો કાળના વશથી વિપરીત થાય છે, અર્થાત્ દરિદ્ર અને નીચકુળવાળા બને છે. (૧૦૧) સ્ત્રીચરિત્રો વિશે કોઇએ કોઇની સાથે વિસ્મય કે વિષાદ ન કરવો જોઇએ, કારણ કે ચંચળમનવાળી આ અનાર્યા સ્ત્રીઓ પોતાના મનની ચંચળતાથી વિરાગીઓ વિશે પણ રાગવાળી થાય છે અને રાગીઓ વિશે નિમિત્ત વિના જ પણ વિરાગને પામે છે. ક્ષણમાં રક્ત(=લાલ) અને અંતમાં અંધકારને ફેલાવનારી ક્રૂર સંધ્યાની જેમ ક્ષણમાં રાગી અને (પરિણામે) ક્રૂર એવી સ્ત્રીઓના વશમાં કોણ સુખ પામે ? તેથી વિષાદને છોડ, કેમકે ધીર પુરુષો જ વિષમ દશાનો પાર પામે છે. કાયરો ઊંડા જળમાં પડેલા અતારુ[1]ની જેમ જલદીથી ડૂબે છે. (૧૦૫) કુલપતિના હૈયાનો અભિપ્રાય જાણ્યો છે જેણે એવો કુમાર ત્યાં રહેવા લાગ્યો. વાદળાઓથી આકાશતળને વ્યાકુલિત કર્યું

૧. તરવાનું નહીં જાણનાર.

છે જેણે એવી વર્ષાઋતુ આવી. જાણે નવા લીલા વસ્ત્રો ધારણ કર્યા હોય તેમ ઘાસથી પૃથ્વી સર્વત્ર ઊભી થઇ. વિરહી જનના ઉન્માદની જેમ ઇન્દ્રગોપથી પૃથ્વીતળ સ્ફુરાયમાન થયું. સુમુનિઓના મનની જેમ સફેદ બગલાઓ વિલસિત થયા. સ્વજનના સંગની જેમ લોકનો તાપ શાંત થયો. ધાર્મિક જનની ધર્મકથા જેમ અજ્ઞાનરૂપ અંધકારના સમૂહને દૂર કરે તેમ ગાઢ અંધકારના સમૂહને હણતી ભુવનતળને ઉદ્યોતિત કરતી ચમકારા મારતી વિજળી શરૂ થઇ. અતિ ગંભીર વાદળના અવાજના શ્રવણથી ક્ષોભ પામેલી પ્રિયાઓ વિશેના અનુરાગના કારણે મુસાફરોનો સમૂહ પોતાના સ્થાન(ઘર) તરફ ચાલ્યો. (૧૧૦)

કુલપતિએ તે કુમારને પૂર્વે નહીં શીખેલી એવી સર્વ ધનુર્વેદ વગેરે કળાઓ સારી રીતે શીખવાડી. ચારે તરફથી સફેદ વાદળના વલયથી યુક્ત છે આકાશ જેમાં, વિકસિત કમલવનમાં વિલાસી થયેલ હંસના કલરવથી રમણીય એવી શરદઋતુ શરૂ થઇ. ક્યારેક કંદ-ફળ-પાણી લેવા જતા તાપસોની પાછળ પાછળ જતો કુમાર કુલપતિ વડે વારણ કરાયો હોવા છતાં કુતૂહલથી ચંચળિત થયો છતો તે જંગલના પરિસરમાં રમ્યવનોને જોતો અંજનગિરિ જેવા ઊંચા હાથીને જુએ છે. તે હાથી કેવો છે– નિશ્ચલ અને ક્રમથી વિસ્તૃત થતી સૂંઢવાળો છે, સફેદ દાંતની અણીથી વનખંડને ભાંગે છે, ઝરણાની માફક ઝરતા મદજળના પૂરમાં આસક્ત થયેલા ભમરાઓના સમૂહથી વીંટળાયેલ છે, સાત[1] અંગથી પ્રતિષ્ઠિત છે, કુંભ સ્થળથી જિતાયો છે નભસ્થળનો વિસ્તાર જેના વડે એવો હાથી છે, અર્થાત્ હાથીનું કુંભસ્થળ ઘણું મોટું છે. પ્રલેયકાળના વાદળના જેવા ગંભીર ગર્જારવોથી ચારે બાજુથી પૂરી દીધો છે દિશાઓના અંતને જેણે એવો છે. કુમારને સન્મુખ આવતો જોઇને રોષથી જાણે પ્રત્યક્ષ ભયંકર યમરાજ ન હોય ! તેવો શીઘ્રગતિવાળો તે કુમારની તરફ ચાલ્યો.

હાથીને ક્રીડા કરાવવાના કૌતુકથી તલના ફોતરાના ત્રીજા ભાગ જેટલા પાછા નહીં હટતા કુમારે ઉત્તરીય વસ્ત્રનો દડો બનાવીને હાથી તરફ ફેંક્યો. હાથીએ પણ તત્ક્ષણ જ દડાને ગ્રહણ કરી સૂંઢથી આકાશમાં ઉછાળ્યો અને જેટલામાં તે અરણ્યનો હાથી રોષથી આંધળો થયો તેટલામાં ચતુરાઈથી હાથીને છેતરીને કુમારે દડાને ગ્રહણ કર્યો. પછી ક્ષોભ પામ્યા વિના કુમાર હાથીને ક્રીડા કરાવવા લાગ્યો. સૂંઢના અગ્રભાગને સ્પર્શવાથી ઉત્તેજિત થયો છે આવેશ જેનો એવા પાછળ દોડતા વનહાથીની આગળ કુમાર એક ક્ષણ દોડ્યો. પછી જેટલામાં તે હાથીનો પગ સ્ખલના પામ્યો તેટલામાં કુમારે ચાલીને મુષ્ટિપ્રહારથી હાથીને પાછળ ભાગમાં હણ્યો. પછી રૌદ્ર(ભયંકર) હાહારવ મૂકીને હાથી જેટલામાં પરાવર્તન કરે છે (પડખું ફેરવે છે) તેટલામાં કરતલથી સ્પર્શ કરાયો છે તળનો ભાગ (ગંડસ્થલનો ભાગ) જેના વડે એવો કુમાર બે પગના વચ્ચેના ભાગથી હાથીને બીજી બાજુ વાળે છે. એ પ્રમાણે કુંભારના ચક્રની જેમ ભમાવાયેલો

૧. ચાર પગ, પૂંછડું, સૂંઢ અને લિંગ આ સાત અંગોથી પરિપૂર્ણ હાથી છે.

હાથી જેટલામાં ઘણો થાક્યો (શ્રમ પામ્યો) તેટલામાં બધા વ્યાપારોને છોડીને કુમાર તે દેશમાં ચરતા મૃગોના સમૂહને સ્તંભિત કરી દે તેવા અતિમધુર કાગલિગીતથી (સૂક્ષ્મ અને મધુર અસ્પષ્ટ અવાજથી) ગાવા લાગ્યો, તેટલામાં હાથી સ્થિર કાન કરી સાંભળવા લાગ્યો. અવળે માર્ગે ચાલવામાં બીજે કયાંય પણ નજર નહીં કરતો સૂંઢને સ્થિર કરી, પગને નિશ્ચલ કરી ચિત્રમાં આલેખાયેલની જેમ ક્ષણવારમાં સ્થિર થયો. પછી ત્રાસ પમાડવાનું છોડી દઈને, દાંતના અગ્રભાગ પર ચરણ કમળ ટેકવીને કુમાર પીઠ પ્રદેશ પર દઢરીતે આરૂઢ થયો. કુમારનું કૌતુક પૂર્ણ થયું. પછી હાથી પરથી ઉતરીને ધીમે ધીમે આગળ જવા લાગ્યો. અવળે માર્ગે ચાલવામાં તત્પર કુમાર દિશા સમૂહમાં મૂઢ થયો, અર્થાત્ કઈ દિશામાં જવું એનું ભાન ન રહ્યું. પછી કુમાર મંદ ગતિથી પરિભ્રમણ કરતો તે દેશના પર્વતના ખીણમાંથી નીકળતી એક નદીના કાંઠે જુના પડી ગયેલા ઘરની દીવાલના ભાગ માત્રથી ઓળખાતા એક નગરને જુએ છે. તે નગરને જોતા કુમારને કુતૂહલ થયું અને ચારે તરફ નિરીક્ષણ કરવા લાગ્યો, તેટલામાં અતિગૂઢ વાંસ નિકુંજને જુએ છે. તેની બાજુમાં એક તીક્ષ્ણ ખડ્ગ મૂકેલું છે. પછી કૌતુકથી તે વાંસજાળીને છેદવા માટે આદરથી (પ્રયત્નથી) ખડ્ગને વહન કરે છે. જલદીથી તે વાંસજાળી છેદાઈને પડી. તેના મધ્યભાગમાં પુનમના ચંદ્રમંડળ સમાન મુખરૂપી કમળને તે પ્રમાણે (કપાયેલું) જોઈને મેં ઘણું દુષ્ટ આચરણ કર્યું કે નિરપરાધી, સજ્જન સમાન એવો કોઈ મનુષ્ય મારા વડે હણાયો. મને ધિક્કાર થાઓ! મારું બાહુબળ અને કુતૂહલ આવા પ્રકારનું અનર્થકારક થયું. પશ્ચાત્તાપને પામેલો, મારે શું કરવા યોગ્ય છે એમ વિચારે છે તેટલામાં બીજી દિશામાં નજર કરતાં તેણે ઊર્ધ્વચરણે લટકતું, પ્રારબ્ધ કરાયું છે ધૂમપાન[1] જેના વડે એવું અને વિદ્યા સાધવામાં પ્રધાન[2] એવું એક મસ્કત વિનાનું ધડ જોયું. તેને અધિકતર દુઃખ થયું. હા હા મેં આને (વિદ્યા સાધવામાં) વિઘ્ન કર્યો તેથી મારે આનો બદલો કેવી રીતે વાળવો ? અર્થાત્ હું આને કેવી રીતે સહાયક થાઉં ? (૧૩૭)

આ પ્રમાણે ઝૂરતા હૈયાવાળો જેટલામાં ચાલે છે તેટલામાં સીધા સોટામય શાલવૃક્ષોના સમૂહથી શોભતું એક ઉદ્યાન જોયું. તે સર્વ ઋતુમાં વિકસિત થનારા વૃક્ષના પુષ્પના સમૂહની પરિમલથી મહેકતું હતું. જેમાં અતિ કલરવથી રુંધાઈ છે દિશા જેના વડે એવો ભમરાનો સમૂહ શોભે છે. તથા પવનથી ડોલાવાયેલી ઊંચા ગાઢ વૃક્ષની મંડળી (સમૂહ) જાણે કુમારના નવા રૂપના દર્શનથી વિસ્મિત રસને અનુભવતી માથાને ધુણાવતી ન હોય તેમ શોભે છે. અને તે ઉદ્યાનમાં મોટા પાંદડાવાળા કંકેલિ વૃક્ષોથી ચારેબાજુથી ઘેરાયેલા, ધ્વજા ફરકતા, સાતમાળવાળા એક મહેલને જુએ છે. પોતાની ભીંતના ભાગમાંથી પ્રસરતી કાંતિના સમૂહરૂપ

---

૧. યજ્ઞકુંડનો ધૂમાડો.

૨. પ્રધાન એટલે જે ક્રિયાથી જે વસ્તુ સાધવા ઇચ્છતો હોય તે વસ્તુની અવશ્ય સિદ્ધિ થાય તેવી ક્રિયા. અર્થાત્ વિદ્યા સાધવા વિધિપૂર્વકની ક્રિયા કરે છે જેથી તેને અવશ્ય ફળ(કાર્ય)ની સિદ્ધિ થશે.

જળથી ધોવાઇ છે દિશાઓ જેના વડે, ઊંચાઇ ગુણથી સ્પર્શાયેલ છે સૂર્યના રથના અગ્રભાગની ધારા જેના વડે એવા એક મહેલને જુએ છે. (અર્થાત્ તે મહેલ ઘણી કાંતિવાળો અને ઊંચો છે.) પાસે આવેલા સરોવરના જળથી શીતલ થયેલ પવનથી અત્યંત શાંત થયેલા તાપના પ્રસરવાળા, મણિથી રચેલ રમ્ય તળવાળા મહેલને જુએ છે. કુમાર ક્રમથી મહેલના સાતમા માળે ચઢ્યો અને કમળના દળના જેવી આંખવાળી, લાવણ્યરૂપ જળના સમુદ્ર સમાન એક કન્યાને જુએ છે. પછી રૂપથી આકર્ષિત થયું છે મન જેનું, વિકસિત થઇ છે આંખો જેની એવો કુમાર ફરી ફરી તે જ કન્યાને જોતો આ પ્રમાણે વિચારવા લાગ્યો. વિધિએ અપૂર્વ પરમાણુઓ લઇ અમૃતની સાથે મિશ્રણ કરીને પોતાની શિલ્પકળા બતાવવા આનું (કન્યાનું) નિર્માણ કર્યું છે.(૧૪૬) ખરેખર તેના મુખપર ઈર્ષ્યાને ધારણ કરતો ચંદ્ર ચરણોથી ચુરાયો છે. જો એમ ન હોત તો પગના નખના બાનાથી ખંડિતપણાને કેવી રીતે ધારણ કરત ! તેનું નિતંબબિંબ ગંગા નદીના વિપુલ રેતીના કાંઠાને જીતી લેનારું છે. જાણે ત્રણ જગતને જીતવાથી થાકેલા કામદેવનું શયન પીઠ ન હોય ! આનો મધ્યભાગ કામદેવરૂપી હાથીની સૂંઢના અગ્રભાગથી પકડીને દબાવવાથી પાતળો કરાયેલો છે. તે મધ્યભાગમાં રહેલ રોમરાજી બાના રૂપે છે. પણ ખરેખર તો તે કામરૂપી હાથીના મદનો લેખ છે એમ હું માનું છું. આની આ નાભિ સ્વભાવથી ગંભીર છે. એનાથી લોક માને છે કે જગતનો વેધ કરનારા કામરસની વાવડી છે. પોતાના શરીર વડે ત્રણ ભુવન જીત્યું છે એવું જણાવવા માટે વિધિએ કરેલી ત્રણ રેખાઓ આના ઉદર ઉપર ત્રણ વલિના બહાનાથી શોભી રહી છે, એમ હું માનું છું. કામદેવને ઉચિત ક્રીડાના સ્તંભની પીઠ સમાન જે આની ઉન્નત ભરાવદાર સ્તનમંડળવાળી છાતીની શોભા છે તેને કોણ (પુણ્યશાળી) મેળવે ? આની નખરૂપી ફૂલોથી યુક્ત કોમળ હથેળીવાળી સ્નિગ્ધરૂપવાળી બંને પણ ભુજાઓ કલ્પવૃક્ષની લતાની જેમ શોભે છે. આનું કાળી-કાંતિમયવાળના સમૂહવાળું મુખ ચંદ્રપર અતિકાળા મેઘના પટલથી નિર્માણ થયેલ શશિમંડળની જેમ શોભે છે. આની દીર્ઘ નયણરૂપ નદીમાં કામદેવરૂપી પારધી નિરંતર સ્નાન કરે છે. જો એમ ન હોત તો નદીના તટ ઉપર ધનુર્લતા જેવી ભ્રમરો કેવી રીતે દેખાત ? આના ગૌરવર્ણા મુખ ઉપર સ્વાભાવિક શોણમણિ જેવી પ્રભાવાળા હોઠ સફેદ કમળમાં રહેલા ચાર પાંદડીવાલા લાલ કમળની જેમ શોભે છે. નયનરૂપી નદીના પ્રવાહને રોકવામાં કુશળ ભૃકુટીરૂપી ધનુષ્યને અંતે રહેલા આના કર્ણો કામદેવરૂપી પારધીના જાણે પાશ હોય તેમ શોભે છે. અહો ! આના દેહ ઉપર અવયવરૂપ જે જે અંગો દેખાય છે તે તે કલ્પવૃક્ષની વેલડીની જેમ મનની શાંતિ કરનારા છે. (૧૫૮)

કન્યાએ કુમારને જોયો એટલે અભ્યુત્થાન કર્યું અને આસન આપ્યું. કુમારે પુછ્યું: હે સુંદરી! તું કોણ છે ? અહીં કેમ વસે છે ? ભયથી રુંધાઇ ગયું છે ગળું જેનું એવી

તે બોલીઃ હે મહાભાગ ! મારી કથા ઘણી લાંબી છે. હું સ્વયં કહેવા શક્તિમાન નથી. તેથી તમે તમારા પોતાના જ વ્યતિકરને કહો કે તમે કોણ છો ? અને અહીં શા માટે પ્રયાણ કરવા પ્રવૃત્ત થયા છો ? આ પ્રમાણે સાંભળીને પછી તેની કલકોકિલ જેવી કોમળ, અતિ નિપુણતાથી કહેવાયેલી કુશળવાણીથી ખુશ થયેલા મનવાળા કુમારે યથાસ્થિત કહેવાની શરૂઆત કરી. (૧૬૨)

હે સુતનુ ! પંચાલ દેશના સ્વામી બ્રહ્મરાજાનો હું બ્રહ્મદત્ત નામે પુત્ર છું. કાર્ય પ્રસંગે આ અરણ્યમાં આવ્યો છું. તેનું વચન સાંભળ્યા પછી તુરત જ હર્ષના અશ્રુથી ભરાયેલી આંખોના પુટોવાળી, સર્વાંગે વિકસિત થયેલ રોમાંચકંચુકવાળી, સૌમ્ય વદનવાળી કુમારી કુમારના ચરણકમળમાં પડી અને પછી તેની પાસે રોવા લાગી. કરુણાના મહાસાગર સરખા કુમારે તેના મુખરૂપી કમળને ઊંચુ કરીને કહ્યું કે કરુણ સ્વરવાળું રુદન ન કર અને આક્રંદનનું જે કારણ હોય તે યથાસ્થિત કહે. આંખના આંસુ લૂછીને તે કહે છે કે હે કુમાર ! હું તારી ચુલણીદેવીના ભાઈ પુષ્પચૂલ રાજાની પુત્રી છું. હું તમને જ અપાઇ છું. ત્રણ દિવસ પછી થનારા મારા લગ્ન દિવસની રાહ જોતી હું ગૃહઉદ્યાનની વાવડીના કિનારે વિવિધ પ્રકારે ક્રીડા કરતી હતી ત્યારે કોઇ અધમ વિદ્યાધર વડે હરણ કરીને અહીં લવાઇ છું. બંધુના વિરહરૂપ અગ્નિથી બળતા મનવાળી જેટલામાં અહીં રહું છું તેટલામાં અણધારી હિરણ્યની વૃષ્ટિની જેમ તમે એકાએક ક્યાંયથી મારા પુણ્યયોગે અહીં આવ્યા. મારી જીવવાની આશા પૂર્ણ થઇ. ફરી કુમારે પુછ્યુંઃ તે મારો શત્રુ ક્યાં છે જેથી હું તેના બળની પરીક્ષા કરું. પછી તે બોલી કે ભણવા માત્રથી સિદ્ધ થનારી શંકરીવિદ્યા તેણે મને આપી છે અને કહ્યું છે કે આનું સ્મરણ માત્ર કરવાથી પરિવાર સહિત પ્રગટ થઈ કહેલું કાર્ય કરશે અને દુશ્મનથી રક્ષા કરશે. વળી તારા વડે સ્મરણ કરાયેલી આ વિદ્યા મારો વૃત્તાંત કહેશે. તે વિદ્યાધરાધમ ભુવનમાં નાટ્યમત્ત નામથી પ્રસિદ્ધ છે. મારી અધિક પુણ્યાઈના કારણે મારા તેજને સહન નહીં કરી શકતો મને આ પ્રાસાદમાં મૂકીને બહેનને જણાવવા માટે વિદ્યાને મોકલીને પોતે વિદ્યાસિદ્ધિ નિમિત્તે ગહન વાંસકૂટમાં હમણાં પ્રવેશ્યો છે. સાધેલી વિદ્યાવાળો તે મને પરણશે અને આજે વિદ્યાસિદ્ધિનો છેલ્લો દિવસ છે. પછી કુમારે કહ્યુંઃ આજે તે મારા વડે હણાયો છે. હર્ષથી યુક્ત પુલકિત શરીરવાળી તે બોલી કે તમારા વડે તેમ કરાયું તે સારું થયું, સારું થયું. કારણ કે તેવા પ્રકારના દુષ્ટાત્માઓનું મરણ જ થાય તે સારું છે. કુમાર તે જ ક્ષણે પ્રેમની ખાણ એવી કુમારીને ગાંધર્વવિધિથી પરણ્યો અને તેની સાથે જેટલામાં કેટલોક કાળ રહ્યો તેટલામાં બીજી ક્ષણે અમૃતની વૃષ્ટિ સમાન, કર્ણને સુખ ઉપજાવતો દિવ્યમંડળમાંથી શબ્દ સંભળાયો એટલે કુમારે તેને પુછ્યુંઃ આ શેનો અવાજ છે ? હે આર્યપુત્ર ! આ તમારા શત્રુ નાટ્યમત્તની ખંડા અને વિશાખા નામની અતિરૂપાળી બે બહેનો છે. પોતાના ભાઈના

વિવાહની સામગ્રી લઈને અહીં આવી છે, તેથી તમે જલદીથી અહીંથી થોડા દૂર ચાલ્યા જાઓ. આઓ તમારા ઉપર અનુરાગી છે કે નહીં એમ ભાવને જાણીને પછી જો તમારા વિશે અનુરાગ હશે તો હું લાલ ધ્વજને ફરકાવીશ અન્યથા સફેદ ધ્વજને ફરકાવીશ એમ તેણીએ સંકેત કર્યો. થોડી વેળા પછી સફેદ ધ્વજને ફરકતો જોઈને તે પ્રદેશમાંથી નીકળી કુમાર ગિરિકુંજમાં ગયો અને મહાસરોવર પાસે પહોંચ્યો અને તે સરોવર કેવું છે ? (૧૮૫)

સજ્જનના મનની જેમ સ્વચ્છ છે, પરને પ્રિય કરનારની જેમ સ્વભાવથી શીતલ છે, આવેગવાળું છે, સંગ્રહ કરવાની ચેષ્ટાવાળું છે. અતિ ચંચળ મોજાવાળું છે. કામીજનનું કુલ છે, ઘણા ઉજ્જવળ રૂપવાળું છે, જાણે વિશાળ સ્થાન છે. સ્ફટિક પર્વતનું જાણે હૃદય છે, સમુદ્રના જળની જેમ અપાર છે. ગગનાંગણ જોવા માટે ઉપદપર્ણ (નાના અરીસા) સમાન છે. જ્યાં ત્યાં દેખાતા માથા પરથી ખરી પડેલા ફુલોથી, આંખના કાજળથી, શરીર પરના કુંકુમથી, પગ પર લાગેલા અળતાથી તથા જયાં ત્યાં નજરમાં આવતા કપાળ પરના ચંદનના તિલકોના ચંદનના કારણે ભમરાના સમૂહથી વ્યાપ્ત થયેલું સરોવર સૂચવે છે કે ખેચરસ્ત્રીઓએ આ સરોવરમાં સ્નાન કરેલું છે. તે સરોવરમાં કુમારે ઇચ્છામુજબ સ્નાન કર્યું અને માર્ગમાં લાગેલા સર્વ સંતાપને દૂર કર્યો. વિકસિત સફેદ કમળોની પવિત્ર સુગંધિત સુગંધના સમૂહને સુંઘી પ્રફુલ્લિત થયો. (૧૯૦) સરોવરમાંથી બહાર નીકળીને સરોવરના વાયવ્યખૂણામાં નવા યૌવનવાળી, ઉન્નત સ્તનવાળી એક કન્યાને જોઇ. તત્કાલ આરોપણ કરાયેલા ધનુષ્યના દંડમાંથી છોડાયેલા કામરૂપી બાણોથી શલ્યવાળું થયું છે શરીર જેનું એવો કુમાર તેનું વર્ણન કરવા લાગ્યો. અહો ! મારી સુકૃતની પરિણતિ કેવી છે ! જે મૃગના જેવી મનોહર આંખોવાળી આ કન્યા અરણ્યમાં કોઈપણ રીતે મારી દૃષ્ટિપથમાં આવી. સુંદર સ્નહેથી ઉજ્જવળ આંખોથી કુમારને જોતી તે ચાલી. પછી તે પ્રદેશમાંથી વીજળીની જેમ અદૃશ્ય થઇ. પછી તેણીએ મુહૂર્તમાત્ર કાળથી પોતાની દાસીને અહીં કુમારને પાસે મોકલી અને ત્યાં આવીને દાસીએ અતિકોમલ અને કિંમતી બે વસ્ત્રો કુમારને આપ્યા તથા તંબોલ, પુષ્પો અને શરીર સત્કાર યોગ્ય અન્ય સામગ્રી આપી અને કહ્યું કે તમારા વડે ત્યારે સરોવરની પાળ ઉપર જે જોવાઈ હતી તેણીએ તમોને આ પ્રીતિદાન મોકલ્યું છે અને મને સૂચના આપી છે કે, હે સખી ! જે મહાભાગ આ વનલતામાં રહેલો છે તે મારા પિતાના મંત્રીને ઘરે આવીને રહે તેમ તું કર. તેથી તમો ત્યાં પધારો. પછી કુમાર મંત્રીના ઘરે લઇ જવાયો. (૧૯૮) દાસીએ મસ્તકે કરરૂપી કમળને જોડીને મંત્રીને કહ્યું કે તમારા સ્વામીની શ્રીકાંતા નામની પુત્રીએ આમને આપની પાસે મોકલ્યા છે. તેથી ગૌરવપૂર્વક સત્કાર કરવો, સચિવે તેમજ કર્યું. બીજે દિવસે કમલવનને વિકસવા માટે ભાઇ સમાન સૂર્યોદય થયા પછી મંત્રી કુમારને વજ્રાયુધ રાજાની પાસે લઇ ગયો. રાજાએ તેને જોયો અને અભ્યુથાન કર્યું. તેને પ્રમુખ સ્થાને આસન

આપ્યું અને તેનો વૃત્તાંત પુછ્યો. તેણે પણ પોતાનો વૃત્તાંત યથાર્થ જણાવ્યો. ભોજન કર્યા પછી રાજાએ કહ્યું કે અમે તમારું બીજું કોઇ વિશિષ્ટ સ્વાગત કાર્ય કરવા કંઇપણ શક્તિમાન નથી તેથી હમણાં શ્રીકાંતાનું પાણિગ્રહણ કરો.(૨૦૩)

શુદ્ધદિવસે[1] વિવાહ કર્યો. હવે કોઇવાર કુમારે પણ શ્રીકાંતાને પુછ્યું કે એકાકી એવા પણ મારી સાથે તું કેમ પરણાવાઈ ? સફેદ દાંતની પ્રભાના પુંજથી ધવલ કરાયા છે હોઠ જેના વડે એવી શ્રીકાંતા કહે છે કે આ મારા પિતા અતિબળવાન ગોત્રિકો વડે ત્રાસ પમાડાયે છતે અતિવિષમ પલ્લિના માર્ગનો આશ્રય કર્યો છે. તથા નગર અને ગામોમાં દરરોજ જઈને(=ધાડ પાડીને) આ કિલ્લામાં પ્રવેશે છે. શ્રીમતી નામની પ્રેમાળ રાણીથી ચાર પુત્રો ઉપર જન્મેલી હું પિતાને પોતાના જીવિતથી પણ અતિપ્રિય થઇ. ભરયુવાની પ્રાપ્ત કરી. પિતાએ મને કહ્યું: હે પુત્રી ! સર્વપણ રાજાઓ મારી અતિવિરુદ્ધ થયા છે. તેથી અહીં કોઇ મનપસંદ વર દેખાય તો તારે મને જાણ કરવી જેથી આને જે યોગ્ય હશે તે હું કરીશ. અન્ય દિવસે કુતૂહલથી પ્રેરાયેલી હું આ પલ્લિ છોડી આ સરોવર પાસે આવી જ્યાં તમોએ સ્નાન કર્યું. ત્યાં હે સલક્ષણ ! સુંદર ભાગ્યશાળી સ્ત્રીઓને પણ કામ ઉત્પન્ન કરનારા તમે જોવાયા. તમે જે પૂર્વે પુછ્યું તેનો આ પરમાર્થ છે. તે શ્રીકાંતાની સાથે સતત વિષયસુખને અનુભવતો કાળ પસાર કરે છે.

અન્ય દિવસે તે પલ્લિનાથ પોતાના સૈન્યની સાથે બીજા દેશો જીતવાની ઈચ્છાથી પલ્લિમાંથી નીકળ્યો. કુમાર પણ તેની સાથે ગયો. ચઢાઇ કરવાના ગામની બહાર કમળ સરોવરના કાંઠા ઉપર એકાએક વરધનુને જોયો. વરધનુએ પણ કુમારને જોયો. પછી બંને પણ પ્રથમ વરસાદના પાણીની ધારાના સમૂહથી સિંચાયેલા મરુસ્થલના વિસ્તારની જેમ, પૂર્ણિમાના ચંદ્રની કાંતિ જેને પ્રાપ્ત થઇ છે એવા ગ્રીષ્મઋતુના કુમુદની જેમ કંઇપણ ન કહી શકાય એવી દાહની શાંતિને અનુભવીને રોવા લાગ્યા. વરધનુએ કુમારને છાનો કર્યો અને સુખે બેસાડયો. પછી પુછ્યું: હે સુભગ ! મારી ગેરહાજરીમાં તે શું અનુભવ્યું તે કહે. કુમારે પણ પોતાનું સર્વચરિત્ર જણાવ્યું. વરધનુએ પણ કહ્યું કે– હે કુમાર ! મારું જે વૃતાંત છે તેને તું સાંભળ. તે વખતે હું વડના વૃક્ષ નીચે તને મૂકીને પાણી લેવા માટે ગયો. એક મોટું સરોવર જોયું એટલે કમલના પડિયામાં પાણી લઇ તારી તરફ ચાલ્યો તેટલામાં બખતર-કવચ પહેરેલા દીર્ઘરાજાના પુરુષોએ મને જોયો અને મને ઘણો માર્યો. મને પુછ્યું કે- હે હે વરધનુ ! કહે કે તે બ્રહ્મદત્ત ક્યાં છે? મેં કહ્યું: હું જાણતો નથી. તેથી તેઓએ મને ઘણો માર્યો. અતિ તાડન કરાતા મેં કહ્યું કે- તેને વાઘ ખાઇ ગયો છે. (૨૨૧) પછી કપટથી આમ તેમ ભમતા તારી નજરમાં આવે તેવા સ્થાનમાં આવ્યો અને તું ભાગી જા એમ ઇશારો

૧. દિનશુદ્ધિ તથા લગ્નશુદ્ધિ પૂર્વકના દિવસે વિવાહ કર્યો.

કર્યો. મુખમાં પરિવ્રાજકે આપેલી વેદના હરનારી ગુટિકા નાખી. એટલે હું મૂર્ચ્છિત થયો. પછી હું મરી ગયો છું એમ જાણી તેઓએ મારો ત્યાગ કર્યો. તેઓ ગયા પછી લાંબા સમયે મેં મુખમાંથી ગુટિકા બહાર કાઢી, તારી તપાસ કરવા લાગ્યો. તું સ્વપ્નમાં પણ ક્યાંય ન દેખાયો. એક ગામની અંદર ગયો અને મેં પરિવ્રાજકને જોયો. પ્રણયપૂર્વક પ્રણામ કરીને કોમળવચનોથી પુછ્યું. તેણે કહ્યું કે તારા પિતાનો હું વસુભાગ નામે પરમ મિત્ર છું. વળી કહ્યું કે તારો પિતા ભાગીને વનમાં ગયો છે અને દીર્ઘરાજાએ તારી માતાને ચાંડાલના પાડામાં રાખી છે. માતાના દુઃખથી પાગલ થયેલો હું કાંપિલ્યપુર ગયો. અહીં કાપાલિકનો વેશ કરી પ્રપંચથી કોઇ ન જાણે તેમ ચાંડાલના પાડામાં ગયો, ત્યાંથી માતાને છોડાવી પિતાના મિત્ર દેવશર્મા બ્રાહ્મણને ઘરે મૂકી. એક ગામમાં તને શોધતો હું અહીં આવ્યો છું. પછી જેટલામાં તે બંને(વરધનુ અને કુમાર) સુખ-દુઃખની વાત કરવામાં પ્રવૃત્ત થયા તેટલામાં એક માણસ આવીને કહે છે કે અરે અરે ! મહાનુભાવો! તમારે ક્યાંય ફરવું નહીં, કેમકે દીર્ઘરાજાના યમ જેવા નિયુક્ત પુરુષો આવ્યા છે. તે બંને પણ કોઈપણ રીતે તે ગહનવનમાંથી નીકળી ક્યાંક પૃથ્વીમંડળ પર ભમતા કૌશાંબીપુરીમાં પહોંચ્યા. (૨૩૨)

ત્યાં બહાર ઉદ્યાનમાં મોટા વિભવવાળા, પ્રસિદ્ધ નામવાળા શ્રેષ્ઠીઓના સાગરદત્ત અને બુદ્ધિલ બે પુત્રો હતા. બંનેના કૂકડાનું યુદ્ધ થયું અને એક લાખની શરત કરવામાં આવી. યુદ્ધમાં સાગરદત્તના પ્રચંડ કૂકડાએ શ્રેષ્ઠીપુત્ર બુદ્ધિલના કૂકુડાને હણ્યો પછી બુદ્ધિલના કુકડાએ સાગરના કૂકડાને હણ્યો. યુદ્ધમાં લાગેલો અને ભગ્ન ચિત્તવાળો સાગરદત્તનો કૂકડો લડવા પ્રેરણા કરાતો હોવા છતા બુદ્ધિલના કૂકડાની સાથે લડવા ઇચ્છતો નથી તો પણ યુદ્ધમાં ઉતરેલો સાગરદત્તનો કૂકડો જિતાયો. એટલામાં વરધનુએ બંને શ્રેષ્ઠીપુત્રોને કહ્યુંઃ આ ઉત્તમજાતિનો કૂકડો પણ આમ કેમ ભંગાયો (હાર્યો) ? તેથી તમને ગુસ્સો ન આવતો હોય તો હું નિરીક્ષણ કરું. ખુશ થયેલ સાગરદત્તે કહ્યુંઃ મારે અહીં દ્રવ્યનો કોઇ લો  નથી પરંતુ અમારે અહીં અભિમાનની સિદ્ધિનું પ્રયોજન છે, અર્થાત્ મારો કૂકડો શ્રેષ્ઠ છે એવું જે મને અભિમાન છે તે સિદ્ધ થવું જોઇએ. પછી મંત્રીપુત્રે બુદ્ધિલના કૂકડાને જોયો તો તેના પગમાં સૂક્ષ્મ લોખંડની સોઇઓ પગના નખમાં બાંધેલી જોઇ. પછી બુદ્ધિલને ખબર પડી કે મારું કપટ પકડાઇ ગયું છે તેથી મંત્રીપુત્રની પાસે આવીને કહ્યું કે તું મારા આ કપટને ખુલ્લો પાડીશ નહીં તને લાખની શરતનો અડધો ભાગ આપીશ. વરધનુ કહે છે કે મને ધનની કોઇ ઇચ્છા નથી. તે વખતે વરધનૂએ સાગરદત્તને ઈશારાથી સાચી હકીકત જણાવી દીધી. સાગરદત્તે પણ નખના અગ્રભાગમાં લાગેલી સૂઇઓ ખેંચી કાઢી. પછી ફરીથી કૂકડાને લડાવ્યો બુદ્ધિલનો કૂકડો હાર્યો. બુદ્ધિલ વડે શુરાતન ચડાવાયેલો પણ પ્રતિપક્ષ (પોતાનો) કૂકડો હારી ગયો. બંને પણ બરોબરી થયા. અર્થાત્ સાગરદત્તે હારી ગયેલું ધન પાછું મેળવ્યું. સાગરદત્ત ઘણો ખુશ થયો. તે બંનેને પણ સુંદર રથમાં બેસાડીને પોતાને ઘરે લઇ જાય છે. ઉચિત સત્કાર કરાયેલા તેના સ્નેહથી બંધાયેલા તે બંને કેટલાક દિવસ સાગરદત્તના ઘરે રહે છે.

હવે કોઇક વખતે ત્યાં એક મનુષ્ય આવ્યો. વરધનુને એકાંતમાં લઇ જઇને આ પ્રમાણે કહ્યું કે સૂઇની વ્યતિકરવાળી શરતમાં બુદ્ધિલે જેને સાક્ષી ન આપવા કબૂલાવ્યું હતું તે પેટે તે નિમિત્તે તેને અડધો લાખ દીનાર મોકલ્યા છે. આ હાર ચાલીસ હજારની કિંમતવાળો છે એમ કહી હારનો કરંડિયો આપીને ચાલ્યો ગયો. પછી વરધનુએ તેમાંથી હાર કાઢ્યો. આમળા જેવા મોટા અનુપમ નિર્મળ મોતીઓથી બનેલો હાર શરદઋતુના ચંદ્રના કિરણોના સમૂહની જેમ ચારેબાજુ દિશાઓના સમૂહને ઉજ્જ્વળ કરે છે. તેણે હાર કુમારને બતાવ્યો. બારીકાઇથી જોતા કુમારે તેના એક ભાગમાં પોતાના નામવાળો એક લેખ જોયો. તેણે વરધનુને પુછ્યું: હે મિત્ર ! આ લેખ કોનો છે ? તેણે કહ્યું: હે કુમાર ! આ વૃત્તાંતના પરમાર્થને કોણ જાણે છે ? કેમકે તમારા જેવા નામવાળા આ જગતમાં અનેક મનુષ્યો છે. આ પ્રમાણે ખંડિત થયું છે વચન જેનું એવો કુમાર પછી મૌન રહ્યો. વરધનુએ પણ તે પત્રને ખોલ્યો અને તેમાં અતિતીવ્ર કામને ઉશ્કેરનારી (ઉત્તેજિત કરનારી) એક લખાયેલી ગાથા જોઇ. તે આ પ્રમાણે–

સંયોગ(ભોગ)ની અભિલાષાથી ઉત્પન્ન થયેલા પ્રયત્નથી લોક હૈયાથી મારી પ્રાર્થના કરે છે તો પણ રત્નવતી તમને જ અત્યંત માણવા ઇચ્છે છે. આ લેખનો ભાવાર્થ કેવી રીતે જાણવો એમ ચિંતામાં ડૂબેલા વરધનુ પાસે બીજા દિવસે એક પરિવ્રાજિકા આવી. કુમારના મસ્તકને ફુલ અને અક્ષતથી વધાવે છે અને કહે છે 'હે પુત્ર ! લાખો વરસ સુધી જીવ' પછી વરધનુને એકાંતમાં લઇ જઇને કંઇક મંત્રણા કરીને જલદીથી ગઇ. પછી કુમારે વરધનુને પુછ્યું: આણે શું કહ્યું ? મંદ મંદ હસતા મુખવાળો વરધનુ કહે છે કે આ પરિવ્રાજિકા આ પત્રનો ઉત્તર પાછો માગે છે. પણ મેં તેને કહ્યું કે આ લેખ રાજપુત્ર બ્રહ્મદત્તના નામનો જણાય છે તેથી તું (પરિવ્રાજિકા) મને કહે કે આ બ્રહ્મદત્ત કોણ છે ? તેણે કહ્યું: હે સૌમ્ય! સાંભળ પરંતુ તારે આ વાત ક્યાંય પ્રગટ ન કરવી. (૨૬૦)

આ જ નગરમાં શ્રેષ્ઠીની રત્નવતી પુત્રી છે, તે બાળકાળથી જ મારા વિશે સ્નેહવાળી છે અને હમણાં ત્રણ જગતને જિતવા ઉદ્યત થયેલ કામદેવરૂપી ભિલ્લના મોટા ભાલા સમાન યૌવન પામી છે. અન્ય દિવસે ડાબો હાથ લમણા ઉપર રાખી હતાશ થયેલી કંઈક કંઇક વિચારતી મેં જોઇ. તેની પાસે જઇને મેં તેને કહ્યું: હે પુત્રિ ! ચિંતારૂપી સાગરની લહરીઓથી તું હરાતી હોય એમ જણાય છે. પછી પરિજને કહ્યું કે ઘણા દિવસોથી આ પ્રમાણે ચંચળ અને ઉદાસ થઇ છે, ફરી ફરી પુછાવા છતાં કંઇ જવાબ આપતી નથી. જેની સખી પ્રિયંગુલતિકાએ કહ્યું: હે ભગવતિ ! આ લજ્જા પામે છે જેથી હમણાં તમને કંઇપણ કહેવા શક્તિમાન થતી નથી. તેથી હું તમને પરમાર્થ કહું છું. પૂર્વે એક દિવસે પોતાના ભાઈ બુદ્ધિલની સાથે ચંદ્રાવતાર વનમાં ગઇ હતી. આટલામાં કૂકડાનું યુદ્ધ શરૂ થયું ત્યારે ત્યાં ક્યાંયથી અપૂર્વ

રૂપવાળા કુમારને આવેલો જોયો. ત્યારથી જ આના શરીરની કાંતિ ક્ષીણ થઇ અને વિષાદમુખી થઇ. તેના વિષાદને સાંભળીને મેં જાણ્યું કે ચંદ્રના ઉદયથી સમુદ્રમાં ભરતીના મોજાં ઉછળે છે તેમ આના મનમાં કામદેવ ઉલ્લસિત થયો છે. મેં તેને મધુર વાણીથી પુછ્યું: હે વત્સે! સદ્ભૂત સ્વરૂપવાળા પોતાના સદ્ભાવને કહે. અર્થાત્ તારા હૃદયમાં જે ભાવો છે તેને યથાર્થરૂપે જણાવ. હે ભગવતી ! તું મારી માતા છે તારી પાસે મારે ન કહેવાય એવું કંઇપણ છૂપાવવા યોગ્ય નથી. તેથી એકાગ્ર ચિત્તથી સાંભળ. આ પ્રિયગુલતાએ જાણ્યું છે કે પંચાલરાજાનો પુત્ર બ્રહ્મદત્ત છે અને ગૌરવપૂર્વક મને ઓળખાવ્યો છે. ત્યારથી સ્વપ્નમાં પણ મારી લાગણીઓ શાંત થતી નથી. તેથી જો આ મારો પતિ નહીં થાય તો મારે મરણનું જ શરણ છે. પછી ફરી મેં તેને કહ્યું કે હે વત્સે ! તું ધીરી થા, હું તેવો ઉદ્યમ કરીશ જેથી તારું ચિંતિત સફળ થાય. તે સ્વસ્થ શરીરવાળી થઇ એટલે તેના હૃદયને આશ્વાસન થાય તે માટે મેં કહ્યું કે નગરની અંદર મેં કાલે કુમારને જોયો હતો. આ વચનને સાંભળીને પુલકિત હૃદયવાળી કહે છે– હે ભગવતિ ! તારી કૃપાથી મારું સર્વ સુંદર થશે. પણ તેના વિશ્વાસ માટે શું કરવું ? બુદ્ધિલના વ્યપદેશથી આ હારને તથા તેના છેડે બાંધેલા લેખને અર્પણ કર. આ પ્રમાણે (બાનાથી) રત્નવતીના વચનથી લેખસહિત હારને કરંડિયામાં મૂકીને પુરુષને હાથમાં આપીને મેં તમારી પાસે મોકલાવ્યો છે એમ પરિવ્રજિકાએ લેખનો વ્યતિકર કહ્યો અને હમણાં તેનો પ્રત્યુત્તર આપો. તેથી હે કુમાર! મેં તારી વતી તેને જવાબ આપ્યો છે. તે આ પ્રમાણે છે–

જેણે ગૌરવ ઉપાર્જન કર્યું છે એવા વરધનુથી યુક્ત શ્રી બ્રહ્મરાજાનો પુત્ર ચંદ્ર જેમ ચાંદની સાથે રમે તેમ રત્નવતીની સાથે રમવા ચાહે છે. (૨૮૦) વરધનુએ કુમારને આ વૃત્તાંત કહ્યો ત્યારે સાંભળીને નહીં જોવા છતાં પણ રત્નવતીની ઉપર રાગવાળો થયો. કમળના પાંદડાની શય્યામાં સૂતેલો ચંદનરસથી સિંચાયેલો છતાં પણ બ્રહ્મદત બળે છે. તીવ્ર વિરહરૂપી અગ્નિથી આલિંગિત કરાયેલો તે સુખ પામતો નથી.

અન્ય દિવસે નગરના બહારના પ્રદેશમાંથી વરધનુ આવીને કુમારને કહે છે કે તારે અહીં રહેવું ઉચિત નથી, કારણ કે કોશલપતિ દીર્ઘે તને પકડવાને માટે અહીં પુરુષોને મોકલ્યા છે અને આ નગરના સ્વામીએ આપણને પકડવા જાપ્તો ગોઠવ્યો છે. લોકમા આ વાદ (વાત) સર્વત્ર સંભળાય છે. પછી આ વ્યક્તિકરને જાણીને સાગરદત્તે પોતાના ભૂમિઘર(=ભોંયરા)માં બંનેને પણ છૂપાવ્યા. રાત્રિ શરૂ થઇ, કાજળ અને કોકિલના સમૂહ જેવા કૃષ્ણવર્ણવાળા અંધકારથી દિશાઓ પુરાઇ. કુમારે શ્રેષ્ઠીપુત્રને કહ્યું કે તું એવું કર જેથી અમો અહીંથી જલદીથી ભાગી શકીએ. આ સાંભળીને તે બેની સહિત શ્રેષ્ઠીપુત્ર સાગરદત્ત થોડો ભૂમિભાગ આગળ ગયો તેટલામાં કોઇપણ રીતે સાગરદત્તને સમજાવીને રોકીને બંને પણ જવાની શરૂઆત કરી. તે

જ નગરીની બહાર યક્ષના મંદિર પાસે વિવિધ પ્રકારના શસ્ત્રોથી ભરેલા શ્રેષ્ઠ રથ ઉપર બેઠેલી, ઘેઘુર વૃક્ષની નીચે આવીને ઉભેલી તરુણ સ્ત્રીએ તે બેને જોઈને આદરથી અભ્યુથાન કરીને કહ્યું: તમે અહીં આટલા મોડા કેમ આવ્યા ? તે સાંભળીને તેઓએ કહ્યું: હે ભદ્રે ! એમ કોણ છીએ ? તે પણ કહે છે કે તમે નિશ્ચયથી બ્રહ્મદત્ત અને વરધનુ છો. તેં કેવી રીતે જાણ્યું ? તે સાંભળીને યુવતીએ કહ્યું: (૨૯૨)

આ જ નગરમાં ધનપ્રવર નામના શ્રેષ્ઠી છે, ધનસંચયા નામની તેની સ્ત્રીની કુક્ષિમાં હું આઠ પુત્રો ઉપર પુત્રી થઈ છું. યૌવનનો ભર પ્રાપ્ત કર્યો છતાં કોઈપણ વર પસંદ ન પડ્યો. તેથી યક્ષની આરાધના કરી અને મારી ભક્તિના પ્રભાવથી યક્ષે પ્રત્યક્ષ થઈને કહ્યું: હે વત્સે! તારો પતિ બ્રહ્મદત્ત ચક્રવર્તી થશે. રત્નવતીએ પુછ્યું: મારે તેને કેવી રીતે ઓળખવો ? યક્ષે કહ્યું: બુદ્ધિલ અને સાગરદત્તના કૂકડાનું યુદ્ધ થયું હતું ત્યારે તેં જે બ્રહ્મદત્ત નામના કુમારને જોયો હતો તે તારા મનમાં રમણ કરશે. તથા કૂકડાના યુદ્ધકાળ પછી વરધનુ સહિત જે કંઈ તમને વીત્યું છે તે યક્ષે મને કહ્યું તથા હારનું મોકલવું વગેરે કાર્ય મેં કર્યું હતું. એ પ્રમાણે વૃત્તાંત સાંભળીને કુમારે વિચાર્યું: આ મારી રક્ષામાં આદરવાળી છે, જો એમ ન હોત તો શસ્ત્રો સહિત રથ મારી પાસે કેવી રીતે લઈ આવત ? આ વિચારીને તેના વિષે અતિ રાગવાળો થયો અને રથ ઉપર આરૂઢ થયો પછી તેને ખાતરી થઈ કે આ રત્નવતી છે. એટલે પુછ્યું: હવે કઈ તરફ જવું છે ? રત્નવતીએ કહ્યું: મગધપુરમાં મારા પિતાના નાનાભાઈ ધને શ્રેષ્ઠીપદને પ્રાપ્ત કર્યું છે. તમારા અને મારા વૃત્તાંતને જાણીને પરમ હર્ષમાં વર્તે છે, જે આદરથી આપણું પરમ આતિથ્ય કરશે. તેથી તે તરફ પ્રયાણ કરવું, ત્યાર પછી તમને જે ગમે તે કરજો. પછી કુમાર તે નગર તરફ જવા પ્રવર્ત્યો. વરધનુએ સારથિપણું કર્યું, પછી ક્રમથી જતો કોશંબી દેશમાંથી નીકળીને અનેક દુર્ગોને ઓળંગીને જ્યાં વૃક્ષની ડાળીઓએ સૂર્યના કિરણોને રોકી દીધા છે એવી પર્વતથી દુર્ગમ અટવીમાં આવ્યા. તેમાં કંટક અને સુકંટક નામના બે ચોરોના અધિપતિઓ વસે છે. ઉત્તમ રથ અને શણગારેલ શરીરવાળા સ્ત્રીરત્નને તથા અલ્પ પરિવારવાળા કુમારને જોઈને, સંનાહની[1] સાથે બંધાયેલા કવચ પહેરીને ધનુષ્યની દોરી ખેંચીને ભિલ્લો નવામેઘની ધારા સમાન બાણોનો વરસાદ વરસાવા લાગ્યા. ધીરતાનું એક ઘર, જરાપણ ક્ષોભ નહીં પામતો કુમાર પણ સિંહ હરણોનો પરાભવ કરે તેમ તત્ક્ષણ ભિલ્લોનો પરાભવ કર્યો. પડતા છે છત્રો અને ધ્વજાઓ જેની, વિવિધ પ્રકારના શસ્ત્રોના ઘાતથી ચક્રની જેમ ઘુમતા છે શરીરો જેના, નિષ્ફળ થયો છે યુદ્ધનો આરંભ જેઓનો એવા ભિલ્લો દશે દિશામાં નાશવા લાગ્યા. પછી તે જ રથવર ઉપર અરૂઢ થયેલો કુમાર જેટલામાં આગળ ચાલે છે તેટલામાં વરધનુએ કહ્યું કે તું હમણાં ઘણા પરિશ્રમને પામ્યો છે તેથી આ રથમાં એક મુહૂર્ત સુધી નિદ્રા સુખને મેળવ. પછી કુમાર અતિ સ્નેહાળ રત્નવતીની સાથે સૂતો. (૩૧૧)

૧. સંનાહ- સૈનિકનો લોખંડી પોશાક.

એટલામાં પર્વતમાંથી નીકળતી એક નદી પાસે રથ પહોંચ્યો ત્યારે રથમાં જોડેલા ઘોડા થાક્યા, કોઈક રીતે કુમારની ઊંઘ ઊડી ગઈ. આળસ મરડીને કુમાર ચારે દિશામાં નજર કરે છે તેટલામાં ક્યાંય વરધનુને ન જોયો. એટલે આજુબાજુમાં પાણી લેવા ગયો હશે એમ કલ્પના કરી. પછી કુમારે નવા વાદળની ગર્જના જેવો ગંભીર અવાજ કર્યો, પ્રત્યુતર ન મળ્યો. પછી કોઈક રીતે અતિઘણી લોહીની ધારાથી ખરડાયેલી રથની ધુરાને જોઇને સંભ્રમિત થયો. વરધનુ હણાયો છે એમ ખોટી કલ્પના કરી રુંધાઇ છે સર્વાંગમાં ચેતના જેની એવો કુમાર રથમાં પડ્યો. રત્નવતી વડે શીતલજલ અને પવનથી ચેતનવંતો કરાયો ત્યારે ભાનમાં આવેલો કુમાર 'હા હા ભાઇ' એમ બોલતો રોવા લાગ્યો. રત્નવતીએ માંડમાંડ રુદનને શાંત કર્યું. પછી કુમારે રત્નવતીને કહ્યુંઃ હે સુંદરિ ! શું વરધનુ જીવે છે કે મરી ગયો છે ? તેની કંઈપણ ચેષ્ટા સ્પષ્ટ દેખાતી નથી. તેથી હે સુતનુ ! તેની શોધ માટે મારે પાછું જવું ઉચિત છે. રત્નવતીએ કહ્યુંઃ આ જંગલ ઘણા જંગલી પ્રાણીઓથી ભરેલું છે. હે પ્રાણનાથ! માંસપેશી સમાન[1] સર્વ સામાન્ય એવી મને તમે શા માટે છોડવા ઇચ્છો છો ? તથા વસતિ નજીકમાં જ વર્તે છે, કારણ કે લોકોની અવર જવરથી ઘાસ અને કાંટા વગેરે આ પ્રદેશમાં કચડાયેલા દેખાય છે. તેથી નગરમાં પહોંચીને પછી તમારે ઉચિત હોય તે કરજો. પછી કુમાર મગધપુરની તરફ જવા લાગ્યો અને તે દેશના સીમાડાના એક ગામમાં પહોંચ્યો. ત્યાં ગામના ભાવિક મુખીએ તેનું રૂપ જોઇને મનથી વિચાર્યું કે આ કોઈક મહાત્મા ભાગ્યના વશથી એકલો થયો છે. બહુ ગૌરવપૂર્વક પોતાને ઘરે લઈ જઈ, સુખાસન પર બેસાડીને પુછ્યુંઃ હે મહાભાગ! ઉદ્વિગ્ન કેમ છે ? આંખના આંસુ લૂછીને કહે છે કે મારો નાનો ભાઈ ચોરોની સાથે લડાઈ કરવા ગયો છે, આથી તેનું શું થયું હશે તેની તપાસ માટે મારે જવાનું છે. પછી ગ્રામમુખીએ કહ્યું કે તું અહીં ખેદ ન કર. જો તે ગહન વનમાં હશે તો હું તેને પાછો લઈ આવીશ. કારણ કે આ અટવી મારે વશ છે. પછી પોતાના માણસો તપાસ કરવા મોકલ્યા. સર્વત્ર તપાસ કરીને પાછા આવીને તેઓએ જણાવ્યું કે અમે જંગલમાં કોઇને પણ જોયો નહીં. ફક્ત કોઈક સુભટના શરીરને વીંધીને પૃથ્વી ઉપર પડેલું યમરાજની જિહ્વા સમાન આ બાણ મળ્યું છે. તેના વચન સાંભળીને ઉત્પન્ન થયો છે તીવ્ર ખેદ જેને એવો કુમાર લાંબો સમય શોક કરીને મહાકષ્ટથી બાકીનો દિવસ પૂરો કરે છે તેટલામાં રાત્રિ શરૂ થઇ ત્યારે રત્નવતીની સાથે સૂતો. રાત્રિનો એક પહોર વીત્યો ત્યારે ચોરોની ધાડ પડી. જેમ પ્રચંડ પવનથી આકાશમાં વાદળ વેરવિખેર થઇ જાય તેમ કુમારે અત્યંત ખેંચીને ધનુષ્યમાંથી છોડેલા બાણોના પ્રહારથી ચોરો નાશી ગયા. ગામ લોકોની સાથે ગામ મુખીએ

૧. જંગલમાં પડેલી માંસપેશીને ખાવા સર્વ પશુપક્ષીઓ દોડે છે તેમ માંસપેશી સમાન મારો પરાભવ કરવા સર્વે ઉદ્યત છે. આ જંગલમાં મારું રક્ષણ થવું ઘણું કપરું છે તેથી જલદી નગરમાં જઇએ.

હર્ષપૂર્વક કુમારને ઘણા અભિનંદન આપ્યા. કયો પુરુષ જયરૂપી લક્ષ્મીનું મંદિર એવા તારા જેવો થાય ? પ્રભાત થયું એટલે કુમાર ગામ સ્વામીની રજા લઈને તેના પુત્રની સાથે રાજગૃહ તરફ ચાલ્યો. ત્યાં માર્ગમાં નગરની બહાર એક પરિવ્રાજકના ઘરે તેના પુત્રની સાથે રત્નવતીને મૂકીને નગરના અંદરના ભાગમાં પ્રવેશ્યો. અતિ ઘણા સેંકડો થાંભલા પર ઊભું રહેલું, નહીં ભુંસાયેલા ચિત્રોવાળું, ઊંચા શિખર પર શોભતી ધ્વજમાળાવાળું એવું એક સફેદ ઘર જોયું. તેમાં પોતાના રૂપથી દેવીઓને જીતી લેનારી એવી બે ઉત્તમ સુંદરીઓને જોઇ. કુમારને જોઇ તેઓ બોલી કે સ્વભાવથી પરોપકારી એવા તમારે અનુરક્ત ભક્તજનને છોડીને પરિભ્રમણ કરવું ઉચિત છે ? કુમારે કહ્યું કે મેં જેનો ત્યાગ કર્યો તેવો કોણ છે તે મને કહો. અમારા ઉપર કૃપા કરીને આસન પર બિરાજમાન થાઓ. આ પ્રમાણેની વિનંતિથી કુમાર આસન ઉપર બેઠો અને આદરથી ભોજન વગેરેથી સત્કાર કર્યો. સન્માન પછી તેઓએ વાતની શરૂઆત કરી કે– (૩૪૦)

આ જ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં જેમાં ઘણાં ઝરણામાંથી પાણીનો સમૂહ ઝરી રહ્યો છે એવો વૈતાઢ્ય નામનો પર્વત છે. જે પોતાના વિસ્તાર ગુણથી પૂર્વ લવણ સમુદ્રથી માંડી પશ્ચિમ લવણ સમુદ્ર સુધી પૃથ્વીને માપવા માટે માપદંડની લીલાને ધારણ કરે છે, ઊંચાઇથી સૂર્યના માર્ગની સ્ખલના કરે છે. વિવિધ પ્રકારના મણિઓના સમૂહની પ્રભાથી અંધકારના સમૂહનો નાશ કરે છે. જ્યાં સૂર્ય કે ચંદ્રનું કોઇ મહત્ત્વ(ઉત્કર્ષપણું) રહેતું નથી. તળિયામાં વહેતી ગંગા અને સિંધુનદીના પ્રવાહથી પરિસરનો પ્રદેશ શોભે છે. સ્થાને સ્થાને મહૌષધિનો સમૂહ જોવામાં આવે છે. જ્યાં ક્રીડારસિક વિદ્યાધરો સર્વત્ર ભોગો ભોગવી રહ્યા છે. જ્યાં હજારો આશ્ચર્યો દેખાય છે. જેનું મણિઓથી ચમકતું મોટી શિલાવાળું શિખર એવું શોભે છે કે જાણે પરસ્પર અથડાયેલા વાદળાઓના સમૂહમાંથી ઉત્પન્ન થયેલો વિદ્યુતનો ઉદ્યોત ન હોય ! અને જ્યાં ચંદ્ર રાત્રે શિખર પર રહેલી મુખ-શણગારમાં મશગુલ બનેલી વિદ્યાધર સ્ત્રીઓ માટે મણિના દર્પણની લીલાને વહન કરે છે, અર્થાત્ દર્પણનું કાર્ય કરે છે. તથા વૈતાઢ્ય પર્વત ઉપર ચંદનવનોમાં સર્પોના સમૂહો હોવા છતાં વિદ્યાધર યુગલો નિર્ભય મનથી ક્રીડા કરે છે, કેમકે સર્પોનું ડંશ દેવાનું સામર્થ્ય મહા ઔષધિઓની ગંધથી રુંધાઇ ગયું છે. જેમાં પ્રખ્યાત (ઉત્તમ) ગામ અને નગરો આવેલા છે એવી વૈતાઢ્યની દક્ષિણ શ્રેણિમાં શિવમંદિર નામના નગરમાં જ્વલનશિખી નામનો રાજા છે, જેના ચરણ રૂપી કમળો પોતાના માહાત્મ્યથી નમાવાયેલા સમસ્ત સામંતોના મસ્તકોના મણિના ઘણા કિરણોના સમૂહરૂપ પાણીથી નિત્ય સિંચાયેલ છે, અર્થાત્ તે રાજા ઘણો પરાક્રમી છે. તેને ચંદ્રની જ્યોત્સ્ના પ્રિયાની સૌભાગ્ય સંપદાનું નિધાન એવી વિદ્યુતશિખા નામની પ્રિયા છે, અમે તેની બે પુત્રીઓ છીએ. નાટ્યમત્ત અમારો મોટો ભાઇ છે. હવે કોઈ વખતે અગ્નિશિખ મિત્રની સાથે પિતા વાર્તાલાપ કરતા

રહે છે તેટલામાં આકાશમાં અષ્ટાપદ પર્વત ઉપર જિનબિંબોને વાંદવા ઘણી ઋદ્ધિવાળા દેવો અને અસુરોના સમૂહને જતા જોઇને વધેલી છે શ્રદ્ધા જેની એવો રાજા (પિતા) મિત્રો અને અમારી સાથે જ ત્યાં જવા પ્રવૃત્ત થયો અને ક્રમથી તે પર્વત ઉપર પહોંચ્યો. પ્રબળ ગંધવાળા, સુંદર ડીંટાવાળા, ભમરાઓ જેની આસપાસ ઘૂમી રહ્યા છે એવા મંદાર પારિજાત વગેરે કલ્પવૃક્ષોના ફુલોના સમૂહોથી ભગવંતોની સારી રીતે પૂજા કરીને, કર્પૂર-અગરુ-સુગંધી ધૂપથી ધૂપીને, સ્તવના કરીને ચૈત્યગૃહમાંથી નીકળ્યા. નીકળતા પ્રત્યક્ષ પ્રશમના પૂંજ સમાન પ્રનષ્ટ થયો છે મદ જેઓનો એવા અશોકવૃક્ષની નીચે બેઠેલા બે ચારણ મુનિને જોયા અને ભક્તિથી પ્રણામ કરીને બધા બેઠા. પછી તેઓમાના એક શ્રમણસિંહે પાણીના સમૂહથી ભરેલા વાદળના જેવી ગંભીર વાણીથી તે સુર, અસુર અને ખેચરોને ધર્મકથા કહેવાની શરૂઆત કરી. (૩૬૦) તે આ પ્રમાણે–

કેળના પાંદડા સમાન કોમળ આ શરીર અનેક રોગોનું ઘર છે. ખરેખર વિષયસુખો વિજળીના લીસોટા જેવા જોવામાત્રથી ભંગુર છે. જગતમાં જીવોનું જીવિત શરદઋતુમાં થયેલા ઘણા વાદળ જેવું ચંચળ છે. સ્ત્રીઓનો સ્નેહ કિંપાક ફળની જેમ વિપાકથી દારૂણ છે. લક્ષ્મી પ્રચંડ પવનથી હલાવાયેલ ઘાસના અગ્ર ભાગ ઉપર રહેલા પાણીના બિંદુ સમાન ચંચળ છે. લોક નિમિત્ત વિના જ પ્રતિક્ષણ દુઃખને જુએ છે (અનુભવે છે). સર્વપુરુષાર્થોનું[1] કારણ એવો મનુષ્યભવ અતિદુર્લભ છે. હંમેશા મૃત્યુ ચારેબાજુથી જીવની નજીક ફર્યા કરે છે. સંસારનો ત્યાગ કરવાની ભાવનાવાળા વિવેકી પુરુષોએ જિનકથિત પરિશુદ્ધ ધર્મ સર્વાદરથી સેવવો જોઇએ. આ પ્રમાણે મુનીશ્વરની વાણી સાંભળીને વિશુદ્ધબોધ પ્રાપ્ત થયે છતે જેમ આવ્યા હતા તેમ (સુર, અંસુર આદિ) પાછા ગયા. અમારા પિતાના મિત્ર અગ્નિશિખે અવસર મેળવીને પુછ્યું: હે ભગવન્! આ બાળાઓનો ભર્તા કોણ થશે ? મુનિએ કહ્યું: જે આ બાળાઓના ભાઇનો વધ કરશે તે આ બાળાઓનો પતિ થશે, એમ સાંભળી રાજા શ્યામમુખવાળો થયો. (૩૬૮) આ અવસરે અમે કહ્યું: હે તાત! અહીં જ મુનિવડે આ સંસાર આવા પ્રકારનો છે તે કહેવાયું છે તેથી દારુણ પરિણામવાળા વિષયોથી સર્યું, પિતાએ આ સર્વ હકીકત સ્વીકારી. ભાઇને અતિવલ્લભ હોવાને કારણે પોતાના શરીરના સુખને છોડીને ભાઇના ભોજનાદિની ચિંતા (સાર-સંભાળ) કરતી અમે જેટલામાં તેની પાસે રહી તેટલામાં કોઈક દિવસે ગ્રામ-આકર-સંકુલ સ્વરૂપ પૃથ્વી ઉપર ભમતા અમારા ભાઇએ તમારા મામાની પુત્રી પુષ્પવતીને અથવા બીજી કોઈ કન્યાને જોઇ. અને તેના રૂપમાં આસક્ત થયેલો તેનું હરણ કરીને અહીં આવ્યો. તેની દૃષ્ટિને સહન નહીં કરતો વિદ્યા સાધવા વાંસ કૂટમાં ગયો. ત્યારપછી શું થયું

૧. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થ છે. મનુષ્યભવ વિના આ ચારેય પુરુષાર્થો સિદ્ધ ન થઇ શકે માટે મનુષ્યભવ અતિદુર્લભ છે.

છે તે તમે જાણો જ છે. તે સમયે તમારી પાસેથી આવીને પુષ્પવતીએ મધુર સામ વચનોથી અમને આ પ્રમાણે કહ્યું કે તમારો નાટ્યમત્ત ભાઈ કૌતુકથી તલવાર ચલાવતા આના (બ્રહ્મદત્ત) વડે મરણ પમાડાયો છે તેથી તમે પંચાલસ્વામીના પુત્રને પતિ તરીકે સ્વીકારો. પછી શોકમાં ડૂબેલી, બહેરો કરાયો છે અટવીનો અંદરનો ભાગ જેઓ વડે એવી અમે જેટલામાં તે વખતે રોવા લાગી તેટલામાં પુષ્પવતીએ અતિનિપુણ વચનોથી બોધ કરી તથા તેણે (પુષ્પવતીએ) નાટ્યમત્તના વચનથી એ વાત જાણી છે કે આઓનો બ્રહ્મદત્ત પતિ થશે તથા કહ્યું કે અહીંયા તમારે કોઈ વિકલ્પ (શંકા) ન કરવો, મુનિ વચનને યાદ કરો અને બ્રહ્મદત્તને પતિ તરીકે સ્વીકારો. તેના વચન સાંભળીને અમે અનુરાગવાળી થઈ અને તેની વાત માન્ય કરી. પછી ઉતાવળને વશ થયેલી પુષ્પવતીએ સફેદ ધ્વજા ચલાવી. સંકેત કરાયેલી લાલ ધ્વજાને બદલે સફેદ ધ્વજા ચલાવાયે છતે તમોએ અન્યત્ર પ્રયાણ કર્યું. ભૂમિમંડલમાં તપાસ કરવા ભમતી અમે તમને ક્યાંય ન જોયા. ખેદ પામી અને અહીં પાછી આવી. જયારે અમે આજે સુખના નિધાન એવા આપને જોયા ત્યારે અમારે અચિંતનીય, અવિતર્કિત જાત્ય સુવર્ણની વૃષ્ટિ થઈ. હે પ્રાર્થિત માટે કલ્પદ્રુમ સમાન ! હે મહાભાગ ! તમે અમારે સમીહિત (ઇચ્છિત) પુષ્પવતીના વ્યક્તિકરને આચરો (પાલન કરો). પછી ઉતાવળમાં પરવશ બનેલો કુમાર તેઓને પરણીને ઉદ્યાનમાં તેઓની સાથે રાત્રિ રહ્યો, સવાર થઇ ત્યારે કહ્યું કે જયાં સુધી મને રાજ્યની પ્રાપ્તિ થશે ત્યાં સુધી વિનીત થઈને તમારે પુષ્પવતીની પાસે રહેવું. તેઓએ કહ્યું: અમે તેમ કરીશું એમ કહીને તેઓ ચાલી ગઈ ત્યારે બ્રહ્મદત્ત પ્રાસાદને જુએ છે તો કંઈપણ મહેલ વગેરે દેખાતું નથી. પછી બ્રહ્મદત્તે વિચાર્યું કે ખરેખર આ વિદ્યાધરીઓએ માયા કરી છે નહીંતર આ ઇન્દ્રજાળ સમાન ઘટના કેવી રીતે બને ? (૩૮૭)

આ ચમત્કાર થયો એમ માનીને રત્નવતીને શોધવા આશ્રમ તરફ ચાલ્યો પણ રત્નવતીને ન જોઇ. તેની ખબર હું કોને પૂછું એમ વિચારી દિશાઓ જોઇ, પણ કોઇએ રત્નવતીને જોઇ હોય તેવો દેખાયો નહીં. તેનું જ સ્મરણ કરતો રહ્યો. ક્ષણમાત્ર પછી એક ભદ્રક પ્રકૃત્તિ પ્રૌઢપુરુષ આવ્યો અને તેને પુછ્યું: અરે! અરે! મહાભાગ ! કાલે કે આજે આ અટવીમાં ભમતી આવા વેશવાળી કોઇ બાળાને જોઇ ? તેણે પુછ્યું: હે પુત્રક! શું તું તેનો પતિ છે? હા, એમ કુમારે કહ્યું. પછી તે પુરુષ કહે છે: હે ભદ્રક ! બપોર પછી મેં તેને રડતી જોઇ હતી અને પુછ્યું હતું કે તું કોણ છે ? અહીં કેવી રીતે આવી ? આ શોકનું શું કારણ છે ? ક્યાં જવું છે ? ત્યારે રત્નવતી ગદ્‌ગદવાણીથી કંઈક બોલી તે ઉપરથી મેં તેને ઓળખી અને કહ્યું: હે પુત્રી ! તું મારી ભત્રીજી થાય છે. પછી તેના જ કાકાને સર્વ જણાવ્યું અને કાકાને ઘરે આદરપૂર્વક લઇ જવાઇ. કાકાએ તારી તપાસ કરી પણ તું ક્યાંય દેખાયો નહીં, તેથી તું હમણાં અહીં મળ્યો તે ઘણું સારું થયું એમ કહીને તે સાર્થવાહના ઘરે લઇ ગયો

અને રત્નવતીની સાથે વિવાહ કર્યો. તેના સંગનો અભિલાષી બ્રહ્મદત્ત જેટલામાં દિવસો પસાર કરે છે તેટલામાં વરધનુનો મરણ દિવસ આવ્યો ત્યારે જમણવાર રાખ્યું. બ્રાહ્મણો વગેરે ભોજન કરે છે ત્યારે બ્રાહ્મણના વેશને ધારણ કરનારો વરધનુ ભોજન માટે ક્યાંકથી આવ્યો અને કહ્યું: અરે ! અરે ! ભોજકો ! (ભોજન કરનારા) તમે ભોજન કરાવનારાઓને કહો કે સર્વ બ્રાહ્મણોમાં મુગટના રત્ન સમાન, ચાર વેદનો પારગામી એવો એક બ્રાહ્મણ દૂર દેશથી આવ્યો છે, જેને કોઇક રીતે ભોજન કરાવ્યું હશે તો તે ભોજન મરણ પામીને ભવાંતરમાં ગયેલા તમારા માતાપિતાને પણ પહોંચશે, અર્થાત્ તમો મને ભોજન કરાવશો તો તે ભોજન તમારા મરણ પામેલા અને ભવાંતરમાં ગયેલા માતાપિતાને પહોંચશે. ભોજનકાર્ય માટે નિયુક્ત કરાયેલા પુરુષોએ તે વાત કુમારને જણાવી. જેટલામાં કુમાર બહાર નીકળ્યો તેટલામાં વરધનુને જુએ છે. સર્વાંગમાં અપૂર્વ રસાંતરને અનુભવતા કુમારે વરધનુને આલિંગન કર્યું અને વરધનુ ઘરમાં પ્રવેશ્યો. કુમારે સ્નાન ભોજન કરી લીધેલા વરધનુને પુછ્યું: હે મિત્ર ! તારો આટલો કાળ ક્યાં રહેતા પસાર થયો ? પછી વરધનુ કહે છે કે તે ગહનવનમાં તે રાત્રિએ તમે સુખપૂર્વક સૂતા હતા ત્યારે ગાઢ ઝાડીમાં છૂપાયેલા એક ચોરે પાછળથી આવીને મારા શરીરમાં બાણ માર્યું. તેના ઘાતની વેદનાથી મૂર્ચ્છિત થયેલો હું પૃથ્વી ઉપર પડ્યો. ભાન થયું ત્યારે તમને ઘણું દુઃખ થશે એમ માનતો તે જ વનમાં પોતાની અવસ્થાને છૂપાવીને રહ્યો. રથ ચાલ્યા ગયા પછી તે જંગલની મધ્યમાં ધીમે ધીમે પાછલા પગે ચાલતો તે ગામમાં પહોંચ્યો જ્યાં તમો રાત્રે રોકાયા હતા. ગ્રામમુખીએ તમારો વ્યતિકર મને કહ્યો હતો અને વિચિત્ર-ઔષધીઓથી મારા વ્રણ(ઘા)ને રૂઝાવ્યો. ત્યાંથી સ્થાને સ્થાને તમને શોધતો અહીં આવ્યો અને ભોજનના નિમિત્તથી મેં તમોને અહીં જોયા. સ્વસ્થ થયેલા ચિત્તવાળા વિરહને ક્ષણ પણ સહન નહીં કરતા જેટલામાં રહે છે તેટલામાં કોઇક વખત પરસ્પર આવો વાર્તાલાપ થયો. (૪૧૦)

પુરુષાર્થ વગરના આપણે આવી રીતે ક્યાં સુધી કાળ પસાર કરવો ? અહીંથી નીકળવાના કોઇક નિર્દોષ ઉપાયને કરીએ તેટલામાં કામદેવથી તાડન કરાતો છે સર્વ લોક જેમાં, ચંદનવૃક્ષના સુગંધથી વાસિત થયેલ મલયાચલના પવનથી શુભ એવો ચૈત્ર માસ શરૂ થયો. તેમાં ધન સમૃદ્ધિથી પરાભવ કરાયા છે કુબેરની નગરીના વિલાસો જેમાં એવી વિવિધ પ્રકારની ક્રીડાઓમાં નગરના લોકો પ્રવૃત્ત થયા ત્યારે ઘણાં કુતૂહલવાળા તે કુમારો નગરના ઉદ્યાનમાં ગયા. ત્યાં તેઓએ ગીતોની સૂરાવલીથી ઝરતું છે મદ જળ જેનું, ભૂમિ ઉપર પટકી પડાયો છે મહાવત જેના વડે, ચારેબાજુ નિરંકુશ ભમતા, કેળના સ્તંભની જેમ લોકાની ક્રીડાને મથન કરી નાખતા હાથીને જોયો. કોલાહલ થયે છતે તે હાથીએ ભયથી વ્યાકુલ થયેલી કરુણસ્વરે રડતી એક કુલ બાલિકાને પકડી અને તે કુમારે ગજેન્દ્રના ભયંકર સૂંઢમાં પકડાયેલી (ફસાયેલી), કમલિની જેવી કોમળ, તરફડતી છે

બાહુરૂપી બે પદ્મનાલ જેની, વિખેરાયા છે કેશપાશ જેના, ભયના સંભ્રાતથી પ્રસારાઇ છે સર્વ દિશામાં આંખ જેના વડે, પોતાની રક્ષાને શોધતી, સ્મરણ કરાયું છે મરણાંત કાર્ય જેના વડે એવી તે બાળાને જોઇ. હે માત ! હું હાથીરૂપી રાક્ષસ વડે પકડાઇ છું. જલદીથી તેનાથી મારું રક્ષણ કર. મેં વિચાર્યું કંઇ અને વિધિએ કર્યું કંઇ. પછી કરુણારસથી ભીંજાયેલા હૃદયવાળા કુમારે આગળ દોડીને ધીરતાપૂર્વક હાથીને મોટેથી હાક મારીને કહ્યુંઃ રે દુષ્ટ ! હાથીઓમાં અધમ ! કુજાત! હે નિષ્ઠુર ! ભયભીત યુવતીને પકડીને તને પોતાની પણ સ્થૂળકાયાની લજ્જા કેમ ન થઇ ? હે નિઘૃણ ! અતિદુર્બળ, શરણવિહીન, નિરપરાધી અબળાઓને મારવાથી તું યથાર્થ માતંગ[1] નામને ધારણ કરે છે. તીરસ્કારપૂર્વક ધીરકુમાર વડે કરાયેલ શબ્દના પડઘાઓ વડે ભરાયું છે આકાશ જેના વડે એવી કુમારની હાંકને સાંભળીને હાથી કુમાર સન્મુખ જુએ છે. કુમારના વચનોથી ક્રોધે ભરાયેલ, ગુસ્સાથી લાલ થયેલ બે આંખોને કારણે ભયાનક લાગતો હાથી તે બાળાને છોડીને કુમાર સન્મુખ દોડે છે. ઊંચા(=સ્તબ્ધ) કરાયા છે બે કાન જેના વડે, ગંભીર [2]ચિત્કારથી ભરાયું છે આકાશનું પોલાણ જેના વડે, લંબાવાઈ છે સૂંઢ જેના વડે એવો હાથી કુમારની પાછળ દોડ્યો. કુમાર પણ કંઈક ડોક વાળીને હાથીની સન્મુખ જાય છે અને હાથીના સૂંઢના છેડા સુધી પોતાનો હાથ લંબાવીને હાથીને લલચાવે છે. ક્રમથી ઉત્પન્ન થયેલ કુમારની અધિક ગતિવાળા પગલાના કારણે પ્રસરેલો છે કોપનો ઘણો વેગ જેને એવો તે હાથી આ આ હમણાં પકડાયો એવી મતિથી દોડે છે. વિપરીત ભ્રમણના વશથી કુમાર વડે પણ હાથી તેવી રીતે શ્રમિત કરાયો જેથી ક્ષણથી તે ઉન્મત્ત હાથી ચિત્રમાં આલેખાયેલા જેવો સ્તબ્ધ થયો. હાથમાં પ્રાપ્ત કરાયું છે તીક્ષ્ણ અંકુશ જેના વડે, નીલકમળ જેવી આંખોવાળી સ્ત્રીઓથી જોવાતો કુમાર હાથીની કંધરા (ગંડસ્થળ) ઉપર આરૂઢ થયો તથા મધુર વચનોથી હાથીને બોધ કર્યો જેથી તેનો રોષ શાંત થયો અને આલાન સ્તંભમાં બાંધ્યો. કુમારનો જયારવ ઉછળ્યો. અહો ! પરાક્રમનો ભંડાર આ કુમાર દુઃખી જીવોનું રક્ષણ કરવામાં કેવો તત્પર છે ! એટલામાં કોઈક કારણથી તે નગરનો સ્વામી અરિદમન રાજા ત્યાં આવ્યો. વિસ્મિત મનવાળો કોઇકને પૂછે છે કે આ કયા રાજાનો પુત્ર છે? પછી કુમારના વૃત્તાંતને જાણનાર સચીવે સર્વ હકીકત કહી. નિધિના લાભથી સમધિક અપૂર્વ આનંદને પામેલો રાજા કુમારને પોતાના ઘરે લઇ જાય છે અને સ્નાનાદિ કરાવે છે. ભોજનને અંતે રાજાએ તે કુમારને આઠ કન્યા આપી અને સુપ્રશસ્ત દિવસે તેઓનો વિવાહ કરાયો. (૪૩૫)

કેટલાક દિવસો આ પ્રમાણે યથાસુખે રહેતા તેઓની પાસે એક સ્ત્રી આવીને કુમારને આ પ્રમાણે કહે છે– હે કુમાર ! આ જ નગરમાં વૈશ્રમણ નામનો સાર્થવાહ પુત્ર છે, તેની શ્રીમતી નામની પુત્રી છે, બાળપણથી મેં તેનું પાલન કર્યું છે. હે સુભગ ! જ્યારે તેં હાથીના ભયથી

---

૧. માતંગ શબ્દના હાથી, કુંજર, ચાંડાલ, ભંગી, શ્વપચ વગેરે ઘણાં અર્થો થાય છે. તેમાં અહીં કુમાર હાથીને કહે છે કે તું આવી અબળાને પકડીને ખરેખર કુંજર નથી પણ ચાંડાલ છે.

૨. **सुक्कार** એટલે સુત્કાર અર્થાત્ ચિત્કાર, હાથીના અવાજને ચિત્કાર કહે છે.

પૂર્વે જેનું રક્ષણ કર્યું છે તે તારા ગૃહિણીપણાને ઇચ્છે છે. ત્યારે જ તું તેનો પ્રાણદાયક હતો, તેણીએ તને સાભિલાષ દૃષ્ટિથી લાંબો સમય જોયો હતો તેથી તેના મનનું પ્રિય કર. હાથીનો ભય દૂર થયા પછી સ્વજન તેને મહામુશ્કેલીથી ઘરે લઈ ગયો અને ઘરે પણ તે સ્નાન વગેરે શરીરશુશ્રુષા કરવા ઇચ્છતી નથી. મુખના વચન વ્યાપારને છોડીને ફક્ત સીવાયેલા મુખની જેમ (મૌન ધરીને) રહે છે. હે પુત્રી! તું અકાળે આવા દુઃખને કેમ પામી ? (૪૪૧) આમ પુછ્યું ત્યારે તે કહે છે કે મારે તમને સર્વ હકીકત કહેવી જોઇએ. જો કે મને કહેતા લજ્જા થાય છે તો પણ હું કહું છું. ત્યારે પોતાના પ્રાણદાનથી રાક્ષસ જેવા હાથીથી મને જેણે બચાવી તેની સાથે જો મારું પાણિગ્રહણ નહીં થાય તો મને મરણ એ જ શરણ છે. પછી આ સર્વ હકીકત સાંભળીને પરિજને તેના માતાપિતાને સર્વ હકીકત જણાવી. તેઓએ(=માતા-પિતાએ) પણ મને અહીં તમારી પાસે મોકલી છે તેથી આ બાળાનો તમે સ્વીકાર કરો. આ યોગ્ય કાળે પ્રાપ્ત થઇ છે એટલે વરધનુ વડે તે પણ માન્ય કરાઈ. તથા અમાત્યે પણ નંદા નામની કન્યા આપી અને વિવાહ મંગળ થયો અને બંનેના સુખથી દિવસો પસાર થાય છે. સર્વકલંકથી રહિત એવી ચારેબાજુ પ્રસિદ્ધિ થઇ કે- પંચાલ રાજાનો પુત્ર સર્વત્ર જયને મેળવતો હિમવંત પ્રદેશના જંગલના ગજેન્દ્રની જેમ નિરંકુશ ભમે છે. ધનુકુળના નંદન વરધનુની સાથે માર્ગમાં જતા એવો તે વાણારસી ગયો.

હવે કોઈકવાર કુમારને બહાર રાખીને કટક નામના પંચાલ રાજાના મિત્રની પાસે વરધનુ ગયો. સૂર્યોદય થાય અને કમળવન વિકસે તેમ તેને જોવાથી કટક રાજા હર્ષમાં પરવશ થયો, અર્થાત્ અતિ હર્ષ પામ્યો. અને તેણે કુમારના ખબર પુછ્યા. તેણે પણ જે રીતે અહીં આવ્યો તે રીતે કહ્યું. પોતાના સૈન્ય અને વાહન સહિત તે બહાર નીકળી સન્મુખ ગયો. કટકે બ્રહ્મરાજાની સમાન બ્રહ્મદત્તનું સન્માન કર્યું અને જયકુંજર હાથી પર બેસાડી, સફેદ ચામરથી વીંઝાતો છતો, પૂર્ણિમાના ચંદ્ર સમાન સફેદ છત્ર જેના મસ્તકે ધારણ કરાયેલું છે, પગલે પગલે ભાટ ચારણોથી ગવાતું છે ચરિત્ર જેનું એવા કુમારને નગરમાં લઇ જઇ પોતાના મહેલમાં રાખ્યો અને તેને પોતાની કટકવતી પુત્રી સમર્પિત કરી. વિવિધ પ્રકારના શ્રેષ્ઠ હાથી, ઘોડા, રથાદિ સામગ્રીના પ્રદાનપૂર્વક પ્રશસ્ત દિવસે તેનો વિવાહ કર્યો. તેની સાથે વિષયસુખને ભોગવતો જેટલામાં રહે છે તેટલામાં દૂત વડે બોલાવાયેલ પુષ્પચૂલ રાજા, ધનુમંત્રી અને કણેરુદત્ત આવી પહોંચ્યા તથા સિંહરાજા, ભવદત્ત, રાજા અશોકચંદ્ર વગેરે ઘણા રાજાઓ ભેગા થયા. પછી તેઓએ ચતુરંગ વિપુલ સૈન્યથી યુક્ત વરધનુની સેનાપતિ પદે નિમણુંક કરી અને દીર્ઘને ઉખેડવા કાંપીલ્યપુર મોકલ્યો. જેટલામાં સતત પ્રયાણ કરવા લાગ્યો તેટલામાં દીર્ઘ રાજાએ કટકાદિ રાજાઓની પાસે દૂત મોકલ્યો અને કહેવડાવ્યું કે, તમોએ બ્રહ્મદત્તને સહાય કરી આગળ કર્યો છે, તેથી પ્રલયકાળના પવનથી આંદોલિત કરાયેલ સમુદ્રના પાણીની જેમ વિપુલ બળવાળો દીર્ઘ ચઢાઇ કરશે ત્યારે ખરેખર તમારું કલ્યાણ નહીં થાય, તેથી તમો પાછા ફરો, અર્થાત્ સહાય કરવાનું બંધ કરો. મારા આ અપરાધને ક્ષમા કરવો, સત્પુરુષો વિનયમાં તત્પર મનુષ્ય પર નિર્મત્સર હોય છે. કરાયેલા ભયંકર ભ્રૂકુટિના ભંગથી પ્રચંડ

ઉદ્ભટ ભ્રુકુટિના ભંગથી પ્રગટ કરાયો છે અતિભયંકર ક્રોધ જેઓ વડે એવા કટક વગેરે રાજાઓએ દૂતની નિર્ભત્સ્ના કરી એટલે દૂત સ્વયં પંચાલ દેશમાં પાછો આવ્યો.

તે વખતે કાંપીલ્યપુર નગરની આસપાસના સરોવરોનું પાણી છોડી દેવાયું હતું. નગરમાં ઘણું ધાન્ય ભરવામાં આવ્યું હતું. નગરમાં ઘાસ અને લાકડાનો ઘણો સંગ્રહ કરવામાં આવ્યો હતો. સત્ત્વહીન લોક નગરમાંથી ચાલ્યો ગયો હતો. કાયમી વાવડી, કૂવા, નદી, દુર્ગ, પ્રાકારને નિષ્પંક કરી દેવાયા હતા. સજ્જાગ પુરુષોને કિલ્લાના રક્ષણ માટે ગોઠવવામાં આવ્યા હતા. નગરમાં લોકોની અવરજવરને રુંધી દેવામાં આવી હતી. નગરની સીમ ઉપર અશ્વસેના સતત ભમી રહી હતી. કિલ્લા ઉપર વિચિત્ર પ્રકારના યંત્રોની ગોઠવણી કરવામાં આવી હતી. શત્રુ સૈન્યની અસાધ્યતા જાણી દીર્ઘરાજાએ નગરને રોધસાધ્ય અર્થાત્ આક્રમણનો સામનો કરી શકે તેવું બનાવ્યું હતું. (૪૬૭)

આ બાજુ રાજાઓના સમૂહથી અનુસરાતા બ્રહ્મદત્તે ભયથી વ્યાકુળ બનેલા કાંપીલ્યપુરને ચારે બાજુથી ઘેરો ઘાલ્યો. પરસ્પર ઉત્પન્ન થયેલ દુઃસહ મત્સર રૂપી ઝેરના વેગથી પીડાયેલા એવા તળેટીના ભાગ પર રહેલા દીર્ઘરાજાના અને કિલ્લા ઉપર રહેલા બ્રહ્મદત્તના સૈનિકોનું ઘોર યુદ્ધ થયું. જોશથી વગાડાયેલા મુખ્યો વાજિંત્રોના અવાજથી પોરસ ચડાવાયેલા કાયર સૈનિકોનો બાણ અને પથ્થરના વરસાદથી અતિઘોર સંહાર થયો. યંત્રમાં ભરેલા ઘણા તપેલા તેલના ફુવારાથી સૈન્યોના વ્યૂહો નાશ પામ્યા. ઢાલની ગતિથી પરસ્પર રક્ષકોના કિલ્લાના મૂળો રુંધાયા હતા. ક્રોધને વશ બની સૈનિકો દાંત કચકચાવીને કઠોર વાણી બોલતા હતા. સળગતા ઘાસના પૂળા ફેંકીને ઈંધણ અને શૂરવીર શત્રુઓને સળગાવવામાં આવતા હતા. તીક્ષ્ણ કુહાડાના પ્રહારથી શેરીઓના વિકટ દરવાજા ભાંગવામાં આવતા હતા. વિખેરાયેલા હાથીઓના સમૂહને જોઈ લોકો હુરિયો મચાવતા હતા. કુતૂહલને કરાવનારા, ક્ષયને કરાવનારા, અતિ દારૂણ રોષને ઉત્પન્ન કરનારા આવા ભયંકર યુદ્ધો દીર્ઘ અને બ્રહ્મદત્તના સૈનિકોની વચ્ચે દરરોજ થયા. દીર્ઘના સૈન્યો હતાશ થયા ત્યારે પોતાના જીવિતનો બીજો ઉપાય નહીં જાણતો વિપુલ સૈન્યની સાથે આગળ થઈને દીર્ઘ નગરના દરવાજાને ઉઘાડીને જલદીથી નગરમાંથી બહાર નીકળ્યો.

પછી તે બંને સૈન્યોનું મોટું યુદ્ધ થયું. સ્થાને સ્થાને તીક્ષ્ણ ભાલાઓ પડ્યા. માર્ગમાં ધૂળની ડમરીઓ ઉછળી. પ્રૌઢ ધનુર્ધરોએ ધનુષ્યોનું મંડલ કર્યું. ભેરીના ભંકારના અવાજથી

ભુવનોદર ભરાયું. ભાલા, શૈલ્ય, તલવાર, બાણોથી ભયભીત થયેલા સૈનિકો ભુજા કાયર થયા. શસ્ત્રોના સંઘટ્ટાથી વીજળીની છોળો ઉછળી. સુભટો પ્રાણની દરકાર રાખ્યા વિના સન્મુખ થયા. બંધાયેલી ડોકવાળા વેતાલોની જેમ સૈનિકો નાચવા લાગ્યા. શાકિનીઓ લોહી પીવા લાગી. શસ્ત્રના મારથી છત્ર અને ધ્વજો છેદાવા લાગ્યા. મરેલા સૈનિકોના લોહીની નદીઓ વહેલા લાગી. ઘણા શૂરવીર ભટોના કબંધો (ધડ) પ્રગટપણે ચાલવા લાગ્યા. લાખોની સંખ્યામાં સૈનિકોના મસ્તકો દેખાવા લાગ્યા. યમનગરના લોકોને પરમ ઉત્સવ થયો. આ રીતે બંને પણ સૈન્યોનું ભીષણ યુદ્ધ થયું. (૪૮૦)

પછી મુહૂર્તમાત્રથી પોતાના સૈન્યના ભંગને જોઇને ધીઠાઇથી દીર્ઘ બ્રહ્મદત્તની સન્મુખ દોડ્યો. વાવલ, ભાલા અને શૈલ્યો વગેરેથી દેવો અને મનુષ્યોને આશ્ચર્યકરે એવી શ્રી બ્રહ્મદત્ત અને દીર્ઘની લડાઇ થઈ. નવા સૂર્યમંડળ સમાન, અતિતીક્ષ્ણ ઉગ્રધારવાળું, અતિઘોર, શત્રુસૈન્યને નાશ કરનારું, એક હજાર યક્ષોથી અધિષ્ઠિત એવું ચક્ર પંચાલાધિપના પુત્રના હાથમાં આવ્યું. પછી તત્ક્ષણ ફેંકાયેલા ચક્રથી દીર્ઘનું મસ્તક છેદાયું. ગંધર્વ, સિદ્ધ ખેચર અને મનુષ્યોએ કુસુમવૃષ્ટિ કરી અને કહ્યું કે હમણાં આ બારમો ચક્રી ઉત્પન્ન થયો છે. કાંપીલ્યપુરની બહાર ચૌદરત્નોના અધિપતિનો બાર વરસ સુધી અતિમહાન ચક્રવર્તી મહોત્સવ પ્રવર્ત્યો. (૪૮૬)

હવે કોઇકવાર દેશો ભમવામાં જોવાયેલો એક બ્રાહ્મણ ભોગો ભોગવતા તે નવનિધિના સ્વામી પાસે આવ્યો. તેણે બ્રહ્મદત્તને અનેક સ્થાનોમાં વિવિધ પ્રકારની સહાય કરી હતી જે અતિભક્તિવાળો અને પરમ પ્રણયનું સ્થાન હતો. બાર વરસ સુધી અભિષેક મહોત્સવ ચાલતો હતો ત્યારે દ્વાર પ્રવેશ નહીં મળવાથી ચક્રીને મળી શક્યો નહીં. બાર વરસને અંતે દ્વારપાળની ઘણી સેવા કરી ખુશ કરી તેની મહેરબાનીથી ચક્રીને મળ્યો. બીજા આચાર્યો કહે છે કે બાર વરસ સુધી ચક્રવર્તીને મળી શકતો નથી ત્યારે તે મોટા વાંસમાં જીર્ણ જોડાઓને પરોવીને રાજાના બહાર નીકળવાના સમયે પોતાની જોડાની ધ્વજાને હાથમાં લઇને જે બીજા ધ્વજવાહકો હતા તેને ઉગ્રવેગથી દોડીને મળ્યો. ત્યારે રાજાએ તેને જોયો. આ ધ્વજા કેવી છે ? એમ વિચાર્યું અને તેને પુછ્યું. બ્રાહ્મણે કહ્યું કે આ તમારી સેવાકાળનું માપ છે. હે દેવ ! તમારી સેવા કરી ત્યારથી મેં આટલા કાળ સુધીમાં આટલા જોડા ઘસી નાખ્યા છતાં કોઇપણ રીતે તમારું દર્શન ન થયું. સુકૃતજ્ઞતાથી પૂર્વના ઉપકારોને મનમાં યાદ કરતા બ્રહ્મદત્તે સંતુષ્ટ હૈયાથી કહ્યું: હે ભદ્ર ! એક વરદાન માગ. હું મારી પત્નીને પૂછીને પછી તેને જે પ્રિય હશે તે માગીશ એમ કહી પોતાના ઘરે ગયો અને સ્ત્રીને પુછ્યું. સ્ત્રીઓ ઘણું કરીને અતિ નિપુણ બુદ્ધિવાળી હોય છે તેથી તેણીએ વિચાર્યું કે બહુવિભવવાળો આ પરવશ

થશે. તેથી એકેક ઘરે દરરોજ એકવાર ભોજન અને એક દીનાર દક્ષિણા માગ, આટલું પણ પૂરતું છે. આ પ્રમાણે તેના વડે શિખાવાયેલો તે બ્રાહ્મણ રાજાની પાસે તેટલું જ માગે છે. રાજા પૂછે છે કે તેં આટલું અતિતુચ્છ કેમ માગ્યું ? હું ખુશ થયા પછી તારે સફેદ ચામરો વીંઝતા ભભકાવાળું રાજ્ય માગવું જોઈતું હતું ને ? બ્રાહ્મણ કહે છે કે બ્રાહ્મણકુળમાં ઉત્પન્ન થયેલા એવા અમારે રાજ્યનું શું કામ છે ? પછી રાજાએ સૌ પ્રથમ પોતાના ઘરે દીનાર સહિત ભોજન આપ્યું. પછી ક્રમથી અંતઃપુર વગેરે લોકોએ આપ્યું. બત્રીસ હજાર રાજાઓના ઘણા હજારો કુટુંબો તે નગરમાં વસે છે, તેના ઘરે વારો પૂરો નથી કરી શકતો તો પછી જેમાં છન્નુક્રોડ ગામો છે અને એકેક ગામમાં હજારો ઘરો છે એવા સંપૂર્ણ ભરતક્ષેત્રમાં તે વરાકડો કયારે વારો પૂરો કરી શકશે ? તે વખતે મનુષ્યોનું આયુષ્ય એક હજાર વર્ષનું ગણાય છે. આટલો કાળ જીવનારો એક નગરને પણ કેવી રીતે પૂરો કરે ? આ પ્રમાણે ફરીથી ચક્રવર્તીના ઘરે ભોજન કરવાનો વારો દુર્લભ છે તેમ સંસાર-અટવીમાં જીવોને ફરી મનુષ્યભવ દુર્લભ છે તેમ જાણો. (૫૦૫)

મનુષ્યભવની સાથે આ ચક્રવર્તીના દૃષ્ટાંતનું જેટલા અંશે સરખાપણું દેખાય છે તેને અહીં પૂર્વાચાર્યો બતાવે છે. તે આ પ્રમાણે છે–

જેમ સધાયું છે સકલ ભરત ક્ષેત્ર જેના વડે એવો બ્રહ્મદત્ત ચક્રવર્તી થયો તેમ સર્વ જીવલોકમાં સારી રીતે ઉલ્લસિત થયું છે ધર્મચક્રવર્તિત્વનું સામ્રાજ્ય જેમનું એવા તીર્થંકર થાય છે. જેવી રીતે આ બ્રાહ્મણે મહા અટવીમાં ઘણું ભ્રમણ કર્યું તેમ આ જીવ પૂર્વે મનુષ્ય, નરકાદિ પર્યાયવાળા અપાર સંસારમાં અનેકવાર ભમ્યો છે. જેવી રીતે ચક્રવર્તીનું દર્શન કરાવનાર દ્વારપાળ છે તેમ આ મનુષ્યભવ મિથ્યાત્વ મોહાદિ ઘાતિકર્મને તોડી આત્મસ્વરૂપનું ભાન કરાવનાર છે. જેવી રીતે આ બ્રાહ્મણ અન્ય સ્ત્રીમાં આસક્ત બને એમ નહીં ઇચ્છતી બ્રાહ્મણને ભોજનમાત્રમાં સંતુષ્ટ કર્યો તેમ જેને એકાંતિક[1] અને આત્યંતિક એવા મુક્તિવધૂના સુખ પ્રતિ ઉત્સાહ પ્રગટ્યો છે તથા રાજ્ય સમાન સંયમલાભ પણ જેને ઉપસ્થિત થયો છે એવા આ જીવને કર્મપ્રકૃતિરૂપ સ્ત્રી ભોજનમાત્રના સુખ સંપન્ન વૈષયિક સુખમાં આસકત કરે છે. અને તે બ્રાહ્મણને ચક્રવર્તીના ઘર વગેરે સર્વ ભરત ક્ષેત્રના ઘરોમાં ભોજનનો વારો આવી ગયા પછી ફરી ચક્રવર્તીના ઘરે ભોજનનો વારો આવવો અસંભવ છે તેમ જે જીવે સમ્યગ્ધર્મની આરાધના ન કરી હોય તેને સમ્યગ્દર્શનાદિ મુક્તિના બીજના લાભના ફળ સ્વરૂપ મનુષ્ય જન્મની પ્રાપ્તિનો અસંભવ છે.

---

૧. સંસારનું સુખ અનેકાંતિક અને અનાત્યંતિક હોય છે. અનેકાંતિક એટલે કોઈકને મળે અને કોઈકને ન મળે તે અનેકાંતિક સુખ છે અનાત્યંતિક એટલે કોઈ જીવને સંસારનું સુખ મળ્યા પછી આગળ જતા નાશ પામી જાય છે તેથી અનાત્યંતિક છે. જ્યારે મુક્તિ વધૂનું સુખ એકાંતિક છે એટલે મોક્ષમાં ગયા હોય તે બધાને મળે અને આત્યંતિક છે એટલે મોક્ષનું સુખ કોઈપણ નિમિત્તથી હણાતું નથી, શાશ્વતકાળ રહે છે.

હવે સંગ્રહ ગાથાના શબ્દાર્થને કહે છે- ચોલ્લ એટલે ભોજન. પૂર્વે કહેવાયેલ દૃષ્ટાંતની દ્વાર ગાથામાં જે ચોલ્લક એ પ્રમાણે પદ કહેવાયું છે તે પદ દેશી શબ્દ હોવાથી તેનો અર્થ ભોજન થાય છે. અર્થાત્ ચોલ્લક શબ્દ ભોજનનો વાચક છે. અને તે ભોજન પ્રથમ બ્રહ્મદત્તના ઘરે લેવાનું છે. **परिवार भारहजणम्मि त्ति** સૂત્ર દિશાનું સૂચન[1] કરે છે એ ન્યાયે અહીં **परिवार** શબ્દથી બ્રહ્મદત્તના અંતઃપુરાદિ પરિવારના ઘરો લેવા, અર્થાત્ તેઓના ઘરમાં એકેક દિવસે ભોજનનો વારો ગણવો, પછી ચક્રવર્તીએ ભરતક્ષેત્રમાં વસતા લોકોના ઘરોમાં ભોજન કરવાના પૂર્વ કહેવાયેલ બ્રાહ્મણને કરરૂપે વારા નક્કી કરી આપેલા છે તે સર્વવારા પૂરા થયા પછી તે જ બ્રાહ્મણને ચક્રવર્તીના ઘરે ફરી વારો આવવો દુર્લભ છે તેમ ફરી મનુષ્યભવ પ્રાપ્ત થવો દુલર્ભ છે. અહીં માત્ર બ્રાહ્મણના જ વારા ગણવાના પણ તેના પુત્ર-પૌત્ર આદિના વારા નહીં ગણવાના.

**अथ द्वितीयदृष्टान्तसंग्रहगाथा—**

**जोगियपासिच्छियपाडरमणदीणारपत्तिजूयम्मि ।**
**जह चेव जओ दुलहो, धीरस्स तहेव मणुयत्तं ॥७॥**

**अथ गाथाक्षरार्थः । 'यौगिकौ' यन्त्रप्रयोगनिष्पन्नौ देवतावितीर्णौ वा 'पाशकौ' अक्षौ—ताभ्यामीप्सितपातेन 'रमणं' क्रीडनं प्रारब्धं, तथा दीनारपात्रीपणः कृतश्चाणक्य-नियुक्तपुरुषेण, द्यूते तादृशे 'यथा चैव जयो दुर्लभो'ऽन्यस्य पुरुषस्य 'धीरस्य' बुद्धिमतो मानवस्य 'तथैव मनुजत्वं' दुर्लभं प्रतिभासत इति ॥७॥**

**હવે બીજા દૃષ્ટાંતની સંગ્રહગાથા કહે છે–**

જેમ યંત્ર પ્રયોગથી નિયંત્રિત અથવા દેવતાએ આપેલ બે પાસા ઇચ્છા મુજબ ઢળે (પડે) છે જેમાં એવા એક દીનારની શરતવાળી જૂગારની રમતમાં ધીરપુરુષની જીત થવી દુર્લભ છે તેમ ફરી મનુષ્યભવ પ્રાપ્ત થવો દુર્લભ છે. (સં. ગા. ૭)

પ્રથમ પાટલીપુત્ર નગરમાં નંદરાજાને મૂળસહિત ઉખેડી નાખવા સુધીની ચાણક્યની ઉત્પત્તિ (હકીકત) કહેવી. પરંતુ ગ્રંથકાર સ્વયં જ આગળ ઉપર વિસ્તારથી કહેશે તેથી અહીં વિસ્તારથી વર્ણન કર્યું નથી. ચંદ્રગુપ્ત રાજ્યપર સ્થાપિત કરાયે છતે ચાણક્ય વિચારે છે કે નંદની સમૃદ્ધ (રાજ્યનો ઉદ્ધાર કરનારી) લક્ષ્મી મળી નહીં તેથી તેના વિરહમાં રાજ્ય કેવી રીતે ચલાવાશે? લક્ષ્મીનું ઉપાર્જન કરવા માટે હું કેવા પ્રકારનો ઉપાય કરું ? પછી તેણે યંત્રવાળા પાસાની રચના કરી. બીજા કેટલાક કહે છે કે દેવતા અધિષ્ઠિત પાસા મેળવ્યા. પછી એક સુદક્ષ

૧. **सूचनात् सूत्रमिति** - સૂત્ર માત્ર માર્ગનું સૂચન કરે છે પણ માર્ગ કેવો છે, માર્ગમાં શું શું આવે છે વગેરે વર્ણન કરતું નથી તેમ અહીં '**परिवार भारहजणम्मि** 'એ સૂત્ર ભરતક્ષેત્રમાં પરિવારોનું સૂચન કરે છે પણ ભરતક્ષેત્રમાં કેટલા નગર છે, કેટલા ગામ છે, કેટલા પરિવારો છે વગેરે વર્ણન કરતું નથી. તે અર્થાપત્તિથી જાણી લેવા જોઈએ.

મનુષ્યને કહ્યું કે આ બે પાસા છે અને આ દીનારથી ભરેલો થાળ છે તેને લઇને તું ત્રણ રસ્તા, ચાર રસ્તા વગેરે ઉપર એવી ઘોષણા કર કે જે મને દ્યૂતમાં જીતશે તે આ દીનારનો થાળ મેળવશે. હવે કોઇપણ રીતે હું જીતું તો તેણે મને એક દીનાર આપવી અને એ પ્રમાણે તે સતત નિરંકુશ જૂગાર રમવા લાગ્યો. તે કોઇથી જીતી શકાતો નથી પણ તે બીજા બધાને જીતી લે છે. અતિદક્ષ પણ કોઇ મનુષ્ય વડે તેને જીતી લેવો જેમ દુર્લભ છે તેમ મનુષ્ય ભવમાંથી ભ્રષ્ટ થયેલ આત્માને ફરી મનુષ્ય ભવ મળવો દુર્લભ છે.

**ગાથાનો શબ્દાર્થ– यौगिकौ** એટલે યંત્ર પ્રયોગથી નિયંત્રિત અથવા દેવતાથી અધિષ્ઠિત બે પાસા. અને તે ઇચ્છા મુજબ ઢળતા (પડતા) હોવાથી તેનાથી રમત રમવી શરૂ કરી. તથા તેમાં એક દીનારની શરત રાખવામાં આવી. ચાણક્યના નિયુક્ત પુરુષ વડે તેવા પ્રકારનો જૂગાર આરંભાયો જેથી તેની જ જીત થાય છે, બીજા ધીર બુદ્ધિમાન પુરુષની જીત થવી દુર્લભ છે તેમ મનુષ્યભવની પ્રાપ્તિ થવી દુર્લભ જણાય છે.(૭)

अथ तृतीयदृष्टान्तसंग्रहगाथा—

**धण्णे त्ति भरहधण्णे, सिद्धत्थगपत्थखेव थेरीए ।**
**अवगिंचणमेलणओ, एमेव ठिओ मणुयलाभो ॥८॥**

**अथाक्षरार्थः ।'धन्ने' त्ति द्वारपरामर्शः, 'भरहधन्ने' त्ति भरतक्षेत्रधान्येषु मध्ये केनापि देवेन दानवेन वा कुतूहलिना 'सिद्धार्थानां' सर्षपाणां 'प्रस्थस्य' सेतिकाचतुष्टयात्मकस्य क्षेपः कृतः। ततः स्थविरयात्यन्तवृद्धया स्त्रिया कर्तृभूतया 'अवगिंचण' त्ति अववेचने-नाशेषधान्येभ्यः पृथक्करणेन यद् 'मीलनं' प्रस्तुतसर्षपलाभो मनुष्यप्राप्तिरिति ॥८॥**

હવે ત્રીજા દૃષ્ટાંતની સંગ્રહગાથાને કહે છે–

**ગાથાર્થ– धण्णे** એટલે ભરત ક્ષેત્રમાં થતા સર્વ ધાન્યોમાં એક પ્રસ્થક પ્રમાણ સરસવના દાણા નાખી બરાબર ભેળવી દઇ એક વૃદ્ધાને તેમાંથી વીણવાનું કહેવામાં આવે તો તેમાંથી દાણા વીણવું જેટલું દુષ્કર છે તેટલું ફરી મનુષ્યભવને પ્રાપ્ત કરવું દુષ્કર છે. (૮)

કલ્પનાથી કોઇ એક દેવે ભરતક્ષેત્રમાં થતા સર્વધાન્યોને કુતૂહલથી ભેગા કર્યા. તેમાં એક પ્રસ્થક (પાલી) પ્રમાણ સરસવના દાણા નાખવામાં આવે, પછી બરાબર મિશ્રણ કરવામાં આવે, પછી એક દુર્બળ, દરિદ્રથી દૂમિત, કંઇક રોગથી પીડાયેલ શરીરવાળી, સુપડાવાળી ડોશીને સૂપડાથી સોવીને ધાન્યને અલગ પાડવાનું કહેવામાં આવે તો પછી તે ડોશી સરસવનો પ્રસ્થક મૂળ જે સ્થિતિમાં હતો તે સ્થિતિમાં ફરી મેળવવા શરૂઆત કરે તો શું તે વૃદ્ધા

ફરી સરસવના પ્રસ્થકને મેળવી શકે ? અર્થાત્ ધાન્યના ઢગલમાંથી સરસવના દાણા છૂટા પાડીને ફરી પ્રસ્થક ભરી શકે ? આ પ્રમાણે અનેક યોનિઓમાં પરિભ્રમણ કરતા જીવને મનુષ્યભવની પ્રાપ્તિ થયા પછી મોહથી મલિન થયેલા મનુષ્યોને નિષ્ફળ કરેલો મનુષ્યભવ ફરી મળવો અતિ દુર્લભ છે.

**અક્ષરાર્થ- धन्ने** એ દ્વાર પરામર્શ છે. **भरहधन्ने त्ति** કોઈક કુતૂહલી દેવે કે દાનવે ભરતક્ષેત્રમાં પાકતા ધાન્યોમાં એક પ્રસ્થક (=ચાર સેતિકા) પ્રમાણ સરસવના દાણા નાખ્યા. પછી કાર્ય કરવા બંધાયેલી (નોકરાણી) અત્યંત વૃદ્ધ સ્ત્રીને શેષ ધાન્યોમાંથી સરસવના દાણાને છૂટા પાડવાનું કાર્ય સોંપવામાં આવે તો ફરી સરસવનો લાભ થવો દુર્લભ છે તેમ ભ્રષ્ટ થયેલ મનુષ્યભવનો ફરી લાભ થવો દુર્લભ છે. (૮)

**अथ चतुर्थदृष्टान्तसंग्रहगाथा—**

**जूयम्मि थेरनिवसुयरज्जसहट्ठसययंसिदाएण ।**
**एत्तो जयाउ अहिओ, मुहाइ नेओ मणुयलाभो ॥९॥**

**अथाक्षरार्थः ।'जूए' त्ति द्वारपरामर्शः— 'स्थविरनृपस्य' उक्तनामकस्य 'सुतो' नन्दनः राज्याकाङ्क्षी संपन्नस्ततोऽसौ पित्रा प्रोक्तः, यथा— 'सहट्ठसययंसिदाएण' इति इयं सभा त्वया तदा जिता भवति यद्यष्टशतं वारान् एकैकाश्रिरेकेन दायेन जीयते, ततश्च राज्यं लब्धुमर्हसि नान्यथा 'इतो' संभावनीयात् 'जयाउ' त्ति सभाजयात् 'अधिकः' समधिको दुर्लभतया 'मुहाए' त्ति मुधिकया शुद्धधर्माराधनतया महामूल्यविरहेणेत्यर्थः 'नेयो' ज्ञातव्यो 'मनुजलाभ' इति ॥९॥**

હવે ચોથા દૃષ્ટાંતની સંગ્રહગાથા કહેવાય છે–

**ગાથાર્થ-** સ્થવિર રાજાના પુત્રને રાજ્યના લાભ માટે એકસો આઠ-આઠ ખૂણાવાળા એકસો આઠ થાંભલાવાળી સભાને અભંગ દાવથી જૂગારમાં જીતવી જેમ દુર્લભ છે તેમ ગુમાવેલ મનુષ્યભવને ફરી મેળવવો દુર્લભ છે. (૯)

આ ભરતક્ષેત્રમાં ધન-ધાન્યથી સમૃદ્ધ વસંતપુર નામનું નગર છે. ત્યાં ઘણા પ્રરાક્રમથી યુક્ત જિતશત્રુ નામનો રાજા છે અને પોતાના રૂપથી જીતી લીધી છે દેવીઓને જેણે એવી ધારિણી નામની તેની સ્ત્રી છે. તે બેને રાજ્યભારને વહન કરવા સમર્થ પુરંદર નામે પુત્ર થયો. અતિ નિર્મળ વિશાળ કુળમાં જન્મેલો, ચાર પ્રકારની બુદ્ધિથી યુક્ત, હંમેશા રાજાના કાર્યમાં સજ્જ એવો સત્ય નામનો અમાત્ય હતો. તે રાજાને એક સભા હતી જેને એકસો આઠ થાંભલા હતા, અને અતિમનોહર રૂપવાળી હતી અને દુશ્મનના ચિત્તનો ક્ષોભ કરવા

સમર્થ હતી. તે સભાના એકેક થાંભલામાં એકસો આઠ ખૂણા હતા. સર્વે ખૂણાઓ મળીને અગીયાર હજાર છસો ચોસઠ હતા (૧૧૬૬૪). આ પ્રમાણે રાજ્યનું પાલન કરતા રાજાનો ઘણો કાળ પસાર થયા પછી તેનો દુષ્ટમનવાળો પુત્ર વિચારે છે કે કોઈપણ ઉપાયથી મેળવેલું રાજ્ય સારું છે એવો જનવાદ વર્તે છે. તેથી પોતાના સ્થવિર પિતાને મારીને હું રાજ્યને ગ્રહણ કરું. અમાત્યએ તેના ભાવને જાણ્યો અને રાજાને જણાવ્યું. રાજાએ પુત્રને બોલાવીને કહ્યું કે તું ક્રમની રાહ જો, અર્થાત્ આપણા વંશમાં ક્રમ પ્રમાણે રાજ્યની પ્રાપ્તિ થાય છે. હવે જો તને રાજ્ય મેળવવાની બહુ ઉતાવળ હોય તો એકેક દાવથી નિરંતર[1] એકસો આઠ વાર જીતીને એક થાંભલો જિતાય છે એવા એકસો આઠ થાંભલા અભંગ દાવથી જીતી લે તો હું તને રાજ્ય આપું. જેવી રીતે લાંબા કાળથી પણ ૧૦૮ ખૂણાવાળા ૧૦૮ થાંભલા અખંડપણે જીતવા દુર્લભ છે તેમ સંસારના ગહન ભોગવિલાસમાં આસક્ત જીવોને ફરી મનુષ્યભવ મળવો દુર્લભ છે એમ તમે જાણો.

**ગાથાનો અક્ષરાર્થ– जूए त्ति** એ દ્વારપરામર્શ છે. કહેવાયેલ નામવાળા સ્થવિર રાજાનો પુત્ર રાજ્યનો આકાંક્ષી થયો ત્યારે પિતાએ કહ્યું: આ સભા તારા વડે જિતાયેલી ત્યારે કહેવાશે જ્યારે તું એકેક થાંભલાને ૧૦૮ વખત અખંડ દાવથી જીતી લે. પછી તું રાજ્યને મેળવવા યોગ્ય બનશે બીજી રીતે નહીં. આથી કદાચ આ (સભા જીતવી) પણ સંભવ બને પણ શુદ્ધ ધર્મની આરાધના કર્યા વિના ગુમાવી દીધેલ મનુષ્યભવ ફરી પ્રાપ્ત કરવો વધારે દુર્લભ છે એમ જાણવું.

**अथ पञ्चमदृष्टान्तसंग्रहगाथा—**

**रयणे त्ति भिन्नपोयस्स तेसिं नासो समुद्दमज्झम्मि।**
**अण्णेसणम्मि भणियं, तल्लाहसमं खु मणुयत्तं ॥१०॥**

**अक्षरार्थः । 'रयणे'त्ति द्वारपरामर्शः, 'भिन्नपोतस्य' समुद्रदत्तवणिज इति शेषः. 'तेषां' रत्नानां रत्नद्वीपोपात्तानां नाशः 'समुद्रमध्ये'ऽभूत्, ततस्तेन वणिजा 'अन्वेषणे' रत्नानां प्रारब्धे यादृशो रत्नलाभो, 'भणितं' पूर्वमुनिभिः 'तल्लाभसमं' 'खुः' एवार्थः, ततस्तल्ला-भतुल्यमेव 'मनुजत्वं' प्रस्तुतमिति ॥**

**હવે પાંચમા દૃષ્ટાંતની સંગ્રહગાથા કહેવાય છે–**

**ગાથાર્થ–** જેનું વહાણ ભાંગી ગયું છે એવા વાણિકના સમુદ્રની અંદર પડી ગયેલા રત્નોને સમુદ્રમાંથી ફરી શોધવા (મેળવવા) દુર્લભ છે તેમ ગુમાવેલો મનુષ્યભવ મેળવવો દુર્લભ છે. (૧૦)

૧. નિરંતર એટલે પચ્ચીસ વખત લગલગાટ જીતી જાય પણ છવ્વીસમી વખત હારી જાય તો આગળની બધી જીતો નિષ્ફળ થયેલી જાણવી.

રત્નો અને કરીયાણાની વસ્તુઓથી પ્રસિદ્ધ થઇ છે કીર્તિ જેની એવી તામ્રલિપ્તિ નગરીમાં નથી નિયમન કરાયું ચિત્ત જેનું (અર્થાત્ જેણે પરિગ્રહ પરિમાણવ્રત લીધું નથી) એવો સમુદ્રદત્ત નામનો વણિક હતો. તે ક્યારેક વિવિધ પ્રકારની વસ્તુઓથી વહાણને ભરી રત્નદ્વીપમાં ગયો અને રત્નોનો સંયોગ કર્યો, અર્થાત્ ઘણાં રત્નો ભેગા કર્યા. મનોરથ પૂર્ણ થવાથી તે પાછો વળ્યો. જેટલામાં સમુદ્રની મધ્યમાં તામ્રલિપ્તિ નજીક આવે છે તેટલામાં પુણ્યના ક્ષયથી તેનું વહાણ ભાંગ્યુ અને અતિગહન સાગરમાં ચારે દિશામાં તેના સર્વપણ રત્નો વેરાયા અને તે સમુદ્રદત્ત પાટિયાને પ્રાપ્ત કરી કોઇપણ રીતે કાંઠે પહોંચ્યો. ખારા જળથી ભીનું થયું છે સર્વ શરીર જેનું એવો તે કલુષિત ચિત્તવાળો થયો. સ્વસ્થ થયા પછી રત્નોની તપાસ કરાવી. જેમ તેને સમુદ્રમાંથી રત્નોનો સમૂહ ફરી પાછો મળવો દુર્લભ છે તેમ અહીં ભ્રષ્ટ થયેલ મનુષ્યભવ ફરી પાછો મળવો દુર્લભ છે.

**ગાથાનો અક્ષરાર્થ– रयणे त्ति** એ દ્વાર પરામર્શ છે. જેનું વહાણ ભાંગી ગયું છે એવો તે સમુદ્રદત્ત વણિક છે. અહીં મૂળ ગાથામાં તેનું નામ નથી આપ્યું. તેણે રત્નદ્વીપની અંદર જે રત્નો ઉપાર્જન કર્યા તેનો નાશ સમુદ્રમાં થયો. પછી તે વણિક સમુદ્રના તળિયામાં રત્નોની તપાસ કરાવે છે છતાં રત્નનો મળતા નથી તેમ મનુષ્યજન્મ ગુમાવી દીધા પછી મનુષ્યભવ મળતો નથી એમ પૂર્વના મુનિઓએ કહેલું છે.

આવશ્યક ચૂર્ણિમાં આ રત્નનું દૃષ્ટાંત બીજી રીતે આપેલું છે. તે આ પ્રમાણે- નીતિથી શોભતા વિશાળ જનસમુદાયથી સમાકીર્ણ એવું સુકોશલ નામનું નગર હતું. તેમાં ધનદત્ત નામનો વણિક અદ્‌ભૂત સંપત્તિનો માલિક હતો. તેની પ્રિય પત્ની ધનશ્રીને આઠ પુત્રો થયા અને તેની પાસે ઘણી રત્નરાશિ સંપત્તિ તેમજ અગણિત ઘરવખરી હતી. તે નગરમાં વસંતોત્સવ શરૂ થયો ત્યારે જેની પાસે જેટલા ક્રોડ ધન હોય તે તેટલી ધજાઓ ફરકાવે છે. પણ તે વણિક રત્નોનું મૂલ્ય ક્રોડોમાં પણ આંકી શકવા સમર્થ નથી. તેથી ધ્વજાઓ ફરકાવતો નથી. કાળથી તે વૃદ્ધ થયો ત્યારે કોઇક વખતે કાર્યના વશથી બહાર દૂર દેશાંતર ગયો એટલે તરુણ બુદ્ધિવાળા પુત્રોએ ધ્વજાના કુતૂહલને મનમાં કરીને રત્નો વેંચવાનું શરૂ કર્યું અને ઘણી ધનકોટિઓ ઉપાર્જન કરી. તેઓએ પ્રત્યેક મહોત્સવમાં પવનથી ફરકતી કણ કણ અવાજ કરતી ઘુઘરીઓના સમૂહથી યુક્ત પોતાના મહેલ પર સેંકડો પંચવર્ણી ધ્વજાઓ ફરકાવી. આ પ્રમાણે પ્રવૃત્તિ ચાલી રહી છે ત્યારે તેઓનો પિતા પાછો આવ્યો. તેણે પુછ્યું કે રત્નો અમૂલ્ય હતા તેને કેમ વેંચ્યા ? આવું અણઘટતું કેમ આચર્યું ? તે ચાલી ગયેલા વણિકોને મૂલ્ય પાછું આપી તે રત્નો મારા ઘરે જલદી પાછા આવે તેમ કરો, અર્થાત્ તમે ધન પાછું આપી મારા રત્નો લઇ આવો. તે આઠે પુત્રો વણિકોને શોધવા પારસકૂલ વગેરે

દેશાંતરોમાં ક્રમથી ગયા. અથાગ પ્રયત્નથી તેઓએ તપાસ કરી પણ તેઓ ચાલી ગયા હોવાથી ક્યાંય પણ ભેટો ન થયો. જેમ તેઓને ફરી રત્નોની પ્રાપ્તિ થવી દુર્લભ છે તેમ મનુષ્યભવથી ભ્રષ્ટ થયેલાઓને મનુષ્યભવની પ્રાપ્તિ થવી દુર્લભ છે.

अथ षष्ठदृष्टान्तसंग्रहगाथा—

**सुमिणम्मि चंदगिलणे, मंडगरज्जाइं दोण्ह वीणणओ।**
**नाएऽणुताव सुमिणे, तल्लाहसमं खु मणुयत्तं ॥११॥**

**अथ गाथाक्षरार्थः—स्वप्ने इति द्वारपरामर्शः, 'चन्द्रग्रसने' स्वप्ने इव चन्द्रपानलक्षणे सति 'मण्डकराज्ये' उक्तरूपे संपन्ने 'द्वयोः' देशिकमूलदेवयोः, कुत इत्याह— 'वीणणओ' त्ति स्वप्नफलव्यञ्जनात् कार्पटिकफलस्वप्नपाठककृतात् ततो देशिकेन 'ज्ञाते' व्यञ्जनप्रस्तुतस्वप्ने राज्यफलेऽवबुद्धे 'ऽनुतापः' पश्चात्तापः कृतः, 'सुविणे' इति, ततः पुनरपि प्रस्तुतस्वप्नलाभाय स्वप्ने शयने प्रक्रान्ते सति 'तल्लाभसमं' प्रस्तुतस्वप्नलाभसदृशं, खुरवधारणे, 'मनुजत्वं' प्रस्तुतमिति ॥११॥**

હવે છટ્ઠા દૃષ્ટાંતની સંગ્રહગાથા કહેવાય છે–

ચંદ્રનું પાન કરવા સ્વરૂપ સ્વપ્ન બંનેને સરખું આવ્યું હોવા છતાં એકે પ્રગટ કર્યું તેથી તેને પૂડલો મળ્યો. બીજાએ પ્રગટ ન કર્યું તેથી તેને રાજ્ય મળ્યું. આ હકીકત જાણી પહેલાને પશ્ચાત્તાપ થયો. ફરી રાજ્ય મળે તેવા સ્વપ્નની ઝંખના કરી. તો શું તેને ફરી તેવું સ્વપ્ન પ્રાપ્ત થાય ? તેમ તેવા સ્વપ્નની જેમ ફરી પણ મનુષ્યભવ દુર્લભ છે. (૧૧)

## મૂલદેવની કથા

અવંતીદેશમાં અતિનિર્મળ વૈભવના વશથી જે સ્વર્ગપુરીને જીતવા સમુદ્યત થઇ છે તે ઉજ્જૈની નામની શ્રેષ્ઠ નગરી છે. ઉગ્ર પરાક્રમના વશથી જિતાયા છે સર્વદિશામંડલો જેના વડે એવો કલાનિપુણ જિતશત્રુ રાજા તેનું પાલન કરે છે. સમસ્ત દેશોમાં જેનો વ્યાપાર ચાલે છે એવો પર્વત જેવો સ્થિર, દાનવીર, ભોગી, મહાભાગ્યશાળી અચલ નામનો સાર્થવાહ તે નગરીમાં વસે છે. તથા તે નગરમાં લાવણ્યનો સમુદ્ર, કમળ જેવી આંખોવાળી, આવેલા લોકોના મનમાં વસનારી અર્થાત્ આવનારના ભાવને જાણનારી અને અનુસરનારી ધનથી સમૃદ્ધ એવી દેવદત્તા નામની ગણિકા વસે છે. તથા ચોર, વ્યસની, કૌતુકી, ચતુર, વિદ્વાન અને ધાર્મિકજનોમાં પ્રથમ પ્રશંસાને પામેલો, રાજકુળમાં ઉત્પન્ન થયેલો, રાજલક્ષણોથી પૂર્ણ, શ્રેષ્ઠ, કીર્તિને પામેલો એવો મૂળદેવ નામનો ધૂર્ત છે. સ્નેહના સારવાળા, નિર્દોષ વિષયસુખને ભોગવતા, દેવદત્તા ગણિકાને ખુશ કરતા તેના દિવસો પસાર થાય છે. (૭)

હવે કોઈક વખત વસંતોત્સવ સમયે અચલ સાર્થવાહે મૂળદેવની સાથે શિબિકામાં આરૂઢ થયેલી ઉદ્યાનમાં ક્રીડા નિમિત્તે જતી દેવદત્તાને જોઈ. તત્ક્ષણ તેના ઉપર ગાઢ રાગી થયેલો સાર્થવાહ વિચારે છે કે આ ધન્યપુરુષોને યોગ્ય છે. તેથી કયા ઉપાયથી આ મારા મનોરથોને પૂર્ણ કરનારી થાય ? તેના અનેક દાનાદિ પ્રકારે ઉપચાર કરવા લાગ્યો, અર્થાત્ ગણિકા પોતા પર રાગવાળી થાય તે માટે અનેક વસ્તુઓનું દાન કરવા લાગ્યો. ગણિકાઓ ઉપચાર માત્રથી વશ થનારી હોય છે, તેથી જે તે ઉપાયથી વેશ્યાને પોતાની રાગી કરી. વેશ્યાએ ઘણા સ્નેહને બતાવનાર અચલનું બહુમાન કર્યું. અર્થાત્ અચલના ભોગની પ્રાર્થના સ્વીકારી. સંધ્યાસમયે ઉદ્ભટ શૃંગાર કરી અચલ શ્રેષ્ઠ ચિત્રોવાળી ભીંતથી યુક્ત, નિર્મળ મણિઓથી જડેલી ભૂમિવાળા, ચંદરવાથી સહિત, દીપતા રત્નોના દીપકોની પ્રભાથી નાશ કરાયો છે અંધકારનો સમૂહ જેમાં એવા વાસભવનમાં આવ્યો. તેણીએ આસનાદિના પ્રદાનથી સત્કાર કર્યો. અચલની સાથે ઘણાં ભોગો ભોગવતી તે આ પ્રમાણે કાળ પસાર કરે છે, પરંતુ તે મૂલદેવને વિષે હંમેશા જ અત્યંત સ્નેહવાળી છે. અક્કાના ભયથી આ મૂલદેવને પોતાના ઘરમાં લાવતી નથી, ચિત્તમાં કંઈક ખિન્નતા પામે છે. માતાએ તેના આ ભાવને જાણ્યો અને કહ્યું: હે પુત્રી! તને જે ગમે છે તેનો તું પ્રથમ પ્રવેશ કરાવ (લાવ) આમ કેમ ઝૂરે છે ? સમયે તેણીએ મૂળદેવને પ્રવેશ કરાવ્યો અને અક્કાએ મૂલદેવને કહ્યું: તે આ પ્રમાણે– "સ્ત્રી અપાત્રમાં રમે છે, વિષ્ણુ (વરસાદ) પર્વત ઉપર વરસે છે, લક્ષ્મી નીચનો આશ્રય કરે છે, પ્રાયઃ પ્રાજ્ઞ નિર્ધન હોય છે." દેવદત્તા કહે છે કે હું ધનમાં લુબ્ધ નથી પણ ગુણમાં લુબ્ધ છું. સર્વ જ ગુણો અહીં મૂલદેવમાં જ રહેલા છે. માતાએ કહ્યું કે- અચલ અનેક ગુણસમૂહથી યુક્ત છે તેથી તને અર્પણ કરાયો છે. તે કહે છે કે તો તેની પરીક્ષા કરો. પછી તેણીએ દાસીને શિખામણ આપી કે અચલની પાસે જઈને કહે કે તારી વલ્લભાને શેરડી ખાવાની ઘણી ઈચ્છા થઈ છે. તેની આ માગણીથી સૌભાગ્યવંતોમાં પોતાને અગ્રેસર માનતો અચલ શેરડીના અનેક ગાડાઓને મોકલે છે. માતાએ કહ્યું કે અચલની ઉદારતાને તું જો એક વખત કહેવાથી જેણે આટલો મોટો વ્યય કર્યો. વિષાદ સહિત તે કહે છે કે શું હું હાથીણી છું ? જેથી સમાર્યા વિનાના મૂલસહિત આટલા શેરડીના સાઠાઓ મોકલ્યા છે. તો પછી મૂલદેવને કહેવડાવ તે શું મોકલે છે તે આપણે જોઈએ. દાસીને મોકલી મૂલદેવને જણાવ્યું. તે વખતે તે દ્યૂતશાળામાં હતો. પછી તેણે દશકોડી લઈ તેમાંથી બે કોડીના બે શેરડીના સાઠા લીધા, બે કોડીના બે નવા કોડિયા લીધા. બાકીની કોડીથી ચાતુર્જાત[1] લીધી. તીક્ષ્ણ છૂરીથી છોલીને ગંડેરી બનાવી અને સળીઓમાં પરોવી. ચાતુર્જાત છાંટીને બે કોડિયામાં મૂકી દાસીને આપી તેને મોકલાવી. દેવદત્તાએ માતાને બતાવીને કહ્યું કે બંનેની બુદ્ધિનું અંતર જો. મૂલદેવે વગર મહેનતે ખાઈ

૧. ચાતુર્જાત એટલે દાલચીની, તમાલપત્ર, ઇલાઇચી અને નાગકેશરનું મિશ્રણ.

શકાય તેવી ગંડેરી બનાવીને મોકલી છે. અચલે મોટો વ્યય કર્યો પણ મને ઉપયોગી થાય એવી રીતે સુધારીને ન મોકલાવી. આ એકાંતથી મૂલદેવના ગુણો જુએ છે એમ ખેદ પામેલી માતા વિચારવા લાગી કે, એવો કયો ઉપાય કરું જેથી આ મૂલદેવ અચલથી પરાભવ પામે અને મારા ઘરે ફરી આવતો બંધ થાય. (૩૦)

હવે કોઈક વખત તેણીએ અચલ સાર્થવાહને કહેવડાવ્યું કે તમારે કપટથી અન્ય ગ્રામ પ્રયાણ કરી સંધ્યા સમયે અહીં આવવું. તેણે તે રીતે ગમન કર્યું. એટલે ખુશ થયેલી દેવદત્તાએ મૂલદેવને ઘરે બોલાવ્યો અને જેટલામાં તેની સાથે ક્રીડા કરે છે તેટલામાં અચલ સાર્થવાહ વિદ્યુતની ઝડપની જેમ જલદીથી ત્યાં આવ્યો અને ગૃહની અંદર પ્રવેશ્યો અને મૂલદેવ શય્યા નીચે છુપાઈ ગયો એમ અચલે જાણ્યું. ગણિકાને કહ્યું કે આ જ શય્યા પર મારે સ્નાન કરવું છે. તે કહે છે કે ફોગટ આ શય્યા કેમ ખરાબ કરો છો ? અચલે કહ્યું કે મારી જ શય્યા બગડે છે પણ તારુ કાંઈ બગડતું નથી. અભ્યંગન ઉદ્‌વર્તનાદિથી સ્નાનવિધિ શરૂ કરાયો. પાણીના કળશ રેડવા સમયે મૂલદેવ વિચારવા લાગ્યો કે અરે ! અરે ! વ્યસનોના વશથી તારે પોતાને આ પ્રમાણે સંકટો આવ્યા. કહ્યું છે કે—

"સંપત્તિઓને પ્રાપ્ત કરીને કોણ ગર્વિત નથી થયો ? કયા વિષયીની (વિષયોને ભોગવનારની) આપત્તિઓ નાશ પામી ? આ જગતમાં સ્ત્રીઓથી કોનું મન મરડાયું નથી ? રાજાઓને કોણ પ્રિય હોય ? કોણ કાળ(યમરાજ)નો કોળિયો નથી થયો ? એવો કોણ યાચક છે જે માનને પામ્યો હોય ? અથવા દુર્જનોની જાળમાં ફસાયેલો કયો પુરુષ કુશળતાથી બહાર નીકળ્યો છે ?"

જારની જેમ પાણીથી ભિંજાયેલો મૂલદેવ જેટલામાં શય્યા નીચેથી નીકળે છે તેટલામાં અચલે સજ્જડ[1] મૂઠીથી માથાના વાળ પકડીને કહ્યું કે હમણાં હું તને શું કરું ? અર્થાત્ શું શિક્ષા કરું ? મૂલદેવ કહે છે કે પોતાના દુશ્ચરિત્રના વશથી હું તારા હાથે પકડાયો છું. તેથી તને જે ગમે તે કર. તેની વચન ચતુરાઈને સાંભળીને આશ્ચર્યચકિત થયેલો અચલ કહે છે કે ખરેખર ભાગ્યની પરિણતિથી સજ્જનો પણ આવી આપત્તિને પામે છે. સંપૂર્ણ અંધકારનો નાશ કરનાર, જગતમાં ચૂડામણિપદને પામેલો સૂર્ય પણ રાહુથી કષ્ટને પામે છે. હે ભદ્ર ! કયારેક કષ્ટમાં પડેલા મને પણ સહાય કરજે એમ કહી સત્કાર કરીને અચલે મૂલદેવને રજા આપી. પૂર્વે ક્યારેય પ્રાપ્ત નહીં થયેલ પરાભવના કલંકથી લજ્જિત અને વિલખો થયેલો મૂળદેવ બેન્નાતટ નગર તરફ જવા લાગ્યો. ભાથામાત્રથી પણ રહિત મહાઅટવીના

---

૧. **अचलग्गकरेण** એટલે **अचल** + **अग्रकरेण** ચાલે નહીં તે સ્થિર (સજ્જડ-દઢ) અને **करस्य अग्रम् इति अग्रकरः** એટલે મૂઠી, અર્થાત્ સજ્જડ મૂઠીથી.

મુખ પાસે પહોંચ્યો ત્યારે વાણીમાત્રથી સહાય કરે તેવા લોભરૂપી સર્પથી ડંસાયેલ, જાતિથી ઢક્ક, ભગ્ન (હતાશ), ભાથાથી યુક્ત, નામથી સદ્ધડ એવા એક મુસાફરને માર્ગમાં જતો જુએ છે. આના ભાથાની સહાયથી હું હમણાં ચાલુ, આ મને નિરાશ નહીં કરે, અર્થાત્ મને ખાવાનું આપશે. તે બંને પરસ્પર વાતો કરતા ચાલ્યા. દિવસના ત્રીજા પહોરે ગ્રામ અને માર્ગ વગરની અટવીમાં કોઈક પાણીવાળા પ્રદેશમાં પહોંચ્યા અને વિશ્રામ કરવા બેઠા. ભાથામાંથી સક્તુને બહાર કાઢી પત્રપુટિકામાં પાણી સાથે મસળીને એકલાએ જ ખાધું. મૂલદેવ નજીકમાં હોવા છતા નિષ્ઠુર મનવાળા સદ્ધઢે વચન માત્રથી પણ ભોજનનું નિમંત્રણ ન આપ્યું. કૃપણના આચરણોને ધિક્કાર થાઓ ! ખરેખર આ ભૂલી ગયો છે તેથી તેણે નિમંત્રણ નથી આપ્યું. આવતી કાલે નિમંત્રણ આપશે એમ માનીને મૂલદેવ તેની જ સાથે ચાલ્યો. આ પ્રમાણે બીજે દિવસે પણ તેણે જરા પણ નિમંત્રણ ન આપ્યું.

ત્રીજો દિવસ થયો ત્યારે બંને પણ અટવીને ઓળંગી ગયા અને વસતિની નજીક આવ્યા. ભોજનની આશા આપી હોવાથી આ મારો ઘણો ઉપકારી છે એમ વિચારીને મૂલદેવે કહ્યું: હે ભદ્ર ! પોતાના કાર્યમાં પ્રવૃત્ત થા, મને યાદ કરજે. મને જ્યારે રાજ્ય મળે ત્યારે મારી પાસે આવજે હું તને ગામ આપીશ. (૫૨)

દિવસના બીજા પહોરે ગામમાં આવ્યો, અક્લિષ્ટ મનવાળો, હાથમાં પાંદડાનો પુટ (પડિયો) લઈને ગામમાં ભિક્ષા માટે ગયો. પડિયો ભરાય તેટલા ફક્ત અડદના જ બાકળા મળ્યા. અત્યંત ઉત્સુકતા રહિત ધીમે ધીમે તળાવને કાંઠે ચાલ્યો. આટલામાં પ્રફુલ્લિત નેત્ર અને મનવાળા મૂલદેવે માસક્ષમણના તપથી વિશેષ શોષાયું છે શરીર જેનું એવા પારણા માટે ઉદ્યાનબાજુથી ગામ તરફ આવતા એક મુનિને જોયા. અહો ! મારા પુણ્યની શ્રેણી કેવી છે ! નિર્ભાગી ચિંતામણિ પણ મેળવે છે, નિર્ભાગી ક્યારેક કલ્પવૃક્ષ પણ મેળવે છે. નિર્ભાગીઓ વડે આ મુનિદાન પ્રાપ્ત કરાતું નથી. અર્થાત્ નિર્ભાગીઓ સુપાત્ર દાન આપી શકતા નથી. અહીં જે ક્ષણે જે આપવા માટે મેળવાય છે તે અતિ કિંમતી છે. મને હમણાં દાન આપવા અડદના બાકળા જ મળ્યા છે બીજું કંઈ મળ્યું નથી. અતિ ઘણા રોમાંચથી યુક્ત, હર્ષના આંસુથી ભિનાઈ છે બે આંખો જેની એવો મૂળદેવ કહે છે કે હે ભગવન્! મારા ઉપર કરુણા કરીને આ બાકળાને ગ્રહણ કરો. મથી નાખ્યું છે અભિમાનને જેણે એવા મુનિએ પણ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી શુદ્ધ અને પર્યાપ્ત જાણીને પાત્રમાં ગ્રહણ કર્યા. મૂળદેવ કહે છે કે ખરેખર ધન્ય પુરુષોના બાકળા પણ સાધુના પારણા માટે થાય છે. જેટલામાં અતિ ખુશ થયો તેટલામાં

આકાશમાં મુનિભક્ત દેવતાએ વરદાન માગ એમ કહ્યું ત્યારે મૂળદેવ દેવી પાસે દેવદત્તા ગણિકા, એક હજાર હાથી અને રાજ્ય માગે છે અને બાકી વધેલા બાકળાથી ભોજન કર્યું. અમૃતમય ભોજનથી[1] તે ઘણી તૃપ્તિને પામ્યો. (૬૩)

સાંજના સમયે બેન્નાતટ નગરે આવીને ધર્મશાળામાં સૂતો. પ્રભાત સમયે અતિ સફેદ પ્રભાથી ઉજ્જ્વલિત કરાઇ છે દિશાની શોભા જેના વડે એવા પૂર્ણિમાના ચંદ્રમંડલનું પાન કરતો પોતાને જુએ છે. બીજો મુસાફર પણ તેવા જ ચંદ્રમંડળને જુએ છે. તે બંને સાથે જાગ્યા, કોલાહલ થયો જાણીને અતિમંદ ભાગ્યવાળો મુસાફર મુસાફરોની પાસે સ્વપ્નને કહી અને સ્વપ્નના ફળને પૂછે છે તેટલામાં એક મુસાફરે કહ્યું કે તને ઘી ગોળથી સંપૂર્ણ પુડલાનો લાભ થશે. બીજા દિવસે ઢાંકવામાં આવતા અર્થાત્ છાપરું લગાડાતા કોઈ ઘરે આવ્યો અને ઘરના સ્વામીએ મુસાફરને જોયો અને ઘી ગોળથી યુક્ત પુડલો આપ્યો, અર્થાત્ મુસાફરે પુડલો મેળવ્યો. અતિનિપુણમતિવાળા મૂળદેવે વિચાર્યું કે સ્વપ્ન આટલા માત્ર ફળવાળું નથી, આ લોકો સ્વપ્નફળના અજાણ છે. હવે સૂર્યોદય થયો ત્યારે મૂળદેવ પ્રભાતના કાર્યો કરીને, ફુલોની અંજલિ ભરીને સ્વપ્નપાઠક પાસે આવ્યો. તેના ચરણો પૂજીને, પ્રદક્ષિણા કરીને માથું નમાવી અંજલિ જોડી સ્વપ્નમાં થયેલ ચંદ્રપાનનું નિવેદન કર્યું. પછી સ્વપ્નપાઠક તે સ્વપ્નને રાજ્યફળવાળું જાણી પ્રથમ પોતાની લાવણ્યરૂપ અમૃતથી ભરેલી કન્યાને પરણાવીને કહ્યું કે આ તારું સ્વપ્ન સાતદિવસની અંદર તને રાજ્ય અપાવશે. એમ જ થાઓ એમ મસ્તકે અંજલિ જોડી સ્વીકાર્યું. ક્રમથી બેન્નાતટ નગરમાં આવ્યો. પછી વિચાર્યું કે હું અત્યંત નિર્ધન છું તેથી નગરમાં કેવી રીતે ફરું ? પછી રાત્રે એક ધનવાનના ઘરે ખાતર પાડ્યું. આરક્ષકોએ પકડ્યો, બાંધીને ન્યાયાલયમાં લઈ ગયા. ચોરને વધનો દંડ છે એમ નીતિશાસ્ત્રને યાદ કરતો અમાત્ય તેને વધની સજ્જા કરે છે. જેટલામાં વધભૂમિએ લઇ જવાય છે તેટલામાં મૂલદેવ વિચારે છે કે શું પૂર્વે ભાખેલું સર્વ ખોટું થશે ? પછી નગરમાં તેના જ ઉદયમાં આવેલા નિકાચિત પુણ્યના વશથી, પ્રબળ શૂળની વેદનાથી પીડિત શરીરવાળો રાજા અપુત્રીઓ મરે છે. હાથી, ઘોડો, છત્ર, અને બે ચામર તેમજ કળશ એમ પાંચ દિવ્યો કરાય છે. પછી દેવતાઓ જલદીથી પંચ દિવ્યોમાં અવતરે છે. રાજ્યને માટે રાજ્યને યોગ્ય નરરત્ન ચાર રસ્તા વગેરે

૧. શ્રાવક ભોજન રાંધે ત્યારે છ કાય જીવની હિંસા થતી હોવાથી તેનું ભોજન વિષ ભોજન કહેવાય છે પરંતુ આ જ ભોજનને સુપાત્રમાં આપીને ભોજન કરે તો તેનું ભોજન અમૃત ભોજન બની જાય છે. કેમકે ભોજન બનાવતા જે પાપ બંધાયું છે તે સુપાત્ર દાનના પ્રભાવથી નાશ પામે છે. અહીં મૂળદેવ ભોજન માગીને લાવેલો છે એટલે અનુમોદનાનો દોષ રહેલો છે પરંતુ સુપાત્રમાં આપીને અનુમોદનાના પાપને નાશ કરી અમૃત ભોજન કર્યું.

નગરના સર્વ સ્થાનોમાં દિવ્યો વડે શોધાય છે ત્યારે હાથીએ ગધેડા પર આરૂઢ થયેલા, સૂપડાના છત્રવાળા, કોડિયાની માળા પહેરેલા, લાલગેરુ ચોપડેલા, મેશના લીંપણથી લીંપાયેલ છે શરીર જેનું એવા, સામે આવતા મૂલદેવ ચોરને જોયો. હાથીએ ચિત્કાર અને ઘોડાએ મોટો હેસારવ કર્યો. હાથી કળશને લઇ અભિસિંચન કરી પોતાના સ્કંધ ઉપર બેસાડે છે. હાથી ઉપર બેઠેલા મૂળદેવ ઉપર તુરત છત્ર ધરાયું અને ચામર ઢળ્યા. બંદી વૃંદોએ સર્વ નભાંગણના માર્ગને ભરી દેનારું વાજિંત્ર વગાડ્યું અને અતિ મહાન જયનાદ કર્યો. નગરના ચોકમાં મોતી અને મણિઓથી મંડિત રાજસભામાં પહોંચ્યો, સામંતવર્ગે સિંહાસન પર બેઠેલા મૂળદેવને નમસ્કાર કર્યા. પોતાના પ્રતાપથી વૈરી રાજાઓનો પરાભવ કરીને મહારાજા થયો. સજ્જનોના મનને રંજિત કરી તે ઇચ્છા મુજબ રાજ્યસુખને ભોગવે છે. લોકમાં પ્રવાદ થયો કે આણે સ્વપ્નમાં ચંદ્રમંડળનું પાન કર્યું છે તેના પ્રભાવથી આવા પ્રકારનું રાજ્ય મેળવ્યું છે અને તે મુસાફરે આ હકીકતને સાંભળી અને વિચાર્યું કે મને આવા પ્રકારનું રાજ્ય કેમ ન મળ્યું ? લોકે કહ્યું કે અયોગ્યની પાસે સ્વપ્ન પ્રકટ કરવાના દોષથી નરનાથપણું ન મળ્યું. આથી હું આવું જ સ્વપ્ન ફરીવાર મેળવું અને તે સ્વપ્ન કોઇ નિપુણને કહીશ જેથી આવી રાજ્યની સંસિદ્ધિ પ્રાપ્ત થાય. પ્રચુર દહીં-છાશવાળું ભોજન કરીને સુનારો તે ઇચ્છામુજબ સ્વપ્નને માગતો ઘણો કાળ ક્લેશ પામ્યો. પણ તેવું સ્વપ્ન ફરી ન આવ્યું. જેવી રીતે તેને ફરી આવા પ્રકારનું સ્વપ્ન દુર્લભ છે તેમ મનુષ્યોને અપારસંસારમાં ભ્રષ્ટ થયેલ મનુષ્યભવ ફરી મળવો દુર્લભ છે. હવે પ્રસ્તાવથી પ્રાપ્ત થયેલો કથાનકનો બાકીનો થોડો ભાગ છે તે કહેવાય છે. (૯૨)

કોઇ વખત તે રાજા વિચારે કે મને મદ ઝરતા શ્રેષ્ઠ હજાર હાથીઓવાળું રાજ્ય મળ્યું. એક અહીં દેવદત્તા નથી તેથી ન્યૂન (ખામી) લાગે છે. કારણ કે કહ્યું છે કે સ્નેહાળ નિષ્કારણ ત્યાગ કરતો નથી. ઋષિ સેંકડો સંકટોમાં પણ મુંઝાતો નથી, વૈભવી ગર્વિત થતો નથી, સજ્જન સરળ સ્વભાવી હોય છે, સુભગ ચંદ્ર જેવો સૌમ્ય હોય છે. આવા મનુષ્યના સંગમાં સ્વર્ગ છે કે પર્વતના શિખર ઉપર સ્વર્ગ છે ?

દાન અને માન સ્વીકારાયા છે જેના વડે, કરાયો છે નમસ્કાર જેને, ઘણા પ્રકારે કરાઇ છે પ્રાર્થના જેને એવા ઉજ્જૈનીના સ્વામીએ મૂળદેવને દેવદત્તા સમર્પિત કરી. સદ્ધડભટ્ટે સાંભળ્યું કે મૂળદેવે રાજ્ય મેળવ્યું છે એટલે તે જલદીથી બેન્નાતટ નગરે આવ્યો. રાજાને મળ્યો. મૂળદેવે તેને ઉત્તમ ગામ સાથે રજા આપીને કહ્યું કે મારા દષ્ટિપથમાં તારે ન આવવું તેમ વર્તવું. (૯૬)

હવે કોઇક વખત ઉજ્જૈનીથી ધનોપાર્જન માટે ઘણાં લોકોની સાથે અચલ દેશાંતર ગયો. ત્યાં ઉપાર્જન કરાયેલ ઘણા વિભવથી ગાડાઓ ભરીને અચલ ભાગ્યના વશથી બેન્નાતટ નગરે આવ્યો. ત્યાં મજીઠાદિ કરીયાણામાં ઘણી કિંમતી વસ્તુઓ છૂપાવીને કરચોરી

કરવા પ્રયત્ન કર્યો. કર અધિકારીઓએ તેની યુક્તિ પકડી પાડી રાજાની સમક્ષ હાજર કર્યો. પછી સંભ્રમથી ચકિત આંખોથી રાજાએ અચલને જોયો. અરે આ અતિ અદ્ભૂત છે, સાર્થવાહ અહીં કેવી રીતે ? હે મહાયશ ! હું કોણ છું તું ઓળખે છે ? અચલ કહે છે– હે દેવ ! શરદઋતુના ચંદ્રની કાંતિ જેવી નિર્મળ કીર્તિથી ભરાયું છે ભુવન જેના વડે એવા આપને કોણ ન ઓળખે ? પોતાના વૃત્તાંતને કહી રાજાએ તેનો દુષ્કર સત્કાર કર્યો. તેને ખુશ કરી ઉચિત સમયે રજા આપી. અચલ ઉજ્જૈનીમાં આવ્યો, ભાઈઓને મળ્યો અને મૂલદેવે જે સત્કાર કર્યો તે કહ્યો. (૧૦૩)

હવે બેન્નાતટ નગરમાં એક ચોર ચાલાકીથી દરરોજ ધનવાનોને ઘરે ખાતર પાડે છે. રક્ષણ કરનાર લોક દક્ષ અને સજાગ હોવા છતાં તેને જોઈ (પકડી) શકતો નથી. રક્ષણ કરનાર લોકે રાજાને નિવેદન કર્યું: હે દેવ ! તે ચોર જોવાતો (પકડાતો) નથી. ખરેખર તેણે અદૃશ્યકરણ વિદ્યા સિદ્ધ કરી હશે અથવા તે ચોરી કરનાર દેવ કે ખેચર હોવો જોઈએ. નહીંતર કોઈપણ વડે ક્યાંય પણ કેવી રીતે ન દેખાય ? પછી નીલવસ્ત્રને પહેરીને, પ્રચંડ તલવાર અને દંડને હાથમાં લઈને મૂલદેવ સ્વયં જ રાત્રિના પ્રથમ પહોરે નીકળીને દેવળ-પરબ-સભા-શૂન્યગૃહ-ઉદ્યાનાદિ સ્થાનોમાં ઘણા ઉપાયોથી શોધવા લાગ્યો. હવે એક પરબ ઉપર ગાઢ અંધકારના સમૂહના વશથી રુંધાયો છે દૃષ્ટિનો પ્રચાર જેમાં એવી રાત્રીના મધ્યભાગના સમયે સભાલોક સૂઈ ગયા પછી કપટથી મૂલદેવ પણ ત્યાં સૂવા પ્રવૃત્ત થયો. પછી ત્યાં મંડિક નામનો ચોર આવ્યો. તેણે ધીમેથી મૂલદેવને ઉઠાળ્યો અને કહ્યું: હે ભદ્ર! તું કોણ છે ? મૂલદેવે કહ્યું: હું અનાથ મુસાફર છું. ચોરે કહ્યું: તું મારી પાછળ આવ જેથી તને વાંછિત અર્થની સિદ્ધિ થાય. હા હું આવું છું એમ કહી રાજા તેની પાછળ ગયો. કોઈક ધનિકના ઘરે ખાતર પાડ્યું, ત્યાં અતિ ઘણો ઘરસાર હાથ લાગ્યો અને રાજાની ખાંધ ઉપર ચડાવ્યો. અને મૂળદેવને જીર્ણ ઉદ્યાનની અંદર દેવળના મઠની અંદરની ભૂમિમાં લઈ ગયો અને ત્યાં મૂળદેવે રૂપથી રત્નની ખાણ સમાન તેની બહેનને જોઈ. મંડિકે તેને (બહેનને) કહ્યું કે કૂવાની નજીક આના પગનું પક્ષાલન કર. કૂવા કાંઠે તેને ઊભો રાખીને જેટલામાં તેની બહેન પગને અડે છે તેટલામાં સ્પર્શના અનુમાનથી આ રાજાના પગ છે એમ જાણી તેના ઉપર પ્રેમવાળી થઈ. તે મૂળદેવને સત્ય હકીકત જણાવે છે જેથી મૂળદેવ જલદીથી ત્યાંથી નીકળી ગયો. પણ જો આ ઠેકાણે બીજો કોઈ હોત તો તેને પગ ધોવાના બાનાથી દયાવગરની તે અત્યંત ઊંડા તળિયાવાળા કૂવામાં નાખત. મૂળદેવે જાણ્યું કે પાછળ ઉતાવળે પગે ચોર આવી રહ્યો છે. પછી ભય પામેલો નગરના ચાર રસ્તે શિવના મંદિરમાં ભરાઈ ગયો. ચોરે રોષના આવેશના ભ્રમથી ખડ્ગથી શિવલિંગને કાપ્યું. પોતાને કૃતાર્થ માનતો ચોર પૂંઠથી જલદી પાછો વળ્યો. હાથીના સ્કંધ ઉપર બેઠેલો રાજા બીજે દિવસે નગરમાં

ભમે છે. પછી રાજાએ કપટ કરી વસ્ત્રથી શરીરને ઢાંકી ચાર રસ્તા ઉપર ગોદડી વગેરેનું સેવન કરતા ચોરને જોયો. તે જ ક્ષણે તેને ઓળખી ભવનમાં લઇ ગયો. રાત્રીમાં જે બન્યું તે પ્રગટ કર્યું અને બંનેના મન મળ્યા. અતિ બુદ્ધિમાન મૂળદેવે ચોરને રાજપદ પર સ્થાપ્યો અને કહ્યું તારી બહેન મને આપ. ચોરે ગૌરવપૂર્વક બહેનને તેની સાથે પરણાવી. આ પ્રમાણે તેની સાથે વિષયસુખમાં આસક્ત મૂળદેવનો કાળ પસાર થાય છે. રાજાએ ચોરના ઘરની સાર વસ્તુ જાણી તે તે ઉપાયથી વિશ્વાસમાં લઇ તેને ખાલીખમ[1] કર્યો. પૂર્વના અપરાધોને યાદ કરીને કંઇ છળને કાઢીને શૂળી ઉપર ચઢાવીને મરણ પમાડયો. અહીં વિશેષ ઉપનય આ પ્રમાણે બતાવાય છે.

રાજાના સ્થાને ધર્મીપુરુષ છે, ચોરના સ્થાને શરીર છે, જેમ તે વિવિધ ઉપાયોથી ચોરનું ધન હરી લઇ મૂળદેવે ઉપયોગ કર્યો તેમ આ દેહની શક્તિનો ઉપયોગ શુભ પ્રવૃત્તિમાં કરવો જોઇએ. જેવી રીતે મૂળદેવે ચોરને ધનરહિત જાણી પૂર્વના અપરાધના દોષથી શૂળી ઉપર લટકાવીને મૃત્યુ પમાડ્યો તેવી રીતે બુદ્ધિમાને ક્ષીણ શક્તિવાળા દેહને પણ શૂળી સમાન અનશનવિધિથી અંતમાં છોડવો જોઇએ.

**ગાથા અક્ષરાર્થ– 'स्वप्ने इति'** એ દ્વારપરામર્શ છે. ચંદ્રને ગળી જવાની જેમ ચંદ્રના પાનસ્વરૂપ સ્વપ્નમાં મુસાફરને પૂડલાની પ્રાપ્તિ થઇ અને મૂલદેવને રાજ્યની પ્રાપ્તિ થઇ. અહીં પ્રવૃત્તિરૂપ કાર્ય સરખું થયું, છતાં ફળમાં ભેદ કેમ થયો ? સ્વપ્નને કહેવાની વિધિમાં ભેદ હોવાથી ફળમાં ભેદ થયો. એકને વિધિમાં બેદરકારી છે બીજાને બહુમાન છે. સ્વપ્નફળને કહેનારા ભિન્ન ભિન્ન છે. એકને કાર્પટિકે કહેલું સ્વપ્નનું ફળ મળ્યું છે, બીજાને સ્વપ્નપાઠકે કહેલું સ્વપ્નનું ફળ પ્રાપ્ત થયું છે. પછી મુસાફરે મૂળદેવનું પ્રસ્તુત સ્વપ્નનું રાજ્યફળ જાણ્યા પછી પશ્ચાત્તાપ કર્યો. પછી ફરીપણ પ્રસ્તુત સ્વપ્ન માટે શયનમાં સૂતો છતાં સ્વપ્નલાભ ન થયો તેમ ગુમાવેલા મનુષ્યભવથી ફરી મનુષ્યભવનો લાભ થવો દુર્લભ છે.

**अथ सप्तमदृष्टान्तसंग्रहगाथा—**

**चक्केणवि कण्णहरण, अफिडियमच्छिगहचक्कनालाहिं।**
**अन्नत्थ णट्ठतच्छेदणोवमो मणुयलंमो त्ति ॥१२॥**

**अथ गाथाक्षरार्थः— चक्रेणाप्युपलक्षिते 'कन्याहरणे' निर्वृतिसंज्ञराजकन्यकादृष्टान्ते राधावेधे प्रक्रान्ते सतीत्यर्थः, 'अस्फिटितेन' लक्ष्यादन्यत्राव्याक्षिप्तेन 'अक्ष्णा' दृष्ट्या 'ग्रहो'ऽवधारणं चक्राष्टकोपरिव्यवस्थितराधासंज्ञयन्त्रपुत्रिकावामाक्षिलक्षणस्य लक्ष्यस्येति**

---

૧. ખાલીખમ કરવું= ઘરની સર્વસામગ્રી પડાવી લેવી.

**गम्यते, 'चक्कनालाहिं'ति चक्रनालस्य चक्राधारस्तम्भस्याधःस्थितेन सुरेन्द्रदत्तेन कृतः, तदनु सज्जितशरेण तत्क्षणमेव राधा विद्धेति सामर्थ्याद् गम्यते । अन्येषां तु द्वाविंशतेः श्रीमालिप्रभृतीनामशिक्षितहस्तत्वेनालब्धराधावेधच्छिद्राणां 'अन्नत्थ नट्ठ'त्ति अन्यत्र लक्ष्याद् बहिस्तान्नष्टाः शराः । ततः प्रस्तुते किमायातमित्याह—'तच्छेदनोपमो' राधावेधाक्षिच्छेदोपमानो दुराप इत्यर्थः, 'मनुजलम्भो' मानुष्यप्राप्तिः, इतिशब्दो गाथापरिसमाप्त्यर्थः ॥१२॥**

હવે સાતમા દૃષ્ટાંતની સંગ્રહ ગાથા કહેવાય છે–

**ગાથાર્થ**– રાધાવેધના દૃષ્ટાંતથી ચક્રનાલ નીચે મુખ રાખી પુતળીની આંખને વિંધી કન્યાને પરણવું જેમ દુષ્કર છે તેમ ભ્રષ્ટ કરેલા મનુષ્યભવને ફરી પ્રાપ્ત કરવો દુર્લભ છે. (૧૨)

## સમુદ્રદત્તની કથા

સ્વર્ગપુરીમાં જેમ દેવોને ઇન્દ્ર પૂજ્ય છે તેમ સુંદર, શ્રેષ્ઠ ઇન્દ્રપુર નગરમાં સજ્જનોને પૂજ્ય ઇન્દ્રદત્ત નામે રાજા હતો. પોતાની બાવીશ દેવીઓને કામદેવ જેવા સુંદરરૂપને ધરનારા શ્રીમાલી વગેરે બાવીશ પુત્રો હતા. કોઇ એક પ્રસંગે રાજાએ વિવિધ રમતોથી ક્રીડા કરતી, રતિ જેવી પ્રધાનની પુત્રીને જોઇ. પછી આ કોની પુત્રી છે ? એમ પરિજનને પુછ્યું. પરિવારે કહ્યું: હે દેવ ! આ મંત્રીપુત્રી છે. તેના ઉપર આસક્તિ થવાથી વિવિધ ઉપાયોથી મંત્રી પાસે માગણી કરી પરણ્યો. પરણ્યા પછી તરત જ તેને અંતઃપુરમાં રાખી. બીજી બીજી શ્રેષ્ઠ સ્ત્રીઓના સંગની આસક્તિથી રાજા તેને ભૂલી ગયો. લાંબા સમય પછી તેને ઝરૂખામાં રહેલી જોઇને પુછ્યું કે ચંદ્રની સમાન પ્રસરતી છે કાંતિનો સમૂહ જેનો, લક્ષ્મીની જેમ સુંદર આ કમલાક્ષિ યુવતી કોણ છે ? કંચુકીએ કહ્યું: હે દેવ ! આ મંત્રીની પુત્રી છે જેને પરણીને તમે પૂર્વકાલે અંતઃપુરમાં મૂકી છે. આ પ્રમાણે કહ્યું ત્યારે રાજાએ તેની પાસે રાત્રિવાસો કર્યો, ત્યારે તે ઋતુસ્નાતા હતી એટલે તે જ વખતે તેને ગર્ભ રહ્યો. (૯)

હવે પૂર્વે અમાત્યે તેને કહી રાખેલું કે હે પુત્રી ! જ્યારે તને ગર્ભ રહે તે વખતે રાજા જે બોલે તે તું મને કહેજે. તેણે પણ સર્વ સ્વીકાર કર્યો અને પિતાને સર્વ વૃત્તાંત જણાવ્યો. પિતાએ પણ વૃત્તાંતને ભૂર્જપત્ર પર લખાવ્યો. અપ્રમત અમાત્ય પ્રતિ દિવસ રાજાને વિશ્વાસ થાય તે માટે વૃત્તાંતને યાદ રાખે છે. તેને પુત્ર થયો. સુરેન્દ્રદત્ત નામ રાખ્યું. અને તે દિવસે નગરમાં ચાર દાસીપુત્રો જન્મ્યા. તેમના નામ અગ્નિક, પર્વતક, બહુલી અને સાગર રાખ્યા. અમાત્ય સુરેન્દ્રદત્તને ભણવા માટે લેખાચાર્યની પાસે લઇ ગયો. તે બાળકોની સાથે કલાકલાપને ભણે છે. તે શ્રીમાલી વગેરે રાજપુત્રો કશું પણ ભણતા નથી. થોડું પણ કલાચાર્યે માર્યું હોય તો પોતપોતાની માતાઓને રાવ કરે છે અને રોતા રોતા કહે છે કે આવું આવું ઉપાધ્યાયે અમને કહ્યું. પછી ગુસ્સે થયેલી રાણીઓ ઉપાધ્યાયને કહે છે–હે કૂટપંડિત ! અમારા

પુત્રોને નિઃશંક કેમ મારે છે ? પુત્રરત્નોની પ્રાપ્તિ જેમ તેમ થતી નથી, શું આ પણ તું નથી જાણતો? જો પુત્રોને થોડું પણ મારતા અનુકંપા નથી રાખતો તો તારી અત્યંત મૂઢ અને નિષ્ફલ ભણાવવાની પદ્ધતિથી સર્યું. આ પ્રમાણે કઠોર વચનથી ઠપકો અપાયેલ ગુરુએ ઉપેક્ષા કરી. તેથી રાજપુત્રો અત્યંત મૂર્ખ રહ્યા. રાજા પણ આ વ્યતિકરને નહીં જાણતો મનમાં વિચારે છે કે મારા આ પુત્રો અત્યંત કળાકુશળ છે. પરંતુ અહીં સાથે ભણતા બાળકોથી થતાં વિઘ્નોને અવગણીને પણ તે સુરેન્દ્રદત્ત કલાકલાપને ભણ્યો. (૨૧)

હવે મથુરા નગરીમાં પર્વતક નામનો રાજા પોતાની પુત્રીને પૂછે છે– હે પુત્રી ! તને જે વર ગમે તેની સાથે પરણાવું. તેણે કહ્યું: હે તાત ! ઈન્દ્રદત્તના પુત્રો કળાકુશળ, શૂરવીર, ધીર અને સુરૂપ છે એમ સંભળાય છે. જો તમારી અનુજ્ઞા હોય તો હું સ્વયં ત્યાં જઈ રાધાદિવેધની વિધિથી તેઓમાનાં એકની પરીક્ષા કરીને ત્યાં પરણું. રાજાએ તેની વાત સ્વીકારી તે વખતે પ્રચુર રાજઋદ્ધિથી યુક્ત તે ઈન્દ્રપુર નગરમાં જવા પ્રવૃત્ત થઈ. તેને આવતી સાંભળીને ખુશ થયેલા ઈન્દ્રરાજાએ, વિચિત્ર પ્રકારની ધ્વજાઓથી ફરકતી પોતાની નગરી કરાવી. હવે તે આવી ત્યારે તેને રહેવા સુંદર આવાસ આપ્યો, ભોજનદાન વગેરે પૂર્વક મોટો ઉચિત સત્કાર કર્યો. તેણીએ રાજાને જણાવ્યું કે તમારો જે પુત્ર રાધાવેધ કરશે તે મને પરણશે. આથી જ હું અહીં આવી છું. રાજાએ કહ્યું: હે સુતનુ ! આટલાથી તું ખેદ ન પામ કારણ કે મારા સર્વેપણ પુત્રો એકેક પ્રધાન ગુણવાળા છે. પછી ઉચિત પ્રદેશમાં એક ડાબી અને બીજી જમણી ફરતી છે ચક્રની શ્રેણી જેમાં, સુશોભિત જડાવાઇ છે પુતળીઓ જેમાં એવો એક મોટો સ્તંભ સ્થાપિત કરાવ્યો. અખાડો રચવામાં આવ્યો, મંચો અને ચંદરવા બંધાયા. હર્ષથી પુલકિત અંગવાળો રાજા તેની ઉપર બેઠો. નગરલોક ઉપસ્થિત થયો. રાજાએ પોતાના પુત્રોને બોલાવ્યા. તે પણ રાજપુત્રી વરમાળા લઈને આવી. (૩૨)

હવે સર્વથી મોટા પુત્રને રાજાએ આ પ્રમાણે કહ્યું: હે વત્સ ! રાધાવેધ કરી મારા મનવાંછિતને સફળ કર. ઉત્તમકુળોમાં પોતાના કુળની ઉન્નતિને કર. અનવદ્ય રાજ્યને મેળવ. જય પતાકાને મેળવ, શત્રુઓને વિપ્રિય કર. એ પ્રમાણે કુશળતાથી જલદી રાધાવેધ જ કરીને રાજ્યલક્ષ્મીની જેમ નિવૃત્તિ રાજપુત્રી પરણ અને આ પ્રમાણે સાંભળીને તે રાજપુત્ર સંક્ષોભ પામ્યો, નિર્નષ્ટ શોભાવાળો થયો, અર્થાત્ નિસ્તેજ થયો. પસીનો છૂટ્યો, અતિશૂન્યચિત્તવાળો થયો, મોઢું અને આંખ દીન બન્યા, વસ્ત્રો ઢીલા થયા, શરીર ખિન્ન થયું. શોભા નમી (ઝાંખી પડી), લજ્જિત થયો, અભિમાન ઘવાયું, નીચે જોવાનું થયું, પોરસ છૂટ્યું, થાંભલાની જેમ સ્થિર થયો, યંત્રની જેમ જકડાયો. ફરીથી રાજાએ કહ્યું: હે પુત્ર ! કલામાં જે પાવરધા નથી તે સંક્ષોભ કરે છે (પામે છે). નિર્મળ કળાના ભંડાર એવા તમારા જેવાને તે ક્ષોભ ક્યાંથી હોય ? આ પ્રમાણે પ્રેરણા કરાયેલા, કાર્યના અજાણ, ધિટ્ઠાઈનું અવલંબન કરીને તેણે કોઈક રીતે ધ્રુજતા હાથે ધનુષ્યને લીધું, સર્વ શરીરના બળથી ધનુષ્યનું કોઈપણ રીતે આરોપણ

કરી જ્યાં ત્યાં પડો એમ સંકલ્પ કરી શ્રીમાલીએ બાણ ચડાવ્યું. થાંભલાની સાથે અથડાઈને તે બાણ ભાંગ્યુ પછી લોકે ઘણો ઘોંઘાટ કર્યો અને ખડખડાટ હસવા લાગ્યો. (૪૨)

આ પ્રમાણે કળાથી રહિત રાજાના બધા પુત્રોએ પણ બાણો તાક્યા (ચડાવ્યા) પણ કાર્યસિદ્ધિ ન થઈ. લજ્જાથી મીંચાયેલી આંખોવાળો, વજ્રાશનિથી હણાયેલાની જેમ વિષાદ મુખવાળો, વિમનસ્ક રાજા શોક કરવા લાગ્યો. અમાત્યે કહ્યું: હે દેવ ! તેમ વિષાદને છોડો તમારો બીજો પણ પુત્ર છે તો તેની પણ હમણાં પરીક્ષા કરો. રાજાએ કહ્યું કે મારે તે વળી બીજો કયો પુત્ર છે ? પછી મંત્રીએ લેખ અર્પણ કર્યો. તેને વાંચીને રાજાએ કહ્યું કે તો તે પણ બાણ ચઢાવે. ઘણું ભણેલા આ પાપી પુત્રોએ ઉકાળ્યું એવું તે પણ ઉકાળશે. આવા પુત્રોને ધિક્કાર થાઓ. પણ જો તારો આગ્રહ છે તો તેની પણ કુશળતાને જાણશું એમ રાજાએ કહ્યું. ત્યારે મંત્રી ઉપાધ્યાય સહિત સુરેન્દ્રદત્તપુત્રને ત્યાં લાવ્યો. હવે વિચિત્ર શસ્ત્રોના પરિશ્રમથી જેના શરીર પર ઉઝરડા પડ્યા છે એવા પુત્રને ખોળામાં બેસાડીને ખુશ થયેલા રાજાએ કહ્યું: હે પુત્ર ! તું મારા વંછિતને પૂર અને રાધાવેધ કરીને નિવૃત્તિ રાજપુત્રીને પરણ અને રાજ્યને મેળવ. તે વખતે રાજાને અને પોતાના ગુરુને નમીને, આલીઢ[1] આસનને કરીને, ધનુષ્ય દંડને લઈને નિર્મળ તેલથી ભરેલા કુંડમાં સંક્રાત થયેલ ચક્રના સમૂહના છિદ્રને જોતો, બીજા આગ્નિક વગેરે કુમારોથી હીલના કરાતો, તથા વિઘ્ન કરાતો, ગુરુ અને બાજુમાં રહેલા પુરુષો વડે જોવાતો, ખુલ્લી તલવાર કાઢીને જો ચુકીશ તો હણશું એ પ્રમાણે વારંવાર બે પુરુષોથી ધમકી અપાતો હોવા છતાં પણ લક્ષ્યની સન્મુખ સ્થિર કરાઈ છે આંખ જેના વડે, મહામુનીન્દ્રની જેમ એકાગ્રમનવાળા ધીર સુરેન્દ્રદત્તે ચક્રના વિવરને તાકીને જલદીથી બાણથી રાધાને વીંધી. હૃદયમાં વીંધાયેલી નિર્વૃતિએ તેના કંઠમાં વરમાળા પહેરાવી. રાજા આનંદિત થયો. જય જય શબ્દ ઊછળ્યો. વિવાહ મહોત્સવ કર્યો અને રાજાએ તેને રાજ્ય આપ્યું. જેમ સુરેન્દ્રદત્તે ચક્રનું છિદ્ર તાક્યું બાકીના કુમારોએ નહીં તેમ, આ અપાર સંસાર અટવીમાં પરિભ્રમણ કરતો કોઈક પુણ્યના ભારથી ભરેલો ફરી મનુષ્યભવને મેળવે છે.(૫૮)

**ગાથાક્ષરાર્થ–** ચક્રથી ઉપલક્ષિત નિર્વૃત્તિ નામની રાજકન્યાના દૃષ્ટાંતમાં રાધાવેધનો પ્રસ્તાવ છે. ચક્રાધાર સ્તંભની નીચે રહેલા સુરેન્દ્રદત્તે આઠ ચક્રની ઉપર રહેલી રાધાનામની પુતળીની ડાબી આંખને એકાગ્ર દૃષ્ટિથી ગ્રહણ કરી સજ્જ કરેલ બાણથી તે જ ક્ષણે વીંધી. બાકીના શ્રીમાલી વગેરે બાવીશ રાજપુત્રોએ ધનુર્વિદ્યા ગ્રહણ ન કરી હોવાથી રાધાવેધના છિદ્રને ન જોઈ શકવાથી છોડેલા બાણો લક્ષ્યની બહાર લાગવાથી ફોગટ થયા. તેથી પ્રસ્તુત દૃષ્ટાંત કહેવાનો ભાવ શું છે ? તેને કહે છે– રાધાવેધની આંખ છેદવા સમાન મનુષ્યભવની પ્રાપ્તિ દુર્લભ છે એમ કહેવાનો ભાવ છે. (૧૨)

૧. **આલીઢ આસન–** શૌર્ય સૂચવતું એક જાતનું આસન, જમણો ઘૂંટણ આગળ અને ડાબો પગ પાછળ રહે એમ ઉભડક પગે બેસી બાણ ફેંકતી વખતે કરવામાં આવતું એક જાતનું આસન વિશેષ.

अथाष्टमदृष्टान्तसंग्रहगाथा—

**चम्मावणद्धदहमज्झछिड्डुदुलिगीवचंदपासणया।**
**अण्णत्थ बुड्डुणगवेसणोवमो मणुयलंभो उ ॥१३॥**

**अतिबहलत्वनिबिडत्वभावाभ्यां चर्मेव चर्म सेवालसंचयस्तेनावनद्धः सर्वथाच्छादितो यो हृदस्तस्य मध्ये यत् कथंचित् तुच्छप्रमाणं छिद्रं संजातं तेन विनिर्गतया दुलेः कच्छपस्य 'ग्रीवया' गलदेशेन 'चन्द्रस्य' नभोमध्यभागभाजो मृगाङ्कस्य 'पासणय'त्ति लोचनाभ्यां कदाचिद्विलोकनमभूत् । ततस्तेन स्वकुटुम्बप्रतिबन्धविडम्बितेन ग्रीवामवकृष्य 'अन्नत्थ बुड्डुण'त्ति अन्यत्र तत्स्थानपरिहारात् स्थानान्तरे ब्रुडनेन निमज्जनेन कथंचित् कुटुम्बस्य मीलने कृते 'गवेसणोवमु'त्ति या गवेषणा प्रागुपलब्धरन्ध्रस्य तदुपमस्तत्तुल्यो दुर्लभतया 'मनुष्यलाभो' मनुष्यजन्मप्राप्तिः । तुः पूरणार्थः ॥१३॥**

હવે આઠમા દૃષ્ટાંતની સંગ્રહગાથાને કહે છે–

ગાથાર્થ-શેવાળથી છવાયેલા સરોવરના મધ્યમાં પડેલ છિદ્રમાંથી ડોક બહાર કાઢીને જોયેલા ચંદ્રના સ્વરૂપને કહેવા સંબંધી (સ્વજનો) પાસે ગયેલા કાચબાને સંબંધીઓ સહિત ફરી તે જ છિદ્ર મેળવવું દુર્લભ છે તેમ ગુમાવેલા મનુષ્યભવની ફરી પ્રાપ્તિ થવી દુર્લભ જાણવી. (૧૩)

**કાચબાની કથા**

કોઈક એક ગહનવનમાં અનેક જળચરોના સમૂહથી વ્યાપ્ત, અતિ ઊંડુ, અનેક હજાર યોજન વિસ્તારવાળું સરોવર હતું. તેનો ઉપરનો ભાગ અતિ ઘણા ગાઢ શેવાળના થરથી છવાયેલો હતો. જાણે સર્વત્ર ભેંસના ચામડાથી ન મઢેલું હોય એવું લાગતું હતું. ક્યારેક કાળના વશથી ચપળ ડોકવાળો કાચબો પરિભ્રમણ કરતો સપાટી ઉપર આવ્યો અને ડોકને બહાર કાઢી અને તે સમયે ત્યાં શેવાળના થરમાં, (પડમાં) છિદ્ર પડ્યું અને તેણે વાદળ વિનાના આકાશના મધ્યભાગમાં જ્યોતિષચક્ર મંડળમાં રહેલો, ક્ષીર સમુદ્રના મોજાં સમાન જ્યોત્સ્નાથી તરબોળ કરાઈ છે દશે દિશાઓ જેના વડે એવા શરદઋતુના પૂર્ણિમાના ચંદ્રને જોયો. પછી આનંદપૂર્ણ આંખવાળો કાચબો વિચારે છે કે આ શું ? શું આ કોઈ સ્વર્ગ છે ? અથવા કોઈ અતિ અદ્ભુત વસ્તુ છે? હું એકલો જોઉં તો શું લાભ ? સ્વજન લોકને પણ બતાવું એમ વિચારી સજ્જનોને શોધવા (બોલાવવા) નિમિત્તે ડૂબકી મારી. સ્વજનોને લાવીને જેટલામાં તે પ્રદેશને શોધે છે ત્યારે પવનના વશથી પુરાઈ ગયેલા તે છિદ્રને જોઈ શકતો નથી. શરદઋતુની પૂર્ણિમા પ્રાપ્ત થયે છતે પણ આકાશમાં વાદળના ઉપદ્રવ વિનાનો ચંદ્ર જોવો જેમ દુર્લભ છે તેમ સંસારરૂપી મહાસરોવરમાં ડૂબેલા સર્વ પુણ્યહીન જીવોને ફરી પણ મનુષ્યજન્મ મળવો અતિદુર્લભ છે. (૧૦)

**ગાથાક્ષરાર્થ**– અતિઘણી અને અતિગાઢ એવી શેવાળના થરથી સર્વથા ઢંકાયેલ સરોવરની મધ્યમાં કોઇક રીતે પાતળું કાણું થયું. કોઈકવાર એવા કાણામાંથી કાચબાએ ડોક બહાર કાઢીને બે આંખથી આકાશના મધ્યભાગમાં રહેલા ચંદ્રને જોયો. પછી પોતાના કુટુંબના રાગથી વ્યાકુળ કાચબાએ ડોકને પાછી ખેંચી ડૂબકી મારી તે સ્થાનથી અન્યત્ર રહેલા સ્વજનોને મળ્યો, સ્વજનોને બોલાવી ફરી તે છિદ્ર શોધવા લાગ્યો તો શું તે છિદ્ર ફરી મળે ? તે છિદ્રની પ્રાપ્તિ સમાન ફરી મનુષ્યભવની પ્રાપ્તિ દુર્લભ છે. તુ શબ્દ પાદપૂરણ માટે છે. (૧૩)

अथ नवमदृष्टान्तसंग्रहगाथा—

**उदहि जुगे पुव्वावरसमिलाछिड्डुप्पवेसदिट्ठंता।**
**अणुवायं मणुयत्तमिह दुल्लहं भवसमुद्दम्मि॥१४॥**

**अथ गाथाक्षरार्थः— 'उदहि'त्ति उदधौ 'जुगे'त्ति युगं यूपं 'पुव्व'त्ति पूर्वस्मिन् क्षिप्तं, 'अवर'त्ति अपरस्मिन् जलधावेव समिला प्रतीतरूपा क्षिप्ता काभ्यांचित् कौतुकिकाभ्यां देवाभ्यां, ततस्तस्याः समिलायाः 'छिड्डुप्पवेसदिट्ठंता' इति, तत्र युगच्छिद्रे यः प्रवेशः स एव दृष्टान्तस्तस्मात् 'अनुपायं' तनुकषायत्वादिमनुष्यजन्महेतुलाभविकलं 'मनुजत्वमिह दुर्लभं भवसमुद्रे' भवभाजामिति ॥१४॥**

હવે નવમા દૃષ્ટાંતની સંગ્રહગાથાને કહે છે–

**ગાથાર્થ**-બે કૌતુકી દેવોએ સ્વયંભૂરમણ સમુદ્રના પૂર્વ કિનારે ધૂંસરીને અને પશ્ચિમ કિનારે સામેલને નાખી પવનથી હાલકડોલક થઇ બંને ભેગી થઇ અને કોઈપણ ઉપાય વિના એકબીજામાં પરોવાઈ જાય એ જેમ દુર્લભ છે તેમ ભવસમુદ્રમાં ભમતા જીવને ઉપાય વિના મનુષ્યભવની પ્રાપ્તિ થવી દુર્લભ છે. (૧૪)

જેમ અતિ અદ્‌ભુત ચરિત્રના કુતૂહલથી ધૂંસરીમાંથી સામેલને છૂટી પાડીને પછી ફરી પણ જલદી જ ધૂંસરીના છિદ્રમાં સામેલ કેવી રીતે પુરાય છે એવા કૌતુકને મનમાં કરીને એક દેવ હાથમાં ધૂંસરીને લઇને અને બીજો દેવ સામેલ લઇને, મેરુ પર્વતની શિખર ઉપર ગયા. એક ધૂંસરી અને બીજો સામેલ લઇ દોડ્યા અને સ્વયંભૂરમણ સમુદ્રના પૂર્વ પશ્ચિમ કિનારે સામસામી ધૂંસરી અને સામેલ ફેંકી પછી તેઓ જોવા લાગ્યા. અપાર સાગરના જળમાં પડેલા તે સામેલ અને ધૂંસરીનો અતિ પ્રચંડ ફુંકાતા પવનથી પ્રેરાયેલા ભમતા ઘણો કાળ થયો છતાં સંયોગ ન થયો. સંયોગ થવા છતાં સામેલનો છિદ્રમાં પ્રવેશ ન થયો. જેમ છિદ્રમાં સામેલનો પ્રવેશ અતિદુર્લભ છે તેમ મોહથી મૂઢ બનેલા મનુષ્યોને ફરી મનુષ્યભવ મળવો દુર્લભ છે. (૬)

**ગાથાક્ષરાર્થ**– કોઇ બે કૌતુકી દેવો વડે સમુદ્રમાં પૂર્વ કાંઠે ધૂંસરી નાખવામાં આવી અને પશ્ચિમ કિનારે સામેલ નાખવામાં આવી. તે ધૂંસરીના છિદ્રમાં ઉપાય વિના સામેલનો પ્રવેશ દુર્લભ છે તેવી રીતે જેના કષાયો પાતળા ન થયા હોય એવા ભવસમુદ્રમાં ભમતા જીવોને મનુષ્યભવ પ્રાપ્ત થવો દુર્લભ છે. (૧૪)

**अथ दशमदृष्टान्तसंग्रहगाथा—**

**परमाणु खंभपीसणसुरनलियामेरुखेवदिट्ठंता।**
**तग्घडणेवाऽणुचया, मणुयत्तं भवसमुद्दम्मि ॥१५॥**

**अथ गाथाक्षरार्थः– 'परमाणु'त्ति परमाणव इति द्वारपरामर्शः । 'खंभपीसण'त्ति स्तम्भस्य काष्ठादिमयस्य 'पेषणं' चूर्णनं केनचित् कौतुकिना सुरेण कृतम् । ततश्च 'नलियामेरुखेवदिट्ठंता' इति तस्य पिष्टस्तम्भस्य नलिकायां प्रवेशितस्य मेरौ मेरुशिरसि क्षेपो दशसु दिक्षु यद् विकिरणं देवेन कृतं तदेव दृष्टान्तस्तस्माद् दुर्लभं मनुजत्वमिति गम्यते । किमुक्तं भवतीत्याह—'तग्घडणेवाणुचय'त्ति—तस्य पिष्टस्तम्भस्य घटना इव निर्वर्त्तनावत् अणुचयात् तस्मादेव नलिकाप्रक्षिप्तपिण्डात् सकाशाद् 'मनुजत्वं भवसमुद्रे' दुर्लभमिति ।**

હવે દશમા દૃષ્ટાંતની સંગ્રહગાથાને કહે છે–

ગાથાર્થ-કોઇ એક દેવે થાંભલાને ચૂરીને પરમાણુ કરી નળીમાં ભરી મેરુપર્વત ઉપર ફુંક મારી ઉડાળ્યાં. ફરી એ પરમાણુઓ ભેગા થઇ પૂર્વની જેમ થાંભલારૂપે બને એ જેમ દુર્લભ છે તેમ ગુમાવેલો મનુષ્યભવ ફરી પ્રાપ્ત થવો દુર્લભ છે. (૧૫)

અહીં કોઇક દેવે થાંભલાને અનેક ટૂકડા કરી ત્યાં સુધી ચૂર્યો જ્યાં સુધી તેના બે ભાગ ન થઇ શકે. પછી મોટી નળીમાં ભરી હાથથી મેરુ પર્વત ઉપર લઇ જઇ ફુંક મારી પ્રચંડ પવનથી અને મહાપ્રયત્નથી અવિભાગીપણા[1]ને પામેલા પરમાણુઓ દશેદિશામાં વિખેરાયા. તે અણુઓ ભેગા થઇને ફરી થાંભલો ક્યારે બને છે તે હું જોઉં એમ દેવ પ્રતીક્ષા કરવા લાગ્યો. આ પ્રમાણે રાહ જોતાં તેના અનેક હજાર વર્ષો પસાર થયા પણ તેનો અન્યૂન (પૂર્ણ) યોગ ન થયો અને ફરી તેવો સ્તંભ ન થયો તેમ આ ભ્રષ્ટ થયેલ મનુષ્યભવ જાણવો.

**ગાથાક્ષરાર્થ– परमाणु** એ દ્વારપરામર્શ છે. **खंभपीसण** કાષ્ટાદિમય થાંભલાનું ચૂર્ણ કોઇક કૌતુકી દેવ વડે કરાયું. પછી **नलियामेरुखेवदिट्ठंता** તે પીસેલા ચૂર્ણને નળીમાં ભરીને મેરુ

૧. **અવિભાગીપણું**- એકના બે ભાગ ન થઈ શકે તેવા સૂક્ષ્મભાવને પામેલા પરમાણુઓ.

પર્વતના શિખર ઉપર લઇ જઇ દેવે દશે દિશામાં ફુંકીને વેર્યું. આ દૃષ્ટાંત છે, તેનાથી પણ મનુષ્યભવ દુર્લભ છે. આનાથી શું કહેવાનું થાય છે ? **तग्घडणेवाणुचय** એટલે તે વિખરાયેલા પરમાણુઓ ભેગા થઇ ફરી થાંભલરૂપે રૂપાંતર પામે તે જેમ દુર્લભ છે તેમ ગુમાવેલો મનુષ્યભવ ફરી મળવો દુર્લભ છે.

તથા **अच्चब्भुयचरियकोहल्लेण**– કંઇક અદ્ભૂત નવું કરીએ એવા કુતૂહલથી આ પરમાણું દૃષ્ટાંત પણ આવશ્યક ચૂર્ણિમાં બીજા પ્રકારે કહેલો જણાય છે. તે આ પ્રમાણે–

અહીં અનેક સેંકડો થાંભલાથી કોઇ એક સભા રચાયેલી છે. કાળથી અગ્નિની ભયંકર જવાળાઓથી સળગી ગઇ. શું એવો કોઇ ઇન્દ્ર, ચંદ્ર કે ચક્રવર્તી છે જે તે જ અણુઓથી પૂર્વની જેમ અતિદુર્ઘટ સભાને બનાવી શકે ? જેમ તે જ અણુઓથી ફરી તે સભા ઘડવી દુષ્કર છે તેમ જીવોનો નિષ્ફળ થયેલ મનુષ્યભવ જાણવો. દૃષ્ટાંતરૂપે રજૂ કરેલા દશે પણ દૃષ્ટાંતો કદાચ ફરીથી થાય એ શક્ય છે પણ દાર્ષ્ટાંતિક ભાવને પામેલ મનુષ્યભવ પ્રાપ્ત થવો હે સૌમ્ય ! શક્ય નથી. આમ દુર્લભ મનુષ્યભવને પામીને જે જીવ પરલોકનું હિત કરતો નથી તે મૃત્યુકાળે શોક કરે છે. પાણીમાં પડેલા હાથીની જેમ, ગલમાં ફસાયેલા માછલાની જેમ, જાળમાં ફસાયેલ હરણની જેમ તથા ઝંઝાવાતમાં સપડાયેલ પક્ષીની જેમ તે શોક કરે છે. મૃત્યુ અને જરાના સામર્થ્યની ચોથી નિદ્રામાં ધકેલાયેલો (મૃત્યુના મુખમાં ધકોલાયેલો) એવો પોતાને જાણતો જુએ છે. કર્મોના સમૂહથી પ્રેરાયેલો જીવ અનેક સેંકડો જન્મ મરણના ફેરા કરીને દુઃખથી મનુષ્યભવને મેળવે છે. દુઃખે કરીને મેળવી શકાય તેવા વિદ્યુતલતા જેવા ચંચળ મનુષ્યભવને મેળવીને જે પ્રમાદ કરે છે તે કાયર છે પણ સત્પુરુષ નથી.

**अथ यदुक्तं—भावार्थसारयुक्तान्युपदेशपदानि वक्ष्ये इति, तत्प्रस्तुतमनुजत्वदुर्लभत्व-मधिकृत्यागमसिद्धोपपत्त्या दर्शयन्नाह—**

**एयं पुण एवं खलु, अण्णाणपमायदोसओ नेयं ।**
**जं दीहा कायठिई, भणिया एगिंदियाईणं ॥१६॥**

**'एतद्'मनुजत्वं, पुनःशब्दो विशेषणार्थः । ततश्चायमर्थः—प्राक् सामान्येन मनुजत्व-दुर्लभत्वमुक्तं, साम्प्रतं तदेवोपपत्तिभिः साध्यत इति । 'एवं खलु'त्ति एवमेव दुर्लभमेव, कुत इत्याह—'अज्ञानप्रमाददोषतः' अज्ञानदोषात् सदसद्विवेचनविरहापराधात् प्रमाददोषाच्च विषयासेवनादिरूपाज्ज्ञेयमवगन्तव्यम् । एतदाविष्टो हि जीव एकेन्द्रियादिजातिषु दूरं मनुजत्वविलक्षणासु अरघट्टघटीयन्त्रक्रमेण पुनःपुनरावर्त्तते । एतदपि कथं सिद्धमित्याह—यत्कारणाद् 'दीर्घा' द्राघीयसी 'कायस्थितिः' पुनः पुनः**

**मृत्वा तत्रैव काये उत्पादलक्षणा 'भणिता' प्रतिपादिता सिद्धान्ते 'एकेन्द्रियादीनां' एकेन्द्रियद्वीन्द्रियादिलक्षणानां जीवानामिति ॥१६॥**

બીજી ગાથામાં "પ્રધાન એવા ઐદંપર્યાર્થથી યુક્ત ઉપદેશવચનોને કહીશ" એમ કહ્યું છે. તેથી હવે પ્રસ્તુત મનુષ્યભવની દુર્લભતાને આગમસિદ્ધ યુક્તિથી બતાવતા ગ્રંથકાર કહે છે–

**ગાથાર્થ**– આ મનુષ્યભવ અજ્ઞાનદોષ અને પ્રમાદદોષથી દુર્લભ જ જાણવો. કારણ કે એકેન્દ્રિય આદિની કાયસ્થિતિ લાંબી કહી છે.

**ટીકાર્થ**–

**પ્રશ્ન**– ગાથામાં **પુનઃ** શબ્દનો પ્રયોગ શા માટે કરવામાં આવ્યો છે ?

**ઉત્તર**–ગાથામાં **પુનઃ** શબ્દનો પ્રયોગ વિશેષ અર્થ બતાવવા માટે કરવામાં આવ્યો છે. વિશેષ અર્થ આ પ્રમાણે છે– પહેલાં સામાન્યથી મનુષ્યભવની દુર્લભતા કહી છે. હવે તેને જ યુક્તિઓથી સિદ્ધ કરવામાં આવે છે.

**અજ્ઞાનદોષથી**– સદ્-અસદ્‌નો જે વિવેક, તે વિવેકના અભાવરૂપ અપરાધથી, અર્થાત્ સદ્-અસદ્‌નો વિવેક ન કરવો (=આ સત્ય છે આ અસત્ય છે એવો વિવેક ન કરવો) તે અજ્ઞાનદોષ છે.

**પ્રમાદદોષથી**– વિષયોનું સેવન કરવું વગેરે [1]પ્રમાદ દોષથી. અજ્ઞાન અને પ્રમાદદોષથી ઘેરાયેલ જીવ મનુષ્યભવથી જુદી એકેન્દ્રિય વગેરે જાતિઓમાં અરઘટ્ટ[2] યંત્રમાં રહેલી નાની ઘડીઓના ક્રમથી વારંવાર ભમે છે.

**પ્રશ્ન**– જીવ.એકેન્દ્રિય વગેરે જાતિઓમાં વારંવાર ભમે છે એ બાબત કેવી રીતે સિદ્ધ થાય?

**ઉત્તર**– કારણકે શાસ્ત્રમાં એકેન્દ્રિય-દ્વીન્દ્રિય વગેરે જીવોની કાયસ્થિતિ લાંબી કહી છે. કાયસ્થિતિ એટલે મરીને ફરી ફરી તે જ કાયામાં ઉત્પન્ન થવું. (૧૬)

**तानेवैकेन्द्रियभेदान् पृथिवीकायिकादीन् पञ्चैव प्रतीत्य दर्शयन्नाह—**

**अस्संखोसप्पिणिसप्पिणीउ एगिंदियाण उ चउण्हं ।**
**ता चेव उ अणंता, वणस्सईए उ बोद्धव्वा ॥१७॥**

१. **मज्जं विषय-कषाया निद्दा विकहा य पंचमी भणिया । एए पंच पमाया जीवं पाडंति संसारे ॥१॥** મદ્ય (=માદક આહાર), વિષય (=રૂપ, રસ, ગંધ, સ્પર્શ, શબ્દ એ પાંચ), કષાય (=ક્રોધ, માન, માયા, લોભ એ ચાર), નિદ્રા, વિકથા (સ્ત્રીકથા, ભક્તકથા,, દેશકથા, રાજકથા એ ચાર) આ પાંચ પ્રમાદ જીવને સંસારમાં પાડે છે.

૨. અરઘટ્ટ કૂવામાંથી પાણી કાઢવાનું યંત્ર છે. એ યંત્ર કૂવાની અંદર જાય ત્યારે તેમાં રહેલી નાની ઘડીઓ પાણીથી ભરાય છે. પછી યંત્ર ઉપર આવે ત્યારે એ ઘડીઓ પાણીથી ખાલી થાય છે. ફરી પાણીથી ભરાય છે અને ખાલી થાય છે. આ ક્રમ ચાલ્યા કરે છે.

'अस्संखोसप्पिणिसप्पिणीउ'त्ति प्राकृतत्वादविभक्तिको निर्देशस्तेनासंख्याता उत्सर्पिण्यवसर्पिण्यः । तत्रोत्सर्पयति प्रथमसमयादारभ्य निरन्तरं वृद्धिं नयति तैस्तैः पर्यायैर्भावानित्युत्सर्पिणी । तथा च पञ्चकल्पभाष्यं—''समए समएऽणंता, परिवड्ढंता उ वण्णमाईया । दव्वाणं पज्जायाऽहोरत्तं तत्तिया चेव ॥ १ ॥'' तद्विपरीता त्ववसर्पिणी । तुरेवकारार्थो भिन्नक्रमस्ततोऽसंख्याता एवैकेन्द्रियाणां, तुरप्यर्थे भिन्नक्रमः, 'चतुर्णामपि' पृथिव्यप्तेजोवायुकायिकानां कायस्थितिर्बोद्धव्येति संबन्धः । 'ता चेव उ' ता एव चोत्सर्पिण्यवसर्पिण्योऽनन्ताः वनस्पतौ तु 'वनस्पतिकाये पुनर्बोद्धव्या' कायस्थिति-रुत्कृष्टेति। किमुक्तं भवति ? पृथिव्यप्तेजोवायुकायिकेषु जीवो मृत्वा पुनः पुनरुत्पद्यमान एकैककाये असंख्याता उत्सर्पिण्यवसर्पिणीर्यावदास्ते, वनस्पतिकायिकेषु तु प्राणिषूत्पद्यमानस्ता एवोत्सर्पिण्यवसर्पिणीरनन्ता गमयत्युत्कृष्टतः, जघन्यतस्त्वन्तर्मुहूर्त-मेवेति ।अथोत्सर्पिण्यवसर्पिण्योः किं प्रमाणम् ? उच्यते—द्वादशारकालचक्रमुत्सर्पिण्य-वसर्पिण्यौ । तत्स्वरूपं यथा—दस कोडाकोडीओ सागरोवमाओ हुंति पुन्नाओ। उस्सप्पिणीपमाणं तं चेवोसप्पिणीए वि ॥१॥ छच्चेव कालसमया हवंति ओसप्पिणीए भरहम्मि । तासिं नामविहत्तिं अहक्कमं कित्तइस्सामि ।।२॥ सुसमसुसमा य सुसमा तइया पुण सुसमदुस्समा होइ । दुसमसुसमा चउत्थी दूसम अइदूसमा छट्ठी ॥3॥ एए चेव विभागा हवंति उस्सप्पिणीइ छ च्चेव । पडिलोमा परिवाडी नवरि विभागेसु नायव्वा ॥४॥ सुसमसुसमाइ कालो चत्तारि हवंति कोडिकोडीओ तिण्णि सुसमाइकालो दुन्नि भवे सुसमदुसमाए॥५॥ एक्का कोडाकोडी बायालीसाइ जा सहस्सेहिं। वासाण होइ ऊणा दूसमसुसमाइ सो कालो ॥६॥ अह दूसमाए कालो वाससहस्साइं एक्कवीसं तु ।तावइओ चेव भवे कालो अइदूसमाए वि ॥७॥ इत्यादि । एवं द्वाभ्यामुत्सर्पिण्यवसर्पिणीभ्यां कालचक्रं द्वादशारं विंशतिसागरोपमकोट्याकोटिप्रमाणम् । तत्र च यथोत्तरं कालानु-भावस्वरूपं ग्रन्थान्तरादवसेयम् । विकलेन्द्रियाणां पञ्चेन्द्रियतिरश्चां मनुष्याणां च कायस्थितिरनया गाथया ज्ञेया, यथा—''वाससहस्सासंखा, विगलाण ठिई उ होइ बोद्धव्वा। सत्तट्ठ भवा उ भवे, पणिंदितिरिमणुय उक्कोसा ॥१॥'' ॥१७॥ इति ।

એકેન્દ્રિયના તે જ પૃથ્વીકાય વગેરે પાંચ જ ભેદોને આશ્રયીને કાયસ્થિતિને બતાવતા ગ્રંથકાર કહે છે–

ગાથાર્થ– ચાર એકેન્દ્રિયોની કાયસ્થિતિ અસંખ્યાતી જ ઉત્સર્પિણી-અવસર્પિણી છે. વનસ્પતિની તો કાયસ્થિતિ અનંતી ઉત્સર્પિણી-અવસર્પિણી જાણવી.

**ટીકાર્થ–** પ્રથમસમયથી આરંભીને નિરંતર તે તે પર્યાયોથી પદાર્થોને વધારે=ઉત્કૃષ્ટ કરે તે ઉત્સર્પિણી. આ વિષે પંચકલ્પ ભાષ્યમાં કહ્યું છે કે, "**દ્રવ્યોમાં સમયે સમયે વર્ણ વગેરે પર્યાયો અનંત વધે છે. અહોરાત્રમાં પણ તેટલા[1] જ વધે છે.**" આનાથી વિપરીતકાળ અવસર્પિણી છે.

## એકેન્દ્રિયની કાયસ્થિતિ

પૃથ્વીકાય, અકાય, તેઉકાય અને વાયુકાય એ ચાર એકેન્દ્રિયની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ અસંખ્યાતી ઉત્સર્પિણી-અવસર્પિણી જાણવી.

અહીં ભાવાર્થ આ છે– પૃથ્વીકાય–અપ્કાય–તેઉકાય–વાયુકાયમાં મરીને ફરી ફરી ઉત્પન્ન થતો જીવ એક એક કાયમાં અસંખ્યાત ઉત્સર્પિણી-અવસર્પિણી સુધી રહે છે. વનસ્પતિકાય જીવોમાં ઉત્પન્ન થતો જીવ[2] અનંત ઉત્સર્પિણી-અવસર્પિણી કાળ પસાર કરે છે. આ ઉત્કૃષ્ટ કાયસ્થિતિ સમજવી. જઘન્ય કાયસ્થિતિ તો અંતર્મુહૂર્ત જ છે.

## કાળચક્ર

**પ્રશ્ન–** ઉત્સર્પિણી–અવસર્પિણીનું પ્રમાણ શું છે ?

**ઉત્તર–** બાર આરા પ્રમાણ એક કાલચક્રની એક ઉત્સર્પિણી અને એક અવસર્પિણી થાય. (૧) ભરતક્ષેત્રમાં અવસર્પિણીમાં કાળના છ જ વિભાગો છે. તેમનાં [3]નામો અનુક્રમે કહીશ. (૨) સુષમ-સુષમા, સુષમા, સુષમ-દુષમા, દુષમ-સુષમા, દુષમા, દુષમ-દુષમા એમ ક્રમશઃ છ નામો છે. (૩) આ જ છ વિભાગો વિપરીત ક્રમથી ઉત્સર્પિણીમાં જાણવા. (૪) સુષમ-સુષમા આરાનો કાળ ચાર કોડાકોડિ સારગોપમ છે. સુષમાનો કાળ ત્રણ કોડાકોડિ સાગરોપમ છે. સુષમ-દુષમાનો કાળ બે કોડાકોડિ સાગરોપમ છે. (૫) દુષમ-સુષમાનો કાળ ૪૨ હજાર વર્ષ ન્યૂન એક કોડાકોડિ સાગરોપમ છે. (૬) દુઃષમાનો કાળ ૨૧ હજાર વર્ષ છે. દુઃષમદુઃષમાનો કાળ પણ તેટલો જ (૨૧ હજરા વર્ષ) છે. (૭) આ પ્રમાણે એક ઉત્સર્પિણી અને એક અવસર્પિણી એ બે મળીને એક કાળચક્ર થાય છે. તેના બાર આરા થાય છે અને કાળ વીસ કોડાકોડિ સાગરોપમ પ્રમાણ થાય છે. આ કાળચક્રમાં ઉત્તરોત્તર થનારા કાળના પ્રભાવનું સ્વરૂપ અન્યગ્રથમાંથી જાણી લેવું."

---

૧. સમયે સમયે વધતા પર્યાયો કરતાં અહોરાત્રમાં વધતા પર્યાયો અનંતગણા સમજવા.

૨. સાધારણ વનસ્પતિકાયની અપેક્ષાએ આ સમજવું. પ્રત્યેક વનસ્પતિકાયની અપેક્ષાએ અસંખ્યાત ઉત્સર્પિણી અવસર્પિણી જાણવી.

૩. नामविहत्तिं - પદનો શબ્દાર્થ 'નામ વિભાગને' એવો થાય.

## વિકલેન્દ્રિય-પંચેન્દ્રિયની કાયસ્થિતિ

*વિકલેન્દ્રિય, પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યોની કાયસ્થિતિ* આ ગાથાથી જાણવી. તે આ પ્રમાણે– વિકલેન્દ્રિયોની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ સંખ્યાતા હજાર વર્ષ જાણવી. ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યોની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ ૭ કે ૮ ભવ થાય. (આઠમા ભવે જો યુગલિક મનુષ્યરૂપે ઉત્પન્ન થાય તો મનુષ્યની કાયસ્થિતિ આઠ ભવ થાય. અન્યથા સાતભવ થાય.) એ જ પ્રમાણે તિર્યંચ પંચેન્દ્રિય વિષે પણ જાણવું. જઘન્ય કાયસ્થિતિ મનુષ્યની કે સર્વપ્રકારના તિર્યંચોની અંતર્મુહૂર્ત છે.) (૧૭)

**भवतु नामैकेन्द्रियादीनां दीर्घा कायस्थितिस्तथापि किंनिमित्ताऽसाविति वक्तव्यमित्याशङ्क्याह—**

**एसा य असइदोसासेवणओ धम्मबज्झचित्ताणं ।**
**ता धम्मे जइयव्वं, सम्मं सइ धीरपुरिसेहिं ॥१८॥**

**'एषा च' इयं पुनर्द्राघीयसी स्थितिः 'असकृद्' नैकवारान् अनेकेषु भवेष्वित्यर्थः, 'दोषासेवनतः' दोषाणां राहुमण्डलवत् शशधरकरनिकरव्रातस्पर्द्धिस्वभावस्य जीवस्य मालिन्याधायकतया दूषकाणां निबिडवेदोदयाज्ञानभयमोहादीनां यदासेवनं मनोवाक्कायैः कृतकारितानुमतिसहायैराचरणं तस्मात् । केषामित्याह—'धर्मबाह्यचित्तानां' श्रुतधर्माच्चारित्रधर्माच्च सर्वथा बाह्यचित्तानां स्वप्नायमानावस्थायामपि तत्रानवतीर्णमानसानामित्यर्थः। यत एवं, 'ता' इति तस्माद्धर्मे उक्तलक्षणे एव एकान्तेनैवैकेन्द्रियादिजातिप्रवेशनिवारणकारिणि भवोद्भवभूरिदुःखज्वलनविध्यापनवारिणि 'यतितव्यं' सर्वप्रमादस्थानपरिहारेणोद्यमः कार्यः 'सम्यग्' मार्गानुसारिण्या प्रवृत्त्या स्वसामर्थ्यालोचनसारं 'सदा' सर्वास्वस्थासु 'धीरपुरुषै' र्बुद्धिमद्भिः पुम्भिः ॥ १८ ॥**

**એકેન્દ્રિયોની કાયસ્થિતિ લાંબી ભલે હો, પણ લાંબી કાયસ્થિતિ શાના કારણે છે તે કહેવું જોઈએ, એવી આશંકા કરીને ગ્રંથકાર કહે છે–**

**ગાથાર્થ**– ધર્મથી બાહ્યચિત્તવાળા જીવોની અનેકવાર દોષોના સેવનથી લાંબી કાયસ્થિતિ થાય છે. તેથી ધીરપુરુષોએ સદા ધર્મમાં સમ્યક્ પ્રયત્ન કરવો જોઈએ.

**ટીકાર્થ– ધર્મથી બાહ્ય ચિત્તવાળા**– શ્રુતધર્મ અને ચારિત્રધર્મથી સર્વથા બહાર ચિત્તવાળા, અર્થાત્ સ્વપ્નમાં પણ જેમનું ચિત્ત ધર્મમાં ગયું નથી તેવા.

**અનેકવાર**– અનેક ભવોમાં.

**દોષોના સેવનથી**– જેવી રીતે રાહુમંડલ ચંદ્રને દૂષિત બનાવે તેવી રીતે, ચંદ્રકિરણોના સારભૂત સમૂહની સ્પર્ધા કરવાના સ્વભાવવાળા(=ચંદ્ર જેવા અતિશય નિર્મલ) જીવમાં મલિનતાને ઉત્પન્ન કરવાના કારણે જીવને દૂષિત બનાવે તે દોષો. પ્રબળ વેદોદય, અજ્ઞાનતા, ભય અને મોહ વગેરે દોષો છે. મન-વચન-કાયાથી કરવું-કરાવવું-અનુમોદવું એમ (નવરીતે) દોષોને આચરવાથી લાંબી કાયસ્થિતિ થાય છે.

**ધીર પુરુષોએ**– બુદ્ધિમાન પુરુષોએ.

**સદા**– સર્વ અવસ્થાઓમાં.

**ધર્મમાં**–નિયમા એકેન્દ્રિય વગેરે જાતિમાં પ્રવેશને રોકનારા અને સંસારમાં ઉત્પન્ન થતા ઘણા દુઃખરૂપ અગ્નિને બુઝાવવા માટે પાણી સમાન ધર્મમાં. ધર્મનું સ્વરૂપ પૂર્વે (ત્રીજી ગાથામાં) કહ્યું છે.

**સમ્યક્**– પોતાની શક્તિનો વિચાર કરીને (મોક્ષ)માર્ગને અનુસરનારી પ્રવૃત્તિ કરવા વડે.

**પ્રયત્ન કરવો જોઈએ**– સર્વ પ્રમાદસ્થાનોનો ત્યાગ કરીને ઉદ્યમ કરવો જોઈએ.

**ભાવાર્થ**– ધર્મબાહ્યચિત્તવાળા જીવોની અનેકવાર પ્રબળવેદોદય, અજ્ઞાનતા વગેરે દોષોના સેવનથી દીર્ઘકાયસ્થિતિ થાય છે. માટે બુદ્ધિમાન પુરુષોએ પ્રમાદનો ત્યાગ કરીને સર્વ અવસ્થાઓમાં પોતાની શક્તિનો વિચાર કરીને મોક્ષમાર્ગને અનુસારી પ્રવૃત્તિ કરવા વડે શ્રુત-ચારિત્ર ધર્મમાં ઉદ્યમ કરવો જોઈએ. (૧૮)

**सम्यग् धर्मे यतितव्यमित्युक्तमथ सम्यग्भावमेव भावयन्नाह—**

**सम्मत्तं पुण इत्थं, सुत्ताणुसारेण जा पवित्ती उ ।**
**सुत्तगहणम्मि तम्हा, पवत्तियव्वं इहं पढमं ॥१९॥**

**'सम्यक्त्वम्'अवितथरूपता 'पुनरत्र' धर्मप्रयत्ने का इत्याह—'सूत्रानुसारेण या प्रवृत्तिः', तुशब्दोऽवधारणार्थो भिन्नक्रमश्चेति, ततः सूत्रानुसारेणैव सर्वज्ञागमानुसरणेनैव या चैत्यवन्दनादिरूपा प्रवृत्तिश्चेष्टा सम्यक्त्वम् । एवं सति यद् विधेयं तदाह—सूत्रस्य परमपुरुषार्थानुकूलभावकलापसूचकस्याऽसारसंसारचारकावासनिर्वासनकालघण्टा-कल्पस्याऽऽवश्यकप्रविष्टादिभेदभाजः श्रुतस्य 'ग्रहणे' नष्टदृष्टेस्तल्लाभतुष्टिदृष्टान्ते-नाङ्गीकरणे 'तस्मात्' कारणत् 'प्रवर्त्तितव्यम्', 'इह' यत्ने विधेयतया उपदिष्टे, 'प्रथमम्'आदौ। यतः "पढमं नाणं तओ दया, एवं चिट्ठइ सव्वसंजए । अन्नाणी किं काही, किंवा नाही छेयपावगं ?" ॥१॥ "सोच्चा जाणइ कल्लाणं, सोच्चा जाणइ पावगं । उभयंपि जाणई सोच्चा, जं छेयं तं समायरे ॥२॥" ॥१९॥**

ધર્મમાં સમ્યગ્ પ્રયત્ન કરવો જોઇએ એમ કહ્યું, આથી હવે સમ્યગ્ ભાવને (=સમ્યગ્ કોને કહેવાય તેને) વિચારતા ગ્રંથકાર કહે છે–

**ગાથાર્થ**– અહીં સૂત્રાનુસારે જ જે પ્રવૃત્તિ થાય તે સમ્યક્ભાવ (=સમ્યક્પણું) છે. તેથી અહીં પહેલાં સૂત્રગ્રહણ કરવામાં પ્રવૃત્તિ કરવી જોઇએ.

**ટીકાર્થ– અહીં–** ધર્મપ્રયત્નમાં.

**સૂત્રાનુસારે**– સર્વજ્ઞના આગમને અનુસરવા વડે.

**પ્રવૃત્તિ**– ચૈત્યવંદન આદિ ક્રિયા.

**સમ્યક્ભાવ**– સત્યપણું.

**અહીં** - ધર્મમાં પ્રયત્ન કરવો જોઈએ એવો જે ઉપદેશ આપ્યો તેમાં.

**સૂત્રગ્રહણ કરવામાં**– મોક્ષપુરુષાર્થને અનુકૂલ ભાવસમૂહને જણાવનાર, અસાર સંસારરૂપ કારાવાસમાંથી બહાર કાઢવાનો સંકેત આપનાર કાલઘંટા સમાન, તથા આવશ્યક અને અંગપ્રવિષ્ટ વગેરે ભેદવાળા શ્રુતને કોઇની ચક્ષુ નાશ પામી હોય અને ફરી તેનો લાભ થતાં જે પ્રસન્નતા થાય એ દૃષ્ટાંતથી (અર્થાત્ અતિશય પ્રસન્નતાથી) ગ્રહણ કરવામાં પ્રવર્તવું જોઇએ. કારણ કે "પ્રથમ જ્ઞાન અને પછી દયા (સંયમ) એ રીતે સર્વ કાર્યોમાં સંયમી રહી શકે. અજ્ઞાની શું કરશે? અથવા હિતને અને અહિતને શું જાણશે ?" સાંભળીને હિતને જાણે અને સાંભળીને અહિતને જાણે, હિત-અહિત ઉભયને પણ સાંભળીને જાણે, તેમાં જે હિતકર હોય તેને આચરે." (દશ વૈ.અ.૪.ગા. ૧૦-૧૧)

**ભાવાર્થ**– સર્વજ્ઞના આગમના અનુસારે થતી ધર્મપ્રવૃત્તિ સાચી ધર્મપ્રવૃત્તિ છે. (આથી સર્વજ્ઞના આગમને=સર્વજ્ઞની આજ્ઞાને સમજવી જોઇએ.) એ માટે પહેલાં સૂત્ર ગ્રહણ કરવામાં= આગમનો અભ્યાસ કરવામાં પ્રવૃત્તિ કરવી જોઇએ. (૧૯)

**तच्च सूत्रग्रहणं विनयादिगुणवतैव शिष्येण क्रियमाणमभीप्सितफलं स्यान्नान्यथेति समयसिद्धदृष्टान्तेन स्पष्टयन्नाह—**

**देवीदोहल एगत्थंभप्पासाय अभयवणगमणं ।**
**रुक्खुवलद्धहिवासण वंतरतोसे सुपासाओ ॥२०॥**

**अथ संग्रहगाथाक्षरार्थः— 'देवीदोहल' त्ति देव्याश्चेल्लनाभिधानायाः कश्चित् समये दोहदः समपादि । 'एगत्थंभप्पासायं' त्ति एकस्तम्भप्रासादक्रीडनाभिलाषरूपः । ततो**

**राजादिष्टस्य 'अभय' त्ति अभयकुमारस्य 'वनगमनं' महाटवीप्रवेशः समजायत । तत्र च 'रुक्खुवलद्धहिवासण' त्ति विशिष्टवृक्षोपलब्धिरधिवासना च वृक्षस्यैव । ततो 'वंतरतोसे' त्ति तदधिष्ठायकव्यन्तरेण तोषे समुत्पन्ने सति 'सुप्रासादो' व्यधीयत ॥२०॥**

**વિનયાદિ ગુણોથી યુક્ત શિષ્ય વડે કરાતું સૂત્રગ્રહણ ઇચ્છિતફળને આપનારું થાય છે, અન્યથા નહીં, એમ શાસ્ત્રમાં પ્રસિદ્ધ દૃષ્ટાંતથી સ્પષ્ટતા કરતા ગ્રંથકાર કહે છે–**

ચેલ્લણા રાણીને એક થાંભલાવાળા મહેલનો દોહલો થયો, તે માટે અભયકુમાર વનમાં ગયો. યોગ્યવૃક્ષની અધિવાસના (પૂજા) કરી. અધિષ્ઠાયક વ્યંતરદેવને પ્રસન્ન કર્યો. દેવે તેને મહેલ બનાવી આપ્યો. (૨૦)

## વિનયથી વિદ્યાની સિદ્ધિમાં શ્રેણિક રાજાનું દૃષ્ટાંત

આ કથાનક સાત સંગ્રહગાથાથી કહેવાયેલ છે.

રાજગૃહ નામના નગરમાં શ્રેણિક નામે રાજા હતો. જેના સમ્યક્ત્વની દૃઢતાથી ખુશ થયેલા શકેન્દ્રે ઘણી પ્રશંસા કરી હતી. સર્વ અંતઃપુરમાં શ્રેષ્ઠ ચેલ્લણા રાણી હતી. ચારબુદ્ધિથી યુક્ત અભય નામનો પુત્ર મંત્રી હતો. કોઇ એક પ્રસંગે ચેલ્લણાને દોહલો થયો અને રાજાને કહ્યું: મારા માટે એક થાંભલાવાળો મહેલ કરાવો. દુઃખ પૂર્વક સાધી શકાય એવા સ્ત્રીના આગ્રહથી દુઃખી થયેલા રાજાએ તેનું વચન સ્વીકાર્યું અને અભયકુમારને આદેશ કર્યો. તે સુથારને લઇને થાંભલા માટે મહાટવી ગયો અને તેઓએ અતિ વિશાળ શાખાવાળો સુસ્નિગ્ધ એક વૃક્ષ જોયો.. આ વૃક્ષ દેવથી અધિષ્ઠિત હોવો જોઇએ એમ માની ઉપવાસ કરીને અભયકુમારે વિવિધ પ્રકારના કુસુમ અને ધૂપથી તે વૃક્ષને અધિવાસિત (પૂજા) કર્યો. પછી તેની બુદ્ધિ ઉપર ખુશ થયેલા વૃક્ષવાસી દેવે રાત્રે સૂતેલા અભયકુમારને કહ્યું: હે મહાનુભાવ! તું આ વૃક્ષને કાપ નહીં, તું પોતાને ઘરે જા. સર્વઋતુઓના વૃક્ષોના ફળ-ફુલથી મનોહર એવા ઉદ્યાનથી યુક્ત એક થાંભલાવાળા મહેલને હું કરી આપીશ. આ પ્રમાણે દેવ વડે વારણ કરાયેલો અભયકુમાર સુથારની સાથે પોતાને ઘરે ગયો. દેવે પણ ઉદ્યાનથી યુક્ત મહેલને બનાવી આપ્યો. તે મહેલમાં દેવીના સાથે વિચિત્ર પ્રકારની ક્રીડાઓને કરતા, રતિસાગરમાં ડૂબેલા રાજાના દિવસો પસાર થાય છે. (૧૦)

પછી તે નગરમાં વસતા ચાંડાલની સ્ત્રીને ગર્ભના વશથી આમ્રફળ ખાવાનો દોહલો થયો. દોહલો પૂર્ણ નહીં થયે છતે પ્રતિદિન સર્વાંગથી ક્ષીણ થતી સ્ત્રીને જોઇને ચાંડાલે પુછ્યું: હે પ્રિયે ! ક્ષીણ થવાનું અહીં શું કારણ છે ? મને પરિપક્વ આમ્રફળના ભક્ષણનો દોહલો થયો છે એમ સ્ત્રીએ જણાવ્યું. ચાંડાલે કહ્યું કે અત્યારે કેરીનો અકાળ છે, અર્થાત્ કેરી પાકવાની

આ ઋતુ નથી. જો કે એમ છે તો પણ હે સુતનુ ! ક્યાંયથી પણ હું કેરી લાવી આપીશ, તું ધીરજ રાખ. ચાંડાલે સાંભળ્યું કે સર્વઋતુના ફળને આપનારા વૃક્ષોનો બગીચો રાજાનો છે. તે બગીચાની બહાર રહી નિરીક્ષણ કરતા ચાંડાલે પાકેલા ફળવાળા આમ્રવૃક્ષને જોયો પછી રાત્રિ પડી એટલે અવનામિની વિદ્યાથી વૃક્ષને નમાવીને આંબાના ફળો તોડ્યા, ફરી પણ ઉન્નામિની સુવિદ્યાથી વૃક્ષને વિસર્જીને (પૂર્વની જેમ કરીને) ખુશ થયેલા ચાંડાલે પ્રિયાને કેરીઓ આપી. પ્રતિપૂર્ણ દોહલાવાળી તે ગર્ભને વહન કરવા લાગી. (૧૭)

હવે બીજા બીજા શ્રેષ્ઠ વૃક્ષોનું નિરીક્ષણ કરતા રાજાએ પૂર્વ દિવસે જોયેલ ફળોના ઝૂમખાંથી ઓછા થયેલા ઝૂમખાવાળા આમ્રવૃક્ષને જોઈને કહ્યું: રે રક્ષકો ! આ વૃક્ષોના ફળોને કોણે તોડ્યા છે? તેઓએ કહ્યું: હે દેવ ! ખરેખર અહીં કોઇ પરપુરુષ આવ્યો નથી. નીકળતા કે પ્રવેશતા કોઈના પણ પગલા પૃથ્વીતળ ઉપર પડેલા દેખાતા નથી. તેથી હે દેવ ! આ આશ્ચર્ય છે. જેનું આવા પ્રકારનું અમાનુષ[1] સામર્થ્ય છે તેને શું કરી શકાય ? આનો કોઈ ઉપાય નથી એ પ્રમાણે ચિંતવતા રાજાએ અભયને કહ્યું: હે પુત્ર ! આવા પ્રકારની ચાલાકી કરનારા ચોરને જલદીથી પકડી લાવ. જેમ તે ફળો ચોરી ગયો તેમ કોઈક વખત સ્ત્રીને પણ ઉપાડી જશે. પૃથ્વીતળ ઉપર મસ્તક નમાવીને અભયે કહ્યું કે આપના મહાપ્રસાદથી આ કાર્ય સિદ્ધ થશે. ત્રણ-ચાર રસ્તે ચોરને પકડવા ઘણો પ્રયત્ન કર્યો. કેટલાક દિવસો પસાર થયા છતાં ચોર ન પકડાયો ત્યારે અભય ચિંતાથી ઘણો વ્યાકુલ થયો. નગરની બહાર શરૂ થયેલા મહેન્દ્ર મહોત્સવમાં નટે નાટક ગોઠવ્યું. નગરનો મનુષ્યગણ ત્યાં ભેગો થયો. અભયે પણ ત્યાં જઈને લોકોના ભાવ જાણવા માટે કહ્યું: અરે લોકો ! જેટલીવાર નટ નાટક શરૂ ન કરે તેટલી વાર મારું એક કથાનક સાંભળો. તેઓએ કહ્યું: હે નાથ! તે કથાનક કહો. પછી અભયે કહેવું શરૂ કર્યું. (૨૬)

વસંતપુર નગરમાં જીર્ણશ્રેષ્ઠીને એક પુત્રી હતી. દારિદ્રયથી પરાભવ પામેલા પિતાએ તેને ન પરણાવી. તે વૃદ્ધકુમારી થઇ. પતિની અર્થી કામદેવને પૂજે છે. ઉદ્યાનમાંથી ચોરીને ફુલોને ભેગાં કરતી માળી વડે પકડાઇ. માળીએ કંઈક વિકારી (ભોગોની) વાત કરી. તેણે કહ્યું કે શું તારે મારા જેવી બહેનો કે પુત્રીઓ નથી, જેથી મને કુમારીને આવું બોલે છે? તેણે (માળીએ) કહ્યું કે પરણેલી પતિવડે નહીં ભોગવાયેલી તું જો મારી પાસે આવશે તો તને છોડું નહીંતર નહીં. આ પ્રમાણે તેની વાત સ્વીકારીને તે ઘરે ગઇ. ક્યારેક ખુશ થયેલ કામદેવે ઉત્તમ વર તરીકે વૃદ્ધકુમારીને મંત્રીપુત્ર આપ્યો. સુપ્રશસ્ત હસ્તમેળાપને યોગ્ય લગ્નવેળાએ તે પરણ્યો. એટલીવારમાં સૂર્યનું બિંબ અસ્તગિરિ પર ગયું, અર્થાત્ સૂર્યાસ્ત થયો. કાજળ અને ભમરા જેવી કાંતિવાળી અંધકારની શ્રેણી દશે દિશામાં વિલાસ પામી. હણાઇ છે કુમુદવનની જડતા જેના વડે એવું ચંદ્રમંડળ ઉદય પામ્યું. (૩૪)

૧. **અમાનુષ**- મનુષ્ય સિવાય કોઈ દેવ કે વિદ્યાધર કે વિદ્યાસિદ્ધનું આ સામર્થ્ય છે.

હવે વિચિત્ર મણિમય આભૂષણોથી શોભતું છે મનોહર સર્વ અંગ જેનું એવી તે વાસભવનમાં ગઇ અને પતિને આ પ્રમાણે વિનંતિ કરી. હે પ્રિયતમ ! લગ્ન થયા પછી પ્રથમ વેળાએ મારે માળી પાસે જવું એવું મેં માળીને વચન આપ્યું છે. તેથી તમો રજા આપો તો હું ત્યાં જાઉ. આ સત્યપ્રતિજ્ઞાવાળી છે એમ માનતા પતિએ રજા આપી. શ્રેષ્ઠ આભૂષણો પહેરીને માળી પાસે જતી તે નગરની બહાર ચોરો વડે જોવાઇ. પછી આ તે મહાનિધિ છે એમ બોલતા ચોરો વડે તે પકડાઇ. પરંતુ તેણે પોતાનો સદ્ભાવ કહ્યો. ચોરોએ કહ્યું: હે સુતનુ ! તું જા પણ જલદી પાછી વળજે જેથી યથાપાદછીફરેલી[1] તને લૂંટીને અમે જઇશું. એ પ્રમાણે કરીશ એમ બોલીને તે અર્ધામાર્ગે ગઇ ત્યારે ચકળવકળ થતી આંખેથી ઉછળતો તેજપુજનો ક્ષેપ છે જેનો, રણઝણ થતા છે લાંબા દાંતો જેના, જડબા પ્રસારી ભયંકર પહોળું કર્યું છે મુખ જેણે, અત્યંત ભયાનક શરીરવાળો, સુદુષ્પ્રેક્ષ્ય, 'લાંબા સમયની ભૂખ પછી તું પ્રાપ્ત થઈ છે, આવ આવ' એમ બોલતો રાક્ષસ ઊભો થયો. તેણે પણ સ્ત્રીને હાથમાં પકડી, સ્ત્રીએ પોતાનો સદ્ભાવ કહ્યો એટલે રાક્ષસે તેને છોડી દીધી. ઉદ્યાનમાં જઇ સુખેથી સૂતેલા માળીને જગાડ્યો અને કહ્યું: હે સુતનુ ! તે હું અહીં આવી છું. (૪૩) આવા પ્રકારની રાત્રિમાં આભૂષણ સહિત તું અહીં કેવી રીતે આવી ? આ પ્રમાણે પુછાયેલી તેણે સર્વ સત્ય હકીકત કહી. અહો ! તું સત્યપ્રતિજ્ઞાવાળી મહાસતી છે. એમ ભાવના ભાવતા માળીએ તેના પગમાં પડીને પછી છોડી દીધી. રાક્ષસ પાસે આવીને માળીનો વૃત્તાંત કહ્યો. અહો! આ કોઇ મહાપ્રભાવી છે જેથી તેણે (માળીએ) છોડી દીધી. આ પ્રમાણે ભાવના ભાવતા રાક્ષસે પણ તેના પગમાં પડીને છોડી દીધી. ચોર પાસે જઇને પૂર્વનો વૃત્તાંત કહ્યો. ઘણા માહાત્મ્યના દર્શનથી ઉત્પન્ન થયેલ પક્ષપાતથી નમસ્કાર કરીને ચોરે પણ અલંકાર સહિત પોતાના ઘરે મોકલી આપી. (૪૮)

હવે આભરણથી સહિત, અક્ષત દેહવાળી અને અખંડિત શીલવાળી પતિની પાસે આવી અને સર્વ સત્ય હકીકત કહી. પરિતુષ્ટ મનવાળા પતિની સાથે સમસ્ત રાત્રિ પણ સૂતિ. પ્રભાત થયું ત્યારે મંત્રીપુત્રે આ પ્રમાણે વિચાર્યું: સૂઇને પછી જાગેલા પુરુષો પોતાના આશય મુજબ વર્તનાર, સુરુપ, સુખદુઃખમાં સમાન, રહસ્યને પ્રકટ નહીં કરનાર એવા મિત્ર અને સ્ત્રીને જુએ છે તે ધન્ય છે, અર્થાત્ ગુણવાન મિત્ર અને સ્ત્રીવાળા પુરુષો ભાગ્યશાળી છે. આ પ્રમાણે ભાવના ભાવતા પતિએ તેને સમગ્ર ઘરની સ્વામિની કરી અથવા નિષ્કપટ પ્રેમથી બંધાયેલ હૃદયવાળા આત્મા વિષે શું સમર્પણ નથી કરાતું ? એ પ્રમાણે તે સ્ત્રીના ત્યાગથી પતિ-ચોર-રાક્ષસ અને માળી આ ચારમાંથી કોણે દુષ્કર કર્યું તે મને કહો એમ અભયે સભાને પુછ્યું. ઈર્ષ્યાળુઓએ કહ્યું: હે સ્વામિન્ ! પતિએ દુષ્કર કર્યું, કેમકે જેણે રાત્રિએ પ્રિયાને પરપુરુષની

૧. **યથાપાછીફરેલી**- જે રીતે આભૂષણ પહેરીને ગઈ તે રીતે આભૂષણને પહેરીને પાછી આવેલી.

પાસે મોકલી. ક્ષુધાળુઓએ કહ્યું: રાક્ષસે સુદુષ્કર જ કર્યું, કેમકે લાંબા સમયથી ભુખ્યો થયો હોવા છતાં પણ ભક્ષ્યનું પણ ભોજન ન કર્યું. હવે સ્ત્રીલંપટોએ કહ્યું: હે દેવ ! એક માળી દુષ્કરકારી છે કારણ કે રાત્રિએ સ્વયં આવેલી કુમારીનો ત્યાગ કર્યો. ચાંડાલે કહ્યું: પૂર્વે જે કહેવાયું તેને બાજુ રાખો પણ ચોરોએ દુષ્કર કર્યું, કેમકે તે વખતે તેઓએ નિર્જન સ્થાનમાં પણ સુર્વણસહિત છોડી દીધી. આ પ્રમાણે કહ્યે છતે અભયે નિશ્ચય કર્યો કે માતંગ ચોર છે. પકડાવીને તેને પુછ્યું: તેં ઉદ્યાનને કેવી રીતે નુકશાન કર્યું ? તેણે કહ્યું: મેં પોતાના વિદ્યાબળથી નુકશાન કર્યું. અભયે આ સમગ્ર પણ વૃત્તાંત શ્રેણિકને કહ્યો. રાજાએ પણ કહ્યું: જો તે ચાંડાલ મને કોઈપણ રીતે વિદ્યા આપે તો તેને છોડવો નહીંતર તેના પ્રાણ હરવા. ચાંડાલે પણ રાજાને વિદ્યા આપવાનું સ્વીકાર્યું. (૬૦) સિંહાસન ઉપર બેઠેલો રાજા વિદ્યા ભણવા લાગ્યો. ફરીથી પ્રયત્નપૂર્વક ઉત્કીર્તન (વારંવાર પાઠ) કરાયેલી પણ વિદ્યા રાજાને ચડતી નથી ત્યારે ગુસ્સે ભરાયેલો તે તર્જના કરે છે કે અરે ! તું મને વિદ્યા બરાબર કેમ નથી આપતો. અભયે કહ્યું: હે દેવ ! આનો થોડો પણ વાંક નથી. વિનયપૂર્વક ગ્રહણ કરેલી વિદ્યાઓં ચડે છે અને ફળદાયક થાય છે, તેથી ચાંડાલને આ સિંહાસન ઉપર બેસાડીને સ્વયં ભૂમિ ઉપર બેસીને વિનયપૂર્વક વિદ્યા ગ્રહણ કરો જેથી હમણાં પણ ગ્રહણ થશે. રાજાએ તેમજ કર્યું અને વિદ્યા જલદીથી સંક્રાંત થઈ. અત્યંત સ્નેહીની જેમ સત્કારીને ચાંડાલને રજા આપી. આવી રીતે જો આલૌકિક તુચ્છ કાર્યને સાધવાની વિદ્યા પણ હીન એવા ગુરુની પાસે ભાવપૂર્વક તેમજ અત્યંત વિનયપૂર્વક ગ્રહણ કરી શકાય છે, તો સમસ્ત મનોવાંછિત અર્થદાન માટે સમર્થ જિનભણિત વિદ્યા આપનાર વિષે વિચક્ષણ વિનયથી વિમુખ કેવી રીતે થાય ?

**સંગ્રહ ગાથાનો અક્ષરાર્થ–** ચેલ્લણા નામની દેવીને કોઈક વખતે એક સ્તંભવાળા પ્રાસાદમાં ક્રીડા કરવાની અભિલાષારૂપ દોહલો થયો, પછી તે માટે સુથારની સાથે મહાટવીમાં અભયકુમારનું ગમન થયું. ત્યાં સ્તંભને યોગ્ય વિશિષ્ટ પ્રકારનો વૃક્ષ દેખાયો, ત્યારે અભયે વૃક્ષની અધિવાસના કરી. પછી વૃક્ષના અધિષ્ઠાયક વ્યંતરદેવે ખુશ થયે છતે સુપ્રાસાદ બનાવી આપ્યો. (૨૦)

**उउसमवाए अंबग, अकालदोहलग पाणपत्तीए ।**
**विज्जाहरणं रण्णा, दिट्ठे कोवोऽभयाणत्ती ॥२१॥**

**तस्य च प्रसादस्य चतसृष्वपि दिक्ष्वारामे षण्णां 'ऋतूनां' वसन्तग्रीष्मप्रावृट्शरद्धेमन्त-शिशिरलक्षणानां 'समवायो' मीलनं नित्यमेवाभवद् व्यन्तरानुभावादेव । एवं च प्रयाति काले कदाचित् 'अंबग' त्ति आम्रफलेषु अकाले 'आम्रफलोत्पत्त्यनवसरे' दोहदकः पाणपत्न्याः' 'चण्डालकलत्रस्य समुदभूत् । ततो 'विद्यया आहरण' मादानमक्रियत चूतफलानां चण्डालेन तत्रारामे । तदनु 'राज्ञा' श्रेणिकेन 'दृष्टे' फलविकलैकशाखे चूतशाखिनि विलोकिते सति कोपः कृतः । अथ 'अभयस्याज्ञप्तिः' चोरगवेषणगोचरा आज्ञा वितीर्णा ॥२१॥**

અને તે પ્રાસદની ચારેય પણ દિશાઓમાં આવેલા ઉદ્યાનમાં વસંત, ગ્રીષ્મ, વર્ષા, શરદ, હેમંત અને શિશિર એમ છએ ઋતુનો સમવાય વ્યંતરદેવના પ્રભાવથી થયો અર્થાત તે ઉદ્યાનમાં એકી સાથે છએ ઋતુના ફળો-ફુલો થાય છે. અને આ પ્રમાણે કાળ પસાર થયે છતે ક્યારેક ચાંડાલની પત્નીને અકાળે કેરી ખાવાનો દોહલો થયો. પછી ચાંડાલે તે ઉદ્યાનમાંથી વિદ્યાબળે કેરીઓને તોડી. પછી શ્રેણિક રાજાએ એક આમ્રવૃક્ષનું અવલોકન કર્યું ત્યારે એક ડાળી કેરી વિનાની જોઇ કોપ (ગુસ્સો) કર્યો. હવે અભયને ચોર શોધી લાવવારૂપ આજ્ઞા ફરમાવી.(૨૧)

**चोरनिरूवण इंदमह लोगनियरम्मि अप्पणा ठिअओ ।**
**चोरस्स कए नट्टिय, वड्डकुमारिं परिकहिंसु ॥२२॥**

**ततः 'चोरनिरूपणे' प्रक्रान्ते सति 'इन्द्रमहे' समायाते 'लोकनिकरे' जनसमूह-मध्ये 'आत्मना' स्वयं 'स्थितक' ऊर्ध्वस्थित एव 'चोरस्य कृते' चोरोपलम्भनिमित्तं 'नट्टिय' त्ति नाट्येन नटने प्रस्तुते सति 'वड्डकुमारिं'त्ति बृहत्कुमारिकाख्यायिकां 'पर्यकथयद्' निवेदितवानभयकुमारः ॥२२॥**

અને પછી અભયકુમાર ચોર પકડવા પ્રવૃત્ત થયો ત્યારે લોકોમાં ઇન્દ્રમહોત્સવ શરૂ થયો. ચોરને પકડવા સ્વયં નાટક ભજવવાના સ્થાને ઉભો રહ્યો. અભયકુમારે ત્યાં કુમારીકાની મોટી કથા કહેવાનો આરંભ કર્યો. (૨૨)

**कथमित्याह—**

**काइ कुमारी पइदेवयत्थमारामकुसुमगहमोक्खो ।**
**नवपरिणीयब्भुवगम, पइकहण विसज्जणा गमणं॥२३॥**

**काचित् कुमारी स्त्री 'पइदेवयत्थं' इति पत्युः कृते देवतापूजानिमित्तं 'आरामकुसुम' त्ति आरामे मालाकारस्य संबन्धिनि कुसुमान्यवचिन्वाना 'गहमोक्खो' त्ति मालाकारेण कदाचिद् गृहीता, ततो मोक्षो मोचनं कृतं तस्या एव । 'नवपरिणीयब्भुवगम'त्ति नवपरिणीतया त्वया प्रथमत एव मत्समीपे समागन्तव्यमित्यभ्युपगमे कृते सति बृहत्कुमार्या, 'पइकहणविसज्जणागमणं' त्ति ततः कालेन तया परिणीतया पत्युर्यथाव-स्थितवस्तुकथनमकारि । तेनापि विसर्जनं व्यधायि तस्याः । तदनु गमनं मालाकारसमीपे तया प्रारब्धम् ॥२३॥**

કેવી રીતે ? તેને કહે છે–

## કુમારી કન્યા

કોઇક કુમારી પતિ મેળવવા દેવની પૂજા નિમિત્તે માળીના ઉદ્યાનમાં ફુલો વીણવા લાગી. ક્યારેક માળીએ તેને પકડી અને શરત કરી છોડી. પરણ્યા પછી પ્રથમ તારે મારી પાસે આવવું એવી કબૂલાત કરાવી રજા આપી. પછી કાળે કરીને પરણી ત્યારે વૃદ્ધકુમારીએ પતિને યથાસ્થિત હકીકત કહી. તેણે પણ તેને તેમ કરવા રજા આપી. પછી તે માળીપાસે જવા પ્રવૃત્ત થઇ. (૨૩)

**तेणगरक्खसदंसण, कहण मुयणमेव मालगारेण ।**
**अक्खयपच्चागय दुक्करम्मि पुच्छाइ नियभावो ॥२४॥**

**मार्गे च गच्छन्त्यास्तस्याः 'स्तेनानां' चौराणां 'राक्षसस्य च दर्शनं' संजातम् । 'कहण'त्ति तयापि तेषां तस्य च यथावद्वस्तुतत्त्वकथनं कृतम् । ततो 'मुयणं' इति चौरै राक्षसेन च तस्या मोचनमधिष्ठितिम् । 'एव मालगारेण' त्ति मालाकारेणापि निवेदिते प्राच्यवृत्तान्ते मुक्ता इत्यर्थः । तत 'अक्षता' मालाकारेणाप्रतिस्खलिता स्फटिकोपलोज्ज्वलशीला राक्षसेनाभक्षिता चौरैरविलुप्ता च सती 'प्रत्यागता' पत्युः पार्श्वे । ततः 'दुक्करम्मि पुच्छाइ नियभावो' त्ति केन तेषां मध्ये दुष्करमाचरितमिति पृच्छायां कृतायामभयकुमारेण, सर्वैः सामाजिकजनैर्निजभावः स्वाभिप्रायः प्रकाशितः ॥२४॥**

અને માર્ગે જતાં તેને ચોરો અને રાક્ષસનું દર્શન થયું. તેણે પણ તેઓને યથાતથ્ય હકીકત કહી. પછી ચોરો અને રાક્ષસે તેને છોડી દીધી. પૂર્વનો સત્ય વૃત્તાંત જણાવ્યે છતે માળીએ તેને છોડી દીધી. માળીએ પણ સ્ફટિક જેવી ઉજ્જ્વળ શીલવાળી રહેવા દીધી. રાક્ષસે પણ ભક્ષણ ન કરી. ચોરોએ પણ ન લૂંટી. વિઘ્ન વિના પતિની પાસે પાછી આવી. તેઓમાંથી કોણે દુષ્કર કાર્ય કર્યું એમ અભયકુમારે પુછ્યું ત્યારે સર્વ નગરના પુરુષોએ પોતાના અભિપ્રાયને વ્યક્ત કર્યો. (૨૪)

**ईसालुगाइणाणं, चोरग्गह पुच्छ विज्ज कहणाओ ।**
**दंडो तद्दाणासणभूमी पाणस्सऽपरिणामो ॥२५॥**

**'ईर्ष्यालुकादीनां' ईर्ष्यालुकभक्षकचौराणां ज्ञानं संपन्नमभयकुमारमहामन्त्रिणः । ततः 'चोरस्य ग्रहः' । 'पुच्छ' त्ति पृष्टश्चासावभयकुमारेण यथा भोः ! त्वया कथं बहिरवस्थितेनैव गृहीतान्याम्रफलानि ? तदनु 'विज्ज' त्ति विद्याप्रसादत इति निवेदितं पाणेन । अथ 'कहणाओ' अभयकुमारेण श्रेणिकाग्रतः पुनः कथना अस्य वृत्तान्तस्य विहिता । ततः 'दण्डः' चण्डालस्य 'तद्दाण' त्ति तस्या एव विद्याया दानलक्षणः**

**कृतः । प्रतिपन्नं च तत्तेन । प्रारब्धं च श्रेणिकाय विद्याप्रदानम् । 'आसणभूमी पाणस्स' त्ति आसनं भूमौ 'पाणस्य' दत्तं, आत्मना तु सिंहासने निषण्णः । ततश्च 'अपरिणामः' सम्यगपरिणमनं विद्यायाः श्रेणिकस्य ॥२५॥**

આ પ્રશ્નના ઉત્તરથી અભયકુમાર મહામંત્રીને ઈર્ષ્યાળુ, ભક્ષક અને ચોરનું જ્ઞાન થયું. ત્યારપછી ચોરને પકડ્યો અને અભયકુમારે પૂછ્યું: અરે ! તેં ઉદ્યાનની બહાર રહીને કેવી રીતે કેરીઓ તોડી ? ચાંડાલે કહ્યું: વિદ્યાના બળથી. પછી અભયકુમારે શ્રેણિકરાજાની પાસે આ હકીકત જણાવી. પછી શ્રેણિકે વિદ્યા શિખવાડવા રૂપ દંડ કર્યો. ચાંડાલે તે સ્વીકાર્યું અને શ્રેણિકને વિદ્યા આપવા શરૂઆત કરી. ચાંડાલને બેસવાની ભૂમિ ઉપર આસન પથરાવ્યું. પોતે સિંહાસન ઉપર બેઠો તેથી શ્રેણિકને વિદ્યા ન આવડી. (૨૫)

**रण्णो कोवो णेयं, वितहं अभयविणउ त्ति पाणस्स ।**
**आसण भूमी राया, परिणामो एवमण्णत्थ ॥२६॥**

**ततः 'राज्ञ कोपः' प्रोद्भूतः, यथा—न त्वं करोषि मम सम्यग् विद्याप्रदानम् । ततः प्राह पाणः-नेदं वितथं विधीयते मया विद्यादानम् । तदनु भणितवानभयकुमारः 'अविणउ' त्ति अविनय इत्येवमात्मना तु सिंहासनाध्यासनलक्षणस्त्वया राजन् ! क्रियते इत्यपरिणामो विद्यायाः । ततश्च 'पाणस्स आसण' त्ति सिंहासनं वितीर्णम्, 'भूमी राया' इति राजा स्वयं वसुन्धरायामुपविष्टः । तदनन्तरं यथावत् परिणामो विद्यायाः संपन्न इति । एवमन्यत्रापि विद्याग्रहणे विनयः कार्य इति । यतः पठ्यते— ''विणएण सुयमहीयं, कहवि पमाया विसुमरियं संतं । तमुवट्ठाइ परभवे, केवलणाणं च आवहइ ॥१॥ विज्जावि होइ बलिया, गहिया पुरिसेण विणयमंतेण । सुकुलपसूया कुलबालियव्व पवरं पइं पत्ता ॥२॥'' ॥२६॥**

પછી રાજાને કોપ ચડ્યો. જેમકે– તું મને વિદ્યા બરાબર આપતો નથી. પછી ચાંડાલે કહ્યું: હું વિધિપૂર્વક જ વિદ્યા આપું છું. પછી અભયકુમારે કહ્યું: હે રાજન્ ! તમે સિંહાસન ઉપર બેસીને વિદ્યા ગ્રહણ કરો છો તેથી અવિનય થાય છે અને અવિનયથી વિદ્યા ચડતી નથી. પછી ચાંડાલને સિંહાસન ઉપર બેસાડ્યો અને પોતે ભૂમિ ઉપર બેઠો. ત્યાર પછી યથારૂપથી વિદ્યાનો પરિણામ થયો. આ પ્રમાણે બીજે પણ વિદ્યા ગ્રહણમાં વિનય કરવો. કારણ કે કહેવાય છે કે– વિનયથી ભણેલું શ્રુત કોઈક રીતે પ્રમાદથી ભુલાઈ જાય તો પણ પરભવમાં ઉપસ્થિત થાય છે અને કેવળજ્ઞાનને મેળવી આપે છે. -(૧)

ઉત્તમકુળમાં ઉત્પન્ન થયેલી કુલબાલિકાએ ઉત્તમ પતિને પ્રાપ્ત કર્યો તેમ, વિનીત પુરુષે ગ્રહણ કરેલી વિદ્યા પણ બળવાન બને છે. (૨૬)

अमुमेवार्थमन्वयव्यतिरेकाभ्यां भावयन्नाह—

विहिणा गुरुविणएणं, एवं चिय सुत्तपरिणई होइ ।
इहरा उ सुत्तगहणं, विवज्जयफलं मुणेयव्वं ॥२७॥

'विधिना' मण्डलीप्रमार्जननिषद्याप्रदानकृतिकर्मकायोत्सर्गकरणादिना सिद्धान्तप्रसिद्धेन, तथा गुरोः सूत्रार्थोभयप्रदातुः सूरेर्विनयोऽभ्युत्थानासनप्रदानपादपरिधावनविश्रामणाकरणोचितान्नपानौषधादिसंपादनलक्षणश्चित्तानुवृत्तिरूपश्च गृह्यते, अतस्तेन 'गुरुविनयेन', 'एवं चिय' त्ति एवमेव श्रेणिकमहाराजन्यायेनैव 'सूत्रपरिणति'र्गृह्यमाणागमग्रन्थानामात्मना सहैकीभावो 'भवति' संपद्यते । न हि सम्यगुपायः प्रयुक्तः स्वसाध्यमसाध्यैवोपरमं प्रतिपद्यते 'इतरथा' त्वन्यथा पुनरविधिना गुरोरविनयेन चेत्यर्थः सूत्रग्रहणं प्रस्तुतमेव 'विपर्ययफलं' विपरीतसाध्यसाधकं 'मुणितव्यं' विज्ञेयम् । सूत्रग्रहणफलं हि यथावस्थितोत्सर्गापवादशुद्धहेयोपादेयपदार्थसार्थपरिज्ञानं तदनुसारेण चरणकरणप्रवृत्तिश्च । अविधिना गुरुविनयविरहेण च दूषितस्य पुनः प्राणिनः सूत्रग्रहणप्रवृत्तावप्येतद् द्वितयमपि विपरीतं प्रजायत इति ॥२७॥

આ જ અર્થને વિધિથી ગ્રહણ કરવાથી શું ફળ મળે એમ અન્વયથી અને અવિધિથી ગ્રહણ કરવાથી શું ફળ મળે એમ વ્યતિરેકથી વિચારતા ગ્રંથકાર કહે છે–

**ગાથાર્થ–** એ જ પ્રમાણે વિધિથી અને ગુરુવિનયથી ગ્રહણ કરેલું સૂત્ર પરિણત થાય છે, અન્યથા કરેલું સૂત્રગ્રહણ વિપરીત ફળવાળું જાણવું.

**ટીકાર્થ– એ જ પ્રમાણે–** શ્રેણિક મહારાજાના દૃષ્ટાંતથી જ.

**વિધિથી–** માંડલીનું (=વાચનાસ્થાનનું) પ્રમાર્જન કરવું, ગુરુનું આસન પાથરવું, વંદન કરવું, કાયોત્સર્ગ[1] કરવો વગેરે શાસ્ત્રમાં પ્રસિદ્ધ વિધિથી. (વગેરે શબ્દથી (૧) માંડલીના આકારે બેસવું. (૨) ગુરુના આવતાં પહેલા વાચના સ્થળે આવી જવું.

૧. **કાયોત્સર્ગ કરવાનો વિધિ આ પ્રમાણે છે–** સો ડગલામાં વસતિ જોઇ પ્રથમ સ્થાપનાજી ખુલ્લા કરવા, પછી ખમાસમણ દઇ ઇરિયાવહિયા કરવા, પછી ખમાસમણ આપી ઇચ્છા. સંદિ. ભગવન્ વસતિ પવેઉં? ઇચ્છં. પછી ખમા. ભગવન્ સુદ્ધા વસહી. પછી ખમા. ઇચ્છા સંદિ. ભગવન્ અનુયોગ આઢવાવણીય મુહપત્તિ પડિલેહું ? ઇચ્છં. કહી મુહપત્તિ પડિલેહવી. પછી બે વાંદણાં આપવાં. પછી ખમા. ઇચ્છા. સંદિ. ભગવન્ અનુયોગ આઢવું ? ઇચ્છં કહી ઈચ્છા. સંદિ. ભગવન્ અનુયોગ આઢવાવણીય કાઉસ્સગ્ગ કરું ? ઇચ્છં કહી અનુયોગ આઢવાવણીય કરેમિ કાઉસ્સગ્ગં અન્નત્થ. કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરી પાર્યા વગર પ્રગટ એક નવકાર ગણવો. પછી બે વાંદણાં આપીને બેસણે સંદિસાહુ ? બેસણે ઠાઉં ? ના બે આદેશ માંગીને ખમા. આપી અવિધિ આશાતના મિચ્છા મિ દુક્કડં દેવું.

(૩) સ્થાપનાચાર્ય પધરાવવા. (૪) ગુરુના માટે શ્લેષ્મની કુંડી, ખેરીયું વગેરે મૂકવું. (૫) સો ડગલામાં હાડકાં વગેરેની અશુદ્ધિ નથી ને તે જોવું. (૬) દીક્ષાપર્યાય પ્રમાણે બેસવું. (૭) બેસવાની ઉચિત મુદ્રામાં બેસવું. (૮) પ્રસન્નતા આદિથી ભરેલી મુખમુદ્રા સદા ગુરુની સન્મુખ રાખવી વગેરે વિધિ સમજવો.)

**ગુરુવિનયથી–** અહીં ગુરુ એટલે સૂત્ર, અર્થ અને તદુભયને આપનારા આચાર્ય. (ગુરુ આવે ત્યારે) ઊભા થવું. તેમને (બેસવા માટે) આસન આપવું, (સ્થંડિલ ભૂમિ વગેરે સ્થળેથી આવે ત્યારે ) પગ બરોબર ધોવા. (શરીર દબાવવું વગેરે) વિશ્રામણા કરવી, ઉચિત આહાર-પાણી અને ઔષધ વગેરે લાવી આપવું. તેમના ચિત્તને અનુસરવું, આ ગુરુ વિનય છે. ઉક્ત વિધિથી અને આવા વિનયથી સૂત્રને ગ્રહણ કરવું જોઈએ.

**સૂત્ર પરિણત થાય છે–** ગ્રહણ કરાતા ગ્રન્થો આત્માની સાથે એકીભાવને પામે છે. આત્માની સાથે ઓતપ્રોત થઈ જાય છે. કારણ કે પ્રયોજેલો સમ્યગ્ ઉપાય પોતાના સાધ્યને સાધ્યા વિના જ અટકી જતો નથી, અર્થાત્ પોતાના સાધ્યને અવશ્ય સાધે છે.

**અન્યથા–** અવિધિથી અને ગુરુના અવિનયથી.

**વિપરીત ફલવાળું જાણવું–** વિપરીત સાધ્યને સાધનારું જાણવું. યથાવસ્થિત ઉત્સર્ગ-અપવાદથી શુદ્ધ એવું હેયોપાદેય પદાર્થ-સમૂહનું જ્ઞાન અને તેના અનુસારે ચરણ-કરણમાં પ્રવૃત્તિ એ બે સૂત્રગ્રહણનું ફલ છે. અવિધિથી અને ગુરુવિનયના અભાવથી દૂષિત થયેલો જીવ સૂત્રગ્રહણમાં પ્રવૃત્તિ કરે તો પણ તેના એ બંને વિપરીત થાય છે, અર્થાત્ ઉક્તપ્રકારનું જ્ઞાન થતું નથી અને ઉક્તજ્ઞાનના અનુસારે ચરણ-કરણમાં પ્રવૃત્તિ થતી નથી. (૨૭)

**विपर्ययफलमेव दृष्टान्तद्वारेण भावयति —**

**समणीयंपि जरुदये, दोसफलं चेव हंत सिद्धमिणं ।**
**एवं चिय सुत्तं पि हु, मिच्छत्तजरोदए णेयं ॥२८॥**

**शमयत्युपशमयति शमनीयं पर्पटकादि तदपि, किंपुनरन्यत्तत्प्रकोपहेतुर्घृतादि, 'ज्वरोदये' पित्तादिप्रकोपजन्ये ज्वरोद्भवे । किमित्याह—'दोषफलं चेव' सन्निपातादि-महारोगविकारहेतुरेव, 'हंत' त्ति सन्निहितभव्यसभ्यामन्त्रणम्, सिद्धं प्रत्यक्षादिप्रमाण-प्रतिष्ठितं 'इदं' पूर्वोक्तं वस्तु । इत्थं दृष्टान्तमुपदर्श्य दार्ष्टान्तिकयोजनामाह—'एवं चिय' त्ति एवमेव 'सुत्तंपि हु' त्ति सूत्रमप्युक्तलक्षणं मिथ्यात्वज्वरोदये । मिथ्यात्वं नाम सर्वज्ञप्रज्ञप्तेषु जीवाजीवादिभावेषु नित्यानित्यादिविचित्रपर्यायपरम्परापरिगतेषु विपरीततया श्रद्धानम् ।**

तच्च सप्तधा, ऐकान्तिकसांशयिकवैनयिकपूर्वव्युद्ग्राहविपरीतरुचिनिसर्गमूढदृष्टिभेदात्। यथोक्तम्—"पदार्थानां जिनोक्तानां, तदश्रद्धानलक्षणम् । ऐकान्तिकादिभेदेन, सप्तभेद-मुदाहृतम् ॥१॥ क्षणिकोऽक्षणिको जीवः, सर्वथा सगुणोऽगुणः । इत्यादि भाषमाणस्य, तदैकान्तिकमुच्यते ॥२॥ सर्वज्ञेन विरागेण, जीवाजीवादि भाषितम् । तथ्यं नवेति संकल्पे, दृष्टिः सांशयिकी मता ॥३॥ आगमा लिङ्गिनो देवा, धर्म्माः सर्वे सदा समाः। इत्येषा कथ्यते बुद्धिः, पुंसो वैनयिकी जिनैः ॥४॥ पूर्णः कुहेतुदृष्टान्तैर्न तत्त्वं प्रतिपद्यते। मण्डलश्चर्मकारस्य, भोज्यं चर्मलवैरिव ॥५॥ अतथ्यं मन्यते तथ्यं, विपरीतरुचिर्जनः। दोषातुरमनास्तिक्तं ज्वरीव मधुरं रसम् ॥६॥ दीनो निसर्गमिथ्यात्वस्तत्त्वातत्त्वं न बुध्यते। सुन्दरासुन्दरं रूपं, जात्यन्ध इव सर्वथा ॥७॥ देवो रागी यतिः सङ्गी, धर्मः प्राणिनिशुम्भनः। मूढदृष्टिरिति ब्रूते, युक्तायुक्ताविवेचकः ॥८॥" तदेव दुर्निवारवैधुर्याधायकतया ज्वरो रोगविशेषस्तस्योदय उद्भवस्तत्र ज्ञेत्रय् । अयमत्र भावः— यथा ज्वरोदये शमनीयमप्यौषधं प्रयुज्यमानं न गुणाय, किन्तु महते दोषाय संपद्यते । एवं सूत्रमपि संसारव्याधिबाधा-निरोधकारकतया परमौषधसममपि दुर्विनीतप्रकृतेरविधिप्रधानस्य च जीवस्य महति मिथ्यात्वज्वरोदये योजनीयम् । अन्यत्राप्युक्तम्—"सप्तप्रकारमिथ्यात्वमोहितेनेति जन्तुना। सर्वं विषाकुलेनेव विपरीतं विलोक्यते ॥१॥" तथा—अप्रशान्तमतौ शास्त्रसद्भाव-प्रतिपादनम् । दोषायाभिनवोदीर्णे, शमनीयमिव ज्वरे ॥२॥ पठन्नपि वचो जैनं, मिथ्यात्वं न विमुञ्चति । कुदृष्टिः पन्नगो दुग्धं, पिबन्निव महाविषम् ॥३॥" ॥२८॥

વિપરીત ફલને જ દૃષ્ટાંતથી વિચારે છે–

**ગાથાર્થ**– તાવ આવે ત્યારે (=તાવ નવો હોય ત્યારે) તાવને શમાવનારું પણ ઔષધ દોષરૂપ ફલવાળું જ થાય. આ સિદ્ધ છે. એ જ પ્રમાણે સૂત્ર પણ મિથ્યાત્વરૂપ જ્વર વિદ્યમાન હોય ત્યારે દોષરૂપ ફલવાળું જાણવું.

**ટીકાર્થ**– પિત્ત વગેરેના પ્રકોપથી થયેલો તાવ જ્યારે નવો હોય ત્યારે તાવને શમાવે તેવું પણ પીત-પાપડો વગેરે ઔષધ સન્નિપાત વગેરે મહારોગરૂપ વિકારનું જ કારણ બને છે. જો શમાવનારું પણ ઔષધ દોષફલવાળું બને તો પછી તાવના પ્રકોપનું કારણ એવું ઘી વગેરે ઔષધ દોષફલવાળું બને એમાં તો શું કહેવું ?

**આ સિદ્ધ છે**– નવા તાવમાં શમાવનારું પણ ઔષધ દોષરૂપફલવાળું બને એ વિગત પ્રત્યક્ષ વગેરે પ્રમાણથી સિદ્ધ થયેલી છે.

## મિથ્યાત્વ

સર્વજ્ઞે કહેલા નિત્ય-અનિત્ય વગેરે વિવિધ પર્યાયોની પરંપરાથી વ્યાપ્ત જીવ-અજીવ આદિ પદાર્થોમાં વિપરીતપણે શ્રદ્ધા કરવી તે મિથ્યાત્વ.

મિથ્યાત્વ ઐકાંતિક, સાંશયિક, વૈનયિક, પૂર્વવ્યુદ્‌ગ્રાહ, વિપરીતરુચિ, નિસર્ગ અને મૂઢદૃષ્ટિ એમ સાત પ્રકારે છે. કહ્યું છે કે– **"જિનોક્ત પદાર્થોનું શ્રદ્ધાન ન કરવા રૂપ મિથ્યાત્વ ઐકાન્તિક આદિ ભેદોથી સાત પ્રકારનું કહ્યું છે. (૧) આત્મા એકાંતે નિત્ય છે, એકાંતે અનિત્ય છે, આત્મા એકાંતે ગુણી છે, એકાંતે નિર્ગુણ છે ઇત્યાદિ બોલનારનું મિથ્યાત્વ ઐકાન્તિક કહેવાય છે. (૨) વીતરાગ સર્વજ્ઞ વડે કહેવાયેલ જીવ-અજીવ આદિ સત્ય છે કે નહિ ? એવા સંકલ્પમાં (=માનસિક વિચારમાં) સાંશયિકી દૃષ્ટિ માની છે. (૩) બધાં શાસ્ત્રો, સાધુઓ અને દેવો સદા સમાન છે, પુરુષની આવી બુદ્ધિને જિનો વૈનયિકી બુદ્ધિ કહે છે. (૪) ચામડાના ટુકડાઓથી ધરાયેલો કૂતરો ભોજનને સ્વીકારતો નથી તેમ કુહેતુઓ અને કુદૃષ્ટાંતોથી સંપૂર્ણ જીવ તત્ત્વને સ્વીકારતો નથી. (આ પૂર્વવ્યદ્‌ગ્રાહ મિથ્યાત્વ છે.) (૫) દોષોથી પીડિત મનવાળો વિપરીતરુચિ લોક અસત્યને સત્ય માને છે, તાવવાળો માણસ મધુર રસને કડવો માને તેમ. (૬) જેવી રીતે જન્મથી અંધ પુરુષ સુંદર-ખરાબ રૂપને ન જાણી શકે, તેમ દીન એવો નિસર્ગ મિથ્યાત્વી જીવ તત્ત્વ-અતત્ત્વને જાણતો નથી. (૭) યુક્ત-અયુક્તનો વિવેક ન કરનાર મૂઢદૃષ્ટિ જીવ રાગીને દેવ, ધનાદિનો સંગ કરનારને સાધુ, જીવોને વધ કરનારને (=જેમાં જીવોનો વધ થતો હોય તેવા મિથ્યાધર્મને) ધર્મ કહે છે." (૮)**

આ મિથ્યાત્વ દુઃખે કરીને રોકી શકાય તેવી વિહ્વલતાને કરનાર હોવાથી તેને પ્રસ્તુતમાં જ્વરની ઉપમા આપી છે. અહીં ભાવાર્થ આ પ્રમાણે છે- જેવી રીતે જ્વર નવો હોય ત્યારે શમન કરનારું પણ ઔષધ લેવામાં આવે તો લાભ માટે ન થાય, કિંતુ મોટા દોષ માટે થાય. એ પ્રમાણે સૂત્ર પણ સંસારરૂપ વ્યાધિની પીડાને રોકનાર હોવાથી પરમ ઔષધ સમાન હોવા છતાં દુર્વિનીત અને અવિધિની પ્રધાનતાવાળા જીવને મહાન મિથ્યાત્વરૂપ જ્વર વિદ્યમાન હોય ત્યારે લાભ માટે ન થાય, કિંતુ મોટા દોષ માટે થાય. બીજા સ્થળે પણ કહ્યું છે કે- **"આ પ્રમાણે સાત પ્રકારના મિથ્યાત્વથી મોહિત જીવ વિષથી વ્યાકુલ થયેલા પુરુષની જેમ બધું વિપરીત જુએ છે." (૧) જેવી રીતે નવા આવેલા તાવમાં આપેલું તાવને મટાડનારું ઔષધ દોષ માટે થાય, તેવી રીતે જેની મતિ શાંત નથી થઈ તેવા (=મિથ્યાદૃષ્ટિ) જીવને શાસ્ત્રના સત્ય પદાર્થોને કહેવા એ તેના દોષ માટે થાય. (૨) જેવી રીતે દૂધને પીતો સાપ મહાવિષનો ત્યાગ કરતો નથી, તેવી રીતે જિનવચનને ભણતો પણ કુદૃષ્ટિ મિથ્યાત્વને છોડતો નથી. (૩) (૨૮)**

इत्थं शिष्यविषयमुपदेशमभिधाय साम्प्रतं तमेव गुरुगोचरमाह—

गुरुणावि सुत्तदाणं, विहिणा जोग्गाण चेव कायव्वं ।
सुत्ताणुसारओ खलु, सिद्धायरिया इहाहरणं ॥२९॥

गृणाति शास्त्रार्थमिति व्युत्पत्त्या प्राप्तयथार्थाभिधानः स्वपरतन्त्रवेदी पराशयवेदकः परहितनिरतो यतिविशेषो गुरुः, तेनापि, न केवलं शिष्येण, विधिना विनयेन च सूत्रं ग्रहीतव्यमित्यपिशब्दार्थः, 'सूत्रदानं 'श्रुतरत्नवितरणं 'विधिना' 'सुत्तत्थो खलु पढमो' इत्यादिना आवश्यकनिर्युक्ति निरूपितेन क्रमेण, 'जोग्गाण चेव' त्ति योग्यानामेव विनयावनामादि-गुणभाजनत्वेनोचितानामेव कर्त्तव्यं, न पुनरयोग्यानामपि । यथोक्तम्— ''विणओणएहिं पंजलिउडेहिं छंदमणुवत्तमाणेहिं । आराहिओ गुरुजणो, सुयं बहुविहं लहुं देइ ॥१॥'' तथा, ''उवहियजोगद्दव्वो, देसे काले परेण विणएण । चित्तण्णू अणुकूलो, सीसो सम्मं सुयं लहइ ॥२॥'' कथमित्याह—'सूत्रानुसारतः' सूत्रस्य व्यवहारभाष्यस्यानु-सारोऽनुवर्त्तनं तस्मात् । 'खलु'रवधारणे । ततः सूत्रानुसारादेव तदतिक्रमेण सूत्रदाने तद्द्वेषित्वमेव कृतं स्यात् । यथोक्तम्—''तत्कारी स्यात् स नियमात्, तद्द्वेषी चेति यो जडः । आगमार्थे तमुल्लङ्घ्य, तत एव प्रवर्त्तते ॥१॥ आगमात्सर्व एवायं, व्यवहारो व्यवस्थितः । तत्रापि हाठिको यस्तु, हन्ताज्ञानां स शेखरः ॥२॥'' सूत्रानुसारश्चायम्— ''तिवरिसपरियागस्स उ, आचारपकप्पनाम अज्झयणं । चउवरिसस्स उ सम्मं, सूयगडं नाम अंगं ति ॥१॥ दसकप्पव्ववहारा, संवच्छरपणगदिक्खियस्सेव । ठाणं समवाओ च्चिय, दो अंगे अट्ठवासस्स ॥२॥ दसवासस्स विवाहो, एक्कारसवासयस्स उ इमे उ । खुड्डियविमाणमाई, अज्झयणा पंच नायव्वा ॥३॥ बारसवासस्स तहा, अरुणुववायाइ पंच अज्झयणा । तेरसवासस्स तहा, उट्ठाणसुयाइया चउरो ॥४॥ चोद्दसवासस्स तहा, आसीविसभावणं जिणा बिंति । पन्नरसवासगस्स य, दिट्ठीविसभावणं तह य ॥५॥ सोलसवासाईसु य एगुत्तरवड्ढिएसु जहसंखं । चारणभावणमहसुविणभावणा तेयगनिसग्गा ॥६॥ एगूणवासगस्स उ, दिट्ठीवाओ दुवालसममंगं । संपुन्नवीसवरिसो, अणुवाई सव्वसुत्तस्स ॥७॥'' इति । श्रमणीस्तु प्रतीत्याऽकालचारित्वादिपरिहारलक्षणः सूत्रानुसारः । अकालचारित्वलक्षणं चेदम्—''अट्ठमीपक्खिए मोत्तुं, वायणाकालमेव उ । सेसकालमइंतीओ, नायव्वाऽकालचारीओ ॥१॥'' 'सिद्धाचार्याः' सिद्धाभिधानसूरय 'इह' सूत्रानुसारतः सूत्रदाने, आह्रियते आक्षिप्यते प्रतीतिपथेऽवतार्यते दार्ष्टान्तिकोऽर्थो येन तदाहरणं दृष्टान्तः ॥२९॥

આ પ્રમાણે શિષ્ય સંબંધી ઉપદેશ કહીને હવે ગુરુ સંબંધી તે જ ઉપદેશને કહે છે–

**ગાથાર્થ**– ગુરુએ પણ યોગ્ય જીવોને જ વિધિથી અને સૂત્રાનુસાર જ સૂત્રદાન કરવું જોઇએ. આ વિષે સિદ્ધાચાર્યનું દૃષ્ટાંત છે.

**ટીકાર્થ**– ગુરુ- શાસ્ત્રના અર્થને કહે તે ગુરુ. એવી વ્યુત્પત્તિથી જેમણે 'ગુરુ' એવું નામ યથાર્થ પ્રાપ્ત કર્યું છે તેવા, સ્વ-પર શાસ્ત્રના જ્ઞાતા, અન્યના આશયને જાણવાની શક્તિવાળા અને પરહિતમાં તત્પર એવા સાધુવિશેષ ગુરુ છે.

**યોગ્ય જીવોને જ**– વિનયથી નમવું ઇત્યાદિ ગુણોના ભાજન હોવાના કારણે જેઓ યોગ્ય હોય તેમને જ સૂત્રદાન કરવું, નહિ કે અયોગ્યને પણ. કહ્યું છે કે– **"વિનયથી નમેલા, પૃચ્છા વગેરેના અવસરે અંજલિ કરનારા અને ગુરુના અભિપ્રાયને (=ઇચ્છાને) [1]અનુસરનારા શિષ્યોથી આરાધાયેલા ગુરુજન અનેક પ્રકારના શ્રુતને જલદી આપે છે." (આવ. નિ. ગા. ૧૩૮) તે તે દેશમાં અને તે તે કાળમાં આહાર-વસ્ત્ર-પાત્ર-ઔષધ વગેરે જે દ્રવ્યો ગુરુને પ્રાયોગ્ય હોય તે દ્રવ્યો ગુરુને અતિશય વિનયથી અર્પણ કરનાર, ગુરુના ચિત્તને જાણનાર અને ગુરુને અનુકૂલ વર્તન કરનાર શિષ્ય શ્રુતને સારી રીતે મેળવે છે.** (વિશેષા. ગા. ૧૩૭)

**વિધિથી**– આવશ્યક નિયુક્તિમાં જણાવેલ ક્રમથી. તે આ પ્રમાણે– (૧) પહેલીવાર સૂત્રનો માત્ર અર્થ જ કહેવો, જેથી પ્રાથમિક કક્ષાના શિષ્યોને મતિસંમોહ ન થાય. (૨) બીજી વાર સૂત્રસ્પર્શિક નિર્યુક્તિથી મિશ્ર અર્થ કહેવો. (૩) ત્રીજી વાર બધું જ કહેવું, અર્થાત્ પ્રાસંગિક–અનુપ્રાસંગિક બધું કહેવું. (આવ. નિ. ગા. ૨૪)

**સૂત્રાનુસાર જ**– વ્યવહાર ભાષ્યમાં કહેલા ક્રમ પ્રમાણે જ. આ ક્રમનું ઉલ્લંઘન કરવાથી સૂત્રો પ્રત્યે દ્વેષ કરેલો થાય. કહ્યું છે કે– **"જે જડ પુરુષ કરવાને ઇચ્છેલા આગમવિહિત ચૈત્યવંદનાદિ અનુષ્ઠાનોમાં આગમથી જ પ્રવૃત્તિ કરે છે, પણ આગમને ઉલ્લંઘીને પ્રવૃત્તિ કરે છે. એટલે કે આગમમાં બતાવેલી વિધિથી નિરપેક્ષપણે પ્રવૃત્તિ કરે છે, તે પુરુષ આગમોક્ત અનુષ્ઠાન કરનારો છે અને અવશ્ય સ્વેચ્છાથી કરાતા અનુષ્ઠાનનો દ્વેષી પણ છે. આવો પુરુષ આગમોક્ત અનુષ્ઠાન કરતો હોવા છતાં કરાતા અનુષ્ઠાનનો ભક્ત નથી. કિંતુ દ્વેષી જ છે. કારણ કે દ્વેષ વિના આગમનું ઉલ્લંઘન ન થાય."** (યોગબિંદુ ગા. ૨૪૦)

**"યોગમાર્ગમાં ઉપયોગી સઘળો ય વ્યવહાર આગમથી જ પ્રસિદ્ધ બનેલો છે. કારણ કે વ્યવહારનું ફળ અતીન્દ્રિય છે. અતીન્દ્રિય ફળવાળા અનુષ્ઠાનમાં શાસ્ત્ર જ વિશ્વાસનું કારણ છે. તેથી આગમને આધીન વ્યવહારમાં પણ જે જીદી છે, એટલે કે પોતાની મતિ પ્રમાણે**

---

१. छन्दो–गुर्वभिप्रायः तं सूत्रोक्तश्रद्धानसमर्थनकरणकारणादिनाऽनुवर्तयद्भिः ।

**જ કરે છે, તે અજ્ઞાનીઓમાં શિરોમણિ છે. કારણ કે તે ઉપાય વિના જ પ્રવૃત્ત થયો છે.''** ( જે પ્રવૃત્તિ આગમથી નિરપેક્ષ બનીને પોતાની કલ્પનાથી કરવામાં આવે તે પ્રવૃત્તિ હઠથી કરી ગણાય. એ રીતે હઠથી પ્રવૃત્તિ કરનાર જીદ્દી ગણાય. આવો જીદ્દી યોગમાં ઉપાય વિના જ પ્રવૃત્ત થયો છે. કેમકે યોગમાં પ્રવૃત્તિનો ઉપાય=હેતુ આગમ છે, અને તે આગમથી નિરપેક્ષ છે. આમ જીદ્દી યોગમાં ઉપાય વિના જ પ્રવૃત્ત થયો હોવાથી અજ્ઞાનીઓમાં શિરોમણિ છે.) (યોગબિંદુ ગા. ૨૩૯)

વ્યવહારભાષ્યમાં કહેલો ક્રમ આ પ્રમાણે છે– ''ત્રણ વરસના દીક્ષાપ્રર્યાયવાળાને આચાર પ્રકલ્પ અધ્યયન, ચાર વરસના દીક્ષા પર્યાયવાળાને સૂયગડાંગ સૂત્ર, પાંચ વરસના દીક્ષાપર્યાયવાળાને દશાકલ્પવ્યવહાર સૂત્ર, આઠ વરસના દીક્ષાપર્યાયવાળાને ઠાણાંગસૂત્ર તથા સમવાયાંગ સૂત્ર, દશ વરસના દીક્ષાપર્યાયવાળાને વિવાહપન્નતિ-ભગવતી સૂત્ર, અગિયાર વરસના દીક્ષાપર્યાયવાળાને ખુડ્ડિયાવિમાણ આદિ પાંચ અધ્યયનો, બાર વરસના દીક્ષાપર્યાયવાળાને અરુણોપપાત આદિ પાંચ અધ્યયનો, તેર વરસના દીક્ષાપર્યાયવાળાને ઉટ્ઠાણશ્રુત આદિ ચાર અધ્યયનો, ચૌદ વરસના દીક્ષાપર્યાયવાળાને આસીવિસભાવણા, પંદર વરસના દીક્ષાપર્યાયવાળાને દિટ્ઠિવિસભાવણા, સોળ વરસના દીક્ષાપર્યાયવાળાને ચારણભાવણા, સત્તર વરસના દીક્ષાપર્યાયવાળાને મહાસુમિણભાવણા, અઢાર વરસના દીક્ષાપર્યાયવાળાને તેઅગ્ગિનિસગ્ગ, ઓગણીસ વરસના દીક્ષાપર્યાયવાળાને બારમું અંગ દૃષ્ટિવાદ અને સંપૂર્ણ વીસ વરસના દીક્ષાપર્યાયવાળાને સર્વ આગમની વાચના આપવાનું શ્રી જિનેશ્વર ભગવંતોએ કહેલું છે.'' (વ્યવહાર ભા. ઉ. ૧૦ સૂત્ર ૨૦ વગેરે. મુદ્રિતપ્રત પૃ. ૧૦૭)

સાધ્વીઓને આશ્રયીને 'અકાલચાર' આદિનો ત્યાગ વગેરે સૂત્રાનુસાર છે. અકાલચારનું લક્ષણ આ છે – **''આઠમ, પાક્ષિક (ચૌદશ) અને વાચના કાલને છોડીને સાધુની પાસે આવનારી સાધ્વીઓ અકાલચારિણી (=અવસર વિના આવનારી) જાણવી.''**

**સિદ્ધાચાર્ય–** સૂત્રાનુસાર સૂત્ર આપવામાં સિદ્ધ નામના આચાર્યનું દૃષ્ટાંત છે.

ગાથામાં આવેલા 'આહરણ' શબ્દનો અર્થ આ પ્રમાણે છે– જેના વડે દાર્ષ્ટાન્તિક (=દૃષ્ટાંત સંબંધી) અર્થ પ્રતીતિના માર્ગમાં ઉતારાય, અર્થાત્ જેનાથી પ્રસ્તુત વિષય બુદ્ધિમાં બેસાડી શકાય તે આહરણ. આહરણ એટલે દૃષ્ટાંત. 'ગુરુએ પણ' એ સ્થળે રહેલા પણ શબ્દનો અર્થ આ પ્રમાણે છે– માત્ર શિષ્યે જ વિધિથી અને વિયનથી સૂત્રને ગ્રહણ કરવું જોઈએ એમ નહિ, કિંતુ ગુરુએ પણ યોગ્ય જીવોને જ વિધિથી અને સૂત્રાનુસાર જ સૂત્રદાન કરવું જોઈએ. (૨૯)

**तदेवाह—**

**चंपा धण सुंदरि तामलित्ति वसुणंद सड्ढ संबंधो ।**

**सुंदरि णंदे पीई, समए परतीरमागमणे ॥३०॥**

जाणविवत्ती फलगं, तीरे उदगत्थि सीह वाणरए ।
सिरिउररण्णो सुंदरिगहरागे निच्छ कहधरणा ॥३१॥

चित्तविणोए वाणरणट्टम्मी जाइसरणसंवरणं ।
देवपरिच्छा नियरूवकहण रण्णो उ संबोही ॥३२॥

सावत्थी सिद्धगुरूविउव्वदिक्खा परिच्छ सामइए ।
आलावगा णिमित्ते, अदाण कोवेतरा देवे ॥३३॥

लोगपसंसा सव्वण्णुसासणं एरिसं सुदिट्ठं ति ।
बोहीबीयाराहण, एवं सव्वत्थ विण्णेयं ॥३४॥

अत्राक्षरार्थः—'चंपा धण सुंदरि'त्ति चंपानगर्यां धनो नाम श्रेष्ठी अभूत्, तस्य सुन्दरी तनया ।'तामलित्ति वसुनंद'त्ति ताम्रलिप्त्यां पूर्वपारावारतीरवर्त्तिन्यां पुरि वसुश्रेष्ठी, तस्य च नन्दो नन्दनः समुत्पन्नः ।'सड्ढसंबंधो'त्ति तौ द्वावपि श्रेष्ठिनौ श्राद्धौ श्रावकाविति। संबन्धः स्वापत्यवैवाह्यलक्षणः कृतस्ताभ्याम् । ततः 'सुंदरिनंदे पीई' इति नन्दसुन्दर्योः परस्परं प्रीतिः प्रकर्षवती संपन्ना ।'समये' क्वापि प्रस्तावे 'परतीरं' जलधिपरकूलं नन्दः ससुन्दरीको ययौ । तदन्वागमने प्रत्यावर्त्तने परतीरात् ॥३०॥ 'यानस्य' प्रवहणस्य 'विपत्ति' र्विनाशः संपन्नस्ततः 'फलकं' काष्ठशकलमासाद्य 'तीरे' एकस्मिन्नेव वेलाकूले द्वे अप्युत्तीर्णे। तत उदकार्थी परिक्राम्यन्नन्दः सिंहेन हतः सन् वानरः संजातः । इतश्च, श्रीपुरराजेन सुन्दर्या 'ग्रहो' ग्रहणं कृतम् । 'राग' श्चाभिष्वङ्गस्तस्यामेव तस्य जातः । 'निच्छकहधरणा' इति प्रार्थिता च सा तेन सविकारं, परं तया न इच्छा अभिलाषरूपा दर्शिता, तदनु तस्यास्ताभिस्ताभिः कथाभिर्विनोदहेतुभिर्धरणं कालयापनं प्रारब्धं भूभुजा ॥३१॥ 'चित्त-विणोए' इति चित्तविनोदमात्रे च तस्य संपन्ने अन्यदा 'वानरनट्टम्मि'त्ति वानरेण नन्दजीवेन नृत्ये प्रारब्धे सति 'जातिसरण' जातिस्मरणमासादितम्। तदनु संवरणमनशनं विहितं तेन। 'देव' त्ति देवस्तदनन्तरमभूद्वानरजीवः । परीक्षा कृता तेन सुन्दरीशीलस्य । ततोऽथ निज-रूपमादर्शितम् ।'कहण' त्ति कथनं च समग्रस्यापि प्राच्यवृत्तान्तस्य ।'रण्णो उ संबोहि'त्ति राज्ञः पुनः संबोधिः सम्यग्बोधः प्रादुर्भूतः ॥३२॥ ततः श्रावस्त्यां नगर्यां 'सिद्धगुरू' इति सिद्धाभिधानसूरीणां 'विउव्वदिक्खा' इति वैक्रियरूपेण विहितदीक्षां सुन्दरीं विधाय 'परिच्छ' त्ति परीक्षा 'सामाइए आलावगनिमित्ते' इति सामायिकालापकनिमित्तं विहिता देवेन ।'अदाण'त्ति सामायिकालापकस्याप्रदाने कृते सति गुरुणा, 'कोवेयरा' इति कोपेतरौ

'देवे' इति देवेन विहितौ बहिर्वृत्त्या कोपः अंतर्वृत्त्या च संतोषः कृत इत्यर्थः ॥३३॥ ततो ज्ञातवृत्तान्तेन लोकेन प्रशंसा कृता, यथा, सर्वज्ञशासनमीदृशं सुदृष्टं निपुणप्रज्ञापक-निरूपितमित्यनेनोल्लेखेन । ततो 'बोहिबीयाराहण' त्ति बोधिः पारगतगदितधर्मप्राप्तिः केषांचिज्जीवानां समभूत्, अन्येषां च बीजस्य सम्यग्दर्शनादिगुणकलापकल्पपादप-मूलकल्पस्य देवगुरुधर्मगोचरकुशलमनो-वाक्कायप्रवृत्तिलक्षणस्याराधनं सेवनं समपद्यत । 'एवं'प्रस्तुतसूत्रप्रदानवत् 'सर्वत्र' प्रव्रज्यादानादौ सूत्रानुसारादेव मतिमतां च वर्त्तनं ( ? प्रवर्तनं ) विज्ञेयमिति ॥३४॥

તે જ (દૃષ્ટાંતને) બતાવે છે–

(ચંપા નગરી, ધન શ્રેષ્ઠી, સુંદરી, તામ્રલિપ્તિ નગરી, વસુ શ્રેષ્ઠી, નંદપુત્ર, શ્રાવક સંબંધ, સુંદરીનંદ પ્રીતિ, સમયે દરિયાપાર ગમન, વહાણનું તુટવું, ફલક પ્રાપ્તિ, કાંઠે પહોંચવું, પાણી માટે જવું, સિંહે નંદને ફાડી ખાધો, વાનર થયો, શ્રીપુર રાજા સુંદરીને લઈ ગયો. રાગ વિકારી પ્રાર્થના, સુંદરીએ અભિલાષા ન બતાવી, તે તે વિનોદ કથાથી રાખી, નંદનો જીવ વાનર વિવિધ વિનોદ માટે આવ્યો, વાનરનું મૃત્યુ, જાતિસ્મરણ, અનશન, દેવ, પછી વાનરનું રૂપ લીધું, વૃત્તાંતનું કથન, રાજાને બોધ, શ્રાવસ્તી નગરીમાં સિદ્ધાચાર્ય વૈક્રિય કોપ, અંદરથી સંતોષ, વૃત્તાંત જાણવાથી લોકની પ્રશંસા, બોધિ બીજ, આરાધના આમ સર્વત્ર જાણવું.)

## સૂત્ર દાનમાં સિદ્ધસેન આચાર્યનું દૃષ્ટાંત

આજ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં ઇન્દ્રપુરીની જેમ સજ્જન પુરુષોના હૈયાને હરનારી, સતત પ્રવર્ત્તતા છે પરમ મહોત્સવો જેમાં, શ્રી વાસુપૂજ્ય જિનેશ્વરના વચનરૂપી ચંદ્રથી બોધ કરાયા છે ભવ્યજીવોરૂપી કુમુદના વનો જેમાં, લક્ષ્મીથી શોભિત જાણે સાક્ષાત્ ચક્રવર્તીની જયપતાકા ન હોય એવી એક ચંપા નામે નગરી હતી. પરાભવ કરાયો છે કુબેરનો ધનસમૂહ જેના વડે એવો, ત્યાંનો રહેવાસી, વિશિષ્ટ ગુણોથી યુક્ત એવો ધનશ્રેષ્ઠી તેમાં વસે છે. અને તેને તામ્રલિપ્તિ નિવાસી વસુનામના વણિકની સાથે સ્વાભાવિક મૈત્રી થઈ. જિનધર્મના પાલનમાં તત્પર, સુશ્રમણોના ચરણોના ભક્ત એવા તેઓના દિવસો પસાર થાય છે ત્યારે કોઈક પ્રસંગે અવિચ્છિન્ન પ્રીતિને ઇચ્છતા ધનશ્રેષ્ઠીએ વસુના પુત્ર નંદને પોતાની સુંદરી નામે પુત્રી આપી અને શુભમુહૂર્તે વિવાહ કર્યો. મોટી રિદ્ધિ આપીને ભુવનને આશ્ચર્યચકિત કર્યું. (૭)

હવે સુંદરીની સાથે પૂર્વ ઉપાર્જિત પુણ્યરૂપી વૃક્ષને ઉચિત એવા વિષય સુખના ફળને અનુભવતા નંદના દિવસો પસાર થાય છે. અત્યંત નિર્મળ બુદ્ધિ હોવા છતાં પણ જિનધર્મને સારી રીતે જાણેલો હોવા છતાં એક અવસરે તેને આવા સ્વરૂપવાળી ચિંતા થઈ. વ્યવસાયના

વિભવથી વિકલ પુરુષ બાયલો છે એમ લોકમાં નિંદાયો છે અને પૂર્વલક્ષ્મીથી પણ જલદીથી મુકાય છે તેથી પૂર્વ પુરુષની પરંપરાથી આવેલ વહાણવટાના વ્યાપારને હું કરીશ. પૂર્વોપાર્જન ધનના ઉપભોગથી મારી ઉત્તમતા કેવી ? જે પોતાની બે ભૂજાથી ઉપાર્જિત કરેલ ધનથી પ્રતિદિન યાચકોના વાંછિતને પૂરતો નથી તે પણ શું જગતમાં જીવે છે ? વિદ્યા-વિક્રમ ગુણથી પ્રશંસનીય વૃત્તિથી જે જીવને ધારણ કરે છે તેનું જ જીવિત વંદનીય છે. વિદ્યા અને પરાક્રમ ગુણ વિનાના બીજા જીવિતથી શું? જગતમાં કયા પુરુષો પાણીના પરપોટાની જેમ અનેકવાર જન્મતા અને મરતા નથી ? વાસ્તવિક ગુણોથી રહિત તેઓના જન્મ મરણથી શું ? સત્પુરુષોના કીર્તનના અવસરે દાનાદિ ગુણના સમૂહથી જેઓનું નામ પ્રથમ જ પંક્તિમાં લખાતું (બોલાતું) નથી તે કેવી રીતે પ્રશંસા કરાય ? આ પ્રમાણે વિચારીને તેણે સમુદ્રના કાંઠે પરતીરમાં દુર્લભ કરીયાણાઓથી ભરેલું વહાણ જલદીથી તૈયાર કરાવ્યું અને ગમનમાં ઉત્કંઠિત નંદનને જોઇને અત્યંત વિરહના ભયથી અત્યંત શોકથી દુ:ખી સુંદરીએ આ પ્રમાણે કહ્યું: હે આર્યપુત્ર ! હું પણ તમારી સાથે અવશ્ય આવીશ. સ્નેહાધીન ચિત્તને વશ કરવા હું શક્તિમાન નથી. આ પ્રમાણે કહ્યા પછી તેના દઢતર સ્નેહભાવની વ્યગ્રતાથી ઢીલું થયું છે મન જેનું એવા નંદે તેની વાત સ્વીકારી. પછી પ્રયાણનો વખત થયો ત્યારે તે બંને પણ વિશિષ્ટ પ્રકારના વહાણમાં આરૂઢ થયા અને ક્ષેમકુશળ પૂર્વક સમુદ્રને પેલે પાર પહોંચ્યા અને કરીયાણું વેંચ્યું અને ઘણું સુવર્ણ કમાયા અને ત્યાંથી બીજું કરીયાણું ખરીદીને આવતા સમુદ્રની અંદર પૂર્વે કરાયેલ કર્મની પરિણતિના વશથી અત્યંત પ્રબળ પવનથી હાલક ડોલક થતી નાવ ક્ષણથી સેંકડો ટૂકડા થઈ. (૨૨)

પછી જલદીથી કોઈક તેવા પ્રકારની ભવિતવ્યતાથી પાટિયાના ટૂકડા મળ્યા અને બંને એક જ કિનારા ઉપર પહોંચ્યા. અણઘટતાનું નિર્માણ અને સુનિર્મિતના વિનાશમાં પ્રવૃત્ત થયેલ વિધિના યોગથી લાંબા સમયના વિરહ પછી તેઓનું પરસ્પર દર્શન થયું. પછી હર્ષ અને વિષાદના વશથી ઉછળતા દઢશોકથી ભરાયો છે સંપૂર્ણ ગળાનો માર્ગ જેનો, અર્થાત્ ગળેડૂમો ભરાયો છે જેનો એવી દીન સુંદરી નંદના ગળામાં વળગીને રોવા લાગી. સતત આંસુની ધારવાળી સુંદરી જાણે સમુદ્રના સંગથી લાગેલા પાણીના ટીપાનો સમૂહ છોડતી ન હોય! તે વખતે કોઈપણ રીતે ધીરજ ધરીને નંદે કહ્યું: હે સુતનુ ! અત્યંત કૃષ્ણમુખી એવી તું આ પ્રમાણે શોક કેમ કરે છે ? હે મૃગાક્ષી ! જગતમાં એવો કોણ જન્મ્યો છે જેને આવા પ્રકારના દુ:ખો ન આવ્યા હોય ? અથવા જન્મમરણો ન થયા હોય ? હે કમળમુખી! તું જો ગગનાંગણમાં એક ચૂડામણિ એવા સૂર્યના પણ ઉદય અને અસ્ત પ્રતિદિન જ પ્રવર્ત્તે છે. અથવા શું તેં જિનેશ્વરોના શાસ્ત્રમાં નથી સાંભળ્યું કે સુકૃતનો ક્ષય થયે છતે સુરેન્દ્રો પણ દુ:સ્થ અવસ્થાને પામે છે. હે સુતનુ ! કર્મવશવર્તી જીવોનો આટલો પણ પરિતાપ શું હિસાબમાં

છે ? શરીરની છાયાની જેમ દુઃખની દંદોલી (ધારા) જીવોની સાથે જ ભમે છે, અર્થાત્ છાયા જેમ શરીરને છોડતી નથી તેમ દુઃખની ધારા જીવને છોડતી નથી. આમ આવા પ્રકારના વચનોથી સુંદરીને આશ્વાસન આપીને તરસ અને ભૂખથી પીડાયેલો નંદ તેની સાથે જ વસતિ (નગર) તરફ ચાલ્યો. પછી સુંદરીએ કહ્યું: હે પ્રિયતમ ! હું શ્રમથી થાકી છું. અત્યંત તૃષાથી પીડાઇ છું. હું એક પણ પગલું ચાલવા સમર્થ નથી. નંદે કહ્યું: હે સુતનુ ! તું એક ક્ષણ અહીં વિશ્રામ કર જેથી હું તારા માટે ક્યાંયથી પણ પાણી લઇ આવું. સુંદરીએ રજા આપી એટલે નંદ તેને ત્યાં મૂકીને નજીકના જંગલના પ્રદેશમાં પાણીની તપાસ કરવા જલદીથી ગયો. તીવ્ર ક્ષુધાતુર, અતિ ચપળ લબકારા મારતી જીભવાળો, ભયંકર મોઢું ફાડ્યું છે જેણે એવા યમરાજ જેવા સિંહે તેને જોયો. પછી અતિ ભયભીત થયેલો નંદ અનશનાદિ કર્તવ્યને ભુલ્યો. આર્ત્તધ્યાનને પામેલો તે અશરણ મરાયો. સમ્યક્ત્વ અને શ્રુતગુણ ચાલી ગયા છે જેના એવો તે નંદ બાળમરણથી તે જ વનમાં વાનરરૂપે ઉત્પન્ન થયો. (૩૮)

અને આ બાજુ રાહ જોતી સુંદરીનો દિવસ પૂર્ણ થયો છતાં પણ નંદ જેટલામાં આવતો નથી તેટલામાં ચિંતાતુર થઇ. નક્કી તેનું મરણ થયું હશે એમ જાણી ધસ કરતી પૃથ્વીતલ ઉપર પડી અને મૂર્ચ્છાથી આંખ મીંચાઇ. મૃતકની જેમ એક ક્ષણ રહીને વનના ફૂલોની સુગંધવાળા પવનથી કંઇક ચેતનાવંતી થયેલી, દીન ગાઢ પોકાર કરતી રોવા લાગી. હે આર્યપુત્ર! હે જિનેશ્વરના પગરૂપી કમળના પૂજનમાં આસક્ત ! હે સદ્ધર્મના મહાનિધિ! તમે ક્યાં ગયા છો મને જવાબ આપો. હે પાપી ભાગ્ય ! તું ધન-સ્વજન-ઘરના નાશથી પણ તુષ્ટ નથી થયો ? જેથી હે અનાર્ય ! આર્યપુત્રને પણ હમણાં મરણ પમાડ્યો. હે તાત! હે પુત્રી વત્સલ ! હા હા હે જનની ! હે નિષ્કપટ સ્નેહી ! દુઃખરૂપી સમુદ્રમાં પડેલી પોતાની પુત્રીની કેમ ઉપેક્ષા કરો છો ? આ પ્રમાણે લાંબો સમય વિલાપ કરીને, ગાઢ પરિશ્રમથી થાકેલી હાથ ઉપર મસ્તક મૂકીને સુતીક્ષ્ણ દુઃખને અનુભવતી રહે છે તેટલામાં ઘોડા ખેલવવા માટે ત્યાં આવેલ શ્રીપુરનગરના પ્રિયંકર નામના રાજાએ કોઇપણ રીતે તેને જોઇ અને આ પ્રમાણે વિચાર્યું: શું આ કોઇ દેવી શ્રાપથી ભ્રષ્ટ થયેલી છે ? અથવા તો કામદેવથી રહિત રતિ છે ? અથવા શું વનદેવતા છે ? અથવા શું વિદ્યાધરની સ્ત્રી છે? વિસ્મય પામેલા રાજાએ પુછ્યું: હે સુતનુ ! તું કોણ છે ? તું અહીં કેમ વસે છે ? અને ક્યાંથી આવી છે ? આ પ્રમાણે સંતાપને કેમ પામી છો ? (૪૮)

પછી દીર્ઘ–ઉષ્ણ નિસાસા મૂકતી ગદ્‌ગદવાણીથી, શોકથી મીંચાયેલી આંખોવાળી સુંદરીએ કહ્યું: હે મહાસત્ત્વ ! સંકટોની પરંપરા રચવામાં એક માત્ર ચતુર વિધિના કાર્યને વશ થયેલી એવી મારી દુઃખના સમૂહના કારણભૂત આ પૃચ્છા(ખબર)થી સર્યું. ઉત્તમકુળમાં ઉત્પન્ન થવાને કારણે આપત્તિને પામેલી છતાં પણ આ પોતાના વિતકને (કથાને) કહેશે નહીં એમ વિચારીને

રાજાએ મધુર વાણીથી પ્રાર્થના કરીને કોઇપણ રીતે પોતાના ઘરે લઇ ગયો અને ગાઢ આગ્રહથી ભોજનાદિ વિધિ કરાવી અને રાજા તેને સર્વ મનવંછિત વસ્તુ પૂરી પાડે છે. અને હંમેશા પણ અનુરાગથી સજ્જન પુરુષોને છાજે તેવા ભાવપૂર્વકના કરાતા સન્માન-દાન-વાર્તાલાપોથી સંકથાથી આ ખુશ થઇ છે એમ માનતો રાજા મધુરવાણીથી એકાંતમાં સુંદરીને કહે છે– હે ચંદ્રમુખિ ! શરીર અને મનના સુખને હરનારા પૂર્વકાલના બનેલા વૃત્તાંતને ભૂલીને મારી સાથે ઇચ્છામુજબ વિષય સુખને ભોગવ. હે સુતનુ ! પ્રતિદિન શોકથી હણાયેલી, સુકુમાર તારી કાયારૂપી વેલડી દીપકની જ્વાળાથી બળેલી માલતીની માળાની જેમ મુરઝાય છે. હે સુતનુ ! જેમ રાહુથી હણાયેલ પુનમના ચંદ્રનું કિરણ લોકના મનના આનંદને પુષ્ટ કરે છે તેમ શોકરૂપી રાહુના સમૂહથી પીડાયેલું યૌવન પણ સૌભાગ્યની પુષ્ટિ કરે છે. ઉત્તમ પુરુષો અત્યંત સુંદર છતાં પણ, મનોહર છતાં પણ, ભુવનમાં દુર્લભ છતાં પણ ખોવાયેલી કે નષ્ટ થયેલી વસ્તુનો શોક કરતા નથી, તેથી બહુ કહેવાથી શું ? મારી પ્રાર્થનાને તું સફળ કર. સમજુ પુરુષો વર્તમાનકાળને ઉચિત પ્રવૃત્તિને યોગ્ય કરે છે. કાનને અત્યંત કડવું, અને પૂર્વે નહીં સાંભળેલું એવું વચન સાંભળીને વ્રતભંગના ભયથી પીડિત થયેલી, ગાઢ દુઃખથી વ્યાકુલિત થયેલી સુંદરીએ કહ્યું: હે નરપુંગવ! જગપ્રસિદ્ધ સુકુલમાં ઉત્પન્ન થયેલા, ન્યાયમાર્ગના દેશક એવા તમારા જેવા ઉત્તમપુરુષોને અત્યંત અનુચિત, ઉભયલોકને નાશ કરવામાં ચતુર એવું આ પરસ્ત્રી રમણ ત્રણભુવનમાં અપજશનો પટહ વગડાવશે. રાજાએ કહ્યું: હે કમળમુખિ ! લાંબા સમયે પુણ્યના વૈભવથી આ રત્નનિધિ મને પ્રાપ્ત થયો છે તો તેને અનુસરતા (ગ્રહણ કરતા-ઉપભોગ કરતા) મને શો દોષ લાગે ? પછી રાજાનો દૃઢ આગ્રહ જાણીને તેણે કહ્યું: હે નરવર ! જો એમ છે તો લાંબાકાળનો ગ્રહણ કરેલો મારો અભિગ્રહ પૂર્ણ થાય ત્યાં સુધી કેટલોક કાળ પ્રતીક્ષા કરો. પછી તમારી ઇચ્છા મુજબ હું કરીશ. આ પ્રમાણે સાંભળીને તુષ્ટ થયેલો રાજા તેના ચિત્તના વિનોદને માટે નાટક-ખેલ-આદિને બતાવતો કાળ પસાર કરે છે. (૬૬)

હવે પૂર્વે કહેવાયેલ નંદનો જીવ વાનરના ભવમાં વર્તતો હતો તે વાંદરાના ખેલને યોગ્ય જાણીને વાંદરાઓના ખેલ કરાવનારાઓએ પકડ્યો, અને નટપતિએ તેને વાનરક્રીડા શીખવી, અને દરેક નગરમાં ખેલો (વાનરના નાચ) બતાવીને તે પુરુષો તેને લઇને તે (શ્રીપુર) નગરમાં કોઇપણ રીતે આવ્યા. દરેક ઘરે ખેલાવીને તેઓ રાજમંદિરે ગયા અને ત્યાં તે વાનર સર્વ પ્રયત્નથી નૃત્ય કરવા લાગ્યો. હવે નૃત્ય કરતા તેણે કોઇક રીતે રાજાની પાસે બેઠેલી સુંદરીને જોઇ. લાંબા સમયના સ્નેહભાવથી વિકસિત થઇ છે આંખો જેની એવા વાનરે 'મારા વડે આ ક્યાંક જોવાઇ છે' એમ વિચારતા ફરી જોઇ. જાતિસ્મરણ જ્ઞાન થયું. સર્વપણ પૂર્વ વૃત્તાંતને જાણ્યો. પછી પરમ નિર્વેદને વહન કરતા તેણે વિચાર્યું: હા હા ! અનર્થના ભંડાર એવા સંસારવાસને ધિક્કાર થાઓ. કેમકે તેવા પ્રકારના નિર્મળ વિવેકથી યુક્ત હોવા છતાં પણ, ધર્મનો

રાગી છતાં પણ, પ્રતિસમય શાસ્ત્રમાં બતાવાયેલ કાર્યોને કરનારો છતાં પણ તેવા પ્રકારના બાળમરણના વશથી હું આવા પ્રકારની વિષમદશાને પામ્યો. તિર્યંચના ભવમાં રહેલો એવો હું હમણાં શું કરું ? અથવા આવી વિચારણાથી શું ? જીવિતવ્યથી સર્યું. હમણાં અવસરને અનુરૂપ ધર્મકાયને આદરું. આ પ્રમાણે તે પરિભાવના-વિચારણા કરે છે ત્યારે આ થાક્યો છે એમ જાણીને તે પુરુષો પોતાના સ્થાનમાં લઇ ગયા. પછી તેણે અનશનને સ્વીકાર્યું અને પંચપરમેષ્ઠિ મંત્રનું અનુસ્મરણ કરતો શુદ્ધભાવથી મરીને દિવ્ય મહર્ધિક દેવ થયો. તત્ક્ષણ જ અવધિજ્ઞાનના ઉપયોગથી શ્રીપુરમાં અવિચલિત શીલરૂપી અંલકારથી શોભતી સુંદરીને જોઇ. તેના નિર્મળ શીલ-ગુણથી ખુશ થયેલા દેવે પોતાનું રૂપ તેને બતાવ્યું અને પૂર્વભવ સંબંધી વ્યતિકર રાજાને કહ્યો. રાજાએ વિચાર્યું કે પશુઓ પણ આ પ્રમાણે જિનધર્મના પ્રભાવથી દેવો થાય તો શું અમારા જેવા પુરુષો ધર્મ, અર્થ અને કામ સાધવા સમર્થ છતાં મર્યાદા વિનાના બની સજ્જન લોકને નિંદનીય વિષયસુખમાં ગાઢ આસક્ત બની દુર્ગતિમાં જાય ? તેથી આ ધર્મકાર્યનો અવસર છે. ગાઢ વૈરાગ્યવાળા ચિત્તથી તેણે દેવને કહ્યું કે મારે શું કરવું જોઇએ? એક જ માત્ર જિનોપદિષ્ટ ધર્મ કરવા જેવો છે. શ્રદ્ધા થવાથી મહાસત્ત્વશાળી રાજાએ જિનધર્મનો સ્વીકાર કર્યો. પછી દેવે સુંદરીને પુછ્યુંઃ હે સુંદરી ! તું કેવા પ્રકારનું કરીશ ? અર્થાત્ તું શું કરવા માગે છે ? સર્વ અંધકારનો નાશ કરનાર સૂર્યોદય થયે છતે દીપકનું શું પ્રયોજન છે ? તમે જ મારે પ્રમાણ છો. આ પ્રમાણે દેવે તેના નિશ્ચિત ચિત્તને જાણ્યું. (૮૪)

તે કાળે શ્રાવસ્તી નગરીમાં મુનિપ્રધાન સિદ્ધાચાર્ય વિચરે છે. તેમના આચારની પરીક્ષા માટે કપટદીક્ષા આપીને એકલી સુંદરીને તેની પાસે તેવા અકાળે લઇ ગયો. સુંદરીએ ભાલતલ ઉપર હાથ જોડીને, વંદન કરીને આચાર્ય ભગવંતની પાસે સામાયિક સૂત્રના આલાપક ઉચ્ચારવા નિમિત્તે આદેશ માગ્યો. હે ભગવન્ ! રોગના વશથી મને સામાયિક સૂત્રનું વિસ્મરણ થયું છે. કૃપા કરીને એક ક્ષણ મને આલાપક સૂત્ર ઉચ્ચારાવો. ગુરુએ ઉપયોગ દઇને વિચાર્યુંઃ અત્યારે ઉચિત સમય નથી. આ એકલી છે તથા અકાળે મોટી અવિધિ થાય તેથી સામાયિક સૂત્રનો આલાપો આને કેવી રીતે ઉચ્ચરાવું ? આચાર્યે સુંદરીને ના પાડી કહ્યુંઃ હે આર્યે ! આ તને ઉચિત નથી. ગુસ્સો કરીને સુંદરી એકાએક અદૃશ્ય થઇ. આચાર્યને વિધિના ખપી, ઉપયોગવાળા અને નિપુણ જાણીને દેવ તેના વિષે અતિશય ભક્તિવાળો થઇ સંતોષ પામ્યો. પછી પોતાના રૂપને બતાવીને વિનયથી વાંદીને પૃથ્વીતલ પર મસ્તક મૂકીને પોતાના પૂર્વ જન્મનો સર્વ વૃત્તાંત કહ્યો. ગુરુને સુંદરી અર્પણ કરી. ગુરુએ પણ તેવા પ્રકારની પ્રવર્તિનીને આપી. પછી તે સાધુસામાચારીનું પાલન કરી સ્વર્ગમાં ગઇ. ગુરુએ અવિધિથી સૂત્રનું દાન ન કર્યું એવો વ્યતિકર લોકોએ જાણ્યો. અહો ! જિનમતની સામાચારી કેવી નિર્મળ છે ! કેટલાકોએ બોધિ બીજને પ્રાપ્ત કર્યું. કેટલાકોએ સમ્યક્ત્વનો સ્વીકાર કર્યો, અને બીજા કેટલાક

દેશવિરતિ અને સર્વવિરતિના આરાધકો થયા, આ પ્રમાણે બીજા વિધિતત્પર શ્રુતધરે પણ અત્યંત અનુગ્રહ બુદ્ધિથી હંમેશા સ્વપરને ધર્મમાં પ્રવર્તાવવા જોઇએ. (૯૦)

**ગાથાક્ષરાર્થ–** ચંપાનગરીમાં ધન નામે શ્રેષ્ઠી થયો તેને સુંદરી નામે પુત્રી હતી. સમુદ્રના પૂર્વ કાંઠે તામ્રલિપ્તિ નગરીમાં વસુ નામે શ્રેષ્ઠી હતો, તેને નંદ નામે પુત્ર થયો. તે બંને શ્રેષ્ઠીઓ શ્રાવકો હતા. પોતાના સંતાનના વિવાહ સ્વરૂપ તેઓનો સંબંધ થયો. નંદ અને સુંદરીને પરસ્પર ગાઢ પ્રીતિ થઇ. કોઇક પ્રસંગે એકવાર નંદ સુંદરી સાથે સમુદ્રને પહેલેપાર ગયો. ત્યાર પછી ત્યાંથી પાછા ફરતી વખતે વહાણ ભાંગી વિનાશ પામ્યું ત્યારે એક પાટિયાને મેળવીને સમુદ્રના એક કાંઠા ઉપર બંને પહોંચ્યા પછી પાણીની શોધમાં જતા નંદને સિંહે ફાડી ખાધો. નંદ તે જ જંગલમાં વાનર થયો.

અને આ બાજુ શ્રીપુરનો રાજા સુંદરીને લઇ ગયો. રાજાને તેના ઉપર રાગ થયો. વિકારપૂર્વક તેની પાસે ભોગની પ્રાર્થના કરી. પરંતુ તેણે જરા પણ ઇચ્છા ન દર્શાવી. ત્યાર પછી તેને તે તે કથાઓથી વિનોદને કરાવતા કાળ પસાર કર્યો. કોઇકવાર રાજાના ચિત્તના વિનોદ માટે નંદના જીવ વાનર વડે નૃત્ય પ્રારંભાયું ત્યારે તે વાનર જાતિસ્મરણ જ્ઞાન પામ્યો, પછી અનશન કરી દેવ થયો. સુંદરીના શીલની પરીક્ષા કરી પોતાનું સ્વરૂપ પ્રગટ કર્યું અને પૂર્વનો સમગ્ર વૃત્તાંત કહ્યો. રાજાને પણ સમ્યગ્બોધ પ્રગટ થયો. ત્યાર પછી શ્રાવસ્તી નગરીમાં સિદ્ધાચાર્યની પાસે દીક્ષાના વેશમાં સુંદરીને (સાધ્વીવેશમાં) વિકુર્વીને સામાયિકના આલાપક નિમિત્તે પરીક્ષા કરી. ગુરુએ સામાયિકનો આલાવો ન ઉચ્ચારાવ્યો ત્યારે દેવે સુંદરીને કોપવાળી કરી. બહારથી કોપ પણ અંતરથી સંતોષી કરી. પછી લોકે આ વૃત્તાંત જાણ્યો ત્યારે પ્રશંસા કરી, જેમકે–

અહો ! આ સર્વજ્ઞશાસન કેવું સુદૃષ્ટ છે ! અર્થાત્ નિપુણ પુરુષોએ નિરૂપણ કરેલું છે. તેનાથી બોધિબીજની આરાધના અર્થાત્ તીર્થંકરોએ બતાવેલ ધર્મની પ્રાપ્તિ કેટલાક જીવોને થઇ. અને બીજાઓને બીજની આરાધનાની પ્રાપ્તિ થઇ. બીજ એટલે સમ્યગ્દર્શનાદિ ગુણના સમૂહરૂપ કલ્પવૃક્ષના મૂળ સમાન દેવગુરુધર્મ સંબંધી કુશલ મન-વચન-કાયાની પ્રવૃત્તિરૂપ આરાધના. આ પ્રમાણે પ્રસ્તુત સૂત્રના પ્રદાનની જેમ બુદ્ધિમાને સર્વત્ર પ્રવ્રજ્યા દાનાદિમાં સૂત્રાનુસાર જ વર્ત્તવું એમ જાણવું. (૩૪)

**अथ सूत्रानुसारप्रवृत्तिमधिकृत्याह—**

**आसन्नसिद्धियाणं, लिंगं सुत्ताणुसारओ चेव ।**
**उचियत्तणे पवित्ती, सव्वत्थ जिणम्मि बहुमाणा ॥३५॥**

'आसन्ना' तद्भवादिभावित्वेन समीपोपस्थायिनी 'सिद्धि'र्मुक्तिर्येषां ते तथा तेषां भव्यविशेषाणां 'लिङ्गं' चिह्नं व्यञ्जकमित्यर्थः । धूम इव गिरिकुहरादिवर्त्तिनो वह्नेः। कासावित्याह—'सूत्रानुसारा'देवागमार्थानुवृत्तेरेव 'उचितत्वेन' तत्तद्द्रव्यक्षेत्रकाल-भावानुरूपेण या 'प्रवृत्तिः' स्वकुटुम्बचिन्तनरूपा द्रव्यस्तवभावस्तवरूपा च । कुत एतदेवमित्याह—'सर्वत्र' कृत्ये इत्थं प्रवृत्तौ धार्मिकस्य 'जिने' भगवति सर्वत्रौचित्यात् प्रतिपादयितरि 'बहुमानाद्' गौरवात् । स हि सूत्रानुसारेण प्रवर्त्तमानो ''भगवतेदमिद-मित्थमित्थं चोक्तम्'' इति नित्यं मनसाऽनुस्मरन् भगवन्तमेव बहु मन्यते । संजातभगवद्बहुमानश्च पुमानविलम्बितमेव भगवद्भावभाक् संपद्यते । यथोक्तम् — अक्खयभावे मिलिओ, भावो तब्भावसाहगो नियमा । न हु तंबं रसविद्धं, पुणोवि तंबत्तणमुवेइ ॥१॥'' इति सर्वत्रौचित्यप्रवृत्तिरासन्नसिद्धेर्जीवस्य लिङ्गमुक्तमिति ॥३५॥

હવે સૂત્રાનુસાર પ્રવૃત્તિને આશ્રયીને કહે છે–

**ગાથાર્થ**– સૂત્રાનુસાર જ ઉચિત રીતે કરેલી પ્રવૃત્તિ આસન્ન સિદ્ધિક જીવોનું ચિહ્ન છે. કેમકે સર્વ કાર્યમાં જિનવિષે બહુમાન ભાવ છે.

**ટીકાર્થ– સૂત્રાનુસાર જ**= આગમાર્થના અનુસાર જ.

**ઉચિત રીતે**– તે તે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને અનુરૂપ.

**પ્રવૃત્તિ**– પોતાના કુંટુંબની ચિંતારૂપ અને દ્રવ્યસ્તવ–ભાવસ્તવરૂપ પ્રવૃત્તિ. દ્રવ્યસ્તવ (–જિનપૂજા) હોય, અથવા ભાવસ્તવ (–સંયમ) હોય કે પછી પોતાના કુટુંબની (પાલન પોષણ આદિ અંગે) ચિંતા–વિચારણા કરવાની હોય, એ બધુંજ સૂત્રાનુસાર જ ઉચિત રીતે એટલે કે તે તે દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવને અનુરૂપ કરવું જોઇએ.

**આસન્નસિદ્ધિક**– તે જ ભવ વગેરે નજીકના ભવોમાં મુક્તિ થવાના કારણે જેમની મુક્તિ નજીકમાં રહેલી છે તેવા ભવ્યવિશેષો આસન્નસિદ્ધિક કહેવાય છે.

**ચિહ્ન**– ચિહ્ન એટલે જણાવનાર. જેવી રીતે ધૂમાડો પર્વતમાં અને ગુફા વગેરેમાં રહેલા અગ્નિને જણાવે છે તેવી રીતે સૂત્રાનુસાર જ ઉચિત રીતે કરેલી પ્રવૃત્તિ આસન્નસિદ્ધિક જીવોને જણાવે છે, એટલે કે સૂત્રાનુસાર જ ઉચિત રીતે પ્રવૃત્તિ કરનારા જીવો નજીકના કાળમાં મુક્તિમાં જશે એમ નિશ્ચિત થાય છે.

**સર્વકાર્યમાં જિન વિષે બહુમાન ભાવ છે**– સર્વકાર્યમાં આ પ્રમાણે પ્રવૃત્તિ કરનારા ધાર્મિક પુરુષનો ''સર્વત્ર ઉચિત પ્રવૃત્તિ કરવી જોઇએ'' એવું જણાવનારા ભગવાન ઉપર ગૌરવભાવ વ્યક્ત થાય છે. સૂત્રાનુસાર પ્રવૃત્તિ કરતો તે પુરુષ ''ભગવાને આ આ પ્રમાણે કહ્યું છે, આ આ પ્રમાણે કહ્યું

છે" એમ સદા મનથી ભગવાનને યાદ કરતો છતો ભગવાનને જ અધિક માને છે. જેને ભગવાન ઉપર બહુમાન ભાવ થયો છે તે પુરુષ વિલંબ વિનાજ ભગવદ્ભાવને ભજનારો થાય છે, અર્થાત્ ભગવાન બને છે. કહ્યું છે કે– **"અક્ષય ભાવમાં (–પરમાત્મ ભાવમાં) મળેલો ભાવ નિયમા અક્ષયભાવને (પરમાત્મ ભાવને) સાધે છે. જેને સુવર્ણ રસ (જેનાથી તાંબું જ સુવર્ણરૂપ બની જાય તેવો સુવર્ણરસ) ચઢાવવામાં આવ્યો છે એવું તામ્ર ફરી તામ્રપણાને પામતું નથી."**

આ પ્રમાણે સર્વકાર્યમાં ઉચિત પ્રવૃત્તિને આસન્નસિદ્ધિ જીવનું ચિહ્ન કહ્યું છે. (૩૫)

**एतद्विपर्यये दोषमाह—**

**आयपरपरिच्चाओ, आणाकोवेण इहरहा णियमा ।**
**एवं विचिंतियव्वं, सम्मं अइणिउणबुद्धीए ॥३६॥**

**'आत्मपरपरित्यागः' आत्मनः स्वस्य परेषां चानुगृहीतुमिष्टानां देहिनां परित्यागः दुर्गतिगर्त्तान्तर्गतानां प्रोज्झनं कृतं भवति 'आज्ञाकोपेन' भगवद्वचनवितथासेवनरूपेण, 'इतरथा' सूत्रानुसारप्रवृत्तिरूपप्रकारपरिहारेण प्रवृत्तौ सत्यां 'नियमात्' अवश्यंभावेन । यथोक्तम्—"इहलोयम्मि अकित्ती, परलोए दुग्गई धुवा तेसिं । आणं विणा जिणाणं, जे ववहारं ववहरंति ॥१॥" यत 'एवं' तत एवमुक्तप्रकारेण 'विचिन्तयितव्यं' विमर्शनीयं 'सम्यग्' यथावद् 'अतिनिपुणबुद्ध्या' कुशाग्रादपि तीक्ष्णतरया प्रज्ञया, अनिपुणबुद्धिभिर्विचिन्तितस्याप्यर्थस्य व्यभिचारसंभवात् ॥३६॥**

**આનાથી વિપરીત દોષને કહે છે–**

**ગાથાર્થ–** અન્યથા આજ્ઞાકોપથી નિયમા સ્વપરનો ત્યાગ થાય. તેથી ઉક્ત રીતે અતિ નિપુણ બુદ્ધિથી સમ્યક્ વિચારવું.

**ટીકાર્થ– અન્યથા–** સૂત્રાનુસાર પ્રવૃત્તિનો ત્યાગ કરીને પ્રવૃત્તિ કરવાથી.

**આજ્ઞાકોપથી-** જિનવચનથી વિરુદ્ધ આસેવનથી.

**નિયમા–** અવશ્ય.

**સ્વપરનો ત્યાગ થાય–** પોતાનો અને અનુગ્રહ કરવા માટે ઇષ્ટ બીજા જીવો કે જેઓ દુર્ગતિરૂપ ખાડામાં પડેલા[1] છે તેમનો ત્યાગ કરેલો થાય. કહ્યું છે કે– **"જિનેશ્વરોની આજ્ઞાને મૂકીને જેઓ ધર્મક્રિયા કરે છે તેઓ આ લોકમાં અપકીર્તિ પામે છે અને પરલોકમાં નિયમા તેમની દુર્ગતિ થાય છે."**

૧. અનુગ્રહ કરવા માટે ઇષ્ટ જીવો હમણાં મનુષ્યગતિમાં હોવાથી દુર્ગતિરૂપ ખાડામાં પડેલા નથી. પણ ભવિષ્યમાં અવશ્ય પડે. આથી **भाविनि भूतवदुपचारः** ભવિષ્યમાં જે થવાનું હોય તેમાં ભૂતકાળનો ઉપચાર થઇ શકે એ ન્યાયથી અહીં "દુર્ગતિ રૂપ ખાડામાં પડેલા" સમજવા.

**અતિનિપુણ બુદ્ધિથી**–કુશનામના તૃણના અગ્રભાગથી પણ અધિક તીક્ષ્ણ બુદ્ધિથી યથાર્થ વિચારવું. અનિપુણ બુદ્ધિવાળા પુરુષોથી વિચારાયેલા પણ અર્થમાં વ્યભિચાર સંભવે છે, અર્થાત્ અનિપુણ બુદ્ધિવાળા પુરુષોથી વિચારાયેલો અર્થ સત્ય ન પણ હોય. (આથી અહીં અતિનિપુણ બુદ્ધિથી એમ કહ્યું છે.) (૩૬)

**अत एवाह—**

**बुद्धिजुया खलु एवं, तत्तं बुज्झंति, ण उण सव्वेवि ।**
**ता तीइ भेयणाए, वोच्छं तव्वुड्ढिहेउत्ति ॥३७॥**

**'बुद्धियुता' अतिनिपुणोहापोहरूपप्रज्ञासमन्विताः । 'खलु' रवधारणे । ततो बुद्धियुता एव एवमुक्तरूपेण तत्त्वं सूत्रानुसारेण प्रवृत्तिरासन्नसिद्धिकजीवानां लक्षणमित्येवंरूपं बुध्यन्ते । व्यवच्छेद्यमाह— न पुनः सर्वेऽपि बुद्धिविकला अपीति भावः बहुबुद्धि-बोध्यस्यार्थस्य सामान्यबुद्धिभिः कृतप्रयत्नशतैरपि बोद्धुमपार्यमाणत्वात् । तदुक्तम्— "महतां न बुद्धिविभवः, कृतप्रयत्नैरपीतरैर्लभ्यः । यत्नशतैरपि ताडय, यदि सूची भवति पाराची ॥१॥" यत एवं तत्तस्मात्तस्या बुद्धे 'र्भेदज्ञातानि' भेदानौत्पत्तिक्यादीन्, ज्ञातानि च रोहकादिदृष्टान्तान् 'वक्ष्ये' भणिष्यामि । किमर्थमित्याह—'तव्वुड्ढिहेउ' त्ति तद्वृद्धिहेतोर्बुद्धिप्रकर्षनिमित्तम् । इतिर्वाक्यपरिसमाप्त्यर्थः । बुद्धिप्रकर्षयोग्या हि पुरुषा बुद्धेर्भेदांस्तज्ज्ञातानि च धीमत्पुरुषाभ्यर्णे सम्यक् समाकर्णयन्तो निश्चयेन तथाविध-बुद्धिधननिधानभूताः संपद्यन्ते । यदवाचि—"विमलस्पष्टात्मानः, सांगत्यात् परगुणानु-पाददते । उपनिहितपद्मरागः, स्फटिकोऽरुणिमानमातनुते ॥१॥" ॥३७॥**

**આથી જ કહે છે–**

**ગાથાર્થ–** બુદ્ધિયુક્ત જ જીવો ઉક્તરીતે તત્ત્વને સમજે છે, પણ બધાય નહિ, અર્થાત્ બુદ્ધિરહિત જીવો તત્ત્વને સમજી શકતા નથી. તેથી બુદ્ધિની વૃદ્ધિ થાય એ હેતુથી બુદ્ધિના ભેદોને અને દૃષ્ટાંતોને કહીશ.

**ટીકાર્થ– બુદ્ધિયુક્ત–** અતિશય તીક્ષ્ણ ઊહ-અપોહરૂપ બુદ્ધિથી યુક્ત. (ઊહ એટલે તર્ક-વિતર્ક કરવો. અપોહ એટલે નિશ્ચય કરવો.)

**તત્ત્વને–** સૂત્રાનુસાર પ્રવૃત્તિ આસન્નસિદ્ધિક જીવોનું ચિહ્ન છે એવા તત્ત્વને.

બુદ્ધિરહિત જીવો તત્ત્વને સમજી શકતા નથી. કારણકે ઘણી બુદ્ધિથી સમજી શકાય તેવા અર્થને સામાન્ય બુદ્ધિવાળા પુરુષો સેંકડો પ્રયત્ન કરવા છતાં સમજવા માટે સમર્થ બનતા નથી. કહ્યું છે કે **"મહાપુરુષોનો બુદ્ધિવૈભવ નાના પુરુષોથી પ્રયત્નો કરવા છતાં મેળવી**

**શકાતો નથી. જો કોશ[1] સોય થાય તો સેંકડો પ્રયત્નોથી તાડન કર, અર્થાત્ સેંકડો વાર કોશને તાડન કરવામાં આવે–ઠોકવામાં આવે તો પણ કોશ સોયરૂપ ન બને."**

તેથી બુદ્ધિની વૃદ્ધિ થાય એ માટે બુદ્ધિના ઔત્પાતિકી વગેરે ભેદોને અને રોહક વગેરે દૃષ્ટાંતોને કહીશ.

બુદ્ધિની વૃદ્ધિને યોગ્ય પુરુષો બુદ્ધિના ભેદોને અને તેનાં દૃષ્ટાંતોને બુદ્ધિમાન પુરુષો પાસે સમ્યક્ સાંભળતાં સાંભળતાં નિયમા તેવા પ્રકારની બુદ્ધિરૂપ ધનના નિધાનરૂપ બને છે. કહ્યું છે કે– **"નિર્મલ અને નિર્દમ્ભ જીવો સંગતિથી પરના ગુણોને લે છે. જેની પાસે પદ્મરાગમણિ રહેલો છે તેવો સ્ફટિક લાલાસને ધારણ કરે છે."** (૩૭)

**यथोद्देशं निर्देश इति न्यायाद् बुद्धिभेदानाह—**

**उप्पत्तिय वेणइया, कम्मय तह पारिणामिया चेव ।**
**बुद्धी चउव्विहा खलु, निद्दिट्ठा समयकेऊहिं ॥३८॥**

**उत्पत्तिः प्रयोजनं कारणं यस्याः सा औत्पत्तिकी । आह—क्षयोपशमः, प्रयोजनमस्याः, सत्यम्, किन्तु स खल्वन्तरङ्गत्वात् सर्वबुद्धिसाधारण इति न विवक्ष्यते। न चान्यच्छास्त्रकर्मादिकमपेक्ष्यत उत्पत्तिं विहाय । यदत्र 'उत्पत्तिगी'त्ति निर्देष्टव्ये 'उत्पत्तिय' इति निर्देशः स प्राकृतत्वात् । एवमन्यत्राप्यन्यथानिर्देशे हेतुर्वाच्यः ( १ ) 'वेणइया' इति विनयो गुरुशुश्रूषा, स च कारणमस्यास्तत्प्रधाना वा वैनयिकी ( २ ) 'कम्मय' त्ति इह कर्मशब्देन शिल्पमपि गृह्यते । तत्र अनाचार्यकं कर्म, साचार्यकं शिल्पम्, कादाचित्कं वा कर्म, शिल्पं नित्यव्यापारः । ततः कर्मणो जाता कर्मजा । ( ३ ) तथाशब्दः समुच्चये 'पारिणामिया' इति परि समन्ताद् नमनं परिणामः, सुदीर्घकालं पूर्वापरार्थावलोकनादिजन्य आत्मधर्म इत्यर्थः, स कारणमस्यास्तत्प्रधाना वा पारिणामिकी ( ४ ) चैवशब्दस्तथाशब्दवत्, बुध्यतेऽनयेति 'बुद्धि'र्मतिः सा चतुर्विधैव, खलुशब्दस्य निर्धारणार्थत्वात् । 'निर्दिष्टो'क्ता 'समयकेतुभिः' सिद्धान्तप्रासादचिह्न-भूतैस्तीर्थकर-गणधरादिभिरित्यर्थः ॥३८॥**

જે પ્રમાણે ઉદ્દેશ[2] કર્યો હોય તે પ્રમાણે નિર્દેશ કરવો જોઈએ એ ન્યાયથી બુદ્ધિના ભેદોને કહે છે–

---

૧. કોશ એટલે જમીન ખોદવાનું લોઢાનું બનેલું લાંબુ સાધન.

૨. વસ્તુનો વિચાર કરતાં પહેલાં તેને માત્ર નામથી જે ક્રમે જણાવ્યું હોય તે ઉદ્દેશ અને તે જ ક્રમથી તે વસ્તુઓનું વિશેષથી વર્ણન કરવું તે નિર્દેશ.

શાસ્ત્રને જાણનારાઓ વડે ઔપપાતિકી, વૈનેયિકી, કાર્મિકી તથા પારિણામિકી જ એમ ચાર પ્રકારે બુદ્ધિ કહેવાઇ છે. (૩૮)

(૧) **ઔત્પાતિકી**— ઉત્પત્તિ કારણ છે જેમાં તે ઔત્પાતિકી.

**પ્રશ્ન**— કોઇપણ બુદ્ધિ જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થાય છે તેથી અહીં કારણ ક્ષયોપશમ છે એમ કહેવું જોઇએ.

**ઉત્તર**— તમારી વાત સાચી છે. પણ તે અંતરંગ કારણ છે અને તે સર્વ બુદ્ધિઓમાં સાધારણ છે એટલે એ વિવક્ષા અહીં કરી નથી. ઉત્પત્તિ સિવાય અન્ય કોઇ શાસ્ત્ર—કર્માદિ નિમિત્ત નથી બનતું. અહીં ઉત્પત્તિ એ બાહ્યકારણ છે.

અહીં મૂળ શ્લોકમાં ઉત્પત્તિગી બતાવવું જોઇતું હતું તેને બદલે 'ઉત્પત્તિય' બતાવ્યું છે તે પ્રાકૃતને કારણે છે. આ પ્રમાણે બીજે અન્યથા બતાવ્યું હોય ત્યાં પણ આ જ કારણ જાણવું.

(૨) **વૈનેયિકી**— વિનય એટલે ગુરુની સેવા જેમાં કારણ છે તે વૈનેયિકી.

(૩) **કાર્મિકી**— અહીં કર્મશબ્દથી શિલ્પ પણ ગ્રહણ કરાય છે. તેમાં આચાર્યના ઉપદેશ વિના થાય તે કર્મ અને આચાર્યના ઉપદેશપૂર્વક થાય તે શિલ્પ કહેવાય છે અથવા કયારેક કરાય તે કર્મ અને હંમેશાં કરાય તે શિલ્પ. તેથી કાર્ય કરતા કરતા ઉત્પન્ન થઇ હોય તે કર્મજા કહેવાય છે.

(૪) **પારિણામિકી**— તથા શબ્દ સમુચ્ચય અર્થમાં છે. '**पारिणामिया**' એટલે ચારેબાજુથી પરિણમવું તે. સુદીર્ઘકાળથી પૂર્વાપર અર્થના અવલોકનાદિથી જન્ય એવો આત્મધર્મ અર્થાત્ આત્માનો બોધ. આત્માનો બોધ જેમાં પ્રધાન કારણ છે તે પારિણામિકી.

'**च**' શબ્દનો અર્થ તથા શબ્દની જેમ જાણવો. જેનાથી બોધ થાય તે બુદ્ધિ અથવા મતિ. અને ખલુ શબ્દ નિશ્ચય અર્થમાં છે. સિદ્ધાંતરૂપી પ્રાસાદના ધ્વજ સમાન એવા તીર્થંકર-ગણધરાદિએ બુદ્ધિના ચાર જ પ્રકાર કહ્યા છે. (૩૮)

**औत्पत्तिक्या लक्षणं प्रतिपादयन्नाह—**

**पुव्वमदिट्ठमसुयमवेइयतक्खणविसुद्धगहियत्था ।**

**अव्वाहयफलजोगी, बुद्धी उत्पत्तिया नाम ॥३९॥**

**'पुव्वं' इत्यादि, पूर्वं बुद्ध्युत्पादात् प्राग् 'अदृष्टः' स्वयमनवलोकितः, 'मसुय' इति मकारस्यालाक्षणिकत्वादश्रुतोऽन्यतोऽपि नाकर्णितः, 'मवेइय'त्ति अत्रापि मकारः प्राग्वत्, ततोऽवेदितो मनसाऽप्यनालोचितः, तस्मिन्नेव क्षणे विशुद्धो यथावस्थितो गृहीतोऽव-**

**धारितोऽर्थोऽभिप्रेतः पदार्थो यया सा तथाऽदृष्टाश्रुतावेदिततत्क्षणविशुद्धगृहीतार्था। 'अव्वाहयफलजोगी' इति इहैकान्तिकमिहपरलोकाविरुद्धं फलान्तराबाधितं वाऽव्याहत-मुच्यते, फलं प्रयोजनं, अव्याहतं च तत् फलं च अव्याहतफलं, योगोऽस्या अस्तीति योगिनी, अव्याहतफलेन योगिनी; योगिणीति पाठे प्राप्ते योगीति निर्देशः प्राकृतत्वात्। अन्ये तु 'अव्वाहयफलजोगा' इति पठन्ति, अव्याहतः फलेन योगो यस्याः साऽव्या-हतफलयोगा बुद्धिः, 'औत्पत्तिकी नाम' औत्पत्तिक्यभिधाना बोद्धव्या ॥३९॥**

ઔત્પાત્તિકીના લક્ષણને બતાવતા કહે છે–

પૂર્વે નહીં જોયેલા, નહીં સાંભળેલા અને નહીં જાણેલા પદાર્થનું તત્ક્ષણ જ નિર્મળજ્ઞાન કરાવનારી, અવ્યાહતરૂપનો યોગ કરાવનારી બુદ્ધિ ઉત્પાત્તિકી કહેવાય છે. **पुव्वं इत्यादि** એટલે બુદ્ધિ થવાની પૂર્વે પદાર્થને સ્વયં ન જોયો હોય, **मसुयं** માં **म्**કાર વ્યાકરણના નિયમથી થયો નથી. અર્થાત્ **म्**કારની ગણતરી કરવાની નથી. બીજા પાસેથી પણ જેનો અર્થ ન સાંભળ્યો હોય, **मवेइयं** અહીં **म्** પૂર્વની જેમ જાણવું. મનથી પણ કલ્પના ન કરી હોય છતાં તે જ ક્ષણે પદાર્થનો યથાવસ્થિત બોધ જેનાથી થાય તે અદૃષ્ટ-અશ્રુત-અવેદિત તત્ક્ષણ વિશુદ્ધ ગૃહીતાર્થા. **'अव्वाहयफलजोगी'** એટલે અહીં એકાન્તિક છે અર્થાત્ આ લોક અને પરલોક અવિરુદ્ધ છે અથવા બીજા ફળોથી ન હણાય તે અવ્યાહત કહેવાય. ફળ એટલે પ્રયોજન. અવ્યાહત એવું ફળ તે અવ્યાહતફળ. યોગ જેને હોય તે યોગિની કહેવાય. અવ્યાહત ફળથી યોગિની અર્થાત્ અવશ્ય ફળનો યોગ કરાવે તેવી. અહીં પ્રાકૃતના કારણે યોગિની શબ્દનો યોગી શબ્દ થયો છે. બીજાઓ કહે છે કે– અવ્યાહત ફળથી યોગ જેનો છે તે **अव्वाहयफलजोगा** બુદ્ધિ. ઔત્પતિકી એટલે ઔત્પતિકી નામની બુદ્ધિ સમજવી. (૩૯)

**साम्प्रतमेतज्ज्ञातान्याह—**

**भरहसिलपणियरुक्खे, खड्डुगपडसरडकायउच्चारे ।।**
**गयघयणगोलखंभे, खुड्डुगमग्गित्थिपइपुत्ते ॥४०॥**

**द्वारगाथा । अस्यां सप्तदशोदाहरणानि, तद्यथा—'भरतसिल'त्ति भरतशिला ( १ ) 'पणिय'त्ति पणितं ( २ ), वृक्षः ( ३ ), 'खड्डुग'त्ति मुद्रारत्नं ( ४ ), 'पडसरडकायउच्चारे' इति पटः ( ५ ), सरडः ( ६ ), काकः ( ७ ), उच्चारः ( ८ ), 'गयघयणगोलखंभे' इति गजः ( ९ ), 'घयण'त्ति भाण्डः ( १० ), गोलः ( ११ ) स्तम्भः ( १२ ) 'खड्डुगमग्गित्थि-पइपुत्ते' इति क्षुल्लकः ( १३ ), मार्गः ( १४ ), स्त्री ( १५ ), द्वौ पती ( १६ ), पुत्रः ( १७ ), इति एतानि सप्तदश पदानि । तत्र ज्ञातसूचामात्रफलान्येवेति न सूक्ष्मेक्षिका कार्या ॥४०॥**

હવે તેના ઉદાહરણો કહે છે–

ભરતશિલા, પણિત, વૃક્ષ, ખડ્ગ, પટ, સરડ, કાગ, ઉચ્ચાર, ગજ, ભાંડ, ગોલ, સ્તંભ, ક્ષુલ્લક, માર્ગ, સ્ત્રી, પતિ, પુત્ર. (૪૦)

આ દ્વારગાથા છે. આમાં સત્તર ઉદાહરણો કહ્યા છે તેના નામ આ પ્રમાણે છે–

(૧) ભરતશિલા (૨) પણિત (૩) વૃક્ષ (૪) મુદ્રારત્ન (૫) પટ (૬) સરડ (૭) કાગ (૮) ઉચ્ચાર(સ્થંડિલ) (૯) હાથી (૧૦) ભાંડ (૧૧) ગોલ (૧૨) સ્તંભ (૧૩) ક્ષુલ્લક (૧૪) માર્ગ (૧૫) સ્ત્રી (૧૬) બે પતિ (૧૭) પુત્ર. આ સત્તર પદો છે. તે માત્ર ઉદાહરણને જણાવનાર છે પણ વિસ્તાર નથી.

तत्राद्यज्ञातसंग्रहगाथा—

**भरहसिल मिंढ कुक्कुड, तिल वालुग हत्थि अगड वणसंडे ।**
**पायसअइया पत्ते, खाडहिला पंच पियरो य ॥४१॥**

**'भरह सिल' इत्यादि, भरतो नटस्तद्वृत्तान्तगता शिला भरतशिला १, 'मेण्ढो' मेषः २, 'कुक्कुड' स्ताम्रचूडः ३, 'तिल' त्ति तिलाः ४, 'वालुग' त्ति वालुकायाः संबन्धिनी वरत्रा ५, हस्ती ६, 'अगड' त्ति अवटं कूपः ७, वनखण्डः ८, पायसं ९, 'अइया' इति अजिकाया छगलिकायाः पुरीषगोलिका १०, 'पत्ते' इति पिप्पलपत्रं ११, 'खाडहिल' त्ति खिल्लहडिका १२, पञ्च पितरश्च तव राजन् पञ्च जनकाः १३ ॥ इयं च संग्रहगाथा स्वयमेव सूत्रकृता व्याख्यास्यत इति न विस्तार्यते ॥४१॥**

તેમાં પ્રથમની ઉદાહરણોની સંગ્રહગાથા–

**भरह सिल इत्यादि** ભરત નામનો નટ છે. તેના વૃત્તાંતને પામેલી શિલા તે (૧) ભરતશિલા. (૨) ઘેટો (૩) કુકડો (૪) તલ (૫) રેતીનું દોરડું (૬) હાથી (૭) કૂવો (૮) વનખંડ (૯) પાયસ(ખીર) (૧૦) બકરીની લીંડી ગોળ કેમ ? (૧૧) ગીરોળી (૧૨) હે રાજન્ ! તારા પાંચ પિતા છે. આ સંગ્રહ ગાથા છે. સૂત્રકાર સ્વયં જ વ્યાખ્યાન કરશે તેથી અહીં વિસ્તાર કર્યો નથી.

तथा—

**महुसित्थमुद्दियंके, णाणए भिक्खुचेडगनिहाणे ।**
**सिक्खा य अत्थसत्थे, इच्छा य महं सयसहस्से ॥४२॥**

'महुसित्थ' त्ति मधुसिक्थकं मदनं १, मुद्रिका २, अङ्कश्च ३, ज्ञानकं ( ? नाणकं ) व्यवहारार्हरूपकलक्षणं ४, 'भिक्खुचेडगनिहाणे' इति भिक्षुः ५, चेटकनिधानं ६, शिक्षा च ७, अर्थः ८, शस्त्रं ९, 'इच्छा य महं' त्ति इच्छा च मम १०, शतसहस्त्रं ११, एतान्यपि स्वयमेव सूत्रकृता व्याख्यास्यन्ते ।एवं चाद्यसंग्रहगाथासंबन्धीनि सप्तदश एतानि चैकादश मीलितानि अष्टाविंशतिर्मूलज्ञातानि औत्पत्तिक्यां बुद्धाविति ॥१ ॥ ४२ ॥

તથા–

મધુસિક્થ, મુદ્રિકા, અંક, જ્ઞાનક(નાણું) ભિક્ષુ, ચેટક નિધાન, શિક્ષા, અર્થ, શસ્ત્ર, મારી ઇચ્છા, લાખ. (૪૨)

(૧) મધુશિક્થ એટલે મીણ, (૨) મુદ્રિકા (વીંટી) (૩) અંક (૪) જેનાથી વ્યવહાર ચાલે તે રૂપિયો (૫) ભિક્ષુ (૬) દાસનું નિધાન (૭) શિક્ષા (૮) અર્થ (૯) શસ્ત્ર (૧૦) મારી ઇચ્છા અને (૧૧) લાખ. સૂત્રકાર સ્વયં જ આ ઉદાહરણોનું પણ વ્યાખ્યાન કરશે. આ પ્રમાણે પહેલી સંગ્રહગાથાના અને આ ગાથાના અગીયાર બંને મળીને ઔત્પત્તિકી બુદ્ધિના કુલ અઠ્યાવીશ ઉદાહરણો થયા. (૪૨)

**अथ वैनयिकीस्वरूपमाह—**

**भरनित्थरणसमत्था, तिवग्गसुत्तत्थगहियपेयाला ।**
**उभओलोगफलवई, विणयसमुत्था हवइ बुद्धी ॥४३॥**

**इहातिगुरुकार्यं दुर्निर्वहत्वाद् भर इव भरस्तस्य निस्तरणे पारप्रापणे समर्था भरनिस्तरणसमर्था, त्रयो वर्गास्त्रिवर्गा लोकरूढेर्धर्मार्थकामास्तदर्जनपरोपायप्रतिपादनमेव सूत्रं, तदन्वाख्यानं तदर्थः, पेयालो विचारः सार इत्येकोऽर्थः, ततस्त्रिवर्गसूत्रार्थयोर्गृहीतं पेयालं यया सा त्रिवर्गसूत्रार्थगृहीतपेयाला, 'उभओलोगफलवइ' त्ति उभयलोकफलवती ऐहिकामुष्मिकफलप्राप्तिप्रगुणा, 'विनयसमुत्था' विनयोद्भवा वैनयिकी इत्यर्थः, भवति बुद्धिः ॥४३ ॥**

હવે વૈનયિકી બુદ્ધિના સ્વરૂપને કહે છે–

**ગાથાર્થ–** વિનય કરતા ઉત્પન્ન થયેલી બુદ્ધિ મોટા કાર્યને પાર પાડવા સમર્થ હોય છે, ત્રણ વર્ગના સૂત્ર અને અર્થ ગ્રહણ કરવામાં ચતુર, ઉભય લોકમાં ફળવાળી હોય છે. (૪૩)

અતિ મોટું કાર્ય દુ:ખે કરી વહન કરી શકાતું હોવાથી ભર કહેવાય છે અને તેને પાર પાડવા સમર્થ છે તે ભરનિસ્તારણ સમર્થા, લોકરૂઢિથી ધર્મ, અર્થ અને કામ એ ત્રણ પુરુષાર્થ ત્રિવર્ગ કહેવાય છે. તેના ઉપાર્જન કરવાના ઉપાયને જણાવનાર, સૂત્રના અર્થના

સારને ગ્રહણ કરનારી, તેથી ત્રણવર્ગના સૂત્ર અને અર્થનો સાર ગ્રહણ કરાયો છે જેના વડે એવી બુદ્ધિને ત્રિવર્ગસૂત્રાર્થગૃહીતપેયાલા, અને આ લોક અને પરલોકના ફળ પ્રાપ્તિ કરાવવામાં ચતુર એવી વિનયથી ઉત્પન્ન થતી બુદ્ધિ વૈનેયિકી કહેવાય છે. (૪૩)

अथैतज्ज्ञातानि—

**णिमित्ते अत्थसत्थे य, लेहे गणिए य कूव आसे य ।**
**गद्दभलक्खणगंठी, अगए गणिया य रहिए य ॥४४॥**

**सीआसाडी दीहं, च तणं अवसव्वयं च कुंचस्स ।**
**निव्वोदए य गोणे, घोडगपडणं च रुक्खाओ ॥४५॥**

**निमित्तं १, अर्थशास्त्रं च २, 'लेहे' इति लेखनं ३, गणितं च ४, कूपः ५, अश्वश्च ६, गर्दभः ७, लक्षणं ८, ग्रन्थिः ९, अगदः १०, गणिका च रथिकश्चेति ११ ॥४४॥ शीतसाटी दीर्घं च तृणं, अपसव्यकं च क्रौञ्चस्य इत्येकमेव १२, नीव्रोदकं च १३, गौः घोटकः पतनं च वृक्षादित्येकमेव १४ । एवं वैनयिक्यां सर्वाग्रेण चतुर्दश ज्ञातानि । एतान्यपि स्वयमेव शास्त्रकृता व्याख्यास्यन्त इति नेह प्रयत्नः ॥२॥ ४५॥**

હવે આના ઉદાહરણોને બતાવે છે–

નિમિત્ત, અર્થશાસ્ત્ર, લેખન અને ગણિત, કૂવો, અશ્વ, ગર્દભ, લક્ષણ, ગ્રંથિ, ઔષધ, ગણિકા અને રથિક (૪૪)

શીતસાટી અને દીર્ઘ તૃણ, ક્રૌંચનો જમણો ભાગ, નેવાનું પાણી, ગાય, ઘોડાનું પતન વૃક્ષાદિ. (૪૫)

આ પ્રમાણે વૈનયિકી બુદ્ધિના બધા મળીને ચૌદ ઉદાહરણો છે. શાસ્ત્રકાર સ્વયં જ આનું વ્યાખ્યાન કરશે તેથી અહીં તેનો પ્રયત્ન કરવામાં આવતો નથી.

अथ कर्मजायाः स्वरूपमाह—

**उवओगदिट्ठसारा, कम्मपसंगपरिघोलणविसाला ।**
**साहुक्कारफलवई, कम्मसमुत्था हवइ बुद्धी ॥४६॥**

**उपयोजनमुपयोगो विवक्षितकर्मणि मनसोऽभिनिवेशः, सारस्तस्यैव कर्मणः परमार्थः, उपयोगेन दृष्टः सारो यया सा उपयोगदृष्टसारा अभिनिवेशोपलब्धकर्म-**

**सामर्थ्येत्यर्थः, कर्मणि प्रसङ्गोऽभ्यासः, परिघोलनं विचारः, आभ्यां विशाला कर्मप्रसङ्गपरिघोलनविशाला अभ्यासविचारविस्तीर्णा इति यावत् । साधुकृतं सुष्ठु कृतमिति विद्वद्भ्यः प्रशंसा साधुकारस्तेन फलवतीति समासः, साधुकारेण वा शेषमपि फलं यस्याः सा तथा । 'कर्मसमुत्था' कर्मजा भवति बुद्धिः ॥४६॥**

હવે કર્મજા બુદ્ધિના સ્વરૂપને કહે છે–

કર્મથી ઉત્પન્ન થયેલી બુદ્ધિ ઉપયોગના સારવાળી, કર્મના અભ્યાસથી વિસ્તૃત અને સાધુકારના ફળવાળી છે. (૪૬)

વિવક્ષિત કર્મમાં મનનો અભિનિવેશ તે ઉપયોગ અને તે જ કર્મનો પરમાર્થ તે સાર, ઉપયોગથી જોવાયો છે સાર જેના વડે એવી તે બુદ્ધિ ઉપયોગદષ્ટસારા, અર્થાત્ ઉપયોગ દ્વારા પ્રાપ્ત કરાયેલ કર્મનું સામર્થ્ય, કર્મમાં પ્રસંગ એટલે કર્મમાં અભ્યાસ, પરિઘોલન એટલે વિચાર એ બેથી વિશાળ એટલે કર્મપ્રસંગપરિઘોલનવિશાલા, અર્થાત્ કર્મમાં અભ્યાસ અને વિચારથી વિસ્તૃત થયેલી, સારું કર્યું એમ વિદ્વાનોથી કરાવાતી પ્રશંસા તે સાધુકાર અને તેના ફળવાળી, સાધુકારથી અથવા શેષ પણ ફળ જેને છે તે તથા કર્મથી ઉત્પન્ન થતી કર્મજા બુદ્ધિ હોય છે.

**अथैतज्ज्ञातानि—**

**हेरण्णिए करिसए, कोलियडोवे य मुत्तिघयपवए ।**

**तुण्णायवड्ढई पूइए य घडचित्तकारे य ॥४७॥**

**'हैरण्यकः' सौवर्णिकः १, 'कर्षकः' कृषीवलः २, 'कोलिय' त्ति कोलिकस्तन्तुवायः ३, 'डोवे य' त्ति दर्वीकरश्च परिवेषक इत्यर्थः ४, 'मुत्ति'त्ति मौक्तिकप्रोता ५, 'घय'त्ति घृतप्रक्षेपकः ६, प्लवकः ७, 'तुन्नाय'त्ति तुन्नवायः तुन्नं त्रुटितं वयति सीव्यति यः स तथा ८, वर्द्धकिः ९, 'पुइए य' इति पूतिकः कान्दविकः १०, 'घडचित्तगारे य' त्ति घटकारः कुम्भकारः ११, चित्रकारश्चित्रकर्मविधाता १२ । एवं द्वादश दृष्टान्ताः कर्मजायां मतौ । एतानपि स्वयं सूत्रकृद्भणिष्यतीति नेह कृतो विस्तरः ॥३॥ ४७॥**

હવે આના દૃષ્ટાંતો–

સુવર્ણકાર, ખેડૂત, તન્તુવાય (વણકર) ડોયો, મૌક્તિકને પૂરનાર, ઘી પ્રક્ષેપક, પ્લવક, તંતુવાય, સુથાર, પૂતિક, ઘટકાર અને ચિત્રકાર. (૪૭)

(૧) સુવર્ણકાર (૨) ખેડૂત (૩) વણકર (૪) દાળ પીરસવાનો ડોયો (૫) મોતીને પરોવનાર (૬) ઘીનો પ્રક્ષેપ (૭) પ્લવક (૮) તૂટેલુ સાંધે તે તંતુવાય, (૯) સુથાર (૧૦) પૂતિક (૧૧) ઘટકાર એટલે કુંભાર અને (૧૨) ચિત્રકાર.

આ પ્રમાણે બાર દૃષ્ટાંતો કર્મજા બુદ્ધિમાં કહેવાયા છે. સૂત્રકાર સ્વયં પણ આને વિસ્તારથી કહેશે તેથી અહીં કહેવાતા નથી. (૪૭)

अथ पारिणामिकीस्वरूपमाह—

**अणुमाणहेउदिट्ठंतसाहिया वयविवक्कपरिणामा ।**
**हियनिस्सेसफलवई, बुद्धी परिणामिया णाम ॥४८॥**

**अनुमानहेतुदृष्टान्तैः साध्यमर्थं साधयतीत्यनुमानहेतुदृष्टान्तसाधिका, इह लिङ्गिज्ञानमनुमानं स्वार्थमित्यर्थः । तत्प्रतिपादकं वचो हेतुः परार्थमित्यर्थः । अथवा ज्ञापकमनुमानं, कारको हेतुः, साध्यव्याप्तिप्रदर्शनविषयो दृष्टान्तः । अनुमानग्रहणादेवास्य गतत्वाद् व्यर्थमुपादानमिति चेत्, न, अनुमानस्य तत्त्वतोऽन्यथानुपपन्नत्वलक्षणैकरूपत्वान्न गतार्थत्वं दृष्टान्तस्य । कालकृतो देहावस्थाविशेषो वय इत्युच्यते, ततस्तेन विपक्वः पुष्टिमानीतः परिणामोऽवस्थाविशेषो यस्याः सा वयोविपक्वपरिणामा । तथा 'हियनिस्सेसफलवई' इति हितमभ्युदयस्तत्कारणं वा पुण्यं, निःश्रेयसो मोक्षस्तन्निबन्धनं वा सम्यग्दर्शनादि, ततस्ताभ्यां फलवती बुद्धिः पारिणामिकी नाम ॥४८॥**

જે બુદ્ધિ અનુમાન હેતુ અને દૃષ્ટાંતોથી સાધ્યપદાર્થને સાધે છે તે અનુમાન-હેતુ-દૃષ્ટાંત સાધિકા બુદ્ધિ કહેવાય છે. અહીં લિંગનું જ્ઞાન તે અનુમાન છે, અર્થાત્ સ્વાર્થ અનુમાન. અનુમાનને જણાવનાર વચન (હેતુ) તે પરાર્થ છે. અથવા જ્ઞાપક છે તે અનુમાન છે અને કારક છે તે હેતુ છે. સાધ્ય-સાધનની વ્યાપ્તિનો વિષય (પદાર્થ) તે દૃષ્ટાંત છે.

**પ્રશ્ન**– અનુમાનને ગ્રહણ કરવાથી (કહેવાથી) દૃષ્ટાંતનું ગ્રહણ થઈ ગયું (કહેવાઈ ગયું) માટે દૃષ્ટાંતને અલગ કહેવું વ્યર્થ છે.

**ઉત્તર**– ના, તમારી વાત બરાબર નથી. દૃષ્ટાંત નિરર્થક નથી કારણ કે પરમાર્થથી અનુમાન અન્યથાનુપપન્નત્વ લક્ષણ-એકરૂપ છે, અર્થાત્ હેતુ અને સાધ્યના અવિનાભાવ સંબંધને અનુમાન કહેવાય છે. અવિનાભાવ એટલે એક હોય તો બીજો અવશ્ય હોય અને બીજાના અભાવમાં પ્રથમનો અવશ્ય અભાવ હોય. જેમ કે ધૂમ હોય તો અવશ્ય અગ્નિ હોય અને અગ્નિનો અભાવ હોય તો ધૂમનો પણ અવશ્ય અભાવ હોય. ધૂમ-અગ્નિનો અવિનાભાવ સંબંધ છે.

કાલથી કરાયેલી શરીરની અવસ્થાવિશેષને વય કહેવાય છે. અને વયથી પરિપક્વ કરાયો છે પરિણામ (અવસ્થા વિશેષ) જેનો એવી પરિપક્વ પરિણામા. તથા હિત એટલે અભ્યુદય અથવા તેનું કારણ પુણ્ય, નિઃશ્રેયસ એટલે મોક્ષ અથવા તેના કારણો સમ્યગ્દર્શનાદિ તેથી અભ્યુદય અને

સમ્યગ્દર્શનાદિ ફળવાળી હોય તે પારિણામિકી બુદ્ધિ કહેવાય છે. (૪૮)

**હવે પારિણામિકી બુદ્ધિના સ્વરૂપને કહે છે–**

અનુમાન[1], હેતુ અને દૃષ્ટાંતથી પદાર્થને સાધનારી, વયથી પુષ્ટ થયેલ પરિણામવાળી, પુણ્ય અને મોક્ષને આપનારી બુદ્ધિ પારિણામિકી કહેવાય છે. (૪૮)

---

૧. **અનુમાન–** એક જ્ઞાન ઉપરથી થતુ બીજું જ્ઞાન, ન્યાયનું એક પ્રમાણ, અમુક હકીકત ઉપરથી અમુક બાબત આમ જ હશે એમ કરાતો નિશ્ચય, અનુમિતિનું સાધન. અનુમાનના ત્રણ પ્રકાર છે. (૧) **પૂર્વવત્** કે કેવાલાન્વયિ જેમાં કારણ વડે કાર્યનું જ્ઞાન થાય. જેમ કે વાદળું દેખીને વૃષ્ટિ થશે એવું અનુમાન. (૨) **શેષવત્** કે વ્યતિરેકી જેમાં કાર્યને પ્રત્યક્ષ દેખીને કારણનું અનુમાન કરવામાં આવે. જેમકે નદીમાં પૂર દેખીને ઉપરવાસમાં વરસાદ વરસ્યો હશે એવું અનુમાન. (૩) **સામાન્યતોદૃષ્ટ** કે અન્વયવ્યતિરેકી જેમાં હંમેશા બનતા સામાન્ય વ્યાપારને દેખીને વિશેષ વ્યાપારનું અનુમાન કરવામાં આવે. જેમકે કોઇ વસ્તુને બીજી જગ્યાએ જોઇ તેને ત્યાં લાવવામાં આવેલી હશે એવું અનુમાન.

વળી અનુમાન બે પ્રકારનું છે, સ્વાર્થ અને પરાર્થ. પોતાના માટે જ કરેલું અનુમાન તે સ્વાર્થ અનુમાન અને પોતે અનુમાન કર્યા પછી બીજાને સમજાવવા અમુક રીતે વાક્યો રચી અનુમાન કરી બતાવીએ તે પરાર્થ અનુમાન. પરાર્થ અનુમાનનું સામાન્ય દૃષ્ટાંત પ્રમાણશાસ્ત્રીઓ આ પ્રમાણે આપે છે. આ પર્વત અગ્નિવાળો છે કારણ કે તે ધૂમાડાવાળો છે. (પ્રતિજ્ઞા) અહીં પક્ષ પર્વત છે. સાધ્ય અગ્નિ છે અને હેતુ (કારણ) ધૂમ છે. વ્યાપ્તિ– જે જે ધૂમાડાવાળું હોય છે તે તે અગ્નિવાળું હોય છે. જેમકે રસોડું. અહીં રસોડું દૃષ્ટાંત છે. આ પર્વત અગ્નિથી ફેલાયેલ ધૂમાડાવાળો છે (ઉપનય) તેથી આ પર્વત અગ્નિવાળો છે. (નિગમન)

અહીં પર્વતપર અગ્નિ ન જોયો હોવા છતાં ધૂમના જ્ઞાનથી અગ્નિના જ્ઞાનનું અનુમાન થાય છે.

**હેતુ–** સાધ્ય વિશે જ્ઞાન ઉત્પન્ન કરનાર વચન. જેમકે પર્વત અગ્નિવાળો છે એ પ્રતિજ્ઞા વાક્યના જ્ઞાનથી હેતુ (કારણ કે લિંગ) જાણવાથી આકાંક્ષા થઇ એ આકાંક્ષાની નિવૃત્તિ કરનાર જ્ઞાનને ઉત્પન્ન કરનાર 'ધૂમાડાવાળો છે તેથી' આવું પાંચમી વિભક્તિવાળું વાક્ય છે. અને તે બે પ્રકારનો છે. (૧) **ઉત્પાદક હેતુ-** જેમકે માટીથી ઘડો થાય છે, એમાં માટી ઘડાનો ઉત્પાદક હેતુ છે. (૨) **જ્ઞાપક હેતુ-** જેમકે પર્વત અગ્નિવાળો છે ધૂમાડાથી, એમાં ધૂમાડો અગ્નિને જણાવનારો હોવાથી જ્ઞાપક હેતુ છે.

**દૃષ્ટાંત–** વાદી અને પ્રતિવાદી બંનેના સાધ્ય અને સાધન ઉભય પ્રકારક નિશ્ચય હોય તે નિશ્ચયનો વિષય પદાર્થ. જેમકે વાદી અને પ્રતિવાદી બંનેને મહાનસ અગ્નિવાળું અને ધૂમવાળું છે. એથી વહ્નિરૂપ સાધ્ય પ્રકારક અને ધૂમ રૂપ સાધન પ્રકારકનો નિશ્ચય હોય છે તથા હ્રદ વિષે વહ્નિરૂપ સાધ્યાભાવ પ્રકારક તથા ધૂમરૂપ સાધનાભાવ પ્રકારક નિશ્ચય હોય છે. તેમાં પ્રથમ નિશ્ચયનો વિષય મહાનસ છે તથા બીજા નિશ્ચયનો વિષય હ્રદ છે માટે તે પ્રસિદ્ધ અનુમાનમાં મહાનસ અને હ્રદ દૃષ્ટાંત કહેવાય છે. તે દૃષ્ટાંત સાધર્મ્ય દૃષ્ટાંત અને વૈધર્મ્ય દૃષ્ટાંત કહેવાય છે અથવા અન્વય દૃષ્ટાંત, વ્યતિરેકી દૃષ્ટાંત કહેવાય છે.

अथैतज्ज्ञातानि गाथात्रयेणाह—

**अभए सेट्ठिकुमारे, देवी उदिओदए हवए राया ।**
**साहू य णंदिसेणे, धणदत्ते सावग अमच्चे ॥४९॥**

**खमए अमच्चपुत्ते, चाणक्के चेव थूलभद्दे य ।**
**नासिक्कसुंदरीणंद वइर परिणामिया बुद्धी ॥५०॥**

**'अभए' इति अभयकुमारः १, 'सिट्ठि' त्ति काष्ठश्रेष्ठी २, 'कुमारे' इति क्षुल्लककुमारः ३, देवी पुष्पवत्यभिधाना ४, उदितोदयो भवति राजा ५, साधुश्च नन्दिषेणः श्रेणिकपुत्रः ६, धनदत्तः सुंसुमापिता ७, श्रावकः ८, अमात्यः ९ ॥४॥। शमकः १०, अमात्यपुत्रः ११, चाणक्यश्चैव १२, स्थूलभद्रश्च १३, 'नासिक्कसुंदरीनंद' त्ति नासिक्यनाम्नि नगरे सुंदरीनन्दो वणिक् १४, 'वइर' इति वैरस्वामी १५, पारिणामिकी बुद्धिरित्यनेन वाक्येनात्र पारिणामिकीबुद्धियुक्ता ब्राह्मणी देवदत्ता च गणिका गृह्यते १६ ॥५०॥**

હવે તેના ઉદાહરણોને ત્રણ ગાથાથી કહે છે–

અભય, શ્રેષ્ઠી, કુમાર, દેવી, ઉદિતોદય રાજા, નંદિષેણ સાધુ, ધનદત્ત, શ્રાવક અને અમાત્ય, શમક, અમાત્ય પુત્ર, ચાણક્ય, સ્થૂલભદ્ર, નાસિક્ય સુંદરી પુત્ર, વજ્રસ્વામી પારિણામિકીના ઉદાહરણો છે. (૪૯-૫૦)

(૧) અભયકુમાર (૨) કાષ્ઠ શ્રેષ્ઠી (૩) ક્ષુલ્લકકુમાર (૪) પુષ્પવતી દેવી (૫) ઉદિતોદય રાજા છે. (૬) શ્રેણિકપુત્ર નંદિષેણ સાધુ (૭) સુંસુમાપિતા ધનદત્ત (૮) શ્રાવક (૯) અમાત્ય (૧૦) શમક (૧૧) અમાત્ય પુત્ર (૧૨) અને ચાણક્ય અને (૧૩) સ્થૂલભદ્ર (૧૪) નાસિક્ય નામની નગરીમાં સુંદરીનો પુત્ર વણિક (૧૫) આર્ય વજ્રસ્વામી (૧૬) અને પારિણામિકી બુદ્ધિ એ વાક્યથી અહીં પારિણામિકી બુદ્ધિથી યુક્ત બ્રાહ્મણી અને દેવદત્તા ગણિકા ગ્રહણ કરાય છે.

**चलणाहण आमंडे, मणी य सप्पे य खग्ग थूभिंदे ।**
**परिणामियबुद्धीए, एमाई होंतुदाहरणा ॥५१॥**

**चरणाहननं १७, 'आमंड' इति कृत्रिमामलकं १८, मणिश्च १९, सर्पश्च २०, 'खग्ग' त्ति खड्गः २१, स्तूपेन्द्रः २२ । पारिणामिक्यां बुद्धौ 'एमाइय' त्ति एवमादीनि भवन्त्युदाहरणानि । एवं च पारिणामिक्यां बुद्धौ सूत्रोपात्तानि द्वाविंशतिर्ज्ञातानि । एतान्यपि स्वयमेव सूत्रकृता भणिष्यन्त इति नेहाश्रितो विस्तरः ॥५१॥**

પગથી હનન, કુત્રિમ આમળું, મણિ, સર્પ, ખડ્ગ, સ્તૂપેન્દ્ર વગેરે પારિણામિક બુદ્ધિના ઉદાહરણો છે.(૫૧)

(૧૭) પગથી તાડન કરવું (૧૮) કુત્રિમ આમળું (૧૯) અને મણિ (૨૦) સર્પ (૨૧) ખડ્ગ (૨૨) સ્તૂપેન્દ્ર વગેરે આ પારિણામિકી બુદ્ધિના ઉદાહરણો છે

આ પ્રમાણે સૂત્રમાં પારિણામિકી બુદ્ધિના બાવીશ ઉદાહરણો કહ્યા છે અને સ્વયં જ સૂત્રકાર આગળ વિસ્તારથી કહેશે તેથી અહીં કહ્યા નથી. (૫૧)

**साम्प्रतमुद्दिष्टज्ञातानां स्वरूपं बिभणिषुरादावेव भरहसिलेतिज्ञातसंग्रहगाथां भरहसिलमेंढकुक्कुडेत्यादिकामष्टाविंशतिगाथाभिर्व्याचष्टे—**

હમણાં બતાવેલા દૃષ્ટાંતોના સ્વરૂપને કહેવાની ઇચ્છાવાળા ગ્રંથકાર આદિમાં ભરતશિલા ઉદાહરણની સંગ્રહગાથાને અર્થાત્ ભરતશિલા, ઘેટો, કુકડો વગેરેને અઠ્યાવીશ ગાથાથી કહે છે.

**उज्जेणिसिलागामे, छोयर रोहण्णमाउवसणम्मि ।**
**पितिकोवेतरगोहे, छायाकहणेणमब्भुदओ[१] ॥५२॥**

**पितिसममुज्जेणीगमणिग्गम पम्हुट्ठणदिणियत्तणया ।**
**सइ दिट्ठनयरिलिहणं, रायणिसेहो णियघरम्मि ॥५३॥**

**पुच्छा साहु निमित्तं, मंतिपरिच्छा सिलाइ मंडवए ।**
**आदण्णेसुं पितिभुंजगमण खणणेगथंभो उ ॥५४॥**

**कहणे चालण संबद्धभासगो तंसि अण्णहा णेयं ।**
**माणुसमेत्तस्सुचियं, तयपुच्छण पुच्छ रोहेणं ॥५५॥**

**अथ पूर्वोक्तसंग्रहगाथाचतुष्टयस्याक्षरार्थः—**

**उज्जयिन्याः समीपे शिलाग्रामे 'छोयररोह' त्ति छोकरो मृतस्वमातृकः रोहकनामा भरतसुतः समभूत् । तस्य च अन्यमात्रा व्यसनेऽसम्यगुपचाररूपे क्रियमाणे सति पितुः कोप इतरश्च संतोषोऽन्यमातृगोचर एव तेन संपादितः । कथमित्याह—गोहस्य परपुरुषस्य प्रथमं, पश्चात्स्वदेहच्छायाया गोहत्वेन परिकल्पितायाः कथनेन पितुर्निवेदनेन ततोऽभ्युदयः सम्यगुपचाररूपोऽन्यमात्रा संपादितोऽस्य ॥५२॥ पित्रा सममुज्जयिनीगमो रोहकस्य कदाचिदभूत् । तदनु दृष्टोज्जयिनीवृत्तान्तस्य निर्गमः पित्रैव सह । ततः 'पम्हुट्ठ' त्ति विस्मृतस्य कस्यचिदर्थस्य निमित्तं 'णइनियत्तणया' इति नदीपुलिनात् पित्रा निवर्त्तनं**

१. इयं प्राग्-४८ तमे पत्रे आगता, तथापि पुनरप्यत्रोल्लिखितादर्शपुस्तकेषु प्रायः सर्वत्रैवं दृश्यते अतोत्रापि तथैवन्यस्तेति ।

कृतम् । तत्र च सकृद्दृष्टनगरीलेखनं रोहकेण तदनु तद्देशागतस्य राज्ञो निषेधो निजगृहे आलिखितराजकुलमध्ये प्रविशतः सतः कृतः ॥५३॥ ततो राज्ञा पृच्छा कृता । अत्रान्तरे 'साधु निमित्तं' शोभनशकुनरूपं संजातम् । तदनु 'मंतिपरिच्छा' इति मन्त्रिपदनिमित्तं तस्य प्रारब्धा, यथा-शिलाया मण्डपः कार्यः । ततः 'आदण्णेसु' त्ति आकुलेषु ग्रामवृद्धेषु सत्सु 'पिइभुंजगमण' त्ति रोहकपितुर्भोजनार्थमुत्सूरे गृहगमनं संपन्नम् । ततो रोहकबुद्ध्या खनने संपादिते एकमहामूलस्तम्भः शिलामण्डपः संपादितः । तुः पादपूरणार्थः ॥५४॥ ततो राज्ञस्तद्ग्रामवासिना केनचित् कथने कृते सति 'चालण' त्ति चालना विहिता पार्थिवेन यथाऽसंबद्धभाषकस्त्वमसि । तेनाप्युक्तम् अन्यथा नेदम् । ततो भूभुजा काक्वा प्रत्यपादि 'माणुसमेत्तस्सुचियं' ति मानुषमात्रस्योचितं किमेवंविधार्थकरणम् !। ततः 'तदपुच्छण पुच्छ रोहेणं' ति तस्य प्रथमनिवेदकस्य पुरुषस्यापृच्छनेन तमपृच्छ्यमानं कृत्वेत्यर्थः, अन्यस्य कस्यचिन्मध्यस्थस्य पृच्छा कृता । तेनाप्यावेदितं यथा रोहकेणायमाश्चर्यभूतो मण्डपः कारित इति ॥५५॥ १॥

હવે પૂર્વોક્ત ચાર સંગ્રહ ગાથાનો અક્ષરાર્થ–

ઉજ્જૈની નગરીની નજીક શિલાગ્રામમાં પોતાની માતા મરણ પામેલી છે એવો રોહક નામનો ભરતનો પુત્ર હતો. અને સાવકીમાતા દુઃખમાં સારી રીતે રોહકની સંભાળ નથી કરતી ત્યારે તેના પિતાને કોપ કરાવ્યો અને પછી રોહકે સાવકી માતા સંબંધી પિતાને સંતોષ થાય તેમ કર્યું. તે કેવી રીતે તેને કહે છે– પ્રથમ પરપુરુષનું નિવેદન કરી અને પછી પોતાની પરિકલ્પિત શરીરની છાંયાથી પિતાને પરપુરુષનું નિવેદન કરી સાવકી માતા પાસે સારી રીતે સાર સંભાળરૂપ કાર્ય કરાવ્યું. ક્યારેક રોહકનું પિતાની સાથે ઉજ્જૈની જવાનું થયું. ત્યાર પછી ઉજ્જૈનીના વૃત્તાંતને જાણી પિતાની સાથે પાછો ફર્યો. પછી પિતા ભુલાઇ ગયેલી કોઇક વસ્તુ પાછી લેવા માટે રોહકને નદી કાંઠે મૂકી નગરીમાં ગયો. અને ત્યાં (નદી કાંઠે) એકવાર જોયેલી નગરીનું આલેખન કર્યું. પછી તે સ્થાને આવેલા રાજાને આલેખાયેલી નગરીના રાજકુળની મધ્યભાગમાં પોતાના ઘરમાં પ્રવેશ કરતા રોક્યો. પછી રાજાએ પૃચ્છા કરી. આટલીવારમાં સારું નિમિત્ત થયું, અર્થાત્ શુભ શકુન થયું. પછી મંત્રીના પદ નિમિત્તે તેની પરીક્ષા કરી, જેમકે શિલાનો મંડપ કરવો. ગ્રામના વૃદ્ધો મુંઝાયા ત્યારે રોહકના પિતા ભોજન કરવા ઘરે મોડા આવ્યા. પછી રોહકની બુદ્ધિથી ખોદીને એક મોટા સ્તંભવાળો શિલામંડપ તૈયાર કરાયો. તુ શબ્દ પાદપૂરણ માટે છે. તે ગામના રહેનારાએ રાજાને આ વાત જણાવી ત્યારે તેની ચોકસાઇ કરવા રાજાએ તપાસ કરાવી કે આ સત્ય છે કે નહીં. તેણે પણ કહ્યું: આ અન્યથા નથી, અર્થાત્ યથાર્થ છે. શું આવા પ્રકારનું કાર્ય માણસ માત્રથી કરવું શક્ય છે ? એમ રાજાએ પ્રશ્ન કર્યો. રાજાને પ્રથમવાર જણાવનાર માણસને પુછ્યા વિના બીજા કોઇક મધ્યસ્થ પુરુષને પુછ્યું. તેણે પણ જણાવ્યું કે રોહકે આ આશ્ચર્યભૂત મંડપ કરાવ્યો છે. (૫૨-૫૫)

## ઔત્પાત્તિક બુદ્ધિ ઉપર રોહકનું દૃષ્ટાંત

માલવદેશના આભૂષણરૂપ, અતિઘણાં મોટા ધનના ઢગલાવાળી, વિસ્તીર્ણ દેવભવનવાળી એવી ઉજ્જૈની નામે નગરી છે. તેમાં શત્રુપક્ષનો વિક્ષોભ કરનાર, હંમેશા ગુણવાન, અતિદૃઢ પ્રતિજ્ઞાવાળો, ન્યાયગુણથી યુક્ત એવો જિતશત્રુ નામે રાજા હતો. ધર્મ, અર્થ અને કામ પુરુષાર્થમાં યથાર્થ સુંદર આરાધન કરવામાં શ્રેષ્ઠ એવો તે ભુવનમાં આશ્ચર્ય કરનાર નિરવદ્ય એવા પોતાના રાજ્યને ભોગવે છે. કુતૂહલથી સંચલિત મનવાળા એવા તેણે વિદ્વદ્જનયોગ્ય નાટક-નૃત્ય-કથાનક-ગીતાદિ કાર્યોમાં શ્રેષ્ઠ કુશળતાને પ્રાપ્ત કરી. (૪)

હવે ઉજ્જૈનીની નજીકમાં શિલાથી યુક્ત શિલાગ્રામ નામનું ગુણનિષ્પન્ન ગામ છે અને તેમાં ભરત નામનો નટ રહે છે. તેણે નાટક વિદ્યામાં પ્રશંસા મેળવી છે અને તે ગામનો સ્વામી છે અને તેનો ગામની શોભારૂપ રોહક નામનો પુત્ર છે. હવે ક્યારેક કોઈક વખતે રોહકની માતા મરણ પામી ત્યારે ભરત ઘરકાર્ય કરવા માટે તેની બીજી માતાને લાવે છે. અર્થાત્ બીજી સ્ત્રીને પરણે છે. રોહક બાળક છે અને તેની સાવકી માતા હિલના કરવામાં પ્રવૃત્ત થાય છે, અર્થાત્ દુઃખ આપે છે. ઉત્પત્તિક બુદ્ધિવાળા રોહકે તેને કહ્યું: હે માત ! જો તું મારી સાથે સારું વર્તન નહીં કરે તો ઠીક નહીં થાય, તથા હું એવું કરીશ જેથી તું મારા પગમાં પડશે." આ પ્રમાણે કાળ પસાર થાય છે ત્યારે કોઈક વખત ચંદ્રના પ્રકાશથી ઉજ્જ્વળ રાત્રિએ રોહક પિતાની સાથે એક શય્યામાં સૂતો. પછી મધ્યરાત્રીએ ઊઠીને પાસે રહી પોતાની છાયાને જોઈ પરપુરુષનો સંકલ્પ કરી મોટો અવાજ કરી પિતાને ઉઠાળ્યો અને કહ્યું: હે તાત ! તમે જુઓ એકાએક ઊભો થયેલો કોઈ પરપુરુષ જાય છે. જેટલામાં ભરત પોતાની નિદ્રા ઊડાળીને આંખોથી જુએ છે તેટલામાં તેને જોતો નથી. અને પૂછ્યું: હે વત્સ ! તે પરપુરુષ ક્યાં છે ? તેણે કહ્યું કે આ બાજુથી જલદી જલદી જતો મેં જોયો. હે પિતા ! તમે ખોટું ન માનશો. સ્ત્રી નષ્ટશીલવાળી જાણીને તેના પ્રત્યે શિથિલ આદરવાળો થયો. ભરત તેના પ્રત્યે સદ્ભાવપૂર્વકની વાતચીતથી રહિત થયો. પશ્ચાત્તાપને પામેલી તે કહે છે– હે વત્સ! તું આવું ન કર. તે કહે છે કે તું મારી સાથે બરાબર નથી વર્તતી. તે કહે છે કે હવે હું સારી રીતે વર્તીશ. તેથી તું એવું કર જેથી તારો પિતા મારી સાથે આદરવાળો થાય. રોહકે આ સ્વીકાર્યું, તે પણ સારી રીતે વર્તવા લાગી. પછી ક્યારેક તેવા પ્રકારની રાત્રિની અંદર સૂઈને ઊઠેલો રોહક પિતાને કહે છે કે હે પિતા ! આ, આ, તે પુરુષ છે. પિતાએ પુછ્યું: ક્યાં છે ? પોતાની જ છાયા બતાવીને રોહક કહે છે કે હે પિતા ! આને જુઓ. ભરત વિલખો થઈ પૂછે છે કે પૂર્વે તેં કહેલ પરપુરુષ પણ શું આવા પ્રકારનો હતો ? હા, એમ રોહકે કહ્યું. તેણે કહ્યું: અહો ! બાળકોના વચનો કેવા હોય છે ? આ પ્રમાણે વિચારીને ભરત સ્ત્રી ઉપર ઘણો રાગી થયો પછી માતા ભોજનમાં વિષ આપી દેશે એવા ભયથી રોહક હંમેશા પણ પિતાની સાથે જમે છે. (૨૧)

હવે રોહક ક્યારેક પિતાની સાથે ઉજ્જૈની નગરીમાં ગયો અને ત્રણ માર્ગ, ચાર માર્ગ વગેરે ચોકવાળી તે નગરીને જોઇ. દિવસના અંતે પોતાના ગામ તરફ પાછા ફર્યા. પિતા સિપ્રા નદીના રેતીના કાંઠે પુત્રને મૂકીને ભુલાઇ ગયેલી વસ્તુને લેવા માટે ફરી નગરીમાં ગયો. પછી અતિ નિપુણ બુદ્ધિમાન રોહકે તે રેતીના કાંઠા ઉપર ત્રણ-ચાર રસ્તાના ચોકથી યુક્ત મહેલો સહિત નગરી આલેખી. હવે જિતશત્રુ રાજા નગરીની બહાર ગયો હતો તે પાછો ફર્યો. ધૂળના ભયથી અશ્વ ઉપર આરૂઢ થયેલો તે એકલો તે પ્રદેશ પાસે આવ્યો. જેટલામાં ઝડપથી આવે છે તેટલામાં રોહકે કહ્યું: તમે અહીંથી ન જાઓ. શું આગળ ઊંચો રાજમહેલ નથી જોતા ? રાજમહેલ અહીં ક્યાંથી એમ રાજાએ જેટલામાં કહ્યું તેટલામાં ઘણા સારા ગુણવાળો શકુન થયો. પછી રાજા વિચારમાં ગરકાવ થયો. પછી રોહકે રાજકુલ સહિત વિસ્તારથી નગરીનું વર્ણન કર્યું. રાજાએ કહ્યું કે તારો નિવાસ ક્યાં છે? અર્થાત્ તું ક્યાં રહે છે ? ભરતનો પુત્ર એવો હું આ જ શિલાગ્રામમાં વસું છું. પ્રયોજનથી પિતાની સાથે અહીં આવ્યો છું, હમણાં પાછો શિલાગ્રામ જાઉં છું. રાજાને એક ન્યૂન પાંચશો મંત્રીઓ છે, અર્થાત્ ચારશો નવ્વાણું મંત્રીઓ છે. તેઓમાં જે શિરોમણિ બની શકે તેવા એક મંત્રીની શોધમાં છે. (૩૦)

પછી ક્ષણમાત્રથી કાર્ય પતાવીને ભરત આવી ગયો. તેની સાથે રોહક પોતાના ગામમાં ગયો. રાજાએ રોહકની બુદ્ધિની પરીક્ષા લેવાનું શરૂ કર્યું. પછી તેનો ગામ આદેશ કરાયો કે ગામની બહાર જે વિશાલ શિલા છે તેનાથી સુશોભિત પ્રચંડ થાંભલાના સમૂહવાળો મંડપ બનાવો. ગામલોક વ્યાકૂળ થયો. સંતાપ પામેલી માતા મને ઝેરવાળું ભોજન ન આપે તેથી ભોજનવેળા થઇ છતાં પિતા વિના રોહક ભોજન કરતો નથી. હવે પ્રસન્ન મુખવાળો તે મોડા આવેલા પિતાને કહે છે મને ઘણીવારથી ભુખ-તરસ લાગી છે. હે પુત્ર ! તું સુખી છે, રાજાએ અતિદારૂણ આજ્ઞા મોકલી છે તેથી તેનાથી (આજ્ઞાથી) વ્યાકુલ થયેલા માણસોને આટલું મોડું થયું. આજ્ઞા સાંભળ્યા પછી તેના ભેદને (રહસ્યને) જાણનાર રોહકે કહ્યું: પહેલા ઈચ્છાપૂર્વક ભોજન કરો પછી તેનો ઉકેલ કરી આપીશ. ભોજન કર્યા પછી રોહકે ગામને કહ્યું: ટેકારૂપે થાંભલા રાખીને શિલાની નીચેનો બાકીનો ભાગ ખોદો. એ પ્રમાણે કરાયે છતે તેઓનો મંડપ તત્ક્ષણ તૈયાર થયો. રાજાને ખબર આપી. આવું કોના વડે કરાયું ? એમ રાજાએ પુછ્યું. ભરતના પુત્ર રોહકના બુદ્ધિપ્રભાવથી ખોદવાથી થાંભલાના ટેકાથી મંડપ તૈયાર થયો. બાજુમાં રહેલા બીજાને પૂછીને રાજાએ વાતની ખાતરી કરી. આ પ્રમાણે રોહકની ઉત્પત્તિકી બુદ્ધિ કહી. એ પ્રમાણે મેંઢક વગેરે બીજા પણ ઉદાહરણોની કથા પૂર્ણ થાય ત્યાં સુધી ઉત્પાત્તિકી બુદ્ધિની યોજના કરવી.

अथ मेंढित्ति द्वारम्—

तत्तो मेढगपेसणमणूणाहियमहद्धमासेण ।
जवसविगसण्णिहाणा, संपाडण मो उ एयस्स ॥५६॥

ततस्तदनन्तरं 'मेण्ढकप्रेषणं' मेण्ढकस्य मेषस्य प्रेषणं कृतं राज्ञा ग्रामे । उक्ताश्च ग्रामवृद्धा यथामुं मम मेषमन्यूनाधिकं च धारयेध्वम्, अथार्द्धमासेन समर्पयेध्वमिति । ततस्तै रोहकादिष्टै 'यवसवृकसन्निधानाद्' यवसस्य यवहरितकलक्षणस्य वृकस्य चाटव्यजीवविशेषस्य समीपस्थानात् 'संपाडण' त्ति संपादनम्; 'मो उ' त्ति पादपूरणार्थः, एतस्यादेशस्य कृतम् । मेण्ढो हि यवसं चरन् यावद् बलं लभते, सततं वृकदर्शनोत्पन्नभयात्तावदसौ मुञ्चतीति अन्यूनाधिकबलता संजाताऽस्येति ॥५६॥२॥

હવે મેંઢો એ પ્રમાણે દ્વાર કહેવાય છે–

પછી મેંઢો મોકલીને પંદર દિવસમાં વધઘટ વજન વિનાનો કરો એવો આદેશ ફરમાવ્યો. જવના ભોજનથી અને વરૂના દર્શનથી તે પ્રમાણે સાધી (કરી) આપ્યું. (૫૬)

## ઔત્પત્તિક બુદ્ધિ ઉપર મેંઢકનું ઉદાહરણ

ત્યાર પછી રાજાએ તે ગામમાં એક ઘેટાને મોકલાવ્યો અને કહેવડાવ્યું કે તમારે આ ઘેટાનું વજન વધે પણ નહીં અને ઘટે પણ નહીં તે રીતે પંદરદિવસ પાલન કરીને પછી પાછો મોકલવો. તેઓએ રોહકની બુદ્ધિથી જવના લીલા ઘાસથી અને વરૂના સાનિધ્યથી તે મુજબ કરી રાજાની આજ્ઞાનું પાલન કર્યું. મેંઢો જવના લીલા ઘાસને ચરીને જેટલો પુષ્ટિ પામે છે તેટલો સતત વરૂના દર્શનથી ઉત્પન્ન થયેલા ભયથી કૃશતાને પામે છે તેથી તેના વજનમાં સમતોલપણું જળવાઇ રહે છે. (૫૬)

अथ कुक्कुडेत्ति द्वारम्—

जुज्झावेयव्वो कुक्कुडोत्ति पडिकुक्कुडं विणा आणा ।
आदरिगसपडिबिंबप्पओगसंपादणा णवरं ॥५७॥

योधयितव्यो युद्धं कारणीयोऽयं मम कुक्कुटस्ताम्रचूडः, इतिशब्दो भिन्नक्रम उत्तरत्र योज्यते, प्रतिकुक्कुटं द्वितीयकुक्कुटं विनान्तरेण इत्येषा आज्ञा राज्ञा प्रहिता । तत आदर्शके दर्पणे यन्निजमेव प्रतिबिम्बं प्रतिकुक्कुटतया संभावितं तेन तस्य प्रयोगो व्यापारः तेन संपादना घटना आज्ञायाः कृता रोहकेण, नवरं केवलं नान्यप्रयोगेणेत्यर्थः । स हि मुग्धतया निजप्रतिबिम्बमेव प्रतिकुक्कुटतया संभावयन् संपन्नतीव्रमत्सरतया संजातोत्साहो युध्यति, न च कथञ्चिद् भज्यत इति ॥५७॥ ३॥

હવે કુકડાના દ્વારને કહે છે–

કુકડાને દુશ્મન કુકડા વિના લડાઈ કરાવવી એમ રાજાની આજ્ઞા થઈ અને તે અરીસા (દર્પણ)માં પ્રતિબિંબ બતાવવા પૂર્વક પાલન કરવામાં આવી. (૫૭)

## ઔત્પાત્તિક બુદ્ધિ ઉપર કુકડાનું ઉદાહરણ

મારા કુકડાને તમારે બીજા શત્રુ કુકડા વિના લડાવવો એમ રાજાની આજ્ઞા થઈ. ઈતિ શબ્દ ભિન્નક્રમમાં છે અને તેનો પ્રયોગ આજ્ઞા શબ્દ પછી જાણવો. પછી તે કુકડો અરીસામાં પોતાના જ પ્રતિબિંબને શત્રુ કુકડાની કલ્પના કરી લડવા લાગ્યો. આ રીતે રોહક વડે રાજાની આજ્ઞાનું પાલન કરાયું પરંતુ બીજો કોઈ પ્રયોગ ન કર્યો. તે કુકડો પોતાની અજ્ઞાનતાથી પોતાના જ પ્રતિબિંબને શત્રુ કુકડો માનીને તીવ્ર મત્સરથી ગુસ્સાવાળો થયેલો લડે છે પરંતુ કંઈપણ ભંગાતું નથી. (૫૭)

**तिल्लसममाणगहणं, तिलाण तत्तो य एस आदेसो ।**
**आदरिसगमाणेणं, गहणा संपाडणमिमस्स ॥५८॥**

**तैलसमेन मानेन ग्रहणं तिलानाम्, इदमुक्तं भवति—येन मानेन मदीयानेतांस्तिलान् कश्चिद् गृह्णाति तेनैव तैलमप्यस्य दातव्यम्, आत्मवञ्चना च रक्षणीया, ततश्च पूर्वोक्तादेशानन्तरं पुनरेष आदेशः प्रेषितो महीपालेन । रोहकबुद्ध्या च आदर्शकमानेन दर्पणलक्षणेन प्रमाणेन ग्रहणात्तिलानाम्, उपलक्षणत्वात्तैलप्रदानाच्च संपादनमस्यादेशस्य कृतं ग्रामवृद्धैः। आदर्शकेन हि तिलेषु गृह्यमाणेषु दीयमाने च तैले ग्रामेयकाणां न कदाचिदात्मवञ्चना संपद्यते, यदि परं तिलस्वामिनो राज्ञः ॥५८॥४॥**

પછી જે માપથી તલ લેવામાં આવે તે માપથી માપીને તેલ આપવું એવો રાજાએ આદેશ કર્યો ત્યારે અરીસાના માપથી તલ કે તેલની લેવડ દેવડ કરીને આ આદેશનું પાલન કર્યું. (૫૮)

## ઔત્પાત્તિક બુદ્ધિ ઉપર તલના માપનું ઉદાહરણ

તલના માપથી તેલનું ગ્રહણ કરવું. કહેવાનો ભાવ એ છે કે જે માપથી કોઈક મારા તલને લે તે જ માપથી તેને તેલ પણ આપવું, આમ કરીને પણ આત્મવંચના ન કરવી, અર્થાત્ આપ લે કરતી વખતે કોઈને નુકશાન ન થાય તે રીતે કરવું. પૂર્વના આદેશ પછી રાજાએ આવો આદેશ મોકલ્યો અને રોહકની બુદ્ધિથી અરીસાના માપથી તલનું ગ્રહણ કર્યું. આ ઉપલક્ષણ[1] છે. આથી આનાથી તેલનું પ્રદાન કર્યું એમ પણ સમજવું. આ રીતે રાજાના આદેશને ગામના વૃદ્ધોએ પૂરો

૧. શબ્દના ત્રણ પ્રકારના અર્થો થાય છે. (૧) વાચ્યાર્થ (૨) લક્ષ્યાર્થ અને (૩) વ્યંગ્યાર્થ.
(૧) **વાચ્યાર્થ**–બોલેલા શબ્દનો ચોખ્ખો (મૂળ=મુખ્ય) અર્થ અથવા શબ્દની અભિધાશક્તિથી નીકળતો મૂળ અર્થ.

કર્યો. અરીસાના માપથી ગ્રહણ કરાતા કે અપાતા તલ કે તેલથી ગામના લોકોને ક્યારેય પણ આત્મવંચના[1] નથી તેમ જ તલના સ્વામી રાજાને પણ આત્મવંચના થતી નથી.

**वालुगवरहाणत्ती, अदिट्ठपुव्वोति देह पडिछंदं ।**
**किं एस होइ कत्थइ, भणह, इमं जाणइ देवो ॥५९॥**

**ततो वालुकावरहस्य सिकतामयवरत्रालक्षणस्य आज्ञप्तिराज्ञा, दत्ता राज्ञा, यथा-वालुकावरहकः कूपसलिलसमुद्धरणार्थमिह प्रेषणीयः, रोहकव्युत्पादितैश्च तैर्भणितम्, यथा, अदृष्टपूर्वोऽयमस्माकमीदृशो वरहकः इत्यस्मात्कारणात् 'दत्त' समर्पयत देव ! यूयं प्रतिच्छन्दं वालुकावरहकप्रतिबिम्बकम् । एवमुक्तो राजा प्रतिभणति यथा—किमेष प्रतिच्छन्दो भवति कुत्रापि इति भणत यूयमेव ग्राम्याः। ततो रोहकशिक्षितैरेव तैरुक्तम्, यथेदं वालुकावरहकः कुत्रापि भवति नवेत्येवंरूपं वस्तु जानाति देवः ॥५९॥५॥**

**ગાથાર્થ**— રાજાએ રેતીના દોરડાની આજ્ઞા કરી. આ દોરડું જોવાયું નથી માટે તેનો નમૂનો આપો તે મુજબ બનાવી શકાય. શું આનો નમૂનો ક્યાંય હોય ? એમ કહો. તેથી દેવ પણ જાણે છે નમૂનો ન હોય તો દોરડો પણ ન હોય. (૫૯)

## ઔત્પાત્તિક બુદ્ધિ ઉપર દોરડાનું ઉદાહરણ

પછી રાજાએ રેતીનું દોરડું બનાવવાની આજ્ઞા કરી. જેમકે— કૂવામાંથી પાણી સિંચવા માટે રેતીનું દોરડું અહીં મોકલાવો. રોહકની ઉત્પાત્તિકબુદ્ધિથી ગામલોકોએ રાજાને જણાવ્યું કે અમોએ આવો દોરડો ક્યારેય જોયો નથી, આ કારણથી હે દેવ ! તમો એનો નમૂનો મોકલાવો જેથી તે

(૨) **લક્ષ્યાર્થ**— ઉપલક્ષણ અર્થ— વાચ્યાર્થ રહે ઉપરાંત બીજા અર્થનું જાણવાપણું. જેમકે— કાગડાથી દહીંનું રક્ષણ કરવું. અહીં વાચ્યાર્થ કાગડો પક્ષી છે અને લક્ષ્યાર્થ કાગડા સિવાયના બીજા પ્રાણીઓ છે. જેવાકે— બિલાડી, કૂતરો અને બીજા પક્ષીઓ. કહેવાનો ભાવ એ છે કે કાગડાથી તેમજ બિલાડી, કૂતરાદિથી દહીંનું રક્ષણ કરવું.

(૩) **વ્યંગ્યાર્થ**— વાચ્યાર્થ અને લક્ષ્યાર્થ ઉપરાંત એ બે અર્થથી ભિન્ન કોઇ ચમત્કારી અર્થનું ભાન કરાવનારી શબ્દની વૃત્તિ. જેમકે **तीरे घोषः** એટલે કાંઠા ઉપર ગોશાળા છે. એમ કહેવાથી શ્રોતાને સહેલાઇથી કાંઠા ઉપર રહેલી ગોશાળાનો બોધ થઇ શકે તેમ હતું તેમ છતાં **गङ्गायां घोषः** એટલે ગંગા ઉપર ગોશાળા છે એમ કહેવાનો હેતુ ગંગાતીર વિષે શીતળતા, પાવનતા આદિનો બોધ કરાવવા માટે છે. એમ શીતળતા પાવનતાદિકની પ્રતીતિ ગંગા પદની લક્ષણા વૃત્તિથી થઇ શકતી નથી તેમ શક્તિવૃત્તિથી થઇ શકતી નથી. તેમ વક્તાનું તાત્પર્ય ગોશાળાનું સ્થાન બતાવવામાં છે માટે ત્રણેથી ભિન્ન જે શીતળતા પાવનતાદિકનું ભાન આ અર્થથી થાય છે માટે એ વ્યંગ્યાર્થ છે. તેમ પ્રસ્તુતમાં તલ ઉપલક્ષણ છે, અર્થાત્ તલ શબ્દનો વાચ્યાર્થ તલ થાય છે અને ઉપલક્ષણાર્થ તેલ પણ થાય છે.

૧. **આત્મવંચના**— અરીસાની સપાટી ઉપર જેટલા માપથી જેટલી કિંમતનું તેલ ટકી શકે છે. તેટલા માપથી તેટલી કિંમતના તલ પણ રહી શકે છે. પવાલાદિમાં જેટલા માપથી જેટલી કિંમતના તલ રહી શકે છે તેટલા માપથી તેટલી કિંમતનું તેલ નથી રહી શકતું.

મુજબ બનાવીને મોકલી આપીએ. આ પ્રમાણે પ્રત્યુત્તર સાંભળીને રાજા કહે છે– શું આનો ક્યાંય પણ નમૂનો હોઈ શકે ? હે ગ્રામલોકો ! તમે જ કહો. પછી રોહક વડે ભણાવાયેલા ગામવાસીઓએ કહ્યું કે રેતીનો દોરડો નમૂનારૂપે ક્યાંય છે કે નહીં તે દેવ જાણે છે. (૫૯)

**अप्पाउहत्थिअप्पण, पउत्ति अणिवेयणं च मरणस्स ।**
**आहारादिनिरोहा, पउत्तिकहणेण पडिभेदो ॥६०॥**

**ततः 'अप्पाउहत्थिअप्पण' त्ति अल्पायुषः पारप्राप्तप्रायप्राणस्य हस्तिनो गजस्यार्पणं ढौकनं तेषां राज्ञा कृतं, इदं चोक्तं—यथा, 'प्रयुक्ति'र्वार्ता प्रतिदिनमस्य देया, 'अनिवेदनं' चाकथनमेव मरणस्य, एष मृतः सन्न कथनीय इत्यर्थः । तथेति प्रतिपन्नमेतत्तैः। अन्यदा च मृतो हस्ती । व्याकुलीभूतश्च ग्रामः । रोहकादेशेन 'आहारादिनिरोधाद्' आहारादिनिरोधमाश्रित्येत्यर्थः, प्रयुक्तिकथनेन 'प्रतिभेदः' प्रत्युत्तरं ग्रामेण कृतम्—यथा देव ! युष्मदीयो हस्ती, नो जानीमः किं तत्कारणमद्य नोत्तिष्ठति, न निषीदति, न समर्पितमपि चरणं चरति, जलं च न पिबति, नोच्छ्वसिति, न निःश्वसिति, नाक्षिभ्यां निरीक्षते, नच पुच्छादि चालयतीति । ततो भूमीभुजोक्तम्—किमसौ मृतः ! तैरुक्तम्—एवंविधव्यतिकरे यद्भवति तद्देव एव जानाति, किं वयं ग्रामीणा विद्मः !॥६०॥६॥**

**ગાથાર્થ**-મરણની અણી ઉપર રહેલા હાથીને મોકલાવ્યો અને કહ્યું કે મરણ સિવાયના સર્વ સમાચાર આપવા, એવી આજ્ઞા રાજાએ કરી. તમે મોકલાવેલ હાથી આહારાદિ કરતો નથી એવા વચનોથી જવાબ આપ્યો. (૬૦)

## ઔત્પાત્તિક બુદ્ધિ ઉપર હાથીનું ઉદાહરણ

રાજાએ શાલિગ્રામમાં મરણની અણી પર રહેલા હાથીને મોકલાવી કહેવડાવ્યું કે આ હાથીના સમાચાર દરરોજ મોકલાવવા પણ આ મરી ગયો છે એવા સમાચાર ન મોકલવા. ગ્રામલોકોએ આ આજ્ઞાનો સ્વીકાર કર્યો અને ક્યારેક હાથી મર્યો. ગામલોક વ્યાકુળ થયો. રોહકના કહેવાથી હાથી આહારાદિ કરતો નથી એવી યુક્તિપૂર્વકના કથનથી ગ્રામલોકોએ પ્રત્યુત્તર મોકલ્યો. જેમ કે– હે દેવ! અમે જાણતા નથી કયા કારણથી તમારો હાથી આજે ઊઠતો નથી, બેસતો નથી, નીરેલો ચારો ચરતો નથી અને પાણી પીતો નથી, શ્વાસ લેતો નથી, નિઃશ્વાસ મૂકતો નથી, બે આંખોથી જોતો નથી અને પૂંછડું હલાવતો નથી વગેરે. પછી રાજાએ કહ્યું: શું આ મરી ગયો છે ? તેઓએ કહ્યું: આવા વ્યતિકરમાં હાથીની જે સ્થિતિ હોય તેને દેવ જ જાણે. અહીં અમે ગામડિયાઓ શું જાણીએ ? (૬૦)

**आणेह सगं अगडं, उदगं मिट्ठंतिमीइ आणाए ।**
**आरण्णगोत्ति पेसह—कूवियमाकरणमित्तीए ॥६१॥**

तत आनयत स्वकं 'अवटं' कूपं अत्र कुतः 'उदकं' जलं तत्कूपसंबन्धि 'मिष्टं' मधुरमित्यस्माद्धेतोः । अत्र हि नगर्यामतिसंभारजनवासवशेन [1]क्षालादिरससंक्रमाद्विरसानि कूपजलानीति कृत्वा ग्रामावटानयनमादिष्टं भवतामिति । [2]अस्यामाज्ञायां पतितायां सत्यां तैर्ग्रामेयकैः आरण्यकोऽस्योद्भवोऽज्ञ इत्यर्थ इत्यस्माद्धेतोः प्रेषयत एतदाकर्षिकां कूपिकां नगरीसंबन्धिनीं सुदक्षामेकां, तेन तदनुमार्गलग्नोऽसावस्मदीयकूपः पुरीं समभ्येतीति अनेन प्रकारेण निवर्त्तनमस्या आज्ञायाः । यथा न राजा कूपिकां प्रेषयितुं पटुस्तथा तेऽपि स्वकमवटमित्यनपराधतैव तेषामिति भावः ॥६१॥७॥

ગાથાર્થ-તમારો મીઠા પાણીનો કૂવો અહીં લઇ આવો એવી રાજાની આજ્ઞા થઇ. અમારો અજ્ઞાની કૂવો માર્ગનો અજાણ છે એટલે રસ્તો બતાવવા તમારા કૂવાને અહીં મોકલી આપો. (૬૧)

## ઔત્પાત્તિક બુદ્ધિ ઉપર કૂવાનું ઉદાહરણ

રાજાએ શિલાગ્રામવાસીઓને આદેશ કર્યો કે તમારા ગામના કૂવાને અહીં લઇ આવો કારણ કે તેનું પાણી મીઠું છે. આ નગરીમાં અતિ ગીચ વસ્તીના વસવાટથી અને ગટરનું પાણી જમીનમાં ઉતરવાથી કૂવાના પાણી વિરસ થયા છે તેથી તમોને તમારા ગ્રામનો કૂવો અહીં લાવવા આદેશ કર્યો છે. આવી આજ્ઞા થઇ ત્યારે ગ્રામવાસીઓએ જણાવ્યું કે અમારો ગામડાનો કૂવો અજ્ઞાની છે તેથી તેને માર્ગ બતાવવામાં ચતુર એવી નગરની એક વાવડીને અહીં મોકલાવો. તે વાવડીની પાછળ પાછળ ચાલતો અમારા ગામનો કૂવો નગરીમાં આવશે. આ પ્રકારે રાજાની આ આજ્ઞાનું પાલન કરાયું. જેમ રાજા વાવડીને મોકલી શકવા શક્તિમાન ન થયો તેમ કૂવો નહીં મોકલવા છતાં, તેઓ નિરપરાધ થયા. (૬૧)

**गामावरवणसंडं, पुव्वं कुणहत्ति मीयय इमं तु ।**
**तत्तोऽवरेण ठवणं तेण निवेसेण गामस्स ॥६२॥**

ततः ग्रामादपरस्यां दिशि यो वनषण्डस्तं पूर्वं पूर्वदिग्भागवर्त्तिनं ग्रामात् कुरुत । इत्येवंरूपायामस्यां च नृपाज्ञायां पुनः इदं त्विदमेव वक्ष्यमाणलक्षणमुत्तरं तैः कृतम्, यथा, ततो वनषण्डादपरेण पश्चिमायां दिशि स्थापनं कृतं तेन निवेशेनैवाकारेणेत्यर्थो ग्रामस्य । एवं हि कृते पूर्वेण वनषण्डो ग्रामात्, अपरेण ग्रामश्च वनषण्डात् संपन्नः ॥६२॥८॥

ગાથાર્થ-ગામની પશ્ચિમ દિશામાં વનખંડ છે તેને પૂર્વ દિશામાં કરો એવી મારી આજ્ઞા છે. પછી ગામના વસવાટને વનખંડના પશ્ચિમ દિશામાં કરી આજ્ઞાનું પાલન કર્યું. (૬૨)

१. क 'क्षेत्रादि' ।
२. क 'माज्ञायां सत्यां'

### ઔત્પાત્તિક બુદ્ધિ ઉપર વનખંડનું ઉદાહરણ

પછી ગામની પશ્ચિમ દિશામાં જે વનખંડ છે તેને ગામની પૂર્વ દિશામાં કરો આવા પ્રકારની રાજાની આજ્ઞા થઇ ત્યારે આ હવે કહેવાતા પ્રકારવાળા ઉત્તરથી તેઓએ રાજાની આજ્ઞાનું પાલન કર્યું. જેમ કે– પછી તેઓએ વનખંડની પશ્ચિમ દિશામાં ગામનો વસવાટ કર્યો એટલે વનખંડ નિવેશથી પૂર્વમાં થયો અને વનખંડથી પશ્ચિમ દિશામાં ગામ થયું. (૬૨)

**अग्गिं सूरं च विणा, चाउलखीरेहिं पायसं कुणह ।**
**आदेसे संपाडणमुक्कुरुडुम्हाइ एयस्स ॥६३॥**

**'अग्निं' वैश्वानरं 'सूरं' चादित्यं 'विना' अन्तरेण 'चाउलखीरेहिं' त्ति चाउलक्षीरैः चाउलैस्तण्डुलैः क्षीरेण च पयसा 'पायसं' परमान्नं कुरुत । अस्मिन् आदेशे राजाज्ञारूपे आपतिते सति संपादनं कृतम् । कथमित्याह—'उत्कुरुटिकोष्मणा' उत्कुरुटिका नाम बहुकालसंमिलितगोमयादिकचवरपुञ्जस्तस्योष्मा उष्णस्पर्शलक्षणस्तेन 'एतस्य' आदेशस्य। रोहकादिष्टैस्तैर्निबिडं मृण्मयभाजनं मध्यनिक्षिप्तसमुचिततन्दुलदुग्धं विधायागाधे उत्कुरुटिकाक्षेत्रे निक्षिप्तम् । ततः कतिपयप्रहरपर्यन्ते सुपक्वं पायसं संजातं राज्ञश्च निवेदितमिति ॥६३॥९॥**

**ગાથાર્થ**–અગ્નિ અને સૂર્ય વિના ચોખા અને દૂધનું પાયસ કરો. આ આજ્ઞાનું પાલન ઉકરડાની ગરમીથી કરાયું. (૬૩)

### ઔત્પાત્તિક બુદ્ધિ ઉપર ખીરનું ઉદાહરણ

અગ્નિ અને સૂર્યના કિરણોની સહાય વિના ચોખા અને દૂધથી ખીર રાંધો આવા પ્રકારની રાજાની આજ્ઞા થઇ ત્યારે આ રીતે પાલન કર્યું. કેવી રીતે તેને કહે છે– ઉકરડાની ગરમીથી. ઉકરડો એટલે ઘણા કાળથી એકઠા કરાયેલા છાણાદિ કચરાનો ઢગલો અને તેની ગરમીથી આ આદેશનું પાલન કરાયું. રોહક વડે આદેશ કરાયેલા ગ્રામવાસીઓએ નિબિડ (સખત) માટીના વાસણમાં ચોખા અને દૂધનું મિશ્રણ કરી ઉકરડામાં ખાડો કરી અંદર મુક્યો. કેટલાક પહોર પછી સારી રીતે પાકીને ખીર તૈયાર થઇ ત્યારે રાજાને નિવેદન કર્યું.

**एमाइ रोहगाओ, इमं ति नाऊण आणवे राया ।**
**आगच्छउ सो सिग्घं, परिवज्जंतो इमे थाने ॥६४॥**

**'एवमादि' शिलामण्डपसंपादनप्रभृति रोहकात्सकाशादिदं पूर्वोक्तं कार्यं संपन्नमित्येवं ज्ञात्वा आज्ञापयति आदिशति राजा जितशत्रुः । कथमित्याह—आगच्छतु मम समीपे स रोहकः 'शीघ्र'मविलम्बमेव, परं परिवर्जयन् परिहरन्निमानि स्थानानि एतानर्थानित्यर्थः ॥६४॥**

**ગાથાર્થ**– આ પ્રમાણે રોહકની બુદ્ધિથી આ કાર્યો થયા છે એમ જાણી આ સ્થાનોને (હવે પછી કહેવાશે તે) છોડીને તે રોહક અહીં જલદી આવે એમ રાજા આજ્ઞા કહેવડાવે છે. (૬૪)

**ગાથાશબ્દાર્થ**– આ પ્રમાણે શિલાદિ વગેરે કાર્યો રોહકની બુદ્ધિથી સિદ્ધ થયા છે એમ જાણીને જિતશત્રુ રાજા આ પ્રમાણે આજ્ઞા ફરમાવે છે. કઇ આજ્ઞા છે તેને જણાવે છે– તે રોહક આ સ્થાનોનો ત્યાગ કરતો મારી પાસે જલદીથી આવે. (૬૪)

तान्येवाह—

**पक्खदुगं दिणराई, छाउण्हे छत्तण्ह पहुम्मग्गे ।**
**जाणचलणे य तह ण्हाणमइलगो अण्णहागच्छ ॥६५॥**

**'पक्षद्विकं' सुक्लकृष्णपक्षद्वयलक्षणं, दिनरात्री प्रतीतरूपे, 'छायोष्णौ' छायामातपाभावरूपामुष्णं च चण्डकरकिरणलक्षणं, 'छत्रनभसी' छत्रमातपवारणं नभश्च शुद्धमाकाशं, तथा पन्था मार्ग उन्मार्गश्चोत्पथः, मार्गमुन्मार्गं च परिहृत्येत्यर्थः, यानचलने च 'यानं' गन्त्र्यादि चलनशब्देन चरणचेष्टा परिगृह्यते ततस्ते परिहृत्येत्यर्थः, तथाशब्दः समुच्चये, 'स्नानमलिनकः' स्नाने सत्यपि मलिनको मलिनदेहः स्नातो मलाविलकलेवरश्च सन्नित्यर्थः। अन्यथा पक्षद्वयादिपरिहारवता प्रकारेणागच्छतु मत्समीपमिति ॥६५॥**

તે સ્થાનોને જ કહે છે–

**ગાથાર્થ**– બંને પક્ષ, દિવસ કે રાત્રિ, છાયો કે તડકો, છત્ર કે આકાશ, માર્ગ કે ઉન્માર્ગ, વાહન કે પાદચરણ તથા સ્નાન કરેલ છતાં મલિન આવા સ્થાનોનો ત્યાગ કરીને આવે. (૬૫)

રોહકે શુક્લ કે કૃષ્ણ પક્ષમાં ન આવવું, તથા દિવસ કે રાત્રે ન આવવું, છાયા કે તડકામાં ન આવવું, છત્ર કે ખુલ્લા આકાશમાં ન આવવું, માર્ગ કે ઉન્માર્ગથી ન આવવું, પગે ચાલતા કે વાહનમાં બેસી ન આવવું. તથા શબ્દ સમુચ્ચયમાં છે અને તે સ્નાન કરેલ છતાં મલિન દેહવાળો થઇને આવે એમ સમુચ્ચય કરે છે. આ સિવાય અન્ય પ્રકારે મારી પાસે ન આવે. (૬૫)

ततोऽसौ रोहक एवमाज्ञापितो नरपतिना तदादेशसंपादनार्थमागन्तुं प्रारब्धः, यथा—

**अमवस्सासंधीए, संझाए चक्कमज्झभूमीए ।**
**एडक्कगाइणंगोहलिं च काऊण संपत्तो ॥६६॥**

**इह चन्द्रमासस्य द्वौ पक्षौ, तत्राद्यः कृष्णो द्वितीयश्च शुक्लः । तत्र च कृष्णपक्षोऽमावास्यापर्यन्तः, शुक्लश्च पौर्णमासीपरिनिष्ठितः । एवं चामावास्या पक्षसंधितया व्यवह्रियते । पौर्णमासी च माससंधितया ततोऽमावास्यैव संधिरमावास्यासंधिरग्रेतनपक्षात्यन्तसन्निधानलक्षणस्तस्मिन् संप्राप्त इति योगः । एवं च किल तेन**

**पक्षद्वयं परिहृतं भवति । संध्यायामादित्यास्तमयलक्षणायाम्, अनेन दिनरात्रिपरिहारः । चक्रमध्यभूम्या चक्रयोर्गन्त्रीसंबन्धिनोर्गच्छतोर्या मध्यभूमिः प्रसिद्धरूपा तया एतेनापथ-मार्गपरिवर्जनम् । सो हि न पन्था नाप्युत्पथः । तथा 'एडक्कगाइणंगोहलिं च काऊण' त्ति एडक्कादिना एडक्केन आदिशब्दाद्दिनावसानसंभूतातपेन चालनिकाछत्रेण चोपलक्षितः सन् । अनेन यानचलनयोश्छायोष्णयोः छत्रनभसोश्च परिहारो विहितः । अंगोहलिमङ्गा-वक्षालनम्, चः समुच्चये, कृत्वा विधाय सर्वाङ्गप्रक्षालने हि स्नानमिति लोकरूढिः, शिरःप्रक्षालनपरिहारेण चाङ्गावक्षालनम् । ततोऽङ्गावक्षालनमात्रे कृते न स्नातो नापि मलिनकः संप्राप्तो राजभवनद्वारे ॥६६ ॥**

**પછી રાજા વડે આ પ્રમાણે આજ્ઞા કરાયેલો રોહક તેના આદેશનું પાલન કરવા પૂર્વક ઘરેથી નીકળ્યો. જેમકે–**

**ગાથાર્થ**-રોહક અમાસની સંધિએ, સંધ્યા વખતે, ચક્રની મધ્યભૂમિથી, ઘેટાદિથી અને અંઘોળી કરીને ગયો (૬૬)

ચંદ્રમાસના બે પક્ષો છે. ૧. કૃષ્ણપક્ષ ૨. શુક્લપક્ષ. અને તેમાં અમાસ સુધી કૃષ્ણ પક્ષ કહેવાય છે અને પુનમ સુધી શુક્લ પક્ષ કહેવાય છે. આ પ્રમાણે અમાવસ્યા પૂર્ણ થવાનો કાળ પક્ષસંધિ તરીકે વ્યવહાર કરાય છે, અર્થાત્ પ્રસિદ્ધ છે. અને પૂર્ણિમાનો કાળ માસસંધિ તરીકે પ્રસિદ્ધ છે. તેથી અમાવસ્યાની સંધિએ ગયો. અમાવસ્યાની સંધિ પછીના શુક્લપક્ષની અત્યંત નજીક હોવાથી વ્યવહારથી બંને પક્ષમાં ગણતરી થતી નથી અને આમ કરીને તેણે બંને પક્ષોનો ત્યાગ કર્યો. સંધ્યા એટલે જ્યારે સૂર્યાસ્ત થતો હોય તે વખત. આનાથી દિવસ અને રાત્રી બંનેનો ત્યાગ થાય છે, કારણ કે સંધ્યાની ગણતરી દિવસ કે રાત્રિ બંનેમાં નથી થતી. ગાડાના બે પૈડાની વચ્ચેની ભૂમિથી ગયો. કારણ કે આ ભૂમિની ગણતરી માર્ગ કે ઉન્માર્ગ બંનેમાંથી એકમાં પણ થતી નથી. પછી ઘેટા ઉપર બેસીને (પગ ચલાવતો ચલાવતો) ગયો. (ઘેટાની ગણતરી વાહનમાં નથી થતી. અને પગે ચાલેલ નથી.) આદિ શબ્દથી દિવસના અંતે ચાલણીના છત્રથી ગયો. આનાથી વાહન અને ચાલવાનું, છાયા અને તાપ, છત્ર અને આકાશનો ત્યાગ થયો. અને અંગોપાંગ ધોઈને ગયો. લોકમાં સર્વ અંગનું પ્રક્ષાલન જ સ્નાન કહેવાય છે. ત્યારે રોહક માત્ર (અંઘોળી[1] કરીને) અંગોપાંગ ધોઈને ગયો. અંગોપાંગ ધોવાથી સ્નાન પણ કરેલ નથી અને મલિન પણ નથી. આ રીતે રાજાની આજ્ઞાનું પાલન કરી રાજભવન દ્વારે ગયો. (૬૬)

**राजभवनद्वारप्राप्तेन च तेन "कथं रिक्तहस्तो राजानं द्रक्ष्यामि यत इत्थं नीतिविद्वचनम्— "रिक्तहस्तो न पश्येत राजानं दैवतं गुरुम्" इति । न च नटानामस्माकमन्यत् पुष्पफलादि राजोपनयनयोग्यं मङ्गलभूतं किञ्चिदस्तीति विचिन्त्य—**

૧. અંઘોળી= મસ્તક સિવાયના અંગોનું પક્ષાલન કરવું.

**पुढवीदरिसणविउलंजलीइ घेत्तुं नरिंदवंदणया ।**
**आसणदाणावसरे, चडुपाढो मणहरसरेण ॥६७॥**

**'पुढवीदरिसण' त्ति पृथिव्याः कुमारमृत्तिकालक्षणाया दर्शनं पश्यतः सतो राज्ञः प्रयोजनं विपुलाञ्जलिस्थितायाः तेन कृतम्। 'घेत्तुं नरिंदवंदणया' इति ततो गृहीत्वा करेण नरेन्द्रेण वन्दना प्रणामः कृतो मृतिकायाः । तदनन्तरं च प्रणामादिकायामुचित-प्रतिपत्तौ विहितायां सत्यां रोहकस्य 'आसनदानस्य' विष्टरवितरणस्य 'अवसरे' प्रस्तावे रोहकेण 'चटुपाठः' प्रियवाक्योच्चारणं 'मनोहरेण स्वरेण' मधुरगम्भीरध्वनिना कृतमिति ॥६७॥**

રાજભવન દ્વારે પહોંચ્યો ત્યારે વિચાર્યું: "ખાલી હાથે રાજાને કેવી રીતે મળું ? કારણ કે નીતિવાનોનું આ વચન છે– ખાલી હાથે રાજા, દેવ કે ગુરુને ન મળવું. અમારા જેવા નટોની પાસે રાજાને ભેટ આપવા યોગ્ય બીજી પુષ્પ ફળાદિ મંગળભૂત કોઈપણ વસ્તુ નથી એમ વિચારીને–

ગાથાર્થ–રોહકની અંજલિમાં રહેલી માટીનું દર્શન, અંજલિમાંથી ગ્રહણ, રાજાની વંદના, મોટા સ્વરથી આસન પ્રદાન અવસરે રોહકે સ્તુતિ કરી. (૬૭)

રોહકની વિપુલ અંજલિમાં રહેલી કુંવારી માટીને (પવિત્ર માટીને) રાજા જ્યારે જોતો હોય છે ત્યારે રોહકે રાજાનું દર્શન કર્યું. પછી રાજાએ માટીને લઈને માટીને પ્રણામ કર્યા. પ્રણામ વગેરે કાયાની ઉચિત પ્રતિપત્તિ કર્યા પછી રોહકના આસનદાનના પ્રસંગે રોહકે મધુર ગંભીર અવાજથી ઉચ્ચારણ કર્યું. (૬૭)

**चटुपाठमेव दर्शयति—**

**गंधव्वमुरवसद्दो, मा सुव्वउ तुह नरिंद ! भवणम्मि ।**
**चंकम्मंतविलासिणिखलंतपयणेउररवेण ॥६८॥**

**'गन्धर्वस्य' गीतस्य 'मुरवस्य' च मृदङ्गस्य 'शब्दो' ध्वनिर्मा 'श्रूयतां' समाकर्ण्यतां केनापि कृतावधानेनापि 'तव' भवतः हे नरेन्द्र ! 'भवने' प्रासादे एवमुच्चरिते राजा यावत् किंचित् सवितर्कमनाः संजातस्तावदनेन झगित्येव लब्धराजाभिप्रायेण पठितम्,— 'चङ्क्रमतीनां' कुटिलगत्या भृशं संचरन्तीनां 'विलासिनीनां स्खलन्तो' विसंस्थुलभाव-भाजो ये 'पदाः' पादास्तेषु यानि नूपुराणि तेषां यो रवः शिंजितलक्षणस्तेन चंक्र-मद्विलासिनीस्खलत्पदनूपुररवेण । व्याजस्तुतिनामकोऽयमलङ्कारः ॥६८॥**

**ચટુપાઠને જ બતાવે છે–**

**ગાથાર્થ**–હે રાજન્ ! તારા ભવનમાં કોઈએ પણ ગંધર્વ ગીત અને વાજિંત્રોનો અવાજ ન સાંભળવો જોઈએ તો પછી ચંક્રમણ કરતી સ્ત્રીઓના સ્ખલાયમાન થતા પગના ઝાંઝરના અવાજની શું વાત કરવી ? (૬૮)

હે રાજન્ ! તારા ભવનમાં થતા ગંધર્વ ગીત અને મૃદંગ વાજિંત્રોનો અવાજ કાન સરવા કરીને કોઈએ ન સાંભળવો જોઈએ. આમ કહ્યું ત્યારે રાજા જેટલામાં સવિર્તક મનવાળો થયો તેટલામાં રોહકે જલદીથી રાજાના અભિપ્રાયને જાણી કહ્યું: કુટિલગતિથી ઘણો સંચાર કરતી સ્ત્રીઓના સ્ખલિત થતા ચરણોના ઝાંઝરના ઝંકારભર્યા અવાજની શું વાત કરવી ! વ્યાજસ્તુતિ નામનો આ અલંકાર[1] છે. (૬૮)

**सक्कारंतियसोवणविउद्धनिवकंबिपुच्छजग्गामि ।**
**किं चिंतिसि अइयालिंडिवट्टयं सा कुतो जलणा ॥ ६९ ॥**

**एवं च रोहकेण पठिते तुष्टमना नरनाथः 'सक्कारंतियसोवण'त्ति सत्कारं वस्त्रपुष्प-भोजनादिप्रदानरूपं तस्य चकार । रात्रिवृत्तान्तोपलम्भनिमित्तमन्तिके स्वस्यैव समीपे स्वप्नं निद्रालाभरूपमनुज्ञातवान् । ततोऽसौ मार्गखेदपरिश्रान्ततया प्रथमयामिन्यामेव निर्भरनिद्राभाक् संपन्नः ।'विउद्धनिवकंबि' त्ति प्रथमयामिनीयामान्ते च तदुत्तरदानकृत-कौतुकेन विबुद्धेन कृतनिद्रामोक्षेण नृपेणाविद्धयमानोऽसौ कंबिकया लीलायष्टिरूपया स्पृष्टः, तदनु 'पुच्छ' त्ति जागरितश्च सन् पृष्टः "किं स्वपिसि त्वमिति" स च किल निद्रापराधभीरुतया प्राह—"जागर्मि, को हि मम तव पादान्तिकस्थस्य देव ! शयनाव-काशः !" राजा—यदि जागर्षि तर्हि कृतालापस्यापि मम झगिति किमिति नोत्तरं दत्तं त्वयेति ! रोहकः—देव ! चिन्तया व्याकुलीकृतत्वात् । राजा—किं चिन्तयसि! रोहकः—'अइयालिंडियवट्टयं' त्ति अजिकानां छगलिकानां या लिण्डिकाः पुरीषगोलिरूपास्तासां वृत्ततां वर्त्तुलभावं चिन्तयामि । राजा—सा वृत्तता कुतो निमित्तादिति निवेदयतु भवानेव। रोहकः—देव, ज्वलनात् उदरवैश्वानरात् । स हि तासामुदरे ज्वलंस्तथाविधवातसहाय उपजीवितमाहारं खण्डशो विधाय तावत्तत्रैवोदरमध्ये लोलयति यावत् सुपक्वाः सवृत्ताश्च पुरीषगोलिकाः संपन्ना इति ॥६९॥१०॥**

**ગાથાર્થ**–રાજા તેનો સત્કાર કરે છે, પાસે સુવાડે છે, રાજા જાગે છે ત્યારે દાંડાથી રોહકને ઊઠાડે છે. પછી રાજાએ પુછ્યું: સુતો છે કે જાગે છે ? જાગું છું, શું વિચારે છે ? બકરીની લિંડી ગોળ કેમ હોય છે એમ વિચારું છું. અગ્નિને કારણે ગોળ હોય છે. (૬૮)

આ પ્રમાણે રોહકે કહ્યું એટલે રાજા ખુશ થયો અને વસ્ત્ર–પુષ્પ–ભોજન આપીને તેનો સત્કાર કર્યો. રાત્રિએ વૃત્તાંત જાણવા માટે પોતાની પાસે સૂવાની રજા આપી. પછી આ (રોહક)

૧. એ નામનો એક શબ્દાલંકાર છે. દેખીતી સ્તુતિ મારફતે નિંદા કરવી અથવા દેખીતી નિંદા મારફત સ્તુતિ કરવી તે. જેમાં નિંદા દ્વારા સ્તુતિ અથવા સ્તુતિ દ્વારા નિંદા હોય તેવો અલંકાર. વ્યાજસ્તુતિમાં કાંતો બહારથી સ્તુતિના શબ્દો વાપર્યા હોય અને અંદરથી નિંદાનો અર્થ નીકળતો હોય અથવા એનાથી ઊલટું બહારથી નિંદા દેખાતી હોય અને અંદરથી સ્તુતિનો અર્થ નીકળતો હોય.

માર્ગમાં થાકી ગયો હતો એટલે રાત્રિના પ્રથમ પહોરમાં જ ઘસઘસાટ ઊંઘી ગયો. પહેલા પહોરને અંતે, રોહકના ઉત્તરથી ઉત્પન્ન થયું છે કૌતુક જેને એવા જાગેલા રાજાએ નહીં જાગતા રોહકને દાંડો લગાડીને ઉઠાળ્યો. રોહક ઊઠ્યો એટલે રાજાએ પુછ્યું: શું તું સુતો છે ? અને તેણે નિદ્રાના અપરાધના ભયથી કહ્યું: હું જાગું છું. હે દેવ ! તમારી પાસે સૂતેલા એવા મારે ઊંઘવાનો અવકાશ ક્યાંથી હોય?

રાજા– જો તું જાગે છે તો જાગતા એવા મને જવાબ કેમ નથી આપતો ?

રોહક– હે દેવ ! ચિંતાથી વ્યાકુળ થયો હોવાથી જવાબ ન આપ્યો.

રાજા– શું વિચારે છે ?

રોહક– બકરીની લીંડીઓ ગોળ શાથી હોય છે ? એમ વિચારું છું.

રાજા– તે ગોળ ક્યા નિમિત્તથી હોય છે એનો જવાબ તું જ આપ.

રોહક– હે દેવ ! પેટની ગરમીથી. તેવા પ્રકારની પવનની સહાયથી પેટમાં બળતો અગ્નિ પેટમાં રહેલા આહારને ચૂરો કરી ત્યાં સુધી મસળે છે જ્યાં સુધી સુપકવ ગોળ લીંડીઓ બની જાય. (૬૯)

**एवं पुणोवि पुच्छा, आसोत्थपत्तपुच्छाण किं दीहं ! ।**
**किं तत्तमित्थ दोण्णिवि, पायं तुल्लाणि उ हवंति ॥७०॥**

**प्रथमप्रहरपर्यवसाने इव द्वितीययामान्ते पुनरपि कम्बिकास्पर्शद्वारेण प्रतिबोध्य तं, राज्ञा पृच्छा कृता, यथा—किं चिन्तयसीति ! रोहकः—'आसोत्थपत्तपुच्छाण किं दीहं' इति अश्वत्थः पिप्पलस्तत्पत्रस्य तत्पुच्छस्य च किं दीर्घमिति । राजा—किं तत्त्वमत्रेति कथयतु भवानेव । रोहकः—द्वे अपि 'प्रायो' बाहुल्येन तुल्ये एव भवतः । प्रायोग्रहणं कस्यचित् कदाचित् किंचिदतुल्यभावेऽपि न विरोध इति ख्यापनार्थम् । इयं च गाथा प्रथमार्द्धे पञ्चमात्रसमांशा एव ''बहुला विचित्रा'' इति वचनान्न दुष्यति, बहुलेति पंचमात्रगणयुक्ता इति ॥७०॥११॥**

**ગાથાર્થ**–આ પ્રમાણે ફરી પણ પુછ્યું કે પીપળાના પાન અને અણીમાં લાબું કોણ ? રાજા કહે છે આમાં તત્ત્વ શું છે ? બંને પણ પ્રાયઃ સમાન હોય છે. (૭૦)

પ્રથમ પહોરના અંતની જેમ ફરીથી બીજા પહોરને અંતે સોટી અડાળીને તેને જગાડીને રાજાએ પુછ્યું: શું વિચારે છે ? રોહકે કહ્યું: પીપળાના પાન અને પૂંછ એ બેમાં લાંબુ કોણ છે ? એમ વિચારુ છું. રાજા– આમાં તત્ત્વ (સત્ય) શું છે ? તું જ કહે. રોહક– ઘણું કરીને બંને સમાન હોય છે. કોઇક પાંદડાને ક્યારેક કંઇક અસમાન પણ હોય છે તે જણાવતા અહીં પ્રાયઃ ગ્રહણ કર્યું છે તેથી કોઇ વિરોધ નથી.

આ ગાથામાં પૂર્વાર્ધમાં સાતમો ગણ પાંચ માત્રાનો છે. તે બહુલા જાતિનો હોવાથી દોષ નથી. બહુલા છંદ પાંચ માત્રાના ગણવાળો હોય છે.

**एवं पुणोवि पुच्छा, खाडहिलाकिण्हसुक्करहाण ।**

**का बहुगा का तुल्ला ?, पुच्छसरीराणमन्ने उ ॥७१॥**

**एवं पुनरपि तृतीयप्रहरान्ते पृच्छा पूर्ववत् । रोहकः—'खाडहिलायाः' खिल्लहडिकेति लोकप्रसिद्धनामकस्य भुजपरिसर्पजीवविशेषस्य शरीरे कृष्णरेखाणां शुक्लरेखाणां च मध्ये का अधिका बह्व्यः । राजा—'का' इति कास्तत्र बहुका इत्यभिधेहि त्वमेव । रोहकः—तुल्याः समानसंख्याः कृष्णाः शुक्लाश्च रेखाः । अत्रैव मतान्तरमाह—'पुच्छसरीराणमन्ने उ' इति, अन्ये पुनराचार्यः पुच्छशरीरयोः खाडहिलाया एव संबन्धिनोः कतरद्दीर्घमिति चिन्तितं रोहकेण । राज्ञा पृष्टेन च तेनैव द्वे अपि समे इति प्रतिपादित-मित्याहुः ॥७१॥१२॥**

**ગાથાર્થ**—આ પ્રમાણે રાજાએ ફરી પુછ્યું: ખીસકોલીને કાળા પટ્ટા વધારે હોય છે કે સફેદ પટ્ટા ? બંને સમાન હોય છે એમ રોહકે કહ્યું. બીજા આચાર્યો શરીર અને પુંછડી સમાન છે કે કેમ ? એમ પુછ્યું.(૭૧)

આ પ્રમાણે ફરી પણ ત્રીજા પહોરને અંતે રાજાએ પૂર્વની જેમ પુછ્યું: તું શું વિચારી રહ્યો છે ? ખીસકોલીના શરીર ઉપર કાળા પટ્ટા અને સફેદ પટ્ટા એ બેમાં કોની સંખ્યા વધારે હોય છે ? રાજા– એનો જવાબ તું જ આપ. રોહક– કાળા અને સફેદ પટ્ટા બંનેની સંખ્યા સમાન હોય છે. અહીં મતાંતર આ પ્રમાણે છે– અન્ય આચાર્યો જણાવે છે કે ખીસકોલીનું શરીર અને પુંછડી એ બેમાંથી મોટું કોણ છે ? એમ રોહકે વિચાર્યું. રાજા વડે પુછાયેલા રોહકે કહ્યું કે– બંને સમાન છે. (૭૧)

**चरिमाइ कइ पिया ते, के पण के रायधणयचंडाला ।**

**सोहगविच्चुग जणणी, पुच्छा एवंति कहणा य ॥७२॥**

**'चरिमाइ' इत्यादि, चरमायां यामिन्यां पश्चिमप्रहरपर्यन्तभागरूपायां पूर्वरात्रि-बहुजागरणाल्लब्धातिस्वादुनिद्रो रोहकः कम्बिकास्पर्शनातिरेकवशेन प्रतिबोधितः सन्नवदत्, यथा—'कइ पिया ते' इति, कति कियन्त पितरो जनकास्तव हे राजन् ! वर्त्तन्त इति चिन्तयामि । राजा—के इति कति मे जनका इति निवेदयितुमर्हसि त्वमेव । रोहकः—'पण'त्ति पञ्च । राजा—के इति, किंरूपाः । रोहकः—राजधनदचण्डालाः 'सोहगविच्चुग' त्ति, शोधको वस्त्रप्रक्षालको वृश्चिकश्चेति । ततो राज्ञा संदेहापन्नचेतसा जननीपृच्छा कृता यथा किमेवं मे पञ्च पितरः ? तयापि एवमिति यथा रोहकः प्राह, कथना च तथैव निवेदनं कृतं पुनः ॥७२॥१३॥**

**ગાથાર્થ**—ચોથા પહોરને અંતે તારા પિતા કેટલા છે એવી વિચારણા, રાજા-ધનદ-ચંડાલ-ધોબી અને વીંછી એમ પાંચ પિતા છે, માતાને પૂછ્યું અને એ પ્રમાણે છે એમ તેનો જવાબ છે. (૭૨)

ચોથા પહોરને અંતે પૂર્વરાત્રિમાં ઘણું જાગરણ થયું હોવાથી ભરનિદ્રામાં પડેલા રોહકને સોટી અડાળીને ઉઠાળીને પુછ્યું: હે રોહક ! તું શું વિચારે છે ? રોહકે કહ્યું: હે રાજન્ ! તમારે કેટલા પિતા છે એમ વિચારુ છું. રાજાએ કહ્યું: મારે કેટલા પિતા છે તે તું જ કહે. રોહકે કહ્યું: હે રાજન્! તારે પાંચ પિતા છે. રાજાએ પુછ્યું: તે પાંચ કોણ છે ? રોહકે કહ્યું: રાજા, ધનદ, ચાંડાલ, ધોબી અને વીંછી એમ તમારે પાંચ પિતા છે. પછી સંદેહ પામેલા રાજાએ માતાને પુછ્યું કે મારે આ પ્રમાણે પાંચ પિતા છે ? માતાએ પણ કહ્યું કે રોહક જે પ્રમાણે કહે છે તે પ્રમાણે જ છે. (૭૨)

**तानेव सहेतुकान् सा दर्शयति—**

**राया रइबीएणं, धणओ उउण्हायपुज्जफासेणं ।**
**चंडालरयगदंसण, विच्चुगमरहस्सभक्खणया ॥७३॥**

**'राया' इत्यादि, राजा तावद् रतिबीजेन सुरतकाले बीजनिक्षेपरूपेण १, धनदः कुबेरः 'उउण्हायपुज्जफासेणं' त्ति ऋतुस्नातया चतुर्थदिवसे तस्य पूजायां कृतायां मनोहर-तदाकाराक्षिप्तचित्तया यः स्पर्शस्तस्यैव सर्वाङ्गमालिङ्गनं तेन २, 'चंडालरयगदंसण' त्ति चण्डालरजकयोः ऋतुस्नाताया एव तथाविधप्रघट्टकवशाद्दर्शनमवलोकनं मनाक्संयोगा-भिलाषश्च मे संपन्न इति तावपि पितरौ ३-४, 'विच्चुगमरहस्सभक्खणया' इति, अत्र मकारोऽलाक्षणिकः, ततो वृश्चिको रहस्यभक्षणेन रह एकान्तस्तत्र भवं रहस्यं तच्च तद्भक्षणं च तेन जनकः संपन्नः । मम हि पुत्र ! त्वय्युदरगते वृश्चिकभक्षणदोहदः समजनि । संपादितश्चासौ रहसि कणिकामयस्य तस्य भक्षणेनेत्यसावपि मनाग् जनकत्वमापन्नः ॥७३॥**

તે સહેતુક પાંચ પિતાને જણાવે છે—

**ગાથાર્થ**—રતિબીજના દાનથી રાજા, ઋતુસ્નાન વખતે પૂજાના સ્પર્શથી ધનદ, દર્શનથી ચંડાલ અને ધોબી, એકાંતમાં ભ્રમણ કરવાથી વીંછી એમ પાંચ પિતા થયા. (૭૩)

ક્રીડા કરતી વખતે વીર્યના દાનથી રાજા પિતા થયો. ઋતુસ્નાતા થયા પછી ચોથા દિવસે કુબેરની પૂજા કરતી વખતે, કુબેરના મનોહરરૂપથી આકર્ષિત થયેલી કુબેરને સર્વાંગથી આલિંગન કરવાથી કુબેર બીજો પિતા થયો. ઋતુસ્નાનના સમયમાં તેવા પ્રકારનો સંઘટ્ટો થવાથી ચંડાલ અને ધોબીના દર્શનથી મારે કંઈક સંયોગનો અભિલાષ થયો તેથી તે બંને ત્રીજા અને ચોથા પિતા થયા, પછી તું ઉદરમાં આવે છતે મને વીંછી ભક્ષણનો દોહલો થયો અને લોટનો વીંછી બનાવીને એકાંતમાં ભક્ષણ કરીને આ દોહલો પૂર્ણ કરાયો તેથી વીંછી પાંચમો પિતા થયો. (૭૩)

कारणपुच्छा रज्जं, णाएणं दाणरोसदंडेहिं ।
कंबिच्छिवणा य तहा, रायादीणं सुतोसित्ति ॥७४॥

एवं जनकसंख्यासंवादे संपन्नविस्मयेन राज्ञा कारणगोचरा पृच्छा कृता, यथा केन कारणेन त्वयाऽयमर्थोऽत्यन्तनिपुणधियामपि बुद्धेरगोचरो ज्ञात इति ? । रोहकः— राज्यं प्रतीतरूपमेव न्यायेन नीत्या सामादिप्रयोगरूपया यत् परिपालयसि, तथा दानरोषदण्डैर्दानेन कृपणादिजनस्वविभववितरणरूपेण कुबेरधनत्यागानुकारिणा, रोषेण क्वचिदविनयवर्त्तिनि जने चण्डालचाण्डिक्यकल्पेनासहिष्णुतालक्षणेन, दण्डेन पूर्वराजनिरूपितनीतिपथप्रमाथिनो जनस्य सर्वस्वापहाररूपेण वस्त्रशोधकविधीयमान-वस्त्रक्षालनतुल्येन 'कम्बिच्छिवणा य' त्ति कम्बिकाच्छोपनाच्च कम्बिकया लीलायष्ट्या पुनः पुनर्मम विघट्टनाच्च, तथाशब्द उक्तसमुच्चये, राजादीनां सुतोऽसि त्वं हे राजन्निति, नयेनैवंविधप्राज्यराज्यपरिपालनाज्ज्ञायसे यथा राजपुत्रस्त्वम्, न हि अराजजाता एवंविधानवद्यराज्यभारधुराधरणधौरेया भवितुमर्हन्ति । एवं दानेन धनदजातः, रोषेण चण्डालपुत्रः, दण्डेन वस्त्रशोधकप्रसूतः, कम्बिकाघातेन च वृश्चिकापत्यम्, कारणस्वरूपानुकारित्वात् सर्वकार्याणाम् ॥७४॥

ગાથાર્થ–પાંચ પિતાના જ્ઞાનનું કારણ પુછ્યું, ન્યાયથી રાજ્ય પાલન, દાન, રોષ અને દંડ તેમજ સોટીનો સ્પર્શ એ પાંચ વસ્તુથી રાજપુત્ર છો એમ રોહકે નક્કી કર્યું. (૭૪)

આ પ્રમાણે પિતાની સંખ્યાના સંવાદમાં વિસ્મય પામેલા રાજાએ કારણ સંબંધી પૃચ્છા કરી. જેમકે– અત્યંત નિપુણ બુદ્ધિવાળાના બુદ્ધિનો વિષય ન બની શકે એવા વિષયને તેં કયા કારણથી જાણ્યું. રોહકે કહ્યું: શામ-દામ-દંડ અને ભેદથી તું રાજ્યનું સારી રીતે પાલન કરે છે તેથી તું રાજપુત્ર છે એમ મેં જાણ્યું. કૃપણાદિ જનને પોતાના વિભવનું વિતરણ કરવાથી કુબરના ધનદાનને અનુસરનારો છે તેથી તું દાની છે, ક્યાંક કોઇક લોક અવિનયમાં પ્રવૃત્ત થયો હોય ત્યારે ચંડાલની જેમ ઉગ્ર ક્રોધી થઇ રાજ્યનું પાલન કરે છે, જેમ ધોબી ભીના વસ્ત્રમાંથી પાણી નીચોવી લે છે તેમ તું પૂર્વ રાજાઓએ સ્થાપેલી નીતિમાર્ગનો ભંગ કરનાર લોકોનું સર્વસ્વ હરણ કરવા પૂર્વક નીચોવી લઇ રાજ્યનું પાલન કરે છે અને સોટીથી મને વારંવાર ઊઠાડવાથી હે રાજન્! તું રાજા વગેરેનો પુત્ર છે. તે આ પ્રમાણે- મોટા રાજ્યનું ન્યાયથી પાલન કરતો હોવાથી તું રાજપુત્ર છે એમ જણાય છે. જે રાજપુત્ર ન હોય તે આવા પ્રકારે નિર્દોષ રાજ્યની ધુરાના ભારને વહન ન કરી શકે. આ પ્રમાણે દાનથી ધનદપુત્ર છે, રોષથી ચંડાલપુત્ર છે, દંડથી ધોબીનો પુત્ર છે, સોટીના તાડનથી તું વીંછીનો પુત્ર છે, સર્વકાર્યો કારણને અનુસરનારા હોય છે, અર્થાત્ જેવું કારણ હોય તેવું કાર્ય થાય. (૭૪)

साहुपरिग्गह संधण, कोवो अण्णेणऽसज्झ पेसणया ।
धम्मोवायणसाहण, वुग्गह णिवकियगकोवो उ ॥७५॥

ततस्तदीयबुद्धिकौशलावर्जितेन नृपतिना 'साहुपरिग्गह' त्ति साधुः शोभनोऽयमिति मत्वा परिग्रहः स्वीकारः कृतस्तस्य । तस्मिंश्च समये केनचिदनन्तरभूमिवासिना भूपालेन सह कुतोऽपि निमित्ताद्वैरं लग्नमासीन्नृपस्य । तत्र च 'संधण' त्ति संधानं कर्तुमभिलषितं राज्ञा । न चासौ तत् प्रतिपद्यत इति तं प्रति 'कोवो' त्ति कोपः समजनि जितशत्रोः । ततः 'अण्णेणसज्झपेसणया' इति, अन्येन रोहकव्यतिरिक्तेनासावसाध्यः साधयितुमशक्य इति कृत्वा रोहकस्य तत्र प्रेषणं कृतं भूभुजा । प्राप्तश्च तत्र रोहकः । पृष्टश्च स प्रत्यर्थी नृपः । समये च 'धम्मोवायणसाहण' त्ति यदासौ तैस्तैरुपायैरुच्यमानोऽपि अविश्वासान्न संधानमनुमन्यते तदा धर्म एवोपायनं ढौकनीयं तेन साधनं स्ववशीभावकरणं रोहकेण तस्य कृतम् । अयमत्र भावः—इदमुक्तं रोहकेण तं प्रति, यदि स मदीयो नृपो भवद्भिः सह संधाय पश्चात् किंचिद् व्यभिचरति तदा तेन यस्तीर्थगमनदेवभवनसंपादनद्विजादि-प्रदानवापीतडागादिखननादिना विधानेनोपार्जितो धर्मः स सर्वो मया भवते दत्तः, तद्रहितश्चासाविहलोकपरलोकयोर्न किञ्चित् कल्याणमवाप्स्यतीति करोतु भवांस्तेन सह संधानम् । न ह्येवंविधां प्रतिज्ञां कश्चिद् भनक्ति । एवं विश्वासिते तस्मिन् 'वुग्गह' त्ति व्युद्ग्रहोऽवस्कन्दो धाटिरित्यर्थः छलेन तत्र गत्वा राज्ञा संपादितः । स्वहस्तगृहीतश्चासौ कृतो द्विषन् । आनीतश्चोज्जयिन्याम् । तत्र च चिन्तितं तेन, कथमनेन राज्ञा आत्मीयधर्मस्य मत्प्रदानेन व्यय कृतः । इति तस्य मिथ्याविकल्पापनोदाय 'निवकियगकोवो' त्ति नृपेण ज़ितशत्रुणा रोहकं प्रति कृतकः कृत्रिमः पुनः कोपः कृतः ॥७५॥

ગાથાર્થ–રોહક સુંદર છે એમ માની સ્વીકાર કર્યો, રાજાનો બીજા રાજા પ્રત્યે કોપ, અન્યવડે સંધિ કરાવવી અશક્ય હોવાથી રોહકને મોકલવું, ધર્મરૂપી ભેટણાથી વશ કરવું, અને જિતશત્રુ રાજાનો રોહક ઉપર કૃત્રિમ કોપ. (૭૫)

પછી રોહકની બુદ્ધિના કૌશલથી આકર્ષાયેલા રાજાએ 'આ સુંદર (હિતકારી) છે' એમ માની સ્વીકાર કર્યો અને તે વખતે જિતશત્રુ રાજાને કોઇક સીમાડાના રાજાની સાથે કોઇપણ નિમિત્તથી વૈર થયું અને વૈર શમાવવા રાજાએ સંધિ કરવા ઇચ્છા કરી. શત્રુરાજા સંધિ સ્વીકારતો નથી. જિતશત્રુને તેના ઉપર ગુસ્સો થયો. રોહક સિવાય અન્ય બીજો કોઇ આ સંધિ કરાવવા સમર્થ ન હોવાથી રાજાએ સંધિ કરવા રોહકને મોકલ્યો. રોહક ત્યાં ગયો અને શત્રુરાજાને પુછ્યું અને ઉચિત સમયે તે તે ઉપાયોથી સમજાવવામાં આવતો હોવા છતાં સંધિને માન્ય કરતો નથી ત્યારે ધર્મરૂપી ભેટણું ધરીને તેને વશ કર્યો. કહેવાનો ભાવ એ છે કે–રોહકે આ પ્રમાણે કહ્યું:

જો મારો રાજા તારી સાથે સંધિ કરીને પછી જો ફોક કરે તો તેણે તીર્થયાત્રમાં, દેવભવન નિર્માણમાં, બ્રાહ્મણાદિના દાનમાં, વાવ, કૂવા, તળાવાદિ ખોદાવવામાં જે ધર્મ ઉપાર્જન કર્યો હોય તે સર્વ ધર્મ મેં તને આપ્યો છે. ધર્મહીન એવો તે આ લોક અને પરલોકમાં કંઈપણ કલ્યાણને નહીં મેળવે. તેથી તું તેની સાથે સંધિ કર. કોઈપણ આવી પ્રતિજ્ઞાને ભાંગતો નથી. આ પ્રમાણે તે વિશ્વાસુ થયો ત્યારે જિતશત્રુ રાજાએ ત્યાં જઈને છળથી છાપો માર્યો અને પોતાને હાથ કર્યો અને શત્રુને ઉજ્જૈનીમાં લઈ આવ્યો અને ત્યાં શત્રુ રાજાએ વિચાર્યું કે આ રાજાએ મને ધર્મ આપીને પોતાના ધર્મનો કેમ નાશ કર્યો ? પછી શત્રુરાજાની ભ્રમણા ભાંગવા માટે જિતશત્રુ રાજાએ રોહક ઉપર કૃત્રિમ ગુસ્સો કર્યો. (૭૫)

**धम्मो मे हारविओ, काऊणन्नतणओ तओ दिण्णो ।**
**कह होइ मज्झ एसो, जह तुह तणओ उ तस्सेव ॥७६॥**

**ततो रोहकेणाभ्यधायि—किमर्थमस्मान्निरपराधानपि प्रतीत्य देवेन इयान् कोपः कृत इति । तत्रोक्तं पृथिवीपतिना 'धम्मो मे हारविओ काऊण' त्ति धर्मो मम हि यस्त्वया हारित कृत्वा । ततो रोहकेणान्यसत्को महर्षेः कस्यचित् संबन्धी तको धर्मो दत्तो राज्ञे । अयमभिप्रायः—देव ! यदि मया दत्तो धर्मस्त्वदीयोऽन्यत्र प्रयाति, तदाऽनेन महर्षिणा आबालकालाद् यदनुष्ठितो धर्मः स मया तुभ्यं वितीर्ण इति नास्ति मयि कोपस्यावकाशः प्रभोः । राजा—कथं भवति मम एष धर्मो महर्षिसत्को यतो मया न कृतो नापि कारित इति ! रोहकः- यथा तव तनकस्त्वत्संबन्धी पुनर्धर्मः तस्यैव विपक्षभूपतेरभून्मया वितीर्णः सन्निति ॥७६॥**

ગાથાર્થ–તેં મારો ધર્મ નાશ કર્યો, બીજાનો ધર્મ મેં તમને આપ્યો, તેનો ધર્મ મારો કેવી રીતે થાય? જેમ તારો ધર્મ તેની માલિકીનો થયો તેમ બીજાનો ધર્મ તારી માલિકીનો થવામાં શું દોષ છે?(૭૬)

પછી રોહકે રાજાને કહ્યું: નિરપરાધી એવા અમારા ઉપર દેવે આટલો બધો કોપ કેમ કર્યો? પછી ત્યાં રાજાએ કહ્યું: તેં મારા ધર્મનો નાશ કર્યો તેથી મેં તારી ઉપર ગુસ્સો કર્યો. પછી રોહકે બીજા કોઈ મહર્ષિનો ધર્મ રાજાને આપ્યો. કહેવાનો ભાવ એ છે કે–હે દેવ! જો મારા કહેવાથી તમારો ધર્મ બીજાનો થઈ જતો હોય તો આ મહર્ષિએ બાળપણથી જે ધર્મ આરાધ્યો હોય તે હું તમને આપું છું, તેથી તમારે મારા ઉપર કોપ કરવાનો અવકાશ નથી. રાજાએ કહ્યું: આ મહર્ષિનો ધર્મ મારો કેવી રીતે થાય? કારણ કે તે ધર્મ મેં કર્યો કે કરાવ્યો નથી. રોહકે કહ્યું: મારા કહેવાથી જેમ તમારો ધર્મ શત્રુરાજાને થયો તેમ મારા કહેવાથી મહર્ષિનો ધર્મ પણ તમારો થાય. (૭૬)

**जीवणदाणे पेसण—तदण्णवुग्गहगहाण तेसिं तु ।**
**अपुत्तग्गहगोग्गहनिमित्ततित्थं तओ धाडी ॥७७॥**

**ततः सुप्रसन्नमानसेन जितशत्रुणा रोहकाय 'जीवनदाने' परिपूर्णनिर्वाहस्थानवितरणे कृते सति 'पेसण' त्ति प्रेषणं कृतं रोहकस्यैव । किमर्थमित्याह,—'तयन्नवुग्गहगहाण' त्ति व्युद्ग्रहे विवादे कुतोऽपि हेतोरुत्पन्ने सति ग्रहो लोकप्रसिद्ध एव उज्जयिनीविषय-मध्यवर्त्तिनो द्विपदचतुष्पदादेरर्थस्य येषां ते व्युद्ग्रहग्रहाः पर्वतवनादि व्यवस्थित-पल्लिवासिनो लोकास्तस्मान्नृपादन्ये च तदन्ये ते च व्युद्ग्रहग्रहाश्च तदन्यव्युद्ग्रहग्रहास्तेषां संग्रहनिमित्तमिति गम्यते, यदा च ते सुखेन संग्रहीतुं न शक्यन्ते तदा तेषां तु संग्रहनिमित्तं पुनरपुत्रग्रहगोग्रहनिमित्ततीर्थं प्रज्ञप्तमिति गम्यते, यथा—"अपुत्रस्य गृहीतस्य शत्रुभिर्गवां च यन्मोचनं तन्महत्तीर्थमिति पूर्वमुनयो व्याहरन्ति" इति प्रज्ञप्ते उज्जयिनीराजबलेन रोहकप्रयुक्तेन बलघातिना पल्लिसंबन्धिनीषु गोषु गृहीतासु तन्मोचनाय पल्लीभिल्लेषु निर्गतेषु शून्यासु पल्लीषु ततो धाटी निपातिता । बहिर्निर्गताश्च ते गृहीता इति ॥७७॥**

ગાથાર્થ–જીવનદાન, બીજાઓની સાથે વિવાદ થયે છતે પકડવા મોકલવું, અપુત્રના ગ્રહમાં તથા ગાયના ગ્રહમાં પુણ્યકર્મ થાય છે એમ સમજાવી ધાડ પાડવી. (૭૭)

પછી સુપ્રસન્ન મનવાળા જિતશત્રુરાજાએ રોહકને જીવનદાન આપ્યું, અર્થાત્ પરિપૂર્ણ આજીવિકા અને સ્થાનનું વિતરણ કર્યું. પછી રોહકને મોકલ્યો. શા માટે મોકલ્યો? કહેવાય છે. કોઇક કારણથી વિરોધ ઉત્પન્ન થયો ત્યારે પર્વત અને વનાદિમાં વસનારા ભિલ્લો ઉજ્જૈન દેશમાંથી મનુષ્યો અને જનાવરો આદિ તથા ધનને હરણ કરી જવા લાગ્યા તેથી રાજાનો તેઓની સાથે વિગ્રહ થયો. તેઓને પકડવા રોહકને મોકલ્યો. રોહક પણ જ્યારે તેઓને સહેલાઇથી પકડી શકતો નથી ત્યારે યુક્તિ કરી. અપુત્રગ્રહ અને ગોગ્રહ નિમિત્તે તીર્થ પ્રવર્તાવ્યું જેમકે–"શત્રુઓ વડે પકડાયેલ અપુત્રીયા પુરુષો અને ગાયોને છોડાવવાથી મોટું પુણ્ય થાય છે એમ પૂર્વ મુનિઓ ફરમાવે છે." આ પ્રમાણે યુક્તિ રચી રોહકે ઉજ્જૈની રાજાના બલઘાતિ સૈન્ય મારફત પલ્લિઓમાંથી ગાયોનું હરણ કરાવ્યું. તેને છોડાવવા પલ્લિમાંથી ભિલ્લો બહાર આવ્યા ત્યારે પલ્લિ શૂન્ય થઇ. સૈન્યો પલ્લિમાં ઘૂસી ધાડ પાડી અને બહાર ગયેલા ભિલ્લોને પલ્લિમાં પ્રવેશ કરતી વખતે પકડ્યા. (૭૭)

ततः—

**वीसासाणण पुच्छा, सिट्ठं हियएणमप्पमत्तो उ ।**
**तह धम्मिगो सपुण्णो, अभगो परचित्तनाणी य ॥७८॥**

**'विश्वासानयने' सर्वेषां सामन्तमहामात्यादीनामात्मविषये विश्वासे समुत्पादिते सति रोहकेण, पृच्छा राज्ञा तेषां कृता, यथा—कीदृशो रोहको भवतां चित्ते वर्त्तत इति !। तैश्च शिष्टं हृदयेन भावसारमित्यर्थः, यथा देव ! एकान्तेनैव देवकार्येष्वप्रमत्तस्त्वप्रमत्त**

**एव । तथाशब्दः समुच्चयो धार्मिकः स्वपक्षपरपक्षयोरप्यनुपद्रवकरः । 'सपुण्यः' पुण्यवान्। 'अभयो' निर्भयो निःशङ्कं विपक्षमध्ये प्रवेशात् । 'परचित्तज्ञानी' च अन्यानध्यवसेयपराभिप्रायपरिज्ञानवांश्च ॥७८॥**

ગાથાર્થ–પછી વિશ્વાસ લાવવા માટે પૃચ્છા, તેઓએ કહ્યું: રોહક હૈયાથી અપ્રમત્ત છે તથા ધાર્મિક, સપુણ્ય, અભય, પરચિત્ત પારખુ છે. (૭૮)

પછી રોહકે સર્વ સામંતોને પોતાના વિષે વિશ્વાસ કરાવ્યો ત્યારે રાજાએ તેઓને (સામંતોને) પુછ્યું. જેમકે–તમારા ચિત્તમાં રોહક કેવો લાગે છે? અર્થાત્ રોહક વિષે તમારે કેવો અભિપ્રાય વર્તે છે? તેઓએ કહ્યું: તે હૃદયથી આપના વિષે બહુમાનવાળો છે. જેમકે–હે દેવ! દેવના (તમારા) કાર્યોમાં એકાંતે અપ્રમત્ત છે. તથા શબ્દ સમુચ્ચયમાં છે, અર્થાત્ આ સિવાય પણ તે સ્વપક્ષ અને પરપક્ષને પરિતાપ કરનારો ન હોવાથી ધાર્મિક છે, પુણ્યશાળી છે, શત્રુના મધ્યમાં પ્રવેશ કરનારો હોવાથી નિર્ભય છે. પોતાના અભિપ્રાયને બીજા ન જાણી શકે અને પોતે બીજાના ચિત્તને જાણનારો હોવાથી પરચિત્ત પારખુ છે. (૭૮)

**तुट्ठो राया सव्वेसिमुवरि मंतीण ठाविओ एसो ।**
**परिपालियं च विहिणा, तं बुद्धिगुणेण एएणं ॥७९॥**

**एवं तस्य विचित्रैश्चित्रीयितविद्वज्जनमानसैश्चरितैस्तुष्ट आक्षिप्तचेता राजा जितशत्रुः संपन्नः । ततस्तेन सर्वेषामेकोनपञ्चशतप्रमाणानामुपरि अग्रेसरतया शिरसि नायक-त्वेनेत्यर्थः मन्त्रिणाममात्यानां स्थापितः प्रतिष्ठितः एष रोहकः । परिपालितं च निष्ठां नीतं पुनर्विधिना स्वावस्थौचित्यरूपेण मन्मन्त्रिनायकत्वं बुद्धिगुणेन औत्पत्तिकीनामक-मतिसामर्थ्येन करणभूतेन एतेन रोहकेण, सर्वगुणेषु बुद्धिगुणातिशायित्वात् । यतः पठ्यते—"श्रियः प्रसूते विपदो रुणद्धि यशांसि दुग्धे मलिनं प्रमार्ष्टि । संस्कारशौचेन परं पुनीते शुद्धा हि बुद्धिः कुलकामधेनुः ॥१॥ उदन्वच्छन्ना भूः स च निधिरपां योजनशतं, सदा पान्थः पूषा गगनपरिमाणं कलयति । इति प्रायो भावाः स्फुरदवधिमुद्रामुकुलिताः, सतां प्रज्ञोन्मेषः पुनरसमसीमा विजयते ॥२॥" इति ॥७९॥१॥**

ગાથાર્થ–રાજા ખુશ થયો, સર્વમંત્રીઓનો ઉપરી બનાવ્યો અને રોહકે બુદ્ધિગુણ વડે વિધિથી મંત્રીપદનું પાલન કર્યું. (૭૯)

આ પ્રમાણે વિદ્વાનલોકોના મનને આશ્ચર્ય કરનાર રોહકના ચરિત્રોથી રાજા ખુશ થયો અને આકર્ષિત થયો. પછી તેણે ચારસો નવ્વાણું મંત્રીઓનો નાયક બનાવ્યો. રોહકે પોતાની ઔત્પાત્તિક બુદ્ધિથી સ્વાવસ્થાને ઉચિત રૂપથી મંત્રીપદના નાયકપણાનું નિષ્ઠાથી પાલન કર્યું.

સર્વ ગુણોમાં બુદ્ધિગુણ ચડિયાતો છે. કહ્યું છે કે– જ્ઞાનગુણ કલ્યાણોને જન્મ આપે છે, વિપત્તિઓને રોકે છે, યશોને દોહે છે, મળને સાફ કરે છે, સંસ્કારના શૌચથી બીજાને પવિત્ર કરે છે, ખરેખર શુદ્ધબુદ્ધિ કુળમાટે કામધેનુ છે. (૧) પૃથ્વી સમુદ્રથી ઢંકાયેલી છે, અર્થાત્ સમુદ્ર સુધી પૃથ્વી વિસ્તરેલી છે અને તે સમુદ્ર સો યોજન પ્રમાણ છે. હંમેશા સૂર્યથી ચલાયેલો માર્ગ આકાશનું પરિમાણ બતાવે છે. એ પ્રમાણે પ્રાયઃ ભાવો સ્ફુરાયમાન થતા મર્યાદાની મહોરથી બંધાયેલા છે, અર્થાત્ સર્વ પદાર્થો મર્યાદાવાળા છે પરંતુ સજ્જનોનો પ્રજ્ઞાપ્રકાશ અસાધારણ સીમાને જીતે છે, અર્થાત્ જ્ઞાનની મર્યાદા નથી. (૭૯)

व्याख्यातं सप्रपञ्चं भरहसिलेत्ति द्वारम् । अथ पणियत्ति द्वारम्—

**पणिए बहूयलोमसि, भक्खणजय दारणिप्फिडगमोए ।**
**चक्खण खद्धा विक्कय, भुयंग दारे अणिप्फेडो ॥८०॥**

**'पणिए' इति द्वारपरामर्शः । कश्चिद् ग्रामेयकः स्वभावत एव मुग्धबुद्धिः क्वचिन्नगरे धूर्तलोकबहुले 'बहूयलोमसि' त्ति बहुकाः शकटभरप्रमाणा 'लोमसिकाः' कर्कटिकाः समादाय विक्रयार्थं गतवान् । तासु च विपणिपथावतारितासु केनचिद्धूर्तेन स उक्तः, यथा—'भक्खणजय' त्ति यदि कश्चिदेताः सर्वा भक्षयति तदा त्वं किं तेन जीयसे ? तेन चासंभाव्योऽयमर्थ इति मनसि मत्वाऽसंभवनीयमेव पणितकं निबद्धं, यथा 'दारणिप्फिडगमोए' इति यो नगरद्वारेण मोदको न निर्गच्छति तं तस्य प्रयच्छामि । ततस्तेन तल्लोमसिकाशकटमारुह्य 'चक्खण' त्ति दन्तनिर्भेदमात्रेण 'खद्ध' त्ति सर्वासामपि तासां भक्षणं कृतम् । 'विक्कय' त्ति विक्रेतुमारब्धश्चासौ ताः, न च लोको गृह्णाति 'भक्षिताः केनाप्येताः' इति प्रवदन् सन् । ततो धूर्त्तेन लोकप्रवादसहायेन जितो ग्रामेयकः। तदनु तं मोदकं याचितुमारब्धः । ग्रामयेकश्च अशक्यदानोऽयं मोदक इति कृत्वा तस्य रूपकं प्रयच्छति, स नेच्छति, एवं द्वे त्रीणि यावच्छतमपि नेच्छत्यसौ । चिन्तितं च ग्रामेयकेण नैतस्माद्धूर्त्तान्मम कथंचिन्मुक्तिरस्ति इति निपुणबुद्धिपरिच्छेद्योऽयं व्यवहारः, 'चतुरबुद्धयश्च प्रायो द्यूतकारा एव भवन्ती' ति तानेवावलगामि । तथैव च कृतं तेन । पृष्टश्चासौ तैः, यथा—भद्रक ! किमर्थमस्मान्निरन्तरमासेवसे त्वं ?। भणितं च तेन, यथा—ममैवंविधं व्यसनमायातमिति । ततो 'भुयंग दारे अनिप्फेडो' इति भुजङ्गैर्द्यूतकारैरसावेवं शिक्षितो यथा पूतिकापणे मुष्टिप्रमाणमेकं मोदकं गृहीत्वा तद्धूर्तसहायः शेषनगरलोकसहायश्च प्रतोलीद्वारे गत्वा इन्द्रकीलस्थाने तं विमुच्य प्रतिपादय यथा निर्गच्छ भो मोदक ! इति । विहितं च तेनैवं, परं द्वारे मोदकस्य अणिप्फेडो निष्काशनाभावः संपन्नः । प्रतिजितश्चासौ तेन । एवं च द्यूतकाराणामौत्पत्तिकी बुद्धिरिति ॥८०॥**

**ભરતશિલા એ દ્વારને વિસ્તારથી વ્યાખ્યાન કર્યું. હવે પણિત (શરત) દ્વારને કહે છે–**

**ગાથાર્થ**–ઘણી કાકડીથી ભરેલું ગાડું, ભક્ષણથી જીત, દરવાજામાં ન નીકળે તેવા લાડુની શરત, બધી કાકડીઓને ચાખવું, પછી વેંચવું, ધૂતકારો વડે બતાવાયા મુજબ લાડુનું દરવાજામાંથી ન નીકળવું, ફરીથી જીત. (૮૦)

## કાકડીનું ગાડું

પણિત (શરત) એ પ્રમાણે દ્વાર પરામર્શ છે. કોઈક ગામડિયો સ્વભાવથી જ મુગ્ધબુદ્ધિવાળો ઘણાં ધૂર્તોથી પરિપૂર્ણ એવા કોઈક નગરમાં કાકડીનું ગાડું ભરીને વેંચવા માટે ગયો. મંડીમાં તેને વેંચવા માટે ગાડું છોડ્યું ત્યારે કોઈ ધૂર્તે તેને કહ્યું: જેમકે– જો કોઈક આ બધી કાકડીનું ભક્ષણ કરે તો શું તેના વડે તું જિતાય ? અર્થાત્ તો તું તેને શું આપે ? આ થવું અસંભવ છે એમ મનમાં વિચારીને તેણે અસંભાવનીય જ શરત લગાવી કે નગરના દરવાજામાંથી ન નીકળે એવો લાડુ હું તને આપીશ. પછી તે ધૂર્ત કાકડીના ગાડા ઉપર ચઢીને બધી કાકડીમાં દાંત બેસાડી એંઠી કરી. પછી પેલો ગામડિયો તેને વેચવા લાગ્યો. કોઈકે આને ખાધી છે એમ બોલતો લોક એક પણ કાકડી લેતો નથી, ત્યારે ધૂર્તે લોકવાયકાની મદદથી ગામડિયાને જીતી લીધો. ત્યાર પછી તેની પાસે લાડુની માંગણી કરી અને આટલો મોટો લાડુ આપવો અશક્ય છે એમ સમજી તેને રૂપિયા આપે છે, તે લેતો નથી, તેથી ગામડિયો બે, ત્રણ યાવત્ સો રૂપિયા આપે છે છતાં પેલો લેતો નથી. પછી ગામડિયાએ વિચાર્યું કે આ ધૂર્તથી મારો કોઈપણ રીતે છૂટકારો નહીં થાય એટલે નિપુણ બુદ્ધિથી આ વ્યવહાર ઉકેલવો પડશે. પ્રાયઃ જુગારીઓ જ ચતુરબુદ્ધિવાળા હોય છે તેથી હું તેઓની સેવા કરું અને તેણે તેમજ કર્યું. ધૂતકારોએ તેને પુછ્યું: હે ભદ્રક ! તું અમારી સતત સેવા કેમ કરે છે ? તેણે કહ્યું: મને આવા પ્રકારનું કષ્ટ આવ્યું છે. જુગારીઓએ તેને આ પ્રમાણે શીખવ્યું કે મીઠાઈની દુકાનમાંથી એક મુઠ્ઠી જેવડો લાડુ લઈને તે ધૂર્તને તથા શેષ નગર લોકને લઈને શેરીના દ્વારે જઈને ઈન્દ્રખીલાની જગ્યાએ તેને (લાડુને) મૂકીને તારે એ પ્રમાણે બોલવું: હે લાડુ! તું આ દરવાજામાંથી નીકળ અને તેણે એ પ્રમાણે જ કર્યું. પરંતુ લાડુ સ્વયં ચાલીને દરવાજામાંથી ન નીકળ્યો. આ રીતે તેણે ધૂર્તને ફરીથી જીત્યો. આ પ્રમાણે ધૂતકારોને ઔત્પાત્તિકી બુદ્ધિ હતી. (૮૦)

**अथ रुक्खे इति द्वारम्—**

**रुक्खे फलपडिबंधो, वाणरएहिं तु लेट्ठुफलखेवो ।**
**अण्णे अभक्खणिज्जा, इमे फला पंथवहणाओ ॥८१॥**

**'रुक्खे' इति द्वारपरामर्शः । फलानां गृह्यमाणानां 'प्रतिबन्धः' प्रतिस्खलना । केभ्य इत्याह—'वानरकेभ्यस्तु' कपिभ्य एव । इदमुक्तं भवति—क्वचित् पथि फलप्राग्भारनम्रशाखासंभारः कश्चिदाम्रादिर्महाद्रुमः समस्ति । तत्समीपेन च निरन्तरं तत्तत्प्रयोजनाक्षिप्तः पथिकलोको गच्छन्नागच्छंश्च पक्वान्यवलोक्य तत्फलानि बुभुक्षाक्षामकुक्षितया**

गृहीतुमारभते। परं तच्छाखासमारूढातिचपलकपिकुलेन प्रतिस्खलितो न तानि गृहीतुं शक्नोति। 'लेट्ठुफलखेवो' त्ति—अन्यदा च केनचिन्निपुणबुद्धिना पथिकेन लेष्टुक्षेपः कृतो मर्कटाभिमुखं, तदनु कोपावेगव्याकुलीकृतमानसैस्तैस्तत्प्रतिघाताय तानि फलानि क्षिप्तानि। एवं च परिपूर्णमनोरथः समजनि पथिकः । इति तस्यौत्पत्तिकी बुद्धिरिति । अत्रैव मतान्तरमाह—अन्ये आचार्या वृक्षद्वारमित्थं व्याख्यान्ति—यथा कैश्चित्पथिकैः क्वापि प्रदेशे केनाप्यनुपजीवितफलान् वृक्षानालोक्य चिन्तितम्, यथा—अभक्षणीयानि इमानि फलानि वर्त्तन्ते, कुतः? 'पंथवहाणाओ' इति पान्थवहनात् पथिलोकस्यानेन मार्गेण गमनादागमनाच्च। यदि ह्येतानि फलानि भक्षयितुं योग्यान्यभविष्यंस्तदा केनाप्यवश्यमभक्षयिष्यन्त, न च केनापि भक्षितानि तन्नूनमभक्ष्याणि । इति पथिकानामौत्पत्तिकी बुद्धिरिति ॥८१॥

હવે વૃક્ષ દ્વારને કહે છે–

**ગાથાનો શબ્દાર્થ**– ફળોથી લચી પડતો આંબો, વાંદરાઓનો અટકાવ, ઢેફાનું ફેંકવું. બીજા આચાર્યો કહે છેઃ મુસાફરોની અવરજવર છતાં લચી પડતા ફળો દેખાય છે તેથી અભક્ષ્ય હોવા જોઇએ. (૮૧)

'વૃક્ષ' એ પ્રમાણે દ્વાર પરામર્થ છે. વૃક્ષ પર લાગેલા ફળોને તોડતા મુસાફરોને વાંદરાઓએ લેતા અટકાવ્યા. કહેવાનો ભાવ એ છે કે– માર્ગમાં ફળોના સમૂહથી લચી પડતી ડાળીઓના સમૂહવાળું એક મોટું કેરીનું ઝાડ હતું. તે તે પ્રયોજનના વશથી તેની નજીકમાંથી જતો અને આવતો મુસાફર લોક ભૂખથી પડખા ભેગા થઇ જવાથી અર્થાત્ ઘણી ભુખ લાગવાથી આંબાના પાકેલા ફળોને જોઇને તોડવા લાગે છે, પરંતુ તે વૃક્ષની ડાળીઓ ઉપર રહેલા અતિ ચપળ વાંદરાઓના ટોળાઓ તે ફળો તોડવા નથી દેતા. કોઇક વખત કોઈ ચતૂર મુસાફરે વાંદરાઓને ઢેફાનો ઘા કર્યો. કોપના આવેશથી વ્યાકુળ થયેલા ચિત્તવાળા વાંદરાઓએ તેનો બદલો લેવા માટે કેરીઓ તોડીને સામા ઘા કર્યા અને આ રીતે કેરીઓ મળી જવાથી મુસાફરનો મનોરથ પૂર્ણ થયો. આ પ્રમાણે તે મુસાફરને ઔત્પત્તિક બુદ્ધિ હતી.

હવે આ દૃષ્ટાંતને મતાંતરથી કહે છે– બીજા આચાર્યો આ વૃક્ષદ્વારને બીજી રીતે કહે છે. જેમકે– કોઇક મુસાફરોએ કોઇક પ્રદેશમાં કોઇએ પણ ન ખાધા હોય એવા ફળોથી લચી પડતા વૃક્ષોને જોઇને વિચાર્યું કે આ ફળો અભક્ષ્ય હોવા જોઇએ, કેમકે મુસાફરોની અહીં અવર જવર હોવા છતાં ફળો સલામત છે. જો આ ફળો ભક્ષ્ય હોત તો કોઇએ પણ રહેવા ન દીધા હોત પણ કોઇએ તોડ્યા નથી તેથી નક્કી આ અભક્ષ્ય હોવા જોઇએ. એમ મુસાફરોને ઔત્પત્તિક બુદ્ધિ હતી. (૮૧)

अथ खड्डुगत्ति द्वारम्—

**खड्डुगमंतिपरिच्छा, सेणियगम सुमिण सेट्ठि णंद भए ।**
**मुद्दा कूवतडग्गह, छाणुग जणणीपवेसणया ॥८२॥**

**अथ संग्रहगाथाक्षरार्थः—'खड्डुग' त्ति द्वारपरामर्शः ।'मंतिपरिच्छा' इति मन्त्रिणः परीक्षायां प्रक्रान्तायां अभयो दृष्टान्तः ।कथमयं जात इत्याह—'सेणियगम' त्ति श्रेणिकस्य कुमारावस्थायां पित्रावज्ञातस्य बिन्नातटे गमो गमनमभूत् ।'सुमिणसेट्ठिनंदभए' इति तत्र चैकेन श्रेष्ठिना निशि स्वप्नो दृष्टो यथा रत्नाकरो मद्गृहमागतः । ततस्तेन नन्दाभिधाना दुहिता तस्मै दत्ता ।तस्यां चासावभयकुमारं पुत्रमजीजनत् ।प्रस्तावे च श्रेणिकः स्वराज्यं गतः ।अभयकुमारोऽपि समये स्वजननीं बहिर्व्यवस्थाप्य राजगृहं प्रविशन् सन्'मुद्दाकूव' त्ति मुद्रां खड्डुकमङ्गुलीयकमित्यर्थः कूपे पतितं ददर्श, लोकं च पप्रच्छ ।स चावोचत्— यस्तटस्थित इदमादत्ते तस्मै राजा महान्तं प्रसादमाधत्ते इति ।ततोऽभयकुमारेण 'छाणुग' त्ति छगणको गोमयस्तदुपरि प्रक्षिप्तः, उदकं च प्रवेशितम् । ततः कथानकोक्तक्रमेण गृहीतं तत् ।राज्ञा च दृष्टः । तदनु 'जणणीपवेसणया' इति जनन्या अभयकुमारसवित्र्याः प्रवेशनं नगरे कृतं राज्ञा इति ॥८२॥**

હવે 'નિર્જળ કૂવો' એ દ્વાર કહેવાય છે–

**ગાથાર્થ**– સૂકો કૂવો, મંત્રીની પરીક્ષા, શ્રેણિકનું જવું, શેઠને સ્વપ્ન આવવું, નંદાને પરણાવવી, અભયનો જન્મ, મુદ્રાને કૂવામાં નાખવી, કાંઠે રહી હાથથી ગ્રહણ કરવી, છાણનો પ્રયોગ અને માતાનો નગર પ્રવેશ. (૮૨)

**સૂકા કૂવામાં વીંટી કાઢવા વિશે અભયકુમારનું દૃષ્ટાંત -**

આ ભરતક્ષેત્રમાં પર્વતના રમ્ય પરિસરથી વીંટળાયેલ પ્રદેશવાળું રાજગૃહ નામનું નગર હતું. તેમાં પ્રસેનજિત નામનો રાજા રાજ્ય કરતો હતો. તેને રાજના સર્વ લક્ષણોથી યુક્ત શ્રેણિક નામનો પુત્ર હતો, જે સર્વે પુત્રોમાં ઉત્તમ અને સ્વભાવથી ગુણવાન હતો. આવી લોકવાયકા છે કે પુણ્ય હોવા છતાં પણ રાજ્ય પરાક્રમ સાધ્ય છે, તેથી હું પુત્રોની પરીક્ષા કરું એમ વિચારીને રાજાએ બધા પુત્રોને કહ્યું કે તમારે બધાએ ભેગા મળીને ભોજન કરવું. એમ કરવાથી પ્રીતિ કરેલી થાય છે, અર્થાત્ ભાઇઓની પરસ્પર પ્રીતિ થાય છે. મહારાજા જે કહે છે તે કરવું જોઇએ એમ મસ્તકે હાથ જોડીને પુત્રોએ વાત સ્વીકારી અને ઉચિત સમયે ભોજન કરવા બેઠા એટલે ખીરથી ભરેલી થાળીઓ પીરસવામાં આવી. જેટલામાં તેઓએ ખાવાનું શરૂ કર્યું છે તેટલામાં શિકારી કૂતરાઓ છોડવામાં આવ્યા. વાઘના પગ જેવા ભયંકર પગવાળા કૂતરાઓ જેટલામાં થાળીઓ પાસે આવ્યા તેટલામાં શ્રેણિક સિવાય બધા કુમારો ભયથી નાશી ગયા. પણ શ્રેણિકકુમારે

તેઓની થાળીઓ લઈને કૂતરાઓની સન્મુખ મૂકી અને તેઓ થાળીઓને ચાટવા લાગ્યા. ધીર ચિત્તવાળા શ્રેણિકે પોતાની થાળીમાં ખીર ખાધી. રાજાએ આ વ્યતિકરને જોયો અને શ્રેણિક ઉપર ખુશ થયો. ખરેખર આ કુમાર સુનિપુણ બુદ્ધિવાળો છે, જે આવા સંકટમાં પણ પોતાના કાર્યને ન ચુક્યો અને કૂતરાઓને પણ સંતોષ્યા. (૧૦) આ પ્રમાણે બીજા રાજાઓ આને ક્ષોભ પમાડશે તો પણ દાનના પ્રદાનથી આ રાજ્યનો ત્યાગ નહીં કરે. પરંતુ હમણા આ ગૌરવને યોગ્ય નથી કારણ કે ઈર્ષ્યાળુ બનેલા આ કુમારો તેને મારી નાખશે. આ પ્રમાણે વિચારીને શ્રેણિકને તિરસ્કાર ભરી દૃષ્ટિથી જોયો. તેથી મારે અહીં રહેવું ઉચિત નથી એમ વિચારીને કુમાર દેશાંતર તરફ ચાલ્યો. બેના નદીના કાંઠે વસેલું હોવાથી શ્રેષ્ઠ નગરજનોથી યુક્ત એવા બેનાતટ નામના નગરમાં પહોંચ્યો. પોતાના પરિમિત ચાકરોની સાથે પ્રસંગથી નગરની અંદર ગયો અને નગરમાં પ્રવેશ્યા પછી એક ક્ષીણવૈભવી શ્રેષ્ઠીની દુકાને પહોંચ્યો. શેઠે બેસવા આસન આપ્યું. દુકાનમાં આસન ઉપર બેઠો. રાત્રિએ શેઠે સ્વપ્નમાં જોયું હતું કે મારે ઘરે રત્નાકર આવ્યો. સ્વપ્ન મનોહર હતું. ખરેખર આ તેનું ફળ છે એમ જાણી શ્રેષ્ઠી મનમાં સંતુષ્ટ થયો. તે દિવસે તેના પુણ્યથી નગરને સંક્ષોભ કરે તેવો અર્થાત્ જેમાં ભારે ભીડ જામે તેવા મહોત્સવ પ્રવર્ત્યો. પછી ઘણા લોકો કુંકુમ-ચંદન-ધૂપાદિ ખરીદવા માટે તેની દુકાને આવ્યા. શેઠ અશઠ નીતિથી ઘણું ધન કમાયો. પછી ભોજનવેળાએ ઘરે જવાની ઇચ્છાવાળા શેઠે પુછ્યુંઃ તું આજે અહીં કોનો પરોણો થઈશ? શ્રેણિકે કહ્યુંઃ હું હમણાં તમારો પરોણો થઈશ. શેઠ ઘરે લઈ ગયા અને સર્વત્ર ઉચિત સત્કાર કર્યો. પછી તેના વચનકૌશલ્ય, સુભગત્વ, વિનય અને સૌજન્ય ગુણોથી આકર્ષાયેલા મનવાળા શ્રેષ્ઠીએ પોતાની નંદા પુત્રી આપી. લોકને પ્રમોદ ઉત્પન્ન કરે તેવા મોટા મહોત્સવથી તે બેના લગ્ન કર્યા. તત્કાળ ઉચિત સિદ્ધ થયું છે સર્વ કાર્ય જેનું, જમાઇ ઉપર અતિ વાત્સલ્યના કારણે શ્વસુર જનવડે અપાયું છે સન્માન જેને અત્યંત અનુરાગી એવો શ્રેણિક સ્વપ્નમાં પણ વિપ્રિયને નહીં ચિંતવતી એથી જ વિનયમાં તત્પર, મૃદુ-મધુરભાષી એવી નંદાની સાથે બાકીની બધી ચિંતાઓ છોડીને ભોગ ભોગવવા લાગ્યો. (૨૪)

હવે કોઇ વખત સુખેથી સૂતેલી નંદા સ્વપ્નમાં હરહાસ ઘાસના[૧] ફુલ જેવા સફેદ, ચાર દાંતવાળા, ઊંચી કરેલી સૂંઢવાળા એવા એક મદનિયાને (હાથીના બચ્ચાને) પોતાના મુખમાં પ્રવેશ કરતો જોઇ જાગી. તત્ક્ષણ જ પતિને નિવેદન કર્યું અને તેણે કહ્યુંઃ હે દયિતે ! ઉચિત સમયે તને પૂર્ણલક્ષણવાળો પુત્ર થશે. સ્વપુણ્યનો શેષ બાકી છે એવો એક દેવ દેવલોકમાંથી ચ્યવીને સુપ્રશસ્ત દિવસે શુભલગ્નમાં તેનાં ગર્ભમાં અવતર્યો. અતિપ્રૌઢ પુણ્યના ઉદયથી પ્રાપ્ત કરાય તેવો ગર્ભ રહ્યો. આ પ્રમાણે જેટલામાં કાળ પસાર થાય છે તેટલામાં અશક્ત થયેલા પ્રસેનજિતે

૧. હરહાસ નામના ઘાસના ફૂલો અત્યંત સફેદ હોય છે.

શ્રેણિકની તપાસ કરાવી. શ્રેણિક હાલમાં બેનાતટ નગરમાં સુખપૂર્વક રહે છે એમ જાણ્યું પછી તેને લાવવા માટે તત્ક્ષણ દૂતોને મોકલ્યા. દૂતો તેની પાસે પહોંચ્યા અને રાજા સંબંધી વ્યતિકર જણાવ્યો. શ્રેણિકકુમાર તત્ક્ષણ પિતા પાસે જવા ઉત્સુક થયો. (૩૧)

હવે શ્રેણિકે શ્રેષ્ઠીની રજા માગી કે હું પ્રયોજન વશથી પોતાના પિતાના ઘરે જાઉં છું. તેથી ખુશ થઇ મને રજા આપો. તેણે નંદાને કહ્યું: હે બાલિકે ! અમે સફેદ મહેલવાળા રાજગૃહી નગરીના રાજા છીએ, જો કાર્ય ઉત્પન્ન થાય તો ત્યાં આવવું. શ્રેણિક પિતાની પાસે પહોંચ્યો અને રાજ્ય મેળવ્યું. સર્વ પણ પરિજન આજ્ઞા સાધ્ય થયો. નંદાને ત્રીજે મહિને ગર્ભના અનુભાવવાળો અતિનિર્મળ દોહલો થયો અને તેણે શ્રેષ્ઠીને કહ્યો. હે તાત ! હાથીના સ્કંધ ઉપર આરૂઢ થયેલી અને માથે છત્ર ધરેલું હોય એવી હું નગરની અંદર અને બહાર ફરતી, મોટા સ્વરથી કરાતી અમારિ ઘોષણાને સાંભળું તો મને ઘણો સંતોષ થાય, નહીંતર મારે જીવિતનો ત્યાગ છે. અત્યંત તુષ્ટ થયેલો શ્રેષ્ઠી રત્નનો થાળ ભરીને રાજાને મળ્યો અને રાજાએ પણ રજા આપી કે ઇચ્છામુજબ કાર્ય કર. શ્રેષ્ઠ હાથીના સ્કંધ ઉપર બેઠેલી, સફેદ છત્રથી ઢંકાયેલ છે આકાશ તલ જેની ઉપર, અમારિ ઘોષણાને સાંભળતી નંદા નગરીમાં ફરી. દોહલો પરિપૂર્ણ થવાથી હંમેશા પણ પ્રસન્નચિત્તવાળી તેણીએ સાધિક નવમાસે આંખને અતિ આનંદ આપનાર દેવકુમાર જેવા પુત્રને જન્મ આપ્યો. શ્રેષ્ઠીએ પણ તે કાળયોગ્ય જન્મ મહોત્સવ કર્યો. માતાને અભયનો દોહલો થયો હોવાથી પવિત્ર દિવસે પુત્રનું નામ 'અભય' પાડવામાં આવ્યું. શુક્લ પક્ષના ચંદ્રમંડળની જેમ તે વધવા લાગ્યો અને આઠ વરસનો થયો ત્યારે ઘણી સુંદર બુદ્ધિની રિદ્ધિથી યુક્ત થયો.

પ્રસંગના વશથી અભય પૂછે છે– હે માત ! મારા પિતા ક્યાં રહે છે ? તેણે કહ્યું: રાજગૃહી નગરીનો શ્રેણિક નામનો રાજા તારો પિતા છે. પછી તેણે માતાને કહ્યું: હે માત ! અહીં રહેવું યોગ્ય નથી. સુપ્રશસ્ત સાર્થની સાથે પિતાની પાસે જવા પ્રયાણ કર્યું. ત્યાં પહોંચી રાજગૃહી નગરીની બહાર છાવણી નાખી માતાને રાખી અને અભય પોતે નગરની અંદર ગયો. તે વખતે રાજા અતિચીવટથી અતિઅદ્ભૂત સ્વરૂપવાળા બુદ્ધિથી યુક્ત એવા મંત્રીને શોધે છે. તેવો મંત્રી મેળવવા માટે પોતાની આંગળીની વીંટીને જેમાં સરો સુકાઇ જવાને કારણે તળિયું કોરું ધાક હતું, અર્થાત્ કૂવો પાણી વિનાનો હતો તેવા ઊંડા કૂવામાં નાખી અને સર્વલોકને કહ્યું કે કૂવાને કાંઠે રહીને હાથથી જે આને ગ્રહણ કરશે તેને હું યથા-ઇચ્છિત વૃત્તિ પ્રદાન કરીશ, અર્થાત્ તેને ઇચ્છામુજબ પગાર આપીશ. વિવિધ ઉપાયના પ્રયોગમાં મશગુલ લોક લાભ લેવા પ્રવૃત્ત થયો પરંતુ તેવો કોઇ ઉપાય મળતો નથી જેથી તે મુદ્રિકા ગ્રહણ થઇ શકે. તે પ્રદેશમાં અભયકુમાર આવ્યો અને પુછ્યું: આ શું છે ? લોકે રાજાએ કહેલ સર્વવૃત્તાંતને જણાવ્યો. તત્ક્ષણ અભયને તેનો ગ્રહણનો ઉપાય સુઝયો અને ભીના છાણનો પિંડો તેની ઉપર એકાએક નાખ્યો. મુદ્રિકા તેમાં ચોંટી ગઇ. સળગતા ઘાસનો પૂળો તેના ઉપર નાખ્યો. તેની ગરમીથી છાણનો પિંડ સુકાયો. કૂવાના

કાંઠા પાસે રહેલ બીજા કૂવાના નીકના પાણીથી આગળના કૂવાને ભર્યો. પછી કૂવામાં સુકાઈ ગયેલો છાણનો પિંડ પાણીની સપાટી ઉપર આવ્યો. કાંઠા ઉપર બેઠેલા અભયે તેને ગ્રહણ કર્યો અને તેમાં ચોંટેલી વીંટીને લીધી. તે કાર્યની ખબર રાખનારા પુરુષો તેને રાજાની પાસે લઇ ગયા. પગમાં પડેલા તેને રાજાએ પુછ્યું: હે વત્સ ! તું કોણ છે ? તે કહે છે કે હું તમારો પુત્ર છું. રાજા પૂછે છે કે કેવી રીતે ? અથવા અહીં ક્યાંથી ? એમ પુછાયેલા અભયે બેનાતટ નગરનો પૂર્વનો સર્વવૃત્તાંત કહ્યો. હર્ષાશ્રુથી પૂર્ણ નેત્રવાળો પુલકિત અંગવાળો, છાતીસરસો ચાંપીને રાજા ખોળામાં લઇ તેને ફરી ફરી ભેટે છે. પછી પુછ્યું: તારી માતા ક્યાં છે ? તે કહે છે– હે દેવ ! તે નગરની બહાર છે. પછી રાજા પરિવાર સહિત તેના પ્રવેશ નિમિત્તે ગયો. આ વ્યતિકર જાણ્યા પછી નંદાએ શરીરની શુશ્રુષા કરી. અભયે વારતા કહ્યું: હે માત ! આ શરીર શુશ્રુષા ઉચિત નથી. સુકુલમાં ઉત્પન્ન થયેલી સ્ત્રીઓ પતિના વિરહમાં આવા અતિ ઉદ્ભટ શણગારને કરતી નથી પરંતુ સુપ્રશસ્ત જ વેશ ધારણ કરે છે. પછી તત્ક્ષણ જ પુત્રનું વચન માની પૂર્વે જે વેશ પહેરેલો હતો તે જ પહેર્યો. રાજાએ માતા સહિત અભયને જેમાં શ્રેષ્ઠ મહોત્સવ પ્રવર્ત્યો છે એવા અને વિચિત્ર ફરકતી ધ્વજાથી શોભતા નગરમાં પ્રવેશ કરાવ્યો. શ્રેષ્ઠ કૃપાને મેળવનાર અભય સર્વ મંત્રીઓમાં શિરોમણિ થયો. આ પ્રમાણે ઉત્પત્તિક બુદ્ધિના ગુણથી અભય સુખી થયો.

**હવે સંગ્રહ ગાથાક્ષરાર્થ**– '**खड्डग**' એ પ્રમાણે દ્વાર પરામર્શ છે. મંત્રીઓની પરીક્ષાના પ્રસંગમાં અભયનું દૃષ્ટાંત છે. આ દૃષ્ટાંત કેવી રીતે બન્યું તેને કહે છે– પિતાથી તિરસ્કાર કરાયેલો શ્રેણિક કુમારાવસ્થામાં ઘર છોડીને બેનાતટ નગરે ગયો. ત્યાં એક શેઠે રાત્રે સ્વપ્ન જોયું કે રત્નાકર મારે ઘરે આવ્યો છે. પછી શેઠે તેને પોતાની નંદા પુત્રી આપી અને તે નગરીમાં તેણીએ અભયકુમાર પુત્રને જન્મ આપ્યો અને પ્રસંગે શ્રેણિક પોતાના રાજ્યમાં ગયો. સમયે અભયકુમાર પણ પોતાની માતાને નગરની બહાર મૂકીને રાજગૃહમાં પ્રવેશ્યો ત્યારે સૂકા કૂવામાં વીંટી પડેલી જોઇ અને લોકને પુછ્યું. લોકે કહ્યું કે જે કાંઠે રહી આ વીંટીને હાથથી ગ્રહણ કરશે તેને રાજા મોટો પ્રસાદ કરશે. પછી અભયકુમારે તેની ઉપર છાણનો પિંડ ફેંકી, સુકાવી, પાણી ભર્યું. પછી કથાનકમાં કહ્યા મુજબ વીંટીને ગ્રહણ કરી અને રાજા તેને મળ્યો. ત્યાર પછી રાજાએ અભયકુમારની માતાનો નગર પ્રવેશ કર્યો. (૮૨)

**पड जुण्णादंगोहलि, वच्चय ववहार सीसओलिहणा ।**
**अण्णे जायाकत्तण, तदण्णसंदंसणा णाणं ॥८३॥**

**'पट' इति द्वारपरामर्शः । 'जुन्नादंगोहलि' त्ति, किल कौचित् द्वौ पुरुषौ, तयोरेकस्य जीर्णः पटोऽन्यस्य चादिशब्दादितरः प्रावरणरूपतया वर्त्तते । तौ च क्वचिन्नद्यादिस्थाने समकालमेवाङ्गावक्षालं कर्त्तुमारब्धौ । तदेवं मुक्तौ पटौ । 'वच्चय' त्ति तयोर्जीर्ण-**

पटस्वामिना लोभेन विपर्ययो व्यत्यासश्चक्रे नूतनपटमादाय प्रस्थित इत्यर्थः । द्वितीयश्च तं निजं पटं याचितुमारब्धः । अवलप्तश्चानेन। संपन्नश्च तयो राजभवनद्वारे कारणिकपुरुषसमीपे व्यवहारः ।( ग्रं. २००० ) कारणिकैश्च किमत्र तत्त्वमित्यजानद्भिः 'सीसओलिहणा' इति शीर्षयोस्तन्मस्तकयोः कङ्कतकेन अवलेखना पररोमलाभार्थं कृता। लब्धानि च रोमाणि। ततस्तदनुमानेन यो यस्य स तस्य वितीर्ण इति कारणिकानामौत्पत्तिकी बुद्धिरिति । अत्रैव मतान्तरमाह —अन्ये आचार्या ब्रुवते, 'जायाकत्तण' त्ति तौ पुरुषौ कारणिकैः पृष्टौ यथा केनैतौ भवतोः पटौ कर्त्तितौ ? प्राहतुः—निज-निजजायाभ्याम् । ततो द्वयोरपि जाये कर्त्तनं कारिते । ततस्तदन्यसंदर्शनाद् व्यत्ययेन सूत्रकर्त्तनोपलम्भाज्ज्ञानं निश्चयः कारणिकानां संपन्नो, वितीर्णश्च यो यस्य स तस्येति ॥८३॥

**ગાથાર્થ**– વસ્ત્ર, જીર્ણ અને નવું. લઇ ચાલી જવું. વ્યવહાર, માથું ઓળવું, બીજા આચાર્યો કહે છે સ્ત્રીઓનું કાંતવું, વસ્ત્રથી વિપરીત કંતાઇ, જ્ઞાન, ચૂકાદો. (૮૩)

**'पट'** એ પ્રમાણે દ્વારપરામર્શ છે. બે પુરુષો હતા, તેમાના એકની પાસે જુનું વસ્ત્ર હતું જ્યારે બીજાની પાસે 'ચ' શબ્દથી નવું વસ્ત્ર હતું. તે વસ્ત્રો ઓઢવાના હતા. તે બે પુરુષો કોઇક નદીકાંઠે સમકાળે જ અંગ પ્રક્ષાલન કરવા લાગ્યા. બંનેએ વસ્ત્રો ઉતાર્યા. તે બેમાંથી જેનું વસ્ત્ર જુનું હતું તે લોભથી બીજાનું નવું વસ્ત્ર લઇને ચાલતો થયો. એટલે બીજો પોતાનું નવું વસ્ત્ર માંગવા લાગ્યો. પહેલાએ અપલાપ કર્યો. બંનેનો ઝગડો રાજભવનદ્વારમાં ન્યાયાધીશ પાસે ગયો. અહીં સાચું શું છે એમ નહીં જાણતા ન્યાયાધીશોએ બીજા વાળના લાભ માટે કાંસકાથી બંનેના વાળ[1] ઓળ્યા. અને વાળ સરખાવ્યા પછી વાળના અનુમાનથી જે વસ્ત્ર જેનું હતું તે વસ્ત્ર તેને આપ્યું. આમ ન્યાયાધીશોને ઔત્પત્તિકી બુદ્ધિ હતી.

અહીં જ મતાંતરને કહે છેઃ બીજા આચાર્યો કહે છે કે ન્યાયાધીશોએ બંનેને પૂછ્યું કે આ તમારા વસ્ત્રો કોણે કાંતેલા છે ? તે બેએ કહ્યુંઃ પોતાપોતાની સ્ત્રીઓએ કાંતેલા છે. પછી બંને સ્ત્રીઓ પાસે વસ્ત્રો કંતાવવામાં આવ્યા ત્યારે વસ્ત્રોના અસદૃશ[2] કાંતણથી નિર્ણય કરી જેનું જે વસ્ત્ર હતું તે તેને આપ્યું.

૧. અહીં કારણિકોનું અનુમાન એ હોઇ શકે કે જેનું જુનું વસ્ત્ર હતું તેનાં માથામાં વસ્ત્રના તાંતણા ભરાઇ ગયેલા હોય અને માથું ઓળતા કાંસકામાં આવી ગયા હોય. જ્યારે નવા વસ્ત્રવાળાના માથામાં તેવા પ્રકારના તાંતણાનો સંભવ ન હોવાથી તેનું માથું ઓળતા તાંતણા ન મળ્યા હોય.

૨. જે વસ્ત્ર જેનું ન હતું તેની સ્ત્રીએ જે વસ્ત્ર કાંત્યું તે પોતાની પાસે રહેલ વસ્ત્રથી વિસદૃશ જણાયું. જેનું વસ્ત્ર હતું તેની સ્ત્રીએ તેના જેવું જ બીજું વસ્ત્ર કાંત્યું.

अथ सरडेत्ति द्वारं—

सरडहिगरणे सन्नावोसिरदरि वाहि दंसणावगमो ।
अण्णे तव्वण्णिग चेल्लणाण पुच्छाइ पुरिसादी ॥८४॥

'इह किल कश्चिद्वणिक् क्वचिद् बहुरन्ध्रायां भुवि पुरीषमुत्स्रष्टुमारब्धः । तत्र च दैवसंयोगात् 'सरडहिगरणे' इति द्वयोः सरटयोरधिकरणं युद्धमभूत् । तत्र चैकः 'सन्नावोसिरदरि' त्ति संज्ञां व्युत्सृजतो वणिजः पुच्छेनापानरन्ध्रमाच्छोट्य तदधोभागवर्त्तिन्यां दर्यां प्रविष्टः । अन्यस्तु तदद्दष्ट एव पलाय्यान्यत्र गतः । एवं च तस्यात्यन्तमुग्धमतेः शङ्का समुत्पन्ना—यदयमेकः सरटो नोपलभ्यते तन्नूनं ममापानरन्ध्रेणोदरं प्रविष्टः इत्येवं शङ्कावशेन 'वाहि' त्ति व्याधिस्तस्याभूदुदरे । निवेदितं च तेन तथाविधवैद्याय यथा ममायं वृत्तान्तः संपन्नः । वैद्येनापि स प्रतिपादितः—'यदि मम दीनारशतं वितरसि तदा त्वामहं नीरुजं करोमि' इति । अभ्युपगतं चैतत्तेन । ततो वैद्येन लाक्षारसविलिप्तमेकं सरटं विधाय घटमध्ये च प्रक्षिप्य विरेचकौषधप्रयोगेण पुरीषोत्सर्गमसौ कारितस्तत्र । ततः 'दंसणावगणो' इति पुरीषवेगाहतसरटस्य घटान्निर्गतस्य दर्शनेऽपगमो विनाशः संपन्नो व्याधेरिति। अत्रैव मतान्तरमाह। अन्ये आचार्या एवं ब्रुवन्ति—'तव्वण्णिगचेल्लणाण पुच्छाए' इति तृतीयवणिकः शाक्यभिक्षुः क्षुल्लकश्च लघुश्वेताम्बरव्रती, तयोः परस्परं पृच्छायां प्रवृत्तायां सत्यां क्षुल्लकेन पुरुषादि इति किमयं पुरुषः उत स्त्रीत्युत्तरं दत्तम् । अयमत्र भावः—क्वचित् प्रदेशे केनापि शाक्यभिक्षुणा सरटो नानाविकारैः शिरश्चालयन्नुपलब्धः । तदनु कथंचित् तत्प्रदेशे समागतः क्षुल्लकः । तेन सोपहासमेवं पृष्टः—"भो भोः क्षुल्लक ! सर्वज्ञपुत्रकस्त्वं, तत्कथय किं निमित्तमेष सरटः शिरो धूनयत्येवं ?"तदनु तत्क्षणौत्पत्तिकीबुद्धिसहायः क्षुल्लकस्तस्यैवमुत्तरं दत्तवान्, यथा—"भो भोः शाक्यव्रतिन्नाकर्णय—अयं सरटो भवन्तमालोक्य चिन्ताक्रान्तमानसः सन्नूर्ध्वमधश्च निभालयति, किं भवान् भिक्षुरुपरि कूर्चदर्शनात्, उत भिक्षुकी लम्बशाटकदर्शनादिति ॥८४॥

હવે 'સરટ' એ દ્વારને કહે છે–

**ગાથાર્થ–** બે કાચંડાનું યુદ્ધ, સ્થંડિલ જવું, જોવું, વ્યાધિ, ઘડામાંથી નીકળતા કાચંડાને જોવું બીજા આચાર્યો કહે છે કે બૌદ્ધસાધુ અને ક્ષુલ્લકની પૃચ્છા પુરુષ-સ્ત્રીનું જોવું ઉત્તર. (૮૪)

અહીં કોઈક વણિક ક્યાંક ઘણા દરવાળી ભૂમિ ઉપર સ્થંડિલ કરવા ગયો અને ત્યાં ભાગ્યયોગે બે કાચંડાનું યુદ્ધ થયું. તેમાંનો એક કાચંડો સંજ્ઞા (ઝાડા) ને કરતા વણિકના ગુદાને

મારી નીચે દરમાં ચાલી ગયો પણ બીજો કાચંડો તેના દેખાતા જ બીજે ચાલ્યો ગયો અને આ પ્રમાણે તે અત્યંત મૂઢમતિને વહેમ પડ્યો કે એક કાચંડો દેખાતો નથી તેથી નક્કી ગુદામાં થઇને મારા પેટમાં ઘુસી ગયો છે. આવી કુશંકાથી તેને પેટમાં વ્યાધિ થયો, તેવા પ્રકારના વૈદ્યને બતાવ્યું અને કહ્યું કે મારે આવું થયું છે. જો તું મને સો દીનાર આપે તો હું તને સારો કરું. તેણે આ સ્વીકાર્યું પછી વૈદ્યે લાક્ષારસથી રંગેલા એક કાચંડાને ઘડામાં નાખીને વિરેચક ઔષધના પ્રયોગથી તેને ઝાડા કરાવ્યા. ઘડામાં વેગથી પડતા ઝાડાના કારણે ભયભીત થયેલો કાચંડો ઘડામાંથી જલદી બહાર નીકળતો જોયો એટલે શંકાનું સમાધાન થયું અને રોગ નાશ પામ્યો.

અહીં જ મતાંતરને કહે છે. બીજા આચાર્યો આ પ્રમાણે કહે છે– તૃતીય વર્ણિક એટલે બૌદ્ધ ભિક્ષુ અને ક્ષુલ્લક એટલે નાની ઉમરનો શ્વેતાંબર સાધુ તે બંનેનો પરસ્પર વાર્તાલાપ થયો ત્યારે ક્ષુલ્લક સાધુએ આ પુરુષ છે કે સ્ત્રી એમ ઉત્તર આપ્યો. અહીં કહેવાનો ભાવ એ છે કે કોઇક પ્રદેશમાં કોઇક બૌદ્ધસાધુએ વિવિધ હાવભાવ(વિકારો)થી માથું ધૂણાવતા કાચંડાને જોયો. ત્યાર પછી તરત તે પ્રદેશમાં એક ક્ષુલ્લક સાધુ આવ્યો. ક્ષુલ્લકની મશ્કરી કરતા બૌદ્ધ સાધુએ પુછ્યું: હે હે ક્ષુલ્લક ! તું સર્વજ્ઞપુત્ર છે તેથી કહે કે આ કાચંડો કયા કારણે આ પ્રમાણે માથું ધુણાવે છે. ત્યાર પછી તે જ ક્ષણે જેને ઔત્પત્તિકી બુદ્ધિની સહાય છે, અર્થાત્ જેને ઔત્પત્તિક બુદ્ધિ ઉત્પન્ન થઇ છે તે ક્ષુલ્લકે તેને આ પ્રમાણે જવાબ આપ્યો કે, હે હે શાક્યવ્રતી ! સાંભળ. આ કાચંડો તને જોઇને ચિંતાથી આક્રાંત મનવાળો થયો છે. ઉપર દાઢીમૂછ જોઇને શું આ ભિક્ષુ પુરુષ છે એમ શંકા કરે છે અને નીચે લટકતો સાળો જોઇને આ ભિક્ષુકી છે એમ શંકા કરે છે. (૮૪)

**कागे संखे वंचिय, विण्णायड सट्ठि ऊणपवासाई ।**
**अण्णे घरिणिपरिच्छा, णिहिफुट्टे रायणुण्णाओ ॥८५॥**

**'काक' इति द्वारपरामर्शः, 'संखे वंचिय' त्ति संख्याप्रमाणं एवमेव प्राच्यकज्ञाते इव रक्तपटेन क्षुल्लकः पृष्टः, यथा—'बिन्नायडसट्ठित्ति' बिन्नातटे नगरे कियन्तः काका वर्त्तन्ते? ततः क्षुल्लकेनोक्तम् —अहो भिक्षो ? षष्टिः काकसहस्राणि अत्र नगरे वर्त्तन्ते । भिक्षुः— ननु यद्यूना अधिका वा काका भविष्यन्ति तदा का वार्त्तेति ? क्षुल्लकः—'ऊणपवासाई' इति ऊना उपलक्षणत्वाद् अभ्यधिका वा यदि भवतो गणयतः काकाः संपद्यन्ते तदा प्रोषितादयः प्रोषिता देशान्तरं गताः, आदिशब्दादन्यतो वा देशान्तरात् प्राघुर्णकाः आगताः, इदमुक्तंभवति यदि ऊनाः संजायन्ते तदाऽन्यत्र गता इति ज्ञेयम्, अथाभ्यधिकास्तर्हि प्राघुर्णकाः समायाता इति । तदनु निरुत्तरी बभूव शाक्यशिष्यः । अत्रैव मतान्तरमाह — अन्ये आचार्या ब्रुवते, यथा—केनचिद्वणिजा तथाविधाद्भुतपुण्यप्राग्भारोदयेन क्वापि विविक्ते प्रदेशे निधिर्दृष्टो गृहीतश्च । तदनु 'घरिणिपरिच्छाणिहि' त्ति—गृहिण्या भार्यायाः**

**परीक्षा तेन निधिरक्षणार्थं कृता, किमियं रहस्यं धारयितुं शक्नोति न वेति बुद्ध्या । इदमत्रैदंपर्यम्;—तेन निजजायैवं प्रतिपादिता, यथा—मम पुरीषोत्सर्गं कुर्वाणस्य श्वेतवायसोऽपानरन्ध्रं प्रविष्ट इति । तया तु स्त्रीत्वचापल्योपेतया निजसख्याः ख्यापितोऽयं वृत्तान्तः । तयाप्यन्यस्याः । एवं यावत् परम्परया राज्ञापि ज्ञातैषा वार्त्ता । 'ततः फुट्टे रायणुन्नाओ' इति स्फुटिते प्रकटं गतेऽस्मिन् व्यतिकरे पार्थिवेन समाहूय पृष्टोऽसौ, यथा— वणिक् ! किमिदं सत्यम्, यतः श्रूयते, त्वदधिष्ठानं पाण्डुराङ्गो ध्वाङ्क्षः प्राविक्षदिति ? ततो निवेदितं तेन, यथा— देव, मया निधिः प्राप्तस्ततो महिलापरीक्षणार्थमिदमसंभाव्यं मया तस्याः पुरतः प्रतिपादितं, मदीयमिदं रहस्यं धारयिष्यति तदा निधिलाभमस्या निवेदयिष्यामि इति मत्वानेनेति । एवं च सद्भावे निवेदिते राज्ञा तस्य निधिः पुनरनुज्ञात इति ॥८५॥**

**ગાથાર્થ**– આ પ્રમાણે કાગડાની સંખ્યાના પ્રમાણની પૃચ્છા, બેનાતટ નગર, સાઇઠ હજાર, ઓછા કે વધુ હોય તો પ્રવાસે ગયા છે અને પરોણા આવેલ છે એમ જાણવું. બીજા આચાર્યો કહે છે– ઘરવાળીની પરીક્ષા, નિધિનું પ્રગટ, રાજાની અનુજ્ઞા. (૮૫)

**'काक'** એ પ્રમાણે દ્વાર પરામર્શ છે. પૂર્વના ઉદાહરણની જેમ અહીં પણ સંખ્યાનું પ્રમાણ ઉદાહરણ છે. રક્તપટ (બૌદ્ધ) સાધુએ ક્ષુલ્લકને પુછ્યું: હે ક્ષુલ્લક ! બેનાતટ નગરમાં કેટલા કાગડા રહે છે ? ક્ષુલ્લકે કહ્યું: હે ભિક્ષુ ! આ નગરમાં સાઇઠ હજાર કાગડાઓ વસે છે. ભિક્ષુ– જો ઓછા કે વધારે થશે તો શું કરીશ ? ક્ષુલ્લક– જો આનાથી ન્યૂન થશે તો સમજી લેવું કે તેટલા કાગડા પરદેશ ગયા છે. ઊન શબ્દ ઉપલક્ષણ છે તેનાથી અધિક પણ સમજી લેવું. એટલે કે વધારે થશે તો સમજવું કે તેટલા કાગડા બહારથી મહેમાન આવેલા છે. કહેવાનો ભાવ એ છે કે જો ગણતરી ઓછી થાય તો તેટલા બહાર ગયા છે અને વધારે થાય તો તેટલા કાગડા બહારથી મહેમાન આવેલા છે. ત્યાર પછી બૌદ્ધભિક્ષુ ચૂપ થઇ ગયો.

અહીં જ મતાંતરને કહે છે– અન્ય આચાર્યો કહે છે કે કોઇ વાણિયાએ તેવા પ્રકારના અદ્ભુત પુણ્યપિંડના ઉદયથી કોઇ એક નિર્જન પ્રદેશમાં નિધિ જોયો અને તેને લઇ લીધો. ત્યાર પછી તેના રક્ષણ માટે આ વાતને છાની રાખી શકે છે કે નહીં એમ જાણવા માટે ઘરવાળીની પરીક્ષા કરી. અહીં કહેવાનો ભાવ એ છે કે– તેણે પોતાની સ્ત્રીને આ પ્રમાણે જણાવ્યું– હું જ્યારે સ્થંડિલ કરતો હતો ત્યારે ગુદાના દ્વારમાં એક સફેદ કાગડો પ્રવેશી ગયો. પછી સ્ત્રીસ્વભાવની ચંચળતાને કારણે તેણીએ પોતાની બહેનપણીને આ વાત કરી. તેણે પણ બીજીને વાત કરી. આ પ્રમાણે પરંપરાથી આ વાત છળે ચોક પ્રસિદ્ધ થઇ. જ્યારે આ વાત રાજાના કાને પહોંચી ત્યારે રાજાએ તેને બોલાવી પુછ્યું: હે વણિક ! જે આ સંભળાય છે તે શું સાચું છે? શું તારા ગુદામાં સફેદ રંગનો કાગડો ઘૂસી ગયો છે ?

પછી તેણે રાજાને જણાવ્યું: હે દેવ ! મને નિધિની પ્રાપ્તિ થઇ છે તેથી મેં સ્ત્રીની પરીક્ષા કરવા માટે આ અસંભાવ્ય હકીકત તેને કહી. જો મારી સ્ત્રી આ ગુપ્તવાતને ધારી રાખશે તો તેને નિધિના પ્રાપ્તિની વાત કહીશ એમ માનીને મેં તેને અસંભાવ્ય વાત કરી છે. આ પ્રમાણે સાચી હકીકત કહેવાથી રાજાએ મળેલો નિધિ તેની પાસે રહેવા દીધો. (૮૫)

**उच्चार वुड्ढतरुणी, तदण्णलग्गत्ति नायमाहारे ।**
**पत्तेयपुच्छ सक्कुलि, सण्णावोसिरण णाणं तु ॥८६॥**

**'उच्चार' इति द्वारपरामर्शः । 'वुड्ढतरुणी' इति कस्यचिद् वृद्धब्राह्मणस्य तरुणी जाया समजनि । अन्यदा चासौ तथाविधप्रयोजनवशात्तया सह ग्रामं गन्तुं प्रवृत्तः । सा चाभिनवतारुण्योन्मत्तमानसा तस्मिन्ननुरागं स्वप्नेऽप्यकुर्वाणा 'तदन्नलग्गत्ति' तस्मान्निजभर्त्तुरन्यस्मिंस्तरुणे धूर्त्ते लग्नाऽनुरागं गता स्वं भर्त्तारं परिमुच्य तेन सह प्रस्थिता इत्यर्थः । इति वाक्यपरिसमाप्तौ । 'नाय' त्ति ततो न्यायो व्यवहारः क्वापि ग्रामे तयोर्ब्राह्मणधूर्त्तयोरभूत् । 'आहारे पत्तेय पुच्छ' त्ति ततः कारणिकैः प्रत्येकं त्रीण्यपि तान्यतीतदिवसाहाराभ्यवहारं पृष्टानि ।'सक्कुलि' त्ति ततो ब्राह्मणेन तद्भार्यया च सत्कुलि-कालक्षण एक एवाहारः कथितः, 'तदनु सन्नावोसिरण णाणं तु' इति विरेचकप्रदाने कृते तेषां द्वितयस्यैकाकारसंज्ञाव्युत्सर्गोपलम्भाज्ज्ञानं पुनरजायत कारणिकानां यदुतास्यैव ब्राह्मणस्येयं भार्या, नास्य धूर्त्तस्येति ॥८६॥**

**ગાથાર્થ**– ઉચ્ચાર, વૃદ્ધ અને તેની તરુણ સ્ત્રી, બીજાને વિષે આસક્ત, ન્યાયાલય, આહાર, પ્રત્યેક પૃચ્છા, તલપાપડીનો આહાર, જુલાબ અને જ્ઞાન થયું. (૮૬)

ઉચ્ચાર એ પ્રમાણે દ્વાર પરામર્શ છે. કોઇ એક વૃદ્ધ બ્રાહ્મણને તરુણ પત્ની મળી. કોઈક વખત આ વૃદ્ધ તેવા પ્રકારના પ્રયોજન વશથી તેની (સ્ત્રીની) સાથે ગામ જવા પ્રવૃત્ત થયો. અભિનવ યૌવનની ઉન્મત્તતાથી તે સ્ત્રી વૃદ્ધ વિશે સ્વપ્નમાં પણ અનુરાગ કરતી નથી. પછી તે પોતાના પતિને છોડીને અન્ય તરુણ ધૂર્તમાં આસક્ત થઇ અને પોતાના પતિને છોડી તેની સાથે ગઇ. ઇતિ શબ્દ વાક્યની પરિસમાપ્તિમાં છે. પછી કોઇ એક ગામમાં તે બ્રાહ્મણ અને ધૂર્તનો વ્યવહાર થયો. ન્યાયધીશોએ આગલા દિવસે કરેલા ભોજન સંબંધી દરેકને પૂછપરછ કરી. બ્રાહ્મણ અને તેની સ્ત્રીએ કહ્યું કે અમે ગઇ કાલે તલપાપડીનું ભોજન કર્યું છે. ત્યાર પછી તેઓને જુલાબ આપવામાં આવ્યો. તે બેને એક સરખી વિષ્ટા થવાથી ન્યાયધીશોએ નક્કી કર્યું કે આ બ્રાહ્મણની સ્ત્રી છે પણ ધૂર્તની નહીં. (૮૬)

अथ गज इति द्वारम्—

**गयतुलणा मंतिपरिक्खणत्थ नावाइ उदगरेहाओ ।**
**पाहाणभरणतुलणा, एवं संखापरिण्णाणं ॥८७॥**

**गजस्य कुञ्जरस्य तुलना प्रारब्धा मन्त्रिपरीक्षणार्थम् । अयमभिप्रायः—क्वापि नगरे मन्त्रिपदप्रायोग्यविशदबुद्ध्युपेतपुरुषोपलक्षणार्थं राज्ञा पटहप्रदानपुरस्सरमेवमुद्घोषणा कारिता, यथा—यो मदीयमतङ्गजं तुलयति तस्याहं शतसहस्रं दीनाराणां प्रयच्छामीति। 'नावाए उदगरेहाओ' इति । ततः केनापि निपुणधिषणेन 'नावि' द्रोण्यां गजं प्रक्षिप्यागाधे उदके नीतासौ नौर्यावच्चासौ गजभाराक्रान्ता सती बुडिता तावति भागे रेखा दत्ता । ततो गजमुत्तार्य 'पाहाणभरण' त्ति पाषाणानां भृतासौ तावद्यावत्तां रेखां यावज्जलमध्ये निमग्ना । ततस्ते पाषाणास्तुलिताः । एवं संख्याया गजगोचरभारपलादिप्रमाणलक्षणायाः परिज्ञानमभूत्तस्य यावती संख्या पाषाणप्रतिबद्धभारादीनां तावत्येव गजस्यापीति ज्ञातं तेनेति भावः । ततः परितुष्टमानसेन धराधिराजेन मन्त्रिपदमस्मै वितीर्णमिति ॥८७॥**

હવે ગજદ્વાર કહેવાય છે—

**ગાથાર્થ**— મંત્રીની પરીક્ષા માટે હાથીનું તોલવું, નાવડીમાં પાણીની રેખા, પથ્થર ભરીને તોલવું આ પ્રમાણે હાથીનું વજન જાણવું. (૮૭)

મંત્રીની પરીક્ષા માટે હાથીને તોલવાનું કહેવામાં આવ્યું. કહેવાનો ભાવ એ છે કે— કોઈક નગરમાં મંત્રી પદને યોગ્ય વિશદ બુદ્ધિથી યુક્ત પુરુષની પ્રાપ્તિ માટે રાજાએ પટપ્રદાન પૂર્વક ઉદ્ઘોષણા કરાવી. જે મારા હાથીને તોલી આપશે તેને હું એક લાખ દીનાર આપીશ. પછી કોઈક નિપુણ બુદ્ધિશાળીએ હાથીને નાવડીમાં ચઢાવીને અગાધ પાણીમાં લઈ ગયો. હાથીના ભારથી નાવડી પાણીમાં જ્યાં સુધી ડૂબી ત્યાં લીટી દોરી. પછી હાથીને ઉતારીને નાવડીમાં તેટલા પથ્થરો ભર્યા જ્યાં સુધી નાવડી પૂર્વની રેખા સુધી પાણીમાં ડૂબી. પછી પથ્થરોને તોલ્યા. આ પ્રમાણે હાથીનું વજન ભાર-પલ-પ્રમાણથી નિશ્ચિત થયું. જેટલા ભાર-પલ-પ્રમાણ પથ્થરોનું વજન થયું તેટલું જ હાથીનું થયું પછી ખુશ થયેલા રાજાએ આને મંત્રીપદ આપ્યું. (૮૭)

**घयणोऽणामयदेवी, रायाह्.ण एव गंधपारिच्छा ।**
**णाते हसणा पुच्छण, कह रोसे धाडुवाह ठिती ॥८८॥**

**'घयण' इति द्वारपरामर्शः । 'अणामयदेवी रायाह' त्ति कोऽपि राजा सर्वराहसिक-प्रयोजनवेत्तुः स्वकीयभाण्डस्याग्रत इदं प्राह-यदुत मम देवी पट्टराज्ञी अनामया नीरोग-कायलतिका कदाचित् सरोगतासूचकं वातकर्मादि कुत्सितं कर्म न विधत्त इति, घयणः-**

'न एवं' त्ति देव ! नैवायमर्थः संभवति यन्मानुषेषु वातादि न संभवतीति । ततो राज्ञोक्तम्,— कथं त्वं वेत्सि ? घयणः,-'गंधपरिच्छा' इति महाराज ! यदा देवी तव गन्धानुपलक्षणत्वात् पुष्पादि च सुरभिद्रव्यमर्पयति तदा परीक्षणीया सम्यग् वातकर्म विधत्ते नवेति ? कृतं चैवमेव धराधिपेन । ततो ज्ञाते देव्याः शठत्वे 'हसणा' इति राज्ञा हसनं कृतम् । 'पुच्छण' त्ति तथाप्यकाण्ड एव हसन्तमालोक्य तं पृष्टोऽसौ, यथा किमर्थं देव ! हसितं त्वयाऽप्रस्ताव एवेति? 'कह' त्ति ततो यथावृत्तं निवेदितं देव्या नरनाथेन अथ 'रोसे धाडुवाह' त्ति भाण्डं प्रति रोषे जाते देव्या घाटितो निर्द्धाटितो घयणः । ततो महतीं वंशयष्टिं निबद्धप्रभूतोपानद्-भरामादाय देवीप्रणामार्थमुपस्थितोऽसौ । पृष्टश्च तया, यथा—किं रे एता उपानहस्त्वया वंशे निबद्धाः? तेनाप्युक्तं तावकीं कीर्तिं निखिलां महीवलये ख्यापयित्वा एता घर्षणीया इति । ततो लज्जितया देव्या स्थितिस्तस्य कृता विधृतोऽसावित्यर्थः ॥८८॥

**ગાથાર્થ**– ઘયણ (ભાંડ) રાજાનું કહેવું કે દેવી અનામય છે એમ નથી, ગંધની પરીક્ષા, ભેદ, હસવું, પૃચ્છા, કથન, રોષ, બહાર કાઢવો, ફરી રાખવો. (૮૮)

**ગાથાર્થ**– 'ઘયણ' એ પ્રમાણે દ્વાર પરામર્શ છે. કોઈક રાજાએ સર્વ રહસ્ય પ્રયોજનને જાણનાર પોતાના ભાંડ (વિદૂષક)ની આગળ આ પ્રમાણે કહ્યું: મારી પટ્ટરાણી દેવી નિરોગીકાયની લતિકા ક્યારેય પણ રોગને સૂચવનાર વાછૂટ વગેરે હલકા કર્મ કરતી નથી. ભાંડે કહ્યું: મનુષ્યોમાં વાતાદિ દોષો નથી સંભવતા એ તમારી વાત સંભવતી નથી. પછી રાજાએ કહ્યું: તું કેવી રીતે જાણે છે ? ભાંડ– હું ગંધની પરીક્ષાથી જાણું છું. હે મહારાજ ! જ્યારે તમારી દેવી ગંધોને ઉપલક્ષણથી પુષ્પ વગેરે સુગંધી દ્રવ્યો તમને આપે છે ત્યારે વાતકર્મ કરે છે કે નહીં તે તમારે સારી રીતે પરીક્ષા કરવી. રાજાએ એ પ્રમાણે કર્યું. દેવીની મુર્ખાઈ જણાઈ ત્યારે રાજાને દેવી ઉપર હસવું આવ્યું. અકાળે જ હસતા રાજાને જોઈને દેવીએ પુછ્યું: કોઈ નિમિત્ત વિના તમને કેમ હસવું આવ્યું ? રાજાએ દેવીને યથાહકીકત જણાવી. પછી દેવીએ ભાંડ ઉપર ગુસ્સો કર્યો અને તેને દમદાટી આપી છૂટો કર્યો. મોટા વાંસમાં લટકાવેલા ઘણા જોડાના સમૂહને લઈને દેવીને પ્રણામ કરવા આવ્યો. દેવીએ કહ્યું: આટલા બધા જોડા વાંસમાં કેમ બાંધ્યા છે ? તેણે કહ્યું: તમારી સંપૂર્ણ કીર્તિ જગતમાં પ્રસિદ્ધ કરવા માટે મારે આટલા જોડા ઘસવા પડશે. લજ્જા પામેલી દેવીએ તેને ફરી પાછો કામ ઉપર રાખી લીધો. (૮૮)

**गोलग जउमयणक्के, पवेसणं दूरगमणदुक्खम्मि ।**
**तत्तसलागाखोहो, सीयल गाढत्ति कड्ढणया ॥८९॥**

'गोलग' त्ति द्वारपरामर्शः । 'जउमयनक्के पवेसणं' इति जतुमयस्य लाक्षामयस्य गोलकस्य नक्के नासिकायां क्रीडतः कस्यचिच्छिशोः प्रवेशनमभूत् । 'दूरगमणदुक्खम्मि' त्ति दूरं गते च गोलके तस्य गाढं दुःखमुत्पन्नम् । तस्मिन् सति तत्पित्रा वार्त्ता कथिता कलादाय । तेनापि 'तत्तसलागाखोहो' त्ति तप्तयाऽयःशलाकया क्षोभो भेदः कृतो गोलकस्य नासिकामध्यगतस्यैव । तदनु 'सीयल' त्ति पानीयं क्षिप्त्वा शीतला कृता शलाका । ततश्च 'गाढति कड्ढणया' इति जलावसिक्ता सती गाढा लग्ना सा शलाका गोलके इति कृत्वा आकर्षणं कृतं शलाकाया । तदाकर्षणे च गोलकोऽप्याकृष्टः । तदनु सुखितः समजनि दारकः ॥८९॥

**ગાથાર્થ**– લાખનો ગોળો, નાકમાં પ્રવેશ, અંદર ચાલ્યું જવું, પીડા, તપેલી સળી અંદર નાખવી, ઠંડી કરવી, ગાઢ ચોંટી જવી, ખેંચવી. (૮૯)

**'गोलक'** એ પ્રમાણે દ્વાર પરામર્શ છે. કોઇક રમતા બાળકના નાકમાં લાખની ગોળી પેશી ગઇ. ઊંડી પેશવાથી નાકમાં પીડા ઉત્પન્ન થઈ ત્યારે તેના પિતાએ સોનારને વાત કરી. તેણે પણ તપેલી લોખંડની સળી નાકમાં નાખી લાખના ગોળામાં ભરાવી. પછી પાણી છાંટીને સળીને ઠંડી કરી. પાણીથી ભિંજાયેલી સળી લાખની ગોળીમાં સજ્જડ ચોંટી ગઇ. પછી સળીને ખેંચી તેની સાથે લાખની ગોળી ખેંચાઇને બહાર આવી. પછી બાળક સુખી થયો. (૮૯)

**खंभे तलागमज्झे, तब्बंधण तीरसंठिएणेव ।**

**खोंटग दीहा रज्जू, भमाडणे बंधणपसिद्धी ॥९०॥**

'स्तंभ' इति द्वारपरामर्शः । केनचिद् राज्ञा क्वचिन्नगरे सातिशयबुद्धिमन्त्रिलाभार्थं राजभवनद्वारे पत्रमवलम्बितम्, यथा—'तडागमध्ये' इति नगरपरिसरवर्त्तिनोऽस्य तडागस्य मध्ये य स्तम्भो वर्त्तते, 'तब्बंधण' त्ति तस्य स्तम्भस्य बन्धनं नियन्त्रणं येन केनचित् सुबुद्धिबलेन तीरस्थितेनैव तडागजलमध्येऽनवगाढेनैव क्रियते दीनारशतसहस्रमहं तस्मै प्रयच्छामि । एवं च सर्वत्र प्रवादे प्रवृत्ते केनचिन्मतिमता 'खुंटय' त्ति तडागतटभुवि खुण्टकः स्थाणुरेको निखातः, तत्र च दीर्घा तडागायामव्यापिनी रज्जुः प्रतीतरूपा बद्धा। ततस्तस्या भ्रमाटनेन भ्रमणेन प्रवृत्त्याऽटने सति बन्धनप्रसिद्धिः स्तम्भगोचरा संपन्ना। लब्धं च तेन यद् राज्ञा प्रतिपन्नमासीत् तथा मन्त्रिपदमपीति ॥९०॥

**ગાથાર્થ**– તળાવમાં થાંભલો, કાંઠે રહીને જ બાંધવું, કાંઠા ઉપર ખીલો ખોડી લાંબા દોરડાથી કિનારે ફરવું અને થાંભલાને વીંટવું સિદ્ધ થયું. (૯૦)

**'स्तंभ'** એ પ્રમાણે દ્વાર પરમર્શ છે.

કોઈક એક નગરમાં કોઈક રાજાએ અતિશય બુદ્ધિમાન મંત્રીની પ્રાપ્તિ માટે રાજભવન દ્વાર ઉપર એક પત્ર લગાડ્યો. જેમકે– નગરના છેવાડે આવેલા તળાવની અંદર એક થાંભલો છે. કાંઠા ઉપર રહીને જ કોઈક બુદ્ધિશાળી તળાવમાં પડ્યા વિના તે થાંભલાને દોરડાથી બાંધશે તેને હું એક લાખ દીનાર આપીશ. આ પ્રમાણે સર્વત્ર વાત ફેલાઈ ત્યારે કોઈક બુદ્ધિમાને તળાવને કાંઠે ખીલો ખોડ્યો અને તેમાં તળાવના પરિઘ જેવડો દોરડાનો એક છેડો બાંધ્યો. દોરડાના બીજા છેડાને લઈ કાંઠે કાંઠે ગોળાકાર ભમતા થાંભલામાં આંટી પડી અને થાંભલો બંધાયો. રાજા વડે જે શરત મુકાઈ હતી તે મુજબ એક લાખ દીનાર તેને મળ્યા અને મંત્રીપદ પણ મળ્યું. (૯૦)

**खुड्डुग पारिव्वाई, जो जं कुणइत्ति काइगापउमं ।**
**अण्णे उ कागविट्ठा, पुच्छाए विण्हुमग्गणया ॥९१॥**

**'खुड्डुग' इति द्वारपरामर्शः । 'पारिव्वाई जो जं कुणइत्ति' काचित् सदर्पप्रकृतिः परिव्राजिका प्रसिद्धरूपा, यो यत्किंचित् कुरुते ज्ञानविज्ञानादि तत् सर्वमहं करोमीत्येवं प्रतिज्ञाप्रधानपटहकं नगरे दापितवती । क्षुल्लकेन केनचिद् भिक्षार्थे नगरमध्ये प्रविष्टेन श्रुतोऽयं वृत्तान्तः । चिन्तितं च तेन 'न सुन्दरावधीरणाऽस्याः' । स्पृष्टश्च पटहकः । गतश्च राजकुलम् । दृष्टा च तत्र सा राजसभोपविष्टा । तया च तं लघुवयसं क्षुल्लकमवलोक्य भणितम्,—कुतस्त्वां गिलामि ? नूनं त्वं मम भक्षणनिमित्तमेव दैवेन प्रेषितोऽसि । तेन चानुरूपोत्तरदानकुशलेन झगित्येव स्वमेहनं दर्शितम् । एवं च प्रथमत एव जिता सा । तथा, 'काइया पउमं' ति कायिकया प्रतीतरूपया शनैः शनैस्तद्द्वाररूपं भुवि पद्मं विलिखितम्, भणिता च—'धृष्टे! संप्रति सर्वसभ्यपुरुषप्रत्यक्षं स्वप्रतिज्ञां निर्वाहय यदि सत्यवादिनी त्वमसि । न च सा तल्लिखितुं शक्नोति, अत्यन्तलज्जनीयत्वात् सामग्र्य-भावाच्चेति। मतान्तरमाह;—अन्ये पुनराचार्या ब्रुवते—'कागविट्ठापुच्छाए' इति काकः कश्चित् क्वचित् प्रदेशे विष्ठां विकिरन् केनचिद् भागवतेन दृष्टः । तत्कालदृष्टिगोचरापन्नश्च क्षुल्लकस्तेन पृष्टः यथा—भो लघुश्वेताम्बर ! किमिदं काको विष्ठां 'विक्षिपन्नितस्ततो निभालयती' ति वद, सर्वज्ञपुत्रको यतस्त्वम् । अस्यां च पृच्छायां भणितं क्षुल्लकेन, यथा—'विण्हुमग्गणया' इति एष हि काकः "जले विष्णुः स्थले विष्णुर्विष्णुः पर्वतमस्तके। ज्वालामालाकुले विष्णुः सर्वं विष्णुमयं जगत्" ॥१॥ इति श्रुतस्मृतिशास्त्रः संपन्नकौतुहलश्च किमत्र विष्णुर्विद्यते न वेति संशयापनोदाय तं मार्गयितुमारब्धः ॥९१॥**

ગાથાર્થ– ક્ષુલ્લક, પરિવ્રાજિકા જે જેને કરશે તેને હું કરીશ, મૂત્રથી કમળનું આલેખન, બીજા આચાર્યો કહે છે કાગની વિષ્ટા, પૃચ્છા, વિષ્ણુની તપાસ. (૯૧)

'**खुड्डु**' એ પ્રમાણે દ્વાર પરામર્શ છે.

કોઇક એક અભિમાની પરિવ્રાજિકાએ જે કોઇ જે કંઇપણ જ્ઞાન વિજ્ઞાન આદિ કરશે તેને હું કરીશ એમ નગરમાં પ્રતિજ્ઞાપ્રધાન એવો પટહ વગડાવ્યો. ભિક્ષા માટે નગરમાં પ્રવેશેલા કોઇ ક્ષુલ્લકે આ વૃત્તાંત સાંભળ્યો. તેણે વિચાર્યું કે આની ઉપેક્ષા કરવી સારી નથી અને પટહને સ્પર્શ્યો અને રાજકુળમાં ગયો. રાજસભામાં તેને બેઠેલી જોઇ. નાની વયવાળા ક્ષુલ્લકને જોઇને બોલીઃ હું તને ક્યાંથી (કઇ બાજુથી) ગળી જાઉં ? ખરેખર તું દેવવડે મારા ભક્ષણ નિમિત્તે મોકલાયો છે. અનુરૂપ ઉત્તર દેવામાં કુશળ ક્ષુલ્લકે જલદીથી જ પોતાનું મેહન (લિંગ) બતાવ્યું એટલે પ્રથમથી જ તે જિતાઇ ગઇ. તથા મૂત્રધારા વડે તેણે ધીમે ધીમે ભૂમિ ઉપર સ્ત્રીયોનિ સ્વરૂપ કમળ આલેખ્યું અને કહ્યુંઃ જો ખરેખર તું સત્યવાદિની હો તો હે ધૃષ્ટે! હમણાં સર્વ સભ્યપુરુષોની સમક્ષ પોતાની પ્રતિજ્ઞાનું પાલન કર. અતિ લજ્જનીય કાર્ય હોવાથી અને તેવા પ્રકારની સામગ્રીનો અભાવ હોવાથી તે તેને આલેખવા શક્તિમાન ન થઈ.

અહીં મતાંતરને કહે છે. પણ અન્ય આચાર્યો આ પ્રમાણે કહે છે–કોઇ એક પ્રદેશમાં કોઇક ભાગવતે (ઈશ્વરવાદીએ) વિષ્ઠાને ફેંદતા કાગડાને જોયો અને તત્કાળ દૃષ્ટિપથમાં આવેલ ક્ષુલ્લક સાધુને પુછ્યુંઃ હે લઘુશ્વેતાંબર સાધુ! જો તું સર્વજ્ઞપુત્ર હો તો જવાબ આપ કે– આ કાગડો વિષ્ઠાને અહીં તહીં ફેંદતો શું શોધે છે? આ પ્રશ્ન થયો ત્યારે ક્ષુલ્લકે કહ્યુંઃ "જલમાં વિષ્ણુ છે, સ્થળમાં વિષ્ણુ છે, પર્વતના શિખર ઉપર વિષ્ણુ છે, આ આખું જગત વિષ્ણુમય છે." એ પ્રમાણે જેણે સ્મૃતિ શાસ્ત્ર સાંભળ્યું છે અને કુતૂહલ થયું છે એવો આ કાગડો અહીં વિષ્ણુ છે કે નહીં એવી શંકાનું સમાધાન કરવા વિષ્ઠામાં વિષ્ણુને શોધી રહ્યો છે. (૯૧)

**मग्गम्मि मूलकंडरि, अज्झुववाए कुडंगि पसवत्थं ।**
**जायण पेसण रमणे, आगम हासे पडग्गहणं ॥९२॥**

**मार्गे इति द्वारपरामर्शः ।'मूलकंडरि' त्ति मूलदेवकण्डरीकधूर्त्तौ कदाचित्कुतोऽपि निमित्तात् पथि व्रजतः। तत्र चैकः पुरुषस्तरुणरमणीसहायो गन्त्र्यारूढः सन्मुखमा-गच्छन्नवलोकितः ।'अज्झुववाए' इति अध्युपपन्नश्च कण्डरीकस्तस्यां योषिति। निवेदितश्च स्वाभिप्रायो मूलदेवाय ।तेन चोक्तम्,—मा विषीद, घटयाम्येनां ते ।ततः 'कुडंगिपसवत्थं जायण' त्ति मूलदेवेन कण्डरीक एकस्यां कुडङ्ग्यां वृक्षगहनरूपायां निवेशितः ।स्वयं च मार्गस्थ एवासितुमारब्धः । यावदसौ पुरुषः सभार्यः तत्प्रदेशमागतः, भणितश्च मूलदेवेन—यथैषा मम भार्याऽत्र वंशकुडङ्ग्यां प्रसवितुमारब्धाऽऽस्ते, एकाकिनी चासौ, ततस्तस्याः प्रसवार्थं स्वभार्यां मुहूर्त्तमेकं प्रेषयेत्येवं याचनं कृतं तस्याः । 'पेसण' त्ति प्रेषणं च कृतं तेन तस्याः ।ततः 'रमणे' इति "अंबं वा निंबं वा, आसन्नगुणेण आरुहइ वल्ली ।एवं इत्थीओवि हु, जं आसन्नं तमिच्छंति ॥१॥" इति न्यायमनुवर्त्तमानायास्तस्याः**

**कण्डरीकेन सह क्रीडने रमणे संपन्ने सति, 'आगम हासे पडग्गहणं' इति मूलदेवान्तिकमागत्य सहासमुखी 'प्रिय ! तव पुत्रो जातः' इति च वदन्ती मूलदेवमस्तकात् पटग्रहणं कृतवती सा । पठितं च तया निजभर्त्तारं प्रति;—''खडि गड्डुडी बइल्ल तुहुं बेटा जाया तांह । रण्णिवि हुंति मिलावडा मित्त सहाया जांह'' ॥९२॥**

ગાથાર્થ– માર્ગમાં, મૂલદેવ અને કંડરીક, ભોગનો અધ્યવસાય, વાંસની ઝાડી, પ્રસ્રવ, યાચના, પ્રેષણ, રમણ, પાછું આવવું, હાસ્ય અને પટનું ગ્રહણ. (૯૨)

**'मार्गे'** એ પ્રમાણે દ્વાર પરામર્શ છે. ક્યારેક કોઈપણ નિમિત્તથી માર્ગમાં મૂલદેવ અને કંડરીક જાય છે તેઓમાંથી એકે તરુણ સ્ત્રીની સાથે ગાડામાં બેઠેલા એક પુરુષને સામો આવતો જોયો. કંડરીકને તે સ્ત્રીને ભોગવવાનો અધ્યવસાય થયો. પોતાનો અભિપ્રાય મૂળદેવને જણાવ્યો. મૂલદેવે તેને કહ્યું: તું ખેદ ન કર, હું તારો સંગમ કરી આપીશ. પછી મૂલદેવે કંડરીકને ગાઢ ઝાડીમાં બેસાડ્યો અને સ્વયં માર્ગમાં ઊભો રહ્યો. તેટલામાં પત્ની સહિત તે પુરુષ ત્યાં આવી પહોંચ્યો અને મૂલદેવે ગાડાવાળાને કહ્યું: આ વાંસઝાડીમાં મારી સ્ત્રીની પ્રસૂતિ થઈ રહી છે અને તે એકલી છે. તેથી પ્રસૂતિ માટે પોતાની સ્ત્રીને એક મુહૂર્ત મોકલ એમ તેની માગણી કરી. તેણે તેને મોકલી. ''આંબાનું વૃક્ષ હોય કે લીંબડાનું હોય એનો વિચાર કર્યા વિના જે નજીકમાં હોય તેના ઉપર વેલડી ચઢે છે તેમ સ્ત્રીઓ પણ જે નજીકમાં હોય તેને ઇચ્છે છે'' એ ન્યાયને અનુસરતી તેણે કંડરીકની સાથે ક્રીડા કરી. પછી મૂલદેવની પાસે આવીને હાસ્યમુખવાળી એવી તેણી હે પ્રિય! તારે પુત્ર થયો છે એમ બોલતી મૂલદેવના મસ્તક પરથી વસ્ત્રને ગ્રહણ કર્યું અને પોતાના પતિને કહ્યું: ખાડો (ઝાડી) ગાડી, બળદ અને તમે ઊભા રહ્યા તો પુત્રનો જન્મ થયો. જેને મિત્રની સહાય હોય તેને જંગલમાં પણ મેળાપ થાય છે. (૯૨)

**इत्थी वंतरि सच्चित्थितुल्ल तीयादिकहण ववहारे ।**
**हत्थाविसए ठावण, गह दीहागरिसणे णाणं ॥९३॥**

**स्त्रीति द्वारपरामर्शः । 'वंतरिसच्चित्थितुल्ल' त्ति कश्चिद्युवा गन्त्र्यामारूढः सभार्योऽध्वनि व्रजति । भार्या च प्रस्तावे जलनिमित्तमुत्तीर्णा शकटात् । तत एका व्यन्तरी तस्य यूनो रूपे लुब्धा सती सत्यतत्स्त्रीतुल्यरूपमाधाय गन्त्र्यामारूढा । प्रस्थितश्चासौ तया सह । तदनु सत्या भार्या पश्चादवस्थिता विलपति—प्रियतम ! किमिति मामेकाकिनीं कान्तारे परित्यज्य प्रचलितोऽसि ? 'तीयाइकहण' त्ति तेनापि निश्चयार्थे द्वे अपि स्वगृहवृत्तान्तमतीतमादिशब्दाद् वर्त्तमानं च पृष्टे, तदनु यथावद् द्वाभ्यामपि कथनं कृतं समग्रस्यापि तस्य । व्यवहारे इति तदनु कारणिकाग्रतः प्रारब्धे व्यवहारे कारणिकैर्निपुणौत्पत्तिकीबुद्धियुक्तैः 'हत्थाविसए**

ठावण' त्ति हस्तस्याविषयेऽगोचरे स्थापनं कृतं कस्यचित् पटादेर्वस्तुनः 'गह' त्ति या एतद्दूरस्थितैव गृहीष्यति सा एतद्भार्येति वदद्भिः । 'दीहा गरिसणे' इति तदनु व्यन्तर्या वैक्रियलब्ध्या दीर्घं हस्तं कृत्वा आकर्षणं कृतं तस्य वस्तुनः। तस्मिंश्च सति ज्ञानं संशयापनोदः संपन्नः कारणिकानां यदुतेयं व्यन्तरीति ।तदनु निर्धाटिता सा तैरिति ॥९३॥

ગાથાર્થ– સ્ત્રી, સત્યસ્ત્રીની સમાન વ્યંતરી, અતીતાદિનું કથન, વ્યવહાર, હાથ ન પહોંચે ત્યાં વસ્તુનું મૂકવું, ગ્રહણ, લાંબેથી લેવામાં જ્ઞાન. (૯૩)

'स्त्री' એ પ્રમાણે દ્વારપરામર્શ છે. કોઈક યુવાન ગાડામાં બેસીને પત્ની સાથે માર્ગમાં જાય છે અને પ્રસંગે સ્ત્રી પાણી લેવા માટે ગાડામાંથી નીચે ઊતરી. પછી એક વ્યંતરી તે યુવાનના રૂપમાં લુબ્ધ થઇ ત્યારે તે સત્ય સ્ત્રીની સમાન રૂપ લઇને ગાડામાં બેસી ગઈ. તેને પોતાની સ્ત્રી માની યુવાન લઈને આગળ ચાલ્યો. ત્યાર પછી પાછળ રહેલી સત્ય સ્ત્રી વિલાપ કરે છે–હે પ્રિયતમ! તમે મને એકલી જંગલમાં મૂકીને કેમ ચાલ્યા છો? તેણે પણ ખાત્રી કરવા બંને પણ પત્નીઓને પોતાના ઘરનો અતીતનો અને આદિ શબ્દથી વર્તમાનનો વિષય પૂછ્યો. પછી બંનેએ પણ તે સમગ્ર પણ અતીતનું કથન પણ યથાવત્ કર્યું. પછી તેણે ન્યાયધીશ આગળ વ્યવહાર (ફરીયાદ) કર્યો. નિપુણ ઔત્પત્તિક બુદ્ધિથી યુક્ત ન્યાયાધીશોએ હાથથી ન પહોંચી શકાય તેટલી ઊંચી પટાદિ વસ્તુ રાખી. જે આટલે દૂર રાખેલી વસ્તુને હાથથી ગ્રહણ કરશે તે આની સ્ત્રી છે એમ બોલે છતે તરત જ વ્યંતરીએ વૈક્રિય લબ્ધિથી હાથને લંબાવી વસ્તુનું ગ્રહણ કર્યું. તેમ કરે છતે સંશયને દૂર કરનારું જ્ઞાન ન્યાયાધીશોને થયું કે આ વ્યંતરી છે. પછી તેઓએ તેને કાઢી મૂકી. (૯૩)

अथ पतिरिति द्वारम्—

**पतिदुगतुल्ला ण परिच्छ, पेसणा वरपियस्स आइओ ।**
**इहरासंभव भुज्जो, समगगिलाणे असंघयणी ॥९४॥**

क्वचिन्नगरे कुतोऽपि प्रघट्टकात् कस्याश्चित् स्त्रिया द्वौ पती संपन्नौ । भ्रातरौ च तौ परस्परम् । लोके महान् प्रवाद उद्घाटितो यथा —अहो महदाश्चर्यं यदेकस्या द्वौ पती, तथापि 'पइदुगतुल्लत्ति' पतिद्वयेऽपि तुल्या समानप्रतिबद्धा एका स्त्री । एष च वृत्तान्तो जने विस्तरन् राजानं यावद् गतः । तुल्योपचारसारा च किल सा तयोर्वर्त्तते नेति अमात्येनोक्तम् —न नैवायं वृत्तान्तः संभवति यदुत समानमानसिकानुरागा द्वयोरपीति । ततः प्रोवाच महीपतिः—कथमेतज्ज्ञायते ? मन्त्रिणाप्युक्तम् —'परीच्छा' इति देव, तस्याः परीक्षार्थमेतामाज्ञां देहि, यथा—अद्य त्वदीयभर्तृभ्यां नगरात् पूर्वापरदिग्भागवर्त्तिनो-

**ग्रामयोर्गन्तव्यमागन्तव्यं चाद्यैव ।ततो वितीर्णा चेयमाज्ञा राज्ञा ।तयापि 'पेसणा वरपियस्स' त्ति यः प्रियः पतिस्तस्यापरस्यां दिशि यो वर्त्तते ग्रामस्तत्र प्रेषणं कृतं, सामर्थ्यादितरस्येतरत्र। ततः प्रोक्तममात्येन—'आइम्मो' इति—देव, योऽपरस्यां दिशि प्रहितः स तस्याः समधिकं प्रियः यतः तस्य गच्छत आगच्छतश्चादित्यः पश्चाद् भवति, इतरस्य तूभयथापि ललाटफल-कोपतापकारीति ।राजा—'इहरासंभव' त्ति इतरथाप्यनाभोगतोऽप्येवं प्रेषणसंभवो घटते। अतः कथं निश्चिनुमो यदुतायमेव प्रेयानिति ? ततोऽमात्येन भूयः पुनः परीक्षार्थं ग्रामे गतयोरेव तयोः 'समगगिलाणे' इति समकमेककालमेव ग्लानत्वं सरोगत्वं निवेदितम्—तौ तदीयौ द्वावपि पती ग्रामगतौ ग्लानीभूतौ इत्येककालमेव तस्या ज्ञापितमिति भावः, तस्मिंश्च ज्ञापिते तया प्रोक्तं योऽपरस्यां दिशि गतो मद्भर्त्ताऽसौ 'असंघयणी' ति—असंहननी अदृढशरीरसंस्थानबल इति तत्प्रतिजागरणार्थं गच्छामि तावत् । गता च तत्र । ज्ञातं च सुनिश्चितममात्यादिभिर्यदुतायमेव प्रियो विशेषत इति ॥९४॥**

**ગાથાર્થ**– હવે 'પતિ' એ પ્રમાણે દ્વાર કહેવાય છે- બે પતિ વિષે તુલ્ય પ્રેમ, પરીક્ષા, પ્રેષણ, પ્રિયપતિને, પશ્ચિમમાં અનાભોગથી સંભવ, ફરીથી એક સાથે બિમાર, અસંઘયણીની પ્રથમ સેવા. (૯૪)

કોઇ એક નગરમાં કોઇપણ કારણથી કોઇક સ્ત્રીને બે પતિ થયા અને તે બંને ભાઇ છે. લોકમાં મોટી ચર્ચા ચાલી. અહો! એક સ્ત્રીને બે પતિ એ મોટું આશ્ચર્ય છે તો પણ એક સ્ત્રી બંને પતિ વિષે સમાન પ્રેમવાળી છે. અને લોકમાં આ વાત ફેલાતી રાજાની પાસે પહોંચી કે તે બંને પતિને વિષે સમાન ભાવવાળી (પ્રેમવાળી) છે. અમાત્યે કહ્યું કે આ ન બને. એક સ્ત્રી બંને પતિ વિષે સમાન રાગવાળી હોય એ વાત ન ઘટી શકે. પછી રાજાએ કહ્યું કેવી રીતે જાણી શકાય? મંત્રીએ કહ્યુંઃ હે દેવ! તેની પરીક્ષા કરવા આપ આજ્ઞા ફરમાવો. જેમકે–આજે તારા બંને પતિઓએ નગરથી પૂર્વ અને પશ્ચિમમાં રહેલા ગામમા જઇને આજે જ નગરમાં પાછા આવી જવું. રાજાએ આ પ્રમાણે આજ્ઞા કરી. તેણે પણ પ્રિય પતિને પશ્ચિમ દિશાના ગામમાં મોકલ્યો અને ઓછા પ્રિય પતિને પૂર્વ દિશાના ગામમાં મોકલ્યો તે સામર્થ્યથી જાણવું. પછી અમાત્યે કહ્યુંઃ હે દેવ! જે પશ્ચિમ દિશામાં મોકલાયો હતો તે તેને અધિક પ્રિય છે, કારણ કે તેને જતા અને આવતા બંને વખતે સૂર્ય પૂંઠનો થાય છે અને ઇતરને એટલે કે અલ્પપ્રિય પતિને બંને વખતે સૂર્ય લલાટ રૂપી ફલકને ઉપતાપ કરનારો થાય છે. રાજાએ કહ્યુંઃ અનાભોગથી પણ આ પ્રમાણે મોકલવું સંભવે છે માટે આ જ તેને પ્રિય છે એનો નિશ્ચય કેવી રીતે કરાય? પછી ફરીથી તેઓની પરીક્ષા કરવા માટે અમાત્યે ગામમાં ગયેલા તે બંનેનું એક સમયે જ બિમારપણું જણાવ્યું. જેમકે - તારા બે પતિ ગામમાં ગયેલા એક જ સમયે બંને સાથે બિમાર પડ્યા છે એમ

જણાવ્યે છતે તેણે કહ્યું કે પશ્ચિમ દિશામાં મારો પતિ ગયો છે તે નબળા બાંધાનો છે તેથી તેની સેવા કરવા હું હમણાં જાઉં અને ત્યાં ગઇ. આના ઉપરથી અમાત્ય વગેરેએ નિશ્ચિતથી જાણ્યું કે આ પતિ આને વધારે પ્રિય છે. (૯૪)

**पुत्ते सवत्तिमाया, डिंभग पइमरण मज्झ एसत्थो ।**
**किरियाभावे भागा, दो पुत्तो बेइ णो माया ॥९५॥**

**अथ गाथाक्षरार्थः—पुत्त इति द्वारपरामर्शः । इह कश्चित् प्रचुरद्रव्यसहायो वणिक् भार्यायुगलसमन्वितो राष्ट्रान्तरमागमत् । तत्र चैकस्यास्तत्पत्न्याः पुत्रः समजनि । एवं च 'सवत्तिमायाडिंभग' त्ति तस्य डिम्भकस्य बालस्य तयोर्मध्यादेका माता सवित्री अन्या च सपत्नी संपन्ना । 'पइमरण' त्ति दैवदुर्योगाच्च लघावेव तस्मिन् पुत्रके यशःशेषतां ययौ स वणिक् । डिम्भकश्च न जानाति का मम जननी तदन्या वा । तदनु निबिडमायासहाया प्राह सपत्नी,—ममैषोऽर्थः पत्युः संबन्धी आभाव्यः, यतो मया जातोऽयं पुत्र इति । जातश्च तयोर्द्वयोरपि व्यवहारः प्रभूतं कालं यावत्, न च छिद्यतेऽसौ । ततः 'किरियाभावे' इति क्रियाव्यवहारस्तस्या अभावे तयोः संपन्ने सति निपुणबुद्धिना प्रागुक्तकथानकोद्दिष्टेन मन्त्रिपुत्रेण प्रोक्तम्;—'भागा दो पुत्तो' इति एष नौ पुत्रो द्विभागीक्रियतां करपत्रकेण तदर्द्धमर्द्धं पुत्रार्थयोर्भवत्योर्दास्यामीत्यानीतं च करपत्रम्, यावत् पुत्रकोदरोपरि दत्तं तावत्—'बेइ नो माया' इति—या सत्या माता सा 'ब्रवीति' सस्नेहमानसा सती प्रतिपादयति यथा नो नैवामात्य ! त्वयैतत् कर्त्तव्यं, गृह्णात्वेषा मत्पुत्रमर्थं च, अहं तु अस्य जीवतो मुखारविन्ददर्शनेनैव कृतार्था भविष्यामीति । ततो ज्ञातं मन्त्रिनन्दनेन यदुतेयमेव माता, दत्तश्च सपुत्रोऽर्थ एतस्यै । निर्घाटिता चापरा इति ॥९५॥**

ગાથાર્થ- પુત્ર દ્વાર, સાવકી માતા, પુત્રનો જન્મ, પતિનું મરણ, આ ધન મારું છે, નિશ્ચયનો અભાવ, બે ભાગ, માતાનું ના પાડવું. (૯૫)

આ ભરતક્ષેત્રમાં કોઇક નગરમાં શુભ આશયવાળા, કલાના સમૂહને જાણનારા એવા રાજા-મંત્રી-શ્રેષ્ઠી અને સાર્થવાહના ચાર પુત્રો હતા. પરસ્પર દૃઢ સ્નેહવાળા જનમનોજ્ઞ યૌવનપણાને પામ્યા, ક્ષણમાત્ર પણ વિરહને સહન કરતા નથી, વિરહની ચિંતા (વ્યથા) ને જ વહે છે-ધારણ કરે છે. કોઇક વખત એક મનવાળા થઇ એકબીજાને કહે છે કે જેણે દેશાંતરમાં જઇ પોતાના આત્માની કસોટી કરી નથી તે મનુષ્ય શું લોકમાં ગણનાને પામે છે? અર્થાત્ લોકમાં પ્રતિષ્ઠિત બને? કાર્યમાં આરૂઢ થયેલા (કાર્ય કરવા પ્રવૃત્ત થયેલા) એવા મારે સામર્થ્યનો સંયોગ કેવો છે, અર્થાત્ મારામાં કેટલું સામર્થ્ય છે? આ પ્રમાણે પોતાના સામર્થ્યની પરીક્ષા માટે પ્રભાત સમયે પોતાના શરીર

માત્રની સહાય છે જેને (અર્થાત્ એકાકી) એવા સર્વે એક દેશાંતર ચાલ્યા. લોકોવડે નથી જણાયા કુલ અને શીલ જેના એવા તે ચારેય બપોરે એક નગરમાં પહોંચ્યા અને કોઈક અતિ શ્રેષ્ઠ દેવભવનના સ્થાનમાં (મંદિરમાં) ઊતર્યા. (૯)

આજે આપણા ભોજનની શું વ્યવસ્થા થશે એમ બોલતા તેઓને સાર્થવાહ પુત્ર કહે છે કે અરે! આજે હું તમને ભોજનની વ્યવસ્થા કરી આપીશ. ત્રણેયને પણ તે સ્થાનમાં મૂકીને નગરની અંદર એકલો ગયો અને પુરાણ (વૃદ્ધ) વણિકની દુકાને બેઠો. તે દિવસે કોઈક દેવનો મહોત્સવ પ્રવર્ત્યો અને ધૂપ-વિલેપન-સુગંધી વસ્તુ આદિનો વ્યાપાર થવા લાગ્યો. જ્યારે તે વણિક પડીકા બાંધવામાં પહોંચી વળતો નથી ત્યારે સાર્થવાહ પુત્ર તેને સહાય કરવા લાગ્યો. ભોજનવેળા થઈ એટલે વણિકે કહ્યું કે તું અમારો પરોણો થા. તેણે જવાબ આપ્યો કે મારે બીજા ત્રણ મિત્રો બહાર છે તો હું એકલો કેવી રીતે તમારો મહેમાન થાઉં? પછી વણિક કહે છે કે તેઓને પણ બોલાવી લાવ, મારે તો સર્વ સમાન છે. અતિ ગૌરવપૂર્વક આદરથી તેઓને ભોજન કરાવ્યું અને ભોજન સંબંધી તેને પાંચ રૂપિયા ખર્ચ થયું. (૧૩)

બીજે દિવસે ભોજન કરાવવાની પ્રતિજ્ઞા કરીને સૌભાગ્યજનમાં શિરોમણિ સમાન શ્રેષ્ઠીપુત્ર નીકળ્યો અને ગણિકાના પાડામાં આવેલા શ્રેષ્ઠ દેવકુલમાં ગયો અને ત્યાં બેઠો. તે વખતે નાટ્ય મહોત્સવ ચાલતો હતો. એક ગણિકાની પુત્રી નવયૌવનથી ઉદ્ભટ થયેલી કોઈપણ પુરુષને ઈચ્છતી નથી. પોતાના સૌભાગ્યથી ઉન્મત્ત શ્રેષ્ઠીપુત્ર નાટ્ય મહોત્સવમાં રમ્યો. તેને જોઈ તેણી સરાગ મનવાળી થઈ અને તેને વિકારપૂર્વક જોયો. અતિ સ્નિગ્ધ-મુગ્ધ દૃષ્ટિવાળી ફરી ફરી પણ કટાક્ષના ક્ષેપપૂર્વક જોવા લાગી. ગણિકા આ વૃત્તાંતને જાણી આનંદિત મનવાળી થઈ. પછી શ્રેષ્ઠીપુત્રને બોલાવીને પોતાના ઘરે લઈ ગઈ અને પુત્રીને પ્રણામ કરાવે છે. પછી ગણિકાએ અકૃપણ ભાવથી સહિત અર્થાત્ ઉદાર ભાવથી ભોજન તંબોલ વસ્ત્રાદિથી ચારેનો પણ સત્કાર કર્યો. જેમાં સો રૂપિયાનો ખર્ચ થયો (૧૯)

ત્રીજા દિવસે બુદ્ધિપ્રધાન અમાત્યપુત્ર રાજાના ઘરે ગયો. જ્યાં લાંબા સમયથી ઘણા વિવાદો ચાલી રહ્યા હતા અને તેમાં બે સ્ત્રીઓ એક પુત્રને લઈને આવી હતી. તેઓએ અમાત્યને કહ્યું: હે સ્વામિન્ ! અમારી વિનંતિ સાંભળો. દૂર દેશાંતરમાં પતિનું મરણ થવાથી અમે અહીં આવી છીએ. આ અમારું દ્રવ્ય (ધન વગેરે) છે અને આ પુત્ર છે. તેથી જેનો આ પુત્ર છે દ્રવ્ય પણ તેનું થશે એ પ્રમાણે નિર્ણય થશે એમ સમજી તમારી પાસે ન્યાય લેવા આવેલી અમારો ઘણો કાળ પસાર થયો. તેથી પુત્ર અને ધન આપીને કહ્યું કે આજે અમારા વિવાદનો અંત આવે તેમ કરો. પછી અમાત્યે કહ્યું: અહો ! આ વિવાદ અપૂર્વ છે, સુખપૂર્વક તે વિવાદ કેવી રીતે ઉકેલાય ? આ પ્રમાણે અમાત્યએ કહ્યું ત્યારે અમાત્યપુત્રે કહ્યું કે જો તમારી અનુજ્ઞા હોય તો આ વિવાદનો હું

ઉકેલ બતાવું. અમાત્યની અનુજ્ઞા થવાથી તેણે બંને પણ સ્ત્રીઓને કહ્યું કે તમો અહીં ધન અને પુત્રને રાખો, તેઓએ તેમ કરે છતે કરવત લઇ આવ્યા અને ધનના બે ભાગ કર્યા. પુત્રના બે ભાગ કરવા માટે નાભિ ઉપર કરવત મુકવામાં આવી. કારણ કે બીજી કોઇ રીતે આ વિવાદ મટે તેમ ન હતો. પુત્રની સાચી માતા નિષ્કૃત્રિમ સ્નેહથી ઓળંગાઇ ગયેલી, અર્થાત્ સ્નેહથી ભાવવિભોર બનેલી કહે છે કે પુત્ર અને ધન વિમાતાને આપો પરંતુ કોઈપણ રીતે પુત્રનું મરણ ન થાઓ. અમાત્યપુત્રે જાણ્યું કે પુત્ર અને ધન આનું છે પણ પેલીનું નથી. પેલીને કાઢી મૂકી અને ધન અને પુત્ર સાચી માતાને આપ્યા. આ બાજુ અમાત્ય અમાત્યપુત્રને પોતાના ઘરે લઇ ગયો અને તેણે કૃતજ્ઞપણાથી તેને એકહજાર સોનામહોર આપ્યા.

ચોથા દિવસે રાજપુત્ર નગરની અંદર નીકળ્યો અને જો રાજ્ય સંપત્તિ મેળવવાનું મારું પુણ્ય હોય તો તે સારી રીતે ઉદય પામો. હવે તેના પુણ્યોદયથી તત્ક્ષણે તે નગરનો રાજા કારણ વિના જ મરણને શરણ થયો. અને તે અપુત્રીયો હતો તેથી રાજ્યને યોગ્ય પુરુષની તપાસ શરૂ થઇ. નૈમિત્તિકના કહેવાથી રાજપુત્ર તેના રાજ્ય ઉપર સ્થાપન કરાયો. પછી ચારેય મિત્રો ભેગા થયા અને હર્ષ પામેલા પરસ્પર કહે છે કે અમારું સામર્થ્ય કેટલું માત્ર છે ? પછી કહે છે કે પુરુષની હોશિયારી પાંચના મૂલ્યવાળી છે. સૌંદર્ય સોના મૂલ્યવાળું છે. બુદ્ધિ હજારના મૂલ્યવાળી છે અને પુણ્ય લાખના મૂલ્યવાળું છે. સાર્થવાહ પુત્ર હોશિયારીથી અને શ્રેષ્ઠીપુત્ર રૂપથી અમાત્યપુત્ર બુદ્ધિથી અને રાજપુત્ર પુણ્યથી જીવે છે. અમાત્ય પુત્રની જે બુદ્ધિ છે તે અહીં પ્રસ્તુત છે તે ઔત્પત્તિક જાણવી. બાકી સર્વ પ્રસંગથી કહ્યું છે.

**ગાથાનો અક્ષરાર્થ–** પુત્ર એ પ્રમાણે દ્વાર પરામર્શ છે. અહીં કોઇક પ્રચુર દ્રવ્યની સહાય છે જેને એવો વણિક બે પત્નીઓ સાથે બીજા દેશમાં ગયો. ત્યાં એક પત્નીને પુત્ર જન્મ્યો. આ પ્રમાણે તે બાળકની બેમાંથી એક સગી માતા થઇ અને બીજી શોક્ય માતા થઇ. દુર્ભાગ્યના યોગથી પુત્ર નાનો હોવા છતાં તે વણિક મરણ પામ્યો. પુત્ર જાણતો નથી કે મારી માતા કોણ છે અને સાવકી માતા કોણ છે ? પછી નિબિડ માયાની સહાય છે જેને એવી શોક્ય કહે છે કે પતિ સંબંધી આ ધન મારું આભાવ્ય (માલિકીનું) છે, કારણ કે મને પુત્ર થયો છે, અને તે બંનેનો વિવાદ (ઝઘડો) થયો. આ વિવાદ ઘણા કાળ સુધી મટતો નથી ત્યારે પૂર્વે કહેવાયેલ કથાનકમાં બતાવાયેલ નિપુણમતિ મંત્રીએ કહ્યું: આ પુત્રના કરવતથી બે ભાગ કરી અડધો-અડધ પુત્ર અને ધન બંનેને વહેંચી દઇશ અને કરવત લઇ આવ્યો. જેટલામાં પુત્રના પેટ પર કરવત મૂકી તેટલામાં જે સાચી માતા હતી તે સ્નેહથી કરુણ હૃદયવાળી થઈ બોલે છે– હે અમાત્ય ! તારે આમ ન કરવું. મારો પુત્ર અને ધન બંને આ ભલે લઇ જાય પણ હું તો જીવતા એવા પુત્રના મુખરૂપી કમળના દર્શનથી કૃતાર્થ થઇશ. પછી મંત્રીપુત્રે જાણ્યું કે આ આની સાચી માતા છે. પુત્ર સહિત ધન તેને અર્પણ કર્યું અને પેલીને દેશપાર કરી. (૯૫)

**महुसित्थकरुब्भामिय, रयजालीदिट्ठकिणण पतिकहणा ।**
**गमणअदंसण तह ठाणपासणा दुट्ठसीलत्ति ॥९६॥**

**'मधुसित्थ' इति द्वारपरामर्शः । 'करुब्भामिय' त्ति केनापि राज्ञा सर्वस्मिन्निजदेशे मदनकरः पातितः, यदुत—सर्वेणापि लोकेन ममैतावद् मदनमानीय दातव्यमिति । इतश्च क्वापि ग्रामे कस्यचित् कोलिकस्य उद्भ्रामिका कुलटा वर्त्तते जाया । 'रयजाली दिट्ठ' त्ति अन्यदा च तया केनचिदुपपतिना सह 'रतं' निधुवनमासेवमानया 'जाल्याः' पीलुककुडङ्ग्या मध्ये भ्रामरं दृष्टम् । ततः 'किणणपइकहणा' इति राजदेयमदनं क्रीणतः सतः पत्युः कथनं कृतं तया यथा मा क्रीणीहि त्वमेतत्, यतो मया तत्र स्थाने भ्रामरमालोकितमास्ते स्वयमेव, अतस्तदेव गृहाण, किमनेन निष्प्रयोजनेन द्रविणव्ययेन कृतेन प्रयोजनमिति । 'गमणे दंसण' त्ति तदनु तेन सभार्येण कुडङ्ग्यां गमनं कृतं मदनोपलम्भाय यदा चादर्शनं निपुणं निभालयतोऽपि अनवलोकनं मदनस्य संपन्नं तस्य, तदा भणिता तेन सा, यथा—हले ! न दृश्यते तत् । ततः 'तहठाणपासणा' इति तथास्थानं चौर्यनिधुवनकालभावी आकारस्तया धृतः, दृष्टं च तद् भ्रामरम्, गृहीतं च 'दुट्ठसील' त्ति तदनु ज्ञातं कोलिकेन यदुत दुष्टशीला विनष्टशीला इत्यस्मात् स्थानकरणलक्षणाद्धेतोरिति ॥९६॥**

**ગાથાર્થ**– મધપુડો, રાજાનો કર, આસક્ત, ઝાડી, જોવું, ખરીદવું, પતિને કહેવું, જવું, નહીં જોવું, તેવા પ્રકારનું સ્થાન કરવું, જોવું, દુષ્ટશીલા છે એવો નિર્ણય. (૯૬)

**'मधुसित्थ'** એ પ્રમાણે દ્વાર પરામર્શ છે. કોઈક રાજાએ પોતાના આખા દેશમાં મીણનો કર નાખ્યો. સર્વ પણ લોકે મને આટલું મીણ લાવીને આપવું. આ બાજુ કોઈક ગામમાં કોઈ કોળીની (અથવા વણકરની) વ્યભિચારીણી કુલટા સ્ત્રી હતી. જેણે કોઈક વાર જારપુરુષની સાથે ક્રીડા કરતી ઝાડીની મધ્યમાં મધપુડાને જોયો. પછી તેણે રાજકર માટે મીણને ખરીદતા પતિને કહ્યું કે તમે મીણ ન ખરીદો કારણ કે તે સ્થાનમાં મેં મધપુડાને સ્વયં જ જોયો છે. આથી જ તેને ગ્રહણ કરો. આ નિષ્પ્રયોજન દ્રવ્યના વ્યયથી શું ? પછી તે પત્નીની સાથે તે ઝાડીમાં મીણ લેવા ગયો. બારીકાઈથી જોવા છતાં તેને મધપુડો ન દેખાયો ત્યારે સ્ત્રીને કહ્યું: અરે ! મધપુડો દેખાતો નથી. પછી જારની સાથે પૂર્વે ક્રીડા કરતી વખતે જે આસન કર્યું હતું તેવું આસન કર્યું ત્યારે તેણે મધપુડો જોયો. ત્યારપછી તેવા પ્રકારના આસનના લક્ષણથી આ દુષ્ટશીલવાળી છે એમ કોલિકે જાણ્યું. (૯૬)

**मुद्दिय पुरोह णासावलाव गह मंति रण्ण परिपुच्छा ।**
**सिट्ठे जूए मुद्दा, गह लाभ परिच्छय प्पिणणा ॥९७॥**

मुद्रिकेति द्वारोपक्षेपः। 'पुरोहि' त्ति पुरोहितः, पुरोहित इत्यर्थः। कस्मिंश्चिन्नगरे केनचिद् द्रमकेण देशान्तरं यियासुना, 'णासे' त्ति न्यासो निक्षेपो निजद्रव्यस्य कृतः। प्रत्यागतश्च यदासौ याचते तं तदा पुरोहितेन 'अवलावे' त्ति अपलापोऽस्य कृतो — न किञ्चित् त्वया मम समर्पितमेवं भणता [illegible] स्वकीयं [illegible] ग्रहिलत्वं संजातम्। 'मंति' त्ति [illegible] पुरोहितश्च [illegible] 'पुरोहित [illegible] समर्पितं [illegible] 'वाक्य: पुरोहितेन [illegible] मुषितः [illegible] प्रतिपन्न [illegible] निवेदितश्चायं [illegible]। 'राय परिपुच्छ' त्ति [illegible] पृष्टः पुरोहितः [illegible] द्रमकश्च सर्वं सप्रत्ययं दिवसमुहूर्त [illegible] साक्षिलोकप्रभृति नृपेण [illegible] पृष्टः [illegible] इति [illegible] कथिते तेन सर्वस्मिन्नपि वृत्तान्ते 'जूए' इति अन्यदा राजा पुरोहितेन सह द्यूतं रन्तुमारब्धः। तत्र चालीकमेव [illegible] 'मुद्दागहे' त्ति पुरोहितस्य नामाङ्कमुद्रारत्नं गृहीतं भूमीभुजा। तदनु पूर्वमेव व्युत्पादितस्यैकस्यात्मपुरुषस्य हस्ते न्यस्तं तत्, भणितश्चासौ विविक्ते, यथा — पुरोहितगृहे गत्वा अनेनाभिज्ञानेन पुरोहितेन प्रेषितोऽहमिति निवेदनपूर्वं द्रमकसंबन्धिनं दीनारनकुलकं याचस्व। गतश्चासौ तत्र। 'लाभे' त्ति लब्धश्च नकुलकः। निक्षिप्तश्चान्यनकुलकमध्ये। आकारितश्च द्रमकः, भणितश्च — गृहाणामीषां मध्यात् स्वकीयं नकुलकम्। गृहीतश्च तेन स्वकीय एव। 'परिच्छियप्पिणणा' इति एवमौत्पत्तिकीबुद्धिबलेन परीक्ष्यार्पणं [illegible] कृतं राज्ञा तन्नकुलस्य। जिह्वाच्छेदश्च पुरोहितस्येति॥९७॥

**ગાથાર્થ**– મુદ્રિકા, પુરોહિત, ન્યાસ, અપલાપ, ગાંડપણ, મંત્રી, રાજાની પૃચ્છા, તે જ કહેવું, જુગાર, મુદ્રાનું ગ્રહણ, પરીક્ષા કરીને અર્પણ. (૯૭)

**મુદ્રિકા** એ પ્રમાણે દ્વાર પરામર્શ છે. કોઈ એક નગરમાં દેશાંતર જવાની ઈચ્છાવાળા કોઈ એક દ્રમકે પુરોહિતને ત્યાં પોતાની થાપણ મૂકી. અને જ્યારે પાછો આવીને થાપણને માગે છે ત્યારે પુરોહિતે અપલાપ કર્યો કે તેં મારી પાસે આવા પ્રકારની કોઈપણ થાપણ મૂકી નથી. આથી પોતાનું દ્રવ્ય નહીં મેળવી શકનાર દ્રમક ગાંડો થયો. કોઈ વખત તેણે રાજમાર્ગે મંત્રીને જોયો અને પુરોહિતની ભ્રાન્તિથી[1] કહ્યું: હે પુરોહિત ! મેં પૂર્વે જે હજાર સોનામહોર થાપણરૂપે આપ્યા હતા તે મને આપ. મંત્રીએ વિચાર્યું: ખરેખર પુરોહિતે આ વરાકડાને અનાથ સમજીને છેતર્યો છે. [illegible] ઉપર

૧. પુરોહિતની ભ્રાન્તિથી એટલે મંત્રીને પુરોહિત સમજીને [illegible]

મંત્રીની કૃપા થઇ. તેણે આ વૃત્તાંત રાજાને જણાવ્યો. રાજાએ પુરોહિતની પૃચ્છા કરી ત્યારે રાજાની આગળ પણ પુરોહિતે છુપાવ્યું. રાજાએ દ્રમકને થાપણ મુક્યાનો દિવસ, મુહૂર્ત, સ્થાપના, સમય અને સાક્ષીલોક વગેરે સર્વ હકીકત એકાંતમાં પૂછી ખાતરી કરી. તેણે પણ સર્વવૃત્તાંત યથાતથ્ય કહ્યો ત્યારે કોઇક વખત રાજાએ પુરોહિતની સાથે જૂગાર રમવું શરૂ કર્યું. તેમાં રાજાએ ચાલાકીથી જ કોઇ પણ ઉપાયથી પુરોહિતના નામવાળી મુદ્રાને લઇ લીધી. ત્યાર પછી પહેલા જ સંકેત કરેલા પોતાના માણસના હાથમાં મૂકી અને એકાંતમાં કહ્યું: પુરોહિતના ઘરે જઇ વીંટીની નીશાનીથી પુરોહિતે મને તમારે ઘરે સૂચનાપૂર્વક (સૂચના આપી) મોકલ્યો છે એમ કહેવું અને દ્રમક સંબંધી દીનારના દાબડાની માંગણી કરવી. પછી માણસ ત્યાં ગયો અને દાબડો લઇ આવ્યો. બીજા દાબડાઓની સાથે દ્રમકનો દાબડો મૂકી દ્રમકને બોલાવ્યો અને કહ્યું: આમાંથી જે તારો પોતાનો દાબડો હોય તેને તું લે. તેણે પોતાનો જ દાબડો લીધો. આ પ્રમાણે ઔત્પત્તિક બુદ્ધિના બળથી રાજાએ તેને દાબડો અર્પણ કર્યો અને પુરોહિતની જીભ છેદી. (૯૭)

**अंकेवंचिय पल्लटयम्मि तह सीवणा विसंवयणं ।**
**अण्णे भुयंगछोहिय, अंकियगोचेडिगामुयणं ॥९८॥**

**'अंकेवंचिय' त्ति, अंके इति द्वारपरामर्शः । एवमेव प्राच्यज्ञातवत् केनापि कस्यचिद्वेश्मनि खरकदीनारसहस्रभृतो नकुलको निक्षिप्तः । मुद्रा च स्वकीया दत्ता । 'पल्लट्टयम्मि' त्ति तेनापि कूटरूपकभरणेन परिवर्त्तने कृते, 'तह सीवणा' इति तथैव सीवनं कृतं नकुलस्य । आगतेन स्वामिना याचितोऽसौ नकुलको लब्धश्च । यावन्निभालयति तावत् कूटकाः सर्वे दीनारा इति । कारणिकप्रत्यक्षं च व्यवहारः प्रवृत्तः । तैश्च लब्धदीनारसंख्यैस्तथैव सत्यदीनाराणां स नकुलो भृतः त्रुटितश्च । तदनु 'विसंवयनं' इति सत्यदीनाराणां द्रव्याधिकत्वेन पुष्टरूपत्वात् तत्र अमानलक्षणं संपन्नं ततो दापितोऽसौ खरकदीनारान् दण्डितश्चेति । अन्ये आचार्या ब्रुवते, यथा—केनचित् पुरुषेण निजमित्रगोकुले स्वकीया गावश्चरणार्थं प्रक्षिप्ताः । मित्रेण च लुब्धेन स्वकीक्यास्ताश्च गावः स्वनामाङ्काः कृताः । याचितश्च प्रस्तावे तेनासौ, यथा—समर्पय मदीया गाः । तेनापि प्रत्युक्तम्, यथा—गृहाण यासां नास्त्यङ्कस्ताः । ज्ञातं च तेन, यथा—वञ्चितोऽस्मीति । ततः 'भुयंगछोहिय' त्ति भुजङ्गा द्यूतकाराः छोभितेन परिभूतेन सता बुद्धेर्लाभार्थमवलगिताः, दत्ता च तैरौत्पत्तिकीबुद्धिसारैर्बुद्धिः, यथा—तस्य पुत्रीः केनाप्युपायेन स्वगृहमानीयात्मपुत्रिकाभिः सह 'अंकिय' त्ति अङ्किताः कुरु । कृतं च तथैव तेन । याचितश्च मित्रेण स्वपुत्रीः । प्रतिभणितं च तेन, याः काश्चिदपातिताङ्काः सुतास्ता गृहाण । ततो द्वाभ्यामपि वञ्चितप्रतिवञ्चिताभ्यां 'गोचेडियामुयणं' ति गवां चेटिकानां च मोचनं कृतम् ॥९८॥**

**ગાથાર્થ**– મુદ્રામાં ઠગાઇ, પરિવર્તન, તથા સીવવું, વિસંવાદ, બીજા આચાર્યો, ધૂતકારોથી ક્ષોભિત, અંકિત ગાય અને પુત્રીઓ, છોડવું. (૯૮)

**'अंकेवंचिम'** એ પ્રમાણે દ્વાર પરામર્શ છે. આ પ્રમાણે પૂર્વના ઉદાહરણની જેમ કોઇકે કોઇકના ઘરે સાચા હજાર દીનારથી ભરેલી કોથળી રાખી અને પોતાની મુદ્રા લગાવી. તેણે પણ ખોટા દીનાર ભરીને બદલી કરી. તે જ પ્રમાણે કોથળીને સીવી. માલિકે આવીને કોથળીની માગણી કરી અને પાછી મેળવી. જેટલામાં જુએ છે તો બધા દીનારો ખોટા છે. અધિકારીઓ સમક્ષ ફરિયાદ કરી. તે કોથળીમાં જેટલા દીનાર હતા તેટલા જ સાચા દીનારોથી કોથળી ભરી ત્યારે સાચા દીનારોનું વજન અને કદ વધારે હોવાથી કોથળીમાં સમાયા નહીં અને કોથળી તૂટી. પછી અધિકારીઓએ સાચા સોનામહોરના માલિકનો નિર્ણય કરી તેને સાચા દીનારો પાછા અપાવ્યા અને પેલાને દંડ કર્યો.

બીજા આચાર્યો આ પ્રમાણે કહે છે. જેમ કે– કોઇ એક પુરુષે પોતાના મિત્રના ગોકુળમાં ગાયો ચરવા માટે રાખી. લોભી મિત્રે પોતાની અને તે ગાયોને પોતાના ગાયની નિશાની કરી. પ્રસંગે તેણે પાછી માગી. જેમકે મારી ગાયો મને પાછી આપ. તેણે પણ કહ્યું કે આમાની નિશાની વગરની ગાયોને તું ગ્રહણ કર. તેને ખબર પડી કે હું ઠગાયો છું. પછી તે ક્ષોભ પામે છતે બુદ્ધિની (યુક્તિની) પ્રાપ્તિ માટે ધૂતકારોની સેવા કરી. ઔત્પત્તિકી બુદ્ધિને ધરનારા તેઓએ યુક્તિ આપી જેમકે– કોઇપણ ઉપાયથી તેની પુત્રીઓને પોતાને ઘરે લઇ આવી પોતાની પુત્રીઓની સાથે નિશાની કરવી. તેણે તેમજ કર્યું. મિત્રે પોતાની પુત્રીઓ પાછી માગી. તેણે જવાબ આપ્યો કે નિશાની વિનાની પુત્રીઓને તું લઇ જા. બંને પણ અરસપરસ ઠગાયેલાઓએ ગાયો અને પુત્રીઓનું અર્પણ કર્યું. (૯૮)

**णाणेवंचिय पल्लट्ट णासकालेण नवर विण्णाणं ।**
**अन्ने नरिंददेवय, उट्ठाणं टंकओ झत्ति ॥९९॥**

**'नाणेवंचिय' त्ति, ज्ञानके इति द्वारोपक्षेपः । एवमेव प्रागुज्ञाते इव किल केनचित् कस्यचिन्निक्षेपकः समर्पितः । तेन च 'पल्लट्ट' त्ति नकुलकमध्यगतानां पणानां परिवर्त्तः कृतः । प्रत्यागतेन तेन याचितोऽसौ । लब्धश्च नकुलकः । यावदुद्घाटयति तावन्नवान्निक्षिप्तपणान् पश्यति । विवदमानौ च तौ कारणिकानुपस्थितौ । लब्धवृत्तान्तैश्च तैः संपन्नौत्पत्तिकीबुद्धिभिः 'नासकालेण नवर विण्णाणं' ति न्यासकालेन निक्षेपसंवत्सररूपेण नवरं केवलं पणानां ज्ञानं कृतं यथान्ये इमे पणा अल्पद्रव्यत्वात्, निक्षेपकाले च टङ्कसाम्येऽपि अन्ये आसन् बहुद्रव्यत्वात् । तस्मात्प्राच्यपणापलापकारी एष इति निगृहीतः । अत्रैव मतान्तरम् । अन्ये ब्रुवते—'नरिंददेवय' त्ति नरेन्द्रेण**

केनचिद् द्रव्यलोभिना क्वापि पर्वतविषमप्रदेशे मार्गतटवर्त्तिनि यन्त्रप्रयोगेण विचित्राभरणभूषिता देवताप्रतिमा कारिता । ततः सार्थवाहादिलोकस्तेन प्रदेशेन गच्छन् कौतुकेन तद्दर्शनार्थं देवकुलगर्भगृहे प्रविशति यदा चासौ तद्द्वारि पादनिक्षेपं करोति तदा 'उट्ठाणं टंकओ झत्ति' इति—उत्थानं संमुखं चलनं टङ्कात्ततो विषमपर्वतप्रदेशाज्झगित्येव तस्य देवता करोति । एवं च छलेन प्रतिमाचौरस्त्वमिति कृत्वा गृह्यतेऽसौ प्रच्छन्ननियुक्तराजपुरुषैराच्छिद्यते च सर्वमपि धनं ततः सकाशात् । एवमौत्पत्तिकीबुद्ध्युपायेन राजा द्रव्यसंग्रहं कृतवानिति ॥९९॥

**ગાથાર્થ**– પરિવર્તન, ન્યાસકાળથી જ્ઞાન, બીજા આચાર્યો રાજાએ દેવતાની પ્રતિમા કરી, ટંકથી યંત્રથી દેવતાનું ઉત્થાન. (૯૯)

**'ज्ञान'** એ પ્રમાણે દ્વાર પરામર્શ છે. આ પ્રમાણે પૂર્વના ઉદાહરણની જેમ કોઈકે કોઈકને ત્યાં કોથળી થાપણ મૂકી. તેણે કોથળીમાં રહેલા સાચા સિક્કાની અદલાબદલી કરી. પાછા આવીને તેણે કોથળી માગી અને પાછી મેળવી. જેટલામાં કોથળી ખોલીને જોઈ તો પોતાના સાચા સિક્કાના બદલે બદલી થયેલા બીજા ખોટા સિક્કાને જુએ છે. વિવાદ કરતા તે બે કારણિકો પાસે ગયા. વૃત્તાંતને જાણ્યા પછી ઔત્પત્તિક બુદ્ધિથી યુક્ત થાપણ મુકતી વખતના સિક્કાના સંવત્સર કાળથી સિક્કાના ભેદનું જ્ઞાન મેળવ્યું. આ સિક્કા બદલી કરાયેલા છે. કારણ કે અલ્પદ્રવ્યવાળા છે. નિક્ષેપકાળે ટંક બંનેમાં પણ સમાન હોવા છતાં પૂર્વના સિક્કાઓ વધારે દ્રવ્યવાળા[1] (વજનવાળા) હતા. તેથી આ જુના સિક્કાનો અપલાપકારી છે એમ જાણી નિગ્રહ કર્યો. અન્ય આચાર્યો કહે છે–

કોઈક દ્રવ્યલોભી રાજાએ ક્યાંક વિષમ પર્વત પ્રદેશમાં માર્ગના કિનારાની નજીક યંત્રપ્રયોગથી વિચિત્ર આભરણથી ભૂષિત દેવતાની પ્રતિમા કરાવી. પછી સાર્થવાહ વગેરે લોક તે પ્રદેશમાં જતા કૌતુકથી તેના દર્શન માટે દેવકુલના ગભારામાં પ્રવેશે છે. જ્યારે આ (સાર્થવાહ વગેરે) તેના દરવાજા ઉપર પગ મૂકે છે ત્યારે વિષમ પર્વત પ્રદેશથી પ્રતિમા ઊભી થઇ તેની સન્મુખ ચાલે છે ત્યારે 'તું પ્રતિમાનો ચોર છે' એમ આરોપ મૂકીને ગુપ્ત નિમણુંક કરાયેલા રાજપુરુષો તેની પાસેથી બધું ધન છીનવી લે છે. આ પ્રમાણે ઔત્પત્તિકી બુદ્ધિથી રાજાએ દ્રવ્યનો સંગ્રહ કર્યો. (૯૯)

**भिक्खुम्मिवि एवं चिय, भुयंग तव्वेस णास जायणया ।**
**अण्णेऽवाउडवसही, खरिचीवरडाह उड्डाहो ॥१००॥**

---

૧. સમાન છાપના સિક્કા : જેમકે ઈ. સ. ૧૯૭૦ ની સાલમાં છપાયેલા રૂપિયાના સિક્કાનું જે વજન છે તેના કરતા ઈ. સ. ૨૦૦૩ માં છપાયેલા સિક્કાનું વજન ઓછું છે. બંનેમાં છાપ સમાન છે છતાં વજનમાં તફાવત છે તેમ આ દૃષ્ટાંતમાં જાણવું.

'भिक्खुम्मिवि एवंचिय' त्ति भिक्षाविति द्वारपरामर्शः । एवमेव प्राच्यज्ञातवत् केनापि भिक्षुणा कस्यचित्पुरुषस्य संबन्धिनो न्यासस्यापह्नवः कृत इत्यर्थः । ततस्तेन वञ्चितपुरुषेण 'भुयंग' इति भुजङ्गानां द्यूतकारिणां निवेदितं यथाऽयं रक्तपटो मदीयं निक्षेपकमपलप्य स्थित इति । ततस्तैस्तस्योपरि कृपां कुर्वाणैराद्यबुद्धिसहायैः 'तव्वेसनास' त्ति तस्य भिक्षोर्वेषं कृत्वा रक्तपटैर्भूत्वेत्यर्थः, तस्यैव भिक्षोः समीपे गमनं कृतम् । भणितश्चासौ यथा,—वयं तीर्थवन्दनार्थं गमिष्याम इत्येनमस्मदीयं सुवर्णं निक्षेपकं गृहाण । प्रत्यागतानामस्माकमर्पयेस्त्वमिति । एवं च तेन यावदर्पयितुमारब्धा न चार्पयन्ति तावत्तेन वञ्चितपुरुषेण तत्संकेतितेनैवावान्तरे समागत्य 'जायणया' इति याचनं कृतं स्वकीयनिक्षेपकस्य, यथा— मदीयं प्रागगृहीतं निक्षेपकं तावदर्पय भो भो भिक्षो ! । ततस्तेन यद्यहमेतस्य न्यासं न ढौकयिष्यामि तदा एते न समर्पयिष्यन्ति मम स्वकीयनिक्षेपकान् वञ्चकं मां मन्यमानाः, इति तत्क्षणादेव समर्पितः । द्यूतकारभिक्षुभिरपि मिषान्तरं कृत्वा नार्पिता निक्षेपका इति । अत्रैव मतान्तरम्, अन्ये ब्रुवते—यथा कश्चिच्छाक्यभिक्षुः क्वचित् संनिवेशे संध्याकाले मार्गश्रान्तः सन् 'अवाउडवसही' इति अव्यापृतानां दिगम्बराणां वसतौ मठरूपायां रात्रिवासायोपस्थितः । तत्र च प्रागेव भिक्षुदर्शनं प्रति संपन्नमत्सरैस्तदुपासकैः सकपाटं सदीपं चापवरकमेकं प्रवेशितः 'खरिचीवरदाह उड्डाहो' इति, ततो मुहूर्त्तान्तरे शयनीयस्थस्य तस्य खरी द्व्यक्षरिका प्रवेशिता, द्वारं च स्थगितम् । ततः परिभावितं च तेन 'नूनमेते मामुड्डाहयितुमिच्छन्ति । ततो ''भावानुरूपफलभाजः सर्वे जीवा'' इत्येतेष्वेव पतत्ववसाय इति विमृश्य प्रज्वलत्प्रदीपशिखानलेन दग्धानि सर्वाण्यपि चीवराणि, अवलम्बितं च नाग्न्यम्, दैवाच्च प्राप्ताऽपवरकमध्य एव पिच्छिका । प्रभाते च दिगम्बरवेषधारी गृहीत्वा दक्षिणकरेण खरिकां यावन्निर्गन्तुमारब्धस्तावन्मीलितस्तैः सर्वोऽपि तत्संनिवेशलोकः । भणितं च तेनोद्धुरकन्धरेणोच्चस्वरेण च भूत्वा—'यादृशोऽहं तादृशाः सर्वेऽप्येते' इति भिक्षोरौत्पत्तिकी बुद्धिरिति ॥१००॥

ગાથાર્થ– ભિક્ષુને વિષે પણ આ જ ઉદાહરણ છે. ધૂતકાર તેનો વેશ, ન્યાસ મૂકવી, યાચના, અન્ય આચાર્યો કહે છે- દિગંબરોનો મઠ, દાસીનો પ્રવેશ, વસ્ત્રનું બાળવું, ઉડ્ડાહ (૧૦૦)

'ભિક્ષુ' એ પ્રમાણે દ્વાર પરામર્શ છે. આ પ્રમાણે પૂર્વના ઉદાહરણની જેમ કોઈક ભિક્ષુએ કોઈક પ્રકારની થાપણને હરણ કરી. ઠગાયેલા પુરુષે જૂગારીઓને જણાવ્યું કે આ રક્તપટે (બૌદ્ધ સાધુએ) મારી થાપણને અપલાપ કરી છે. પછી તેઓ તેના ઉપર કૃપા કરતા ઔત્પત્તિકી બુદ્ધિની સહાયથી તે ભિક્ષુનો વેશ ધારણ કરી તેની પાસે ગયા અને કહ્યું: અમે તીર્થને વંદન કરવા જઈએ છીએ એટલે અમારી સુવર્ણની આટલી થાપણ તમે રાખો. અમો પાછા આવીએ ત્યારે તારે અમને પાછી આપવી. એટલામાં જ્યારે તેઓએ થાપણ આપવા શરૂઆત કરી તેટલામાં પૂર્વે ઠગાયેલ

અને સંકેત કરાયેલ પુરુષ ત્યાં આવ્યો [illegible]
અરે ભિક્ષુ ! મારી પૂર્વ આપેલી થાપણ પા[illegible]
પાછી નહીં આપું તો મને ઠગારો જાણીને આ[illegible]
તુરત તેણે પેલાને થાપણ પાછી આપી. ધૂતકાર[illegible]
આપી. અહીં બીજા આચાર્યો મતાંતરને કહે છે. [illegible]

સંધ્યાસમયે માર્ગથી થાકેલો કોઈક બૌદ્ધ ભિક્ષુ [illegible] નહીં વપરાતા મઠમાં રાત્રિ પસાર કરવા ગયો. [illegible] થયેલા તેના ઉપાસકોએ દીવા અને દરવાજાવાળા [illegible] પછી તે સૂતો એટલે તે ઓરડામાં દાસીને પૂરી દરવાજો બંધ કર્યો. પછી બૌદ્ધ ભિક્ષુએ વિચાર્યું કે ખરેખર આ લોકો મારો ઉડ્ડાહ કરવા ઇચ્છે છે. કેમકે "સર્વે જીવો ભાવને અનુરૂપ ફળ ભોગવનારા હોય છે." એટલે આઓનો નિશ્ચય એમના ઉપર જ પડો, અર્થાત્ પોતાની ભાવનાનું ફળ તેઓને જ મળો એમ વિચારીને બળતા દીવાની શિખાની અગ્નિથી બધા પણ કપડાંને બાળ્યા અને નગ્નપણાનો આશ્રય લીધો અર્થાત્ નગ્ન થયો અને ભાગ્ય જોગે ઓરડાની અંદરથી જ પીંછી મળી અને સવારે દિગંબર વેશ લઈ જમણા હાથથી દાસીને પકડીને જેટલામાં નીકળવાની શરૂઆત કરી તેટલામાં તે સંનિવેશના દિગંબરોએ સર્વ પણ લોકને ત્યાં ભેળા કર્યા અને અંદરથી બહાર નીકળતા તે સાધુએ ઊંચો ખભો ચડાવીને મોટેથી કહ્યું: "જેવો હું છું તેવા આ બધા પણ છે." એ પ્રમાણે બૌદ્ધ સાધુને ઔત્પાત્તિકી બુદ્ધિ થઈ. (૧૦૦)

**ભાવાર્થ**– દિગંબરો દાસી મોકલી બૌદ્ધ સાધુની હલકાઈ કરવા ગયા પણ બૌદ્ધ સાધુએ દિગંબરરૂપ ધારણ કરી દિગંબરોની જ હલકાઈ કરી.

**चेडगनिहाणलाभे, भद्ददिणंगारगहणऽपुण्णात्ति ।**
**इयरेण लेप्पवाणरणिमंतणा चेडपुण्णत्ति ॥ १०१ ॥**

**चेडग इति द्वारपरामर्शः । किल क्वचित् कौचिद् द्वौ वयस्यौ परस्परं प्रणयपरायणौ वसतः । तयोश्च कदाचित् क्वचित् शून्यगृहादौ हिरण्यपूर्णनिधानलाभः समजनि 'भद्ददिणंगारगहणपुन्न' त्ति परिभावितं च तद्ग्रहणोचितं भद्रं दिनं ताभ्याम् । लब्धं च तद्दिनाद् द्वितीयदिने । गतौ च तौ स्वगृहम् । तत एकेनाशुद्धाभिसंधिना तदन्तरावेत्याङ्गाराणां भृत्वा ग्रहणमुपादानं कृतं द्रविणस्य । प्रभाते च यावदागतौ तावत् पश्यतोऽङ्गारान्, किमिदमित्थमकस्मादेवान्यथा संवृत्तमिति यावत् परस्परं जल्पतस्तावद् भणितं निधिग्राहकेण,—'अहो अपुण्यमावयोरिति रात्रिमात्रान्तर एव निधिरङ्गाररूपतया परिणत' इति । ततो ज्ञातमितरेण नूनमस्य मायाविनःकर्मेदम् । ततः 'लेप्पवानरनिमंतणा चेडपुण्ण' त्ति लेप्यं तस्यैव वञ्चकमित्रस्य प्रतिबिम्बं मृन्मयं निजगृहमध्ये तेन कारितम्, तन्मस्तके च**

**नित्यमसौ भक्तं मुञ्चति । द्वौ च वानरौ तन्मस्तकोपरि भक्तं ग्राहयति । तदभ्यासौ च तौ संजातौ । अन्यदा च तथाविधोत्सवप्रवृत्तौ निमन्त्रणा भोजननिमित्तं वञ्चकवयस्यचेडकयोः कृता । गोपितौ च तौ तेन । न समर्पयति च पितुः । उत्तरं च कुरुते—'किं मन्दभाग्या वयं कुर्मः, येन पश्यत एव मे त्वत्सुतौ वानरौ जातौ' । अश्रद्दधानश्च तद्गृहमागतः उपवेशितो लेप्यस्थाने अग्रत एव प्रसारिततत्प्रतिबिम्बेन तेन । मुक्तौ च वानरौ किलकिलारावं कुर्वाणारूढौ तच्छिरसि । भणितश्च स तेन, यथाऽपुण्यैर्निधिः परावृत्तः, तथैतावपि त्वत्पुत्राविति । ज्ञातं च तेन 'शठं प्रति शठं ( शाठ्यं ) कुर्यात्' इति वचनमनुष्ठितमेतेन । तदनु दत्तो निधिभागः । प्रतिसमर्पितावितरेणापि पुत्राविति ॥१०१॥**

**ગાથાર્થ**– દાસ, નિધાનનો લાભ, ભદ્ર દિવસ નક્કી કર્યો. અંગારાનું ગ્રહણ, અપુણ્યવાન, બીજાને લેપ્યનું બનાવવું, વાનરનું નિમંત્રણ-દાસનું પુણ્ય.

**'ચેટક'** એ પ્રમાણે દ્વારપરામર્શ છે. ક્યાંક કોઇક પ્રેમપરાયણ બે મિત્રો વસતા હતા. તે બેને ક્યારેક કોઇક શૂન્યઘરાદિમાં હિરણ્યથી પૂર્ણ નિધાનનો લાભ થયો. તે બંનેએ કોઇ સારા[1] દિવસે તેને ગ્રહણ કરવાનું નક્કી કર્યું. ત્યારપછીનો બીજો દિવસ સારો આવતો હતો એટલે બંને ઘરે ગયા. પછી બેમાંથી એક બદ ઇરાદાથી તે જ રાત્રે નિધાનની જગ્યાએ કોલસાને મૂકીને નિધાન હરી ગયો. અને પ્રભાતે જેટલામાં બંને લેવા આવે છે, તેટલામાં કોલસાને જોયા. અહીં એકાએક અન્યથા શું થયું ? જેટલામાં પરસ્પર આ પ્રમાણે બોલે છે તેટલામાં નિધિને તફડાવનારે કહ્યું: અહો ! આપણા બેનો કેવો પાપનો ઉદય છે ! અહીંયા જ એક રાત્રિમાં નિધિ અંગારા રૂપે પરિણામ પામ્યો. પછી બીજાએ જાણ્યું કે ખરેખર આ માયાવીનું પરાક્રમ છે.

પછી તેણે પોતાના ઘરમાં વંચકમિત્રની પ્રતિકૃતિ બનાવરાવી અને તેના મસ્તક ઉપર હંમેશા ભોજન મૂકે છે. બે વાંદરાઓ તેના મસ્તક ઉપરથી દરરોજ ભોજન ગ્રહણ કરે છે (ખાય છે). તે બે વાંદરા તેવા પ્રકારના ભોજનના અભ્યાસી થયા. અને કોઇક વખતે પર્વ દિવસે તેવા પ્રકારનો ઉત્સવ પ્રવૃત્ત થયે છતે વંચકમિત્રના બે બાળકોને ભોજનનું નિમંત્રણ કર્યું. તેણે તે બે બાળકોને છુપાવી દીધા અને તેના પિતાને ન સોંપ્યા અને બાનું કાઢે છે કે– અમે મંદભાગી શું કરીએ, કેમકે મારા દેખતા જ તારા બે પુત્રો વાંદરા થયા છે. શ્રદ્ધા નહીં કરતો તે તેના ઘરે ગયો. અગાઉથી જ તેના પ્રતિબિંબને દૂર કરીને તેના સ્થાને તેને બેસાડ્યો અને બે વાનરોને છોડ્યા અને કિલકિલારવ કરતા તેના માથા ઉપર ચડ્યા. મિત્રે કહ્યું: પાપોના ઉદયથી જેમ નિધિ બદલી જાય તેમ તારા આ બે પુત્રો પણ વાંદરા થયા. પછી તેણે જાણ્યું કે 'જેવાની સાથે તેવા થવું' એ વચનનો આણે અમલ કર્યો છે. ત્યાર પછી તેણે નિધિનો ભાગ આપ્યો. પેલાએ તેના બંને પુત્રો પાછા આપ્યા. (૧૦૧)

૧. સારો દિવસ એટલે કાર્ય કરવા માટે વિહિત કરેલા તિથિ, વાર, નક્ષત્ર, યોગ અને કરણ જેમાં પ્રાપ્ત થતા હોય તેવો શુભ દિવસ, અર્થાત્ દિનશુદ્ધિપૂર્વકનો દિવસ.

सिक्खा य दारपाढे, बहुलाहऽवरत्तमारसंवाए ।
गोमयपिंडणदीए, ठितित्ति तत्तो अवक्कमणं ॥१०२॥

शिक्षा चेति द्वारपरामर्शः । शिक्षा चात्र धनुर्वेदविषयोऽभ्यासः । तत्र चैकः कुलपुत्रको धनुर्वेदाभ्यासकुशलः पृथ्वीतलनिभालनकौतुहलेन परिभ्राम्यन् क्वचिन्नगरे कस्यचिदीश्वरस्य गृहमवतीर्णः । गृहस्वामिना च सप्रणयं परिपूज्य 'दारपाढे' इति स्वकीयदारकपाठे नियुक्तः। तस्य च तान् पाठ्यतो बहुर्लाभः संपन्नः । ततः 'अवरत्तमारसंवाए' इति । अपरक्तेन दारकपित्रा तदीयार्थलाभच्छेदनार्थं मारो मरणं संकल्पितं यथा केनाप्युपायेनामुं निर्गमनकाले मारयित्वाऽर्थो ग्रहीष्यत इति । न लभते चासौ गृहान्निर्गन्तुम् । संपादितश्चासौ तेन निजस्वजनानां वृत्तान्तः, यथा—नूनमयं मां मारयितुमभिवाञ्छतीति । तदनु च 'गोमयपिंड नईए ठिइत्ति' त्ति गोमयपिंडेषु सर्वोऽपि निजोऽर्थः संचारितस्तेन । शोषिताश्च ते पिण्डाः, भणितश्च स्वजनलोकः, यथाऽहं नद्यां गोमयपिण्डकान् मध्यसंगोपितार्थान् प्रक्षेप्स्यामि, भवद्भिश्च ते तरन्तो ग्राह्या इति । ततोऽसावस्माकं कुले स्थितिर्नीतिरीतिरेषा इत्युक्त्वा तिथिषु पर्वदिवसेषु च तैर्दारकैः समं तान् नद्यां निक्षिपति । निर्वाहितश्चानेनोपायेन सर्वोऽप्यर्थः 'तत्तो अवक्कमणं' त्ति तत एवं कृतेऽपक्रमणं ततः स्थानाल्लब्धावसरेण तेन गमनं कृतमिति ॥१०२॥

ગાથાર્થ– શિક્ષા દ્વાર પરામર્શ. પુત્રનો પાઠ, ઘણો દ્રવ્યલાભ, દ્વેષભાવની ઉત્પત્તિ, મારવા તૈયાર, સંવાદ (સ્વજનો પાસેથી જાણ્યું), છાણનો પિંડ, નદીમાં સ્થિતિ પછી ચાલ્યા જવું. (૧૦૨)

**'શિક્ષા'** એ પ્રમાણે દ્વાર પરામર્શ છે. શિક્ષા એટલે અહીં ધનુર્વિદ્યાનો અભ્યાસ જાણવો. ધનુર્વિદ્યામાં કુશળ એક કુલપુત્રક પૃથ્વીતળને જોવાના કુતૂહલથી પરિભ્રમણ કરતો કોઈક નગરમાં કોઈક શ્રીમંતના ઘરે ઊતર્યો. ગૃહસ્વામીએ તેને પ્રેમપૂર્વક સત્કારીને પોતાના બાળકને ભણાવવા રોક્યો. તેઓને ભણાવતા એવા તેને ઘણો લાભ થયો, અર્થાત્ ઘણું ધન કમાયો. ઈર્ષ્યાળુ પુત્રના પિતાએ તેના ધનને પડાવી લેવા તેને મારી નાખવાની વિચારણા કરી. જેમ કે– આના ઘરે જવાના સમયે કોઈપણ ઉપાયથી હું આને મારીને ધન લઈશ અને ઘરમાંથી નીકળવા સમર્થ ન થાય તેવું કરીશ. તેણે એવો વૃત્તાંત પોતાના સ્વજનો પાસેથી જાણ્યો. કે 'આ મને મારવાને ઇચ્છે છે.' ત્યાર પછી તેણે પોતાનું સર્વ ધન છાણાની અંદર થાપી દીધું અને છાણાને સુકાવીને સ્વજન લોકને કહ્યું: જેમાં અંદર ધન થાપી દીધું છે એવા છાણાને હું નદીમાં નાખીશ અને તરતા તરતા તમારી પાસે આવે ત્યારે તમારે તેને લઈ લેવા.

પછી તેણે ઈશ્વર (શ્રીમંત) ને કહ્યું: અમારા કુળમાં આવા પ્રકારનો રિવાજ છે એમ કહીને તિથિના દિવસોમાં અને પર્વના દિવસોમાં તે છોકરાઓની સાથે છાણાને નદીમાં નાખે છે અને આ ઉપાયથી તેણે સર્વ ધનનું રક્ષણ કર્યું. આમ કરી અવસર મેળવીને તે સ્થાનમાંથી નીકળી ચાલ્યો ગયો. (૧૦૨)

**अत्थे बालदुमाया, ववहारे देविपुत्तकालोत्ति ।**
**अण्णे उ धाउवाइयजोगो सिद्धीइ निवणाणं ॥१०३॥**

**अर्थ इति द्वारपरामर्शः ।'बालदुमाया' इति कस्यचिद्बालस्य द्वौ मातरावभूतां ।पिता च मृतः ।'ववहारे' इति संपन्नश्च द्वयोरपि जनन्योर्विवादः न चान्यः कोऽपि तत्र साक्षी समस्ति, दूरदेशान्तरादागतत्वात्तयोः ततो राजद्वारे उपस्थिते ते ।'देविपुत्तकालो' त्ति । तत्र च पट्टमहादेवी गर्भवती, श्रुतश्च तयैष वृत्तान्तः, उपायान्तरं चापश्यन्त्या प्रतिपादिते यथा ममैष गर्भे यः पुत्र उत्पत्स्यते, सोऽशोकपादपस्याध उपविष्टो व्यवहारं भवत्योः छेत्स्यतीति ।तावन्तं च कालं यावद् भवतीभ्यां संतुष्टमानसाभ्यां उचितान्नपानवस्त्रादि-भोगपराभ्यां च स्थातव्यम् । तुष्टा च सपत्नी यथा लब्धस्तावदियान् कालः, पश्चात्किं भविष्यतीति को जानीत इति । ज्ञातं च यथावस्थितं देव्या, तदीयहर्षावलोकनात् । निर्घाटिता चासौ । समर्पितश्च स्वजनन्या एव पुत्रोऽर्थश्चेति । अन्ये त्वाचार्या एवं ब्रुवते, यथा—'धाउवाइयजोगो सिद्धीइ निवणाणं' इति ।कैश्चिद् धातुवादिकैः क्वचित् पर्वत-निकुञ्जे सर्वः सुवर्णसिद्धिसंयोगो विहितः न च सुवर्णसिद्धिः संपद्यते विषन्नाश्चासते ते यावत्, तावदत्रान्तरे प्रागेव शैलासन्नं निवेशितकटकसन्निवेशाद् रात्रौ ज्वलन्तं ज्वलन-मवलोक्य कौतुकेन राजा तत्रैकाकी गतः, पृष्टाश्च ते किमिदमारब्धं भवद्भिः ? कथितं च सप्रपञ्चं तैः । ज्ञातं चौत्पत्तिकीबुद्धियुक्तेन राज्ञा—'सत्त्वसाध्योऽयं व्यवहारः—न च तदेतेषु समस्तीति, तत् स्वकीयं शिरश्छित्त्वा क्षिपाम्यत्र ज्वलने' तथैव कर्त्तुमारब्धो यावत्तावदाकृष्टासिः स्तम्भितो दक्षिणभुजस्तदधिष्ठायिकया देवतया राजपौरुषाक्षिप्त-चित्तया। जातं सुवर्णमिति ॥१०३॥**

**ગાથાર્થ**– અર્થ, બાળકની બે માતા, વ્યવહાર, દેવીને ગર્ભ, પુત્રનો જન્મકાળ. બીજા આચાર્યો ધાતુવાદીઓનો યોગ, રાજાને સિદ્ધિનું જ્ઞાન. (૧૦૩)

**'અર્થ'** એ પ્રમાણે દ્વારપરામર્શ છે. કોઈક બાળકને બે માતા હતી અને પિતા મરણ પામ્યો. બંને માતાનો વિવાદ થયો અને બીજો કોઈ તેમાં સાક્ષી નથી કારણ કે તે બંને દૂર દેશાંતરથી આવેલી હતી. તે બંને રાજદ્વારે ગઈ. રાજાની ગર્ભવતી પટ્ટરાણીએ આ વૃત્તાંતને સાંભળ્યો બીજા ઉપાયને નહીં જોતી જણાવ્યું કે મારા ગર્ભમાં જે પુત્ર છે તેનો જન્મ થશે ત્યારે

અશોકવૃક્ષની નીચે બેસીને તમારા બેનો ન્યાય કરશે અને તેટલા કાળ સુધી તમારે બંનેએ ઉચિત અન્ન, પાણી, વસ્ત્રાદિના ભોગપૂર્વક સંતુષ્ટ મનથી રહેવું. શોક્ય પત્ની ખુશ થઇ કે આપણો આટલો કાળ સુખેથી જશે પછી શું થશે તે કોણ જાણે છે ? તેના હર્ષને જોઇને દેવીએ યથાસ્થિત હકીકત જાણી. અને તેની તર્જના કરીને સ્વમાતાને ધન અને પુત્ર અર્પણ કર્યો. બીજા આચાર્યો આ પ્રમાણે કહે છે. જેમકે–

કેટલાક ધાતુવાદીઓએ સુવર્ણની સિદ્ધિ કરવા માટે સર્વ સામગ્રી ભેગી કરી, છતાં સુવર્ણસિદ્ધિ ન થવાથી જેટલામાં ખેદવાળા થઇને રહે છે તેટલામાં પહેલાં જ પર્વતની નજીકમાં વસાવાયેલી સૈન્યની છાવણીમાંથી રાજા કૌતુકથી બળતા અગ્નિને જોઇને ત્યાં એકલો ગયો અને પુછ્યું: તમો આ શું કરો છો ? તેઓએ વિસ્તારથી વાત કરી. ઔત્પત્તિક બુદ્ધિવાળા રાજાએ જાણ્યું કે "આ વ્યવહાર (કાર્ય) સત્ત્વથી સાધ્ય છે." તેવું સત્ત્વ આ લોકોમાં નથી તેથી પોતાનું માથું કાપી આ અગ્નિમાં હોમી દઉં. તે જ પ્રમાણે જેટલામાં કરવા તૈયાર થયો તેટલામાં રાજાના પુરુષાર્થથી આકર્ષાયું છે ચિત્ત જેનું એવી અધિષ્ઠાયક દેવીએ તલવાર ખેંચેલી જમણી ભુજાને થંભાવી દીધી અને સુર્વણની સિદ્ધિ થઇ. (૧૦૩)

**सत्थोलग्ग परिच्छा, अदाण गम थेवदाणगहणंति ।**
**अण्णे उ पक्खवाया, चउसत्थविसेसविण्णाणं ॥१०४॥**

**शस्त्र इति द्वारपरामर्शः । किल कस्यचिद्राज्ञः शस्त्रप्रधाना अवलगका अवलगितुमारब्धाः, परीक्षार्थं च 'अदाण' त्ति राजा तेषां न किंचिद्ददाति । ततः 'गम' त्ति अन्यत्र गन्तुमारब्धं तैः । ततः 'थेवदाणगहणंति' स्तोकदानेन परिमितजीविकावितरणरूपेण ग्रहणं स्वीकरणं कृतं केषांचित् । अन्ये तु स्वपौरुषानुरूपां वृत्तिमलभमाना अन्यत्र गताः। ज्ञातं चौत्पत्तिकीबुद्धिसारेण राज्ञा—'नूनमेते महापराक्रमाः' इति । अन्ये त्वाचार्या इदमित्थमभिदधति;—पक्षवादात् प्रतिज्ञापूर्वकपक्षवादकरणाच्चतुर्णां शास्त्राणां वैद्यकधर्मार्थकामगोचराणां आत्रेयकापिलबृहस्पतिपाञ्चालनामकऋषिविशेषप्रणीतानां विशेषेण परिज्ञानमवबोध औत्पत्तिकीबुद्ध्या कृतम् । किल क्वचित् पाटलिपुत्रादौ नगरे कस्यचिद्राज्ञः क्वचित्समये वैद्यकादिशास्त्रहस्ताश्चत्वारः प्रवादिन उपस्थिताः। बभणुश्च यथैतच्छास्त्रावबोधानुरूपां प्रतिपत्तिमस्माकं कर्त्तुमर्हति महाराजः । परिभावितं च तेन यथा न ज्ञायते कः कीदृशं शास्त्रमवबुध्यत इति । तत्परीक्षार्थं प्रतिज्ञोपन्यासपूर्वकं परस्परं वादं कारयितुमारब्धाः। ज्ञातं च तत्र प्रज्ञाप्रकर्षाप्रकर्षौ । कृता च तदनुरूपा प्रतिपत्तिरिति। अत्र च सत्थेत्ति निर्देशस्य प्राकृतशैलीवशेन शस्त्रशास्त्रयोरविरोधादित्थं व्याख्यानद्वयं न दुष्टमिति ॥१०४॥**

**ગાથાર્થ**– શસ્ત્ર, સેવા, પરીક્ષા, અદાન, ચાલ્યા જવું, થોડુંક વિતરણ, ગ્રહણ, નિર્ભય. બીજા આચાર્યો પક્ષવાદીઓ-ચાર પ્રકારના શાસ્ત્રોનું વિશેષ વિજ્ઞાન. (૧૦૪)

**'શસ્ત્ર'** એ પ્રમાણે દ્વારપરામર્શ છે. શસ્ત્રપ્રધાન પુરુષો[1] (યોદ્ધાઓ) કોઈક રાજાની સેવા કરવા લાગ્યા. રાજા તેઓને કંઈપણ વૃત્તિ આપતો નથી એટલે તેઓ બીજે જવા તૈયાર થયા. પછી તેમાંના કેટલાકે પરિમિત આજીવિકાનું દાન સ્વીકાર્યું અને બીજા પોતાના પરાક્રમ અનુરૂપ આજીવિકાને નહીં મેળવતા બીજે ચાલ્યા ગયા. ઔત્પત્તિકી બુદ્ધિ અનુસારે રાજાએ જાણ્યું કે ખરેખર આ (પરાક્રમ અનુરૂપ આજીવિકા નહીં મેળવતા બીજે ચાલ્યા ગયા તે) મહાપરાક્રમીઓ છે.

બીજા આચાર્યો આને આ રીતે કહે છે– રાજાએ ઔત્પત્તિક બુદ્ધિ વડે આત્રેય, કાપિલ, બૃહસ્પતિ અને પાંચાલ નામના ઋષિઓએ રચેલ અનુક્રમે વૈદ્યક-ધર્મ-અર્થ અને કામના ચાર શાસ્ત્રને પરિજ્ઞાનને જાણ્યું. તે આ પ્રમાણે - કોઈક પાટલિપુત્ર આદિ નગરમાં કોઈક સમયે વૈદ્યકાદિ શાસ્ત્રો છે હાથમાં જેઓને એવા ચાર પ્રવાદીઓ કોઈક રાજાની પાસે આવ્યા અને કહ્યું: હે મહારાજ ! આ શાસ્ત્રના અવબોધ અનુસાર અમારો સત્કાર કરવો ઉચિત છે, અર્થાત્ મહારાજ અમારા શાસ્ત્રજ્ઞાનને જાણીને યોગ્યતા અનુસાર અમારો સત્કાર કરે. રાજાએ વિચાર્યું કે કોણ કેટલા શાસ્ત્રોને જાણે છે તે જણાતું નથી. તેથી તે જાણવા માટે પ્રતિજ્ઞાના ઉપન્યાસ પૂર્વક પરસ્પરનો વાદ કરાવવાનું શરૂ કર્યું અને તેમાં (વાદમાં) પ્રજ્ઞાનો પ્રકર્ષ અને અપકર્ષ જાણ્યો અને તેના અનુસારે ઉચિત સન્માન કર્યું. અહીં **सत्थ** શબ્દ પ્રાકૃત ભાષાનો હોવાથી તેના (૧) શસ્ત્ર અને (૨)શાસ્ત્ર એમ બે અર્થ થતા હોવાથી બંને પ્રકારનું વ્યાખ્યાન દોષવાળું નથી. (૧૦૪)

**इच्छाइ महं रंडा, पइरिण तम्मित्तसाहुववहारे ।**
**मंतिपरिच्छा दोभाग तयणु अप्पस्स गाहणया ॥१०५॥**

**'इच्छाइ महं' त्ति द्वारपरामर्शः । किल क्वचिन्नगरे कस्यचित्कुलपुत्रस्य पत्नी भर्तृमरणे 'रंडे' त्ति वैधव्यमनुप्राप्ता । सा च 'पइरिण' त्ति पत्युर्भर्तुः संबन्धि यद्वृत्तिप्रयुक्तं धनं लोकस्य च देयत्वेन ऋणतया संपन्नं तद्ग्राहयितुमारब्धा । न चासौ किंचिल्लभते, सर्वपुरुषापेक्षत्वात्सर्वलभ्यानाम् । भणितं च तया तस्य पत्युर्मित्रं यथोद्ग्राहया-धमर्णलोकाद् मे वित्तम् । भणितं च तेन—'कोऽत्र मे भागः ?' तया च सरलस्वभाव-मवलम्ब्य निगदितम्—'उद्ग्राहय तावत् पश्चाद्यत्ते रोचते तन्मे दद्यास्त्वम् इति । उद्ग्राहितं च तेन तत्सर्वम् । भागवेलायां च 'असाहु' त्ति असाधौ वञ्चके तुच्छभागदानात्तस्मिन् संपन्ने व्यवहारो राजद्वारि प्रवृत्तः । लब्धवृत्तान्तेन च 'मंतिपरिच्छा' इति मन्त्रिणा**

---

૧. **શસ્ત્ર પ્રધાન પુરુષ**– શસ્ત્રો છે મુખ્ય આજીવિકાનું સાધન જેઓનું એવા પુરુષો, અર્થાત્ યોદ્ધાઓ. અથવા શાસ્ત્રો છે મુખ્ય આજીવિકાનું સાધન જેઓનું એવા પુરુષો અર્થાત્ જ્ઞાનીઓ.

**परीक्षार्थं पृच्छा कृता—'कीदृशं त्वं भागमिच्छसि ?' स प्राह महान्तम् । ततो द्रव्यस्य द्वौ भागौ कृतौ अल्पो महांश्च । तदन्वल्पस्य भागस्य 'गाहणयत्ति' अल्पं भागं ग्राहित इत्यर्थः । किलानया प्रागेवेदमुक्तमास्ते यस्ते रोचते स भागो मे दातव्यः, रोचते च ते महानित्ययमेवास्या दातुमुचित इति, प्रतिपन्ननिर्वाहित्वाच्छिष्टानाम् । यतः पठ्यते— "अलसायंतेणवि सज्जणेण जे अक्खरा समुल्लविया । ते पत्थरटंकुक्कीरियव्व न हु अन्नहा हुंति ॥" ॥१०५॥**

**ગાથાર્થ**– ઈચ્છાદિ મહાન એ દ્વાર. વિધવા સ્ત્રી, પતિનું લેવાનું ઋણ તેના મિત્રને કહેવું. લુચ્ચાઈપૂર્વકનો વ્યવહાર, મંત્રીની પરીક્ષા બે ભાગ આપવું. તે પછી અલ્પભાગ મિત્રને ગ્રહણ કરાવવું. (૧૦૫)

**'इच्छाइ महं'** એ પ્રમાણે દ્વારપરામર્શ છે. કોઈક નગરમાં કોઈક કુલપુત્રની સ્ત્રી વૈધવ્યને પામી, અર્થાત્ કુલપુત્ર મરણ પામ્યો. તેના પતિએ લોકોને ઉધાર માલ આપ્યો હતો અને તેના પેટે લોકોને કરજ ચૂકવવાનું બાકી હતું. સ્ત્રીએ પતિની ઉઘરાણી વસુલ કરવા મહેનત કરી પણ લોકોએ દાદ ન આપી, કારણ કે વસુલાત પુરુષને આધીન છે. તેણે પોતાના પતિના મિત્રને વાત કરી કે કરજદારો પાસેથી ધનની ઉઘરાણી કરાવી આપ. તેણે કહ્યું: આમાં મારો કેટલો ભાગ ? તેણીએ સરળ બનીને કહ્યું: તું ઉઘરાણી વસુલ કર પછી તેમાંથી જે તને ગમે તે મને આપજે. તેણે સર્વ ઉઘરાણી વસૂલ કરી અને ભાગ પાડતી વખતે અલ્પભાગ આપીને ઠગાઈ કરી. રાજદ્વારે વ્યવહાર થયો. વ્યતિકર જાણી મંત્રીએ પરીક્ષા કરવા મિત્રને પુછ્યું: તું કેવા ભાગને ઈચ્છે છે ? તેણે કહ્યું: હું મોટાભાગને ઈચ્છું છું. પછી દ્રવ્યનો એક નાનો અને એક મોટો ભાગ કર્યો. પછી તેને અલ્પ ભાગ અપાવ્યો, કેમકે આણે (મિત્ર સ્ત્રીએ) પૂર્વે જ કહ્યું હતું કે જે તને ગમે તે મને આપવું. તને મોટો ભાગ ગમે છે તેથી તારે એને મોટો ભાગ આપવો જોઈએ. કારણ કે સજ્જનો સ્વીકારેલા વચનનું પાલન કરે છે. કહેવાય છે કે– "સજ્જન વડે આળસમાં (પ્રમાદમાં) પણ બોલાયેલા વચનો પથ્થરમાં કોતરેલા અક્ષરોની જેમ ક્યારેય પણ અન્યથા થતા નથી.[1]" (૧૦૫)

**सयसाहस्सी धुत्तो, अपुव्वखोरम्मि लोगडंभणया ।**
**तुज्झ पिया मज्झेवं, तदण्णधुत्तेण छलणत्ति ॥१०६॥**

**सयसहसत्ति द्वारे शतसहस्री लक्षप्रमाणधनवान् कश्चिद्धूर्त्तः समासीत् । तेन च 'अउव्वखोरम्मि लोगडंभणया' इति "यः कश्चिदपूर्वं किंचन मां श्रावयति तस्याहं खोरकं लक्षद्रव्यमूल्यं कच्चोलकमिदं ददामि" एवं च लोकं डम्भयितुमारब्धः, यतो**

१. જેમ શિલામાં કોતરાયેલા અક્ષરો વરસાદાદિમાં ભુંસાતા નથી તેમ સજ્જન પ્રમાદમાં બોલેલા વચનનો ભંગ કરતો નથી અર્થાત્ વચનોનું કોઈપણ ભોગે પાલન કરે છે.

यः कश्चिदभिनवकाव्यादि श्रावयति तत्रापि स "पूर्वमेतन्मे" इति मिथ्योत्तरं कृत्वा तं विलक्षीकरोति । प्रवर्त्तितश्चात्मनि प्रवादो यथाऽहं सर्वश्रुतपारग इति । श्रुतश्चैष वृत्तान्तस्तत्रस्थेनैकेन सिद्धपुत्रेण । तत्कालोत्पन्नबुद्धिना च तेन तदग्रतो भूत्वा पठितं, यथा—"तुज्झ पिया मह पिउणो धारेइ अणूणयं सयसहस्सं । जइ सुयपुव्वं दिज्जउ अह न सुयं खोरयं देहि " । एवमनेन प्रकारेण तदन्यधूर्त्तेण सिद्धपुत्ररूपेण च्छलना बुद्धिपरिभवरूपा तस्य कृतेति ॥१०६॥

॥ समाप्तान्यौत्पत्तिकीबुद्धिज्ञातानि ॥

**ગાથાર્થ**– લક્ષપતિ ધૂર્ત્ત, અપૂર્વ કચોળાનું[1] પ્રદાન, લોકને ઠગવું, તારો પિતા મારા પિતાનો કરજદાર છે એમ અન્યધૂર્ત્તે છેતર્યો. (૧૦૬)

કોઇ એક લક્ષપતિ ધૂર્ત્ત હતો અને તે "જે કોઇ મને કંઇક અપૂર્વ સંભળાવશે તેને હું લાખ મૂલ્યવાળો કચોળો આપીશ" એમ પ્રચાર કરીને લોકમાં બડાઈ હાકવા લાગ્યો. હવે જે કોઇ તેને નવા કાવ્યાદિ સંભળાવે છે ત્યારે મેં આ સાંભળ્યું છે એમ મિથ્યા ઉત્તર આપીને વિલખા કરે છે. પોતા વિષે પ્રવાદ[2] પ્રવર્ત્ત્યો કે હું સર્વશ્રુતપારગ છું, અર્થાત્ પોતાની જાતને સર્વ શ્રુતનો પારગામી માનવા લાગ્યો. ત્યાં રહેનારા એક સિદ્ધપુત્રે આ વૃત્તાંત જાણ્યો. તત્કાળ ઉત્પન્ન થઇ છે બુદ્ધિ જેને એવા તેણે તેની આગળ જઇને કહ્યું: તારો પિતા મારા પિતાનો પૂરા એક લાખનો કરજદાર છે. જો તેં સાંભળ્યું છે તો મને આપી દે અને નથી સાંભળ્યું તો કચોળો આપ. આમ આ પ્રકારે બીજા ધૂર્ત્ત એવા સિદ્ધપુત્રે તેની બુદ્ધિના પરિભાવ સ્વરૂપ છલના કરી. (૧૦૬)

ઔત્પત્તિકી બુદ્ધિ વિષેના ઉદાહરણો પૂરા થયા.

શ્રુત દેવતાને નમસ્કાર થાઓ.

अथ वैनयिकीज्ञातानि विव्रियन्ते—

**वेणइयाइ निमित्ते, सिद्धसुया हत्थिपय विससोत्ति ।**
**गुव्विणिदाहिणपुत्ते, थेरी तज्जाय [illegible] ॥१०७॥**

वैनयिक्यां बुद्धौ निमित्ते इति द्वारपरामर्शः । 'सिद्धसुय' त्ति कस्यचित् सिद्धपुत्रस्य [illegible] सुतौ [illegible] निमित्तशास्त्रं शिक्षितौ, [illegible] प्रविष्टौ [illegible] तत्र हस्तिपद [illegible]

---

૧. [illegible]

૨. પ્રવાદ એટલે લોકમાં ચાલેલી વાત અથવા [illegible]

विसेसोत्ति'—हस्तिपदानि, आदिष्टश्चैकेन विशेषो, यथा—हस्तिन्या एवैतानि । कथं ज्ञायते इति चेत् ? कायिकोत्सर्गविशेषात् । सा च काणा, एकपार्श्वेन तृणानां खादनादिति। तथा 'गुव्विणिदाहिणपुत्त' त्ति तत्र च कायिकोत्सर्गविशेषादेव एका स्त्री पुरुषश्च विलग्न इति ज्ञायते । पीवरगर्भा च सा, भूमौ हस्तस्तम्भनेनोत्थानात् । दारकश्च भविष्यति तस्याः येन दक्षिणपादो गुरुकत्वे निविडनिवेशाल्लक्ष्यते दक्षिणकुक्ष्याश्रिते च गर्भे किल पुरुषो भवतीति । तथा रक्ता दशिका मार्गतटवर्त्तिनि वृक्षे यतो लग्ना दृश्यते, ततोऽपि ज्ञायते पुत्रोत्पत्तिः । मार्गवृक्षलग्ना हि रक्तदशिका मार्गगमनप्रवृत्तगर्भवत्स्त्रीसंबन्धिनी निमित्तशास्त्रेषु पुत्रोत्पत्तिसूचिका पठ्यते इति । तथा 'थेरी तज्जायणाणाई' इति तावेव सिद्धपुत्रौ नदीतीरे जलमापीय यावत् स्थितावासाते, तावदेकया स्थविरया जलभृतहस्तघटया संपन्ननैमित्तिकसुतत्वज्ञानया चिरप्रोषितप्रियपुत्रया तदागमनं पृष्टौ—'कदा मे पुत्रः स्वगृहमायास्यतीति ?' तस्मिंश्च क्षणे पृच्छाव्यग्राया तस्या हस्तात् स घटं भूमौ पतित्वा भग्नः । भणितं चैकेन—'तज्जाएण य तज्जायं तन्निभे य तन्निभं' इत्यादिश्लोकमुच्चार्य यथा—मृतस्ते पुत्रः । कथमन्यथाऽयं सद्य एव घटभङ्गो जायेत ? इति । द्वितीयेन तु प्रतिपादितं, यथा—वृद्धे ! सांप्रतमेव स्वगृहमागतस्तिष्ठति ते पुत्रः । गता च सा । दृष्टपुत्रा च तुष्टा चेतसि वस्त्रयुगलकं रूपकांश्च गृहीत्वा सगौरवं सत्कारितोऽसौ द्वितीयः सिद्धसूनुस्तया । इतरश्चादेशविसंवादाद्विलक्षीभूतो गुरुमुपस्थितो निगदति, यथा—'किं न मम इतरतुल्यं सभक्तिकस्यापि निमित्तशास्त्रसद्भावं कथयसि?' इति । पृष्टौ च तौ तेन । कथितं च ताभ्यां सर्वं यथावृत्तम् । गुरुणा च भणितं—कथं त्वया तस्य मरणमादिष्टम्? स प्राह—घटविपत्तिदर्शनात् । द्वितीयेन त्वोक्तम्—'तज्जाएण य तज्जायं' इत्यादिश्लोकमुच्चार्य एवं—घटो भूमेरेव सकाशमुत्पन्नो भूम्यामेव च मिलितः, एवं स पुत्रो मातुरेव सकाशादुत्पन्नो मातुरेव च मिलित इति निर्णीतं मयेति । भणितश्चासौ गुरुणा यथा भद्र! नाहमपराध्यामि, किन्तु भवान् एव प्रज्ञाजाड्यं यो विशेषमिदृशमपि निमित्तशास्त्ररहस्यं नावबुध्यसे । किं न श्रुतं त्वया सूक्तमिदम्, यथा—'वितरति गुरुः प्राज्ञे विद्यां यथैव तथा जडे, न तु खलु तयोर्ज्ञाने शक्तिं करोत्यपहन्ति वा । भवति च पुनर्भूयान् भेदः फलं प्रति तद्यथा, प्रभवति मणिर्बिम्बग्राही शुचिर्न मृदादयः' इति । अत्र च येषां सम्यक् शास्त्रं परिणमितं तस्य वैनयिकी बुद्धिरितरस्य तु तदाभासेति ॥१०७॥

**હવે વૈનયિકી બુદ્ધિના ઉદાહરણો કહેવાય છે.**

**ગાથાર્થ**– વૈનયિકી આદિ નિમિત્ત, સિદ્ધપુત્ર, હાથીના પગ, વિશેષ, ગુર્વીણી, જમણે પુત્ર, સ્થવિરા તેનો પુત્ર અને જ્ઞાનાદિ. (૧૦૭)

વૈનયિકી બુદ્ધિમાં **'નિમિત્ત'** એ દ્વાર પરામર્શ છે. કોઇ એક સિદ્ધપુત્રની પાસે બે પુત્રો હતા. 'પુત્રો અને શિષ્યો સમાન અધિકારી છે' એ વચનથી બે શિષ્યો હતા એમ તેનો કહેવાનો ભાવ છે. બંને નિમિત્તશાસ્ત્ર ભણ્યા. કોઈક વખત ઘાસ-લાકડાદિ લેવા અટવીમાં ગયા. તેઓએ ત્યાં (જંગલમાં) હાથીના પગલાં જોયા. એકે તેના ભેદનું વર્ણન કર્યું. જેમકે– આ પગલાં હાથણીના જ છે. આ પગલાં હાથણીના જ છે એમ તું કેવી રીતે જાણે છે ? મૂત્રની ત્યાગપદ્ધતિ વિશેષથી તે જણાય છે. અને એક બાજુના ઘાસને ખાવાથી તે એક આંખે કાણી છે. તથા ત્યાં મૂત્રની ધારા વિશેષથી જ જણાય છે તે એકલી છે અને સ્ત્રી-પુરુષ તેના ઉપર બેઠેલા છે. જે સ્ત્રી છે તે પરિપૂર્ણ ગર્ભવતી છે, કેમકે ભૂમિ ઉપર હાથના ટેકાથી ઉભી થઇ છે. તેનો જમણો પગ ભારે પડેલો છે તેનાથી જણાય છે કે તેને પુત્ર થશે. જમણી બાજુની કુક્ષિમાં રહેલો પુરુષ હોય છે. તથા માર્ગના કાંઠે રહેલા વૃક્ષમાં લાલ દશીઓ લાગેલી દેખાય છે તે સૂચવે છે કે આને પુત્ર થશે, કારણ કે માર્ગમાં જવા પ્રવૃત્ત થયેલી ગર્ભવતી સ્ત્રી સંબંધી માર્ગના વૃક્ષોમાં ભરાઈ ગયેલી લાલદશીઓ નિમિત્તશાસ્ત્રોમાં પુત્રના જન્મને સૂચવનારી કહેવાઇ છે.

તથા તે જ બે સિદ્ધપુત્રો નદીના કાંઠે જેટલામાં પાણી પીને ઊભા રહ્યા, તેટલામાં પાણીથી ભરેલો ઘડો છે જેના હાથમાં, આ નૈમિત્તિકના પુત્રો છે એવા સ્વરૂપનું જેને જ્ઞાન થયું છે, લાંબા સમયથી પરદેશ ગયો છે પ્રિય પુત્ર જેનો એવી એક સ્થવિરાએ તે બંનેને પુત્રના આગમન વિષે પુછ્યું: "મારો પુત્ર ઘરે ક્યારે આવશે ? તે ક્ષણે પૂછવામાં વ્યગ્ર હોવાથી સ્થવિરાના હાથમાંથી ઘડો છટકીને ભૂમિ પર પડીને ફુટી ગયો. એકે કહ્યું: માટીમાંથી ઉત્પન્ન થયેલો માટીમાં વિલિન થયો અને પંચમહાભૂતમાંથી ઉત્પન્ન થયેલો જીવ પંચમહાભૂતમાં વિલીન થયો." ઈત્યાદિ શ્લોકને કહી કહ્યું કે– તારો પુત્ર મરી ગયો. નહીંતર કેવી રીતે આ ઘડો એકાએક ભાંગી જાય? બીજાએ કહ્યું: હે વૃદ્ધે ! તું ઘરે જા. હમણાં જ તારો પુત્ર ઘેર આવી ગયો છે. તે ઘરે ગઇ. પુત્રને જોઇ મનમાં હર્ષ પામેલી વૃદ્ધા બે વસ્ત્ર અને રૂપીયાને લઇને ગૌરવ પૂર્વક બીજા સિદ્ધપુત્રનો સત્કાર કર્યો અને પ્રથમનો ફળકથનમાં ખોટો પડવાથી વિલખો થયેલો ગુરુની પાસે આવીને કહે છે- જેમ કે "હું ભક્તિવાળો હોવા છતાં પણ પહેલા શિષ્યની જેમ મને નિમિત્તશાસ્ત્રનો સદ્ભાવ કેમ કહેતા નથી? ગુરુએ બંનેને પુછ્યું. બંનેએ સર્વ યથાર્થવૃત્તાંત જણાવ્યો." ગુરુએ કહ્યું: તેં તેને મરણ થયું છે એમ કેમ કહ્યું ? તેણે કહ્યું: ઘટના ભાંગી જવાના જ્ઞાનથી. બીજાએ કહ્યું: **'तज्जायेण य तज्जायं तन्निभे य**

तन्निभं ' ઈત્યાદિ શ્લોકને બોલી કહ્યું: ઘડો માટીમાંથી જ ઉત્પન્ન થયો અને માટીમાં મળી ગયો એ પ્રમાણે માતાથી પુત્ર થયો અને માતાને મળ્યો એવો મેં નિર્ણય કર્યો. ગુરુએ પહેલાને કહ્યું: હું અહીં અપરાધી નથી, પરંતુ તારી જ બુદ્ધિની જડતા અપરાધી છે. કેમકે વિશેષથી બતાયેલા પણ નિમિત્ત શાસ્ત્રના રહસ્યને તું સમજતો નથી. શું તારા વડે આ સુવાક્ય સંભળાયું નથી કે– ગુરુ પ્રાજ્ઞને જેવી વિદ્યા આપે છે તેવી જ જડને આપે છે. પણ ખરેખર બંનેની જ્ઞાનની શક્તિને વધારતા કે ઘટાડતા નથી અને ફળ મળવામાં ઘણો મોટો ભેદ પણ થાય છે. તે આ પ્રમાણે– નિર્મળ મણિ પ્રતિબિંબને ગ્રહણ કરે છે પણ માટી વગેરે નહીં, અર્થાત્ મણિમાં પ્રતિબિંબ ઝીલાય છે માટીની વસ્તુમાં પ્રતિબિંબ ઝીલાતું નથી. અને અહીં જેને શાસ્ત્ર સમ્યક્ પરિણમે છે તેને વૈનેયિકી બુદ્ધિ છે અને બીજાને તેનો આભાસ માત્ર છે. (૧૦૭)

**एत्थेव अत्थसत्थे, कप्पगगंडाइछेदभेदणया ।**
**जक्खपउत्ती किच्चप्पओय अहवा सरावम्मि ॥ १०८ ॥**

**अथ गाथाक्षरार्थः—'अत्रैव' वैनयिक्यां बुद्धौ 'अर्थशास्त्रे'ऽर्थोपार्जनोपायप्रतिपादके सामोपप्रदानभेददण्डलक्षणे नीतिसूचके बृहस्पतिप्रणीते शास्त्रे पूर्वमेव द्वारतयोपन्यस्ते, 'कप्पगत्ति' कल्पको मन्त्री ज्ञातमिति गम्यते केनेत्याह—'गंडाइछेयभेयणया' इति गण्डादिच्छेदभेदनेन गण्डादीनामिक्षुयष्टिकलापरूपाणामादिशब्दाद्दधिभाण्डस्य च यथाक्रममुपर्यधस्ताच्च च्छेदेन भेदनेन च प्रतिपक्षप्रहितप्रधानपुरुषस्य मतिमोहसंपादकेनोपन्यस्तेनेति यक्षप्रयुक्तिः सुरप्रिययक्षवार्ता उक्तलक्षणा ज्ञातम् । कथमित्याह—'किच्चप्पओय अहवा सरावम्मि' त्ति—कृत्याया नागरिकलोकक्षयलक्षणायाः प्रयोग उपशमनोपायव्यापाररूपः 'अथवा' यदिवा, क्व सतीत्याह—'शरावे' मल्लके उपलक्षणत्वात् कलशकूर्चिकावर्णिकादौ च प्रत्यग्रे चित्रकरदारकेण यो मल्लकादौ नूतने विहिते सति यक्षोपशमनोपाय उपलब्धः स चात्र ज्ञातमिति भावः । अत्र चार्थशास्त्रत्वभावनैवम्—परो ह्यवशीभूतः सामादिभिर्नीतिभेदैः सम्यक्प्रयुक्तैर्ग्रहीतव्यः, यथा—अधीष्व[1] पुत्रक! प्रातर्दास्यामि तव मोदकान् । तान् वान्यस्मै प्रदास्यामि कर्णावुत्पाटयामि ते ॥१॥ इति। साम च चित्रकरदारकप्रयुक्तो विनय इति ॥ १०८ ॥**

**ગાથાર્થ**– અહીં જ અર્થશાસ્ત્ર, કલ્પક, ગંડેરીનું છેદન ભેદન, યક્ષની પ્રવૃત્તિ, કૃત્યપ્રયોગ અથવા કોડિયામાં. (૧૦૮)

---

१. क 'अधीष्व भो पुत्रक!'

## વૈનયિકી બુદ્ધિ વિષે કલ્પક મંત્રીનું દૃષ્ટાંત

શ્રેણિક રાજા અને કોણિક મરણ પામ્યા પછી કોણિકના પુત્ર ઉદાયીએ પાટલિપુત્ર નગર વસાવ્યું. જેમ સૂર્ય કૈરવના વનને સંતાપીને મુરઝાવી દે તેમ પ્રચંડ પ્રતાપથી સર્વ દિશા મંડલોને તપાવીને ઉદાયી દુશ્મનરૂપી કૈરવ વનખંડોને મુરઝાવા લાગ્યો. પરિપૂર્ણ થયો છે ભંડાર જેનો, ગજાદિ ચતુરંગ સાધન(સૈન્ય)થી સનાથ, સામાદિ નીતિથી નિપુણ એવો ઉદાયી રાજા નીતિથી રાજ્યનું પાલન કરે છે. તથા તેવા પ્રકારના ગુરુના ચરણરૂપી કમળની સેવાથી પ્રાપ્ત કર્યું છે સમ્યક્ત્વ જેણે, પ્રશમાદિ ગુણરૂપી મણિઓ માટે જાણે પ્રત્યક્ષ રોહણાચલ ન હોય એવા ઉદાયી રાજાએ તે નગરની બહાર મનોહર આકારવાળા હિમગિરિના શિખર જેવું ઊંચુ શ્રી વીર જિનેશ્વરનું ભવન કરાવ્યું. મનોરમ્ય અટ્ઠાઇ આદિ મહોત્સવોના નિત્ય આરંભથી, સાધુના ચરણના પૂજનથી, દીન અનાથ આદિને દાન આપીને, સમ્યગ્ અણુવ્રતના પાલનથી તથા પૌષધાદિ કૃત્યોથી તેણે જિનેશ્વર પ્રણીત ધર્મની પરમ ઉન્નતિ કરી. આથી જ કર્મબંધમાં તીર્થંકર નામકર્મ ત્રિલોકના માહત્મ્યનું અંગ છે. તે કારણથી સ્થાનાંગ સૂત્રમાં તેના બાંધનારની સંખ્યા આ પ્રમાણે કહી છે. જેમકે– શ્રેણિક, સુપાર્શ્વ, પોટ્ટિલ, દ્રઢાયુ, શંખ, શતક, ઉદાયી, સુલસા શ્રાવિકા અને રેવતી આ નવ જણાએ વીરના તીર્થમાં તીર્થંકર નામકર્મ બાંધ્યું છે. ઉદાયીરાજાએ સર્વ ખંડિયા રાજાઓને ઉગ્ર આજ્ઞા ફરમાવી. ઉગ્ર આજ્ઞાનું પાલન કરતા તેઓ હંમેશા ખેદ પામ્યા. કોઈક અપરાધથી એક રાજા પરિવાર સહિત પોતાના દેશમાંથી હદપાર કરાયો. તે રાજા ઉજ્જૈની પહોંચ્યો અને ત્યાંના રાજાની સેવા કરવા લાગ્યો અને કોઇક વખત નિત્ય આજ્ઞાદિથી ત્રાસેલા ઉજ્જૈનીના રાજાએ તેને કહ્યું કે અહીં એવો કોઇ નથી જે અમારા માથા ઉપર વળગેલા આ ઉદાયી રાજારૂપ અંકુશને દૂર કરે. પછી તે સેવકરાજાના પુત્રે મોટા ખાર (દ્વેષ) થી કહ્યું કે જો તમે મને પીઠબળ પુરું પાડો તો હું આ કાર્ય કરી આપું. તેની અનુમતિ મેળવીને તે **કંકલોહની**[1] છૂરી લઇ ચાલ્યો અને ક્રમથી પાટલિપુત્ર પહોંચ્યો. પછી રાજાના બાહ્ય અને અભ્યંતર પર્ષદાના સેવકવર્ગની ઉચિત સેવાવૃત્તિ કરી તો પણ વિચારેલ અવસર (કાર્ય) સિદ્ધ ન થયો. પણ તે ઉદાયી રાજા આઠમ અને ચૌદશના દિવસે સર્વ રાજ્ય કાર્યો છોડીને ઉપયોગપૂર્વક પૌષધ કરે છે. (૧૬)

અત્યંત ક્ષીણ જંઘાબળવાળા, બીજા સ્થાનમાં વિહાર કરવા અસમર્થ એવા શ્રી ધર્મઘોષ નામના આચાર્ય ત્યાં વસે છે. સાધુઓની પાસે પૌષધ કરવામાં રાજાને ઘણા અપાયો (વિઘ્નો) છે એટલે આચાર્ય જાતે જ પૌષધાદિ લેવાના દિવસોએ રાજભવનમાં જાય છે. રાજાએ પોતાના પરિવારને સૂચના કરી કે દિવસે કે રાત્રે આવતા જતા સાધુઓને તમારે રુકાવટ ન કરવી. તે બદઈરાદાવાળા રાજપુત્રે આ વ્યતિકરને સારી રીતે જાણ્યો કે અહીં સાધુઓનો અનિવારિત પ્રસર છે. પછી તે સેવાવૃત્તિને છોડીને અતિદૃઢ શ્રાવકપણાના વિનયનો ઉપચાર કરીને અર્થાત્ સુશ્રાવક જેમ ગુરુનો ઉત્તમ વિનય કરે તેવો વિનય કરીને તેણે ગુરુના ચિત્તને આકર્ષીને દીક્ષા લીધી. ભાવસાધુની જેમ તે વિનયમાં રત થયો એટલે તેનું નામ વિનયરત એમ પ્રસિદ્ધ થયું. છળ

૧. કંકલોહ–એક પ્રકારનું મજબૂત અને તીક્ષ્ણ લોખંડ.

ચિંતનમાં મગ્ન એવા તેનો કાળ પસાર થાય છે અને સૂરિ પણ ગીતાર્થ, સ્થિરવ્રતી, પ્રસિદ્ધ જાતિ, કુળ અને શીલવાળા થોડા સાધુઓને પોતાની સહાયમાં સાથે રાખી રાજભવનમાં આવે છે. તે હંમેશા જ રાજભવનમાં જવા તત્પર છે એવો પોતાને (પોતાના ભાવને) આદરથી બતાવે છે પરંતુ આ નવો દીક્ષિત થયેલો છે એમ વિચારીને સૂરિ તેને રાજભવનમાં લઇ જતા નથી.

અન્ય દિવસે મુનિયો ગ્લાન-પ્રાઘૂર્ણકના કાર્યમાં અત્યંત વ્યાકુળ થયા અને વિનયરત જવા તૈયાર થયો. ગુરુએ પણ આ ઘણા દિવસોથી દીક્ષિત બનેલો ઉચિત છે એમ માની પોતાની સહાયમાં સાથે લીધો. સંધ્યા સમયે રાજકુળની અંદરની પૌષધશાળામાં પહોંચ્યા. કર્મરૂપી રોગથી પીડાયેલા રાજાએ ઔષધની જેમ પૌષધ લીધો. રાજાએ તત્કાળ ઉચિત વંદનાદિ વ્યવહાર કર્યો. ધ્યાન, સ્વાધ્યાય આદિ કૃત્યો કરીને ક્ષીણદેહવાળા સૂરિ અને રાજા સૂઇ ગયા પછી તે પાપી ઊઠ્યો અને રજોહરણાદિ ઉપધિમાં પૂર્વે ગુપ્ત છરી રાખેલી હતી તેને કાઢી. રાજાના ગળા ઉપર ફેરવી અને ભયભીત થયેલો ભાગ્યો. લોહીથી ખરડાયેલી તે છૂરી બીજી બાજુથી નીકળે છે. છૂરીની તીક્ષ્ણધારથી રાજાનું ગળું ક્ષણથી કપાઇ ગયું. પુષ્ટ શરીર હોવાને કારણે રાજાના લોહીની વિકટ છોળોથી સૂરિ લોહીથી ભીંજાઈ ગયા અને એકાએક નિદ્રાનો ક્ષય થયો, અર્થાત્ જાગી ગયા. તે સર્વ અણઘટતું જોઇને સૂરિએ વિચાર્યું કે ખરેખર તે કુશીલનું જ આ કાર્ય છે નહીંતર તે અહીં કેમ  ન દેખાય ? કલ્યાણના સમૂહનું એક મૂળ એવી કરવા ધારેલી (પ્રસ્તુત) જિનમતની પ્રભાવના ક્યાં અને દૂર ન કરી શકાય તેવું જૈન શાસનનું માલિન્ય ક્યાં ? કહ્યું છે કે– દુર્જય મન વડે હર્ષપૂર્વક કાર્યનો આરંભ અન્યથા વિચારાય છે અને વિધિના વશથી અન્યથા પરિણમે છે. તેથી અહીં શું કરવું ઉચિત છે ? ખરેખર દુઃખેથી દૂર કરી શકાય એવું આ ધર્મકલંક મારા પ્રાણત્યાગ સાથે દૂર થશે. તત્કાલ ઉચિત કાર્યો ધીરચિત્તથી કરીને તેમણે કંકલોહની છૂરી પોતાના કંઠ ઉપર ચલાવી. જેટલામાં સવારે શય્યાપાલકલોક પૌષધશાળાને જુએ છે તેટલામાં રાજા અને સૂરિ બંનેને મરણ પામેલા જોયા. પછી આ અમારો પ્રમાદ છે એમ શય્યાપાલક વર્ગ ક્ષોભ પામ્યો અને જેટલામાં મુંગો થઇ રહે છે તેટલામાં તે નગરમાં એકા–એક આ કુશિષ્યનું કૃત્ય છે એવો જનપ્રવાદ થયો. ખરેખર આ અભવ્ય છે અને કપટથી વ્રત લીધું છે. તે બંને (રાજા અને સૂરિ) દેવલોકમાં ગયા. (૩૯)

અને આ બાજુ મૂર્ખનંદ નામનો નાપિત (હજામ) હજામની દુકાને ગયો. પ્રયોજન વશ બહાર આવીને તે ઉપાધ્યાયને જણાવે છે કે રાત્રિના વિરામ સમયે મેં આજે સ્વપ્નું જોયું. જેમકે– આંતરડાઓથી આ નગર ચારે બાજુથી ઘેરાયું છે. આ સ્વપ્નનું ફળ કહો. સ્વપ્ન ફળ જાણનારો તે તેને ઘર લઇ જાય છે અને સ્નાન કરેલા તેને પોતાની પુત્રી પરમ વિનયથી આપી. ઊગતા સૂર્યની જેમ તે એકાએક દીપવા લાગ્યો. શિબિકામાં આરૂઢ થયેલો જેટલામાં નગરમાં ફરે છે તેટલામાં અંતઃપુરીની શય્યાપાલિકાઓએ રાજાને મરેલો જોયો. તેઓએ એકા-એક પોકાર કર્યો. રાજ્યની ચિંતા કરનાર પુરોહિત લોક ઘોડાને અધિવાસ કરી નગરમાં લઇ

ગયા. તેણે (ઘોડાએ) સ્ફુરાયમાન થતી છે વિશાળ શરીરની કાંતિ જેની એવા મૂર્ખ હજામને જોયો. ઘોડાએ ઉદયમાં આવેલ પૂર્વના પુણ્યવાળા હજામને પીઠ ઉપર બેસાડ્યો, બે ચામરો વીંઝાયા, ઢંકાયું છે આકાશ જેના વડે એવું મહાછત્ર ધરાયું. સર્વે વાજિંત્રો વાગ્યા, રાજાના અભિષેકના સારભૂત ભદ્રનારાઓ ગુંજ્યા, અર્થાત્ જયજયારવ થયો. રાજ્યની ચિંતા કરનાર લોક વડે તે ઉદાયી રાજાના ખાલી પડેલા સુંદર પદ પર સ્થાપન કરાયો. તેની મૂર્ખતાના ભાવથી બધા સૈનિકો અને દંડભોજિક (સામંતો) વિનયને કરતા નથી.

હવે તે વિચારે છે, 'હું કોનો રાજા' ? હવે કોઈકવખત સભામાં બેઠેલો નંદ ઊઠીને બહાર નીકળ્યો, ફરી પણ અંદર આવ્યો તો પણ કોઈએ તેનું કંઈપણ અભ્યુથાન ન કર્યું. કોપનો વિકાર કરીને તેણે કહ્યું: અરે કોટવાળો ! તમે આ લોકોને હણો. આ વચનને સાંભળીને પેલા રાજાઓ પરસ્પર ખડખડાટ હસ્યા. પછી તીવ્ર રોષના આવેશમાં આવેલા તેણે સભામંડપના દરવાજે દ્વારપાળના પુતળાને જોઈ કહ્યું: જો આ લોકો વિનય નથી કરતા તો શું તમારે પણ વિનયની પરિહાણી થઈ છે ? પુતળાઓ એકાએક ઊભા થયા. હાથમાં રહેલી તીક્ષ્ણ તલવારના ઝાટકાથી કેટલાકને મારી નાખ્યા. કેટલાક સૈનિકો, ખંડિયા રાજા અને બીજા નાશી ગયા, બીજા ભયથી ત્રાસી ઊઠ્યા. પછી મસ્તક ઉપર જોડાયા છે પોતાના કર રૂપી કમળો જેઓ વડે, ભૂપીઠ ઉપર મુકાયા છે મસ્તકો જેઓ વડે એવા તે સર્વે રાજાને ખમાવીને વિનીતવિનયપણાને પામ્યા. તેને કોઈ અમાત્ય કુમાર નથી. સર્વ પ્રધાનમંડળ તેવા પ્રકારનો છે, અર્થાત્ વૃદ્ધ જેવો છે, રાજા ઉપયોગપૂર્વક યુવાન પ્રધાનની શોધ કરે છે, છતાં તેને તેવો કોઈપણ પ્રધાન મળ્યો નહીં. (૫૬)

એ પ્રમાણે જ સ્થિતિ વર્તે છે ત્યારે નગરની બહાર કપિલ નામનો બ્રાહ્મણ વસે છે. જે બ્રાહ્મણજનને ઉચિત કાર્યોને કરે છે. હવે કેટલાક સાધુઓ સાંજના સમયે ત્યાં આવ્યા. હમણાં કુમુહૂર્તે જો નગરમાં પ્રવેશ કરીશું તો દુઃખ ઉત્પન્ન થશે એમ જાણીને નગરની બહાર તેના હવનઘરમાં રહ્યા. તે પંડિતાઈના અભિમાનવાળો અર્થાત્ પોતાને પંડિત માનતો કપિલ પ્રશ્નો પૂછવા લાગ્યો. પૂછેલા પ્રશ્નોના ઉત્તરો આપીને સાધુઓએ તેને જૈનશાસન પ્રત્યે વિનિશ્ચિત અને અતિ નિપુણ કર્યો. જિનવચન જ શ્રેષ્ઠ છે એમ માનતો તે શ્રાવક થયો.

એ પ્રમાણે કાળ પસાર થયે છતે હવે ક્યારેક ચોમાસામાં બીજા સાધુઓ ચાતુર્માસ માટે રહ્યા. દારુણ રૂપવાળી રેવતી વાણવ્યંતરીએ તે કપિલના પુત્રને જનમવા માત્રથી જ પકડ્યો, અર્થાત્ વ્યંતરી બાળકના શરીરમાં પ્રવેશી. તેની માતા તેને ભાવનાકલ્પ[1] કરતા સાધુઓની નીચે (પાસે) ભાવિત કરે છે. ક્યારેક કલ્પના પ્રભાવથી તે સાજો થયો અને વ્યંતરી નાશી ગઈ. ત્યાર પછી તેના સર્વે પુત્રો સ્થિર થયા તેથી માતા પિતાએ સુપ્રશસ્ત દિવસે, સ્વજનોનો સત્કાર કરીને તેનું નામ

૧. ભાવનાકલ્પ– અનિત્યાદિ બાર પ્રકારની ભાવના અને મૈત્રી આદિ ચાર ભાવનાના ચિંતન સ્વરૂપ ધર્મધ્યાન.

કલ્પક રાખ્યું. તે શુક્લપક્ષના ચંદ્રની જેમ શરીરથી વધવા લાગ્યો. માતાપિતા કાળધર્મ પામ્યા પહેલા તેણે બ્રાહ્મણલોકને યોગ્ય ચૌદેય પણ વિદ્યાઓ વિલંબ રહિત ભણી લીધી. અને તે આ પ્રમાણે છે– છ અંગ, ચાર વેદ, મીમાંસા, ન્યાય વિસ્તર, પુરાણ અને ધર્મશાસ્ત્ર એ ચૌદ સ્થાનો છે. શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરુક્ત તથા જ્યોતિષ એ છ અંગો છે એમ જ્ઞાનીઓ કહે છે. તે સર્વબ્રાહ્મણોની ઉપર શિરોમણિ થયો. અતિ શાંત થયેલો (સંતોષી) રાજાથી અપાતા પણ દાનને લેતો નથી. ભરયૌવનને પામ્યો છતાં પણ વિદ્યાગુણી એવો કલ્પક પરમ સૌભાગ્ય, સુરૂપથી પૂર્ણ પણ એવી કોઈપણ કન્યાને પરણવા ઈચ્છતો નથી. તે અનેક સેંકડો છાત્રોની સહિત હંમેશા નગરમાં ફરે છે. (૬૮)

હવે તેના આગમન-નિર્ગમનના માર્ગમાં એક બ્રાહ્મણ રહે છે તેની પુત્રી જલૂસક નામના વ્યાધિથી પીડાયેલી શરીરવાળી ઘણી સ્થૂલ થઈ ગયેલી હોવાથી અતિરૂપવતી હોવા છતાં તેને કોઈપણ પુરુષ પરણતો નથી. આ પ્રમાણે વયથી ઘણી મોટી થઈ. તેને ઋતુ સમય થયો છે તેમ તેના પિતાએ જાણ્યું. તે વિચારવા લાગ્યો કે જે કુંવારી કન્યા ઋતુના લોહીના પ્રવાહને વહાવે છે તેને શાસ્ત્રમાં બ્રહ્મહત્યાવાળી કહી છે. આ કલ્પક બટુક સત્ય પ્રતિજ્ઞાવાળો છે તેથી કોઈપણ ઉપાયથી આને આપું નહીંતર એનો વિવાહ નહીં થાય. તેણે પોતાના ઘરના દરવાજે ખાડો ખોદ્યો. તેમાં આને રાખી પછી મોટા શબ્દથી બૂમ પાડી કે ખાડામાં પડી ગઈ છે. અરે અરે ! આ મારી કપિલા પુત્રી છે જે તને બહાર કાઢશે તેને મેં આપી છે. બૂમ સાંભળીને કરુણાળુ કલ્પકે તેમાંથી (ખાડામાંથી) તેને બહાર કાઢી. પછી તેણે કહ્યું: હે પુત્ર ! તું સત્યપ્રતિજ્ઞાવાળો છે. પછી અપયશના ભીરુ એવા કલ્પકે તેનો સ્વીકાર કર્યો. ઔષધો આપીને તેને નીરોગી કરી.

રાજાએ સાંભળ્યું કે આ નગરમાં કલ્પક પંડિત શિરોમણિ છે. એટલે તેને બોલાવીને રાજાએ કહ્યું કે તું રાજ્યની ચિંતા કરનારો થા, અર્થાત્ તું રાજ્યનો કારભાર સંભાળ. હે કલ્પક ! બ્રહ્માની બુદ્ધિની હાંસી કરાઈ છે જેના વડે એવો તું અસામાન્ય બુદ્ધિનો ભંડાર છે. તથા આ સર્વ રાજ્ય તારા વશમાં છે, જેથી હે ભદ્ર ! અમને માત્ર ખાવા–પહેરવા સિવાય અન્ય કોઈ કાર્ય નથી. કલ્પકે રાજાને કહ્યું: આ પાપને હું કેવી રીતે સ્વીકારું ? અર્થાત્ આ પાપમાં કેમ પડું ? રાજા વિચારે છે કે આ નિરપરાધી વશ નહીં થાય. તેની શેરીમાં જે ધોબી વસે છે તેને રાજાએ પુછ્યું: શું તું કલ્પકના વસ્ત્રો ધોવે છે કે નહીં ? અથવા બીજો કોઈ ધોવે છે ? તેણે કહ્યું: હું જ ધોવું છું. આ વખતે જો તને વસ્ત્રો ધોવા આપે તો તું તેને પાછા ન આપતો એમ રાજાએ જણાવ્યું. (૮૧)

હવે ઈન્દ્રમહોત્સવ આવ્યો ત્યારે સ્ત્રીએ કલ્પકને આ પ્રમાણે કહ્યું: હે પ્રિયતમ ! તમે મારા વસ્ત્રો સારી રીતે રંગાવી આપો. અતિ સંતુષ્ટ મનવાળો તે જેટલામાં ઈચ્છતો નથી તેટલામાં ફરી ફરી પણ કહે છે. તે વસ્ત્રોને ધોબીના ઘેર લઈ ગયો. તે કહે છે કે તારા આ વસ્ત્રોને હું મૂલ્ય વિના પણ રંગી આપીશ. ઉત્સવના દિવસે તેણે કપડાં માગ્યા. આજકાલ હું આપું છું. આમ બોલતો બોલતો (બાના કાઢતો) તે કાળ પસાર કરે છે. તેટલામાં બીજું વરસ આવી ગયું.

એ પ્રમાણે ત્રીજું વરસ આવી ગયું. પછી તે આગ્રહથી માગે છે છતાં તે આપતો નથી, ત્યારે ક્રોધથી લાલચોળ થયેલ છે સર્વ શરીર જેનું એવો કલ્પક તેને કહે છે કે જો હું મારા લોહીથી આ વસ્ત્રોને ન રંગુ તો ભયંકર જ્વાળાઓથી બળતી એવી ભઠ્ઠીમાં હું નિશ્ચયથી પ્રવેશ કરીશ. પછી પોતાને ઘરે ગયો અને તીક્ષ્ણ છૂરી લઇને ધોબીના ઘરે આવ્યો. તે વખતે ધોબીએ ધોબણને કહ્યું કે વસ્ત્ર લઇ આવ અને આપ, જેટલામાં તે તેમ કરે છે તેટલામાં કલ્પકે ધોબીનું પેટ ચીરીને તે વસ્ત્રો રંગ્યા. તેની સ્ત્રીવગેરેએ કલ્પકને કહ્યું કે તેં આ નિરપરાધીને કેમ હણ્યો ? રાજાએ તેને વસ્ત્ર આપવાની ના પાડી હતી તેથી તેણે વસ્ત્રો આપ્યા ન હતા. કલ્પકે વિચાર્યું કે ખરેખર આ રાજાનું કાવતરું છે પણ આનો દોષ નથી. હા ! મને ધિક્કાર થાઓ. મેં આવું એકાએક અણછાજતું કેમ કર્યું ? ત્યારે અમાત્ય પદ અપાતું હતું પણ મેં ન સ્વીકાર્યું તેથી આ ફળ મળ્યું. જો મેં દીક્ષા લીધી હોત તો હું આવા સંકટને ન પામત, તેથી જેટલામાં કોટવાળો મને બળાત્કારે ન લઇ જાય. તેટલામાં રાજાની પાસે સ્વયં જાઉં.એમ વિચારીને રાજકુળે ગયો અને વિનયપૂર્વક રાજાને મળ્યો અને કહ્યું કે મારે શું કરવું તે કહો. રાજા કહે છે પૂર્વે જે કહ્યું હતું તેનો સ્વીકાર કર. પછી રાજ્યના મંત્રીપદે નિમણુંક કરાયો. તત્ક્ષણ જ પોકાર કરતા ધોબીઓ રાજકુલે આવ્યા. રાજાની સાથે કલ્પકને સ્નેહથી વાતો કરતો જોઇને દશેદિશામાં નાશી ગયા. પછી કલ્પક ઘણી સ્ત્રીઓને પરણ્યો અને ઘણાં પુત્ર રત્નો થયા. (૯૬)

કોઇક વખત પુત્રના લગ્ન પ્રસંગે અંતઃપુર સહિત રાજાને ભોજન માટે આમંત્રણ આપ્યું. કલ્પકને ઘરે વિવિધ પ્રકારના આભૂષણો અને શસ્ત્રો તૈયાર કરાઇ રહ્યા છે ત્યારે પૂર્વના ક્રોધિત થયેલા અમાત્યે આ છિદ્ર મેળવ્યું. પ્રસંગ મેળવીને તેણે રાજાને વિનંતિ કરી કે હે દેવ ! આ કલ્પક સારો નથી કારણ કે તમને પદભ્રષ્ટ કરી રાજ્ય ઉપર પુત્રને સ્થાપવા ઇચ્છે છે. આ આમ જ છે. એમાં કોઇ ફરક નથી. નહીંતર લડાઇને યોગ્ય હથિયારો કેવી રીતે બનાવે ? રાજાઓ પ્રાયઃ ધોરિયા (નીક)ના પાણી સમાન હોય છે, જેથી ધૂર્તો જ્યાં લઇ જાય ત્યાં જ વળે છે. પોતાના પુરુષને મોકલી ખાતરી કરી. અતિક્રોધી થયેલા રાજાએ પરિવાર સહિત કલ્પકને અતિ ગંભીર (ઊંડા) કૂવામાં નાખ્યો. કૂવામાં રહેલા બધાને એક સેતિકા કોદ્રવ ભાતની અને એક કાવડ પાણીની અપાય છે પછી તે પોતાના કુટુંબને કહે છે કે મારા કુળનો પ્રલય આવ્યો છે. જે સત્ત્વ ધરીને કુળનો ઉદ્ધાર કરે અને વૈરનો બદલો લઈ શકે તે આ ભોજન જમે બીજો નહીં. કુટુંબીઓએ કહ્યું કે તમારા સિવાય બીજાની આવી શક્તિ નથી તેથી તમે જ આ ભોજન કરો અને બાકીના બધા અનશન કરી દેવલોકમાં ગયા. તે ભોજનને જમીને કલ્પક પ્રાણ ધારણ કરે છે. (૧૦૬)

સીમાડાના રાજાઓમાં આ વાત ફેલાઇ કે પુત્ર અને પત્નીઓ સહિત કલ્પક મરણ પામ્યો છે પછી સાહસી થયેલા તેઓ જલદીથી પાટલીપુત્રને ચારે બાજુથી મોટી સેનાથી ઘેરો ઘાલે છે અને ભીંસાયેલો નંદ એકાએક નિરાનંદ થયો. બીજા કોઇ ઉપાયને નહીં જોતા જેલના અધિકારીને પૂછે છે કે શું કલ્પકના પરિવારમાંથી અતિશ્રેષ્ઠ બુદ્ધિથી યુક્ત કોઇ પુત્ર, સ્ત્રી કે દાસી તે કૂવામાં છે ? કેમકે

લોકમાં તેનો પરિવાર બુદ્ધિશાળી સંભળાય છે. જેલના રક્ષક પુરુષોએ કહ્યું: હે દેવ ! તેમાં કોઇ છે જ જે ભોજનને ગ્રહણ કરે છે. તેમાં માંચીને અંદર નાખી તેના ઉપર બેસાડીને કૃશ શરીરી કલ્પક બહાર કઢાયો. વિવિધ પ્રકારના ઔષધોથી સશક્ત શરીરવાળો કરાયો. કિલ્લાની ઉપર ચઢાવી, ઉજ્જ્વળ વેષ પહેરાવીને સુંદર આકૃતિવાળા કલ્પકને રાજાઓને બતાવાયો. તે રાજાઓ ક્ષણથી ભયભીત થયા તો પણ નંદને ક્ષીણ સામગ્રીવાળા જાણીને સારી રીતે અધિક ઉપદ્રવો કરવા લાગ્યા. પછી નંદે તેઓને લેખ મોકલ્યો કે તમારામાંથી સર્વને માન્ય એવા કોઇને મોકલો જેથી તેની સાથે ઉચિત સંધિ અને બીજું પણ કરીએ. કલ્પક નાવડીમાં બેસી ગંગા મહાનદીની મધ્યમાં રહ્યો ત્યારે તેઓએ પુરુષ મોકલ્યો. નદીમાં બંને થોડા અંતરથી મળ્યા. પછી કલ્પક મંત્રી હાથની સંજ્ઞાથી તેને ઘણું કહે છે. જેમકે– નીચે ઉપર શેરડીનો ભારો છેદાયે છતે અને નીચે ઉપર કાણું કરાયેલ દહીંનો ઘડો એકાએક ભૂમિ પર પડે છતે શું થાય તે તું હે ભદ્ર ! કહે. વ્યામોહને ઉત્પન્ન કરનારા વચનને બોલીને કલ્પક જલદી પ્રદક્ષિણા કરીને પાછો ફરીને જલદી આવ્યો. પેલો પણ કલ્પકના વચનોનો પરમાર્થ નહીં સમજાવાથી અતિ વિલખો થયેલો, લજ્જાવાળો પુછાયેલો પાછો ગયો. રાજાઓએ મંત્રણાની હકીકત પૂછી તો પણ તે કંઇપણ કહેવા સમર્થ થતો નથી અને કહે છે કે બટુક બહુ બોલે છે. તેઓએ જાણ્યું કે આ કલ્પક વડે વશ કરાયો છે જે અમારા હિતમાં નથી નહીંતર અતિકુશલ કલ્પકને બહુ પ્રલાપ કરનાર કેમ કહે. ચિત્તમાં ભ્રમ થવાથી તે દશે દિશામાં નાશી ગયા. કલ્પકે રાજાને કહ્યું કે આઓની પાછળ પડો. નંદે તેઓના હાથી ઘોડા ગ્રહણ કર્યા અને છાવણીમાં રહેલું ઘણું ધન ગ્રહણ કર્યું. રાજાએ કલ્પકને પૂર્વના પદ ઉપર સ્થાપન કર્યો. પોતાની બુદ્ધિથી સર્વ પણ રાજ્યકાર્યને વશ કર્યું અને પૂર્વના વિરોધી મંત્રીને અત્યંત રોધમાં નાખ્યો. અતિતીક્ષ્ણ પણ બળતો દાવાગ્નિ[1] મૂળનું રક્ષણ કરે છે, અર્થાત્ મૂળને બાળતો નથી. જ્યારે મૃદુ અને શીતલ પાણીનો પ્રવાહ મૂળ સહિત વૃક્ષના સમૂહને ઉખેડે છે (નાશ કરે છે). આથી વિચારણા કરતા તેણે કેવળ સામથી જ રાજ્યલક્ષ્મીને નહીં સહન કરતા શત્રુઓને મૂળથી ઉખેડી નાખ્યા. જેમ અગ્નિમાંથી પસાર થયેલું સુવર્ણ ઘણા તેજને ધારણ કરે છે તેમ કષ્ટમાંથી પાર ઉતરેલો તે અતિ તેજવાળો થયો. અતિ ઉગ્ર વૈરાગ્યથી તેણે જિન ચૈત્યોની પૂજાદિ કરવાથી જિનેશ્વરના ધર્મની પરમ ઉન્નતિ કરી. પવિત્ર શીલવાળી કુલબાલિકાઓને પરણીને પોતાના વંશની વૃદ્ધિ કરી અને બંધુવર્ગને પરમ સંતોષ પમાડ્યો. જણાયો છે સંપૂર્ણ અર્થશાસ્ત્ર જેના વડે એવા તેને આ વૈનયિકી બુદ્ધિ હતી. જિનપ્રવચનની ઉત્તમ આરાધના કરી, કાળે તે સ્વર્ગમાં ગયો. (૧૨૦) અથવા સોમક નામનો ચિત્રકારનો પુત્ર આના વિષે ઉદાહરણ છે. જેમ સોમકને આ (વૈનયિકી) બુદ્ધિ થઇ તેને હું અહીં કહીશ.

---

૧. દાવાગ્નિ– મૂળ એ વૃક્ષનું હૃદય છે. મૂળ સલામત હોય તો વૃક્ષ ફરી થવાનું છે. મૂળ નાશ પામતા વૃક્ષ અવશ્ય નાશ પામે છે. અહીં દાવાગ્નિ વૃક્ષના હૃદય સમાન મૂળને બાળી શકતો નથી. મૂળ જમીનમાં અંદર ઉતરેલ છે તેથી દાવાનળનો વિષય બનતો નથી તેથી દાવાનળ શાંત થયા પછી પાણી આદિ સામગ્રી મળતા ફરી વૃક્ષ થઇ જાય છે. હિમાદિથી ઠંડું થયેલું પાણી જમીનમાં ઉતરી મૂળનો નાશ કરે છે. તેથી વૃક્ષ નાશ પામે છે. તેમ દાવાગ્નિ સમાન દંડાદિ નીતિ મૂળને નાશ કરી શકતી નથી જયારે હિમાદિ શીતલ પાણીની જેમ સામાદિ નીતિ મૂળમાંથી શત્રુરૂપી વૃક્ષનો નાશ કરે છે.

## વૈનયિકી બુદ્ધિ વિષે સોમક ચિત્રકારનું દૃષ્ટાંત

સાકેત નામનું નગર છે, તેના ઈશાન ખૂણામાં સર્વ અર્થ સાધવામાં સમર્થ, અતિ રમણીય સૂરપ્રિય યક્ષનું મંદિર છે. ત્યાં આવેલ પટમાં નિત્ય રમ્ય મહોત્સવ પ્રવર્ત્તે છે. પવનના બળથી ફરકતા સફેદ ધ્વજપટના આડંબરથી તે મંદિર મનોહર લાગતું હતું. જેને દ્વારપાળનું સાનિધ્ય છે એવો તે યક્ષ વિવિધ પ્રકારના ચિત્રકર્મોથી દર વર્ષે ચિતરાય છે અને તેનો મહામહોત્સવ કરાય છે. પરંતુ ચિતરવા માત્રથી તે જ ચિત્રકારને હણે છે, અર્થાત્ જે ચિત્રકાર તેનું ચિત્ર દોરે છે તે ચિત્રકારને યક્ષ મારી નાખે છે. જો ચિતરવામાં ન આવે તો અપાર (ભયંકર) મારિને વિકુર્વે છે. પ્રાણના ભયથી ચિત્રકારો પોબારા ભણી ગયા અને રાજાએ વિચાર્યું કે જો આને ચિતરવામાં નહીં આવે તો અમારો પણ વધ કરશે. ભાગી જતા સર્વે ચિત્રકારોને રોક્યા અને માર્ગમાં પલાયન થયેલા સર્વ ચિત્રકારોને પકડીને ભેગા કર્યા અને બધાના નામો કાગળમાં લખ્યા, અર્થાત્ બધાના નામની ચિઠ્ઠિઓ લખી અને એક ઘડામાં નાખી સીલ કર્યું, અર્થાત્ મુદ્રા લગાવી. જે વરસે જેનું નામ નીકળે તે તે વરસે યક્ષને ચિતરે. એ પ્રમાણે ઘણો કાળ જેટલામાં પસાર થયો ત્યારે ક્યારેક શ્રેષ્ઠ કૌશાંબી નગરીમાંથી એક ચિત્રકારનો પુત્ર પિતાના ઘરેથી ભાગી સાકેતપુરમાં ચિત્રકારને ઘરે આવ્યો. તે સ્થવિરાએ તેને પોતાના પુત્રની જેમ રાખ્યો. પોતાના કાર્યમાં રત તેઓના દિવસો મૈત્રીપૂર્વક પસાર થાય છે. (૧૧)

હવે કોઈપણ રીતે તે વરસે સ્થવિરાના પુત્રનો વારો આવ્યો. તે અતિવિષાદમુખી ફરી ફરી રોવા લાગી. તેણે કહ્યું: હે માત ! તું રડ નહીં. હું ખરેખર અહીં આ પ્રસંગને સંભાળી લઈશ. શું તું મારો પુત્ર નથી ? મારા પુત્રના મરણમાં જે દુઃખ છે તે તારા મરણમાં પણ છે. આ પ્રમાણે બોલતી પણ સ્થવિરાને તેણે તેવા મધુર વચનોથી શાંત કરી. તેથી હે માત ! તું શોકને છોડીને નિરાકુલ રહે. તેણે ઉપાય જાણ્યો કે વિનયથી દેવો પ્રસન્ન થાય છે તેથી અહીં મારે ઉત્તમ વિનય સહિત વર્તવું જોઇએ. પછી તેણે છટ્ઠ ભક્તનો તપ કર્યો. બ્રહ્મચર્યાદિ વ્રત તથા વિનય કર્યો અને વર્ણ, પીંછી, કોડિયો વગેરે સર્વ નવા કર્યા. સ્નાન કરી દશીવાળા વસ્ત્ર પહેરી, આઠ પડવાળી મુહપત્તિથી મુખબંધ કરીને નવા કળશોથી પક્ષાલ કરીને તેની પ્રેમપૂર્વક સ્તવના કરે છે. પછી પગમાં પડીને કહે છે કે અહીં મારો જે અપરાધ થયો હોય તે ક્ષમા કરો. પછી ખુશ થયેલો યક્ષ કહે છે કે તને જે ગમે તે એક વરદાન માગ. તે કહે છે કે લોકમારિને ન કર. આ જ મારું વરદાન છે, અર્થાત્ આ જ વરદાન હું માંગુ છું. યક્ષે કહ્યું: જેમ તું મારા વડે હણાયો નથી તેમ બીજાને પણ હું નહીં હણું. હું તારા ઉપર ઘણો ખુશ થયો છું તેથી બીજું વરદાન માગ. દ્વિપદાદિના એક દેશને કોઇક રીતે જોઇને તેના સમગ્ર પણ રૂપને જોયા મુજબ હું આલેખી શકું. આ પ્રમાણે તેણે વરદાન માંગ્યુ ત્યારે યક્ષે કહ્યું કે એમ થાઓ, હું સમ્યક્ સ્વીકારું છું. પછી તે રાજા તરફથી સત્કાર અને સાધુવાદને (પ્રશંસાને) પામ્યો. (૨૨)

પછી તે કૌશાંબી નગરીમાં ગયો જ્યાં શતાનીક નામે રાજા છે. તે કોઈક વખત સિંહાસન ઉપર બેઠેલો દૂતને પૂછે છે કે એવું શું છે કે જે બીજા રાજાઓને છે તે મારા રાજ્યમાં નથી? તેણે કહ્યું: હે દેવ ! તારા રાજ્યમાં એક ચિત્રસભા જ નથી. દુઃસાધ્ય પણ કાર્યો દેવોને મનથી સિદ્ધ થાય છે અને રાજાઓને વચનથી સિદ્ધ થાય છે. તત્ક્ષણ તે નગરીમાં રહેતા સર્વે ચિત્રકારોને બોલાવ્યા. પછી તે સભાનો વિભાગ કરીને સર્વ ઉપકરણોથી સહિત ચિત્રકારો સભાને ચિતરવા લાગ્યા. જે બાજુ અંતઃપુર છે તે બાજુની દિશાનો વિભાગ લબ્ધ વરદાન ચિત્રકારનો આવ્યો. હવે કોઈ વખત ગવાક્ષમાં રહેલા તેણે મૃગાવતીના પગનો અંગુઠો જોયો. તે ઉત્તમ દેવી રાજાની હંમેશા પણ અતિપરમ પ્રેમપાત્ર છે. પછી ચિત્રકારપુત્રે જોયા મુજબ તેનું સંપૂર્ણ ચિત્ર દોર્યું. આંખની ખિલવટ કરવાના અવસરે અતિ ઉપયોગવાળો હોવા છતાં હાથમાંથી કાજળનું એક બિંદુ નીચે સાથળ ઉપર પડ્યું અને ભુંસી નાખ્યું. ફરીથી પણ તેમ જ થયું. આ પ્રમાણે જેટલામાં ત્રણવાર આવું થયું ત્યારે મનથી વિચાર્યું કે આ આ પ્રમાણે જ હોવું જોઈએ તેથી એમ જ રહેવા દેવું શ્રેય છે. ચિત્રસભા તૈયાર થઈ. રાજા વિનંતિ કરાયો કે હે દેવ ! ચિત્રને જુઓ. સુપ્રસન્ન ચિત્તવાળો રાજા જોવા લાગ્યો. બારીકાઈથી નિરીક્ષણ કરતા તેણે મૃગાવતીનું ચિત્ર અને બિંદુ જોયું. ખરેખર આણે મારી પત્નીને ભ્રષ્ટ કરી છે. મનમાં ગુસ્સો કરીને ચિત્રકાર પુત્રના વધની આજ્ઞા કરી. ચિત્રકારોની ટૂકડી ભેગી થઈ કહ્યું કે આ દેવતાઈ વરદાનવાળો છે. મારવા યોગ્ય નથી. રાજા કહે છે અહીં વરદાન મળ્યાની શું ખાત્રી છે ? કુબ્જા દાસીના મુખમાત્ર જોવાથી કુબ્જા દાસીને દોરી વિશ્વાસ કરાવ્યો તો પણ મારો ક્રોધ અવંધ્ય છે કે આના સંડાસાને[1] દૂર કરો. અને દેશપાર કરાયેલો તે સાંકેતપુરમાં ગયો. તે જ સુરપ્રિય યક્ષની સેવા કરી. પ્રથમ ઉપવાસને અંતે યક્ષે કહ્યું કે તું ડાબા હાથથી દોરી શકશે.

આ પ્રમાણે ફરી પણ જેણે યક્ષ પાસેથી વરદાન મેળવ્યું છે એવો તે શતાનીક રાજા ઉપર અતિ દુઃસહ દ્વેષને કરે છે અને કષ્ટમાં નાખવાનાં ઉપાયો વિચારે છે. એક ફલકમાં મૃગાવતીનું અતિશય સુંદર ચિત્ર આલેખ્યું અને ઉજ્જૈનીના ચંડપ્રદ્યોત રાજાને બતાવ્યું. રાજાએ શ્રેષ્ઠ રૂપ જોયું અને પુછ્યું: આ કોનું રૂપ છે ? મૃગાવતીના રૂપને જાણીને તત્ક્ષણ જ તેણે કૌશાંબી રાજાની પાસે અતિ દારૂણ દૂત મોકલ્યો. આ જે તારી મૃગાવતી સ્ત્રી છે તેને તું મને જલદીથી અર્પણ કર નહીંતર આવતા એવા મારો સંગ્રામમિત્ર થા, અર્થાત્ યુદ્ધ કરવા સજ્જ રહે. (૪૧)

પછી ભૃકુટિના ભંગથી ભયંકર કરાયું છે લલાટ પટ્ટ જેના વડે એવા શતાનીકે ઘણો તીરસ્કાર કરીને દૂતને હાંકી કાઢ્યો. દૂતના વચનથી ક્રોધે ભરાયું છે મન જેનું એવો તે અવંતિનાથ સર્વ સૈન્યને લઈ કૌશાંબી નગરી તરફ ચાલ્યો. યમદંડાકાર જેવા તેને ઝડપભેર

૧. સંડાસા એટલે અંગુઠા અને આંગળીના ટેરવાને અડાળતા જે રચના થાય તે. રાજાએ અંગુઠાને કપાવી નંખાવ્યો જેથી સંડાસો ન થઈ શકે.

આવતો સાંભળીને અલ્પ સૈન્યવાળો તે રાજા અતિસારના રોગથી મરણ પામ્યો. ખરેખર આ ઉદયન નામનો મારો અતિબાળ પુત્ર પણ નાશ પામશે એમ સ્થિરચિત્તથી મૃગાવતી વિચારીને ચંડપ્રદ્યોતની પાસે જલદીથી દૂતને મોકલી સંદેશો કહેવડાવ્યો કે આ કુમાર બાળક છે મારું તમારે ઘરે આવવા પછી સામંત રાજાઓ આનો પરાભવ કરશે અને નજીકમાં રહેલો બીજો કોઇ આ બાળકને હેરાન ન કરે માટે પ્રસ્તુત કાર્યને હમણાં અવસર નથી તેથી વિલંબને સહન કરો. તે કહે છે કે હું ચિંતા કરનારો હોવા છતાં કોણ તેમ કરવા સમર્થ થાય ? મૃગાવતીએ કહ્યું કે સાપ ઓસીકે રહેલો છે અને ગારૂડી સો યોજન દૂર રહેલો હોય તો અવસરે શું કરી શકે ? આ પ્રમાણે કહેવડાવ્યું છતાં દૃઢ રાગને પામેલો શાંત થતો નથી, અર્થાત્ કામનો આવેશ અટકતો નથી ત્યારે મૃગાવતીએ કહેવડાવ્યું કે તો પછી કૌશાંબીપુરીને સુસજ્જ કરાવો. તેણે સ્વીકાર્યું. કેવી રીતે કરાવું? ઉજ્જૈનીની ઇંટો મજબુત હોય છે તેથી તે ઇંટોથી આ નગરીને ફરતો વિશાળ મજબુત કિલ્લો કરાવો. મનોપ્રિય જનથી વિનંતિ કરાતો કામથી પીડાયેલો પુરુષ મોટું કાર્ય હોય તો પણ શું શું નથી આપતો ! અને શું શું નથી કરતો ! ત્યારે તે રાજાના પરિવાર સહિત ચૌદ વશવર્તી રાજાઓ કૌશાંબી અને ઉજ્જૈની નગરીની વચ્ચે મોટા આંતરાના માર્ગમાં રખાયા. પુરુષ પરંપરાથી તેઓ વડે ઈંટો લવાઇ અને કૌશાંબી નગરીને ફરતો હિમાલયના આકાર જેવો કિલ્લો બંધાયો. પછી મૃગાવતીએ કહ્યું કે– ધાન્યાદિથી રહિત એવી આ નગરીથી શું ? શ્રદ્ધાપૂર્ણ રાજાએ તે નગરીને ધન ધાન્યથી ભરી. “શુક્રાચાર્ય જે શાસ્ત્રને ભણ્યા, બૃહસ્પતિ જે શાસ્ત્રને ભણ્યા તે સર્વ શાસ્ત્ર સ્વભાવથી જ સ્ત્રીની બુદ્ધિમાં પ્રતિષ્ઠિત છે.” આ વચનને અનુસરતી તેણે પૂર્વોક્તિને વિશેષરૂપે સાર્થક કરી બતાવી. રોધથી અસાધ્ય એવી તે શ્રેષ્ઠ નગરી સજ્જ (તૈયાર) કરાઇ.

તેણે ચિંતવ્યું કે તે ગામ-નગરાદિ ધન્ય છે જેમાં સર્વ જગતના જીવોનું વાત્સલ્ય કરનાર ચરમ તીર્થંકર વીરજિનેશ્વર વિચરે છે. જ્યાં પરચક્ર-દુષ્કાળ-અકાલ મરણ વગેરેને અત્યંત દૂર કરતા, લોકાના મનને આનંદ કરતા એવા સ્વામી જો હમણાં મારા પુણ્યથી અહીં પધારે તો ત્યાગ કરાયો છે રાગ જેના વડે એવી હું તેના ચરણ-કમળમાં દીક્ષાને લઉં. તેના મનોભાવને જાણીને, પરોપકારમાં એક માત્ર રતિવાળા, મહાભાગ એવા મહાવીર પરમાત્મા દૂર દેશાંતરમાંથી આવીને ઈશાન ખૂણામાં ચંદ્રાવતાર ઉદ્યાનમાં સમોવસર્યા. વૈરનો ઉપશમ થયો, ચારેય નિકાયના દેવો આવ્યા. તેઓએ સર્વજીવોનું જાણે શરણ ન હોય એવું એક યોજન પ્રમાણ પૃથ્વીનું આભૂષણ રૂપ સમોવસરણ ક્ષણથી જ બનાવ્યું. ઊંચી કરાયેલ પતાકા અને ધ્વજાઓના સમૂહથી મથિત કરાયા છે સૂર્યના કિરણો જેના વડે એવા ત્રણ મણિ, સુવર્ણ અને રૂપ્યમય ગઢ બનાવાયા. સેંકડો શાખાઓથી ઢંકાયું છે પૃથ્વીતળ જેના વડે, મોટા પાંદડાઓથી ઘેરાયેલો છે આકાશનો વિસ્તાર જેના વડે, બે પ્રકારની[1] છાયાને કરનારો એવો શ્રેષ્ઠ અશોક વૃક્ષ રચાયો. શરદઋતુના ચંદ્રની

૧. **બે પ્રકારની છાયા-** બે પ્રકારની છાયા એટલે દ્રવ્ય છાયા અને ભાવ છાયા. સૂર્યના તાપથી રક્ષણ કરે તે દ્રવ્ય છાયા અને વિષય અને કષાયના સંતાપથી જીવનું રક્ષણ કરે તે ભાવ છાયા.

કાંતિ જેવો રૂપવાન, અત્યંત પરાભવ કરાઇ છે મોતીની ઉજ્જ્વળતા જેના વડે એવો પ્રચંડ વેરુલિય રત્નનો પ્રચંડ દંડ અને ત્રણ છત્રો કરાયા. અતિ ઝગઝગાયમાન રત્નના કિરણોના સમૂહથી શોભિત, હરણ કરાયો છે અંધકારનો સમૂહ જેના વડે અને હિમગિરિના શિખર જેવું ઊંચું સિંહાસન કરાયું. શ્વેતસુંદર ચામરોથી વીંઝાતું છે શરીર જેનું એવા વીર જિનેશ્વર તેની ઉપર બેઠા. વગાડાયેલી દુંદુભિના ગંભીર નાદથી દિશાઓનો અંત પુરાયો. મૃગાવતી વગેરે નગરનો લોક અને પ્રદ્યોત રાજા ત્યાં ભેગા થયા. તીર્થંકરની પૂજા વગેરે સત્કાર કરાયો. પ્રભુએ અમૃતવર્ષા સમાન વાણીથી ધર્મકથા શરૂ કરી. ધર્મ કહેવાતો હતો ત્યારે અર્થાત્ દેશના ચાલતી હતી ત્યારે એક ભીલ જેવો માણસ આવ્યો. (૭૦) લોક પ્રવાદના વશથી અર્થાત્ લોકમાં ચાલતી વાતથી ખરેખર અહીં આ કોઇ સર્વજ્ઞ છે એમ આ નિશ્ચયને ધરતો મનમાં ભગવાનને પુછવા લાગ્યો. તે વખતે જગતના જીવોના બંધુ એવા ભગવાને કહ્યું: હે સૌમ્ય ! તું વાણીથી પૂછ (મોટેથી બોલીને પૂછ) કારણ કે ઘણાં જીવો બોધિને પામશે. આ પ્રમાણે પ્રભુએ કહ્યું ત્યારે લજ્જિત મનથી પૂછ્યું: હે ભગવન્ ! જા સા સા સા ? અર્થાત્ જે તે હતી તે તે છે ? હા, એમ પ્રભુ બોલ્યા ત્યારે ગૌતમસ્વામીએ પૂછ્યું: જે તે હતી તે તે છે ? એનાથી આણે શું પૂછ્યું ? પછી ભગવાન આની આરંભથી માંડી અંતસુધી હકીકત પ્રગટપણે કહે છે. (૭૪) જેમકે–

આ ભરતક્ષેત્રમાં ઉત્તમ નગરોમાં અગ્રેસર એવી ચંપા નામની નગરી છે. તેમાં એક સ્ત્રી લોલુપ સોની રહે છે. તે જે રૂપગુણમાં મનોહર હોય એવી કન્યાને પાંચસો સુવર્ણ આપીને ગૌરવપૂર્વક પરણે છે. આ પ્રમાણે તે પાંચસો કન્યાઓને પરણ્યો. તે દરેક સ્ત્રીના તિલક સહિત ચૌદ અલંકારો કરાવે છે. જે દિવસે જેની સાથે ભોગ ભોગવવાને ઇચ્છે છે તે દિવસે તેને સર્વ અંલકાર પહેરવા આપે છે, બીજા દિવસોમાં નહીં. તે અત્યંત ઇર્ષ્યાળુ છે તેથી ક્યારેય ઘર છોડતો નથી. બીજા કોઇને ઘરમાં આવવા દેતો નથી, મિત્રને પણ નહીં. અન્ય દિવસે અત્યંત આગ્રહને વશ થયે છતે મિત્રના ઘરે વર્તતા પ્રસંગમાં ગયો. સ્ત્રીઓએ વિચાર્યું કે ઘણાં કાળપછી પતિની ગેરહાજરીમાં અંકુશ વિનાનો અર્થાત્ જેમાં ઈચ્છા મુજબ વર્તી શકાય તેવો આ પ્રસંગ આપણને પ્રાપ્ત થયો છે તેથી સ્નાન-શણગાર અને અલંકારને પહેરીશું. બધી સ્ત્રીઓએ સર્વ કાર્ય તે જ પ્રમાણે કર્યું. હાથમાં અરીસો લઈને તેઓ જેટલામાં સાથે જ જુએ છે તેટલામાં એકાએક સોની આવ્યો. અતિ ક્રોધથી લાલ થઇ છે આંખો જેની એવો તે સ્ત્રીઓને અન્ય સ્વરૂપવાળી જોઇને હાથથી પકડીને જેટલામાં એકને પીટે છે તેટલામાં તેના પ્રાણ ગયા. બીજીઓએ વિચાર્યું કે ગુસ્સે થયેલો અમને પણ મારશે તેથી આના ઉપર અરીસાનો ઢગલો કરીએ. પછી પતિ ઉપર ચારસો નવ્વાણું અરીસા ફેંક્યા એટલે તે પણ મર્યો. તત્ક્ષણ જ તેઓ ખેદને પામી અહો ! કેવું અણઘટતું થયું ! આઓ પતિને મારનારીઓ છે એમ લોકમાં અપયશ ફેલાશે તેથી હમણા પણ મરવાનો અવસર છે અને તે જ કરીએ, એ પ્રમાણે સર્વે એક વિચારવાળી થઇ. દરવાજાને બંધ કરી ઘરમાં અગ્નિ સળગાવી પોતાના જીવિતનો ત્યાગ

કર્યો. સાનુકંપ ભાવ, પશ્ચાતાપ અને અકામ નિર્જરાથી સર્વને આ પર્વતમાં મનુષ્યભવ મળ્યો. પણ તે સોની આર્ત્તધ્યાનને કારણે તિર્યંચ થયો અને જે પ્રથમ સ્ત્રી હણાઇ હતી તે એક ભવને આંતરે બ્રાહ્મણ કુળમાં બાળક થઈ અને જ્યારે તેને પાંચમું વરસ જઇ રહ્યું છે ત્યારે તે સોનીનો જીવ તિર્યંચ ભવને છોડીને તે કુળમાં અતીવ રૂપવતી પુત્રી રૂપે થયો. બાળપણમાં પણ તેને અતિ ઉત્કૃષ્ટ વેદ ઉદય પામ્યો. શરીરે દાહ થયો અને હંમેશા રડે છે, ધૈર્ય અર્થાત્ શાંતિ પામતી નથી તેથી તે બાળક તેના પેટ ઉપર ખંજવાળતા યોનિદ્વારને સ્પર્શ કર્યો ત્યારે તે રોતી બંધ થઇ. મારા વડે લાંબા સમયથી શાંત કરવાનો આવો ઉપાય શોધાયો છે એમ જાણ્યું (માન્યું). તે દિવસ અને રાત લજ્જા છોડીને પણ તે પ્રમાણે કરવા લાગ્યો. પિતાએ જાણ્યું એટલે મારીને ઘરમાંથી કાઢી મુક્યો. અતિ ઉત્કૃષ્ટ વેદના ઉદયથી, યુવાન અવસ્થા પામ્યા પહેલા તેણી શીલથી ભ્રષ્ટ થઇ. અને તે બાળક જલદીથી દુષ્ટશીલપણાને પામ્યો. જે ચોરપલ્લિમાં એક ચોર ઓછો હતો તેમાં ભળી જઈ પાંચસોની સંખ્યા પૂરી કરી. તેઓ હંમેશા પરસ્પર પ્રેમથી બંધાયેલા રહે છે.

પણ તે પતિ વિનાની બ્રાહ્મણપુત્રી એકલી રખડતી એક ગામમાં ગઇ. ચોરો તે ગામને લૂંટવા લાગ્યા. અને આ નવયૌવના છે એમ જાણી કંઇક વ્યક્ત કરાઇ છે પોતાની ભોગ રૂચી જેના વડે એવી તે ક્રમથી બધા વડે ભોગવાઇ. આ પ્રમાણે કાળને પસાર કરે છે. તેઓને ચિંતા થઇ કે આ એકલી વરાકડી અમારી કામક્રીડા મર્દનને કેવી રીતે સહન કરશે ? તેથી બીજી સ્ત્રી લાવીએ. ક્યારેક બીજી સ્ત્રી લવાઇ અને તેને જોઇને આ બ્રાહ્મણપુત્રી મત્સર વશાત્ તેના છિદ્રો શોધવા લાગી. બંને પણ ઘડા હાથમાં લઇ પાણી ભરવા કૂવા ઉપર ગઇ. પહેલીએ બીજીને કહ્યું: હલે ! કૂવામાં જો કંઇપણ દેખાય છે ? તે જોવા લાગી એટલે ધક્કો મારીને તેને તેમાં જ (કૂવામાં જ) નાખી દીધી. ઘરે આવીને કહે છે કે પોતાની સ્ત્રીની તપાસ કરો. તેઓએ જાણ્યું કે આણે પેલીને મારી છે એમાં કોઇ શંકા નથી. પછી બ્રાહ્મણપુત્રને આ હૈયામાં ખટક્યું (લાગી આવ્યું). આ પાપથી હણાયેલી મારી બહેન છે બીજી કોઇ નથી. સર્વજ્ઞ, અને સર્વદર્શી ભગવાન મહાવીર કૌશાંબી નગરીમાં આવેલા છે એમ સંભળાય છે તેથી હું ત્યાં જાઉં. આવીને આ વચનથી પૂછે છે– **जा सा सा सा** જે તે હતી તે તે છે, અર્થાત્ જે મારી બહેન હતી તે અમારી સ્ત્રી છે. પ્રભુએ કહ્યું: હા, જે તારી બહેન હતી તે જ તમારી સ્ત્રી થઈ છે. આ પ્રમાણે પ્રભુએ દેશના આપી ત્યારે પર્ષદા તીવ્ર સંવેગને પામી. ખરેખર સંસારમાં થનારો મોહવિકાર જીવને કેવો પીડે છે ! મનથી અનાકુલ (સ્વસ્થ) થઈ તેણે (બ્રાહ્મણપુત્રે) ભગવાનની પાસે દીક્ષા લીધી. બુદ્ધિ છે ધન જેનું એવા બીજા પણ ઘણા ભવ્યજીવો બોધ પામ્યા અને દેવી મૃગાવતી પણ વંદીને આ પ્રમાણે બોલી કે અવંતિ રાજાને પૂછીને પછી હું તમારી પાસે દીક્ષા લઇશ. જેટલામાં તે મોટી સભાની વચ્ચે પ્રદ્યોતને પૂછે છે તેટલામાં તત્ક્ષણ પાતળા પડેલા રાગવાળો તે લજ્જાળું થયો. તેને રોકવા સમર્થ થતો નથી. તેના વડે રજા અપાયેલી તે કુમાર રૂપ

થાપણનું સ્થાપન કરીને, અર્થાત્ કુમારને ચંડપ્રદ્યોત રાજાને ભળાવીને દીક્ષા લીધી. પ્રદ્યોત રાજાની અંગારવતી વગેરે આઠ પણ રાણીઓએ મૃગાવતીની સાથે તે જ વખતે દીક્ષા લીધી. તે બ્રાહ્મણ પુત્રે ચોરોની પલ્લિમાં જઈને પાંચસો ચોરોને પ્રતિબોધ કર્યો. જગતગુરુએ મૃગાવતી આર્યાને ચંદનબાળા આર્યાને સોંપી. અને તેને સાધુ સામાચારીની પરિણતિ થઇ. (૧૧૩)

હવે કોઈક વખત વિહારમાં સૂર્યચંદ્ર પોતાના (મૂળ) વિમાનમાં જ બેઠેલા ભુવનનાથને વંદન કરવા માટે આવ્યા. બપોરપછીના સમયે સમગ્ર સાધ્વીઓ પણ આવી. પાછા ફરવાના સમયને જાણીને બાકીની આર્યાઓ વસતિમાં (ઉપાશ્રયમાં) આવી. આર્યા મૃગાવતી પણ ઉદ્યોતથી ઠગાયેલી છતી ચંદ્ર-સૂર્યનું દર્શન હતું ત્યાં સુધી ત્યાં જ રહી. હવે ચંદ્ર-સૂર્ય અતિવેગેથી દૂર દેશાંતરમાં ગયા એટલે ઘોર અંધારું થયું. તેથી તે કંઇક વિલખી થઇ. જેટલામાં ઉપાશ્રયમાં પ્રવેશી તેટલામાં સાધ્વીઓએ આવશ્યક ક્રિયા કરી લીધી હતી. ગુરુણીએ કહ્યું: નિર્મળકુળમાં જન્મેલી, જગતના શિરોમણિ જિનેશ્વર વડે અપાયેલી છે દીક્ષા જેને એવી હે આર્યે ! આવી રીતે રાત્રે વિહાર કેમ કર્યો ? પછી મૃગાવતી પ્રવર્ત્તિનીના પગમાં પડી ખમાંવવા લાગી, મારા અપરાધની ક્ષમા કરો, ફરી નહીં કરું. આ મહાનુભાવા પ્રવર્ત્તિની સકલ લોકને નમનીય છે. મારા પ્રમાદથી મેં કેમ આને અસંતોષી કરી ? આ પ્રમાણે સંવેગમાં તત્પર પોતાના દુશ્ચરિત્રને વારંવાર જેટલામાં નિંદે છે તેટલામાં જગતમાં શ્રેષ્ઠ એવું કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. નિદ્રાના વશથી ચંદના આર્યાનો હાથ શય્યાની બહાર ગયો અને સાપ તે દિશામાં આવવા લાગ્યો. જેટલામાં મૃગાવતીએ હાથ ઉપાડીને શય્યા ઉપર રાખ્યો તેટલામાં ચંદના જાગી ગઇ. મારો હાથ શા માટે ઉપાડ્યો? મૃગાવતી કહે છે કે હે ભગવતિ ! અહીંથી નાગ ગયો એટલે. ચંદના– કેવી રીતે જાણ્યું. મૃગાવતી– જ્ઞાનાતિશયથી. ચંદના– તે જ્ઞાન પ્રતિપાતિ છે કે અપ્રતિપાતિ ? તે કહે છે– હે ભગવતિ ! તે જ્ઞાન અપ્રતિપાતિ છે. ભાવપૂર્વક મિચ્છા મિ દુક્કડં કરવામાં તત્પર ચંદનાએ વિચાર્યું કે મેં નિદ્રાપ્રમાદથી ઉત્પન્ન થયું છે કેવળજ્ઞાન જેને એવી આની આશાતના કરી. આ પ્રમાણે એક ક્ષણ પ્રચંડ વૈરાગ્યને પામી. પછી તેને લોકાલોક પ્રકાશક જ્ઞાનાતિશય ઉત્પન્ન થયો, અર્થાત્ કેવળજ્ઞાન થયું. કર્મમળનો નાશ કરી કાળક્રમે તે બંને અનંત, નિર્મળ એવા સિદ્ધિ ગતિ નામના પરમ સ્થાનમાં ગઇ. આ પ્રાયઃ પ્રસંગ અનુસાર કહ્યું. અહીં વૈનયિકી બુદ્ધિના સારવાળા **સોમક**[1] સાથેનો પ્રસંગ (પ્રયોજન) છે પણ બીજાની સાથે નહીં. (૧૨૮)

**ગાથા અક્ષરાર્થ**– અહીં જ વૈનયિકી બુદ્ધિના વિષયમાં ધન ઉપાર્જનના ઉપાયને જણાવનાર એવા અર્થશાસ્ત્રમાં સામ-દામ-દંડ સ્વરૂપ નીતિ સૂચક બૃહસ્પતિ પ્રણીત પૂર્વે જ દ્વારરૂપે ઉપન્યસ્ત કરાયેલ શાસ્ત્રમાં કલ્પક મંત્રી ઉદાહરણ છે.

---

૧. **સોમક**–અહીં વૈનયિકી બુદ્ધિ વિશે સોમક ચિત્રકારનો પ્રસંગ છે. મૃગાવતીનો પ્રસંગ તેના સંબંધવાળો છે એટલે અહીં કહ્યો છે.

**પ્રશ્ન**– કલ્પકમાં વૈનયિકી બુદ્ધિ હતી એમ શેનાથી જણાય છે ?

**ઉત્તર**– શેરડી અને દહીંના દૃષ્ટાંતથી જણાય છે. જેમકે– શેરડીના સાઠાઓના ભારાઓને અને આદિ શબ્દથી દહીંના માટલાને યથાક્રમ ઉપરથી અને નીચેથી તથા છેદથી અને ભેદથી દુશ્મન વડે મોકલાયેલા પ્રધાનનો મતિ મોહ કરીને કાર્ય સાધ્યું તે વૈનયિકી બુદ્ધિનું દૃષ્ટાંત છે.

યક્ષપ્રયુક્તિ એટલે કે સુરપ્રિય યક્ષની વાર્તા એ કહેવાયેલ સ્વરૂપવાળું (વૈનયિકી બુદ્ધિનું) ઉદાહરણ છે. કેવી રીતે ? જેમાં નગરના લોકોનો ક્ષય થતો હતો તેવા કૃત્યમાં ક્ષયનો ઉપશમ કરવા રૂપ વ્યાપાર વૈનયિકી બુદ્ધિનું ઉદાહરણ છે. અથવા કોડિયું ઉપલક્ષણથી કળશ, પીંછી, રંગ વગેરે ચિત્રકાર પુત્રે નવા લઈ તેની આગળ રાખી યક્ષના ઉપશમનો ઉપાય કર્યો તે વૈનયિકી બુદ્ધિનું ઉદાહરણ છે.

અહીં અર્થશાસ્ત્રની ભાવના આ પ્રમાણે છે. નહીં વશ થયેલો શત્રુ સમ્યગ્ યોજેલા સામાદિ નીતિ ભેદોથી વશ કરવો. જેમકે– **હે પુત્રક !**[1] તું ભણ, સવારે તને લાડુ આપીશ અથવા તું નહીં ભણે તો બીજાને આપી દઈશ, છતાં પણ તું નહીં ભણે તો તારા બે કાન ખેંચીશ. ચિત્રકારપુત્રે કરેલો વિનય છે તે સામ પ્રકારનો છે. (૧૦૮)

**लेहे लिवीविहाणं, वट्टक्खेड्डेणमक्खरालिहणं ।**
**पिट्ठिम्मि लिहियवायण–मक्खरविंदाइचुयणाणं ॥१०९॥**

**लेख इति द्वारोपक्षेपः । तत्र 'लिपिविधानं' लिपिभेदो ज्ञातम् । तच्चाष्टादशधा — "हंसलिवी भूयलिवी, जक्खी तह रक्खसी य बोद्धव्वा । उड्डी जवणि फुडुक्की, कीडी दविडी य सिंधविया ॥१॥ मालविणी नडि नागरि, लाडलिवी पारसी य बोद्धव्वा । तह अनिमित्ता णेया, चाणक्की मूलदेवी य ॥२॥ तद्देशप्रसिद्धाश्चैताः । तत्र किल केनचिद्राज्ञा कस्यचिदुपाध्यायस्य निजपुत्रा लिपिशिक्षणार्थे समर्पिताः, ते च दुर्ललिततया आत्मानं नियन्त्र्य न शिक्षितुमुत्सहन्ते, अपि क्रीडन्त्येव । ततो राजोपालम्भभीरुणा उपाध्यायेन 'वट्टक्खेडेणमक्खरालिहणंति' वृत्तानां खटिकामयगोलकानां खेलनं क्रीडनं तैः सह कृतम् । तेन चाक्षरपातानुरूपतद्गोलकप्रतिबिम्बद्वारेणाक्षराणामकारादीनामालेखनं कारितास्ते, ते हि यदा शिक्ष्यमाणा अपि न शिक्षामाद्रियन्ते तत उपाध्यायेन तत्क्रीडनकमेवानुवर्त्तमानेन तथा गोलकपातं शिक्षितं यथा भूमावक्षराणि समुत्पन्नानीति । यद्वा 'पिट्ठिम्मि' त्ति भूर्जपृष्ठादौ लिखितानामक्षराणां यद्वाचनं तद् वैनयिकी बुद्धिः । तथाक्षरबिन्द्वादिच्युतज्ञानं अक्षरस्य वर्णरूपस्य बिन्दोः प्रसिद्धस्यैवादिशब्दान्मात्रायाः**

૧. હે પુત્રક ! તું ભણ, (અહીં સુધી સામ નીતિ ) સવારે તને લાડુ આપીશ (દામનીતિ) નહીં ભણે તો બીજાને આપીશ (ભેદ નીતિ) અને છતાં નહીં ભણે તો તારા બે કાન ખેંચી લઈશ. (દંડ નીતિ)

**पदादेश्च च्युतस्य पत्रादावलिखितस्य यज्ज्ञानं तदपि वैनयिकी । तत्राक्षरस्य च्युतं यथा— "गोमायोर्बदरैः पक्वैर्यः प्रदो विधीयते । स तस्य स्वर्गलाभेऽपि मन्ये न स्यात् कदाचन॥१॥" बिन्दुच्युतं यथा—"सोष्माणं कोमलं नव्यं जनः शीतनिपीडितः । हिमर्त्तावी हते को न कबलं मार्गमाश्रितः ? ॥१॥" इति ॥१०९॥**

**ગાથાર્થ**– લેખ, લિપિનું વિધાન, લખોટીથી રમવું, અક્ષરનું આલેખન, ભૂપીઠ ઉપર લખવું, લિખિતનું વાંચન, કાના–માત્રાથી હીનનું વાચન. (૧૦૯)

**'લેખ'** એ પ્રમાણે દ્વાર પરામર્શ છે. વૈનયિકી બુદ્ધિ વિશે લિપિ ભેદનું ઉદાહરણ છે. તે લિપિ અઢાર પ્રકારે છે. ૧. હંસલિપિ ૨. ભૂતલિપિ ૩. યક્ષ ૪. રાક્ષસ ૫. ઊડિયા ૬. યવની ૭. ફુડરી ૮. કીર ૯. દ્રાવિડી ૧૦. સિંધી ૧૧. માલવી ૧૨. નટી ૧૩. નાગરી ૧૪. લાટલિપિ-ગુજરાતી. ૧૫. પારસી-ફારસી ૧૬. અનિમિત્ત ૧૭. ચાણક્ય લિપિ ૧૮. મૂલદેવલિપિ. આ લિપિઓ તે તે દેશમાં પ્રસિદ્ધ છે. તેને વિષે–

કોઈક રાજાએ કોઈક ઉપાધ્યાયને લિપિ શિખવા માટે પોતાના પુત્રો સોંપ્યા અને તેઓ દુષ્ટ ચેષ્ટાવાળા હોવાથી મનને એકાગ્ર કરી ભણવા ઈચ્છતા નથી પણ રમતો જ રમે છે. પછી આ પુત્રો નહીં ભણે તો રાજા ઠપકો આપશે એવા ભયથી ઉપાધ્યાય તેઓની સાથે લખોટી રમવા લાગ્યા અને તે ઉપાધ્યાય તેઓને અકારાદિ અક્ષરપાત[1] અનુરૂપ તે ગોળાના રૂપક(પ્રતિબિંબ)થી અક્ષરનું આલેખન કરાવવા લાગ્યા. તેઓ જ્યારે શિખવાડવા છતાં શિખતા નથી ત્યારે ઉપાધ્યાય લખોટી રમવા વડે કરીને લખોટીનો પાત (ગોઠવવું) જ એવી રીતે શિખાવ્યો જેથી ભૂમિ ઉપર અક્ષરોની આકૃતિ રચાઈ. અથવા ભૂપૃષ્ઠ ઉપર લખાયેલા[2] અક્ષરોનું વાંચન તે વૈનયિકી બુદ્ધિ છે.

તથા અક્ષર, અનુસ્વાર, કાના, માત્રા કે પદ વગેરે ન્યૂન લખાયા હોય તેવા પત્રને સંપૂર્ણપણે અનુસ્વાર અને કાના, માત્રા આદિપૂર્વક વાંચવું તે જ્ઞાન પણ વૈનયિકી બુદ્ધિનું છે. તેમાં અપૂર્ણ અક્ષરવાળા શબ્દનું ઉદાહરણ આ પ્રમાણે છે– પાકેલા બોરોથી શિયાળને જે પ્ર(મો)દ (હર્ષ) થાય છે તેવો પ્રમોદ તેને સ્વર્ગ મળી જાય તો પણ ન થાય એમ હું માનું છે. અહીં **પ્રમોદ**માં મો છૂટી ગયો હતો તેને પૂર્ણ કરીને વાંચવું તે વૈનયિકી બુદ્ધિ છે.

બિંદુની ખામીવાળા અક્ષરનું ઉદાહરણ–

ઠંડીથી પીડાયેલો હોય, માર્ગમાં રહેલો હોય, હિમ પડતો હોય ત્યારે એવો કોણ મુસાફર છે જે નવા ગરમ કબલને ન ઈચ્છે ? (અહીં કંબલ શબ્દમાં ક ઉપર અનુસ્વાર છૂટી ગયો છે.)

૧. **અકારાદિ અક્ષરપાત**– ઉપાધ્યાય રાજપુત્રો પાસે એવી રીતે લખોટીઓ ગોઠવાવે છે જેથી અકારાદિ અક્ષરો બને.

૨. ઉપાધ્યાય પોતે જ ભૂમિ ઉપર લખોટી ગોઠવી અક્ષરો બનાવી રાજપુત્રો પાસે વંચાવે છે.

गणिए य अंकणासो, अण्णे उ सुवण्णजायणं दंडे ।
आयव्ययचिंता तह, अण्णे उ हियायरियसंखा ॥११०॥

गणिते चेति द्वारमरामर्शः । इह च चत्वार्युदाहरणानि, तद्यथा—अङ्कनाशः ( १ ), सुवर्णयाचनं ( २ ), आयव्ययचिन्ता ( ३ ), हृता भौताचार्याश्चेति ( ४ ). तत्राङ्कनाशः संपन्नः पुनर्लब्धः सञ्ज्ञातम् —द्यूतकाराणां द्यूतं रममाणानां तल्लेख्यकं च कुर्वतां यदा कुतोऽपि दुष्प्रयोगात् कस्यचिदङ्कस्य नाशो भवति तदा प्रस्तुतबुद्धिवशेन तेषां पुनरप्यसावुन्मीलतीति। अन्ये तु ब्रुवते—'सुवर्णयाचनं' चामीकरप्रार्थनं 'दण्डे' राजसंबन्धिनि सर्वनगरसाधारणे पतिते सति ज्ञातम् —किल क्वचिन्नगरे केनचिन्नरनाथेन दण्डः पातितः, कारणिकैश्च चिन्तितं, मा लोक उद्विजतामिति व्युत्पत्त्यासौ ग्राह्यः। ततो भणिता नागरिकास्तैः परिमितकालव्यवधानेन सुवर्णं द्विगुणत्रिगुणादिलाभमुत्प्रेक्षमाणैर्यथा—"दण्डमूल्यप्रमाणं भवतां विभज्य सुवर्णं राज्ञो दातुमुचितं, स्वल्पकालादेव तच्च तत्तुल्यरूपमेव द्रव्यं यथा हस्ते भवतां चटिष्यते तथा विधास्यते, न कश्चिदसंतोषो विधेयः"। दत्तं च तत्तैः कालान्तरे च महर्घीभूतं विक्रीय कारणिकैस्तद्द्विगुणादिलाभो राजभाण्डागारे निक्षिप्तः, मूलधनं च तेषामेव समर्प्पितमिति । अन्ये त्वित्यनुवर्त्तते—राज्यचिन्तकानां कुटुम्बचिन्तकानां च प्रस्तुतबुद्धिप्रधानानां पुरुषाणां राज्येषु कुटुम्बेषु च आयस्य- पूर्वधनलाभलक्षणस्य व्ययस्य च लब्धधनविनियोगरूपस्य या चिन्ता सा ज्ञातम् । तथेति ज्ञातान्तरसमुच्चयार्थः। मतिमन्तो हि ताम्रालुकावदायव्यययोः प्रवर्त्तन्ते; तथाहि—ताम्रालुका घृतजलादिमुत्कलेन मुखेन गृह्णाति, व्ययं चातिसंकीर्णमुखेन नालकेन करोति। यतो बहुर्व्ययकालोऽल्पश्चायकालः, इतीत्थमेव व्यवहरतां सांगत्यमुत्पद्यते इति । अन्ये तु हृतभौताचार्यसंख्या प्रस्तुतबुद्धि-विषयतया वर्त्तते इति व्याख्यान्ति,यथा—केनचित्कृपालुना केचिद्भौताचार्याः काञ्चिद्-गम्भीरजलां सरितमुत्तरन्तो जलपूरेण ह्रियमाणाः समुत्तारिताः। तेषां च प्रागेव समवधारित-दशादिप्रमाणं स्वसंख्यानां समकालमेव जडत्वेनात्मानं विमुच्य परिगणयितुमारब्धानां यदा प्राक्कृतसंख्या न पूर्यते तदा सविषादमुखास्ते विलपितुमारब्धाः यथा—एकोऽस्मासु नदीपूरेण हृत इति । भणिताश्च ते संप्रति समीपवर्त्तिना केनचित्, यथा—भो भवतामात्मा विस्मृतो यदेवं गणनमारब्धमिति ॥११०॥

**ગાથાર્થ**– ગણિતમાં અંકનાશ, બીજા દંડમાં સુવર્ણ યાચન, આય-વ્યય ચિંતા તથા અન્ય હૃત આચાર્યની સંખ્યા. (૧૧૦)

**'ગણિત'** એ પ્રમાણે દ્વાર પરામર્શ છે. અહીં ચાર ઉદાહરણો છે. તે આ પ્રમાણે–

૧. અંકનાશ ૨. સુવર્ણ યાચન ૩. આયવ્યય ચિંતા અને ૪. હૃતા ભૌતાચાર્ય.

તેમાં અંકનાશ થયે છતે અંકની ફરી પ્રાપ્તિનું ઉદાહરણ—

જ્યારે જુગારીઓ જુગાર રમે છે ત્યારે આકંડાની નોંધણી કરનારાઓને કોઈપણ દુષ્પ્રયોગથી કોઈક આંકડો લખવાનો રહી જાય ત્યારે પ્રસ્તુત બુદ્ધિથી તે આંકડાને શોધી કાઢે છે. તે ગણિતસંબંધી વૈનયિકી બુદ્ધિ જાણવી. બીજા આચાર્યો કહે છે કે—

નગરમાં રાજસંબંધી સુવર્ણ ભેગું કરવા સંબંધી દંડ (કર) નંખાયો તેમાં આ ઉદાહરણ છે—

કોઈ એક નગરમાં કોઈક રાજાએ પ્રજા ઉપર કર નાખ્યો. પ્રધાનોએ વિચાર્યું કે પ્રજા ખેદ ન પામે તેમ આ વ્યુત્પત્તિથી[૨] કર મેળવવો. પછી પરિમિત કાળના આંતરાથી બે-ત્રણ ગણા લાભની ધારણા કરતા કારણિકોએ (કર ઊઘરાવનારાઓએ) નાગરિકોને કહ્યું: "તમારે દંડની રકમ દંડના મૂલ્ય પ્રમાણ સોના રૂપે રાજાને આપવી ઉચિત છે તે અલ્પકાળથી જ તેટલી દંડની રકમ તમારા હાથમાં પાછી આવી જશે તેમ અમે કરશું માટે તમારે ખેદ ન કરવો અને તેઓએ સોનું આપ્યું. કાલાંતરે સોનું મોંઘું થયું. કારણિકોએ વેંચી બે-ત્રણ ગણો નફો કર્યો અને રાજભંડારમાં જમા કરાવ્યો અને મૂળ ધન તેઓને પાછુ આપ્યું.

બીજા આચાર્યો આ પ્રમાણે કહે છે— રાજ્યચિંતા કરનાર અને કુટુંબ ચિંતા કરનાર એવા વૈનયિકી બુદ્ધિને ધરનારા શ્રેષ્ઠ પુરુષો રાજ્યમાં અને કુટુંબમાં ધનની કેવી રીતે અપૂર્વ આવક થાય તેમજ મેળવેલ ધનનો કેવી રીતે સદ્વ્યય થાય એની જે ચિંતા કરે તે વૈનયિકી બુદ્ધિનું ઉદાહરણ છે. તથા શબ્દ બીજા દૃષ્ટાંતના સમુચ્ચય માટે છે. મતિમંતો ખરેખર તાંબાની કીટલીની[૩] જેમ આય અને વ્યયમાં પ્રવર્તે છે. તે આ પ્રમાણે તાંબાની કીટલી ઘી-પાણી આદિને મોટા ઢાંકણથી ગ્રહણ કરે છે અને વ્યય અતિ સાંકડા મુખવાળા નાળચાથી થાય છે, તેથી વ્યય કાળ ઘણો વધારે છે અને આય કાળ ઘણો અલ્પ છે. આની જેમ વ્યવહાર કરનારાઓને આની (કીટલીની) ઉપમા ઘટે છે.

બીજા આચાર્યો હરણ કરાયેલ ભૌતાચાર્યની સંખ્યા વૈનયિકી બુદ્ધિનો વિષય છે એમ વ્યાખ્યાન કરે છે. જેમકે કોઈક કૃપાળુએ કોઈક ગંભીર (ઊંડા) પાણીવાળી નદીને ઉતરતા તણાઈ

૧. જેમકે કોઈ ચાર જુગારીઓ રમીથી જુગાર રમે છે. તેમાં એક જુગારી ૨૫ પોઈંટથી જીત્યો. બીજો જુગારી ૫ પોઈંટ હાર્યો, ત્રીજો જુગારી ૯ પોઈંટ હાર્યો અને ચોથો જુગારી કેટલા પોઈંટ હાર્યો તે લખવાનું ભુલાઈ ગયું. પાછળથી ખબર પડતા ૫+૯ નો સરવાળો ૧૪ થાય તે ૨૫ માંથી બાદ કરતા ૧૧ વધે છે માટે ચોથો જુગારી ૧૧ પોઈંટ હાર્યો છે એમ નક્કી થાય છે.

૨. **વ્યુત્પત્તિ**— વધારાની જે ઉપજ થાય તેમાંથી મારે ગ્રહણ કરવું જેથી લોકો ઉપર બોજો ન પડે.

૩. કીટલીમાં ભરવાનું મુખ ઘણું મોટું હોય છે. તેમાંથી બીજીમાં ઠાલવવાનું મુખ (નાળચું) ઘણું સાંકળું હોવાથી પરિમિત ઠલવાય છે.

જતા કેટલાક ભોતાચાર્યોને બહાર કાઢ્યા અને પૂર્વે જ તેઓની સ્વસંખ્યા દશ હતી પછી ગણતરીના સમયે જ જડતાના કારણે પોતાને છોડી ગણતરી કરી ત્યારે પૂર્વની સંખ્યા થતી નથી. ત્યારે વિલખા મુખવાળા વિલાપ કરવા લાગ્યાં. જેમકે– અમારામાનો એક નદીપૂરમાં તણાઇ ગયો. પાસે રહેલા કોઇકે તેને કહ્યું: અરે ! તમો જે ગણતરી કરો છો તેમાં પોતાની ગણતરી કરતા નથી જેથી આમ થાય છે. (૧૧૦)

**कूवे सिराइणाणं, तुल्ले तत्थ वि तिरिच्छमाहणणं ।**
**अण्णे णिहाणसंपत्तुवायमो बिंति एयं तु ॥ १११ ॥**

**कूप इति द्वारपरामर्शः । शिराया जलोद्गमप्रवाहरूपाया ज्ञानमवगमः, कथमित्याह—भूमिमध्यगततथाविधकूपकारादिष्टखातप्रमाणरूपाराधनेऽपि खातकानां यदा जलं न प्रवर्त्तते तदा तुल्ये खातप्रमाणसदृशे भागे तत्रापि तस्मिन्नेव कूपे तिर्यग्वामदक्षिणादिरूपे आहननं पार्ष्णिप्रहारादिना ताडनं कृतम् । अयमत्र भावः—क्वचित् कैश्चिद् ग्रामेयकादिभिरतीवस्वादुजलार्थिभिरनन्योपायं जलमवबुध्यमानैः कश्चित् कूपकारस्तथाविधाञ्जनवशेन भूमिगतानि जलान्यवलोकमानः पृष्टः 'किमस्यां भुवि जलमस्ति नवा ?' इति । उक्तं च तेन —'निश्चितमस्ति' । तर्हि कियत्प्रमाणे खाते सति तदभिव्यक्तिमायास्यतीति ? स प्राह—पुरुषदशादौ । प्रारब्धश्च तैः कूपः खनितुम्। संपादितं चोक्तप्रमाणं खातम्, तथापि जलानामनागमने निवेदितमस्य किं जलं नोद्गच्छतीति ? तेनापि स्वाञ्जनावन्ध्यरूपतामवगम्य भणितम् —'खातप्रमाणसंमितं वामं दक्षिणं वा कूपभागं पार्ष्ण्यादिना प्रहतं कुरुत' । विहितं च तथैव तैः । उद्घटितं च विपुलं जलमिति । अन्ये ब्रुवते इत्युत्तरेण योगः । एवमेवाञ्जनवशेन भूमिगतानि निधानानि कश्चित् पश्यन् केनापि पृष्टः—'किमस्मदीयं निधानमत्रास्ति न वा ?' इति। अस्ति चेत् कियन्त्यां भुवि ? । ततस्तेनापि कूपे भूविवररूपे प्राग्वत् खानिते 'निहाणसंपत्तुवायमो' इति निधानसंपत्तेरुपायो हेतुर्वामस्य दक्षिणस्य वा पार्श्वस्य आघातरूपस्तदादिष्टेनैव प्रवर्त्तितः । लब्धं च निधानमिति एतत्त्विदं पुनः ॥१११॥**

ગાથાર્થ– કૂવો, શિરાદિનું જ્ઞાન, તુલ્ય, તેમાં પણ તીરછું હણવું, બીજા આચાર્યો નિધાન સંપત્તિનો ઉપાય અને પ્રાપ્તિ. (૧૧૧)

**'કૂવો'** એ પ્રમાણે દ્વાર પરામર્શ છે. શિરા એટલે કૂવામાં પાણીને આવવાનો માર્ગ અને તેનું જ્ઞાન તે શિરાનું જ્ઞાન, અર્થાત્ કૂવામાં કઇ જગ્યાએ સર રહેલી છે. ભૂમિની અંદર તેવા પ્રકારના કૂવા ગાળનારાઓ વડે આદેશ કરાયેલ (બતાવાયેલ) ઊંડાઇ પ્રમાણ ખોદવામાં આવ્યું છતાં પાણી ન

નીકળ્યું ત્યારે તેટલી જ ઊંડાઇ ઉપર તે જ કૂવામાં તીરછું, ડાબું કે જમણે પેનીના પ્રહારથી તાડન કરાવ્યું ત્યારે પાણી નીકળ્યું. કહેવાનો ભાવ એ છે કે– ક્યાંક પાણી મેળવવાના બીજા ઉપાયને નહીં જાણતા, અતીવ સ્વાદિષ્ટ જળના અર્થી એવા ગામડિયાઓએ તેવા પ્રકારના અંજનના પ્રભાવથી ભૂમિમાં રહેલા પાણીને જાણતા કૂપકારને પુછ્યુંઃ શું આ ભૂમિમાં પાણી છે કે નહીં ? તેણે કહ્યુંઃ નક્કીથી છે. તો કૂવો કેટલો ઊંડો ખોદ્યા પછી પાણી નીકળશે ? તેણે કહ્યુંઃ દશ માથોડે[1] પાણી નીકળશે. તેઓએ કૂવો ખોદવો શરૂ કર્યો. દશ માથોડા સુધી ખોદ્યો તો પણ પાણી ન નીકળ્યું એટલે કૂપકારને પુછ્યું કે પાણી કેમ ન નીકળ્યું ? તેણે પણ પોતાનું અંજનજ્ઞાન અવન્ધ્યસ્વરૂપવાળું છે એમ જાણીને કહ્યું કે તળિયાની ડાબી કે જમણી બાજુની કૂવાની કિનારીને લાત મારો. તેઓએ એમ જ કર્યું. પુષ્કળ પાણી નીકળ્યું. પાછળના અર્ધા શ્લોકથી બીજા આચાર્યો મતાંતર કહે છે.

આ પ્રમાણે અંજન પ્રયોગથી ભૂમિમાં રહેલા નિધાનોને જોતો કોઇક કોઇક વડે પુછાયોઃ શું મારી ભૂમિમાં નિધાન દટાયેલું છે કે નહીં ? જો છે તો કઇ ભૂમિમાં કેટલી ઊંડાઇએ છે? પછી તેણે પણ પૂર્વની જેમ ભૂમિમાં ખાડો ખોદ્યો. તેના આદેશ મુજબ નિધાન સંપત્તિ મેળવવાનો ઉપાય ડાબે, જમણે કે પડખે પેનીના પ્રહારથી કર્યો અને નિધાનની પ્રાપ્તિ થઇ. (૧૧૧)

**आसे रक्खियधूया, धम्मोवलरुक्खधीरजायणया ।**
**अण्णे कुमारगहणे, लक्खणजुयगहणमाहंसु ॥१२॥**

**अथ गाथाक्षरार्थः—अश्व इति द्वारपरामर्शः । 'रक्खियं' त्ति—रक्षकोऽश्वरक्षावान् दारकः 'धूय' त्ति—दुहिता चाश्वपतेरेव तत्प्रेरितेन च तेन 'धम्मोवल' त्ति—धर्मोपलैः कुतपमध्यक्षिप्तपाषाणखण्डरूपैर्वृक्षान्मुक्तैः 'धीर' त्ति—धीरयोरत्रस्तयोस्तुरङ्गयोर्वेतन-दानकाले 'जायणया' इति याचनं कृतम् । शेषस्तु प्रपञ्च उक्त एव । 'कुमारगहण' इति कुमारैः शाम्बादिभिः स्थूलाश्वग्रहणे सति विष्णुना यल्लक्षणयुतस्याश्वस्य दुर्बलस्यापि ग्रहणं कृतम्, तदाहुर्दृष्टान्ततयेति ॥११२॥**

**ગાથાર્થ**– અશ્વ, તેનો રક્ષક, પુત્રી, ધર્મમાં પથ્થરા, વૃક્ષથી નીચે ફેંકવા અને અશ્વની યાચના, બીજા આચાર્યો–કુમારોનું ગ્રહણ – લક્ષણ યુક્ત અશ્વોનું ગ્રહણ કરવા કરેલું. (૧૧૨)

આ ભરતક્ષેત્રમાં સમુદ્રકાંઠે લોકોની અનુકૂળતાની પુષ્ટિ કરનાર એવું પારસકૂલ છે. તેમાં વિશાળ વૈભવથી યુક્ત એક અશ્વાધિપતિ રહે છે. હવે કોઇક વખતે તેણે ઘોડા સાચવવા એક રક્ષક રાખ્યો. અતિ નિપુણ વિનય કરીને તેણે અશ્વપતિને ખુશ કર્યો. તેની અતિ સ્વરૂપવાન પુત્રી તેના વિશે રાગી થઇ. તે કહે છે કે જ્યારે મારો પિતા તને પગાર આપે ત્યારે તું અતિ નિપુણ

૧. **માથોડું**– પુરુષના પગના તળિયાથી માંડીને માથા સુધી જેટલી ઊંડાઇ થાય તે એક માથોડું કહેવાય.

પરીક્ષા કરીને ઘોડાને માગજે. તેણીએ ઉપાય બતાવ્યો કે વિશ્રાંતિ લેતા ઘોડાઓમાં જે ઘોડો અવાજ વગેરેથી સંત્રાસ ન પામે તે ઘોડો માગજે. તેણે પણ તેનું વચન માન્યું અને હર્ષિત થયેલા તેણે પગાર આપવાના સમયે પૂર્વે પરીક્ષા કરેલા બે ઘોડાને માગ્યા. પછી અશ્વાધિપતિ પ્રેમપૂર્વક કહે છે કે આ અશ્વોમાં આ ઘોડા શ્રેષ્ઠ છે તેથી જો તું આને માગે છે તો સર્વેને કેમ માગતો નથી ? તે કહે છે કે મારે બધા ઘોડાનું કામ નથી. તે વખતે અશ્વાધિપતિએ વિચાર્યું કે આ બાળક લક્ષણનો ભંડાર છે. નહીંતર આટલા ઘોડાઓમાં આના ઉપરજ દૃષ્ટિ કેમ વસી ? તેથી પોતાની પુત્રી આપીને ઘરજમાઇ કરવો એમ વિચારી પોતાની સ્ત્રીને વાત કરી પણ તે ઇચ્છતી નથી. અશ્વાધિપતિ કહે છે હે મુગ્ધે ! આ લક્ષણયુક્ત છે, મારા ઘરની સમૃદ્ધિ વધારનારો થશે. અહીં ઉદાહરણ સાંભળ. જેમકે–

કોઇક એક બાળક છે. મામાએ તેની સાથે પોતાની પુત્રી પરણાવી. પરંતુ ઘરમાં કંઇપણ કામ કરતો નથી. તે જંગલમાં ગયો અને ખાલી હાથે પાછો ફર્યો. તેની સ્ત્રી ઘણો ગુસ્સો કરે છે કે તું કેમ કંઇ કાર્ય કરતો નથી ? તેણે છઠ્ઠે મહિને લક્ષણવાળું લાકડું મેળવ્યું જેમાંથી તેણે વિધિથી એક લાખ મૂલ્યવાળો કુડવ[1] ઘડિયો બનાવ્યો. એક ધાન્યના વેપારીને વહેંચ્યો. યથાઇચ્છિત મૂલ્ય મેળવ્યું. તે કુડવના પ્રભાવથી ધાન્યના વેપારીને ઘરે અનેક પુત્રો થયા. આ પ્રમાણે લક્ષણ યુક્ત વસ્તુ ઘરમાં આવે છતે કુટુંબ વધે છે. પછી તેણે લક્ષણવંતની સાથે પોતાની પુત્રી પરણાવી. (૧૫)

અથવા દ્વારિકા નગરીમાં કૃષ્ણનો રાજ્યાભિષેક કરાયો ત્યારે ક્યારેક અશ્વના વેપારીઓ પાસેથી કૃષ્ણ અને તેના પુત્રો ઘોડા ખરીદવા લાગ્યા. તેમાં કુમારોએ આ ઘોડાઓ બળવાન છે એમ માનીને તગડા ઘોડા ખરીદ્યા. કૃષ્ણે એક સલક્ષણવાળો છતાં અતિદુર્બળ ઘોડો ખરીદ્યો. પછી કૃષ્ણ પર હસતા કુમારો કહે છે કે આવો ઘોડો કેમ ખરીદ્યો ?

કૃષ્ણે ઉત્તર આપ્યો કે આ ઘોડો કાર્ય સાધવા સમર્થ છે, પેલા (તમારા ઘોડા) નહીં. આનાથી બીજા ઘણાં ઉત્તમ ઘોડા પ્રાપ્ત થશે. અશ્વપતિ અને કૃષ્ણની વૈનયિકી બુદ્ધિનું આ વિલસિત છે.

જેથી તે ઘરજમાઇ થયો અને ઘોડો પોતાની પાસે રહ્યો.

**ગાથાક્ષરાર્થ**–અશ્વ એ પ્રમાણે દ્વારપરામર્શ છે. '**रक्खिग**' એટલે ઘોડાની રક્ષા કરનાર બાળક, '**धूया**' એટલે અશ્વપતિની પુત્રી. પુત્રી વડે પ્રેરણા કરાયેલા તેણે ચામડાના ઘાડવામાં પથ્થરા ભરીને ઝાડ ઉપરથી નીચે ફેંક્યા છતાં ધીર ઘોડા ક્ષોભ ન પામ્યા. અને વેતન આપવાના

૧. **કુડવ**– ચાર આંગળ લાંબુ, ચાર આંગળ પહોળું, ચાર આંગળ ઊંડુ અનાજ કે પ્રવાહી માપવાનું લાકડાનું સાધન જે પ્રસ્થના ચોથા ભાગ પ્રમાણ છે.

સમયે તે જ ઘોડાની યાચના કરી. બાકીનું કથામાં વિસ્તાર પ્રપંચરૂપે કહ્યું છે. બીજા આચાર્યો કહે છે કે– શાંબ વગેરે કુમારોએ બળવાન અશ્વોને ખરીદ કર્યે છતે કૃષ્ણે લક્ષણથી યુક્ત દુર્બળ પણ ઘોડાને ખરીદ્યો. તેને વૈનયિકી બુદ્ધિના દૃષ્ટાંતરૂપે છે. (૧૧૨)

**गद्दभतरुणो राया, तप्पिय वुड्ढाणऽदंसणं कडगे ।**
**पिइभत्तणयण वसणे, तिसाइ खरमुयणसिरसलिलं ॥११३॥**

**गर्दभ इति द्वारपरामर्शः । इह तरुणः कश्चिद्राजा 'तप्पिय' त्ति—ते तरुणाः प्रिया यस्य स तत्प्रियः । अन्यदा चासौ विजययात्रायां प्रचलितः । भणितश्च तेन सर्वोऽपि लोकः, यथा—'वुड्ढाणऽदंसणं कडगे' इति मदीयकटके यथा वृद्धानामदर्शनं भवति तथा भवद्भिः कर्त्तव्यं—वृद्धः कोऽपि नानेतव्यो मदीयकटके इति भावः । तथेति प्रतिपन्नं च तैः । गतश्च सपरिवारोऽसौ विजययात्रायाम्, 'पिइभत्तणयण' त्ति—पितृभक्तेन चैकेन कटकवासिना नरेण पितुर्गुप्तस्य नयनं कृतं 'कटके वसणे तिसाइ' इति, अन्यदा च तथाविधविजलकान्तारान्तर्गतस्य सैन्यस्य दिनप्रहरद्वयसमये तृषः संबन्धिनि व्यसने आपतिते सति राजा तांस्तरुणान् प्रपच्छ, यथा—आकर्षयत भोः केनाप्युपायेन सजलां भुवमवगम्य जलमिति । ते च तरुणत्वेनापरिणतबुद्धयो न जानन्ति तदुपायम्। ततो वृद्धगवेषणा कृता। नोपलब्धश्च केनापि कोऽपि । ततः पटहप्रवादनपुरस्सरं समुद्घोषणा कारिता, यथा—आगत्य कोऽपि वृद्धः कथयतूपायम् । ततस्तेनानीतजनकेन छुप्तः । आनीतश्च तत्र पिता । तेनापि कथितं, यथा—'खरमुयण' त्ति खरान् मुञ्चताटवीमध्ये, यत्र च ते उत्सिङ्घनं कुर्वन्ति तत्र 'सिर' त्ति सिराः प्रतीतरूपा एव संभवन्ति । कृतं च तथैव । तदनु सलिलमुपलब्धमिति । अन्ये तु व्याख्यान्ति—ते गर्दभास्तावदुत्सिङ्घनं कुर्वन्तो गता यावन्नीरपरिपूर्णं सरः संप्राप्तमिति ॥११३॥**

**ગાથાર્થ**– ગધેડો, તરુણરાજા, વરુણ પ્રિય, વૃદ્ધોનું અદર્શન, સૈન્ય, પિતૃભક્ત પુત્ર પિતાને લઇ ગયો, તરસ, ગધેડાને છોડવો, પાણીની સિરા મળવી. (૧૧૩)

**'ગર્દભ'** એ પ્રમાણે દ્વાર પરામર્શ છે. અહીં તરુણો છે પ્રિય જેને એવો કોઈક તરુણ પ્રિય રાજા કોઈક વખત વિજય યાત્રાએ ગયો અને તેણે સર્વ લોકને કહ્યું કે મારા સૈન્યમાં ક્યાંય પણ વૃદ્ધોના દર્શન ન થવા જોઇએ, અર્થાત્ તમારે મારા સૈન્યમાં કોઇપણ વૃદ્ધ ન આવે તેવું આયોજન કરવું. તેઓએ તેમજ સ્વીકાર્યું. રાજા પરિવાર સહિત વિજય યાત્રાએ ગયો. એક પિતૃભક્ત કટકવાસી મનુષ્ય ગુપ્ત રીતે પિતાને વિજય યાત્રામાં લઇ આવ્યો. કોઇક વખત તેવા પ્રકારના નિર્જળ જંગલમાં સૈન્યને બે પહોર સુધી તૃષાનું સંકટ ઊભું થયું, ત્યારે રાજાએ તે તે તરુણોને કહ્યું:

અરે તરુણો ! કોઈપણ ઉપાયથી પાણીવાળી ભૂમિને જાણીને પાણી લઈ આવો. યુવાનીના કારણે અપરિણત મતિવાળા યુવાનોએ પાણીના ઉપાયોને ન જાણ્યા. પછી વૃદ્ધને શોધવા લાગ્યા. કોઈપણ વડે કોઈપણ વૃદ્ધ ન લવાયો, અર્થાત્ કોઈપણ તરુણ વૃદ્ધને લાવી શકયો નહીં. પછી ત્યાં પટહ વગડાવી સમુદ્‌ઘોષણા કરાવી. જેમકે– કોઈપણ વૃદ્ધ અહીં આવીને પાણીના ઉપાયને બતાવે. પછી પિતૃભક્ત તરુણ સાથે લાવેલા છૂપાવેલા પિતાને લઈ આવ્યો. વૃદ્ધ પિતાએ કહ્યું કે અટવીમાં ગધેડાને છોડો અને જે ભૂમિ ઉપર સૂંઘવા લાગે ત્યાં સિરા સંભવે છે. અને તેઓએ તેમજ કર્યું. ત્યાર પછી પાણી મળ્યું. બીજા આચાર્યો કહે છે કે– તે ગધેડાઓ સૂંઘતા સૂંઘતા જ્યાં સુધી ગયા ત્યાં પાણીથી પરિપૂર્ણ સરોવર મળ્યું. (૧૧૩)

**लक्खणरामे देवीहरणे सोगम्मि आलिहे चलणा ।**
**उवरिं ण दिट्ठजोगो, अत्थित्तासासणे चेव ॥११४॥**

**अथ गाथाक्षरार्थः—लक्षदर्शनाङ्कनयोरिति वचनात् लक्षयतः पश्यतो रामस्य सीतालिखितचलनप्रतिबिम्बं यत् सपत्न्या प्रयोजनं कृतं तल्लक्षणमित्युच्यते । तत्र च रामे इति रामदेवः, तस्य च देवी सीता हरणे तस्या रावणेनापहरणे कृते प्रत्यागमने च लोकापवादभयेन रामेणावज्ञायां कृतायां शोके च संपन्ने कदाचित् सपत्नीप्रयुक्ता सीता, 'आलिहे' इति—आलिखितवती चरणौ रावणसंबन्धिनौ उपरि पादप्रदेशादूर्ध्वं न दृष्टो मयाऽसावित्ययोगो लेखनस्य सीतया कृतः । ततः सपत्न्या लब्धच्छिद्रया 'अत्थित्तासासणे चेव' त्ति—अर्थिताया अर्थित्वस्य शासना कथना, चः समुच्चये, एवं पादलेख-दर्शनन्यायेन कृता । अत्र च अर्थिताशासने व्याख्यातेऽपि अत्थित्तासासणे इति यः पाठः स प्राकृतलक्षणवशात्, तच्चेदं—"नीया लोयमभूया, य आणिया दोवि बिंदु-दुब्भावा। अत्थं वहंति तं चिय, जो एसिं पुव्वनिद्दिट्ठो ॥१॥" ११४॥**

**ગાથાર્થ**– લક્ષ્મણ–રામ, દેવીનું હરણ, શોક, પત્રનું આલેખન, ઉપરનો ભાગ જોયો નથી, અર્થિત્વ અને શાસન. (૧૧૪)

**વૈનેયિકી બુદ્ધિથી સીતાજી ઉપર આળ ચડાવવી.**

અયોધ્યા નગરીમાં રઘુવંશનંદન દશરથ રાજા હતો. જેણે પોતાના અતિ અદ્‌ભુત આચરણથી સૂર અને ખેચરોના પ્રભુને આકર્ષિત કર્યા હતા. કૌશલ્યા, સુમિત્રા તથા ત્રીજી કૈકયી એમ ત્રણ અંતઃપુરમાં સારભૂત, સુંદર પત્નીઓ હતી. ત્રણેય રાણીઓને ક્રમથી ઉત્તમ પુત્રો થયા. કૌશલ્યાને શ્રીરામ, સુમિત્રને લક્ષ્મણ અને કૈકયીને ભરત નયનિપુણ પુત્રો થયા. કોઈક વખત કૈકેયી ઉપર ખુશ થયેલ દશરથ રાજાએ વરદાન આપ્યું. તેણે પણ હું સમયે માગીશ એમ કહ્યું. ઉંમર થયે છતે

દશરથે પોતાના સ્થાન ઉપર રામને સ્થાપવા નક્કી કર્યું. તે વખતે કૈકેયીએ વરદાન માગ્યું કે મારો પુત્ર ભરત રાજા કરાય. રાજા વિલખો થયો. વિનયપ્રિય રામે આ હકીકત જાણી. પગમાં પડવા પૂર્વક રામ પિતાને વિનવે છે કે હે તાત ! તમે સત્યપ્રતિજ્ઞાવાળા થાઓ. લક્ષ્મણની સાથે હું વનમાં જઈશ. પુત્ર વત્સલ રાજા મનમાં બીજા ઉપાયને નહીં જાણતો, પુત્રના વિયોગમાં રાજ્યને શૂન્ય માનતો અનુજ્ઞા આપે છે. સીતા સહિત બંને પણ કુમારો સકલ નગરીમાં અતિ મોટા શોકને ઉત્પન્ન કરતા દક્ષિણ દિશામાં ચાલ્યા અને મહારાષ્ટ્ર મંડળમાં ગહન વનમાં પહોંચ્યા. અરણ્યમાં જેમ સિંહ રહે તેમ તેઓ હિમગિરિ અરણ્યમાં સ્થિર રહ્યા. ફળ-ફુલ-કંદના ભોજનમાં રત, નિર્ઝરણાના પાણી પીતા, પિતાનો વિનય કરવાથી પોતાનું જીવન સફળ માનતા, હંમેશા તે તે પ્રકારે ચિત્તમાં પરોપકારનો આદર કરતા, સીતા વડે કરાઇ રહી છે સાર સંભાળ જેઓની, સંતુષ્ટ ચિત્તવાળા એવા તેઓના દિવસો પસાર થાય છે.

પૂર્વે પણ સીતા ઉપર જેને ગાઢ અનુરાગ થયેલ એવા લંકાધિપે જાણ્યું કે રામ જનકરાજાની પુત્રી સાથે વનમાં વસે છે. છળકારી રાવણે સીતાને મેળવવાનો ઉપાય આંદર્યો. કોઇક સમયે રાવણે જ તેઓને અતિ વ્યાકુલ કરીને પુષ્પક વિમાનમાં બેસીને સીતાનું હરણ કરી લંકાપુરીમાં લઇ ગયો. પોતાના સ્થાનમાં પાછા ફરેલા રામે ક્યાંય પણ સીતાને ન જોઈ. સર્વસ્વથી જાણે ઠગાયા ન હોય તેમ શોક અને પરાભવને પામ્યા. હનુમાન દૂતવડે પ્રાપ્ત કરાયો છે સર્વ વૃત્તાંત જેનો એવો રાવણ સુગ્રીવની સહાયથી ભાઈ સહિત લંકા નગરીમાં જઈને રામ વડે હણાયો. તલના ફોતરા જેટલું પણ શીલ જેના વડે ખંડિત નથી કરાયું એવી સીતાને ચૌદ વરસ પછી પાછી મેળવી ઉપાર્જન કરાયેલ છે પ્રૌઢ યશ જેના વડે એવા રામ અયોધ્યામાં પાછા આવ્યા. ભરતે નિરવદ્ય પણે રાજ્યનું પાલન કર્યું. રામની અનુજ્ઞાથી લક્ષ્મણનો રાજ્ય ઉપર અભિષેક થયો. શુભ મનવાળા રાજ્યના સુખને અનુભવતા એવા તેઓના જેટલામાં દિવસો પસાર થાય છે તેટલામાં ખોટી અને બળવાન પ્રજાએ સીતાને શીલ સ્ખલનાનો મોટો અપ્રવાદ આપ્યો. તે આ પ્રમાણે –

રાવણ પરસ્ત્રીમાં લોલુપી અને સર્વે કાર્યોમાં પણ વિરુદ્ધ આચરનારો હોવાથી, તેના ઘરે રહેલી સીતાનું શીલ અખંડિત કેવી રીતે રહે ? પોતાની સ્ત્રીના પવિત્ર શીલને જાણવા છતાં પણ રામ જનાપવાદથી કંઇક અવજ્ઞા બતાવે છે ત્યારે સીતા ઘણા શોકને પામી. કોઇક વખત અંતઃપુરની અંદર રહેલી મત્સરને ધારણ કરતી ક્ષત ઉપર ક્ષાર પડો એમ વિચારતી શોક્યોએ કહ્યું: હે હલે ! તે રાવણ રાજાએ રૂપથી ત્રણ લોકને જીતી લીધું હતું. અહીં જન–અપવાદ વર્તે છે તેથી તું આલેખી બતાવ કે તે કેવો હતો, સર્વલોક નીચના નીચ આશયને અને મોટાના મહાનુભાવ (ઉદાર આશય)ને પોતાના અનુમાનની કલ્પનાથી સર્વથા જાણી શકતો નથી. કહેવાનો ભાવ એ છે કે શોક્યના મનમાં રહેલા દુષ્ટ આશયને પોતાના અનુમાનથી સીતાજી ન જાણી શક્યા. દુષ્ટના દુષ્ટ આશયને નહીં જાણી શકવાથી સરળ જીવો ઠગાય છે અને મોટાઓના ઉદાર આશયને નહીં

જાણવાથી ભોળા લોકો લાભથી વંચિત રહે છે. ખરેખર અજ્ઞાન એ મહાકષ્ટકારી છે. આ માર્ગને અનુસરતી સીતાએ તેના પગોનું પ્રતિરૂપ આલેખ્યું અને કહ્યું આની ઉપર મેં જોયું નથી તેથી રાવણનો કેવો આકાર (રૂપ) છે તે હું જાણતી નથી. તે પ્રતિરૂપને છૂપાવીને શોક્યોએ રામને દેખાડીને કહ્યું: જુઓ તો ખરા ! હજુ પણ સીતા રાવણ પ્રત્યેના રાગને છોડી શકતી નથી. સીતા ઉપરના રામના વિપ્રિય (અણગમાને) ઉત્પન્ન કરતી તેની ખરેખર વૈનયિકી બુદ્ધિ છે અને તેણીએ તે ઉપાયથી રામની પાસે સીતાના દોષની ખાતરી કરાવી આપી. આ હકીકત રામાયણની સંકથા ગ્રંથમાં અતિ વિસ્તારથી કહી છે તેથી તેના અર્થીએ ત્યાંથી ઉપયોગપૂર્વક જાણવી.

**ગાથાક્ષરાર્થ**– લક્ષનું દર્શન અને લક્ષનું આલેખન એ વચનથી રામની દેખતા સીતાએ આલેખેલ ચરણ (પગ)ના રૂપથી શોક્યે પોતાનું પ્રયોજન સિદ્ધ કર્યું તે લક્ષણ કહેવાય છે. રાવણે હરણ કર્યા પછી રામની પત્ની સીતાનું પાછું આગમન થયું ત્યારે લોકાપવાદના ભયથી રામે સીતાનો તીરસ્કાર કરે છતે અને શોક પ્રાપ્ત થયે છતે શોક્યથી પ્રેરણા કરાયેલી સીતાએ રાવણના બે પગ આલેખ્યા. પગથી ઉપરનો પ્રદેશ મારા વડે જોવાયો નથી એમ કહી સીતાએ તેનું આલેખન ન કર્યું. પછી શોક્ય છિદ્ર મેળવીને સીતા રાવણની અર્થી છે એમ વાત ફેલાવી. આ કાર્ય પાદના લેખના દર્શનના ન્યાયથી કર્યું. અહીં अर्थिता सासणे એ પ્રમાણે વ્યાખ્યાન કર્યું છે. પણ મૂળમાં **अत्थित्ता सासणे** એ પ્રમાણે જે પાઠ છે તે પ્રાકૃતના લક્ષણથી છે, અને તે લક્ષણ આ પ્રમાણે છે– સદ્‌ભૂત બિંદુનો લોપ કે અસદ્‌ભૂત બિંદુનો ઉમેરો એ બંને પણ બિંદુના દુર્ભાવો પૂર્વે નિર્દેશ કરાયેલા અર્થને જ કહે છે તેમાં કોઈ ફેરફાર નથી. (૧૧૪)

**गंट्ठी मुरुंड गूढं, सुत्तं समदंड मयणवट्टो य ।**
**पालित्त मयणंगालण, लट्ठीतर लावुसिव्वणया ॥११५॥**

**ग्रन्थिरिति द्वारम् । स चात्र गूढाग्रसूत्रपिण्डलक्षणो ग्राह्यः, तत्र पाडलिपुत्रे नगरे मरुण्डो नाम राजा, तस्य कुतोऽपि स्थानात् कैश्चिज्ज्ञानिनमात्मानं मन्यमानैर्मुरुण्ड-राजपरिषत्परीक्षार्थं 'गूढं' इति गूढाग्रं सूत्रम्, 'समदंड' त्ति समः समवृत्तो मूले उपरि च दण्डकः, 'मदनवृत्त'श्च मदनलेपोपलिप्तवृत्तसमुद्गकश्च प्रेषित इति । दर्शितानि च तानि तथाविधकोविदानाम् । ततः पादलिप्ताचार्यस्य तत्र पर्यायात् कृतविहारस्य दर्शितानि राजकुलागतस्य ततः 'पालित्त' त्ति पादलिप्ताचार्येण 'मयणगालण' त्ति मदनगालना गूढसूत्रे उष्णोदकेन कृता । ततः सूत्राग्रमुन्मीलितम् । 'लट्ठीतर' त्ति यष्टेर्नदीजले प्रवहति तारणं कृतं तत्र यो भागो गुरुतर एव बहु ब्रुडति स मूलमिति ज्ञातम् । मदनवृत्तगोल-कश्चात्युष्णे जले निक्षिप्य मदनगालनेन व्यक्तीभूतद्वारदेशः समुद्घाटितः स्वयं च 'लावुसिव्वणया' इति अच्छिद्रं महाप्रमाणकमेकमलाबु गृहीत्वा सूक्ष्मां च राजिरेखामुत्पाद्य**

**मध्ये रत्ननिक्षेपः कृतः ततो जैनशास्त्रप्रसिद्धचोरसेवन्या स्यूता भणिताश्च ते, यथा— 'एतदलाबु अविदारयद्भिः रत्नग्रहः कार्यः'। न शकितश्च तैः सोऽर्थः संपादयितुं प्रस्तुतबुद्धिविकलैरिति ॥११५॥**

**ગાથાર્થ**– ગાંઠ, મુરુંડ રાજા, ગૂઢ સૂત્ર, સમદંડ, મીણનો દાબડો પાદલિપ્તાચાર્ય, મીણનું ગાળવું, યષ્ટિ અને દાબડો, તુંબડીને સીવવું. (૧૧૫)

**'ગ્રંથિ'** એ પ્રમાણે દ્વાર પરામર્શ છે. અને તે ગાંઠ ગૂઢ છેડાવાળા દોરાના પિંડ સ્વરૂપ જાણવી (ગ્રહણ કરવી). પાટલિપુત્ર નામના નગરમાં મુરુંડ નામનો રાજા હતો. કોઈપણ સ્થાનમાંથી પોતાને પંડિત માનતા એવા કેટલાક પુરુષો મુરુંડ રાજાની સભાની પરીક્ષા કરવા માટે (૧) ગૂઢ છેડાવાળા સૂત્રના દડાને (૨) ઉપરથી નીચે સર્વત્ર સમાન ગોળાઈવાળા દંડને અને (૩) મીણના લેપથી લેપાયેલા એવા દાબડાને લઈને આવ્યા અને તેવા પ્રકારના ચતુર પુરુષોને બતાવ્યા.

ચતુર પુરુષો તેનો ભેદ ઉકેલી શક્યા નહીં. પછી પરિપાટિથી (ક્રમથી) વિહાર કરતા ત્યાં રાજકુલમાં પધારેલા પાદલિપ્તાચાર્યને બતાવ્યા (૧) પછી પાદલિપ્તાચાર્યે ગૂઢ સૂત્ર ઉપર ગરમપાણી નંખાવીને મીણ ઓગળાવી નંખાવ્યું. પછી સૂત્તરનો છેડો મળી ગયો. (૨) અને દંડને વહેતા નદીના પાણીમાં તરાવ્યો જે ભાગ વજનદાર હતો તે વધારે ડૂબે છે એટલે તે મૂળ છે એમ નક્કી કર્યું. અને (૩) મીણથી લેપાયેલ દાબડાને ગરમ પાણીમાં નાખ્યો. મીણ પીગળી ગયું. ઢાંકણની તરડ જોઈ અને ઢાંકણને ખોલ્યું.

અને પછી પોતે છિદ્ર વિનાના એક મોટા તુંબડાને લઈ, સૂક્ષ્મ રાજિરેખા કરીને તેમાં રત્નો નાખ્યા. પછી જૈનશાસ્ત્ર પ્રસિદ્ધ 'ચોર' સિલાઈથી તુંબડાને સીવી દીધું અને તેઓને કહ્યું કે આ તુંબડાને તોડ્યા વગર રત્નો લઈ લેવા. તેઓ વૈનયિકી બુદ્ધિથી રહિત હોવાથી તે કાર્ય ન કરી શક્યા. (૧૧૫)

**अगए विसकर जवमेत्त वेज्ज सयवेह हत्थिवींसा ।**
**मंतिपडिवक्खअगए, दिट्ठे पच्छा पउत्ती उ ॥११६॥**

**अगद इति द्वारपरामर्शः । कश्चिद्राजा निजपुरोपरोधकारि परबलं स्वदेशान्तः प्राप्तं श्रुत्वान्योपायेन तन्निग्रहमनीक्षमाणस्तदागममार्गजलानि विषेण भावयितुमिच्छुः सर्वत्र नगरे, 'विसकर' त्ति विषकरं पातितवान् यथा—पञ्चपलकादिप्रमाणं सर्वेणापि मम भाण्डागारे विषमुपढोकनीयम् । 'जवमित्त' त्ति यवमात्रं 'विज्ज' त्ति कश्चिद्वैद्यौ विषमानीतवान् । कुपतिश्च राजा—'किं त्वमेवं मदाज्ञाभङ्गकारी संवृत्तः ?' इति । स त्वाह— 'तुच्छास्याप्यस्य देव ! 'सयवेह' त्ति शतवेधः आत्मनः सकाशात्, उपलक्षणत्वात् सहस्रादिगुणवस्त्वन्तरस्य च वेधः आत्मना परिणमयितुं शक्तिः समस्ति'॥ ततो**

'हत्थिवीमंस' त्ति—हस्तिनि क्षीणायुषि पुच्छैकवालोत्पाटनं कृत्वा तस्मिन्नियोजनेन विमर्शः कृत । लग्नं च तद्विषं क्रमेण हस्तिनमभिभवितुम् । मन्त्रिणा चोक्तम्— 'प्रतिपक्षोऽगद' एतस्य निवर्त्तकमौषधं किं किंचिदस्ति न वा ?' इति । अस्ति चेत् प्रयुङ्क्ष्व । प्रयुक्तं च । ततो यावद्विषेणाभिभूयते तावत् पश्चात्प्रयुक्तेनौषधेन प्रगुणीक्रियते। एवं दृष्टे विषसामर्थ्ये पश्चान्मन्त्रिणा प्रयुक्तिस्तु प्रयोगः पुनर्व्यापारणलक्षणः कृतः । अत्र च वैनयिकी बुद्धिर्यन्मन्त्रिणा दृष्टसामर्थ्यं विषं व्यापारितमिति ॥११६॥

ગાથાર્થ– અગદ, વિષકર, યવમાત્ર, વૈદ્ય, શતવેધ, હાથી ઉપર પ્રયોગ, મંત્રીએ પ્રતિપક્ષ અગદ જોયે છતે પ્રયોગ કર્યો. (૧૧૬)

**'અગદ'** એ પ્રમાણે દ્વાર પરામર્શ છે. પોતાના નગરને ઘેરો ઘાલવા દુશ્મન સૈન્ય સ્વદેશમાં આવ્યું છે એમ સાંભળીને તેનો નિગ્રહ કરવા બીજો કોઇ ઉપાય નહીં જોતા તેના આવવાના માર્ગમાના જળાશયો વિષથી ભાવિત કરવાની ઈચ્છાવાળા કોઇક રાજાએ આખા નગરમાં વિષ કર નાખ્યો. જેમકે– બધાએ પણ મારા ભાંડાગારમાં પાંચ પલ પ્રમાણ વિષ આપવું. કોઇક વૈદ્ય જવના દાણા જેટલું વિષ લઇ આવ્યો. રાજા ગુસ્સે થયો. તેં મારી આજ્ઞાનો ભંગ કેમ કર્યો ? તે કહે છે કે હે દેવ ! તે ઘણું અલ્પ હોવા છતાં પોતાથી સો ગણું અસરકારક છે. આ ઉપલક્ષણ છે. બીજી વસ્તુ આનાથી હજારાદિગણી વધારે હોય તે પણ પોતા રૂપે પરિણમાવાની શક્તિની અસરવાળું છે. મરવાની અણી ઉપર રહેલા હાથીના પૂંછડાના એક વાળને ખેંચીને એ વાળ ઉપર વિષ લઇ હાથીમાં સંક્રમણ કરીને પરીક્ષા કરી. તેટલું ઝેર ક્રમથી હાથીનો પરાભવ કરવા લાગ્યું અને મંત્રીએ પુછ્યું: આ ઝેરને ઉતારનારું બીજું કોઇ પ્રતિપક્ષ ઔષધ છે કે નહીં ? જો છે તો તેનો પ્રયોગ કર. અને વૈદ્યે પ્રયોગ કર્યો. જેટલા ઝેરથી હાથી પરાભવ કરાયો તેટલા પ્રમાણવાળા પ્રતિપક્ષ ઔષધથી સાજો કરાયો.

આ પ્રમાણે વિષનું સામર્થ્ય જાણ્યા પછી મંત્રીએ ઝેરનો પ્રયોગ કર્યો. વિષનું સામર્થ્ય જાણ્યા પછી વિષનો પ્રયોગ કર્યો તે મંત્રીની વૈનયિકી બુદ્ધિ છે.

**गणिया रहिए एक्कं, सुकोस सड्ढित्ति थूलभद्दगुणे ।**
**रहिएण अंबलुंबी, सिद्धत्थगरासिदुक्करया ॥११७॥**

**अथ गाथाक्षरार्थः—गणिका तथा रथिक उक्तरूपः, एकं ज्ञातं न पुनर्द्वे । 'सुकोससड्ढि' त्ति—प्रागेव या कोशानामतयोक्ता, श्राद्धा जिनशासनातिरूढातिशयश्रद्धाना इति अस्माद्धेतोः स्थूलभद्रगुणान्निरन्तरं प्रशंसन्तीं तां दृष्ट्वा रथिकेन तदाक्षेपार्थं आम्रलुम्बी प्रागुक्तप्रकारेण छिन्ना । तथा च 'सिद्धत्थगरासि'त्ति सिद्धार्थकराशिस्थितसूच्यग्रेषु नाट्यमादर्शितम्, भणितं च शिक्षितस्य का दुष्करतेति ॥११७॥**

**ગાથાર્થ**— ગણિકા અને રથિક એક ઉદાહરણ, સુકોશા શ્રાવિકા, સ્થૂલભદ્રના ગુણો, રથિકનું આંબાની લૂંબનું ગ્રહણ, સરસવ પર નૃત્ય, દુષ્કરતા. (૧૧૭)

આ ભરતક્ષેત્રમાં નવમા નંદના સમયે કલ્પકના વંશમાં સેંકડોપુત્રોના ગુણો એકમાં હોવાના કારણે સુપ્રસિદ્ધ બનેલા શકડાલ મંત્રી હતા. તેની ઉત્તમપત્નીને વિશે શ્રુતમાં શ્રેષ્ઠ એવા બે પુત્રો થયા. પ્રથમ શ્રી સ્થૂલભદ્ર અને બીજો શ્રીયક. જક્ષા, જક્ષદિન્ના, ભૂતા તથા ભૂતદિન્ના અને સેણા, વેણા અને રેણા એમ સાત પુત્રીઓ થઇ. તેઓ ક્રમથી એક-બે-ત્રણાદિ વારથી સાંભળેલું યાદ રાખવા સમર્થ હતી. શકડાલ એકાંતથી જ જિનવચનમાં રક્ત ચિત્તવાળો હતો. ત્યાં સર્વ બ્રાહ્મણકુળમાં કેતુ સમાન વરરુચિ નામનો બ્રાહ્મણ હતો. તે હંમેશા નંદને એકસો આઠ શ્લોકો સંભળાવે છે ત્યારે રાજા શકડાલના મુખને જુએ છે. આ મિથ્યાત્વી છે એમ જાણતો શકડાલ જેટલામાં પ્રશંસા નથી કરતો તેટલામાં રાજા તેના ઉપર પ્રસન્ન થતો નથી. પછી વરરુચિ શકડાલની પત્નીની ઘણી સેવા કરવા લાગ્યો. તેની વાત સ્વીકારીને તેણીએ સ્વામી શકડાલને કહ્યું કે તમે વરરુચિના કાવ્યોની કેમ પ્રશંસા કરતા નથી ? શકડાલ પણ કહે છે કે આ મિથ્યાત્વી છે માટે. સ્ત્રીના અતિ આગ્રહને વશ થયેલો મંત્રી તે કાર્ય કરવા કબૂલ થયો. અર્થાત્ સભામાં વરરુચિના કાવ્યની પ્રશંસા કરવા સંમત થયો. (૯)

અન્ય દિવસે વરરુચિએ રાજા પાસે પોતાનું નવું કાવ્ય ગાયું. પાસે રહેલા અમાત્યે કહ્યું: અહો ! તેં સારું ગાયું. રાજાએ તેને એકસો આઠ સુવર્ણ અપાવ્યા. તેની આટલી વૃત્તિ દરરોજની જ થઇ. અર્થક્ષયને જોઇને અમાત્યે કહ્યું: હે દેવ ! આને આટલું ધન કેમ આપો છો ? રાજાએ કહ્યું: તેં તેની પ્રશંસા કરી છે માટે. અમાત્યે કહ્યું કે પૂર્વનું કાવ્ય ભુલ્યા વિના બોલે છે માટે મેં આની પ્રશંસા કરી હતી. પછી રાજાએ પુછ્યું કે આમ કેમ ? આ જે શ્લોક બોલે છે તેને મારી પુત્રીઓ પણ બોલે છે. ઉચિત સમયે તે રાજા પાસે સંભળાવવા માટે આવ્યો. પડદાની અંદર મંત્રીની સાત પુત્રીઓ રાખવામાં આવી. પહેલી વખત બોલાતા શ્લોકને જક્ષાએ યાદ રાખી લીધું. પછી તે રાજાની પાસે પૂર્ણપણે બોલે છતે બીજીએ બે વાર સાંભળવાથી યાદ રાખી લીધું. તે બોલે છતે ત્રીજીએ ત્રણ વાર સાંભળવાથી યાદ રાખી લીધું અને બોલી ગઇ. એમ એકેક વારાની વૃદ્ધિથી બાકીની બધી પુત્રીઓને એ શ્લોક ઉપસ્થિત થયો અને રાજાની સમક્ષ બોલી બતાવ્યો. પછી ગુસ્સે થયેલા રાજાએ વરરુચિને દરવાજા પર પણ આવવાની ના પાડી. પછી તે ગંગા નદીમાં યંત્રના પ્રયોગથી સોના મહોરો મૂકીને સ્તુતિ બોલીને લે છે અને કહે છે કે સ્તુતિથી ખુશ થયેલી ગંગાદેવી મને દીનાર આપે છે. કાળાંતરે રાજાએ વરરુચિની પ્રસિદ્ધિને સાંભળીને અમાત્યને વાત કરી. તેણે કહ્યું કે જો મારી સમક્ષ આ ગંગાદેવી આપે તો ખરો કહેવાય. તેથી હે દેવ ! આપણે સવારે ગંગાનદી ઉપર જઇશું. રાજાએ વાત સ્વીકારી. (૨૦)

હવે મંત્રીએ વિકાલે પોતાના વિશ્વાસુ માણસને આદેશ કર્યો કે ગંગા નદીમાં છૂપાઇને તારે રહેવું. વરરુચિ પાણીમાં કંઈ પણ મૂકે તે લઇને તારે હે ભદ્ર ! મારી પાસે લાવવું. માણસ જઈને વરરુચિએ પાણીમાં મૂકેલી દ્રમની પોટલી લઇ આવ્યો. સવારે નંદ મંત્રીની સાથે ગયો. ગંગાના પાણીમાં રહીને સ્તુતિ કરતા વરરુચિને જોયો. સ્તુતિ પછી તેણે હાથ અને પગથી લાંબા સમય સુધી પણ યંત્રને ચલાવ્યું. જેટલામાં યંત્રમાંથી કંઇ નીકળતું નથી તેટલામાં વરરુચિ અત્યંત લજ્જાને પામ્યો. શકડાલે રાજાને દ્રમની પોટલી બતાવી અને રાજાએ તેની હાંસી કરી. પછી તે મંત્રીની ઉપર ગુસ્સે થયો અને તેના છિદ્રો શોધવા લાગ્યો. (૨૫)

અને કોઇક વખત શ્રીયકના વિવાહ કરવાની ઇચ્છાવાળો શકડાલ રાજાને ભેટ આપવા યોગ્ય વિવિધ શસ્ત્રો ગુપ્તપણે કરાવે છે અને આ હકીકત મંત્રીની દાસીએ વરરુચિને જણાવી. પછી જેને છિદ્ર મળી ગયું છે એવા વરરુચિએ છોકરાઓને લાડુ આપીને ત્રણ કે ચાર રસ્તાના ચોકના સ્થાનો ઉપર આ પ્રમાણે બોલ્યું– **एउ लोउ न वियाणइ जं सगडालु करेसइ नंदु राउ मारेविणु सिरिय रज्जि ठवेसइ ॥** શકડાલ જે કાર્ય કરે છે તેને આ લોક જાણતો નથી. નંદ રાજાને મરાવીને શ્રીયકને રાજ્ય ઉપર સ્થાપશે. રાજાએ આ વચનને સાંભળી ચર પુરુષો મારફત મંત્રીના ઘરની તપાસ કરાવી. ઘડાવાતા ઘણાં શસ્ત્રોને જોઇને ચરપુરુષોએ રાજાને જણાવ્યું. રાજા ક્રોધે ભરાયો અને સેવા માટે આવેલા, પગમાં પડેલા મંત્રીની પરાઙ્મુખ થયો.

રાજા ગુસ્સે થયો છે એમ જાણી શકડાલ ઘરે જઇને શ્રીયકને કહે છે કે, હે પુત્ર ! જો હું નહીં મરું તો રાજા બધાને મારશે. તેથી હે વત્સ ! જ્યારે હું રાજાના પગમાં પડું ત્યારે તું મને મારજે. આ સાંભળી શ્રીયકે કાન આડા હાથ કર્યા. શકડાલે કહ્યું કે પૂર્વે હું તાલપુટ વિષનું ભક્ષણ કરીશ. રાજાના પગમાં પડતી વખતે તું નિઃશંક મારજે. સર્વ વિનાશની આશંકાથી શ્રીયકે સ્વીકાર્યું. તે જ પ્રમાણે પગમાં પડતા શકડાલનું માથું કાપે છે. હા હા અહો ! આ અકાર્ય છે એમ બોલતો નંદરાજા ઊભો થયો. શ્રીયકે કહ્યું: હે દેવ! વ્યાકુલતાથી સર્યું. જે તમને પ્રતિકૂળ થાય તેવા પિતાનું મારે કોઇ કામ નથી. પછી રાજાએ કહ્યું: તું મંત્રી પદનો સ્વીકાર કર. તેણે કહ્યું કે સ્થૂલભદ્ર મારો મોટો ભાઇ છે, જે બાર વરસ થયા કોશના ઘરે રહે છે. રાજાએ તેને બોલાવી કહ્યું કે તું મંત્રીપદને ભજ. (સ્વીકાર કર.) તેણે કહ્યું: હું વિચારીને કહીશ. તે વખતે રાજાએ વિચારવા મોકલ્યો. બાજુના અશોક વનમાં તે ચિંતવવા લાગ્યો. પર કાર્યમાં પ્રવૃત્ત થયેલાઓને ભોગો કેવા અને સુખ શું ? ભોગોથી અવશ્ય નરકમાં જવાનું છે તેથી ભોગોથી સર્યું. આમ વિચારીને વૈરાગ્ય પામેલો, સંસારથી વિરક્ત ચિત્તવાળો સ્વયં પંચમુષ્ટિ લોચ કરી મુનિવેષ ધારણ કરી, રાજાની પાસે જઇને કહે છે કે હે રાજન્ ! મેં આ વિચાર્યું છે. રાજા વડે પ્રશંસા કરાયેલો ઘરમાંથી નીકળેલો તે મહાત્મા ગણિકાને ઘરે જશે એટલે રાજાએ

જતા એવા તેના ઉપર દૃષ્ટિ રાખી. મૃત કલેવરના દુર્ગંધવાળા માર્ગ પરથી તેને જતા જોઇને રાજાએ જાણ્યું કે આ અવશ્ય કામભોગથી નિર્વેદ પામ્યો છે. શ્રીયકને મંત્રી પદે સ્થાપ્યો. સ્થૂલભદ્ર સંભૂતવિજય મુનિ પાસે દીક્ષા લઇ વિવિધ પ્રકારના અતિ ઉગ્ર તપ કરે છે. (૪૫)

પછી સંભૂતવિજયગુરુની સાથે વિહાર કરતા ક્યારેક સદ્ધર્મમાં એક મનવાળો આ (સ્થૂલભદ્ર) પાટલીપુત્ર નગરમાં આવ્યો. ચાતુર્માસ આવ્યું ત્યારે તીવ્ર ભવભયથી ઉદ્‌વિગ્ન થયેલા ત્રણેય મુનિઓ પણ ક્રમથી આ દુ:ખે પાળી શકાય એવા અભિગ્રહો લે છે. એક સિંહગુફામાં, બીજો દારુણ વિષવાળા સાપની વસતિમાં (અર્થાત્ સાપના દર પાસે) અને ત્રીજો કૂવાના [1]થાળા ઉપર ચાતુર્માસી તપ કરીને રહે છે. તપકર્મ કર્યા વિના હું કોશાને ઘરે રહીશ એમ અનુજ્ઞા માગનાર તે ભગવાન સ્થૂલભદ્રનું સત્ત્વ જેણે જાણ્યું છે એવા ગુરુએ તેને કોશાના મંદિરે ચાતુર્માસ કરવાની અનુજ્ઞા આપી. સ્થૂલભદ્ર કોશાના ઘરે પહોંચ્યો. આ પરિષહોથી ભાંગી ગયા છે (પરાભવ થયા છે) તેથી ખુશ થયેલી કોશા ઊઠીને કહે છે કે તમે જે કહેશો તે હું કરીશ. ઉદ્યાનની અંદર પૂર્વ ઉપભોક્ત રતિમંદિરમાં આવાસ આપ. કોશાએ આવાસ આપ્યો અને સર્વપણે ભરપૂર રસોથી ભોજન આપ્યું. સ્નાનથી શરીરને સ્વસ્છ કરી, સર્વ અલંકારથી ભૂષિત થયેલી કોશા રાત્રે દીવો લઇને આવી. પોતાને કૃતાર્થ માનતી તેણે ચાપલૂસી કરી (ખુશામત કરી). તો પણ તેને રાગી કરવા (ચલાયમાન કરવા) શક્તિમાન ન થઇ. પછી ઉપશાંત થયો છે મોહ જેનો, સાંભળેલો છે ધર્મ જેણે એવી તે શ્રાવિકા થઇ. રાજાના અભિયોગ સિવાયના કોઇ પુરુષની સાથે મારે રમણ ન કરવું એ પ્રમાણે વિકાર વિનાની તે અબ્રહ્મની વિરતિ સ્વીકારે છે. (૫૪)

ચાતુર્માસમાં ઉપશાંત કરાયા છે સિંહ અને સર્પ જેઓ વડે એવા બે મુનિઓ તથા કૂવાના થાળે કરેલું છે ચાતુર્માસ જેણે એવા ત્રીજા મુનિ એમ ત્રણેય મુનિઓ ગુરુપાસે આવ્યા. દુષ્કરકારીઓને કંઇક અભ્યુત્થાન કરાયું અને તમારું સ્વાગત છે એમ ગુરુ જેટલામાં બોલે છે તેટલામાં ગણિકા ઘરે દરરોજ મનોજ્ઞ આહારનું ભોજન કરતા, સુંદર શરીરવાળા અને સમાધિ ગુણથી સંપન્ન સ્થૂલભદ્ર પણ આવ્યા. અતિદુષ્કર-દુષ્કરકારક બોલવાપૂર્વક પ્રણય સહિત અભ્યુત્થાન કરીને ગુરુએ તારું સ્વાગત છે એમ કહ્યું ત્યારે તેઓ મત્સરને પામ્યા. ત્રણેય પણ કહે છે કે હે સાધુઓ ! જુઓ સૂરિ આને કેવું કહે છે ? આ અમાત્યનો પુત્ર અતપસ્વી પણ આવી રીતે પ્રશંસા કરાયો. બીજું ચાતુર્માસ આવ્યું ત્યારે જેણે મનમાં ગુસ્સાને ભરી રાખ્યો છે એવા તે સિંહગુફાવાસી સાધુએ સૂરિને કહ્યું કે હું ઉપકોશાને ઘરે જાઉં, જે કોશા વેશ્યાની નાની બહેન છે તેને બોધ પમાડું. શું અહીં કોઇ સ્થૂલભદ્રથી ઊતરતો છે ? ઉપયોગ મૂકીને ગુરુએ જાણ્યું કે આ પાર નહીં પામે, અર્થાત્ કાર્ય સિદ્ધ નહીં કરી શકે. પ્રતિષેધ કરાયો છતાં પણ ગયો અને

૧. **થાળું**– કૂવાના મુખ ઉપર પાણી ઢાલવવાને માટે બાંધેલી છોબંધ કિનારાવાળી જગ્યા. અથવા કૂવા વગેરેના મુખ ઉપર ઢળતું ચણેલું બાંધકામ કે ચોકડી જેમાં કૂવામાંથી કાઢેલું પાણી ઠલવાય છે.

વસતિ માગી રહ્યો. ચોમાસું શરૂ થયું. શૃંગાર કરેલી કે શૃંગાર વિનાની જ અતિ સ્વરૂપવાન શરીરવાળી તે ભદ્રિક ધર્મ સાંભળે છે. અતિદૃઢ ભાવથી રહિત, સ્ફુરાયમાન થયું છે કામનું બાણ જેને એવો તે તેને જોતા અગ્નિની પાસે રહેલા મીણના ગોળાની જેમ પીગળ્યો (ચલાયમાન થયો). અતિ ઉત્પન્ન થઇ છે કામાસક્તિ જેને એવો તે લજ્જા છોડી ભોગને માગવા લાગ્યો. નિપુણમતિ કોશાએ કહ્યું કે અમને તું શું આપીશ ? તે કહે છે કે હું નિર્ગ્રંથ છું તેથી મારી પાસે કાંઇ ધન નથી તો પણ હે ભદ્રે ! તું શું ઇચ્છે છે તે કહે. કોશા– હું એક લાખને ઇચ્છું છું. મુનિએ તે સ્વીકાર્યું. નેપાલ દેશનો રાજા અપૂર્વ (નવા) સાધુને લાખ મૂલ્યવાળું કંબલરત્ન આપે છે, સાધુએ ત્યાં જઇ કંબલરત્ન મેળવ્યું. મોટા વાંસની અંદર છૂપાવીને છિદ્રને સ્થગિત કર્યું જેથી કોઇપણ તેને ન જાણી શકે. નગ્ન પ્રાયઃ જેટલામાં એકલો વિશ્રામ કર્યા વિના આવે છે તેટલામાં કોઇક પ્રદેશમાં પક્ષી બોલે છે કે અહીં આ લાખ આવે છે. આ પક્ષીના અવાજનો વિકાર ચોરપતિને કહેવાયો. જેટલામાં નજર કરે છે તેટલામાં એકલા જ શ્રમણને આવતો જુએ છે. પક્ષીના અવાજને અવગણીને જેટલામાં પલ્લિપતિ રહે છે તેટલામાં પક્ષી ફરી પણ બોલે છે કે તારી પાસે જે નજીકમાં આવી ગયો છે તેના હાથમાં એક લાખ છે. જેને કૌતુક ઉત્પન્ન થયું છે એવા ચૌરાધિપે જઇને પુછ્યું કે જો અહીં કોઇ રહસ્ય હોય તો તું ભય રહિત કહે. વાંસની અંદર કંબલરત્ન છે એમ કહ્યું. પછી ચૌરપતિ વડે મુકાયેલો ગણિકાની પાસે આવીને રત્નકંબલ સમર્પણ કરે છે તેટલામાં તેણે તેની દેખતા તત્ક્ષણ ઘરની ખાળમાં નાખી દીધું. પછી તે કહે છે કે તેં આ કંબલરત્ન મલીન કેમ કર્યું ? હે મહાત્મન્ ! તમે મૂર્ખ છો. જે આ રત્નકંબલનો શોક કરો છો, મારું સ્મરણ કરી આનાથી પણ ઉત્તમ રત્ન સમાન પોતાના આત્માનો શોક કરતા નથી. કોશા વડે પ્રેરણા કરાયેલો આ ભોગથી અતિ વિમુખ થયેલો પાછો ફર્યો. ઇચ્છામો અણુસટ્ઠિં 'હું હિતશિક્ષાને ઇચ્છું છું' એમ કહી ગુરુની પાસે ગયો. સ્થૂલભદ્રમુનિ અતિદુષ્કર-દુષ્કર કારક છે. જેણે ચિરપરિચિત અશ્રાવિકાને સમ્યક્ શ્રાવિકા કરી. જયારે તેં નિર્દોષ વ્રતધારી ઉપકોશાની માગણી કરી એમ ગુરુએ ઠપકો આપ્યો. તેણે ચિત્તશુદ્ધિ કરનાર પ્રાયશ્ચિત્તનો સ્વીકાર કર્યો. (૭૮)

ક્યારેક ખુશ થયેલા નંદ રાજાએ પોતાના રથિકને કોશા વેશ્યા આપી. પણ તે હંમેશા સ્થૂલભદ્રમુનિની પ્રશંસા કરે છે. જેમકે– મારાથી તલના ફોતરાના ત્રીજા ભાગ જેટલો પણ ક્ષોભ ન પામ્યો. જિતાયો છે કામનો પ્રસર જેના વડે એવો સ્થૂલભદ્ર સિવાય બીજા કોણ છે કે જે તેવા પ્રકારના સ્ત્રી પરિષહને જીતી શકે ? આ લોકમાં આશ્ચર્ય કરનારા ઘણા લોકો છે પરંતુ સ્થૂલભદ્ર સમાન થયા નથી અને ક્યારેય થશે પણ નહીં. એ પ્રમાણે સ્થૂલભદ્રના ગુણ ગૌરવથી આકર્ષિત થયું છે મન જેનું એવી કોશા તેની (રથિકની) સ્થૂલભદ્રની જેમ સેવા કરતી નથી. કોઈક વખત પોતાનું સૌભાગ્ય દેખાડવા તથા પોતાના વિજ્ઞાનનું કૌશલ્ય બતાવવા રથિક કોશાને અશોકવનના

આવાસમાં લઇ ગયો. આંબાની લૂમ ઉપર ધનુષ્ય ચઢાવ્યું, બાણ લૂમમાં ચોંટ્યું, બાણના છેડા ઉપર બીજુ બાણ એમ બાણ લગાવતા પોતાના હાથ પાસે બાણનો છેડો આવ્યો ત્યાં સુધી લગાવ્યા. પછી અર્ધચંદ્ર બાણ ફેંકીને લૂમ તોડી. કોશા કહે છે તેવા શિક્ષિતને અહીં શું દુષ્કર છે ? અથવા મારી નૃત્યવિધિને તું જો. પછી સરસવના ઢગલા ઉપર રાખેલી સોયના અગ્રભાગ ઉપર નૃત્ય કર્યું છે જેણે એવી હસમુખી કહે છે કે અહો ! ગુણીઓને વિષે કોને મત્સર હોય ? તેને જ (સ્થૂલભદ્રને) મનમાં ધારણ કરતી આ સુભાષિતને કહે છેઃ શિક્ષિતોને આંબાની લુંબ તોડવી કાંઇ દુષ્કર નથી, શિક્ષિતોને નૃત્ય કરવું તે પણ દુષ્કર નથી, વેશ્યાના મંદિરમાં ચોમાસું રહીને પણ જેણે કામદેવને જિત્યો તે મુનિની મહાનુભાવતા દુષ્કર છે. તેણીએ તેનો પૂર્વનો સર્વ જ વૃત્તાંત જણાવ્યો. તેના ચારિત્રથી આકર્ષાયેલા રથિકને પરમ શ્રાવક બનાવાયો. (૮૮)

તે સમયે બાર વરસનો દુકાળ પડ્યો. સર્વ સાધુ સમુદાય સમુદ્રના કાંઠે ગયો. દુકાળ પુરો થયા પછી ફરીથી સાધુ સમુદાય પાટલિપુત્રમાં આવ્યો. સંઘે શ્રુતજ્ઞાન સંબંધી ચિંતા કરી કે કોને કેટલું જ્ઞાન છે. ઉદેશ કે અધ્યયનાદિ જેની પાસે જે શ્રુત હતું તે સર્વ ભેગું કરીને ત્યાં જં અગીયાર અંગ રાખ્યા (સાચવ્યા) તેમાં દૃષ્ટિવાદ સંબંધી પરિકર્મ, સૂત્રાદિ, પૂર્વગત, ચૂલિકા અને અનુયોગ એમ પાંચ નથી એટલે નેપાલ વર્તી દેશમાં ભદ્રબાહુ ગુરુ વિચરે છે અને દૃષ્ટિવાદને ધારણ કરે એમ સંઘે વિચાર્યું. સંઘે તેમની પાસે સાધુ સંઘાટક[1]ને મોકલ્યો અને કહેવડાવ્યું કે તમો દૃષ્ટિવાદની વાચના આપો, અહીં અર્થી સાધુઓ છે. સંઘકાર્ય જણાવ્યા પછી તેમણે કહ્યું કે હમણાં મેં મહાપ્રાણ ધ્યાન સાધવા શરૂ કર્યું છે, કેમકે પૂર્વે દુષ્કાળ હતો. આ ધ્યાન પૂર્ણ થયા વિના હું વાચના નહીં આપું, કારણ કે ધ્યાનમાં તે વાચના આપવી શક્ય નથી. આવીને સંઘાટકે સંઘને જણાવ્યું. પછી સંઘે ફરીથી તેમની પાસે સંઘાટક મોકલ્યો અને કહેવડાવ્યું કે સંઘની જે આજ્ઞા ન માને તેને શું દંડ થાય? તેને ઉદ્ઘાટન પ્રાયશ્ચિત્ત થાય, અર્થાત્ તેને સંઘની બહાર કરવો જોઇએ. તો તમને જ એ પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થયું છે. મને સંઘ બહાર ન મૂકો અને જે સુમેધાવી[2] સાધુઓ છે તેને અહીં મોકલો. જયાં સુધી ધ્યાન ચાલશે ત્યાં સુધી દિવસના સાત વાચનાઓ આપીશ. એક ભિક્ષાથી પાછા આવે ત્યારે. બીજી મધ્યાહ્ને, ત્રીજી સંજ્ઞા ત્યાગ વખતે, ચોથી દિવસના કાળ વેળાએ અને ત્રણ વાચનાઓ શયન વખતે, અર્થાત્ રાત્રે. પછી સ્થૂલભદ્ર વગેરે પાંચસો મેધાવીઓ તેમની પાસે પહોંચ્યા અને પ્રશ્નોત્તરીમાં વાંચના લે છે. એક વાર, બે વાર કે ત્રણ વાર સુધીમાં તેઓ ધારણ કરવા (યાદ રાખવા) સમર્થ થતા નથી ત્યારે એક સ્થૂલભદ્ર સિવાય બધાએ વાચના લેવાનું છોડી દીધું. ધ્યાન થોડું બાકી રહ્યું ત્યારે ગુરુએ પુછ્યું કે તું ખેદ નથી પામતો ને ? તે કહે છે કે હે ભગવન્ ! મને કોઇ ખેદ નથી. ગુરુએ કહ્યુંઃ તો તું થોડો કાળ રાહ જો હું આખો દિવસ વાચના આપીશ. તે આચાર્ય

૧. **સાધુ સંઘાટક**= બે સાધુ.

૨. **સુમેધાવી** એટલે તીવ્ર સ્મરણ શક્તિવાળો. ભણતા તરત યાદ રાખી શકે અને ભણેલું જલદી ભૂલે નહીં તે મેધાવી કહેવાય, અર્થાત્ જેને જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ તીવ્ર થયો હોય તેવો.

ભગવંતને પૂછે છે કે હે ભગવન્ ! અત્યાર સુધી મારા વડે કેટલું ભણાયું ? સરસવ જેટલા અઠ્યાસી સૂત્રો ભણ્યો છે, મેરુ પર્વત જેટલું ભણવાનું બાકી છે. અત્યાર સુધીમાં જેટલો કાળ ભણ્યો તેના કરતા હવે કંઇક ન્યૂન કાળથી સુખથી સર્વ પણ દૃષ્ટિવાદને ભણી શકીશ અને ક્રમથી બે વસ્તુ ન્યૂન દશપૂર્વો સ્થૂલભદ્ર ભણ્યા ત્યારે ગુરુ વિહાર કરતા પાટલિપુત્ર આવ્યા અને ત્યાં બહાર ઉદ્યાનમાં રહ્યા. (૧૦૭)

જક્ષાદિ સાતે ય પણ સ્થૂલભદ્રની બહેનો ગુરુ અને જ્યેષ્ઠાર્યને વંદન નિમિત્તે આવી. ગુરુને વંદન કરી તે જ્યેષ્ઠાર્ય કયાં છે ? એમ પુછાયેલા ગુરુ કહે છે કે આ દેવકુલિકામાં પ્રહૃષ્ટ પરાવર્તન કરતો રહે છે. તેઓને આવતી જોઇને ઋદ્ધિ બતાવવા નિમિત્તે તેણે સિંહનું રૂપ લીધું. સિંહને જોઇને ભય પામેલી સાધ્વીઓ ગુરુ પાસે આવીને કહે છે કે હે ભગવંત ! ભાઇને સિંહ ખાઇ ગયો છે. ગુરુએ કહ્યું કે તે સ્થૂલભદ્ર છે સિંહ નથી અને ફરી આવીને વંદન કરી ઊભી રહી. પછી સુખશાતા પૂછી અને કહ્યું કે અમોએ શ્રીયકને દીક્ષા અપાવી. પર્વ દિવસે ઉપવાસ કરાવવાથી તે મરીને દેવલોકમાં ગયો. શ્રીયકના મરણથી ભયભીત થયેલી બહેનો વડે તપથી શાસન દેવી બોલાવાઈ દેવી જક્ષાને મહાવિદેહ લઇ ગઇ અને તીર્થંકરને પ્રાયશ્ચિત્ત પુછ્યું. તેમની પાસેથી એક ભાવના અને બીજુ વિમુક્ત અધ્યયન લાવી. આ પ્રમાણે વંદન કરીને ગઇ.

બીજા દિવસે નવા સૂત્રનો ઉદ્દેશો લેવા સ્થૂલભદ્ર ગુરુ પાસે આવ્યા. જેટલામાં સૂરિ આપતા નથી તેટલામાં પુછ્યું: હે ભગવન્ ! અહીં શું કારણ છે ? ગુરુ– તું અયોગ્ય છે. એટલે સ્થૂલભદ્રે જાણ્યું કે મેં ગઇકાલે પ્રમાદ કર્યો છે તેથી મને શ્રુત નથી આપતા. સ્થૂલભદ્ર– હું ફરીથી પ્રમાદ નહીં કરું. ગુરુ કહે છે–ં જો કે તું નહીં કરે તો પણ બીજા પ્રમાદ કરશે. પછી બીજાને નહીં ભણાવવાની શરતે મુશ્કેલીથી કોઇક રીતે પછીના ચારપૂર્વો ભણાવવાનું સ્વીકાર્યું. ત્યાર પછી દશમાં પૂર્વની બે વસ્તુ અને બાકીના ચારપૂર્વો વ્યવચ્છેદ પામ્યા. બાકીનું સર્વ શ્રુત માન્ય રખાયું. અહીં ગણિકા અને રથિકને વૈનયિકી બુદ્ધિ છે. એટલું પ્રસ્તુત છે બાકીનું પ્રાસંગિક છે.

**ગાથાનો અક્ષરાર્થ**– ગણિકા અને રથિક બંનેનું એક જ દૃષ્ટાંત છે પણ બે નહીં. **सुकोस सड्ढि** પૂર્વે જે કોશા નામ કહ્યું છે તે જ સુકોશા છે. જિનશાસનમાં અતિ શ્રદ્ધાળુ હોવાથી સ્થૂળભદ્રના ગુણોની નિરંતર પ્રશંસા કરતી તેને જોઇને રથિકે તેને આકર્ષિત કરવા માટે આંબાની લૂંબ છેદી અને તેણે (કોશાએ) સરસવના ઢાગલા ઉપર રાખેલી સોય પર નૃત્ય કરી બતાવ્યું અને કહ્યું કે શિક્ષિતને શું દુષ્કર છે ? (૧૧૭)

**सीता साडी क्रज्जं, दीहं तण गच्छ कुंचपड्वाणी ।**

**लेहायरियपणामण, अवहम्मि तहा सुसिस्साणं ॥११८॥**

सीया साडी दीहं च तणं अवसव्वयं च कुंचस्सत्ति द्वारे—केनचित् कलाचार्येण क्वचिन्नगरे कस्यचिन्नरनायकस्य पुत्रा अतिदानसन्मानगृहीतेन लेख्यादिकाः कला ग्राहिताः, संजातश्च कालेनातिभूयान् द्रव्यसंयोगः, लुब्धश्च राजा इच्छति तं व्यपरोपयितुं तत्र । ज्ञातं च पुत्रैः । ''जनिता चोपनेता च यस्तु विद्यां प्रयच्छति । अन्नदाता भयत्राता पञ्चैते पितरः स्मृताः ॥१॥'' इति नीतिमद्वाक्यं कृतज्ञतयाऽनुस्मरद्भिः परिभावितं च तैः (ग्रं. ३०००) यथा केनाप्युपायेन अक्षतमेवामुमतः स्थानान्निःसारयामः। ततो यदा जेमितुमागतोऽसौ तदा स्नानशाटिकां याचमानस्तैरुक्तः शुष्कायामपि शाटिकायां यथा शीता शिशिरा शाटी, किमुक्तं भवति—शीतकार्यं ते इति । तथा दीर्घं तृणं द्वाराभिमुखं दत्त्वा सूचयन्ति, यथा—गच्छ दीर्घं मार्गं प्रतिपद्यस्वेति तथा कौञ्चस्य मङ्गलार्थं स्नातस्य प्रदक्षिणतयोत्तार्यमाणस्य प्राक् तदानीं 'पइवाणि' त्ति प्रतीपरूपतयोत्तारणं कृतम्, प्रतिकूलं संप्रति ते राजकुलमिति । लेख्याचार्यप्रणामनं कलाचार्यस्य शाट्यादीनां समर्पणां कुर्वतां अवधे अव्यापादने-अद्यापि राज्ञा वधेऽक्रियमाणे इत्यर्थः । तथा शीता शाटी इत्यादिना प्रकारेण सुशिष्याणां कृतज्ञतया सुन्दरान्तेवासिभावं प्राप्तानां वैनयिकी बुद्धिः सम्पन्ना । निस्सृतश्चासावनुपहत एव ॥११८॥

**ગાથાર્થ**– ઠંડી સાડી, કાર્ય, દીર્ઘ તૃણ, ચાલ્યા જાઓ, ક્રૌંચનું ડાબે ઉતારવું, લેખાચાર્યને પ્રણામ, અક્ષત ચાલ્યા જવું, તથા સુશિષ્યોની વૈનયિકી બુદ્ધિ. (૧૧૮)

સીતા સાડી, અને દીર્ઘ તૃણ, અવસવ્ય અને કુંચ એ પ્રમાણે દ્વાર છે. કોઇક કલાચાર્યે કોઈક નગરમાં અતિ-દાન-માન સન્માન મેળવીને રાજાના પુત્રોને લેખ્યાદિક કળાઓ ભણાવી અને કાળથી તે અતિધનવાળો થયો. લોભી રાજા તેને ત્યાં મારી નાખવા ઇચ્છે છે. પુત્રોએ આ હકીકત જાણી. ''માતા, જનોઇ આપનાર ગુરુ, વિદ્યાગુરુ, અન્નદાતા અને ભયત્રાતા આ પાંચ પિતા કહેવાય છે.'' એ પ્રમાણે નીતિ વાક્યને કૃતજ્ઞપણાથી યાદ કરતા તેઓએ વિચાર્યું કે કોઇપણ ઉપાયથી આ કલાગુરુ આ સ્થાનથી અક્ષત(હેમખેમ) નીકળી જાય તેવું કરીએ. તેથી જ્યારે આ જમવા આવ્યા ત્યારે 'સ્નાન પોતળી માગતા તેમને સુકાયેલી હોવા છતાં પણ આ પોતળી શિશિરા[1] જેવી ઠંડી છે' એમ તેઓએ કહ્યું. કહેવાનો ભાવ એ છે કે તમારું કાર્ય ઠંડુ (ધીમું) છે તથા લાંબુ ઘાસ દરવાજાની સન્મુખ આપીને જણાવે છે કે તમે જાઓ અને દીર્ઘમાર્ગનો સ્વીકાર કરો. સ્નાન કરી લીધા પછી મંગલને માટે પૂર્વે ક્રૌંચને જમણી બાજુથી

૧. શિશિરા– રેણુકા નામની એક વનસ્પતિની વેલ છે. તે ગુણથી ઘણી ઠંડી છે, ગમે તેવો ગરમીનો તાવ હોય તેને ઉતારી દે છે માટે તેને શિશિરા કહે છે.

ઉતારાતો હતો પણ હવે ડાબી બાજુથી ઉતાર્યો આનાથી એ સૂચવ્યું કે હમણાં તમારા ઉપર રાજકુળ પ્રતિકૂળ છે તેથી હજુ પણ રાજા વધ કરે તે પૂર્વે નીકળી જાઓ. આ પ્રમાણે કલાચાર્યને સાડી આદિનું સમર્પણ કરતા, કૃતજ્ઞતાથી સુંદર શિષ્યભાવને પામેલા રાજપુત્રોને વૈનયિકી બુદ્ધિ પ્રાપ્ત થઈ અને કલાચાર્ય અક્ષતપણે નીકળી ગયા. (૧૧૮)

**णिव्वोद पोसियजार, खुरकए रत्तितिसियदगमरणे ।**
**उज्झय नावियपुच्छा, णाएतयगोणसुलद्धो ॥११९॥**

**'णिव्वोदे' इति, नीव्रोदके ज्ञाततयोपन्यस्ते—'पोसियजारखुरकए' इति कयाचित् प्रोषितभर्तृकया जारो विटो गृहे प्रवेशितः, तस्य च क्षुरकर्म नखाद्युद्धरणादि कृतं । कृते च 'रत्तितिसियदगमरणे' इति रात्रौ तृषितस्सन्नुदकं सन्निहितान्यजलाभावे नीव्रसलिलं पायितस्तत्क्षणादेव मरणं तस्य सम्पन्नम् । निश्चिते च तत्र उज्झनं बहिर्देवकुलिकाया-स्त्यागः कृतः । दृष्टश्च लोकेन गवेषितश्च कथमसौ मृत ? इति, सद्भावं चालभमानेन तत्र केनचित् सप्रतिभेनोक्तं—नवमेवास्य क्षुरकर्म नापितविहितं च दृश्यते, ततो लोकेनाहूय नापितानां पृच्छा कृता—केनास्य क्षुरकर्म विहितम् ? इति, कथितं चैकेन यथा—मयामुकस्य गेहे इति । ज्ञाते च पृष्टा सा—किं त्वया मारित ? इति, सा चाह तृषितो मया नीव्रोदकमेव केवलं पायितः। ततो लोकस्य नीव्रस्थितत्वग्विषगोनसोपलब्धिः प्रस्तुतबुद्धिप्रभावात् संपन्ना ॥११९॥**

ગા**થાર્થ**– નેવાનું પાણી, પ્રોસિતપતિ સ્ત્રી, જાર, ક્ષુરકર્મ, રાત્રે તૃષા, નેવાનું પાણી, મરણ, ત્યાગ, હજામને પૃચ્છા, જ્ઞાન, ત્વગ્ગોણસ સાપની પ્રાપ્તિ. (૧૧૯)

ઉદાહરણરૂપે મૂકેલું નીવ્રોદક કહેવાય છે. ક્યારેક જેનો પતિ પરદેશ ગયો છે એવી સ્ત્રીએ ઘરમાં જારને લઈ આવીને તેનું નખાદિ કાપવા સ્વરૂપ ક્ષુરકર્મ કરાવ્યું અને તેમ કર્યા પછી રાત્રે તરસ્યો થયો ત્યારે નજીકમાં પાણી નહીં હોવાથી નેવાનું પાણી પાયું. તત્ક્ષણ જ તેનું મરણ થયું અને ખાત્રી થયા પછી દેવકુલિકાની બહાર તેનો ત્યાગ કર્યો, લોકોએ તેને જોયો અને તપાસ કરી કે આ કેવી રીતે મર્યો ? મરણનું કારણ નહીં મળવાથી ત્યાં કોઈક બુદ્ધિશાળીએ કહ્યું કે હજામે આનું ક્ષુરકર્મ હમણાં જ કર્યું લાગે છે. પછી લોકોએ હજામોને બોલાવી પૃચ્છા કરી કે આનું ક્ષુરકર્મ કોણે કર્યું છે ? તેમાંના એકે કહ્યું કે મેં અમુકને ઘરે ક્ષુરકર્મ કર્યું હતું. અને લોકોએ આ હકીકત જાણ્યા પછી સ્ત્રીને પૂછ્યું કે શું તેં આને માર્યો છે ? તે કહે છે કે તરસ્યા થયેલા આને મેં નેવાનું ફક્ત પાણી પીવડાવ્યું હતું. પછી લોકોએ નળિયા ઉપર રહેલા ત્વગ્વિષ[1] સાપને જોયો. લોકોને સાપની ઉપલબ્ધિ (જાણ) વૈનયિકી બુદ્ધિના પ્રભાવથી થઈ. (૧૧૯)

---

૧. **ત્વગ્વિષ**– જેની ચામડીમાં ઝેર છે એવો સાપ.

गोणे णेत्तुद्धरणं, घोडगजीहाइ पडणमो उवरिं ।
मंदमई ववहारे, रिउत्ति मंतिस्स अणुकंपा ॥१२०॥

'गोणे' त्ति गोणो घोडगपडणं च रक्खाओ इति द्वारपरामर्शः । तत्र क्वचिद् ग्रामे केनचिन्मन्दभाग्येन निर्वाहोपायान्तरमन्यदलभमानेन मित्राद् याचितैर्बलीवर्दैर्हलं वाहयितुमारब्धम् । विकाले च तेनानीयैते गावो मित्रस्य संबन्धिनि गोवाटके प्रक्षिप्ताः । तच्च मित्रं तदा जेमितुमारब्धम् । लज्जया चासौ नोपसर्पितः दृष्टाश्च तेन ते वाटके क्षिप्यमाणाः । अकृततप्तयश्च निर्गतास्ते । ततो हृताश्चौरैः, गृहीतश्च मन्दभाग्यो मित्रेण यथा—समर्पय मे बलीवर्द्दान् । असमर्पयमाणश्च राजकुले नेतुमारब्धो यावत्तावत् प्रतिपथेन तुरङ्गमारूढ एकः पुरुषः समागच्छति । स च कथंचित्तुरगेण भूमौ पातितः ।

पलायमानश्च तुरग आहत आहतेति तदुक्ते तेन मन्दभाग्येन कशादिना ताडितः क्वचिन्मर्मणि । मृतश्च तत्क्षणादेव, गृहीतश्च तुरङ्गस्वामिनाऽप्यसौ । संपन्नश्च गच्छतामेव विकालः । उषिताश्च नगरबहिरेव । तत्र च केचिन्नटा आवसिताः सन्ति, सुप्ताश्च ते सर्वेऽपि । चिन्तितं च तेन रात्रौ मम नास्ति जीवतो मोक्ष इति वरं आत्मा उद्बद्धः । इति परिभाव्य दण्डिखण्डेन वटवृक्षशाखायां आत्मा उल्लम्बितः । सा च दण्डिर्दुर्बला झटित्येव त्रुटिता । पतितेन च तेन नटमहत्तरको मारितः । तैरप्यसौ गृहीतः नीतिकरणे । कथितं च यथावृत्तं तैः । पृष्टोऽसावमात्येन । प्रतिपन्नश्च सर्वम् । ततो मन्त्रिणा निष्प्रतिभोऽयमिति महतीमनुकम्पां तं प्रति कुर्वता प्रस्तुतबुद्धिप्रभावान्न्यायो दृष्टः; यथा—'नेत्तुद्धरण' इति, बलीवर्दविषये नेत्रोद्धरणं लोचनोत्पाटः कर्त्तव्यः । अयमभिप्रायः—बलीवर्दस्वामी मन्दभाग्यश्च भणितौ मन्त्रिणा, यथा-द्वावपि भवन्तावपराधिनौ । तत एकस्य बलीवर्दान् वाटके प्रक्षिप्यमाणान् दृष्टवतो नेत्रोत्पाटनम्, द्वितीयस्य च वाचा बलीवर्दानसमर्पितवतो बलीवर्दप्रदानं दण्ड इति । 'घोडगजीहाइ' इति-अनेन घोटको दातव्यः । घोटकस्वामिनश्च घोटकमाहताहतेति भणितवतो जिह्वाया छेदो दण्डः । 'पडणमो उवरि' त्ति नटमहत्तरकश्च तथा कश्चित् दण्डिखण्डेनात्मानमुद्बध्य पतनमस्योपरि करोतु । एवं मन्दभाग्यो व्यवहारे प्रवृत्ते ऋजुरिति कृत्वा मन्त्रिणोऽनुकम्पा संपन्ना, न पुनरसौ दण्डित इति ॥१२०॥

॥ समाप्तानि वैनयिकीबुद्धिज्ञातानि ॥

ગાથાર્થ– બળદો, નેત્રનું ખેંચવું, ઘોડાનું મરણ, ઝાડ પરથી પડવું, મંદમતિ, વ્યવહાર, ઋજુ, મંત્રીની અનુકંપા. (૧૨૦)

બળદ, ઘોડાપરથી પતન, વૃક્ષ એ પ્રમાણે દ્વાર પરામર્શ છે. કોઇક ગામમાં કોઇક મંદભાગ્યશાળી નિર્વાહનો બીજો કોઇ ઉપાય ન મળતા મિત્રો પાસેથી બળદો માગી હળ ચલાવવા લાગ્યો અને વિકાલે (સાંજે) બળદોને ઘરે લાવી મિત્રના વાડામાં છોડ્યા (મુકયા). તે વખતે મિત્ર ભોજન કરતો હતો. અને લજ્જાથી તે જમતા મિત્રની પાસે ન આવ્યો. માલિકે પણ તેને વાડામાં મૂકતા જોયા. સારસંભાળ નહીં કરાયેલા બળદો વાડામાંથી નીકળી ગયા. પછી ચોરો બળદોનું હરણ કરી ગયા. મંદભાગ્ય મિત્રને પકડીને કહ્યું કે મારા બળદો પાછા આપ અને મંદભાગ્ય બળદો પાછા આપતો નથી ત્યારે તેને જેટલામાં રાજકુળમાં લઇ જવા લાગ્યો તેટલામાં સામેથી એક ઘોડેસવાર પુરુષ આવે છે અને કોઇક કારણથી ઘોડાએ તેને નીચે પાડ્યો અને ભાગી જતા ઘોડાને હણો હણો એમ બૂમો પાડી ત્યારે મંદભાગ્યે તેને ચાબુકથી કોઇક મર્મ સ્થાનમાં માર્યો અને તત્ક્ષણ જ તે ઘોડો મર્યો અને અશ્વસ્વામીએ મંદભાગ્યને પકડ્યો અને જતા તેઓને વિકાલ થયો. નગરની બહાર જ રહ્યા. ત્યાં કેટલાક નટો રહેલા હતા. તે બધા સૂઇ ગયા. મંદભાગ્યે વિચાર્યું કે મારો અહીં જીવતા છૂટકારો નહીં થાય તેથી ગળે ફાંસો ખાવો સારો છે. એમ વિચારીને દંડિખંડથી[1] વડના ઝાડની શાખામાં પોતાને લટકાવ્યો અને તે દોરી નબળી હોવાથી જલદીથી જ તૂટી અને નટના મુખ્ય માણસ ઉપર પડ્યો અને તે મર્યો. નટોએ પણ ન્યાય માટે મંદભાગ્યને પકડ્યો. અમાત્યે જ્યારે પુછ્યું ત્યારે બધાએ યથાર્થ બતાવ્યું, અર્થાત્ સત્યહકીકત જણાવી. પ્રધાને મંદભાગ્યને સર્વ હકીકત પૂછી. મંદભાગ્યે સર્વ ભૂલો સ્વીકારી. પછી આ મંદભાગ્ય પ્રતિભા વિનાનો છે એટલે તેના ઉપર મોટી અનુકંપા કરતા વૈનયિકી બુદ્ધિના પ્રભાવથી ન્યાય આપ્યો. તે આ રીતે– બળદના વિષયમાં આંખો ખેંચી લેવી. કહેવાનો ભાવ એ છે કે– મંત્રીએ બળદના માલિક અને મંદભાગ્યને ફરમાવ્યું કે તમે બંને પણ અપરાધી છો. તેમાં વાડામાં લવાતા બળદને જોનારની આંખ ખેંચી લેવી અને બીજાને વાણીથી બળદો ન સોંપ્યા માટે તેણે બીજા બળદો આપવા. અને મંદભાગ્યે ઘોડાના સ્વામીને ઘોડો આપવો. ઘોડાના માલિકે ઘોડાને મારો મારો એમ કહ્યું તેથી તેની જીભ છેદવી એ દંડ છે અને નટમુખીએ કોઇક દોરડીના ટુકડાથી પોતાને લટકાવી મંદભાગ્યના ઉપર પડવું. આ પ્રમાણે વ્યવહાર પ્રવર્ત્યો ત્યારે મંદભાગ્ય સરળ છે એમ માનીને તેને અનુકંપા કરી પણ તેને દંડ ન કર્યો. કહેવાનું એ છે કે મંદભાગ્યને દંડ ન કર્યો પણ ઉપર મુજબ શિક્ષા થઈ. (૧૨૦)

(વૈનયિકી બુદ્ધિના ઉદાહરણો સમાપ્ત થયા)

**नमः श्रुतदेवतायै ।**

શ્રુત દેવતાને નમસ્કાર થાઓ.

---

૧. દંડિખંડ એટલે દોરાથી સીવેલ વસ્ત્ર અથવા થીગડાં મારેલું વસ્ત્ર.

अथ कर्मजाबुद्धिज्ञातानि—

**कम्मयबुद्धीएवि हु, हेरण्णियमातिया तदब्भासा ।**
**पगरिसमुवेंति तीसे, तत्तो णेयम्मि लहु सिद्धी ॥१२१॥**

**कर्मबुद्धावपि ज्ञातान्युच्यन्ते । तत्र च—'हेरन्नियमाइया' इति, हैरण्यिकादयः सौवर्णिकप्रभृतयः कारवः किमित्याह-तदभ्यासात् सुवर्णघटनादिकर्मणां पुनःपुनरनुशीलनात् प्रकर्षमतिशयमुपयान्ति प्रतिपद्यन्ते । तस्याः प्रस्तुतबुद्धेस्ततः प्रकर्षाज्ज्ञेये सुवर्णादौ लघु झटित्येव सिद्धिः सुवर्णघटनादिगोचरा तेषां संपद्यत इति ॥१२१॥**

હવે કર્મજા બુદ્ધિના ઉદાહરણો કહેવાય છે.

**ગાથાર્થ**– કર્મબુદ્ધિને વિશે પણ સુવર્ણકારાદિના ઉદાહરણો છે. કાર્યના અભ્યાસથી નિપુણતા પ્રાપ્ત થાય છે. કર્મબુદ્ધિથી સુવર્ણાદિ જ્ઞેય પદાર્થોમાં જલદી સિદ્ધિ થાય છે. (૧૨૧)

કર્મબુદ્ધિમાં પણ ઉદાહરણો કહેવાય છે, અને તેમાં– સુવર્ણકાર વગેરે કારીગરોના ઉદાહરણો છે. સોનું ઘડવા આદિના કાર્યના વારંવારના અભ્યાસથી તેમાં કુશળતા પ્રાપ્ત થાય છે. તેથી કર્મજા બુદ્ધિથી સુવર્ણને ઘડવા આદિ વિષયવાળી સિદ્ધિ જલદીથી પ્રાપ્ત થાય છે. (૧૨૧)

एतदेव भावयितुमाह—

**हेरण्णिओ हिरण्णं, अब्भासाओ णिसिंपि जाणेइ ।**
**एमेव करिसगोवि हु, बीयक्खेवाति परिसुद्धं ॥१२२॥**

**हैरण्यिकः हिरण्यपण्यप्रधानो वणिग् 'हिरण्यं' दीनारादिरूपकरूपं 'अभ्यासात्' पुनःपुनरनुशीलनान्निश्यपि रात्रावपि जानाति, यथेदं सुवर्णं पलादिप्रमाणं च वर्त्तते । 'एमेव' त्ति एवमेव 'करिसगोवि हु' त्ति कर्षकोऽपि कृषीवललोकः बीजक्षेपादि बीजक्षेपं मुद्गादिबीजवपनरूपम्, आदिशब्दात् क्षेत्रगुणान्, तुल्यान्तरतया च बीजनिपातमूर्ध्वमुखमधोमुखं पार्श्वं जानाति, कीदृशमित्याह—परिशुद्धमविसंवादि, अभ्यासादेव । अत्र चेदमुदाहरणम्—क्वचिन्नगरे केनचिद् म्लेच्छाचारिणा मलिम्लुचेन कस्यचिद् द्रविणपतेर्वेश्मनि रात्रौ क्षात्रमष्टपत्रपद्माकारं पातितम् । निष्कृष्टश्चार्थसारः । प्रभाते च स्वकर्मणा विस्मयमागतः । स च शुचिशरीरः कृतशिष्टलोकोचितनेपथ्यश्च तद्देशमागतो जनवादं श्रोतुमारब्धः—'अहो कुशलता धृष्टता च चौरस्य, य इत्थं प्राणसंकटस्थानप्रविष्टोऽपि व्युत्पत्तिमान् वर्त्तते' । प्रहृष्टश्चासावतीव । समागतश्चात्रान्तराले कर्षकः स्कन्धारोपितकर्षणोचितकुशीयूपादिसामग्रीकस्तद्दर्शनार्थम् । दृष्ट्वा चोक्तमनेन,**

'किं शिक्षितस्य दुष्करम् ?' इति, श्रुतं तस्करेण । रुष्टश्च मनसा । लग्नो गृहीतशस्त्रस्तदनु मार्गेण । गतः क्षेत्रम् । गृहीतोऽसौ केशेषु । भणितश्च यथा त्वां मारयामि । पृष्टश्च तेन निमित्तम्। निवेदितं चानेनात्मकृतपद्माकारक्षात्रावज्ञारूपम् । ततः कृषीवलेन—'मुञ्च क्षणं, दर्शयामि ते कौतुकम्' इत्युक्त्वा पटं प्रस्तार्य स्ववचनं सत्यं कर्त्तुकामेन बीजानां मुष्टिर्भृता भणितश्चौरः—'पराङ्मुखान्यधोमुखानि ऊर्ध्वमुखानि पार्श्वतोमुखानि एकाद्यङ्गुलान्तराणि वा एतानि बीजानि क्षिपामीति वदेच्छानुरूपम् । क्षिप्तानि च तदिच्छानुरूपेण ।' तुष्टश्च चौर इति ॥१२२॥

આને જ ભાવના કરતા કહે છે–

ગાથાર્થ– સોની અભ્યાસથી સોનાને રાત્રે પણ જાણી લે છે, એ જ પ્રમાણે ખેડૂત પણ બીજના ક્ષેપાદિને સારી રીતે જાણે છે. (૧૨૨)

ઝવેરાતનો વ્યાપારી વારંવારના અભ્યાસથી દીનારાદિ રૂપિયાના સ્વરૂપને રાત્રે પણ જાણે છે. જેમકે આ સુવર્ણ આટલા પલાદિ પ્રમાણવાળું છે. એ જ પ્રમાણે ખેડૂત પણ મગ વગેરે બીજની વાવણીના સ્વરૂપને આદિ શબ્દથી ક્ષેત્રના ગુણોને અને ઉર્ધ્વમુખ, અધોમુખ બીજના નિપાતને તુલ્ય અંતરથી જાણે છે. કેવી રીતે જાણે છે ? અભ્યાસથી જ સચોટ જાણે છે. અને અહીં આ ઉદાહરણ છે–

કોઈક નગરમાં કોઈક મ્લેચ્છાચારી ચોરે કોઈક ધનવાનના ઘરે રાત્રે આઠ-પાંદડાવાળા કમળાકારે બાકોરું કરી ખાતર પાડ્યું. અર્થસાર ખેંચી લીધો અને પ્રભાતે સ્વકર્મથી વિસ્મય પામ્યો. સ્નાનથી શરીર સ્વચ્છ કરી, શિષ્ટલોકને ઉચિત એવા વેશને પહેરી, જનવાદને સાંભળવા તે પ્રદેશમાં આવ્યો. અહો ! ચોરની કેવી કુશળતા અને ધૃષ્ટતા ! જે અહીં પ્રાણોના સંકટ સ્થાનમાં પ્રવેશેલો પણ આ પ્રમાણે કલાકાર દેખાય છે. અને આ (ચોર) અતિ ખુશ થયો. એટલીવારમાં કોશ, યુપાદિ ખેતીની સામગ્રીને ખભા ઉપર લઈને જતો ખેડૂત ચોરીને જોવા માટે આવ્યો. જોઇને એણે કહ્યું કે શિક્ષિતને શું દુષ્કર છે ? આ વાત ચોરે સાંભળી અને મનમાં ગુસ્સે ભરાયો. શસ્ત્રોને લઇ માર્ગમાં ખેડૂતની પાછળ ગયો. ખેતરે પહોંચ્યો અને ખેડૂતના વાળ ખેંચી કહ્યું કે હું તને મારીશ. ખેડૂતે પુછ્યું કે શા માટે (ક્યા કારણથી) ? ચોરે પણ કહ્યું કે પદ્માકાર બાકોરું કરી મેં ચોરી કરી તેની તેં અવજ્ઞા કરી તે કારણથી તને મારીશ. પછી ખેડૂતે કહ્યું: એક ક્ષણ મૂક, હું તને કૌતુક બતાવું, એમ કહીને કપડું પાથરીને પોતાના વચનને સાર્થક કરવાની ઇચ્છાવાળા ખેડૂતે બીજની મૂઠી ભરીને ચોરને કહ્યું: આ બીજોને હું પરાંઙ્મુખ, અધોમુખ, ઊર્ધ્વમુખ, અને બાજુમુખ અથવા એકાદિ આંગળના અંતરે અંતરે નાખી શકું છું તેથી તું પોતાની ઇચ્છામુજબ કહે હું તેમ કરી આપું. ચોરની ઇચ્છા અનુરૂપ બીજો નાખી બતાવ્યા અને ચોર ખુશ થયો. (૧૨૨)

**एमेव कोलिगोवि हु, पुंजा माणाइ अविगलं मुणइ ।**
**डोए परिवेसंतो, तुल्लं अब्भासओ देइ ॥१२३॥**

**'एमेव' त्ति, कोलिकोऽपि 'पुञ्जात्' सूत्रपिण्डरूपाद् दृष्टाद्धस्तगृहीताद्वा 'मानादि' मानं तन्तुप्रमाणम्, आदिशब्दात्तन्निष्पाद्यपटप्रमाणं च अविकलमव्यभिचारि 'मुणति' जानीते। तथा 'डोए' इति, दर्व्या परिवेषयन् निपुणसूपकारः तुल्यं महत्यामपि पङ्क्तौ समं अभ्यासतो ददाति न पुनर्हीनमधिकं वा ॥१२३॥**

ગાથાર્થ— આ જ પ્રમાણે કોલિક (વણકર) પણ પુંજથી પ્રમાણાદિને સચોટ જાણે છે. અભ્યાસથી ડોયાથી પીરસતો તુલ્ય (સરખું) આપે છે (૧૨૩)

આ જ પ્રમાણે વણકર સૂત્રના ઢગલાને જોવાથી કે ગ્રહણ કરવાથી તેનાથી અડધું માન અને આદિ શબ્દથી વણાઇ ગયેલા પટના પ્રમાણને અવિકલપણે જાણે છે. તથા ડોયાથી પીરસતો નિપુણ રસોયો મોટી પણ પંગતમાં અભ્યાસથી સમાન પીરસે છે પણ હિનાધિક પીરસતો નથી. (૧૨૩)

**मोत्तियउक्खेवेणं, अब्भासा कोलवालपोतणया ।**
**घडसगडारूढस्सवि, एत्तो च्चिय कूवगे धारा ॥१२४॥''**

**मोत्तिएत्यादि, मौत्तिकोत्क्षेपेण मुक्ताफलस्योद्धर्वोत्पाटनेन अभ्यासात् पुनः पुनः प्रोतनानुशीलनरूपात् 'कोलवालपोतणया' इति, कोलवाले शूकरकन्धराकेशरूपे प्रोतना प्रवेशनम् । मौक्तिकप्रोतका हि सिद्धतत्क्रिया अधस्तादूर्ध्वमुखं क्रोडकेशं धृत्वा ऊर्ध्वमुखं तथा मौक्तिकं क्षिपन्ति यथा नूनं तत्र प्रवेशं लभत इति । तथा घृतशकटारूढस्यापि निपुणवणिजः, 'एत्तोच्चिय' त्ति, अत एवाभ्यासादेव कुतपे धारा घृतप्रवाहरूपा उपरिष्टाद् मुक्तवतोऽपि निपतति ॥१२४॥**

ગાથાર્થ— મોતીને ઊંચે ઉછાળી પરોવવાના અભ્યાસથી ભૂંડના વાળમાં મોતીનું પરોવવું તથા ઘીના ઘડાના ગાડામાં બેઠેલાએ ઘડામાંથી નીચે કૂપકમાં ઘીની ધારા કરી. (૧૨૪)

મોતીને ઉંચે ઉછાળી પરોવવાના વારંવારના અભ્યાસથી ડુક્કરની ડોક ઉપર રહેલા વાળમાં મોતી પરોવી શકે છે. જેને ક્રિયા સિદ્ધ થઇ ગઇ છે એવા મોતી પરોવનારા નીચેથી ઉપર વાળને કરીને મોતીને તે રીતે ઉછાળે છે જેથી મોતી સીધું વાળમાં અવશ્ય પરોવાય જાય છે. તથા ઘીના ગાડા ઉપર રહેલા નિપુણ વણિકો અભ્યાસથી જ ઉપરથી મુકેલી ઘીની ધારા નીચે સીધી કુતપમાં જ પડે છે પણ આડી અવળી પડતી નથી. (૧૨૪)

**पवए तरंडचागा, सम्मं तरणं नहम्मि वा एयं ।**
**तुण्णाए पुण तुण्णण, मणायसंधि दुयं चेव ॥१२५॥**

**प्लवकस्तारकस्तरकाण्डत्यागान्नदीसरोवरादिजलेषु सम्यक् स्वयमब्रुडन्नेव तरणं प्लवनं नभसि वा आकाशे तत्तरणमभ्यासात् करोति । 'तुन्नाए' इति, तुन्नावायस्तुटितवस्त्रादिसंधानकारी पुनः 'तुणण्ण' त्ति तुण्णणं वस्त्रसंधानं अज्ञातसंधि परैरनुपलक्षितविभागं द्रुतं चैव शीघ्रमेवाभ्यासात् करोति, यथा भगवतः स्कन्धवस्त्रस्य; तथाहि— भगवान् महावीरः सांवत्सरिकदानपूर्वं प्रतिपन्नव्रतस्तत्कालमेव शक्रारोपितस्कन्धप्रदेशदेवदूष्यः कुण्डग्रामाद् बहिर्देशे विहरन् दानकालासन्निहितगृहस्थपर्यायमित्रब्राह्मणेनागत्य प्रार्थनयोपरुद्धः सन् तस्मै देवदूष्यार्द्धं ददौ । साधिकवर्षान्ते च सुवर्णवालुकानदीतटप्ररूढवृक्षकण्टकाक्षेपाद् भूमौ पपात द्वितीयमर्द्धम्, गृहीतं च तत्तेनैव पृष्ठलग्नेन ब्राह्मणेन । समर्पितं च खण्डद्वितयमपि तुन्नवायस्य । तेनापि तथा तदज्ञातसंधि योजितं यथा लब्धप्राच्यलक्षप्रमाणमूल्यं संजातमिति ॥१२५॥**

**ગાથાર્થ**— પ્લવકનું તરંડના ત્યાગથી સમ્યક્ તરવું અથવા આકાશમાં ઊડવું, તુન્નવાય એવી રીતે બે ભાગને સાંધી આપે છે જેમાં જરા પણ સાંધો ન દેખાય. (૧૨૫)

પ્લવક એટલે તરનાર. હોડકાનો ત્યાગ કરી નદી સરોવર આદિ પાણીમાં સ્વયં નહીં ડૂબતો સમ્યક્ તરે છે. અથવા આકાશમાં તરવાના અભ્યાસથી આકાશમાં પણ તરી શકે છે. તંતુવાય એટલે તૂટેલા વસ્ત્રને સાંધનાર. એવી રીતે વસ્ત્રને સાંધી આપે છે કે તેનો સાંધો ક્યાં છે એમ બીજાઓને ખબર ન પડે. આ શીઘ્ર અભ્યાસથી સાધે છે. જેમકે— ભગવાનના સ્કંધ ઉપરથી પડી ગયેલા દેવદૂષ્ય વસ્ત્રને સાંધનાર. તે આ પ્રમાણે—

ભગવાન મહાવીર સાંવત્સરિક દાન આપીને દીક્ષા ગ્રહણ કરી. તત્કાલ જ ઇન્દ્ર વડે જેના સ્કંધ ઉપર આરોપણ કરાયેલ છે દેવદૂષ્ય એવા ભગવાન કુંડગ્રામથી બહાર દેશમાં વિહાર કરતા હતા ત્યારે દાન સમયે હાજર નહીં રહેલા ગૃહસ્થપણાના મિત્ર બ્રાહ્મણ વડે આવીને પ્રાર્થના કરાયે છતે ભગવાને તેને અર્ધું દેવદૂષ્ય આપ્યું. સાધિક વર્ષ પછી સુવર્ણવાલુકા નદીના કાંઠે ઉગેલા વૃક્ષના કાંટામાં ભરાઇને ખેંચાવાથી ભૂમિ ઉપર પડેલા બીજા અર્ધા ભાગને ભગવાનની પાછળ ફરતા તે જ બ્રાહ્મણે લઇ લીધું અને તેણે બીજો અડધો ભાગ પણ દરજીને આપ્યો. તેણે પણ તેવી રીતે ગૂઢ સાંધો કર્યો. જેથી પૂર્વનું લક્ષ પ્રમાણ મૂલ્ય પ્રાપ્ત થયું. (૧૨૫)

**वड्ढइरहाइदारुगपमाणणाणमह वेहदक्खत्तं ।**
**एमेव पूइयम्मिवि, मासाइदले मुणेयव्वं ॥१२६॥**

'वर्द्धके' रथकारस्य 'रथादिदारुकप्रमाणज्ञानं' रथादेः रथशिबिकायानयुग्यादेर्घटयितुमारब्धस्य दारुकाणां काष्ठानां दलभूतानां यत् प्रमाणं तस्यापि ज्ञानं संपद्यत एव। अथवेति पक्षान्तरे इह रथादौ निर्मापणीये यद्दक्षत्वं निर्माणशीघ्रत्वमभ्यासाद्भवति 'एमेव'त्ति, एवमेव प्रागुक्तहैरण्यकादिवत् 'पूतिके'त्ति, कान्दविके माषादिदले माषमुद्गगोधूमचूर्णादौ पक्तुमिष्टभोजनयोग्ये प्रमाणज्ञानं दक्षत्वं वा मुणितव्यं प्रस्तुतबुद्धिप्रभावादिति ॥१२६॥

ગાથાર્થ– રથાદિ લાકડાના પ્રમાણનું જ્ઞાન કાર્મિકી બુદ્ધિથી વધે છે અથવા નિપુણપણું, એ પ્રમાણે કંદોઈનું માષાદિ પ્રમાણનું જ્ઞાન કાર્મિકી બુદ્ધિથી વધે છે તેમ જાણવું. (૧૨૬)

રથ-શિબિકા-યાન-યુગ્ય (ધોસરું) આદિ ઘડવા શરૂ કરેલ રથિકને લાકડાનું જે પ્રમાણ છે તેનું પણ જ્ઞાન થાય છે. અથવા શબ્દ પક્ષાંતરને સૂચવે છે. રથાદિના નિર્માણમાં જે કુશળતા છે તે પહેલા કહેવાયેલ સુવર્ણકારાદિની જેમ અભ્યાસથી પ્રાપ્ત થાય છે. પૂતિકા એટલે કંદોઈ, ઈષ્ટ ભોજન યોગ્ય એવા અડદ, મગ, ઘઉં, ચણાદિમાં પકાવવા માટે કંદોઈનું જે પ્રમાણજ્ઞાન અથવા નિપુણપણું છે તે કર્મજા બુદ્ધિના માહત્મ્યથી છે એમ જાણવું. (૧૨૬)

**घडकारपुढविमाणं, तह सुक्कुत्तारणं च सयराहं ।**
**चित्तकरे एवं चिय, वण्णातो विद्धलिहणं च ॥१२७॥**

'घटकारः' कुम्भकारः 'पृथ्वीमानं' घटादिदलभूतमृत्पिण्डप्रमाणं जानाति यथा इयता मृत्पिण्डेन इयं घटादिनिष्पत्तिः निपतस्यते । तथेति समुच्चये। 'सुक्कुत्तारणं 'त्ति 'शुष्कस्य' मनाक् शोषमुपागतस्य भाण्डस्य घटादेरुत्तारणं चक्राद्विवरकेण पृथक्करणमित्येतत् 'सयराहं'त्ति शीघ्रं करोति 'चित्तकरे एवं चिय' त्ति चित्रकरोऽप्येवमेव, 'वर्णाद्' वर्णकाद्रक्तपीतादेः सकाशात् प्रमाणं लेखनीयचित्रस्य बुद्ध्यते । विद्धस्य जीवत इव गजतुरङ्गमादेर्जीवस्य लेखनं करोति, प्रक्रान्तबुद्धिमाहात्म्यात् । चः समुच्चये ॥१२७॥

॥ समाप्तानि कर्मजाया मतेर्ज्ञातानि ॥

ગાથાર્થ– કુંભાર માટીનું પ્રમાણ તથા સુકાઈ ગયેલા ઘડાને જલદીથી ઉતારવું જાણે છે. આ પ્રમાણે ચિત્રકાર આટલા રંગમાંથી આટલા ચિત્રો થશે તેમ જાણે છે. (૧૨૭)

કર્મજા બુદ્ધિના પ્રભાવથી જાણે જીવતા હાથી, ઘોડા આદિ જીવનું આલેખન કરે છે. 'ચ' શબ્દ સમુચ્ચયમાં છે. અર્થાત્ આના જેવા બીજા દૃષ્ટાંતોનો અહીંયા સમાવેશ કરી શકાય. (૧૨૭)

કુંભાર ઘટાદિ દળભૂત માટીના પિંડનું પ્રમાણ જાણે છે. જેમકે આટલા માટીના પિંડમાંથી આટલા ઘડા થશે. તથા શબ્દ સમુચ્ચયમાં છે. કંઈક સુકાયેલા ઘટાદિ ભાંડ ચક્ર ઉપરથી દોરડા વડે ઉતારીને ઝડપથી નીચે રાખે છે, એ પ્રમાણે ચિત્રકાર પણ લાલપીળા વર્ણથી કેટલું ચિત્રકામ થશે તે પ્રમાણે જાણે છે.

(કર્મજા બુદ્ધિના ઉદાહરણો પૂર્ણ થયા)

॥ नमः श्रुतदेवतायै ॥ શ્રુત દેવતાને નમસ્કાર થાઓ.

**अथ पारिणामिकीज्ञातानि भण्यन्ते—**

**परिणामिया य अभए, लोहग्गासिवणलागिरिवरेसु ।**
**पज्जेया जियवज्जणजायणया मोइओ अप्पा ॥१२८॥**

**अथ गाथाक्षरार्थः—पारिणामिक्यां बुद्धौ अभयो दृष्टान्तः । कथमित्याह— 'लोहग्गासिवणलागिरिवरेसु' त्ति, लोहजङ्घलेखवाहकअग्निअशिवानलगिरिवृत्तान्तविषयेषु चतुर्षु सत्सु । 'पज्जोया' इति प्रद्योताच्चण्डप्रद्योतनृपतेः सकाशात् । 'जियवज्जण जायणया' इति, जीवितवर्ज्जनेन वह्निप्रवेशाभ्युपगमात्, प्राणत्यागरूपेण कृत्वा या याञ्चा प्रार्थना तया मोचित आत्मा अभयकुमारेणेति ॥१२८॥**

**હવે પારિણામિકી બુદ્ધિના ઉદાહરણો કહેવાય છે–**

**ગાથાર્થ**– લોહજંઘ, અગ્નિ, અશિવ અને અનલગિરિના પ્રસંગોમાં અભયને પારિણામિકી બુદ્ધિ છે. પ્રદ્યોત પાસેથી જીવિત વિનાની યાચનાથી પોતાને છોડાવ્યો. (૧૨૮)

રાજગૃહ નામનું નગર હતું. ત્યાં શત્રુ રાજાઓના મદનું મર્દન કરનાર, ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ જગપ્રસિદ્ધ એવો શ્રેણિક રાજા હતો. ચાર પ્રકારની બુદ્ધિથી શ્રેષ્ઠ, પૂર્વે પણ જેના નિર્મળ ગુણોનો સમૂહ વિસ્તારથી કહેવાયેલ છે, લોકના મધ્યમાં ભમતો છે યશ જેનો એવો અભય નામનો તેનો મંત્રી છે. હવે ઉજ્જૈની નગરીનો સ્વામી, ઘણા પ્રચંડ સૈન્યથી યુક્ત, પ્રદ્યોતન રાજા સામો આવીને શ્રેણિક રાજાને ઘેરો ઘાલે છે. ચિત્તમાં ભયને ધારણ કરતા રાજાને અભય મંત્રીએ કહ્યું કે લડાયકની તમે શંકા ન કરશો, હું તેનું નિવારણ કરીશ. તેને આવતો સાંભળીને અભય તેના સામંત રાજાઓને જાણતો સૈન્યની નિવાસ ભૂમિની પૃથ્વીમાં તેઓ ન કાઢી શકે તેવી લોખંડની કોઠીઓમાં દીનારો ભરી દટાવે છે. પછી તેઓ આવ્યા અને સ્વસ્થાનમાં સંનિવેશ કરીને રહ્યા. શ્રેણિક રાજાને પ્રદ્યોતન સાથે મોટું યુદ્ધ થયું. કેટલાક દિવસો પછી અભય રહસ્યને જાણીને પ્રદ્યોતની બુદ્ધિના ભેદ માટે પ્રદ્યોત રાજાને લેખ મોકલાવે છે અને જણાવે છે કે તારા સર્વ

સામંત રાજાઓને શ્રેણિકે ફોડી નાખ્યા છે. જલદીથી પણ ભેગા મળીને તને બાંધીને શ્રેણિકને સુપરત કરશે તેથી જો મનમાં શંકા હોય તો અમુક ખંડિયા રાજાના અમુક ભાગમાં ભૂમિ ખોદાવીને ખાતરી કર. તેણે અભયે બતાવેલી ભૂમિને ખોદાવી ત્યારે દીનાર ભરેલા કળશો જોયા અને તે ત્યાંથી જલદીથી નાશી ગયો. પાછળ લાગેલા શ્રેણિક રાજાએ તેના સૈન્યને લૂંટી લીધું. ઉજ્જૈની નગરી પહોંચીને સર્વરાજાઓ કહે છે કે હે રાજન્ ! અમે શ્રેણિકનું કહ્યું કરનારા નથી, આ અભયનું ચરિત્ર છે એમ જાણો. નિશ્ચય થયો છે જેને એવો તે ક્યારેક સભામાં જઈને કહે છે કે તેવો કોઇ પણ મારી સભામાં છે ? જે અભયને મારી પાસે લઇ આવે. બીજી સહાય અપાય તો હું લાવી આપું એમ ગણિકાએ સ્વીકાર્યું. મધ્યમવયની સાત ગણિકાઓ તેને સહાય માટે અપાઇ. અને બીજા સહાય કરનાર ઘણાં સ્થવિરો તથા ઘણું ભાથું અપાયું. (૧૪)

પૂર્વે સાધુ પાસે કપટી શ્રાવિકાપણું સ્વીકારીને બીજા ગામો અને નગરોમાં જ્યાં સાધુઓ તથા શ્રાવકો છે ત્યાં આ ફરવા લાગી. સારી રીતે વિખ્યાત થયા પછી ક્રમથી રાજગૃહ નગરમાં પહોંચી. બહાર ઉદ્યાનમાં રહેલી તેઓ તે નગરના ચૈત્યોને વાંદવા **નીકળી** અને ક્રમથી અભયના ગૃહચૈત્યને વંદન કરવા આવી. ત્યાં પ્રવેશ વિધિમાં નિસીહિપૂર્વક ચૈત્યઘરમાં પ્રવેશી. આભૂષણ રહિત તેને જોઇને અભયે અભ્યુત્થાન કર્યું. સંતુષ્ટ હૈયાવાળા અભયે કહ્યું: નિસીહિ બોલનારનું અહીં સ્વાગત થાઓ. ગૃહચૈત્યો બતાવ્યા અને વંદન કર્યું. પછી અભયને નમસ્કાર કરીને ક્રમથી આસન ઉપર બેઠી. વિનયથી નમેલી શરીરવાળી તીર્થંકર ભગવંતોની જન્માદિ ભૂમિઓમાં આવેલી જિનપ્રતિમાઓને પરમ ભાવથી વંદન કરે છે. અને પુછાયેલી કહે છે કે અમે અવંતીદેશમાં અમુક વણિકની સ્ત્રીઓ છીએ. તેના મરણથી વિરાગ પામેલી અમે દીક્ષા લેવાની ભાવનાવાળી ચેત્યોને વાંદવા નીકળી છીએ. કારણ કે દીક્ષા લીધા પછી સ્વાધ્યાયાદિના કાર્યનો વ્યાક્ષેપ હોવાથી ચૈત્યો વાંદી ન શકાય. તેઓને નમસ્કાર કરીને અભયે ઘણા ભાવથી કહ્યું કે આજે મારા અતિથિ થાઓ. પછી તેઓ કહે છે કે આજે અમે ઉપવાસ કર્યો છે. પછી લાંબો સમય સુધી રહીને મલપતિ[1] વાતો કરી પોતાને સ્થાને ગઇ. તેઓના ગુણોથી આકર્ષાયેલો અભય બીજે દિવસે એકલો ઘોડા ઉપર બેસીને તેઓના ઘરે ગયો અને કહ્યું કે તમો મારા ઘરે આવો અને પારણું કરો. તેઓએ કહ્યું: તો તમે જ અહીં પારણું કરો. અભય વિચારે છે કે જો આલોકોની વિનંતિને માન નહીં આપું તો આઓ મારે ઘરે નિશ્ચયથી જમવા નહીં આવે તેથી અભયે ત્યાં જમવા સ્વીકાર્યું અને સંમોહ કરનારી વસ્તુઓ સાથે મિશ્રણ કરેલ મદ્ય પીવડાવ્યું. પછી ઘેનમાં પડેલા અભયને અશ્વરથમાં બેસાડીને જલદીથી પલાયન કર્યો. પૂર્વે બીજા પણ રથો માર્ગમાં રાખેલા હતા. પરંપરાથી આ ઉજ્જૈની

૧. **મલપતિ**– મોહ પમાડે તેવી ચાલવાળું કે વાતોવાળું અથવા ભારેખમપણે આનંદભેર ધીરેધીરે ડોલતી છટાદાર ચાલે ચાલતી કે બોલતી હોય તેવી.

લઇ જવાયો અને તેના વડે (ગણિકા વડે) સ્વામી પ્રણામ કરાયા. અર્થાત્ ગણિકાના કહેવાથી અભયકુમારે સ્વામીને પ્રણામ કર્યા. પછી અભયે રાજાને કહ્યું: જેના વડે આ જગત નચાવાયું છે તેમાં આ તારું પાંડિત્ય કેવું ? ધર્મના છળથી અતિઘણી માયાવી સ્ત્રીઓ વડે હું ઠગાયો છું. કારણ કે વિદ્વાનો કહે છે– "અભ્યાસ ન હોવા છતાં અમાનુષી સ્ત્રીઓમાં (પક્ષી વગેરે તિર્યંચ સ્ત્રીઓમાં) પણ પટુત્વ દેખાય છે તો જે શિક્ષિત સ્ત્રીઓ છે તેની શું વાત કરવી ? ખરેખર કોયલ આકાશમાં ઊડતા પહેલા પોતાના સંતાનોને કાગડીઓ પાસે પોષાવે છે." આ પ્રમાણે અભયે કહ્યું ત્યારે રાજાએ તે તે વચનોથી અભયને બાંધ્યો જેથી તે પોતાના રાજ્યમાં જવા માટે રજા નહીં અપાયેલો એક પગલું પણ ભરવા સમર્થ ન થયો. ત્યારે પૂર્વે લાવેલી તેની સ્ત્રી તેને સોંપી. તે સ્ત્રીની ઉત્પત્તિ આ પ્રમાણે છે. (૩૨)

શ્રેણિક રાજાને એક વિદ્યાધર મિત્ર હતો તેની સાથે મૈત્રીની સ્થિરતાને ઇચ્છતો શ્રેણિક પોતાની સેના નામની બહેન તેને આપે છે અને ઘણો આગ્રહ કરે છે કે તમારી પૂર્વની બીજી સ્ત્રીઓ કરતા આને મુખ્ય કરવી. સ્વપ્નમાં પણ આનું વિપ્રિય ન કરવું. આને વિષે હંમેશા સ્નેહ રાખવો. તે પણ સૌભાગ્યગુણથી તેને ઘણી મનપ્રિય થઇ અને પૂર્વની અંતઃપુરની વિદ્યાધરીઓના કોપનો વિષય થઇ. આ ભૂચરસ્ત્રીએ કેમ અમારું માન હણ્યું ? એમ વિચારી છળ મેળવીને વિષાદિના પ્રયોગથી તેને મારી નાખી. તેને એક બાલ પુત્રી છે. મરણના ભયથી પિતા તેને શ્રેણિક રાજાની પાસે મૂકી ગયો અને તે ઘણો શોક પામ્યો. ભરયોવનને પામેલી તે પણ અભયને અપાઇ. અભયની બીજી પ્રિયાઓ પણ મત્સરને ધારણ કરતી તેના છિદ્રને જુએ છે. તેઓ વડે સેવા કરાયેલી, ઘણી સિદ્ધ થઇ છે ક્ષુદ્ર વિદ્યાઓ જેઓને એવી ચાંડલણીઓ કહે છે કે અમારું શું કાર્ય છે ? તેઓએ કહ્યું: આ વિદ્યાધરની પુત્રી અમારી ઘણી લઘુતા કરે છે. તેથી તેને એવી રીતે દુઃખ આપો જેથી અમારી લઘુતા ન કરે. ચાંડાલણીઓએ તેઓને કહ્યું: અમે તેને વિરૂપ કરશું જેથી આનો પતિ જલદીથી વિરાગી થાય. આમ વિચારીને નગરમાં અતિઘોર મારી વિકુર્વી. લોક મરવા લાગ્યો. અભયે માતંગીઓને કહ્યું: જલદીથી મારિના કારણને શોધો. તેઓએ સ્વીકાર્યું. દેવીએ તેના વાસઘરમાં મનુષ્યોના હાડપિંજરાદિ વિકુર્વીને નાખ્યા અને તેનું મુખ લોહીથી ખરડાયેલું કર્યું અને રાજાને નિવેદન કર્યું: હે દેવ ! તમારા ઘરમાં જ મારિની તપાસ કરો. જેટલામાં તપાસ કરી તો પોતાની સ્ત્રીને રાક્ષસીના રૂપમાં જોઇ. ફરીથી પણ માતંગીઓ આદેશ કરાઇ કે વિધિથી રાત્રિએ એનો એવી રીતે ઘાત કરો કે કોઇપણ નગરના લોકને કોઇપણ રીતે ખબર ન પડે. પણ તે નિર્દોષ છે એમ મનમાં વિચારતી ચાંડાલણીઓ કંઇક દયા ઉત્પન્ન થવાથી તે દેશના સીમાડે લઇ ગઇ. ડરાવીને છોડી મુકી. દીનમુખી, રડતી, ભાગતી વિકટ અટવીમાં પ્રવેશેલી ત્યાંના તાપસલોકથી જોવાઇ. પુછ્યું: હે ભદ્રે ! તું ક્યાંથી આવે છે ? તેણે પણ પોતાનું સંપૂર્ણ ચરિત્ર કહ્યું. શ્રેણિકના વંશમાં ઉત્પન્ન થયેલી છે તેથી આ અમારી ભાણેજી

છે એમ જાણી કેટલાક દિવસ પોતાની પાસે રાખી. પછી ઉત્તમ સાર્થની સાથે ઉજ્જૈનીમાં લઇ-જઈ શિવાદેવીને સોંપી. આ પ્રમાણે પ્રક્ષીણ થઇ છે સંપૂર્ણ દોષની શંકાઓ જેની, સંસારમાં સારભૂત એવી તેની સાથે અભય વિષય સુખ ભોગવે છે. (૫૧)

પ્રદ્યોત રાજાને ચાર પ્રિય રત્નો છે.(૧) શિવા દેવી (૨) અગ્નિભીરુ રથ (૩) અનલગિરિ હાથી અને (૪) લોહજંઘ નામનો લેખાચાર્ય. તે લોહજંઘ વિકાલ સમયે ઉજ્જૈનીમાંથી નીકળેલો એક દિવસમાં પચ્ચીશ યોજન દૂર ભરુચ જાય છે. ત્યાંના રહેવાસી રાજાઓ વિચારે છે કે પવન જેવા વેગવાળા આને મારી નાખીએ તો આપણે આનાથી સુખી થઈએ. બીજો હોય તો ગણતરીના દિવસોથી અહીં આવે જ્યારે આ તો તત્કાળ આવે છે. પછી તેને ભાથું દેવા લાગ્યા. તે માર્ગમાં ભાથાને ઇચ્છતો નથી અને તે વખતે તેને તે ભાથું આપવામાં આવ્યું. તેમાં પણ કુદ્રવ્ય મિશ્રિત લાડુ કરીને ભાતાની થેલી ભરી આપી. માર્ગમાં કેટલાક યોજન જઇને જેટલામાં જમવા શરૂઆત કરી તેટલામાં પક્ષી તેને વારે છે. ત્યાંથી ઊઠીને અતિદૂર જઇને ખાવા બેસે છે. ત્યાં પણ વારણ કરાયો. આમ ત્રીજી વાર પણ તેને ખાતા રોક્યો. પછી તેણે વિચાર્યું કે અહીં કોઇ કારણ હોવું જોઇએ. પ્રદ્યોતની પાસે જઇને પોતાના કાર્યનું નિવેદન કર્યું. રાજાએ અભય વિચક્ષણ છે એમ જાણીને બોલાવીને તેને ભોજનના પ્રતિબંધનું કારણ પુછ્યું કે તું આનું રહસ્ય કહે. તેણે તે ભાથાની થેલી સૂંઘી અને કહ્યું કે આમાં કુદ્રવ્યના મિશ્રણથી દૃષ્ટિવિષ સર્પ ઉત્પન્ન થયો છે. ઉઘાડવા માત્રથી આ સર્પ નિશ્ચિતથી અંદર છે એમ ખાતરી થઇ. તો હવે શું કરવું ? અભય– જંગલમાં પરાઙ્મુખ બની છોડી દેવો. જંગલમાં છોડયો અને તેના દૃષ્ટિનો વિષય બનેલા સર્વવનો બળી ગયા. અને અંતર્મુહૂર્ત માત્રથી સાપ મરી ગયો. પ્રદ્યોત ખુશ થયો. અને કહ્યું- કારાગૃહના બંધનને છોડીને વરદાન માગ. અભયે કહ્યું કે મારા આ વરદાનને તમે જ થાપણ રૂપે રાખો. (૬૪)

અન્યદા મદથી વ્યાકુલ આલાન સ્તંભને ભાંગીને ભાગેલા અનલગિરિને કોઈપણ પકડવા સમર્થ નથી થતો ત્યારે અભયને પુછ્યું. અભયે જવાબ આપ્યો કે વત્સદેશનો ઉદયન નામનો રાજા ગાંધર્વ ગીતને ગાનારો છે તે અહીં લવાય તો કાર્યસિદ્ધ થાય. પ્રદ્યોત—તે અહીં કેવી રીતે લવાય ? પ્રદ્યોતપુત્રી વાસવદત્તા કલાકુશળ છે, તત્કાલે ગાંધર્વ વિદ્યામાં ઉદયનથી બીજો કોઇ શ્રેષ્ઠ નથી તેથી અભય કહે છે કે આને (વાસવદત્તાને) શિખવવા માટે અહીં લવાય. તે પણ કયા ઉપાયથી ગ્રહણ કરાય ? એમ પુછાયેલો અભય કહે છે કે ઉદયન જ્યાં પણ હાથીને જુએ છે ત્યાં તેને વશ કરી બંધસ્થાનમાં નાખે છે. ઉદયન એ જાણતો નથી કે પ્રદ્યોતે પણ યંત્રમય હાથી બનાવીને છોડ્યો છે અને દેશના સીમાડા પર ચરાવાય છે. ઉદયને વનચર લોકો પાસેથી વૃત્તાંતને જાણ્યો. વત્સાધિપ સૈન્ય સાથે ત્યાં ગયો. તેની પાછળ પડતો ઉદયન સ્વયં સૈન્યથી

વિખૂટો પડ્યો. કલરાવથી પૂરાયો છે દિશાનો અંત જેના વડે એવો ઉદયન જેટલામાં ગાવા લાગ્યો તેટલામાં લેપમયની જેમ હાથી અત્યંત સ્થિર થયો જેટલામાં ઉદયન તેની પાસે ગયો તેટલામાં પૂર્વે અંદર છૂપાયેલા મનુષ્યો વડે પકડાયો અને ઉજ્જૈની લઇ જવાયો. (૭૨)

પ્રદ્યોતે તેને કહ્યુંઃ મારે એક પુત્રી છે, તે કાણી છે. તું તેને ગીત શિખવાડ. તું તેને જોઈશ નહીં નહીંતર લજ્જાને પામીશ. પુત્રીને પણ કહ્યું કે આ અધ્યાપક છે. તે કોઢ રોગથી ખવાય ગયેલા શરીરવાળો છે. હે પુત્રી ! કૃતજ્ઞ થઈને તેના વિષે આદરવાળી ન થજે. તે પડદાની અંદર રહીને તેને શીખવે છે. ગાયકના સંગીતથી જેમ વનના હરણિયા અત્યંત આકર્ષાય છે તેમ તેના શબ્દોથી તે આકર્ષાય છે. પરંતુ આ કોઢિયો છે એટલે અમંગલ થશે માટે જોતી નથી. અત્યંત કૌતુકને પામેલી મારે આને કેવી રીતે જોવો એમ મૂઢ થયેલી જ્યારે સ્વર સંગ્રહને સારી રીતે ગ્રહણ કરતી નથી ત્યારે ઉદયને ગુસ્સાથી કહ્યુંઃ હે કાણી ! તું ગરબડ ગોટા કેમ વાળે છે ? તે પણ ગુસ્સાથી કહે છે કે હે કોઢિયા ! તું પોતે કેવો છે એમ નથી જાણતો ? ખરેખર જેવી રીતે હું કોઢિયો છું તેવી રીતે આ કાણી છે, અર્થાત્ જેમ હું કોઢિયો નથી તેમ આ કાણી નથી. એ પ્રમાણે પરિભાવના કરીને પડદાને ફાડીને જેટલામાં જુએ છે તેટલામાં નિષ્કલંક ચંદ્ર જેવી સર્વાંગથી સુંદર તેને જુએ છે. કામદેવ જેવા મનોહર રૂપવાળો તે પણ તેના વડે રાગથી જોવાયો. અરસપરસ ગાઢાસક્ત તે બેનું મિલન નિરંકુશ થયું. પરંતુ તે હકીકત ધાત્રી કંચનમાલા દાસી જ જાણે છે પણ બીજો કોઈ નહીં. (૮૧)

હવે કોઈક વખત અનલગિરિ હાથી અતિગાઢ મદે ભરાયો ત્યારે આલાન સ્તંભમાંથી ભાગ્યો. રાજાએ અભયને પુછ્યુંઃ અહીં શું કરવું ? અભય કહે છે– ગાયક ઉદયન રાજા આનો ઉપાય છે. રાજાએ ઉદયનને હાથી વશ કરવા કહ્યું. ઉદયન કહે છે કે કન્યાની (વાસવદત્તાની) સાથે હું ભદ્રવતી હાથણી ઉપર બેસીને ગીત ગાઈશ. વચ્ચે પડદો રાખીને તેમ કરાયું અને આ અનલગિરિ વશ કરાયો. અભયે બીજું વરદાન મેળવ્યું અને તેની પાસે જ થાપણ મુક્યું. (૮૪)

ઉદયને હાથણી ઉપર ચાર મૂત્ર ઘટિકાઓ બાંધી રાખી હતી પછી વાસવદત્તા સાથે પોતાના નગર તરફ જવા પલાયન થયો. પીછો પકડવા જેટલામાં અનલગિરિ હાથી સજ્જ કરાયો તેટલામાં હાથણી પચ્ચીશ યોજન ચાલી ગઈ. સજ્જ થયેલ અનલગિરિ પાછળ પડ્યો. જેટલામાં નજીકમાં પહોંચ્યો એટલે મૂત્રની એક ઘટિકા નીચે પાડી. અનલગિરિ હાથણીના મૂત્રને સૂંઘવા લાગ્યો તેટલામાં હાથણી બીજા પચ્ચીશ યોજન નીકળી ગઈ. આ જ પ્રમાણે ત્રણ ઘટિકા ફેંકી ત્યાં સુધીમાં તે કૌશાંબી નગરીમાં પહોંચી ગયો અને તે વાસવદત્તા તેની અગ્રમહિષી થઈ અને પિતાએ તેને જીવિતદાન પણ આપ્યું. (૮૯)

આ પ્રમાણે કેટલોક કાળ ગયો ત્યારે અવંતિમાં અસુરાગ્નિ ઉત્પન્ન થયો. તે અગ્નિ ધૂળ-પથ્થર-ઈંટાદિથી પણ સળગે છે જ. આ પ્રમાણે નગરીમાં દારૂણ દાહ થયો ત્યારે રાજા વિચારે છે કે અહો ! હમણાં કેવું અણઘટતું અહીં ઉપસ્થિત થયું. પુછાયેલો અભય કહે છે કે અનુભવી પુરુષોએ આ પ્રમાણે કહ્યું છે કે જેવા સાથે તેવા થવું. અહીં ઝેરનું મારણ ઝેર છે. તેમ અગ્નિનો ઉપાય અગ્નિ જાણવો. ઠંડીનો ઉપાય ઉષ્ણતા છે. વિજાતીય અગ્નિ પ્રગટાવ્યો. તેના પ્રયોગથી પૂર્વનો અગ્નિ શાંત થયો. આ પ્રમાણે ત્રીજા વરદાનને મેળવ્યું તેમજ થાપણ મુક્યું. (૯૩)

હવે કોઈક વખત ઉજ્જૈની નગરીમાં ભયંકર અશિવ ઉત્પન્ન થયો. રાજાએ અભયને પુછ્યું. અભયે કહ્યું: અંતઃપુરની સભામાં શૃંગાર સજીને રાજ-અલંકારો પહેરીને દેવીઓ તારી પાસે આવે ત્યારે જે દેવી પોતાની દૃષ્ટિથી જીતે તે મને તમારે જલદીથી કહેવું. તેમજ કરવામાં આવ્યું. શિવાદેવીને છોડીને બાકીની બધી અધોમુખી રહી. રાજાએ નિવેદન કર્યું કે તારી માતાતુલ્ય શિવાદેવીથી હું જિતાયો છું. અને મુખમાં એક આઢક પ્રમાણ બલિ એવા કૂરને લઈને તેના મુખમાં નાખવું. તેમ જ કરવામાં આવ્યું. અશિવનો ઉપશમ થયો. ચોથું વરદાન મેળવ્યું.

પછી અભય વિચારે છે કે પરઘરમાં ક્યાં સુધી રહેવું ? પૂર્વે મેળવેલા વરદાનો રાજાપાસે માગે છે. અનલગિરિ હાથી ઉપર તમે મહાવત થયે છતે, દેવીના ખોળામાં બેઠેલો હું લાકડાથી ભરેલા અગ્નિભીરુ રથ સાથે અગ્નિમાં પ્રવેશું એવી મારી ઈચ્છા છે તો પોતાના વચનનું પાલન કરો. આ પોતાના સ્થાને જવા ઈચ્છે છે એમ જાણીને અતિમહાન સત્કાર કરીને તેને રજા આપી. પછી અભય કહે છે કે હું અહીં ધર્મના છળથી તમારા વડે લવાયો છું પણ હું આદિત્ય રૂપી દીપકને કરીને અર્થાત્ ધોળે દિવસે, બરાડા પાડતા, નગરના લોકોની સમક્ષ બાંધીને તમને ન લઈ જાઉં તો અભય નામને ધારણ કરનારો હું અગ્નિમાં પ્રવેશ કરીશ એમ પ્રતિજ્ઞા કરીને રાજગૃહ નગરમાં કેટલાક દિવસો રહ્યો. (૧૦૫)

પછી પોતા સમાન રૂપવાળી અર્થાત્ વણિકના વેશવાળી બે ગણિકાની પુત્રીઓને લઈને ઉજ્જૈની પહોંચ્યો અને વણિકના વેશને ધારણ કરીને અપૂર્વ કરિયાણાનો નિપુણ વ્યાપાર શરૂ કર્યો. બદલો લેવાના નિશ્ચયવાળો અભય રાજમાર્ગ પર રહેલા છેલ્લા મહેલને ભાડેથી લે છે. અન્ય દિવસે ગવાક્ષમાં રહેલા પ્રદ્યોતે સવિશેષ વેશ પરિધાનવાળી ગણિકા પુત્રીઓને જોઈ વિશાળ ધવલ આંખોથી લાંબા સમય સુધી એકી ટસે જોઈ. ગણિકાપુત્રીઓએ તેના ચિત્તને આકર્ષવામાં મંત્ર સમાન અંજલિબદ્ધ પ્રણામ કર્યો. તેના તરફ આસક્ત થયેલો રાજા પોતાના ભવનમાં ગયો. પરદારાની લોલતાથી દૂતીને મોકલી. ગુસ્સે થયેલી તેઓએ હાંક મારી દૂતીને બહાર કાઢી તેને કહ્યું કે રાજા આવા વર્તનવાળો ન હોય. ગુસ્સે થયેલી બીજે દિવસે પણ આ પ્રમાણે જ કહે છે. ત્રીજે દિવસે દૂતીને કહ્યું કે સાતમે દિવસે દેવકુલમાં અમારી જાત્રા છે ત્યાં એકાંત મળશે પણ અહીં ભાઈ હંમેશા રક્ષણ કરે છે. (૧૧૨)

પ્રદ્યોત જેવા આકારવાળો પ્રદ્યોતક નામનો એક માણસ ઉન્મત્ત (ભ્રામિત) કરાયો. અભય કહે છે કે ભાગ્યના વશથી મારો પુત્ર આવો ગાંડો થયો છે. હું તેની સારસંભાળ રાખું છું. પકડી પકડીને રાખવા છતાં ભાગે છે અને રડતો છતાં ફરી ફરી આવા વચન બોલતો પકડીને પાછો લવાય છે. 'અરે અરે ! અમુકો ! ઊઠો હું પ્રદ્યોતરાજા આ અભય વણિક વડે હરણ કરાઉં છું.' આ પ્રમાણે લોકને વિશ્વાસમાં લીધા પછી સાતમે દિવસે ગણિકાએ સૂચના આપી પ્રદ્યોત પાસે દૂતી મોકલી કે મધ્યાહ્ને રાજા અહીં એકલો આવે. કામાતુર, પરિણામને નહીં વિચારનારો એવો રાજા ગૃહના ગવાક્ષની દિવાલથી ગયો અને પૂર્વે અંદર ગોઠવેલા મનુષ્યો વડે દૃઢ પકડીને પલંગની સાથે બંધાયો પછી દિવસ હોતે છતે નગરના મધ્યભાગથી અભય નીકળ્યો અને કહે છે કે વાયુના વેગથી વ્યાકુલિત, અસંબંધ બકવાસ કરનારો આ વૈદ્યશાળાએ લઇ જવાય છે. પછી અશ્વરથોથી જલદી રાજગૃહ નગરીમાં લઇ જવાયો. શ્રેણિક રાજાએ જાણ્યું એટલે હાથમાં તલવાર ઉગામીને જેટલામાં દોડ્યો તેટલામાં અભયે વાર્યો. તો હવે શું કરવું ? પછી અભય કહે છે કે આ મહાપ્રભાવી રાજા છે, ઘણા રાજાઓને માનનીય છે, મોટા આદરથી સત્કારીને પોતાની નગરીમાં પાછો મોકલો. તેમ કરવાથી પરસ્પર ગાઢ પ્રેમ થયો. અભયની પરિણામી બુદ્ધિ આવા પ્રકારની છે. (૧૨૨)

**ગાથાક્ષરાર્થ**–પારિણામિકી બુદ્ધિ વિષે અભયનું દૃષ્ટાંત છે. કેવી રીતે ? લોહજંઘ લેખવાહક, અગ્નિ, અશિવ અને અનલગિરિ હાથી આ ચારનો પ્રસંગ ઉપસ્થિત થયો ત્યારે ચંડપ્રદ્યોત રાજા પાસે અગ્નિમાં પ્રવેશ કરી પ્રાણ ત્યાગ કરવારૂપ પ્રાર્થના કરી. તે પ્રાર્થનાથી અભયકુમારે પોતાને છોડાવ્યો. (૧૨૮)

**सेट्ठी पवास भज्जा, धिज्जाइयसंगकुक्कुडगसाहू ।**
**सीसं दारगचेडीहर राया समणमाजोणी ॥१२९॥**

**अथ गाथाक्षरार्थः—श्रेष्ठीति द्वारपरामर्शः । तस्य च श्रेष्ठिनो व्यवहारहेतोः 'पवासो' त्ति प्रवासो देशान्तरगमनलक्षणो जातः । पश्चाच्च 'भज्जाधिज्जाइयसंग' त्ति भार्या वज्रा नामिका धिग्जातीयसङ्गेन विनष्टा । 'कुक्कुडगसाहूसीसं' त्ति कुक्कुटस्य सम्बन्धि शीर्षं कदाचिद् गृहागतेन साधुना राज्यफलभक्षणं विनिर्दिष्टम् । उक्तवृत्तान्तेन च 'दारगचेडीहर' त्ति दारकस्य चेट्या नगरान्तरे हरणं कृतम् । स च तत्र राजा जातः । 'समणमाजोणी' इति श्रेष्ठी च श्रमणः सन् तत्रैव नगरे ययौ । ब्राह्मणैश्च प्रेरितया द्व्यक्षरया अवर्णवादे उत्थापिते तेनोक्तं यदि मत्तोऽन्येन अयं गर्भः समुत्पादितस्तदा मा योन्या निर्गच्छत्विति ॥१२९॥**

**ગાથાર્થ–** શ્રેષ્ઠી, વિદેશ પ્રવાસ, ભાર્યા બ્રાહ્મણ સાથે વ્યભિચારમાં પડી, ઘરે આવેલા સાધુએ કૂકડાના મસ્તકનું ભક્ષણ રાજ્યફળવાળું કહ્યું. દાસી બાળકને લઇ ગઇ. રાજા થયો. શ્રેષ્ઠી સાધુ થયો. મારા સિવાયનો પુત્ર હોય તો એ યોનિથી બહાર ન નીકળો. (૧૨૯)

આ ભરતક્ષેત્રમાં વસંતપુર નામના નગરમાં લોકમાં પ્રતિષ્ઠિત કોષ્ઠ નામનો શ્રેષ્ઠી હતો. વજ્રા નામની તેની સ્ત્રી હતી. તથા દેવશર્મા નામે બ્રાહ્મણ પુત્ર ગૃહમંદિરની પૂજા કરનારો હતો. અતીવ હૃદયવલ્લભ, લક્ષણથી સનાથ, અતીવ બાલ પ્રિયંકર નામે પુત્ર હતો. ક્યારેક ધન ઉપાર્જન કરવા માટે ઘણા દ્રવ્ય લઇને તે શ્રેષ્ઠી શુભ દિવસે દેશાંતર ચાલ્યો. તેણે પત્નીને કહ્યું કે ઘરમાં મદનશલાકા દાસી, પોપટ અને કૂકડો આ ત્રણેય પુત્રતુલ્યનું તારે રક્ષણ કરવું. (૪)

હવે શ્રેષ્ઠીએ પ્રયાણ કર્યું એટલે વજ્રા કુલ-શીલ-મર્યાદા ઓળંગીને બ્રાહ્મણપુત્રના સંગવાળી થઇ. જયારે દેવશર્મા નિત્ય રાત્રીએ તેની પાસે ઘરે આવે છે ત્યારે મદનશલાકા બોલે છે કે કોણ તાતથી ભય નથી પામતો ? પોપટ પણ વારે છે કે જે બીજીનો (કુલટા વજ્રાનો) પતિ છે તે આપણો પણ તાત છે. અવસરને જાણનારો પોપટ પોતાનું રક્ષણ કરે છે. પ્રકૃતિથી ક્રોધી સ્વભાવવાળી મદનશલાકા ઘણું બોલબોલ કરે છે. દાસી પોતાના મુખદોષના કારણે અર્થાત્ બહુ બોલબોલ કરતી હોવાના કારણે પાપી એવી વજ્રા વડે ઘરમાંથી હાકી કઢાઈ. (૮)

કોઈક દિવસે બે સાધુઓ તેને ઘરે ભિક્ષા માટે આવ્યા. જીવના લક્ષણને જાણનારો આમાનો એક સાધુ કૂકડાને જોઇને, પછી સર્વ દિશાઓને જોઇને બીજા સાધુને આશ્રયીને કહે છે કે જે આ કૂકડાનું માથું ખાસે તે નક્કીથી રાજા બનશે. ઘરની અંદર રહેલા બ્રાહ્મણપુત્રે આ સાંભળ્યું અને વજ્રાને કહે છે કે કૂકડાને માર જેથી હું ભોજન કરું. તે કહે છે કે આ કૂકડો પુત્ર સમાન છે તેથી હું નહીં મારું પણ બીજો લઇ આવીશ. તે બીજો ઇચ્છતો નથી. તીવ્ર આગ્રહ કર્યો ત્યારે માર્યો અને જેટલામાં રંધાય છે તેટલામાં રાજ્યની કાંક્ષાવાળો બ્રાહ્મણ સ્નાન કરવા ગયો એટલામાં વજ્રાનો પુત્ર જે લેખશાળામાં ગયો હતો તે ઘરે આવ્યો. ભુખ્યો થયેલો રડે છે. ત્યારે હજી માંસ રંધાયું નથી. થાળીના મુખમાંથી કૂકડાનું માથું કાઢીને (પુત્રને) આપ્યું. હવે ભાજન લઇને જેટલામાં બ્રાહ્મણપુત્ર ખાવા બેસે છે તેટલામાં થાળીમાં કૂકડાનું માથું ક્યાંય જોતો નથી. વજ્રાને કહે છે કે કૂકડાનું માથું ક્યાં ? વજ્રાએ કહ્યું: તે તો પુત્રને આપ્યું. ગુસ્સે ભરાયેલો તે કહે છે કે આટલા માટે તો તે વરાકડો કૂકડો મરાયો છે. પરંતુ હવે જો આ પુત્રનું મસ્તક ખાઉં તો હમણાં હું કૃતાર્થ થાઉં. આગ્રહ કર્યો ત્યારે તે વજ્રા આ પણ કરવા તૈયાર થઇ, અર્થાત્ પુત્રને મારવા તૈયાર થઇ. દાસીએ આ સાંભળ્યું અને પુત્રને લેખશાળામાંથી તે લઇને ભાગી ગઇ. બીજા નગરમાં પહોંચી જ્યાં અપુત્રીઓ રાજા મરણ પામ્યો. અધિવાસિત અશ્વથી પરીક્ષા કરાયેલો તે રાજા થયો. અતિતીવ્ર પ્રતાપી તે રાજાએ દાસીને પણ માતાના સ્થાને સ્થાપી.

કાલાંતરથી શ્રેષ્ઠી પાછો ફર્યો. જેટલામાં ઘરને જુએ છે તેટલામાં કૂકડા-મદનશલાકા દાસી અને પુત્ર વિનાનું સડેલું, પડેલું જોયું. ગળચી પકડીને વજ્જાને પુછ્યું: જેટલામાં ગ્રહથી ગ્રહણ કરાયેલીની જેમ એક શબ્દ બોલતી નથી તેટલામાં પાંજરાથી મુકાયેલા પોપટે ઘરનો સર્વ વૃત્તાંત કહ્યો. વૈરાગ્યને પામેલો ત્યારે ભોગોને ચિંતવે છે. આ સ્ત્રીને માટે મારે આવા પ્રકારના સેંકડો ક્લેશો પ્રાપ્ત થયા. આ સ્ત્રીએ આવું કર્યું. વિષ સમાન વિષયોથી સર્યું. સાવદ્ય કાર્યના ત્યાગથી સાધ્ય દીક્ષા લીધી. પર્યાય (ભાગ્યના) વશથી બ્રાહ્મણ સહિત વજ્જા તે જ નગરમાં ગઇ અને સાધુ પણ વિહાર કરતા તે જ નગરમાં આવ્યા જ્યાં પુત્ર રાજા થયો છે. વજ્જાએ આ વૃત્તાંતને જાણી છુપાવેલા સુર્વણથી યુક્ત ભિક્ષા આપી અને મોટો કોલાહલ કર્યો કે મારા ઘરમાં આણે ચોરી કરી છે. રાજપુરુષો સાધુને પકડીને રાજાની પાસે લઇ ગયા. ધાત્રીએ ઓળખી રાજાને નિવેદન કર્યું કે આ તારો પિતા છે. તેઓને (= બ્રાહ્મણ અને વજ્જાને) દેશપાર કર્યા અને પિતાને ભોગોની પ્રાર્થના કરી. નિમંત્રણ કરાયેલા છતાં સાધુ ભોગને ઇચ્છતા નથી. પિતાસાધુએ રાજાને શ્રાવક કર્યો. જૈન શાસનની પ્રભાવના થઇ અન્ય શાસનોની અપભ્રાજના થઇ. તે નગરમાં ચોમાસું કર્યું.

ચોમાસું પૂર્ણ થયા પછી વિહાર કરતા મુનિની પાછળ રાજા જેટલામાં જાય છે તેટલામાં ઘણાં મત્સરવાળા બ્રાહ્મણોએ એક ગર્ભવતી દાસીને બોલાવીને ચડાવી (ભ્રામિત કરી) કે 'પરિવ્રાજિકાનો વેશ પહેરી રાજમાર્ગમાં બાથ ભરી કહેવું કે મારી શી ગતિ થશે ? આથી તમો કંઇક આપો.' તેણીએ તે પ્રમાણે કર્યું. મુનિ ઉપયોગથી તે જાણે છે. ધીક્ ધીક્ આ પ્રવચન માલિન્યને હમણાં કેવી રીતે દૂર કરું ? પછી સુર, ખેચર અને મનુષ્યના માહત્મ્યને જેણે પરાભવ કર્યો છે એવા સત્યવચની મુનિ કહે છે કે જો આ ગર્ભ મારો હોય તો યોનિથી નીકળે અને મારો ન હોય તો પેટ ભેદીને નીકળે. આ પ્રમાણે બોલ્યા એટલે તે દાસીનો ગર્ભ પેટ ફાટીને પડ્યો. ઉન્મત્ત અને મરતાના સદ્ભાવો પ્રકટ થાય છે. બ્રાહ્મણોએ આ કાવત્રું કરાવ્યું છે એમ દાસીએ રાજાને કહ્યું અને જલદીથી મરી. શરદઋતુના ચંદ્રના કિરણના સમૂહ સમાન પ્રવચનની ઉજ્જવળતા થઇ. તે પ્રવચનને ધન્ય છે જ્યાં આવા પ્રકારના સાધુઓ છે. આ પ્રમાણે આ પારિણામિક બુદ્ધિ છે કે જેના કારણે શાસનની પ્રભાવના થઇ. અથવા પારિણામિકી બુદ્ધિથી પોતે ચારિત્રની પરિભાવના કરીને દીક્ષા લીધી.

**ગાથાક્ષરાર્થ– 'શ્રેષ્ઠી'** એ પ્રમાણે દ્વાર પરામર્શ છે. તે શ્રેષ્ઠીને વ્યાપારના કારણે દેશાંતર જવા સ્વરૂપ પ્રવાસ થયો અને પાછળથી વજ્જાનામની સ્ત્રી બ્રાહ્મણજાતિના સંગથી શીલભ્રષ્ટ થઇ. ક્યારેક ઘરે આવેલા સાધુએ કૂકડાના માથાનું ભક્ષણ રાજ્યફળવાળું કહ્યું. આ વૃત્તાંતને અનુસારે દાસી બાળકને બીજા નગરમાં લઇ ગઇ અને તે ત્યાં રાજા થયો. શ્રેષ્ઠી સાધુ થયા પછી તે જ નગરમાં આવ્યો. બ્રાહ્મણોથી પ્રેરણા કરાયેલી દાસી વડે અવર્ણવાદ ઉત્પન્ન કરાયે છતે કહ્યું કે જો મારાથી અન્યનો આ ગર્ભ હોય તો યોનિમાર્ગથી ન નીકળો અર્થાત્ યોની સિવાયના માર્ગથી નીકળો. (૧૨૯)

**कुमरे पुंडरिभा इत्थिराग पइमरणणासपव्वज्जा ।**
**खुड्डगलक्खण दिक्खा, भंगे गम गीय चउबोही ॥१३०॥**

**अथ गाथाक्षरार्थः —'कुमरे' इत्यनेन कुमार इति द्वारपरामर्शः । साकेतनाम्नि नगरे 'पुंडरि' त्ति पुण्डरीको नाम राजा अभूत् । 'भा' इति भ्राता च लघुः कण्डरीकः । अन्यदा च पुण्डरीकस्य 'इत्थिरागि' त्ति स्त्रियां कण्डरीकजायायां रागोऽभिष्वङ्गः सम्पन्नः । तस्याश्च निरूपितवृत्तान्तेन 'पइमरणनासपव्वजा' इति पत्युः मरणे स्वयं च नाशे विहिते प्रव्रज्या समभूत् । 'खुड्डग' त्ति प्रागेव आपन्नसत्त्वभावत्वाच्च तस्याः क्षुद्रकः शिशुः पुत्ररूपः समुदपादि । 'लक्खण' त्ति राजलक्षणवान् 'दिक्खा' इति समये च दीक्षा जाता । तस्य यौवनकाले च 'भंगे' परिषहाभिभवे 'गम' त्ति पितृव्यसकाशे गमनं सम्पन्नम् । तत्र च 'गीय' त्ति गीतिकाश्रवणात् 'चउबोही' त्ति क्षुल्लकस्य चतुर्ण्णां चान्येषां बोधिः सन्मार्गलाभः समजनीति ॥१३०॥**

ગાથાર્થ– પુંડરીક અને કંડરીક બે કુમાર ભાઇઓ, સ્ત્રી, તેના પતિનું મરણ, સાર્થ સાથે નાશી દીક્ષા લેવી, ક્ષુલ્લક પુત્રનો જન્મ, દીક્ષા, પ્રેક્ષણક જોવું, ભંગ, ગમ ગીત અને ચારેયને બોધી. (૧૩૦)

શ્રેષ્ઠ સાકેતપુર નગરમાં પુંડરીક નામનો રાજા હતો તેને કંડરીક નામનો નાનો ભાઇ હતો અને તેને યશોભદ્રા નામે સ્ત્રી હતી. અત્યંત સુંદર રૂપવાળી ઘરઆંગણે ચંક્રમણ કરતી પુંડરીક વડે રાગથી જોવાઇ. પછી તેણે દૂતીને મોકલી. લજ્જા પામતી યશોભદ્રાએ તેનો પ્રતિષેધ કર્યો. રાજાનો અત્યંત આગ્રહ હોતે છતે તેને કહેવડાવ્યું કે શું તું નાનાભાઇથી પણ લજ્જા પામતો નથી ? જેથી આવા ઉલ્લાપો કરે છે. ત્યાર પછી રાજાએ છૂપી રીતે કંડરીકને મરાવી નાખ્યો. ફરીથી પણ રાજાએ યશોભદ્રા પાસે પ્રાર્થના કરી. તે વખતે શીલખંડનના ભયથી પોતાના આભરણો લઇ ઘરમાંથી નીકળી ગઇ. એકલી પણ સાર્થની સાથે ચાલી. પિતાનો ભાવ સ્વીકારેલા (અર્થાત્ પિતા સમાન આચરણ કરનાર) સ્થવિર વણિકની સાથે શ્રાવસ્તિ નગરી ગઇ. જિનસેન સૂરિની મુખ્ય શિષ્યા કીર્તિમતી સાધ્વીને વંદન કરવા ગઇ અને સર્વ વૃત્તાંત કહ્યો. પ્રતિબોધ પામી ગર્ભ હોવા છતાં પણ દીક્ષા લીધી. જો હું કઇશ કે હું ગર્ભવતી છું તો મને દીક્ષા નહીં આપે એ ભયથી મહત્તરાને પણ ન જણાવ્યું. કાળક્રમથી ગર્ભ વધે છતે મહત્તરાએ એકાંતમાં પુછ્યું. તેણે સાચું કારણ જણાવ્યું. પછી તેને ગુપ્ત જ રાખવામાં આવી. તેને પ્રસૂતિ થઇ. તે પુત્ર શ્રાવકકુળમાં મોટો થયો એટલે સૂરિની પાસે તેને દીક્ષા અપાવી અને ક્ષુલ્લકકુમાર તેનું નામ રખાયું. યતિજન યોગ્ય તેને સર્વ સામાચારી શિખવાડવામાં આવી. (૧૧)

હવે યોવનને પામેલો, સંયમનું પાલન કરવા નહીં ઈચ્છતો, પરિણામથી પડેલો માતાને દીક્ષા છોડવા પૂછે છે. માતાએ તેને ઘણા ઉપાયોથી રોક્યો છતાં પણ રોકાતો નથી, ત્યારે માતાએ ક્હ્યું: હે પુત્ર ! મારી ખાતર તું બાર વરસ દીક્ષા પાળ. હા હું દીક્ષા પાળીશ એમ તેણે સ્વીકાર્યું. બાર વર્ષ પુરા થયા એટલે તે દીક્ષા છોડવા તૈયાર થયો. ફરી માતાએ કહ્યું કે મારી ગુરુણીને પૂછ. પુછાયેલી ગુરુણીએ પણ તેને બાર વરસ સુધી સંયમમાં રોકી રાખ્યો. આ પ્રમાણે આચાર્યે પણ બાર વર્ષ સુધી અને ઉપાધ્યાયે પણ તેટલો જ કાળ ધારી રાખ્યો. એમ તેના અડતાલીશ વર્ષ પસાર થયા તો પણ સંયમમાં સ્થિર નહીં થતો માતા વડે ઉપેક્ષા કરાયો. પતિનામાંકિત મુદ્રા અને રત્નકંબલ જે પહેલા રાખી મુક્યા હતા તે આપીને કહ્યું: હે પુત્ર ! તું જ્યાં ત્યાં ભટકીશ નહીં પરંતુ પુંડરીક રાજા તારા મોટા બાપા છે. આ પિતાના નામની મુદ્રા તેને બતાવજે તેથી તે મુદ્રાને ઓળખીને તે અવશ્ય રાજ્ય અર્પણ કરશે. આ પ્રમાણે માતાની શિખામણ સ્વીકારીને ક્ષુલ્લકકુમાર નીકળી ગયો. કાલક્રમથી સાકેતપુરમાં રાજાને ઘરે આવ્યો. પણ તે વેળા આશ્ચર્યભૂત નાટક ચાલી રહ્યું છે. આવતી કાલે હું રાજાને મળીશ એમ વિચારીને ત્યાંજ બેઠેલો એકાગ્ર થઇ નાટક જોવા લાગ્યો. નાટકમાં પણ સર્વ પણ રાત્રિ નૃત્ય કરીને થાકી ગયેલી, પ્રભાત સમયે કંઇક નિદ્રાને લેતી (= ઝોકા ખાતી) એવી નર્તકીને વિવિધ હાવભાવ કરવાના પ્રયોગથી સુંદર જામેલા રંગભંગના ભયથી માતાએ ગીત ગાવાના બાનાથી એકાએક આ પ્રમાણે બોધ કર્યો. ''હે શ્યામ સુંદરી ! તેં સારું ગાયું. સારું વગાડ્યું. સારું નાચ્યું, લાંબી રાત્રી ફરજપૂર્વક પૂર્ણ કરી તેથી હવે સ્વપ્નમાં પણ પ્રમાદ કરીશ નહીં. આ વાક્યો સાંભળીને ક્ષુલ્લકે તેને કંબલરત્ન અર્પણ કર્યું તથા રાજપુત્રે કુંડલરત્ન, શ્રીકાંતા સાર્થવાહીએ હાર, જયસંધ અમાત્યે કડું અને મહાવતે રત્નાકુંશ અર્પણ કર્યો. આ બધા એકેક લાખના મૂલ્યવાળા હતા. (૨૯)

હવે ભાવ જાણવા માટે રાજાએ પ્રથમ જ ક્ષુલ્લકને પુછ્યું: તેં શા માટે કંબલરત્ન અર્પણ કર્યું? પછી તેણે મૂળથી જ સર્વવૃત્તાંત કહ્યો. હું રાજ્ય માટે આવેલો છું ત્યાં સુધી સર્વ કહ્યું. આ ગીતને સાંભળીને હું બોધ પામી વિષયાસક્તિથી રહિત થયો છું. હું પ્રવ્રજ્યામાં સ્થિર ચિત્તવાળો થયો છું, આથી આ (નર્તિકી) મારી ગુરુણી છે એટલે કંબલ રત્ન અર્પણ કર્યું. રાજા તેને ઓળખીને કહે છે કે હે વત્સ ! આ રાજ્યને તું ગ્રહણ કર. ક્ષુલ્લકે કહ્યું: આયુષ્ય થોડું હોય ત્યારે હમણાં લાંબા સમયના સંયમને નિષ્ફળ કરવાથી શું ? પછી રાજાએ પોતાના પુત્રો વગેરેને પુછ્યું કે તમારે દાનનું શું કારણ છે ? તે કહો. રાજપુત્રે કહ્યું કે હે તાત ! હું તમને મારીને આ રાજ્યને ગ્રહણ કરવા ઈચ્છતો હતો અને આ ગીત સાંભળીને રાજ્યાસક્તિથી હું પાછો ફર્યો છું. તથા સાર્થવાહીએ પણ કહ્યું કે મારો પતિ પરદેશ ગયો તેને બાર વરસ થયા છે. હું બીજા પતિને કરું એમ વિચારું છું. પતિની આશામાં હું શું કામ ખેદ પામું ? પછી અમાત્યે કહ્યું કે હું બીજા રાજાઓની સાથે ઘાટ ઘડું

કે નહીં ? એમ પૂર્વે વિચારતો હતો. મહાવતે પણ કહ્યું કે હું પણ સીમાડાના રાજાઓ વડે કહેવાયો કે પટ્ટહસ્તીને લઇ આવ કે મારી નાખ આ પ્રમાણે ઘણું કહેવાયો. સંશયરૂપી હિંડાળા ઉપર ચંચળ ચિત્તવૃત્તિથી લાંબો સમય રહ્યો. હવે તેઓના અભિપ્રાયને જાણીને પુંડરીક રાજાએ બધાને અનુજ્ઞા આપી કે અહો ! તમને જે ઠીક લાગે તે કરો. આ પ્રમાણે અકૃત્યો કરીને આપણે કેટલો લાંબો કાળ જીવશું ? એમ બોલીને ઉત્પન્ન થયો છે વૈરાગ્ય જેઓને એવા ચારેય પણ તત્ક્ષણ જ ક્ષુલ્લક કુમારની પાસે દીક્ષા લીધી અને સકલ જગત પૂજ્ય તે ક્ષુલ્લક મહાત્મા સર્વની સાથે વિહાર કરે છે. ક્ષુલ્લકને આવી બુદ્ધિ થઇ તે પારિણામિકી જાણવી. રાજપુત્ર, મંત્રી, મહાવત, શ્રીકાંતાને પણ જે બુદ્ધિ થઇ તે પણ પારિણામિકી જાણવી. (૪૦)

**ગાથાક્ષરાર્થ**– **'કુમાર'** એ પ્રમાણે દ્વાર પરામર્શ છે. સાકેત નામના નગરમાં પુંડરીક નામનો રાજા હતો. **ભા** એટલે નાનો ભાઇ કંડરીક. ક્યારેક પુંડરીકને નાના ભાઇ કંડરીકની સ્ત્રી ઉપર આસક્તિ થઇ. પતિનું મરણ થયે છતે અને પોતાનો નાશ નજીક હોતે છતે આ બે વૃત્તાંતને જોઇને તેણીએ દીક્ષા લીધી. દીક્ષા પૂર્વે જ ગર્ભવતી હોવાથી તેને રાજલક્ષણવાળા પુત્રનો જન્મ થયો અને સમયે તેની દીક્ષા થઇ. યૌવનકાળમાં પરિષહથી પરાભવ થયો ત્યારે કાકા પાસે ગમન થયું. ત્યાં ગીતિકા (= ગીત) સાંભળવાથી ક્ષુલ્લકને અને બીજા ચારને બોધિની પ્રાપ્તિ થઇ. (૧૩૦)

**देवीयपुप्फचूलाजुवलग रागम्मि नरयसुरसुमिणे ।**
**पुच्छा अण्णियबोही, केवल भत्तम्मि सिज्झणया ॥१३१॥**

**अथ गाथाक्षरार्थः —'देवी'च इति द्वारपरामर्शः। सा च पुष्पवत्यभिधाना । तत्र च 'पुप्फचूला जुवलग' त्ति पुष्पवती देवी युगलकं पुष्पचूलः पुष्पचूला च इति अभिधानं अपत्ययुगलं प्रसूता । तयोश्च परस्परसंजातविवाहयोः पुष्पचूलाभर्तृविषये 'रागम्मि' त्ति दृष्टे रागे सति मात्रा देवीभूतया 'नरयसुरसुमिणे' इति नरकाः सुरविमानानि च तत्प्रतिबोधनार्थं स्वप्ने प्रदर्शितानि । 'पुच्छा अण्णियबोही' इति ततः पृच्छा तेषां अन्निकापुत्राचार्यान्ते कृता । बोधिश्च लब्धः । प्रव्रजितायाश्च तस्याः 'केवल'त्ति 'केवलज्ञानमुत्पन्नम्।' भत्तम्मि' त्ति केवलबलेन च भक्ते आनीयमाने लब्धस्वरूपेण सूरिणा तन्निषेधे कृते 'सिज्झणया' इति गङ्गामुत्तरतः सूरेः सिद्धिः सम्पन्नेति ॥१३१॥**

**ગાથાર્થ**– પુષ્પચૂલા દેવી યુગલ, રાગ, નરક અને દેવનું સ્વપ્ન, પૃચ્છા, અર્ણિકાચાર્ય, બોધિ, કેવળજ્ઞાન, ભોજનમાં, સિદ્ધ થવું. (૧૩૧)

## પુષ્પચૂલાની કથા

શ્રી પુષ્પદત્ત નામના નગરમાં પ્રચંડ શત્રુપક્ષને દળી નાખવામાં સમર્થ એવો પુષ્પકેતુ નામે મહારાજા હતો. તેને પુષ્પવતી રાણી હતી. તેને એક પુષ્પચૂલ પુત્ર અને પુષ્પચૂલા પુત્રી યુગલ પણે જન્મ્યા. તે બેને પરસ્પર ગાઢ પ્રેમવાળા જોઇને રાજાએ તેઓનો વિયોગ ન થાઓ એમ વિચારી પરસ્પર જ લગ્ન કર્યા તે પ્રસંગથી જ પુષ્પવતી નિર્વેદ પામી દીક્ષા લઇ દેવલોકમાં ગઇ.

હવે તે દેવતા સુખે સુતેલી પુષ્પચૂલાને બોધ પમાડવા માટે ભયંકર દુઃખથી સંતપ્ત એવા નરક અને નારકને પણ બતાવે છે. હવે તે ભીષણ રૂપ જોઇને જલદી જાગેલી પૂષ્પચૂલા રાજાને નરકનો વૃત્તાંત કહે છે. પુષ્પચૂલ રાજા પણ દેવીના ખાત્રી માટે સર્વ પાખંડીઓને પૂછે છે કે અરે ! નરકો કેવા પ્રકારના છે ? તથા તેઓને કેવું દુઃખ છે ? તે તમે કહો. પોતપોતાના મતના અનુરૂપથી તેઓએ નરકના વૃત્તાંતને જણાવ્યો. પરંતુ દેવીએ તેને ન સ્વીકાર્યો. પછી રાજાએ ત્યાં રહેલા સ્થવિર, બહુશ્રુત, અર્ણિકાપુત્ર આચાર્યને બોલાવીને પુછ્યું અને તેમણે યથાસ્થિત નરકનું સ્વરૂપ બતાવ્યું. પછી ભક્તિથી નિર્ભર પુષ્પચૂલા દેવીએ કહ્યું: હે ભગવન્ ! તમે પણ સ્વપ્નમાં આ જોયું છે? ગુરુએ કહ્યું: હે ભદ્રે ! જિનેશ્વરના શાસ્ત્ર રૂપી દીવાના સામર્થ્યથી તેવી કોઇ વસ્તુ નથી જે ન જણાય તો પછી નરકવૃત્તાંત કેટલા માત્ર છે ?

બીજે વખતે રાત્રિના અંતે માતાએ સ્વપ્નમાં વિસ્મય કરનારી વિભૂતિથી શોભતો દેવોનો સમૂહવાળો સ્વર્ગ બતાવ્યો. પૂર્વની જેમ જ ફરી પણ રાજાએ સૂરિને પુછ્યું ત્યારે સૂરિએ પણ તેના સ્વરૂપને જણાવ્યું. હર્ષિત થયેલી દેવી પગમાં પડીને ભક્તિથી પૂછવા લાગી કે નરકનું દુઃખ કેવી રીતે મળે ? અથવા સુર-સુખ સંપત્તિ કેવી રીતે મળે ? ગુરુએ કહ્યું કે હે ભદ્રે ! વિષય પ્રસક્તિ પ્રમુખ પાપોથી નરક દુઃખ મળે અને તેના ત્યાગથી સ્વર્ગસુખ મળે. તે વખતે પ્રતિબોધ પામેલી તે વિષ જેવા વિષયવ્યાસંગ (આસક્તિ)ને છોડીને પ્રવ્રજ્યા લેવા માટે રાજાની રજા માંગે છે. વિરહથી પીડાયેલા રાજાએ દીક્ષા પછી તમારે અન્યત્ર ક્યાંય પણ વિહાર ન કરવો એ શરતે કોઇક રીતે અનુજ્ઞા આપી. દીક્ષા લઇને વિચિત્ર તપકર્મથી નિર્મથિત કરાયા છે પાપો જેના વડે એવી તે સાધ્વી દુષ્કાળમાં દૂરદેશમાં મોકલેલ છે પોતાનો સર્વ શિષ્ય પરિવાર જેમણે, જંઘાબળથી ક્ષીણ, એકલા રહેલા સૂરિને રાજભવનમાંથી અશન-પાન લાવીને અર્પણ કરે છે. આ પ્રમાણે કાળ પસાર થયે છતે અત્યંત શુદ્ધ પરિણામી પુષ્પચૂલા સાધ્વીએ ઘાતિકર્મોને હણીને કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. **અમુણિત**[૧] કેવલી પૂર્વે સ્વીકારેલા વિનયને છોડતા નથી, અર્થાત્ પોતાને કેવળજ્ઞાન થયું છે એમ બીજાને ખબર ન પડે ત્યાં સુધી કેવળીઓ પૂર્વની જેમજ સાધુસામાચારીનું પાલન કરે છે. આ પ્રમાણે તે પૂર્વના ક્રમથી ગુરુને અશનાદિ લાવી આપે છે.

૧. **અમુણિત કેવળી–** આમને કેવળજ્ઞાન થયું છે એવી વાત લોકને ખબર નથી પડી તેવા કેવળી.

એક પ્રસંગે શરદીથી ઘેરાયેલા સૂરિને મનોવાંછિત ભોજનની ઇચ્છા થઇ ત્યારે ઉચિત સમયે તેના વડે તે ઇચ્છા પૂરી કરાઇ ત્યારે વિસ્મિત મનવાળા સૂરિ કહે છે કે હે આર્યે ! ભોજન વિશેનો મારો માનસિક સંકલ્પ તેં કેવી રીતે જાણ્યો. જેથી તું ઉચિત કાળે અતિ દુર્લભ ભોજનને લાવી. તેણે કહ્યું: જ્ઞાનથી. સૂરિ– ક્યા જ્ઞાનથી ? પુષ્પચૂલા– અપ્રતિપાતિ જ્ઞાનથી. ધિક્ ધિક્ અનાર્ય એવા મેં આ કેવલીની કેમ આશાતના કરી ? એ પ્રમાણે સૂરિ શોક કરવા લાગ્યા. હે મુનિવર ! શોક ન **કરો**.[૨] કારણ કે નહીં ઓળખાયેલા કેવલી પણ પૂર્વ વ્યવહારનો લોપ કરતા નથી. આ પ્રમાણે તેના વડે વારણ કરાયા. લાંબા સમયથી શ્રામણ્યને આરાધતો શું હું મોક્ષને નહીં પામું ? આ પ્રમાણે શંકા કરતા સૂરિને ફરીથી કહ્યું: હે મુનીશ ! મોક્ષ માટે તમે કેમ શંકા કરો છો ? કેમકે તમે પણ ગંગા નદી ઉતરતા કર્મક્ષય કરશો. આ પ્રમાણે સાંભળીને સૂરિ નાવડીમાં બેસીને સામે કાંઠે પહોંચવાના અભિલાષથી ગંગાનદી ઓળંગવા પ્રવૃત્ત થયા. પરંતુ તે સૂરિ નાવમાં જે જે બાજુ બેસે છે તે તે ભાગ કર્મદોષથી અગાધ ગંગાજળમાં ડૂબે છે. સર્વનાશની શંકા કરીને ખલાસીઓએ નાવડીમાંથી અર્ણિકાપુત્રાચાર્યને પાણીમાં નાખ્યા. હવે પરમ પ્રશમરસમાં પરિણત, સુપ્રસન્ન ચિત્તવૃત્તિવાળા, સર્વ સામર્થ્યથી રુંધાયા છે સંપૂર્ણ આશ્રવ દ્વારો જેના વડે, દ્રવ્યથી અને ભાવથી પરમ નિઃસંગતાને પામેલા, સુવિશુદ્ધ થતા દૃઢ શુક્લ ધ્યાનથી નિર્મથિત કરાયા છે કર્મો જેના વડે, જળના સંથારામાં રહેલા હોવા છતાં અત્યંત રુંધાયા છે સર્વ યોગો જેના વડે એવા સૂરિને નિર્વાણ લાભની સાથે મનવાંછિત અર્થ સિદ્ધિ થઇ. આ પ્રમાણે સ્વપ્નમાં નરક અને સ્વર્ગ બતાવતી દેવભવને પામેલી દેવીને પારિણામિકી બુદ્ધિ હતી.

**ગાથાક્ષરાર્થ–** **'દેવી'** એ પ્રમાણે દ્વારપરામર્શ છે. અને તેનું નામ પુષ્પવતી છે. પુષ્પવતી દેવીએ પુષ્પચૂલ અને પુષ્પચૂલા યુગલને જન્મ આપ્યો અને તે બંનેના પરસ્પર લગ્ન થયે છતે, પુષ્પચૂલાનો પતિ ઉપર રાગ જોયે છતે દેવ થયેલી માતાએ તેને પ્રતિબોધ કરવા નરક અને દેવલોકના સુખો સ્વપ્નમાં બતાવ્યા. પછી તેઓએ અર્ણિકાપુત્ર આચાર્યને સ્વપ્નની હકીકત પૂછી અને બોધિ પ્રાપ્ત કરી. દીક્ષા લીધા પછી તેને કેવળજ્ઞાન થયું. કેવળીનું સ્વરૂપ જાણીને સૂરિએ કેવળજ્ઞાનના બળથી લવાતા ભોજનનો નિષેધ કરાયે છતે ગંગા નદી ઉતરતા સૂરિને પણ સિદ્ધિ પ્રાપ્ત થઇ. (૧૩૧)

**उदिओदय सिरिकंता, परिवाइय अण्णराय उवरोहे ।**
**जणमणुकंपा देवे, साहरणं णियगनयरीए ॥१३२॥**

---

૨. **सा, अस्** ધાતુ ૨ જો ગણ વિધ્યર્થ બી. પુ. એક વ. **स्याः** નું પ્રાકૃત રૂપ છે.–

**अथ गाथाक्षरार्थः—उदितोदयो नाम राजा । श्रीकान्ता तद्भार्या । 'परिवाइय' त्ति तया च परिव्राजिका स्वधर्ममाचक्षाणा खलीकृता । तया च 'अण्णराय' त्ति अन्यस्य धर्मरुचिनाम्नो राज्ञोऽनुरागगोचरं सा आनीता । तेन च सबलवाहनेन उपरोधे पुरिमतालनगरस्य कृते 'जणमणुकंप' त्ति उदितोदयस्य जनं प्रति अनुकम्पा संवृता । ततो देवे वैश्रमणसंज्ञे विषयभूते प्रणिधानं कृतम् । तेन च तदीप्सितमभिलषता धर्मरुचेः 'साहरणं' त्ति संहरणं उपसंहारः कृतो निजकनगर्यामिति ॥१३२॥**

**ગાથાર્થ–** ઉદિતોદય, શ્રીકાંતા, પરિવ્રાજિકા, અન્યરાજા, ઉપરોધ (ઘેરો) લોક અનુકંપા, દેવ, પોતાની નગરીમાં સાહરણ (મૂકવું).

શ્રી ઋષભસ્વામીના કેવળજ્ઞાનરૂપી લક્ષ્મીના લાભથી ઉછળ્યું છે માહત્મ્ય જેનું. સકલ નગરોમાં **દેવનગર**[1] એવા શ્રી પુરિમતાલ નામના નગરમાં હંમેશા રાજ્યલક્ષ્મીનો ઉગેલો છે ઉદય જેને, વીતરાગ દેવના ચરણરૂપી કમળના પ્રણયમાં તત્પર એવો ઉદિતોદય નામનો રાજા હતો. સારી રીતે ઉપશાંત કરાયેલી છે મિથ્યાત્વ મોહનીયની કુટિલતા જેના વડે એવી તેની શ્રીકાંતા નામની રાણી છે. ક્યારેક તેના અંતઃપુરમાં પરિવ્રાજિકા પોતાનો નાસ્તિકવાદ ધર્મ વિસ્તારથી કહેવા લાગી. જિનપ્રવચનમાં પારગત અને કુશળ શ્રીકાંતાએ તેને હેતુઓ સહિત વાદમાં જીતી લીધી. તત્ક્ષણ જ વિલખી થઇ અને દાસીઓ વડે હસાઇ અને તે પ્રદેશમાંથી બહાર કઢાઇ. પછી ગાઢ પ્રદ્વેષને પામેલી વાણારસી નગરીમાં ગઇ અને શ્રીકાંતા દેવીનું ચિત્રમય પ્રતિબિંબ કરી, તે નગરના સ્વામી ધર્મરુચિ રાજાને બતાવ્યું અને તે તેની ઉપર આસક્ત થયો. ઉદિતોદય રાજાની પાસે દેવી માટે દૂત મોકલે છે. ઉદિતોદય રાજાએ અપમાન કરી તેને બહાર કાઢ્યો. અપમાન અને માનને મનમાં લેતો પરમ અધર્મરુચિના સારવાળો ધર્મરુચિ પુરિમતાલ નગરીને ઘેરો ઘાલે છે. તે વખતે નિઃસંચાર થયો, અર્થાત્ ક્યાંય ગમનાગમન થઈ શકતું નથી. અનુકંપાશીલ મનવાળો ઉદિતોદય રાજા વિચારે છે કે આ મોટા સૈન્યના કચ્ચરઘાણથી સર્યું, અર્થાત્ જેમાં ઘણાં જીવોનું મરણ થાય તેવું હિંસક યુદ્ધ નથી કરવું અને બ્રહ્મચર્ય વ્રત ધારણ કરી ઉપવાસ કર્યો. પૂર્વે આરાધન કરાયેલ વૈશ્રમણ નામના દેવે સમર્થ, સર્વ સૈન્યથી યુક્ત ધર્મરુચિ રાજાને ઉપાડીને વાણારસી નગરીમાં મૂકી દીધો. ઉદિતોદયની આ પારિણામિકી બુદ્ધિ જાણવી. બીજાને પીડા કર્યા વિના પોતાના આત્માનું રક્ષણ કર્યું. (૧૨)

**ગાથાક્ષરાર્થ–** ઉદિતોદય નામનો રાજા છે, શ્રીકાંતા તેની પત્ની છે. તેણે સ્વધર્મ કહેતી પરિવ્રાજિકાને હરાવી અને પરિવ્રાજિકાએ ધર્મરુચિ નામના બીજા રાજાને આના ઉપર આસક્ત

---

૧. **सुराल** સુર શબ્દને વ્યાકરણના નિયમ ૮-૨-૧૫૯ થી **आल** પ્રત્યય લાગીને **सुराल** શબ્દ બન્યો છે. અર્થાત્ દેવવાળું=દેવનગર.

કર્યો. તે રાજાએ સૈન્ય સહિત પુરિમતાલ નગરને ઘેરો ઘાલ્યો ત્યારે ઉદિતોદયને લોક ઉપર અનુકંપા થઈ. પછી તેણે વૈશ્રમણ નામના દેવનું પ્રણિધાન કર્યું. તે દેવે તેની ઇચ્છા મુજબ ધર્મરુચિ રાજાનું સંહરણ કરી પોતાની નગરીમાં મુક્યો. (૧૩૨)

**साहू य णंदिसेणे, ओहाणाभिमुह रायगिहवीरे ।**

**तस्संतेउरपासणसंवेगा निच्चलं चरणं ॥१३३॥**

**अथ गाथाक्षरार्थः —साधुश्च ज्ञातम् । कस्य इत्याह—'नंदिसेण' त्ति नन्दिषेणस्य सूरेः तस्मिन् 'ओहाणाभिमुह' त्ति अभिधावनाभिमुखे प्रव्रज्यापरित्यागसंमुखे सति 'रायगिहवीरे' इति राजगृहे वीरो गतः। तत्र च तस्य शिष्यस्य 'अंतेउरपासणसंवेगा' इति गुरोः अन्तःपुरदर्शनेन संवेगाद् उक्तलक्षणाद् निश्चलं चरणं संजातमिति ॥१३३॥**

**ગાથાર્થ**– નંદિષેણના શિષ્ય દીક્ષા છોડવા તૈયાર, રાજગૃહમાં વીરનું પધારવું, અંતઃપુર જોવું, સંવેગ, નિશ્ચલ ચારિત્ર. (૧૩૩)

## નંદિષેણના શિષ્ય મુનિની કથા

શ્રેણિક રાજાને સકલ પૃથ્વીવલયને આનંદ પમાડનાર, ચંદ્ર સમાન નિર્મળ યશવાળો નંદિષેણ નામે પુત્ર હતો. વીતરાગ પાસેથી પ્રાપ્ત થયો છે શુદ્ધ ધર્મ જેને એવા તેણે સ્વર્ગની શોભાનો તિરસ્કાર કરનાર નગરને અને અત્યંત રમણીય અંતઃપુરને તૃણની જેમ છોડીને દીક્ષા લીધી. અતિશય શ્રુત રૂપી મણિ માટે રોહણાચલ પર્વત સમાન, શ્રુતશીલને ધરનારો તે ક્ષમાદિ ગુણોનો ધરનારો થયો. તેને અતિનિર્મળ જાતિ કુલવાળો, વિનયાદિગુણજ્ઞ કામરાગને જીતનાર ઘણો મુનિ પરિવાર થયો. (૪)

હવે ક્યારેક કર્મના વિચિત્ર પરિણામથી નિમિત્ત વિના જ, કામથી વિચલિત કરાયું છે ચિત્ત જેનું એવો તેનો એક શિષ્ય પોતાના સદ્ભાવને કહે છે, અર્થાત્ પોતાના મનમાં જેવા વિચારો છે તે જણાવે છે. નંદિષેણે પણ વિચાર્યું કે ભગવાન મહાવીર જો રાજગૃહ પધારે તો સારું થાય. કારણ કે મારા વડે ત્યાગ કરાયેલી દેવીઓના અતિશયોને જોઈને બીજો પણ સ્થિર થાય. ભગવાન ત્યાં ગયા. સુંદર હાથીસ્કંધ પર બેઠેલો, જેના ઉપર શ્વેત છત્ર ધરાયું છે, જેની બંને બાજુ શ્વેત સુંદર ચામરો વીંઝાતા છે, સૈન્યથી સહિત, અંતઃપુરથી સહિત શ્રેણિક રાજા નીકળ્યો તથા કુમારવર્ગ અને શ્રીનંદિષેણનું અંતઃપુર જિનેશ્વરના વંદન માટે નીકળ્યું. સમોવસરણમાં ભગવંતને વાંદીને સ્વસ્થાનમાં બેસે છતે તે શિષ્ય ગુરુ નંદિષેણથી મુકાયેલી શ્વેતવસ્ત્રધારી, અતિશય શુદ્ધ શીલધારી, શરીરના સર્વ અંગોથી ઢંકાયેલી, આભૂષણોનો ત્યાગ કરનારી, સર્વ અંતઃપુરની લક્ષ્મીને હરનારી, પદ્મસરોવરમાં રહેલ હંસીઓની જેમ શોભતી દેવીઓને જુએ છે. તે વિચારે છે

કે અહો ! મારા ગુરુ ધન્ય છે જેમણે આવા વિષયસુખો મળવા છતાં ત્યાગ કર્યો અને અધન્ય, દુર્બળ મનવાળા એવા મારે વિષયસુખો નહીં હોવા છતાં ત્યાગ દુષ્કર થયો. આ પ્રમાણે ભાવનાના વશથી તત્ક્ષણ તીવ્ર પ્રશમને પામ્યા. આલોચનાનું પ્રતિક્રમણ કરતા મેરુની જેમ સ્થિર થયા. શ્રી નંદિષેણ ગુરુને રાજગૃહ નગરમાં શિષ્યોને લઇ જવા સંબંધી જે મતિ થઇ તે અને શિષ્યને પણ તેઓને જોવાથી જે મતિ થઇ તે પારિણામિકી બુદ્ધિ જાણવી. (૧૫)

**ગાથાક્ષરાર્થ**– સાધુનું ઉદાહરણ છે. કયા સાધુનું ? નંદિષેણ મુનિના શિષ્યનું ઉદાહરણ છે. તે શિષ્યને દીક્ષાત્યાગની મતિ થઇ ત્યારે વીરપ્રભુ રાજગૃહ નગરમાં ગયા. ત્યાં ગુરુના અંતઃપુરના દર્શનથી થયેલા સંવેગથી ચારિત્ર નિર્મળ થયું. (૧૩૩)

**धणयत्त सुंसुमित्थी, चिलाइरागम्मि धाडिगहणं तु ।**

**णयणे लग्गण मारण वसणे तब्भक्खणा चरणं ॥१३४॥**

**अथ गाथाक्षरार्थः—'धनदत्त' इति द्वारपरामर्शः । तत्र च धनदत्तश्रेष्ठिनः सुंसुमा-भिधाना स्त्री इति कन्यारूपा । तस्याः 'चिलाइ' त्ति चिलातीपुत्रेण रागे तदगोचरे जाते सति । 'धाडिगहणं तु' त्ति धाट्या प्रतीतरूपया ग्रहणमादानं कृतम् । तुशब्दः पूरणार्थः। नयने स्वपल्लिप्रापणे तेन तस्याः प्रारब्धे सति 'लग्गण' त्ति श्रेष्ठिना सपुत्रेण पृष्ठतो लगनं कृतम् । नेतुमपारयता च तेन 'मारण' त्ति मारणं कृतं तस्याः । ततो व्यसने बुभुक्षालक्षणे सम्पन्ने तद्भक्षणात् सुंसुमाभक्षणाल्लब्धजीवितानां तेषां चरणं कालेन चारित्रं सम्पन्नमिति ॥१३४॥**

**ગાથાર્થ**– ધનદત્ત સુંસુમા પુત્રી, ચિલાતિપુત્ર, રાગમાં ધાડથી હરણ, લઇ જવું, પાછળ પડવું, મારવું, કષ્ટમાં તેનું ભક્ષણ, ચારિત્ર. (૧૩૪)

## ચિલાતિપુત્રનું કથાનક

ભૂમિપ્રતિષ્ઠિત નગરમાં જિનશાસનની હિલના કરવામાં રત, પોતાને પંડિત માનતો યજ્ઞદેવ નામનો બ્રાહ્મણ હતો. અહીં જે જેનાથી જિતાય તે તેનો શિષ્ય થાય એવી પ્રતિજ્ઞાવાળા વાદમાં પરમ બુદ્ધિમાન સાધુ વડે તે જિતાયો અને શિષ્ય કરાયો, અર્થાત્ દીક્ષા આપી. દીક્ષાનો ત્યાગ કરતા એવા તેને દેવતાએ નિષેધ કર્યો આથી તે સાધુધર્મમાં સુનિશ્ચલ થયો તો પણ જાતિમદથી કંઇક દુગંછા ભાવને ધારણ કરતા તેણે પોતાના સર્વ સ્વજન વર્ગને પ્રતિબોધ કર્યો. પરંતુ તેની સ્ત્રી પૂર્વે વિસ્તરેલ ગાઢ પ્રેમના અનુબંધના દોષથી તેને પ્રવ્રજ્યા ત્યાગ કરાવવા ઇચ્છે છે. પણ નિશ્ચલચિત્તવાળો સદ્ધર્મમાં તત્પર એવો તે દિવસો પસાર કરે છે.

હવે કોઇક વખતે તેણે યજ્ઞદેવ ઉપર કામણ કર્યું. તેના દોષથી મરીને તે દેવલોકમાં દેવ થયો. તેના મરણથી સંતપ્ત થયેલી તેણીએ પણ દીક્ષા લીધી. આલોચના કર્યા વિના મરીને

દેવલોકમાં દેવ થઇ. હવે યજ્ઞદેવનો જીવ ચ્યવીને રાજગૃહ નગરમાં ધનદત્ત શ્રેષ્ઠીના ઘરે દુગંછા દોષથી ચિલાતિ નામની દાસીની કુક્ષીમાં પુત્રરૂપે ઉત્પન્ન થયો. તેના પિતાએ ઉક્ત ગોત્રાનુસાર તેનું નામ ચિલાતિપુત્ર પાડ્યું. બીજી પણ (તેની પૂર્વભવની પત્ની) ત્યાંથી ચ્યવીને તે જ ધનની સ્ત્રીના પાંચપુત્રોની ઉપર સુંસુમા નામે પુત્રી થઇ. ચિલાતિપુત્ર તેની સંભાળ રાખવા રખાયો. આ અત્યંત ઝઘડાખોર અને દુર્વિનિત છે એમ જાણી સાર્થવાહે તેને ઘરમાંથી કાઢી મુક્યો, ભમતો તે પલ્લિમાં ગયો. તેણે ગાઢ વિનય કરીને પલ્લિપતિની સેવા કરી. (૧૩)

હવે પલ્લિપતિ મરણ પામે છતે બધા ચોરોએ ભેગા થઇને આ યોગ્ય છે એમ જાણી તેને પલ્લિપતિ કર્યો અને તે મહાબળવાન અતિનિર્ધૃણ ગામ પુર-નગરના સાર્થોને હણે છે. એક પ્રસંગે તેણે ચોરોને આ પ્રમાણે કહ્યું કે રાજગૃહ નગરમાં ધન નામનો સાર્થવાહ છે. તેને સુંસુમા નામની પુત્રી છે. તે મારી અને ધન તમારું, તેથી તમો આવો ત્યાં જઇએ. 'અમો આવશું' એમ ચોરોએ સ્વીકાર્યું. રાત્રિના તેઓ રાજગૃહ ગયા અને અવસ્વાપીની નિદ્રા આપીને ઘરમાં પ્રવેશ્યા. ચોરોએ તેનું ઘર લુંટ્યું. પલ્લિપતિએ સુંસુમાને લીધી. તે વખતે પુત્રો સહિત ધનદત્ત જંલદીથી ઘર છોડીને કાર્ય પ્રસંગે બીજે ગયો હતો. ઇચ્છિત કાર્યને કરી પલ્લિપતિ સ્વસ્થાન આવવા પાછો ફર્યો. હવે સૂર્યોદય થયે છતે પાંચેય પણ પુત્રોથી યુક્ત, દૃઢ રીતે બંધાયું છે કવચ જેના વડે, રાજાના ઘણા સૈનિકોથી યુક્ત ધનદત્ત પુત્રીના સ્નેહથી તે માર્ગથી પાછળ પડ્યો અને ધનદત્તે રાજસુભટોને કહ્યું કે મારી પુત્રીને પાછી લાવો, દ્રવ્ય તમને આપ્યું. આમ કહ્યું એટલે સુભટો દોડ્યા. તેઓને આવતા જોઇને ચોરો ધન મૂકીને ભાગ્યા. તે ધનને લઇને સુભટો ઘરે પાછા આવ્યા. પુત્રો સહિત એકલો ધનદત્ત જવા લાગ્યો, જલદીથી ચિલાતિપુત્રની નજીક પહોંચી ગયો. આ કોઇની ન થાઓ એમ સુંસુમાનું મસ્તક (કાપી) લઈ તે શીઘ્ર પલાયન થયો. દુભાતા મનવાળો સાર્થવાહ પાછો વળ્યો. પછી ક્ષુધાથી પીડાયેલો પુત્રોની સાથે મરવા તૈયાર થયો અને વિચારે છે કે હમણાં પ્રાણ ત્યાગ કરવાથી કોઇ લાભ નહીં થાય. તેથી કોઇ ઉપાયથી સર્વ ભક્ષ્ય ભોજનથી રહિત આ અટવીમાં પ્રાણો ટકાવવા જોઇએ. પછી તેણે પુત્રોને કહ્યું કે હું પ્રાયઃ કૃતકૃત્ય થયો છું, માટે તમે મને મારી ભોજન કરી પ્રાણ ટકાવી રાખો. આ કષ્ટથી જીવતો મનુષ્ય કલ્યાણ પામે છે. બે કાન આડા હાથ મૂકીને પુત્રોએ કહ્યું કે તમે અમારા ગુરુ છો, તમે અમારા દેવ છો તો તમે જ આવું અકાર્ય કરવાનું કેમ કહો છો ? મોટા પુત્રે કહ્યું કે મને મારી તમે પ્રાણ ટકાવો. તે પણ ઇચ્છતા નથી ત્યારે મોટાના ક્રમથી બધાજ પુત્રો પોતાના પ્રાણ અર્પણ કરવા તૈયાર થયા. જેટલામાં કંઇપણ કરવા શક્તિમાન થતા નથી તેટલામાં કાર્યકુશળ પિતાએ કહ્યું કે આ પુત્રી સ્વયં જ મરણ પામેલી છે તેથી આનું માંસ ખાઇને પ્રાણ ધારણ કરો. બધાએ અનુમતિ આપી એટલે અરણીના કાષ્ઠથી અગ્નિ પ્રગટાવ્યો અને તેમાં માંસ પકાવી ખાધું પછી પોતાના નગરમાં ગયા. સુગુરુની પાસે બોધિ પ્રાપ્ત કરીને સુગતિને પામ્યા. પ્રાણસંકટ ઉપસ્થિત થયે છતે ધનદત્ત પારિણામિક બુદ્ધિની સિદ્ધિથી તે દુઃખથી પાર પામ્યો અને ચારિત્રને પામ્યો. (૩૩)

હવે અટવીમાં ભમતા ચિલાતિપુત્રે કાઉસગ્ગમાં રહેલા એક મહાસત્ત્વશાળી સાધુને જોયા અને કહ્યું કે અહો મહામુનિ ! મને સંક્ષેપથી ધર્મ કહે નહીંતર તારું પણ માથું તલવારથી ફળની જેમ કાપીશ. નિર્ભય પણ મુનિ તેને ઉપકાર થશે એમ જાણીને કહ્યું કે ઉપશમ-વિવેક-સંવર આ ત્રણ પદ ધર્મનો સાર છે (સર્વસ્વ છે). આ ત્રણપદને ગ્રહણ કરી એકાંતમાં સારી રીતે વિચારવા લાગ્યો. સર્વ ક્રોધાદિના ત્યાગમાં ઉપશમ થાય છે એમ ઉપશમ શબ્દનો અર્થ છે. ક્રોધીને ઉપશમ ક્યાંથી હોય ? તેથી મારા વડે ક્રોધાદિ ત્યાગ કરાયા. ખરેખર વિવેક પણ ધન સ્વજનના પરિત્યાગમાં થાય છે. તેથી હવે મારે તલવારથી શું અને મસ્તકથી પણ શું ? ઇન્દ્રિય અને મનના રોધથી નિશ્ચયથી સંવર થાય છે. તેથી હું તેને પણ કરીશ એમ વિચારતો પણ તલવાર અને મસ્તકને મૂકીને નાકના અગ્રભાગ પર દૃષ્ટિ મૂકીને **મન-વચન અને કાયા**[1]ના વ્યાપારને રુંધ્યો. ફરી ફરી જ આ ત્રણ પણ પદોની પરિભાવના કરતો મેરુપર્વતની જેમ સુનિશ્ચલ કાઉસ્સગ્ગમાં રહ્યો. (૪૧)

હવે લોહીના ગંધમાં લુબ્ધ થયેલી, કુલિશ જેવા તીક્ષ્ણ અગ્ર પ્રચંડ મુખવાળી એવી કીડીઓથી ચારે બાજુથી જલદીથી ભક્ષણ કરાવા લાગ્યો. અને પગથી માંડીને મસ્તક સુધી સંપૂર્ણ પણ શરીર કીડીઓ વડે ભક્ષણ કરાઇને ચાલણી સમાન કરાયું તો પણ ધ્યાનથી કંપિત ન થયો. પ્રચંડ મુખવાળી કીડીઓ વડે તે મુનિનું શરીર ખવાયે છતે તે છિદ્રો સમસ્ત પાપોના નીકળવાના દીર્ઘ દ્વારો ન હોય તેમ શોભે છે. અઢી દિવસ સુધી ધીમાન સમ્યગ્ અનશન આરાધીને સુચારિત્ર છે ધન જેનું એવો તે સહસ્રાર નામના દેવલોકમાં ગયો.

**ગાથાક્ષરાર્થ**– **'ધનદત્ત'** એ પ્રમાણે દ્વાર પરામર્શ છે. તેમાં ધનદત્ત શ્રેષ્ઠીને સુંસુમા નામની કન્યા હતી. તેનો ચિલાતિપુત્રની સાથે રાગ થયે છતે ધાડ પાડી ગ્રહણ કરી. તુ શબ્દ પાદપૂરણમાં છે. તે તેને પોતાની પલ્લિમાં લઇ જવા લાગ્યો ત્યારે પુત્રો સહિત શ્રેષ્ઠીએ તેનો પીછો કર્યો. લઇ જવું અશક્ય થયું ત્યારે તેને મારી. પછી ક્ષુધાપીડા થઇ ત્યારે સુંસુમાના ભક્ષણથી પ્રાણ ધારણ કરનારા તેઓને કાળથી ચારિત્રની પ્રાપ્તિ થઇ. (૧૩૪)

**सावय वयंसि रागे, संका णेवत्थ चिण्ह संवेगे ।**
**परिसुद्धे तक्कहणं, वियडणमद्दंसण परिण्णा ॥१३५॥**

---

૧. **आदि अन्त ग्रहणे मध्यग्रहणस्यावश्यं भावित्वात्** એ ન્યાય છે.
કોઇપણ વસ્તુના શરૂઆતના ભાગનો અને અંતના ભાગનો ઉલ્લેખ કર્યો હોય તો તેનો મધ્યભાગ અવશ્ય ગ્રહણ કરવો. જેમકે રાત્રિના ચોથા અને પ્રથમ પહોરમાં સ્વાધ્યાય કરવો જોઇએ. આથી ફલિત એ થાય છે કે રાત્રિના છેલ્લા પહોરથી રાત્રીના પ્રથમ પહોર સુધીમાં દિવસના ચાર પહોર છે તેમાં પણ સ્વાધ્યાય કરવો જોઇએ. તેમ પ્રસ્તુમાં મન અને કાયાના વ્યપારને રુંધાવાનું કહેવાથી મધ્યના વચનના વ્યાપારને રુંધવાનું છે તે આ ન્યાયથી સમજી લેવું.

अथ गाथाक्षरार्थः—श्रावक इति द्वारपरामर्शः । तस्य च 'वयंसि रागे' इति वयस्यायां भार्यासत्कायां रागः संपन्नः । तदनुरागोद्रेकदुर्बलदेहं तं दृष्ट्वा शंका संजाता भार्याया पतिरमणगोचरा । पश्चाच्च तया 'णेवत्थ' त्ति वयस्यानेपथ्यं गृहीत्वा तस्य संतोषः संपादितः । तदनु 'चिण्ह' त्ति चिह्नसारे अहो दुष्कृतं कृतं एवंलक्षणे संवेगे परिशुद्धे सत्यरूपे जाते सति तत्कथना यथावस्थितकथना भार्यया कृता तस्य, यथा अहमेवासौ न अन्या काचित् । तथापि भावदोषात् परकलत्रासेवकोऽहं संजात इति विकटनं गुरुसमीपे कथनं कृतमस्यापराधस्य । गुरुणा अपि भणितोऽसौ यथा अदर्शनं साम्प्रतं तस्यास्त्वया कर्त्तव्यम् । 'परिण्णा' इति परदारप्रत्याख्यानं च असौ पुनरपि कारित इति ॥१३५॥

**ગાથાર્થ–** શ્રાવક, પત્નીની સખી ઉપર રાગ, શંકા, નેપથ્ય, ચિહ્ન, સંવેગ, પરિશુદ્ધ, તેનું કથન, પ્રાયશ્ચિત્ત, અદર્શન અને પ્રતિજ્ઞા. (૧૩૫)

કોઈ એક નગરમાં પરભાર્યારમણ વિરમણવ્રત સ્વીકારેલા, કારાવાસની જેમ ઘરવાસથી ભય પામેલા એવા કોઈક શ્રાવકને શ્રેષ્ઠ આભૂષણો અને ઉત્તમ શરગારથી ભૂષિત પત્નીની સખી ચક્ષુનો વિષય થઈ. વિષના વેગની જેમ રાગ થયો. જલદીથી ચિકિત્સા નહીં થવાથી તેનું શરીર ક્ષણથી ઉપવાસથી ક્ષીણ થયાની જેમ નિસ્તેજ થયું. ભાર્યાએ તેને પુછ્યુંઃ આ તમારી અકાળે દુર્બળતા કેમ થઇ ? અતિ આગ્રહ કરે છતે તેણે સત્ય હકીકત જણાવી. પત્નીએ કહ્યુંઃ આ કાર્ય અતિસરળ છે, તમે ખેદ કેમ કરો છો ? જેમ તમારી મનસિદ્ધિ થાય તેમ હું સંધ્યા સમયે કરીશ. સખીનો વેશ અને આભૂષણો લઇને પહેરીને અંધારામાં શય્યાઘરમાં રહી અને તે પ્રવેશ્યો તથા વાંછા પૂર્ણ થઇ ત્યારે તેને પશ્ચાત્તાપની બુદ્ધિ થઈ. લુપ્તશીલવાળા મને ધિક્કાર થાઓ. રતિકાલે કરાયેલી ચેષ્ટાના સ્મરણ કરાવવા પૂર્વક સ્ત્રીએ કહ્યુંઃ તે વખતે હું જ હતી, તે ન હતી, તો પણ તે ઘણો દુર્મનવાળો થયો. અતિ ક્લિષ્ટ અધ્યવસાયથી પણ આ મારો વ્રત ભંગ થયો. આચારરત બહુશ્રુત સુગુરુની પાસે આલોચના લીધી ત્યારે ગુરુએ આ પ્રમાણે શિખામણ આપી કે ઉત્તમ પુરુષે દુષ્ટ દર્શન દૂરથી જ છોડવું જોઇએ. જેમ તેણી વડે પાપ પ્રહારોના વિઘાતો અટકાવાયા. તેમ તેવા પ્રકારના કુપ્રયોગના વશથી ફરીથી તે પ્રકારે જ પાપો જાગૃત થાય છે. દોષનું જે કારણ છે તે કારણને જોવાથી દોષ ઉછળે છે. તેણે ફરી પણ પરદારાની વિરતિ કરી અને સ્ત્રી વડે પારિણામિકી બુદ્ધિના યોગથી મરી અશુભગતિમાં જતો અટકાવાયો અને સુગતિમાં સ્થાપન કરાયો. (૧૨)

**ગાથાક્ષરાર્થ–** **'શ્રાવક'** એ પ્રમાણે દ્વાર પરામર્શ છે. તેને સ્ત્રીની સખી ઉપર રાગ થયો. તેના અનુરાગના અતિશયપણાથી દુર્બલ દેહવાળો જોઇને પત્નીને પતિના રમણ સંબંધી શંકા થઇ. પછી તેણે સખીનો વેશ લઇને સંતોષ પમાડ્યો. ત્યાર પછી અહો ! આ દુષ્કૃત થયું એવો

પરિશુદ્ધ સંવેગ થયે છતે સ્ત્રીએ તેને યથાવસ્થિત વાત જણાવી કે તે હું જ હતી પણ સખી ન હતી. તો પણ હું ભાવથી પરસ્ત્રી સેવનારો થયો. એમ અપરાધનું પ્રાયશ્ચિત્ત ગુરુ પાસે લીધું. ગુરુએ પણ કહ્યું કે તારે તેનું મુખ પણ ન જોવું અને ફરીથી આને પરદારાનું પચ્ચક્ખાણ કરાવ્યું. (૧૩૫)

**तहयामच्चे राया, देवीवसणम्मि सग्गपडियरणा ।**

**धुत्ते दाणं पेसण, जलणे मुहरम्मि य विभासा ॥१३६॥**

**अथ गाथाक्षरार्थः—तथा च इति तथैव यथा पूर्वज्ञातानि पारिणामिक्यां बुद्धौ तथा इदमपि इति भावः । 'अमच्चे' इति अमात्यो मन्त्री तेन च यदा राजा देवीव्यसने मरणलक्षणे जाते सति न शरीरस्थितिं करोति, तदा 'सग्गपडियरण' त्ति स्वर्गस्थिताया देव्या व्याजतः प्रतिजागरणा श्रृङ्गारप्रेषणेन प्रारब्धा । अत्रान्तरे कस्मिंश्चिद् धूर्ते मन्त्रिणोऽनापृच्छ्यैव तथा उपस्थिते सति दानं पूर्ववत् कटिसूत्रकादिप्रदानं कृतम् । 'पेसणं' त्ति प्रेषणं प्रस्थापनं 'ज्वलने' वैश्वानरे प्रक्षेपेण प्रक्रान्तं तस्य । 'मुखरे' वाचाले अन्यस्मिन् अकस्मादेवोपस्थिते विभाषा विविधार्थभाषणरूपा कर्त्तव्या, यथा—प्रथमधूर्त्ते ज्वलनप्रवेशेन विनाशयितुमारब्धेऽन्यो मुखरो विप्लावकतया बहुं देवीसंदेशं दातुं आरब्धः। उक्तं च धूर्त्तेन, नाहमेतावत् समर्थोऽवधारयितुं कथयितुं वा संदेशजालम्, अतोऽयमेव प्रेष्यताम् । प्रारब्धश्चासौ तथैव प्रहेतुं, भणितश्च तेन स्वजनवर्गो यथा निजतुण्डं रक्षणीयम्, अरक्षितनिजतुण्डस्य मम एतत् फलं सम्पन्नमिति ॥१३६॥**

**ગાથાર્થ–** તથા અમાત્ય, રાજા, દેવીનું મૃત્યુ, સ્વર્ગમાં સેવા, ધૂર્ત, દાન, પ્રેષણ અગ્નિમાં પ્રવેશ અને વાચાળતામાં વિકલ્પ. (૧૩૬)

સુપ્રતિષ્ઠિત નગરમાં શ્રીસંગત નામનો મોટો રાજા હતો તેને પોતાના જાણે પ્રાણનું સર્વસ્વ ન હોય તેવી મનદયિતા નામની રાણી છે. તેની સાથે પાંચ પ્રકારના, સારભૂત, વિશ્વાસના કારણભૂત વિષયો ભોગવતા રાજાનો અતિ દીર્ઘકાળ પસાર થયો. હવે કોઈક વખત વૈદ્યોથી અસાધ્ય રોગથી પીડાતી શરીરવાળી દેવી યમના ઘરે પહોંચી, અર્થાત્ મરણ પામી. પરવશ થયેલો તે રાજા શરીરની **મર્યાદા**[1]નું જેટલામાં પાલન નથી કરતો તેટલામાં મંત્રીઓએ કહ્યું: હે રાજન્ ! તમે આ જગત સંસ્થિતિ જાણો. જેમ પાકેલા ધાન્યોને ખેડૂત લણે છે તેમ આ કૃત્તાંતો જન્મેલા જીવોને હણે છે અને મૃત્યુથી કોઈનું રક્ષણ થઈ શકતું નથી. આ પ્રમાણે કહેવાયેલો રાજા પણ કહે છે કે જ્યાં સુધી દેવી શરીર સ્થિતિ કરતી

૧. **શરીરની મર્યાદા–** એટલે શરીરની પૂર્વવત્ પ્રવૃત્તિરૂપ મર્યાદા, અર્થાત્ શરીર સંભાળની સર્વ ક્રિયા કરવી તે. જેવી કે સ્નાન કરવું. આભૂષણો પહેરવા વગેરે.

નથી ત્યાં સુધી મારે પણ શરીર સ્થિતિ ન કરવી. કૂટ કલ્પનાઓ કરીને મંત્રીઓએ એક મનુષ્યને સાધ્યો કે તારે રાજસભામાં રાજાને કહેવું કે હે દેવ ! દેવીએ મને સ્વર્ગમાંથી અહીં મોકલ્યો છે અને કહેવડાવ્યું છે કે દેવ કુશલ વાર્તાને ગ્રહણ કરે, અર્થાત્ હું અહીં દેવલોકમાં કુશળ છું અને તારે મારી પાસે ખબર લઇને આવવું. પછી રાજાએ પુછ્યું: દેવી કુશળ છે ને ? મંત્રીમંડળે કહ્યું: હે દેવ ! તેમ જ છે, અર્થાત્ કુશળ છે. દેવીને માટે શરીર શૃંગાર આના મારફત મોકલો જેથી દેવી શરીર સ્થિતિ કરે. પછી તેના મુખથી રાજાએ દેવીવૃત્તાંત મેળવ્યે છતે, કટિસૂત્રાદિ અર્પણ કર્યા પછી તે સાધિત પુરુષ બહાર નીકળે ત્યારે મંત્રીઓ તેમાંથી ભાગ પડાવે છે આમ પ્રતિદિન ચાલ્યું. (૧૨)

હવે કોઇક દિવસે મંત્રીની પોલ જાણીને એક ધૂર્ત્ત રાજાને દેવીના કુશલ સમાચાર આપે છે. અને તે જ રીતે શૃંગારને મેળવે છે. મંત્રીઓની બાજી બગડી અને તેઓએ વિચારણા કરી. તેમાંના એકે કહ્યું કે તમે ધીરજ રાખો, હું આ કાર્યમાં આ પ્રયત્ન કરીશ. તેણે સર્વ સંપાદન કર્યું, અર્થાત્ ધૂર્ત્તનો પરાભવ કરવા સર્વ પૂર્વ તૈયારી કરી અને રાજા પાસે જઇને કહે છે કે હે દેવ ! આ (ધૂર્ત્ત) દેવી પાસે કેવી રીતે જશે ? રાજા– પૂર્વ દિવસોમાં કેવી રીતે ગયા હતા. મંત્રી– હે દેવ ! જેવી રીતે દેવી ગઈ હતી તે રીતે. રાજાએ કહ્યું: આને પણ તે જ રીતે મોકલો. આ પ્રમાણે રાજાએ કહ્યું એટલે ધૂર્ત્ત ચાર ખાંધ ઉપર ધારણ કરાયો, અર્થાત્ તેને ઠાઠડીમાં બાંધ્યો. એક મશ્કરો ઉપહાસ કરવાની બુદ્ધિથી રાજાની સમક્ષ જ તેને (ધૂર્ત્તને) કહેવા લાગ્યો કે તું દેવીને આ પ્રમાણે કહેજે કે રાજા તને મળવા અતિ ઉત્કંઠ થયો છે. ધૂર્ત્તે પણ વિચાર્યું કે અહીં સર્વ (પ્રાણ) બચાવી લેવાનો પ્રસંગ પ્રાપ્ત થયો છે તેથી મશ્કરાને કહ્યું: મને તારા જેવું વિજ્ઞાન નથી જેથી આવા પ્રકારના અર્થને જાણતો હોવા છતાં પણ વચનના પ્રત્યુત્તરને આપી શકતો નથી. માટે હું કહું છું કે હે પ્રધાનો ! તમારે આ વાચાળને મોકલવો. પ્રધાનોએ તેમ કર્યું, અર્થાત્ વાચાળને ઠાઠડીમાં બાંધ્યો. ઉગ્ર હાહારવથી તે પ્રદેશને રુંધતો વાચાળ પોતાના બંધુ વર્ગને કહે છે કે, પોતાના મોઢાને સંભાળજો મુખની વાચાળતાના કારણે હું આવા કષ્ટને પામ્યો. મંત્રીઓએ દમદાટી આપીને કરુણાથી તેને (વાચાળને) છોડ્યો અને બીજા મૃતકને બાળ્યું. તે મંત્રીને આવી પારિણામિકી બુદ્ધિ થઇ જેથી ધૂર્ત્ત અને વાચાળ બંને જણ પાઠ ભણાવાયા.

**ગાથાક્ષરાર્થ**– અને ત્યાં એટલે પારિણામિકી બુદ્ધિમાં પૂર્વે જે ઉદાહરણો અપાયા છે તેમાં આ ઉદાહરણને જાણવું. દેવી મરણ પામે છતે રાજા જ્યારે શરીર સ્થિતિ કરતો નથી ત્યારે મંત્રીએ સ્વર્ગમાં રહેલી દેવીના બાનાથી શૃંગાર મોકલીને સેવા શરૂ કરી. આટલામાં કોઇક ધૂર્ત્ત મંત્રીને પુછ્યા વિના જ રાજાની પાસે આવ્યો ત્યારે રાજાએ તેને પૂર્વવત્ કટિસૂત્ર વગેરે શૃંગારનું દાન કર્યું. પછી મંત્રીએ તેને અગ્નિમાં પ્રવેશ કરવા મોકલ્યો ત્યારે અકસ્માત્ ઉપસ્થિત થયેલ વાચાળે વિભાષા કરી. જેમકે– પ્રથમ ધૂર્ત્ત જ્યારે અગ્નિમાં પ્રવેશ કરાવવા લઇ જવાતો હતો ત્યારે અન્ય વાચાળ અરાજકતાથી દેવીને આપવાનો મોટો સંદેશો કહેવા (દેવા) લાગ્યો. અને

ધૂર્તે કહ્યું કે આટલા બધા સંદેશાને હું યાદ રાખવા સમર્થ નથી તેથી આ જ (વાચાળ જ) ત્યાં મોકલાય. તે જ રીતે ધૂર્તને બદલે વાચાળને મોકલવા શરૂ કરાયું અને વાચાળે પોતાના સ્વજન વર્ગને કહ્યું કે તમારે મોઢું સંભાળવું મોઢું નહી સંભાળવાથી મને આટલું ફળ પ્રાપ્ત થયું.(૧૩૬)

**खमए मंडुकिथंभे, विराहियाहि णिसि रायसुयमरणे ।**
**सीसे रूवग रेहा, पुच्छे सुय दिक्खचउक्खमगा ॥१३७॥**

**अथ गाथाक्षरार्थः—'क्षमक' इति द्वारपरामर्शः । तस्य 'मंडुक्कि' त्ति लघ्वी दर्दुरिका पादतले लग्ना, मृता च । सन्ध्यावश्यककाले संप्रेरितः सन् क्षुल्लकेन स्तम्भे प्रतीतरूपे आपत्य मृतः । 'विराहियाहि' त्ति विराधितश्रामण्यानामहीनां कुले जातः। 'निसि' त्ति स च रात्रिसंचारी जातः । अन्यदा च राजसुतमरणे जाते सति राज्ञा भणितं शीर्षे सर्प्पसम्बन्धिनि समर्प्पिते सति रूपकं दीनारलक्षणं ददामि । ततः सर्प्पाखेटकेन रात्रिसंचरणकृता रेखा उपलभ्य औषधिबलेन बिलाद् आक्रष्टुं आरब्धोऽसौ । तेन दृष्टिविषेण दयालुना सता पुच्छे निष्काशिते छिद्यमाने च मृतोऽसौ । 'सुय' त्ति तस्यैव राज्ञः सुतो जातः । दीक्षा च क्रमेण लब्धा । 'चउक्खमग' त्ति चतुर्णां क्षमकाणां वक्तव्यता भणनीया ॥ इति ॥१३७॥**

ગાથાર્થ– ક્ષમક, દેડકી, થાંભલો, વિરાધિતશ્રામણ્ય, સર્પ, રાત્રે રાજપુત્રનું મરણ, કાપેલા મસ્તકના બદલામાં રૂપીયાનું અર્પણ, લીસોટાનું દર્શન, પૂંછડી. તે જ રાજાનો પુત્ર, દીક્ષા, ચાર ક્ષપકોનું કથન. (૧૩૭)

## ક્ષુલ્લક (કુરગડુ) મુનિની કથા

ચંદ્રની કાંતિ જેવા નિર્મળ તપ લક્ષ્મીથી શોભતા કોઈક વિશાળ ગચ્છમાં, મહીનાના અંતે ભોજન કરનારા એક ક્ષપક મુનિ હતા. હવે કોઈક વખતે પારણાના દિવસે તે ક્ષુલ્લક સાધુની સાથે ઉચ્ચાદિ ઘરોમાં ગોચરી ફરવા લાગ્યો. તીવ્રક્ષુધાને કારણે મંદ થયેલા આંખોના તેજમાં પગપ્રદેશમાં આવેલી દેડકીને ન જોઈ. તેના પગ નીચે દબાઈને મરી ગઈ અને ક્ષુલ્લકે તે જોઈ. વસતિમાં જઈને ક્ષપકે ગુરુની પાસે ઈરિયાવહિનું પ્રતિક્રમણ કર્યું. ભિક્ષાચર્યાની સમ્યગ્ આલોચના કરી. આલોચેલા ભક્તનું ભોજન કર્યા પછી સંધ્યા સમયે આવશ્યક વખતે તેની વિરાધનાની આલોચનાનો પ્રસંગ આવ્યો ત્યારે ક્ષુલ્લકે પ્રગટ બોલીને દેડકીની વિરાધના યાદ કરાવી કે હે ક્ષપક ! તમે દેડકીના અપરાધની કેમ આલોચના કરતા નથી ? ક્ષપક તેના વચનથી રોષે ભરાયો. ક્રોધાધીન બનેલો મુનિ જેટલામાં તેને મારવા ઉભો થાય છે તેટલામાં થાંભલા સાથે માથું ભટકાયું અને મરણ પામ્યો. જેઓ રોષથી શ્રામણ્યને મલિન કરી સર્પભાવને પામે છે તેવા સર્પોનાં કુળમાં વિષમ દૃષ્ટિવિષ સર્પ થયો. તેઓ જાતિસ્મરણ ગુણથી જાણે છે કે અમે પરસ્પર રોષ કરવાથી આવા થયા છીએ અને અમે કોઈ જીવને ન મારીએ એવી ભાવનાથી રાત્રિએ ફરે છે પણ દિવસે ફરતા નથી તથા પ્રાસુક (અચિત્ત) આહારને કરે છે.

હવે કોઈક સાપે તે નગરના રાજપુત્રને ડંશ માર્યો. રાજપુત્ર પ્રાણોથી મુકાયો અર્થાત્ મરી ગયો. પછી ક્રોધે ભરાયેલો રાજા કહે છે કે, જે સાપને મારશે તેને હું એક દીનાર આપીશ. સર્પને પકડનાર એક પુરુષે તે સાપના લીસોટા જોઈને દરમાં વિષમય ઔષધિઓ મૂકીને દુર્ધર ઘણા વાયુથી (દરને) ધમવા લાગ્યો. દુષ્કર કારુણ્યનું પાલન કરનારો તે સાપ બિલમાં રહેવા અસમર્થ થયો. દૃષ્ટિનો વિષય બનેલો આ મરે નહીં એવી દયાથી પૂંછડીથી જેમ જેમ બહાર નીકળે છે તેમ તેમ તે પૂંછડી કાપે છે. ક્ષપક તે રાજાની પાસે સાપને લઈ ગયો. ઘણો સારી રીતે રુંધાયો છે ક્રોધરૂપી વિષ જેના વડે એવો તે સાપ તે જ રાજાની પ્રધાન રાણી વિષે પુત્ર પણે ઉત્પન્ન થયો. પછી નાગદેવતાએ રાજાને પ્રતિબોધ કર્યો કે તું સાપો ન મારે તો તને પુત્ર થશે. કાલક્રમથી તેને પુત્ર થયો અને મહામહોત્સવ કરાયો અને નાગદેવતાએ આપેલ છે તેથી તેનું નામ નાગદત્ત રખાયું. બાળપણ વીતી ગયા પછી સાધુને જોઈ જાતિસ્મરણ જ્ઞાન થયું. ઉત્પન્ન થયો છે વૈરાગ્ય જેને એવા તેણે દીક્ષા લીધી અને અતિશય ક્ષમી (ક્ષમાવાન) થયો. તે પૂર્વના તિર્યંચ ભવના પ્રભાવથી હંમેશા અતિ ક્ષુધાળુ રહે છે. સર્વ મુનિઓની સમક્ષ મારે મરણ આવે તો પણ ક્રોધ ન કરવો આ પ્રમાણે ઉગ્ર અભિગ્રહને લે છે. અતિ તીવ્ર ક્ષુધાથી પીડાયેલા શરીરવાળો તે પ્રભાત સમયે **દોસીણ**[1] ભોજન માટે ફરે છે. જે ગુરુની પાસે તેણે દીક્ષા લીધી છે તે ગુરુની પાસે સારી રીતે પરિપૂર્ણ શરીરબળવાળા બીજા સાધુઓ રહે છે. એક-બે-ત્રણ અને ચાર માસના ઉપવાસ કરનારા ક્રમથી બીજા ચાર સાધુઓ હતા. શાસન હિતની રાગી એક દેવતા મધ્યરાત્રિએ ક્રમથી બેઠેલા ચારને ઉલ્લંઘીને ક્ષુલ્લકમુનિ પાસે આવી હર્ષિત હૈયાથી વંદન કરે છે અને શરીરની સાતા પૂછે છે. તે સ્થાનમાંથી નીકળતી દેવીનો હાથ પકડીને ગુસ્સાને અધીન બનેલા એક સાધુએ કહ્યું કે અરે કટપૂતની ! આ પૂજનીય ક્ષમક સાધુઓને છોડીને આવા પ્રકારના ત્રિકાલભોજી આ ક્ષુલ્લકને કેમ વંદે છે ? તે કહે છે કે હું ભાવ સાધુને વાંદુ છું, આ ક્ષમકો દ્રવ્ય સાધુઓ છે. આ ભેદ આવતી કાલે સવારે પ્રગટ થશે. તે ક્ષુલ્લક સાધુ પ્રભાત સમયે દોસીણ ભોજન માટે શ્રાવકોના ઘરમાં ફરીને વસતિમાં આવેલો ઈરિયાવિહયં પ્રતિક્રમીને અને ભક્ત-પાન આલોચીને જેટલામાં ક્ષમક સાધુઓને નિમંત્રણ કરે છે તેટલામાં લોક વડે જેનું નામ કુરગડું પડાયું છે એવા ક્ષુલ્લક સાધુના ભક્ષ્ય ભોજનથી ભરેલા પાત્રમાં ક્ષમા નહીં રાખી શકતા એક સાધુએ ગળફો થુંક્યો અને એ પ્રમાણે બીજા સાધુઓ થુંક્યા. મિથ્યા દુષ્કૃત કરવામાં તત્પર તે કહે છે કે પોતાના પેટ ભરવા માટે નિર્વ્યાકુલ એવા મારી આ નિર્લજ્જ ચેષ્ટાને ધિક્કાર થાઓ જેણે આ સાધુઓને શ્લેષ્મની કુંડી ન આપી તેથી આ લોકોના શ્લેષ્મથી મારો આત્મા કૃતાર્થ થાઓ. શ્લેષ્મને ભોજનમાં ભેળવીને જેટલામાં તે ભોજન કરે છે તેટલામાં તે ચારે સાધુ તીવ્ર નિર્વેદને પામ્યા અને તે ક્ષુલ્લક તથા તે સાધુઓ કેવળજ્ઞાનને પામ્યા. ક્ષુલ્લક મુનિને અને ચાર ક્ષમક મુનિઓને પણ પારિણામિકી બુદ્ધિનું આ ફળ મળ્યું કે ક્રોધના નિગ્રહથી અને નિર્વેદથી કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે.

---

૧. દોસીણ ભોજન એટલે આગળના દિવસોમાં તૈયાર થયેલું પણ પછીના દિવસોમાં અભક્ષ્ય અને અપ્રાસુક (= સચિત્ત) ન બને તેવું ભોજન. જેમકે ખાખરા, મિષ્ટાન, ફરસાણ વગેરે.

**ગાથાક્ષરાર્થ–** **'ક્ષમક'** એ પ્રમાણે દ્વારપરામર્શ છે. તે ક્ષપકના પગમાં નાની દેડકી આવી અને મરી. સંધ્યાના આવશ્યક વખતે ક્ષુલ્લક સાધુથી પ્રેરણા કરાયેલો છતાં થાંભલા સાથે અથડાઈ મરણ પામ્યો. જેઓએ શ્રામણ્ય વિરાધ્યું છે તેવા સાપના કુળમાં જન્મ્યો. અને તે રાત્રે ભોજન માટે ફરનારો થયો. અને કોઈ વખત રાજપુત્રનું મરણ થયું ત્યારે રાજાએ કહ્યું કે સાપનું માથું જે મને અર્પણ કરશે તેને એક દીનાર આપીશ. પછી સાપને પકડનારે રાત્રિમાં સંચરણ કરાયેલા સાપના લીસોટા જોયા. પગેરું શોધીને ઔષધિના બળથી દરમાંથી સાપને બહાર કાઢવા લાગ્યો. તે દયાળુ દૃષ્ટિવિષ સાપે પૂંછડી બહાર કાઢે છતે અને કપાયે છતે તે મરણ પામ્યો અને તે જ રાજાનો પુત્ર થયો અને ક્રમથી દીક્ષા લીધી. ચારેય પણ ક્ષમકોની અહીં વક્તવ્યતા કહેવી. (૧૩૭)

**तहा य अमच्चपुत्ते, कुमार णेमित्ति सिव अलीगत्ति ।**
**खुड्डेतरे परिच्छा, गिलाणदाणे मणापउणो ॥१३८॥**

**अथ गाथाक्षरार्थः—तथा च अमात्यपुत्र इति अमात्यपुत्रश्च ज्ञातम् । कथमित्याह— 'कुमारि' त्ति कुमारेण राज्यार्हराजपुत्रेण सह देशान्तरं प्रतिपन्नः । तयोश्च तत्र विचरतोः 'णेमित्ति' त्ति नैमित्तिक एकः शिवारुतादिविज्ञाता मिलितः, रात्रौ च क्वचिद् देवकुले शयितानां तेषां 'सिव' त्ति शिवारटितमभूत् । तस्य च नैमित्तिकेन फले निरूपिते संवादिते च पुनरपि शिवारटिते जाते नैमित्तिकेनोक्तम्—'अलीक'त्ति । अलीकेयम् । मन्त्रीपुत्रेण 'खुड्डेयर' त्ति क्षुद्रः कृपणः इतरो वा अक्षुद्र एष राजपुत्र इति परीक्षाकर्तुमारब्धा। ततो मन्त्रिपुत्रो मायया ग्लानो वृत्तः ।'दाणे' त्ति राजपुत्रेण च तत् पेयामूल्यार्थं पायंकशतस्य दानं कृतम् । ततस्तदार्यचेष्टितेन आक्षिप्तमनसा मन्त्रिनन्दनेन 'मणापउणो' इति मनाक् प्रगुणोऽहं जात इति भणित्वा सह एव गमनं कृतमिति ॥१३८॥**

**ગાથાર્થ–** તથા અમાત્ય પુત્ર, કુમાર, નૈમિત્તિક, શિવ (શિયાળ) અલીક, ક્ષુલ્લક કે ઉદાર તેની પરીક્ષા, ગ્લાન, દાન, મનથી પ્રગુણ. (૧૩૮)

## મંત્રી અને રાજપુત્ર

ખરેખર કોઈ એક મંત્રીપુત્ર કાપડિયાનો વેશ લેનાર રાજપુત્ર સાથે ઘણાં આશ્ચર્ય ભર્યા દેશાંતરોમાં ભમે છે. કોઈક વખતે શિયાળના અવાજ ઉપરથી સદ્ભાવને જાણનાર એક નૈમિત્તિક મનુષ્યનો ભેટો થયો. રાત્રિમાં તેઓની સાથે દેવકુલિકામાં સૂતા તેટલામાં અતિ મોટા અવાજથી એક શિયાલણી રોવા લાગી. કુમારે નૈમિત્તિકને પુછ્યું. ઉપયોગ મૂકીને નૈમિત્તિકે કહ્યું કે આ નદી-

કાંઠે પાણીના પૂરથી એક મૃતક લવાયું. મૃતકના કેડ પર સો **સોનામહોર**[૧] બાંધેલી છે. હે કુમાર ! વિષાદ વિનાનો તું આને ગ્રહણ કર. મૃતક મુદ્રિત (પેટીમાં પેક) હોવાથી મારે લેવું શક્ય નથી એમ આ (શિયાલણ) કહે છે. કુમારને કૌતુક થયું. તેઓને છેતરીને એકલો ગયો તો ત્યાં તે રીતે જ હતું. સો સોનામહોર લઈને પાછો ફર્યો. ફરીથી તે શિયાલણી રડે છે. ફરી નૈમિત્તિક પુછાયો. ફરી કહ્યું કે આ એમ જ રડે છે. આ શિયાલણી એમને એમ શા માટે રડે ? નૈમિત્તિક કહે છે કે આ શિયાલણી એમ કહે છે કે આ સો સોનામહોર તારી અને મૃતક મારું બંનેને પણ **કૃતાર્થતા**[૨] થઈ. આ વ્યતિકરને જાણીને મંત્રીપુત્રે મનમાં વિચાર્યું કે હું પરીક્ષા કરું કે આ કુમારે સત્ત્વથી કે કૃપણતાથી આને ગ્રહણ કરી છે. જો તેણે કૃપણતાથી લીધી હશે તો આને નિશ્ચયથી રાજ્ય મળવાનું નથી. આ પ્રમાણે કલ્પના કરીને પ્રભાત સમયે તેણે કહ્યું: હે કુમાર ! તું દેશાંતર જા. મને કાંટા ભોંકાવા જેવી અતિશય વેદનાને કરનારું શૂલ ઉપડ્યું છે. આ સ્થાનથી બીજે હું જવા સમર્થ નથી. કુમારે કહ્યું કે તને છોડીને મારે વિદેશમાં એકલા જવું સર્વથા જ ઉચિત નથી. મંત્રીપુત્ર– એકલા જવામાં શું વાંધો છે ? કુમાર– એક સ્થાને રહેતા એવા મને કોઈ એકલો ન જાણે માટે હમણાં તને છોડીને મારે પ્રસ્તુત ગમન કરવું અતિ દુષ્કર છે. પછી ગામમાં પ્રવેશીને કુલપુત્રના ઘરે તેને સારવાર કરવા રાખ્યો અને તેણે સારવારનું મૂલ્ય સો સોનામહોરો તેને ચુકવ્યું. તે મંત્રીપુત્રને ખાતરી થઈ કે આણે પ્રરાક્રમથી સોનામહોરો લીધી છે પણ કૃપણતાથી નથી લીધી. ત્યાર પછી તે જ ક્ષણે મંત્રીપુત્રે કહ્યું કે મારું શૂલ શાંત થયું છે. હું તારી સાથે જ આવીશ. પછી બંને પણ દેશાંતર ગયા. ક્રમથી કુમાર રાજ્ય પામ્યો અને મંત્રીપુત્ર ભોગોને પામ્યો. આ મંત્રીપુત્રની પારિણામિકી બુદ્ધિ જાણવી તેણે પરીક્ષા કરીને રાજપુત્રનું અનુવર્ત્તન કર્યું અને કાલથી વિશાળ ભોગોને મેળવ્યા.

**चाणक्के वणगमणं मोरियचंद तह थेरि रोहणाया ।**
**उवयारत्थग्गहणं, धणसंवरणं च विन्नेयं ॥१३९॥**

**अथ गाथाक्षरार्थः—चाणक्य इति द्वारपरामर्शः । तस्य च प्रथमतः कृतनन्दवैरस्य वनगमनं सुवर्णाद्युत्पादनार्थमभूत् । ततो राजपात्रमन्वेषमाणस्य 'मोरियचंद' त्ति मौर्यवंशोद्भवश्चन्द्रगुप्तनामा शिशुर्हस्तगतो बभूव । ततोऽपि आहिण्डमानेन 'थेर' त्ति स्थविरावचनाल्लब्धोपदेशेन 'रोहणए' त्ति रोहणाख्ये नगे गत्वा सुवर्णमुत्पाद्य पर्वतकसाहाय्यात् पाटलिपुत्रे साधिते चन्द्रगुप्ते च राज्ये उपविष्टे सति उपचारेण प्रागुक्तेन**

---

૧. **पायंक=पातंक = पातः अङ्कः यस्मिन् सः** જેના ઉપર મુદ્રા આલેખવામાં આવી છે તે, અર્થાત્ સિક્કો, દીનાર કે સોનામહોર.

૨. **કૃતાર્થતા**– પૂર્વે બંનેની અકૃતાર્થતા હતી કેમકે મૃતક મુદ્રિત હોવાથી શિયાલણીને મળી શકે તેમ ન હતું. જ્યારે રાજપુત્રને ખબર ન હતી કે આ મૃતકના કેડે સો સોનામહોર છે. એટલે શિયાલણીએ તેવો અવાજ કરીને સ્વ-પરની કૃતર્થતા સાધી, અર્થાત્ પોતે મૃતકને મેળવ્યું અને રાજપુત્રે સોનામહોર મેળવી.

**अर्थग्रहणं कृतम् । नागरकेभ्यः सकाशात् 'धण' त्ति कोशवृद्धिलक्षणं धनं विहितम्। पर्यन्ते च संवरणं इंगिनीमरणलक्षणं विहितं पारिणामिकीबुद्धिबलेनेति विज्ञेयम् ॥१३९॥**

**ગાથાર્થ–** ચાણક્ય, વનમાં ગમન, ચંદ્રગુપ્તની પ્રાપ્તિ, તથા સ્થવિરાથી બોધ, રોહણપર્વત, રાજ્યને માટે ધનનું ગ્રહણ લોક પાસે ધનનું ગ્રહણ અને અંતે સંવરણ પચ્ચક્ખાણ તે પારિણામિક બુદ્ધિનું ફળ માનવું. (૧૩૯)

### ચાણક્ય અને ચંદ્રગુપ્તની કથા

પામર જનને માટે અસુંદર એવા ચણક નામના ગામમાં ચણી નામનો બ્રાહ્મણ રહેતો હતો જે શ્રાવક હતો. સંપૂર્ણ પુરુષલક્ષણોને જાણનાર સૂરિ કોઇક રીતે વિહાર વાસથી તેના ઘરે રહ્યા. ત્યાં તેને (શ્રાવકને) ઉગ્ર દાઢવાળો પુત્ર જન્મ્યો. ઉચિત સમયે તેને ગુરુના ચરણમાં આળોટાવ્યો અને આચાર્યે અનોભોગથી કહ્યું કે આ રાજા થશે. તેને સાંભળીને આ દુર્ગતિમાં ન જાઓ એમ કરુણા લાવી સ્વયં જ તેના દાંતો ઘસી નાખ્યા અને સૂરિને જણાવ્યું. જેનાથી જેને જે રીતે થવાનું હોય છે તેને તેનાથી તે રીતે સર્વ અહીં પ્રાપ્ત થાય છે એ પ્રમાણે ચિત્તમાં પરિભાવના કરીને સૂરિએ કહ્યું કે તો પણ અપ્રગટરૂપે આ રાજા થશે. ચણીનો પુત્ર હોવાથી તેનું નામ ચાણક્ય સર્વત્ર પ્રસિદ્ધ થયું. સુપ્રશસ્ત લક્ષણોને ધરનારો તે ક્રમથી વૃદ્ધિ પામવા લાગ્યો. બાળપણ પૂર્ણ થયા પછી તે વિદ્યાસ્થાનો ભણ્યો. ભવથી નિર્વેદ પામેલા તેણે શ્રાવકપણું સ્વીકાર્યું. બ્રાહ્મણ કુળમાં ઉત્પન્ન થયેલી એક અનુરૂપ, અતિભદ્રક કન્યાને પરણ્યો. નિષ્ઠુર સાવદ્ય કાર્યને છોડવામાં ઉદ્યુક્ત ઘણો સંતુષ્ટ થઇ રહે છે. (૯)

હવે કોઇ વખંત અતિ ઘણા કાળ પછી તેની સ્નેહાળ પત્ની ઉત્સવના કારણે માતાને ઘરે ગઇ. સમૃદ્ધ કુળોમાં પરણેલી તેની બીજી બહેનો ઉત્તમ અલંકારો પહેરીને ત્યાં આવી હતી. પરિક્ષીણ વૈભવવાળાને પોતાની પત્ની પણ છોડી દે છે, કેમકે પોતાની સર્વકળાઓથી અસંપૂર્ણ ચંદ્રનો સંગ શું રાત્રિ કરે ? આ પ્રમાણેના વચનને અનુસરતા તે સર્વ પરિજને-આનો પતિ નિર્ધન છે તેથી તિરસ્કાર કરીને દૂર કરી. બાકીની બહેનો પુષ્પ-તંબોલ-વસ્ત્ર-શૃંગારથી ભભકાવાળી ઘર દેવતાની જેમ ઘણી હાવભાવને પામતી ભમે છે. તેને અધૃતિ થઇ કે એક માતાપિતા હોવા છતાં પણ હું કેવી અનાદર પામી ? એક વૈભવને છોડીને કોઇને કોઇ પણ વહાલો નથી. આ પ્રમાણે હૈયામાં મૃત્યુને ધારણ કરતી, અર્થાત્ જીવવા કરતા મરવું સારું એમ વિચારતી ચાણક્યના ઘરે આવીને રડે છે. ચાણક્યે ઘણા આગ્રહથી પુછ્યું ત્યારે તેને સર્વવૃત્તાંત કહ્યો. સ્ત્રીનો પરાભવ અસહ્ય છે એટલે તત્ક્ષણ જ ધન મેળવવાના વિચારવાળો થયો. તે વખતે પાટલીપુત્રમાં નંદરાજા બ્રાહ્મણોને દક્ષિણા આપે છે. તે ત્યાં દક્ષિણા લેવા ગયો ત્યારે **કાર્તિક માસ**[૧]ની છેલ્લી તિથિએ અર્થાત્ કા. સુ. ૧૫ ના દિવસે પૂર્વેના

૧. શાસ્ત્રીય પ્રમાણે કારતક સુદ-૧૫.

નંદરાજાઓના સર્વ આસનો ક્રમથી પથરાયેલા હતા તે વેળાએ ચાલતી તેવા પ્રકારની લગ્નશુદ્ધિને જાણીને ચાણક્ય પ્રથમ આસન ઉપર એકાએક બેઠો, પછી નંદની સાથે આવેલા સિદ્ધપુત્રે કહ્યું: આ બ્રાહ્મણ તમારી સર્વ વંશ પરંપરાને ઓળંગીને બેઠો છે. ત્યારે દાસીએ કહ્યું કે હે ભગવન્ ! બીજા આસન ઉપર બેસો. 'હા, બેસું છું' એમ કહીને તેણે બીજા આસન ઉપર પોતાની કુંડિકા મૂકી, ત્રીજા પર દાંડો, ચોથા ઉપર ગણોત્તિયા,[1] પાંચમા ઉપર બ્રહ્મસૂત્ર. આ પ્રમાણે આસનો રોકી રાખતો બ્રાહ્મણ ધીઠ્ઠો છે એમ જાણી કાઢી મૂકાયો. દેશાંતર જવારૂપ આ પ્રથમ જ પગલું છે. (૨૨)

તેથી હવે કોઈક વખત શંકા વિનાનો ચાણક્ય ઘણાં લોકોની સમક્ષ આ પ્રમાણે બોલે છે. "કોશ(ભંડાર)થી અને ચાકરોથી બંધાયું છે મૂળ જેનું, પુત્રોથી અને સ્ત્રીઓથી વધેલી છે શાખાઓ જેની એવા નંદવંશરૂપ મહાવૃક્ષને વાયુની જેમ ઉગ્રવેગવાળો હું ઉખેડીને પરિવર્તન કરીશ. હું અવ્યક્ત રાજા થવાનો છું એમ પૂર્વે સાંભળ્યું હતું તેથી પોતાના નગરમાંથી રાજપદને યોગ્ય પુરુષને શોધે છે. પૃથ્વીમંડલ ઉપર ભમતો, પરિવ્રાજક વેશને ધારણ કરતો ચાણક્ય પછી મોરપોસક ગામમાં પહોંચ્યો. અને નંદપુત્રના તે ગામમાં ગામના અધિપની પુત્રીને ચંદ્રપાનનો દોહલો થયો અને તે દોહલો કોઈપણ રીતે પૂર્ણ કરી શકાતો નથી. દોહલો નહીં પુરાયે છતે તેનું મુખરૂપી કમળ કરમાયું, શરીર અત્યંત કૃશ થયું અને જીવિતશેષ રહ્યું છે તેવી થઇ. ભિક્ષાને માગતો તેઓ વડે પુછાયેલો ચાણક્ય કહે છે કે જો આ ગર્ભ મને અર્પણ કરશે તો હું ચંદ્રના બિંબનું પાન કરાવું. તેઓએ સ્વીકાર કર્યો. પૂર્ણિમાનો દિવસ આવ્યો. મોટો પટમંડપ કરાવ્યો તેના મધ્ય ભાગમાં છિદ્ર કર્યું. મધ્ય રાત્રિ શરૂ થઈ ત્યારે જે જે રસવાળા દ્રવ્યો છે તે તે મેળવીને (ભેગા કરીને) ખીર ભરેલા થાળને તૈયાર કર્યો પછી તત્ક્ષણ સૂઇને ઉઠેલી પુત્રીને બોલાવીને કહ્યું કે હે પુત્રી ! ચંદ્રને જો અને પાન કર. જેટલામાં પીવા ઉદ્યત થઇ તેટલામાં છૂપાઈને રહેલા પુરુષે જલદીથી તે છીદ્રને ઢાંક્યું. અને દોહલો પૂર્ણ કરાયો. ક્રમથી પુત્રનો જન્મ થયો. ચંદ્રના પાનથી આનું નામ ચંદ્રગુપ્ત કરાયું. રાજ્યાનુસારી આચરણના લક્ષણોથી પ્રતિદિવસ મોટો થાય છે. ધનનો અર્થી ચાણક્ય સંપૂર્ણ પૃથ્વીમંડલ ઉપર ભમે છે. તેથી તેવા પ્રકારના પર્વતાદિ સ્થાનોમાં રુપ્યાદિ વિવિધ ધાતુઓ, ઔષધિઓ અને રત્નો વગેરે સારી રીતે શોધે છે. (૩૪)

કોઈક દિવસે બીજા બાળકોના અત્યંત અનુગ્રહાદિમાં તત્પર તે ચંદ્રગુપ્ત બાળક બીજા બાળકોની સાથે રાજનીતિથી રમે છે. આ અવસરે ચાણક્ય ત્યાં આવ્યો અને તેને રમતો જુએ છે. અમને પણ તું કંઈક આપ એમ માગણી કરાયેલો તે કહે છે કે આ ગાયો તમે ગ્રહણ કરો. ચાણક્ય– મને કોઇ મારશે તો ? ચંદ્રગુપ્ત– આ પૃથ્વી વીરલોક ભોગ્યા છે પણ ક્રમથી આવેલી નહીં. ચાણક્યે જાણ્યું કે આનું વચનવિજ્ઞાન ઉમર પ્રમાણે છે. આ કોનો પુત્ર છે એમ પૂછે છે. તેઓએ કહ્યું કે આ પરિવ્રાજકનો પુત્ર છે. ચાણક્યે જણાવ્યું કે તે પરિવ્રાજક હું જ છું. આપણે જઇએ. હું તને રાજા બનાવીશ એમ બંને

૧. ગણોત્તિયા- રુદ્રાક્ષનું બનેલું હાથનું આભૂષણ અથવા અક્ષમાલા.

પલાયન થયા. **અબદ્ધમૂળ**[1] એવો લોક ભેગો થયો અને કુસુમપુર ઉપર ચઢાઇ કરી. વિશાળ સૈન્યથી નંદે તેને ભગાડી મુક્યો. નંદ તેની પાછળ પડ્યો અને સમયસૂચક ચાણક્ય પદ્મસરોવરમાં જઇને ચંદ્રગુપ્તના મસ્તક ઉપર કમળપત્ર ઢાંક્યું જેથી કોઇપણ વડે પ્રયત્ન કરવા છતાં ન જાણી શકાય. જેટલામાં જાજરૂ (સંડાસ) કરીને સ્વયં સરોવરના કાંઠે પ્રક્ષાલન કરે છે તેટલામાં તે એક વડે પુછાયો છે કે અરે! ચાણક્ય ક્યાં ગયો ? સ્વરૂપને નહીં જાણતા તેણે કહ્યું કે તે તો ક્યારનો ય ભાગી ગયો. બીજા આચાર્યો કહે છે કે સ્વયં ધોબી થયો અને વસ્ત્રોને ધોવા લાગ્યો. શ્રેષ્ઠ અશ્વપર બેઠેલા ઘોડેસવારે પાછળથી **આપડીને**[2] તેને પુછ્યું. સમયસૂચકતા વાપરીને ચાણક્યે કહ્યું કે ચંદ્રગુપ્ત ઘણા સમય થયા સરોવરમાં પડેલો રહ્યો છે અને ચાણક્ય પલાયન થઇ ગયો છે. તેણે પણ તેના હાથમાં ઘોડો સોંપ્યો અને ભૂમિ ઉપર તલવાર મૂકી જેટલામાં પાણીમાં ઉતરવા માટે સજ્જ થાય છે અને જેટલામાં કંચુકને ઉતારે છે તેટલામાં ચાણક્યે તેને તલવારથી મર્મ પ્રદેશમાં હણ્યો. જેટલામાં તે મરણ પામ્યો તેટલામાં ચંદ્રગુપ્તને ઘોડા ઉપર બેસાડી બંને પણ પલાયન થયા. માર્ગમાં કેટલાક આગળ ગયા ત્યારે ચાણક્યે ચંદ્રગુપ્તને પુછ્યું કે જે સમયે મેં તને વૈરીપુરુષને બતાવ્યો હતો ત્યારે મારા વિશે તેને કેવો અભિપ્રાય થયો હતો? ચંદ્રગુપ્ત જવાબ આપે છે કે મેં ત્યારે આ પ્રમાણે વિચાર્યું હતું કે જે જે રીતથી કલ્યાણ થાય તે બધીજ રીતો આર્ય જ જાણે છે. આનાથી ચાણક્યે જાણ્યું કે આણે મારા ઉપર વિશ્વાસ મૂકેલો છે.

ચંદ્રગુપ્ત ક્ષુધાથી પીડિત થયો ત્યારે ચાણક્ય તેને બહાર મૂકીને તેના માટે ભોજન લેવા કોઈક ગામની અંદર ગયો અને ભય પામે છે કે નંદરાજાનો કોઈ માણસ મને ઓળખી ન જાય. તે જ વખતે ચાણક્યે ભોજન કરીને બહાર નીકળતા એક બ્રાહ્મણને જોયો. પછી તેના પેટને ચીરીને ખરાબ નહીં થયેલા દહિંકૂરને કાઢીને ચંદ્રગુપ્તને જમાડ્યો. પછી બીજા ગામમાં પહોંચ્યા.

રાત્રે ભિક્ષા માટે ફરતા ચાણક્ય એક ડોશીને ઘરે ગયો. ત્યાં એક મોટા થાળમાં પુત્ર ભાંડુઓ[3] માટે વિલેપિકા (ખીર) પીરસવામાં આવી હતી. એક ચંચળ પુત્ર ભાંડુએ વિલેપિકાની અંદર હાથ નાખ્યો અને દાઝ્યો. જેટલામાં છોકરો રડે છે તેટલામાં ડોશી બોલી કે તું ચાણક્ય જેવો છે. ચાણક્ય વડે પુછાયેલી ડોશી કહે છે કે પ્રથમ છેવાડેના ગામો જીતવા જોઈએ પછી અંદરના. ચાણક્યે ઉપાય મેળવ્યો કે છેવાડેના ગામો ન સધાય તો મધ્યનું કુસુમપુર ન જીતી શકાય. પછી તે હિમવંત પર્વતના શિખર ઉપર ગયો ત્યાં પર્વતક રાજા છે. ચાણક્યે તેની સાથે દૃઢ મૈત્રી કરી. ઉચિત સમયે કહે છે કે પાટલીપુત્રમાં નંદને આપણે વશ કરીએ અને સરખે સરખું રાજ્ય વહેંચી લઇશું. ત્યાંથી જલદીથી નીકળ્યા અને નિયમ મુજબ પુર અને ગામોમાં રહેતા એક સ્થાને ઘણો પુરુષાર્થ કરવા છતાં એક નગર જીતાતું નથી. તે પરિવ્રાજિક લિંગી (ચાણક્ય) તેમાં પ્રવેશ કરીને વસ્તુઓ જુએ છે. તેટલામાં ઉમાદિરૂપથી ઇન્દ્રકુમારીઓને જુએ છે. તેઓના પ્રભાવથી તે નગર કોઇપણ રીતે જીતાતું નથી. માયાથી

૧. **અબદ્ધમૂળ લોક**– કાર્યના પરિણામનો વિચાર કર્યા વિના આંધળુકિયા કરીને સાહસ કરનાર લોક.

૨. આપડીને એટલે પાછળથી આવીને આગળવાળાને પકડી પાડવું.

૩. ભાંડુ એટલે એક મા-બાપના છોકરા-છોકરીઓ, અર્થાત્ ભાઇ-બહેનો.

તેણે (ઉમાદિરૂપે રહેલી) પ્રતિમાઓ દૂર કરાવી અને તે નગર જલદીથી જિતાયું. પાટલિપુત્રને ઘેરો ઘાલ્યો અને ખુંખાર લડાઇ થઇ. તે આ પ્રમાણે–

યુદ્ધમાં ક્યાંક તિલ્યો (ભાલા) ફેંકાય છે, ક્યાંક પણ ઘણા લોકસમૂહને નાશ કરનારા યંત્ર સમૂહો મુકાય છે. ક્યાંક નગરના લોકોએ બનાવેલા વિષમ દઢ નગરના દરવાજાઓ તીક્ષ્ણ કુહાડાના પ્રહારથી સારી રીતે તાડન કરાયેલા તૂટે છે. શક્તિવાળા લોકોના હાથમાંથી મુકાયેલી યમરાજના જિહ્વા સરખી શક્તિઓ જલદીથી લોક ઉપર પડે છે અને યમના ઘરે લઇ જાય છે. ક્યાંક મેરુપર્વતના શિખર જેવા ઊંચા ઘરોના શિખરો વિજળીની ઝડપથી હણાયેલાની જેમ પૃથ્વી ઉપર પડે છે. ક્યાંક કાનસુધી ખેંચાયેલા ધનુષ્યના દંડમાંથી મુકાયેલી બાણશ્રેણિઓ બંને પણ સૈન્યોના પ્રાણપ્રલયને કરે છે. જુદાજુદા આકારને ધારણ કરનારી ઘંટીઓ કીલ્લા ઉપર પડે છે તથા સેંકડો સુરંગો ખોદાય છે. શૈલ્યશસ્ત્ર પડે છે. આ પ્રમાણે કેટલાક દિવસો ગયા પછી નંદનું સૈન્ય ભંગાયે છતે નંદ મોટા **ધર્મદ્વારને**[1] માગવા લાગ્યો. આ લોકોએ કહ્યું કે એક રથમાં જેટલું લઇ જવા શક્તિમાન હો તેટલું લઇ જા. પછી તે બે પત્ની અને એક કન્યા અને કંઇક ધન લઇને નગરના દરવાજે પહોંચ્યો તેટલામાં કન્યાએ ચંદ્રગુપ્ત ઉપર વિલાસભરી દૃષ્ટિ ફેંકી. પિતા વડે અનુજ્ઞા કરાયેલી જેટલામાં તે ચંદ્રગુપ્તના રથ ઉપર ચડી તેટલામાં ક્ષણથી તેના રથના નવ આરા ભાંગ્યા અને ચંદ્રગુપ્ત ઝંખવાયો. ત્રિદંડીએ કહ્યું કે તું આનો નિષેધ ન કર કારણ કે સ્ફુરાયમાન સત્ત્વવાળા નવયુગ (પાટપરંપરા) સુધી રાજ્ય કરશે. નગરની અંદર પ્રવેશ્યા પછી રાજ્યને બે ભાગમાં વહેંચ્યું.

વિષભાવિત શરીરવાળી નંદની એક પુત્રી પર્વતક રાજાના ચક્ષુનો વિષય બની. પર્વતકને તેની ઇચ્છા થઇ અને તે તેને અર્પણ કરાઇ. લગ્નવિધિ શરૂ થઇ. અગ્નિ પ્રગટાવ્યો. પર્વતકનો જ્યારે હસ્તમેળાપ શરૂ થયો ત્યારે તેના શરીરમાં રહેલા ઉગ્ર વિષનું સંક્રમણ પર્વતકના શરીરમાં થયું. પર્વતક કહે છે કે હે મિત્ર ! હું મર્યો. ચંદ્રગુપ્ત તેની સારવાર કરવા માટે આદરવાળો થયો તેટલામાં ત્રિદંડીએ ભયંકર ભ્રુકુટિ ચડાવી. તત્ક્ષણ જ તે પાછો ફર્યો અને પર્વતક પણ તુરત જ મરણ પામ્યો. સુખોથી ભરપુર બંને પણ રાજ્યો તેના થયા. નંદપરિવારના પુરુષો ચંદ્રગુપ્ત પાસેથી વૃત્તિ (આજીવિકા-સાલિયાણું) નહીં મેળવતા તે જ નગરમાં ઘણી ચોરીઓ કરવા લાગ્યા. ચાણક્ય ચોર પકડવામાં કુશળ પુરુષની શોધ કરે છે. (૮૧)

હવે નગરની બહાર ભમતા ચાણક્યે એક મહીનાથી ઘર ચણી રહેલા એક નલદામ નામના કોલિકને જોયો. તે વખતે કીડીઓ વડે કોલિકનો પુત્ર ડંસાયો. તે કીડીઓ ઉપર ક્રોધે ભરાયો અને મૂળને શોધીને તેઓના બિલને કોશથી ખોદીને ક્ષણથી અગ્નિથી બાળ્યું. આના સિવાય બીજો કોઇ મારા ચિંતિત કાર્યને સાધવા સમર્થ નથી આ પ્રમાણે વિચારીને ત્રિદંડીએ રાજાની પાસે બોલાવ્યો. કુસુમપુરનું આરક્ષક પદ તેને આપ્યું. કોલિકે તેઓને વિશ્વાસમાં લઈ, વિષનું ભોજન આપી, કુટુંબ સહિત નંદના પરિવારોને હણ્યા. નગરને નિશ્ચોર્ય કર્યું.

૧. **ધર્મદ્વાર**– ઇચ્છિત વસ્તુ આપનાર સ્થાન અથવા રક્ષણ સ્થાન.

ભિક્ષુકપણામાં જે ગામમાં ભિક્ષા ન મળી હતી તે ગામમાં પોતાની ઉગ્ર આજ્ઞા પ્રવર્તાવવા ઇચ્છતો ચાણક્ય આવા પ્રકારનો આદેશ ફરમાવે છે કે આંબાના ઝાડથી વાંસને વાડી કરવી અને ગામડિયાઓએ વિચાર્યું કે આ કેવી રીતે ઘટે ? આ રાજાદેશ વિપરીત કેમ ન હોય ? તેથી વાંસને છેદીને આંબાના વૃક્ષોની ફરતે વાડ કરી. વિપરીત આજ્ઞાને કરવાનો દોષ કાઢી, દરવાજાને બંધ કરી, બાલવૃદ્ધો સહિત તે ગામને બાળી નાખ્યો.

ચતુરબુદ્ધિ પાપી ચાણક્યે ભંડારની વૃદ્ધિ નિમિત્ત યોગિક પાસાઓથી જુગાર રમ્યો તે પૂર્વે કહેવાય ગયું છે. તે ઉપાય જુનો થયે છતે ચાણક્ય ભંડારની વૃદ્ધિ માટે બીજા ઉપાયને વિચારે છે. પછી નગરના ધનવાન પુરુષોને ભોજન અને મદ્ય(દારૂ) આપે છે. તેઓ ઉન્મત્ત થયે છતે ઊઠીને સતત નાચવા લાગ્યા. નાચ માટે ક્રમથી સારી રીતે પ્રાર્થના કરાયેલો ચાણક્ય ઊભો થઈને આ ક્રમથી ગીત ગાવા લાગ્યો. મારી પાસે બે ભગવા વસ્ત્ર, એક સુર્વણમય કુંડિકા અને ત્રિદંડ છે અને રાજા મારે વશ વર્તી છે, અહીં પણ મારા નામથી હોલ(વાંજિત્ર)ને વગાડો. (૯૩)

અને બીજો આ સહન નહીં કરતો, વાણિજ્યથી ઘણું ધન મેળવ્યું છે એવો વણિક તે જ પ્રમાણે નાચ્યો અને આ પ્રમાણે ગાવા લાગ્યો. “એક હજાર યોજન ચાલનાર ઉન્મત્ત મદનિયાના જેટલા પગલા થાય તે એકેક પગલે એક લાખ મુકતા તેમાં જેટલી સંપત્તિ થાય તેટલી સંપતિ મારી પાસે છે માટે મારા નામે હોલ વગાડો.” (૯૫)

પછી ફરી પણ બીજો અતિતીવ્રઈર્ષ્યાથી ભરાયેલો, નાચતો, ગાતો આવા પ્રકારના મનના સદ્ભાવને વ્યક્ત કરે છે. એક **આઢક**[1] પ્રમાણ વાવેલા તલમાંથી સેંકડો આઢક પ્રમાણ નિષ્પન્ન થયેલ દરેક તલ ઉપર એકેક લાખ થાય તેટલું ધન મારી પાસે છે. તેથી અહીં મારા નામનું હોલક વગાડો. (૯૭)

પછી વિજય નામનો બીજો પુરુષ છે તે આ લોકોની ઉદ્ઘોષણાને સહન નહીં કરતો, નૃત્ય-ગીત કરતો ગાયોના ધનવાળો આ પ્રમાણે બોલે છે. નવા વરસાદમાં પૂર્ણ ભરાયેલી પર્વતમાંથી નીકળતી, શીઘ્ર વેગવાળી નદીની આગળ એક દિવસના વલોણાના માખણથી હું પાળ બાંધી શકું એટલું ગોધન મારી પાસે છે, માટે અહીં પણ મારા નામનું હોલક વગાડો. (૯૯)

જાત્ય અશ્વોના સંગ્રહથી ઊંચા હાકોટા કરતો બીજો પુરુષ નૃત્ય અને ગીત ગાઈને આવા પ્રકારનું સંભાષણ કરે છે. એક દિવસમાં જન્મેલા જાતિ અશ્વોના વછેરાઓના વાળથી હું આકાશને ઢાંકી દઉં એટલું મારી પાસે અશ્વધન છે, માટે અહીં મારા નામનું હોલક વગાડો (૧૦૧)

૧. આઢક એક પ્રકારનું માપ છે. ૪ પ્રસ્થ(પાલી) = કુડવ, ૪ કુડવ= ૧ આઢક , ૪ આઢક = ૧ દ્રોણ.

ધાન્યથી પરિપૂર્ણ કોષ્ઠાગાર છે જેને એવો માનરૂપી પર્વત ઉપર આરૂઢ થયેલો, નૃત્ય અને ગીતમાં સારી રીતે પ્રવૃત્ત થયેલો એવો બીજો પુરુષ આવા પ્રકારનું બોલે છે. મારી પાસે શાલિપ્રસૂચિકા અને ગર્ધભિકા બે રત્નો છે. તેને જેમ જેમ કાપીએ તેમ તેમ ઉગે છે, અહીં પણ મારા નામનું હોલક વગાડો. (૧૦૩)

બીજો સંતોષી હતો આથી જ ઘણા સુખને પામેલો, મંદ ગતિથી કરાયા છે નૃત્ય અને ગીતો જેના વડે એવો તે આવા પ્રકારના સુભાષિતને કહે છે. મારી મતિ શુક્લ છે. હંમેશા સ્વસ્થ (પ્રસન્ન) છું. પત્ની અનુકૂળ છે. પ્રવાસે જવું પડતું નથી, ઋણ વગરનો છું અને એક હજારની મૂડી છે તેથી મારા નામનું હોલક વાગાડો. (૧૦૫)

આ પ્રમાણે તેઓની પ્રૌઢ સંપત્તિ જાણીને, યથાયોગ્ય માગીને ભંડારની વૃદ્ધિ કરી. હોલે, ગોલે, વસૂલે એ શબ્દો નીચ વ્યક્તિઓના સંબોધન અર્થમાં પણ વપરાય છે પણ અહીં વાજિંત્ર અર્થમાં વપરાયા છે એમ જાણવું.

આ રીતે ચાણક્યની સાથે ચિંતા કરતો ચંદ્રગુપ્ત રાજ્યનું પાલન કરે છે ત્યારે કોઇક વખત અતિ દારૂણ દુષ્કાળ પડ્યો. સંભૂતવિજય નામના ગુરુ વૃદ્ધવાસથી ત્યાં સ્થિર રહ્યા અને પોતાના શિષ્યોને સમુદ્રકાંઠા પરના નગરોમાં મોકલ્યા. નવા પદવી અપાયેલા આચાર્યોને જયારે મંત્રો તંત્રો કહેવાતા હતા ત્યારે નજીકમાં રહેલા બે ક્ષુલ્લક સાધુઓએ સર્વ મંત્ર-તંત્ર જાણી લીધા. માર્ગમાં થોડેક સુધી જઇને ગુરુના વિરહમાં ઉત્કંઠાથી પાછા ફર્યા. બાકીનો સાધુ સમૂહ નિર્દિષ્ટ સ્થાને પહોંચ્યો. સ્વયં જ ગુરુ શ્રાવકોના ઘરોમાં ભિક્ષા માટે ફરે છે અને પ્રાસુક અને એષણીય ભિક્ષા પરિમિત પ્રમાણમાં લે છે. પ્રથમ તેઓને આપીને જે વધે છે તે પોતે ભોજન કરે છે. અપૂરતા ભોજનથી અને વૃદ્ધાવસ્થાના કારણે અતિકૃશ શરીરવાળા થયા. તેને જોઇને ક્ષુલ્લક સાધુઓ વિચારે છે કે આપણે અહીં આવ્યા તે સારું ન કર્યું. કારણ કે આપણે ગુરુમહારાજના ભોજનમાં ઘણો અંતરાય કર્યો. માટે ભોજનનો બીજો ઉપાય શોધીએ. તેઓએ અદશ્ય થવાનું અંજન ચોપડ્યું અને ગુરુને કહ્યા વિના ચંદ્રગુપ્તના ભોજન સમયે અંજન આંજીને પ્રવેશ્યા ત્યારે કોઇએ ન જોયા. જ્યાં સુધી તૃપ્તિને પામ્યા ત્યાં સુધી રાજાની સાથે ભોજન કરવા લાગ્યા. આ પ્રમાણે પ્રતિદિવસ જ તેઓ ભોજન કરે છતે, ભૂખ ન ભાંગતી હોવાથી શરીરથી કૃશ થયેલો, પુછાયેલો રાજા કહે છે કે, હે આર્ય ! મારા ભાણામાંથી કોઈ આહાર લઈ જાય છે તેને જાણી શકતો નથી, મને થોડુંક જ ખાવાનું મળે છે. ચાણક્યના મનમાં વિચારણા થઇ કે આ કાળ બહુ સારો નથી તેથી કોઇક અદશ્ય થઇ આના થાળમાં ભોજન જલદીથી કરે છે. પછી ભોજનશાળાના આંગણામાં ઇંટનો ભૂકો પાથર્યો. બીજા દિવસે તેણે પ્રવેશતા ક્ષુલ્લકોના પગલાં જોયા. બંનેની પગની પંક્તિઓ જોઇ પણ તેઓને ન જોયા. પછી દરવાજો બંધ કરીને ગુંગડાવનારો ધૂમાડો કર્યો. લોકની આંખો આંસુથી ભિની થઇ. તત્ક્ષણ અંજનયોગ નાશ થવાથી તે બંને ક્ષુલ્લકો

દેખાયા. ચાણક્ય લજ્જાવાળો થયો. સાધુઓ વસતિમાં ગયા. હું આઓથી વટલાવાયો એમ રાજા દુગંછા કરવા લાગ્યો. ઉદ્ભટ ભ્રુકુટિની ભયંકર ભાલથી ચાણક્યે કહ્યું કે આજે જ તું સુકૃતાર્થ થયો છે અને વિશુદ્ધ કુળમાં ઉત્પન્ન થયો છે કારણ કે બાળકાળથી જેમણે વ્રતોનું પાલન કર્યું છે એવાઓની સાથે આજે તારે ભોજન થયું. ગુરુ પાસે જઇને જેટલામાં ચાણક્યે શિષ્યોને ઠપકો આપ્યો તેટલામાં ગુરુ બોલ્યા કે તું શાસન પાલક હોતે છતે ભુખથી પીડાયેલા આ ક્ષુલ્લકો નિર્ધર્મા બની આવું આચરનારા થયા તે સર્વ તારો જ અપરાધ છે પણ બીજાનો નહીં. ચાણક્ય પગમાં પડ્યો, મારા એક અપરાધને ક્ષમા કરો. હવેથી માંડીને હું પ્રવચનની સર્વ પણ ચિંતા કરીશ.

પછી ચાણક્યના મનમાં આ ચમકારો થયો કે ઘણા લોકોથી વિરુદ્ધ થયેલા રાજાને આ પ્રમાણે કોઇ ઝેર ન આપી દે તેથી ચંદ્રગુપ્ત ગુપ્તપણે વિષથી ભાવિત કરાવા લાગ્યો જેથી ક્ષુદ્રોવડે પ્રયોગ કરાયેલો ઝેરના પ્રભાવ વિનાનો થાય. હંમેશા પાસે રહીને તેને ભોજન કરાવે છે. કોઈક કારણે તે ત્યાં ન પહોંચ્યો હોય તો ગર્ભવતી દેવીની પાસે જમે છે. હવે પરમાર્થને નહીં જાણનારા રાજાએ પણ અતિપ્રેમની પરવશતાથી પોતાના થાળમાંથી એક કોળિયો રાણીને આપ્યો. તે રાણી જેટલામાં વિષવાળા કોળિયાને જમે છે તેટલામાં જલદીથી મૂર્છિત થઇ. ચાણક્યને આ ખબર અપાઇ અને તે ઉતાવળે પગલે પહોંચ્યો. આ અવગણના કરવા યોગ્ય નથી. ઉદરમાં જે ગર્ભ છે તેને બચાવવો જોઈએ એમ મનમાં જાણે છે. તત્કાળ કાર્યમાં દક્ષ એવો તે સ્વયં શસ્ત્રને લઇને પેટની નસને કાપીને ઘણો પકવ ગર્ભ પોતાના હાથોથી ગ્રહણ કરે છે અને જુના ઘીથી પૂર્ણ ભરેલા વાસણમાં (અથવા તો ઘીથી પૂર્ણ રૂની મધ્યમાં) મૂકે છે. ક્રમથી જેણે પોષણ મેળવ્યું છે એવા તે બાળકનું નામ બિંદુસાર થાઓ. કારણ કે તે ગર્ભમાં રહેલો હતો ત્યારે વિષનું બિંદુ તેના મસ્તક ઉપર સ્થિર થયું હતું. તેટલા ભાગમાં માથામાં વાળ ન ઉગ્યા. કાળથી ચંદ્રગુપ્ત મરણ પામ્યો ત્યારે તેને રાજા કર્યો.

પૂર્વ ઉત્થાપિત કરાયેલો નંદરાજાનો સુબંધુ નામનો મંત્રી આવ્યો અને તેના (ચાણક્યના) છિદ્ર શોધીને રાજાને આ પ્રમાણે કહ્યું: હે દેવ ! જો કે તમો મને કૃપાથી પ્રફુલ્લિત આંખથી જોતા નથી તો પણ અમારે તમારું હિત થાય એમ કહેવું જોઇએ. ચાણક્ય મંત્રીએ તારી માતાનું પેટ ચીરીને મરણ પમાડી છે તેથી આનાથી બીજો કોણ વૈરી હોય ? આ પ્રમાણે સાંભળીને ગુસ્સે થયેલા રાજાએ પોતાની ધાવ માતાને પુછ્યું. તેણે પણ તેમ જ કહ્યું પણ મૂળથી કારણ ન જણાવ્યું. કાર્યપ્રસંગે ચાણક્ય આવ્યો. ભાલતલ પર રચાઇ છે ભ્રુકુટિ જેના વડે એવો રાજા પણ તેને જોઇને પરાઙ્મુખ થયો. અહોહો ! હું મર્યો, નહીંતર કેવી રીતે આ રાજા મારો પરાભવ કરે ! આ પ્રમાણે વિચારીને ચાણકય ઘરે ગયો. પુત્ર–પ્રપુત્ર-સ્વજન વર્ગને ઘરનો સાર આપીને ચાણક્ય સૂક્ષ્મબુદ્ધિથી વિભાવના કરે છે કે મારા પદની સંપત્તિની વાંછાથી, અર્થાત્ મંત્રીપદ મેળવવાની વાંછાથી કોઈક ચાડિયાએ આ રાજાને કોપિત કર્યો છે

એમ હું માનું છું. હું તેવું કરું જેથી દુઃખથી પરાભવ પામેલો તે ચિર કાળ જીવે. પછી શ્રેષ્ઠ-સુગંધિ-સુંદર દ્રવ્યોના મિશ્રણથી સુગંધિ દ્રવ્ય તૈયાર કરી એક ભૂર્જપત્રમાં આ પ્રમાણે લખી દાબડામાં મુક્યું. "જે આ સુગંધિ દ્રવ્યને સૂંઘીને ઇન્દ્રિયોના અનુકૂળ વિષયોનું સેવન કરશે તે યમના ઘરે જશે અને જે શ્રેષ્ઠ વસ્ત્રો, આભૂષણ, વિલેપનો તથા શય્યા, દિવ્યમાળાઓ, સ્નાન, શૃંગાર વગેરેનો ઉપભોગ કરશે તે પણ જલદીથી મરશે." આ પ્રમાણે વાસના (સુગંધના) સ્વરૂપને જણાવનાર ભૂર્જપત્રને સુગંધની અંદર દાબડામાં મૂકીને દાબડાને મંજૂષાની (પેટીની) અંદર મુક્યો. તે પણ મંજૂષાને ઉત્તમ ઓરડામાં ખીલાથી સજ્જડ જડીને મૂકી અને આગડિયાને તાળું લગાવીને તે ઓરડાના દરવાજા સજ્જડ બંધ કર્યા. સ્વજન લોકને ખમાવીને જિનધર્મમાં જોડીને રાજાના ગોકુળના સ્થાને ચાણક્યે ઇંગિનીમરણ સ્વીકાર્યું. (૧૫૧)

પરમાર્થ જાણીને ધાત્રીએ હવે રાજાને જણાવ્યું કે પિતાથી પણ અભ્યધિક (ઉત્તમ) ચાણક્યનો કેમ પરાભવ કર્યો ? રાજાએ કહ્યું કે આ માતાનો વિનાશક છે માટે. પછી ધાવમાતાએ કહ્યું કે જો એ વખતે માતાનો વિનાશ ન કરત તો તું પણ ન હોત, કારણ કે તું ગર્ભમાં હોતે છતે તારી માતાએ પતિના વિષ ભાવિત અન્નના કોળિયાને ખાધું અને વિષની અસરથી મરણ પામી. તેના (માતાના) મરણને જોઇને મહાનુભાવ ચાણક્યે છૂરીથી પેટ ચીરીને તને બહાર કાઢ્યો તથા તું નીકળ્યે છતે પણ જે મસ્તક પર મષિવર્ણ વિષબિંદુ લાગ્યું તેના કારણે હે રાજન્ ! તારું નામ બિંદુસાર કરાયું. આ પ્રમાણે સાંભળીને રાજા પરમ સંતાપને પામ્યે છતે સર્વ વિભૂતિથી ચાણક્યની પાસે ગયો અને સંગરહિત, કરીષની અંદર રહેલો અર્થાત્ ચારે બાજુ છાણાઓ છે અને વચ્ચે પોતે રહેલો છે એવા તે મહાત્માને જોયો. સર્વાદરથી રાજાએ પ્રણામ કરીને તેને ઘણીવાર ખમાવ્યો અને કહ્યું કે નગરમાં પાછો આવ અને રાજ્યને સંભાળ. પછી તેણે કહ્યું કે મેં અનશનનો સ્વીકાર કર્યો છે અને સર્વસંગને છોડ્યો છે. સુબંધુના દુર્વિલસિતને જાણવા છતાં અને પૈશૂન્યના કડવા વિપાકને જાણવા છતાં ચાણક્યે રાજાને ન કહ્યું. (૧૬૦)

હવે ભાલતલ ઉપર બે હાથ જોડીને સુબંધુએ રાજાને કહ્યું કે હે દેવ ! મને રજા આપો જેથી હું આની ભક્તિ કરું. પછી અનુજ્ઞા અપાયેલ ક્ષુદ્રબુદ્ધિ સુબંધુએ ધૂપને સળગાવીને તેનો અંગારો છાણામાં નાખ્યો અને રાજાની સાથે લોક સ્વસ્થાન ગયે છતે, શુદ્ધ લેશ્યામાં વર્તતો ચાણક્ય છાણાના અગ્નિથી ઘેરાયો. સળગતી જ્વાળામાં બળતો, ચિત્તમાં અનુકંપાને ધરતો, જેનું મન ધર્મધ્યાનથી ચલિત નથી થયું એવો ચાણક્ય વિચારે છે કે જેઓ અનુત્તર મોક્ષને પામ્યા તે સત્પુરુષોને ધન્ય છે. કારણ કે તેઓ બીજા જીવોના દુઃખનું કારણ બનતા નથી. ધિક્કાર છે કે ઘણા પ્રકારે જીવોને પીડીને, આરંભમાં આસક્ત મનવાળા અમારા જેવા પાપીઓ જીવલોકમાં જીવે છે. જિનેશ્વરના વચનને જાણવા છતાં પણ મોહ મહાશલ્યથી શલ્યિત થયેલા મનવાળા એવું મારું ચારિત્ર કેવું આ લોક અને પરલોક વિરુદ્ધ કાર્ય કરનારું થયું ! મેં જે કોઇ જીવોને આ લોક કે પરલોકમાં દુઃખો

આપ્યા હોય તે જીવો હમણાં મને ક્ષમા કરો. હું પણ તે સર્વે જીવોને ખમાવું છું. રાજ્યનું પાલન કરતા પાપના વશથી મેં જે કોઇ પાપો આચર્યા હોય તેનો હું ત્રિવિધ ત્યાગ કરું છું. જેમ જેમ છાણાના અગ્નિથી તે ધન્યનું શરીર બળે છે તેમ તેમ તેના ક્રૂર કર્મો નાશ પામે છે. અંતમાં પણ શ્રેષ્ઠ શુભભાવનામાં રહેલો, શ્રેષ્ઠ પરમેષ્ઠિ મંત્રના સ્મરણમાં તત્પર, સમાધિથી જેનું મન ચલાયમાન નથી થયું એવો તે મૃત્યુને પામ્યો અને દેવલોકમાં કાંતિમાન શરીરવાળો મહર્દ્ધિક દેવ થયો. (૧૭૨)

પણ તે સુબંધુ મંત્રી ચાણક્યના મરણથી આનંદિત થયે છતે અને અવસરે પ્રાર્થના કરાયેલ રાજા વડે અપાયેલા ચાણક્યના ઘરે ગયો. ભીડીને નિબિડ સજ્જડ બંધ કરાયેલ છે દરવાજા જેના એવા ગંધવાળા ઓરડાને જુએ છે. આમાં સર્વ અર્થસાર મળશે એમ માની કપાટને તોડીને મંજૂષાને બહાર કાઢી. જેટલામાં સુગંધિ દ્રવ્યોને સૂંઘ્યા તેટલામાં ભૂર્જલેખને જોયો અને તેના અર્થને સારી રીતે જાણ્યો પછી તેની ખાતરી કરવા માટે એક પુરુષને સૂંઘાડ્યો અને પછી વિષયો ભોગાવ્યા અને તે તત્ક્ષણ મરણ પામ્યો. આ પ્રમાણેં સર્વપણ વિશિષ્ટ વસ્તુઓમાં ખાતરી કરી. હા ! તેણે મને પણ માર્યો આમ પરમ દુઃખથી સંતપ્ત જીવવાનો અર્થી તે વરાકડો સુમુનિની જેમ રહેવા લાગ્યો. ચાણક્યને આ પારિણામિક બુદ્ધિ થઇ હતી જેને કારણે તે અનશન સુધીના તે તે મનવંછિત અર્થને પામ્યો. (૧૭૮)

**ગાથાક્ષરાર્થ– 'ચાણક્ય'** એ પ્રમાણે દ્વારપરામર્શ છે. પ્રથમથી જ નંદની સાથે વૈર બંધાયું. સુવર્ણાદિના ઉત્પાદનને માટે તેનું વનમાં જવાનું થયું. પછી રાજને યોગ્યપાત્રની શોધ કરતા મૌર્યવંશમાં ઉત્પન્ન થયેલો ચંદ્રગુપ્ત નામનો બાળક હાથ લાગ્યો. પછી પણ ભણતા તેણે સ્થવિરાના વચનથી બોધ પામીને રોહણ નામના પર્વત પર જઇને સુવર્ણ સિદ્ધિ કરીને પર્વતકની સહાયથી પાટલિપુત્રને સાધીને, ચંદ્રગુપ્તને રાજ્ય ઉપર બેસાડીને પૂર્વે કહ્યા મુજબ નગરના લોકો પાસેથી ભંડારની વૃદ્ધિ માટે ધન મેળવ્યું અને અંત સમયે પારિણામિક બુદ્ધિના બળથી ઇંગિનીમરણથી અનશન કર્યું. (૧૩૯)

**एमेव थूलभद्दे, उक्कडरागो सुकोस पच्छाओ ।**
**वक्खेवत्तो ण भोगा, चरणं पिय उभयलोगहियं ॥१४०॥**

**एवमेव प्रकृतबुद्धौ स्थूलभद्रः प्रागेव कथितविस्तरवृत्तान्तो ज्ञातं विज्ञेयम् । स च उत्कटरागः 'सुकेस' त्ति सुकोशायां वेश्यायामभूत् । पश्चात् स नन्दराजामन्त्रितः सन् परिभावितवान्, यथा मन्त्रिपदाङ्गीकारे व्याक्षेपतो राजकार्यव्याकुलतया न भोगा भविष्यन्ति । भोगार्थं च राज्याधिकारचिन्ता क्रियते । ततः 'चरणंपि य' चरणमेव चारित्रमेव उभयलोकहितं वर्त्तते इति तदेव तेन कृतमिति ॥१४०॥**

**ગાથાર્થ**– આ પ્રમાણે જ સુકોશાને વિષે ઉત્કૃષ્ટ રાગવાળા સ્થૂલભદ્ર, પછી વ્યાક્ષેપથી ભોગોનો ત્યાગ, ઉભયલોક હિતકારી ચારિત્રનું પણ ગ્રહણ. (૧૪૦)

આ પ્રમાણે જ એટલે કે પ્રસ્તુત પારિણામિક બુદ્ધિ વિશે જેનો વૃત્તાંત આગળ જ વિસ્તારથી કહેવાય ગયો છે એવા સ્થૂલભદ્રના દૃષ્ટાંતને જાણવું. તે સુકોશા વેશ્યા ઉપર ઉત્કૃષ્ટ રાગવાળા થયા. પછી નંદરાજા વડે આમંત્રિત કરાયે છતે વિચાર્યું: જેમકે મંત્રીપદ સ્વીકારવામાં રાજકાર્યના વ્યાકુલતાથી ભોગો મળશે નહીં અને ભોગો માટે રાજ્યાધિકારની ચિંતા કરાય છે તેથી ચારિત્ર જ ઉભયલોકમાં હિત કરનાર છે. તેણે તેને જ ગ્રહણ કર્યું. (૧૪૦)

**णासेक्क सुंदरीणंद भाइरिसि भाणभक्ख निग्गमणं ।**
**मंदर वाणरि विज्जा, अच्छर धम्मम्मि पडिवत्ती ॥१४१॥**

**अथ गाथाक्षरार्थः—'नासिक्क सुंदरीणंद' इति द्वारपरामर्शः । तस्य च 'भाइरिसि' त्ति भ्राता ऋषिः अभूत् । स च तत्सम्बोधनार्थं 'भाणभक्ख' त्ति भाजनं भिक्षाभृतं भोजनकाले तस्य हस्ते समर्प्पितवान् । ततो द्वयोरपि नगराद् निर्गमनं समपद्यत । ततोऽसौ ऋषिणा 'मन्दर'त्ति मंदरं मेरुं नेतुमारब्धः । दर्शिताश्च क्रमेण 'वानरि'त्ति वानरी, 'विज्जा'इति विद्याधरी, 'अच्छर' त्ति अप्सरा दिव्यस्त्री । तदनन्तरं धर्मे श्रुतचारित्रलक्षणे प्रतिपत्तिः तस्य संवृत्तेति ॥१४१ ॥**

**ગાથાર્થ**– નાસિક્ય, સુંદરીનંદ, ભાઈઋષિ, ભાજન, ભિક્ષા, નિર્ગમન, મેરુ પર્વત, વાંદરી, વિદ્યાધરી, અપ્સરા, ધર્મનો સ્વીકાર. (૧૪૧)

દક્ષિણ દિશાના તિલકભૂત, વિભવથી સમૃદ્ધ, લોકોને માટે વિલાસનું સ્થાન, ચોરાઈ (નાશ કરાઈ) છે સર્વ સ્થાનોની સુંદરતા જેના વડે એવું નાસિક્યપુર નામનું નગર છે. જેણે ઘણા દ્રવ્યને મેળવ્યું છે, સુંદર તારુણ્યવાળો નગરના લોકોને બહુમાનનું સ્થાન એવો નંદ નામનો વણિક ત્યાં રહેતો હતો. સર્વાંગથી સુંદર શરીરવાળી, પોતાના લાવણ્યથી પરાભવ કરાયો છે બીજો લોક જેના વડે, પ્રણયમાં તત્પર એવી સુંદરી નામની તેની પત્ની હતી. લોકોના મનને આનંદ આપનારા બીજા પણ નંદો તે નગરમાં હતા પરંતુ તે નંદ સુંદરીની સાથે જાણે બંધાયેલો ન હોય તેમ એક ક્ષણ પણ તેના વિના ધૃતિને પામતો નથી. લોકોએ તેનું સુંદરીનંદ એ પ્રમાણે ઉપનામ કર્યું. આ પ્રમાણે તેના દિવસો વિષય સેવનમાં પસાર થાય છે અને તેનો (નંદનો) ભાઈ જેણે પૂર્વે દીક્ષા લીધી છે તે પરદેશમાં સાંભળે છે કે મારો ભાઈ પોતાની પત્ની સુંદરીને વિશે અતિ અનુરાગી છે તેથી મારે તેની ઉપેક્ષા ન કરવી જોઈએ. પોતાના ગુરુની અનુજ્ઞા મેળવીને તે તેના અતિથિરૂપે આવ્યો અને ઉતરવાનું સ્થાન મેળવ્યું. ભિક્ષાકાલે ઘરે આવ્યો અને ઘણાં પ્રકારની ભોજન

સામગ્રીથી પ્રતિલાભિત કરાયા. મુનિએ પણ તેના હાથમાં પાત્રું આપ્યું. સર્વ પણ પરિજનોએ મુનિને મસ્તક નમાવીને વંદન કરી ઘરે પાછો જવા લાગ્યો. સુંદરીનંદે વિચાર્યું કે જ્યાં સુધી ભાઈ મુનિ મને રજા ન આપે ત્યાં સુધી હું સ્વયં જ સાથે જાઉં. આ પ્રમાણે ભાઇ એવા મુનિવડે ઉદ્યાનની અંદરની ભૂમિ સુધી લઇ જવાયો.

સાધુના પાત્રાને હાથમાં ઊંચકી જતા નંદને જોઇને નગરના લોકોએ મશ્કરીમાં કહ્યું કે અહો ! આ સુંદરીનંદે દીક્ષા લીધી છે અને સાધુએ વૈરાગ્યને ઉત્પન્ન કરનારી દેશના લાંબા સમય સુધી આપી. સુંદરીમાં તીવ્ર રાગને ધારણ કરતો નંદ મોક્ષમાર્ગનો સ્વીકાર કરતો નથી તેટલામાં મુનિઓમાં શ્રેષ્ઠ વૈક્રિયલબ્ધિવાળા પૂજ્ય તે મુનિ વિચારે છે કે બીજા કોઇપણ ઉપાયથી આ પ્રતિબોધ કરી શકાય તેમ નથી તેથી અધિકતર લોભ સ્થાનને બતાવું. અને કહ્યું કે હું તને પોતાના કિરણોના સમૂહથી કરાયેલો છે રંગબેરંગી આકાશના છેડા સુધીનો ભાગ જેના વડે એવો મેરુપર્વત બતાવું. સુંદરીના વિરહનો કાયર તે સ્વીકારતો નથી. ફરી પણ મુનિએ કહ્યું કે એક મુહૂર્તથી જ આપણે અહીં પાછા આવી જઇશું માટે તું મારી સાથે ત્યાં આવ. પછી તે મેરુપર્વત પર જવા તૈયાર થયો. અને મુનિ એક વાનર યુગલને વિકુર્વે છે. પણ બીજા આચાર્યો કહે છે કે બધે જ ભય ઉત્પન્ન કરે છે. મુનિએ નંદને પુછ્યું કે અરે ! સુંદરી અને વાંદરી એ બેમાં કોણ વધારે સુંદર છે ? નંદ કહે છે કે આ ઘણું અણઘટતું લાગે છે, અર્થાત્ બંનેની સરખામણી થઇ શકે તેમ નથી. ક્યાં મેરુ અને ક્યાં સરસવ. કોની સાથે સરખામણી થાય ? અર્થાત્ ન થાય. નંદે આવો જવાબ આપ્યો ત્યારે મુનિએ વિદ્યાધર યુગલને વિકુર્વીને બતાવ્યું. આ વિષે અભિપ્રાય પુછાયેલો નંદ કહે છે કે જાતિ વિશેષથી પ્રાયઃ **તુલ્ય**[1] જ જણાય છે. પછી ક્ષણથી એક દેવયુગલ દૃષ્ટિ પથમાં આવ્યું અને સાધુ વડે પુછાયેલો નંદ કહે છે કે હે ભગવન્ ! વાંદરી આ એકેયમાં પણ સમાન નથી. મુનિએ કહ્યું કે થોડાક પણ ધર્મથી આ દેવી પ્રાપ્ત કરાય છે પછી તેને ધર્મ ઉપર શ્રદ્ધા થઇ. આ પ્રમાણે સુંદરીને વિષે જેનું મમત્વ ઓગળી ગયું છે એવા નંદે પછી દીક્ષા લીધી. શ્રામણ્યનો રાગી થયો. મોક્ષમાર્ગમાં પ્રવૃત્ત થયો. ભગ્નપરિણામી ન થયો. મુનિની આ પારિણામિકી બુદ્ધિ હતી જેનાથી તેવા પ્રકારનો રાગી ભાઇ પણ મોક્ષમાર્ગ પ્રાપ્ત કરાવાયો અને નિરવદ્ય ગુણવાળી **દીક્ષા**[2] પ્રાપ્ત કરાવાઈ.

૧. સુંદરી અને વિદ્યાધરી બંનેની મનુષ્ય જાતિથી સમાન હોવાથી બંને રૂપમાં સમાન દેખાય છે.

૨. આ કથાનો ભાવ એ છે કે મુનિએ પોતાના ભાઈ નંદને પ્રતિબોધ કરવા (૧) વાનર યુગલ (૨) વિદ્યાધર યુગલ અને (૩) દેવ યુગલ વિકુર્વીને બતાવ્યું. પછી આ બધામાં સુંદર કોણ છે એવો અભિપ્રાય નંદને પુછ્યો. નંદે કહ્યું કે આમાં દેવ યુગલ સૌથી શ્રેષ્ઠ છે. પછી મુનિએ કહ્યું કે આ દેવ ભવની પ્રાપ્તિ સદ્ધર્મ એટલે કે સંયમની આરાધનાથી થાય છે માટે સંયમની આરાધના કરવામાં પ્રયત્નશીલ બન. પછી નંદને ધર્મ ઉપર શ્રદ્ધા થઈ અને સુંદરી વિશેનો રાગ ઓગળી ગયો અને દીક્ષાનો સ્વીકાર કર્યો.

**ગાથાક્ષરાર્થ–** **'નાસિક્ય સુંદરીનંદ'** એ પ્રમાણે દ્વારપરામર્શ છે. અને તેનો(નંદનો) ભાઇ સાધુ હતો અને તેણે તેના પ્રતિબોધ માટે ભોજન કાળે ભિક્ષાથી ભરેલું ભાજન તેના હાથમાં પકડાવ્યું પછી બંનેનું પણ નગરમાંથી નિર્ગમન થયું. પછી ઋષિવડે આ (નંદ) મેરુ પર્વત ઉપર લઇ જવા પ્રયત્ન કરાયો અને ક્રમથી વાંદરી, વિદ્યાધરી અને અપ્સરા(દેવી) બતાવાઇ. ત્યાર પછી તેને શ્રુત રૂપ અને ચારિત્રરૂપ ધર્મનો સ્વીકાર થયો. (૧૪૧)

**वइरम्मि संघमाणण, वासे उवओग सेसपुरियाए ।**
**कुसुमपुरम्मि विउव्वण, रक्खियसामिम्मि पेसणयं ॥१४२॥**

**अथ गाथाक्षरार्थः—वज्रनामके ऋषौ पारिणामिकी बुद्धिः । कथमित्याह— 'संघमाणण' त्ति यत् संघमाननं मात्रा सह विवादे राजसभायां संघपक्षकक्षीकरणम् ।**

**'वासे उवओग' त्ति वर्षाकाले उपलक्षणत्वाद् उष्णकाले च जृम्भकैर्निमन्त्रणे कृते यद् उपयोगो द्रव्यादिगोचरो विहितः । तथा 'सेस पुरियाए' इति शेषा सहस्त्रपत्रपद्मस्य पुष्पकुम्भस्य च पुरिकायां नगर्यां समानयनरूपा । तथा 'कुसुमपुरम्मि विउव्वण' त्ति कुसुमपुरे पाटलिपुत्रे विकुर्वणा प्रथममसुन्दररूपस्य पश्चात् सहस्त्रपत्रपद्मासनस्थ-स्वरूपस्य च अत्यन्तातिशायिनः । 'रक्खियसामिम्मि पेसणया' इति रक्षितस्वामिन आर्यरक्षितस्य यमकस्तत्र भग्नस्य यत्प्रेषणं कृतमिति ॥१४२॥**

**ગાથાર્થ–** વજ્રસ્વામી, સંઘનું બહુમાન, વાસ, પુરીમાં ઉપયોગ, કુસુમપુરમાં વિકુર્વણા, રક્ષિતસ્વામીને મોકલવું. (૧૪૨)

લોકમાં આશ્ચર્ય કરનાર દેવોનો સમૂહ જેમાં વસે છે એવા સૌધર્મ દેવલોકમાં સુપ્રશસ્ત ચારિત્રમાં રાગી, દેવોનો અધિરાજા એવો શક્રેન્દ્ર છે. પૂર્વાદિ દિશાઓમાં કરાયા છે આવાસો જેઓ વડે એવા સોમ, યમ, વરુણ અને કુબેર ક્રમથી ચાર તેના લોકપાળો છે. વૈશ્રમણ(કુબેર)ને પરીક્ષકભૂત[1] અને પોતાના સમાન વૈભવવાળો, સમર્પિત કરાયો છે (સંપૂર્ણ) મનનો પ્રણય જેના વડે એવો એક દેવ હતો.

આ બાજુ સિદ્ધાર્થ રાજાના પુત્ર, જ્ઞાતકુળરૂપી આકાશમાં પૂનમના ચંદ્ર સમાન જેનો ઘણો યશ વિસ્તર્યો છે એવા ભગવાન શ્રી વર્ધમાન સ્વામી જિનેશ્વર હિમાલયની ઉત્તરે પૃષ્ટચંપા નગરીમાં પધાર્યા. સુરો તથા અસુરોએ ઉદ્યાનના ઇશાનખૂણાની સપાટભૂમિભાગ ઉપર, દુઃખોથી તપ્ત જીવોને શરણભૂત, જય રૂપી લક્ષ્મીનું વિશ્રામધામ એવું સમોવસરણ રચ્યું. પૃષ્ટચંપામાં રાજકાર્યમાં ધુરંધર, શ્રીમાન્ પ્રસન્નચંદ્ર રાજાનો પ્રથમપુત્ર એવો શાલ નામનો રાજા હતો. તેનો મહાશાલ નામનો ભાઇ યુવરાજ પદે હતો અને તેઓને યશોમતી નામની બહેન હતી અને પિઠર

૧. ગુણ-અવગુણની પરીક્ષા કરનાર.

નામે બહેનનો પતિ હતો. તે બેનો ગુણોના સમૂહથી યુક્ત ગાંગલી નામે પુત્ર હતો. ત્રણેય પણ રાજ્ય કરતા કાંપીલ્યપુરમાં રહે છે. ઉદ્યાનપાલકના વચનથી ભગવાનનું આગમન જાણ્યે છતે ઊંચા છત્રથી ઢંકાયું છે આકાશ જેના વડે, નગરલોકને સંક્ષોભ કરતા મોટા સૈન્યથી ઉલ્લસિત, જ્યાં સમકાળે વગાડાયેલ મોટા વાજિંત્રોના અવાજથી ભરાયું છે દિશા ચક્ર, ગજસ્કંધ ઉપર આરૂઢ થયેલો, અતિ સમુલ્લસંત ઉત્સાહથી અંકુરિત થઇ છે કાયા જેની એવો શાલ રાજા ભગવાનને વાંદવા માટે પોતાના નગરમાંથી નીકળ્યો. ભગવંતની નજીકની ભૂમિ ભાગમાં આવ્યો ત્યારે ત્રણ છત્રો જોયા અને નીચે ઉતરી પાદચારી થઇ પાંચ અભિગમનું પાલન કરે છે. પાંચ અભિગમ આ પ્રમાણે છે.–

(૧) સચિત્ત પુષ્પાદિ દ્રવ્યોનો ત્યાગ કરે છે તથા અચિત્તનો સંગ્રહ કરે છે. તથા (૨) ખડ્ગ, બે ચામર, મુકુટ અને ઉપાનહ તથા છત્રનો પણ ત્યાગ કરે છે, (૩) એક સાટક ઉત્તરાસંગ કરે છે. (૪) લલાટે અંજલિ જોડે છે. પછી (૫) મનની એકાગ્રતા કરીને સમોવસરણમાં પ્રવેશ્યો અને ત્રણ પ્રદક્ષિણા કરીને આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યો. (૧૬)

દીર્ઘ-દેદીપ્યમાન-કાંતિમાન-ચક્ષુદળથી યુક્ત, પ્રચુર-શ્રેષ્ઠ-સુંદર-સુગંધથી યુક્ત એવા હે જિનેશ્વર ! તારું મુખરૂપી કમળ ત્રિભુવનની લક્ષ્મીનું તિલક છે. ભવિ જીવોના કલ્યાણને કરનારા છે બે નેત્રો જેના એવા હે જગતપ્રભુ ! તમે મને (ભવોભવ) મળો. ૧.

હે જગગુરુ ! સૂઈને ઉઠેલો, કર્મમળથી સહિત એવો લોક શરદઋતુના પૂનમના ચંદ્રમંડળ સમાન, સૌમ્યગુણથી પ્રકટ કરાયો છે ત્રણ ભુવનના લોકોનો હર્ષ જેના વડે એવા અને ચંદ્રના દળની સમાન ભાલતલયુક્ત તારા મુખકમળને કેવી રીતે જોઇ શકે ? ૨.

હે ત્રણ ભુવનરૂપ મસ્તકના આભૂષણ ! હે સ્વામિ ! જેણે પાપમળ પખાળેલ છે એવો લોક સરળ આંગળીના દળના કોમળ નખોની કેસરાથી ઉત્તમ, બે જંઘારૂપી કમળના મુણાલ(દાંડા)થી પ્રમોદિત કરાયા છે મુનિરૂપી ભમરાઓ જેના વડે એવા તારા નિર્મળ ચરણ રૂપી કમળનું શરણું સ્વીકારે છે. ૩.

ચક્ર-અંકુશ-મત્સ્ય-સ્વસ્તિક-છત્ર-ધ્વજથી અંકિત, નમતા દેવોના મસ્તકમાં રહેલા મુગુટ અને પુષ્પમાળાઓથી અંકિત એવા તારા બે ચરણોનું સ્મરણ પરભવથી ભયભીત થયું છે મન જેનું એવા દુઃખના સમૂહરૂપ કાદવમાં પડતા આ લોકનું રક્ષણ કરે. ૪.

જન્મ-જરા-મરણરૂપ પાણીવાળા નરક-તિર્યંચ-મનુષ્ય અને દેવગતિના દારૂણ દુઃખોવાળા સંસારસાગરમાં ભમીને શરણહીન, દીન, દયાપાત્ર બનેલા એવા લોકને હે સ્વામિ ! તારા ચરણરૂપી પ્રવહણ (નૌકા) પાર ઉતારે. ૫.

શરદઋતુના ચંદ્રના કિરણ જેવા ઉજ્જ્વળ યશના સમૂહથી ભરાયેલો એવા હે પ્રભુ ! તું જય પામ. નિર્મળજ્ઞાન (કેવળજ્ઞાન)રૂપ પ્રદીપથી પ્રકાશિત કરાયું છે પરમપદ (મોક્ષ) જેના વડે એવા હે પ્રભુ ! તું જય પામ. સારી રીતે જિતાયો છે અતિ દુર્જય કામદેવના બાણનો પ્રસર જેના વડે એવા હે ત્રિભુવન શિરોમણિ ! હે જગતપ્રવર ! તું જય પામ. ૬.

વિકટ કપાટ સમાન છે વક્ષ સ્થળ જેનું, કમળ સમાન છે હાથ જેના, સરળ અર્ગલા જેવી છે ભુજાઓ જેની, શંખ જેવી ડોક (કંઠ પ્રદેશ) છે જેની, પોતાના સૌંદર્યથી આનંદિત કરાયા છે સર્વ વિચક્ષણ પુરુષો જેના વડે, એવા લક્ષણથી સહિત તારા શરીરની હે સ્વામિન્ ! અમે અર્ચા(પૂજા) કરીએ. ૭.

શ્રેષ્ઠ કરુણારૂપી જળના સાગર, ચરણમાં નમેલા છે મુનિઓ જેના, વિજૃંભિત કરાયો છે નવા વાદળના અવાજ જેવો ગંભીર દિવ્ય ધ્વનિ જેના વડે એવા હે પ્રભુ ! હે જિનેશ્વર ! મારા ઉપર એવી કૃપા વરસાવ જેથી ઉપશાંત કષાયોવાળા, પરિપાલન કરાયેલાં વ્રતવાળા, તારી સેવામાં રત થયેલા એવા મારા દિવસો પસાર થાય. ૮.

દારૂણ ક્રોધરૂપી દાવાનળને ઠારવા માટે પાણી સમાન, લાખો લક્ષણોથી ઉપલક્ષિત શરીરવાળા, પર્વત જેવા ધીર, વીર એવા હે સિદ્ધાર્થ રાજાના પુત્ર ! એ પ્રમાણે મારી તમને સ્તુતિ છે. ૯.

આ પ્રમાણે સ્તુતિ કરીને ભૂમિતલ ઉપર મુકાયું છે મસ્તક જેના વડે એવો શાલ રાજા નમીને અને વંદીને જિનેશ્વરની ઇશાનખૂણામાં બેઠો. પ્રભુએ અમૃતમેઘની ધારા સમાન યોજન ગામીની વાણીથી દેશના આપવાની શરૂઆત કરી. જેમકે– ભયંકર સળગતી અગ્નિની જ્વાળાઓથી વીંટળાયેલા ઘરમાં પુરુષ વસી શકતો નથી તેમ બુદ્ધિમાન દુઃખના સમૂહથી ભરેલા આ સંસારમાં રહી શકતો નથી. તથા **કાકતાલીય**[1] સંયોગના ન્યાયથી હમણાં સદ્ધર્મ રૂપી મહાનિધાનની સંપત્તિથી યુક્ત દુર્લભ મનુષ્યભવ મળ્યો છે. જેમ કોઇ લુબ્ધ કાકિણીને માટે કોટિને હારે છે તેમ વિષયની લાલસાવાળો, વિવેક વિનાનો કોઇક મનુષ્ય આ જન્મને હારે છે. તથા સર્વ કરવા લાયક કાર્ય સાધવામાં સમર્થ એવા આ પ્રાપ્ત થયેલ અવસરનું ઉલ્લંઘન કરી મળેલા ધર્મનું ફોક કરવું તમારા જેવા માટે ઉચિત નથી. સર્વે પણ સંયોગો વિદ્યુતદંડના ભભકા(આડંબર) સમાન અસ્થિર

૧. **કાકતાલીયન્યાય**– કાગડાનું બેસવું અને તાડના ફળનું પડવું એમ બે ક્રિયાઓ અચાનક સાથે બને તેથી એક ક્રિયાને બીજી ક્રિયાનું કારણ કહી શકાય નહીં. તે વખતે કારણના નાશમાં કાર્યની ઉત્પત્તિ થાય એવો નિયમ નથી. પરંતુ કાર્ય કારણ ભાવ હોય તો કારણના નાશમાં અવશ્ય કાર્યની ઉત્પત્તિ થાય છે. તેમ પ્રસ્તુતમાં સદ્ધર્મરૂપ મહાનિધાનની પ્રાપ્તિપૂર્વકની મનુષ્યભવની પ્રાપ્તિ કાર્ય કારણ ભાવે ન હોય તો એકના નાશમાં બીજાની પ્રાપ્તિ થાય એવો નિયમ નથી. માટે બંને કાર્યકારણ ભાવવાળી બને તેવો પ્રયત્ન અવશ્ય કરવો જોઇએ.

છે અને પવનથી આંદોલિત કરાયેલ ધ્વજપટની જેમ વિડંબનાવાળા છે તથા **નાશના અંતવાળા**[1] છે. હે મનુષ્યો ! કુશઘાસના પાંદડા ઉપર રહેલા પાણીના ટીપા કરતા પણ ચંચળ જીવિતને જાણો. સદ્ધર્મની ક્રિયારૂપી અગ્નિથી આ ભવતરુ બળાય છે. જે રીતે આ ધર્મની પ્રાપ્તિ થાય તે રીતે સર્વાદરથી ઉદ્યમ કરો, જેથી આ લોકમાં સુખનો લાભ થાય છે અને પરલોકમાં સર્વ સુખરૂપી રત્નની ખાણ એવું તાત્ત્વિક સુખનું સ્થાન (મોક્ષ) મળે. (૨૫)

આ પ્રમાણે ધર્મ સાંભળીને ભાલતલ ઉપર મુકાયો છે કરરૂપી કમળ જેના વડે એવો શાલરાજા પ્રણામ કરીને ભગવાનને કહે છે કે હું રાજ્ય પર મહાશાલને સ્થાપું છું, પછી તમારી પાસે દીક્ષા લઈશ. પોતાના ભવનમાં જઈને મહાશાલને આદેશ કર્યો કે તું રાજ્ય સંભાળ, હું દીક્ષા લઉં છું. પછી મહાશાલ કહે છે કે જેમ તમે રાજ્યને અસાર માનીને ત્યાગ કરો છો તેમ હું પણ રાજ્યને છોડવા ઈચ્છું છું. વૈરાગ્યને પામેલા બંને પણ કાંપીલ્યથી ગાગલિને બોલાવીને રાજ્ય સોંપે છે. અને તે પણ અતિ વાત્સલ્યમય મામાઓની બે હજાર માણસોથી વહન કરી શકાય એવી શિબિકાઓ કરાવે છે. ઉજ્જ્વળ વેશ પરિધાન કરીને સુરચંદનથી લેપાયેલું છે સર્વ અંગ જેઓનું, તે શિબિકામાં સિંહાસન પર આરૂઢ થયેલા દીક્ષા વખતે નગરમાંથી નીકળે છે ત્યારે ઉદયાચલ પર્વતના શિખર ઉપર આરૂઢ થયેલા સાક્ષાત્ સૂર્ય-ચંદ્રની જેમ શોભે છે. પોતાના શરીરની કાંતિના સમૂહથી પુરાયા છે સર્વ દિશાના વલયો, અતિગાઢ વાગાડાયેલા શ્રેષ્ઠ વાજિંત્રોના અવાજથી જ્યારે આકાશ ભરાયું છે ત્યારે ભગવાનના ચરણને નમસ્કાર કરીને, ત્રણ પ્રદક્ષિણા પૂર્વક વિધિથી દીક્ષા લીધી. તે યશોમતી પણ ઉત્તમ શ્રાવિકા થઈ. શાલ અને મહાશાલ અગીયાર અંગો ભણ્યા. (૩૪)

હવે કોઈક વખત જગતગુરુ રાજગૃહમાં વિહાર કરીને પછી ચંપા નગરી તરફ જવા લાગ્યા ત્યારે તેઓ વડે ભગવાન વિનંતિ કરાયા કે અમે આપની અનુજ્ઞાથી પૃષ્ટચંપા જવાની ભાવના રાખીએ છીએ. તેઓના સંસારીઓમાં કોઈ દીક્ષા લે કે ન લે તો પણ સમ્યક્ત્વને પ્રાપ્ત કરશે એમ સ્વામી જાણે છે અને નિયમથી તેઓને બોધિની પ્રાપ્તિ થશે એટલે ભગવાન વડે ગૌતમ સહાય અપાયા. ભગવાન ચંપામાં ગયા અને ગૌતમસ્વામી પણ પૃષ્ટચંપામાં ગયા અને જિનપ્રણીત ધર્મની દેશના કરી. તેઓએ ધર્મને સાંભળ્યો.

સંવેગથી ભાવિત ત્રણેય પણ ગાગલિના પુત્રને રાજ્ય ઉપર સ્થાપીને શુભ મનવાળા થઈ દીક્ષા લીધી. અને ગૌતમ સ્વામી તેઓને લઈને જેટલામાં માર્ગમાં આવે છે તેટલામાં શાલ અને મહાશાલને એવો હર્ષનો ઉત્કર્ષ થયો કે અમો સંસારથી ઉદ્ધારાયા. આ શુદ્ધ ભાવથી તેઓને કેવળ જ્ઞાન ઉત્પન્ન થયું. ગાગલિ વગેરે ત્રણને આવા પ્રકારનું ધર્મચિંતન થયું. જેમકે-આ લોકોએ દીક્ષા

---

૧. **वित्तसंतोया** = वित्त એટલે વૃત્ત= મરણ, નાશ, **संतो**=મધ્ય, અંદર અને **या**=એટલે જન્મનાર, અર્થાત્ નાશની અંદર ઉત્પન્ન થનાર એટલે કે નાશના અંતવાળા.

લીધી ત્યારે પ્રથમ અમને રાજ્ય આપ્યું પછી આઓ વડે દીક્ષામાં સ્થાપન કરાયા આથી આઓ સિવાય બીજો અમારો કોઇ ઉપકારી નથી. આ પ્રમાણે શુદ્ધ ધ્યાનના વશથી કર્મો છેલ્લું સ્થાન પ્રાપ્ત કરે છતે, અર્થાત્ ઘાતિકર્મો નાશ થયે છતે રમ્યસ્વરૂપી કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. ઉત્પન્ન થયું છે પૂર્ણ જ્ઞાન (કેવળજ્ઞાન) જેઓને એવા તેઓ ગુરુના માર્ગને અનુસરતા ક્રમે કરી ભગવાન પાસે પહોંચ્યા. ત્રણ પ્રદક્ષિણા કરીને તીર્થને અભિવાંદીને કેવલી પર્ષદામાં જવા લાગ્યા અને ભગવાન ગૌતમ પણ જેટલામાં જિનને ત્રણ પ્રદક્ષિણા આપીને પગમાં પડીને ઉભા થાય છે અને જેટલામાં તેઓને કહે છે કે અહીંથી ક્યાં ચાલ્યા ? આ સ્વામીના ચરણને પ્રણામ કરો. તેટલામાં જગતપ્રભુએ કહ્યું: હે ગૌતમ ! તું આ કેવલીઓની આશાતના ન કર. સંતુષ્ટ ચિત્તવાળા તેણે તેઓને ખમાવ્યા. પછી અતિસંવેગને પામેલા ગૌતમ વિચારે છે કે અતિદુષ્કર તપને તપતો છતાં પણ હું જે કારણથી કેવળજ્ઞાનને મેળવતો નથી તેથી મને શું આ ભવમાં સિદ્ધિ નહીં થાય ? અને સ્વામી પાસે ગયો. સ્વામીએ પણ પહેલા મનુષ્ય-સુર અને અસુર સહિત પર્ષદામાં કહ્યું હતું કે જે વિનયમાં તત્પર પોતાના સામર્થ્યથી અષ્ટાપદ ઉપર ચડે છે અને ચૈત્યોને વાંદે છે તે આ જ ભવમાં સિદ્ધ થાય છે એમાં કોઇ શંકા નથી. તે વચન શ્રવણના હર્ષથી પુરાયું છે ચિત્ત જેનું એવા દેવો પરસ્પર આ પ્રમાણે જ બોલે છે અને આ વાત સર્વત્ર ફેલાઇ. નાશ કરાઈ છે આપદા જેના વડે એવા અષ્ટાપદ ઉપર જો કોઇક રીતે મારું ગમન થાય તો સારું થાય એમ જેટલામાં સુગજગામી ભગવાન ગૌતમ સ્વામી વિચારે છે તેટલામાં તેના મનના સંતોષ માટે અને તાપસના પ્રતિબોધને માટે ભગવાને કહ્યું: હે ગૌતમ ! તું અષ્ટાપદ ઉપર સુપ્રશસ્ત જિનબિંબોને વંદન કર. તે વખતે વિનયથી નમ્યું છે સર્વ અંગ જેનું એવો તે હૃષ્ટ તુષ્ટ મુનિસિંહ જિનને નમીને અષ્ટાપદની તળેટીમાં પહોંચ્યો. (૫૪)

હવે આ બાજુ જિનેશ્વરની આ વાત સાંભળીને કૌડિન્ય, બીજો દિન્ન અને ત્રીજો સેવાલ એવા ત્રણ તાપસ પ્રભુઓ પાંચશો-પાંચશો પરિવારથી યુક્ત અષ્ટાપદ ચડવા ચાલ્યા. પહેલો કૌડિન્ય તાપસપ્રભુ ચોથ ભક્તને અંતે અચિત્ત કંદમૂળનું ભોજન કરે છે. બીજો દિન તાપસપ્રભુ છઠ્ઠ તપને અંતે ખરી પડેલ શુષ્ક પાંદડાઓનું ભોજન કરે છે. ત્રીજો સેવાલ તાપસપ્રભુ અઠ્ઠમતપને અંતે સ્વયં જ સુકાયેલી સેવાળનું ભોજન કરે છે. તેઓ પ્રથમાદિ ત્રણ મેખલાઓ ઉપર ક્રમથી ચડ્યા ત્યારે પુષ્ટ શરીરી ભગવાન ગૌતમ સ્વામીને જોયા. આવા શરીરવાળો આ પર્વત ઉપર કેવી રીતે ચડી શકશે ? **જંઘાચારણ**[1] લબ્ધિવાળા આ ભગવાન લુતાતંતુની નિશ્રા કરીને ઉપર ચડે છે. તેઓના દેખતા આ ગૌતમસ્વામી ક્ષણથી ઉપર ચડ્યા.

૧. **જંઘાચારણ લબ્ધિ**– લુતા તંતુ અથવા સૂર્યના કિરણોની મદદ વડે બંને જંઘાએ આકાશમાર્ગે ચાલે તે જંઘા ચારણ કહેવાય. આ લબ્ધિ યથાવિધિ અતિશયપૂર્વક નિરંતર વિકૃષ્ટ અઠ્ઠમની તપસ્યા કરતા ઉત્પન્ન થાય છે. આ લબ્ધિયુક્ત મુનિ એક પગલે અહીંથી તેરમાં રૂચક દ્વીપે જઇને ત્યાં ચૈત્યોને વાંદી, ત્યાંથી પાછા ફરતા બીજા પગલે નંદીશ્વર દ્વીપે આવીને ત્યાંના ચૈત્યોને વંદના કરી ત્યાંથી ત્રીજે પગલે જ્યાંથી ગયા હોય ત્યાં પાછા આવે. ઊર્ધ્વ દિશામાં અહીંથી એક પગલે પાંડુકવનમાં જઇ ત્યાનાં ચૈત્યોને વાંદી ત્યાંથી પાછા ફરતા બીજા પગલે નંદનવન આવી ત્યાનાં ચૈત્યોને વંદન કરી જ્યાંથી ગયા હોય ત્યાં પાછા ફરે.

જેટલામાં તાપસો આ જાય આ જાય એમ એકી ટસે જુએ છે તેટલામાં સૂર્યના બિંબની જેમ ચક્ષુના અદૃશ્ય વિષયને પામ્યા. મનમાં આશ્ચર્યને પામેલા ત્રણેય પણ તેમની પ્રશંસા કરવા લાગ્યા અને તેના દર્શનની ઘણી ઉત્કંઠતાથી રહે છે અને વિચારે છે કે આ નીચે આવે ત્યારે આપણે આના શિષ્ય બનશું. (૬૨)

પણ સ્વામી તે પર્વતના શિખર ઉપર પહોંચ્યા અને ભુવનમાં અદ્ભૂત સંપત્તિના ભાજન સમાન એવા તે જિનભવનને જુએ છે જેને ભરતક્ષેત્રના રાજા ભરત ચક્રવર્તીએ પ્રથમ કરાવ્યું હતું. તે મંદિર કેવું છે ? તેને કહે છે–

તે મંદિર ઉત્સેધાંગુલ માપથી એક યોજન લાંબુ, ત્રણ ગાઉ ઊંચુ અને બે ગાઉ પહોળું છે. તેની ધ્વજા આકાશના અગ્ર ભાગને લાગેલી છે. જેમાં પાંચ પ્રકારના રત્નોના સમૂહમાંથી નીકળતા કિરણોથી વિશાળ ઇન્દ્રધનુષ રચાયું છે. અંધકારના સમૂહને પ્રવેશવાનો અવસર સદંતર રૂંધાઈ ગયો છે એવા ચાર દરવાજાવાળું છે. દ્વારપાળનો ભૂમિભાગ યંત્રમય લોહ-પુરુષથી ગોઠવાયેલ છે. નંદનવનના ફુલોની સમાન ઉત્પન્ન થતી સુગંધથી વ્યાપ્ત છે. પોતપોતાના પરિમાણ અને પરિવારથી યુક્ત, રત્નમય પીઠિકા ઉપર ઋષભાદિ ચોવીશ તીર્થંકરોની પ્રતિમાઓ સ્થપાયેલી છે. પુષ્પ-પટલ-ચામર-ધૂપ કડચ્છી-મોરપીંછી વગેરે સેંકડો ઉપકરણોથી સહિત, હર્ષિત હૈયાવાળા ખેચરો આદિથી જેનો મધ્યભાગ શોભે છે. આવતા અને જતા ખેચરો અને દેવોના નિત્ય પ્રવર્તતા, ઉલ્લસિત થતા નૃત્યકાર્યથી (પ્રવૃત્તિથી) સુંદર છે. ભરતના બધા નવ્વાણું ભાઈઓના સ્તૂપોથી શોભે છે. તથા જિનપ્રતિમાઓની પર્યુપાસનામાં તત્પર ભરતની પ્રતિમાથી શોભે છે. ચારે તરફથી કોતરણી કરેલ મોટા થાંભલાઓના સમૂહથી શોભે છે. સુપ્રસન્ન, બેઠેલા મોટી સિંહોની આકૃતિઓથી યુક્ત છે. (નવ કુલક)

હર્ષથી વિકસિત થઇ છે બે આંખો જેની એવા ગૌતમ સ્વામી મણિપીઠને પ્રદક્ષિણા કરીને એકાગ્રમનવાળા જિનપ્રતિમાઓને વાંદે છે, સ્તુતિ કરે છે. તે આ પ્રમાણે– જે રિષ્ટ રત્નની અંજન સમાન શરીરવાળા છે. જે પોપટની જેવી કાયાની પ્રભાવાળા છે. જે સવારના સૂર્ય જેવી લાલ સુંદર કાંતિવાળા છે. જે કંચનના ઢગલા જેવી કાંતિવાળા છે. જે મચકુંદ જેવી ઉજ્જ્વળ કાંતિવાળા છે. જેમણે કર્મરજને દૂર કરી છે એવા સર્વ ચોવીશ જિનેશ્વરો ત્રૈલોક્ય પૂજનીય ભાવશત્રુના સમૂહને મથનારા થાઓ. ચૈત્યવંદન પછી ગૌતમસ્વામી તે જ ચૈત્યના અંતે ઇશાન ખૂણામાં પૃથ્વી ઉપર શિલાપટ્ટ છે ત્યાં અશોકવૃક્ષની નીચે સંધ્યા સમયે વાસ માટે પહોંચ્યા. શકેન્દ્રનો દિક્પાલ ચૈત્યવંદન માટે તે શિલાશિખર ઉપર આવ્યો. પ્રતિમાઓને વંદન કરીને સ્વામીને વાંદે છે અને ધર્મ સાંભળે છે. (૭૬) તે આ પ્રમાણે–

પંડિતલોકવડે સારી રીતે જણાયેલ સુખોની જન્મભૂમિ સ્વરૂપ રમ્ય શુદ્ધાશુદ્ધ (દેશવિરતિ) ધર્મ હંમેશા આરાધવો જોઇએ. સ્વર્ગ અને મોક્ષની કાંક્ષાના પક્ષને હૃદયમાં ધારણ કરીને સાક્ષાત્ પ્રમાદને છોડીને વારંવાર કાર્ય સાધવું જોઇએ. આ પ્રમાણે ધર્મકથાના અવસરે અનેક પ્રકારના મુનિના ગુણોને વર્ણવે છે. જેમકે સાધુઓ અંતપ્રાંત ભિક્ષા ભોજી હોય છે. વૈશ્રમણ વિચારે છે કે આ આવા પ્રકારના સાધુના ગુણો વર્ણવે છે પણ સ્વયં જ શરીરની આવી સુંદરતા ધરાવે છે જે બીજા દેવો કે દાનવોને નથી. તેના અભિપ્રાયને જાણીને ગૌતમ સ્વામી પુંડરીક નામના અધ્યયનની પ્રરૂપણા કરે છે. જેમકે–

## પુંડરીક અધ્યયન

કમલપત્ર જેવા ઉજ્જવળ ગુણવાળા મહાવિદેહ ક્ષેત્રમાં પુષ્કલાવતી વિજયમાં પોતાની સમૃદ્ધિથી સ્વર્ગપુરીને જીતી લીધી છે એવી પુંડરીકગિરિ નગરીમાં ઉજ્જવળ કીર્તિવાળો પુંડરીક રાજા હતો અને તેનો નાનો ભાઇ કંડરીક હતો. ઘણા ભવવૈરાગ્યને ધરતા મોટાભાઇ વડે પોતાનું રાજ્ય અપાયે છતે રાજ્યને નહીં સ્વીકારતા કંડરીકે દીક્ષા લીધી. ખડ્ગધારા સમાન તીક્ષ્ણવ્રતને પાળતા, અંત-પ્રાંત ભોજનના વશથી તેને રોગ ઉત્પન્ન થયો. ક્યારેક રોગથી શરીર કૃશ થયું ત્યારે ગુરુની સાથે વિહાર કરતા તે નગરીમાં આવ્યા. રાજા સામો ગયો અને ઘણાં બહુમાનથી પરિવારની સહિત વંદન કર્યું. તેવી અવસ્થાવાળા મુનિને જોઇને ગુરુને કહ્યું કે આ ચિકિત્સા વિના લાંબાકાળે પણ સાજા (સ્વસ્થ) નહીં થાય અને તેવી ચિકિત્સા ઉદ્યાનમાં પણ રહેલા સાધુઓની નહીં કરી શકાય, તેથી ઉચિત સાધુની સાથે કંડરીકમુનિને રાજભવનમાં મોકલો જેથી **યથાપ્રવૃત**[1] **પ્રસિદ્ધ**[2] વૈદ્યો અને ઔષધોથી ચિકિત્સા કરાય. ગુરુએ સ્વીકાર્યું. ચાર પ્રકારે રોગ ચિકિત્સા શરૂ કરાઇ અને સાધુ રોગ વિનાના કરાયા. (૯૭) ચિકિત્સાનું ચતુષ્પાદત્વ (ચાર અંગ) આ પ્રમાણે જાણવું–

૧. વૈદ્ય ૨. ઔષધ દ્રવ્યો ૩. સેવા કરનાર અને ૪. રોગી. આ ચિકિત્સાના ચાર અંગ છે. ચિકિત્સાનું આ પ્રત્યેક અંગ ચાર પ્રકારનું છે.

૧. **વૈદ્ય–** વૈદ્ય દક્ષ હોવો જોઇએ, વ્યાધિના ચિકિત્સાના શાસ્ત્રનો જ્ઞાતા હોવો જોઇએ, કાર્ય કરવાની સૂઝવાળો હોવો જોઇએ, પવિત્ર અર્થાત્ અમાયાવી હોવો જોઇએ.

૨. **ઔષધ–** ઔષધ બહુ કલ્પ હોવું જોઇએ, અર્થાત્ ઘણી અસરવાળું, ઘણાં ગુણવાળું, સંપન્ન અર્થાત્ પ્રાપ્ત હોવું જોઇએ અને યોગ્ય એટલે ઉપયોગી હોવું જોઇએ.

૩. **સેવક–** સેવક અનુરક્ત, પવિત્ર (અમાયાવી) દક્ષ અને બુદ્ધિમાન હોવો જોઇએ.

---

૧. **યથાપ્રવૃત્ત–** વિધિપૂર્વક કરાયેલ.

૨. **પ્રસિદ્ધ–** પૂર્વે જે ઔષધોની રોગ પ્રતિકારક શક્તિ પુરવાર થઇ છે તેવા.

૪. રોગી– રોગી સમૃદ્ધ, વૈદ્યનું કહ્યું કરનારો, જ્ઞાપક (સમજાવી શકાય તેવો) અને સત્ત્વશાલી હોવો જોઇએ.

રાજભોગ્ય ભોજન કરવાથી સુખશીલ્યા થયેલા કંડરીકમુનિ શ્રમણધર્મમાં ભગ્ન પરિણામી થયા. બીજા સાધુઓ વિહાર કરી ગયા પછી પણ આ વિહાર કરવા ઇચ્છતા નથી. રાજાએ સાધુવર્ગમાં થતી વાત સાંભળી કે આ અહીં રહેતો શિથિલ થયો છે. આની વિચારણા કરીને પુંડરીક રાજાએ કહ્યું: તું ધન્ય છે, દુષ્કરકારી છે, જે રાજ્યલક્ષ્મી મળે છતે ત્યાગ કરનારો થયો તથા તમે હવે જલદી વિહાર કરવાના છો, અમને તમારો વિયોગ થશે. રાજાના ચિત્તને જાણીને સલજ્જિત ચિત્તવાળા કંડરીકમુનિ વિહારને માટે નીકળ્યા છતાં પણ ભગ્ન-પરિણામી ક્ષુધા-પિપાસા આદિ પરિગ્રહોને સહન કરી શકતા નથી. કેટલાક દિવસો પછી તે જ નગરમાં રાજગૃહના ઉદ્યાનમાં પાછા આવ્યા. અંબ ધાત્રીએ જોયા અને રાજાને કહ્યું. રાજા જાણે છે કે આ દીક્ષા છોડી અકાર્ય કરવા ઉદ્યત થયો છે. કોઇપણ રીતે આ સંયમમાં સ્થિર થાય એ હેતુથી રાજા સ્વયં જ વિભૂતિથી તેની પાસે આવ્યો. ત્રણ પ્રદક્ષિણા કરીને વાંદે છે તથા પ્રશંસા કરે છે કે– તું ધન્ય છે, કૃતલક્ષણ છે જે તું દીક્ષાને પામ્યો છે. નરકના દ્વાર સમાન રાજ્યને હું તુરત છોડવા સમર્થ નથી. ઉત્સાહિત કરાયેલો પણ જ્યારે આ પ્રમાણે કાળું મોઢું કરે છે ત્યારે રાજા વડે કહેવાયો કે શું રાજ્યનું પ્રયોજન છે ? તે મૌન રહ્યો. પછી તેને રાજ્ય ભળાવીને દૃઢ બેડીઓથી છૂટા કરાયેલ કેદીની જેમ પુંડરીક રાજા કલ્યાણોના કલ્પવૃક્ષ સમાન તેના લિંગને= ચારિત્રને ગ્રહણ કરે છે. ગુરુના દર્શન થયા પછી મારે ભોજન કરવું આવો અભિગ્રહ લઇને વિહાર કર્યો. ત્રીજા દિવસે ગુરુ પાસે પહોંચ્યો. તે જ દિવસે દીક્ષા લીધી. અનુચિત્ત ભોજનના કારણે રાત્રિમાં અસાધ્ય-વિસૂચિકા જ્વર ઉત્પન્ન થયો અને કાળધર્મ પામ્યો. અત્યંત વિશુદ્ધ મનવાળો સર્વાર્થસિદ્ધ વિમાનમાં તેંત્રીશ સાગરોપમના આયુષ્યવાળો દેવ થયો. સ્મશાનમાં અડધા બળેલા લાકડા સમાન, બિલકુલ જેના આદેશ વચન પળાતા નથી એવા અને સાપની જેમ તિરસ્કાર કરાતા કંડરીકે રાજ્ય સ્વીકાર્યું. (૧૦૪)

હવે તીવ્ર ક્ષુધાથી પરાભવ થયેલો કંડરીક રસોઇયાને આદેશ આપે છે કે અહીં જેટલી ભોજનની સામગ્રી (વસ્તુઓ) હોય તેટલી બધી મારી પાસે લાવો. ભોજનકાળે સર્વ ભોજનની સામગ્રીઓ ઉપસ્થિત કરાયે છતે નાટક જોવા આવેલ લોકના દૃષ્ટાંતથી જમવા લાગ્યો. જેમ નાટક જોવા ભેગા થયેલા દુર્બળોને બળવાનો ધક્કા મારીને દૂર કરે છે તેમ પૂર્વે ભોજન કરેલા અસાર આહારને ધક્કો મારીને સારભૂત આહાર સ્થાન પામે છે. તે જ રાત્રિએ અતિ ઈચ્છિત આહારનું જેના વડે ભોજન કરાયું છે એવો, પોતાના પરિવારથી તિરસ્કાર કરાયેલો, એક હજાર વર્ષ ચારિત્રનું પાલન કરવા છતાં પણ રૌદ્ર ધ્યાનમાં પરવશ બનેલો મરીને સાતમી નરક પૃથ્વીના અપ્રતિષ્ઠાન નરકાવાસમાં નારક થયો. શુદ્ધ શ્રમણભાવનું કારણ બળવાનપણું કે નિર્બળપણું નથી

કેમકે બળવાન પણ પુંડરીક સાધુ દેવલોકમાં ગયો. ચામડા અને હાડકા બાકી રહ્યા છે જેના શરીરમાં એવો કંડરીક મુનિ કટુક અને નિબિડ તપના વશથી, ગાઢ રૌદ્રધ્યાનવાળો મરીને નારક થયો. સાધુપણાનું મુખ્ય કારણ અહીં અશુભ ધ્યાનનો નિગ્રહ છે. ક્ષીણ શરીરી પણ મુનિને શુભ ધ્યાનનો વિરહ દુર્ગતિમાં લઇ જનારો છે. તેને સાંભળીને તુષ્ટમનવાળા વૈશ્રમણે જાણ્યું કે આ મારા અધ્યવસાયને જાણે છે. અહો ! આમનું જ્ઞાન કેવું ઉત્તમ છે ! ભગવંતને વંદન કરીને ગયો.

ત્યાં વૈશ્રમણ સમાન તિર્યક જૃંભક દેવ હતો. આ દેવ જ્ઞાતા ધર્મકથામાં કહેવાયેલ પાંચશો ગ્રંથ પરિમાણવાળું પુંડરીકઅધ્યયન નામનું શ્રુત જેને ગૌતમ સ્વામીએ કહ્યું તેનું અવધારણ કરે છે અને શુદ્ધ સમ્યક્ત્વ પામે છે. વીર જિનેશ્વરના નિર્વાણ પછી કંઇક ન્યૂન પાંચશો વર્ષ પસાર થયે છતે દેવલોકમાંથી તિર્યગ્ જૃંભક દેવનો જીવ ચવ્યો. (૧૧૬)

હવે આ બાજુ અવંતિદેશમાં તુંબવન સન્નિવેશમાં પોતાના શરીરની કાંતિથી જિતાયું છે દેવનું રૂપ જેના વડે એવો ધનગિરિ નામનો વણિકપુત્ર હતો. તે જિનેશ્વરના ધર્મને સાંભળીને બાળપણામાં શ્રાવક થયો. છેદાઇ છે વિષય તૃષ્ણા જેની એવો તે દીક્ષા લેવા વંછે છે. ભરયૌવન વયનો થયો ત્યારે માતાપિતા તેના માટે જે જે કન્યાઓને પસંદ કરે છે તે તે કન્યાઓને પરણવા નિષેધ કરે છે અને કહે છે કે હું દીક્ષા લેવાની ભાવનાવાળો છું.

તે નગરમાં ધનપાલ નામે વણિક છે. તેની પુત્રી કહે છે કે તમે મને ધનગિરિને આપો જેથી હું તેને વશમાં લાવીશ. પોતાની દૃઢતાથી જિતાયો છે મેરૂ પર્વત જેના વડે, જાતિ સ્મરણ જ્ઞાનવાળા સિંહગિરિ ગુરુની પાસે ધનગિરિના ભાઇ સમિતે દીક્ષા લીધી. ધનગિરિએ કહ્યું: હે ભદ્રે! હું કંઇપણ ખોટું કહેતો નથી. હું પણ સિંહગિરિની પાસે જલદીથી આ પ્રમાણે દીક્ષા લઇશ તને જે ગમે તે કર. માતાપિતાના દબાણથી અતિ મોટા ધનવ્યયથી તેણે ધનપાલની પુત્રી (સુનંદા) સાથે લગ્ન કર્યા. હે મહાનુભાવો ! જુઓ વિષયસંગમાં ઘણા વિરક્ત થયેલા, અનુરક્ત થયેલાની જેમ દબાણને વશ થયેલા કાર્ય કરનારા થાય છે, અર્થાત્ વિષયોને ભોગવનારા થાય છે. તત્ક્ષણ જેનો વિવાહ થયો છે એવો ધનગિરિ આનંદને પામેલી સુનંદાને કહે છે કે હે ભદ્રે ! મને દીક્ષાની રજા આપ. પૂર્વે પણ મારા કહેલા વચનને યાદ કર. સુનંદા તેના વિષે ગાઢ પ્રેમવાળી થઇ પણ ધનગિરિ તેના વિષે ઘણો વિરક્ત થયો. રાગી-વિરાગી તે બેના ઘણાં વાર્તાલાપો થયા. પછી તેટલામાં સુનંદાએ કહ્યું: પિતાના ઘરથી પરાઙ્મુખ થયેલી મારું સ્થાન તમે કે તમારો પુત્ર થાય બીજો કોઇ ન થાય તેનો તમે વિચાર કરો. કહ્યું છે કે- કુમારી પુત્રીનો પિતા, ભર યૌવનવાળી સ્ત્રીનો પતિ, અને વૃદ્ધાવસ્થામાં પુત્ર સ્ત્રીઓનો રક્ષક કહેવાયો છે. આ પ્રમાણે તેના વચનને સાંભળીને, ભાઇવર્ગ તથા બીજા લોકોના આગ્રહથી તે પુત્રના લાભ સન્મુખ થયો. (૧૨૯)

કેટલાક દિવસો પસાર થયે છતે શ્રેષ્ઠ સ્વપ્નથી સૂચિત તે (જૃંભક) દેવનો જીવ તેના ગર્ભમાં પુત્ર રૂપે ઉત્પન્ન થયો. નિશ્ચિત કરાયો છે પ્રશસ્ત પુત્રના લાભરૂપ મંગલ જેના વડે એવી સુનંદાને ધનગિરિ આ પ્રમાણે કહે છે કે લક્ષણવંતો પુત્ર તને સહાયક થશે. કોઇક રીતે સુનંદા વડે દીક્ષા માટે રજા અપાયેલા ધનગિરિએ સર્વ જીવોના વધના વિરતિની ઉદ્‌ઘોષણા કરી. જિનમંદિરોમાં ઘણાં વિભવના પ્રદાનપૂર્વક મહોત્સવ કરાવ્યો. દીન અનાથ આદિ લોકોને ઘણું દાન આપ્યું. પોતાના બંધુવર્ગનું યથાયોગ્ય સન્માન કરીને તથા સમાધિમાં સ્થાપીને ઉચિત પૂજાના સારવાળી તીર્થંકરની સ્તવના કરીને અને ચતુર્વિધ સંઘને વસ્ત્રાદિના દાનથી સન્માનીને વિનયના સારવાળા ધનગિરિએ સિંહગિરિની પાસે નક્ષત્ર-મુહૂર્ત અને લગ્નશુદ્ધિ પ્રાપ્ત થયે છતે મહાનિધિ પ્રાપ્ત થતાં જે આનંદ થાય તેવા આનંદથી દીક્ષા લીધી. (૧૩૧)

નવ માસથી અધિક કાળ પસાર થયે છતે પૂર્વ દિશા જેમ સૂર્યને જન્મ આપે તેમ સુનંદા સુખે સુખેથી પુત્રને જન્મ આપે છે. પુત્રનો જન્મ થયો. ભેગો થયેલો સ્ત્રીવર્ગ પરસ્પર બોલે છે કે જો તેના પિતાએ દીક્ષા ન લીધી હોત તો મોટો ઉત્સવ થાત. પુત્ર તીક્ષ્ણ બુદ્ધિવાળો હતો. તીવ્ર ક્ષયોપશમવાળો તે સ્ત્રીઓના આલાપો સાંભળે છે. પછી જાતિસ્મરણ જ્ઞાન થયું અને વિચારે છે કે હર્ષોલ્લાસવાળી મારી માતા મને દીક્ષા નહીં લેવા દે, તેથી આનો (માતાનો) હું ઉદ્‌વેગ કરનારો થાઉં. મોઢું ફાડીને તીવ્ર રોવા લાગ્યો. જેથી આ (માતા) સુખેથી બેસતી, ખાતી કે સૂતી નથી અને ઘરકામ કરી શકતી નથી. આ પ્રમાણે જેટલામાં છ મહિના પસાર થયા તેટલામાં સિંહગિરિ ગુરુ ત્યાં નગરના ઉદ્યાનમાં પધાર્યા અને સ્વાધ્યાય યોગ કર્યે છતે ભિક્ષાનો અવસર પ્રાપ્ત થયો ત્યારે ધનગિરિ અને સમિત સિંહગિરિને કહે છે કે હે ભગવન્ ! સ્વજન લોકના દર્શન માટે સ્વજનના ઘરે જઈશું. ગુરુ વડે અનુજ્ઞા અપાયેલા તેઓ પ્રણિધાનપૂર્વક જેટલામાં ઉપયોગ મૂકે છે તેટલામાં ઉત્તમ ફળની પ્રાપ્તિનું કોઇ નિમિત્ત થયું. ગુરુ કહે છે કે તમે ત્યાં ગયે છતે સચિત્ત કે અચિત્ત જે મળે તે પણ સર્વ ગ્રહણ કરજો. આજે મને શકુન થયું છે. પછી તે બંને પણ સુનંદાને ઘરે ગયા. પછી સુનંદા પણ બંને હાથમાં બાળકને લઇને નીકળી તથા કુળસ્ત્રીઓ ભેગી થઇ. પગમાં પડીને સુનંદા કહે છે કે આ બાળકને મેં ઘણો સંભાળ્યો પણ હમણાં તમો તેને ગ્રહણ કરો, હવે પછી હું તેને સંભાળવા સમર્થ નથી. આ પ્રમાણે સુનંદા કહે છે ત્યારે તે ધનગિરિ મુનિ કહે છે કે પછી તને જો કોઇપણ રીતે પશ્ચાત્તાપ થશે તો અમારે શું કરવું ? પછી તે કહે છે કે જો હું તમને કંઇપણ કહું તો આ લોક સાક્ષી છે. આ પ્રમાણે તેની સાથે દૃઢવચનબંધ કરીને ધનગિરિએ તે બાળકને લીધો અને ઝોળીમાં મુક્યો. ત્યાર પછી તે જાણે છે કે હું સાધુ થયો. તે રડતો છાનો થયો. એટલે પોતાના સ્વરૂપથી જ ભારે એવો તે ગુરુ પાસે લઇ જવાયો. પોતાના (પુત્રના) ભારથી નમાવીને જેટલામાં ભૂમિને સ્પર્શ થાય તેટલું ધનગિરિના બાહુને નીચે લઇ જાય છે ત્યારે ગુરુ ભરેલી ઝોળીને વિચારીને લેવા માટે હાથ

લંબાવે છે અને તે પણ જેટલામાં ભૂમિ ઉપર મુકાયો તેટલામાં ગુરુએ કહ્યું: શું આ કોઈ વજ્ર છે ? જેથી વજનદાર ભારને ધારણ કરે છે. જેટલામાં દેવકુમાર સમાન બાળકને જુએ છે તેટલામાં વિસ્મિત થયેલા ગુરુ કહે છે કે આ પુત્રની સારી રીતે સંભાળ રાખજો કારણ કે આ પ્રવચનનો પાલક થશે. વજ્ર એ પ્રમાણે તેનું નામ કરાયું અને સાધ્વીઓને સોંપવામાં આવ્યો. પછી તે શય્યાતરના ઘરે નિધિરૂપે રખાયો. પછી જ્યારે પોતાના પુત્રોનું સ્નાન-સ્તનપાન-મંડન આદિ કરાય છે ત્યારે આની (વજ્રની) પણ પ્રાસુક સામગ્રીથી શુશ્રુષા કરાય છે. (૧૫૪)

આ પ્રમાણે તે બધાના ચિત્તને ઘણો સંતોષતો મોટો થાય છે. સૂરિ બહાર વિહાર કરી ગયા ત્યારે સુનંદા સાધ્વીઓ પાસેથી તેને પાછો માગવા લાગી. સાધ્વીઓએ કહ્યું: આ ગુરુની થાપણ છે તેથી અમે નહીં આપીએ. તે (સુનંદા) પણ દરરોજ તેને સ્તનપાન કરાવે છે અને આ પ્રમાણે વજ્ર ત્રણ વરસનો થયો ત્યારે ત્યાં સૂરિ પાછા પધાર્યે છતે સુનંદાએ વિવાદ ઊભો કર્યો. જ્યારે તેઓ વજ્રને પાછો આપતા નથી ત્યારે રાજાની પાસે વ્યવહાર થયો. ન્યાયાધીશ વડે પુછાયેલા ધનગિરિ કહે છે કે આના વડે પોતાના સ્વહસ્તથી મને પૂર્વે અપાયો છે. સુનંદાનો પક્ષ લઈને રાજાએ કહ્યું: પુત્રને મારી પાસે મૂકીને બોલાવો જેની તરફ આ બાળક જશે તેનો થશે. આ લોકોએ તે પ્રમાણે કરવું સ્વીકાર્યું. સુનંદા બાળવર્ગના આંખને આનંદદાયક અને બાળજનને ઉચિત એવા અનેક પ્રકારના રમકડા લઈ આવી. નક્કી કરેલા શુભ દિવસે બંને પણ વર્ગ (પક્ષ) રાજા પાસે ઉપસ્થિત થયા. રાજા પૂર્વાભિમુખ રહ્યો. સંઘ જમણી તરફ રહ્યો. સર્વ પરિજનની સાથે સુનંદા ડાબી બાજુ રહી. રાજા કહે છે કે હું તમોને પ્રમાણ છું ? અર્થાત્ હું જે નિર્ણય આપું તે તમોને મંજુર છે ને ? તેઓએ સ્વીકાર્યું. રાજાએ કહ્યું કે નિમંત્રણ કરાયેલો આ બાળક જે દિશામાં જશે અર્થાત્ જેની પાસે જશે તેનો તે થશે. ધર્મ પુરુષપ્રધાન છે તેથી પિતા પ્રથમ બોલાવે. રાજા વડે આ પ્રમાણે કહેવાયે છતે આ સ્નેહરાગી નગરજન કહે છે કે માતા દુષ્કરકારિણી છે. તથા અતિ તુચ્છ સત્ત્વથી યુક્ત છે. તેથી માતા પ્રથમ બોલાવે. પછી સુનંદા રત્નમણિજડિત બળદ-સેળા-હાથી-ઊંટના રમકડાઓ કોમળ વચનોથી કારુણ્યને બતાવતી, અતિ દીનમુખી બોલે છે કે હે વજ્ર ! તું આમ આવ એમ હાથ બતાવે છે. તે તેને જોતો રહે છે અને જાણે છે કે હું આ સંઘનો અનાદર કરીશ તો સુદીર્ઘ સંસારમાં ભમીશ અને આ માતા પણ સુદીર્ઘ સંસારમાં ભમશે. હું દીક્ષા લઇશ તો અવશ્ય તે પણ દીક્ષા લેશે આ પ્રમાણે વિચારતો તેના વડે ત્રણ વાર બોલાવાયે છતે જતો નથી. પછી પોતાના હાથમાં રજોહરણ લઇને પિતાએ કહ્યું: હે કમળના પાંદડા જેવા નિર્મળ નેત્રયુગલવાળા અને શશિમંડલ જેવા મુખવાળા વજ્ર! જો તું શુભ અધ્યવસાયવાળો થયો હો તો આ ઊંચા કરેલા ધર્મધ્વજ (રજોહરણ) ને હે ધીર ! જલદી ગ્રહણ કર, જે કર્મરૂપી રજને દૂર કરનારું છે. જલદીથી વજ્રે જઇને તેને ગ્રહણ કર્યું અને લોકો વડે "ધર્મ જય પામે છે." એમ ઉત્કૃષ્ટથી સિંહનાદ કરાયો. પછી માતા વિચારે છે કે મારા સ્વામી, પુત્ર અને ભાઇએ દીક્ષા લીધી છે તો હું કોના માટે ગૃહવાસ

કરું ? પછી તેણે પણ દીક્ષા લીધી. સ્તનપાનનો ત્યાગ કરીને દ્રવ્યથી પણ તે સાધુ થયો. હજુ પણ વિહાર કરવા અયોગ્ય છે તેથી તે સાધ્વીઓ પાસે રખાયો. ફરી પણ તેઓની પાસે અગીયાર અંગ સાંભળે છે અને ભણતી સાધ્વીઓ પાસેથી તેણે જાતે જ યાદ રાખી લીધા. અને તેની મતિ એક પદથી સો પદને અનુસરે છે અર્થાત્ એક પદને ભણવાથી તેના સંબંધી સો પદને યાદ કરી શકે છે.

અને તે જ્યારે આઠ વરસનો થયો ત્યારે ગુરુએ પોતાની પાસે રાખ્યો, અર્થાત્ દીક્ષા આપી. વિહાર કરતા ઉજ્જૈની ગયા અને બહાર ઉદ્યાનમાં વાસ કર્યો. ક્યારેક તીવ્રધારાથી સુદુર્નિવાર વરસાદ વરસે છે. સાધુઓ ભિક્ષાચર્યાદિ કાર્યો કરી શકતા નથી. તેટલામાં વજ્રના પૂર્વપરિચિત તિર્યગ્ જૃંભક દેવો તે દેશમાંથી પસાર થતા હતા. અને વજ્રને જોઇને તુરત ઓળખી લીધો અને તેના ઉપર ભક્તિ ઉત્પન્ન થઇ. તેના પરિણામની પરીક્ષા માટે તે વખતે વાણિયાઓ થઇને તે પ્રદેશમાં સાર્થ સહિત બળદોને વસાવે છે. તે વખતે તેઓ વજ્રક્ષુલ્લકને નમીને તૈયાર થયેલા ભક્તપાનનું આમંત્રણ કર્યું. ગુરુવડે અનુજ્ઞા અપાયેલ વજ્ર ગોચરી લેવા ગયો. ધીમો ધીમો વરસાદ વરસે છે એમ જાણીને પાછો ફર્યો. પછી જેટલામાં તે વાણિયોઓ આદરથી ઘણા આગ્રહપૂર્વક બીજી વાર બોલાવે છે ત્યારે વજ્ર પણ ત્યાં ગયો અને તે વખતે તીવ્ર દ્રવ્યાદિ વિષયવાળા ઉપયોગને મૂકે છે. દ્રવ્યથી આ પુષ્પફળ છે. ક્ષેત્રથી ઉજ્જૈની નગરી છે. કાળથી ગાઢ વર્ષા ઋતુ છે. અને ભાવથી આ પૃથ્વીને સ્પર્શીને રહેલા નથી અને આંખ-સંકોચ વિકાસથી રહિત છે અર્થાત્ મટકું હાલતું નથી અને અત્યંત હર્ષિત મનવાળા છે તેથી તેણે જાણ્યું કે આ દેવો છે નહીંતર આઓનું આવા પ્રકારનું સ્વરૂપ ક્યાંથી હોય ? એમ જાણીને તેઓની પાસેથી ભક્તપાન આદિ ગ્રહણ ન કર્યા. પછી અતિ ખુશ થયેલા દેવો કહે છે કે કૌતુકના વશથી અમો તમને જોવા માટે આવેલા છીએ અને તેઓ વૈક્રિય વિદ્યા આપે છે તેના પ્રભાવથી દિવ્ય અને મનુષ્યોના અનેક પ્રકારના રૂપો કરાય છે. (૧૮૬)

ફરી પણ જયેષ્ઠ માસમાં સંજ્ઞાભૂમિ ઉપર ગયેલા વજ્રસ્વામીને તે જ દેવો ઘેબરનું નિમંત્રણ કરે છે. પૂર્વની જેમ ઉપયોગ મૂકીને સદ્ભાવ જાણે છતે તેનો નિષેધ કર્યો અને દેવો આકાશમાં અબાધાથી જઇ શકાય એવી, અર્થાત્ આકાશગામિની વિદ્યા આપે છે. તે વિદ્યાથી જેટલામાં માનુષોત્તર પર્વત ઉપર ગયા તેટલામાં અતિ બળવાન પણ દેવ-દાનવના સમૂહથી સ્ખલના કરી શકતા નથી. આ પ્રમાણે તે બાળકાળમાં પણ અતિ અદ્ભૂત અનેક આશ્ચર્યોના પાત્ર થયા અને ગુરુની સાથે ગ્રામ આકરથી શોભતી પૃથ્વી ઉપર વિહરે છે. તેણે સાધ્વીઓની વચ્ચે રહીને જે અંગો ભણ્યા હતા તે એક પદથી સો પદને યાદ રાખવાની લબ્ધિથી સાધુઓની પાસે વધારે સ્પષ્ટતર થયા. અને જે કોઇ પૂર્વગતને ભણે છે તેને પણ કાનથી સાંભળીને જલદીથી યાદ રાખી લે છે. ક્લેશ વિના જ ભણીને તે પ્રાયઃ બહુશ્રુત થયા. તેના ભાવથી અજ્ઞાત અર્થાત્ વજ્રને આટલું આવડે છે એમ નહીં જાણતા એવા અધ્યાપક વડે કહેવાયો હોય કે આ સૂત્રને તું ભણ ત્યારે વજ્ર તે જ આલાપકને કડકડાટ ગોખે છે અને બીજો ભણતો હોય તેમાં પણ દૃઢ ઉપયોગવાળો થઇ ભણી લે છે. (૧૯૪)

હવે બીજા કોઈક પ્રસંગે મધ્યાહ્ન સમયે આચાર્ય બહાર સ્થંડિલભૂમિએ ગયે છતે અને સાધુઓ ભિક્ષા માટે ગયે છતે **વસતિ પાલક**[1] તરીકે વજ્ર રખાયો. પછી બાળપણના વશથી ઉત્પન્ન થયેલ કૌતુકવાલા તેણે સાધુઓના વીંટીયાઓને માંડલીમાં ક્રમથી ગોઠવ્યા અને પોતે જ માંડલીની મધ્યમાં રહીને સમુદ્રને સંક્ષોભ કરે તેવા ગંભીર અવાજથી પૂર્વોની અને અંગોની વાચના આપવા લાગ્યો. એટલીવારમાં પાછા ફરેલા ગુરુ નિર્ઘોષણાને સાંભળીને વિચારે છે કે સાધુઓ જલદીથી પાછા આવી ગયા છે નહીંતર આવો અવાજ ક્યાંથી હોય ? હર્ષ પામેલા છૂપાઈને જેટલામાં ઊભા રહે છે તેટલામાં જાણ્યું કે આ સાધુઓનો અવાજ નથી પરંતુ આ વજ્રનો અવાજ છે એટલે તેને ક્ષોભ થવાના ભયથી પાછા ફર્યા અને નિસીહિ શબ્દ કર્યો. અતિ દક્ષત્વગુણથી ગુરુના શબ્દ (અવાજ)ને ઓળખીને સ્વસ્થાને સર્વ વીંટીયાઓ મૂકીને ગુરુના હાથમાંથી દાંડો લીધો અને પાદપ્રમાર્જન કર્યું.

પછી સિંહગિરિ આ પ્રમાણે વિચારે છે કે આ અતિશય શ્રુતરત્નનો નિધિ છે તેથી સાધુ વર્ગ આનો પરાભવ ન કરે માટે આની ગુણગરિમાની જાણ કરું જેથી તેઓ પણ આના ગુણનો ઉચિત વિનય કરે. રાત્રે ભેગા થયેલા સાધુઓને ગુરુએ આ પ્રમાણે જણાવ્યું કે અમે બે ત્રણ દિવસ બીજે ગામ જઈએ છીએ એટલે યોગવહન કરનારા સાધુઓ કહેવા લાગ્યા કે અમારો વાચના દાતા કોણ થશે ? ગુરુ કહે છે કે વજ્ર તમારો વાચના દાતા થશે. સ્વભાવથી વિનયરૂપી લક્ષ્મીનું કુલઘર, ગુરુના આદેશોનું પાલન કરનારા તે મુનિસિંહો ગુરુના તે વચનને સ્વીકારે છે. પ્રભાત સમય થયો ત્યારે કરવા યોગ્ય વસતિ પ્રમાર્જના કરી અને વજ્રનો કાલનિવેદન રૂપ વિનય કરે છે. સાધુએ સિંહગિરિ ગુરુના અનુગત (પટધર) ગુરુને ઉચિત યોગ્ય આસનોથી તેનું આસન પાથર્યું અને વજ્ર સારી રીતે તેના ઉપર બિરાજમાન થયા. તેઓ પણ ગુરુની જેમ તેનો (વજ્રનો) પણ વંદનાદિ વિનય કરે છે. વજ્ર પણ ઉત્તમ પ્રયત્નપૂર્વક યથાક્રમથી વાચના આપે છે. તેમાં પણ જે મંદમતિ સાધુઓ હતા તેઓ પણ વજ્રના અનુભાવથી મનમાં વિષમ સ્વરૂપવાળા આલાપકો ધારવા લાગ્યા. તે સાધુઓ પણ વિસ્મિત મનવાળા થયા અને પૂર્વે ભણાયેલા પણ હમણાં જેનો અર્થ ઉપસ્થિત થયો નથી એવા અનેક આલાપકોને પૂછે છે. દક્ષતાગુણથી યુક્ત વજ્ર તત્ક્ષણ પ્રશ્નોના સાચા ઉત્તર આપે છે. ત્યારે સંતોષ પામેલા કહે છે કે જો કેટલાક દિવસો હજુ પણ ગુરુ ત્યાં જ રહે તો અહીં આ શ્રુતસ્કંધની સમાપ્તિ જલદી થઈ જાય. જે ગુરુ પાસે લાંબાકાળે સમાપ્તિ થાય છે, તે વાચના અહીં એક પોરસીમાં પૂર્ણ થાય છે. પછી તેઓને વજ્ર ચિંતામણિરત્નથી અધિક અત્યંત બહુમાન્ય થયા. વજ્રના ગુણોને જણાવીને આ વજ્ર બાકીના શ્રુતને ભણાવે તો સારું થાય એવા સ્થાપિત કરાયા છે પોતાના મનના વિકલ્પો જેના વડે એવા ગુરુના પગમાં

૧. **વસતિ પાલક**— વસતિ એટલે ઉપાશ્રય. જેમાં સાધુઓ ઉતર્યા હોય તે ઉપાશ્રયમાં હંમેશા કોઈને કોઈ સાધુ હોવો જોઈએ. ઉપાશ્રય સાધુ વિનાનો ન હોવો જોઈએ. ઉપાશ્રયની ધ્યાન રાખતો સાધુ વસતિપાલક કહેવાય.

પડેલા સાધુઓને ગુરુ પૂછે છેઃ તમારો સ્વાધ્યાય સુખથી થયો ને ? સુપ્રશાંત મુખ અને આંખોવાળા સાધુઓ કહે છે કે એ પ્રમાણે જ થયું છે. આ જ અમારો વાચનાચાર્ય કરાય. પછી ગુરુ કહે છે કે આ તમારા મનોરથોને પૂરનારો થશે. આ વજ્ર અવ્યક્તગુણ સમૂહવાળો છે તેથી તમારાથી તેનો પરાભવ ન થાય એ હેતુથી એનો ગુણગણ જણાવવા માટે અમે ગામ ગયા હતા. હમણાં આ શ્રુતની વાચના આપવા યોગ્ય નથી. આણે કાનથી સાંભળીને શ્રુતગ્રહણ કર્યું છે પણ વિધિપૂર્વક ગુરુપાસે ગ્રહણ કર્યું નથી. આ **ઉસ્સાર કલ્પને**[1] યોગ્ય છે તેથી હું તેને કરીશ અને તે વજ્ર પ્રથમ પોરસીમાં જેટલું ભણી શકવા શક્તિમાન થાય છે તેટલું ભણાવાય છે. અત્યંત મેધાવી જેટલું ભણી શકે તેટલું અપાય છે પણ તેના માટે દિનમાનનું પ્રમાણ નથી. અહીં **તેમ જ કરાય**[2] એમ જાણી સૂરિ તેમ જ કરવા લાગ્યા. બીજી પોરિસીમાં તેનો અર્થ કહે છે જેથી તે બંને પણ કલ્પ (સૂત્રકલ્પ, અર્થકલ્પ) કરવા ઉચિત થાય છે એ પ્રમાણે તેઓના દિવસો જાય છે.

શિષ્યો ચાર પ્રકારના હોય છે. ૧. અતિજાત ૨. સુજાત ૩. હીનજાત અને ૪. સર્વથી અધમ આચરણને કરનાર કુલાંગાર. ગુરુના ગુણ સમૂહથી અધિક હોય તે પ્રથમ અતિજાત જાણવો. ગુરુના ગુણની સમાન થાય તે બીજો સુજાત, ગુરુના ગુણોથી કંઈક હીન તે ત્રીજો અને પોતાના નામ સરખો ચોથો એટલે ગુરુના ગુણોનો નાશ કરનાર. આ પ્રમાણે કુટુંબોમાં પણ પુત્રો ચાર પ્રકારના થાય છે તેમ સમજી લેવું. વજ્ર અતિજાત થયો. સિંહગિરિને પણ અર્થોમાં જ્યાં શંકા હતી ત્યાં તેણે સારી રીતે શંકા દૂર કરી સ્પષ્ટતા કરી. ગુરુપાસે જેટલો દૃષ્ટિવાદ હતો તેટલો ગ્રહણ કર્યો. લોકોના પાપોને હરતા પૃથ્વીમંડલ પર ગ્રામ નગર આદિમાં વિહાર કરતા શ્રીદશપુર નામના નગરમાં આવ્યા. તે વખતે ઉજ્જૈનીમાં ભદ્રગુપ્ત નામના આચાર્ય વૃદ્ધવાસથી રહ્યા છે. તેમની પાસે દશપૂર્વો સંપૂર્ણ હતા. તેની પાસે સંઘાટક મોકલાયો. રાત્રીના અંતભાગમાં તે (ભદ્રગુપ્તસૂરિ) સ્વપ્નને જુએ છે કે મારું ખીરથી ભરેલું પાત્ર કોઈક આગંતુક વડે પીવાયું. પ્રભાત થઈ ત્યારે ગુરુએ સાધુઓને તે સ્વપ્ન કહ્યું. તેઓ પણ સ્વપ્નનો પરમાર્થ જાણી શકતા નથી ત્યારે એક બીજાને પુછવા લાગ્યા. ગુરુએ કહ્યુંઃ તમો આ અર્થ જાણતા નથી. આજે કોઈ મહામેધાવી શ્રુતનો વાંછુ આવશે અને તે મારી પાસે સર્વ પૂર્વગત શ્રુતને ગ્રહણ કરશે. (૨૩૨)

ભગવાન પણ વજ્ર સ્વામી તે નગરની બહાર રાત્રિએ રહ્યા. ઉત્કંઠિત મનવાળા ભદ્રગુપ્તાચાર્યની વસતિમાં પહોંચ્યા. કુમુદવનથી જેમ ચંદ્ર, મયૂરમંડલથી જેમ મેઘ જોવાય તેમ મનમાં સંતુષ્ટ થયેલા સૂરિવડે તે વજ્ર જોવાયો. તેમણે જાણ્યું કે આ વ્રજ છે જેનો યશ

---

૧. **ઉસ્સારકલ્પ** એટલે અનેક દિવસોમાં ભણાવવા યોગ્ય ગ્રંથનું એક જ દિવસમાં ભણાવવું.

૨. તેમ જ કરાય એનો અર્થ એ છે કે વજ્ર ઘણા મેધાવી હતા અને એક દિવસમાં ઘણું ભણી શકે તેવી શક્તિવાળા હતા તેથી તેને ઘણું ભણાવવું જોઈએ એમ સૂરિ માનતા હતા અને ઘણું ભણાવવા લાગ્યા.

પૃથ્વીમંડળની અંદર વિસ્તરેલ છે. બે ભુજા પ્રસાર કરવા પૂર્વક, અર્થાત્ બાથ ભીડીને સર્વાંગથી આલિંગન કર્યું. પ્રાઘૂર્ણકનો વિનયાદિ કાર્ય કરવા પૂર્વક તે મુનિઓએ સત્કાર કર્યો. ક્રમથી તે સંપૂર્ણ દસ પૂર્વો ભણ્યા. દૃષ્ટિવાદનો સૂત્ર-અર્થ અને ઉભયનો જ્યાં (= જેની પાસે) ઉદ્દેશો કરાય છે ત્યાં (તેની પાસે) જ અનુજ્ઞા કરાય છે એમ ક્રમ છે. પછી સિંહગિરિ શ્રી દશપુરનગરમાં આવ્યા અને વજ્ર પણ દશપુર નગરમાં આવ્યા. હવે સિંહગિરિ ગુરુએ વજ્રને આચાર્યપદ ઉપર પ્રતિષ્ઠિત કરવાનું વિચાર્યું. પૂર્વના મિત્ર જૃંભક દેવો કોઇક રીતે ત્યાં આવ્યા. તેઓએ (જૃંભક દેવોએ) શ્રેષ્ઠ કલ્પવૃક્ષોના સુગંધિ પુષ્પોથી મહામહોત્સવ કર્યો. આચાર્યપદથી વિભૂષિત કરાયેલા વજ્ર શરદઋતુના સૂર્યમંડળની જેમ અધિકતર સ્ફુરાયમાન પ્રતાપવાળા થયા અને ભવિજીવરૂપી કમળને આનંદ આપનારા થયા. જોકે ચાતુર્માસને છોડીને વિહાર કરનાર સાધુ પોતાના ગુણો ક્યાંય બોલતા નથી. નહીં બોલવા છતાં પણ ગુણવાનો પોતાની પ્રકૃતિથી ઓળખાય જાય છે. વનનિકુંજમાં ગુપ્તપણે રહેલો વર્ષાકાળનો કદંબવૃક્ષ પોતાના ગંધથી આકર્ષાયેલ ભમરા અને મધમાખીઓથી પ્રગટ કરાય છે અથવા અગ્નિ ક્યાં બાળતો નથી ? અથવા લોકમાં ચંદ્ર ક્યાં પ્રગટ નથી ? અથવા શ્રેષ્ઠ લક્ષણને ધરનારા સત્પુરુષો ક્યાં પ્રગટ નથી થતા ? મરણ સમય આવે છતે વજ્રસ્વામીને ગણ સોંપીને સિંહગિરિ અનશન કરીને મહર્દ્ધિક દેવ થયા. પાંચસો મુનિઓથી પરિવરેલા ભગવાન વજ્રસ્વામી પણ જ્યાં વિહાર કરે છે ત્યાં સર્વ સજ્જન પુરુષોનાં મનમાં આનંદ ઉત્પન્ન કરનાર એવી ઉત્તમ ઘોષણા ઉછળે છે કે "આ અતિ અદ્‌ભૂત ગુણ રત્નોનું ભાજન છે." (૨૪૬)

કુસુમપુર નગરમાં સુપ્રતિષ્ઠાને પામેલ ધન નામનો શ્રેષ્ઠી હતો અને તેને લજ્જા-સૌભાગ્ય ગુણોનું ઘર એવી મનોજ્ઞા પત્ની હતી. પોતાના શરીરની રૂપલક્ષ્મીથી દેવસુંદરીઓના માહત્મ્યને જેણે કાપ્યું છે એવી મનોહર નવ યૌવનને પામેલી પુત્રી છે. તેની જ્ઞાનશાળામાં રહેલી સાધ્વીઓ પ્રતિદિન શરદઋતુના નિર્મળ ચંદ્ર જેવા વજ્રના ગુણોની સ્તવના કરે છે. જેમકે- આ અખંડિત શીલવાળો છે. આ બહુશ્રુત છે. આ પ્રશમાઢ્ય છે. આ ગુણ નિધાન છે. આના સમાન જગતમાં બીજો કોઇ નથી. લોકમાં બીજાને વિશ્વાસ કરાવનારા (પ્રમાણભૂત) આ બે પુરુષો કહેવાયા છે (૧) ઇચ્છિત સુંદર પ્રેમાળ સ્ત્રીઓ અને (૨) સજ્જનોથી પૂજિત લોક જેનો પૂજક છે એવો લોક. ૧. આ પ્રમાણેના વચનનું સ્મરણ કરતી તે દૃઢવજ્ર જેવું દૃઢમાનસ છે જેનું એવા વજ્ર વિશે અનુરાગવાળી થઇ અને પિતાને આ પ્રમાણે કહે છે કે જો વજ્ર મારો પતિ થશે તો હું વિવાહને ભજીશ, અર્થાત્ વિવાહ કરીશ. નહીંતર પ્રજ્વલિત-અગ્નિ સમાન ભોગોથી સર્યું. ઉત્તમકુળમાં જન્મેલા ઘણા મુરતિયાઓ તેની માગણી કરે છે પણ તે તેઓને ઈચ્છતી નથી. સાધ્વીઓ કહે છે કે વજ્ર વિવાહ ન કરે. તે કહે છે કે જો વજ્ર લગ્ન નહીં કરે તો હું પણ દીક્ષા લઇશ. એવા પ્રકારનો નિશ્ચય તેણે મનમાં કર્યો. (૨૫૪)

ભગવાન વજ્રસ્વામી પણ ક્રમથી પાટલીપુત્ર પધાર્યા. બરફ જેવા ઉજ્જ્વળ યશના પ્રસરને સાંભળવાથી ખુશ થયેલો રાજા પોતાના પરિજનથી યુક્ત સન્મુખ આવ્યો. ટૂકડીરૂપે (અમુક સાધુઓ સાથે રહીને વિહાર કરે તે) સાધુઓને નગરમાં આવતા જુએ છે અને તેમાં ઉત્તમ શરીરી ઘણા સાધુઓને જુએ છે અને પૂછે છે કે શું આ આવે છે તે ભગવાન વજ્રસ્વામી છે? તેઓ કહે છે કે આ નથી બીજા છે. આ પ્રમાણે વિકસિત આંખોવાળા રાજા અને નગરના લોક વડે ઉત્કંઠાથી પ્રતીક્ષા કરાતા ભગવાન વજ્રસ્વામી કેટલાક મુનિઓની સાથે પાછળથી પધાર્યા. પૃથ્વીતલ ઉપર માથું નમાવીને રાજાએ ઉત્કંઠાપૂર્વક ભગવાનને અભિવાદન કર્યું અને પ્રેમપૂર્વકના વચનોથી સન્માન કર્યું. નગરના ઉદ્યાનમાં ઉતરેલા ભગવાને **ખીરાસ્રવ**[1] લબ્ધિથી સંમોહને નાશ કરનારી ધર્મકથા શરૂ કરી. તે આ પ્રમાણે– (૨૬૦)

નિર્મળ **કલાદિ**[2] ગુણોથી યુક્ત રમ્ય મનુષ્ય જન્મ પ્રાપ્ત થયે છતે બુદ્ધિમાન પુરુષે મોક્ષ માટે જ ધર્મ કરવો જોઇએ. કારણ કે આ અર્થ અને કામ કિંપાક ફળના વિપાક સમાન, દુર્જનના સંગ સમાન અને વિષ ભોજન સમાન પરિણામે સુંદર નથી. જેમાં સંસારનો ભય નથી, જેમાં મોક્ષાભિલાષનો લેશ પણ નથી, તે પરમાર્થથી ધર્મ જ નથી. જે જિનાજ્ઞાપૂર્વકનો ધર્મ કરાય છે તે જ અહીં ધર્મ જાણવો. માયાદિ મોટા શલ્યોના દોષથી કરાયેલો તે ધર્મ પાપાનુબંધિ જ છે. સેંકડો દુ:ખોના કારણ ભોગો સાપની જેમ ભયંકર છે. ઉત્તમોત્તમ પુરુષો વડે જે ક્ષમાપ્રધાન ધર્મ બતાવાયો છે તે જ ધર્મ છે. મોક્ષ જ અક્ષય છે અને તે મોક્ષ ધર્મનું ફળ છે. અર્થ અને કામ પ્રત્યક્ષ જ અનર્થના હેતુરૂપે પરિણમતા દેખાય છે, અહીં વધારે શું કહેવું ? આનાથી (અર્થ અને કામથી) જે વિપરીત છે તે મોક્ષ છે. અહીં (મોક્ષમાં) ઉદંડ, અકાળે ખંડિત (નાશ) કરાયું છે સર્વ જીવોનું જીવિત જેના વડે એવો મૃત્યુરૂપી બાળ સિંહ પરિભ્રમણ કરતો નથી. યૌવનરૂપી વનને બાળવા માટે દાવાનળની જ્વાળાની માળા સમાન જરા અહીં (મોક્ષમાં) નથી. દુર્ધર કામદેવના તીક્ષ્ણ બાણોનો દુર્ધર પ્રસર નથી. લોભરૂપી સર્પનો સંગમ નથી. ક્રોધ અને મોહનો ઉછાળો નથી. તથા બીજા કોઇ કષાયો નથી. વિષાદ નથી, મદ પિશાચ નથી, દુ:ખનું મૂળ એવો પ્રિયજનનો વિયોગ નથી. તથા રોગ નથી વધારે શું કહેવું ? એક પણ દોષ ત્યાં પ્રવેશ કરી શકતો નથી. જ્યાં લોકાલોકના દર્શન માટે ચક્ષુરૂપ જ્ઞાન અને દર્શનનો પ્રકાશ જેમને છે એવા નિરૂપમ સુખથી યુક્ત સ્વાધીન જીવો છે. જેમ પ્રકાશિત વસ્તુઓમાં ખદ્યોતનો પ્રકાશ અભિલાષ માત્ર છે તેમ ભુવનમાં અદ્ભૂત પણ વૈભવો અભિલાષ માત્ર છે, કંઇ પણ વાસ્તવિક નથી. તેથી મોક્ષ ઉત્તમ છે અને

૧. **ખીરાસ્રવ લબ્ધિ**– ચક્રવર્તીની લાખ ગાયોનું દૂધ પચાસ હજાર ગાયોને પીવડાવવામાં આવે અને પચાસ હજારનું દૂધ તેનાથી અડધી ગાયોને પીવડાવવામાં આવે એ અનુક્રમથી છેવટે એક ગાયનું જે દૂધ નીકળે તે સાકરાદિ મધુર દ્રવ્યોથી અત્યંત મધુર હોય છે. આ દૂધના સ્વાદ જેવા જેના વચનો મધુર હોય તે ખીરાસ્રવ લબ્ધિવાળા સાધુ જાણવા.

૨. **કલાદિગુણો**– પાંચેય ઇન્દ્રિયો અને મનની પરિપૂર્ણતાથી નિર્મળ મનુષ્યભવ.

તેથી દર્શન-જ્ઞાનાદિ કાર્યોમાં સજ્જ થયેલાઓ દીક્ષાનો સ્વીકાર કરે છે. તેથી તમે પણ આ દર્શનાદિ ગુણોમાં શક્તિથી પ્રવૃત્ત થાઓ. સદા વિવિધ પૂજા પૂર્વક ત્રિકાલ ચૈત્યવંદનથી, અતિ ચીવટથી ચૈત્યોના કાર્યો વારંવાર કરવાથી, આચારમાં તત્પર બનવાથી, બહુશ્રુત એવા સુમુનિઓને વંદન કરવાથી, વારંવાર ગુણીઓના બહુમાનથી તથા વાત્સલ્યથી, શંકાદિ શલ્યોને ઉદ્ધરીને હંમેશા દર્શન શુદ્ધિ કરવી. તથા જિનેશ્વરના જન્મસ્થાનોના દર્શનથી દર્શનશુદ્ધિ કરવી. કહ્યું છે કે અહીં ખરેખર મહાનુભાવ જિનવર તીર્થંકરોના જન્મ-દીક્ષાદિ સ્થાનોમાં દર્શન ગુણ દૃઢ થાય છે. સુતીર્થમાં વિધિપૂર્વક સિદ્ધાંત રહસ્યને સાંભળવાથી, નવા નવા શ્રુતને ભણવાથી, કાલાદિ વિપર્યયના ત્યાગપૂર્વક પૂર્વભણેલ શ્રુતના પરાવર્તનથી અને તેની અનુપ્રેક્ષાથી જ્ઞાન દૃઢ થાય છે. જ્ઞાની સાધુઓ અને સમાન ધર્મીઓ (શ્રાવકો) ના સહવાસથી, આસવદ્વારને રુંધવાથી, હંમેશા પછી પછીના ગુણોનો અભિલાષ કરવાથી ચારિત્ર પણ પ્રાપ્ત કરાય છે. આ પ્રમાણે ગુણરત્નોથી વિભૂષિત, સુકૃતાર્થ, શરદઋતુના ચંદ્ર સમાન યશના સમૂહથી ભરાયું છે દિગંત જેઓ વડે એવા જીવો આ જન્મમાં જ સુખોને મેળવે છે અને પરલોકમાં કલ્યાણમાળાથી શોભિત માળા મેળવે છે. ક્રમથી જ વિચિત્ર સુખો અનુભવીને ક્ષીણ થઈ છે કર્મ રજ જેઓની એવા તેઓ મોક્ષને પણ મેળવે છે.

અત્યંત પ્રભાવિત કરાયેલો રાજા નગરલોકની સાથે પોતાના ઘરે જઇ અંતેઉરીઓની પાસે વજ્રના સ્વરૂપને વર્ણવે છે. પછી વિસ્મિત થયેલી તેઓ કહે છે કે હે નાથ ! અમે પણ તેના રૂપના દર્શન કરવા ઇચ્છીએ છીએ. અતિતીવ્ર ભક્તિના પરવશ મનથી રાજા વડે અનુજ્ઞા અપાયેલી સર્વે અંતઃપુરની સ્ત્રીઓ નગરમાંથી નીકળી અને અતિ સુશ્લિષ્ટ રૂપવાળી, સંભળાયો છે વજ્રનો વૃત્તાંત જેના વડે, અતિ વ્યાકુળ, વજ્રને કેવી રીતે જોઉં એમ વિચારતી એવી તે શ્રેષ્ઠીપુત્રીએ પોતાના પિતાને વિનંતિ કરી કે સુભગ શિરોમણિ એવા વજ્રની સાથે મને પરણાવો નહીંતર મારું આ જીવિતવ્ય નથી. સર્વાલંકારથી વિભૂષિત સાક્ષાત્ અપ્સરા જેવી કરાયેલી પુત્રી અને અનેક ક્રોડ ધન લઇને શ્રેષ્ઠી વજ્ર પાસે પહોંચ્યો. ગુરુ (વજ્ર) વડે સવિસ્તર ધર્મ કહેવાયો. લોક કહે છે કે દેવોનું સૌભાગ્ય અધિક હશે પણ રૂપ નહીં. આને જેવી રૂપલક્ષ્મી છે તેવી રૂપલક્ષ્મી ત્રણેય લોકમાં સુર, અસુર કે વિદ્યાધરને નહીં હોય. સભાનું મન જાણીને વજ્રે તત્ક્ષણ જ હજાર પાંદડીવાળું ઉજ્જવળ, ઉદ્યોતને કરતું, સુવર્ણમય કમળ વિકુર્વ્યું. તેના ઉપર બેઠેલો મતિમાન વજ્ર નિર્મળ લાવણ્યના સમુદ્ર સમાન રૂપને વિકુર્વે છે. આકર્ષિત થયેલ લોક કહે છે કે આનું આ સ્વાભાવિક રૂપ છે, પણ સ્ત્રીલોકો વડે હું ભોગ માટે પ્રાર્થના ન કરાઉં એટલે પ્રથમ ન બતાવ્યું. રાજાએ પણ કહ્યું કે અહો ! આનો આવો અતિશય છે. ત્યારે વજ્ર રાજાને આવા પ્રકારના અણગારના ગુણોનું વર્ણન કરે છે. તપગુણના પ્રભાવથી અણગારો અસંખ્યાતા જંબૂદ્વીપાદિને ભરી દે એટલા વૈક્રિયરૂપને કરી શકે તેટલી લબ્ધિવાળા હોય છે તો અહીં તમને આ શું અતિ અદ્ભૂત લાગે છે ! અર્થાત્ કંઇ અદ્ભૂત નથી. (૨૧૬)

એટલામાં ધન નામના શ્રેષ્ઠીએ સ્વામીને કહ્યું કે તમે જગતના રૂપને જીતી લીધું છે. અને આ મારી પુત્રી સર્વ સ્ત્રીઓના શ્રેષ્ઠ સૌભાગ્યના ગર્વને નક્કીથી હણનારી છે. તેથી તમે તેનું પાણિગ્રહણ કરો, કેમકે મહામતિઓ ઉચિત કાર્યને કરનારા હોય છે. પછી તેણે (વજ્રે) વિષ જેવા વિષયોને કહેવાની શરૂઆત કરી. જેમકે– વિષયો વિષની જેમ વિષમ છે. વિષયો ગલમાં રહેલા માંસની જેમ મરણ કરાવનારા છે. સેવાતા વિષયો સ્મશાનની જેમ ઘણા છળ કરનારા છે. વિષયો તીક્ષ્ણ ધારવાળી તલવારથી બનેલા પાંજરાના ઘરની જેમ સર્વાંગને છેદનાર છે. વિષયો મુખમાં મીઠા અને પરિણામે કિંપાક ફળના વિપાક સમાન છે. વિષયો ક્ષણદૃષ્ટ, ક્ષણનષ્ટ અને દુર્જન લોકના મનના મીલન સમાન છે. વધારે શું કહેવું ? વિષયો સર્વ અનર્થોના મૂળ છે. આ (તારી પુત્રી) ને જો મારું પ્રયોજન હોય તો એ દીક્ષા લે. તેણીએ અતિશય ઋદ્ધિપૂર્વક દીક્ષા લીધી. (૩૦૨)

પદાનુસારી ભગવાન વજ્રસ્વામીએ મહાપરિજ્ઞા અધ્યયનમાંથી પૂર્વાચાર્યો વડે ભુલાયેલી ગગનગામિની વિદ્યાને ઉદ્ધરી. તેના પ્રભાવથી અને જૃંભકદેવો પાસેથી પ્રાપ્ત થયેલ વિદ્યાના પ્રભાવથી તે મહાભાગ્યશાળી ઈચ્છા મુજબ સંચાર કરનારા થયા. હવે કોઈક વખત ભગવાન વજ્રસ્વામી પૂર્વના દેશમાંથી વિહાર કરતા ઉત્તરાપથમાં ગયા અને ત્યાં દુષ્કાળ પડ્યો તેથી માર્ગો અવરજવર વિનાના થયા ત્યાંથી અન્યત્ર જવું મુશ્કેલ હતું. કંઠમાં પ્રાણો આવેલા છે જેને એવો સંઘ વજ્રસ્વામીને કહે છે કે તમે તીર્થાધિપ હોતે છતે શ્રેષ્ઠ ગુણોના સંઘાતથી રચાયેલો સંઘ આર્ત્તધ્યાનને પામી મરણ પામે તે યુક્ત નથી. તે વખતે પટવિદ્યાથી સંઘ જેટલામાં ચાલ્યો તેટલામાં ઘરેથી ગાયો ચારવા માટે અરણ્યમાં ગયેલો શય્યાતર આવે છે અને જુએ છે કે સંઘ આકાશ માર્ગે ગયો. **સિંહ લવિત્રથી**[1] પોતાની ચોટલી કાપીને કહે છે કે હે ભગવન્ ! હું પણ તમારો ખરો સાધર્મિક થયો છું. શાંતચિત્તથી શ્રુતનું અનુસ્મરણ કરતા સર્વ જીવો સંબંધી અપાર હાર્દિક કરુણાના ભંડાર એવા વજ્રસ્વામીએ તેને પણ સાથે લીધો. સાધર્મિક વાત્સલ્યમાં અને સ્વાધ્યાયમાં ઉદ્યત, ચરણકરણમાં રત અને તીર્થની પ્રભાવનામાં રત એવા વજ્રસ્વામી દક્ષિણાપથમાં પુરી નામના નગરમાં પહોંચ્યા. ત્યાં સુકાળ છે અને ધણ-કણથી સમૃદ્ધ ઘણાં શ્રાવકોમાં છે. બૌદ્ધ શ્રાવકો અને અમારામાં (જૈન શ્રાવકોમાં) પોત પોતાના ચૈત્યોમાં પુષ્પો ચડાવવાની સ્પર્ધા વધે છે. સર્વત્ર બૌદ્ધ ભિક્ષુઓના શ્રાવકો જૈન શ્રાવકોથી પરાભવ પમાડાય છે. રાજા બૌદ્ધ ભક્ત છે.

હવે કોઈક વખત સંવત્સરી પર્વ આવે છે ત્યારે બોદ્ધ શ્રાવકોએ રાજા મારફત સકલ નગરમાં ચૈત્ય ભુવનને યોગ્ય ફૂલો ખરીદવા જૈનશ્રાવકોને નિષેધ કરાવ્યો અર્થાત્ રાજાએ જૈન શ્રાવકોને ફુલો ન વેંચવા એવી આજ્ઞા ફૂલ વેંચનારાઓને કરી. સર્વ પણ શ્રાવક વર્ગ અત્યંત વ્યાકુલિત થયો. તે વખતે બાલથી માંડી વૃદ્ધ સુધીનો સંઘ વજ્રસ્વામી પાસે આવ્યો. હે સ્વામિન્ !

---

૧. **सिंहलवित्त** – એક પ્રકારનું કાપવાનું સાધન.

તમે તીર્થાધિપ હોતે છતે જો પ્રવચનની લઘુતા થાય છે તો બીજો કોણ પ્રવચનની ઉન્નતિને કરનારો થશે ? આ પ્રમાણે ઘણાં પ્રકારે વિનંતિ કરાયેલા વજ્રસ્વામી તે જ સમયે નર્મદા નદીના દક્ષિણ કાંઠે આવેલી શ્રેષ્ઠ મહેશ્વરી નગરીમાં પહોંચ્યા. અને ત્યાં માલવદેશમાં હુતાશન ઘરમાં સુંદર ઉદ્યાનથી યુક્ત વ્યંતરનું મંદિર છે. તે ઉદ્યાનમાં સુગંધના સમૂહથી આકર્ષિત થયેલા ભમરા અને પતંગિયાના સમૂહોથી **મૃદિત**[1] કરાયો છે મધ્યભાગ જેનો એવા પુષ્પોનો દરરોજ એક કુંભ થાય છે. સાઇઠ આઢક પ્રમાણ જઘન્ય કુંભ થાય છે, એંસી આઢક પ્રમાણ મધ્યમ કુંભ થાય છે અને સો આઢક પ્રમાણ ઉત્કૃષ્ટ કુંભ થાય છે. વજ્રસ્વામીને જોઇને સંભ્રાંત થયેલ પિતાનો મિત્ર તડિત નામનો માળી અભ્યુત્થાન કરતો કહે છે કે હે આર્ય ! આપ કયા કારણથી અહીં પધાર્યા ? વજ્રસ્વામી કહે છે- આ પુષ્પોનું પ્રયોજન છે. આ મને અનુગ્રહ થયો એમ સ્નેહપૂર્વક કહીને માળીએ ફૂલો ધર્યા. વજ્રસ્વામી– જે રીતે ઉપયોગી બને તે રીતે તમે ગુંથો. અગ્નિના ધૂમાડાની અસરથી પ્રાયઃ અચિત્ત થયેલા ફૂલો લઇને પાછા ફર્યા. ત્યાર પછી વજ્રસ્વામી લઘુહિમવંત પર્વત ઉપર પદ્મ સરોવરમાં લક્ષ્મી દેવીની પાસે પહોંચ્યા. તે સમયે દેવની પૂજા નિમિત્તે લક્ષ્મી દેવી પાસે આવેલું હજાર પાંદડીવાળું, અત્યંત સુગંધવાળું, **છેદાયેલું**[2] એક શ્વેત કમળ જોયું. દેવી વડે વંદન કરાયેલા અને નિમંત્રણ કરાયેલા વજ્રસ્વામી તે કમળને લઇને જલનઘરે (દેવોના આવાસે) આવ્યા અને ત્યાં ઊંચી કરાયેલી હજારો ધ્વજાપતાકા યુક્ત, કિંકિણી (ઘુઘરી)ઓથી રમ્ય એવું દિવ્યવિમાન વિકુર્વ્યું અને અંદર સુંગધી પુષ્પોનો સમૂહ ભર્યો અને પોતાની ઉપર **સીધુ**[3] મહાપદ્મ કમળ મૂકીને તે વજ્રસ્વામી પ્રયાણ કરી ક્ષણથી પુરીદેશમાં આવ્યા. પછી આંખોને આનંદદાયક તેવા પ્રકારના કુતૂહલને જોઇને સંભ્રમિત થયેલ બૌદ્ધશ્રાવકો આ પ્રમાણે કહે છે.

અમારા સેવક દેવો આ વિમાનને આદરથી લાવ્યા છે. પછી વાજિંત્રોના અવાજથી બહેરી કરાઇ છે દિશા જેઓ વડે એવા બૌદ્ધ શ્રાવકો અર્ઘ્યને લેવા માટે જેટલામાં નગરમાંથી બહાર નીકળે છે અને લેવા ઇચ્છે છે તેટલામાં તેઓના વિહાર (= બૌદ્ધમંદિર)નું અતિક્રમણ કરીને અરિહંતના મંદિર (જિનમંદિર) પાસે પહોંચ્યું અને ત્યાં દેવોએ મહામહોત્સવ કર્યો તેના દર્શનથી લોક પ્રવચન ઉપર ઘણા બહુમાનવાળો થયો. રાજા પણ ઘણો ખુશ થઈ સુશ્રાવક થયો. આ વજ્રસ્વામીની પારિણામિક બુદ્ધિ છે જે માતાને અનુકુળ ન થયા, કેમકે મારા તરફથી સંઘનું અપમાન ન થવું જોઇએ. અવંતિ નગરીમાં જે વૈક્રિયલબ્ધિનો લાભ થયો તે પાટલિપુત્રમાં પરિભવ ન થાય માટે ત્યાં વિકુર્વી. પુર્યાપુરીમાં અતિ અદ્ભૂત તીર્થની ઉદ્ભાવના થઇ અને આથી જ પરતીર્થિકોની માનની મ્લાની થઇ તથા દશપુરમાં તોસલિપુત્ર આચાર્ય પાસે રક્ષિતે દીક્ષા લીધી. શ્રીપાલપુરમાં જ્યારે વજ્ર આવ્યા ત્યારે ભિન્ન આવાસમાં રહીને રક્ષિતે નવપૂર્વો

૧. **મૃદિત**– મર્દન કરવું.
૨. **છેદાયેલું**– કમળના છોડ ઉપરથી કાપી લાવેલું.
૩. સીધુ એટલે ડીંટું નીચે અને પાંદડીઓ ઉપર.

વજની પાસે ભણ્યા. આ પ્રમાણેની કથા પૂર્વના પુરુષોએ શાસ્ત્રમાં કહી છે. તેમનું સૌભાગ્ય અનન્યસમ હતું જે કોઇ એક રાત્રિ પણ તેમની સાથે વસ્યો હોય તેનું તેની (વજની) સાથે મરણ થાય છે. દશમાં પૂર્વમાં અધ્યયનોના ભાંગાને ગ્રહણ કરવા અસમર્થ આર્યરક્ષિતે પુછ્યું કે હવે આગળ ભણવાનું કેટલું છે ? વજ્ર કહે છે કે બિંદુ સમાન તું ભણ્યો છે હજુ સમુદ્ર સમાન ભણવાનું બાકી છે. આર્ય રક્ષિત વારંવાર પૂછે છે એટલે તેને ગુરુ પાસે પાછા મોકલી દેવામાં આવ્યા. આ પ્રમાણે અર્થીએ આર્યરક્ષિતસૂરિનું ચરિત્ર આવશ્યક સૂત્રમાંથી જાણી લેવું. અહીં ઉપયોગી ન હોવાથી કહ્યું નથી. (૩૪૨)

## ગૌતમસ્વામીનું બાકીનું ચરિત્ર

ભવિજીવોને આનંદ આપનાર, પ્રસંગથી પ્રાપ્ત થયેલા એવા ગૌતમસ્વામીના ચરિત્રને કંઇક કહીશ તેને તમે સાંભળો. પર્વત પરથી ઉતરતા વિજળી અને પ્રભાતના સૂર્યની કિરણની કાંતિ સમાન એવા ભગવાન શ્રી ગૌતમ સ્વામીને પ્રભાતના સૂર્યથી વિકસિત કમળોની જેમ વિકસિત મુખવાળા પૂર્વે રહેલા તાપસોએ પ્રભાતમાં જોયા અને કહ્યું કે તમે અમારા ગુરુ છો તથા નમેલા છે મસ્તક જેઓના એવા અમે તમારા શિષ્યો છીએ. તે (ગૌતમ) કહે છે કે ભવ્યજીવોરૂપી કમળવન માટે સૂર્ય સમાન, જગતના જીવોના બાંધવ, સુગૃહીત નામધેય એવા ભગવાન વીરપ્રભુ તમારા અને અમારા ગુરુ છે. શું તમારે પણ બીજા કોઇક ગુરુ છે ? ગુરુ ઉપરના રાગથી સુપ્રસન્ન મુખવાળા થયેલા ગૌતમ તે વીરપ્રભુના ગુણોની પ્રશંસા કરે છે. જેમકે- તે સિદ્ધાર્થ રાજાના પુત્ર છે, તે વિનયથી નમેલા મસ્તકવાળા ઇન્દ્રોનું શરણ છે, તે હિમ સમાન ઉજ્જ્વળ યશવાળા છે, તે દુરુત્તર ભવસાગરને પાર પમાડનાર અક્ષત (નિષ્છિદ્ર) મહાપ્રવહણ છે. તે સકલ ઇચ્છિત કલ્યાણોના લાભ માટે કલ્પવૃક્ષ સમાન છે. તત્ક્ષણ તેઓ (તાપસો) દીક્ષા અપાયા અને દેવોએ વેશ આપ્યો. પર્વતની મેખલા ઉપરથી ઉતરીને માર્ગમાં જવા લાગ્યા. ભિક્ષા વેળા થઇ ત્યારે ગૌતમે પુછ્યું: હે આર્યો ! હું તમારા માટે પારણામાં શું લાવું ? તમારે શું અનુકૂળ છે ? આ પ્રમાણે પુછાયેલા તેઓ કહે છે કે આજે ખીરની ભાવના છે. સર્વલબ્ધિ નિધાન ગૌતમસ્વામી પણ ભિક્ષાચર્યામાં સ્વાભાવિક-સાકર-ઘીથી યુક્ત ખીરનું પાત્રું ભરીને તેઓની પાસે આવ્યા. પછી અક્ષીણ મહાનસલબ્ધિવાન સ્વામીએ એક પાત્રાથી પ્રથમ ઉપસ્થિત થયેલા સર્વેને ખીર પીરસી પછી પોતે વાપરી. ખીરનું ભોજન કરીને તે સર્વે સેવાલભક્ષીઓને અત્યંત સંતોષ થયો અને ક્ષીણ આવરણવાળા તેઓને પૂર્વે નહીં પ્રાપ્ત કરેલ એવું કેવળજ્ઞાન પ્રગટ થયું. અને અપાયું છે જગતના જીવોને જીવિત જેના વડે, પોતાના પરિવારથી યુક્ત એવા દિન્નને જગતપ્રભુના છત્રો જોઇને કેવળજ્ઞાન થયું અને કૌડિન્યને પરમધર્મને કહેતા ભગવાનને જોઇને કેવળજ્ઞાન થયું.

હવે જિનેશ્વરને પ્રદક્ષિણા કરીને ગૌતમ અતિ આનંદિત મનવાળા થયા. તેઓ પણ તેની પાછળ પ્રદક્ષિણા આપીને પછી કેવળી સભામાં જઇને તીર્થને નમસ્કાર થાઓ એમ વંદન કરીને બેઠા. પાછળ જોવામાં ઉપયોગવાળા ગૌતમ કહે છે કે આ પ્રભુને નમસ્કાર કરો. પછી જિનેશ્વર

ભગવંત કહે છે– હે ગૌતમ ! તું કેવળીઓની આશાતના ન કર. પશ્ચાત્તાપથી યુક્ત ગૌતમે મિથ્યાદુષ્કૃત આપ્યું અને અતિ દુર્ધર અધૃતિને પામેલા વિચારે છે કે આ લોકો દીક્ષા લીધા પછી તુરત જ કેવળજ્ઞાન પામ્યા. જ્યારે મને હજુ કેવળજ્ઞાન થતું નથી તેથી આ જન્મમાં સિદ્ધ નહીં થાઉં. ભગવાન પૂછે છે– શું દેવોનું વચન સત્ય છે કે જિનેશ્વરોનું ? ગૌતમ કહે છે– જિનેશ્વરોનું વચન સત્ય છે. ભગવાન કહે છે– તો પછી અધૃતિ કેમ કરે છે. ? પછી અવસરે ભગવાન ચારકૃતની પ્રરૂપણા કરે છે તે આ પ્રમાણે– (૧) **સુંબકૃત**[1] (૨) વિદળકૃત (૩) ચર્મકૃત અને (૪) કંબલકૃત. આ પ્રમાણે શિષ્યનો ગુરુ ઉપર સ્નેહ ચાર પ્રકારનો હોય છે. હે ગૌતમ ! તારો મતિ મોહ મારા ઉપર કંબલકૃત સમાન છે. અને બીજુ મારી સાથે તારો લાંબા સમયથી સહવાસ છે. તું લાંબા કાળથી પ્રીતિવાળો છે, લાંબાકાળથી પરિચિત છે, લાંબા સમયથી મારો આરાધક છે, લાંબા સમયથી મને અનુસરનાર છે, હે ગૌતમ ! તું લાબા સમયથી મારો અનુવર્તન કરનાર છે. તેથી આ ભવને અંતે આપણે સમાન થશું. હે ધીર ગંભીર ગૌતમ ! તું શોક ન કર.

હવે ગૌતમના આધાર(દૃષ્ટાંત)થી બીજા મુનિઓને બોધ થાય એ હેતુથી પ્રભુ દ્રુમપત્રક નામનું અધ્યયન પ્રરૂપે છે. જેમકે– પાકીને પીળું પડેલું વૃક્ષનું પાંદડું એની મેળે ખરી પડે છે. તેમ રાજાઓના સમૂહથી પૂજાયેલો મનુષ્ય પણ આયુષ્યપૂર્ણ થતા મરણ પામે છે. આ પ્રમાણે મનુષ્યોનું જીવિત અસ્થિર હોતે છતે હે ગૌતમ ! એક સમય પણ પ્રમાદ કરીશ નહીં વગેરે. હંમેશા છઠ્ઠ-અઠ્ઠમ આદિ ઉગ્ર સ્વરૂપવાળા તપને કરતા, ભગવાનની સાથે વિહાર કરતા ગૌતમ મધ્યમા પુરીમાં આવ્યા. ગૌતમના મોહને છેદવા માટે પ્રભુએ ચાતુર્માસના સાત પખવાડિયા પસાર થયે છતે કાર્તિક અમાવસ્યાના દિવસના બે પહોર ગયા પછી નજીકના ગામમાં ગૌતમને મોકલ્યા અને કહ્યું: હે ગૌતમ ! આ ગામમાં અમુક શ્રાવકને બોધ કર. ત્યાં ગયા પછી વિકાલ થયો એટલે રાત્રિમાં ત્યાં જ રહ્યા. પરંતુ જેટલામાં આવતા જતા દેવોને જુએ છે તેટલામાં ઉપયોગ મૂકીને જાણ્યું કે ભગવાન આજે નિર્વાણ પામ્યા. વિરહથી કાયર મનવાળા તેણે પૂર્વે ક્યારેય ચિત્તમાં વિરહના દિવસની પરિભાવના ન કરી હતી. તે તત્ક્ષણ વિચારે છે કે અહો ! ભગવાન કેવા નિઃસ્નેહી છે ! જિનેશ્વરો આવા હોય છે. જે જીવો સ્નેહરાગને અધીન બનેલા છે તે સંસાર સાગરમાં ડૂબે છે. આ સમયે ગૌતમ કેવળજ્ઞાન પામ્યા. કેવલીકાળ બાર વર્ષનો થયો અને ભગવાનની જેમ જ વિહાર કર્યો પણ અતિશયોથી રહિત થયો. પછી આર્ય સુધર્મા સ્વામીને ગણ સોંપીને મોક્ષમાં ગયા. પછી આર્ય સુધર્મને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. પછી આઠ વરસ સુધી તેમણે પણ શ્રેષ્ઠ કેવળીપણામાં વિહાર કર્યો પછી આર્ય જંબૂને ગણ સોંપીને સિદ્ધિમાં ગયા. ભગવંતના કાળ કરવાથી દુઃખી થયેલા દેવ અને દાનવોએ તે મધ્યમ નગરીનું નામ પાપપુરી કર્યું.

---

૧. **સુંબકૃત**– ઘાસની સાદડી તેને વિખેરવી સરળ છે. (૨) **વિદળકૃત**- વાંસના ફાંસની સાદડી જેને વિખેરવી થોડી કઠીન છે. (૩) **ચર્મકૃત**- ચામડા કે છાલની બનાવેલી સાદડી અને (૪) **કંબલકૃત**- કાંબળી પોતે અર્થાત્ કામળી જે ઘણા કષ્ટથી વિખેરી શકાય.

**ગાથાક્ષરાર્થ**– વજ્રનામના ઋષિને પારિણામિક બુદ્ધિ હતી. કેવી રીતે ? તેને કહે છે– માતાની સાથે સંઘનો રાજસભામાં વિવાદ થયો ત્યારે તેણે સંઘની તરફેણ કરી પણ માતાની નહીં. વર્ષાકાળમાં ઉપલક્ષણથી ઉનાળામાં પણ જૃંભક દેવો વડે નિમંત્રણ કરાયે છતે જે દ્રવ્યાદિ વિષયવાળો ઉપયોગ મુક્યો. તથા સહસ્ર પત્રવાળું કમળ અને પુષ્પનો કુંભ પુરી નગરીમાં લાવવું તે પારિણામિક બુદ્ધિ છે. તથા પાટલિપુત્રમાં પ્રથમ અસુંદર રૂપની વિકુર્વણા પછી સહસ્રપત્ર પદ્માસન પર બેઠેલા અત્યંત અતિશાયિન સ્વરૂપની વિકુર્વણા કરી. અને દશમા પૂર્વને નહીં ભણી શકતા આર્યરક્ષિતને પાછા મોકલ્યા. (૧૪૨)

**परिणामिया य महिला, णिद्धसधिज्जाइ लोगजाणम्मि ।**
**उज्जेणि देवदत्ता, जोगुवयारेऽत्थपडिवत्ती ॥१४३॥**

**अथ गाथाक्षरार्थः—'परिणामिया य' त्ति पारिणामिक्यां बुद्धौ ज्ञातं वर्त्तते । काऽसावित्याह—'महिला' भार्या कस्य 'निद्धसधिज्जाइ' त्ति निद्धसाभिधानस्य धिग्जातीस्य संबन्धिनी । तथा 'लोगजाणम्मि' त्ति लोकाभिप्रायपरिज्ञाने ज्ञातं वर्त्तते। काऽसावित्याह—'उज्जेणि देवदत्ता' इति उज्जयिन्यां नगर्यां देवदत्ता वेश्या, यतस्तया 'जोगुवयारेऽत्थपडिवत्ती' इति योग्योपचारे सर्वप्रकृतीनामुचितप्रियकरणलक्षणे कृते सति अर्थप्रतिपत्तिर्भूयान् अर्थसंग्रहः कृत इति ॥१४३॥**

**ગાથાર્થ**– લોકના ચિત્તને પારખવામાં નિર્ધ્વસ બ્રાહ્મણસ્ત્રીનું તથા ઉજ્જૈનીની દેવદત્તાનું યોગ્ય ઉપચાર અને અર્થના ઉપાર્જનમાં પારિણામિક બુદ્ધિનું ઉદાહરણ છે. (૧૪૩)

આ ભરતક્ષેત્રમાં વસંતપુર નામનું નગર હતું. તેમાં નિર્ધ્વસ નામના બ્રાહ્મણને વિલાસનું સ્થાન એવી શુભા નામે સ્ત્રી હતી. અને ક્રમથી તેને ત્રણ પુત્રીઓ થઇ. જેઓ મનોહર તારુણ્યને પામી અને પોતાના ઘર સમાન વૈભવવાળા કુલોમાં પરણાવી. મારી પુત્રીઓ સુખી કેવી રીતે થાય ? એમ તેણે વિચાર્યું. કારણ કે પતિની આજ્ઞાથી વિરુદ્ધ ભાવમાં વર્તતી સ્ત્રીઓ ગૌરવનું સ્થાન થતી નથી. નિર્મળ આશયવાળી મારી પુત્રીઓને સુખનો સંગ કેવી રીતે થાય ? તેથી કોઈપણ ઉપાયોથી જમાઈઓના સ્વભાવને હું જાણું. પછી પુત્રીઓને કહ્યું: પ્રથમ સુરતસંગ સમયે અવસરને મેળવી તમારે પેનીના પ્રહારથી પોતાના પતિને માથામાં મારવું. તેઓએ તેમ જ કર્યું અને પ્રભાતે માતાએ પુછ્યું: તેઓએ તમને શું કર્યું ? તેમાં મોટી પુત્રીએ કહ્યું: મેં લાત માર્યા પછી મારા પગ દબાવવા લાગ્યો અને સ્નેહ તત્પર કહે છે કે તને કેવું દુ:ખ થયું ? આવા પ્રકારનો પ્રહાર તારા પગને ઉચિત નથી. તારો મારા ઉપર અતિ પ્રેમ છે નહીંતર કોણ ઉન્મત્તતાથી રહિત લજ્જાળુ આ પ્રમાણે કાર્ય કરે ? માતાએ તેને કહ્યું: તારો પતિ અતિ પ્રેમ પરવશ છે તું જે કરશે તે તેને પ્રમાણ છે. તેની પાસે તારુ સર્વ ચાલશે. બીજીએ કહ્યું: પ્રહાર પછી તરત જ તે કંઈક ગુસ્સે થયો, ક્ષણ

પછી શાંત થયો. તેને પણ માતાએ કહ્યું: તું તેને નહીં ગમતું કાર્ય કરીશ તો ગુસ્સે થશે પણ બીજો નિગ્રહ નહીં કરે. ત્રીજીએ કહ્યું: તમે કહ્યા મુજબ મેં કર્યું ત્યારે અત્યંત ક્રોધે ભરાયે છતે થાંભલાની સાથે બાંધીને સો ચાબુકના ઘાત કર્યા અને તું મારી દાસી છે તું દુષ્કુળમાં જન્મેલી છે એમ કહ્યું. આવા પ્રકારના કાર્યમાં ઉદ્યત થયેલી તારી સાથે મારે કોઇ કામ નથી. પછી માતાએ જમાઇની પાસે જઇને કહ્યું કે આ અમારો કુળધર્મ છે. જો તે ધર્મ કોઇરીતે ન કરવામાં આવે તો સસરાનું કુળ આનંદિત થતું નથી. આ પ્રમાણે જમાઇના ચિત્તનું સમાધાન કરીને પુત્રીને શિખામણ આપી કે આને દેવની જેમ આરાધજે નહીંતર આ તારું પ્રિય કરનારો નહીં થાય. જમાઇઓના ચિત્તને જાણવા માટે પુત્રીઓને આ શિખામણ બ્રાહ્મણીનું પારિણામિક બુદ્ધિનું ફળ જાણવું.

તથા ઉજ્જૈની નગરીમાં ચોસઠ કળાથી યુક્ત, જનપદો (દેશો)માં પ્રસિદ્ધ એવી દેવદત્તા નામની ગણિકા હતી. વિલાસી પુરુષના ચિત્ત જાણવા માટે પોતાના ઘરમાં સ્વભાવથી પોતાના **વ્યાપારમાં**[1] મગ્ન બનેલાઓના ચિત્રો દિવાલના ભાગમાં આલેખાવ્યા. જેનો જેવો વ્યાપાર હોય તેવો પુરુષ જ્યારે તેની પાસે આવે છે ત્યારે અંતરમાંથી પ્રકટેલા હર્ષવાળો તે પોતપોતાના વ્યાપારના ચિત્રને લાંબા સમય સુધી જોતો રહે છે. પછી તે ગણિકા તેના ભાવને જાણીને કોઇક રીતે તેવી સેવા કરે છે જેથી તે ખુશ થયેલો અતિદુષ્કર પણ ઇચ્છા મુજબ પોતાના દ્રવ્યનું દાન આપીને જાય છે. તે ચિત્ત જાણવા માટે તેવા સ્વાભાવિક ચિત્રો આલેખાવ્યા અને ધનભેગું કર્યું. એ પણ ગણિકાની પારિણામિક બુદ્ધિ છે.

**ગાથાક્ષરાર્થ**– પારિણામિકી બુદ્ધિમાં ઉદાહરણ છે. આ કોણ છે ? નિર્ધ્વસ નામના બ્રાહ્મણની આ સ્ત્રી છે. લોકના અભિપ્રાયને જાણવામાં તેનું ઉદાહરણ કહેવાયું છે. બીજું ઉજ્જૈની નગરીમાં દેવદત્તા વેશ્યાનું ઉદાહરણ છે. તેણે સર્વભોગીઓના સ્વભાવને જાણીને તેની યોગ્ય સેવા કરીને ઘણું ધન ભેગું કર્યું. (૧૪૩)

**चलणाहणे त्ति तरूणेतरेसु पुच्छाहु तरुण तच्छेदो ।**
**इयरे ऊसरिऊणं, आलोच्चिय बिंति पूजंति ॥१४४॥**

**चरणाघात इति द्वारपरामर्शः । तत्र कश्चिद् राजा तरुणैर्व्युद्ग्राह्यते । यथा देव! अमी वृद्धा मन्त्रिणो जर्जरशरीरत्वेन दुर्बलबुद्धयः स्वपदाद् उत्तार्यन्ताम् । तरुणाः समर्थबुद्धयस्तत्पदे आरोप्यन्तामिति । ततस्तत्परीक्षणार्थं 'तरुणेयरेसु पुच्छा' इति, यदि कश्चिद् मां चरणेन शिरसि आहन्यात्, ततस्तस्य चरणस्य को दण्ड इति तरुणेषु इतरेषु च मिलितेषु पृच्छा कृता । ततस्तरलमतित्वेन 'आहु तरुण' त्ति तरुणा आहुर्ब्रुवते।**

૧. કોઇક ભોગી કુંભાર ગણિકાની પાસે આવ્યો હોય ત્યારે કુંભારના ધંધાને લગતા ચિત્રો જોઇને ખુશ થતો હતો. ત્યારે ગણિકા સમજી જતી કે આ આવેલ માણસ કુંભાર છે. પછી કુંભારને ઉચિત સર્વસત્કાર કરતી, અર્થાત્ કુંભારના વ્યાપારની પ્રશંસા કરીને ખુશ કરતી ઇત્યાદિ સ્વયં વિચારવું.

**तच्छेदश्चरणोत्तारो दण्ड इति । इतरे वृद्धाः पुनरुत्सृत्य उत्सारं कृत्वा तत आलोच्य परस्परं पर्यालोच्य ब्रुवते । पूजा समभ्यर्चनं कार्यमिति । नहि प्रौढप्रणयपात्रं कलत्रं लग्नरतिकाले कलहं विहाय अन्यो युष्मान् शिरसि हन्तुं पारयतीति ॥१४४॥**

**ગાથાર્થ**— પગનો પ્રહાર, તરુણ અને વૃદ્ધોમાં પૃચ્છા, તરુણો કહે છે તેનો પગ કાપવો, વૃદ્ધ દૂર જઈ, વિચારી કહે છે કે તેની પૂજા કરવી. (૧૪૪)

**'ચરણાઘાત'** એ પ્રમાણે દ્વાર પરામર્શ છે. તેમાં કોઈક રાજા યુવાનો વડે ભ્રમણામાં નંખાયો કે હે દેવ ! આ વૃદ્ધ મંત્રીઓ જર્જરીત શરીરવાળા થયા હોવાથી મંદમતિવાળા થયા છે માટે તેઓને મંત્રી પદમાંથી દૂર કરો. તરુણો સમર્થ બુદ્ધિવાળા હોય છે તેથી તેના સ્થાને નિમણુંક કરો. પછી તેઓની બુદ્ધિની પરીક્ષા માટે પુછ્યું: જો કોઈ પગથી મારા માથા ઉપર લાત મારે તો તેના પગને શું દંડ કરવો ? તરુણો અને વૃદ્ધો ભેગા થયે છતે આ પ્રશ્ન કરવામાં આવ્યો. પછી ચંચળમતિવાળા તરુણો કહે છે કે તેનો પગ કાપવાનો દંડ ઉચિત છે. વૃદ્ધો બીજે જઈને ભેગા મળી વિચારણા કરીને કહે છે કે તેની પૂજા કરવી જોઈએ. પ્રૌઢ પ્રણયની પાત્ર સ્ત્રી લગ્ન પછી રતિકાળે કલહ થાય ત્યારે લાત મારે છે આના સિવાય બીજો કોઈ તમારા મસ્તકે હણવા સમર્થ થતો નથી. (૧૪૪)

**आमंडेति परिच्छा, काले कित्तिमग आमलेणंति ।**
**परिणयजोगालोयण, लक्खणविरहेण तण्णाणं ॥१४५॥**

**'आमंडे' इति द्वारपरामर्शः । तत्र किल केनचित् कुशलमतिना क्वचिद् राजसभादौ आमण्डं कृत्रिममामलकमुपस्थापितम् । स च अकाल आमलकानामिति सवितर्कचित्तः सभालोकः संजातः । अहो ! कथमिदमामलकं संवृत्तमिति । तत एकेन केनचित् परीक्षा कर्त्तुमारब्धा । कथमित्याह—काले शीतकाललक्षणे यद् उपपन्नं तेन क्रमव्यत्ययात् 'आमलेणंति'। आमलकेन पुराणेन सह 'कित्तिमग' त्ति कृत्रिमामलकस्य ततः 'परिणयजोगालोयण' त्ति परिणतेनातरलेन योगेन मनोलक्षणेन आलोचना विमर्शः कृतः। तदनन्तरं लक्षणविरहेण जात्यामलकरूपरसगन्धस्पर्शादिलक्षणवियोगेन तज्ज्ञानं कृत्रिमामलकावगमः सम्पन्नः । अन्यादृशानि हि कृत्रिमामलकस्य लक्षणानि, अन्यानि चेतरस्य । जानन्ति च विदितभेदा निपुणमतयो नानात्वम् । पठन्ति चात्र —''आयारा ते च्चिय पल्लवाण कुसुमाण ते च्चिय फलाण । सहचारभूमिविडवो होइ विसेसो रसासाए ॥१॥'' इति ॥१४५॥**

**ગાથાર્થ**— આમળું-પરીક્ષા કાળ કૃત્રિમ આમળાની સાથે પરીક્ષા, પરિણત-યોગ-આલોચન

રૂપ લક્ષણના અભાવથી બંનેનું ભેદજ્ઞાન થયું. (૧૪૫)

**'આમળું'** એ પ્રમાણે દ્વારપરામર્શ છે. કોઇક કુશલમતિવાળો કોઇક રાજસભાદિમાં કૃત્રિમ આમળાને લઇ આવ્યો. અત્યારે આમળાનો અકાલ છે એમ જાણી સભાલોક તર્કિત ચિત્તવાળો થયો. અહો ! અત્યારે આ આમળું કેવી રીતે ઉત્પન્ન થયું ? પછી કોઇક એક પુરુષ તેની પરીક્ષા કરવા લાગ્યો. કેવી રીતે પરીક્ષા કરવા લાગ્યો ? તે જણાવે છે– અત્યારે શિયાળાનો કાળ ચાલે છે અને શિયાળામાં આ આમળું ઉત્પન્ન થયું છે. તેથી અત્યારે આમળાને ઉત્પન્ન થવાનો કાળ નથી. પછી સ્વાભાવિક જુના આમળા સાથે નવા આમળાની સરખામણી કરી. સ્થિર ચિત્તથી વિચારણા કરી. તેનાથી જાતિ (સ્વભાવિક) આમળામાં જે રૂપ-રસ-ગંધ અને સ્પર્શરૂપ ચિહ્નો હતા તે નવા આમળામાં ન દેખાયા તેથી નક્કી કર્યું કે આ કૃત્રિમ આમળું છે. ભેદપારખુ નિપુણમતિઓ ભેદને જાણે છે. અહીં કહ્યું છે કે– પાંદડા અને ફૂલોના આકારો તે જ છે તથા ફળોના આકારો તે જ છે છતાં રસાસ્વાદમાં જે ભેદ પડે છે તે માવજત, ભૂમિના દળ અને જાત ઉપર આધાર રાખે છે.

**मणि पन्नग वच्छाओ, कूवे जलवन्न डिंभ थेरकहा ।**
**उत्तारणपयईए, णाणं गहणं च णीतीए ॥१४६॥**

**मणिरिति द्वारपरामर्शः । तत्र क्वचित् प्रदेशे 'पण्णग' त्ति सर्प्पः 'वच्छाओ' त्ति वृक्षाद् वृक्षमारुह्येत्यर्थः पक्षिणामण्डकानि भक्षयति । अन्यदा च गृध्रेण स नीडारूढो हतः । तस्य मणिस्तत्रैव नीडे पतितः । तत् किरणैरधोवर्त्तिनि कूपे 'जलवन्न' त्ति जलस्य सलिलस्य वर्णो रक्तलक्षणो जातः । स च 'डिंभ' त्ति डिम्भकैरुपलब्धः । ततस्तैः स्थविरकथा वृद्धपुरुषनिवेदना कृता । तस्य च उत्तारणप्रकृतौ कूलस्योत्तारणे कृते प्रकृतौ स्वभाववर्णत्वे जाते ज्ञानमुपलम्भः संपन्नः, यदुत औपाधिकोऽयं वर्णो न स्वाभाविकः, ग्रहणं च उपादानं पुनर्मणेर्नीत्योपायेन कृतं तेनेति ॥१४६॥**

**ગાથાર્થ–** મણિ, સાપ, વૃક્ષ, ફૂલો, જળવર્ણ, બાળકો, સ્થવિર કથન, કૂવામાં ઉતરવું, સ્વભાવનું જ્ઞાન અને નીતિથી મણિની પ્રાપ્તિ. (૧૪૬)

**'મણિ'** એ પ્રમાણે દ્વારપરામર્શ છે. તેમાં કોઇક પ્રદેશમાં સાપ એકવૃક્ષથી બીજા વૃક્ષ ઉપર ચડીને પક્ષીઓના ઇંડાનું ભક્ષણ કરે છે અને કોઇક વખત ગીધે માળામાં પ્રવેશેલા સાપને મારી નાખ્યો. સાપનો મણિ તે જ માળામાં પડ્યો. તેમાંથી નીકળતા કિરણોથી નીચે રહેલા કૂવામાં પાણીનો વર્ણ લાલ થયો. બાળકોએ કૂવાનું પાણી લાલવર્ણવાળું છે એમ જાણી વૃદ્ધને વાત કરી. તે વૃદ્ધ જ્યારે કૂવામાં ઊતર્યો ત્યારે તેને કૂવાના પાણીનો વર્ણ સ્વભાવિક છે કે કૃત્રિમ એવું જ્ઞાન

થયું. એટલે કે આ કૂવાના પાણીનો વર્ણ લાલ છે તે **ઔપાધિક**[1] છે પરંતુ સ્વાભાવિક નથી. અને ઉપાધિ તે મણિ છે. પછી નીતિથી ઉપાયથી મણિને મેળવ્યો. (૧૪૬)

**सप्पत्ति चंडकोसिग, वीरालोग विसदंस ओसरणं ।**
**दाढाविस आभोगे, बोही आराहणा सम्मं ॥१४७॥**

**अथ गाथाक्षरार्थः—'सप्प' इति द्वारपरामर्शः । तत्र 'चंडकोसिय' त्ति चण्डकौशिकनामा सर्पः, तस्य 'वीरालोग' त्ति वीरावलोके संजाते सति 'विसदंस' त्ति विषदंष्ट्या दंशो दशनं भगवतो विहितं तेन वारत्रयं यावत् । तथाप्यमरणे 'ओसरणं दाढाविस' त्ति भगवत उपरि पातभयाद् अपसरणमपक्रमणं स्वस्थानात् । दंष्ट्राविषस्य भगवति निवेशने सति त्रीन् वारान् पश्चाद् दृढाभिनिवेशाद् भगवतो देहस्य आभोगे-विलोकने विहिते समुत्तीर्णदृष्टिविषस्य तस्य बोधिः समुत्पन्नजातिस्मरणस्य सम्यक्त्वादिलक्षणः, तथा आराधना समाधिमरणलक्षणा सम्यग् यथावत् सम्पन्नेति ॥१४७॥**

**ગાથાર્થ**– સર્પ, ચંડકૌશિક, વીરની દૃષ્ટિ, વિષનો ડંસ, પાછું હટવું, ત્રણ વાર દાઢનું ઝેર, જ્ઞાન, બોધિ, અને સમ્યગારાધના. (૧૪૭)

## ચંડકૌશિકનું કથાનક

ચારે દિશામાં જેનો અતિ યશ પ્રસર્યો છે એવો કોઇ ગચ્છ હતો. દીક્ષા-શિક્ષામાં કેન્દ્રિત કરાયું છે પોતાનું ચિત્ત જેમના વડે, ગુણના ધામ એવા એક ગીતાર્થ આચાર્ય તેના નાયક હતા. તે ગચ્છ વિહાર કરતો પ્રાચીન વસંતપુર નામના નગરમાં પધાર્યો. હેતુ(આશય)ની સિદ્ધિ થવાથી તે ગચ્છ સાધુજનને ઉચિત વસતિમાં ઉતર્યો. તેમાં છઠ્ઠ, અઠ્ઠમાદિ તપમાં નિરત એક ક્ષપક મુનિ છે. તે કોઇક વખત પ્રભાતે પારણામાં ખાખરા વગેરે જે બીજે દિવસે ચાલે તેવા વાસિ ભોજન માટે ભિક્ષાચર્યામાં ગયો. તપના કલેશથી અને નિરુપયોગથી તેણે પગ નીચે એક દેડકીને કચડી અને તે દેડકી મરણ પામી. પાછળ ચાલતા ક્ષુલ્લક મુનિએ જોયું અને પછી કહ્યું: હે ક્ષપક ! તમારા પ્રમાદથી આ દેડકી મરી. ઉત્પન્ન થયો છે કંઇક રોષ જેને એવા ક્ષપકે કહ્યું: લોક વડે આ અનેક દેડકીઓ મરાયેલી છે તેથી શું હું અહીં અપરાધી છું ? અર્થાત્ આ દેડકીઓ પણ મેં મારી છે ? આ સાંજે આવશ્યકવેળાએ સ્વયં જ સૂરિપાસે આલોચના કરશે એમ મૌનને ધારણ કરતો ક્ષુલ્લક

---

૧. **ઔપાધિક**– બીજાથી જુદો હોવા છતાં બીજાને પોતાના જેવો અથવા પોતાને બીજા જેવો ઓળખાવનાર પદાર્થ તે ઉપાધિ કહેવાય છે અને તેને કારણે જણાતો ફેરફાર ઔપાધિક કહેવાય છે. સ્ફટિક નિર્મળ હોવા છતાં બાજુમાં રહેલા લાલવસ્ત્ર કે લાલપુષ્પના કારણે સ્ફટિકનું લાલ દેખાવું જેમ ઔપાધિક છે, તેમ પ્રસ્તુતમાં પાણી સફેદ જ છે પરંતુ મણિના કિરણ રૂપ ઉપાધિથી લાલ દેખાય છે. પાણીનું લાલ દેખાવું ઔપાધિક છે.

ફરી પ્રેરણા કરતો નથી. વિકાળકાળે તે ક્ષપક બાકીના અપરાધોની આલોચના કરીને જેટલામાં બેઠો એટલામાં ક્ષુલ્લકે કહ્યું: પ્રમાદથી તારા વડે જે દેડકી હણાઇ છે તેને શું તું ભૂલી ગયો ? તે વખતે અત્યંત ક્રોધે ભરાયેલો ક્ષમક "આવું બોલતા ક્ષુલ્લકને હું મારું" એમ વિચારણા કરીને મારવા માટે ઊભો થયો અને અતિતીક્ષ્ણ ધારવાળા થાંભલાની સાથે તેનું માથું ભટકાયું. અશુભ ધ્યાનની પ્રધાનતામાં મર્યો. વ્રતોની વિરાધના થયે છતે જ્યોતિષ દેવોમાં ઉત્પન્ન થયો, ત્યાંથી ચ્યવીને કણખલ પ્રદેશમાં પાંચશો તાપસોના કુલપતિની તાપસી પત્નીના ઉદરમાં પુત્રપણે ઉત્પન્ન થયો. ક્રમથી જન્મ થયો અને અતિક્રોધી સ્વભાવ હોવાના કારણે તેનું નામ કૌશિક પાડ્યું. બીજા પણ કૌશિક નામના ઘણાં મુનિઓ તે આશ્રમમાં છે તેથી તાપસોએ તેનું નામ ચંડકૌશિક પાડ્યું. કાળક્રમથી તે પણ કુલપતિપદ પર સ્થપાયો. આશ્રમના વનખંડમાં અત્યંત મૂર્ચ્છિત થયો. તાપસોને ફળફૂલાદિ લેવા દેતો નથી. ફળફૂલને નહીં મેળવતા તાપસો દશે દિશામાં ચાલ્યા ગયા અને જે કોઇ ગોવાળીયા વગેરે ત્યાં હતા તેઓને પણ મારીને દૂર કાઢે છે, જેઓ ફરી પાસે આવતા નથી. (૧૬)

નજીકમાં શ્વેતાંબિકા નામની નગરી છે. ચંડકૌશિક આશ્રમમાં ન હતો ત્યારે ચંડકૌશિક પર રોષે ભરાયેલા ચિત્તવાળા રાજપુત્રો ત્યાં આવીને ઉદ્યાનને ભાંગ્યો. તે વખતે ચંડકૌશિક ઉદ્યાનની વાડ કરવા માટે કાંટા લેવા વનમાં ગયો હતો. ગોવાળીયાઓએ તેને આ ખબર આપી એટલે ક્રોધી થયો. કાંટાઓને છોડીને હાથમાં કુહાડો લઇ રોષથી ધમધમતો કુમારો તરફ દોડ્યો. યમ જેવા આકારવાળા તેને જોઇને સંતુષ્ટ મનવાળા રાજપુત્રો અતિવેગથી પલાયન થયા. હાથમાં કુહાડો લઇ ભાનભૂલો બનેલો ખાડામાં પડ્યો અને તે કુહાડો પોતાના માથા પર પડ્યો, માથાના બે ભાગ થયા અને તે જ વનખંડમાં દૃષ્ટિવિષ સાપ થયો. રોષથી અને લોભથી તે વૃક્ષોનું સતત રક્ષણ કરે છે અને જે કોઇ તાપસો ત્યાં હતા તેઓને બાળી નાખ્યાં. જે બીજા કોઇ હતા તેઓ પ્રાણ લઇને નાસી ગયા, તે પણ દિવસમાં ત્રણ સંધ્યાએ વનમાં ફરે છે અને ત્યાં જે કોઇ પણ પક્ષી આવે છે તેને દૃષ્ટિવિષરૂપી અગ્નિ ફેંકી ક્ષણથી બાળે છે. (૨૪)

શ્રામણ્યપણાનો સ્વીકાર કર્યા પછી બીજા વરસે ભગવાન મહાવીર ઉત્તરવાચાલના મધ્યદેશમાં કણખલવનમાં આવ્યા. જગતના સર્વ જીવો વિષે કરુણા કરવામાં એક માત્ર તત્પર મનવાળા એવા મહાભાગ તેને બોધ પમાડવા માટે યક્ષમંદિરમાં પ્રતિમા ધરીને રહ્યા. પછી દૃઢ ક્રોધભાવને ધારણ કરતા તેણે ભગવાનને જોયા. આ સર્વ વન મારું છે એમ તું નથી જાણતો ? સૂર્યને જોઇને સ્વામી ઉપર દૃષ્ટિ ફેંકે છે પછી જુએ છે કે હજુ બળતો નથી. પછી ત્રણવાર જોઇને ગુસ્સે થયેલો ત્યાં જ (પાસે જ) જઇને સુદૃઢ-દાઢના વિષથી આકુલ ભગવાનના અંગમાં ડંસ મારે છે. આ મારા ઉપર ન પડે એમ માની પાછો સરકે છે. એ પ્રમાણે ત્રણવાર ડંસે છે. જેટલામાં ભગવાનને કંઇ પણ થતું નથી તેટલામાં તીવ્ર આક્રોશના વશથી જિનેશ્વરને જોવા લાગ્યો. જગબાંધવ જગતના ગુરુનું શરીર અમૃતમય હોવાને કારણે પ્રભુના રૂપને જોતા ચંડકૌશિકની ઝેરવાળી

આંખો તે સમયે જ ઉપશાંત ભાવને પામી. ભગવાને કહ્યું: હે ચંડકૌશિક ! શાંત થા. આ ચંડભાવ હિતકર (યોગ્ય) નથી. **પ્રધાન ઈહાપોહ**[1], તપાસ અને શોધમાં તત્પર તેને જાતિસ્મરણ જ્ઞાન થયું. પછી ત્રણ પ્રદક્ષિણા આપે છે તથા તીવ્ર સંવેગને પામેલો આહારના પચ્ચક્ખાણ કરે છે અને આ જિન છે એમ જાણે છે. હું લોકોના મરણને કરનારો ન થાઉં એમ સમજી અનશન કરી ઊંડા દરમાં માથું નાખીને રહ્યો. તેને જોઇને તેનો કોઇ ઉપઘાત ન કરે એટલે અનુકંપાથી સ્વામી પણ ત્યાં રહ્યા અને ગોવાળીયા આદિ વૃક્ષમાં છુપાઇને એને પથ્થરાથી મારે છે. જેટલામાં તલના ફોતરા જેટલો માત્ર આ હલતો નથી તેટલામાં લાકડીઓથી આ ઠોસા ભરાવાયો ત્યારે પણ ન ચાલ્યો એટલે ગોવાળીયાઓ જનમનને અતિઅદ્ભૂત કરનાર તેનો સંપૂર્ણ વ્યતિકર નજીકમાં ગ્રામ-નગરાદિમાં લોકોને કહ્યો. ભયને છોડીને પ્રવાહબંધ લોક જિનને નમીને ચંદન-પુષ્પ-અક્ષત-ધૂપાદિથી તેને પૂજે છે. તે માર્ગથી દૂધ વેંચવા જતી સ્ત્રીઓ તેના ઉપર દૂધ રેડે છે અને તેના ગંધથી લુબ્ધ કીડીઓ તેને ચટકા ભરે છે. વેદનાથી અતિ પીડાયેલો પણ પોતાની કર્મ પરિણતિનું ફળ છે એમ ભાવના કરતો પંદર દિવસ થયા પછી કાળ પામ્યો અને આઠમા

૧. **પ્રધાન ઈહાપોહ**– ઈહાપોહના બે પ્રકાર છે. (૧) પ્રધાન ઈહાપોહ અને (૨) અપ્રધાન ઈહાપોહ. ઈહાપોહ થયા પછી **તુટી** જાય અને આગળ જ્ઞાન ન થાય તે અપ્રધાન ઈહાપોહ. ઈહાપોહ થયા પછી આગળ અવશ્ય જ્ઞાન થાય તે પ્રધાન ઈહાપોહ. પ્રસ્તુતમાં ચંડકૌશિકને ઈહાપોહ થયા પછી અવશ્ય જાતિ સ્મરણ જ્ઞાનની પ્રાપ્તિ થઈ માટે તેને પ્રધાન ઈહાપોહ થયું છે.

**ઈહાપોહ**– શ્રુતનિશ્રિત મતિજ્ઞાનના ચાર પ્રકાર છે. (૧) અવગ્રહ (૨) ઇહા (૩) અપાય અને (૪) ધારણા. **વ્યંજનાવગ્રહ**- ઉપકરણેન્દ્રિયની સાથે પદાર્થનો સંબંધ થતા અત્યંત અસ્પષ્ટ બોધ થાય તે વ્યંજનાવગ્રહ કહેવાય. **અર્થાવગ્રહ**- ઇન્દ્રિય દ્વારા પદાર્થનો જે અસ્પષ્ટ બોધ થાય તે અર્થાવગ્રહ કહેવાય. વ્યંજનાવગ્રહમાં જ્ઞાનની જરાપણ અભિવ્યક્તિ થતી નથી પણ અર્થાવગ્રહમાં "અહીં કંઇક છે." એવો સામાન્ય બોધ થતો હોવાથી વ્યંજનાવગ્રહની દૃષ્ટિએ અર્થાવગ્રહ વ્યક્તજ્ઞાન સ્વરૂપ છે પણ અપાયની દૃષ્ટિએ અર્થાવગ્રહ અવ્યક્ત જ્ઞાનસ્વરૂપ છે. અર્થાવગ્રહનો કાળ ૧ સમયનો છે. **ઈહા**- અન્વય (વિદ્યમાન) ધર્મની ઘટના અને વ્યતિરેક (અવિદ્યમાન) ધર્મના નિરાકરણ દ્વારા વસ્તુના નિર્ણય તરફ ઢળતી વિચારણાવાળું જ્ઞાન તે ઇહા કહેવાય છે. **અપાય**- ઇહા દ્વારા વસ્તુનો નિર્ણયાભિમુખી બોધ થયા પછી તે આ જ છે એવો જે નિશ્ચયાત્મક બોધ થાય છે તે અપાય કહેવાય છે. અપાયનો કાળ અંતર્મુહૂર્ત છે. **ધારણા**- અપાયમાં થયેલા નિર્ણયને વર્ષો સુધી યાદ રાખવો અથવા અપાયથી નિર્ણીત થયેલા પદાર્થનું કાલાન્તરે પણ સ્મરણ થઇ શકે એવા સંસ્કારવાળા જ્ઞાનોપયોગને ધારણા કહેવાય છે. અને તેના અવિચ્યુતિ, વાસના અને સ્મૃતિ એમ ત્રણ ભેદ છે. **અવિચ્યુતિ**- અપાયથી નિર્ણીત થયેલી વસ્તુઓનો ઉપયોગ અંતર્મુહૂર્ત કાળ સુધી એવોને એવો ટકી રહે તે અવિચ્યુતિ ધારણા કહેવાય છે અને તેનો કાળ અંતર્મુહૂર્ત સુધીનો છે. **વાસના**- અવિચ્યુતિથી આત્મામાં તે વસ્તુના સંસ્કાર પડે છે તે સંસ્કારને વાસના કહેવાય. તેનો કાળ સંખ્યાત કે અસંખ્યાત વર્ષનો છે. **સ્મૃતિ**- આત્મામાં દૃઢ થયેલા સંસ્કાર (વાસના) જઘન્યથી અંતર્મુહૂર્તકાળે અને ઉત્કૃષ્ટથી અસંખ્યાત વર્ષે જાગૃત થતા 'તે એ જ વસ્તુ છે કે જેને મેં પહેલા જોઇ હતી' એવું જે જ્ઞાન થાય છે તે સ્મૃતિ કહેવાય છે. જાતિસ્મરણજ્ઞાનનો સમાવેશ 'સ્મૃતિ' માં થાય છે.

દેવલોકમાં પ્રકૃષ્ટ મુગટના કિરણોથી કાબર ચીતરું કરાયું છે આકાશતલ જેના વડે એવો અસાધારણ રિદ્ધિના સમૂહવાળો દેવ થયો. તેની આ પારિણામિક બુદ્ધિ હતી જેથી તે અનશન કરીને કીડીઓની ઉત્કૃષ્ટ પીડાને સહન કરી ઉત્તમ સ્થાનમાં ગયો. (૪૩)

**ગાથાક્ષરાર્થ–** **'સર્પ'** એ પ્રમાણે દ્વારપરામર્શ છે. ચંડકૌશિક નામનો સર્પ છે. તેને વીર ભગવાને જોયે છતે વિષદૃષ્ટિથી તેણે ભગવાનને ત્રણ વાર ડંશ માર્યો તો પણ ભગવાનનું મરણ ન થયું. ભગવાન મારા ઉપર ન પડે માટે પાછો સરક્યો. ભગવાનને દાઢના વિષનો ચટકો ત્રણ વાર બેસાડ્યા પછી ભગવાનના દેહનું દૃઢ રાગથી દર્શન કર્યું અને તેની વિષ દૃષ્ટિ નાશ પામી તથા જાતિસ્મરણ જ્ઞાન થયું અને બોધિની (સમ્યગ્દર્શનની) પ્રાપ્તિ થઈ અને સમાધિમરણ રૂપ સમ્યગારાધનાની પ્રાપ્તિ થઈ. (૧૪૭)

**खग्गे सावगपुत्ते, पमायमय खग्ग साहुपासणया ।**

**उग्गहभेयालोयण, संबोही कालकरणं च ॥१४८॥**

**खड्ग इति द्वारपरामर्शः । तत्र कश्चित् श्रावकपुत्रः 'पमाय' त्ति प्रमादेन द्यूतादिना मत्तो यौवनकाले सर्वथा धर्मबहिर्भूतमानसः 'मय' त्ति मृतः सन् 'खग्ग' त्ति महाटव्यां खड्गो नाम पशुविशेषः संजातः । स च सर्वतः पृष्ठोभयपार्श्वप्रवृत्ततुरङ्गप्रक्षराकार-लम्बचर्मशिरःप्रदेशोद्गतैकश्रृङ्गो महिषाकारधरो वर्त्तते । तमोबहलबहुलतया च पथिकलोकं मार्गे च हन्तुमारब्धोऽसौ । अन्यदा च 'साहुपासणया' इति कांश्चित् साधून् मार्गे वहमानान् ददर्श। तेन च तज्जिघांसार्थं समीपमागच्छता 'उग्गहभेय' त्ति अतितीव्रतपोराशित्वात् साधूनामवग्रहस्याभाव्यभूमिप्रदेशलक्षणस्य अभेदो यदा उल्लङ्घनं कर्त्तुं न शकितं तदा 'आलोयण' त्ति आलोचना विमर्शो विहितः। ततः सम्पन्नजातिस्मरणस्य 'सम्बोधिः' सम्यक्त्वादिलाभः, तदनन्तरमेव कृतप्रत्याख्यानस्य 'कालकरणं' च देवलोकगमनफलं समजनीति ॥१४८॥**

**ગાથાર્થ–** ખડ્ગ દ્વાર, શ્રાવકપુત્ર, પ્રમાદ, ગેંડો, સાધુને જોવું, અવગ્રહનો અભેદ-અવલોક, બોધિની પ્રાપ્તિ અને કાળ કરવું. (૧૪૮)

**'ખડ્ગ'** એ પ્રમાણે દ્વારપરામર્શ છે. કોઈક શ્રાવકપુત્ર દ્યૂતાદિથી (જુગારાદિથી) ઉન્મત્ત થયેલો યૌવનકાળે જ ધર્મથી સર્વથા વિમુખ થયેલો મરે છતે મહાટવીમાં ગેંડો થયો અને તે પાછળ અને બંને બાજુએ ઘોડાનું **પાખર**[1] પહેરાવેલું હોય તેવું લટકતા ચામડાવાળો છે તથા તેના

---

૧. **પાખર–** હાથી અને ઘોડાની ગરદન અને પીઠ ઉપર નાખવાનો સાજ અથવા લડાઈને વખતે રક્ષણ માટે ઘોડા કે હાથી ઉપર નાખવાનું બખતર.

મસ્તકમાં એક શિંગડુ ઉગેલું છે તથા પાડા જેવા આકારને ધરનારો છે. ઘણાં કાળા, ભય ઉત્પન્ન કરે તેવા શરીરથી માર્ગમાં મુસાફરોને મારવા લાગ્યો. કોઈક વખત માર્ગે ચાલતાં સાધુઓને જોયા. સાધુઓને હણવા નજીક આવતો ત્યારે તે સાધુઓના અતિતીવ્ર તપ સમૂહના પ્રભાવથી સાધુઓના **અવગ્રહનું**[1] ઉલ્લંઘન કરવા સમર્થ ન થયો તેથી તે વિચારવા લાગ્યો. પછી તેને જાતિસ્મરણ જ્ઞાન થયું અને સમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ. પછી ચારેય આહારના પચ્ચક્ખાણ કરી, કાળ કરી દેવલોકમાં ઉત્પન્ન થયો. (૧૪૮)

**थूभिंदे एक्कं चिय, कूलापडणीयखुड्ड गुरुसावे ।**
**तावस मागहि मोदग, गिलाण रागम्मि वेसाली ॥१४९॥**

**अथ गाथाक्षरार्थः—स्तूपेन्द्र इति द्वारपरामर्शः । तत्र स्तूपेन्द्रो मुनिसुव्रतस्वामिसम्बन्धितया शेषस्तूपापेक्षप्रधानस्तूपः । 'एक्कं चिय त्ति' एकमेव ज्ञातं न द्वे ज्ञाते । कथमित्याह- 'कूलापडणीयखुड्ड' त्ति कूलवालगनामा प्रत्यनीकक्षुल्लकः सन् । 'गुरुशापे' गुरोराचार्यस्य शापे आक्रोशे सति तापसाश्रमं गतः । 'मागहि' त्ति मागधिकया वेश्यया 'मोदग' त्ति मोदकान् दत्त्वा 'गिलाण' त्ति ग्लानः कृतः । ततस्तया प्रतिजागर्यमाणस्य तस्य तां प्रति रागे कामरागलक्षणे समुत्पन्ने स तस्या वशीभूतः । क्रमेण च वैशाली विनाशिता तेनेति ॥१४९॥**

**ગાથાર્થ**— સ્તુપેન્દ્ર એક જ કૂલ પ્રત્યનીક ક્ષુલ્લક સાધુ, ગુરુનો શ્રાપ, તાપસ, માગધા વેશ્યા મોદક, મ્લાન રાગ અને વૈશાલી નગરીનું ભાંગવું. (૧૪૯)

## કૂલવાલક મુનિનું દૃષ્ટાંત

ચારિત્રગુણરૂપી મણિ માટે રોહણાચલ પર્વત સમાન, વિશિષ્ટ સંઘયણથી જિતાયો છે મોહરૂપી મલ્લ જેના વડે, દુર્ધર ઘણાં શિષ્ય પરિવારવાળા એવા સંગમસિંહ નામના આચાર્ય હતા. તેમનો એક શિષ્ય કંઈક ઉચ્છૃંખલ સ્વભાવી હતો. પોતાની બુદ્ધિથી દુષ્કર તપ કાર્યોને કરતો હતો છતાં પણ કુગ્રહના વશથી આજ્ઞાપૂર્વકનું ચારિત્ર નથી પાળતો. સૂરિ તેને પ્રેરણા કરે છે કે હે દુશિષ્ય ! આ પ્રમાણે સિદ્ધાંત વિરુદ્ધ કાષ્ટ જેવા આચરણથી પોતાને ફોગટ શા માટે દુષ્ટ સંતાપમાં નાખે છે ? આજ્ઞાથી જ ચારિત્ર છે. આજ્ઞાના ભંગથી શું નથી ભાંગતું ? આજ્ઞાનું અતિક્રમણ કરતો બાકીનું કોના આદેશથી કરે છે ? આ પ્રમાણે શિક્ષા અપાતો દુઃશિષ્ય ગુરુ ઉપર ઘોર વૈરને બાંધે છે. (૫)

હવે કોઈક વખતે ગુરુ તે એકલાની સાથે સિદ્ધશિલાના વંદન માટે એક પર્વત ઉપર ચડ્યા અને લાંબા સમય પછી તેને વંદન કરીને ધીમેથી નીચે ઉતર્યા. હવે તે દુર્વિનીત શિષ્યે વિચાર્યું:

૧. **અવગ્રહ**— સાધુની આજુબાજુની અમુક મર્યાદાની ભૂમિ. તેમાં પ્રવેશ કરવા સાધુની રજા માગવી પડે.

ખરેખર અહીં અવસર છે તેથી દુર્વચનના ભંડાર એવા આ આચાર્યોને હણું. જો આ અવસરે પણ નિઃસહાય આચાર્ય પણ ઉપેક્ષા કરાયા તો મને જાવજ્જીવ દુષ્ટ શિક્ષાઓથી નિર્ભત્સર્ના કરશે. આ પ્રમાણે વિચારીને સૂરિને હણવા પાછળથી મોટી શિલા ગબડાવી. સૂરિએ શિલાને કોઇપણ રીતે જોઇ પછી જલદીથી બાજુપર ખસીને કહ્યું: અરે મહાદુરાચારી ! ગુરુ પ્રત્યનીક સ્વરૂપ આવું ગાઢ પાપ કેમ આચર્યું ? તું લોકસ્થિતિને પણ જાણતો નથી, જે ઘણાં ઉપકારી વિશે આવી વધબુદ્ધિ અર્થાત્ મારવાનો વિચાર કરે છે ? જેમના ઉપકારનો બદલો વાળવા માટે સંપૂર્ણ ત્રણ લોકનું દાન પણ અલ્પ છે. કેટલાક પણ શિષ્યો ઘાસનો ભારો નીચે ઉતારાયે છતે પણ ઉપકારને માને છે, અર્થાત્ કોઈએ ભારો ઉતારવામાં મદદ કરી હોય તો તેનો પણ ઉપકાર માને છે. લાંબા સમયથી ઉપકાર કરાયેલા પણ તારા જેવા કેટલાક વધ કરવા તૈયાર થાય છે. અથવા કુપાત્રના સંગના વશથી ખરેખર આવી જ મતિ થાય છે. ક્યારેય પણ મહાવિષ સર્પની સાથે મૈત્રી નભી શકતી નથી. આ પ્રમાણે આવા ભારે પાપકર્મથી મૂળ સહિત ઉખેડી નખાયું છે સુકૃત જેનું, સર્વત્ર ધર્મપાલનમાં અત્યંત અયોગ્ય એવા હે પાપી ! તારો લિંગત્યાગ ખરેખર સ્ત્રીથી થશે, અર્થાત્ હવે પછી તું સ્ત્રી સંગથી ભ્રષ્ટ થઈશ. એ પ્રમાણે શાપ આપીને સૂરિ જ્યાંથી ગયા હતા ત્યાં પાછા ફર્યા. હું તેવું કરું જેથી આ સૂરિનું વચન અસત્ય ઠરે એમ વિચારીને તે કુશિષ્ય અરણ્યભૂમિમાં ગયો. એક નદીના કાંઠે જનસંચારથી રહિત એક તાપસ આશ્રમમાં રહ્યો અને ઉગ્ર તપ કરવાને લાગ્યો. વર્ષાકાળ આવે છતે તેના તપથી ખુશ થયેલ દેવતાએ "નદી આને પાણીથી તાણી ન જાઓ" એમ વિચારીને બીજા કાંઠેથી વહાવી. હવે અન્ય કાંઠાથી વહેતી નદીને જોઈને તે દેશમાં વસનારા લોકોએ તેનું કૂલવાહક એવું ગુણપૂર્વકનું નામ કર્યું. તે માર્ગથી જતા સાર્થ પાસેથી ભિક્ષા લઈને જીવતા મુનિનો જેવી રીતે લિંગ ત્યાગ થયો તેને હું હમણાં કહું છું. (૨૧)

ચંપા નગરીમાં પરાક્રમથી આક્રાંત કરાયો છે શત્રુ સમૂહ જેના વડે એવો શ્રેણિક રાજાનો અશોકચંદ્ર નામનો પુત્ર રાજા હતો. શ્રેણિકે તેના (અશોકના) નાના ભાઇ હલ્લ વિહલ્લને શ્રેષ્ઠ હાથી અને હાર આપ્યા. દીક્ષા લીધી ત્યારે અભયકુમારે માતાના દેવતાઇ વસ્ત્ર અને બે કુંડલો તેઓને આપ્યા. હવે વસ્ત્ર, હાર અને કુંડલોથી શોભતા શ્રેષ્ઠ હાથી ઉપર આરૂઢ થયેલા તેઓ ચંપાનગરીમાં ત્રણ-ચાર રસ્તે દોગુંદક દેવની જેમ ક્રીડા કરે છે. આ જોઇને ઈર્ષ્યા પામેલી પત્નીએ અશોકચંદ્રને કહ્યું: હે દેવ ! પરમાર્થથી તો આ તમારા ભાઇઓ પાસે રાજ્ય સંપત્તિ છે, જેઓ આ પ્રમાણે અલંકૃત થઇ હાથીના સ્કંધ પર રહેલા ક્રીડા કરે છે. તમારે તો મહેનત સિવાય બીજું કોઇ રાજ્યનું ફળ પ્રાપ્ત થયું નથી. તેથી તેઓ આઓની પાસે હાથી વગેરે રત્નોની માગણી કરો. રાજાએ કહ્યું: હે મૃગાક્ષી ! પિતાએ સ્વયં નાનાભાઈઓને અર્પણ કરેલા છે તો તેને માગતા મને લજ્જા ન થાય ? તેણે કહ્યું: હે નાથ ! આઓને શ્રેષ્ઠ મોટું રાજ્ય આપીને હાથી વગેરે રત્નોને માગતા અહીં લજ્જા કેવી ? આ પ્રમાણે તેના વડે વારંવાર સારી રીતે તર્જના કરાતો

રાજા એક અવસરે હલ્લ વિહલ્લને આ પ્રમાણે કહે છે કે અરે ! હું તમોને બીજા વિશેષથી શ્રેષ્ઠ હાથી, ઘોડા, રત્નો અને દેશાદિ આપું છું તેની બદલીમાં મને આ શ્રેષ્ઠ હસ્તીરત્ન આપ. ''વિચારીને અમે આપશું'' એમ કહી તેઓ પોતાના સ્થાને ગયા.

આ બળાત્કારે આપણી પાસેથી આંચકી ન લે એવા ભયથી રાત્રિ સમયે હાથી ઉપર આરૂઢ થઈને લોક ન જાણે તેમ નીકળી ગયા અને વૈશાલીપુરીના ચેટક રાજાનો આશ્રય કર્યો. ત્યાર પછી અશોકચંદ્રે આ હકીકત જાણી વિનયથી દૂતના વચનથી હલ્લ-વિહલ્લને અહીં મોકલો એમ ચેટકને કહેવડાવ્યું. પછી ચેટકે કહ્યું: હું આઓને બળાત્કારથી કેવી રીતે મોકલું ? સ્વયં જ તું પરિસ્થિતિને જાણી ઉચિત કર. આઓ અને તું બંને મારી પુત્રીના પુત્રો છો માટે મારે તમારા કોઇ ઉપર પક્ષપાત નથી. ઘરે આવેલા છે એટલે હું બળથી મોકલવા શક્તિમાન નથી. આ પ્રમાણે સાંભળીને અશોકચંદ્રે ફરી પણ કહેવડાવ્યું કે કુમારોને મોકલો અથવા જલદી યુદ્ધ માટે સજ્જ થાઓ. ચેટકે યુદ્ધનો સ્વીકાર કરે છતે અશોકચંદ્ર ઘણી સામગ્રી ભેગી કરીને વૈશાલી નગરીએ જલદી પહોંચ્યો. ચેટક મહારાજા સાથે યુદ્ધ શરૂ થયું. કાલપ્રમુખ તેના દશ શોક્ય ભાઈઓ એકેક દિવસે અમોઘ બાણ નાખવાથી દશ દિવસમાં હણાયા. ચેટક રાજાને એક દિવસે એક બાણ ફેંકવું એવો નિયમ છે. અગીયારમાં દિવસે ભય પામેલ અશોકચંદ્રે વિચાર્યું કે અહો ! હમણાં જો હું યુદ્ધ કરીશ તો નાશ પામીશ, તેથી યુદ્ધ કરવું ઉચિત નથી, એટલે રણાંગણથી પાછા ફરીને દેવના સાનિધ્યની વાંછાથી અઠ્ઠમ તપ કર્યો. (૪૨)

હવે સૌધર્મેન્દ્ર અને ચમર પણ પૂર્વભવની મિત્રતાને યાદ કરીને નિર્મૂળ નાશમાં સામેલ થયેલા આ પ્રમાણે કહેવા લાગ્યા. અરે અરે ! દેવાનુપ્રિય ! તું કહે તારું શું પ્રિય કરીએ ? રાજાએ કહ્યું: મારા વૈરી ચેટકને હણો. શકેન્દ્રે કહ્યું: પરમ સમ્યગ્દષ્ટિ આત્મા ચેટકને અમે નહીં મારીએ. જો તું કહેતો હો તો યુદ્ધ કરતા એવું તારું સાનિધ્ય કરીએ. આમ પણ થાઓ એમ કહીને અશોકચંદ્ર રાજાએ ચેટકરાજાની સાથે યુદ્ધ-સંરંભ શરૂ કર્યો. અખંડિત ઈન્દ્રની સહાય છે જેને, દેવતાના સાનિધ્યથી પ્રગટ થયેલ પ્રતાપથી દુષ્પ્રેક્ષ્ય એવો અશોકચંદ્ર શત્રુપક્ષને હણતો જેટલામાં ચેટક પાસે આવ્યો તેટલામાં યમરાજના દૂતની જેમ કાન સુધી ખેંચીને ચેટક રાજાએ તેના ઉપર અમોઘ બાણ છોડ્યું અને પછી ચમરેન્દ્ર વડે રચાયેલ સ્ફટિક શિલામાં સ્ખલિત થયેલા બાણને જોઇને એકાએક ચેટક રાજા વિસ્મિત થયો. મારું અમોઘ શસ્ત્ર નિષ્ફળ થયું આથી મારે હવે યુદ્ધ કરવું ઉચિત નથી. એમ વિચારીને જલદીથી નગરીની અંદર ચાલ્યો ગયો. પરંતુ અસુરેન્દ્ર અને સૌધર્મેન્દ્ર વડે રચાયેલા રથમુશલ અને શિલાકંટક નામના યુદ્ધથી તેનું ચતુરંગ પણ સૈન્ય નાશ પામ્યું. અશોકચંદ્ર નગરીને ઘેરો ઘાલીને લાંબા કાળ સુધી રહ્યો. ઊંચા મહેલોથી યુક્ત તે નગરી કોઈપણ રીતે ભંગાતી નથી અને એક પ્રસંગે તેને ભાંગવા સમર્થ નહીં થતો રાજા જેટલામાં આવતો હોય છે તેટલામાં દેવતાએ નીચે

પ્રમાણે કહ્યું: "જ્યારે કૂલવાલક સાધુ માગધા ગણિકાનો સંગ કરશે ત્યારે અશોકચંદ્ર વૈશાલી નગરીને મેળવશે." આ વચનને સાંભળીને શ્રવણપુટથી જાણે અમૃતની જેમ પીતો ન હોય તેમ હર્ષથી વિકસિત થયું છે મુખ જેનું એવો રાજા "તે સાધુ ક્યાં છે ?" એમ લોક પૂછે છે. (૫૫)

હવે તે નદી કાંઠે રહેલો છે એમ લોક પાસેથી કોઈક રીતે જાણીને ગણિકામાં શ્રેષ્ઠ એવી માગધિકાને બોલાવે છે અને કહે છે કે ભદ્રે ! તું કૂલવાલક મુનિને અહીં લાવ. "એ પ્રમાણે કરું છું." એમ વિનયવાળી તેણે સ્વીકાર્યું. પછી તે કપટી શ્રાવિકા થઈને સાર્થની સાથે તે સ્થાને ગઈ. વિનયપૂર્વક તે સાધુને વંદીને આ પ્રમાણે બોલે છે કે ઘરના સ્વામી સ્વર્ગે સિધાવ્યા છે. જિનભવનોને વંદન કરતી તમે અહીં છો એમ સાંભળીને અહીં વંદન માટે આવી છું. પ્રશસ્ત તીર્થ જેવા તમે આજે જ જોવાયા છો, તેથી આજે મારો સુદિન ઊગ્યો છે, હે મુનિપ્રવર ! આ ભિક્ષા ગ્રહણ કરીને મારા ઉપર કૃપા કરો. તમારા જેવા સુપાત્રમાં અપાયેલું અલ્પ-પણ દાન જલદીથી સ્વર્ગ અને મોક્ષના સુખોનું કારણ થાય છે. આ પ્રમાણે વિનંતિ કરાયેલ કૂલવાલક મુનિ ભિક્ષા માટે આવ્યા. તેણે દુષ્ટ-દ્રવ્યથી સંયોજિત લાડુ વહોરાવ્યા. તેને ખાધા પછી તરત જ તેને ઘણો અતિસાર(ઝાડા) થયો. તેનાથી નિર્બળ થયેલા કૂલવાલક મુનિ પડખું ફેરવવાને પણ અસમર્થ થયા. તેથી માગધાએ કહ્યું કે ભગવન્ ! ઉત્સર્ગ અને અપવાદને હું જાણનારી ગુરુ-સ્વામી-બંધુ સમાન તમારી પ્રાસુક દ્રવ્યોથી કંઈક ઉપચાર કરીશ, શું એમાં પણ કંઈ અસંયમ થાય ? તેથી હે ભગવંત ! મને વેયાવચ્ચ કરવાની અનુજ્ઞા આપો. નિરોગી થયે છતે અહીં પ્રાયશ્ચિત્તને સ્વીકારજો. કારણ કે પ્રયત્નથી આત્માનું રક્ષણ કરવું જોઈએ. શાસ્ત્રમાં આ પ્રમાણે કહ્યું છે– સર્વત્ર સંયમનું રક્ષણ કરવું જોઈએ, સંયમ કરતા આત્માની જ રક્ષા કરવી જોઈએ, પ્રાયશ્ચિત્ત કરતો આત્મા સેવાયેલા પાપથી મુકાય છે. જીવતા આત્માની ફરી વિશુદ્ધિ થાય છે પણ પ્રાણથી મુકાયેલાને ફરી વિરતિ પ્રાપ્ત થતી નથી. આ પ્રમાણે સિદ્ધાંતના ભાવાર્થને જણાવનારા સારભૂત વચનોને સાંભળીને તે વેયાવચ્ચ કરતી માગધિકાને અનુજ્ઞા આપે છે. પછી ખુશ થયેલી તેની સમીપ બેઠેલી તે ઉદ્વર્તન (= પડખું ફેરવવું), ખરડાયેલા શરીરને ધોવું, બેસાડવું વગેરે તેની સર્વક્રિયાઓ કરે છે. કેટલાક દિવસો સુધી આ રીતે ઔષધાદિથી શુશ્રુષા કરીને તે તપસ્વીનું શરીર લીલાથી નિરોગી કર્યું. (૭૦)

હવે એક દિવસે શ્રેષ્ઠ ઉદ્ભટ શૃંગારના સારભૂત વેશથી સુશોભિત શરીરવાળી તેણે મુનિને વિકારપૂર્વક કહ્યું: હે પ્રાણનાથ ! મારી વાણી સાંભળો, ગાઢ-રૂઢ થયેલ પ્રેમથી મનોહર, સુખના રાશિનો નિધિ એવી મને ભજો, આ દુષ્કર તપોવિધિને છોડો. શરીરનો શોષ કરનાર, વૈરી એવા દરરોજ પણ કરાતા તપથી શું ? શ્રેષ્ઠ મચકુંદ જેવી સફેદાઈવાળી એવી મને જેઓ મેળવે છે તેઓએ આ તપનું ફળ પ્રાપ્ત જ કર્યું છે. વળી તમે જે આ અરણ્યનો આશ્રય કર્યો છે તે દુષ્ટ શ્વાપદના સમૂહથી દુર્ગમ છે તેથી આવો આપણે રતિ જેવી સુરૂપ મૃગાક્ષીઓથી સુંદર એવા મનોહર નગરમાં જઈએ. મુગ્ધ તથા ધૂર્ત્તના સમૂહથી ઠગાયેલા તથા માથું મુંડાવેલા અહીં કેમ

રહ્યો છો ? તમે મારી સાથે દરરોજ મહેલમાં વિલાસ કેમ નથી કરતા ? તમારા થોડા વિરહમાં પણ હે નાથ ! મારા પ્રાણો ઊડી જશે. તેથી ચાલો સાથે જ જઇએ અને દૂર દેશાવરોમાં રહેલા તીર્થોને વાંદીએ, આમ કરવાથી પણ તમારા અને મારા પણ સમસ્ત પાપો નાશ પામશે. મહેલમાં પાંચ ઈન્દ્રિયોના વિષયોના સુખો ભોગવશું. હે નાથ ! અહીં કોઇક રીતે જીવાશે, અર્થાત્ અહીં મહામુશ્કેલીથી જીવાશે. આ પ્રમાણે તેણીએ વિકાર સહિત મધુર વચનોથી કહ્યું ત્યારે તે ક્ષોભિત થયેલો, ધૃતિને છોડીને પ્રવ્રજ્યાને છોડે છે. અત્યંત હર્ષિત મનવાળી તે વેશ્યા તેને લઈને રાજા પાસે આવી અને અશોકચંદ્રના પગમાં પડી વિનવે છે કે હે દેવ ! આ તે કૂલવાલક મુનિ મારા પ્રાણનાથ છે, આમની પાસે જે કરાવવા યોગ્ય હોય તે કરાવી શકાશે તેને આદેશ આપો. રાજાએ કહ્યુંઃ હે ભદ્રક ! તેવી રીતે કર જેથી આ નગરી ભાંગે. તે રાજાનું વચન સ્વીકારે છે અને ત્રિદંડીનો વેશ કરી નગરમાં પ્રવેશે છે અને સુંદર મુનિસુવ્રત સ્વામીના સ્તૂપને જોઇને વિચારે છે કે આ સ્તૂપના પ્રભાવથી આ નગરી ભાંગતી નથી તેથી હું તેવો ઉપાય કરું જેથી આ નગરવાસી મનુષ્યો આને ખોદીને દૂર કરે. આ પ્રમાણે વિચારીને તેણે કહ્યુંઃ અરે ! લોકો જો આ સ્તૂપને ઉખેડી નાખશો તો જલદી જ પરચક્ર સ્વદેશમાં જશે નહીંતર નગરીનો ઘેરો યાવજ્જીવ સુધી નહીં હટે. રાજા પણ સંકેત કરાયો કે સ્તૂપ ઉખેડી નંખાયે છતે તારે પણ પોતાનું સર્વ સૈન્ય લઇને પાછું ચાલ્યું જવું. હવે લોકે કહ્યુંઃ હે ભગવન્! આની શું ખાત્રી છે? તેણે કહ્યુંઃ સ્તૂપ થોડુંક કાઢશો કે તુરત જો પરચક્ર પાછું ફરવા માંડે તો તમારે સમજવું કે નગરી ઉપરનો ઘેરો સ્તૂપને કારણે છે. આમ કહેવાયે છતે લોકોએ સ્તૂપના શિખરનો અગ્રભાગ તોડવો શરૂ કર્યો. પાછા ફરતા શત્રુ સૈન્યને જોઇ વિશ્વાસ થયેથી સંપૂર્ણ સ્તૂપને કાઢી નાખ્યું. પાછા વળીને રાજાએ નગરી ભાંગી ત્યારે લોક વિડંબના પામ્યો. ચેટક રાજા જિનપ્રતિમા સ્વીકારીને (= લઈને) કૂવામાં પડ્યા. કૂલવાલક મુનિની આ પારિણામિક બુદ્ધિ દુર્ગતિમાં પડવાના ફળવાળી જ થઇ, જે સ્તૂપ ઉખેડવાના બાનાથી તે સુંદર નગરી નાશ કરાઇ.

**ગાથાક્ષરાર્થ**– **'સ્તૂપેન્દ્ર'** એ પ્રમાણે દ્વારપરામર્શ છે. તે સ્તૂપ મુનિસુવ્રત સ્વામી ભગવાનનું છે જે બીજા સ્તૂપોની અપેક્ષાએ પ્રધાન (મુખ્ય) છે. અહીં ઉદાહરણ એક જ છે પણ બે નથી. કેવી રીતે ? કૂલવાલક નામનો પ્રત્યનીક ક્ષુલ્લક હતો. આચાર્ય ગુરુએ આક્રોશ કર્યો ત્યારે તે તાપસ આશ્રમમાં ગયો. ત્યાર પછી વેશ્યા વડે સેવા કરાતા તેને કામરાગ ઉત્પન્ન થયો અને તે વેશ્યાને વશ થયો અને ક્રમથી તેના વડે વૈશાલી નગરી નાશ કરાઇ. (૧૪૯)

**आईसद्दा सुमती, अंधल निवमंतिमग्गणा सवणं ।**
**आहवणं वोरस्सेकन्ना माणादि वणियसुते ॥१५०॥**

**आदिशब्दात् सुमतिनामा ब्राह्मणः प्रस्तुतबुद्धौ ज्ञातं वर्त्तते । कीदृश इत्याह 'अंधल' त्ति अन्धः । कथमसौ ज्ञातीभूत इत्याह—नृपमन्त्रिमार्ग्गणा नृपस्य समुद्रदेवस्य सिद्धराजस्य मन्त्रिमार्ग्गणा वृत्ता । तत्र श्रवणमाकर्णनं बुद्धिमत्तया सुमतेरजनि । नृपस्य आह्वानमाकारणं कृतम् । ततोऽपि 'वोरस्सेकन्न'त्ति बदरेष्वश्वे कन्यायाश्च विशेषपरीक्षार्थं स नियुक्तः। निश्चितप्रज्ञस्य तस्य सन्तोषेण राज्ञा 'माणादि' कणिक्कामाण-कगुडपलघृतकर्षदानलक्षणा प्रथमतः, पश्चाद् द्विगुणक्रमेण कणिक्कासेतिका-घृतपलचतुष्टयलक्षणा वृत्तिर्निरूपिता । तेन च लब्धतात्पर्येण राजा भणितः । यथा त्वं देव ! वणिक्सुत इति॥ अथैतद्गाथाव्याख्यानाय मण्डलेत्यादिगाथानवकमाह । एतद् गाथानवकं कथाऽनन्तरं लिखितं ज्ञातव्यम् । मण्डलेत्यादि ।**

**ગાથાર્થ**– આદિ શબ્દથી સુમતિ અંધ, રાજાની મંત્રીની શોધ, શ્રવણ, તેને બોલવવું, બોર-અશ્વ અને કન્યા ત્રણથી મંત્રીની પરીક્ષા, વૃત્તિનું માપ તે ઉપરથી તું વણિકપુત્ર છે એમ કહેવું. (૧૫૦)

આદિ શબ્દથી સુમતિ નામનો બ્રાહ્મણ પારિણામિકી બુદ્ધિમાં ઉદાહરણ છે. તે બ્રાહ્મણ કેવો છે? તે આંધળો છે. તો પછી પારિણામિકી બુદ્ધિમાં કેવી રીતે ઉદાહરણ રૂપ બન્યો તેને કહે છે. પ્રાપ્ત થયું છે રાજ્ય જેને એવા સમુદ્રદેવ રાજાને મંત્રીની જરૂરીયાત ઉત્પન્ન થઇ. સુમતિની બુદ્ધિમતાની પ્રસિદ્ધિ રાજાએ સાંભળી અને તેને બોલાવ્યો. પછી રાજાએ બોર, અશ્વ અને કન્યાની વિશેષ પરીક્ષા માટે તેની નિમણુંક કરી. તેની બુદ્ધિનો નિશ્ચય થયા પછી ખુશ થયેલા રાજાએ એક માણક લોટ, પલ પ્રમાણ ગુડ, કર્ષક પ્રમાણ ઘીના દાન સ્વરૂપ પ્રથમ આજીવિકા બાંધી આપી પછી તેની આજીવિકા બમણા ક્રમથી કરી આપી. અને ત્રીજી વખત ચાર ગણી બાંધી આપી. પછી પરમાર્થને પામેલા સમુતિએ રાજાને કહ્યું: હે દેવ ! તમે વણિક પુત્ર છો.

હવે આ ગાથાનું વ્યાખ્યાન કરવા માટે મંડલ એ પ્રમાણેની નવ ગાથાને કહે છે. આ નવગાથા કથાનક પછી કહેલી છે. વરસના બાકીના મહીનાઓ કરતા વસંત માસ ઉત્તમ છે તેમ બાકીના રાજાઓ કરતાં શ્રેષ્ઠ એવો સમુદ્રદેવ નામનો રાજા વસંતપુરમાં રાજ્ય કરે છે. બાળ હોવા છતાં પણ પુણ્યના વશથી, પરાક્રમ ગુણથી અને સમુચિત સ્થાનોમાં લોકોની સેવા કરવાથી તેને રાજ્ય પ્રાપ્ત થયું. સ્વયં જ રાજ્ય કાર્યોની ચિંતા કરતા મને શું સુખ પ્રાપ્ત થાય ? એ પ્રમાણે ચિંતામાં પડેલો મંત્રીની શોધ કરવા લાગ્યો. અને વળી– મહાવતોના શિક્ષણથી જેમ હાથીઓ માર્ગમાં સારી રીતે ચાલે છે તેમ નિપુણ મંત્રીઓની મંત્રણાથી લોકમાં રાજ્યો સારી રીતે ચાલે છે. જેમ અંધકારમાં પડેલી સમસ્ત પણ વિદ્યામાન વસ્તુને આંખ જોઇ શકતી નથી તેમ રાજ્યલક્ષ્મીરૂપી અંધકારમાં પડેલા રાજાઓ રાજ્યની સર્વ વસ્તુઓને સંભાળી શકતા નથી. જેવી રીતે લોકમાં પ્રકાશમાં પડેલી વસ્તુને આંખ યથાસ્થિત જુએ છે તેવી રીતે મંત્રીરૂપી

પ્રકાશને પામેલો રાજા પણ કાર્યોને યથાસ્થિત જુએ છે. તથા– જેને કાર્યને વહન કરનાર વિચક્ષણ-દક્ષ મંત્રી નથી તે રાજાને સારભૂત રાજ્યલક્ષ્મી અને સારંગલોચનાઓ (રાણીઓ)નો સંયોગ ક્યાંથી હોય ?

રાજાએ જનવાદથી સાંભળ્યું કે અહીં સુમતિ નામનો ઉત્તમ બ્રાહ્મણ છે. જેણે પોતાના બુદ્ધિ-પ્રકર્ષના ગુણથી બૃહસ્પતિને જીતી લીધો છે. પરંતુ તે આંધળો છે. રાજાએ તેને ગૌરવપૂર્વક બોલાવ્યો. રાજાને સવારી કરવા યોગ્ય હાથણી ઉપર એક બાજુ બેસાડ્યો. રાજા તે હાથણી ઉપર આરૂઢ થયો અને કહ્યું: માર્ગમાં ઘણાં પાકેલા બોરવાળી બોરડી છે તેથી આપણે બોર ખાવા જઈએ. ખરેખર માર્ગમાં જતા કોઈપણ મુસાફર લોકવડે તે બોર ખવાતા નથી. (બોરડી માર્ગમાં રહેલી હોય અને માર્ગે જતાં લોકો એ બોરનું ભક્ષણ ન કરે એ ન બને, છતાં લોકો તેનું ભક્ષણ કરતાં નથી) તેથી તેનું ભક્ષણ ઉચિત નથી એમ કહીને સુમતિએ રાજાને નિષેધ કર્યો. રાજાએ તેવા પ્રકારના લોકોને તે બોરના ભક્ષણ કરાવવાના પ્રયોગથી બોરનો સ્વભાવ જાણ્યો. ખુશ થયેલા રાજાએ તેની એક માણક પ્રમાણ લોટ, પલ પ્રમાણ ગોળ અને કર્ષ પ્રમાણ ઘીની આજીવકિા બાંધી આપી. રાજાની આ પ્રથમ કૃપા છે એમ તેણે સહર્ષ વધાવી લીધી. હવે સજ્જાવેલ અતિદુર્ધર રૂપવાળો અધમ અશ્વ તેની પાસે લઈ જઈને તેની બુદ્ધિની સ્થિરતા જાણવા માટે ફરી બીજી વખત રાત્રીએ પુછ્યું કે "આ વેચાવ છે તે લેવાય કે નહીં ?" તેણે મુખથી માંડીને પાછળના ભાગ સુધી જેટલામાં સ્પર્શ કર્યો તો રૂક્ષવાળવાળો જણાયો એટલે ખરીદવાની ના પાડી. કોમળવાળવાળા ઘોડાઓ જાતિવંત હોય છે, આ ઘોડો મોટો છે તે સાચું પણ જાતિવાન નથી. વિશેષથી સંતુષ્ટ થયેલા રાજાએ તેની આજીવિકા બમણી કરી આપી, અર્થાત્ લોટ આદિનું જે માપ હતું તે બમણું કર્યું.

ફરી કોઈક દિવસે કુળ જાણવા માટે બે કન્યાઓ સુશોભિત કરીને મોકલી કે આ બેમાંથી કઈ પરણવા યોગ્ય છે. પછી તેણે મુખથી માંડીને કેડ સુધી હાથથી ધીમે ધીમે એક કન્યાને સ્પર્શ કર્યો તો પણ તે કંઈપણ ક્ષોભ ન પામી. નિર્લજ્જ માતાની કુક્ષિમાં ઉત્પન્ન થઈ હોવાથી આવા પ્રકારની થઈ છે. એટલે આ વેશ્યાની પુત્રી છે એમ વિચારીને નિષેધ કરાઈ. તે જ પ્રમાણે બીજીને સ્પર્શના કરી ત્યારે તે ઘણી ક્રોધે ભરાઈ અને કઠોર વચનોથી તેણે નિર્ભત્સર્ના કરી કે હે આંધળા ! તું કુલવાન નથી, કેમ કે તું લજ્જા વિનાનો છે. આ ઉત્તમકુળમાં ઉત્પન્ન થઈ છે નહીંતર આવું સુશીલપણું ક્યાંથી હોય ? આનું શીલ કમળ જેવું ઉજ્જ્વળ જ છે એમ તેણે રાજાને જણાવ્યું. રાજાએ હર્ષથી મોટા આડંબરથી લગ્ન કર્યા. કૃપાથી પૂર્વ માણકાદિને બમણું કર્યું. પછી સુમતિએ કહ્યું: હે દેવ ! તું વણિક પુત્ર છે, પણ ભક્તિમાન નથી. 'જેવું મનમાં તેવું હોઠમાં' એ ન્યાયથી અમે કહ્યું છે માટે તમારે અમારા ઉપર કોપ ન કરવો. શંકિત મનવાળા રાજાએ પોતાની માતાને એકાંતમાં પુછ્યું: તેણે પણ સત્ય હકીકત જાણાવી. "આ આ પ્રમાણે કેમ થયું ?" એમ રાજાએ

ફરી પુછ્યું. માતાએ કહ્યું: ઋતુ સમાગમ સમયે શરીર સ્નાન કરી, વિભૂષણ કર્યા પછી હું કુબેરને વિશે અભિલાષવાળી થઇ તથા આ પ્રમાણે શેઠ વિશે અભિલાષવાળી થઈ એમ માતાએ કહ્યું: શેઠની સાથે સંભોગ થયો એમ કેટલાક કહે છે. પરંતુ તેના બીજ (વીર્ય)થી તું નિષ્પન્ન થયો નથી પણ રાજાના વીર્યથી તું ઉત્પન્ન થયો છે. રાજાને માતા ઉપર તિરસ્કાર ઉત્પન્ન થયે છતે સુમતિએ કહ્યું કે હે દેવ ! સ્ત્રીઓ સ્વભાવથી ચંચળ મનવાળી હોય છે. જેવી રીતે ભુખ્યાને રાંધેલા અન્ન ઉપર જેવો અભિલાષ થાય છે તેવી રીતે સ્ત્રીઓને કામુકો ઉપર અભિલાષ થાય છે. સારી રીતે સચવાતું અન્ન બગડ્યા વિનાનું રહે છે તેમ કૌતુકથી રક્ષાયેલી સ્ત્રીઓ શીલવતી રહી શકે છે. આથી જ કહે છે કે–

એકાંત ન હોય, મળવાનો પ્રસંગ ન હોય, પ્રાર્થના કરનાર મનુષ્ય ન હોય તો હે રાજન્! સ્ત્રીઓમાં સતીત્વ પ્રગટે છે. તથા શાસ્ત્રોમાં પણ સંભળાય છે કે કુંતીને પાંચ પાંડુપુત્રો હતા, ચંદ્ર જેવી નિર્મળ કીર્તિવાળા પાંડુવડે એક પણ ઉત્પન્ન કરાયો નથી. તેથી હે સ્વામિન્ ! આનો જે દોષ છે તેના ઉપર તારે નારાજ ન થવું અને કોઈને ન કહેવો. આ દોષ સ્ત્રીઓનો ન ગણાય. મનુ મુનિ આ પ્રમાણે કહે છે– "જારથી સ્ત્રી દોષિત કરાતી નથી, રાજકાર્યથી રાજા દોષિત થતો નથી, મળમૂત્રથી પાણી દોષિત થતું નથી, વેદક્રિયા (કર્મ)થી બ્રાહ્મણ દોષિત થતો નથી. અત્યંત વિચક્ષણ ચેષ્ટાવાળો આ સર્વે મંત્રીઓનો નાયક થયો. તથા આ લોક અને પરલોક અવિરુદ્ધ સુંદર પ્રતિષ્ઠાને પામ્યો. (૧૫૦)"

**मंडलसिद्धी रन्नो, समुद्ददेवस्स केणती सिट्ठं ।**
**सुमती णाम दियवरो, पन्नोऽतिसएण अंधो य ॥१५१॥**

**तस्साणयणं चारुयपक्खम्मि चडावणं परिक्खत्थं ।**
**पक्का पंथे बोरी, नरिंदचलणम्मि पडिसेहो ॥१५२॥**

**न सुहा एसा विन्नासियम्मि तह चेव कह तए णायं ।**
**पंथन्नागहणाओ, किमेत्थ जाणंति निवतोसो ॥१५३॥**

**धूलिक्किरियामाणं, गुलपलघयकरिससंनिरूवणया ।**
**देवपसादो बहुमन्नणत्ति थिरपण्णणाणत्थं ॥१५४॥**

**टाराधिवासपेसण, सव्वुत्तम तप्परिक्ख खररोमो ।**
**णो उत्तिमोति, णाणे पसाय माणादिवुड्ढित्ति ॥१५५॥**

**कन्नारयणे चेवं, वयणादारब्भ सोणिछिवणंति ।**
**धीरत्तणओ वेसासुयणाण पसायवुड्ढित्ति ॥१५६॥**

कुण सेइयं वलं तह, घयस्स चत्तारि चेव य गुलस्स ।
वणियसुयपरिन्नाणाण ताव कोवो जणणिपुच्छा ॥१५७॥

वेसमणे अहिलासो, उउण्हायाए उ सेट्ठिपासणया ।
संभोगो च्चिय अन्ने, ण ताव एत्तो उ संसिद्धो ॥१५८॥

पन्नवणमप्पगासण, ण एत्थ दोसो त्ति कम्मभावाओ ।
कुसलो त्ति तेण ठवितो, मंती सव्वेसिमुवरिं तु ॥१५९॥

अथ गाथाक्षरार्थः—मण्डलसिद्धिस्तथाविधमगधादिदेशस्वामित्वलक्षणा राज्ञः समुद्रदेवस्य प्रथममभूत् । तस्य च मन्त्रिगवेषणपरस्य केनचिच्छिष्टं कथितम् । किमित्याह—सुमतिनामा द्विजवरो ब्राह्मणवरः समस्ति । कीदृश इत्याह—प्राज्ञो बुद्धिमान् अतिशयेन शेषबुद्धिमज्जनापेक्षया । अन्धश्च नयनव्यापारविकलः ॥१५१॥

ततस्तस्य सुमतेरानयनमकारि । ततः 'चारुगपक्खम्मि' त्ति चारुकायाः प्रधानहस्तिन्याः स्वयमेव राज्ञाऽऽरूढायाः पक्षे द्वितीयभागे चटापनमारोपणं कृतम् । तस्य परीक्षार्थं प्रज्ञातिशयस्य पक्का परिणतफला पथि बदरी समस्ति । तत्फलानि भक्षणीयानि भणित्वा नरेन्द्रचलने नरेन्द्रस्य राज्ञश्चलने गन्तुं प्रवृत्तौ सत्यां प्रतिषेधः एतेन विहितः ॥१५२॥

कथमित्याह—न नैव शुभा एषा बदरी । यतः 'विन्नासियम्मि' त्ति विन्यासः परीक्षा कृता । तथा चैवं वृत्ते कथं त्वया ज्ञातमिति प्रश्ने स प्राह —पथि 'अन्याग्रहणात्' पथि वर्त्तमानाया बदर्याः फलानामन्यैरनुपादानात् । किमत्र ज्ञानं कोऽत्रातिशयेनार्थो ज्ञातव्य इत्युत्तरे विहिते नृपतोषो जातः ॥१५३॥

ततः 'धूलिक्किरियामाणंति' धूलिः क्रिया कणिक्का गोधूमानां पीषणेन धूलितया करणात् तस्या माणकं प्रतीतरूपमेव । तथा 'गुलपलघयकरिससंनिरूवणया' इति गुडपलस्य घृतकर्षस्य च संनिरूपणं निर्वाहहेतुतया कृतम् । तेन च देवप्रसादो वर्त्तते इत्युक्त्वा 'बहुमण्णाण' त्ति बहुमानगोचरतया प्रतिपन्नम् । पुनरपि स्थिरप्रज्ञाज्ञानार्थं राज्ञा ॥१५४॥

'टाराहिवासपेसण' त्ति टारस्य खुड्डुकस्य तुरङ्गस्य अधिवासितस्य रात्रौ कृतपूजस्य प्रेषणं कृतं, यथा 'सव्वोत्तमो' त्ति सर्वोत्तमोऽयं तुरङ्गः किं गृह्यतां न वा इति । तेन च 'तप्परिक्ख' त्ति तत्परीक्षा कृता । तत्र खररोमाणि, तस्मिन् नोत्तम इति ज्ञाने जाते सुमतेः प्रसादः कृतो राज्ञा । मानादिवृद्धिरिति द्विगुणमानादीनां पूर्वोक्तानां वृद्धिर्विहितेति ॥१५५॥

तथा कन्यारत्ने च परीक्षितुमारब्धे । एवं तुरङ्गमवत् । 'वदनाद्' मुखाद् आरभ्य 'सोणिच्छिवण' त्ति श्रोणिस्पर्शो विहित इति । ततो धीरत्वादक्षोभाया एकस्या वेश्यासुता इति मतिर्ज्ञानम् । द्वितीयायास्तु तथा स्पर्शप्रारंभे तन्निर्भर्त्सनात् कुलजा इयमिति ज्ञानं समजनि सुमतेः । ततः प्रसादवृद्धिरिति एषा वक्ष्यमाणा जाता ॥१५६॥

यथा राज्ञा पूर्वोक्तवृत्तिदाता कोशाध्यक्षो भणितः—कुरु सेतिका कणिक्कायाः, पलं तथा चैव घृतस्य, चत्वारि चैव गुडस्य पलानि । तेन च तस्य वणिक्सुतत्वपरिज्ञानाद् उक्तं न तावद् देव ! कोपः कार्यः, भण्यते किञ्चिद् इत्थं तुच्छस्य क्रमवृद्धस्य कणिक्कमाण-कादेर्दानात् त्वं वणिक्पुत्र इति ज्ञायते । प्रचुरदातारो राजसूनवः प्रसन्नाः सन्तो भवन्तीति । कोऽत्र प्रत्यय इत्युक्ते राज्ञा, भणितं तेन जननी पृच्छा कर्तुमुचितेति ॥१५७॥

तया तु निर्बन्धगृहीतया उक्तं वैश्रमणेऽभिलाषोऽभूत् । ऋतुस्नातायाः सत्यास्तुशब्दस्य भिन्नक्रमस्य योजनात् । 'सिट्ठिपासणय' त्ति श्रेष्ठिनः पुनर्दर्शनं संजातं, मनागभिलाषश्च तद्गोचर इति । 'संभोगे चिय' त्ति संभोग एव श्रेष्ठिनः संजात इत्यन्ये ब्रुवते, परं न तावद् इतस्तु इत एव श्रेष्ठिसंभोगात् त्वं संसिद्धः, किन्तु राजबीजादपि ॥१५८॥

ततः सम्पन्नापमानस्य तस्य तेन प्रज्ञापनं कृतं यथा, देव ! 'अप्पगासण' त्ति अप्रकाशनीयोऽयमर्थः तथा नात्र दोषः । कुत इत्याह—कर्मभावात् तथाविधदैवपारवश्यात् । ततः कुशल इति कृत्वा तेन स्थापितो मन्त्री मन्त्रिणां सर्वेषामुपरि तु मूर्ध्नि पुनः ॥१५९॥

**ગાથા અક્ષરાર્થ**–સમુદ્રદેવ રાજાને તેવા પ્રકારના માગધાદિ દેશનું સ્વામીત્વ પ્રથમ વખત પ્રાપ્ત થયું. મંત્રીને શોધતા રાજાને કોઈકે કહ્યું કે સુમતિ નામનો શ્રેષ્ઠ બ્રાહ્મણ છે. કેવો શ્રેષ્ઠ છે ? શેષ બુદ્ધિવાળાઓની અપેક્ષાએ અતિશય બુદ્ધિમાન છે અને અંધ છે. (૧૫૧)

પછી તેણે સુમતિને બોલાવ્યો અને ઉત્તમ હાથણી ઉપર સ્વયં જ રાજા વડે આરૂઢ કરાવાયો અને બીજે પડખે તેને બેસાડ્યો. તેની પ્રજ્ઞાતિશયની પરીક્ષા માટે 'માર્ગમાં એક પાકેલા ફળવાળી બોરડીના બોર ખાવા જેવા છે' એમ બોલીને રાજા જેટલામાં બોર ખાવા ચાલ્યો તેટલામાં સુમતિએ તેને અટકાવ્યો. (૧૫૨)

બોર કેમ ન ખાવા ? સુમતિએ પરીક્ષા કરી કે આ બોરડી સારી નથી. આ પ્રમાણે કહ્યે છતે રાજાએ પ્રશ્ન કર્યો કે તેં કેવી રીતે જાણ્યું ? સુમતિ કહે છે– માર્ગમાં રહેલી બોરડીના ફળો કોઈએ લીધા નહીં હોવાથી. અહીં જ્ઞાન કેવી રીતે થયું ? અતિશયથી અહીં પદાર્થ જાણવા યોગ્ય છે. જેમકે– જો બોરડીના ફળો ઉત્તમ હોત તો કોઇ મુસાફરોએ એ બોર રહેવા ન દીધા હોત. આવા અનુમાનના અતિશયથી જણાય છે કે બોર સારા નથી. આ ઉપરથી રાજાને સંતોષ થયો. (૧૫૩)

પછી તેણે માણક પ્રમાણ ઘઉંના લોટની, પલપ્રમાણ ગુડની, એક કર્ષ પ્રમાણ ઘીની આજીવિકા બાંધી આપી, સુમતિએ પણ રાજાનો પ્રસાદ થયો એમ બહુમાન બતાવ્યું. (૧૫૪)

પછી સ્થિરપ્રજ્ઞાની પરીક્ષા માટે રાત્રે સજ્જ કરાયેલા નાના ઘોડાને મોકલ્યો અને પુછ્યું: આ ઘોડો સર્વોત્તમ છે તો ખરીદવો કે નહીં ? તેની પરીક્ષા કરી. કહ્યું કે આ રૂક્ષવાળવાળો હોવાથી ઉત્તમ નથી. સુમતિને આવું જ્ઞાન થયે છતે, રાજાએ તેના ઉપર કૃપા કરી. પૂર્વે કહેવાયેલ માનથી બમણું પ્રમાણ કર્યું. (૧૫૫)

પછી અશ્વની જેમ બે કન્યા રત્નની પરીક્ષા કરી. મુખથી માંડી કટિ સુધી સ્પર્શ કર્યો. એકને ક્ષોભ ન થવાથી જાણ્યું કે આ વેશ્યાની પુત્રી છે. બીજીને સ્પર્શી એટલે તેણીએ નિર્ભર્ત્સના કરી તેથી તેણે જાણ્યું કે તે કુલવાન છે. આ કહેતા તેના (રાજાના) પ્રસાદની વૃદ્ધિ થઇ. (૧૫૬)

પૂર્વોક્ત વૃત્તિદાતા કોશાધ્યક્ષને રાજાએ કહ્યું: આને લોટની ચાર સેતિકા કરો, તે જ પ્રમાણે ઘીના ચાર પલ અને ગુડના ચાર પલ પ્રમાણે આજીવિકા કરો. અને તેણે રાજાને વાણિયાનો છોકરો છે એમ કહ્યું તથા હે રાજન્ ! આવું બોલતા મારા ઉપર તમારે કોપ ન કરવો. લોટ આદિના માપમાં વણિયાની જેમ થોડો થોડો વધારો કરવાથી તું વણિકપુત્ર છે એમ જણાય છે. ખુશ થયેલા રાજપુત્રો પ્રચુર દાન આપે છે. 'અહીં શું સાચું છે ? એમ રાજાએ કહ્યું ત્યારે સુમતિએ કહ્યું કે માતાને પૂછીને ખાત્રી કર. (૧૫૭)

ઘણા આગ્રહથી પુછાયેલી માતાએ કહ્યું કે વૈશ્રમણ વિષે મને અભિલાષ થયો હતો. અને ઋતુસ્નાતા થયે છતે શ્રેષ્ઠીનું દર્શન થયું અને તેના વિષે કંઇક અભિલાષ થયો. તુ શબ્દ ભિન્ન ક્રમમાં છે. બીજા આચાર્યો કહે છે કે શ્રેષ્ઠીની સાથે સંભોગ થયો. પરંતુ તું આ શ્રેષ્ઠીના સંભોગથી ઉત્પન્ન નથી થયો પરંતુ રાજાના વીર્યથી ઉત્પન્ન થયો છે. (૧૫૮)

પછી ખેદને પામેલા રાજાને બોધ આપ્યો કે હે દેવ ! આ વસ્તુ તમારે કોઇને જણાવવી નહીં તથા અહીં કોઇ દોષ નથી. કેમ દોષ નથી ? તેવા પ્રકારની કર્મની પરવશતા હોવાથી. પછી સુમતિ કુશળ (નિપુણ) છે એમ જાણીને તેને સર્વ મંત્રીઓનો નાયક બનાવ્યો.(૧૫૯)

**आह—कथं तेनान्धेन सता एवंविधा विशेषा निर्णयपदमानीताः? इत्याशङ्क्य प्रतिवस्तूपमामाह—**

**दूरनिहित्तं पि निहिं, तणवल्लिसमोत्थयाए भूमीए ।**
**णयणेहिं अपेच्छंता, कुसला बुद्धीए पेच्छंति ॥१६०॥**

**'दूरनिहितमपि' गंभीरभूमिभागगर्भनिक्षिप्तमपि 'निधिं' हिरण्यादिनिक्षेपरूपं 'तृण-वल्लिसमवस्तृतायां भूमौ' तृणैर्वल्लिभिश्च सर्वतः संछन्नायां वसुंधरायां 'नयनाभ्यां'**

लोचनाभ्यां साक्षाद् अप्रेक्षमाणा अपि 'कुशला' विशदहृदया जना बुद्ध्या तथाविधौष्मादि-लिङ्गोपलम्भात् 'प्रेक्षन्ते' निश्चिन्वन्तीति । यतः—"पेच्छंता वि न पेच्छंति लोयणा हियय-चक्खुपरिहीणा । हिययं पुण लोयणवज्जियं पि दूरं पलोएइ ॥१॥" ॥१६०॥

॥ इति पारिणामिकीबुद्धिज्ञातानि समाप्तानि ॥४॥

તે અંધ હોવા છતાં કેવી રીતે મહત્ત્વના નિર્ણયો કરી શક્યો ? એ પ્રમાણે શંકા કરીને સમાનવસ્તુની ઉપમાને કહે છે—

ઘાસ અને વેલડીઓ ઊગેલી ભૂમિમાં ઊંડે દટાયેલા નિધિને ચક્ષુથી નહીં જોવા છતા કુશળ પુરુષો બુદ્ધિથી જુએ છે. (૧૬૦)

ગંભીર ઊંડાણવાળી ભૂમિમાં સુવર્ણાદિ નિધિ દટાયેલું હોય. તે ભૂમિ તૃણ-વેલડી આદિથી સારી રીતે ઢંકાયેલી હોય, બે આંખોથી સાક્ષાત્ જોવામાં ન આવતું હોય તો પણ કુશળ પુરુષો બુદ્ધિથી એટલે કે તેવા પ્રકારના ઉષ્ણતાદિ લિંગોથી નિશ્ચય કરે છે. કહ્યું છે કે "હૃદયરૂપી ચક્ષુથી પરિહીન (= રહિત) ચર્મચક્ષુ જોવા છતાં જોઇ શકતી નથી જ્યારે ચર્મચક્ષુ વિનાનું હૃદય ઘણા દૂર સુધી જોઇ શકે છે." (૧૬૦)

(એ પ્રમાણે પારિણામિકી બુદ્ધિનાં ઉદાહરણો પૂર્ણ થયા.)

अथ बुद्धिवक्तव्यतामुपसंहरन्नेतज्ज्ञातश्रवणफलमाह—

**कयमेत्थ पसंगेणं, एमादि सुणंतगाण पाएणं ।**
**भव्वाण णिउणबुद्धी, जायति सव्वत्थ फलसारा ॥१६१॥**

कृतं-पर्याप्तमत्र-ज्ञातनिर्देशे प्रसङ्गेनातिप्रपञ्चभणनलक्षणेन, अनाद्यनन्तकाले भूतभवद्भविष्यतां प्रस्तुतबुद्धिज्ञातानामानन्त्येन ज्ञातुं वक्तुं वा अशक्यत्वात् । प्रतिबुद्धेरेकैकज्ञातभणनेऽपि प्रस्तुतबोधसम्भवात् किं ज्ञातभूयस्त्वमित्याशङ्क्याह—'एमाइ' त्ति एवमादि-निर्दिष्टज्ञातमुख्यं बुद्धिज्ञातजातमन्यदपि श्रृण्वतां-सम्यग् आकर्णयतां सतां प्रायेण-बाहुल्येन भव्यानां-रक्तद्विष्टत्वादिदोषवर्जितत्वेन श्रवणयोग्यानां जीवानाम्। किमित्याह—निपुणबुद्धिर्जिज्ञासितवस्तुगर्भग्राहकत्वेन निपुणा सूक्ष्मा मतिर्जायते-समुल्लसति सर्वत्र-धर्मार्थादौ 'फलसारा'ऽवश्यम्भाविसमीहितफललाभसुन्दरा। प्रायोग्रहणं निकाचितज्ञानावरणादिकर्मणां माषतुषादीनामेतच्छ्रवणेऽपि तथाविधबुद्ध्युद्भवाभावेन मा भूद् व्यभिचार इति। परमेतज्जिज्ञासापि महाफलैव, यथोक्तं, "जिज्ञासायामपि ह्यत्र, किंचित् कर्म निवर्त्तते । नाक्षीणपाप एकान्तात्, प्राप्नोति कुशलां धियम् ॥१॥"॥१६१॥

**હવે બુદ્ધિ સંબંધી વર્ણનનો ઉપસંહાર કરતા ગ્રંથકાર ઉક્ત દૃષ્ટાંતોના શ્રવણનું ફલ કહે છે –**

**ગાથાર્થ–** અહીં પ્રસંગથી સર્યું. ઇત્યાદિ સાંભળનારા ભવ્યજીવોને સર્વત્ર ફલસારા નિપુણબુદ્ધિ પ્રાયઃ વધે છે.

**ટીકાર્થ– અહીં પ્રસંગથી સર્યું–**બુદ્ધિસંબંધી દૃષ્ટાંતોના કથનમાં અતિવિસ્તારથી કહેવાથી સર્યું. કારણકે અનાદિ-અનંતકાળમાં ભૂતકાળમાં થયેલાં, વર્તમાનમાં થતાં અને ભવિષ્યમાં થનારાં પ્રસ્તુત બુદ્ધિસંબંધી દૃષ્ટાંતો અનંત હોવાથી એ બધાં દૃષ્ટાંતોને જાણવાનું અને કહેવાનું અશક્ય છે.

**પ્રશ્ન–** દરેક બુદ્ધિનું એક એક દૃષ્ટાંત કહેવામાં આવે તો પણ પ્રસ્તુત બોધ થઇ શકે છે. તો પછી ઘણાં દૃષ્ટાંતો કહેવાથી શું ?

**ઉત્તર–** અહીં કહેલાં દૃષ્ટાંતો અને બીજા પણ બુદ્ધિનાં દૃષ્ટાંતોને સારી રીતે સાંભળનારા ભવ્યોને પ્રાયઃ સર્વત્ર ફલસારા નિપુણબુદ્ધિ થાય છે.

**ભવ્યોને–** રાગ-દ્વેષ આદિ દોષોથી રહિત હોવાના કારણે શ્રવણ કરવાને યોગ્ય જીવોને.

**સર્વત્ર–** ધર્મ અને ધન વગેરે સર્વકાર્યોમાં.

**ફલસારા–** અવશ્ય થનારા ઇષ્ટ ફલના લાભથી સુંદર.

**નિપુણબુદ્ધિ–** જાણવાને ઇચ્છેલી વસ્તુના રહસ્યને ગ્રહણ કરનારી હોવાથી સૂક્ષ્મ બુદ્ધિ. નિકાચિત જ્ઞાનાવરણીય આદિ કર્મવાળા માષતુષ વગેરેને આ સાંભળવા છતાં તેવા પ્રકારની બુદ્ધિ ઉત્પન્ન ન થાય. આથી વ્યભિચાર(=બુદ્ધિ ઉત્પન્ન થાય એવા નિયમનો ભંગ) ન થાય એ માટે અહીં 'પ્રાયઃ' એમ કહ્યું છે. પણ નિપુણબુદ્ધિને જાણવાની ઇચ્છા પણ મહાફલવાળી જ છે. કહ્યું છે કે– **"નિપુણબુદ્ધિ સંબંધી [1]જિજ્ઞાસા પણ થતાં કંઇક કર્મ ઘટી જાય છે. જેનાં પાપોનો જરા પણ ક્ષય થતો નથી તેવો પુરુષ મુક્તિમાર્ગને અનુસરનારી બુદ્ધિને નિયમા પામતો નથી. જેનાં થોડાં પણ પાપોનો ક્ષય થયો છે તેવો જ જીવ કુશલબુદ્ધિને =મુક્તિમાર્ગને અનુસરનારી બુદ્ધિને પામે છે."(યો. બિ. ગા. ૧૦૩) (૧૬૧)**

**उपायन्तरमपि बुद्धिवृद्धावबन्ध्यं समस्तीति ज्ञापयन्नाह —**

**भत्तीए बुद्धिमंताण तहय बहुमाणओ य एएसिं ।**
**अपओसयसंसाओ, एयाण वि कारणं जाण ॥१६२॥**

૧. જિજ્ઞાસા પણ થતાં એ સ્થળે પણ શબ્દનો અર્થ આ પ્રમાણે છે– જો નિપુણ બુદ્ધિ સંબંધી જિજ્ઞાસા પણ થતાં કંઇક કર્મ ઘટી જાય છે, તો નિપુણબુદ્ધિની પ્રાપ્તિ થતાં કર્મ ઘટી જાય એમાં તો શું કહેવું ?

'भक्त्या' उचितान्नपानादिसम्पादनपादधावनग्लानावस्थाप्रतिजागरणादिरूपया 'बुद्धिमतां' प्रस्तुतबुद्धिधनानां, तथा चेति समुच्चये, 'बहुमानत'श्चिन्तारत्नकाम-दुघादिवस्तुभ्योऽपि समधिकादुपादेयतापरिणामात् । चकारोऽवधारणार्थो भिन्नक्रमश्च। तत एतेषामेव बुद्धिमतां तथा 'अप्रद्वेषप्रशंसात' इति अप्रद्वेषाद् अमत्सराद् ईर्ष्यापरिहार-लक्षणात्, प्रशंसातश्च अहो धन्याः पुण्यभाज एते ये एवं पुष्कलमतिपरीततया स्वपरोपकारपरा वर्त्तन्त इति बुद्धिर्जायते इति प्रक्रमः । ननु बुद्धिमद्विषया भक्त्यादयोऽपि कथमाविर्भवन्तीत्याह—'एतेषामपि' भक्त्यादीनां 'कारणं' हेतुर्वर्त्तते इति 'जानीहि' समवबुध्यस्व भो भोः ! अन्तेवासिन् !॥१६२॥

બુદ્ધિની વૃદ્ધિમાં બીજો પણ અવન્ધ્ય (=નિષ્ફલ ન જાય તેવો) ઉપાય છે એમ જણાવતા ગ્રંથકાર કહે છે–

ગાથાર્થ– નિપુણ બુદ્ધિમાન પુરુષોની ભક્તિથી, બહુમાનથી, ઈર્ષ્યાના અભાવથી અને પ્રશંસાથી બુદ્ધિ વધે છે. ભક્તિ આદિ પ્રગટવાનાં પણ કારણો છે એમ તું જાણ.

**ટીકાર્થ– ભક્તિથી**– યોગ્ય આહાર-પાણી વગેરે મેળવી આપવા, ચરણપ્રક્ષાલન, માંદગીમાં સેવા કરવી વગેરે ભક્તિથી.

**બહુમાનથી**– નિપુણ બુદ્ધિમાન પુરુષો ચિંતામણિરત્ન, કામધેનુ વગેરે વસ્તુઓથી પણ અધિક ઉપાદેય છે =ઉપાસનીય છે એવા પરિણામથી.

**પ્રશંસાથી**– પ્રશંસા કરવાથી. અહો ! આ ધન્ય છે ! પુણ્યના ભાગી છે કે જેઓ આ પ્રમાણે ઘણી બુદ્ધિથી યુક્ત હોવાના કારણે સ્વ-પરનો ઉપકાર કરવામાં તત્પર રહે છે. આવી પ્રશંસા કરવાથી બુદ્ધિ થાય છે, અર્થાત્ બુદ્ધિ વધે છે. આ પ્રમાણે પ્રસ્તુત છે.

**પ્રશ્ન**– નિપુણબુદ્ધિમાન પ્રત્યે ભક્તિ વગેરે પણ કેવી રીતે પ્રગટે ?

**ઉત્તર**- હે શિષ્ય ! નિપુણબુદ્ધિમાન પ્રત્યે ભક્તિ વગેરે પ્રગટવાનાં પણ (હવે પછીની ગાથામાં કહેવાશે તે) કારણો છે એમ તું જાણ. (૧૬૨)

**के इत्याह—**

**कल्लाणमित्तजोगो, एयाणमिमस्स कम्मपरिणामो ।**
**अणहो तहभव्वत्तं, तस्सवि तहपुरिसकारजुयं ॥१६३॥**

'कल्याणमित्रयोगः' स्वपरयोः सर्वदा श्रेयस्कराणां सुहृदां साधुसाधर्मिकस्वरूपाणां योगः सम्बन्धः, तत्सम्बन्धस्य सर्वानुचितनिरोधेन उचितप्रवृत्त्यसाधारणकारणत्वाद् 'एतेषां' भव्यानाम् । ननु कल्याणमित्रयोगस्य कारणं 'कर्मपरिणामः' भवान्तरोपात्तदैवपरिणति-

**रूपः, 'अनघः' पुण्यानुबन्धित्वेन सुवर्णघटाकारतया निर्दोषः। नहि अनीदृशकर्मणो जन्तवः कल्याणमित्रयोगवन्तो जायन्त इति । एषोऽपि किंनिबन्धन इत्याह—'तथाभव्यत्वं तस्यापि' अनघकर्मपरिणामस्य कारणं भव्यत्वं नाम सिद्धिगमनयोग्यत्वं अनादिः पारिणामिको भावः । तथाभव्यत्वं तु एतद् एव विचित्रं द्रव्यक्षेत्रादिभेदेन जीवानां बीजाधानादिहेतुः । कीदृशमित्याह —'तथापुरुषकारयुतं ' तथा तत्प्रकारोऽनन्तरपरम्परादिभेदभाक्फलहेतुर्यः पुरुषकारो जीववीर्योल्लासरूपश्चरमपुद्गलपरावर्त्तवशसमुन्मीलितः तेन युतम् । सर्वेषामपि भव्यानां तथाभव्यत्वमस्त्येव, परं तथाविधपुरुषकारविकलं न प्रकृतकर्मपरिणामहेतुतया सम्पद्यत इति प्रस्तुतविशेषणोपादानं कृतिमिति ॥१६३॥**

નિપુણબુદ્ધિમાન પ્રત્યે ભક્તિ વગેરે પ્રગટવાનાં ક્યાં કારણો છે તે કહે છે–

**ગાથાર્થ–** કલ્યાણ મિત્રનો યોગ બુદ્ધિમાન પ્રત્યે ભક્તિ વગેરે પ્રગટવાનું કારણ છે. કલ્યાણ-મિત્રના યોગનું કારણ શુદ્ધકર્મપરિણામ છે. શુદ્ધકર્મપરિણામનું પણ કારણ તેવા પ્રકારના પુરુષાર્થથી યુક્ત તથાભવ્યત્વ છે.

**ટીકાર્થ– કલ્યાણમિત્રનો યોગ-** સ્વપરનું સદા કલ્યાણ કરનારા સાધુ-સાધર્મિક રૂપ મિત્રોનો સંબંધ. આવા મિત્રોનો સંબંધ સર્વ અનુચિત પ્રવૃત્તિને રોકીને ઉચિત પ્રવૃત્તિનું અસાધારણ કારણ હોવાથી બુદ્ધિમાન પુરુષો પ્રત્યે ભક્તિ વગેરે પ્રગટવાનું કારણ છે.

**પ્રશ્ન–** કલ્યાણ મિત્રના યોગનું પણ શું કારણ છે ? અર્થાત્ કયા કારણથી કલ્યાણમિત્રનો યોગ થાય ?

**ઉત્તર–** કલ્યાણમિત્રના યોગનું કારણ ભવાંતરમાં બાંધેલાં કર્મોનો શુદ્ધ પરિણામ છે, અર્થાત્ ભવાંતરમાં બાંધેલાં કર્મોનો શુદ્ધ ઉદય થાય તો કલ્યાણ મિત્રનો યોગ થાય.

**પ્રશ્ન–** શુદ્ધકર્મપરિણામ કોને કહેવાય ?

**ઉત્તર–** જે કર્મપરિણામ પુણ્યનો અનુબંધ કરાવનાર હોવાથી [1]**સુવર્ણઘટ** સમાન હોવાના કારણે નિર્દોષ હોય તે શુદ્ધકર્મપરિણામ છે. આવા પ્રકારના કર્મપરિણામથી રહિત જીવો કલ્યાણમિત્રના યોગવાળા થતા નથી.

**પ્રશ્ન–** શુદ્ધકર્મપરિણામનું શું કારણ છે ? અર્થાત્ કયા કારણથી શુદ્ધકર્મપરિણામ થાય?

૧. માટીનો ઘડો ભાંગે તો નકામો જાય છે, પણ સોનાનો ઘડો ભાંગે તો નકામો જતો નથી. કેમકે સુવર્ણનો ભાવ ઉપજે છે. તેમ પુણ્યાનુબંધી પુણ્યના ઉદયવાળા જીવની ધર્મક્રિયા તેવા પ્રકારના કર્મના ઉદયથી બંધ થઇ જાય તો પણ ક્રિયા કરવાનો ભાવ જતો નથી. માટે અહીં પુણ્યનો અનુબંધ કરાવનાર કર્મપરિણામને સુવર્ણઘટ સમાન કહ્યો છે.

**ઉત્તર**— શુદ્ધ કર્મપરિણામનું કારણ તેવા પ્રકારના પુરુષાર્થથી યુક્ત તથાભવ્યત્વ છે.

ભવ્યત્વ એટલે મોક્ષગમનની યોગ્યતા. ભવ્યત્વ એ [1]જીવનો અનાદિ પારિણામિક ભાવ છે. (દરેક ભવ્ય જીવમાં ભવ્યત્વ=મોક્ષગમનની યોગ્યતા હોવા છતાં સમાન=એક જ સરખી નથી હોતી. દરેક જીવમાં યોગ્યતા ભિન્ન-ભિન્ન હોય છે. દરેક જીવની વ્યક્તિગત યોગ્યતા જુદી જુદી હોય છે. દરેક જીવની મોક્ષ પામવાની વ્યકિતગત યોગ્યતા એટલે જ તથાભવ્યત્વ. દરેક જીવની મોક્ષ પામવાની વ્યક્તિગત યોગ્યતા જુદી જુદી હોવાથી દરેકનું તથાભવ્યત્વ પણ જુદું જુદું હોય છે. આથી જ ટીકાકાર કહે છે કે) વિચિત્ર ભવ્યત્વ જ તથાભવ્યત્વ છે. આ તથાભવ્યત્વ દ્રવ્ય-ક્ષેત્ર આદિના ભેદથી જીવોના [2]**બીજાધાન** આદિનું કારણ છે.

**તેવા પ્રકારના પુરુષાર્થની યુક્ત**— અહીં તેવા પ્રકારનો એટલે અનંતર અને પરંપર આદિ ભેદવાળા ફલનો હેતુ. જીવ તેવા પ્રકારનો પુરુષાર્થ કરે છે કે જેથી તે પુરુષાર્થથી તેને અનંતર અને પરંપર એમ બે પ્રકારના ફળની પ્રાપ્તિ થાય છે. રાગાદિ દોષોની હાનિ વગેરે અનંતર ફળની અને સ્વર્ગાદિની પ્રાપ્તિ રૂપ પરંપર ફળની પ્રાપ્તિ થાય છે. માટે ટીકામાં **तत्प्रकारोऽनन्तरपरम्परादिभेदभाक्फलहेतुर्यः** એમ જણાવ્યું છે. (આદિ શબ્દથી આ ભવ સંબંધી અને પરભવસંબંધી ફળની પ્રાપ્તિ સમજવી.)

પુરુષાર્થ એટલે જીવનો વીર્યોલ્લાસ. જીવનો વીર્યોલ્લાસ ચરમ પુદ્ગલ પરાવર્તમાં પ્રગટે છે. બધાય ભવ્યોનું તથાભવ્યત્વ છે જ. પણ તેવા પ્રકારના પુરુષાર્થથી રહિત તે પ્રસ્તુત કર્મપરિણામનું કારણ થતું નથી. માટે પ્રસ્તુતમાં તથાભવ્યત્વનું 'તેવા પ્રકારના પુરુષાર્થથી યુક્ત' એવું વિશેષણ ગ્રહણ કર્યું છે. (૧૬૩)

**ननु कथमित्थं अनेककारणा बुद्धिर्जाता इत्याशङ्क्य सर्वमेव कार्यमनेककालादिकारणजन्यमिति दर्शयन्नाह—**

**कालो सहावनियई, पुव्वकयं पुरिसकारणेगंता ।**
**मिच्छत्तं ते चेव उ, समासओ होंति सम्मत्तं ॥१६४॥**

---

१. **जीवभव्याभव्यत्वादीनि च** ( तत्त्वार्था. २-७ )

૨. બીજાધાન એટલે યોગબીજોનું ગ્રહણ કરવું. (યોગબીજોના વિશેષબોધ માટે યોગદૃષ્ટિ સમુચ્ચય ગાથા ૨૨ વગેરે જુઓ.) કોઇ જીવ તીર્થંકરનું નિમિત્ત પામીને, કોઇ જીવ આચાર્યનું નિમિત્ત પામીને યોગબીજોને ગ્રહણ કરે છે. આ દ્રવ્યભેદ છે. કોઇ જીવ ભરતક્ષેત્રમાં તો કોઇ જીવ મહાવિદેહ ક્ષેત્રમાં યોગબીજોને ગ્રહણ કરે છે. આ ક્ષેત્ર ભેદ છે. કોઇ જીવ અવસર્પિણીમાં તો કોઇ જીવ ઉત્સર્પિણીમાં યોગબીજોને પામે છે. આ કાલભેદ છે. આવા ભેદનું કારણ તથાભવ્યત્વ છે.

कालस्वभावनियतिपूर्वकृतपुरुषकाररूपा एकान्ताः सर्वेऽप्येककाः मिथ्यात्वं, तत एव समुदिताः परस्परात्यजत्वृत्तयः सम्यक्त्वरूपतां प्रतिपद्यन्ते ।इति गाथातात्पर्यार्थः ।

तत्र काल एव एकान्तेन जगतः कारणमिति कालवादिनः प्राहुः ।तथाहि —सर्वस्य शीतोष्णवर्षवनस्पतिपुरुषादेर्जगतः प्रभवस्थितिविनाशेषु ग्रहोपरागयुतियुद्धोदयास्तमयगमनागमनादौ च कालः कारणम्, तमन्तरेण सर्वस्यास्यान्यकारणत्वाभिमतभावसद्भावेऽप्यभावात् ।तदुक्तं—"कालः पचति भूतानि, कालः संहरते प्रजाः ।कालः सुप्तेषु जागर्त्ति, कालो हि दुरतिक्रमः ॥१॥" असदेतत्, तत्कालसद्भावेऽपि वृष्ट्यादेः कदाचिददर्शनात् ।न च तदभवनमपि तद्विशेषकृतमेव, नित्यैकरूपतया तस्य विशेषाभावात् ।विशेषे वा तज्जननाजननस्वभावतया तस्य नित्यत्वव्यतिक्रमात्, स्वभावभेदाद् भेदसिद्धेः ।न च वायुमण्डलादिकृतो वर्षादिर्विशेषः, तस्याप्यहेतुकतया भावात् ।न च काल एव तस्य हेतुः, इतरेतराश्रयदोषप्रसक्तेः सति कालभेदे वर्षादिभेदहेतोर्ग्रहमण्डलादेर्भेदः, तद्भेदाच्च कालभेद इति परिस्फुटमितरेतराश्रयत्वम् ।अन्यतः कारणाद् वर्षादिभेदेऽभ्युपगम्यमाने न काल एवैकः कारणं भवेदित्यभ्युपगमविरोधः, कालस्य च कुतश्चिद् भेदाभ्युपगमेऽनित्यत्वमित्युक्तम् ।तत्र च प्रभवस्थितिनाशेषु यद्यपरः कालः कारणम्, तदा तत्रापि स एव पर्यनुयोग इत्यनवस्थानाद् न वर्षादिकार्योत्पत्तिः स्यात् ।न चैकस्य कारणत्वं युक्तं, क्रमयौगपद्याभ्यां तद्विरोधात् ।तन्न काल एवैकः कारणं जगतः ॥१॥

अपरे तु स्वभावत एव भावा जायन्त इति वर्णयन्ति ।अत्र यदि स्वभावकारणा भावा इति तेषामभ्युपगमः, तदा स्वात्मनि क्रियाविरोधो दोषः ।नह्यव्युत्पन्नानां तेषां स्वभावः समस्ति ।उत्पन्नानां तु स्वभावसंगतावपि प्राक्स्वभावाऽभावेऽप्युत्पत्तेर्निर्वृत्तत्वाद् न स्वभावस्तत्र कारणं भवेत् ।अथवा कारणमन्तरेण भावा भवन्ति स्वपरकारणनिमित्तजन्मनिरपेक्षतया सर्वहेतुनिराशंसस्वभावा भावा इति शब्दार्थः ।तर्हि प्रत्यक्षविरोधो दोषः। तथा हि— अध्यक्षानुपलम्भाभ्यामन्वयव्यतिरेकतो बीजादिकं तत्कारणत्वेन निश्चितमेव। यस्य हि यस्मिन् सत्येव भावः, यस्य च विकाराद् यस्य विकारः, तत्तस्य कारणत्वमुच्यते। उच्छूनादिविशिष्टावस्थाप्राप्तं च बीजं कण्टकादितैक्ष्णादेरन्वयव्यतिरेकवदध्यक्षानुपलम्भाभ्यां कारणतया निश्चितमिति न स्वभावैकान्तवादोऽपि ज्यायान् ॥२॥

सर्वस्य वस्तुनस्तथा तथा नियतरूपेण भवनाद् नियतिरेव कारणमिति केचित् । तदुक्तं—"प्राप्तव्यो नियतिबलाश्रयेण योऽर्थः, सोऽवश्यं भवति नृणां शुभोऽशुभो वा। भूतानां महति कृतेऽपि हि प्रयत्ने, नाभाव्यं भवति न भाविनोऽस्ति नाशः ॥१॥" असदेतत्, शास्त्रोपदेशवैयर्थ्यप्रसक्तेः, तदुपदेशमन्तरेणाप्यर्थेषु नियतिकृतबुद्धेर्नियत्यैव

भावात् । दृष्टादृष्टफलशास्त्रप्रतिपादितशुभाशुभक्रियाफलनियमाभावश्च स्यात् । इति केवलनियतिवादोऽपि न श्रेयान् ॥३॥

जन्मान्तरोपात्तमिष्टानिष्टफलदं कर्म सर्वजगद्वैचित्र्यकारणमिति कर्मवादिनः । तथा चाहुः—"यथा यथा पूर्वकृतस्य कर्मणः, फलं निधानस्थमिवावतिष्ठते । तथा तथा तत्प्रतिपादनोद्यता, प्रदीपहस्तेव मतिः प्रवर्त्तते ॥१॥" असदेतत्, कुलालादेर्घटादिकारणत्वेनाध्यक्षतः प्रतीयमानस्य परिहारेणापरादृष्टकारणप्रकल्पनयाऽनवस्थाप्रसङ्गतः क्वचिदपि कारणप्रतिनियमानुपपत्तेः । न च स्वतन्त्रं कर्म जगद्वैचित्र्यकारणमुपपद्यते, तस्य कर्त्रधीनत्वात् । न चैकस्वभावात् ततो जगद्वैचित्र्यमुपपत्तिमत्, कारणवैचित्र्यमन्तरेण कार्यवैचित्र्यायोगात् । अनेकस्वभावत्वे च कर्मणो नाममात्रनिबन्धनैव विप्रतिपत्तिः, पुरुष-काल-स्वभावादेरपि जगद्वैचित्र्यकारणत्वेनार्थतोऽभ्युपगमात् । इति कर्मैकान्तवादोऽपि न विचारसहः ॥४॥

अन्ये तु वर्णयन्ति—पुरुष एवैकः सकललोकस्थितिसर्गप्रलयहेतुः प्रलयेऽप्यलुप्तज्ञानातिशयः । तथा चोक्तं "ऊर्णनाभ इवांशूनां, चन्द्रकान्त इवाम्भसां । प्ररोहाणामिव प्लक्षः, स हेतुः सर्वजन्मनाम् ॥१॥" इति ॥ एतदपि न घटते, यतः प्रेक्षापूर्वकारिणां प्रवृत्तिः प्रयोजनवत्तया व्याप्ता, अतः किं प्रयोजनमुद्दिश्यायं जगत्करणे प्रवर्त्तते ? नेश्वरादिप्रेरणात्, अस्वातन्त्र्यप्रसक्तेः; न परानुग्रहार्थम्, अनुकम्पया दुःखितसत्त्वनिर्वर्त्तनानुपपत्तेः । न तत्कर्मप्रक्षयार्थं, दुःखितसत्त्वनिर्माणे प्रवृत्तेस्तत्कर्मणोऽपि तत्कृतत्वेन तत्प्रक्षयार्थं तन्निर्माणप्रवृत्तावप्रेक्षापूर्वकारितापत्तेः । इति नैतद्वादोऽपि विदुषां मनोमोदावहः ॥५॥

अतो न कालाद्येकान्ताः प्रमाणतः सम्भवन्तीति तद्वादो मिथ्यावाद इति । त एवान्योऽन्यसव्यपेक्षा नित्याद्येकान्तव्यपोहेनैकानेकस्वभावकार्यनिर्वर्त्तनपटवः प्रमाणविषयतया परमार्थसन्त इति तद्वादः सम्यग्वाद इति स्थितम् ॥१६४॥

આ પ્રમાણે બુદ્ધિ અનેક કારણોવાળી કેવી રીતે થઇ એવી આશંકા કરીને બધાંય કાર્યો કાળ વગેરે અનેક કારણોથી ઉત્પન્ન થાય છે એમ બતાવતા ગ્રંથકાર કહે છે–

**ગાથાર્થ–** કાળ, સ્વભાવ, નિયતિ, પૂર્વકર્મ અને પુરુષાર્થ આ બધાંય કારણો એકલા મિથ્યાત્વને સ્વીકારે છે, તેથી જ પરસ્પર નહિ છોડવાની વૃત્તિવાળા બનીને ભેગા થયેલાં તે બધાંય કારણો સમ્યક્ત્વને સ્વીકારે છે.

**ટીકાર્થ– અહીં તાત્પર્યાર્થ આ પ્રમાણે છે–** કાળ વગેરેને એકલા (એક એક સ્વતંત્ર) કાર્યના કારણ માનવા એ મિથ્યાત્વ (=ખોટું) છે અને અન્ય કારણોની સાથે સામગ્રીઘટકના રૂપમાં સહકારી કારણ માનવા એ સમ્યક્ત્વ (=સાચું) છે.

## કાળવાદ

તેમાં કાળ જ એકાંતે જગતનું કારણ છે, એમ કાળવાદીઓ કહે છે. તે આ પ્રમાણે– ઠંડી, ગરમી, વર્ષાદ, વનસ્પતિ અને પુરુષ વગેરે સર્વ જગતની ઉત્પત્તિ-સ્થિતિ-વિનાશમાં તથા સૂર્યગ્રહણ, ચંદ્રગ્રહણ, ગ્રહયુતિ, ગ્રહયુદ્ધ, સૂર્યોદય, સૂર્યાસ્ત, ગમન અને આગમન વગેરેમાં કાળ કારણ છે. કાળ વિના કારણ તરીકે અભિમત અન્ય (સ્વભાવ વગેરે) ભાવોની વિદ્યમાનતામાં પણ આ બધાનો અભાવ થાય, અર્થાત્ એ બધાં કારણો હાજર હોય તો પણ કાળ વિના કાર્ય ન કરી શકે. કહ્યું છે કે– (૧) "કાળ ઉત્પન્ન થયેલા પદાર્થોનો પાક કરે છે. પાક એટલે ઉત્પન્ન થયેલા પદાર્થમાં વિદ્યમાન પર્યાયોનું પોષણ. અહીં આશય એ છે કે ઉત્પન્ન થયેલી વસ્તુનું જે સંવર્ધન થાય છે તે કાળથી જ થાય છે. (૨) કાળ ઉત્પન્ન થયેલી વસ્તુઓનો સંહાર કરે છે. સંહાર એટલે વસ્તુમાં વિદ્યમાન પર્યાયોના વિરોધી પર્યાયોને ઉત્પન્ન કરવા. વિરોધી પર્યાયોની ઉત્પત્તિથી વસ્તુના પૂર્વ પર્યાયોની નિવૃત્તિ થાય છે. પૂર્વ પર્યાયોની નિવૃત્તિને જ વસ્તુનો સંહાર કહેવામાં આવે છે. (૩) અન્ય કારણો સુપ્ત હોય = વ્યાપાર રહિત હોય ત્યારે કાળ જ કાર્યોના સંબંધમાં જાગ્રત રહે છે, અર્થાત્ કાર્યને ઉત્પન્ન કરવા માટે વ્યાપાર સહિત રહે છે. આથી સૃષ્ટિ, સ્થિતિ અને પ્રલયના કારણભૂત કાળનું અતિક્રમણ દુષ્કર છે, અર્થાત્ કાળ સૃષ્ટિ આદિનું કારણ છે એ નિયમનો અપલાપ કરી શકાય તેમ નથી."

આ બરોબર નથી. કારણ કે કાળ વિદ્યમાન હોવા છતાં ક્યારેક વર્ષાદ વગેરે કાર્ય જોવામાં આવતું નથી.

**પૂર્વપક્ષ**– કાળ વિદ્યમાન હોવા છતાં વર્ષાદ આદિનો અભાવ કાળવિશેષથી જ કરાયેલો છે.

**ઉત્તરપક્ષ**– કાળ નિત્ય એક સ્વરૂપ હોવાથી કાળનો વિશેષ નથી. અથવા જો કાળનો વિશેષ હોય તો કાળના બે સ્વભાવ થયા. એક ઉત્પન્ન કરવાનો સ્વભાવ અને બીજો ઉત્પન્ન ન કરવાનો સ્વભાવ. આથી તેના નિત્યત્વનું ઉલ્લંઘન થયું. કેમકે વસ્તુના સ્વભાવભેદથી વસ્તુનો ભેદ સિદ્ધ થાય છે.

**પૂર્વપક્ષ**– વર્ષાદ આદિની વિશેષતા વાયુમંડલ આદિથી કરાયેલી છે.

**ઉત્તરપક્ષ**– તમારા મતે કાર્યનું વાયુમંડલ વગેરે પણ કારણ નથી.

**પૂવપક્ષ– વાયુમંડલ**[1] આદિનું કારણ કાળ જ છે.

**ઉત્તરપક્ષ**– ઇતરેતરાશ્રય દોષનો પ્રસંગ આવે. તે આ પ્રમાણે-કાલભેદ હોય તો વર્ષાદિના ભેદનું કારણ એવા ગ્રહમંડલાદિનો ભેદ થાય, અને તેના (ગ્રહમંડલાદિના) ભેદથી કાલભેદ થાય, એમ ઇતરેતરાશ્રય દોષ સ્પષ્ટ છે.

૧. અહીં 'વાયુમંડલ' શબ્દના સ્થાને 'ગ્રહમંડલ' શબ્દ હોવો જોઇએ.

હવે જો વર્ષાદ આદિનો ભેદ અન્ય કારણથી સ્વીકારવામાં આવે તો "કાળ જ એક કારણ છે" એવી પ્રતિજ્ઞામાં વિરોધ થાય. કોઈક કારણથી કાળનો ભેદ સ્વીકારવામાં કાળનું અનિત્યપણું થાય એમ પૂર્વે કહ્યું છે. (જો આ દોષનું નિવારણ કરવા) ઉત્પત્તિ-સ્થિતિ-નાશમાં બીજો કાળ કારણ છે એમ માનવામાં આવે તો તેમાં પણ પ્રશ્ન થાય કે એ બીજા કાળનું કોણ કારણ ? એ બીજા કાળનું કારણ ત્રીજો કાળ કારણ છે એમ કહો તો એ ત્રીજા કાળનું કોણ કારણ ? એમ અનવસ્થા થવાથી વર્ષાદ વગેરે કાર્યની ઉત્પત્તિ ન થાય.

વળી એકનું કારણપણું યુક્તિયુક્ત નથી. કેમકે ક્રમ અને યૌગપદ્ય એ બેથી તેનો વિરોધ છે. (તે આ પ્રમાણે– કાળ ક્રમથી કે યુગપદ્ (=એકી સાથે) એમ બે રીતે કાર્ય કરે. તેમાં ક્રમથી કાર્ય ન ઘટે. ક્રમ દેશક્રમ અને કાળક્રમ એમ બે પ્રકારનો છે. તેમાં એક સ્થળે એક કાર્ય કરીને બીજા સ્થળે બીજું કાર્ય કરવું તેને દેશક્રમ કહેવામાં આવે છે. કાળ જ્યારે એક સ્થાનમાં એક કાર્ય અને બીજા સ્થાનમાં બીજું કાર્ય કરે ત્યારે પૂર્વના (=પહેલાના) સ્થાનમાં પૂર્વકાર્ય કરવાનું જ સામર્થ્ય હોય, ઉત્તર(=પછીના) કાર્યને કરવાનું સામર્થ્ય ન હોય. જો ઉત્તર કાર્યને કરવાનું સામર્થ્ય હોય તો પૂર્વના સ્થાનમાં જ તેની પણ ઉત્પત્તિનો પ્રસંગ આવે. પૂર્વ અને ઉત્તર સ્થાનનો ભેદ હોવાથી કાળના નિત્યત્વની ક્ષતિ થાય.

કાળક્રમથી પણ કાર્ય ન ઘટે. એકવાર કાર્ય કરીને ફરી કાલાંતરે કાર્ય કરવું તેને કાળક્રમ કહેવામાં આવે છે. આમાં કાળનો ભેદ હોવાથી કાળના નિત્યત્વની ક્ષતિ થાય.

યુગપદ્= એકીસાથે પણ કાર્ય કરવાનું ન ઘટે. કાલાંતરે થનારાં સઘળાં કાર્યોને એક જ ક્ષણમાં કરી દેવા તે એકી સાથે કાર્ય કર્યું કહેવાય. કોઇ પણ કાર્ય ક્રમથી થતું દેખાય છે, એકી સાથે થતું દેખાતું નથી. આથી આ પક્ષમાં પ્રત્યક્ષ વિરોધ છે. વળી જો કાળ એકી સાથે કાર્ય કરે તો એક જ સમયમાં બધાં કાર્યોને કરી લીધાં હોવાથી બીજી વગેરે ક્ષણમાં કશું કરવાનું ન રહે. આમાં પણ પ્રત્યક્ષ વિરોધ છે.)

## સ્વભાવવાદ

બીજાઓ તો સ્વાભાવથી જ પદાર્થો ઉત્પન્ન થાય છે એમ કહે છે. અહીં જો "પદાર્થો સ્વભાવથી ઉત્પન્ન થાય છે." એમ તેમને સ્વીકાર્ય હોય તો સ્વભાવમાં ક્રિયાવિરોધ દોષ થાય. તે આ પ્રમાણે– ઉત્પન્ન નહીં થયેલા પદાર્થોમાં સ્વભાવ નથી. ઉત્પન્ન થયેલા પદાર્થોમાં સ્વભાવ ઘટતો હોવા છતાં ઉત્પત્તિની પહેલાં સ્વભાવના અભાવમાં પણ ઉત્પત્તિ થઇ હોવાથી તેમાં (=પદાર્થની ઉત્પત્તિમાં) સ્વભાવ કારણ ન બને. હવે બીજો વિકલ્પ–કારણ વિના જ પદાર્થો ઉત્પન્ન થાય છે. એથી પદાર્થો સ્વ-પરના કારણ અને નિમિત્તની ઉત્પત્તિમાં અપેક્ષા રાખતા નથી. આથી પદાર્થો સર્વ હેતુઓની આશંસાના અભાવ રૂપ સ્વભાવવાળા છે એવો સ્વભાવ શબ્દનો અર્થ છે તો પ્રત્યક્ષ વિરોધ રૂપ દોષ થાય. તે આ પ્રમાણે–પ્રત્યક્ષથી અને અભાવથી અન્વય અને વ્યતિરેકથી બીજ વગેરે કાર્યના કારણ તરીકે નિશ્ચિત જ છે.

(અહીં **अध्यक्षानुपलम्भाभ्यामन्वयव्यतिरेकतो** એ પંક્તિનો અર્થ આ પ્રમાણે છે– **तत् सत्त्वे तत् सत्त्वं** એ અન્વય છે. **तदभावे तदभावः** એ વ્યતિરેક છે. કારણની સત્તામાં કાર્ય થાય છે. એમ અન્વયથી પ્રત્યક્ષ દેખાય છે. કારણના અભાવમાં કાર્યનો અભાવ એમ વ્યતિરેકથી કાર્યનો અભાવ છે.) જેની વિદ્યમાનતામાં જ જેની સત્તા હોય અને જેના વિકારથી જેનો વિકાર હોય તે તેનું કારણ કહેવાય છે. ઉન્નત આદિ વિશિષ્ટ અવસ્થાને પામેલું બીજ કંટક આદિની તીક્ષ્ણતા આદિનું અન્વય–વ્યતિરેકથી પ્રત્યક્ષ અને અભાવથી કારણ રૂપે નિશ્ચિત છે.

**અહીં ભાવાર્થ આ પ્રમાણે છે–** ઉન્નત આદિ વિશિષ્ટ અવસ્થાને પામેલું બીજ હોય તો કંટક આદિની તીક્ષ્ણતા થાય છે એમ અન્વયથી પ્રત્યક્ષ છે. ઉન્નત આદિ વિશિષ્ટ અવસ્થાને પામેલું બીજ ન હોય તો કંટક આદિની તીક્ષ્ણતા થતી નથી એમ વ્યતિરેકથી કંટક આદિની તીક્ષ્ણતાનો અભાવ હોય છે. આમ ઉન્નત આદિ વિશિષ્ટ અવસ્થાને પામેલું બીજ કંટક આદિની તીક્ષ્ણતા આદિના કારણ તરીકે નિશ્ચિત થયેલું છે. આમ સ્વભાવ જ બધા પદોર્થોનું કારણ છે એવો એકાંતવાદ પણ શ્રેષ્ઠ નથી.

## નિયતિવાદ

બધી વસ્તુઓ તે તે પ્રમાણે નિયતરૂપે થતી હોવાથી નિયતિ જ (બધાં કાર્યોનું) કારણ છે. એમ કોઈક કહે છે. કહ્યું છે કે– **"શુભ કે અશુભ જે પદાર્થ પ્રાપ્ત કરવા યોગ્ય છે (=પ્રાપ્ત થવાનું હોય છે) તે પદાર્થ નિયતિ બલના આધારે માણસોને અવશ્ય પ્રાપ્ત થાય છે. જે ન થવાનું હોય તે જીવો ઘણો પ્રયત્ન કરે તો પણ ન જ થાય, અને જે થવાનું હોય તેનો નાશ ન થાય."** આ અસત્ય છે. કેવળ નિયતિને જ કારણ માનવાથી શાસ્ત્રનો ઉપદેશ વ્યર્થ બને. કારણ કે જેણે પદાર્થોમાં નિયતિની બુદ્ધિ કરી છે તેને (પદાર્થોની ઉત્પત્તિ નિયતિથી થાય છે તેવી બુદ્ધિવાળાને) શાસ્ત્રોના ઉપદેશ વિના પણ નિયતિથી જ કાર્યો થઈ જાય. તથા દૃષ્ટ-અદૃષ્ટ ફળને જણાવનારાં શાસ્ત્રોમાં જણાવેલ શુભ-અશુભ ક્રિયાના ફળનો નિયમ પણ ન રહે. અર્થાત્ અમુક શુભ-અશુભ કર્મથી અમુક દૃષ્ટ-અદૃષ્ટ ફલ પ્રાપ્ત થાય છે એવો જે નિયમ શાસ્ત્રોમાં જણાવ્યો છે તે નિયમ વ્યર્થ બને. કારણકે આ વાદમાં નિયતિ સિવાય બીજું કોઈ કારણ નથી.

## કર્મવાદ

જગતની સર્વ વિચિત્રતાનું કારણ અન્યભવમાં ઉપાર્જિત કરેલાં ઈષ્ટ-અનિષ્ટ ફલને આપનારાં કર્મો છે એમ કર્મવાદીઓ માને છે. તેઓ આ પ્રમાણે કહે છે– **"ભંડારમાં ધનની જેમ પૂર્વકૃત કર્મોનું ફલ પહેલાથી જ વિદ્યમાન રહે છે, અને તે ફલ જે જે રૂપે અવસ્થિત રહે છે તે તે રૂપે તેને સુલભ કરવા માટે મનુષ્યની બુદ્ધિ સતત ઉદ્યત રહે છે, અને તે તે પ્રકારે તેને (=ફળને) પ્રાપ્ત કરવા માટે જાણે હાથમાં દીપક લઈને આગળ આગળ ચાલે છે."**

આ અસત્ય છે. કારણ કે ઘટ વગેરેના કુંભાર વગેરે કારણ છે એમ પ્રત્યક્ષ દેખાય છે. પ્રત્યક્ષ કારણને છોડીને અપ્રત્યક્ષ કારણની કલ્પના કરવાથી અનવસ્થાનો પ્રસંગ આવે, અને એથી ક્યાંય પણ કારણનો ચોક્કસ નિયમ ન ઘટે=અમુક કાર્યનું અમુક કારણ છે એમ ચોક્કસ નિયમ ન રહે.

વળી બીજી વાત. સ્વતંત્ર (=એકલું) કર્મ જગતની વિચિત્રતાના કારણ તરીકે ન ઘટી શકે. કારણ કે કર્મ કર્તાને આધીન છે. એકસ્વભાવવાળા તેનાથી જગતની વિચિત્રતા ઘટી શકે નહીં. કારણ કે કારણમાં વિચિત્રતા વિના કાર્યમાં વિચિત્રતા આવે નહિ. હવે જો કર્મ અનેક સ્વભાવવાળું છે એમ જો તમે માનતા હો તો નામમાત્રથી જ વિવાદ છે. કારણકે (કર્મને અનેકસ્વભાવવાળું માનવાથી) પરમાર્થથી પુરુષ, કાળ અને સ્વભાવ વગેરેનો પણ જગતની વિચિત્રતાના કારણ તરીકે સ્વીકાર થઇ જાય છે.

આ પ્રમાણે કર્મરૂપ એકાંતવાદ પણ તત્ત્વનિર્ણય કરવા માટે સમર્થ નથી.

## પુરુષવાદ

બીજાઓ તો કહે છે કે– એક પુરુષ જ સંપૂર્ણ લોકના સ્થિતિ-સર્જન-વિનાશનું કારણ છે. પ્રલયમાં (=જગતના વિનાશમાં) પણ પુરુષના જ્ઞાનાતિશયનો વિનાશ થતો નથી. કહ્યું છે કે– **"જેવી રીતે કરોળિયો તાંતણાઓનું કારણ છે, ચંદ્રકાંતમણિ પાણીનું કારણ છે, વૃક્ષ (બીજ) અંકુરાઓનું કારણ છે, તેવી રીતે ઈશ્વર બધા પદાર્થોની ઉત્પત્તિનું કારણ છે."** (ઈશ્વર જ જગતના સર્જન-પ્રલય-સ્થિતિનું કારણ છે. ઈશ્વર સિવાય બીજું કશું કારણ નથી. કારણરૂપે બીજું જે દેખાય છે તે પણ ઈશ્વરને જ આધીન છે.)

આ પણ ઘટતું નથી. કારણકે વિચારપૂર્વક પ્રવૃત્તિ કરનારાઓની પ્રવૃત્તિ પ્રયોજનવાળી હોય છે. આથી અહીં પ્રશ્ન થાય કે પુરુષ કયા પ્રયોજનથી વિશ્વનિર્માણમાં પ્રવર્તે છે ? અહીં જો એમ કહેવામાં આવે કે ઈશ્વર આદિની પ્રેરણાથી પુરુષ વિશ્વનિર્માણમાં પ્રવૃત્તિ કરે છે તો પુરુષ પરાધીન થયો. (જ્યારે તમે તો તેને સ્વતન્ત્ર માનો છો.)

**પૂર્વપક્ષ**– દયાથી અન્યના અનુગ્રહ માટે વિશ્વનિર્માણમાં પ્રવૃત્તિ કરે છે.

**ઉત્તરપક્ષ**– જો પુરુષ દયાથી વિશ્વનિર્માણ કરતો હોય તો દુઃખી જીવોનું નિર્માણ ન કરે. (તમે માનેલો પુરુષ તો દુઃખી જીવોનું પણ નિર્માણ કરે છે.) આથી દયાથી વિશ્વનિર્માણ કરે છે એ ઘટી શકતું નથી.

**પૂર્વપક્ષ**– દુઃખી જીવોનાં કર્મોનો ક્ષય થઇ જાય એ માટે દુઃખી જીવોનું નિર્માણ કરે છે.

**ઉત્તરપક્ષ**– દુ:ખી જીવોનાં કર્મો પણ પુરુષે જ કરેલાં છે. આનો અર્થ એ થયો કે પહેલાં પુરુષ જીવો પાસે અશુભ કર્મો કરાવે અને પછી તે કર્મોના ક્ષય માટે જીવોને દુ:ખી બનાવે. આવું તો વિચારરહિત પુરુષો જ કરે. આનાથી પુરુષ વિચારરહિત જ પ્રવૃત્તિ કરે છે એમ સિદ્ધ થયું.

આ પ્રમાણે પુરુષવાદ પણ વિદ્વાનના મનને આનંદ પમાડનારો નથી.

આ પ્રમાણે કાળ વગેરે એકલા કારણ તરીકે પ્રમાણથી સિદ્ધ થતા નથી. આથી એકલા કાળ આદિ કારણ છે એવો વાદ મિથ્યાવાદ છે. પરસ્પર એકબીજાની અપેક્ષાવાળા અને નિત્ય વગેરે એકાંતવાદને દૂર કરીને એક-અનેક સ્વરૂપવાળા બનીને કાર્ય કરવામાં કુશળ તે કાળ વગેરે પાંચ પ્રમાણના વિષય બનવાથી પરમાર્થથી સત્ય છે. આ પ્રમાણે કાળાદિવાદ સમ્યગ્વાદ છે એ નિશ્ચિત થયું. (૧૬૪)

**अयं च कालादिकारणकलापो यत्रावतरति तत्स्वयमेव शास्त्रकारः समुपदिशन्नाह—**

**सव्वम्मि चेव कज्जे, एस कलावो बुहेहिं निद्दिट्ठो ।**
**जणगत्तेण तओ खलु, परिभावेयव्वओ सम्मं ॥१६५॥**

**'सर्वस्मिन्' निरवशेषे, चैवशब्दोऽवधारणार्थः, ततः सर्वस्मिन्नेव कुम्भाम्भोरुह-प्रासादाङ्कुरादौ नारकतिर्यग्नरामरभवभाविनि च निःश्रेयसाभ्युदयोपतापहर्षादौ वा बाह्या-ध्यात्मिकभेदभिन्ने कार्ये न पुनः क्वचिदेव 'एष' कालादि'कलापः' कारणसमुदायरूपः 'बुधैः' सम्प्रतिप्रवृत्तदुःषमातमस्विनीबललब्धोदयकुबोधतमःपूरापोहदिवाकराकार-श्रीसिद्धसेनदिवाकरप्रभृतिभिः पूर्वसूरिभिः निर्दिष्टो निरूपितो 'जनकत्वेन' जन्महेतुतया यतो वर्त्तते, 'ततो' जनकत्वनिर्देशात्, 'खलुः' अवधारणे भिन्नक्रमश्च, ततः 'परिभाव-यितव्यकः' परिभावनीय एव, न पुनः श्रुतज्ञानचिन्ताज्ञानगोचरतयैव स्थापनीयः, 'सम्यग्' यथावत्, भावनाज्ञानाधिगतानां भावतोऽधिगततत्त्वसम्भवात् ॥१६५॥**

આ કાળાદિ કારણસમૂહ જ્યાં અવતરે છે (=જ્યાં જરૂરી બને છે) તેનો જાતે જ ઉપદેશ કરતા શાસ્ત્રકાર કહે છે–

**ગાથાર્થ**– બુધોએ સઘળાંય કાર્યોમાં કાળાદિસમૂહને કારણ કહ્યો છે. તેથી કાલાદિસમૂહ સમ્યક્ વિચારણીય જ છે.

**ટીકાર્થ– બુધોએ=** હમણાં પ્રવર્તેલી દુષમારૂપ રાત્રિના બળથી ઉદય પામેલા કુબોધરૂપ અંધકારના પૂરને દૂર કરવા સૂર્ય સમાન શ્રી સિદ્ધસેન દિવાકર વગેરે પૂર્વાચાર્યોએ.

**સઘળાંય**– નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવભવમાં થનારાં બાહ્ય-આધ્યાત્મિક ભેદથી ભિન્ન એવા ઘટ, કમળ, પ્રાસાદ અને અંકુર વગેરે અને મોક્ષ, (સ્વર્ગાદિ) અભ્યુદય, સંતાપ અને હર્ષ વગેરે સઘળાંય કાર્યોમાં કાળાદિસમૂહ અવતરે છે =ઉપયોગી છે, નહિ કે ક્યાંક જ.

**સમ્યક્**=યથાવત્

**વિચારણીય જ છે**= કાળાદિસમૂહ માત્ર શ્રુતજ્ઞાન અને ચિંતાજ્ઞાનથી જ જાણવા યોગ્ય નથી, કિંતુ ભાવનાજ્ઞાનથી જાણવા યોગ્ય છે. કારણ કે ભાવનાજ્ઞાનથી જાણેલું જ પરમાર્થની જાણેલું થાય છે.[1] (૧૬૫)

**अथ प्रसङ्गत एवैतत्कारणकलापान्तर्गतौ सुबोधतया लब्धप्राधान्यौ "सुकृतं धनस्य बीजं व्यवसायः सलिलमथ धृतिर्नीतिः । फलमुपनीय नराणां तत्पाकमुपैति कालेन ॥१॥" इत्यादिवाक्येषु पूर्वाचार्यैरुपन्यस्तौ दैवपुरुषकारावधिकृत्य किञ्चिदाह—**

**एत्तो च्चिय जाणिज्जति, विसओ खलु दिव्वपुरिसगाराणं ।**
**एयं च उवरि वोच्छं, समासतो तंतनीतीए ॥१६६॥**

**'इत एव' कालादिकलापस्य कारणभावप्रज्ञानादेव 'ज्ञायते' निश्चीयते विशदविमर्शवशावदातीभूतमतिभिर्विषयो गोचरः, 'खलु' वाक्यालङ्कारे, 'दैवपुरुषकारयो'र्दैवस्य पुराकृतस्य कर्मणः, पुरुषकारस्य च जीवव्यापाररूपस्य—इयद्दैवस्य फलमियच्च पुरुषकारस्येत्यर्थः । अयं च मतिमद्भिः कथञ्चिद् विज्ञायमानोऽपि न प्रायेण सुखबोधः स्यादिति परिभाव्याह —'एतं' दैवपुरुषकारविषयं, च पुनरर्थे, तत एवं पुनरुपरि एतच्छास्त्राग्रभागे 'जमुदग्गं थेवेण वि कम्मं परिणम'—इत्यादिना ग्रन्थेन 'वक्ष्ये' भणिष्यामि 'समासतः' संक्षेपात् 'तन्त्रयुक्त्या' शास्त्रसिद्धोपपत्तिभिरित्यर्थः, विस्तरभणनस्य दुष्करत्वाद् दुर्बोधत्वाच्च श्रोतृणामिति ॥१६६॥**

**હવે પ્રસંગથી જ આ પાંચ કારણોની અંદર રહેલા, સહેલાઈથી સમજી શકાય તેવા હોવાના કારણે પ્રધાનતાને પામેલા, તથા [2]સુકૃતં ધનસ્ય બીજં ઇત્યાદિ વાક્યોમાં પૂર્વાચાર્યો વડે ઉલ્લેખ કરાયેલા ભાગ્ય અને પુરુષાર્થને આશ્રયીને કંઈક કહે છે—**

**ગાથાર્થ—** આથી જ દિવ્ય-પુરુષનો વિષય જણાય છે. આને ફરી ઉપર(=આગળ) શાસ્ત્રયુક્તિથી સંક્ષેપથી કહીશ.

**ટીકાર્થ— આથી જ**= કાળાદિસમૂહ દરેક કાર્યમાં કારણ છે એવું પ્રકૃષ્ટ જ્ઞાન થવાથી જ.

**દિવ્ય—** પૂર્વે કરેલ કર્મ.

---

૧. શ્રુત આદિ ત્રણ જ્ઞાનનું વિસ્તૃત વર્ણન ૮૮૨ મી ગાથાની ટીકામાં કરવામાં આવશે.

૨. મનુષ્યોનું સુકૃત એ ધનનું બીજ છે, ધીરજપૂર્વક નીતિથી ઉદ્યમ કરવો એ પાણી છે. તે બીજ કાળે કરીને મનુષ્યોના ફળને નજીકમાં લાવીને પાકને પામે છે, અર્થાત્ કરેલું સુકૃત કાળે કરીને ઉચિત પુરુષાર્થથી ફળે છે. (અહીં ભાગ્ય અને ઉચિત ઉદ્યમ એ બંનેથી ફળની સિદ્ધિ થાય છે, એમ જણાવ્યું છે.)

**પુરુષાર્થ**– જીવ વ્યાપાર.

**વિષય**– આટલું કર્મનું ફળ છે અને આટલું પુરુષાર્થનું ફળ છે એવો વિષય.

**જણાય છે**– સ્પષ્ટ વિચારણાથી જેમની મતિ નિર્મલ થયેલી છે તેવા પુરુષોથી નિશ્ચિત કરાય છે. (આટલું કર્મનું ફળ છે અને આટલું પુરુષાર્થનું ફળ છે એમ દિવ્ય-પુરુષનો વિષય નિશ્ચિત કરાય છે.)

આ વિષય બુદ્ધિમાન પુરુષોથી કોઈક રીતે જાણી શકાતો હોવા છતાં પ્રાયઃ કરીને સુખપૂર્વક ન સમજી શકાય એવું વિચારીને ગ્રંથકાર ગાથાના ઉત્તરાર્ધમાં કહે છે– ભાગ્ય–પુરુષાર્થના વિષયને ફરી (ઉપર=) આ શાસ્ત્રના આગળના ભાગમાં "**जमुदग्गं थेवेण वि कम्मं** "(ગાથા ૩૫૦) ઇત્યાદિ ગ્રન્થની શાસ્ત્રસિદ્ધ યુક્તિઓથી સંક્ષેપથી કહીશ.

વિસ્તારથી કહેવાનું દુષ્કર હોવાથી અને વિસ્તારથી કથન શ્રોતાઓને સમજવું કઠીન બને એ માટે સંક્ષેપથી કહીશ. (૧૬૬)

**इत्थं बुद्धिग्रन्थश्रवणोपलब्धबुद्धिर्बुधो यद्विदध्यात् तदाह—**

**बुद्धिजुओ आलोयइ, धम्मट्ठाणं उवाहिपरिसुद्धं ।**
**जोगत्तमप्पणो च्चिय, अणुबंधं चेव जत्तेण ॥१६७॥**

**'बुद्धियुतः' प्राक्प्रतिपादितौत्पत्तिक्यादिमतिपरिगतो जन्तुरालोचयति विमृशति किमित्याह—धर्मस्य सर्वपुरुषार्थप्रथमस्थानोपन्यस्तस्यात एव सर्वसमीहितसिद्ध्यवन्ध्यनिबन्धनस्य श्रुतचारित्राराधनारूपस्य स्थानं विशेषो धर्मस्थानम्, उपाधिभिर्विशेषणैर्द्रव्यक्षेत्रकालभावलक्षणैरुत्सर्गापवादवादास्पदभावमुपगतैः परिशुद्धमप्राप्तदोषम्, यथा सम्प्रति एते द्रव्यादयः किं साधका बाधका वा वर्त्तन्ते प्रस्तुतधर्मस्थानस्य, यतः पठन्ति —"उत्पद्यते हि साऽवस्था, देशकालामयान् प्रति । यस्यामकृत्यं कृत्यं स्यात्, कर्म कार्यं च वर्जयेत् ॥१॥" तथा योग्यत्वमुचितत्वमात्मनोऽपि च स्वस्यापि न केवलं धर्मस्थानमित्यपिचशब्दार्थः, आलोचयतीत्यनुवर्त्तते । यथा कस्य धर्मस्थानस्याहं योग्यः, यथोक्तं—"कः कालः कानि मित्राणि, को देशः कौ व्ययागमौ । कश्चाहं का च मे शक्तिरिति चिन्त्यं मुहुर्मुहुः ॥१॥" इति । अनुचितारम्भस्य निष्फलत्वेन चित्तविषादाद्यनेकानर्थसार्थप्रदानप्रत्यलत्वात्, 'अनुबन्धं' चैवानुबन्धमपि च तादात्विककार्यसिद्धावप्युत्तरोत्तरफलरूपं यत्नेन महता आदरेण आलोचयतीति । यतः—"सगुणमपगुणं वा कुर्वता कार्यजातं, परिणतिरवधार्या यत्नतः पण्डितेन । अतिरभसकृतानां कर्मणामाविपत्तेर्भवति हृदयदाही शल्यतुल्यो विपाकः ॥१॥" इति ॥१६७॥**

**આ પ્રમાણે બુદ્ધિનું વર્ણન કરનારા ગ્રન્થના શ્રવણથી જેણે બુદ્ધિને પ્રાપ્ત કરી છે એવો પુરુષ જે કરે તેને કહે છે–**

**ગાથાર્થ–** બુદ્ધિયુક્ત જીવ વિશેષતાઓથી પરિશુદ્ધ ધર્મસ્થાનને, પોતાની પણ યોગ્યતાને અને અનુબંધને પણ ઘણા આદરથી વિચારે છે.

**ટીકાર્થ– બુદ્ધિયુક્ત-** પૂર્વે જણાવેલી ઔત્પાતિકી આદિ બુદ્ધિથી યુક્ત.

**વિશેષતાઓથી પરિશુદ્ધ=** ઉત્સર્ગ-અપવાદ રૂપ તત્ત્વના સ્થાનની સત્તાને પામેલા દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવ રૂપ વિશેષતાઓથી નિર્દોષ.

**અહીં ભાવાર્થ આ પ્રમાણે છે-** હમણાં દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવ આ ધર્મસ્થાનના બાધક છે કે સાધક છે ? હમણાં ઉત્સર્ગમાર્ગ આ ધર્મસ્થાનનો બાધક છે કે સાધક છે ? અપવાદમાર્ગ આ ધર્મસ્થાનનો બાધક છે કે સાધક છે ? ઉત્સર્ગ માર્ગે ચાલી શકાય તેવા દ્રવ્યાદિ છે કે અપવાદમાર્ગે ચાલી શકાય તેવા દ્રવ્યાદિ છે ? ઇત્યાદિ રીતે નિર્દોષ ધર્મસ્થાનને વિચારે. કારણ કે વિદ્વાનો આ પ્રમાણે કહે છે– **"દેશ, કાળ અને રોગને આશ્રયીને તે અવસ્થા(=પરિસ્થિતિ) ઉત્પન્ન થાય છે કે જેમાં અકર્તવ્ય પણ કરવા યોગ્ય થાય, અને કરવા યોગ્ય કાર્યનો ત્યાગ કરે."**

**ધર્મસ્થાન–** સર્વપુરુષાર્થોમાં પ્રથમસ્થાને મૂકેલા, એથી જ સર્વસિદ્ધિઓનું અવંધ્ય કારણ એવા શ્રુત-ચારિત્રની આરાધના રૂપ ધર્મનું સ્થાન, અર્થાત્ ધર્મસ્થાન એટલે શ્રુત-ચારિત્રની આરાધના રૂપ ધર્મ વિશેષ.

**પોતાની પણ યોગ્યતાને=** કેવળ ધર્મસ્થાનને જ વિચારે એમ નહિ, કિંતુ પોતાની પણ યોગ્યતાને વિચારે. જેમકે–હું કયા ધર્મસ્થાનને યોગ્ય છું ? આ વિષે કહ્યું છે કે– **"કાળ કયો છે ? મિત્રો કયા છે ? દેશ કયો છે ? વ્યય(=ખર્ચ) કેટલો છે ? લાભ કેટલો છે ? હું કોણ છું ? મારી શક્તિ કેટલી છે ? એ પ્રમાણે વારંવાર વિચારવું જોઈએ"** કારણ કે અનુચિત આરંભ નિષ્ફલ થવાના કારણે ચિત્તમાં વિષાદ આદિ અનેક અનર્થસમૂહને આપવામાં સમર્થ છે.

**અનુબંધને પણ=** તત્કાલ પૂરતું કાર્ય સિદ્ધ થવાં છતાં ઉત્તરોત્તર ફલ રૂપ અનુબંધને પણ વિચારે. કારણકે –**"ગુણયુક્ત કે ગુણરહિત કાર્યસમૂહને કરતા એવા પંડિતે પ્રયત્ન પૂર્વક કાર્યના પરિણામનું અવધારણ કરવું જોઈએ. અન્યથા અતિ ઉતાવળથી કરેલાં કાર્યોનું શલ્યસમાન ફળ કાર્યની સિદ્ધિ થાય ત્યાં સુધી હૃદયને બાળે છે."** (ભર્તૃહરિ નીતિશતક-૯૬) (૧૬૭)

**बुज्झति य जहाविसयं, सम्मं सव्वंति एत्थुदाहरणं ।**
**वेदज्झयणपरिच्छाबडुगदुगं छागघातम्मि ॥१६८॥**

'बुध्यते' निर्णयति । चः समुच्चये । ततो न केवलमालोचयति, बुध्यते च 'यथाविषयं' बोद्धुमिष्टवस्त्वंशरूपविषयानतिक्रमेण 'सम्यक्' संशयविपर्यासबोधदोष-परिहाराद् ऐदम्पर्यशुद्धं सर्वं धर्मार्थादिवस्तु । इति वाक्यपरिसमाप्तौ। अत्र सम्यग् यथाविषयबोधे तद्विपर्यये चोदाहरणं ज्ञातं 'वेदाध्ययनपरीक्षाबटुकद्विकं' वेदाध्ययने उपस्थिते उपाध्यायेन परीक्षायां कोऽनयोर्मन्निरूपितार्थस्य यथावद् बोद्धा तदितरो वेतिरूपायां मीमांसायां प्रक्रान्तायां समादिष्टं बटुकद्विकं पर्वतकनारदलक्षणम्; क्वेत्याह— 'छागघाते' पशुवधे ॥१६८॥

**ગાથાર્થ–** અને બધાનો યથાવિષય સમ્યક્ નિર્ણય કરે છે. અહીં વેદાધ્યયન વખતે પરીક્ષામાં પશુવધમાં બે છોકરાઓનું (=વિદ્યાર્થીઓનું) દૃષ્ટાંત છે.

**ટીકાર્થ– અને** = કેવલ વિચારે છે એમ નહિ, કિંતુ નિર્ણય પણ કરે છે.

**બધાનો** = ધર્મ, અર્થ વગેરે બધી વસ્તુનો.

**યથાવિષય** = વસ્તુના જે અંશનો નિર્ણય કરવાનું ઇષ્ટ હોય તે અંશરૂપ વિષયને ઓળંગ્યા વિના.

**સમ્યક્** = સંશય અને વિપરીત બોધરૂપ દોષનો ત્યાગ કરીને ઐદંપર્યથી શુદ્ધ.

**અહીં** = યથાવિષય નિર્ણય કરવામાં અને યથાવિષયથી વિપરીત નિર્ણય કરવામાં.

**અહીં ભાવાર્થ આ પ્રમાણે છે–** વેદનું અધ્યયન ચાલી રહ્યું હતું ત્યારે ઉપાધ્યાયને વિચાર આવ્યો કે પર્વતક અને નારદ એ બેમાંથી કોણ મારા પ્રરૂપેલા અર્થને બરાબર સમજ્યો છે અને કોણ સમજ્યો નથી એવો વિચાર આવ્યો. તેથી તેનો નિર્ણય કરવા તે બેને પશુવધ કરવાનું કહીને પરીક્ષા કરી. (૧૬૮)

एतदेव भावयन्नाह—

**वेयरहस्सपरिच्छा, जोगच्छाग त्ति तत्थ हंतव्वो ।**
**जत्थ ण पासति कोई, गुरुआणा एत्थ जतितव्वं ॥१६९॥**

**एगेणमप्पसारियदेसे वावादितो पयत्तेण ।**
**अन्नेण उ पडिसेहो, गुरुवयणत्थो त्ति नेव हतो ॥१७०॥**

अथ गाथाक्षरार्थः—'वेयरहस्सपरिच्छा' इति वेदरहस्याध्ययने प्रस्तुते जाताशङ्केनो-पाध्यायेन परीक्षा द्वयोश्छात्रयोः कर्त्तुमारब्धा । 'जोगच्छागत्ति' त्ति योगेन युक्त्या न तु सत्यरूप एव छागश्छगलक उपस्थापितः । इति पूरणे । तत्र हन्तव्यो यत्र न पश्यति

कोऽपि । 'गुर्वाज्ञा' अध्यापकोपदेशरूपा वर्त्तते । ततोऽत्र गुर्वाज्ञायां यतितव्यमलङ्घनीयत्वात् तस्या इति परिभावितं द्वाभ्यामपि ॥१६९॥

'एकेन' पर्वतकेन 'प्रसरणं' प्रसर्पणं जनस्य प्रसारः स यत्रास्ति स प्रसारिकः तत्प्रतिषेधाद् अप्रसारिकः, स चासौ देशश्च भूभागस्तत्र अन्यलोकासञ्चारे रथ्यामुखादावित्यर्थः, व्यापादितः प्रयत्नेन गाढादरेण महत्या निष्कृपवृत्त्येत्यर्थः । 'अन्येन' तु नारदेन पुनः 'प्रतिषेधो' निवारणं वधस्य गुरुवचनार्थो वर्त्तते, सर्वादर्शनेन वधस्यासम्भावनीयत्वात्, इत्यस्माद् हेतोर्नैव न सर्वथा हतः प्रस्तुतश्छाग इति ॥१७०॥

આની જ ભાવના કરતા કહે છે–

**ગાથાર્થ**– વેદ રહસ્ય, પરીક્ષા, યુક્તિ, જ્યાં કોઇ ન દેખે ત્યાં બકરો હણવો આ ગુરુ આજ્ઞા પાળવી. (૧૬૯)

**ગાથાર્થ**– એકે નિર્જન પ્રદેશમાં ભાવથી માર્યો, બીજાએ ગુરુના વચનના પરમાર્થને જાણી ન હણ્યો. (૧૭૦)

## ક્ષીર કદંબક ગુરુનું દૃષ્ટાંત

**ટીકાર્થ**– ચેદી નામના દેશમાં જગતમાં જેના ગુણો વિસ્તાર પામ્યા છે, પુરુષાર્થોનો આરાધક વર્ગ જેમાં વસે છે, જાણે મૂર્તિમાન જયશ્રી ન હોય ! એવી શુક્તિમતિ નામે નગરી છે. વર્ષાકાળમાં કદંબ પુષ્પ જેમ વિકસિત થાય તેમ ઘણા શ્રુતરૂપી પરિમલથી વિસ્તૃત થઇ છે કીર્તિ જેની એવા ક્ષીરકદંબ નામના બ્રાહ્મણ અધ્યાપક તે નગરીમાં રહેતા હતા અને પર્વતક નામે તેને પુત્ર હતો. બ્રાહ્મણ પુત્ર પર્વતક, બીજો નારદ અને ત્રીજો રાજાનો પુત્ર વસુ એમ ત્રણ જણા તેના શિષ્યપણાને પામ્યા હતા. અર્થાત્ તેની પાસે ભણતા હતા. તેઓ આર્ય વેદોને ભણે છે, કોઇપણ વિષયમાં રાગી થતા નથી. તેની પાસે કોઇક દિવસે સાધુ સંઘાટક ભિક્ષા માટે આવ્યો અને તેના ઘરે તે ત્રણેયને વેદ ભણતા જોઇને એક જ્ઞાની મુનિએ બીજા મુનિને ઉદ્દેશીને કહ્યું કે આ શિષ્યોમાંથી જે રાજપુત્ર છે તે રાજા થશે અને બીજા બેમાંથી એક નરકે જશે અને બીજો દેવલોકમાં જશે. ઘરની અંદર રહેતા ઉપાધ્યાયે તે સર્વ સાંભળ્યું પછી તે દુર્ધ્યાનથી ચિંતાતુર થયો. વસુ રાજા થશે એમ જાણ્યું. અહીં ચિંતાથી શું ? બીજા બેમાંથી કોણ દુર્ગતિ ગામી થશે ? અથવા કોણ સદ્ગતિ ગામી થશે ? પરીક્ષા કરવાનું નક્કી કર્યું. અપાત્રમાં વિદ્યાના દાનથી મને તપ અને તીર્થસ્નાન આદિનું અસાધ્ય પાપ ન લાગો. અધ્યાપકે ઘાસ કચરો વગેરે પદાર્થોને લાખના રસથી ચોંટાડીને તૈયાર કરેલ બકરાને વદ આઠમની રાત્રિએ પર્વતક નામના પુત્રને આપીને કહ્યુંઃ આ બકરો મંત્રોથી સ્તંભિત કરાયો છે તેથી

ઉપાડીને જ્યાં બીજો કોઇ ન જુએ ત્યાં લઇ જઇને તારે હણવો. આ પ્રમાણે પરીક્ષા કરવાથી વેદના અર્થને સાંભળવાની કોની યોગ્યતા છે તે નક્કી થઈ શકે પછી તે પ્રમાણે આ ગુરુનું વચન અલંઘનીય છે એમ માનતા તેણે બકરાને લીધો અને નિર્જન શેરીના નાકે જઇને જેટલામાં હણ્યો તેટલામાં પર્વતક લાક્ષારસથી સર્વાંગે લેપાયો. આને (લાક્ષારસને) લોહી માનીને સ્નાન કર્યું. વસ્ત્ર સહિત સરોવરે જઇને પિતાને નિવેદન કર્યું (જણાવ્યું). પિતાએ તેને પુછ્યું: તેં આને કેવી રીતે હણ્યો ? કારણ કે સર્વત્ર સંચરતા જૃંભગ દેવો અને આકાશમાં રહેલા તારાઓ આને જુએ છે. તું જ પોતે આને જોતો કેવી રીતે બોલે છે કે કોઈ વડે નહીં જોવાતો આ મારા વડે હણાયો. અહો ! તારી મહામૂઢતા કેવી છે ? (૧૬)

ત્યાર પછી વદ ચૌદશ આવી એટલે નારદને કહ્યું કે હે ભદ્રક ! તારે પણ આ રીતે જ હણવો. ગુરુના વચન ઉપર બહુમાન ધરાવતો તે જંગલ દેવકુળાદિમાં જે જે સ્થાનોમાં જાય છે તે તે સ્થળોમાં વનસ્પતિ-દેવો આદિને જુએ છે. આ પ્રમાણે તેણે વિચાર્યું કે કોઇના વડે ન દેખાય એવું કોઇ સ્થાન નથી. તેથી ખરેખર આ અવધ્ય છે એવી ગુરુની આજ્ઞા છે. આવીને તેણે પોતાની સર્વ પરિણતિ ગુરુને જણાવી. તેની શ્રુતને ઉચિત પ્રજ્ઞાથી સંતોષ પામ્યા અને તેણે કહ્યું: બોલેલા અર્થને પશુઓ પણ સમજે છે, પ્રેરણા ન કરાયા હોય તો પણ ઘોડા અને હાથીઓ ભાર વહન કરે છે. પંડિત જન નહીં કહેવાયેલા અર્થને જાણે છે, કારણ કે બુદ્ધિઓ પરના ઇંગિત ઉપરથી જ્ઞાનના કાર્યને કરનારી છે. આ પ્રમાણે કહીને પછી કહ્યું કે તારે આ રહસ્ય કોઇને ન કહેવું, કારણ કે મૂઢ જીવો કહેલા પણ તત્ત્વપદની શ્રદ્ધા કરતા નથી. આ પ્રમાણે તે ગુરુએ અતિવિશેષથી જાણ્યું અને પુત્રને ભણાવવાનો નિષેધ કર્યો. બીજો નારદ ઉચિત પ્રજ્ઞાવાળો હોવાથી વેદ ભણવા અનુજ્ઞા અપાયો.

**ગાથા અક્ષરાર્થ**– વેદના રહસ્યને ભણાવવામાં શંકા ઉત્પન્ન થયેલ અધ્યાપકે બંને છાત્રોની પરીક્ષા લેવાનું નક્કી કર્યું. તે પરીક્ષા તેમણે યુક્તિથી કરી એટલે કે તેને એક બકરાનું પુતળું આપી કહ્યું કે જ્યાં કોઇપણ ન જુએ ત્યાં તારે હણવો, આવી અધ્યાપકની ઉપદેશરૂપ ગુરુ આજ્ઞા છે. તેથી ગુરુ આજ્ઞા અલ્લંઘનીય હોવાથી તારે તેને પાર પાડવી જોઇએ. એમ બંને શિષ્યોને જણાવ્યું. (૧૬૯)

લોકોની અવરજવર જ્યાં થતી હોય તે પ્રસર અને અવર જવર ન થતી હોય ત્યાં અપ્રસર અને આવો જે પ્રદેશ હોય ત્યાં શેરીના નાકું વગેરે ઉપર જઈ પર્વતકે ભાવથી (નિર્દયતાથી) બકરાને માર્યો. સર્વને અપ્રત્યક્ષ વધનો અસંભવ હોવાથી ગુરુના વચનનો અર્થ વધનો નિષેધ સૂચવે છે એમ બીજા નારદે જાણ્યું. આ હેતુથી તેણે સર્વથા બકરાને ન હણ્યો. (૧૭૦)

यथाविषयमवगमे च सर्वकार्याणां यत्करोति तदाह—

**आढवति सम्ममेसो, तहा जहा लाघवं न पावेति ।**
**पावेति य गुरुगत्तं, रोहिणिवणिएण दिट्ठंतो ॥१७१॥**

**'आरभते' उपक्रमते 'सम्यग्' निपुणोपायलाभेन सर्वमपि कार्यम् 'एष' प्रस्तुत-बुद्धिमान् मानवः । 'तथा' शकुनादिबुद्धिपूर्वकं 'यथा लाघवं' प्रारब्धानिष्पादनेन पराभवरूपं न नैव 'प्राप्नोति' लभते । पठ्यते च —"के वा न स्युः परिभवपदं निष्फलारम्भयत्नाः ?" इति। तर्हि किंप्राप्नोतीत्याह —प्राप्नोति च 'गुरुकत्वं' सर्वलोक-गरिमाणम् । अत्रोदाहरणमाह-'रोहिणीवणिजा' रोहिण्यभिधानस्नुषोपलक्षितत्वेन वाणिजकेन दृष्टान्तो वाच्यः, रोहिणीवणिगेव दृष्टान्त इत्यर्थः ॥१७१॥**

વિષયનો યથાર્થ બોધ થયે છતે બુદ્ધિમાન સર્વ કાર્યોને જે રીતે કરે છે તેને કહે છે–

બુદ્ધિમાન કાર્યનો એવી રીતે આરંભ કરે છે જેથી લઘુતાને ન પામે પણ ગુરુતાને પામે આ વિશે રોહિણી વણિકસ્ત્રીનું દૃષ્ટાંત છે. (૧૭૧)

આ પ્રસ્તુત બુદ્ધિમાન માનવ સર્વપણ કાર્યનો સમ્યગ્ આરંભ કરે છે. સમ્યગ્ એટલે ક્રિયાનું ફળ અવશ્ય પ્રાપ્ત થાય તેવું. તથા શુકનાદિ બુદ્ધિપૂર્વક આરંભ કરે જેથી કાર્ય અપૂર્ણ ન રહે અને પરાભવ ન થાય. કહેવાયું છે કે– નિષ્ફળ આરંભમાં પ્રયત્ન કરતા કયા એવા જીવો છે જે પરિભવને ન પામે ? તો પછી તેઓ શું પ્રાપ્ત કરે છે ? તેઓ સર્વલોકમાં ગૌરવને પામે છે. અહીં ઉદાહરણને કહે છે– રોહિણી નામની પુત્રવધૂના ઉપલક્ષણથી વણિકનું દૃષ્ટાંત જાણવું. (૧૭૧)

दृष्टान्तमेव भावयति—

**रायगिहे धणसेट्ठी, धणपालाइ सुता सु चत्तारि ।**
**उज्झिय भोगवती रक्खिया य तह रोहिणी वहुगा ॥१७२॥**

**वयपरिणामे चिंता, गिहं समप्पेमि तासि पारिच्छा ।**
**भोयणसयणणिमंतण, भुत्ते तब्बंधुपच्चक्खं ॥१७३॥**

**पत्तेयं अप्पिणणं, पालिज्जह मग्गिया य देज्जाह ।**
**इय भणिउमायरेणं, पंचण्हं सालिकणयाणं ॥१७४॥**

**पढमाए उज्झिया ते, बीयाए छोल्लियत्ति ततियाए ।**
**बद्धकरंडीरक्खण, चरिमाए रोहिया विहिणा ॥१७५॥**

कालेणं बहुएणं, भोयणपुव्वं तहेव जायणया ।
पढमा सरणविलक्खा, तह बितिया ततिय अप्पिणणं ॥१७६॥

चरिमाए कोंचिगाओ, खेत्ताओ तुम्ह वयणपालणया ।
सा एवं चिय इहरा, सत्तिविणासा ण सम्मं ति ॥१७७॥

तब्बंधूणभिहाणं, तुब्भे कल्लाणसाहगा मेत्ति ।
किं जुत्तमेत्थ मज्झं, ते आहु तुमं मुणेसि त्ति ॥१७८॥

तत्तो य कज्जवुज्झण-कोट्टण-भंडार-गिहसमप्पणया ।
जाहासंखमिमीणं, नियकज्जं साहुवाओ य ॥१७९॥

अथ गाथाक्षरार्थः—राजगृहे नगरे धनदत्तो श्रेष्ठी समभूत् । तस्य च सुभद्राभार्या-कुक्ष्युद्भवा धनपालादयो धनपाल-धनदेव-धनगोप-धनरक्षिताः सुता सुसूनवश्चत्वारः समजायन्त । 'उज्झिय' त्ति उज्झिका, भोगवती, रक्षिका, च तथा रोहिणी 'वहुगा' इति वधूट्यः समपद्यन्त ॥१७२॥

''वयपरिणामे चिंता, गिहं समप्पेमि तासि परिच्छा । भोयणसयणनिमंतण, भुत्ते तब्बंधुपच्चक्खं'' ॥१७३॥२॥ वयःपरिणामे स्थविरभावलक्षणे धनस्य चिन्ता विमर्शरूपा समुदपद्यत, यथा- गृहं समर्प्पयामि आसां वधूनां मध्ये कस्याः? इति । ततस्तासां परीक्षा प्रारब्धा । कथमित्याह- भोजनाय स्वजनानां उपलक्षणत्वाद् वधूसम्बन्धिनां च निमन्त्रणा आकारणरूपा भोजनस्वजननिमन्त्रणा कृता । ततो भुक्ते स्वजनलोके सति तद्बन्धुसमक्षं वधूबन्धुप्रत्यक्षम् ॥१७३॥

किमित्याह—प्रत्येकमेकैकस्या इत्यर्थः, 'अप्पिणणं'ति' अर्प्पणं स चकार पञ्चानां शालिकणानाम् इत्युत्तरेण योगः । कथमित्याह—'पालयध्वं' यूयं मार्गिताश्च सत्यो दद्ध्वमिति । इति भणित्वा 'आदरेण' यत्नेन स्वहस्तसमर्प्पणरूपेण 'पञ्चानां' पञ्च-सङ्ख्यानां 'शालिकणानां' शालिबीजरूपाणाम् ॥१७४॥

तत्र च प्रथमया वध्वा उज्झितास्ते शालिकणाः, द्वितीयया 'छोल्लिय' त्ति निस्तुषीकृता उपलक्षणत्वाद् भक्षिताश्च ते, इति पूरणार्थः । तृतीयया 'बद्धकरंडीरक्खण' त्ति बद्धानां शुचिवस्त्रेण करण्ड्यां निजालङ्कारसम्बन्धिन्यां क्षिप्त्वा रक्षणमारब्धम् । 'चरमया' रोहिण्या 'रोहिताः' प्रतिवर्षं वपनमानीता विधिना कर्षकलोकप्रसिद्धेनेति ॥१७५॥

'कालेन बहुकेन' पञ्चवर्षकलक्षणेन गतेन सता 'भोजनपूर्वं' तथैव समर्प्पणकाल इव सर्वस्वबन्धुलोकप्रत्यक्षं याञ्चा कृता शालिकणानाम् । तत्र च 'प्रथमा' उज्झिका वधूः स्मरणविलक्षा प्राक्कालार्प्पितानां तदैव स्मरणेन विलक्षा तदवस्थसमर्प्पणीयाभावात् किंकर्त्तव्यतामूढा संजाता । तथेति प्रागवत्, स्मरणविलक्षैव 'द्वितीया' भोगवती समभूत्। 'तृतीयया' रक्षिकया समर्प्पणं रत्नकरण्डाद् आकृष्य शालिकणानां कृतम् ॥१७६॥

'चरमया' रोहिण्यभिधानया च वध्वा कुञ्चिकाः शालिकोष्ठागारसम्बन्धिन्यः क्षिप्ताः धनश्रेष्ठिचलनकमलयुगलान्ते । भणितं च तया युष्मद्वचनपालना मया कर्त्तव्या, सा 'एवं चिय' त्ति एवमेव कृता भवति, प्रतिवर्षं वपनेन वृद्धिं नयनात् । इतरथा शक्तिविनाशात् प्ररोहसामर्थ्यक्षयाद् न सम्यक् तव वचनपालना कृता भवतीति ॥१७७॥

'तद्बन्धूनां' वधूस्वजनानामभिधानं भणनं कृतं धनेन, यथा-यूयं 'कल्याणसाधका मे मम इत्यस्माद् हेतोः, किं युक्तमत्रैवंविधे वधूसमाचारे मम कर्त्तुम् ? ततस्ते वधूस्वजनाः 'आहु'त्ति आहुरुक्तवन्तः यथा त्वं मुणसि यद् अत्रोचितमिति ॥१७८॥

ततश्च कज्जवोज्झन-जट्टन-भाण्डागार-गृहसमर्प्पणा यथासङ्ख्यमासां वधूनां निजकार्यं श्रेष्ठिना कृतम् । तत्र कज्जवोज्झनं गृहकचवरशोधनम् । शेषं सुगमम् । साधुवादश्च जनश्लाघारूपः सर्वत्र विजृम्भितः श्रेष्ठिन इति ॥१७९॥

દૃષ્ટાંતને જ કહે છે–

**ગાથાર્થ**– રાજગૃહ નગરી, ધનશ્રેષ્ઠી, ધનપાલાદિ ચારપુત્રો તેઓની અનુક્રમે ઉજ્ઝિકા, ભોગવતી, રક્ષિકા તથા રોહિણી ચાર પત્નીઓ છે. (૧૭૨)

**ગાથાર્થ**– ધનપાલ વૃદ્ધ થયા ત્યારે ચિંતા થઇ કે હું ઘરનો કારભાર કોને સોંપું ? ભોજન માટે નિમંત્રણ કરાયેલ સ્વજનોના ભોજન પછી તેઓના ભાઇઓની સમક્ષ પરીક્ષા કરાઇ. (૧૭૩)

**ગાથાર્થ**– પાંચ ચોખાના દાણાઓ પ્રત્યેકને આપીને આદરથી કહ્યું કે આ પાંચ દાણાનું તમારે રક્ષણ કરવું, હું જ્યારે માગું ત્યારે મને પાછા આપવા. (૧૭૪)

**ગાથાર્થ**– પહેલીએ ફેંકી દીધા, બીજીએ મસળી નાખ્યા, ત્રીજીએ કરંડિયામાં બાંધી રક્ષણ કર્યું, છેલ્લીએ વિધિથી વવરાવ્યા. (૧૭૫)

**ગાથાર્થ**– ઘણા કાળ પછી ભોજનપૂર્વક તે જ દાણાની યાચના કરી, પહેલી સ્મરણથી વિલક્ષ થઇ તથા બીજી પણ તેવી જ થઈ. ત્રીજીએ પાછા આપ્યા. (૧૭૬)

**ગાથાર્થ–** નાની પુત્રવધુએ ચાવીઓનો ઝૂડો આપ્યો, તમારા વચનના પાલનથી આ સિદ્ધ થયું છે અન્યથા દાણાઓની શક્તિના વિનાશથી સારી રીતે સાચવી ન શકાય. (૧૭૭)

**ગાથાર્થ–** પછી ધનપાલે તેના સ્વજનોને કહ્યું કે તમે મારા કલ્યાણ સાધકો છો. મારે અહીં શું કરવા યોગ્ય છે ? તેઓ કહે છે જે કરવા યોગ્ય છે તેને તમે જાણો છો. (૧૭૮)

**ગાથાર્થ–** અને ત્યાર પછી શ્રેષ્ઠીએ ઉજ્ઝન-જટ્ટન-ભંડાર અને ગૃહ સમર્પણ ક્રમથી ચારે પુત્રવધૂઓને કાર્ય સોંપ્યું અને સાધુવાદ થયો. (૧૭૯)

## રોહિણી પુત્રવધૂનું દૃષ્ટાંત

રાજગૃહ નામનું નગર છે તેમાં પોતાના વિભવથી કુબેરના વિભવનો તિરસ્કાર કરનાર અર્થાત્ ઘણો ધનવાન એવો ધન નામે પ્રસિદ્ધ વણિક છે. લજ્જાળું, કુલીનતા, શીલ વગેરે ઘણા ગુણો રૂપી આભૂષણોથી અને દોષોના ક્ષયથી અત્યંત શ્રેષ્ઠ વિભુષાને પામેલી એવી ભદ્રા નામે સ્ત્રી છે. તેની સાથે મનોરમ વિષયો ભોગવતા તેને ક્રમથી ધનપાલ, ધનદેવ, ધનગોપ અને ધનરક્ષિત ચાર પુત્રો થયા. જેઓ પિતા-માતાદિ પ્રમુખ વડીલ જનોના વિનયમાં તત્પર હતા. લોક વડે પૂર્વે ચારેય પુત્રવધૂઓના નામો પડાયેલ હોવા છતાં પણ આચરણના વશથી તેઓના નવા નામો ગુણ પ્રમાણે સ્થાપન કરાયા. તેમાં પ્રથમ ઉજ્ઝિકા, બીજી ભોગવતી, ત્રીજી રક્ષિકા અને ચોથી રોહિણી નામથી પ્રસિદ્ધ થઈ. પોતાના કુલ અને શીલ મુજબ વર્તન કરવામાં પ્રધાન એવી તે ચારેયના દિવસો પસાર થાય છે.

વૃદ્ધાવસ્થાને પામેલા ધનશેઠ કુટુંબની ચિંતાવાળા થયા. વિચારે છે કે હું મરણ પામી અન્ય સ્થાનમાં ગયે છતે ચારેય પુત્રવધૂમાંથી કઈ પુત્રવધૂ ઘરનો કારભાર સંભાળવા સમર્થ થશે ? તેથી પોતાના બંધુવર્ગની સમક્ષ આઓની પરીક્ષા કરવી યોગ્ય છે. કારણ કે ગૃહસ્થોના નહીં વ્યવસ્થા કરાયેલા કુટુંબો શોભતા નથી. ઉદંડવસ્ત્રથી શોભિત ભોજન મંડપ બનાવ્યો. પુત્રવધૂઓના અને પોતાના મિત્ર સ્વજન વર્ગને તેડાવીને ભોજન માટે નિમંત્રણ કર્યું. ભાત-ભાતના ભોજનના દાનપૂર્વક અતિ મોટા આદરથી તેઓને ભોજન કરાવ્યે છતે, સુખાસન ઉપર બેસાડીને સરાભરા કર્યે છતે, કલમ કમોદના પાંચ પાંચ દાણા પુત્રવધૂઓને પોતાના હસ્તે અર્પણ કરે છે અને કહે છે કે હું પાછા માગું ત્યારે તમારે મને જલદીથી તે પાછા આપવા. ચારેય પુત્રવધૂઓએ અંજલિ જોડીને મસ્તક નમાવીને દાણાનો સ્વીકાર કર્યો. બાંધવ-સ્વજનો પોતાના સ્થાને ગયા ત્યારે મોટી પુત્રવધૂ ફેંકી દે છે. શું મારે ઘરે આ દાણાનો તોટો છે ? જ્યારે આની માગણી કરવામાં આવશે ત્યારે કોઈપણ સ્થાનમાંથી લાવીને જલદીથી પિતાને અર્પણ કરી દઇશ. બીજી ફોતરા કાઢીને ખાઇ ગઇ. ત્રીજીએ પિતાએ આપ્યા છે એમ મનમાં ઘણાં ગૌરવને ધારણ કરતી ઉજ્જ્વળ વસ્ત્રમાં બાંધીને પોતાની આભૂષણની પેટીમાં સ્થાપન કર્યા અને દરરોજ તેની ત્રિકાળ સારી રીતે

સંભાળ લે છે. ચોથીએ પોતાના પિતાના ઘરેથી બંધુવર્ગને બોલાવીને કહ્યું કે દર વર્ષ આની વૃદ્ધિ થાય તેમ કરવું. ચોમાસું શરૂ થયું ત્યારે બંધુવર્ગ જોડે **વાવણી**[1] કરાવી, સારા જળથી ભરેલા ક્યારામાં વધવા લાગ્યા. બધાને પણ ઉખેડીને ફરી પણ રોપણી કરાવી. શરદઋતુ આવી ત્યારે તેમાંથી એક પૂર્ણ પ્રસ્થક પ્રમાણ કમોદ નિષ્પન થઇ. બીજા વરસે એક આઢક પ્રમાણ કમોદ થઇ, ત્રીજા વરસે એક ખારી પ્રમાણ થઇ. ચોથા વરસે કુંભ પ્રમાણ કમોદ થઇ અને પાંચમા વરસે સેંકડો કુંભ પ્રમાણ કમોદ થઇ.

પાંચ વર્ષ પૂર્ણ થયા ત્યારે શેઠે પૂર્વની જેમ જ ભોજનપૂર્વક બધા ભેગા થયેલા તેઓના બંધુવર્ગની સમક્ષ પુત્રવધૂઓને બોલાવીને કહ્યું: મેં પાંચવર્ષ પૂર્વે જે સ્વહસ્તથી પાંચ કમોદના દાણા આપ્યા હતા તે મને પાછા આપો. મોટી પુત્રવધૂ સ્મરણ ન કરી શકવાથી ઝંખવાણી થઇ. કોઠારમાંથી દાણા લઇ આવીને તે જેટલામાં તેને આપે છે તેટલામાં પોતાના સોંગદ આપીને પુછ્યું કે આ તે જ દાણા છે કે બીજા છે ? હે તાત ! આ તે જ દાણા નથી. શેઠે પુછ્યું: તે દાણા ક્યાં ગયા ? ત્યારે જ બહાર ફેંકી દીધા હતા તેમ કહ્યું. બીજી પાસે પણ તે જ રીતે દાણાની માગણી કરી. ત્યારે તે બોલી કે હું ખાઇ ગઇ હતી, આ બીજા છે. ત્રીજી રત્નના કરંડિયામાંથી કાઢીને આપે છે. જેટલામાં તે ચોથી પુત્રવધૂ પાસે દાણાની માગણી કરી ત્યારે તે કહે છે– હે તાત ! તે દાણા આ પ્રકારે અતિ વૃદ્ધિ ભાવને પામ્યા છે. તેણે ધનશેઠની આગળ કોઠારોની ચાવીનો ઝૂડો મુક્યો. આ દાણાઓ મારા પિતાને ઘરે અનેક વખારોમાં ભરેલા છે. **વવાયે**[2] છતે આ દાણાઓ રક્ષણ કરાયેલા થાય છે. તેની શક્તિનો ક્ષય થવાથી નિષ્ફળ થયે છતે કોઇ કામમાં આવતા નથી તેથી ઘણા ગાડા વગેરે વાહન સિવાય અહીં લાવી શકાય તેમ નથી તેથી ગાડાઓ મોકલી અહીં મંગાવો. પછી પુત્રવધૂઓના આચરણને જાણીને ધને પોતાના ઘરના જુદા જુદા પ્રકારના કાર્યોમાં પુત્રવધૂઓનો વિનિયોગ કર્યો, અર્થાત્ તે તે કાર્યની વહેંચણી કરી. તેઓના સ્વજન અને બંધુવર્ગ આગળ જ તેઓની સંમતિથી પ્રથમ પુત્રવધૂને રાખ, છાણ આદિ કચરો

---

૧. **વાવણી**– ખેતરમાં ડાંગરના દાણા વાવવા તે વાવણી કહેવાય. દાણા ઊગી ગયા પછી દરુ (નાના છોડ) થાય ત્યારે તેને તે જગ્યામાંથી ઉખેડી ફરી બીજી જગ્યાએ વાવવા તે રોપણી કહેવાય. રોપણી કરવાથી ડાંગર ઘણી અને સારી નિપજે છે.

૨. **રોહિણીનો ડાંગર વવરાવવાનો હેતુ**– ધન શેઠે રોહિણીને ડાંગરના દાણા સાચવવા આપ્યા ત્યારે રોહિણી તેને ખેતરમાં વવરાવીને નવી ડાંગર ઉત્પન્ન કરાવે છે. લગાતાર પાંચવર્ષ સુધી તેમ કરાવે છે જેથી ડાંગર જે સ્થિતિમાં હોય તે સ્થિતિમાં સચવાઇ રહે છે. અર્થાત્ ફરી ઊગવાની સ્થિતિમાં રહે છે. ત્રણ વરસ સુધી વાવવામાં ન આવે તો ડાંગરની સચિત્ત યોનિ નાશ પામી જાય છે. જેથી ફરી વાવવામાં કામ આવતી નથી તેમજ તેની પોષણ શક્તિમાં ઘણી હાની થાય છે. આમ ડાંગરને વવરાવવામાં રોહિણીના બે પ્રયોજન છે. (૧) ડાંગરની ઊગવાની શક્તિ જળવાઇ રહે તેમ જ પોષણ શક્તિમાં હાનિ ન થાય અને (૨) દરવર્ષે ડાંગરમાં વધારો થતો રહે. આમ રોહિણી પરમાર્થને જાણનારી હોવાથી સર્વમાં માન્ય થઇ.

કાઢવાનું કામ સોંપ્યું. બીજીને રસોઇ તેમજ ખાંડવા, દળવાનું કાર્ય સોપ્યું. ત્રીજીને ઘરવખરીનું રક્ષણ કરવાનું કાર્ય સોંપ્યું. ચોથીને પૂછવા યોગ્ય સર્વ પણ કાર્યોમાં ઘરનું નાયકપણું સુપ્રત કર્યું. અલંઘનીય રીતે સર્વ કાર્યોની વ્યવસ્થા કરાઇ તે ધનના બુદ્ધિનો પ્રભાવ છે. તેણે પુત્રવધૂઓના સ્વભાવને જાણીને અનુરૂપ કાર્યમાં જોડી તથા શરદઋતુના ચંદ્રમંડલ જેવી ઉજ્જ્વળ વિશાળ કીર્તિ જે પૃથ્વીતળ ઉપર ઉછળી તે પણ ધનવણિકની બુદ્ધિનું ફળ છે. (૩૬)

હવે જ્ઞાતાધર્મકથા નામના છઠા અંગમાં સુધર્મા સ્વામીએ બીજો પણ ઉપનય કહ્યો છે તે આ પ્રમાણે છે. તેને તમે સાંભળો. જેમકે– ધનશ્રેષ્ઠીના સ્થાને ગુરુ છે, સ્વજન વર્ગના સ્થાને શ્રમણસંઘ છે. પુત્રવધૂઓના સ્થાને ભવ્ય જીવો છે. ડાંગરના દાણાના સ્થાને વ્રતો છે. જેમ ઉજ્ઝિકા નામની પુત્રવધૂ ડાંગરના દાણાને ફેંકીને આદર કરતી નથી તેમ કોઇ જીવ કુકર્મના વશથી સકલ સમીહિતની સંસિદ્ધિ કરનાર, ભવદુઃખમાંથી તારનાર એવા વ્રતોને છોડીને મરણાદિ આપદાઓને પામે છે. બીજો સાધુ પણ બીજી પુત્રવધૂની જેમ વસ્ત્ર-ભોજન પાન આદિ મેળવીને અને તેનો ભોગવટો કરીને પરલોકમાં લાખો દુઃખોની ખાણને પામે છે. તેનાથી જ જે ત્રીજો છે તે મહાવ્રતોને જીવિતની જેમ રક્ષા કરીને સર્વ ગૌરવ સ્થાનોને પામે છે. તેનાથી ચોથો સાધુ રોહિણી પુત્રવધૂની જેમ પંચમહાવ્રતોની વૃદ્ધિ કરે છે અને સંઘપ્રધાન અથવા ગણધર બને છે. (૪૩)

વ્યવહાર સૂત્રમાં આ ઉદાહરણ વિષે આનાથી અન્ય ઉપનય દેખાય છે. જેમકે કોઇ ગુરુને ચાર શિષ્યો હતા. તેઓ પર્યાય અને જ્ઞાનથી આચાર્યપદની યોગ્યતા ધરાવતા હતા. પછી આચાર્ય વિચારવા લાગ્યા કે હું આમાંથી કોને ગણ સુપ્રત કરું ? તેથી પૂર્વે હું તેઓની પરીક્ષા કરું કે કોને કેવી રીતે સિંદ્ધિ થાય છે અને તે જાણવા માટે ઉચિત પરિવારથી યુક્ત વિહાર કરાવીને બીજા દેશમાં મોકલ્યા અને તેઓ ક્ષમાદિગુણો માટે ઉપકારક અર્થાત્ સંયમ જીવનને ઉપકારક એવા દેશોમાં ગયા. તેઓમાં જે સર્વથી મોટો, માયાવી અને કર્કશભાષી, એકાંતે અનુપકારી શિષ્ય હતો તેણે પરિવારને એવો નિર્વેદ (ઉદ્વેગ) કર્યો કે જેથી સર્વ પરિવાર જલદીથી તેને ત્યાગનારો થયો. બીજો શિષ્ય પણ સુખશીલિયો હોવાથી પોતાના શરીરની શુશ્રુષા કરાવે છે પણ શિષ્યવર્ગને કોઇ પણ ક્રિયા કરાવતો નથી. ત્રીજો શિષ્ય સારણા-વારણા આદિ કાર્યથી હંમેશા ઉદ્યુક્ત પ્રમતભાવમાં પડતા પરિવારનું રક્ષણ કરે છે. જે ચોથો શિષ્ય છે તેણે સકલ પૃથ્વીમંડળ ઉપર યશને ફેલાવ્યો જિનશાસનરૂપી વૃક્ષ માટે અમૃતના મેઘ સમાન થયો અને દુષ્કર શ્રામણ્યમાં નિરત થયો. પોતાના ગુણોથી જાણે દેવલોક અવતર્યું હોય તેમ પોતાનું વિહાર ભૂમિતળ ઘણા સંતોષના પોષને પામ્યું. દેશજ્ઞ, કાલજ્ઞ અને પરચિત્તજ્ઞ થયો. લોકોને પ્રતિબોધ કરી કાળથી ઘણા પરિવારવાળો થયો. બધા ગુરુની પાસે પહોંચ્યા. ગુરુએ તેઓના સર્વ વૃત્તાંતને જાણ્યું. પછી પોતાના ગચ્છને ભેગો કરી તેને ગચ્છનો અધિકાર સોંપ્યો. ગચ્છમાં જે કાંઇ સચિત્ત કે અચિત્ત

પરઠવવા યોગ્ય વસ્તુઓ હોય તેને પરઠવવાનું કાર્ય પહેલાને સોપ્યું. ભક્ત, પાન કે ઉપકરણ જે કંઇ ગચ્છને પ્રાયોગ્ય હોય તેને ઉપાર્જન કરવાનું કાર્ય સતત નહીં કંટાળતા એવા બીજાને સોંપ્યું. નવા દીક્ષિત ગ્લાન-શૈક્ષક આદિ સાધુઓની રક્ષા, દક્ષા અને વિચક્ષણતાના યોગો ત્રીજા શિષ્યને સોંપવામાં આવ્યા. ઘણા સ્નેહપરાયણ મનવાળા ગુરુએ પોતાનો સર્વ ગણ તેઓનો જે કનિષ્ઠ ગુરુભ્રાતા હતો તેને સોંપ્યો. આ પ્રમાણે યથાયોગ્ય નિયોજનથી ગચ્છ પરમ આરાધનાને પામ્યો. તે સૂરિ તથા ગચ્છ સર્વ ગુણના ભાજન થયા. (૫૯)

**ગાથા અક્ષરાર્થ–** રાજગૃહ નામના નગરમાં ધનદત્ત નામનો શ્રેષ્ઠી થયો અને તેને સુભદ્રા નામની સ્ત્રીની કુક્ષિમાં ઉત્પન્ન થયેલા ધનપાલ, ધનદેવ, ધનગોપ અને ધનરક્ષિત નામના ચાર પુત્રો થયા. ઉજ્ઝિકા, ભોગવતી, રક્ષિકા અને રોહિણી એમ ક્રમથી ચારુપુત્રવધૂઓ થઇ. (૧૭૨)

શેઠ વૃદ્ધ થયે છતે આ પુત્રવધૂઓમાંથી કોને ઘરનો કારભાર સોંપું એવી ચિંતા થઇ. તેઓની પરીક્ષા કરી. કેવી રીતે ? ભોજન માટે સ્વજનોને અને ઉપલક્ષણથી પુત્રવધૂઓના સંબંધિઓને નિમંત્રણા કરી અને સ્વજનવર્ગે ભોજન કરી લીધું ત્યારે તેઓના દરેક ભાઇઓની સમક્ષ ચારેય પુત્રવધૂઓને પાંચ પાંચ દાણા ડાંગરના આપ્યા અને કહ્યું કે આનું તમારે રક્ષણ કરવું અને હું પાછા માગું ત્યારે આપવા. આ પ્રમાણે આદરથી કહીને પોતાના હાથે પાંચ પાંચ ડાંગરના દાણા આપ્યા. (૧૭૩-૧૭૪)

તેમાં પહેલી પુત્રવધૂએ દાણા ફેંકી દીધા. બીજી મસળીને ખાઇ ગઇ. ત્રીજીએ ઉત્તમ વસ્ત્રમાં બાંધીને પોતાની અલંકારની પેટીમાં મૂકીને સાચવી રાખ્યા. ચોથી રોહિણીએ ખેડૂતવર્ગમાં પ્રસિદ્ધ વિધિથી પ્રતિવર્ષ જમીનમાં વવરાવ્યા. (૧૭૫)

પાંચ વર્ષનો દીર્ઘકાળ પસાર થયા પછી પૂર્વે અર્પણ કરવા વખતની જેમ ભોજન સમારંભ યોજીને સર્વ બંધુવર્ગની સમક્ષ ડાંગરના દાણાની ફરી માગણી કરી. તેમાં પહેલી પુત્રવધૂ ''પૂર્વે સસરાએ મને દાણા અર્પણ કરેલ છે.'' એવું સ્મરણ ત્યારે જ થવાથી ક્ષોભ પામી. અને પૂર્વની અવસ્થામાં દાણા પાછા આપવાનો સંભવ નહીં હોવાથી શું કરવું ? એમ વિમાસણમાં પડી. તે જ પ્રમાણે બીજી ભોગવતી સ્મરણ સંક્ષોભ પામી. અને ત્રીજીએ રત્નના કરંડિયામાંથી લાવીને ફરી પાછા આપ્યા. (૧૭૬)

ચોથી રોહિણી નામની પુત્રવધૂએ ડાંગરના કોઠારોની ચાવીઓ ધનશ્રેષ્ઠીના બે પગરૂપી કમળ પાસે અર્પણ કરી અને કહ્યું કે મેં તમારા વચનનું પાલન કર્યું છે. અને તે વચનનું પાલન આ પ્રમાણે છે– પ્રતિવર્ષ ખેતરમાં તેની વાવણી કરાવીને વૃદ્ધિ કરી છે. જો તેમ કરવામાં ન આવત તો તે દાણાઓ નાશ પામત. કેમકે તેમાં ફરી ઊગવાની શક્તિનો ક્ષય થાત અને તેમ થયે છતે તમારા વચનની સમ્યક્ પાલના ન થાત. (૧૭૭)

પછી ધનશેઠે પુત્રવધૂઓના સ્વજનોને કહ્યું: તમે મારા કલ્યાણસાધક છો આથી અહીં પુત્રવધૂઓના આવા પ્રકારના આચરણમાં મારે શું કરવા યોગ્ય છે ? પછી તે વધૂસ્વજનોએ કહ્યું: તમને જે અહીં ઉચિત જણાય તે કરો. (૧૭૮)

પછી શ્રેષ્ઠીએ ઉજ્ઝન-જટ્ટન-ભાંડાગાર અને ગૃહસમર્પણ સ્વરૂપ પોતાનું કાર્ય ક્રમથી ચારેય પુત્રવધૂઓને સોંપ્યું. તેમાં ઉજ્ઝન કાર્ય એટલે ઘરમાંથી કચરો વાળી ઝૂડીને સાફ કરવો. જટ્ટન એટલે રસોઈઘરનું સર્વકાર્ય. ભાંડાગાર એટલે ઘરની માલ મિલકતનું રક્ષણ અને ગૃહ સમર્પણ એટલે આખા ઘરનો કારભાર. લોકમાં સર્વત્ર શેઠની પ્રશંસા થઈ. (૧૭૯)

**अनुबन्धप्रधानानि शुभप्रयोजनानि स्वं स्वरूपं लभन्त इति मनसि समाधाय 'अणुबंधं चेव जत्तेणं' इति गाथावयवं विशेषेण भावयन्नाह—**

**अणुबंधं च निरूवइ, पगिट्ठफलसाहगं इमो चेव ।**
**एत्थंपि वणियपुच्छियजोइसियदुगं उदाहरणं ॥१८०॥**

**'अनुबंधं' चेत्यादि । अनुबन्धं चानुगमनमपि च 'निरूपयति' गवेषते, न केवलं सम्यग् आरभते। कीदृशमित्याह-'प्रकृष्टफलसाधकं', आनुषङ्गिकफलत्यागेन लब्धुमिष्टसर्वान्तिम-फलनिष्पादकं पलालादिपरित्यागेन कृषौ धान्याप्तिसमानम्, अयमेव बुद्धिमान् जनः, प्रधानफलस्यैव फलत्वात् । यथोक्तं—"फलं प्रधानमेवाहुर्नानुषङ्गिकमित्यपि । पला-लादिपरित्यागात् कृषौ धान्याप्तिवद् बुधाः ॥१॥" इति ॥ अत्राप्यनुबन्धनिरूपणे 'वणिक्-पृष्टज्योतिषिकद्विकं' वणिग्भ्यां द्वाभ्यां पृष्टं तथाविधव्यवहारारम्भकाले यज्ज्योतिषिकद्वयं तद्दैवज्ञयुगं तदुदाहरणं दृष्टान्तः । न केवलं सम्यगारम्भे धनवणिगुक्तरूप इति ॥१८०॥**

**અનુબંધની પ્રધાનતાવાળા શુભ કાર્યો પોતાના[1] સ્વરૂપને પામે છે એમ મનમાં સ્થાપીને ગાથાના अनुबंधं चेव जत्तेणं** (ગાથા ૧૬૮) એ અવયવને વિશેષથી વિચારતા ગ્રંથકાર કહે છે–

**ગાથાર્થ**– બુદ્ધિમાન લોક પ્રકૃષ્ટ ફલસાધક અનુબંધને પણ શોધે છે. અહીં પણ બે વણિકોથી પૂછાયેલા બે જ્યોતિષીઓનું દૃષ્ટાંત છે.

**ટીકાર્થ– પ્રકૃષ્ટ ફલસાધક**– આનુષંગિક ફળને ગૌણ કરીને મેળવવાને ઇચ્છેલા સર્વાન્તિમ ફલને સિદ્ધ કરનાર. જેવી રીતે ખેતીમાં પરાળ વગેરેને ગૌણ કરીને ધાન્યની પ્રાપ્તિ સર્વાન્તિમ(=મુખ્ય) ફળ છે તેમ. ખેડૂત પરાળ વગેરેને મેળવવા ખેતી કરતો નથી, કિંતુ ધાન્યને મેળવવા ખેતી કરે છે. કારણ કે પ્રધાન ફળ જ ફળ છે. કહ્યું છે કે– **"બુધ જનો ખેતીમાં પરાળ વગેરેને ગૌણ કરીને ધાન્યની પ્રાપ્તિ મુખ્ય ફળ છે, એમ પ્રધાન ફળને જ ફળ કહે છે, આનુષંગિક ફળને પણ ફળ કહેતા નથી."**

૧. પોતાના સ્વરૂપને પામે છે=સુંદર ફળ આપનારાં બને છે.

**અનુબંધને પણ**– માત્ર સમ્યક્ આરંભ જ કરે છે એમ નહિ, કિંતુ અનુબંધને પણ શોધે છે, અર્થાત્ આ આરંભનો અનુબંધ કેવો થશે તે પણ વિચારે છે.

**અહીં પણ**– અનુબંધની શોધ કરવામાં પણ. કેવળ સમ્યગ્ આરંભમાં જ જેનું સ્વરૂપ પૂર્વે (૧૭૨ વગેરે ગાથાઓમાં) કહેલું છે તે ધનવણિકનું દૃષ્ટાંત છે એમ નહિ, કિંતુ અનુબંધની શોધ કરવામાં પણ તેવા પ્રકારનો વ્યવહાર (=વેપાર) કરવાના પ્રારંભમાં બે વણિકોથી પુછાયેલા બે જ્યોતિષીઓનું દૃષ્ટાંત છે. (૧૮૦)

एतदेवाह—

**करकट्टलाभपुच्छा, जोतिसियदुगम्मि दुण्हवणियाण ।**
**विहिपडिसेहा लाहो, वत्ता कोवो उ इयरस्स ॥१८१॥**

**'करो' राजदेयो भागः शुल्कमित्यर्थः स 'कृत्तः' छिन्नः पृथक् कृतो यस्मात् तद् भवति करकृतं, करेण कृत्तं 'कृती वेष्टने' इति वचनाद् वेष्टितमुपरुद्धमवश्यदेयत्वात् तस्य, तच्च व्यवहारप्रयुक्तं धनधान्यादि तस्माल्लाभोऽपूर्वधनागमः, तस्य पृच्छा प्रवृत्ता, क्वचिद् नगरे 'ज्योतिषिकद्विके' द्वयोर्ज्योतिषिकयोः समीप इत्यर्थः । द्वयोर्वणिजोरा-वयोरस्मिन् देशान्तरव्यवहारे निरूप्यमाणे किं लाभः समस्ति नवा इति पृच्छा एकैकस्य ज्योतिषिकस्यैकैकेन कृतेत्यर्थः । तत्र ज्योतिषिकाभ्यां द्वाभ्यां पृथक् विधिप्रतिषेधौ कृतौ लाभस्य, एकेनैकस्य लाभोऽन्यस्य चान्येन प्रतिषेधो भणित इत्यर्थः । प्रेषितं चैकेन देशान्तरे मलयविषयादौ निजभाण्डम् । संवृत्तश्च भूयान् लाभः । समागता च तत्र लाभवार्त्ता। ततः 'कोपस्तु' असंतोषः पुनरितरस्याप्रहितभाण्डस्य बभूव ज्योतिषिकं प्रति ॥१८१॥**

આ દૃષ્ટાંતને જ કહે છે–

**ગાથાર્થ–ટીકાર્થ**– એક વણિકે એક જ્યોતિષીને પૂછ્યું: દેશાંતરમાં જઇને ધન-ધાન્યાદિનો વેપાર કરવામાં અમને બેને લાભ થશે કે નહિ ? જ્યોતિષીએ કહ્યું: લાભ થશે. બીજા વણિકે બીજા જ્યોતિષીને એ જ પ્રમાણે પુછ્યું. બીજા જ્યોતિષીએ લાભ નહિ થાય એમ કહ્યું. એકે પોતાનું કરિયાણું મલયદેશ વગેરેમાં મોકલ્યું તેને ઘણો લાભ થયો. બીજા વણિકે સાંભળ્યું કે તેને ઘણો લાભ થયો છે. તેથી કરિયાણું પરદેશ ન મોકલનાર બીજા વણિકને જ્યોતિષી પ્રત્યે રોષ-અસંતોષ થયો. (૧૮૧)

ततः—

**मा रूस णत्थि एत्थं, आगमणं सत्थघायनासो त्ति ।**
**तुट्ठनिवेयणमम्हे, सव्वत्थणुबंधसार त्ति ॥१८२॥**

**मा रूसेत्यादि। ज्योतिषिकः प्राह ( ग्रन्थ ५००० ) मा रुष्य मां प्रति, यतो 'नास्ति' न विद्यतेऽत्र नगरे आगमनं करकृत्तस्य । कुत इति चेदुत्यते—'सत्थघातनासत्ति' इति। सार्थस्य पथि समागच्छतश्चौरैर्घातेन करकृत्तस्य नाशो भविष्यतीति हेतोः । ततः कालेन तथैव संवृत्ते सति 'तुट्ठनिवेयणं' त्ति तुष्टस्य निजभाण्डोपघाताभावेन वणिजो निवेदनं कृतं ज्योतिषिकेण, यथा वयमनुबन्धसारा वर्त्तामह इति, अमुना प्रकारेण निरनुबन्ध-कार्यस्य तत्त्वतोऽकार्यत्वात् ॥ १८२॥**

**ગાથાર્થ-ટીકાર્થ–** તેથી જ્યોતિષીએ તેને કહ્યું: તું મારા ઉપર રોષ ન કર. કારણ કે તેના ધન-ધાન્યનું નગરમાં આગમન નહિ થાય. રસ્તામાં આવતા સાર્થને ચોરો મારશે (અને ધન-ધાન્ય લૂંટી લેશે.) આથી ધન-ધાન્યનો નાશ થશે. સમય જતાં તે પ્રમાણે જ થયું. પોતાના કરિયાણાનો નાશ ન થવાથી ખુશ થયેલા વણિકને જ્યોતિષીએ કહ્યું: અમે અનુબંધની પ્રધાનતાવાળા છીએ, અર્થાત્ અમે અનુબંધને પ્રધાન માનીએ છીએ. કારણ કે આ રીતે અનુબંધથી રહિત કાર્ય પરમાર્થની અકાર્ય છે. (૧૮૨)

इत्थं प्रसङ्गाद् बुद्धिगुणांस्तज्ज्ञातानि चाभिधाय साम्प्रतं 'बुद्धिजुओ आलोयइ' इत्यादि-गाथोक्तमर्थं विशेषतो भावयितुमिच्छुरवगतविपक्षोऽन्वयः सुगमो भवतीति तद्विपक्षमेवाश्रित्य तावदाह—

**धम्मट्ठाणमहिंसा, सारो एसोत्ति उज्जमति एत्तो ।**
**सव्वपरिच्चाएणं, एगो इह लोगनीतीए ॥१८३॥**

**'धर्मस्थानं' धर्मस्य दुर्गतिप्रवृत्तजन्तुवारनिवारणकरणप्रवणस्य जीवपरिणति-विशेषरूपस्य स्थानं विशेषो'ऽहिंसा' सर्वजीवदया वर्त्तते । ततः 'सारः' परमार्थः सर्वधर्मस्थानमध्ये 'एषो'ऽहिंसारूपो धर्मः । इत्यस्मात् कारणाद् 'उद्यच्छति' प्रोत्साहमव-लम्बतेऽस्यामेव । कथमित्याह—'इतो'ऽहिंसायाः सकाशात् 'सर्वपरित्यागेन' सर्वस्य गुरुकुलवासतद्विनयकरणशास्त्राभ्यासादेः शेषधर्मस्थानस्याहिंसाया एव स्वरूपपरि-ज्ञानाभ्युगमपरिपालनोपायभूतस्य परित्यागेन परिहारेण, 'एकः' कश्चन प्रासुकपुष्प-फलशैवालादिभोक्ता निर्विजनारण्यवासी बालतपस्वी अगीतार्थो वा लोकोत्तरयतिः । इहापरधार्मिकजनमध्ये 'लोकनीत्या' "श्रूयतां धर्मसर्वस्वं, श्रुत्वा चैवावधार्यताम् । आत्मनः प्रतिकूलानि, परेषां न समाचरेत्॥१॥" एवंरूपलौकिकशास्त्रानुसारेण ॥१८३॥**

આ પ્રમાણે પ્રસંગથી બુદ્ધિગુણોને અને તેનાં દૃષ્ટાંતોને કહીને હવે **બુદ્ધિજુઓ આલોયઇ** (ગા. ૧૬૭) ઈત્યાદિ ગાથામાં કહેલ અર્થને વિશેષથી વિચારવાની ઈચ્છાવાળા ગ્રંથકાર વિરુદ્ધ[1] પક્ષને જાણ્યા પછી અન્વય[2] સહેલાઈથી જાણી શકાય, આથી અન્વયના વિરુદ્ધ પક્ષને આશ્રયીને કહે છે–

**ગાથાર્થ**– અહિંસા ધર્મસ્થાન છે. તેથી અહિંસા સાર છે. તેથી અહીં કોઈક અહિંસા સિવાય બધું છોડીને અહિંસામાં જ લૌકિકનીતિથી ઉદ્યમ કરે છે.

**ટીકાર્થ**– **અહિંસા=** સર્વજીવોની દયા.

**ધર્મસ્થાન**– દુર્ગતિ તરફ પ્રવૃત્ત થયેલા જીવસમૂહને રોકવામાં તત્પર એવો જીવપરિણામ વિશેષ ધર્મ છે. ધર્મનું સ્થાન તે ધર્મસ્થાન, અર્થાત્ ધર્મસ્થાન એટલે ધર્મવિશેષ. અહિંસા ધર્મવિશેષ છે, એટલે કે ધર્મના અનેક પ્રકારો છે તેમાં અહિંસા વિશેષ (=સર્વથી ચઢિયાતો) ધર્મ છે. એ ધર્મ જીવનો પરિણામવિશેષ રૂપ છે, અને જીવોને દુર્ગતિથી બચાવે છે.

**તેથી અહિંસા સાર છે**– અહિંસા વિશેષ ધર્મ હોવાથી સર્વ ધર્મસ્થાનોમાં આ અહિંસા રૂપ ધર્મ સાર છે-પારમાર્થિક ધર્મ છે.

**અહીં**– ગીતાર્થ જૈન સાધુ સિવાય અન્યધાર્મિક લોકમાં.

**કોઈક**– અચિત્ત પુષ્પ, ફલ અને શેવાળ આદિનું ભોજન કરનાર અને નિર્જન જંગલમાં રહેનાર બાલતપસ્વી અથવા અગીતાર્થ લોકોત્તર સાધુ.

**બધું છોડીને**– અહિંસાના જ સ્વરૂપનું વિશિષ્ટ જ્ઞાન, અહિંસાનો સ્વીકાર અને અહિંસાનું પાલન એ ત્રણના ઉપાયભૂત એવા ગુરુકુલવાસ, ગુરુનો વિનય અને શાસ્ત્રાભ્યાસ વગેરે અન્ય ધર્મસ્થાનને છોડીને.

**લોકનીતિથી**– **"ધર્મના સારને સાંભળો, સાંભળીને અવશ્ય તેનું અવધારણ કરો. પોતાને જે પ્રતિકૂળ હોય તેને બીજાઓ પ્રત્યે ન આચરો એ ધર્મનો સાર છે."** (ચાણક્યનીતિ ૧/૭) આવા પ્રકારના લૌકિક શાસ્ત્રના અનુસારે.

**ઉદ્યમ કરે છે**– પ્રકૃષ્ટ ઉત્સાહને અવલંબે છે, અર્થાત્ અહિંસાના પાલનમાં અતિશય ઉત્સાહ રાખે છે.

૧. કારણના અભાવમાં કાર્યનો અભાવ એ વિરુદ્ધ પક્ષ છે. જેમકે જ્યાં અગ્નિ ન હોય ત્યાં ધૂમાડો ન જ હોય. આને વ્યતિરેક પણ કહેવામાં આવે છે.

૨. અન્વય એટલે જ્યાં કાર્ય હોય ત્યાં કારણ હોય એમ સાહચર્યનો સંબંધ. જેમકે જ્યાં ધૂમાડો હોય ત્યાં અગ્નિ હોય જ.

અહીં સંક્ષેપમાં સાર એ છે કે– અજ્ઞાની જીવો અહિંસા એ જ સારભૂત ધર્મ છે એમ સમજીને ગરુકુલવાસ વગેરે સર્વને ત્યાગ કરીને કેવળ અહિંસામાં જ ઉત્સાહ રાખે છે. પણ અજ્ઞાનતાના કારણે અહિંસાનું ફળ મેળવી શકતા નથી. (૧૮૩)

अथैतदेवान्वयत आह—

अन्नो उ का अहिंसा, आगमओ सो गुरूउ विहिणा उ ।
एयम्मि कुणति जत्तं, लोउत्तरणीतितो मतिमं ॥१८४॥

'अन्यस्तु' प्रागुक्तधार्मिकविलक्षणः पुनः धार्मिक एव 'मीमांसते' इति गम्यते । कथमित्याह-'का' कीदृशी हेतुतः, स्वरूपतोऽनुबन्धतश्च 'अहिंसा' निखिलकुशल-लोकाभिनन्दनीया वर्त्तते । न चासावन्यथा यथावदवगन्तुं शक्यते, किन्त्वागमतः । आगमादाप्तवचनरूपात् । यथोक्तं—"परलोकविधौ शास्त्रात्, प्रायो नान्यदपेक्षते । आसन्नभव्यो मतिमान्, श्रद्धाधनसमन्वितः ॥१॥ उपदेशं विनाऽप्यर्थकामौ प्रति पटुर्जनः। धर्म्मस्तु न विना शास्त्रादिति तत्रादरो हितः ॥२॥ पापमयौषधं शास्त्रं, शास्त्रं पुण्यनिबन्धनम्। चक्षुः सर्वत्रगं शास्त्रं, शास्त्रं सर्वार्थसाधकम् ॥३॥" तथा "प्रमत्तयोगात् प्राणव्यपरोपणं हिंसा" इति हिंसाहेतोः स्वरूपस्य च निर्देशः । "यदस्ति दुःखं त्रैलोक्ये, व्याधितश्चाधितस्तथा । तद्धिंसाविषवृक्षस्य, प्रोच्यते सकलं फलम् ॥१॥ एतद्वैलक्षण्येन चाहिंसाया योजना कार्या । 'सो गुरूउ' इति स आगमः सूत्रार्थोभयरूपः सर्वहिताहित-प्रवृत्तिनिवृत्तिहेतुः 'गुरूउ' इति गुरुभ्यः सकाशाल्लभ्यते । गुरुलक्षणं चेदं, यथा— "गुरुर्गृहीतशास्त्रार्थः, परां निःसङ्गतां गतः । मार्त्तण्डमण्डलसमो, भव्याम्भोजविकाशने ॥१॥ गुणानां पालनं चैव, तथा वृद्धिश्च जायते । यस्मात्सदैव स गुरुर्भवकान्तारनायकः ॥२॥" अत एवान्यत्रोच्यते—"गुर्वायत्ता यस्माच्छास्त्रारम्भा भवन्ति सर्वेऽपि । तस्माद् गुर्वाराधन-परेण हितकाङ्क्षिणा भाव्यम् ॥१॥ संसारसमुद्भूतकषायदोषं, लिलङ्घिषन्ते गुरुणा विना ये । [1]विभीमनक्रादिगणं ध्रुवं ते, वार्धिं तितीर्षन्ति विना तरण्डम् ॥२॥" इति ॥ कथमित्याह- 'विधिना तु' विधिनैव कालविनयबहुमानादिना, अविधिलब्धस्य श्रुतस्य प्रत्युतापायफल-त्वेनालब्धकल्पत्वात् । अपायाश्चामी—"उम्मायं च लभेज्जा, रोगायंकं व पाउणे दीहं । तित्थयरभासियाओ धम्माओ वावि भंसेज्जा" ॥१॥" इति । तत 'एतस्मिन्' विधिना गुरुभ्यो लभ्यमाने आगमे कुरुते यत्नमादरं शुश्रूषाश्रवणग्रहणादिरूपं लोकोत्तरनीत्या लोकाद् गतिकानुगतिकरूपलोकहेरिप्रवृत्तात् कुतीर्थिकादिभेदभिन्नादुत्तरा उपरिवर्त्तिनी नीतिर्न्याय-

१ क. वै भीम—।

**स्तस्याः, सर्वविद्वचनानुसारेणेत्यर्थः । 'मतिमान्' प्रकृतबुद्धिधनो जनः। एवं चास्य महात्मनस्तुच्छीभूतभवभ्रमणरोगस्य सुप्रयुक्तमिवौषधं असावागमः सर्वाङ्गं परिणमते । मुच्यते चासौ तैस्तैर्भवविकारैरिति ॥१८४॥**

હવે આ જ વિષયને અન્વયથી કહે છે–

**ગાથાર્થ**– અન્ય મતિમાન અહિંસા કેવી છે તે આગમથી સમજી શકાય છે, આગમ ગુરુની પાસેથી મળે છે એમ વિચારે છે. આથી તે લોકોત્તર નીતિથી વિધિપૂર્વક જ આગમમાં યત્ન કરે છે.

**અન્ય**– પૂર્વે કહેલ ધાર્મિકથી જુદો ધાર્મિક.

**મતિમાન**– પ્રસ્તુત બુદ્ધિ એ જ જેનું ધન છે તેવો લોક.

**અહિંસા કેવી છે**– સકળ કુશલ લોકને પ્રશંસનીય અહિંસા હેતુથી, સ્વરૂપથી અને અનુબંધથી કેવી છે.

**આગમથી સમજી શકાય છે**– આગમ એટલે આપ્તવચન. અહિંસા આગમ સિવાય બીજી રીતે સમજી શકાય તેમ નથી, કિંતુ આગમથી જ સમજી શકાય છે. (યોગબિંદુમાં કહ્યું છે કે-) **"અલ્પસંસારી, માર્ગાનુસારી, શ્રદ્ધારૂપી ધનથી યુક્ત જીવ પરલોકના ફળવાળાં કાર્યો કરવામાં મોટા ભાગે શાસ્ત્ર સિવાય બીજા લોકરૂઢિ આદિ કોઈનું આલંબન લેતો નથી. (૨૨૧) અર્થ અને કામમાં તો ઉપદેશ વિના પણ લોકો હોંશિયાર હોય છે. ધર્મ માટે તો શાસ્ત્ર સિવાય બીજો કોઈ આધાર નથી, માટે શાસ્ત્રમાં આદર કરવો એ જ હિતકર છે. (૨૨૨) શાસ્ત્ર પાપરૂપી રોગનું ઔષધ છે. શાસ્ત્ર પવિત્ર કાર્યોનું નિમિત્ત છે. શાસ્ત્ર સૂક્ષ્મ-બાદર વગેરે સર્વ વસ્તુમાં જનારી (=સર્વ વસ્તુઓને જોનારી) આંખ છે. શાસ્ત્ર સર્વ કાર્યોની સિદ્ધિનું કારણ છે. (૨૨૫)"**

તથા હિંસાના હેતુનો અને સ્વરૂપનો નિર્દેશ આ પ્રમાણે છે– પ્રમાદના યોગથી થતો પ્રાણનો વિયોગ એ હિંસા છે. હિંસાની આ વ્યાખ્યામાં પ્રમાદ(=અયતના) એ હેતુ હિંસા છે અને પ્રાણનો વિયોગ એ સ્વરૂપ હિંસા છે. (હિંસાનું ફલ આ પ્રમાણે છે-) **"ત્રણ જગતમાં જે કંઈ દુઃખ છે, લોક જે વ્યાધિવાળો અને માનસિક દુઃખવાળો છે, તે સઘળું હિંસારૂપ વૃક્ષનું ફળ કહેવાય છે."** આનાથી વિપરીત રીતે અહિંસાની યોજના કરવી. તે આ પ્રમાણે– અપ્રમાદ(=યતના) હેતુ અહિંસા છે. પ્રાણના વિયોગનો અભાવ સ્વરૂપ અહિંસા છે. પરંપરાએ મોક્ષસુખની પ્રાપ્તિ એ અનુબંધ અહિંસા છે. ત્રણ જગતમાં જે કંઈ સુખ છે, લોક જે નિરોગી અને માનસિક શાંતિવાળો છે તે સઘળું અહિંસા રૂપ વૃક્ષનું ફળ છે.

**આગમ ગુરુની પાસેથી મેળવી શકાય છે–** આગમ સર્વપ્રકારના હિતમાં પ્રવૃત્તિનું અને સર્વપ્રકારના અહિતથી નિવૃત્તિનું કારણ છે. સૂત્રરૂપ, અર્થરૂપ અને ઉભયરૂપ આગમ ગુરુની પાસેથી મેળવી શકાય છે. ગુરુનું લક્ષણ આ પ્રમાણે છે– **"ભવ્યજીવો રૂપ કમળોને વિકસિત કરવા માટે સૂર્યમંડલ સમાન, અતિશય નિઃસ્પૃહતાને પામેલા, અને જેમણે શાસ્ત્રાર્થોને (ગુરુની પાસેથી) ગ્રહણ કર્યા છે તે ગુરુ છે. જેનાથી ગુણોનું પાલન અને ગુણોની વૃદ્ધિ થાય તે ગુરુ ભવરૂપ જંગલને ઓળંગવા માટે નાયક છે."** આથી જ બીજે કહેવાય છે કે – **"શાસ્ત્રનું અધ્યયન ગુરુને આધીન બનીને જ થઇ શકે છે. માટે મોક્ષાભિલાષી શિષ્યે આજ્ઞા પાલન આદિથી ગુરુની ઉપાસનામાં તત્પર બનવું જોઇએ." (પ્ર. ૨. ૬૯)**

**જેઓ સંસારમાં થયેલા કષાયદોષને ગુરુ વિના ઓળંગી જવાની ઇચ્છા રાખે છે તેઓ મગરમચ્છ વગેરે ભયંકર પ્રાણીસમૂહવાળા સમુદ્રને નાવ વિના તરવાની ઇચ્છા રાખે છે.**

**લોકોત્તર નીતિથી–** ગતાનુગતિક રૂપ લોકહેરિથી પ્રવૃત્ત થયેલો એવો કુતીર્થિક આદિ ભેદોથી વિવિધ ભેદવાળો જે લોક, તે લોકથી ઉપર રહેનારી નીતિથી, અર્થાત્ સર્વજ્ઞ વચનના અનુસારે.

**વિધિપૂર્વક જ–** કાલ, વિનય, બહુમાન આદિ વિધિથી જ. કારણકે અવિધિથી મેળવેલું શ્રુત ઊલટું અનર્થરૂપ ફલવાળું હોવાથી નહિ મેળવેલા તુલ્ય છે. અનર્થો આ છે- **"અસ્વાધ્યાયના કાળમાં સ્વાધ્યાય કરનાર સાધુ ચિત્તવિભ્રમને પામે, અથવા રોગ-આતંકને પામે, અથવા તીર્થંકર ભાષિત ધર્મથી ભ્રષ્ટ થાય = મિથ્યાદૃષ્ટિ થાય અથવા ચારિત્રથી પતન પામે."** (આ. નિ. ગા. ૧૪૧૪)

**યત્ન–** [1]સુશ્રૂષા-શ્રવણ-ગ્રહણાદિરૂપ આદર કરે છે.

આ પ્રમાણે જેનો ભવભ્રમણ રૂપ રોગ અલ્પ થઇ ગયો છે તેવા આ મહાત્માને આ આગમ સારી રીતે યોજેલા ઔષધની જેમ સર્વઅંગોમાં પરિણમે છે અને એ તે તે ભવવિકારોથી મૂકાય છે. (૧૮૪)

**आह—किमित्यसावत्यन्तमागमे यत्नं करोति, न पुनरहिंसायामेवेत्याशङ्क्याह—**

**जं आणाए चरणं, आहाकम्मादिणायतो सिद्धं ।**
**ता एयम्मि पयत्तो, विन्नेओ मोक्खहेउत्ति ॥१८५॥**

---

૧. **શુશ્રૂષા**–સાંભળવાની ઇચ્છા. **શ્રવણ**–સાંભળવું. **ગ્રહણ**–શાસ્ત્રના અર્થને સમજવો. આદિ શબ્દથી ધારણ વગેરે સમજવું. તે આ પ્રમાણે- **शुश्रूषा श्रवणं चैव ग्रहणं धारणं तथा ।**
**ऊहोपोहोऽर्थविज्ञानं तत्त्वज्ञानं च धीगुणाः ॥**

यद्यस्मादाज्ञायाः सकाशाच्चरणं चारित्रं देशतः सर्वतो वा जीवानां सम्पद्यते, न पुनरन्यथा । अन्यत्राप्युक्तम्—"वचनाराधनया खलु, धर्म्मस्तद्बाधया त्वधर्म्म इति । इदमत्र धर्मगुह्यं, सर्वस्वं चैतदेवास्य ॥१॥ अस्मिन् हृदयस्थे सति, हृदयस्थस्तत्त्वतो मुनीन्द्र इति । हृदयस्थिते च तस्मिन्नियमात् सर्वार्थसंसिद्धिः ॥२॥" एतच्चाधाकर्मादिज्ञाततः सिद्धम् । इहाधाकर्म—"सच्चित्तं जमचित्तं, साहूणट्ठाए कीरई जं च ॥ अच्चित्तमेव पच्चइ, आहाकम्मं तयं बिंति ॥१॥" इत्यादिसूत्रोक्तलक्षणमन्नपानादि, आदिशब्दात् प्रासुकैषणीयस्यास्यैव ग्रहः, ततस्तदेतद् ज्ञातमुदाहरणम् । ततः सिद्धं पिण्डनिर्युक्तौ प्रतिष्ठितम् । तथा हि—क्वचित् सन्निवेशे केनचिद् मुग्धबुद्धिना दानश्रद्धालुना जैनशासनानुगतेन क्वचित् समये सर्वसङ्घभक्तमुपकल्पितम् । वितीर्णं च पात्रपूरपूर्वकं तद्ग्राहकसाध्वाभासानाम् । श्रुतश्चायं दानव्यतिकरोऽत्यौदार्यसूचकः सन्निहितग्रामवासिना लिङ्गमात्रोपजीविना केनचित् साध्वाभासेन । प्राप्तश्चासावन्यस्मिन् दिने तत्र । पृष्टश्च तेन श्रावकेणागमनप्रयोजनम् । भणितं च तेन, भवदौदार्यमन्तरेण नान्यत् किञ्चित् । तद्दिने च जामातृकादिः सुबहुः प्राघुर्णकलोकस्तद्गृहे समागतः । उपस्कृतश्च सूपौदनपक्वान्नादिस्तन्निमित्तमाहारः । संविभागितश्च तेन पात्रपूरमसौ भुक्तवांश्चेति ॥

तथा क्वचिन्नगरे कश्चित् क्षपको मुनिर्विहितमासदिवसोपवासः पारणकदिने तत्रानेषणां सम्भावयन् अज्ञातोञ्छवाञ्छया सन्निहितग्रामे जगाम । तत्र चैकया कुटुम्बिन्या यथाभद्रिकयाऽत्यन्तसाधुदानश्रद्धानयाऽतिभूरिक्षीरान्नमुपस्कृत्यादरेण दीयमानं सञ्जातशङ्को नूनं न ग्रहीष्यति एतदिति तद्ग्रहणस्यानन्योपायतां पश्यन्त्या शिक्षितानि डिम्भरूपाणि यथा—क्षपकभिक्षोर्भिक्षार्थमागतस्य समक्षमिदं क्षीरान्नं मया परिवेष्यमाणमरुचिसारैर्वचनैरनादेयतामानीय प्रतिषेधनीयम् । तथा विहितं च तैः । क्षपकेणापि दत्तद्रव्यादितीव्रोपयोगेन सर्वोपधा शुद्धिरिति कृत्वा सर्वविद्वचनाराधनाप्रधानेन प्रतिगृहीतम् । तद् भोक्तुमारब्धस्य च "बायालीसेसणसंकडम्मि गहणम्मि जीव ! न हु छलिओ । इण्हिं जह न छलिज्जसि, भुंजंतो रागदोसेहिं ॥१॥" इत्यादिशुभभावनाभावतः क्षपकश्रेणिप्राप्तौ केवलज्ञानमजनीति । एवं प्रथमस्य सर्वज्ञाज्ञोपयोगाभावेन शुद्धमपि पिण्डमुपाददानस्य क्लिष्टकर्मबन्धः । द्वितीयस्य तु विहितनिपुणोपयोगस्य तदशुद्धोपादानेऽपि केवलज्ञानफलो निर्जरालाभः संवृत्त इति । अत एवोक्तं समये "आहाकम्मपरिणओ, फासुयभोईवि बंधओ भणिओ । सुद्धं गवेसमाणो, आहाकम्मेऽवि सो सुद्धो ॥१॥" तत्तस्मादेतस्मिन्नागमे प्रयत्नः

**शुश्रूषाश्रवणग्रहणादिः सर्वस्य मुमुक्षोर्विज्ञेयो मोक्षहेतुरिति, एतत्प्रयत्नमन्तरेण मोक्षाभावात्। तथा च पठन्ति ''मलिनस्य यथाऽत्यन्तं, जलं वस्त्रस्य शोधनम् । अन्तः- करणरत्नस्य, तथा शास्त्रं विदुर्बुधाः ।।१ ॥ शास्त्रे भक्तिर्जगद्वन्द्यैर्मुक्तिदूती परोदिता । अत्रैवेयमतो न्याय्या, तत्प्राप्त्यासन्नभावतः ॥२ ॥'' ॥१८५ ॥**

આ જીવ અહિંસામાં અત્યંત આદર ન કરતાં, આગમમાં અત્યંત આદર કરે છે તેનું શું કારણ છે ? એવી આશંકા કરીને ગ્રંથકાર કહે છે–

**ગાથાર્થ–** કારણકે આજ્ઞામાં ચારિત્ર રહેલું છે. આ આધાકર્મ આદિ દૃષ્ટાંતથી સિદ્ધ છે. તેથી આગમમાં કરેલા પ્રયત્નને મોક્ષનો હેતુ જાણવો.

**ટીકાર્થ– ચારિત્ર આજ્ઞામાં રહેલું છે**–જીવોને દેશચારિત્ર કે સર્વચારિત્ર આજ્ઞાથી સંપન્ન થાય છે, બીજી રીતે નહિ. બીજા સ્થળે પણ કહ્યું છે કે– **"સર્વજ્ઞ વચનની આરાધનાથી જ ધર્મ છે. સર્વજ્ઞ વચનની બાધાથી તો અધર્મ થાય છે." તેથી આ (=સર્વજ્ઞ વચન) જ ધર્મનું રહસ્ય છે. ધર્મનો સર્વસાર પણ સર્વજ્ઞ વચન જ છે.**"(ષોડ. ૨/૧૨) **"આ (=સર્વજ્ઞ વચન) હૃદયમાં રહ્યે છતે પરમાર્થથી સર્વજ્ઞ હૃદયમાં રહે છે અને સર્વજ્ઞ હૃદયમાં રહ્યે છતે નિયમા સર્વ (=ધર્મ, અર્થ, કામ, મોક્ષ એ સર્વ) અર્થોની સિદ્ધિ થાય છે.**"(ષોડ. ૨/૧૪)

**આ વિષય આધાકર્મ આદિ[1] દૃષ્ટાંતથી સિદ્ધ છે=** અહીં આધાકર્મ દોષનું લક્ષણ આ પ્રમાણે છે– "સાધુઓ માટે સચિત્ત ફલ અને બીજ વગેરેને અચિત્ત કરવામાં આવે, તથા અચિત્ત ચોખા વગેરેને પકાવવામાં આવે, તેને તીર્થંકરો આધાકર્મ કહે છે." આવા દોષથી યુક્ત આહાર-પાણીના દૃષ્ટાંતથી ચારિત્ર આજ્ઞામાં રહેલું છે એ વિષયને પિંડનિર્યુક્તિમાં સિદ્ધ કર્યું છે. તે દૃષ્ટાંત આ પ્રમાણે છે– કોઇક નગરમાં મુગ્ધબુદ્ધિ, દાનશ્રદ્ધાળુ અને જૈનશાસનને અનુસરેલા (=જૈન) કોઈકે કોઇક સમયે સર્વ(સાધુ–સાધ્વીરૂપ) સંઘ માટે ભોજન તૈયાર કર્યું. તેને ગ્રહણ કરનારા સાધ્વાભાસોને (=વેષધારી સાધુઓને) પાતરાં ભરીને ભોજન આપ્યું. અતિશય ઉદારતાનો સૂચક આ દાનપ્રસંગ નજીકના ગામમાં રહેનારા અને માત્ર સાધુવેષથી જીવન નિર્વાહ કરનારા કોઇક વેષધારી સાધુએ સાંભળ્યો. તે બીજા દિવસે તે શ્રાવકના ઘરે ગયો. તે શ્રાવકે તેને આવવાનું કારણ પૂછ્યું. તેણે કહ્યું: મારા આવવાનું કારણ તમારી ઉદારતા સિવાય બીજું કંઇ નથી. તે દિવસે તેના ઘરે જમાઇ વગેરે ઘણા મહેમાનો આવ્યા હતા. મહેમાનો માટે પક્વાન્ન અને ભાત-દાળ વગેરે આહાર તૈયાર કર્યો હતો. શ્રાવકે તેને પાત્ર ભરીને વહોરાવ્યું. વેષધારી સાધુએ તે આહાર વાપર્યો.

૧. અહીં "આધાકર્મ આદિ દૃષ્ટાંતથી" એ સ્થળે રહેલા આદિ શબ્દથી પ્રાસુક અને એષણીય આહાર-પાણી સમજવા. ટીકામાં એક દૃષ્ટાંત આધાકર્મ દોષથી યુક્ત આહારનું છે અને બીજું દૃષ્ટાંત નિર્દોષ(=પ્રાસુક અને એષણીય) આહારનું છે.

તથા કોઈક નગરમાં કોઈક તપસ્વીએ માસખમણનો તપ કર્યો. પારણાના દિવસે ત્યાં અનેષણાની (–દોષિત આહારની) સંભાવના કરીને અજાણ્યા ઘરોમાંથી ભિક્ષા લાવવાની ઈચ્છાથી નજીકના ગામમાં વહોરવા ગયા. તે ગામમાં મોટા કુટુંબવાળી, ભદ્રિક, સાધુદાનમાં અત્યંત શ્રદ્ધાવાળી એક સ્ત્રીએ(કદાચ તપસ્વી મહાત્મા આપણા ઘરે વહોરવા આવી જાય એમ વિચારીને સાધુને વહોરાવવા માટે) ઘણી ખીર બનાવી. પછી વિચાર્યું કે જો મુનિને આદરથી વહોરાવવામાં આવે તો કદાચ આ ખીર મારા માટે બનાવી હશે એવી શંકા પડે તો ચોક્કસ મુનિ નહિ વહોરે. આમ વિચારીને તપસ્વીને વહોરાવવાના અદ્વિતીય(-એના જેવો બીજો કોઇ ઉપાય ન હોય તેવા) ઉપાયને જોતી તેણે બાળકોને શિખવાડ્યું. તે આ પ્રમાણે– ભિક્ષા માટે આવેલા તપસ્વી સાધુ સમક્ષ આ ખીર હું તમને પીરશું ત્યારે "તું રોજ ખીર બનાવે છે, અમને રોજ રોજ ખીર ભાવતી નથી." એમ અરુચિવાળા વચનો કહીને "અમને આ ખીર જોઈતી નથી" એમ કહેવું. બાળકોએ તે પ્રમાણે કર્યું. તપસ્વીએ પણ દ્રવ્યાદિનો ઘણો ઉપયોગ મૂક્યો. પછી સર્વજ્ઞ વચનની આરાધનાની પ્રધાનતાવાળા તે મુનિએ આ ખીર બધી રીતે શુદ્ધ છે, એમ વિચારીને વહોરી. સ્થાને જઈને ખીરને ખાવાનું શરૂ કર્યું. ખીરનું ભોજન કરતા તેમણે પોતાના આત્માને કહ્યું કે–"હે જીવ ! **બેતાલીસ એષણાના દોષોથી ગહન અટવી જેવી ગ્રહણૈષણામાં તું ઠગાયો નથી. હમણાં ભોજન કરતો તું જેવી રીતે રાગ-દ્વેષથી ન ઠગાય તે રીતે ભોજન કર, અર્થાત્ રાગ-દ્વેષ વિના ભોજન કર."** (ઓઘ નિ. ૫૪૫) ઈત્યાદિ શુભ ભાવનાથી ક્ષપકશ્રેણિની પ્રાપ્તિ થતાં કેવળજ્ઞાન થયું.

આ પ્રમાણે યતિવેશધારીને સર્વજ્ઞની આજ્ઞાનો (–નિર્દોષ આહાર વહોરવાનો) ઉપયોગ ન હોવાથી શુદ્ધ આહાર લેવા છતાં ક્લિષ્ટ કર્મબંધ થયો. સુસાધુએ સારી રીતે દોષિત આહાર ન આવી જાય તેનો ઉપયોગ મૂક્યો હતો, આથી તેને તો અશુદ્ધ આહાર લેવા છતાં જેનાથી કેવળજ્ઞાન થાય તેવી નિર્જરાનો લાભ થયો. આથી જ શાસ્ત્રમાં કહ્યું છે કે–**"આધાકર્મના પરિણામવાળો સાધુ (કદાચ) પ્રાસુક(–નિર્દોષ) ભોજન કરે તો પણ તેને અશુભકર્મનો બંધક કહ્યો છે. શુદ્ધ આહારની જ ગવેષણા કરનાર સાધુ(કદાચ) આધાકર્મ દોષથી દૂષિત આહાર કરે તો પણ શુદ્ધ જ છે."**(પિંડ નિ. ૨૦૭)

તેથી આગમમાં (=આગમ પ્રમાણે) કરેલા પ્રયત્નને મોક્ષનો હેતુ જાણવો. તેથી આગમમાં (=આગમ સંબધી) શુશ્રુષા-શ્રવણ-ગ્રહણ વગેરે પ્રયત્ન બધાજ મુમુક્ષોઓનો મોક્ષ હેતુ જાણવો. કારણકે આ પ્રયત્ન વિના મોક્ષ ન થાય. આથી જ શાસ્ત્રકારો કહે છે કે– **"જેવી રીતે પાણી મલિન વસ્ત્રને અત્યંત શુદ્ધ કરે છે તેવી રીતે શાસ્ત્ર અંતઃકરણ રૂપ રત્નને અત્યંત શુદ્ધ કરે છે એમ બુદ્ધિમાન પુરુષો જાણે છે."** (યોગ બિંદુ ૨૨૯) **"શાસ્ત્રમાં બહુમાન રૂપી ભક્તિ મુક્તિની ઉત્તમ દૂતી છે એમ જગત્પૂજ્ય તીર્થંકરોએ કહ્યું છે. કારણકે શાસ્ત્રમાં જ ભક્તિ**

**રાખવાથી મુક્તિ નજીક બને છે. જેની મુક્તિ દૂર છે તે જીવ શાસ્ત્રમાં ભક્તિવાળો થતો નથી."** (યોગ બિંદુ ૨૩૦) (૧૮૫)

एतदेव स्फुटवृत्त्या भावयन्नाह—

**आणाबाहाए जओ, सुद्धंपि य कम्ममादि निद्दिट्ठं ।**
**तदबाहाए उ फुडं, तंपि य सुद्धंति एसाणा ॥१८६॥**

**'आज्ञाबाधया' जिनवचनोल्लङ्घनरूपया शुद्धमपि च सत्पिण्डादिवस्तु 'कम्ममादि' आधाकर्मादिसर्वैषणादोषभाग् निर्दिष्टं प्रथमसाधोरिव । 'तदबाधया' त्वाज्ञाया अबाधया पुनर्गृह्यमाणं 'स्फुटं' निर्व्याजमेव तदपि च आधाकर्मादि दोषदुष्टं भक्तादि शुद्धं द्वितीय-साधोरिव । इत्येषा आज्ञा जैनी वर्त्तते । लौकिका अपि पठन्ति ''भावशुद्धिर्मनुष्यस्य, विज्ञेया कार्यसाधनी । अन्यथाऽऽलिङ्ग्यते कान्ता, दुहिता पुनरन्यथा ॥१॥'' ॥१८६॥**

આ જ વિષયને સ્પષ્ટ રીતે વિચારતા ગ્રંથકાર કહે છે–

**ગાથાર્થ–** જિનવચનનું ઉલ્લંઘન કરીને શુદ્ધ પણ આહાર વગેરે વસ્તુને આધાકર્મ વગેરે દોષવાળી કહી છે. જિનવચનનું પાલન કરીને નિષ્કપટપણે ગ્રહણ કરાતી આધાકર્મ આદિ દોષથી દુષ્ટ પણ ભોજન વગેરે વસ્તુ શુદ્ધ છે. આ પ્રમાણે આ જિનાજ્ઞા છે.

**ટીકાર્થ–** જિનવચનનું ઉલ્લંઘન કરીને લીધેલી શુદ્ધ પણ આહાર વગેરે વસ્તુ પ્રથમ સાધુની જેમ આધાકર્મ વગેરે સર્વ એષણાના દોષવાળી બને છે. જિનવચનનું પાલન કરીને નિષ્કપટપણે ગ્રહણ કરાતી આધાકર્મ વગેરે દોષથી દુષ્ટ પણ ભોજન વગેરે વસ્તુ બીજા સાધુની જેમ શુદ્ધ છે. આ પ્રમાણે આ જિનાજ્ઞા છે. આ વિષે લૌકિકો પણ કહે છે કે–**"મનુષ્યની ભાવશુદ્ધિને કાર્યની સાધનારી જાણવી. પત્ની અન્યભાવથી આલિંગન કરાય છે અને પુત્રી અન્યભાવથી આલિંગન કરાય છે."**(૧૮૬)

आह—''यस्य बुद्धिर्न लिप्येत, हत्वा सर्वमिदं जगत् । आकाशमिव पङ्केन, नासौ पापेन लिप्यते ॥१॥'' इत्यादिवचनप्रामाण्याद् भावशुद्धिरेव गवेषणीया, किमाज्ञायोगेनेत्याशङ्क्याह—

**तन्निरवेक्खो नियमा, परिणामोवि हु असुद्धओ चेव ।**
**तित्थगरेऽबहुमाणासग्गहरूवो मुणेयव्वो ॥१८७॥**

**'तन्निरपेक्ष' आज्ञाबाह्यः स्वेच्छामात्रप्रवृत्तो 'नियमाद्' निश्चयेन 'परिणामोवि हु' त्ति प्रस्तावात् शुभोऽपि परिणामोऽन्तःकरणपरिणतिरूपो'ऽशुद्ध एव' मलिन एव । कुतः? यतः स 'तीर्थङ्करे' भगवति सर्वजगज्जीववत्सले विषयभूते'ऽबहुमानाद्' बहुः प्रभूतः स्वात्मापेक्षया मानो मननं बहुमानस्तत्प्रतिषेधादबहुमानस्तस्माद्धेतुभूतात् सकाशाद्**

'असद्ग्रहरूपो'ऽसुन्दराग्रहरूपो 'मुणितव्यो' ज्ञेयः । यद्वक्ष्यति—''सुद्धुंछाइसु जत्तो, गुरुकुलचागाइणेह विन्नेओ । पिच्छत्थं सबरसरक्खवहणपायच्छिवणतुल्लो ॥१॥ इत्यादि । नहि यो यद्वचननिरपेक्षः प्रवर्त्तते स तत्र बहुमानवान् भवति, यथा कपिलादिः सुगतशिवादौ देवताविशेषे, जिनवचननिरपेक्षश्च गुरुकुलवासादिपरित्यागेन शुद्धपिण्डैषणादिकारी साधुः, तस्माद् न भगवति बहुमानवानिति ॥१८७॥''

''આખું જગત હણીને જેની બુદ્ધિ લેપાતી નથી=રાગ-દ્વેષવાળી બનતી નથી તે, જેમ આકાશ કાદવથી લેપાતું નથી તેમ, પાપથી લેપાતો નથી.'' ઇત્યાદિ વચન પ્રામાણિક હોવાથી ભાવશુદ્ધિ જ જોવી જોઈએ, આજ્ઞાયોગથી શું ? આવી આશંકા કરીને ગ્રન્થકાર કહે છે–

**ગાથાર્થ**–આજ્ઞાનિરપેક્ષ પરિણામ પણ અવશ્ય અશુદ્ધ જ છે. કારણકે તીર્થંકરને વિષે બહુમાન ન હોવાથી તે પરિણામ અસદ્ આગ્રહરૂપ જાણવો.

**ટીકાર્થ–આજ્ઞાનિરપેક્ષ પરિણામ પણ**– માત્ર સ્વેચ્છાથી પ્રવૃત્ત થયેલો આજ્ઞા બાહ્ય શુભ પણ પરિણામ. પરિણામ એટલે અંતઃકરણની પરિણતિ.

**તીર્થંકરને વિષે બહુમાન**–જગતના સર્વ જીવો પ્રત્યે વાત્સલ્યભાવવાળા તીર્થંકર પ્રત્યે પોતાની અપેક્ષાએ ઘણું માન તે બહુમાન.

**અસદ્ આગ્રહ રૂપ**– આજ્ઞાની ઉપેક્ષાવાળો શુભ પરિણામ પણ અશુદ્ધ જ છે. કારણકે તીર્થંકર પ્રત્યે બહુમાન ન હોવાથી તે પરિણામ અસદ્ આગ્રહરૂપ છે. આ વિષે આ જ ગ્રંથમાં આગળ કહેશે કે– ''ગુરુકુલવાસ આદિનો ત્યાગ કરીને શુદ્ધ ભિક્ષા આદિમાં કરાતો પ્રયત્ન ભીલે મોરપિચ્છા માટે શૈવ(–ભૌત)સાધુઓનો ઘાત કરીને કરેલા ચરણસ્પર્શના ત્યાગ સમાન છે.'' (ઉપ. ગા. ૬૭૭)

**પ્રશ્ન**– આજ્ઞાની ઉપેક્ષાવાળો જીવ તીર્થંકર પ્રત્યે બહુમાનવાળો નથી એનો નિર્ણય કેવી રીતે કરી શકાય ?

**ઉત્તર**– જે જીવ જેના વચન પ્રત્યે ઉપેક્ષાવાળો બનીને પ્રવર્તે છે તે જીવ તેના પ્રત્યે બહુમાનવાળો ન હોય એ નિયમ છે. જેમકે સાંખ્યમતના અનુયાયીઓ બુદ્ધ અને મહાદેવ વગેરે દેવના વચન પ્રત્યે નિરપેક્ષ હોવાથી તેમના પ્રત્યે બહુમાનવાળા નથી.

પ્રસ્તુતમાં ગુરુકુલવાસ આદિનો ત્યાગ કરીને શુદ્ધ આહારની એષણા વગેરે કરનાર સાધુ જિનવચન પ્રત્યે ઉપેક્ષાવાળો છે. તેથી તે ભગવાન પ્રત્યે બહુમાનવાળો નથી. (૧૮૭)

**अथास्य शुभलेश्यत्वमपि दृष्टान्तोपन्यासेन तिरस्कुर्वन्नाह—**

**गलमच्छभवविमोयगविसन्नभोईण जारिसो एसो ।**
**मोहा सुहो वि असुहो, तप्फलओ एवमेसो वि ॥१८८॥**

गलो नाम प्रान्तन्यस्तामिषो लोहमयः कण्टको मत्स्यग्रहणार्थं जलमध्ये सञ्चारितः, तद्ग्रसनप्रवृत्तो मत्स्यस्तु प्रतीत एव । ततो गलेनोपलक्षितो मत्स्यो गलमत्स्यः । 'भवाद्' दुःखबहुलकुयोनिलक्षणाद् दुःखितजीवान् काकशृगालपिपीलिकामक्षिकादींस्तथाविधकुत्सितवचनसंस्कारात् प्राणव्यपरोपणेन मोचयत्युत्तारयतीति भवविमोचकः पाखण्डिविशेषः । विषेण मिश्रमन्नं विषान्नं तद् भुङ्क्ते तच्छीलश्च यः स तथाविधः । ततो गलमत्स्यश्च भवविमोचकश्च विषान्नभोजी चेति द्वन्द्वस्तेषां यादृश एष परिणामः प्रत्यपायफल एव । कुतः मोहादज्ञानात् पर्यन्तदारुणतया 'शुभोऽपि' स्वकल्पनया स्वरुचिमन्तरेण तेषां तथाप्रवृत्तेरयोगात् सुन्दरोऽपि सन् 'अशुभः' संक्लिष्ट एव । कुत इत्याह—'तत्फलतः' भावप्रधानत्वाद् निर्देशस्य तत्फलत्वाद् अशुभपरिणामफलत्वात्। अथ प्रकृते योजयन्नाह—एवं गलमत्स्यादिपरिणामवत् एषोऽपि जिनाज्ञोल्लङ्घनेन धर्मचारिपरिणामस्तत्फलत्वादशुभ एव । आज्ञापरिणामशून्यतया उभयत्रापि समानत्वेन तुल्यमेव किल फलमिति ॥१८८॥

હવે આજ્ઞા નિરપેક્ષની શુભલેશ્યાનો પણ દૃષ્ટાંતના ઉલ્લેખ પૂર્વક તિરસ્કાર કરતા ગ્રંથકાર કહે છે—

**ગાથાર્થ–** ગલમત્સ્ય, ભવમોચક અને વિષાન્નભોજીઓનો આ પરિણામ અજ્ઞાનતાના કારણે શુભ લાગતો હોવા છતાં અશુભ છે. કારણ કે અશુભ પરિણામના ફલવાળો છે. એ જ પ્રમાણે આજ્ઞાનિરપેક્ષનો આ પરિણામ પણ અશુભ છે.

**ટીકાર્થ–ગલમત્સ્ય**–ગલ એટલે જેના અંતભાગમાં માંસનો ટુકડો મૂકેલો છે તેવો લોઢાનો કાંટો. મત્સ્ય એટલે માછલું. આ કાંટાને માછલાઓને પકડવા માટે પાણીમાં નાખવામાં આવે છે. ગલમત્સ્ય એટલે પાણીમાં નાખેલા લોઢાના કાંટામાં રહેલા માંસને ખાવા માટે આવનારા માછલાં. (અહીં માછલું મને સુખ મળશે એવા પરિણામથી પ્રવૃત્તિ કરે છે, પણ પરિણામે દુઃખજ મળે છે.)

**ભવવિમોચક**– ભવથી છોડાવે તે ભવવિમોચક. કાગડો, શિયાળ, કીડી અને માખી વગેરે દુઃખી જીવોને જેમાં ઘણું દુઃખ છે તેવા કુયોનિરૂપ ભવથી છોડાવનારા પાખંડિ વિશેષ **ભવમોચક**[1] છે. (દુઃખી જીવોને મારી નાખવાથી તે જીવો દુઃખથી મુક્ત થાય છે એમ મુગ્ધજીવોને આ

૧. ભવમોચક મતની માન્યતા એવી છે કે દુઃખથી પીડાઇ રહેલા જીવને મારી નાખવામાં ધર્મ છે. કારણકે એથી તેનો દુઃખથી છૂટકારો થાય છે. દયાળુ માનવ અન્યનું દુઃખ જોઇ જ ન શકે. માટે દુઃખથી પીડાતા જીવને મારી નાખવો જોઇએ. શ્રાવક પ્રજ્ઞપ્તિ ગાથા ૧૩૩ વગેરેમાં આ મતનો નિર્દેશ કરીને તેનું ખંડન કર્યું છે.

પરિણામ સારો લાગે. પણ તેમ મારી નાખવાથી તે જીવો દુઃખથી મુક્ત બનતા નથી, કિંતુ અધિક દુઃખી થાય છે. કારણકે આર્તધ્યાન વગેરે કરીને અશુભ-કર્મનું ઉપાર્જન કરે છે. દુઃખથી મુક્ત બનવાનો સાચો ઉપાય તો એ છે કે જીવોને કર્મથી મુક્ત બનાવવા.)

**વિષાન્નભોજી**– ઝેર મિશ્રિત અન્નનું ભોજન કરનારા. (દુઃખથી કંટાળી જાય એથી એમ વિચારે કે ઝેરવાળું ભોજન કરું કે જેથી આ દુઃખથી મુક્ત બનું આવું વિચારીને ઝેર મિશ્રિત અન્નનું ભોજન કરે તે વિષાન્નભોજી).

(આ રીતે મરી જવાથી દુઃખથી મુક્ત બની જવાય એ અજ્ઞાનતા છે. બાકી રહેલા કર્મો એ જીવ જ્યાં જાય ત્યાં ભોગવે છે. દુઃખથી મુક્ત બનવા કર્મથી મુક્ત બનવું જોઈએ. આથી દુઃખ આવે ત્યારે ઝેરમિશ્રિત અન્નનું ભોજન વગેરેથી આપઘાત કરવાને બદલે કર્મક્ષય થાય તેવો પ્રયત્ન કરવો જોઈએ.)

ગલમત્સ્ય આદિ ત્રણનો પરિણામ અનર્થના ફલવાળો જ છે. અજ્ઞાનતાના કારણે એ પરિણામ પોતાની કલ્પનાથી શુભ લાગતો હોવા છતાં અંતે ભંયકર હોવાથી સંક્લિષ્ટ જ છે.

**પ્રશ્ન**–ગલમત્સ્ય આદિને આ પરિણામ શુભ લાગે છે એનો નિશ્ચય કેવી રીતે કરી શકાય?

**ઉત્તર**– પોતે તેવી પ્રવૃત્તિ કરે છે તેનાથી નિશ્ચિત થાય છે કે તેમાં સ્વરુચિ છે. સ્વરુચિ વિના તેની પ્રવૃત્તિ ન થાય. આથી નિશ્ચિત થાય છે કે આ પરિણામ તેમને સ્વકલ્પનાથી શુભ લાગે છે–દેખાય છે.

**પ્રશ્ન**– ગલમત્સ્ય આદિનો આ પરિણામ અશુભ છે એનું શું કારણ ?

**ઉત્તર**– કારણકે તેનાથી પરિણામે અશુભ ફળ મળે છે.

આ પ્રમાણે ગલમત્સ્ય આદિના પરિણામની જેમ જિનાજ્ઞાનું ઉલ્લંઘન કરીને ધર્મચારીનો(–સ્વચ્છંદી સાધુનો) આ (–શુદ્ધ ભિક્ષા આદિ સંબંધી) પરિણામ પણ અશુભ જ છે. કારણ કે તેનાથી પરિણામે અશુભ ફળ મળે છે. બંને (–ગલમત્સ્યાદિ + સ્વચ્છંદી સાધુ) સ્થળે આજ્ઞાના પરિણામનો અભાવ હોવાથી સમાનતા જ છે, અને એથી ફળ તુલ્ય જ છે. (૧૮૮)

**आह—कस्माच्छुभोऽपि परिणामो मोहादशुभतां प्रतिपद्यत इत्याशङ्क्याह–**

**जो मंदरागदोसो, परिणामो सुद्धओ तओ होति ।**
**मोहम्मि य पबलम्मी, ण मंदया हंदि एएसिं ॥१८९॥**

यः कश्चिद् रागश्च द्वेषश्च रागद्वेषौ । तत्र रागोऽभिष्वङ्गः स च स्नेहकामदृष्टिरागभेदात् त्रिप्रकारः । तत्र स्नेहरागो जनकादिस्वजनलोकालम्बनः । कामरागः प्रियप्रमदादिविषयसाधनवस्तुगोचरः । दृष्टिरागः पुनर्योऽयं दर्शनिनां निजनिजदर्शनेषु युक्तिपथावतारासहेष्वपि कम्बललाक्षारागवत् प्रायेणोत्तारयितुमशक्यः पूर्वरागद्वयापेक्षयातिदृढस्वभावः प्रतिबन्धो विजृम्भते स इति । द्वेषो मत्सरः । अयमपि तत्तत्कार्यमपेक्ष्य सचित्ताचित्तद्रव्यगोचरतया द्विभेदः । ततो मन्दौ निर्बीजीभूतौ निर्बीजीभावाभिमुखौ वा रागद्वेषौ यस्मिन् स तथा 'परिणामो' निरूपितरूपः 'शुद्धकः' परिशुद्धस्वभावः 'तउ' त्ति तको भवति जायते । यत एवं, ततो मोहे च विपर्यासे मिथ्यात्वमोहनीयोदयजन्ये पुनः प्रबले गुणवत्पुरुषप्रज्ञापनाया अप्यसाध्यत्वेन बलीयसि विजृम्भमाणे सति 'न' नैव 'मन्दता' निहतशक्तिरूपता । हंदीति सन्निहितसभ्यजनस्य पश्यतः स्वयमेव प्रयोजनं पश्यतु भवानेव यदि मन्दता स्याद् 'एतयोः' रागद्वेषयोः । न हि कारणमन्दतामन्तरेण कार्यमल्पीभवितुमर्हति, महाहिमपातसमये इव रोमोद्धुषणादयः शरीरिणां शरीरविकारा इति॥१८९॥

**શા કારણે શુભ પણ પરિણામ અજ્ઞાનતાથી અશુભ બને છે? એવી આશંકા કરીને ગ્રંથકાર કહે છે–**

**ગાથાર્થ**– જેમાં રાગ-દ્વેષ મંદ છે તેવા પરિણામ શુદ્ધ છે. મોહ પ્રબળ હોય ત્યારે રાગ-દ્વેષની મંદતા થતી નથી.

**ટીકાર્થ**–રાગ એટલે અભિષ્વંગ(–પ્રેમ). રાગના સ્નેહરાગ, કામરાગ અને દૃષ્ટિરાગ એમ ત્રણ પ્રકાર છે. તેમાં (કોઈ જાતના સ્વાર્થ વિના) પિતા વગેરે સ્વજન પ્રત્યે રાગ તે સ્નેહરાગ. વિષયો પ્રત્યે અને વિષય સુખનું સાધન એવી પ્રિયપત્ની વગેરે વસ્તુઓ પ્રત્યે રાગ તે કામરાગ. મિથ્યાદૃષ્ટિ જીવોનો યુક્તિમાર્ગમાં પ્રવેશ કરવા માટે અસમર્થ(–યુક્તિથી ન ઘટી શકે તેવા) પોત-પોતાના દર્શન ઉપર ગાઢ રાગ તે દૃષ્ટિરાગ. આ રાગ પૂર્વના બે રાગથી અધિક દૃઢ હોય છે. આથી જ જેમ કામળીમાં રહેલો લાક્ષારંગ દૂર કરવો અશક્ય છે તેમ આ રાગ પ્રાયઃ દૂર[1] કરવો અશક્ય છે. દ્વેષ એટલે મત્સર (–અપ્રીતિ). દ્વેષ પણ તે તે કાર્યની અપેક્ષાએ સચિત્ત અને અચિત્ત દ્રવ્ય ઉપર થતો હોવાથી બે પ્રકારનો છે. (અર્થાત્ સચિત્ત દ્રવ્ય ઉપર દ્વેષ થાય તે સચિત્ત દ્વેષ અને અચિત્ત દ્રવ્ય ઉપર દ્વેષ થાય તે અચિત્ત દ્વેષ.)

**પ્રશ્ન**– કેવા રાગ-દ્વેષ મંદ કહેવાય ?

૧. આથી જ વીતરાગ સ્તોત્રમાં કહ્યું છે કે–કામરાગ અને સ્નેહરાગ સહેલાઈથી નિવારી શકાય છે. પણ પાપી દૃષ્ટિરાગ સારા(–તત્ત્વાતત્ત્વનો વિવેક કરવાની શક્તિ ધરાવનારા) માણસોથી પણ મહાકષ્ટથી દૂર કરી શકાય છે. (છઠ્ઠો પ્રકાશ)

**ઉત્તર**– જે રાગ-દ્વેષ બીજ રહિત બની ગયા હોય અથવા તો બીજ રહિત બનવાની સન્મુખ થયા હોય(–નજીકના કાળમાં બીજ રહિત બનવાના હોય) તેવા રાગ-દ્વેષ મંદ કહેવાય. (બીજ રહિત બનેલા રાગ-દ્વેષ ફરી ક્યારેય પ્રબળ બને નહિ. બલ્કે અધિક ઘટતા જાય.)

પરિણામ શબ્દનો અર્થ પૂર્વે ૧૮૭મી ગાથામાં કહ્યો છે.

**પ્રશ્ન**– અહીં મોહ એટલે શું ?

**ઉત્તર**– મિથ્યાત્વ મોહનીય કર્મના ઉદયથી થતું વિપરીત જ્ઞાન તે મોહ. આવો મોહ ગુણવાન પુરુષના પ્રતિપાદનથી (–સમજાવવાથી) પણ દૂર ન કરી શકાય તેવો બળવાન હોય ત્યારે રાગ-દ્વેષની મંદતા ન થાય.

**પ્રશ્ન**– મંદતા એટલે શું ?

**ઉત્તર**– મંદતા એટલે શક્તિ નષ્ટ થઇ જવી. અર્થાત્ રાગ-દ્વેષ જે શક્તિથી ઉત્પન્ન થાય છે તે શક્તિ નષ્ટ થઇ જાય તેને રાગ-દ્વેષની મંદતા કહેવામાં આવે છે. (કોઇ પણ વસ્તુમાંથી ઉત્પત્તિની શક્તિ નષ્ટ થઇ ગયા પછી તે વસ્તુ ફરી ઉત્પન્ન ન થાય અને ઉત્પન્ન થઇ ગયેલી વસ્તુ સમય જતાં તદ્દન નષ્ટ થઇ જાય. પ્રસ્તુતમાં રાગ-દ્વેષની શક્તિ નષ્ટ થઇ ગયા પછી ગમે તેવાં નિમિત્તો મળે તો પણ રાગ-દ્વેષ પ્રબળ ન થાય અને સમય જતાં સર્વથા નાશ પામે. મિથ્યાત્વમોહ રાગ-દ્વેષની શક્તિ છે. આથી મિથ્યાત્વ જ્યાં સુધી પ્રબલ હોય ત્યાં સુધી રાગ-દ્વેષની શક્તિ નષ્ટ ન થાય એથી રાગ-દ્વેષ મંદ ન બને.)

**પ્રશ્ન**– મૂળગાથામાં '**हंदि**' એવો પ્રયોગ શા માટે છે ?

**ઉત્તર**– **हंदि** એવો પ્રયોગ કરીને ગ્રંથકાર નજીકમાં રહેલા અને જોતા એવા સભ્યજનને એમ કહે છે કે જો મોહ પ્રબળ હોય ત્યારે રાગ-દ્વેષની મંદતા થતી હોય તો તમે જાતે જ જુઓ. કારણ મંદ થયા વિના કાર્ય મંદ ન થાય. જેમકે, અતિશય હિમ પડતું હોય ત્યારે રોમરાજી વિકસ્વર થવી વગેરે શરીર વિકારો મંદ પડતા નથી. (૧૮૯)

**ननु मिथ्यादृशामपि केषाञ्चित् स्वपक्षनिबद्धोद्धुरानुबन्धानामपि भूयानुपशमः प्रबलमोहत्वेऽपि दृश्यते, स कथं जातः ? इत्याह—**

**संमोहसत्थयाए, जहाहिओ हंत दुक्खपरिणामो ।**
**आणाबज्झसमाओ, एयारिसओ वि विन्नेओ ॥१९०॥**

**'संमोहः' सन्निपातो युगपद्वातपित्तश्लेष्मसंक्षोभजन्यो व्याधिविशेषः, तस्य स्वस्थता देहादनुत्तारेऽपि कुतोऽपि वेलाबलादनुद्रेकावस्था संमोहस्वस्थता तस्यां सत्यामपि, यथा अधिकः प्रभूतः भूयः संक्षोभात् प्रागवस्थामपेक्ष्य जायते, हन्तेति प्रत्यवधारणे,**

**ततोऽस्माभिरवधार्य निगद्यमानमेतत् प्रत्यवधारयन्तु भवन्तः । 'दुःखपरिणामो' मूर्च्छा-प्रलापाङ्गभङ्गादिः 'आणाबज्झसमाओ' इति आज्ञाबाह्यात् शमाद् रागद्वेषमन्दतालक्षणात् तथाविधदेवभवैश्वर्यमनुष्यजन्मराज्यादिसुखस्य किञ्चित्कालं लाभेऽपि पापानुबन्धिपुण्य-वशाद् भगवतोऽपि सद्धर्मबीजवपनविधावेकान्तेन खीलीभूतात्मनां कुणिकब्रह्मदत्ता-दीनामिवोपात्तदुरन्तपापप्राग्भाराणां एतादृशकः सुसंमोहः स्वस्थतोत्तरकालभाविदुःख-परिणामतुल्य एव 'विज्ञेयो' मुणितव्यः । तौ हि रागद्वेषावव्यावृत्तप्रबलविपर्यासौ सन्तौ पापानुबन्धिनः सातवेद्यादेः कर्मणो मिथ्यात्वमोहनीयस्य च बन्धहेतू भवतः । ततो भवान्तरे प्राप्तौ तत्पुण्यपाकेन समुदीर्णमिथ्यात्वमोहा अत एव हिताहितकृत्येषु मूढता-मुपगता मलिनकर्मकारिणः प्रागुपात्तपुण्याभासकर्म्मोपरमे निष्पारनारकादिदुःखजलधि-मध्यमज्जिनो जीवा जायन्त इति ॥१९०॥**

જો મોહ પ્રબળ હોય ત્યારે રાગ-દ્વેષની મંદતા ન થાય તો જેમને પોતાના પક્ષ(—દર્શન) ઉપર ગાઢ પક્ષપાત બંધાયો છે તેવા કેટલાક મિથ્યાદૃષ્ટિઓમાં પણ મોહ પ્રબળ હોવા છતાં જે ઘણો ઉપશમ દેખાય છે તે કેવી રીતે થયો ? એવી શંકાનું સમાધાન કરવા માટે કહે છે—

**ગાથાર્થ—** જેવી રીતે સન્નિપાત વ્યાધિમાં થયેલી સ્વસ્થતાથી પરિણામે દુઃખ વધે છે તેવી રીતે આજ્ઞાબાહ્ય ઉપશમથી પણ પરિણામે દુઃખ વધે છે.

**ટીકાર્થ—** સન્નિપાત એટલે વાત, પિત્ત અને કફનો એકી સાથે પ્રકોપ થવાથી થયેલો રોગ. આ રોગ શરીરમાંથી દૂર ન થયો હોય—નિર્મૂળ ન થયો હોય તો પણ કોઈક કાળના પ્રભાવથી દબાઈ ગયો હોય, તેથી શરીરમાં વ્યાધિની મંદતા જણાય. પણ પછી ફરી પૂર્વ અવસ્થાની અપેક્ષાએ વાત-પિત્ત-કફનો અધિક પ્રકોપ થવાથી તે વ્યાધિ વધારે પ્રબળ બને અને એથી મૂર્છા, પ્રલાપ અને અંગભંગ વગેરે દુઃખ અધિક થાય.

તેવી રીતે આજ્ઞાબાહ્ય રાગ-દ્વેષની મંદતારૂપ ઉપશમથી પણ પરિણામે દુઃખ વધે છે. તે આ પ્રમાણે—આજ્ઞાબાહ્ય ઉપશમથી તેવા પ્રકારનું દેવભવનું ઐશ્વર્ય અને મનુષ્ય જન્મમાં રાજ્ય વગેરે સુખ થોડા કાળ સુધી મળે છે. પણ પાપાનુબંધી પુણ્યના કારણે એ સુખ ભોગવ્યા પછી અધિક દુઃખ અનુભવે છે. આ વિષે કૂણિક અને બ્રહ્મદત્ત વગેરે દૃષ્ટાંતરૂપ છે. કૂણિક અને બ્રહ્મદત્ત સદ્ધર્મરૂપ બીજ વાવવામાં ભગવાનને પણ એકાંતે પ્રતિકૂળ હતા, અર્થાત્ ખુદ ભગવાન પણ તેમનામાં સદ્ધર્મરૂપ બીજ વાવી શકે નહિ તેવા હતા. તેમણે દુઃખે કરીને નાશ કરી શકાય(—દુઃખ ભોગવીને જ નાશ કરી શકાય) તેવો પાપસમૂહ બાંધ્યો હતો.

(કૂણિક પૂર્વભવમાં તાપસ હતો. બ્રહ્મદત્તે પૂર્વભવમાં ચારિત્ર લીધું હતું. આ અવસ્થામાં તે બંનેને ઉપશમ ભાવ હતો. પણ એ ઉપશમભાવ દબાઇ ગયેલા સન્નિપાત રોગ તુલ્ય હતો.

આથી તે વખતે તેમણે પાપાનુબંધી પુણ્ય બાંધ્યું. એ પુણ્યના કારણે તે બંને મરીને દેવલોકમાં ગયા. ત્યાંથી મનુષ્યભવમાં આવ્યા. તે ભવમાં પાપાનુબંધી પુણ્યના ઉદયથી ભયંકર પાપો કરીને બંને નરકમાં ગયા. આમ ઉપશમ ભાવથી પરિણામે અધિક દુઃખ મળ્યું.)

વિપરીત જ્ઞાનરૂપ મોહ પ્રબળ હોય ત્યારે મંદ બનેલા રાગ-દ્વેષ પાપાનુબંધી સાતા વેદનીયકર્મના અને મિથ્યાત્વ મોહનીયના બંધનું કારણ બને છે. (એથી જ્યારે સાતા વેદનીયકર્મ બંધાય ત્યારે સાથે સાથે મિથ્યાત્વ મોહનીયકર્મ પણ બંધાય.) પછી ભવાંતરમાં તે પુણ્યના વિપાકથી સુખની પ્રાપ્તિ થાય છે ત્યારે તેમના મિથ્યાત્વ મોહનીયનો પણ ઉદય થાય છે. એથી જ હિતકર અહિતકર કાર્યોમાં મૂઢતાને પામેલા(-આ કાર્ય મારા માટે હિતકર છે, આ કાર્ય મારા માટે અહિતકર છે એવા જ્ઞાનથી રહિત) તે જીવો મલિન કાર્યો કરે છે. પછી પૂર્વે ઉપાર્જન કરેલ પુણ્યાભાસ રૂપ કર્મ પૂર્ણ થઈ જતાં નરકાદિ દુઃખ રૂપ અપાર સમુદ્રમાં ડૂબી જાય છે.

આ ગાથામા હંત અવ્યય પ્રત્યવધારણ અર્થમાં છે. આનાથી ગ્રંથકાર એમ કહે છે કે અમારાથી અવધારણ કરીને આ જે કહેવાઇ રહ્યું છે તેનું તમે પ્રત્યવધારણ કરો. (૧૯૦)

एतदेव तीर्थान्तरीयमतेन संवादयन्नाह—

**एत्तो च्चिय अवणीया, किरियामेत्तेण जे किलेसा उ ।**
**मंडुक्कचुन्नकप्पा, अन्नेहि वि वन्निया णवरं ।।१९१।।**

**इत एवाज्ञाबाह्यशमस्य दुःखपरिणामफलत्वाद् हेतोः । किमित्याह– 'अपनीता' इवापनीताः समुद्भूतावस्थां त्याजिताः, 'क्रियामात्रेण' क्रिययैव बालतपश्चरणाऽकाम-शीतोष्णाद्यधिसहनरूपया सम्यग् विवेकविकलत्वेन केवलया वक्ष्यमाणतुशब्दस्य पुनरर्थस्येहाभिसम्बन्धाद् 'ये' तु ये पुनः 'क्लेशा' कामक्रोधलोभाभिमानादयो दोषाः, ते मण्डूकस्य भेकस्य मृतकस्य सततस्तथाविधप्रयोगाद् यश्चूर्णः अतिसूक्ष्मखण्डसमूह-लक्षणो मण्डूकचूर्णस्तस्मात् किञ्चिदूना मण्डूकचूर्णकल्पा वर्त्तन्ते । इत्यन्यैरपि तीर्थान्तरीयैः सौगतादिभिर्वर्णिताः स्वशास्त्रेषु निरूपिता 'नवरं' केवलम् । तदुक्तं— "क्रियामात्रतः कर्म्मक्षयो मण्डूकचूर्णवत्, भावनातस्तु तद्भस्मवत्" इत्यादि ।।१९१।।**

આ જ વિષયને અન્ય દર્શનીઓના મતની સાથે સંવાદી(-સમાન) કરતા ગ્રંથકાર કહે છે-

**ગાથાર્થ**– આથી જ અન્ય દર્શનીઓએ પણ કેવળ ક્રિયાથી જ મંદ કરાયેલા દોષો દેડકાના [1]ચૂર્ણ તુલ્ય છે એમ કહ્યું છે.

૧. ગાથામાં રહેલા **णवरं** અવ્યયનો અર્થ આ પ્રમાણે છે- કેવળ દેડકાના ચૂર્ણ તુલ્ય છે, દેડકાની ભસ્મ(રાખ)તુલ્ય નથી.

**ટીકાર્થ**– **આથી**- આજ્ઞા બાહ્ય ઉપશમ પરિણામે દુઃખરૂપ ફળવાળું હોવાથી.

**અન્ય દર્શનીઓએ કહ્યું છે**– બૌદ્ધો વગેરેએ પોતાના શાસ્ત્રોમાં કહ્યું છે. તે આ પ્રમાણે– **"કેવળ ક્રિયાથી થયેલો કર્મક્ષય દેડકાના ચૂર્ણ સમાન છે, અને ભાવનાથી (=ભાવના જ્ઞાનથી) થયેલો કર્મક્ષય દેડકાની ભસ્મ(–રાખ) સમાન છે"** (દેડકાના ચૂર્ણમાંથી પાણી-માટી વગેરે સામગ્રી મળતાં દેડકાની ઉત્પત્તિ થવાની શક્યતા છે. કેમકે તેમાં ઉત્પત્તિની શક્તિ નષ્ટ થઇ નથી. દેડકાની ભસ્મમાંથી ક્યારેય દેડકાની ઉત્પત્તિ ન થાય. કારણકે તેમાં ઉત્પત્તિની શક્તિ નષ્ટ થઇ ગઇ છે.)

**કેવલ ક્રિયાથી**– સમ્યગ્ વિવેકનો અભાવ હોવાથી બાલતપ કરવો, અજ્ઞાન પણે ચારિત્ર પાળવું, ઇચ્છા વિના ઠંડી-ગરમી વગેરે સહન કરવું ઇત્યાદિ કેવળ ક્રિયાથી, અર્થાત્ જ્ઞાન વિના એકલી બાલતપ વગેરે ક્રિયાથી.

**દોષો**– કામ, ક્રોધ, લોભ અને અભિમાન વગેરે દોષો.

(ટીકામાં **अपनीता** ઇત્યાદિનો અર્થ આ પ્રમાણે છે- જાણે દૂર કરાયા હોય તેવા, અર્થાત્ ઉત્પન્ન થયેલી અવસ્થાને છોડાવાયેલા, એટલે કે મંદ કરાયેલા)

(**मण्डूकचूर्णकल्पा** એ સ્થળે કંઇક ન્યૂન એ અર્થમાં **कल्प** પ્રત્યય આવ્યો છે. એથી **तस्मात् किञ्चिदूना** એમ **कल्प** પ્રત્યયનો અર્થ જણાવ્યો છે. દેડકાના ચૂર્ણથી કંઇક ન્યૂન દોષો તે **मण्डूकचूर्णकल्प** દોષો. અહી તાત્પર્યાર્થ તો "દેડકાના ચૂર્ણ જેવો" એવો છે.)

આ ગાથાનો ભાવાર્થ આ પ્રમાણે છે– જેમ દેડકાના ચૂર્ણમાંથી પાણી-માટી વગેરે સામગ્રી મળતાં દેડકા ઉત્પન્ન થાય છે, તેમ જ્ઞાન વિના કેવળ ક્રિયાથી મંદ કરાયેલા દોષો ફરી નિમિત્ત મળતાં તીવ્ર બને છે. (૧૯૧)

**सम्मकिरियाए जे पुण, ते अपुणब्भावजोगओ चेव ।**
**णेयग्गिदड्ढतच्चुन्नतुल्ल मो सुवयणणिओगा ॥१९२॥**

**'सम्यक्क्रियया' सर्वार्थेष्वभ्रान्तबोधगर्भया तथाविधव्रतादिसेवनरूपया ये पुनरपनीताः क्लेशाः, 'तेऽपुनर्भावयोगतश्चैव', पुनर्भावयोगः—अपनीतानामपि तथाविधसामग्रीवशात् पुनरुन्मीलनं, तत्प्रतिषेधादपुनर्भावयोगस्तस्मादेव ज्ञेयाः, अग्निदग्धतच्चूर्णतुल्या वैश्वानरप्लुष्टप्लवककायचूर्णाकाराः । 'मो' इति पादपूरणार्थः । कुत इत्याह— 'सुवचननियोगात्' कषच्छेदतापताडनशुद्धाप्तवचनव्यापारणात् । यथा हि मण्डूकचूर्णो दाहमन्तरेण निर्जीवतामापन्नोऽपि तथाविधप्रावृडादिसमयसमुपलब्धावनेकप्रमाण-**

**दर्दुररूपतया सद्य एवोद्भवति, तथा कायक्रियामात्रेण क्लेशाः प्रलयमानीता अपि भवान्तरप्राप्तौ तथाविधराज्यादिलाभकालेऽसह्यरूपतामादाय नरकादिफलाः सम्पद्यन्ते। स एव यथा चूर्णो दग्धः सन्निर्बीजतामागतस्तथाविधसामग्रीसंभवेऽपि नोन्मीलितुमुत्सहते, तथा सर्वज्ञाज्ञासम्पर्क्ककर्कशक्रियायोगतः क्लेशाः क्षयमुपनीताश्चक्रवर्त्त्यादिपदप्राप्तावपि नात्मानं लब्धुमलमिति ॥१९२॥**

**ગાથાર્થ–** પણ જે દોષો સમ્યક્ક્રિયા દ્વારા દૂર કરાયેલા હોય તે દોષો અપુનર્ભાવના યોગથી જ અગ્નિથી બાળેલા દેડકાના ચૂર્ણ તુલ્ય જાણવા. કારણ કે તે ક્રિયામાં સુવચનનો યોગ કરાયેલો છે.

**ટીકાર્થ–સમ્યક્ ક્રિયા–** સર્વ પદાર્થોમાં અભ્રાન્તબોધથી યુક્ત તેવા પ્રકારના વ્રતાદિનું સેવન.

**અપુનર્ભાવ યોગથી–** દૂર કરાયેલા પણ દોષો તેવા પ્રકારની સામગ્રીથી ફરી ઉત્પન્ન થાય તે પુનર્ભાવયોગ. પુનર્ભાવનો અભાવ (–ફરી દોષોની ઉત્પત્તિનો અભાવ) તે અપુનર્ભાવ.

**સુવચનનો યોગ કરાયેલો છે–** કષ, છેદ, તાપ અને તાડનથી શુદ્ધ એવા આપ્ત વચનનો યોગ કરાયેલો છે, અર્થાત્ સમ્યક્ક્રિયાનો સર્વજ્ઞ વચનની સાથે સંબંધ છે. એટલે કે સમ્યક્ક્રિયા સર્વજ્ઞના વચન પ્રમાણે થાય છે. સર્વજ્ઞનું વચન કષ આદિથી શુદ્ધ છે. (કષ આદિનો અર્થ આ પ્રમાણે છે– સોનું શુદ્ધ છે કે અશુદ્ધ છે તેની પરીક્ષા કષ-છેદ-તાપથી કરાય છે. તે આ પ્રમાણે- પહેલી પરીક્ષા કરવા માટે સોનાને કસોટી પર કસી જોવામાં આવે છે. કસી જોતાં તે સોનાની રેખા પડે તો શુદ્ધ છે, પિત્તળની રેખા પડે તો અશુદ્ધ છે એમ નિર્ણય થાય. ક્યારેક એવું બને કે સોનું અંદર તો કથીર હોય, પણ માત્ર ઉપર સોનાનો ઓપ હોય. આથી કષરૂપ કસોટીમાં પાર ઉતર્યા પછી સોનાને છેદવામાં આવે–ટુકડા કરીને તપાસવામાં આવે. તેથી જો અંદર કથીર હોય તો સોનું અશુદ્ધ છે એમ નિર્ણય થાય. હજી પણ ચોક્કસાઇ કરવા માટે ત્રીજી પરીક્ષામાં સોનાને અગ્નિમાં નાખીને તપાવવામાં આવે છે. જેથી તેમાં આંખથી ન દેખાય તેવી માટી વગેરે સૂક્ષ્મ કચરો હોય તો દૂર થઇ જાય અને સોનું અત્યંત શુદ્ધ બની જાય.

તેવી જ રીતે સર્વજ્ઞવચન કષ આદિથી શુદ્ધ છે. તે આ પ્રમાણે–

**વિધિ અને પ્રતિષેધ કષ છે–** વિધિ એટલે વિરુદ્ધ ન હોય એવા કરવા યોગ્ય કાર્યનો ઉપદેશ આપનારાં વાક્યો. જેમકે– સ્વર્ગ અને કેવલજ્ઞાનના અર્થીએ તપ, ધ્યાન વગેરે કરવું જોઇએ. સમિતિ-ગુપ્તિથી શુદ્ધ હોય એવી ક્રિયા કરવી જોઈએ. પ્રતિષેધ એટલે કોઇપણ જીવની હિંસા ન કરવી, અસત્ય ન બોલવું વગેરે નિષેધ કરનારાં વાક્યો. આવા વિધિ વાક્યો અને નિષેધ વાક્યો કષ છે. આ કષ સુવર્ણની પરીક્ષા માટે કસોટીના પથ્થરમાં કરેલી રેખા સમાન છે. આનો

ભાવાર્થ આ પ્રમાણે છે– જે શ્રુતધર્મમાં (શાસ્ત્રમાં) આવા વિધિ અને નિષેધો અતિશય જોવા મળે તે શ્રુતધર્મ કષથી શુદ્ધ છે. પણ "જેમ વિષ્ણુએ અસુરોનો ઉચ્છેદ કર્યો તેમ અન્ય ધર્મમાં રહેલા જીવોનો ઉચ્છેદ કરવો જોઇએ, તેમનો વધ કરવામાં દોષ નથી." ઇત્યાદિ વાક્યો જેમાં હોય તે કષથી શુદ્ધ નથી.

વિધિ-પ્રતિષેધનો સંભવ અને પાલન થાય તેવી ક્રિયાનું કથન એ છેદ છે.

સાક્ષાત્ ન જણાવેલા પણ વિધિ-પ્રતિષેધ જણાઇ આવે તે સંભવ. જણાવેલા વિધિ પ્રતિષેધનું રક્ષણ એ પાલન. જે ધર્મમાં ભિક્ષાટન આદિ બાહ્યક્રિયાઓ એવી જણાવી હોય કે જે ક્રિયાથી (સંભવ થાય=) શાસ્ત્રમાં સાક્ષાત્ ન જણાવેલા પણ વિધિ-નિષેધો જણાઇ આવે, અને (પાલન થાય=) જે વિધિ-નિષેધો જણાવ્યા હોય તે વિધિ-નિષેધોનું બરાબર પાલન થાય, તે ધર્મ છેદથી શુદ્ધ છે. જેમ કષશુદ્ધિ થવા છતાં કદાચ અંદરથી અશુદ્ધ હશે એવી શંકા કરનારા સોનીઓ સોના મહોર આદિનો છેદ કરે છે, તેમ પ્રસ્તુતમાં કષશુદ્ધિ થવા છતાં વિચક્ષણ પુરુષો ધર્મના છેદની અપેક્ષા રાખે છે. તે છેદ વિશુદ્ધ બાહ્ય ક્રિયારૂપ છે. ક્રિયા વિશુદ્ધ તે છે કે જે ક્રિયામાં (–જે ક્રિયા કરવામાં) નહીં કહેલા પણ વિધિ-પ્રતિષેધ બાધિત થયા વિના પોતાના સ્વરૂપને પામે છે, અને પોતાના સ્વરૂપને પામેલા તે બંને અતિચાર રહિત બનીને ઉત્તરોત્તર વૃદ્ધિ પામે છે. આવી વિશુદ્ધ ક્રિયા જે ધર્મમાં વિસ્તારથી કહેવામાં આવી હોય તે ધર્મ છેદથી શુદ્ધ છે.

જેમ કષ અને છેદથી શુદ્ધ પણ સુવર્ણ તાપને સહન ન કરે તો તેમાં કાળાશ પ્રગટ થાય છે. એ દોષથી તે સુવર્ણભાવને પામતું નથી–સાચું સોનું કહેવાતું નથી, એમ ધર્મ પણ કષ અને છેદથી શુદ્ધ હોવા છતાં જો તાપ પરીક્ષામાં પસાર ન થઇ શકે તો સ્વભાવને પ્રાપ્ત કરતો નથી, અર્થાત્ શુદ્ધ ધર્મ ગણાતો નથી. આથી તાપથી શ્રુતધર્મની પરીક્ષા કરવી જોઇએ.

કષ અને છેદ એ બંને ઘટી શકે તેવા જીવાદિ પદાર્થોની પ્રરૂપણા એ તાપ છે. હમણાં જ જેનું સ્વરૂપ કહેવામાં આવ્યું છે તે કષ (વિધિ-નિષેધ) અને છેદ(–ક્રિયા)ના પરિણામી કારણ એવા જીવાદિ પદાર્થોનું નિરૂપણ એ અહીં શ્રુતધર્મની પરીક્ષાના અધિકારમાં તાપ કહેવાય છે. ભાવાર્થ આ પ્રમાણે છે- જે શાસ્ત્રમાં દ્રવ્યરૂપે નાશ ન પામે અને ઉત્પન્ન ન થાય (એથી નિત્ય સ્વભાવવાળા) તથા પર્યાય રૂપે પ્રત્યેક ક્ષણે અન્ય અન્ય સ્વભાવને (સ્વરૂપને) પામવાના કારણે અનિત્ય સ્વભાવવાળા જીવાદિ પદાર્થો સ્થાપિત કર્યા હોય–નિશ્ચિત કર્યા હોય ત્યાં તાપશુદ્ધિ હોય. કારણ કે પરિણામી જ આત્મા (વગેરે)માં તેવા પ્રકારના અશુદ્ધ પર્યાયનો નિરોધ થવાથી અને ધ્યાન-અધ્યયન આદિ અન્ય શુદ્ધ પર્યાય પ્રગટ થવાથી જેનું સ્વરૂપ હમણાં જ કહેવામાં આવ્યું છે તે કષ અને બાહ્ય ચેષ્ટાની શુદ્ધિરૂપ છેદ ઘટી શકે છે, પણ બીજા કોઇ પ્રકારે ઘટી શકે નહીં.

**તાડન–** શુદ્ધ સુવર્ણને ગમે તેટલું તાડન કરવામાં આવે(–ટીપવામાં આવે) તો પણ તે પોતાના પીળા વર્ણને છોડતું નથી. તે રીતે જિનધર્મને પામેલો જીવ સેંકડો આપત્તિઓ આવવા છતાં ધર્મના પોતાના ભાવને મૂકતો નથી એ જિનધર્મની ક્રિયાઓમાં સમ્યક્ તાડન જાણવું.

**ગાથાનો ભાવાર્થ આ પ્રમાણે છે–** જેવી રીતે નહિ બાળેલું દેડકાનું ચૂર્ણ જીવરહિત હોવા છતાં તેવા પ્રકારના વર્ષાૠતુ આદિના સમયમાં તે ચૂર્ણમાંથી અનેક દેડકાઓ તરત જ ઉત્પન્ન થાય છે. તેવી રીતે માત્ર કાયિક ક્રિયાથી મંદ કરાયેલા પણ દોષો ભવાંતરમાં તેવા પ્રકારના રાજ્યાદિની પ્રાપ્તિના સમયે તીવ્રપણાને પામીને (–પ્રબળ બનીને) નરકાદિરૂપ ફળ આપનારા થાય છે. જેવી રીતે બાળેલું દેડકાનું ચૂર્ણ બીજ રહિત(–દેડકાની ઉત્પત્તિની શક્તિથી રહિત) બની જાય છે. તેથી તેવા પ્રકારની સામગ્રીની પ્રાપ્તિ થવા છતાં તે ચૂર્ણમાંથી દેડકા ઉત્પન્ન થતા નથી, તેવી રીતે સર્વજ્ઞ આજ્ઞાના સંબંધપૂર્વક કરેલી કઠોર ક્રિયાના યોગથી ક્ષય પમાડાયેલા દોષો ચક્રવર્તી પદ આદિની પ્રાપ્તિ થવા છતાં સ્વરૂપને પામવા સમર્થ બનતા નથી, અર્થાત્ ફરી ઉત્પન્ન થતા નથી. (૧૯૨)

नन्वविज्ञातसुवचनविनियोगानामपि केषाञ्चिच्छास्त्रे चारित्ररूपः शुभपरिणामः श्रूयते, स कथं तेषां जातः ? इत्याशङ्क्याह—

**मासतुसादीयाण उ, मग्गणुसारित्तओ सुहो चेव ।**
**परिणामो विन्नेओ, सुहोहसण्णाणजोगाओ ॥१९३॥**

**'माषतुषादिकानां' त्वागमप्रसिद्धानां जडसाधूनां पुनर्जीवाजीवादितत्त्वगोचरव्यक्तश्रुतोपयोगाभावेऽपि मार्गानुसारित्वतस्तीव्रमिथ्यात्वमोहनीयक्षयोपशमभावात्, इह च मार्गश्चेतसोऽवक्रगमनं भुजङ्गगमननलिकायामतुल्यो विशिष्टगुणस्थानावाप्तिप्रगुणः स्वरसवाही जीवपरिणतिविशेषस्तमनुसरति तच्छीलश्च यः स तथा तद्भावस्तत्त्वं तस्मात्, 'शुभश्चैव' परिशुद्ध एव व्यावृत्तविपर्यासदुःख एव परिणामो विज्ञेयः । ननु मार्गानुसारित्वेऽपि बठरतया कथं तत्परिणामशुद्धिरित्याशङ्क्याह—'शुभौघसंज्ञानयोगात्' शुभमविपर्यस्तमोघेन सामान्येन सुबहुविशेषावधारणाक्षमं यत्संज्ञानं वस्तुतत्त्वसंवेदनरूपं तस्य योगात् । ते हि बहिर्बहुश्रुतमपठन्तोऽपि अतितीक्ष्णसूक्ष्मप्रज्ञतया बहुपाठकस्थूलप्रज्ञपुरुषानुपलब्धं तत्त्वमवबुध्यन्त इति । तदुक्तं—"स्पृशन्ति शरवत्तीक्ष्णाः, स्वल्पमन्तर्विशन्ति च । बहुस्पृशापि स्थूलेन, स्थीयते बहिरश्मवत् ॥१॥"**

**જેમને સર્વજ્ઞ વચનના [1]ઉપયોગનું જ્ઞાન નથી, અર્થાત્ ક્યારે ઉત્સર્ગનો ઉપયોગ કરવો, ક્યારે અપવાદનો ઉપયોગ કરવો વગેરે વિશિષ્ટ જ્ઞાન નથી, તેવા પણ કેટલાક જીવોનો ચારિત્રરૂપ શુભ પરિણામ શાસ્ત્રમાં સંભળાય છે, તે શુભપરિણામ તેમને કેવી રીતે થયો એવી આશંકા કરીને ગ્રંથકાર કહે છે–**

**ગાથાર્થ–** માષતુષ વગેરેનો માર્ગાનુસારિ ભાવથી શુભ જ પરિણામ જાણવો. કારણકે તેમને શુભ ઓઘ સંજ્ઞાનનો યોગ હોય છે.

**ટીકાર્થ–** આગમમાં પ્રસિદ્ધ માષતુષ વગેરે જડ સાધુઓને જીવ-અજીવ આદિ તત્ત્વોનું સ્પષ્ટ **જ્ઞાન**[2] ન હોવા છતાં મિથ્યાત્વમોહનીયનો તીવ્ર ક્ષયોપશમભાવ થવાના કારણે તેમનામાં માર્ગાનુસારિભાવ હતો. માર્ગાનુસારિભાવના કારણે શુભ ઓઘસંજ્ઞાનનો યોગ હતો, અને શુભ ઓઘસંજ્ઞાનના કારણે શુભ જ પરિણામ હતો.

**માર્ગાનુસારિભાવ–**માર્ગ એટલે ચિત્તની સરળ ગતિ, અને એ સર્પને પેશવાની નળીની લંબાઇ તુલ્ય, વિશિષ્ટ ગુણસ્થાનની પ્રાપ્તિ કરાવવામાં તત્પર અને સ્વરસથી (સ્વતઃ ઇચ્છાથી) પ્રવર્તતો જીવનો પરિણામવિશેષ છે.

(અહીં માર્ગ એટલે આધ્યાત્મિક માર્ગ. સામાન્યથી આપણે આગળ જવા માટેના રસ્તાને માર્ગ કહીએ છીએ. પણ અહીં તો ગતિને જ માર્ગ કહ્યો છે. ચિત્તની સરળ ગતિ એ માર્ગ છે. કોઇ ઇષ્ટ સ્થાને જલદી પહોંચવું હોય તો સીધા ચાલવું જોઇએ. જેટલું આડું-અવળું ચલાય તેટલું મોડું પહોંચાય. બે માણસ એક જ ઇષ્ટ સ્થાને જતા હોય તેમાં એક જે માર્ગ હોય તે માર્ગે સીધો ચાલે, અને બીજો એ જ માર્ગે ઘડીકમાં આ તરફ ચાલે, ઘડીકમાં બીજી તરફ ચાલે એમ આડો-અવળો થયા કરે, તો આ બેમાં સીધો ચાલનાર જલદી ઇષ્ટ સ્થાને પહોંચે. તેમ અહીં અધ્યાત્મમાર્ગમાં સીધીગતિએ ચાલનાર જલદી આગળ વધી શકે છે. માટે અહીં કહ્યું કે માર્ગ એટલે ચિત્તની સરળગતિ. હવે આ ચિત્તની સરળગતિથી શું સમજવું ? એના જવાબમાં કહ્યું કે ચિત્તની આ સરળગતિ જીવનો પરિણામવિશેષ છે. સરળગતિને દૃષ્ટાંતથી સમજાવવા કહ્યું કે જીવનો આ પરિણામ સર્પને પેશવાની નળીની લંબાઇ તુલ્ય છે, અર્થાત્ સર્પને પેશવાની નળીની લંબાઇ સરળ હોય છે, ક્યાંય વાંકી ચૂકી નથી હોતી, જેથી સર્પનો વક્રગતિ કરવાનો સ્વભાવ હોવા છતાં સર્પને સરળ જ ગતિ કરવી પડે છે. જે રીતે સર્પ સરળગતિથી બિલમાં પ્રવેશે છે તે રીતે પ્રસ્તુતમાં સરળગતિ કરનાર જીવ અનેક ગુણોને પામે છે. માટે અહીં જીવપરિણામવિશેષનું વિશિષ્ટ ગુણોના સ્થાનની પ્રાપ્તિ કરાવવામાં તત્પર છે એવું વિશેષણ મૂક્યું છે. વિશિષ્ટ ગુણસ્થાનની

૧. **विनियोग** = ઉપયોગ.

૨. **उपयोग** = જ્ઞાન. (ઉપ ૨. ગા. ૬ **श्रुतोपयोगात् = प्रवचनज्ञानात्**)

પ્રાપ્તિ ત્યારે જ થાય કે જો જીવપરિણામ કોઈના દબાણથી કે દાક્ષિણ્યતા આદિથી નહિ કિંતુ જીવને પોતાને જ તેવો રસ હોય, તેના કારણે થયો હોય, માટે અહીં ''સ્વરસથી(–સ્વતઃ ઇચ્છાથી) પ્રવર્તતો'' એમ કહ્યું.

અહીં તાત્પર્ય એ છે કે- જીવના પોતાના જ રસથી જીવમાં એવો એક શુભ પરિણામ પ્રગટે છે કે જેના કારણે જીવ આધ્યાત્મિકમાર્ગમાં સીધો આગળ વધે છે અને એથી તેને વિશિષ્ટગુણોની પ્રાપ્તિ થાય છે.)

આવા માર્ગને અનુસરવાના સ્વભાવવાળો જીવ માર્ગાનુસારી કહેવાય. માર્ગાનુસારી જીવનો ભાવ તે માર્ગાનુસારિભાવ.

**પ્રશ્ન**–માષતુષ વગેરે મુનિઓમાં માર્ગાનુસારિ ભાવ હોવા છતાં જડતા હોવાના કારણે તેમના પરિણામની શુદ્ધિ કેવી રીતે થાય ?

**ઉત્તર**–તેમનામાં શુભ ઓઘસંજ્ઞાનનો યોગ હતો, તેના કારણે તેમના પરિણામની શુદ્ધિ હતી.

**શુભ ઓઘ સંજ્ઞાન**–શુભ એટલે અવિપરીત. ઓઘ એટલે સામાન્ય. સામાન્ય એટલે અનેક રહસ્યોનો નિર્ણય કરવા માટે અસમર્થ. સંજ્ઞાન એટલે વસ્તુના પરમાર્થનો બોધ. આનો અર્થ એ થયો કે માષતુષ વગેરે મુનિઓને અનેક રહસ્યોનો નિર્ણય કરવા માટે અસમર્થ અને અવિપરીત એવો વસ્તુના પરમાર્થનો બોધ હતો, અર્થાત્ વસ્તુના પરમાર્થનો અવિપરીત અલ્પ બોધ હતો. તે મુનિઓ બહારથી ઘણું શ્રુત ભણતા ન હોવા છતાં તેમનામાં અતિતીક્ષ્ણ અને સૂક્ષ્મ બુદ્ધિ હોવાના કારણે બહુ ભણનારા અને સ્થૂલ બુદ્ધિવાળા પુરુષો જે રહસ્યને ન જાણી શકે તે રહસ્યને જાણી લે છે. કહ્યું છે કે **''તીક્ષ્ણબુદ્ધિવાળા જીવો બાણની જેમ અતિશય અલ્પ સ્પર્શે છે, પણ અંદર પ્રવેશ કરે છે. સ્થૂલ બુદ્ધિવાળો જીવ પથ્થરની જેમ ઘણું સ્પર્શ કરતો હોવા છતાં બહાર જ રહે છે.''**

**શુભ જ પરિણામ**– શુભ એટલે પરિશુદ્ધ. પરિશુદ્ધ પરિણામ એટલે જેમાંથી વિપરીત બોધ અને દુઃખ દૂર થયા છે એવો પરિણામ. (જેને પરિશુદ્ધ પરિણામ હોય તેને વિપરીત બોધ ન હોય અને દુઃખ પણ ન હોય. કદાચ બહારનું દુઃખ આવે તો પણ અંતરમાં તો આનંદ જ હોય.)

## માષતુષમુનિની કથા

માષતુષમુનિની કથા સંપ્રદાયાનુસાર આ પ્રમાણે છે– એક આચાર્ય હતા. તે આચાર્ય ગુણરૂપરત્નોના મહાનિધાન હતા. શ્રુતરૂપ મધુરરસના અર્થી શિષ્યરૂપી ભમરાઓ તેમના ચરણકમળની સેવા કરી રહ્યા હતા. સૂત્ર-અર્થરૂપી પાણી આપવામાં મહામેઘ સમાન હતા.

શિષ્યોને સૂત્ર-અર્થ આપવામાં થાકતા ન હતા. સંઘ વગેરેના કાર્યોરૂપ ભારને પાર પમાડવામાં વૃષભ સમાન હતા, તેમના દીક્ષિત બનેલા બીજા બંધુ હતાં, કે જે વિશિષ્ટ શ્રુતથી રહિત હતા, બેસવું, ઊંઘવું વગેરે ઈચ્છા મુજબ કરતા હતા, સ્વાર્થમાં તત્પર હતા. એક વખત તે આચાર્ય કોઈ કાર્ય કરી થાકી ગયા. પણ મુગ્ધબુદ્ધિ શિષ્યોએ આચાર્ય થાકી ગયા છે માટે હમણાં વાચના નહિ લેવી જોઈએ એ અવસરને જોયા વિના (ઓળખ્યા વિના) તેમની પાસે વાચના લીધી. ખૂબ જ થાકના કારણે વાચના આપવાને અસમર્થ હોવા છતાં શિષ્યોએ વાંચના લેવાથી આચાર્ય ખિન્ન બની ગયા. ખિન્ન બનેલા તેમણે વિચાર્યું કે– આ મારા ભાઈ ધન્ય છે, પુણ્યવાન છે. કારણ કે એ ગુણરહિત છે, એથી કોઈ જાતની પરાધીનતા વિના સુખપૂર્વક સૂઈ શકે છે. પણ હું અધન્ય છું. કારણ કે મારા પોતાના જ ગુણોએ મને પરાધીન બનાવી દીધો છે. આથી હું સુખે રહી શકતો નથી. તેમણે આવી વિચારણા કરીને જ્ઞાનની અવજ્ઞા કરવાથી ઘોર જ્ઞાનાવરણીય કર્મ બાંધ્યું. અશુભ વિચારણાની આલોચના કર્યા વિના મરીને દેવલોકમાં ગયા. ત્યાંથી ચ્યવીને કોઈક સ્થળે સારા કુળમાં જન્મ પામ્યા. સમય જતાં સાધુનો સંપર્ક થવાથી જૈનધર્મ પામ્યા. સુગુરુની પાસે વૈરાગ્યથી દીક્ષા લીધી. પછી આચાર્ય મહારાજ પાસે સામાયિક શ્રુત ભણવાનું શરૂ કર્યું. પણ પૂર્વભવમાં બાંધેલું જ્ઞાનાવરણીય કર્મ ઉદયમાં આવવાથી એક પદ પણ ભણી શકતા નથી. શ્રુતજ્ઞાન ઉપર બહુમાન હોવા છતાં અને નિરંતર ભણવા છતાં એક પદ પણ યાદ રહેતું નથી. આથી આચાર્ય મહારાજે તે તપસ્વી સાધુને ભણવામાં (–કંઠસ્થ કરવામાં) અસમર્થ જાણીને **मा रुष्य मा तुष्य** "રાગ અને દ્વેષ ન કર" એ પ્રમાણે સંક્ષેપમાં સામાયિક શ્રુતનો અર્થ કહીને **मा रुष्य मा तुष्य** એ પ્રમાણે કંઠસ્થ કરવાનુ કહ્યું. આથી તે મુનિ ભક્તિપૂર્વક મોટેથી ગોખવા લાગ્યા. પણ તેમાં પણ ભૂલી જાય છે. ઘણા પ્રયત્નથી તેને યાદ કરે. યાદ આવે એટલે આનંદમાં આવીને ગોખવા લાગે. આમ છતાં **मा रुष्य मा तुष्य** ના બદલે **माष तुष** એમ ગોખવા લાગે. દરરોજ **माष तुष** એમ ગોખવાથી રમતિયાળ છોકરાઓએ તેમનું **"માષતુષ"** એવું નામ પાડી દીધું. જ્ઞાનાવરણીય કર્મના ઉદયથી માષતુષ એ પણ ભૂલી જાય ત્યારે ગોખવાનું બંધ કરીને શૂન્ય ચિત્તે બેસી રહેતા. તેમને આ રીતે બેઠેલા જોઈને બાળકો હસીને અહો ! આ માષતુષ મુનિ મૌન પણે બેઠા છે એમ બોલતા. આથી તે મુનિ બાળકોએ મને યાદ કરાવ્યું તે સારું કર્યું એમ માનતા. યાદ કરાવવા બદલ બાળકોનો ઉપકાર માની ફરી માષતુષ એ પ્રમાણે ગોખવાનું શરૂ કરી દેતા. તેમને **माष तुष** એમ ખોટું બોલતા સાંભળીને સાધુઓ આદરથી **मा रुष्य मा तुष्य** એમ ગોખો એ પ્રમાણે શીખવાડતા હતા.

આથી આનંદ પામીને **मा रुष्य मा तुष्य** એમ ગોખવા લાગતા. પણ થોડીવાર પછી પાછું ભૂલીને **माष तुष** એમ ગોખવા લાગતા. આ પ્રમાણે સામાયિકના અર્થમાં પણ અમસર્થ તેમણે ગુરુભક્તિથી સમય જતાં જ્ઞાનનું ફલ કેવળજ્ઞાન મેળવ્યું. (૧૯૩)

**अथामुमेव शुभौघसंज्ञानयोगमेषां भावयन्नाह—**

**रुद्दो खलु संसारो, सुद्धो धम्मो तु ओसहमिमस्स ।**
**गुरुकुलसंवासे सो, निच्छयओ णायमेतेणं ॥१९४॥**

**'रौद्रो' विषविकारादिवद्दारुणः, खलुरवधारणे, 'संसारो' नरनारकादिभ्रमणरूपः सर्वशरीरसाधारणः पारमार्थिकव्याधिस्वभावतामापन्नो यतः, ततः शुद्धो धर्म एव पञ्च-नमस्कारस्मरणादिरूप औषधं निवृत्तिहेतुरस्य संसारस्य । यथोक्तम्—"पंचनमोक्कारो खलु, विहिदाणं सत्तिओ अहिंसा य । इंदियकसायविजओ, एसो धम्मो सुहपओगो ॥१॥" एवमवगते यदेष पुनर्निर्णीतवान्, तदाह—'गुरुकुलसंवासे' गुरोरुक्तलक्षणस्य कुलं परिवारस्तत्र सम्यक् तद्गतमर्यादया वासे सति 'स' शुद्धो धर्मो 'निश्चयतः' परमार्थवृत्त्या सम्पद्यते । अनिश्चयरूपस्तु कृत्रिमसुवर्णसदृशः परीक्षामक्षममाणोऽन्यथापि स्यात् । न च तेन किञ्चित्, संसारफलत्त्वेनासारत्वादिति ज्ञातमेतेन माषतुषादिना साधुजडेनापि सता ॥१९४॥**

**માષતુષ વગેરે મુનિઓના આ શુભ ઓઘસંજ્ઞાનના યોગને વિચારતા ગ્રંથકાર કહે છે–**

**ગાથાર્થ–** સંસાર ભયંકર જ છે. તેનું ઔષધ શુદ્ધ ધર્મ જ છે. શુદ્ધ ધર્મ પરમાર્થથી ગુરુકુલ સંવાસમાં પ્રાપ્ત થાય છે. માષતુષ વગેરે મુનિએ આ પ્રમાણે જાણ્યું છે.

**ટીકાર્થ– સંસાર ભયંકર જ છે–** સંસાર એટલે મનુષ્યગતિ અને નરકગતિ આદિમાં પરિભ્રમણ. આ સંસાર શરીરવાળા સર્વ જીવોને સાધારણ છે. એટલે જે કોઇ જીવ શરીરધારી હોય તે બધા જીવોને સંસાર હોય છે. તથા સંસાર પરમાર્થથી વ્યાધિ સ્વભાવને પામેલો છે, અર્થાત્ સંસાર પરમાર્થની વ્યાધિ સ્વરૂપ છે. આવો સંસાર વિષવિકારની જેમ ભંયકર છે.

**તેનું ઔષધ શુદ્ધ ધર્મ જ છે–** (સંસાર વ્યાધિ સ્વરૂપ છે, વ્યાધિને દૂર કરવા ઔષધ જોઇએ. આથી અહીં કહે છે કે) સંસાર રૂપ વ્યાધિનું ઔષધ પંચનમસ્કારનું(–નવકારનું) સ્મરણ વગેરે શુદ્ધ ધર્મ જ છે. કહ્યું છે કે-પંચનમસ્કાર(–નવકાર મંત્ર), શક્તિ મુજબ વિધિપૂર્વક દાન, અહિંસા, ઇંદ્રિયજય અને કષાયજય આ ધર્મ (સંસારરૂપ વ્યાધિનો)

શુદ્ધ ઉપાય છે.''ઔષધ એટલે વ્યાધિની નિવૃત્તિનું કારણ. સંસાર ભયંકર જ છે, તેનું ઔષધ શુદ્ધ ધર્મ જ છે, આ પ્રમાણે જણાયે છતે માષતુષ આદિ મુનિએ નિર્ણય કર્યો કે પરમાર્થથી શુદ્ધ ધર્મ ગુરુકુલ સંવાસમાં પ્રાપ્ત થાય છે.

**ગુરુકુલસંવાસ**– ગુરુનું લક્ષણ પૂર્વે (૨૯ મી ગાથાની ટીકાના પ્રારંભમાં) કહ્યું છે કે કુલ એટલે પરિવાર. સં એટલે સમ્યક્. સમ્યક્ = ગુરુકુલમાં રહેલી મર્યાદાથી. વાસ એટલે રહેવું. ગુરુકુલમાં જે મર્યાદાઓ હોય તે મર્યાદાઓને પાળવાપૂર્વક ગુરુકુલમાં રહેવું તે ગુરુકુલ સંવાસ.

પરમાર્થથી ગુરુકુલ સંવાસમાં શુદ્ધ ધર્મની પ્રાપ્તિ થાય છે. અપરમાર્થરૂપ, નકલી સુવર્ણ સમાન, પરીક્ષાને સહન નહિ કરતો=કષાદિથી પરીક્ષામાં પાસ ન થનાર ધર્મ તો ગુરુકુલસંવાસ વિના પણ હોય. પણ તેનું અહીં કામ નથી. કારણ કે તે ધર્મનું ફળ સંસાર હોવાથી તે ધર્મ અસાર છે. આ પ્રમાણે જડ પણ માષતુષ વગેરે સાધુએ જાણ્યું હતું. (૧૯૪)

**कुत एतदेवमिति चेदुच्यते—**

**जं कुणति एवमेवं, तस्साणं सव्वहा अलंघंतो ।**
**एगागिमोयणम्मिवि, तदखंडण मो इहं णायं ॥१९५॥**

**यद्यस्मात् कुरुते एवं निश्चयतः, एवं गुरुकुलसंवासं माषतुषादिः । कीदृश इत्याह— 'तस्य' गुरोराज्ञामिच्छामिथ्याकारादिपरिपालनरूपां 'सर्वथा' मनसा वाचा कायेन च अलङ्घयन्ननतिक्रामन् । नन्वेकाकिनस्तस्य किमित्याह—'एकाकिमोचनेऽपि' कुतोऽप्य- शिवादिपर्यायादेकाकिनोऽपरसाधुसाहाय्यरहितस्य क्वचिद् ग्रामनगरादौ गुरुणा स्थापने सत्यपि 'तदखण्डना' गुर्वाज्ञानुल्लङ्घना वर्त्तते 'मो' इति प्राग्वत् । अयमत्राभिप्रायः— बहुसाधुमध्ये लज्जाभयादिभिरपि भवत्येव गुर्वाज्ञानुल्लङ्घनम् । यदा त्वसौ एकाकितया युक्तोऽपि गुरुकुलवासप्रवृत्तां सामाचारीं सर्वामनुवर्त्तते, तदा ज्ञायते निश्चयतो गुरुकुल- संवासवानसौ, तत्साध्यस्य क्रियाकलापस्य सर्वथाऽखण्डनात्, 'इह' गुर्वाज्ञानुल्लङ्घने 'ज्ञातं' दृष्टान्तो ज्ञेयम् ॥१९५॥**

**માષતુષ આદિ મુનિએ આ પ્રમાણે જાણ્યું હતું એનો નિર્ણય શાના આધારે કરી શકાય એમ તમે પૂછતા હો તો તેનો ઉત્તર આપવામાં આવે છે–**

**ગાથાર્થ**– કારણ કે ગુરુની આજ્ઞાનું સર્વથા ઉલ્લંઘન ન કરનારા તે મુનિ નિશ્ચયથી ગુરુકુલ સંવાસ કરે છે. એકલા મૂકવામાં આવે તો પણ ગુરુની આજ્ઞાનું ઉલ્લંઘન કરતા નથી. ગુરુની આજ્ઞાનું ઉલ્લંઘન ન કરવા વિષે (હવે કહેવાશે તે) દૃષ્ટાંત જાણવા યોગ્ય છે.

**ટીકાર્થ**– માષતુષ આદિ મુનિએ આ પ્રમાણે જાણ્યું હતું. કારણકે ગુરુની આજ્ઞાનું સર્વથા

ઉલ્લંઘન ન કરનારા તે મુનિ નિશ્ચયથી ગુરુકુલસંવાસ કરે છે.

**ગુરુની આજ્ઞા**– ઈચ્છાકાર-મિથ્યાકાર આદિનું પાલન કરવા રૂપ આજ્ઞા.

**સર્વથા**– મન-વચન-કાયાથી.

**પ્રશ્ન**– તે મુનિ એકલા હોય ત્યારે શું કરે ?

**ઉત્તર**– અશિવ આદિ કોઈક અવસરે કોઈક ગામ-નગર આદિમાં ગુરુએ બીજા સાધુની સહાય વિના એકલા મૂક્યા હોય ત્યારે પણ ગુર્વાજ્ઞાનું ઉલ્લંઘન થતું નથી.

**અહીં અભિપ્રાય આ પ્રમાણે છે**– ઘણા સાધુઓની મધ્યમાં લજ્જા-ભય આદિથી ગુર્વાજ્ઞાનું ઉલ્લંઘન ન જ થાય. પણ જ્યારે તે એકલો હોય તો પણ ગુરુકુલવાસમાં પ્રવર્તેલી સઘળી સામાચારીને અનુસરે-પાળે ત્યારે જણાય કે આ ચોક્કસ ગુરુકુલસંવાસી છે. કેમકે ગુરુકુલસંવાસથી સાધી શકાય તેવા ક્રિયાસમૂહનું સર્વથા ખંડન થતું નથી. (૧૯૫)

तदेवाह—

**जह चेव चंदउत्तस्स विब्भमो सव्वहा ण चाणक्के ।**
**सव्वत्थ तहेतस्सवि, एत्तो अहिगो सुहगुरुम्मि ॥१९६॥**

**'यथा चैव' यथैवेत्यर्थः, 'चन्द्रगुप्तस्य' मौर्यवंशप्रसवप्रथमहेतो राजविशेषस्य प्राक्कथितस्य 'विभ्रमो' विपर्यासः संशयो वा 'सर्वथा' सर्वैः प्रकारैर्न नैव 'चाणक्ये' प्रागुक्तलक्षणे मन्त्रिणि 'सर्वत्र' सर्वेषु प्रयोजनेषु समादिश्यमानेषु, 'तथैतस्यापि' माषतुषादेर्यतेरितश्चन्द्रगुप्तादधिकः समर्गलो विश्वासः शुभगुरौ विजृम्भते । यथा हि चन्द्रगुप्तस्य पाटलिपुरोपरोधकाले नन्दबलनिर्द्धाटितेन चाणक्येन नीयमानस्य पश्चादनुलग्ने नन्दसैन्ये अनन्योपायां चन्द्रगुप्तरक्षां परिभावयता महति सरसि निविष्टपद्मिनीषण्डमण्डिते निक्षिप्तस्य नन्दाश्ववारेणैकेन क्व चन्द्रगुप्तस्तिष्ठतीति पृष्टेनाङ्गुल्यग्रेण दर्श्यमानस्यापि नाविश्वासो जातः, किंत्वार्य एव युक्तमयुक्तं वा जानातीति प्रतिपत्तिः, तथाऽस्य माषतुषादेः सर्वथा व्यावृत्तविपर्यासस्य संसारविषविकारनिराकरणकारिणी गुरोरस्य सेवेति मन्यमानस्य चन्द्रगुप्तस्य विश्वासादिह राज्यमात्रफलादनन्तगुणः शुभगुरौ प्रत्ययः प्रवर्त्तत इति ॥१९६॥**

દૃષ્ટાંત જ કહે છે–

**ગાથાર્થ**– જેવી રીતે ચંદ્રગુપ્તને ચાણક્ય વિષે સર્વથા સર્વત્ર વિપર્યાસ કે સંશય ન હતો, તે પ્રમાણે માષતુષ વગેરે મુનિને શુભ ગુરુને વિષે ચંદ્રગુપ્તથી અધિક વિશ્વાસ ઉત્પન્ન થાય છે.

**ટીકાર્થ**– ચંદ્રગુપ્ત રાજા મૌર્યવંશની ઉત્પત્તિનું પ્રથમ કારણ છે, અર્થાત્ મૌર્યવંશની ઉત્પત્તિ ચંદ્રગુપ્ત રાજાથી થઇ. આનું વિસ્તારથી વર્ણન પૂર્વે કરેલું છે. પ્રસ્તુતમાં જરૂરી પ્રસંગ આ પ્રમાણે છે– ચંદ્રગુપ્ત અને ચાણક્યે થોડું સૈન્ય એકઠું કરીને નંદરાજાને હરાવવા પાટલીપુત્ર પર ચઢાઇ કરી. પણ લડાઈમાં હારી જવાથી તે બંને નાસી ગયા. નંદરાજાના સૈનિકો તેમની પાછળ પડ્યા. તેમણે થોડે દૂર ગયા પછી પાછળ જોયું તો નંદરાજાનો એક ઘોડેસવાર વધુ નજીક આવી ગયો હતો. આથી ચાણક્યે ચંદ્રગુપ્તને સરોવરમાં સંતાડી દીધો અને પોતે સરોવરના કાંઠે ધોબી બનીને વસ્ત્રો ધોવા લાગ્યો. થોડીવારમાં ઘોડેસવાર ત્યાં આવી પહોંચ્યો. તેણે ધોબીને પૂછ્યું: ચંદ્રગુપ્ત અને ચાણક્યને અહીં જતાં જોયા છે ? ધોબી બનેલા ચાણક્યે કહ્યું: ચંદ્રગુપ્ત આ સરોવરમાં છે અને ચાણક્ય તો ક્યારનોય પલાયન થઇ ગયો છે. ઘોડેસવાર ઘોડા પરથી ઉતર્યો. પછી વસ્ત્રો અને તલવાર જમીન ઉપર મૂકીને સરોવરમાં પ્રવેશ કરવા જાય છે તેવામાં ચાણક્યે તેની તલવાર લઇને તેને મારી નાખ્યો. પછી બંને જણા ઘોડા ઉપર સવાર થઇને આગળ ચાલ્યા.

માર્ગમાં ચાણક્યે ચંદ્રગુપ્તને પૂછ્યું: નંદના અશ્વસવારને મેં ચંદ્રગુપ્ત સરોવરમાં છે એમ કહ્યું ત્યારે તને મારા ઉપર કેવો ભાવ આવ્યો ? ચંદ્રગુપ્તે કહ્યું: તે વખતે મને આપના ઉપર જરાય અવિશ્વાસ ન હતો. મેં તે વખતે એમ વિચાર્યું કે આર્યપુરુષ જ યુક્ત કે અયુક્ત જાણે, આર્યપુરુષ જ સાચું હિત જાણે અને કરે. આથી ચાણક્યે મને તળાવમાં બતાવી દીધો, તે પણ મારા હિત માટે જ કર્યું છે. ચંદ્રગુપ્તનો જવાબ સાંભળી ચાણક્યને ખાતરી થઇ ગઇ કે આને મારા ઉપર પૂર્ણ વિશ્વાસ છે.

જેવી રીતે ચંદ્રગુપ્તને ચાણક્ય મંત્રી ઉપર (સર્વથા) બધી રીતે (સર્વત્ર) ચાણક્યથી આદેશ કરાતા સર્વકાર્યોમાં વિપર્યાસ કે સંશય ન હતો, અર્થાત્ પૂર્ણ વિશ્વાસ હતો, તેવી રીતે ગુરુવિષે સર્વથા વિપર્યાસથી રહિત અને આ ગુરુની સેવા સંસારરૂપ વિષના વિકારને દૂર કરનારી છે એમ માનતા માષતુષ આદિ મુનિને શુભગુરુ ઉપર ચંદ્રગુપ્તને ચાણક્ય ઉપર જેટલો વિશ્વાસ હતો તેનાથી અનંત ગણો વિશ્વાસ હોય છે. કારણ કે ચાણક્ય ઉપર કરેલા વિશ્વાસથી માત્ર રાજ્યરૂપ ફળની પ્રાપ્તિ થઇ. [1]શુભગુરુ ઉપર કરેલા વિશ્વાસથી તો સર્વ પ્રકારનાં સુખોની પ્રાપ્તિ થાય છે. (૧૯૬)

**ननु गुरुमात्रगोचरविभ्रमाभावेऽपि शेषतत्त्वविषयविभ्रमसद्भावात् कथमस्य कृत्यं भ्रान्तिगर्भं सत् शुद्धचरित्रतया व्यवहृतमित्याशङ्क्याह—**

**अन्नत्थवि विन्नेओऽनाभोगो चेव नवरमेयस्स ।**
**न विवज्जउत्ति नियमा, मिच्छत्ताईण भावातो ॥१९७॥**

૧. "શુભ ગુરુ ઉપર" ઈત્યાદિ ટીકામાં ન હોવા છતાં વિશેષ સ્પષ્ટતા માટે લખ્યું છે.

'अन्यत्रापि' गुरुव्यतिरिक्तेऽपि जीवादौ विषये गुरौ तावदविभ्रम एवेत्यपि शब्दार्थः, अनाभोगश्चैवानुपयोग एव 'नवरं' केवलं निबिडश्रुतावरणप्रतिघाताद् एतस्य माषतुषादेरत्यन्ततत्त्वजिज्ञासावतोऽपि नीलपीतादिरूपोपारूढदिदृक्षापरिणामस्य यथा कस्यचिद् अन्धस्य दृष्येष्वर्थेषु, व्यवछेद्यमाह- 'न' नैव 'विपर्ययो' विपर्यासः । इति पदपरिसमाप्तौ । 'नियमाद्' निश्चयेनात्र हेतुमिथ्यात्वादीनां मिथ्यात्वमोहनीयस्यादि शब्दाद् अनन्तानुबन्धिनां च बोधिविपर्यासकारिणां, तथा क्रियाव्यत्ययहेतूनां अप्रत्याख्यानावरणानां प्रत्याख्यानावरणानां च कषायाणामभावादनुदयात् । एतदुदयो हि हृत्पूरकोपयोगवत् मद्यादिकुद्रव्योपयोगवद्वा नियमात् आत्मानं भ्रममानयति । तद्वतश्च न तात्त्विकी काचित् कार्यनिष्पत्तिरिति ।। १९७ ।।

માષતુષ આદિ મુનિમાં માત્ર ગુરુસંબંધી વિભ્રમ ન હોવા છતાં અન્ય તત્ત્વ સંબંધી વિભ્રમ છે. એથી એનું કર્તવ્ય ભ્રાન્તિવાળું હોવાથી એનામાં શુદ્ધ ચારિત્ર તરીકે વ્યવહાર કેવી રીતે કર્યો ? અર્થાત્ એનામાં શુદ્ધ ચારિત્ર છે તેવો નિર્ણય કેવી રીતે કર્યો ? આવી આશંકા કરીને ગ્રંથકાર કહે છે–

**ગાથાર્થ–** માષતુષ આદિને બીજા વિષયમાં પણ માત્ર અનાભોગ જ જાણવો, વિપર્યય ન જાણવો. કારણ કે તેમને નિયમા મિથ્યાત્વ આદિનો અભાવ છે.

**ટીકાર્થ– બીજા વિષયમાં પણ–** ગુરુ વિષે તો વિભ્રમનો (–વિપર્યાસ અને સંશયનો) અભાવ છે જ, કિંતુ ગુરુ સિવાય બીજા જીવાદિ વિષયમાં પણ વિભ્રમનો અભાવ છે.

**માત્ર અનાભોગ જ જાણવો, વિપર્યય ન જાણવો–** અહીં અનાભોગ એટલે વિશેષ જ્ઞાનનો અભાવ, અર્થાત્ જીવાદિ સંબંધી વિશેષ બોધનો અભાવ. જેવી રીતે નીલ-પીત આદિ રૂપને જોવાની ઇચ્છાના દૃઢ પરિણામવાળા કોઇ અંધને જોવા લાયક પદાર્થોમાં દર્શનનો અભાવ હોય, પણ વિપરીત દર્શન ન હોય, તેવી રીતે તત્ત્વની અત્યંત જિજ્ઞાસાવાળા પણ માષતુષ આદિ મુનિને ગાઢ શ્રુતાવરણ કર્મના અવરોધથી કેવળ વિશેષબોધનો અભાવ હોય, પણ વિપર્યય ન હોય. વિપર્યય એટલે મિથ્યાજ્ઞાન કે વિપરીત બોધ. અથવા અનાભોગ એટલે અનુપયોગ. અનુપયોગ એટલે ક્રિયા આદિમાં અસાવધાની. માષતુષ વગેરે મુનિઓને અનુપયોગ હોય, પણ વિપર્યય ન હોય.

**મિથ્યાત્વ આદિનો અભાવ છે–** ભ્રાન્તિના હેતુ મિથ્યાત્વ આદિનો અભાવ છે. અહીં આદિશબ્દથી વિપરીતબોધ કરાવનારા અનંતાનુબંધી કષાયોના તથા [1]ક્રિયાવ્યત્યયના હેતુ અપ્રત્યાખ્યાનાવરણ અને પ્રત્યાખ્યાનાવરણ કષાયોના ઉદયનો અભાવ જાણવો. મિથ્યાત્વાદિનો ઉદય ધંતૂરાના ભક્ષણની જેમ કે દારૂ વગેરે કુદ્રવ્યના ભક્ષણની જેમ નિયમા આત્માને ભ્રમ પમાડે છે. ભ્રમવાળાને કોઇ કાર્યની તાત્ત્વિક સિદ્ધિ થતી નથી.

૧. મોક્ષથી વિરુદ્ધ ક્રિયાના હેતુ.

અહીં મિથ્યાત્વાદિનો અભાવ કહીને મોક્ષસાધક બોધ હોય છે એમ જણાવ્યું છે. તથા ક્રિયાવ્યત્યયના હેતુ કષાયો ન હોય એમ કહીને મોક્ષસાધક ક્રિયા હોય એમ જણાવ્યું છે. આમ માષતુષ વગેરે મુનિઓમાં મોક્ષસાધક જ્ઞાન અને ક્રિયા બંને હોય એમ સિદ્ધ કર્યું. (૧૯૭)

अत एवाह—

एसो य एत्थ गरुओ, णाणज्झवसाय संसया एवं ।
जम्हा असप्पवित्ती, एत्तो सव्वत्थणत्थफला ॥१९८॥

**'एष एव' विपर्यय एव अत्रैषु बोधदोषेषु मध्ये गुरुको महान् दोषः । व्यवच्छेद्यमाह—न नैवानध्यवसायसंशयौ एवं गुरुकौ दोषौ । तत्रानध्यवसायः सुप्तमत्तपुरुषवत् क्वचिदप्यर्थे बोधस्याप्रवृत्तिः, संशयश्चानेकस्मिन् विषयेऽनिश्चायकतया प्रवृत्तिः, यथोक्तम्—"जमणेगत्थलंबणमपरिदोसपरिकुंठियं चित्तं । सय इव सव्वप्पयओ तं संसयरूवमण्णाणं ॥१॥" इति । यस्माद् 'असत्प्रवृत्तिः' परिशुद्धन्यायमार्गानवतारिणी चेष्टा, 'इतो' विपर्यासात् 'सर्वत्र' सर्वेष्वैहलौकिकपारलौकिकेष्वर्थेष्वनर्थफला व्यसनशतप्रसविनी प्रादुरस्ति । यदवाचि—"न मिथ्यात्वसमः शत्रुर्न मिथ्यात्वसमं विषम् । न मिथ्यात्वसमो रोगो न मिथ्यात्वसमं तमः ॥१॥ द्विषद्विषतमोरोगैर्दुःखमेकत्र दीयते । मिथ्यात्वेन दुरन्तेन जन्तोर्जन्मनि जन्मनि॥२॥" अनाभोगसंशयतो जाताप्येषा तत्त्वाभिनिवेशाभावात् सुखसाध्यत्वेन नात्यन्तमनर्थसम्पादिकेति ॥१९८॥**

આથી જ કહે છે–

**ગાથાર્થ–** બોધના દોષોમાં આ વિપર્યય(–વિપરીત બોધ) જ મહાન દોષ છે, અનધ્યવસાય અને સંશય મહાન દોષ નથી. કારણ કે વિપર્યયથી સર્વત્ર અનર્થફળવાળી અસત્ પ્રવૃત્તિ થાય છે.

**ટીકાર્થ–** અનધ્યવસાય એટલે સૂતેલા મત્તપુરુષની જેમ કોઇ પણ પદાર્થમાં બોધની અપ્રવૃત્તિ, અર્થાત્ અનધ્યવસાય એટલે બોધનો અભાવ. સંશય એટલે અનેક વિષયમાં અનિશ્ચિતપણે બોધની પ્રવૃત્તિ. કહ્યું છે કે–**"જે ચિત્ત અનેક અર્થનું ગ્રહણ કરવાથી નિષેધ[1] કે વિધિ કરી શકતું ન હોય, તથા જાણે કે (सव्वप्पयओ) બધા સ્વરૂપે (सेय) સૂઈ રહ્યું હોય તેવું ચિત્ત સંશય કહેવાય છે."** (તેવું ચિત્ત અજ્ઞાન છે. કારણ કે વસ્તુના બોધથી રહિત છે. વિશેષા. ૧૮૩)

૧. આ સ્થાણુ નથી એમ નિષેધ, આ સ્થાણુ છે એમ વિધિ.

**સર્વત્ર**–આ લોક સંબંધી અને પરલોક સંબંધી કાર્યોમાં.

**અનર્થફળવાળી**–સેંકડો સંકટોને ઉત્પન્ન કરનારી.

**અસત્પ્રવૃત્તિ**–જેનો પરિશુદ્ધ ન્યાયમાર્ગમાં પ્રવેશ ન થાય તેવી ચેષ્ટા.

વિપર્યાસથી આ લોકમાં અને પરલોકમાં સેંકડો અનર્થોને ઉત્પન્ન કરે તેવી અસત્પ્રવૃત્તિ થાય છે. કહ્યું છે કે–**"મિથ્યાત્વ જેવો કોઈ શત્રુ નથી, મિથ્યાત્વ જેવું કોઈ ઝેર નથી, મિથ્યાત્વ જેવો કોઈ રોગ નથી અને મિથ્યાત્વ જેવો કોઈ અંધકાર નથી." (૧) શત્રુ, વિષ, અંધકાર અને રોગ જીવને એક ભવમાં દુઃખ આપે છે. દુરન્ત મિથ્યાત્વ તો ભવે ભવે દુઃખ આપે છે. (૨)** અનાભોગ અને સંશયથી થયેલી પણ અસત્પ્રવૃત્તિ તત્ત્વમાં કદાગ્રહ ન હોવાથી સુખપૂર્વક સાધી શકાય છે–દૂર કરી શકાય છે, આથી તેવી અસત્પ્રવૃત્તિ અતિશય અનર્થને પમાડનારી બનતી નથી. (૧૯૮)

**अन्यदपि चारित्रिलक्षणमत्र योजयितुमिच्छुराह—**

**मग्गणुसारी सद्धो, पन्नवणिज्जो कियावरो चेव ।**
**गुणरागी सक्कारंभसंगओ जो तमाहु मुणिं ॥१९९॥**

**मार्गं तत्त्वपथमनुसरत्यनुयातीत्येवंशीलो मार्गानुसारी, निसर्गतस्तत्त्वानुकूल-प्रवृत्तिश्चारित्रमोहनीयकर्मक्षयोपशमात् । एतच्च तत्त्वावाप्तिं प्रत्यवन्ध्यं कारणम्, कान्तारगतविवक्षितपुरप्राप्तिसद्योग्यतायुक्तान्धस्येव । तथा, श्राद्धस्तत्त्वं प्रति श्रद्धा-वांस्तत्प्रत्यनीकक्लेशह्रासातिशयादवाप्तव्यमहानिधानतद्ग्रहणविधानोपदेशश्रद्धालुनरवत् विहितानुष्ठानकारिरुचिर्वा । तथा, अत एव कारणद्वयात् 'प्रज्ञापनीयः' कथञ्चिदना-भोगादन्यथाप्रवृत्तावपि तथाविधगीतार्थेन सम्बोधयितुं शक्यः, तथाविधकर्मक्षयो-पशमादविद्यमानासदभिनिवेशः प्राप्तव्यमहानिधितद्ग्रहणान्यथाप्रवृत्तसुकरसम्बोधन-नरवत्। तथाऽत एव कारणात् क्रियापरश्चारित्रमोहनीयकर्मक्षयोपशमाद् मुक्तिसाधना-नुष्ठानकरणपरायणः, तथाविधनिधिग्राहकवत् । चशब्दः समुच्चये । एवशब्दोऽव-धारणे। एवं चानयोः प्रयोगः– क्रियापर एव च नाक्रियापरोऽपि, सत्क्रियारूप-त्वाच्चारित्रस्य । तथा, 'गुणरागी' विशुद्धाध्यवसायतया स्वगतेषु वा परगतेषु वा गुणेषु ज्ञानादिषु रागः प्रमोदो यस्यास्त्यसौ गुणरागी निर्मत्सर इत्यर्थः । तथा, शक्यारम्भसंगतः कर्त्तुं शकनीयानुष्ठानयुक्तो, न शक्ये प्रमाद्यति न चाशक्यमारभत इति भावः । 'यः' कश्चिदेवंविधगुणोपेतस्तमाहुर्ब्रुवते समयज्ञा 'मुनिं' साधुमिति ॥१९९॥**

**અહીં બીજું પણ ચારિત્રીનું લક્ષણ જોડવાની ઇચ્છાવાળા ગ્રંથકાર કહે છે–**

જે માર્ગાનુસારી, શ્રાદ્ધ, પ્રજ્ઞાપનીય, ક્રિયાતત્પર, ગુણરાગી અને શક્ય આરંભ સંગત હોય તેને (શાસ્ત્રજ્ઞાતાઓ) સાધુ કહે છે.

**ટીકાર્થ- (૧) માર્ગાનુસારી–** માર્ગ એટલે તાત્ત્વિક માર્ગ. (તાત્ત્વિક માર્ગ એટલે મોક્ષમાર્ગ.) જે તાત્ત્વિકમાર્ગને અનુસરવાના સ્વભાવવાળો હોય તે માર્ગાનુસારી. માર્ગાનુસારી જીવ ચારિત્રમોહનીય કર્મના ક્ષયોપશમથી સ્વાભાવિક રીતે જ મોક્ષને અનુકૂલ પ્રવૃત્તિ કરે છે. ચારિત્રમોહનીય કર્મનો ક્ષયોપશમ મોક્ષનું અવંધ્ય (–સફળ) કારણ છે. કોની જેમ ? જંગલમાં રહેલા અને વિવક્ષિત નગરની પ્રાપ્તિની સદ્યોગ્યતાથી યુક્ત એવા અંધપુરુષની જેમ.

તે આ પ્રમાણે– એક માણસ એકલો જંગલમાં ગયો. ત્યાં તેની બંને આંખો ફુટી જવાથી તે આંધળો બની ગયો. હવે તેણે શહેર તરફ ચાલવા માંડ્યું. આંધળો માણસ જંગલમાંથી સીધા રસ્તે શહેરમાં આવી જાય એ તદન અશક્ય તો ન જ કહેવાય. પણ દુઃશક્ય તો ખરું જ. પણ આ માણસ માટે એ સુશક્ય બની ગયું. તે સીધા રસ્તે સીધો શહેરમાં આવી ગયો. રસ્તામાં કાટાં-કાંકરા પણ ન નડ્યા. આનું શું કારણ ? આનું કારણ એ જ કે તેનું પુણ્ય પ્રબળ હતું. પ્રબળ સાતા વેદનીય કર્મ તેની સહાયમાં હતું. પ્રબળ સાતા વેદનીય કર્મનો ઉદય હોય તો અસાતાનાં કારણો ઉપસ્થિત થતા નથી. અહીં જેમ આંધળો માણસ તકલીફ વિના જંગલમાંથી શહેરમાં આવી ગયો. તેમ ભવરૂપ અટવીમાં પડેલો માર્ગાનુસારી જીવ વિશેષબોધ રૂપ ચક્ષુથી રહિત હોય તો પણ હિંસાદિ પાપના ત્યાગથી સીધો મોક્ષમાર્ગે ચાલે છે–મોક્ષને અનુકૂલ પ્રવૃત્તિ કરે છે.

**(૨) શ્રાદ્ધ–** તત્ત્વ(–જિનોક્ત જીવાદિ પદાર્થો) પ્રત્યે શ્રદ્ધાળુ. તત્ત્વ શ્રદ્ધાના શત્રુભૂત ક્લેશનો અતિશય હ્રાસ (=દર્શન મોહનીયનો ક્ષયોપશમ) થવાથી તત્ત્વ(=જિનોક્ત જીવાદિ પદાર્થો) પ્રત્યે જેને શ્રદ્ધા થઇ હોય તે શ્રાદ્ધ.

કોની જેમ ? જેને મહાનિધાન અવશ્ય પ્રાપ્ત કરવું છે અને એથી મહાનિધાનને ગ્રહણ કરવાની વિધિના ઉપદેશ પ્રત્યે શ્રદ્ધા રાખે છે તેવા મનુષ્યની જેમ.

**અહીં ભાવાર્થ આ છે–** જેને મહાનિધાન પ્રાપ્ત કરવું છે તેવા પુરુષને મહાનિધાનને ગ્રહણ કરવાની વિધિના ઉપદેશ પ્રત્યે જેવી શ્રદ્ધા હોય તેવી શ્રદ્ધા ચારિત્રીને મોક્ષ અને મોક્ષમાર્ગ પ્રત્યે હોય. કારણકે તેનામાં તાત્ત્વિક શ્રદ્ધાને રોકનાર દર્શનમોહ આદિ કર્મોનો ક્ષયોપશમ થયો હોય છે.

અથવા શ્રાદ્ધ એટલે વિહિત અનુષ્ઠાનને કરાવે તેવી રુચિવાળો.

**(૩) પ્રજ્ઞાપનીય–** ચારિત્રી જીવ માર્ગાનુસારી અને શ્રાદ્ધ હોય એથી જ પ્રજ્ઞાપનીય હોય. પ્રજ્ઞાપનીય એટલે કોઇક રીતે અનાભોગથી ખોટી પ્રવૃત્તિ થઇ જતાં તેવા પ્રકારના

ગીતાર્થથી સમજાવી શકાય તેવો. કારણ કે તેવા પ્રકારનો કર્મક્ષયોપશમ (=દર્શનમોહનો વિશિષ્ટ ક્ષયોપશમ) થયો હોવાથી તે જીવ કદાગ્રહથી રહિત હોય. જેને મહાનિધાન પ્રાપ્ત કરવું છે તે પુરુષ નિધાન ગ્રહણ કરવામાં(–નિધાન ગ્રહણ કરવાની વિધિમાં) ભૂલ કરે તો જેમ સુખપૂર્વક સમજાવી શકાય તેમ ચારિત્રી પ્રજ્ઞાપનીય હોવાથી ભૂલ થતાં ગીતાર્થો તેને સુખપૂર્વક સમજાવી શકે છે.

(૪) **ક્રિયાતત્પર**– ચારિત્રી માર્ગાનુસારી અને શ્રદ્ધાળુ હોવાના કારણે જેમ પ્રજ્ઞાપનીય હોય છે તેમ ચારિત્ર મોહનીય કર્મનો ક્ષયોપશમ હોવાથી મોક્ષસાધક અનુષ્ઠાનો આચરવામાં નિધાન ગ્રહણ કરનાર પુરુષની જેમ તત્પર રહે છે, અર્થાત્ નિધાનની ઇચ્છાવાળો જીવ નિધાન ગ્રહણ કરવા માટે નિધાન ગ્રહણ કરવાની વિધિમાં આળસ ન કરે તેમ ચારિત્રી મોક્ષસાધક અનુષ્ઠાનોમાં આળસ ન કરે. તે જીવ સત્ક્રિયામાં જ તત્પર હોય, અસત્ક્રિયામાં પણ તત્પર ન હોય. કારણકે ચારિત્ર સત્ક્રિયારૂપ છે.

(૫) **ગુણરાગી**– વિશુદ્ધ અધ્યવસાયના કારણે પોતાનામાં કે બીજામાં રહેલા જ્ઞાનાદિ ગુણોમાં રાગવાળો–પ્રમોદવાળો હોય, અર્થાત્ ઇર્ષ્યાથી રહિત હોય.

(૬) **શક્ય-આરંભ-સંગત**– કરી શકાય તેવા અનુષ્ઠાનોથી યુક્ત હોય, અર્થાત્ શક્યમાં પ્રમાદ ન કરે અને અશક્યનો પ્રારંભ ન કરે.

જે કોઇ આવા પ્રકારના ગુણોથી યુક્ત હોય તેને શાસ્ત્રજ્ઞાતાઓ સાધુ કહે છે. (૧૯૯)

**यदि नामैवं साधुलक्षणमुक्तं, तथापि प्रस्तुते किमायातमित्याह—**

**एयं च अत्थि लक्खणमिमस्स निस्सेसमेव धन्नस्स ।**
**तहगुरुआणासंपाडणं उ गमगं इहं लिंगं ॥२००॥**

**एतच्चैतदपि मार्गानुसारित्वादि, किं पुनर्गुरुविषयोऽभ्रमः, 'अस्ति' विद्यते 'लक्षण-मस्य' माषतुषादेर्निःशेषमेव 'धन्यस्य' धर्मधनार्हस्य । किमत्र लिङ्गमित्याह—तथा यथा गुरुसन्निधाने तथैव तद्व्यधानेऽपि 'गुर्वाज्ञासम्पादनं' प्रतिलेखनाप्रमार्जनादिसाधु-सामाचारीपालनरूपं पुनर्गमकं ज्ञापकम् । 'इह' मार्गानुसारित्वादौ 'लिङ्गं' चिह्नमिति ॥२००॥**

**જો આ પ્રમાણે સાધુનું લક્ષણ કહ્યું, તો પણ તેનાથી પ્રસ્તુતમાં શું આવ્યું ? (અર્થાત્ પ્રસ્તુતમાં એનો શો સંબંધ છે ?) તે કહે છે–**

**ગાથાર્થ**– માર્ગાનુસારિતા વગેરે આ સઘળુંય પણ ધન્ય માષતુષ આદિ મુનિનું લક્ષણ છે. અહીં તે તે રીતે ગુર્વાજ્ઞાનું સંપાદન જ્ઞાપક લિંગ છે.

**ટીકાર્થ–** માષતુષ આદિ મુનિ ચારિત્રી હતા તેનું લક્ષણ શું ? એ વિષયમાં અહીં કહે છે કે, ગુરુસંબંધી ભ્રમનો અભાવ એ તો લક્ષણ છે જ, કિંતુ ૧૯૯મી ગાથામાં કહેલ માર્ગાનુસારિતા વગેરે બધુંય પણ માષતુષ વગેરે મુનિના ચારિત્રનું લક્ષણ છે.

માષતુષ વગેરે મુનિમાં માર્ગાનુસારિતા વગેરે હતું તેને જણાવનાર ચિહ્ન શું છે ? એના જવાબમાં આ ગાથાના ઉત્તરાર્ધમાં કહે છે કે– માષતુષ વગેરે મુનિ ગુરુના સાનિધ્યમાં જેવી રીતે પ્રતિલેખના-પ્રમાર્જના વગેરે સાધુ સામાચારીનું પાલન કરવા રૂપ ગુર્વાજ્ઞાનુ સંપાદન કરતા હતા તેવી જ રીતે ગુરુના વિરહમાં પણ ગુર્વાજ્ઞાનું સંપાદન કરતા હતા. ગુરુના સાંનિધ્યની જેમ ગુરુના વિરહમાં પણ ગુર્વાજ્ઞાનું સંપાદન કરતા હતા એ જ માષતુષ વગેરે મુનિમાં માર્ગાનુસારિતા વગેરે ગુણો હતા એનું જ્ઞાપક(=જણાવનાર) લિંગ છે.(૨૦૦)

**ननु चारित्रिणो मोक्षं प्रत्यतिदृढानुरागत्वेनात्यन्तादौत्सुक्यादशक्यारम्भोऽपि न दुष्टः स्याद् इत्याशङ्क्याह—**

**सत्तीए जतितव्वं, उचितपवित्तीएँ अन्नहा दोसो ।**
**महगिरिअज्जसुहत्थी, दिट्ठंतो कालमासज्ज ॥२०१॥**

**'शक्तौ'-सामर्थ्ये चिकीर्षितप्रयोजनानुकूले सति 'यतितव्यं'-प्रयत्नः कार्यः, किमविशेषेणेत्याह—'उचितप्रवृत्त्या' तत्तद्द्रव्यक्षेत्रकालभावैरबाध्यमानचेष्टारूपया । विपक्षे दोषमाह—'अन्यथा' उक्तप्रकारद्वयविरहे यत्ने क्रियमाणेऽपि दोषो वन्ध्य-चेष्टालक्षणः सम्पद्यते, सफलारम्भसारत्वाद् महापुरुषाणामिति । अत्र 'महागिरि-अज्जसुहत्थी' इति आर्यमहागिरिरार्यसुहस्ती च दृष्टान्तः-उदाहरणं 'कालं' व्यवच्छिन्न-परिपूर्णजिनकल्पाराधनायोग्यजीवं दुष्षमालक्षणमाश्रित्य, शक्तौ सत्यामुचितप्रवृत्त्या यत्ने कर्त्तव्यतयोपदिश्यमाने इति ॥२०१॥**

ચારિત્રી જીવોને મોક્ષ પ્રત્યે અત્યંત દૃઢ અનુરાગ હોય છે, આથી મુક્તિ મેળવવાની અત્યંત ઉત્સુકતા હોય છે, આથી તેમનો અશક્ય પ્રારંભ પણ દુષ્ટ ન થાય (= ન બને) આવી આશંકા કરીને ગ્રંથકાર કહે છે–

**ગાથાર્થ–** શક્તિ હોય તો ઉચિત પ્રવૃત્તિથી પ્રયત્ન કરવો જોઇએ, અન્યથા દોષ છે. આ વિષે કાળને આશ્રયીને આર્યમહાગિરિસૂરિ અને આર્યસુહસ્તિસૂરિનું દૃષ્ટાંત છે.

**ટીકાર્થ– શક્તિ–** કરવાને ઇચ્છેલા કાર્યને અનુકૂળ સામર્થ્ય.

**ઉચિત પ્રવૃત્તિથી–** તે તે દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવોથી બાધિત ન થાય તેવી ચેષ્ટાથી.

**અન્યથા દોષ છે–** પ્રયત્ન કરવા છતાં જો તે પ્રયત્ન શક્તિ વિના કર્યો હોય અને

અનુચિત હોય તો નિષ્ફળ ચેષ્ટારૂપ દોષ થાય, અર્થાત્ તેમાં સફળતા ન મળે એ દોષ છે. કારણકે મહાપુરુષો જેમાં સફળતા મળે તેવા પ્રારંભને શ્રેષ્ઠ માનનારા હોય છે.

**આ વિષે–** શક્તિ હોય તો ઉચિત પ્રવૃત્તિથી પ્રયત્ન કરવો જોઇએ એવો ઉપદેશ આપવાના વિષયમાં.

**કાળને આશ્રયીને–** જેમાં જિનકલ્પની પરિપૂર્ણ આરાધના કરવાને યોગ્ય જીવોનો વિચ્છેદ થયો છે તેવા દુષમાકાળને આશ્રયીને.

**તાત્પર્યાર્થ–** શક્તિ હોય તો તે તે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવોથી બાધિત ન થાય તેવી પ્રવૃત્તિથી (ચારિત્રની આરાધનામાં) પ્રયત્ન કરવો જોઇએ. જો શક્તિથી ઉપરવટ થઇને અને દ્રવ્યાદિથી બાધિત થાય તેવી રીતે (ચારિત્રની આરાધનામાં) પ્રયત્ન કરવામાં આવે તો તેમાં સફળતા ન મળે. મહાપુરુષો જેમાં સફળતા મળે તેવા પ્રારંભને જ શ્રેષ્ઠ માનનારા હોય છે. શક્તિ હોય તો ઉચિત પ્રવૃત્તિથી પ્રયત્ન કરવો જોઇએ એ વિષે આર્ય મહાગિરિસૂરિ અને આર્યસુહસ્તિસૂરિનું દૃષ્ટાંત છે. (૨૦૧)

**एतयोरेव वक्तव्यतां संगृह्णन्नाह—**

**पाडलिपुत्ति महागिरि, अज्जसुहत्थी य सेट्ठिवसुभूती ।**
**वइदिस उज्जेणीए, जियपडिमा एलगच्छं च ॥२०२॥**

**पाटलिपुत्रे नगरे 'महागिरि अज्जसुहत्थि' त्ति आर्यमहागिरिरार्यसुहस्ती च द्वावाचार्यौ कदाचिद् विहारं चक्रतुः। तत्र श्रेष्ठी वसुभूतिरार्यसुहस्तिना सम्बोधितः ततो 'वइदिस'त्ति अवन्ती विषये उज्जयिन्यां 'जियपडिम' त्ति जीवत्स्वामिकप्रतिमाया वर्द्धमानजिन-सम्बन्धिन्या वन्दनार्थं गतौ । तत एलकाक्षं च दशार्णभद्रापरनामकं गतौ ॥२०२॥**

**આર્ય મહાગિરિ અને આર્ય સુહસ્તિસૂરિ એ બેની વ્યકતવ્યતાનો સંગ્રહ કરતા કહે છે, અર્થાત્ આ બંને મહાપુરુષોના કથાનક જણાવે છે–**

**ગાથાર્થ–** પાટલિપુત્ર નગર આર્યમહાગિરિસૂરિ અને આર્યસુહસ્તિસૂરિ તથા શ્રેષ્ઠી વસુભૂતી અવંતિદેશ ઉજ્જૈની નગરી જીવિતસ્વામી પ્રતિમા અને એલગચ્છ નગર. (૨૦૨)

**ટીકાર્થ–** આર્યમહાગિરિસૂરિ અને આર્યસુહસ્તિસૂરિ એ બંને આચાર્યોએ ક્યારેક પાટલીપુત્ર નગરમાં વિહાર કર્યો. ત્યાં શ્રેષ્ઠીવસુભૂતિ આર્ય સુહસ્તિસૂરિ વડે પ્રતિબોધ કરાયા. ત્યાંથી અવંતિદેશમાં જીવિતસ્વામી (વર્ધમાન સ્વામી) ની પ્રતિમાને વંદન કરવા માટે ગયા. ત્યાર પછી એલકાક્ષ નામના (જેનું બીજું નામ દશાર્ણભદ્ર છે) નગરમાં ગયા. (૨૦૨)

अथैतत्संग्रहगाथां स्वयमेव शास्त्रकारः गाथानवकेन व्याख्यानयन्नाह—

दो थूलभद्दसीसा, जहोइया आइमो य इयरत्ति ।
ठविउं गच्छेऽतीओ, कप्पोत्ति तमासिओ किरियं ॥२०३॥

एसणसुद्धातिजुओ वसुभूतिगिहम्मि कारणगएण ।
दिट्ठो गोयरवत्ती, इयरेणऽब्भुट्ठिओ विहिणा ॥२०४॥

सेट्ठिस्स विम्हओ खलु, तग्गुणकहणाएँ तह य बहुमाणो ।
ठितिसवणुज्झियधम्मं, पायमणाभोगसद्धाए ॥२०५॥

उवओगपरिन्नाणं, कहणाऽवक्कमण वइदिसं तत्तो ।
संभासिऊण गमणं, कालट्ठा एलगच्छं ति ॥२०६॥

मिच्छत्तसड्ढिहासो, पच्चक्खाणम्मि तह सयग्गहणं ।
वारण पवयणदेवय, सज्झिलगोगाहिमा भोगे ॥२०७॥

तलघायअच्छिपाडण, सड्ढीउस्सग्ग देव उद्दाहो ।
एलच्छि बोहि नगरं, तओ य तं एलगच्छंति ॥२०८॥

तत्थ य दसन्नकूडो, गयग्गपयगो दसन्नरायम्मि ।
वीरे इड्ढी बोहण, एरावयपयसुजोगेणं ॥२०९॥

दंता पुक्खरिणीओ, पउमा पत्ता य अट्ठ पत्तेयं ।
एक्केक्क रम्मपेच्छण, नरेंदसंवेग पव्वज्जा ॥२१०॥

एयम्मि पुन्नखेत्ते, तेणं कालो कओ सुविहिएणं ।
तत्तो समाहिलाभो, अन्ने उ पुणोवि तल्लाभा ॥२११॥

अथ संग्रहगाथाक्षरार्थः—'द्वौ स्थूलभद्रशिष्यौ' प्रागुक्तनामानौ यथोदितौ सत्यरूपावभूतां, तत्र 'आइमो य' त्ति आदिमो महागिरिः पुनः इतरम्—आर्यसुहस्तिनं, इति पूरणार्थः, स्थापयित्वा नायकत्वेन गच्छे, 'अतीतकल्पो' जिनकल्पसंज्ञ इतिकृत्वा तां जिनकल्पसम्बन्धिनीमाश्रितः प्रतिपन्नः 'क्रियां' वचनगुरुत्वादिकां सामाचारीम् । यथोक्तं धर्मबिन्दौ "वचनगुरुता, अल्पोपधित्वं, निष्पूतिकर्मशरीरता, अपवादत्यागः, ग्रामैकरात्र्यादिविहरणं, नियतकालचारिता, प्राय ऊर्ध्वं स्थानं, देशनायामप्रबन्धः, ध्यानैकतानत्वमिति" 'वचनगुरुता' इति वचनमेवागम एव गुरुः धर्माचार्यो यस्य स तथा तद्भावो वचनगुरुता ॥२०३॥

इहैषणाः सप्त भक्तगोचराः पानगोचराश्च, तत्रासंसृष्टो हस्तोऽसंसृष्टं मात्रं निरवशेषं च देयद्रव्यं यत्र सा प्रथमा १ एतद्विलक्षणा द्वितीया २ पाकस्थानादुद्धृत्य स्थानान्तरनिक्षिप्तदेयद्रव्यगोचरत्वेनोद्धृतानामिका तृतीया ३ तस्यैव चाल्पलेपस्य वल्लचणकादेर्ग्रहणरूपा चतुर्थी ४ भोजनशालानिक्षेपणभोक्तृलोकावग्रहायातस्य भक्तादेर्ग्रहणलक्षणाऽवगृहीता नाम पञ्चमी ५ भोजनभाजननिक्षिप्तलक्षणा प्रगृहीता नाम षष्ठी ६ भोजनशालाप्रवृत्तस्य भोक्तृलोकेनानिष्यमाणस्यात एवोज्झितकनामकस्यान्नादेर्ग्रहणरूपा उज्झितानामिका सप्तमी ७ तत्र जिनकल्पिकस्याद्याभ्यामेषणाभ्यां भक्तपानयोरग्रह एव, उपरितनीषु पञ्चस्वेषणासु योग्यरूपतया ग्रहो वर्त्तते, परं तास्वपि एकत्र दिवसे द्वयोरभिग्रहो यथैकया कयाचिद् भक्तमेकया च पानकं ग्राह्यमिति, तदुक्तम्—''संसट्ठमसंसट्ठा, उद्धड तह अप्पलेवडा चेव । उग्गहिया पग्गहिया, उज्झियधम्मा य सत्तमिय़ा ॥१॥'' तथा 'पंचसु गह दोसभिग्गहो भिक्खा' इति । अत्र प्रथमतः संसट्ठपदोपादानं छन्दोभङ्गभयात्, तत आसामेषणानां शुद्धिः निर्दोषता आदिशब्दात् ''तवेण सत्तेण सुत्तेण एगत्तेण बलेण य । तुलणा पंचहा वुत्ता, जिणकप्पं पडिवज्जउ ''॥१॥ इत्येवंरूपतुलनापञ्चकग्रहः, तद्युक्तः सन् वसुभूतिश्रेष्ठिगृहे 'कारणगतेन' कुटुम्बप्रतिबोधप्रयोजनप्राप्तेन 'दृष्टो'ऽवलोकितो 'गोचरवर्ती,' भिक्षां भ्राम्यन्नित्यर्थः, 'इतरेण' सुहस्तिनाऽभ्युत्थानविषयः कृतो 'विधिना' संभ्रमप्रकाशनालक्षणेन ॥२०४॥

'सेट्ठिस्स विम्महो' इत्यादि, श्रेष्ठिनो वसुभूतेर्विस्मयः आश्चर्यमभूत्—अहो ! एभ्यः किं कश्चिद् अयं महान् वर्त्तते? इति । खलु वाक्यालङ्कारे । तद्गुणकथनायां सुहस्तिना कृतायां, तथा चेति समुच्चये, भिन्नक्रमश्च, ततो बहुमानश्च तत्र जातः श्रेष्ठिनः । 'ठिइसवणुज्झियधम्मं' इति स्थितिश्रवणेन तदीयसमाचाराकर्णनेन भक्तपानकं उज्झितधर्मकं प्रवर्त्तितम् । ननु वसुभूतिरार्यसुहस्तिसमीपे श्रुतसाधुसमाचारः कथमित्थमनेषणां प्रवर्त्तितवानित्याशङ्क्याह—प्रायो बाहुल्येनानाभोगेन शास्त्रार्थापर्यालोचनेन उपलक्षिता या श्रद्धा दानाभिलाषरूपा तया विहितमिति ॥२०५॥

'उपयोगेन' मनोविमर्शरूपेण, 'परिज्ञानं' उज्झितधर्मकस्योपेत्यकृतस्यावबोधोऽभूत् । अस्य कथना संध्यायाम्-आवश्यककाले सुहस्तिनोऽनेषणायाः कृता । ततोऽपक्रमणं ततः पुराद् विहितं तेन 'वइदिसं'ति अवंतीविषये उज्जयिनीं गतः ।

तत्र च जीवत्स्वामिनीं प्रतिमां वन्दित्वा तत उज्जयिन्याः संभाष्य-सम्बोध्य श्रमण-संघं गमनं कालार्थं-चरमकालाराधनानिमित्तमेलकाक्षं नगरं प्रति । इति परि-समाप्तौ ॥२०६॥

अथास्योत्पत्तिनिमित्तमाह —'मिच्छत्तसड्ढिहासो' इति मिथ्यात्वाद्-विपर्यासाद् भर्त्रा कस्याश्चिच्छ्राद्धायाः सन्ध्याकाले उपहासः प्रत्याख्याने विषयभूते क्रियमाणे कृतः । कदाचिच्च दुर्विनीततया तथा यथा सा श्राद्धा गृह्णाति तथा स्वयमात्मनैव तया अप्रेरितेनेत्यर्थः ग्रहणं कृतं प्रत्याख्यानस्य, तेन । 'वारण' त्ति वारणं प्रत्याचक्षाणस्य तया विहितं, तथापि न स्थितोऽसौ । ततः 'पवयणदेवय' त्ति तस्मिन्नुपहासे कृते सरोषया प्रवचनदेवतया 'सज्झिलगोगाहिमा' इति भगिनीरूपया भूत्वा उद्ग्राहिमा मोदकादयः पक्वान्नभेदाः समर्पिताः । तेन च तेषां 'भोगे' भोजने कृते सति ॥२०७॥

देवतया 'तलघायअच्छिपाडण' त्ति तलघातेन-हस्ततलप्रहारलक्षणेनाक्षिपातना नयनपातरूपा कृता । 'सड्ढीउस्सग्ग' त्ति श्राद्धया उत्सर्गः-कायोत्सर्गलक्षणो 'देव' त्ति देवताया आराधनाय कृतः, 'उद्दाहो' इति उत्कृष्टः सर्वापरदाहातिशायी सकल-कुशलप्ररोहहेतोर्धर्मबीजस्य दाहो-भस्मीकरणमुद्दाहः समभूत् । ततः 'एलगच्छ'त्ति एडकस्य तत्कालव्यापद्यमानस्याक्षिणी तदक्षिस्थाने नियोजीते । लग्ने च ते । तदनु बोधिः-जिनधर्म्मावाप्तिर्लब्धप्रत्याख्यानभङ्गप्रत्ययाऽस्य संजाता । नगरं 'ततश्च'-तस्मादेव निमित्तात् 'तद्' दशार्णपुरं एडकाक्षमिति प्रसिद्धम् ॥२०८॥

तत्र चैडकाक्षे नगरे दशार्णकूटो नाम पर्वत आसीत् । स च गजाग्रपदक इति यथा जातस्तथोच्यते । 'दशार्णराजे' दशार्णदेशनायके दशार्णभद्रनाम्नि राज्यं पालयति सति 'वीरे' चरमतीर्थपतौ दशार्णकूटे शिखरिणि समवसृते, ऋद्धिः शक्रसम्बन्धिनी यदा दशार्णभद्रेण दृष्टा तदा स्वसमृद्धावनादरेण 'बोहण'त्ति बोधनं सर्वचारित्रप्रतिपत्तिलक्षणं संवृत्तं दशार्णभद्रराजस्य । तथा ऐरावणपदसुयोगेन गजाग्रपदकः स पर्वतो रूढः ॥२०९॥

अथ शक्रविभूतिमेव दर्शयति —तत्र शक्राध्यासिते ऐरावणे दन्ता अभवन् । तेषु च पुष्करिण्यः, तासु च पद्माः, तेषु च पत्राणि, अष्टौ अष्टसंख्यया प्रत्येकं एकैकं दन्तपुष्करण्यादिकं जातम् । तत्रैकैकस्मिन् पत्रे रम्यप्रेक्षणकं द्वात्रिंशत्-पात्रबद्धं दृष्ट्वा 'नरेन्द्रसंवेगो' दशार्णभद्रराजस्य संवेगो जातः । ततस्तत्क्षणादेव प्रव्रज्या समजनीति ॥२१०॥

**अथ प्रस्तुते योजयन्नाह—'एतस्मिन्' गजाग्रपदकनामके शिखरिणि 'पुण्यक्षेत्रे' शुभकारिणि प्रदेशे 'तेन'-महागिरिणा सूरिणा 'कालो' देहत्यागलक्षणः कृतः 'सुविहितेन' शुभचरितेन । कुतः ?, यतः ततः क्षेत्रात् समाधिलाभो जातस्तस्य, अन्येत्वाचार्या आचक्षते—'पुनरपि' भूयोऽपि तल्लाभात्-समाधिलाभात् तत्र कालः कृतः, इदमुक्तं भवति—तत्र क्षेत्रे लब्धः समाधिः सानुबन्धसमाधिलाभफलत्वेन पुनरपि जन्मान्तरे समाधिलाभफलः सम्पद्यत इति कृत्वा तेन तत्र कालः कृतः ॥२११॥**

## આર્યમહાગિરિ અને આર્યસુહસ્તિનું કથાનક

આ ભરતક્ષેત્રમાં વીર ભગવાન પછી ઉત્તમધર્મના આરાધક એવા સુધર્મ નામના ગણાધિપ થયા. જંબૂદ્વીપમાં જંબૂવૃક્ષની જેમ સાધુ-સાધ્વીના નાયક જંબૂ નામના સૂરિ થયા. ત્યાર પછી ગુણોનું જન્મસ્થાન એવા પ્રભવ સ્વામી થયા, ત્યાર પછી ભવપરંપરાને હરનાર શંય્યમભવ સૂરિ થયા. ત્યારપછી નિર્મળશીલ અને યશસ્વી, ભદ્રિક એવા યશોભદ્રસૂરિ થયા. દુર્ધર પરિષહ અને ઇન્દ્રિયજયથી પ્રગટ થયું છે ઘણું માહત્મ્ય જેનું એવા ગુણવાનોમાં ગૌરવ સ્થાનને પામેલા એક સંભૂતિવિજય નામના અને નગરને કંપાયમાન કરે તેવા બે શ્રેષ્ઠ બાહુ છે જેને એવા બીજા ભદ્રબાહુ એમ મસ્તક ઉપર ધારણ કરાતા ગુરુના પ્રતિબિંબ સમાન બે શિષ્યો થયા, સ્થૂલભદ્ર મુનીશ્વર અતિ નિર્મળ વિશાળ અને કલ્યાણકારી હતા. મહાદક્ષ એવા તેણે સંભૂતવિજય આચાર્ય પાસે દીક્ષા લીધી તથા શ્રીભદ્રબાહુસ્વામી પાસે દષ્ટિવાદ શ્રુતને ગ્રહણ કર્યું. અને તેથી જ ચૌદપૂર્વના પારંગત થઇ યશને ઉપાર્જન કર્યો. કઠોર પરિષહ રૂપી પવનના સમૂહો માટે મેરુપર્વત જેવા, ઘણા વિસ્તૃત ગુણથી જિતાયો છે આકાશનો વિસ્તાર જેના વડે એવા આર્ય મહાગિરિ આચાર્ય તેમના એક શિષ્ય હતા અને સર્વજીવો સુખી થાય એવું ઇચ્છનારા, સુહસ્તીની ગતિના ગમનથી રંજિત કરાયો છે લોકોનો સમૂહ જેના વડે એવા બીજા આર્ય સુહસ્તિ મુનિપુંગવ હતા. ક્ષીરસમુદ્ર સમાન ઉજ્જ્વળ કીર્તિના સમૂહથી પૂરાયેલો છે દિશાઓનો અંત જેઓ વડે એવા બંને પણ આચાર્યો **હરહાર**[1] અને બરફ સમાન ઉજ્જ્વળ સુંદરરૂપ અને શીલગુણવાળા છે. બંને પણ પ્રતિબોધના કાર્યમાં જુદા જુદા ગ્રામ–આકર–નગરમાં રહેલા ભવ્ય જીવો રૂપી કમળવનોને વિકસિત કરવામાં સૂર્યમંડળ સમાન છે. તે બંને પણ રોહણાચલ પર્વતના ખાણભૂત ઘણા ગુણોની ખાણ છે કેમકે અગણિત માહત્મ્યવાળા શ્રુત રત્નોનું લોકમાં દુર્લભપણું છે. અંતિમ સમય થયો ત્યારે

૧. હરહાર એક અતિ સફેદ ઘાસ છે.

ગણનાયક ભગવાન સ્થૂલભદ્ર અનુયોગની અનુજ્ઞા અને બે વિભાગ કરાયેલ ગચ્છની અનુજ્ઞા આઓને એકી સાથે આપીને પછી સકળ જીવરાશિને ખમાવીને, વિશુદ્ધ અનશન સ્વીકારીને કાળ કરે છતે દેવલોકમાં ઉત્પન્ન થયા.

વિનય અને નયના ભંડાર એવા આર્ય મહાગિરિ સંપૂર્ણ શ્રુત જેના વડે નથી ભણાયું એવા સુહસ્તિ નામના સૂરિના ઉપાધ્યાયપણાને પામ્યા. હવે કોઈક વખત મોક્ષમાર્ગમાં પ્રવૃત્ત થયેલા જીવો માટે સાર્થવાહ સમાન, મુનિઓમાં શ્રેષ્ઠ એવા સુહસ્તિસૂરિ શ્રમણસંઘની સાથે વિહાર કરીને કૌશાંબી નગરીમાં પહોંચ્યા. રાજા વગેરે ઉત્તમલોક પ્રતિદિવસ વંદન-ધર્મશ્રમણ અને પૂજનમાં તત્પર થયો. તેમાં એક દ્રમક છે જે નગરલોકની સાથે સૂરિની પાસે આવે છતે, રોમાંચિત થયેલો અતિ હર્ષને અનુભવે છે ત્યારે તે દેશમાં અતિતીક્ષ્ણ દુષ્કાળ પડ્યો છે. પ્રાયઃ સકલ લોક અતિ દુઃખે કરીને પેટ ભરનારો થયો. લાંબા કાળ પછી દ્રમકે સૂરિના એક સાધુ સંઘાટકને ધનપતિના ઘરે ભિક્ષા માટે પ્રવેશ કરતા જોયો. સંઘાટકની પાછળ પાછળ ગયો. મને અહીં કાંઈક મળશે એવી આશાપૂર્વક જોતો હતો ત્યારે શ્રેષ્ઠીએ તે સાધુઓને સિંહકેસરિયા લાડુઓ વહોરાવ્યા. સાધુઓ તેના ઘરમાંથી નીકળ્યા કે તુરત જ દ્રમકે પ્રણામપૂર્વક કહ્યું કે ''આ મળેલા ભોજનમાંથી મને કંઈક આપો.'' તેઓએ કહ્યું: હે ભદ્ર ! ''આ ગોચરીના સ્વામી આચાર્ય ભગવંત છે તેથી અમારે આપવું ઉચિત નથી'' તેઓની સાથે જ સૂરિ પાસે જઈને જેટલામાં ખાવાનું માગે છે તેટલામાં આણે અમારી પાસે ભોજનની માગણી કરી હતી એમ ભિક્ષાના લાભના વૃત્તાંતને સૂરિને કહ્યો. ગુરુ કહે છે કે ગૃહસ્થોને ભોજન આપવું કલ્પતું નથી જો તું દીક્ષા લે તો ભોજન મળે, નહીંતર નહીં. તેણે દીક્ષા લેવા સ્વીકાર્યું. શું આ આરાધના કરી શકશે? ગુરુ ઉપયોગ મૂકે છે. પછી જ્ઞાનથી નિશ્ચય કર્યો કે આ પ્રવચન પ્રભાવકોમાં ઉત્તમ પુરુષ થશે. પછી **અવ્યક્ત**[1] સામાયિક ઉચ્ચરાવીને દીક્ષા આપી અને તેમાંથી પૂરતું ભોજન આપ્યું. પછી તે સમાધિવાળો થયો. અહો ! આ કેવા પ્રસન્નપરિણામવાળા છે. સગાભાઈની જેમ મારા ઉપર અત્યંત કૃપાવાન છે. મને સર્વે કાર્યમાં મદદગાર (સહાયક) થાય છે. આવા પ્રકારની મનની વિચારણા રૂપી અમૃતરસથી સિંચાતું છે સર્વાંગ જેનું, ઘણી ઉત્પન્ન થઈ છે ગુરુભક્તિ જેને એવો તે દિવસ વીતાવવા લાગ્યો. રાત્રિ થઈ એટલે અનુચિત ભોજનને કારણે તેને તીવ્ર વિસૂચિકા થઈ અને શુદ્ધ ભાવને પામેલો મર્યો. પાટલિપુત્ર નગરમાં મૌર્યવંશમાં બિંદુસાર રાજા હતો. જેનું વર્ણન પૂર્વ આવી ગયું છે. તેનો અશોકશ્રી નામે પુત્ર રાજા હતો તેનો જીવથી અભ્યધિક કુણાલ પુત્ર હતો. જે

૧. અવ્યક્ત સામાયિક એટલે ઓઘથી લીધેલ, વિધિપૂર્વકનું નહીં.

બાળપણામાં યુવરાજ થયો. કુમારભુક્તિમાં તેને ઉજ્જૈની નગરી અપાઇ હતી. સંતુષ્ટ થયેલો કુણાલ ત્યાં રહે છે. સકલ કલાને ભણવામાં તેને સમર્થ જાણીને પિતાએ સ્વહસ્તથી લેખ લખીને મોકલ્યો કે કુમાર ત્યાં જ ભણાવાય. તેવા પ્રકારનું કાર્ય ઉપસ્થિત થયે છતે પત્રને ખુલ્લો મૂકીને, રાજા જેટલામાં ઊભો થયો તેટલામાં પાપી સાવકી માતાએ આંખના અગ્રભાગ ઉપર રહેલા કાજળને નખના અગ્રભાગથી લઇને ક્રિયાપદના અ વર્ણ ઉપર બિંદુ કરી દીધું તેથી કુમાર આંધળો[1] કરાય એવો અર્થ થઇ ગયો. ઉત્સુકતાને કારણે રાજાએ લેખ ફરી વાંચ્યા વિના બીડી દીધો અને લેખ કુમારની પાસે પહોંચી ગયો. કુમારે સ્વયં જ તે લેખ વાંચ્યો. તેનો અર્થ જાણ્યો અને લોખંડની સળીને તપાવીને જેટલામાં બંને આંખો આંજે છે તેટલામાં પરિજને કહ્યું: હે કુમાર! તારે આવા પ્રકારની પિતાની આજ્ઞા ક્યારેય ન માનવી. એક દિવસનો તારે વિલંબ કરવો જેથી આનો પરમાર્થ શું છે તે જાણી શકાય. કુમાર કહે છે કે અમારા મૌર્યવંશમાં જન્મેલા સર્વે રાજાઓની આજ્ઞા કોઇ **ઉલ્લંઘે**[2] નહીં માટે તીક્ષ્ણ કહેલી છે. તેથી આશ્ચર્યકારી ચરિત્રોથી પુનમના ચંદ્ર જેવા નિર્મળ કુળને કલંક લગાડીને કેવી રીતે વિકૃત કરું ? પરિવારના નિવારણથી સર્યું એમ અવગણના કરીને જેટલામાં આંખો આંજે છે તેટલામાં પિતાની પાસે સમાચાર પહોંચ્યા ત્યારે પિતાએ ઘણો શોક કર્યો. માતાએ પણ શોક્યના આ ચરિત્રને જાણી વિચાર્યું કે બાજી હાથમાંથી ગયે છતે શું કરી શકીએ. પછી પિતાએ ઉજ્જૈનીનું રાજ્ય પાછું લઇને તેને એક ઉત્તમ ગામ આપ્યું અને સર્વ વ્યવસાયો છોડીને ગામમાં રહ્યો અને તે અતિનિર્દોષ ગીતવિદ્યા શીખવા લાગ્યો અને તે જલદીથી અતિદક્ષતાથી તે સંગીતવિદ્યામાં પારંગત થયો. ભેગો થઇને બીજા ગાંધર્વિક લોક સાથે પૃથ્વીમંડળ પર ભમવા લાગ્યો. વજ્ર જેમ પર્વતને તોડે તેમ કુણાલે સંગીતવિદ્યાથી ગાંધર્વિક લોકના ગર્વરૂપી પર્વતને તોડ્યો. આથી જ તેનો ઘણો યશ જગતમાં ઊછળ્યો અને પ્રતિષ્ઠા પામ્યો. (૪૫)

કાળે કરી કુસુમપુર (પાટલીપુત્ર) નગરમાં ગયો. નગરના મુખ્ય પુરુષોની અતિઘણી સભાઓમાં ગાવા લાગ્યો. નગરમાં એવો પ્રવાદ થયો કે આ નક્કી સુરગાંધર્વિક છે. આના જેવા બીજા કોઇ પુરુષની ક્યાંય સંગીતકળા સાંભળી નથી અને સાંભળશું પણ

---

૧. **अधिज्जउ कुमारो** વાક્યમાં **अधिज्जउ** પદના **अ** વર્ણ ઉપર મીંડું આવતા **अंधिज्जउ कुमारो** એવું વાક્ય થઇ ગયું. **अधिज्जउ कुमारो**નો અર્થ કુમાર ભણાવાય એવો થાય જ્યારે **अंधिज्जउ कुमारो** નો અર્થ કુમાર આંધળો કરાય એવો થાય.

૨. **मुज्झे=मा+उज्झे=मा+उज्झेत्** કોઇ ઉલ્લંઘે નહી.

નહીં. મંત્રીઓએ રાજસભામાં રાજાને આ પ્રવાદ કહ્યો. પછી કુતૂહલથી જિજ્ઞાસિત (હર્ષિત) રાજાએ પોતાના પ્રધાનમંડળને કહ્યું: આને બોલાવો. તેણે કહ્યું: હે દેવ! તે આંધળો છે, તમારે જોવા યોગ્ય નથી, પછી પડદાની અંદર રખાયો. શુદ્ધ સ્વરને પૂરીને જેટલામાં ગાયું તેટલામાં ગૌરી(સ્ત્રી)ના ગીતથી હરણ આકર્ષિત થાય તેમ રાજા આકર્ષિત થયો. અતિખુશ થયેલા રાજાએ કહ્યું: તું વરદાન માગ. અવસર પામી તે એક શ્લોક બોલ્યો.

**चंदगुत्तजपुत्तो उ, बिंदुसारस्स नत्तुओ ।**
**असोगसिरिणो पुत्तो, अंधो जायइ कागिणिं ॥ ५२॥**

ચંદ્રગુપ્તનો પ્રપૌત્ર, બિંદુસારનો પૌત્ર, અશોકશ્રીનો પુત્ર એવો અંધ (કુણાલ) કાકિણી માગે છે પછી આશ્ચર્યચકિત રાજાએ કહ્યું: શું તું મારો પુત્ર કુણાલ છે ? હા તે જ છું. પછી પડદામાંથી બહાર કાઢીને સર્વાંગથી ભેટાયો અને પોતાના ખોળામાં બેસાડીને કહ્યું: તેં એક કાકિણી(એક દમડી) કેમ માગી? પાસે રહેલા મંત્રીવર્ગે કહ્યું: હે દેવ! મૌર્યવંશમાં કાકિણી શબ્દનો અર્થ રાજ્ય થાય છે, આ રાજ્યને માગે છે. હે પુત્ર! તું આંધળો છે, રાજ્યને સંભળવા યોગ્ય નથી. શું તારે પુત્ર છે? કુણાલ– છે જ. રાજા– કેટલી ઉંમરનો છે ? કુણાલ– હમણાં જ જન્મ્યો છે. પછી તત્ક્ષણ જ તેનું નામ સંપ્રતિ રાખ્યું. તે દ્રમક મનુષ્યનો જીવ મરીને તેના પુત્ર રૂપે ઉત્પન્ન થયો. દશ દિવસનો લૌકિક વ્યવહાર પૂર્ણ થયે છતે મંત્રી વગેરેએ તેનો રાજ્ય ઉપર અભિષેક કર્યો. અશોકશ્રી રાજ્ય સોંપી પરલોકના કાર્યમાં તત્પર થયો, અર્થાત્ ધર્મારાધનામાં રત થયો. સંપ્રતિ પૂર્વોપાર્જિત પુણ્યના પ્રભાવથી પ્રતિદિન શરીર અને રાજ્ય લક્ષ્મીથી વધતો યૌવનને પામ્યો. (૫૯)

હવે ક્યારેક અપ્રતિબદ્ધ વિહારથી વિહાર કરતા પવિત્ર ગુણવાળા મુનિનાથ, આર્યસુહસ્તિસૂરિ પાટલીપુર આવ્યા. ઘણાં ઉત્તમ સાધુઓના સમૂહથી વીટંળાયેલા બહાર ઉદ્યાનમાં રહ્યા. પ્રાસાદમાં રહેલા સંપ્રતિ રાજાએ તેમને જોયા. આકાશમાં જેમ ગ્રહ-નક્ષત્ર-તારાના સમૂહની અંદર શરદઋતુનો ચંદ્ર ચાલે તેમ લોકને પ્રમોદ કરતા, ચતુર્વિધ સંઘથી અનુસરાતા આર્યસુહસ્તિસૂરિ રાજમાર્ગ પર આવ્યા. મેં પૂર્વે ક્યાંક આમને જોયા છે એમ મનમાં વિતર્ક કરતા એકાએક પૃથ્વી પર ઢળી પડ્યો અને શીતળ જળથી સિંચાયો. વીંઝણાના પવનથી વીંઝાયેલો, મૂર્છાકાળ પૂર્ણ થયો ત્યારે જાતિસ્મરણ જ્ઞાન પામ્યો અને પૂર્વ વૃત્તાંતને જાણ્યો. તત્ક્ષણ જ પરમ હર્ષને પામેલો સર્વાંગે પણ ઘણા રોમાંચને અનુભવતો મુનિપતિની પાસે આવ્યો. વંદન કરીને સૂરિને વિનંતિ કરી પૂછ્યું: જિનેશ્વરોના ધર્મનું શું ફળ છે ? મુનિપતિએ કહ્યું: જિનેશ્વરોના ધર્મનું ફળ સ્વર્ગ કે મોક્ષ છે. રાજા–

સામાયકિનું શું ફળ છે ? મુનિપતિએ કહ્યું: પ્રકૃષ્ટ સામાયિકનું ફળ સ્વર્ગ કે મોક્ષ છે. અવ્યક્ત સામાયિકનું ફળ રાજ્ય વગેરેની પ્રાપ્તિ છે. આ સાંભળીને તેને ખાતરી થઇ કે આનું (સામાયિકનું) ફળ આ પ્રમાણે જ છે એમાં કોઇ શંસય નથી. સંપ્રતિ પૂછે છે– હે ભગવન્ ! શું મને ઓળખો છો ? મુનિપતિ ઉપયોગપૂર્વક હા એમ કહીને કૌશાંબીનો સર્વ વ્યતિકર જણાવ્યો. જેમકે આહાર અપાયો અને વિસૂચિકાથી મરણ થયું ત્યાં સુધીનો વૃત્તાંત જણાવ્યો. વિકસિત થયું છે મુખરૂપી કમળ જેનું, હર્ષના આંસુના પ્રવાહથી ભીંજાઇ છે આંખો જેની, પૃથ્વીતળ પર સ્પર્શ કરાયું છે મસ્તક જેનું એવો રાજા ફરી ફરી મુનિનાથને વાંદે છે. મિથ્યાત્વને મથન કરનાર, દુર્ગત મનુષ્યોને નિધિની પ્રાપ્તિની જેમ, જાતિ અંધોને ચંદ્રના જેવા નિર્મળ આલોક સમાન, વ્યાધિથી પીડાયેલાને પરમ ઔષધ સમાન મુનિનાથ ભય પામેલાઓને શરણ રૂપ એવા જિનધર્મને પાણી સહિત વાદળોની શ્રેણીના નિર્ઘોષ જેવી મનોહર વાણીથી કહેવા લાગ્યા. સમુદ્રની અંદર ડૂબતાને નિશ્છિદ્ર નાવડીનો લાભ અસાધારણ પુણ્યોથી શીઘ્ર થાય તેમ જો કે કોઇક રીતે જિનધર્મની પ્રાપ્તિ થાય છે તેથી આ મનુષ્ય જન્મ પ્રાપ્ત થયે છતે મનમાં શુદ્ધ શ્રદ્ધાને ધારણ કરતા વિવેકી પુરુષે મોક્ષ જ એક ફળ છે જેનું એવી દીક્ષા ગ્રહણ કરવી જોઈએ. મુનિનાથે આ પ્રમાણે ઉપદેશ આપ્યા પછી ભાલતલ ઉપર અંજલિ જોડીને રાજા કહે છે કે મારી પાસે એવી શક્તિ નથી જેથી દીક્ષા સ્વીકારું, તો પણ હંમેશા મારું મસ્તક તમારા ચરણરૂપી કમળમાં ભ્રમર જેવું આચરણ કરનારું થાય એવો હું બનું તેથી આવી અવસ્થા પ્રાપ્ત થાય એ માટે મને યોગ્ય ઉપદેશ આપો. તું શ્રાવકના વ્રતોને ગ્રહણ કર. જિનચૈત્ય-સાધુ અને શ્રાવક વર્ગને વિષે હંમેશા અતિ વાત્સલ્યવાળો થા તથા શુભાશયવાળો અને ઉદાર મનવાળો થા અને સર્વપ્રયત્નથી તું પરમાર્થબંધુ એવા ભગવાન તથા શ્રમણસંઘની ક્ષીરસમુદ્ર જેવી ઉજ્જ્વળ કીર્તિને કરનારો થા તથા ગ્રામ-આકર-નગર-પતન સ્થાનોમાં સર્વત્ર વર્તતા ધાર્મિક જનોના ધર્મકાર્યો વિસ્તાર પામે તેવું કર. પ્રગટ થયો છે ઉત્તમ શ્રાવક ધર્મ જેને, પોતાને અતિકૃતાર્થ માનતો મુનિપતિના ચરણને નમીને પોતાના મહેલમાં ગયો. (૮૦)

હવે કોઇ વખત રાજાએ જિનમંદિરમાં ઉત્તમ વિભૂતિથી યુક્ત ધન્ય અને પુણ્યશાળી લોકને જોવા લાયક એવો મહામહોત્સવ શરૂ કરાવ્યો. પોતાના શિખરથી સ્પર્શ કરાયું છે આકાશ જેના વડે, ઊંચે ફરકતી છે મોટી ધ્વજમાલા જેની ઉપર એવો રથ યાત્રા નિમિત્તે આખા નગરમાં ફરવા લાગ્યો. ભેરીના ભંકારરાગના ધ્વનિથી પુરાયું છે નાભિમંડળ જેના વડે, જીવલોકને ધ્વનિમય કરતો, જેણે લોકમાં બધા અવાજોને શાંત કરી દીધા છે, દરેક ઘરમાંથી અતિ મહાકિંમતી અર્ઘ્ય અનેક પ્રકારે ગ્રહણ કરતો ક્રમથી રથ રાજાના ગૃહાંગણે પહોંચ્યો. આદરવાળા સપ્રંતિરાજાએ અતિ ઉત્તમ પૂજાપૂર્વક જ રથનો સત્કાર કર્યો અને

પોતાના પરિજનથી (બીજા રાજાઓ વડે) વીંટળાયેલો રાજા રથને અનુસરવા લાગ્યો. સમયે સામંત રાજાઓનો સત્કાર કરીને સ્નેહ નીતરતા વચનોથી કહ્યું: હે સામંતો ! જો તમે મને માનો છો તો પોતાના રાજ્યોમાં જિનમંદિરોમાં આવા પ્રકારની મોટી જિનરથયાત્રાઓ કરાવો. મારે ધનનું કોઇ પ્રયોજન નથી. મને આ જિનધર્મ પ્રિય છે. વિસર્જન કરાયેલા તેઓ પોતાના રાજ્યોમાં જઇ ઘોષણા કરાવી. સીમાડાના દેશો સાધુઓના સુખપૂર્વકના વિહારવાળા થયા, અર્થાત્ તે દેશોમાં સાધુઓનો વિહાર સુલભ થયો. તેઓ પણ પોતાના રાજ્યોમાં રથયાત્રા, પુષ્પપૂજા, અક્ષતપૂજાને કરાવે છે. (૯૩)

હવે કોઇક વખત સંપ્રતિરાજાએ મસ્તક નમાવીને સુહસ્તિસૂરિને પુછ્યું: હે ભગવન્! તમે સાધુઓ અનાર્ય દેશોમાં કેમ વિહાર કરતા નથી? મુનિપુંગવે કહ્યું: આર્યદેશમાં વિચરતા સાધુઓ સંયમગુણને સાધી શકે છે પણ અનાર્યદેશોમાં નહીં એમ વીરે કહ્યું છે. અહીં આર્ય દેશોમાં સંજ્ઞિશ્રાવકો સુવિહિત સાધુઓના અભિગ્રહોને જાણે છે, જ્ઞાન અને ચારિત્ર ગુણોની પ્રાપ્તિ થાય છે અને ગચ્છની વૃદ્ધિ થાય છે. ધર્મનો મર્મ જાણ્યો છે જેણે એવા રાજાએ પોતાના પુરુષોને સાધુવેશ પહેરાવીને સાધુ સમાચારી બતાવવા નિમિત્તે અનાર્ય દેશોમાં મોકલ્યા. જેવી રીતે સાધુઓ ભોજન પાન, ઉપાશ્રયાદિને ગ્રહણ કરે છે અને જેવી રીતે ભાષાસમિતિ વગેરેનું પાલન કરે છે તેવી રીતે તેમની પાસે વ્યવહાર કરાવ્યો. શ્રમણ સુભટો વડે એષણાદિ સામાચારીથી ભાવિત કરાયેલા તે દેશોમાં સાધુઓ સુખપૂર્વક વિહરવા લાગ્યા અને તેઓ ભદ્રક થયા. ઉગામેલા શસ્ત્રોથી વ્યાકુલ-ઉત્તમ સૈન્યવાળા રાજા શત્રુસૈન્યને જીતીને ઘોર એવા આંધ્ર અને દ્રવિડ દેશોમાં સાધુઓનો વિહાર સુખપૂર્વક કરાવ્યો. પોતાના પૂર્વ જન્મના દારિદ્રય દોષને યાદ કરીને નગરના સાત દરવાજાઓ ઉપર મોટા ચિત્રો કરાવે છે અને ભિક્ષુકોને ભોજન અપાવે છે. જેઓ તે જીવોને તૃપ્ત કરે છે તેઓને રાજા ગૌરવપૂર્વક (સન્માનીને) કહે છે કે દીનોને આપતા જે કંઇ બાકી વધે તેને આદરથી સાધુઓને આપો. તમારી ભોજનાદિ સામગ્રી સાધુઓને યોગ્ય છે જ્યારે મારી સામગ્રી રાજપિંડ હોવાથી તેઓને ન કલ્પે. તેનું જેટલું મૂલ્ય થશે તે હું તમને આપીશ. અહીં તમારે કોઇ મનનો વિકલ્પ ન કરવો. તેઓ સાધુઓને ભોજન તથા પાન પૂરતા પ્રમાણમાં વહોરાવે છે. બીજો પણ જે કંદોઇ આદિ લોક છે તે પણ રાજાવડે કહેવાયો કે સાધુઓને જે યોગ્ય છે તે સર્વ તેઓને જરૂરીયાત મુજબ સપ્રણિધાન ચિત્તવાળા બનીને આપો અને તેનું મૂલ્ય મારી પાસે લેવું. આ પ્રમાણે સાધુઓને ભિક્ષા ઘણી સુલભ થઇ. ભગવાનની આજ્ઞા મુજબ ગ્રામ-આકરઆદિમાં વિહાર કરતા આર્યમહાગિરિ આર્યસુહસ્તિની પાસે આવ્યા. સર્વ પણ ભિક્ષાના સ્વરૂપને જાણીને, મનથી સારી રીતે ઉપયોગ મૂકીને સુહસ્તિસૂરિને પુછ્યું: આ પ્રમાણે કેમ? તેવા પ્રકારનો

રાજપિંડ નિષ્કારણ અનેષણીય કેમ ગ્રહણ કરાય છે? તે પણ કહે છે–રાજા સાધુઓ પ્રત્યે ભક્તિમંત હોતે છતે કયો પુરુષ ભક્તિમંત ન બને? હે આર્ય! સાધુઓ સર્વત્ર પ્રચુર ભિક્ષાને મેળવે છે. શિષ્યના અનુરાગથી જ્યારે આર્યસુહસ્તિસૂરિ આનું નિવારણ નથી કરતા એટલે આ માયી છે એમ જાણીને તે ભિન્નવાસી થઇ **વિસંભોગ**[1]**નું** આચરણ કરનારા થયા. કારણ કે કહેવાય છે કે–

**सरिकप्पे सरिछंदे, तुल्लचरित्ते विसिट्ठतरए वा ।**

**साहूहिं संथवं कुज्जा, णाणीहिं चरित्तजुत्तेहिं** (બૃહદ્ કલ્પ ગાથા ૬૪૪૫)

સ્થાપના કલ્પાદિથી એક કલ્પને આચરનારા, સમાન સમાચારીવાળા, સમાન સામાયિકાદિ સંયમવાળા અથવા તીવ્રતર શુભાધ્યવસાય વિશેષથી ઉત્કૃષ્ટ સંયમ સ્થાનોમાં વર્તતા જ્ઞાની અને ચારિત્રવાન સાધુઓની સાથે પરિચય=સંવાસ કરવો. (બૃ. ક. ૬૪૪૫)

**सरिकप्पे सरिछंदे तुल्लचरित्ते विसिट्ठतरए वा ।**

**आदिज्ज भत्तपाणं, सएण लाभेण वा तुस्से** (બૃ.ક. ૬૪૪૬)

સ્થાપના કલ્પાદિથી એક કલ્પને આચરનારા, સમાન સમાચારી વાળા, સમાન સામાયિકાદિ સંયમવાળા તથા તીવ્રતર શુભાધ્યવસાય વિશેષથી ઉત્કૃષ્ટતર સંયમ સ્થાનોમાં વર્તતા જ્ઞાની અને ચારિત્રવાન સાધુઓએ લાવેલ આહારાદિને લે અથવા પોતે લાવેલ આહારાદિને વાપરે પણ હીનતર સાધુઓએ લાવેલ આહારાદિને ન વાપરે. (બૃ. ક. ૬૪૪૬)

ત્યારપછી આ વીરના તીર્થમાં મુનિઓનો વિસંભોગવિધિ પ્રવૃત્ત થયો. પછી પશ્ચાત્તાપને પામેલા આર્યસુહસ્તિ મહાગિરિ ગુરુના ચરણકમળને વંદીને મિચ્છા મિ દુક્કડં આપે છે. પાછો સંભોગ શરૂ કરાયો અને પૂર્વની જેમ વર્તવા લાગ્યા. જેવી રીતે યવ મધ્યભાગમાં વિસ્તૃત હોય તેવી રીતે સંપ્રતિરાજા વડે સ્નેહથી રંગાયેલો આ મૌર્યવંશ તપે છે, ધર્મને સારી રીતે આરાધીને અને જિનભવનની શ્રેણીઓથી સુંદર ભૂમિવલયને વિભૂષિત કરીને તે સુશ્રાવક દેવલોકમાં ગયો. ઉત્તરાવસ્થા પ્રાપ્ત થયે છતે, ગચ્છનું કાર્ય કરીને આર્યસુહસ્તિસૂરિને ગણ ભળાવીને આર્યમહાગિરિ આ પ્રમાણે વિચારે છે. સુદીર્ઘ પર્યાયનું પાલન કર્યું તથા વાચના આપી અને મારા આત્માનું શ્રેય સાધીને શિષ્યોની નિષ્પત્તિ કરી પરંતુ અનુત્તર ગુણવાળા અભ્યુદ્યત(ઉગ્ર) વિહારથી વિહરું અથવા શું અભ્યુદ્યત ઉપાયથી વિધિપૂર્વક મરું ? હમણાં જિનકલ્પનો સ્વીકાર કરવો શક્ય નથી. જિનકલ્પનો અભ્યાસ કરવો ઉચિત છે. તેથી ગચ્છમાં રહેલા તેમણે શક્તિ અનુસાર જિનકલ્પ અનુષ્ઠાન આરાધ્યું. નિષ્ઠુર તપ કરીને વિહાર કરતા શ્રેષ્ઠ કુસુમપુર નગરમાં બંને પણ આચાર્યો ક્યારેક ગયા. સાધુઓ ત્યાં આવ્યા અને બીજા સ્થાનમાં રહ્યા. (૧૨૦)

૧. વિસંભોગ એટલે જેની સાથે ભોજન કરવાનો વ્યવહાર ન હોય તે અર્થાત્ મંડલી બહાર.

ત્યાં આર્યસુહસ્તિસૂરિ વડે વસુભૂતિ નામનો શ્રેષ્ઠી પ્રતિબોધ કરાયો. બોધિને પામેલા તેણે પોતાના ઘરના લોકોના બોધને માટે સૂરિને કહ્યું: હે ભગવન્ ! મારા ઘરે તમે ધર્મકથા કરો. ક્યારેક તે જ પ્રમાણે તેના ઘરે ધર્મકથા કરાતી હતી ત્યારે ભિક્ષા માટે મહાગિરિ ત્યાં આવ્યા અને આર્યસુહસ્તિસૂરિએ જલદીથી અભ્યુત્થાન કર્યું. પછી ખુશ થયેલા વસુભૂતિ શ્રેષ્ઠીએ પૂછયું: "તમે જેનું અભ્યુત્થાન કર્યું તે કોણ છે ?" તેણે કહ્યું: તે અમારા ગુરુ છે અને વિશિષ્ટ પ્રકારની આરાધનામાં ઉદ્યત થયા છે. ત્યાગ કરાતા અન્ન અને પાનને ગ્રહણ કરે છે પણ બીજા નહીં. આ પ્રમાણે સાધુઓમાં સિંહ સમાન ગુણનિધાન એવા તેમનો વૃત્તાંત કહીને ઉચિત સમયે પોતાની વસતિમાં ગયા. પછી બીજે દિવસે વસુભૂતિએ પોતાના પરિવારને સમજાવ્યું કે જ્યારે ગુરુના ગુરુ કોઇપણ રીતે અહીં ભિક્ષા લેવા માટે આવે ત્યારે તમારે અરસપરસ અન્નને ઇચ્છતા નથી એવો અનાદર ભાવ દર્શાવીને ભક્તપાન વહોરાવવું. જ્યારે તેઓ તેમના ઘરે પધાર્યા ત્યારે તેઓ તે જ પ્રમાણે કરવા લાગ્યા. મહાગિરિએ વિચાર્યું કે તેઓને આવો સદ્ભાવ ન હોય અને વહોર્યા વિના વસતિમાં પાછા ફર્યા. સંધ્યા સમયે સુહસ્તિને કહ્યું: હે આર્ય ! તેં આજે મારી અનેષણા કેમ કરી ? મેં કેવી રીતે અનેષણા કરી એમ સંભ્રાતં થયેલા પૂછે છે. મહાગિરિએ કહ્યું: જ્યારે તમે મારું અભ્યુત્થાન કર્યું અને મારો વૃત્તાંત કહ્યો ત્યારે. પછી પરિમિત સાધુઓથી સારી રીતે અનુસરાતા શ્રીમાન્ મહાગિરિ કુસુમપુરમાંથી વિહાર કરીને જીવંત સ્વામીની પ્રતિમાને વંદન કરવા ઉજ્જૈની નગરીમાં ગયા પછી જિનબિંબને વંદન કરી સાધુસમૂહને બોધ આપ્યો. પછી તે મહાત્મા દશાર્ણ દેશમાં એલગચ્છ નામના નગરમાં અનશન વિધિથી મરણ સાધવા ગયા. પૂર્વે તે નગરનું નામ દશાર્ણપુર હતું અને પછી જેવી રીતે તેનું નામ એલગચ્છ થયું તે કહેવાય છે. (૧૩૫)

એક દુષ્ટ અભિપ્રાયવાળા મિથ્યાદૃષ્ટિ કોઇપણ રીતે કુળપ્રસૂતા એક શ્રાવિકાને પરણ્યો. અને તે શ્રાવિકા નિર્મળ સમ્યગ્ જિનધર્મને આરાધે છે. તેનો પતિ હંમેશા રાત્રિભોજનનું પચ્ચક્ખાણ કરતી એવી તેની મશ્કરી કરે છે- જેમકે શું કોઇ રાત્રિએ ભોજન કરે છે ? પચ્ચક્ખાણને કરતી તું તારા આત્માને ક્લેશ પમાડે છે. બુદ્ધિમાન પુરુષો નિષ્ફળારંભ કરનારા હોતા નથી. હવે કોઇક વખત તેણે કહ્યું કે જો રાત્રિભોજનના પચ્ચક્ખાણથી ધર્મ થઇ જતો હોય તો મારે પણ આ જ રાત્રિએ પચ્ચક્ખાણ થાઓ. શ્રાવિકાએ તેને કહ્યું: તમે રાત્રિભોજનના પચ્ચક્ખાણને ન લો કારણ કે તમે પચ્ચક્ખાણને ભાંગી નાખશો. હે મુગ્ધે! શું હું રાત્રે ભોજન કરતો તારા વડે જોવાયો છું ? મિથ્યાદૃષ્ટિ વડે ઉપહાસ કરીને રાત્રિભોજનનું પચ્ચક્ખાણ કરાયું ત્યારે ગુસ્સો પામેલી શાસન દેવી તેના બહેનના રૂપને

વિકુર્વીને ભક્ષ્ય ભોજનનો થાળ લઇ આવી તેટલામાં તત્ક્ષણ જ તે ભોજન કરવા પ્રવૃત્ત થયો એટલે તેની સ્ત્રીએ કહ્યું: પોતાના મુખથી લીધેલ પચ્ચક્ખાણને કેમ ભાંગો છો? આ તારા અસત્પ્રલાપથી સર્યું એમ જેટલામાં બોલે છે તેટલામાં દેવીએ તેને લપડાક મારી એટલે તેના બે ડોળા બહાર નીકળી ગયા. આ ઘણું અણઘટતું થયું એમ જલદીથી તે વિષાદ પામી. લોક મને જ દોષિત ઠરાવશે એમ ભાવના કરતી આ (શ્રાવિકા) શાસનદેવીને આશ્રયીને કાઉસ્સગ્ગમાં રહી અને શાસનદેવી પ્રત્યક્ષ થઈ ત્યારે કહ્યું કે– પ્રવચનનો દોષ ન થાય તેમ કરો. ત્યારે શાસનદેવીએ તત્ક્ષણ મરી રહેલા બકરાની આંખો જે હજુ સુધી સચિત્ત છે. તેને કાઢીને તેની આંખોમાં બેસાડી દીધી. પ્રભાતે લોક તેને બકરાની આંખવાળો જુએ છે ત્યારે વિસ્મય પામ્યો. ત્યારથી તે નગર એલગચ્છ તરીકે પ્રસિદ્ધ થયું. અને તે નગરમાં દશાર્ણકૂટ નામનો પર્વત છે જેની ટોંચથી સૂર્યનો માર્ગ ભેદાયો છે અને જેમ તે પર્વતનું નામ ગજાગ્રપદ થયું તેને તમે સાંભળો. (૧૪૮)

એક વખત વીર જિનેશ્વર વિહાર કરતા તે નગરમાં પધાર્યા ત્યારે દેવોએ જીવોને શરણભૂત એવા સમોવસરણનું નિર્માણ કર્યું. વીર ભગવાનની પ્રવૃત્તિ જણાવવા નિયુક્ત કરાયેલા પુરુષોએ નગરમાં દશાર્ણકૂટ ઉપર દશાર્ણભદ્ર રાજાને વધામણી આપી. જેમકે–હે ભગવન્ (રાજન્) ! સર્વશઠભાવથી મુકાયેલા અર્થાત્ વીતરાગ, સુદૃઢ-રૂઢ થયો છે પ્રૌઢ યશ જેનો એવા વીરપ્રભુ સમોવસર્યા છે. તેઓને પારિતોષિક દાન આપીને વિચારે છે કે સુરાસુરને વંદનીય એવા વીરને મારે એવી રીતે વંદન કરવા, જેવી રીતે પૂર્વે કોઇએ ક્યારેય પણ વંદન ન કર્યું હોય. ઉદ્ઘોષણાપૂર્વક નગરલોક આજ્ઞા કરાયો તથા ચતુરંગ સેના તથા અંત:પુર જણાવાયા કે સર્વઋદ્ધિથી જિનનાથને વંદન કરવું. તેઓ સર્વ વંદન માટે તૈયાર થયા ત્યારે તેણે સ્નાન કરી સર્વાલંકારો ધારણ કર્યા અને હિમાલય પર્વત જેવા ઊંચા હાથી ઉપર આરૂઢ થયો. શ્વેત છત્રથી ઢંકાયેલું છે આકાશ જેના ઉપર, હિમકણ અને રજત સમાન ઉજ્જ્વળ ચાર ચામરોથી વીંઝાતું છે શરીર જેનું, ગરુડ, મૃગરાજ (સિંહ) ગજ-શરભના ચિત્રોથી યુક્ત સેંકડો ધ્વજાઓથી શોભતો છે અગ્રમાર્ગ જેનો, હજારો ભાટ ચારણોથી ગવાતો છે હરહાસ ઘાસના સમાન ઉજ્જ્વળ યશ જેનો, વાજિંત્રોના નાદથી પરિપૂર્ણ કરાયો છે દિશાઓનો અંત અને આકાશતળનો વિસ્તાર જેની આગળ, પ્રલયકાળના પવનથી સંક્ષોભિત કરાયેલા સમુદ્રના પાણીનું અનુકરણ કરનાર નગરના પરિજનો વડે સર્વાદરથી અનુસરાતો છે માર્ગ જેનો એવો તે ભાગ્યશાળી દશાર્ણભદ્ર રાજા નગરમાંથી વંદન કરવા માટે લીલાથી નીકળે છે ત્યારે ઇન્દ્રે તેના

મનોગત ભાવને જાણીને શરદઋતુના વાદળ જેવા શરીરવાળા આઠ દાંતોથી યુક્ત મનોરમ ઊંચા **હાથીને**[1] વિકુર્વ્યો. દરેક દંતશૂળ ઉપર આઠ-આઠ વાવડી છે. દરેક વાવડી આઠ-આઠ કમળોથી યુક્ત છે. એકેક કમળમાં આઠ-આઠ પાંદડી છે. એકેક પાંદડી ઉપર બત્રીશ બદ્ધપાત્ર નાટકોથી યુક્ત ઐરાવણ હાથી ઉપર સૂરસૈન્યથી ઢંકાયેલ છે દિશાઓનો સમૂહ જેના વડે એવો ઈન્દ્ર જિનની પાસે આવ્યો અને આકાશમાં પ્રદક્ષિણા કરીને, આગળના પગથી ઊંચો કરાવાયો છે પોતાનો હાથી જેના વડે એવો ઈન્દ્ર વંદન કરવા લાગ્યો. તે સ્થાને આવી પહોંચેલા દશાર્ણભદ્ર રાજાએ ઐરાવણ હાથીને જોયો. અહો ! મેં અતિ અદ્ભૂત આવા પ્રકારના હાથીને ન જોયો. ખરેખર આણે ઊંચો ધર્મ કર્યો છે જેથી આવા પ્રકારની લક્ષ્મી પ્રાપ્ત થઈ. અપુણ્યશાળી એવા અમારે પોતાની ઋદ્ધિ ઉપર કેવો ગર્વ કરવો ? તેથી હું ધર્મ કરવા ઉદ્યત થાઉં જેથી ઇચ્છિતની જલદીથી પ્રાપ્તિ થાય. તત્ક્ષણ જ વિરક્ત થયેલો દર્શાણભદ્ર સર્વ સંગનો ત્યાગ કરે છે, અર્થાત્ દીક્ષા લે છે. તે વખતે તેને પચાશ હજાર રથો હતા અને રતિના રૂપને જીતી લીધું છે જેમણે એવી સાતસો સુંદરીઓ હતી તથા અનેક હજાર હાથી-ઘોડા અને ઉદ્ભટ-શત્રુ સુભટોમાં અતિશય પરાક્રમી અનેક ક્રોડ પદાતિઓ હતા. મસ્તક પર ધારણ કરાઈ છે આજ્ઞા જેની એવા રાજાને ધન-ધાન્યોથી શોભતા લાખોની સંખ્યામાં ગ્રામ-આકર-ખેટ-કર્બટ-નગરાદિ હતા. આમ આવા પ્રકારની ઋદ્ધિથી શોભતા ઉત્તમ રાજ્યને, ભવના સ્વરૂપને જાણ્યું છે જેણે એવા ધીરે તૃણની જેમ છોડ્યું. સર્વ જગતના જીવો માટે કલ્યાણકારી એવી દીક્ષાને ક્ષણથી સ્વીકારી. તેને જોઈને વિચારમાં ડૂબેલો ઇન્દ્ર આ પ્રમાણે વિચારે છે. આ પુણ્યપુરુષે વિચાર્યું હતું કે મારે ભુવનબંધુ(=ભગવાન)ને કોઈએ ક્યારેય પણ નમસ્કાર ન કર્યા હોય તેવા નમસ્કાર કરવા. તે સર્વ મહાનુભાવ ચારિત્રવાળાએ પરિપૂર્ણ કર્યું. આના સિવાય બીજો કોણ આ પ્રમાણે દીક્ષા લે? શુદ્ધ ચારિત્રના સંસેવનથી કેવળજ્ઞાન પ્રાપ્ત કરી અપુનરાગમન અને અપુનર્ભવ એવા મોક્ષને પ્રાપ્ત કર્યો. ઐરાવણ હાથીના અગ્રપગના પ્રતિબિંબના પ્રભાવથી તે પર્વત ત્યારથી લોકમાં ગજાગ્રપદ નામે પ્રસિદ્ધ થયો. તે પવિત્ર ક્ષેત્રમાં સૂત્રમાં કહેવાયેલ વિધિ પૂર્વક સમાધિ મરણ પામીને મહાગિરિ દેવલોકમાં ગયા. બીજા પણ સુવિહિત પુરુષે પોતાની શક્તિને છુપાવ્યા વિના કાળને સાપેક્ષ રહી સારી રીતે ધર્મ આરાધવો જોઈએ.

૧. હાથીને આઠ દંતશૂળ છે. દરેક દંતશૂળ ઉપર આઠ-આઠ વાવડી છે તેથી ૮X૮=૬૪ વાવડીઓ થઈ. દરેક વાવડી આઠ આઠ કમળોથી યુક્ત છે. તેથી ૬૪X૮=૫૧૨ કમળો થયા. દરેક કમળ આઠ આઠ પાંદડીઓથી યુક્ત છે. તેથી ૫૧૨X૮=૪૦૯૬ પાંદડીઓ થઈ. એકેક પાંદડી બત્રીશ પાત્રબદ્ધ નાટકથી સહિત છે તેથી ૪૦૯૬X૩૨=૧૩૦૯૪૪ પાત્રબદ્ધ નાટકો થયા.

(નમો નમઃ શારદાયૈ)

**સંગ્રહગાથાનો અક્ષરાર્થ–** પૂર્વે બતાવેલ નામના આર્યમહાગિરિ અને આર્ય-સુહસ્તિ સત્ય સ્વરૂપવાળા બે શિષ્યો સ્થૂલભદ્રને થયા. તેમાં પ્રથમ મહાગિરિ અને બીજા આર્યસુહસ્તિ. ઇતિ શબ્દ પાદપૂરણ માટે છે. મહાગિરિએ આર્યસુહસ્તિને ગચ્છમાં નાયક બનાવીને જિનકલ્પ સંબંધી ક્રિયાને સ્વીકારી. ક્રિયા એટલે વચનગુરુતાદિ સામાચારી, ધર્મબિંદુ ગ્રંથમાં કહ્યું છે કે– વચન ગુરુતા, અલ્પ ઉપધિપણું, શરીરની અપરિકર્મતા, અપવાદનો ત્યાગ, ગ્રામ આકારાદિમાં વિહરવું, નિયતકાલે ચર્યા, મોટે ભાગે કાઉસ્સગ્ગમાં રહેવું, દેશના ન આપવી, ધ્યાનમાં એકાગ્રતા, વચન ગુરુતા એટલે શાસ્ત્ર જ જેના ધર્મગુરુ છે તે વચનગુરુ અને તેનો ભાવ એટલે વચનગુરુતા.

**એષણા સાત પ્રકારની છે.** ભોજન સંબંધી અને પાન સંબંધી (૧) વહોરાવવાના દ્રવ્યને વહોરાવતી વખતે હાથ ન ખરડાય તેમજ માત્રક પણ ન ખરડાય તે પ્રથમ. (૨) વહોરાવતી વખતે હાથ ખરડાય અને પાત્રું ખરડાય તે બીજી એષણા (૩) વહોરાવવાના દ્રવ્યને રસોઇ સ્થાનથી ઉપાડીને બીજા સ્થાનમાં લઇ જવું તે ઉદ્‌ધૃતા નામની ત્રીજી એષણા. (૪) તે જ દેય દ્રવ્ય જે અલ્પ લેપવાળા વાલ ચણાદિનું ગ્રહણ કરવું તે ચોથી એષણા. (૫) દેયદ્રવ્ય ભોજનશાળામાં રાખેલું હોય અને ત્યાંથી ભોજન કરનાર પાસે લાવેલું હોય તેમાંથી ગ્રહણ કરવું તે અવગૃહીતા નામની પાંચમી એષણા (૬) ભોજન કરનારના ભોજનમાં પીરસાયેલ દેયદ્રવ્ય સ્વરૂપ છઠ્ઠી પ્રગૃહીતા એષણા. (૭) ભોજનશાળા ચાલતી હોય ત્યારે ભોજન કરવા આવનારા લોક વડે નહીં ઇચ્છતા અન્નપાનાદિને ગ્રહણ કરવા રૂપ ઉજ્ઝિકા રૂપ સાતમી. તેમાં જિનકલ્પીને પ્રથમની બે એષણાનો અગ્રહ છે. પછીની પાંચ એષણામાંથી યોગ્ય હોય તે તે રીતે ગ્રહણ કરે પરંતુ બાકીની પાંચમાંથી બે એષણાનો અભિગ્રહ હોય. તેમાં એકથી ભોજન અને એકથી પાણી ગ્રહણ કરે, ક્યારેક એક જ એષણાથી ભોજન અને પાન બંને ગ્રહણ કરે. કહ્યું છે કે–

**संसट्ठमसंसट्ठा, उद्धड तह अप्पलेवडा चेव ।**
**उग्गहिआ पग्गहिआ, उज्झियधम्मा य सत्तमिया॥**

સંસૃષ્ટ (ખરડાયેલ), અસંસૃષ્ટ (નહીં ખરડાયેલ), ઉધૃત તથા અલ્પલેપકૃત, ઉદ્‌ગૃહીત પ્રગૃહીત અને ઉજ્ઝિતધર્મા એ સાત એષણા છે.

તથા પાંચ એષણામાં ગ્રહ છે અને બે ભિક્ષાનો અભિગ્રહ છે. અહીં પ્રથમ સંસૃષ્ટ પદ ગ્રહણ કર્યું છે તે છંદના ભંગના ભયથી ગ્રહણ કરેલ છે. પછી આ એષણાની શુદ્ધિ તથા આદિ શબ્દથી તપથી, સત્ત્વથી, એકત્વથી અને બળથી તુલના પાંચ પ્રકારે કહેલી

છે. તેને વહન કરીને જિનકલ્પને સ્વીકારે. આ પ્રમાણે તુલના પંચકનો સ્વીકાર કરાયો છે જેના વડે એવા ભિક્ષા માટે ફરતા મહાગિરિ વસુભૂતિ-શ્રેષ્ઠીના ઘરે કુટુંબને પ્રતિબોધ કરવા અર્થે આવેલા સુહસ્તિ વડે જોવાયા અને વિધિથી અભ્યુત્થાન કરાયું.(૨૦૭)

વસુભૂતિ શ્રેષ્ઠીને અચંબો થયો. અહો ! આનાથી આ કોઇક મહાન જણાય છે. સુહસ્તિ વડે તેમના ગુણોનું કથન કરાયે છતે શ્રેષ્ઠીને તેના ઉપર બહુમાન થયું. તેમની સમાચારી સાંભળીને વસુભૂતિ શ્રેષ્ઠીએ ઉજ્ઝિતધર્મવાળી ગોચરી તૈયાર કરી.

**પ્રશ્ન**– વસુભૂતિએ આર્યસુહસ્તિ પાસે સાધુની સમાચારી સાંભળી તો પછી તેણે અનેષણીય ભોજન કેમ તૈયાર કર્યું ? તેવી શંકા કરીને કહે છે.

**ઉત્તર**–પ્રાયઃ શાસ્ત્રોના અર્થની વિચારણા કર્યા વિના દાનાભિલાષારૂપ શ્રદ્ધાથી તેણે ભોજન તૈયાર કરાવ્યું છે. (૨૦૫)

પછી મહાગિરિએ ઉપયોગ મુક્યો ત્યારે ઉજ્ઝિતધર્મવાળી ગોચરી તેયાર કરી છે એવું જ્ઞાન થયું. આ અનેષણાનું કથન સાંજે આવશ્યક સમયે સુહસ્તિને કર્યું. પછી તે નગરમાંથી મહાગિરિ વિહાર કરી ગયા અને અવંતિ દેશમાં ગયા અને ત્યાં જીવિત સ્વામીની પ્રતિમા વાંદીને શ્રમણસંઘને સંબોધીને ચરમકાળની આરાધના માટે ઉજ્જૈનીમાંથી નીકળીને એલકાક્ષ નગરમાં ગયા. (૨૦૬)

હવે એલકાક્ષ નગરની ઉત્પત્તિ કેવી રીતે થઇ તેને કહે છે. કોઈક મિથ્યાત્વી પતિએ સંધ્યા સમયે રાત્રિભોજનનું પચ્ચક્ખાણ કરતી શ્રાવિકાનો ઉપહાસ કર્યો. તે શ્રાવિકા જેવી રીતે પચ્ચક્ખાણ લે છે તેવી રીતે તે મિથ્યાત્વી ક્યારેક દુર્વિનીતતાથી તેના વડે પ્રેરણા નહીં કરાયે છતે સ્વયં જ ગ્રહણ કર્યું. શ્રાવિકાએ તેને પચ્ચક્ખાણ લેતા વાર્યો છતાં તે અટક્યો નહીં. તેણે શ્રાવિકાના પચ્ચક્ખાણનો ઉપહાસ કર્યો ત્યારે ગુસ્સે થયેલી શાસનદેવીએ તેની બહેનનું રૂપ લઇને લાડુનો થાળ લઇને ધર્યો અને તેણે રાત્રે તેનું ભોજન કર્યું. (૨૦૭)

તેણે રાત્રીભોજન કર્યું ત્યારે દેવીએ લપડાક મારીને આંખોના ડોળા કાઢી નાખ્યા. શ્રાવિકાએ દેવીની આરાધના માટે કાઉસ્સગ્ગ કર્યો. લોકમાં સકલ કલ્યાણ રૂપી વૃક્ષને ઉગવા માટે ધર્મબીજને ભસ્મીભૂત કરનારો ઉદ્દંડ દાહ થયો. તત્ક્ષણ મરી રહેલા બોકડાની આંખો તેના સ્થાને બેસાડી અને તે લાગી ગઇ. ત્યાર પછી (કરેલા પચ્ચક્ખાણના ભંગના ફળને જાણીને) આણે (મિથ્યાદષ્ટિ પતિએ) જિનધર્મનો સ્વીકાર કર્યો. પછી તે નિમિત્તથી દશાર્ણપુર નગર એલકાક્ષ તરીકે પ્રસિદ્ધ થયું. (૨૦૮)

તે એલકાક્ષ નગરમાં દશાર્ણકુટ નામનો પર્વત હતો. અને તે ગજાગ્રપદ તરીકે જે રીતે પ્રસિદ્ધ થયો તે કહેવાય છે. દશાર્ણભદ્ર નામનો રાજા દશાર્ણ દેશનું પાલન કરે છે ત્યારે ચરમ તીર્થપતિ શ્રી વીર જિનેશ્વર દશાર્ણપર્વતના શિખર ઉપર સમોવસર્યા, જ્યારે દશાર્ણભદ્રે ઇન્દ્રની ઋદ્ધિ જોઇ ત્યારે પોતાની સમૃદ્ધિના અનાદરથી સર્વચારિત્રના સ્વીકાર સ્વરૂપ બોધ થયો તથા ઐરાવણના પગના સુયોગથી તે પર્વત ગજાગ્રપદ તરીકે લોકમાં પ્રસિદ્ધ થયો. (૨૦૯)

હવે શક્રની વિભૂતિને બતાવે છે. શકેન્દ્ર વડે આરૂઢ કરાયેલ હાથીને દાંતો હતા તેમાં વાવડીઓ હતી, વાવડીઓમાં કમળો હતા. કમળોની પાંદડીઓ હતી. અહીં દાંત, પુષ્કરિણી, આદિ દરેકની સંખ્યા પૂર્વ પૂર્વથી આઠ-આઠ ગણી જાણવી. તેમાં એકેકે પાંદડી ઉપર બત્રીશ પાત્રબદ્ધ નાટક જોઇને દશાર્ણભદ્ર રાજાને સંવેગ થયો અને તત્ક્ષણ જ દીક્ષા સ્વીકારી. (૨૧૦)

હવે પ્રસ્તુત પ્રસંગ જણાવતા કહે છે—આ ગજાગ્રપદક નામના પવિત્ર શિખર ઉપર મહાગિરિએ દેહનો ત્યાગ કર્યો. કેવી રીતે ? તે ક્ષેત્ર પર તેમને સમાધિની પ્રાપ્તિ થઇ. બીજા આચાર્ય કહે છે કે સમાધિલાભથી ત્યાં કાળ કર્યો. કહેવાનો ભાવ એ છે કે તે ક્ષેત્રમાં સમાધિની પ્રાપ્તિ થઇ એટલું જ નહીં પણ સાનુંબધ સમાધિલાભને કારણે જન્માંતરમાં સમાધિલાભનું ફળ મળે છે એમ માનીને તેમણે ત્યાં કાળ કર્યો. (૨૧૧)

**अयं च गजाग्रपदकपर्वतस्तीर्थमिति प्रस्तावात् तीर्थं व्याचिख्यासुराह—**

**जस्स जहिं गुणलाभो, खेत्ते कम्मोदयाइहेऊओ ।**
**तस्स तयं किल तित्थं, तहासहावत्तओ केई ॥२१२॥**

**'यस्य'-मुमुक्षोर्जीवस्य 'यत्र गुणलाभो'-ज्ञानादिगुणावाप्तिः 'क्षेत्रे'-गजाग्रपदकादौ जायते। कुत इत्याह—'कर्मोदयादिहेतुतः' कर्मणः-सद्वेद्यादेः शुभस्योदयो-विपाकः, आदिशब्दाद् अशुभस्य घातिकर्मादेः क्षयक्षयोपशमोपशमा गृह्यन्ते, कर्मोदयादीनां हेतुः-कारणं क्षेत्रमेव तस्मात् कर्मोदयादिहेतुतः सकाशात्, किमित्याह-तस्य तत्, किलेति आप्तप्रवादसूचनार्थः, तीर्थं व्यसनसलिलतरणहेतुः सम्पद्यते, उक्तं च "उदयक्खयक्खओवसमोवसमा जं च कम्मुणो भणिया । दव्वं खेत्तं कालं भवं च भावं च संपप्प ॥१॥" इति । अत्रापि मतान्तरमाह—तथास्वभावत्वतः केचित्तीर्थं व्याकुर्वते । इहेदमैदंपर्यम्-किल मनुष्यक्षेत्राभ्यन्तरे स कश्चित् क्षेत्र-विभागो नास्ति यत्रास्मिन् अनाद्यनन्ते कालेऽनन्ता न सिद्धाः, नापि सेत्स्यन्ति, अतः किं नाम नियतं तीर्थं वक्तुमुचितं, किंतु तथास्वभावत्वनियमाद् यो जीवो यत्र विशिष्टगुणलाभवांस्तस्य तदेव तीर्थमिति ॥२१२॥**

આ ગજાગ્રપદ પર્વત તીર્થ છે એટલે પ્રસંગથી તીર્થનું વ્યાખ્યાન કરતા સૂરિ જણાવે છે–

**ગાથાર્થ–** કર્મોદયાદિ હેતુથી જે જીવને જે ક્ષેત્રમાં ગુણલાભ થાય તે ક્ષેત્ર તેનું તીર્થ બને છે. બીજા કેટલાક માને છે કે તથાસ્વભાવથી ગુણ લાભ થાય છે. (૨૧૨)

**ટીકાર્થ–** જે મુમુક્ષુને ગજાગ્રપદકાદિ ક્ષેત્રમાં જ્ઞાનાદિ ગુણની પ્રાપ્તિ થાય છે તે તેનું સંકટરૂપ સમુદ્રને તરવાના હેતુભૂત તીર્થ થાય છે. કેવી રીતે તીર્થ થાય છે ? કર્મના ઉદયભૂત હેતુથી થાય છે એટલે કે પુણ્યરૂપ કર્મના ઉદયથી અને આદિ શબ્દથી ઉદયરૂપ પાપ કર્મના ક્ષય અને ક્ષયોપશમથી થાય છે. કર્માદિના ઉદયનું કારણ ક્ષેત્ર છે. તેથી કર્મોદય હેતુથી થાય છે. કિલ શબ્દ આપ્તના પ્રવાદને સૂચવે છે. કહ્યું છે કે–દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ અને ભાવને પ્રાપ્ત કરીને કર્મના ઉદયનો ક્ષય-ક્ષયોપશમ અને ઉપશમ કહેવાયેલો છે. અહીં પણ મતાંતરને કહે છે– મનુષ્યક્ષેત્રની અંદર કોઈ એવો ક્ષેત્ર વિભાગ નથી જ્યાં અનાદિ અનંતકાળમાં અનંતા જીવો સિદ્ધ ન થયા હોય, સિદ્ધ ન થવાના હોય, તો શું નિયતક્ષેત્રને તીર્થ કહેવું ઉચિત છે ? પરંતુ તથાસ્વભાવત્વના નિયમથી જે જીવ જ્યાં વિશિષ્ટ ગુણને પામે છે. તે જ તેનું તીર્થ છે. (૨૬૨)

**आराहिऊण ततियं, सो कालगतो तहिं महासत्तो ।**
**वेमाणिएसु मतिमं, उववन्नो इड्ढिजुत्तेसु ॥२१३॥**

**'आराध्य'–आराधनामानीय 'तृतीयं'–'भत्तपरिन्ना इंगिणि पाउवगमणं च होइ कायव्वं' इत्यनशनक्रममपेक्ष्य पादपोपगमननामकमनशनविधिं सः महागिरिः कालगतस्तत्र-गजाग्रपदके 'महासत्त्वः'–प्रशस्तवीर्यः वैमानिकेषु देवेषु 'मतिमान्'–प्राज्यप्रज्ञाधनप्रधानः 'उपपन्नो'–लब्धजन्मो जातः 'ऋद्धियुक्तेषु'–परिवारादिविभूतिभाजनेषु ॥२१३॥**

**ગાથાર્થ–** તે તીર્થનું આરાધન કરીને ત્યાં જ કાળધર્મ પામીને તે મહાસત્ત્વ મતિમાન ઋદ્ધિમાન વૈમાનિક દેવલોકમાં ગયા. (૨૧૩)

**ટીકાર્થ–** ભક્ત પરિજ્ઞા, ઇંગિની મરણ અને પાદપોપગમન એમ ત્રણ પ્રકારની અંતિમ આરાધના કરવા યોગ્ય છે. અનશનના આ ક્રમની અપેક્ષાએ ત્રીજા પાદપોપગમન અનશન વિધિને આરાધીને તે મહાસત્ત્વ મહાગિરિ ગજાગ્રપદ પર્વત પર કાળધર્મ પામી વૈમાનિક દેવલોકમાં ઋદ્ધિમાન દેવ થયા. (૨૧૩)

**अथार्यसुहस्तिशेषवक्तव्यतामाह—**

**इयरो उज्जेणीए, जियवंदण वसहिजायणा साहू ।**
**भद्दागेहम्मी जाणसालत्थाणं णलिणिगुम्मे ॥२१४॥**

सवणमवंतिसुकुमाल, विम्हय सरणं विराग गुरुकहणा ।
पव्वमि उस्सुगोऽहं, करेमि तह अणसणं सिग्घं ॥२१५॥

जणणीपुच्छमणिच्छे, मा हु सयंगहियलिंगमो दाणं ।
कंथारिंगिणि सिवपेल्ल जाम जाणूरुपोट्ट मओ ॥२१६॥

अहियासिऊण तग्गयचित्तो उववन्नगो तहिं सो उ ।
गंधोदगादि गुरुसाहणं च भद्दाए वहुयाणं ॥२१७॥

गोसम्मि तहिं गमणं, मयकिरिया देसणा गुरूणं च ।
पव्वयणं णावन्ना तीए पुत्तोति आयतणं ॥२१८॥

एमादुचियकमेणं, अणेगसत्ताण चरणमाईणि ।
काऊण तओऽवि गतो, विहिणा कालेण सुरलोयं ॥२१९॥

दुण्हवि जहजोगत्तं, तहा पवित्ती अणेगहा एसा ।
भणिया णिउणमतीए, वियारियव्वा य कुसलेण ॥२२०॥

अथ पूर्वोल्लिङ्गितगाथासप्तकाक्षरार्थः—'इतरः' सुहस्ती उज्जयिन्यां विहृतः 'जियवंदण' त्ति जीवत्स्वामिकप्रतिमावन्दनार्थम् । तत्र च वसतियाञ्चा कृता 'साहु' त्ति साधुभिर्भद्रागेहे। ततः 'यानशालास्थानं'-यानशालासु समवस्थितिर्विहिता। नलिनीगुल्माध्ययने सुहस्तिना रात्रौ परिवर्त्यमाने ॥२१४॥

'श्रवणम्' आकर्णनं 'अवंतिसुकुमाले' इति अवन्तिसुकुमालेन-भद्रापुत्रेण तस्य कृतम् । ततो विस्मयः संजातः—अहो किमेतद् गीयते इति । ततोऽपि स्मरणं पूर्वभवस्य, तदनन्तरं विरागो मनुष्यभवात्। तदन्वेव समागम्य गुरोः-श्रीमदार्यसुहस्तिनः कथना स्ववृत्तान्तस्य विहिता । भणितं च 'पव्वामि' त्ति प्रव्रजामि सद्य एव उत्सुकोऽहं प्रव्रज्यां प्रति । चिरकालं प्रव्रज्याप्रतिपालनाऽसहिष्णुत्वात् करोमि, तथेति समुच्चये, अनशनं शीघ्रमिदानीमेव ॥२१५॥

गुरुणा स उक्तः जननीपृच्छाकर्त्तुमुचिता तव, ततोऽनिच्छे-अनभिलाषे जननी पृच्छाविषये । तस्मिन् सति 'मा हु सयंगहियलिंगमो दाणं' त्ति मा स्वयं गृहीतलिङ्ग एष सम्पद्यतामिति दानं लिङ्गस्य तस्य गुरुणा कृतम् ततः 'कथारिंगिणि'त्ति कंथारिकुडंगे गत्वा इंगिनीमरणमधिष्ठितं तेन । 'सिवपेल्ल' त्ति शिवया-शृगाल्या

पिल्लैश्च-तदपत्यैः 'जाम' त्ति यामेषु रजन्या द्वितीयतृतीयचतुर्थेषु 'जाणूरपोट्ट' त्ति क्रमेण जानुनोरूर्वोः 'पोट्टे'-उदरे च भक्षिते 'मृतः'-परासुर्जात इति ॥२१६॥

ततोऽधिसह्य तद्भक्षणव्यथां 'तद्गतचित्तो'-मनाग् नलिनीगुल्मविमानगतचित्तः उपपन्नकस्तत्र-नलिनीगुल्मे 'स तु' स चेति । तेन च निजशरीरस्य गन्धोदकादिः गन्धजलावर्षणसुरभिपुष्पप्रकिरणगोशीर्षचन्दनसमालभनादिको देहसत्कारः कृतः । 'गुरुसाधनं च'- गुरुणा च कथितं तस्य वृत्तं भद्रायास्तथा वधूनाम् ॥२१७॥

'गोसे'-प्रत्युषसि तत्र गमनं भद्राया एव सवधूकायाः । तत्र च 'मृतक्रिया'-शरीरसत्कारादिका तस्य विहिता । देशना भवस्वरूपविषया 'गुरूणाम्' आचार्य-सुहस्तिनां पुनः प्रवृत्ता । ततः प्रव्रजनं सुभद्रायाः सवधूकायाः सम्पन्नम् । परं 'न' नैवापन्नायाः-आपन्नसत्त्वाया एकस्याः । तस्याः पुत्रो जात इति । अनेनायतनं-देवकुललक्षणं पितृपक्षपातात् तत्र स्थाने कृतमिति ॥२१८॥

एवमाद्युचितक्रमेण-एवमादिना सम्प्रतिनृपति-अवन्तीसुकुमालप्रतिबोधप्रभृतिना उचितक्रमेण-स्वावस्थोचितप्रवृत्तिरूपेणानेकसत्त्वानां-ग्रामनगरादिषु नानाविधानां भव्यजीवानां चरणादीनि चरणं-चारित्रं देशतः सर्वतश्च, आदिशब्दात् सम्यक्त्व-बीजाधानग्रहः, 'कृत्वा'-विधाय तत्तदुपायप्रयोगेण 'तकोऽपि'-आर्यसुहस्तिसूरिरपि 'गतः' प्राप्तो विधिना-पण्डितमरणाराधनरूपेण 'कालेन'-सर्वगच्छप्रयोजन-निष्पादनावसानरूपेण 'सुरलोकं'-त्रिदशभवनमिति ॥२१९॥

अथोपसंहरन्नाह—'द्वयोरपि' प्रस्तुताचार्ययोर्न पुनरेकस्यैव, 'यथायोग्यत्वं' निज-निजयोग्यत्वानतिक्रमेण 'तथा'-तत्प्रकारा 'प्रवृत्तिः' गच्छप्रतिपालनादिलक्षणा अनेकधा 'एषा' निरूपितरूपा भणिता पूर्वसूरिभिः, परं 'निपुणमत्या'-सूक्ष्माभोगेन 'विचार-यितव्या' विमर्शनीया पुनः कुशलेन । अन्यत्राप्युक्तम्—"यस्माद् यो यस्य योग्यः स्यात्, तत्तेनालोच्य सर्वथा । प्रारब्धव्यमुपायेन, सम्यगेष सतां नयः" ॥१॥

હવે આર્યસુહસ્તિસૂરિના બાકીના વૃત્તાંતને કહે છે–

## અવંતિસુકુમાલનું કથાનક

ઉત્તમ મહાગિરિસૂરિ કાળધર્મ પામે છતે ક્યારેક વિહાર કરતા, દુષ્કર સાધના કરતા આર્યસુહસ્તિસૂરિ જીવિત સ્વામીની પ્રતિમાને વંદન કરવા માટે આવ્યા. ઉજ્જૈનીની બહાર

રહેલા સુહસ્તિ સૂરિએ બધા મુનિઓને કહ્યુંઃ આજે લોકોની વસતિની અંદર સાધુજનને યોગ્ય વસતિની યાચના કરજો. તેમાનો એક સંઘાટક ભદ્રા સાર્થવાહીને ઘરે ભિક્ષા માટે ગયો. ગૌરવ સહિત તેણે અભ્યુત્થાન કર્યું. વંદન કરી અને પુછ્યુંઃ તમે કોના શિષ્યો છો? આર્યસુહસ્તિ અમારા ગુરુ છે અને તેના માટે અમે વસતિ શોધીએ છીએ. મુનિએ આ પ્રમાણે કહ્યું ત્યારે રોમાંચથી વિકસિત થયેલા શરીરવાળી પોતાને કૃતકૃત્ય માનતી ભદ્રા બોલી- મારે વપરાશમાં નહીં લેવાતી, ઘણાં પ્રકારના મુનિજનને સમુચિત યાનશાળાઓ છે તેને તમે ગ્રહણ કરો. પછી ઘણા ઉચિત અન્નપાનાદિથી પ્રતિલાભ્યા (વહોરાવ્યું). સાધુઓ પણ ગુરુ પાસે ઇરિયાવહી પ્રતિક્રમીને નિવેદન કરે છે કે હે ભગવન્ ! ભદ્રાને ઘરે ઉતરવા માટે યાનશાળાઓ પ્રાપ્ત થઇ છે. ભોજન કર્યા પછી સાંજે ઘણા બાળ, વૃદ્ધ તથા ભિક્ષામાં ફરી શકે તેવા અર્થાત્ સશક્ત સાધુ વગેરેના સમૂહથી યુક્ત આર્યસુહસ્તિસૂરિ વસતિમાં ગયા. ક્રમથી જીવંત સ્વામીની પ્રતિમાને વંદન કરીને અત્યંત મોહને નાશ કરનારી દેશના આપી. (૧૦)

અને આ બાજુ સુભદ્રાને પ્રચુર ભોગ-વિલાસી સુકુમાલ પુત્ર છે. અવંતિદેશમાં તેનાથી બીજો કોઇ વધારે સુકુમાલ નહીં હોવાથી કોઇક વખત તેનું નામ અવંતિસુકુમાલ પડ્યું. પછી સર્વત્ર અતિપ્રસિદ્ધ થયેલ હુલામણા નામે મૂળ નામને અંતરિત કર્યું. તે સમાન યૌવનવાળી, સમાન ધનવાળા પિતાના ઘરેથી ઘણું ધન લાવનારી, સમાન લાવણ્ય ગુણવાળી, સમાન દેહ પ્રમાણવાળી, સુપ્રસન્ન છે મુખરૂપી કમળ જેઓનું, પુણ્યના પ્રાગ્ભારથી પ્રાપ્ત થનારી એવી બત્રીસ કન્યાઓને મહાવિભૂતિથી પરણ્યો. માતાવડે ચિંતવાતું છે ગૃહકાર્ય જેનું એવો તે દોગુંદુક દેવની જેમ તેઓની સાથે શિષ્ટપુરુષોને અનુમત વિષયસુખોને ભોગવે છે.

ક્યારેક વસતિના વિવક્ત પ્રદેશમાં રાત્રિના પ્રથમ પહોરે નવા વાદળના ગર્જારવ જેવા મનોહર શબ્દથી ભરી દેવાયો છે તે દેશનો વિભાગ જેનાવડે, એવા તે સુહસ્તી મુનીશ્વર નલિનીગુલ્મ વિમાનના વૃત્તાંતનું પરાવર્તન કરવા લાગ્યા. પછી પોતાના પ્રાસાદમાં રહેલા અવંતિસુકુમાલે તે નલિનીગુલ્મ અધ્યયન સાંભળીને વિસ્મિત થઇ વિચાર્યું કે શું કોઇ કિન્નર ગાય છે? મારા વડે ક્યાંય પણ આ જોવાયું છે એ પ્રમાણે ઊહાપોહ કરતો એકાએક જાતિસ્મરણ જ્ઞાન પામ્યો. કોઇપણ તેને ન જાણી શકે તે રીતે ગુપચુપ સુહસ્તિગુરુ પાસે આવ્યો. સુહસ્તિસૂરિએ પણ જાણ્યું કે આ અવંતિસુકુમાલ છે. પછી પગમાં પડીને પુછ્યુંઃ હે ભગવન્! આ વિમાનનો વ્યતિકર અહીં જાણવો દુષ્કર છે તેથી તમે તેને કેવી રીતે જાણ્યો ? સુહસ્તીસૂરિએ કહ્યુંઃ મેં જિનેશ્વરના આગમથી જાણ્યું. અવંતિસુકુમાલે કહ્યુંઃ હું ત્યાંથી આવેલો છું. પ્રાપ્ત થયેલો છે સર્વ ઇન્દ્રિયોના વિષયોનો સમૂહ જેને એવો પણ હું નલિનીગુલ્મ વિમાનને યાદ કરતો કોઇ પદાર્થમાં રતિ મેળવતો નથી. વિષ્ટાના કોઠારમાં રહેલો કૃમિ

ક્યાંય પણ રમ્ય મનુષ્યભવ પામીને ફરી પણ વિષ્ટાનો કીડો થયેલો જેમ અધિક દુઃખને અનુભવે છે તેમ દેવલોકમાંથી અહીં આવેલો પૂર્વના ચારિત્રને યાદ કરીને અત્યંત ઉદ્‌વિગ્ન મનવાળો હું ક્યાંય પણ સુખ મેળવતો નથી તેથી મને દીક્ષાના પ્રદાનથી કૃપા કરો અને ત્યારપછી પોતાના સ્વહસ્તે અનશનદાનથી કૃપા કરો. પછી ગુરુ કહે છે કે સાર્થવાહી ભદ્રા અને તારા સ્ત્રી આદિ પરિજનને પૂછીને તેમ કર. અવંતિસુકમાલે કહ્યું: હું અત્યંત ઉત્સુક છું, કોઈપણ વિલંબને સહન કરી શકું તેમ નથી. કાળના વિલંબથી તથા સૂત્રપરિણતિના પ્રમાણથી આ સ્વયં સાધુના વેશને ગ્રહણ ન કરી લે તેથી શુદ્ધોપયોગમાં પ્રધાન એવા સુહસ્તિ ગુરુએ તત્ક્ષણ જ દીક્ષા તથા નિરાગાર (આગાર વિનાનું) અનશન પચ્ચક્‌ખાણ સ્વયં જ આપ્યું. તે જ સમયે તે કંથાર વૃક્ષની ઝાડીમાં ગયો. તરત જન્મેલા પોતાના બચ્ચાઓની સાથે ત્યાં રહેલી શિયાલણીએ ગુપ્ત સ્થાનમાં રહેલા તેને જોયો. અધિક ભૂખથી પીડાયેલી તે પહેલા પહોરમાં એક પગમાં લાગી. બીજા પગમાં તેના બચ્ચા વળગ્યા. બીજા અને ત્રીજા પહોરમાં બંને સાથળમાં અને ચોથા પહોરમાં પેટમાં વળગ્યા. આથી જ પોતાના દેહથી આત્માને ભિન્ન ઇચ્છતો (જોતો) પોતાની સમાધિના લાભમાં તે મહાત્મા મેરુની જેમ નિશ્ચલ થયો. આ લોક પરલોકમાં મમત્વ વિનાનો આ વ્રતથી જે ફળ સ્વર્ગ કે મોક્ષ મળતું હોય તે સ્વયં જ ફળ થાઓ. પેટના પ્રદેશના ભક્ષણ સમયે તે મરીને નલિનીગુલ્મ વિમાનમાં મોટી ઋદ્ધિવાળા દેવભવને પામ્યો. દુષ્કર સંયમથી નીકળ્યો હોવા છતાં, મોક્ષકાંક્ષાનો પક્ષ ઘણો કર્યો હોવા છતાં પણ નલિનીગુલ્મ વિમાનની અભિલાષા રૂપ લેશ્યા હોવાથી તે ત્યાંજ ઉત્પન્ન થયો.

**પ્રશ્ન**–જો તે નલિનીગુલ્મ વિમાન વિશે એકાગ્ર ચિત્તવાળો થઈને મર્યો હોય તો મહર્ષિ કેવી રીતે કહેવાય ?

**ઉત્તર**–અવંતિસુકુમાલ મહર્ષિનું ચરિત્ર દુષ્કર અને ઉલ્લાસ (પ્રેરણા) કરનારું છે. એમ બીજા શાસ્ત્રોમાં કહ્યું હોવાથી મહર્ષિ કહેવાય છે. અને તેના વડે શરીર પણ તે જ રીતે ત્યાગ કરાયું એ આશ્ચર્ય છે.

આ શરીર અત્યંત ઉપકારી છે એમ માનતો તે દેવકાર્યો છોડીને તરત જ અહીં આવીને ગંધોદક વૃષ્ટિ અને સુગંધિ પુષ્પોના સમૂહથી તેને (કલેવરને) પૂજે છે. પ્રત્યક્ષ રૂપને લઈને આર્યસુહસ્તિને નમીને જે રીતે આવેલો તે રીતે પાછો ગયો. સૂર્યોદય થયે છતે માતાને પગે લાગવા જેટલામાં ન આવ્યો તેટલામાં માતાએ તેને યાદ કર્યો ત્યારે ક્યાંયથી તેની ખબર ન મળી. પછી કોઈક રીતે તેની ભાળ મળી ત્યારે વજ્રથી હણાયેલા પર્વતની જેમ સ્વજનવર્ગ

વ્યાકુળ થયો. પછી આર્યસુહસ્તિ મુનીશ્વરે પરિવાર સહિત ભદ્રાને કહ્યું કે રાત્રિમાં અવંતિસુકુમાલ દીક્ષા લઈને અનશન કરીને કંથારવૃક્ષના વનમાં કાયાની માયા છોડીને નલિનીગુલ્મ વિમાનમાં મહર્દ્ધિક દેવ થયો છે. પુત્રવધૂઓથી યુક્ત ભદ્રા ત્યાં ગઇ અને મૃતકકાર્ય કર્યું. તે સ્થાનથી પાછી ફરેલી ભદ્રાને સૂરિએ આ પ્રમાણે ઉપદેશ આપ્યો. નદીના પૂરમાં પડેલા જીવોને સમાગમ થવો દુર્લભ છે અને વિયોગ સુલભ છે તેમ સંસારમાં પડેલા જીવોને સમાગમ દુર્લભ છે અને વિયોગ સુલભ છે. જેવું સ્વપ્ન છે, જેવી મૃગતૃષ્ણા છે, જેવી ઇન્દ્રજાળ છે, જેવો બાળકોના ધૂળના ઘરનો વિલાસ છે, તેવો જીવલોક છે. અર્થાત્ બંનેમાં ભિન્નતા નથી. આ સંસારમાં ધનવાન ગરીબ થાય છે, દુઃખી પણ સુખી થાય છે, ગુણી પણ અગુણી બને છે, ભાઇ પણ શત્રુ થાય છે. સંસારમાં રહેલો લોક નિરાધાર થાય છે, એવા સંસારને ધિક્કાર હો. તથા મર્યા પછી જીવને સ્વર્ગ કે મોક્ષ બેમાંથી એકની નિયમથી પ્રાપ્તિ થતી હોય તો તે મનુષ્યનું મરણ પણ ઉત્સવભૂત થાય છે. આ પ્રમાણે જેનો શોક દૂર કરાયો છે એવી ભદ્રા અને પુત્રવધૂઓ અત્યંત વૈરાગ્યને પામી અને એક સગર્ભા પત્નીને છોડીને ભદ્રા સહિત બધી પત્નીઓએ સુહસ્તિસૂરિ પાસે દીક્ષા ગ્રહણ કરી. ઉચિત કાળે ઘણા લક્ષણથી યુક્ત તેને પુત્ર થયો. પિતાના પક્ષપાતથી તે અગ્નિ સંસ્કાર ભૂમિ ઉપર પિતાની પ્રતિમાથી યુક્ત ઊંચુ મંદિર બંધાવ્યું. કાળે કરી બૌદ્ધ ભિક્ષુઓએ તીવ્રરોષથી તેનો કબ્જો કર્યો અને આ હમણાં મહાકાલ નામથી પ્રસિદ્ધ થયું. (૫૨)

**પૂર્વે કહેવાયેલી સાત ગાથાનો શબ્દાર્થ–** બીજા સુહસ્તિસૂરિએ જીવિતસ્વામીની પ્રતિમાને વંદન કરવા માટે ઉજ્જૈની નગરીમાં વિહાર કર્યો. અને ત્યાં સાધુઓએ ભદ્રા પાસે વસતિની યાચના કરી. પછી યાનશાળામાં ઉતર્યા. રાત્રે સુહસ્તિસૂરિ નલિનીગુલ્મ વિમાન નામના અધ્યયનનું પરાવર્તન કરતા હતા ત્યારે ભદ્રાપુત્ર અવંતિસુકુમાલે સાંભળ્યું. તેને વિસ્મય થયો. અહો! આ કેમ બોલાય છે? ત્યાર પછી તેને પૂર્વભવનું સ્મરણ થયું અને મનુષ્યભવથી વિરાગ પામ્યો. ત્યાર પછી ગુરુ પાસે આવીને શ્રીમદ્ આર્યસુહસ્તિસૂરિને પોતાનો વૃત્તાંત કહ્યો. અને કહ્યું કે હું દીક્ષા લેવા અતિ ઉત્કંઠિત છું તેથી હમણાં જ દીક્ષા લઇશ. લાંબો સમય દીક્ષા પાળવા અસમર્થ હોવાથી હું જલદીથી હમણાં જ અનશન કરીશ. (૨૧૫)

ગુરુએ કહ્યુંઃ તારે માતાને પૂછી કરવું ઉચિત છે. તે માતાને પૂછવા ઇચ્છતો નથી ત્યારે આ સ્વયં વેશ ન લઇ લે તે માટે ગુરુએ તેને લિંગ અર્પણ કર્યું. કંથારવૃક્ષની ઝાડીમાં જઇને ઈંગિનીમરણ સ્વીકાર્યું. બચ્ચા સહિત શિયાલણીએ રાત્રીના બીજા, ત્રીજા અને ચોથા પહોરમાં ક્રમથી જાનુ, સાથળ અને પેટનું ભક્ષણ કર્યું ત્યારે તે મરણ પામ્યો. (૨૧૬)

આ પ્રમાણે સંપ્રતિ રાજા, અવંતિસુકુમાલના પ્રતિબોધથી માંડીને તથા ગ્રામ-નગરાદિમાં રહેતા વિવિધ ભવ્ય જીવોને દેશવિરતિ અને સર્વવિરતિ આદિ શબ્દથી સમ્યક્ત્વનું પ્રદાન કરીને આર્યસુહસ્તિસૂરિ પણ સર્વ ગચ્છના પ્રયોજનો પૂર્ણ કરીને પંડિત મરણથી કાળ કરીને દેવલોકમાં ગયા. (૨૧૯)

હવે ઉપસંહાર કરતા કહે છે કે–

આર્યમહાગિરિ અને આર્યસુહસ્તિ બંને પણ આચાર્યોની પરંતુ એકની જ નહીં. પોત-પોતાની યોગ્યતા અનુસાર, ગચ્છની પ્રતિપાલના રૂપ તેવી અનેક પ્રકારની પ્રવૃત્તિ પૂર્વાચાર્યો વડે કહેવાઇ છે, કુશળ આત્માએ સૂક્ષ્મબુદ્ધિ (હેય અને ઉપાદેય પૂર્વકની બુદ્ધિ)થી તેની વિચારણા કરવી. બીજે પણ કહેલું છે કે–જે કારણથી જે પુરુષ જે કાર્ય કરવા યોગ્ય હોય તે કારણથી તેણે તે કાર્યનો પ્રારંભ કરવો જોઇએ આ સજ્જનોની સમ્યગ્ નીતિ છે. (૨૨૦)

**योग्यारम्भमेवानयोर्भावयति—**

**कप्पेऽतीते तक्किरियजोगया फासिया महागिरिणा ।**
**तह गच्छपालणेणं, सुहत्थिणा चेव जतितव्वं ॥२२१॥**

**'कल्पे'-जिनकल्पे जम्बूनाममहामुनिकालव्यवच्छिन्नत्वेनातीते 'सति तत्क्रिया-योग्यता'-जिनकल्पानुकाररूपा 'स्पृष्टा'-निषेविता महागिरिणा । तथेति पक्षान्तरोप-क्षेपार्थः । 'गच्छपालनेन'-सारणावारणादिना गच्छानुग्रहकरणरूपेण सुहस्तिना च तत्क्रियायोग्यता स्पृष्टा । सम्यक्परिपालितगच्छो हि पुमान् जिनकल्पयोग्यो भव-तीति गच्छपरिपालनमपि परमार्थतो जिनकल्पयोग्यतैवेति । निगमयन्नाह-एवेत्यनु-स्वारलोपादेवं-भणितपुरुषन्यायेन 'यतितव्यम्' उद्यमः कार्यः सर्वप्रयोजनेषु ॥२२१॥**

આર્ય મહાગિરિસૂરિ–આર્યસુહસ્તિસૂરિના યોગ્ય પ્રારંભને જ વિચારે છે–

**ગાથાર્થ**– જિનકલ્પનો વિચ્છેદ થયે છતે આર્ય મહાગિરિએ જિનકલ્પનું અનુકરણ કરવા રૂપ પોતાને યોગ્ય ક્રિયા કરી, તથા આર્યસુહસ્તિસૂરિએ ગચ્છનું પાલન કરવા વડે પોતાને યોગ્ય ક્રિયા કરી. સર્વકાર્યોમાં આર્યમહાગિરિ-આર્યસુહસ્તિસૂરિના દૃષ્ટાંત પ્રમાણે પ્રયત્ન કરવો જોઇએ.

**ટીકાર્થ**– જંબૂ નામના મહામુનિના કાલધર્મ પછી જિનકલ્પનો વિચ્છેદ થયો. આથી આર્યમહાગિરિસૂરિએ (જિનકલ્પનો સ્વીકાર ન કર્યો, કિંતુ) જિનકલ્પનું અનુકરણ કર્યું આર્યસુહસ્તિસૂરિએ ગચ્છનું પાલન કર્યું, અર્થાત્ સારણા-વારણા આદિથી ગચ્છ ઉપર અનુગ્રહ કર્યો. જેણે ગચ્છનું સમ્યક્ પરિપાલન કર્યું હોય તે જ પુરુષ જિનકલ્પને યોગ્ય

થાય છે. આથી ગચ્છનું પરિપાલન કરવું એ પણ પરમાર્થથી જિનકલ્પની યોગ્યતા જ છે. જેમ આ બે મહાપુરુષોએ પોતાની યોગ્યતા પ્રમાણે ઉદ્યમ કર્યો, તેમ સર્વકાર્યોમાં પોતાની યોગ્યતા પ્રમાણે ઉદ્યમ કરવો જોઇએ. (૨૨૧)

**सम्प्रतीत्थं प्रवृत्तौ फलमाह—**

**एवं उचियपवित्ती, आणाआराहणा सुपरिसुद्धा ।**
**थेवावि होति बीयं, पडिपुन्नाए ततीए उ ॥२२२॥**

**'एवम्'-आर्यमहागिरि-आर्यसुहस्तिन्यायेन 'उचितप्रवृत्तिः'-स्वावस्थोचितानुष्ठानारम्भरूपा, 'आज्ञाराधनाद्'-अर्हद्वचनानुपालनात् 'सुपरिशुद्धा'-अत्यन्तममलीमसा 'स्तोकाऽपि'-तथाविधकालक्षेत्रादिबलविकलतयाऽल्पापि, किं पुनः प्रभूताः, 'भवति'-सम्पद्यते 'बीजम्'-उत्पत्तिहेतुः 'प्रतिपूर्णायाः तस्यास्तु'-तस्या एवोचितप्रवृत्तेः। यथा हि शुक्लपक्षप्रवेशात् प्रतिपच्चन्द्रमाः परिपूर्णचन्द्रमण्डलहेतुः सम्पद्यते तथा सर्वज्ञाऽऽज्ञानुप्रवेशात् तुच्छमप्यनुष्ठानं क्रमेण परिपूर्णानुष्ठानहेतुः सम्पद्यत इति ॥२२२॥**

હવે આ પ્રમાણે પ્રવૃત્તિ કરવાથી પ્રાપ્ત થતા ફળને કહે છે—

**ગાથાર્થ**—આ પ્રમાણે થોડી પણ સુપરિશુદ્ધ ઉચિત પ્રવૃત્તિ અરિહંતનું વચન પાળવાના કારણે પરિપૂર્ણ ઉચિત પ્રવૃત્તિનું બીજ થાય છે.

**ટીકાર્થ—આ પ્રમાણે**=આર્ય મહાગિરિસૂરિ આર્ય સુહસ્તિસૂરિના દૃષ્ટાંત પ્રમાણે.

**થોડી પણ**=તેવા પ્રકારના કાલ-ક્ષેત્ર આદિની ખામીના કારણે થોડી પણ.

**સુપરિશુદ્ધ**=અતિશય શુદ્ધ.

**ઉચિત પ્રવૃત્તિ**=પોતાની અવસ્થાને ઉચિત અનુષ્ઠાનનો પ્રારંભ કરવા રૂપ ઉચિત પ્રવૃત્તિ.

**બીજ**=ઉત્પત્તિનો હેતુ.

**ભાવાર્થ**—પોતાની અવસ્થાને ઉચિત હોય તેવા અનુષ્ઠાનનો પ્રારંભ કરવામાં આવે તો એ પ્રારંભ તેવા પ્રકારના ક્ષેત્રાદિની ખામીના કારણે અલ્પ હોય તો પણ પરિપૂર્ણ ઉચિત પ્રવૃત્તિનું કારણ બને છે, અર્થાત્ તેનાથી ભવિષ્યમાં પરિપૂર્ણ ઉચિત પ્રવૃત્તિનો પ્રારંભ થાય છે.

જેવી રીતે શુક્લપક્ષમાં પ્રવેશ થવાના કારણે એકમનો ચંદ્ર પરિપૂર્ણ ચંદ્રમંડલનો હેતુ બને છે, તેવી રીતે સર્વજ્ઞની આજ્ઞાનો પ્રવેશ થવાના કારણે (પોતાની યોગ્યતા મુજબનું) અલ્પ પણ અનુષ્ઠાન ક્રમે કરીને પરિપૂર્ણ અનુષ્ઠાનનો હેતુ થાય છે.

'અલ્પ પણ' એ સ્થળે રહેલા 'પણ' શબ્દનો અર્થ આ પ્રમાણે છે– જો અલ્પ ઉચિત અનુષ્ઠાન પરિપૂર્ણ ઉચિત અનુષ્ઠાનનું કારણ બને છે તો ઘણું ઉચિત અનુષ્ઠાન પરિપૂર્ણ ઉચિત અનુષ્ઠાનનું કારણ બને તેમાં તો શું કહેવું. (૨૨૨)

एतदेव भावयति—

**संथारपरावत्तं, अभिग्गहं चेव चित्तरूवं तु ।**
**एत्तो य( उ ) कुसलबुद्धी, विहारपडिमाइसु करेंति ॥२२३॥**

**यदा-''आचेलकुद्देसिय सेज्जायर रायपिंड किइकम्मे । वय जेट्ठ पडिक्कमणे मासं पज्जोसवणकप्पे''॥१॥ इति वचनात् स्थितकल्पतया आदिष्टमासकल्पविहारा अपि साधवः कालक्षेत्रदोषात् तथाविहरमाणा ज्ञानादिवृद्धिं न लभन्ते तदा एकत्र क्षेत्रे नवविभागीकृते वसतिपरावर्त्तनेन भिक्षाचर्यापरिवर्त्तनेन च यतन्ते, यदा च कुतोऽपि वैगुण्यात् तदपि कर्त्तुं न पार्यते तदा एकस्यामपि वसतौ नवविभागायां 'संस्तारपरावर्त्तं'-संस्तारकभूमिपरिवृत्तिलक्षणं प्रतिमासं कुर्वन्ति, इत्थमपि तत्कल्पः परिपूर्ण आराधितो भवति । तथा जिनकल्पादिविशेषानुष्ठानाऽसहिष्णुतायामभिग्रहं चैव-द्रव्याद्यभिग्रहलक्षणं 'चित्ररूपं तु'-नानारूपमेवैकैकस्यानेकरूपत्वात्, 'इतस्तु'-इत एव स्तोकाया अप्युचित-प्रवृत्तेः परिपूर्णानुष्ठानबीजत्वाद्धेतोः 'कुशलबुद्धयः'-उत्सर्गापवादशुद्धबुद्धजिनमतत्वेन निपुणमतयो 'विहार-प्रतिमादिषु' विहारे मासकल्पादौ प्रतिमादिषु च-भिक्षुप्रतिमादिषु कर्त्तव्यतामापन्नासु 'कुर्वन्ति'-आसेवन्त इति । द्रव्याद्यभिग्रहरूपं च ''लेवडमलेवडं वा, अमुगं दव्वं च अज्ज घेच्छामि। अमुगेण व दव्वेणं, अह दव्वाभिग्गहो एस'' ॥१॥ इत्यादिग्रन्थादवसेयमिति ॥२२३॥**

આ જ વિષયને વિચારે છે–

ગાથાર્થ– આથી જ કુશળબુદ્ધિ મુનિઓ વિહાર-પ્રતિમા વગેરેમાં સંથારાનું પરાવર્તન અને વિવિધ પ્રકારના અભિગ્રહને કરે છે.

**ટીકાર્થ– આથી જ**-અલ્પ પણ ઉચિત પ્રવૃત્તિ પરિપૂર્ણ અનુષ્ઠાનનું બીજ થાય છે એ કારણથીજ.

**કુશળબુદ્ધિ**–ઉત્સર્ગ-અપવાદથી શુદ્ધ એવા જિનમતને જાણ્યું હોવાથી નિપુણ મતિવાળા.

**વિહાર**–માસકલ્પ વગેરે વિહાર.

**પ્રતિમા**–કરવા યોગ્ય ભિક્ષુપ્રતિમા.

## સંથારાનું પરાવર્તન

**आचेलक्कुद्देसिय—सेज्जायर—रायपिंड किइकम्मे ।**

**वय—जेट्ठ—पडिक्कमणे, मासं पज्जोसवणकप्पो** ॥ પંચાશક ૧૭-૬

"આચેલક્ય, ઔદ્દેશિક, શય્યાતરપિંડ, રાજપિંડ, કૃતિકર્મ, વ્રત, જયેષ્ઠ, પ્રતિક્રમણ, માસ અને પર્યુષણ એમ કલ્પના દશ પ્રકાર છે." આ વચનથી માસકલ્પ (પહેલા-છેલ્લા તીર્થંકરના સાધુઓ માટે) સ્થિત કલ્પ છે. આથી માસકલ્પ પ્રમાણે વિહાર કરવાની આજ્ઞા છે. આમ છતાં માસકલ્પ પ્રમાણે વિહાર કરનાર સાધુઓ જ્યારે કાલ અને ક્ષેત્રના દોષથી માસકલ્પ પ્રમાણે વિહાર કરવાથી જ્ઞાનાદિની વૃદ્ધિને ન પામે ત્યારે એક ક્ષેત્રમાં નવ વિભાગ કરીને વસતિનું અને ભિક્ષાચર્યાનું પરાવર્તન કરે અને એ રીતે સંયમમાં યત્ન કરે. જ્યારે કોઇ પણ ખામીના કારણે તે પણ (=દર મહિને વસતિ બદલવાનું પણ) ન થઇ શકે ત્યારે જ એક જ વસતિમાં નવ વિભાગ કરીને દર મહિને સંથારાની ભૂમિનું પરાવર્તન કરે. આ પ્રમાણે પણ માસકલ્પ પરિપૂર્ણ આરાધેલો થાય.

**વિવિધ પ્રકારના અભિગ્રહ–** તથા જિનકલ્પ વગેરે વિશેષ અનુષ્ઠાન સહન કરવાનું સામર્થ્ય ન હોય ત્યારે દ્રવ્યાદિના વિવિધ પ્રકારના અભિગ્રહને ધારણ કરે. દ્રવ્યાદિના અભિગ્રહનું સ્વરૂપ આ પ્રમાણે છે–

**लेवडमलेवडं वा, अमुगं दव्वं च अज्ज घेच्छामि ।**

**अमुगेण व दव्वेणं, अह दव्वाभिग्गहो एस** ॥ (પંચ વસ્તુક ૨૯૮)

"આજે હું લેપવાળાં=ચિકાશવાળાં રાબ વગેરે, અથવા લેપરહિત=રૂક્ષ કઠોળ વગેરે, અથવા ખાખરો વગેરે અમુક જ દ્રવ્યો લઇશ એવો નિયમ, અથવા કડછી, ભાલાની અણી વગેરે અમુક જ વસ્તુથી વહોરાવે તો લઇશ એવો નિયમ એ દ્રવ્ય અભિગ્રહ છે."

આનું વિશેષ સ્વરૂપ (પંચ વસ્તુક વગેરે) અન્ય ગ્રંથમાંથી જાણી લેવું. (૨૨૩)

**एनमेवार्थं व्यतिरेकमुखेनाह—**

**अकए बीजक्खेवे, जहा सुवासेऽवि न भवती सस्सं ।**

**तह धम्मबीयविरहे, ण सुस्समाएवि तस्सस्सं ॥२२४॥**

**अकृते-अविहिते बीजक्षेपे-शालिमुद्गादेर्बीजस्य वपने यथा सुवर्षेऽपि-जलभारमेदुर-जलधरधाराप्राग्भारनिपातलक्षणेऽपि न-नैव भवति सस्यं-धान्यं तथा 'धर्मबीजविरहे' धर्मबीजानां-सम्यक्त्वादिसमुत्पादकानां धर्मप्रशंसादिकानां हेतूनां परिहारे न सुषमायामपि**

समा नाम कालविभागः सुष्ठु-तीर्थकरजन्मादिमहामहसहायत्वेनातिशयवती समा सुषमा तस्यां, किं पुनरितरसमासु दुष्षमादिलक्षणास्वित्यपिशब्दार्थः, तत् सस्यं-स एव धर्म एव विषयाकाङ्क्षाबुभुक्षाक्षयावहत्वेन सस्यं भवतीति । यथोक्तम् "नाकारणं भवेत् कार्यं, नान्यकारणकारणम् । अन्यथा न व्यवस्था स्यात्, कार्यकारणयोः क्वचित् ॥१॥" ॥२२४॥

આ જ અર્થને [1]વ્યતિરેકથી (–અભાવદ્વારા) કહે છે–

**ગાથાર્થ–** જેમ બીજની વાવણી ન કરી હોય તો સારો વરસાદ થવા છતાં ધાન્ય ન થાય, તેમ ધર્મબીજના અભાવમાં સુષમાકાળમાં પણ ધર્મરૂપ ધાન્ય ન થાય.

**ટીકાર્થ– સારો વરસાદ થવા છતાં–** જલ સમૂહથી પૂર્ણ ભરેલા વાદળોમાંથી પાણીની ધારાઓનો સમૂહ પડવા છતાં.

**ધર્મબીજ–** સમ્યક્ત્વ વગેરે ધર્મને ઉત્પન્ન કરનારાં ધર્મપ્રશંસા વગેરે કારણો.

**સુષમા–** સુષમા એટલે સારો કાળ, અર્થાત્ ચોથો આરો. ચોથા આરામાં તીર્થંકરોનો જન્મ વગેરે પ્રસંગે મહોત્સવો થતા હોવાથી ચોથો આરો સારો કાળ છે.

**ધર્મરૂપ ધાન્ય–** જેમ ધાન્ય પેટની ભૂખનો નાશ કરે છે તેમ ધર્મ વિષયોની આકાંક્ષારૂપ ભૂખનો નાશ કરે છે. માટે અહીં ધર્મને ધાન્યની ઉપમા આપવામાં આવી છે.

ધર્મબીજના અભાવમાં ધર્મરૂપ ધાન્ય ન થાય એ વિષે કહ્યું છે કે–**"કારણ વિના કાર્ય ન થાય, તથા જે કાર્યમાં જે કારણ પ્રસિદ્ધ છે તેનાથી અન્ય–બીજા કાર્યના કારણોથી પણ પ્રસ્તુત કાર્ય ન થાય. અન્યથા (–જો વિના કારણ કે અન્ય કાર્યનાં કારણોથી પ્રસ્તુત કાર્ય થતું હોય તો) કાર્ય-કારણ ભાવની (નિયત થયેલી) વ્યવસ્થા ક્યાંય ન રહે" (૨૨૪)**

**यस्मादेवं ततः किं कर्त्तव्यमित्याह—**

**आणापरतंतेहिं, ता बीजाधाणमेत्थ कायव्वं ।**
**धम्मम्मि जहासत्ती, परमसुहं इच्छमाणेहिं ॥२२५॥**

**आज्ञापरतन्त्रैः-सर्वज्ञवचनायत्तीकृतात्मभिः 'ता' इति तस्माद् बीजाधानं-जिनमुनि-प्रभृतिपवित्रपदार्थकुशलचित्तादिलक्षणम्, अत्र-प्रस्तुते कर्त्तव्यं धर्म्मे-साध्यत्वेनाभिमते**

---

૧. જ્યાં જ્યાં કાર્ય હોય ત્યાં ત્યાં કારણ હોય એ અન્વય છે. જ્યાં જ્યાં કારણ ન હોય ત્યાં ત્યાં કાર્ય ન હોય એ વ્યતિરેક છે.

सति यथाशक्ति-स्वसामर्थ्यानुरूपं, परमसुखम्-ऐकान्तिकात्यन्तिकानन्दसंदोहमयं शर्म इच्छद्भिः-वाञ्छद्भिरिति । धर्मबीजानि चैवं शास्त्रान्तरे परिपठितानि दृश्यन्ते—यथा "जिनेषु कुशलं चित्तं, तन्नमस्कार एव च । प्रणामादि च संशुद्धं, धर्मबीजमनुत्तमम् ॥१॥ उपादेयधियाऽत्यन्तं, संज्ञाविष्कम्भणान्वितम् । फलाभिसन्धि-रहितं, संशुद्धं ह्येतदीदृशम् ॥२॥ आचार्यादिष्वपि ह्येतद्विशुद्धं भावयोगिषु । वैयावृत्त्यं च विधिवच्छुद्धाशयविशेषतः ॥३॥ भवोद्वेगश्च सहजो, द्रव्याभिग्रहपालनम् । तथा सिद्धान्तमाश्रित्य, विधिना लेखनादि च ॥४॥ रचना पूजना दानं, श्रवणं वचनोद्ग्रहः। प्रकाशनाऽथ स्वाध्यायश्चिन्तना भावनेति च ॥५॥ दुःखितेषु दयाऽत्यन्तमद्वेषो गुणवत्सु च । औचित्यासेवनं चैव, सर्वत्रैवाविशेषतः ॥६॥" इत्यादि ॥२२५॥

આ પ્રમાણે છે (–ધર્મબીજ વિના ધર્મની પ્રાપ્તિ થતી નથી) તેથી શું કરવું જોઈએ તે કહે છે–

**ગાથાર્થ**– તેથી, પ્રસ્તુતમાં પરમસુખના અભિલાષી જીવોએ ધર્મને સિદ્ધ કરવા માટે (=ધર્મની પ્રાપ્તિ કરવા માટે) આજ્ઞાને આધીન બનીને યથાશક્તિ ધર્મબીજોની વાવણી કરવી જોઈએ.

**ટીકાર્થ– પરમસુખના અભિલાષી**– એકાંતિક[1] અને આત્યંતિક આનંદના સમૂહમય સુખની અભિલાષાવાળા.

**આજ્ઞાને આધીન**– સર્વજ્ઞના વચનોને આધીન.

**ધર્મબીજો**– અરિહંત અને સાધુ વગેરે પવિત્ર પદાર્થો વિષે કુશલચિત્ત વગેરે ધર્મ બીજો છે. અન્ય શાસ્ત્રમાં (=યોગદૃષ્ટિ સમુચ્ચયમાં) ધર્મબીજો આ પ્રમાણે કહેલા દેખાય છે–"જિનો વિષે સંશુદ્ધ કુશલ ચિત્ત, જિનોને સંશુદ્ધ નમસ્કાર, અને જિનોને સંશુદ્ધ પ્રણામ વગેરે **સર્વશ્રેષ્ઠ**[2] ધર્મબીજ છે. (૨૩) અત્યંત ઉપાદેય બુદ્ધિથી થતું, સંજ્ઞાના નિગ્રહથી યુક્ત અને ફલાભિસંધિથી રહિત એવું જિનવિષે કુશળ ચિત્ત વગેરે સંશુદ્ધ છે. (૨૫) ભાવયોગી એવા આચાર્ય આદિમાં પણ સંશુદ્ધ કુશળ ચિત્ત વગેરે ધર્મબીજ છે. તથા શુદ્ધ આશય વિશેષથી વિધિયુક્ત વૈયાવચ્ચ

---

૧. ઐકાન્તિક અને આત્યંતિક શબ્દની વ્યુત્પત્તિ આ પ્રમાણે છે. **एक अन्तः** (સીમા) **एकान्तः, एकान्तेन निवृत्तम्=ऐकान्तिकम् । अतिक्रान्तम् अन्तम्** (સીમા)=**अत्यन्तम्, अत्यन्तेन निवृत्तम्=आत्यन्तिकम्।** ઐકાન્તિક એટલે દુઃખ રહિત, આત્યન્તિક એટલે અંતરહિત (શાશ્વત). ઐકાંતિક અને આત્યંતિક આનંદ એટલે દુઃખથી રહિત શાશ્વત આનંદ.

૨. અહીં જણાવેલા ધર્મબીજોનું વિસ્તારથી જ્ઞાન મેળવવા માટે યોગદૃષ્ટિ સમુચ્ચયનો ગુજરાતી ભાવાનુવાદ જોવો.

ધર્મબીજ છે. (૨૬) સહજ ભવ ઉદ્વેગ, દ્રવ્ય અભિગ્રહ પાલન તથા સિદ્ધાન્તોનું વિધિથી લેખન વગેરે ધર્મબીજ છે. (૨૭) લેખન, પૂજન, દાન, શ્રવણ, વાચના, ગ્રહણ, પ્રકાશન, સ્વાધ્યાય, ચિંતન અને ભાવના એ શ્રેષ્ઠ ધર્મબીજ છે. (૨૮) [1]દુઃખી જીવો પર અત્યંત દયા, ગુણી જીવો ઉપર દ્વેષનો અભાવ, સામાન્યથી બધેય ઔચિત્ય પૂર્વક સેવન (=વ્યવહાર) આ ત્રણ ધર્મબીજ છે. (૩૨) (૨૨૫)''

**अत्रैव दृष्टान्तमाह—**

**सुव्वइ य तेणणायं, एत्थं बोहीएँ पत्तिविग्धकरं ।**
**तं चेव उ कुसलेहिं, भावेयव्वं पयत्तेणं ॥२२६॥**

**श्रूयते च- निशम्यते पुनः सर्वज्ञप्रणीतागमे स्तेनज्ञातं-चौरोदाहरणमत्र-प्रस्तुते बीजाधाने वक्तुमारब्धे सति 'बोधिप्राप्तिविघ्नकरं' बोधिप्राप्तेर्बोधिविघ्नस्य च कारकपुरुषद्वयसूचकत्वेन तत्कारकं । तदेव तुशब्दाद् अन्यानि च धनसार्थवाहादिज्ञातानि कुशलैः-विद्वद्भिर्भावयितव्यं-मीमांसनीयं प्रयत्नेनेति ॥२२६॥**

આ વિષયમાં દૃષ્ટાંતને કહે છે–

**ગાથાર્થ–** અહીં બોધિની પ્રાપ્તિ કરનાર અને બોધિમાં વિઘ્ન કરનાર બે ચોરનું દૃષ્ટાંત (સર્વજ્ઞ રચિત આગમમાં) સંભળાય છે. વિદ્વાનોએ તે જ દૃષ્ટાંતને પ્રયત્નથી વિચારવું.

**ટીકાર્થ– અહીં-** પ્રસ્તુત ધર્મબીજની વાવણીના વર્ણનમાં.

ગાથામાં રહેલા **તુ** શબ્દથી ધનસાર્થવાહ વગેરે બીજાં દૃષ્ટાંતો પણ વિચારવાં. (૨૨૬)

**तदेव गाथात्रयेणाह—**

**कोसंबिसेट्ठिसुय गाढपीती पाएण तुल्लफलसिद्धी ।**
**वीरोसरणे सवणं बोहि-अभावेसु य विसेसो ॥२२७॥**

**हरिसो मज्झत्थत्तं परोप्परं चित्तजाणणा भेओ ।**
**पुच्छा अबोहि नेहे बहु जोगोऽबीजगो कह णु ? ॥२२८॥**

**दंगियपुत्ता गोहरण पच्छखेडणग सेलगुहसाहू ।**
**धम्मपसंसपओसा बीयाबीया दुवेण्हंपि ॥२२९॥**

---

૧. દુઃખી જીવો પર દયા વગેરે ત્રણ યોગદૃષ્ટિ સમુચ્ચયમાં ચરમાવર્તમાં આવેલા જીવના લક્ષણ તરીકે જણાવેલા છે. પણ અહીં ધર્મબીજોના વર્ણનમાં આ ગાથા મૂકી હોવાથી અનુવાદમાં મેં આ ત્રણ ધર્મબીજ છે એમ લખ્યું છે.

अथ गाथाक्षरार्थः—'कोसंबि' त्ति कौशांब्यां पुरि 'सेट्ठिसुय' त्ति श्रेष्ठिनोः सुतौ गाढप्रीतौ परस्परं प्रायेण-बहून् वारान् 'तुल्लफलसिद्धी' व्यवहारप्रवृत्तौ समानफललाभौ च प्रवर्तेते । अन्यदा च 'वीरोसरणे' इति वीरसमवसरणे श्रवणं-धर्मसमाकर्णनमभूत् । तयोर्बोध्यभावयोश्च-बोधावभावे च सति विशेषः संवृत्तः ॥२२७॥

तमेव दर्शयति—'हरिसो मज्झत्थत्तं' इत्यादि, हर्षः सन्तोष एकस्य धर्मपालजीवस्य, मध्यस्थत्वम्-उदासीनत्वमन्यस्य परस्परम्-अन्योऽन्यस्य चित्तज्ञानमभूत् । ततो भेदश्चित्तस्य संवृत्तः। ततः 'पुच्छा अबोहि' त्ति अबोधिगोचरा पृच्छा कृता ज्येष्ठेन भगवतः पार्श्वे । 'नेहे बहुजोगो' इति भगवन् ! स्नेहे सत्यावयोर्बहुः प्रभूतो योगः सदा व्यवहार-कारणादिसम्बन्ध एकचित्तयोरभूत् । ततः बीजं-मुक्तिकल्पतरोः सम्यक्त्वं तद्यस्य नास्ति सोऽबीजकः कथं केन हेतुनैष मत्सखा सम्पन्नः? नु वितर्के इति ॥२२८॥

'दंगियपुत्ता' इत्यादि । ततो भगवता प्राच्यवृत्तान्तः कथयितुमारब्धस्तयोः, यथा-द्रङ्गिकपुत्रौ, द्रङ्गो नाम गोधनबहुलः सन्निवेशविशेषः । सोऽस्यास्तीति द्रङ्गिको-ग्राममहत्तरकस्तत्सुतौ युवां भूतवन्तौ । 'गोहरण' त्ति कदाचिद् भवद्भ्यां गवां हरणे कृते सति, दण्डपाशिकैः 'पच्छ खेडणग' त्ति पश्चात्-पृष्ठतः खेटनकं-त्रासनमारब्धम् । ततः पलायमानाभ्यां भवद्भ्यां शैलगुहायां साधुरेको दृष्टः । तत्र धर्मप्रशंसाप्रद्वेषौ भवतोः प्रवृत्तौ। ततो 'बीयाबीय' त्ति बीजमबीजं च द्वयोरपि यथाक्रमं सम्पन्नमिति ॥२२९॥

તે જ દૃષ્ટાંતને ત્રણ ગાથાઓથી કહે છે–

સમસ્ત પૃથ્વીરૂપી કામિનીના અલંકાર સમાન અને જેમાં હીરાની દુકાનો હોય તેવા નગરની આબાદીને ભજનારી કૌશાંબી નામની નગરી હતી. તેમાં એક છત્ર[1] પૃથ્વી-પાલનથી પ્રસિદ્ધ બનેલો અને સદ્ભૂત ગુણોનો સુનિધિ એવો જિતારિ નામનો રાજા હતો. તે નગરીમાં શુભ લક્ષ્મીના ભાજન, લોકથી પૂજાયેલ, અને ઉદારતા વગેરે ગુણોથી યુક્ત એવા ધન અને યક્ષ નામના બે શેઠ હતા. ધનશેઠનો કુલને હર્ષ પમાડનાર ધર્મપાલ નામનો પુત્ર હતો. યક્ષશેઠનો ધનની વૃદ્ધિ કરનાર ધનપાલ નામનો પુત્ર હતો. તે બેનો ભવાંતરના સંસ્કારથી બાલ્યાવસ્થાથી લોકને આશ્ચર્ય પમાડનાર અતિશય મૈત્રીભાવ હતો. એકને જે ગમે તે બીજાને પણ ગમે. (એકને જે ન ગમે તે બીજાને પણ ન ગમે) આથી તે બે લોકમાં "આ એક ચિત્તવાળા છે" એવી પ્રસિદ્ધિને પામ્યા. પછી કુલને ઉચિત કાર્ય કરતા તે બેના

૧. જે કેવળ એક છત્રથી શાસિત હોય તે, અર્થાત્ જ્યાં એક જ રાજાનું રાજ્ય હોય તે એક છત્ર કહેવાય.

દિવસો પસાર થાય છે. એકવાર તે નગરીમાં વિશ્વને આનંદ પમાડનારા, ઇક્ષ્વાકુ કુલને શોભાવનારા, વાણીરૂપી પાણીથી લોકના સંતાપને શમાવવા માટે વાદળ સમાન ભગવાન શ્રીમહાવીર તીર્થંકર પધાર્યા. દેવોએ ભગવાનની દેશના ભૂમિ બનાવી, અર્થાત્ સમવસરણ બનાવ્યું. તે સમવસરણમાં દેવ-અસુરોથી સહિત પર્ષદા સમક્ષ ધર્મ કહ્યો. શ્રી મહાવીર ભગવાનને આવેલા સાંભળીને કૌશાંબી નગરીમાં રહેનારા રાજા વગેરે લોકો તેમના ચરણકમલને વંદન કરવા માટે આવ્યા. તે બે શ્રેષ્ઠિપુત્રો પણ કુતૂહલવૃત્તિથી લોકની સાથે ભગવાનની પાસે આવ્યા. કરુણામાં તત્પર શ્રી જિનેશ્વરે જીવોનાં સર્વ કલ્યાણોનું કારણ એવા શાશ્વત મોક્ષમાર્ગનો ઉપદેશ આપ્યો. તે બે વણિકપુત્રોમાંથી એકને જિનવચન ઉપર શ્રદ્ધા થઇ. તે મનમાં જિનવચનનું ચિંતન કરે છે. પહોળી આંખવાળો, મસ્તકને ધુણાવતો અને રોમાંચિત બનેલો તે કાનરૂપ **પર્ણપુટમાં**[1] પડેલા જિનવચનને અમૃતની જેમ પીવે છે. બીજા શ્રેષ્ઠિપુત્રને જિનવચન રેતીના કોળિયા જેવું લાગે છે. તે બંનેએ પરસ્પરના ભાવને જાણ્યો. દેશના ભૂમિમાંથી ઊભા થઇને પોતાના ઘરે ગયા. ત્યાં એકે આ પ્રમાણે કહ્યું: હે બંધુ! તું જિનવચનથી ભાવિત થયો, હું ભાવિત ન થયો. તેથી આમાં શું કારણ છે ? આટલા ઘણા કાળ સુધી આપણે એક ચિત્તવાળા તરીકે ખ્યાતિને પામેલા છીએ. હમણાં આપણા બેનું ચિત્ત ભિન્ન થયું. તેથી અહીં શું કારણ છે ? વિસ્મય પામેલા બીજાએ કહ્યું: તારી વાત સાચી છે. મને પણ આ પ્રમાણે વિકલ્પ થાય છે. આ વિષે પુછાયેલા તે કેવળી(જિન) જ ચોક્કસ આપણો નિશ્ચય કરશે. તેથી આપણે તેમની પાસે જઇશું. આ પ્રમાણે નિર્ણય કરીને તે બે સવારે કેવળી(જિન)ની પાસે ગયા. આરાધ્ય તે કેવળી(જિન)ને વિનયપૂર્વક તેમણે પોતાનો સંશય પૂછ્યો. કેવળીએ (જિને) કહ્યું: તમારા બેમાંથી એકે મુનિની પ્રશંસા કરી. તે આ પ્રમાણે–

પૂર્વભવમાં તમે બે કોઇક ગામમાં ગામમુખીના પુત્ર હતા. કાલક્રમથી તમે યૌવન અને લાવણ્યને પામ્યા. યુવાનીમાં થનારા વિકારો થવા લાગ્યા. ધનના અભાવથી મનોરથ જરા પણ પૂરાતા નથી. તેથી ચોરી રૂપ અનાર્ય કાર્ય કરવાનું શરૂ કર્યું. રાતે બીજા ગામમાં ગાયોને ચોરી. ગાયોને લઇને અતિશય ઉતાવળથી જતા તમને કોટવાળોએ ત્રાસ પમાડ્યો. આથી તમોએ નાશવા માડ્યું. પર્વતની ગુફામાં રહેલા અને ધ્યાન-મૌનપૂર્વક ક્રિયામાં લીન બનેલા એક સાધુને તમોએ જોયા. તેથી ધર્મપાલ જીવે વિચાર્યું કે, અહો ! શ્રેષ્ઠ આચારનું ઘર એવા આ સાધુનો જન્મ સફળ છે. જેથી સંગનો ત્યાગ કરીને આ પ્રમાણે નિર્ભય અને શાન્ત રહે છે. પણ અમે અધન્યથી પણ અધન્ય છીએ. કારણ કે ધનની ઇચ્છાથી વિરુદ્ધ કામો કરતા અમે પરાભવના સ્થાનને પામ્યા છીએ. ધિક્કારથી

૧. પર્ણપુટ એટલે પાંદડાનો પડિયો.

હણાયેલા અમે મરીને કઇ ગતિમાં જઇશું ? દુષ્ટ સ્વભાવથી અમે ઉભયલોકના વિરાધક થયા. આ પ્રમાણે સાધુનું જીવન નિર્મલ અને પાપથી રહિત છે. અમારું જીવન એમના જીવનથી વિપરીત છે. આથી અમારું કલ્યાણ ક્યાંથી થાય? બીજો મુનિ પ્રત્યે ઉદાસીન રહ્યો. એકે ગુણરાગથી બોધિબીજ પ્રાપ્ત કર્યું. બીજાએ પ્રાપ્ત ન કર્યું. તમે મરીને અહીં અનિંદિત આચારવાળા અને વેપારમાં તત્પર એવા આ વણિકપુત્રો થયા છો. તેથી આ એકને અહીં બીજનું સદ્બોધરૂપ ફળ મળ્યું. બીજો બીજ રહિત હોવાથી તેને સદ્બોધરૂપ ફળ ન મળ્યું. આ પ્રમાણે જિને વિસ્તારથી કહેલા પૂર્વભવના આચરણને સાંભળીને એકને ક્ષણવારમાં જાતિસ્મરણ જ્ઞાન થયું. તેથી (જિને કહેલા વૃત્તાંતની) ખાતરી થતાં તે સંવેગથી ભાવિત થયો. જિને કહેલાં શુભ શાસનને (=જિનાજ્ઞાને) ભાવથી સ્વીકાર્યું. જિનશાસનના સ્વીકારના સામાર્થ્યથી શુભકર્મનો અનુબંધ થવાના કારણે તે કાળે (=અવસરે) મોક્ષમાં જશે. બીજો સંસારમાં જ ભમશે.

**ગાથાઓનો અક્ષરાર્થ આ પ્રમાણે છે–** કૌશામ્બી નગરીમાં પરસ્પર ગાઢ પ્રીતિવાળા શ્રેષ્ઠિપુત્રો હતા. ઘણીવાર વ્યવહારની પ્રવૃત્તિમાં (–વેપારમાં) સમાન ફળનો લાભ થાય તેમ પ્રવૃત્તિ કરે છે. કોઇવાર શ્રીવીર ભગવાનનું સમવસરણ થયું. તે બંનેએ ધર્મ સાંભળ્યો. એકને બોધિબીજ થયું અને એકને બોધિબીજ ન થયું. એમ તે બેના ચિત્તનો ભેદ થયો. (૨૨૭) ધર્મપાલને હર્ષ થયો, બીજાને મધ્યસ્થભાવ થયો. પરસ્પરના ચિત્તનું જ્ઞાન થતાં ચિત્તભેદનું જ્ઞાન થયું. મોટા શ્રેષ્ઠિપુત્રે ભગવાનની પાસે અબોધિ સંબંધી પૃચ્છા કરી. હે ભગવન્ ! અમારા બે વચ્ચે સ્નેહ હોવાથી એકચિત્તવાળા અમારા બેનો ધંધા આદિના કારણે સદા ઘણો સંબંધ હતો. તેથી મારો મિત્ર કયા કારણથી મુક્તિ રૂપી કલ્પવૃક્ષનું બીજ સમ્યક્ત્વ ન પામ્યો ? (૨૨૮) તેથી ભગવાને તે બેના પૂર્વના વૃત્તાન્તને કહેવાનું શરૂ કર્યું. તે આ પ્રમાણે– તમે પૂર્વભવમાં ગામમુખીના પુત્ર હતા. ક્યારેક તમે બેએ ગાયોની ચોરી કરી. તેથી કોટવાળોએ તમને ત્રાસ પમાડવાનું શરૂ કર્યું તેથી ભાગતા તમે બેએ પર્વતની ગુફામાં સાધુને જોયા. ત્યાં એકે ધર્મપ્રશંસા કરી. બીજો ઉદાસીન રહ્યો. તેથી તે બંનેને અનુક્રમે બીજની અને બીજના અભાવની પ્રાપ્તિ થઇ. (૨૨૯)

**अथ पूर्वोक्तमुदाहरणं निगमयन् बीजशुद्धिं दर्शयति—**

**एवं कम्मोवसमा, सद्धम्मगयं उवाहिपरिसुद्धं ।**
**थेवं पणिहाणादिवि, बीजं तस्सेव अणहंति ॥२३०॥**

**एवं-द्रङ्गिकप्रथमपुत्रवत् कर्मोपशमाद्-बहलतमःपटलप्रवर्त्तकमिथ्यात्वमोह-मान्द्यात् सद्धर्मगतं-शुद्धधर्म्मानुसारि, उपाधिपरिशुद्धम्-उपाधिभिः-उपादेयताबुद्धि-**

**आहारादिदशसंज्ञाविष्कम्भफलाभिसन्धिरहितत्वलक्षणैर्निर्मलभावमानीतं, स्तोकं-वक्ष्यमाणापिशब्दस्येहाभिसम्बन्धात् स्तोकमपि 'प्रणिधानादि' प्रणिधानं-कुशल-चित्तन्यासः, आदिशब्दात् [1]प्रशस्तोचितकृत्यकरणग्रहो बीजं-प्ररोहहेतुस्तस्यैव-सद्धर्मस्यानघम्-अवन्ध्यमिति ॥२३०॥**

હવે પૂર્વોક્ત ઉદાહરણનો ઉપસંહાર કરતા ગ્રંથકાર બીજશુદ્ધિને બતાવે છે–

**ગાથાર્થ**–આ પ્રમાણે કર્મના ઉપશમથી શુદ્ધધર્મને અનુસરનારું અને ઉપાધિથી પરિશુદ્ધ અલ્પ પણ પ્રણિધાનાદિ શુદ્ધ ધર્મનું જ અવંધ્ય બીજ છે. (૨૩૦)

**ટીકાર્થ–આ પ્રમાણે**- ગામના મુખીના પ્રથમ પુત્રની જેમ.

**કર્મના ઉપશમથી**–ઘણા અજ્ઞાનરૂપ અંધકાર સમૂહને પ્રવર્તાવનાર મિથ્યાત્વમોહની મંદતાથી.

**ઉપાધિથી પરિશુદ્ધ**–પ્રણિધાનમાં[2] ઉપાદેય બુદ્ધિ હોવી જોઈએ, આહારાદિ દશ સંજ્ઞાનો નિગ્રહ હોવો જોઈએ. સંસારના ફલની આકાંક્ષા ન હોવી જોઈએ. આ રીતે નિર્મલ ભાવને પમાડાયેલ પ્રણિધાન ઉપાધિથી પરિશુદ્ધ છે.

**પ્રણિધાનાદિ**–પ્રણિધાન એટલે જિનાદિ વિષે કુશલ ચિત્તનો ન્યાસ. આદિ શબ્દથી "પ્રશસ્ત અને ઉચિત કર્તવ્યો કરવા" એ ગ્રહણ કરવું.

**બીજ**–ઉત્પત્તિનું કારણ.

**ભાવાર્થ**–જે જીવને "જિન વિષે કુશલ ચિત્ત" વગેરે જ ઉપાદેય છે એવી બુદ્ધિ થાય છે, આહારસંજ્ઞા વગેરે સંજ્ઞાઓથી રહિત બનીને જિનને નમસ્કાર વગેરે અનુષ્ઠાન કરે છે, અનુષ્ઠાનના ફળરૂપે આ લોકના અને પરલોકના સુખની આશંસા નથી, તે જીવનું "જિન વિષે કુશળ ચિત્ત" વગેરે બીજ ઉપાધિથી પરિશુદ્ધ છે અને એથી તેનું ધર્મબીજ અવંધ્ય હોવાથી અવશ્ય શુદ્ધધર્મની પ્રાપ્તિનું કારણ બને છે, ભવિષ્યમાં તેને અવશ્ય સમ્યક્ત્વ વગેરે શુદ્ધધર્મની પ્રાપ્તિ થાય છે. પણ જો પોતે જે કંઈ ધર્માનુષ્ઠાન કરે છે તેમાં ઉપાદેય બુદ્ધિ ન હોય તથા આ લોક અને પરલોકના સુખની આશંસાથી કરે તો તે ધર્મબીજ અશુદ્ધ હોવાથી તેનાથી ભવિષ્યમાં શુદ્ધ ધર્મની પ્રાપ્તિ ન થાય (૨૩૦)

**इदमेव किञ्चिद् विशेषत आह—**

१. ख. प्रशंसोचित ।

૨. આની વિશેષ સમજ માટે યોગદૃષ્ટિ સમુચ્ચયની ૨૫મી ગાથાનો ગુજરાતી ભાવાનુવાદ વાંચવો જરૂરી છે.

**एयं च एत्थ णेयं, जहा कहिंचि जायम्मि एयम्मि ।**
**इहलोगादणवेक्खं, लोगुत्तरभावरुइसारं ॥२३१॥**

**एतच्च-धर्मबीजमत्र-लोकोत्तरधर्म्माराधनप्रक्रमे ज्ञेयं, यथाकथञ्चित्-काकतालीयान्धकण्टकीयादिज्ञातप्रकारेण जाते एतस्मिन्-कर्म्मोपशमे, कीदृशमित्याह-इहलोकाद्यनपेक्षम्-ऐहलौकिकपारलौकिकफलाभिलाषविकलम् । तथा, लोकोत्तरभावरुचिसारं-जैनशासनसूचितदयादानाद्यनवद्यभावश्रद्धानप्रधानम्, लौकिकभावेषु हि दृढविपर्यासानुगतेषु श्रद्धायां व्यावृत्तविपर्याससद्धर्मबीजभावानुपपत्तेरिति ॥२३१॥**

આ જ વિષયને કંઈક વિશેષથી કહે છે–

**ગાથાર્થ–** અહીં યથાકથંચિત્ કર્મનો ઉપશમ થયે છતે આ લોક-પરલોકના ફળની અભિલાષાથી રહિત અને લોકોત્તર ભાવરુચિની પ્રધાનતાવાળું ધર્મબીજ જાણવું.

**ટીકાર્થ– અહીં-** લોકોત્તર ધર્મની આરાધનાના પ્રારંભમાં.

**યથાકથંચિત્–** કાકતાલીય ન્યાયથી કે અંધકંટકીય વગેરે ન્યાયથી. કાગડાએ બેસવું અને તાળના ફળનું પડવું એ કાકતાલીય ન્યાય છે. એ રીતે જે કાર્ય પ્રયત્ન વિના આકસ્મિક થાય તે કાર્ય કાકતાલીય ન્યાયથી થયું કહેવાય. આંધળા માણસે પગમાં હાથ ફેરવ્યો અને પગમાંથી કાંટો નીકળી ગયો. એ રીતે જે કાર્ય પ્રયત્ન વિના આકસ્મિક થાય તે કાર્ય અંધકંટકીય ન્યાયથી થયું કહેવાય.

પ્રસ્તુતમાં કર્મનો ઉપશમ(–મિથ્યાત્વમોહની મંદતા) જીવના પ્રયત્ન વિના આકસ્મિક થાય છે માટે કાકતાલીય **ન્યાયથી**[1] એમ કહ્યું.

**લોકોત્તર ભાવરુચિની પ્રધાનતાવાળું–** જૈનશાસનમાં સૂચિત દયા અને દાન વગેરે નિષ્પાપ ભાવોની (–ગુણોની) શ્રદ્ધાની પ્રધાનતાવાળું, અર્થાત્ જેમાં જૈનશાસનમાં બતાવેલા નિષ્પાપ દયા-દાન આદિ ગુણોની શ્રદ્ધા હોય તેવું ધર્મબીજ. દૃઢ વિપર્યાસથી યુક્ત લૌકિક ભાવોની શ્રદ્ધામાં વિપર્યાસ રહિત શુદ્ધ ધર્મબીજની સત્તા ઘટી શકે નહિ (વિપર્યાસ મહા અનર્થનું કારણ છે એમ પૂર્વે જણાવ્યું છે. લૌકિક ભાવોની શ્રદ્ધામાં વિપર્યાસ રહેલો હોય છે. શુદ્ધ ધર્મના બીજમાં વિપર્યાસ ન હોય. દૃઢ વિપર્યાસ ન હોય તો જ શુદ્ધ ધર્મના બીજની વાવણી થઈ શકે છે. માટે અહીં શુદ્ધ ધર્મબીજનું લોકોત્તર ભાવરુચિની પ્રધાનતાવાળું એવું વિશેષણ છે.)

૧. નદી ઘોલ પાષાણ ન્યાયથી કે ઘુણાક્ષર ન્યાયથી એમ પણ કહી શકાય.

**અહીં તાત્પર્ય આ પ્રમાણે છે–** જે જીવ લોકોત્તર ધર્મની આરાધના કરનારો બનવાનો હોય તે જીવમાં પ્રારંભમાં કાકતાલીય ન્યાયથી મિથ્યાત્વમોહની મંદતારૂપ કર્મોપશમ થાય છે. એના કારણે તે જીવ ધર્મમાં આ લોક-પરલોકના ફળની અપેક્ષાથી રહિત બને છે. તથા જિનશાસનમાં કહેલા દયા-દાન આદિ ગુણો ઉપર શ્રદ્ધાવાળો બને છે. આવો જીવ લોકોત્તર ધર્મની થોડી પણ જે આરાધના કરે તે આરાધના શુદ્ધધર્મનું બીજ બને છે. એનાથી એને ભવિષ્યમાં અવંધ્ય લોકોત્તર સમ્યક્ત્વ વગેરે ધર્મની પ્રાપ્તિ થાય છે. (૨૩૧૨)

एतदेवाधिकृत्याह—

**पायमणक्खेयमिणं, अणुहवगम्मं तु सुद्धभावाणं ।**
**भवखयकरंति गरुयं, बुहेहिं सयमेव विन्नेयं ॥२३२॥**

**प्रायो-बाहुल्येन बहुमानस्वरूपेणेत्यर्थः, अनाख्येयम्-आख्यातुमशक्यमिदं-धर्मबीजं परेभ्यः। एवं तर्ह्यसंवेद्यमप्येतत्स्यादित्याशङ्क्याह-अनुभवगम्यं तु-स्वसंवेदन-प्रत्यक्षपरिच्छेद्यं पुनः शुद्धभावानाम्-अमलीमसमानसानाम् । तथा, भवक्षयकरं-संसार-व्याधिविच्छेदहेतुरिति-अस्मात् कारणाद् गुरुकं-सर्वजनाभिमतचिन्तारत्नादिभ्योऽपि महद् बुधैः 'स्वयमेव' निजोहापोहयोगतो विज्ञेयम्, इक्षुक्षीरादिरसमाधुर्यविशेषाणा-मिवानुभवेऽप्यनाख्येयत्वात् । उक्तं च-"इक्षुक्षीरगुडादीनां, माधुर्यस्यान्तरं महत् । तथापि न तदाख्यातुं, सरस्वत्याऽपि शक्यते ॥१॥२३२॥"**

આ જ વિષયને આશ્રયીને કહે છે–

**ગાથાર્થ**–ધર્મબીજ પ્રાયઃ (=મોટા ભાગે) બીજાઓને કહી શકાય તેવું નથી, પણ શુદ્ધભાવવાળા જીવો તેને અનુભવથી જાણી શકે છે. ધર્મબીજ સંસારનો ક્ષય કરનારું હોવાથી મહાન છે. આ નિપુણ પુરુષોએ સ્વયં જાણવું.

ટીકાર્થ– **અનુભવથી જાણી શકે છે–** સ્વસંવેદનથી પ્રત્યક્ષ જાણી શકે છે. ધર્મબીજ પ્રાયઃ બીજાઓને કહી શકાય તેવું નથી. આથી સ્વસંવેદનથી પણ ન જાણી શકાય તેવું હોય એવી આશંકા કરીને અહીં કહ્યું કે શુદ્ધભાવવાળા જીવો તેને અનુભવથી જાણી શકે છે.

**સંસારનો ક્ષય કરનારું છે–** સંસારરૂપ વ્યાધિના નાશનો હેતુ છે.

**મહાન છે–** સંસારરૂપ વ્યાધિના નાશનો હેતુ હોવાથી જ સર્વલોકને ઈષ્ટ એવા ચિંતામણિ રત્ન વગેરેથી પણ મહાન છે.

**નિપુણ પુરુષોએ સ્વયં જાણવું**– નિપુણ પુરુષોએ જાતે જ તર્ક-વિતર્ક કરીને જાણવું. જેવી રીતે ઇક્ષુ-ઈક્ષુરસ વગેરેના રસની મધુરતામાં રહેલી વિશેષતાનો અનુભવ થવા છતાં તેને વાણીમાં ઉતારી શકાતી નથી તેવી રીતે[1] ધર્મબીજ સ્વયં અનુભવવા છતાં બીજાને કહી શકાતું નથી.

કહ્યું છે કે– "ઇક્ષુ-ઈક્ષુરસ-ગોળ વગેરેના માધુર્યમાં મહાન અંતર છે. તો પણ તે અંતરને કહેવા માટે સરસ્વતી પણ સમર્થ નથી." (૨૩૨)

**अथैतद् गुरुकत्वमेव भावयति—**

**जं दव्वलिंगकिरियाऽणंता तीया भवम्मि सगलावि ।**
**सव्वेसिं पाएणं, ण य तत्थवि जायमेयंति ॥२३३॥**

**यद् यस्माद् द्रव्यलिङ्गक्रियाः-पूजाद्यभिलाषेणाव्यावृत्तमिथ्यात्वादिमोहमलतया द्रव्यलिङ्गप्रधानाः शुद्धश्रमणभावयोग्याः प्रत्युपेक्षणाप्रमार्जनादिकाश्चेष्टाः, किमित्याह-अनन्ताः- अनन्तनामकसंख्याविशेषानुगता अतीताः-व्यतिक्रान्ता भवे-संसारे सकला अपि-तथाविधसामग्रीवशात् परिपूर्णा अपि सर्वेषां भवभाजां प्रायेण, अव्यवहारिक-राशिगतानल्पकालतन्निर्गतांश्च मुक्त्वेत्यर्थः । ततोऽपि किमित्याह-न च-नैव तत्रापि-तास्वपि सकलासु द्रव्यलिङ्गक्रियासु जातमेतत्-सद्धर्म्मबीजमिति । कथञ्चित् कषाया-प्रवृत्तिलक्षणलेश्याशुद्धावपि निरवधिभवभ्रमणयोग्यतालक्षणस्य सहजस्य भावमलस्य प्रभूतस्याद्यापि भावात् । यथोक्तम्—"एतद् भावमले क्षीणे, प्रभूते जायते नृणाम् । करोत्यव्यक्तचैतन्यो, महत् कार्यं न यत् क्वचित् ॥१॥२३३॥**

ધર્મબીજની આ મહત્તાને જ વિચારે છે–

**ગાથાર્થ**– કારણકે સંસારમાં પ્રાયઃ સર્વ જીવોની સંપૂર્ણ પણ દ્રવ્યલિંગ ક્રિયા અનંત થઇ છે. તે દ્રવ્યલિંગ ક્રિયાઓમાં પણ શુદ્ધધર્મનું બીજ થયું નથી.

**ટીકાર્થ– સર્વજીવોની**– અવ્યવહાર રાશિમાં રહેલા અને અવ્યવહાર રાશિમાંથી થોડા જ કાળ પહેલા નીકળેલા હોય તેવા જીવોને છોડીને સર્વ જીવોની.

**સંપૂર્ણ પણ**– તેવા પ્રકારની સામગ્રીના કારણે સંપૂર્ણ પણ.

**દ્રવ્યલિંગ ક્રિયા**–મિથ્યાત્વાદિ મોહરૂપ મળ દૂર ન થવાના કારણે પૂજા આદિની અભિલાષાથી દ્રવ્યલિંગની પ્રધાનતાવાળી(–ભાવ રહિત) અને શુદ્ધશ્રમણભાવને પ્રાયોગ્ય એવી પ્રત્યુપેક્ષણા-પ્રમાર્જના વગેરે ક્રિયા એ દ્રવ્યલિંગ ક્રિયા છે.

૧. અહીં ધર્મબીજ અનુભવગમ્ય છે એનો અર્થ એ છે કે ધર્મબીજની વાવણી થાય ત્યારે આત્મામાં જે વિશિષ્ટ અધ્યવસાયો થાય છે અને જે આનંદ થાય છે તે અનુભવગમ્ય છે.

**પ્રશ્ન**–'પ્રાયઃ સર્વજીવોની' એમ પ્રાયઃ શા માટે કહ્યું છે ?

**ઉત્તર**–જે જીવો અવ્યવહાર રાશિમાં રહેલા છે, તથા જે જીવોને અવ્યવહાર રાશિમાંથી નીકળ્યા ને હજી અલ્પકાળ થયો છે, તેવા જીવોની દ્રવ્યલિંગ ક્રિયા અનંત નથી થઇ. આથી તેવા જીવોને છોડીને સર્વજીવો સમજવા એમ જણાવવા પ્રાયઃ સર્વ જીવોની એમ પ્રાયઃ કહ્યું છે.

**પ્રશ્ન**–દ્રવ્યલિંગ ક્રિયામાં કષાયો પ્રવર્તતા નથી છતાં શુદ્ધ ધર્મનું બીજ કેમ ન થયું ?

**ઉત્તર**–દ્રવ્યલિંગ ક્રિયામાં કોઇક રીતે કષાયોની પ્રવૃત્તિ ન થવા રૂપ લેશ્યાની શુદ્ધિ હોવા છતાં અનંતભવ ભ્રમણની યોગ્યતારૂપ સહજ ભાવમલ હજી પણ ઘણો હોવાથી શુદ્ધ ધર્મનું બીજ ન થયું. કહ્યું છે કે–

**एतद् भावमले क्षीणे, प्रभूते जायते नृणाम् ।**
**करोत्यव्यक्तचैतन्यो, महत् कार्यं न यत् क्वचित् ॥ यो. द. स. ३०॥**

આ ગાથાનો અર્થ આ પ્રમાણે છે–

ભાવમલ ઘણો જ ક્ષીણ થઇ જાય ત્યારે મનુષ્યોને યોગબીજોનું ગ્રહણ થાય છે, અર્થાત્ ભાવમલ ઘણો જ ક્ષીણ થઇ જાય ત્યારે મનુષ્યો યોગબીજોને ગ્રહણ કરે છે– લે છે. અવ્યક્ત ચૈતન્ય જીવ ક્યાંય ધનોપાર્જન અને ધાર્મિક અનુષ્ઠાન આદિ મોટું કાર્ય કરતો નથી, કિંતુ વ્યક્તચૈતન્ય જ કરે છે.

**ભાવમલ**– ભાવમલ એટલે તે તે પુદ્ગલાદિની સાથે સંબંધની યોગ્યતા, અર્થાત્ આત્મામાં રહેલી કર્મસંબંધની યોગ્યતા એ ભાવમલ છે. (યો.બિં.ગા.૧૬૪) આ ભાવમલ પુદ્ગલ પરાવર્તોનો આક્ષેપક છે–ખેંચનાર છે, અર્થાત્ આ ભાવમલના કારણે સંસારમાં જીવના પુદ્ગલપરાવર્તો થાય છે, એથી ભાવમલ જેટલો વધારે તેટલા પુદ્ગલપરાવર્તો વધારે થાય.

**મનુષ્યો**– ચારેગતિના જીવો યોગબીજોને ગ્રહણ કરી શકે છે. આમ છતાં મોટા ભાગે યોગબીજ ગ્રહણના અધિકારી મનુષ્યો છે. માટે અહીં મનુષ્ય શબ્દનો ઉલ્લેખ કર્યો છે.

**અવ્યક્તચૈતન્ય**– અવ્યક્ત ચૈતન્ય એટલે હિત-અહિતના વિવેકથી રહિત બાલજીવ. વ્યક્તચૈતન્ય એટલે હિત-અહિતના વિવેકથી યુક્ત.

જેવી રીતે વ્યવહારમાં હિત-અહિતના વિવેકથી રહિત બાળક ધનોપાર્જન આદિ મોટું કાર્ય કરતો નથી, કિંતુ હિત-અહિતના વિવેકથી યુક્ત યુવાન વગેરે જ કરે છે, તેવી રીતે પ્રસ્તુતમાં આધ્યાત્મિક દૃષ્ટિએ હિત-અહિતના વિવેકથી રહિત બાળજીવ ધાર્મિક અનુષ્ઠાન (શુભ ભાવથી) કરતો નથી, કિંતુ હિત-અહિતના વિવેકથી યુક્તજીવ જ કરે છે. જેનામાં

ભાવમલ ઘણો હોય તે જીવમાં આધ્યાત્મિક દૃષ્ટિએ (હિત-અહિતનો) વિવેક હોતો જ નથી. ભાવમલ ઘણો ક્ષીણ થઇ જાય ત્યારે જ જીવમાં આધ્યાત્મિક દૃષ્ટિએ હિત-અહિતનો વિવેક પ્રગટે છે. માટે અહીં ઘણો ભાવમલ ક્ષીણ થઇ જાય ત્યારે મનુષ્ય યોગબીજોને ગ્રહણ કરે છે એમ કહ્યું. (૨૩૩)

**ता एयम्मि पयत्तो, ओहेणं वीयरायवयणम्मि ।**
**बहुमाणो कायव्वो, धीरेहिं कयं पसंगेण ॥२३४॥**

**तत्-तस्मादेतस्मिन्-धर्मबीजे प्रयत्नो-यत्नातिशयः कर्तव्यो धीरैरित्युत्तरेण योगः । किंलक्षणः प्रयत्नः कर्त्तव्य इत्याशङ्क्याह-ओघेन-सामान्येन वीतरागवचने-वीतरागागमप्रतिपादितेऽपुनर्बन्धकचेष्टाप्रभृत्ययोगिकेवलिपर्यवसाने तत्तच्चित्त-शुद्धसमाचारे बहुमानो-भावप्रतिबन्धः क्षयोपशमवैचित्र्याद् मृदुमध्याधिमात्रः कर्त्तव्यो धीरैः-बुद्धिमद्भिः। उपसंहरन्नाह-कृतं प्रसङ्गेन-पर्याप्तं धर्मबीजप्रख्यापनेनेति ॥२३४॥**

**ગાથાર્થ–** તેથી બુદ્ધિમાન પુરુષોએ ધર્મબીજમાં અતિશય યત્ન કરવો જોઇએ. કેવા પ્રકારનો પ્રયત્ન કરવો જોઇએ એવી આશંકા કરીને કહે છે– સામાન્યથી વીતરાગ વચનમાં બહુમાન રૂપ પ્રયત્ન કરવો જોઇએ. ધર્મબીજનું વર્ણન આટલું બસ છે.

**ટીકાર્થ– વીતરાગ વચનમાં–** વીતરાગના આગમમાં જણાવેલા, અપુનર્બંધકની ક્રિયાથી આરંભીને અયોગિકેવલી સુધીના, તે તે ચિત્તથી શુદ્ધ એવા સમ્યક્ આચારોમાં.

(અહીં સમ્યક્ આચારોમાં બહુમાન કરવું જોઇએ એમ કહ્યું છે. કેવા સમ્યક્ આચારોમાં બહુમાન કરવું જોઇએ એ જણાવવા ત્રણ વિશેષણો છે. (૧) જે સમ્યક્ આચારો વીતરાગના આગમમાં જણાવેલા હોય તેવા સમ્યક્ આચારોમાં બહુમાન કરવું જોઇએ. (૨) એ સમ્યક્ આચારો કેવા જીવથી પ્રારંભી કેવા જીવ સુધીમાં હોય છે એ જણાવવા અપુનર્બંધકની ક્રિયાથી આરંભીને અયોગિકેવલી સુધીના સમ્યક્ આચારો એમ કહ્યું છે. (૩) તે આચારો તે તે ચિત્તથી શુદ્ધ હોય તો સમ્યક્ બને તે જણાવવા તે તે ચિત્તથી શુદ્ધ એમ કહ્યું છે. તે તે ચિત્તથી શુદ્ધ એટલે અપુનર્બંધક, સમ્યગ્દષ્ટિ વગેરેનું જે ચિત્ત તે ચિત્તથી શુદ્ધ. અપુનર્બંધક આદિના ચિત્તમાં ધર્મક્રિયાના ફળરૂપે આ લોકના કે પરલોકના ભૌતિક સુખ મેળવવાની ઇચ્છા હોતી નથી. આથી તેવા ચિત્તથી શુદ્ધ થયેલા આચારો સમ્યક્ હોય.)

**બહુમાન–** ભાવથી રાગ. આ રાગ બધાને એક સરખો ન હોય, કેમકે જીવોનો (મોહનીયકર્મનો) ક્ષયોપશમ વિચિત્ર હોય છે. આથી જેટલા પ્રમાણમાં ક્ષયોપશમ હોય તેટલા

પ્રમાણમાં રાગ હોય. જો મંદ ક્ષયોપશમ હોય તો રાગ મૃદુ(-જઘન્ય) હોય, મધ્યમ ક્ષયોપશમ હોય તો રાગ મધ્યમ હોય, તીવ્ર ક્ષયોપશમ હોય તો રાગ અધિક હોય. (૨૩૪)

**अथाज्ञापूर्वकप्रवृत्तावपि प्राक्प्रपञ्चितबुद्धिपरिणतिरूपा मीमांसैव कार्यसाधिकेति प्रपञ्चयितुमिच्छुराह—**

**वेयावच्चं न पडति, अणुबंधेल्लंति सहरिसं एक्को ।**
**एत्तो एत्थ पयट्टति, धणियं णिय सत्तिनिरवेक्खं ॥२३५॥**

**वैयावृत्त्यम्-अन्नपानौषधभैषजदानादिना पादधावनशरीरसंवाहनशयनासन-रचनादिना च साधुजनोपकारिणा चित्ररूपेण क्रियाविशेषेण व्यावृत्तभावो न-नैव पतति-भज्यते । अत्र हेतुमाह—'अणुबंधेल्लं' ति अनुबन्धोऽनुगमोऽव्यवच्छेद इत्येकोऽर्थ-स्तदस्यास्तीत्यनुबन्धवत्, तथा चोक्तम्—"पडिभग्गस्स मयस्स व, नासइ चरणं सुयं अगुणणाए । न उ वेयावच्चकयं, सुहोदयं नासए कम्मं ॥१॥" इत्यस्मात् कारणात् सहर्ष-प्रकटितप्रमोदमेकः कश्चित् स्वभावत एव वैयावृत्त्यरुचिरितो-वैयावृत्त्यं न पततीति लक्षणात् सर्वज्ञवचनादत्र-वैयावृत्त्ये प्रवर्त्तते धनिकम्-अत्यर्थम् । इदमेव व्याचष्टे-निजशक्तिनिरपेक्षं स्वल्पबुद्धितया स्वसामर्थ्यानपेक्षणेन । यथा हि कश्चिदपरिणतप्रज्ञः सञ्जाततीव्रबुभुक्षः स्वजठरानलबलोल्लङ्घनेन भुञ्जानो न कञ्चन गुणमवाप्नोति, किन्त्वग्निमान्द्यापादनेन दोषमेव । एवं प्रस्तुतवैयावृत्त्येऽपि भावना कार्या ॥२३५॥**

હવે આજ્ઞાપૂર્વક થતી પ્રવૃત્તિમાં પણ, પૂર્વે જેનું વિસ્તારથી વર્ણન કર્યું છે તે બુદ્ધિની પરિણતિ(-પરિપક્વ અવસ્થા) રૂપ વિચારણા જ કાર્યને સાધનારી છે, એમ વિસ્તારથી જણાવવાની ઇચ્છાવાળા ગ્રંથકાર કહે છે-

**ગાથાર્થ-** વૈયાવૃત્ત્ય અનુબંધવાળું હોવાથી અપ્રતિપાતી છે. આથી કોઇક હર્ષસહિત સ્વશક્તિનિરપેક્ષ બનીને વેયાવચ્ચમાં અતિશય પ્રવૃત્તિ કરે છે.

**ટીકાર્થ- વૈયાવૃત્ત્ય-** આહાર-પાણી અને ઔષધ-ભૈષજ[1] લાવીને આપવું વગેરે, તથા ચરણોનું પ્રક્ષાલન, શરીરનું મર્દન (અંગચંપી), સંથારો અને આસન પાથરવું વગેરે સાધુલોકને ઉપકાર કરનારી વિવિધ પ્રકારની ક્રિયાવિશેષથી સેવા કરવામાં લાગ્યા રહેવું તે વૈયાવૃત્ત્ય, અર્થાત્ જે ક્રિયાથી સાધુઓને ઉપકાર થાય(-શાતા મળે, સહાયતા મળે, અનુકૂળતા થાય, સમાધિ થાય) તેવી કોઇ પણ ક્રિયા કરવી તે વૈયાવૃત્ત્ય(-વેયાવચ્ચ) છે.

૧. એક જ વસ્તુ જેમાં હોય તેવી દવાને ઔષધ કહેવામાં આવે છે અને અનેક વસ્તુઓ જેમાં હોય તેવી દવાને ભૈષજ કહેવામાં આવે છે.

**અનુબંધવાળું–** અનુબંધ, અનુગમ(–પરંપરા ચાલવી) અને વિચ્છેદનો અભાવ વગેરે શબ્દોનો એક અર્થ છે. જેનો અનુબંધ ચાલે–પરંપરા ચાલે તે અનુબંધવાળું કહેવાય. વૈયાવૃત્ત્ય અનુબંધવાળું છે. આ વિષે કહ્યું છે કે–

**"સંયમના ભંગથી અથવા મૃત્યુ થવાથી ચારિત્ર નાશ પામે છે. પરાવર્તન ન કરવાથી શ્રુત નાશ પામે છે. પણ વેયાવચ્ચથી કરાયેલું શુભ ઉદયવાળું કર્મ ક્યારે પણ નાશ પામતું નથી."**

**સ્વશક્તિ નિરપેક્ષ બનીને–** સ્વભાવથી જ વૈયાવૃત્ત્ય કરવાની રુચિવાળો કોઈક પુરુષ અલ્પ બુદ્ધિ હોવાના કારણે વૈયાવૃત્ત્ય અપ્રતિપાતી છે એવા સર્વજ્ઞ વચનને યાદ કરીને પોતાની શક્તિનો વિચાર કર્યા વિના વેયાવચ્ચમાં અતિશય પ્રવૃત્તિ કરે છે.

જેવી રીતે અપરિપક્વ બુદ્ધિવાળો કોઈ પુરુષ અતિશય ભૂખ લાગવાના કારણે પોતાની જઠરાગ્નિના બલનું ઉલ્લંઘન કરીને (પોતાની પચાવવાની શક્તિથી વધારે) ભોજન કરે તો તે કોઈ લાભને પામતો નથી, બલ્કે જઠરાગ્નિને (–પચાવવાની શક્તિને) મંદ બનાવવાના કારણે દોષને જ પામે છે, એ પ્રમાણે પ્રસ્તુત વેયાવચ્ચમાં પણ ભાવના કરવી.

**ભાવાર્થ–** વેયાવચ્ચ કરવાની પોતાની શક્તિનો વિચાર કર્યા વિના વેયાવચ્ચ કરવામાં આવે તો પોતાના બીજા યોગો સીદાય અને વેયાવચ્ચ કરવાની ભાવના ભાંગી જાય વગેરે અનેક દોષોની સંભાવના છે. માટે પોતાની શક્તિનો બરોબર વિચાર કરીને શક્તિ પ્રમાણે વેયાવચ્ચ કરવી એમ કહેવાનો આશય છે. (૨૩૫)

**इत्थमल्पमतिविषयं वैयावृत्त्यमभिधाय, अधुना तद्विपर्ययेणाभिधातुमाह—**

**अन्नो उ किं इमं भन्नतित्ति वयणाओ कह व कायव्वं ।**
**सत्तीएँ तह पयट्टति, जह साहति बहुगमेयं तु ॥२३६॥**

**अन्यः पुनः वैयावृत्त्यरुचिरेव धार्मिकविशेषो बहुमतिः किमिदं-वैयावृत्त्यं भण्यते शास्त्रेष्विति वैयावृत्त्यस्वरूपं प्रथमतो मीमांसते, अज्ञातस्य तु कर्त्तुमशक्यत्वात् । ततो वचनाज्जानीते संयतलोकस्योचितार्थसम्पादनरूपमेतदिति । तथा, कथं वा-केन वा प्रकारेण गुरुबालवृद्धादिजनोचितप्रवृत्तिरूपेण कर्त्तव्यमिति । इत्यूहापोहयोगेन शक्त्या-स्वसामर्थ्यानुरूपं तथा प्रवर्त्तते प्रस्तुत एव वैयावृत्त्ये यथा साधयति बहुकमेतत्तु-इदमेव वैयावृत्त्यं, शक्तेरत्रोटनेन प्रतिदिनं वृद्धिभावादिति भावः ॥२३६॥**

**આ પ્રમાણે અલ્પમતિવાળા જીવની વેયાવચ્ચ કહીને હવે તેનાથી વિપરીત રીતે(-બુદ્ધિમાન જીવ કેવી રીતે વેયાવચ્ચ કરે તેમ) કહેવાની ઈચ્છાવાળા ગ્રંથકાર કહે છે–**

**ગાથાર્થ–** (૧) બીજો જીવ આ (-વેયાવચ્ચ) શું કહેવાય છે, અર્થાત્ શાસ્ત્રોમાં વેયાવચ્ચનું સ્વરૂપ કેવું કહેવામાં આવ્યું છે તે વિચારે છે. (૨) પછી વચનથી વેયાવચ્ચનું સ્વરૂપ જાણે છે. (૩) પછી વેયાવચ્ચ કેવી રીતે કરવી જોઈએ તે વિચારે છે. પોતાની શક્તિ પ્રમાણે તેવી રીતે પ્રવર્તે, કે જેવી રીતે ઘણી વેયાવચ્ચ સાધે.

**ટીકાર્થ–** (૧) વેયાવચ્ચની રુચિવાળો જ અને નિપુણમતિ એવો ધાર્મિકવિશેષ જીવ પહેલો વિચાર એ કરે છે કે શાસ્ત્રોમાં વેયાવચ્ચનું સ્વરૂપ કેવું જણાવ્યું છે. કારણકે જેનું જ્ઞાન જ ન હોય તે કાર્ય ન કરી શકાય. આવો વિચાર કર્યા પછી તે શાસ્ત્રવચનથી જાણે છે કે સાધુઓનું ઉચિત કાર્ય કરવું તે વેયાવચ્ચ છે. (૨) તથા ગુરુ-બાલ-વૃદ્ધ આદિની વેયાવચ્ચ કેવી ઉચિત પ્રવૃત્તિથી કરવી જોઈએ તેવો તર્ક-વિર્તક કરે છે. (૩) આ પ્રમાણે તર્ક-વિતર્ક કર્યા પછી પોતાની શક્તિ પ્રમાણે વેયાવચ્ચમાં તેવી રીતે પ્રવૃત્તિ કરે છે કે જેથી ઘણી વેયાવચ્ચ કરે છે. કારણ કે શક્તિનો ક્ષય ન થવાના કારણે પ્રતિદિન વેયાવચ્ચનો ભાવ અને વેયાવચ્ચ વધતી રહે છે.(૨૩૬)

**अत एव पौर्वापर्यशुद्धां वैयावृत्त्यविषयामाज्ञां दर्शयति—**

**पुरिसं तस्सुवयारं, अवयारं वऽप्पणो य णाऊणं ।**
**कुज्जा वेयावडियं, आणं काउं निरासंसो ॥२३७॥**

**पुरुषम्-आचार्योपाध्यायप्रवर्त्तकस्थविरगणावच्छेदकलक्षणपदस्थपुरुषपञ्चकरूपं ग्लानादिरूपं च, तथा तस्य-पुरुषस्योपकारम्-उपष्टम्भं ज्ञानादिवृद्धिलक्षणम्, अपकारं च-तथाविधावस्थावैगुण्यात् श्लेष्मादिप्रकोपलक्षणम्, तथाऽऽत्मनश्च-स्वस्यापि शुद्धसमाधिलाभरूपमुपकारमपकारं च शेषावश्यककृत्यान्तरहानिस्वभावं वा ज्ञात्वा सूक्ष्माभोगपूर्वकं कुर्याद्-विदध्यात् । वैयावृत्यम्-उक्तरूपमाज्ञां कृत्वा-सर्वज्ञोपदेशोऽयमिति मनसि व्यवस्थाप्य निराशंसः-कीर्त्यादिफलाभिलाषविकलः सन्निति ॥२३७॥**

**આથી જ વેયાવચ્ચ સંબંધી પૂર્વાપર શુદ્ધ એવી આજ્ઞાને જણાવે છે–**

**ગાથાર્થ–**પુરુષને, પુરુષના ઉપકારને અને અપકારને, પોતાના ઉપકારને અને અપકારને જાણીને તથા આજ્ઞાને મનમાં સ્થાપીને નિરાશંસ ભાવથી વેયાવચ્ચ કરે.

**ટીકાર્થ–પુરુષને જાણીને–** આચાર્ય, ઉપાધ્યાય, પ્રવર્તક, સ્થવિર અને ગણાવચ્છેદક એ પાંચ પદસ્થ પુરુષોને જાણીને તથા ગ્લાન વગેરેને જાણીને.

**પુરુષના ઉપકારને અને અપકારને જાણીને–** ઉપકાર એટલે ઉપષ્ટંભ-ટેકો, જ્ઞાનાદિની વૃદ્ધિરૂપ ઉપકારને, અને તેવા પ્રકારની અવસ્થાની ખામીના કારણે શ્લેષ્મ આદિનો પ્રકોપરૂપ અપકારને જાણીને.

**પોતાના ઉપકારને અપકારને જાણીને–** પોતાના પણ શુદ્ધ સમાધિનો લાભરૂપ ઉપકારને અને વેયાવચ્ચ સિવાયના અન્ય આવશ્યક કર્તવ્યોની હાનિ રૂપ અપકારને જાણીને.

આ બધું સૂક્ષ્મ ઉપયોગ પૂર્વક જાણીને તથા વેયાવચ્ચ કરવી એવો સર્વજ્ઞનો ઉપદેશ છે એમ મનમાં નિશ્ચય કરીને કીર્તિ આદિની અભિલાષાથી રહિત બનીને વેયાવચ્ચ કરે. (૨૩૭)

**न च वक्तव्यं क्रियात एव फलसिद्धिर्भविष्यतीति किं पुनः पुनराज्ञोद्घोषणेनेत्याह—**

**आणाबहुमाणाओ, सुद्धाओ इह फलं विसिट्ठंति ।**

**ण तु किरियामेत्ताओ, पुव्वायरिया तहा चाहु ॥२३८॥**

**आज्ञाबहुमानाद्-वचनपक्षपाताच्छुद्धात्-कुग्रहादिदोषरहितात्, इह-वैयावृत्त्यादि-कृत्येषु फलं विशिष्टं-पुण्यानुबन्धिपुण्यरूपं निरनुबन्धाशुभकर्म्मरूपं च सम्पद्यत इति। न पुनः क्रियामात्राद्-मन्त्रविवर्जितसर्पदष्टापमार्जनक्रियाकल्पात् साधुसमाचारासेवनादेः केवलाद् विशिष्टं फलमस्ति ।एतदेव दृढीकुर्वन्नाह-पूर्वाचार्यास्तथा च-तथैव-यथोच्यते-ऽस्माभिस्तथाहुः-ब्रुवते ॥२३८॥**

**ક્રિયાથી જ ફલની સિદ્ધિ થશે, વારંવાર આજ્ઞાની ઉદ્‌ઘોષણા કરવાનું શું કામ છે ? એવું ન કહેવું એમ ગ્રંથકાર કહે છે–**

**ગાથાર્થ–** અહીં શુદ્ધ આજ્ઞાબહુમાનથી વિશિષ્ટ ફળ પ્રાપ્ત થાય છે, નહિ કે ક્રિયા માત્રથી. પૂર્વાચાર્યો તે પ્રમાણે કહે છે.

**ટીકાર્થ–અહીં**–વેયાવચ્ચ વગેરે ધર્મકાર્યોમાં.

**શુદ્ધ**–કદાગ્રહ આદિ દોષથી રહિત.

**આજ્ઞાબહુમાનથી**–શાસ્ત્રવચનપક્ષપાતથી.

**વિશિષ્ટ ફલ**–પુણ્યાનુબંધી પુણ્યરૂપ અને નિરનુબંધ અશુભ કર્મબંધરૂપ વિશિષ્ટ ફલની પ્રાપ્તિ થાય છે.

**નહિ કે ક્રિયામાત્રથી**–જેવી રીતે સર્પના ઝેરને દૂર કરવાની ક્રિયાઓ મંત્ર બોલ્યા વિના કરવામાં આવે તો સર્પનું ઝેર દૂર ન થાય, તેમ શુદ્ધ આજ્ઞા બહુમાન વિના કેવલ સાધુઓના આચારોના સેવનથી વિશિષ્ટ ફલની પ્રાપ્તિ ન થાય. આ વાત જેવી રીતે અમે કહીએ છીએ તેવી જ રીતે પૂર્વાચાર્યો પણ કહે છે.

**ભાવાર્થ**–શુદ્ધ આજ્ઞાબહુમાનથી જે કોઇ ધર્મક્રિયા કરવામાં આવે તેનાથી પુણ્યાનુબંધી પુણ્યનો બંધ થાય. તથા તેવા કારણથી અશુભકર્મનો બંધ થાય તો પણ તે બંધ અનુબંધથી રહિત થાય. સંસારનું પરિભ્રમણ અશુભકર્મના બંધથી નથી થતું, કિંતુ અશુભકર્મના અનુબંધથી થાય છે. આથી શુદ્ધ આજ્ઞાબહુમાનથી થતી ધર્મક્રિયામાં અશુભકર્મનો બંધ થાય તો પણ તે અશુભકર્મ બંધ સંસાર પરિભ્રમણનું કારણ ન બને. જેમ કે (૧) સાધુ જિનાજ્ઞા મુજબ નાવડીમાં બેસીને કે પાણીમાં ચાલીને નદીના સામા કિનારે જાય તો તેમને અપ્કાય વગેરે જીવોની વિરાધના થવાથી અશુભકર્મ બંધ થાય, પણ તે અશુભકર્મબંધ સંસારનું કારણ ન બને. (૨) શ્રાવક જિનાજ્ઞા મુજબ જિનપૂજા કરે ત્યારે તેમાં અપ્કાય વગેરે જીવોની વિરાધનાથી અશુભકર્મનો અલ્પ બંધ થાય. પણ તે અશુભ કર્મ બંધ તેના સંસારનું કારણ ન બને.

## ધર્મબિંદુ ગ્રંથમાં જણાવેલી પુણ્યાનુબંધી પુણ્યની વિશેષતાઓ

(૧) પુણ્યાનુબંધી પુણ્યના ઉદયથી સુખની સામગ્રી ઘણી મળે.

(૨) અને એ સુખની સામગ્રી હલકી ન હોય કિંતુ ઊંચી–શ્રેષ્ઠ હોય[૧].

(૩) સુખનાં ઘણાં અને ઊંચાં સાધનો વિશેષ મહેનત વિના મળે[૨].

(૪) સુખનાં સાધનો નીતિથી મેળવેલાં હોય[૩].

(૫) સુખના સાધનોના ઉપભોગમાં તીવ્ર આસક્તિ ન હોય[૪].

(૬) ઘણાં અને ઊંચા સુખનાં સાધનોને ઉપયોગ કરવા છતાં તે નિમિત્તે દુર્ગતિમાં લઇ જાય તેવાં અશુભકર્મોનો બંધ થતો નથી[૫].

**यदाहुस्तदेव गाथाद्वयेन दर्शयति—**

**भावाणाबहुमाणाओ सत्तिओ सुकिरियापवित्तीवि ।**
**नियमेणं चिय इहरा, ण तक्को सुद्धोत्ति इट्ठा सा ॥२३९॥**

१. प्रभूतोदाराणि— प्रभूतानि-प्रचुराणि, उदाराणि-उदग्राणि । (ઉદગ્ર - શ્રેષ્ઠ)

२. अयत्नोपनीतत्वाद्—प्रासङ्गिकत्वात् ।

३. कुत्सिताप्रवृत्तेः—कुत्सितेषु-नीतिमार्गोत्तीर्णेषु ।

४. अभिष्वङ्गाभावाद्—भरतादीनामिव निबिडगृद्ध्यभावात् ।

५. बन्धहेतुत्वाभावेन—बन्धस्य-कुगतिपातहेतोरशुभकर्मप्रकृतिलक्षणस्य हेतुत्वं-हेतुभावः, तस्याभावेन ।

**भावाद्-अन्तःपरिणामाद् य आज्ञाबहुमानः-उक्तरूपः तस्मात् कथञ्चिज्जातात् । किमित्याह-शक्तितः—स्वसामर्थ्यानुरूपं 'सुक्रियाप्रवृत्तिरपि' सुक्रियायां-मार्गानुसारसारायां दर्शनप्रभावनादिकायां चित्ररूपायां प्रवृत्तिः उत्साहरूपा भवतीति, भावाज्ञाबहुमानस्तावत् सम्पन्न एवेत्यपिशब्दार्थः, नियमेनैव, शुद्धभावाज्ञाबहुमानस्य तथाविधमेघोन्नतेरिव जलवृष्टिक्रिया( याः सुक्रिया )या व्यभिचाराभावात् । विपक्षे बाधकमाह-इतरथा सुक्रियायाः प्रवृत्तिनिरोधेन नैव तको-भावाज्ञाबहुमानरूपः शुद्धो वर्त्तते, स्वकार्यसाधकस्यैव कारणस्य निश्चयतः कारणभावात् । इत्यस्मात् कारणाच्छुद्धे भावाज्ञाबहुमाने इष्टा सा सुक्रिया ॥२३९॥**

પૂર્વાચાર્યો જે કહે છે તેને જ બે ગાથાઓથી જણાવે છે–

**ગાથાર્થ**–ભાવપૂર્વકના આજ્ઞાબહુમાનથી પોતાની શક્તિ પ્રમાણે સુક્રિયામાં પ્રવૃત્તિ પણ અવશ્ય થાય છે. અન્યથા ભાવપૂર્વકનો આજ્ઞાબહુમાન શુદ્ધ નથી. આ કારણથી ભાવપૂર્વકના આજ્ઞાબહુમાનમાં સુક્રિયા ઇચ્છેલી છે, અર્થાત્ સુક્રિયા કરવાની ઇચ્છા થાય છે.

**ભાવપૂર્વકના**–અંતરના પરિણામ પૂર્વકના.

**આજ્ઞાબહુમાનથી**–શાસ્ત્રવચનના પક્ષપાતથી.

**સુક્રિયામાં**–મોક્ષમાર્ગને અનુસરવાની જેમાં પ્રધાનતા છે એવી શાસનપ્રભાવના વગેરે વિવિધ ક્રિયામાં.

**પ્રવૃત્તિ**–ઉત્સાહના સ્વભાવવાળી, અર્થાત્ ઉત્સાહપૂર્વક પ્રવૃત્તિ થાય.

**અન્યથા**–સુક્રિયામાં પ્રવૃત્તિ ન થાય તો.

**ભાવાર્થ**–કોઇપણ રીતે થયેલા ભાવપૂર્વકના આજ્ઞાબહુમાનથી પોતાની શક્તિ પ્રમાણે પ્રધાનપણે મોક્ષમાર્ગને અનુસરનારી શાસનપ્રભાવના વગેરે વિવિધ સુક્રિયામાં ઉત્સાહપૂર્વક પ્રવૃત્તિ અવશ્ય થાય છે. કારણકે જેવી રીતે આકાશમાં તેવા પ્રકારના વાદળાઓની વૃદ્ધિ થાય ત્યારે જલવૃષ્ટિ અવશ્ય થાય તેવી રીતે શુદ્ધ ભાવાજ્ઞાબહુમાન થાય ત્યારે પોતાની શક્તિ પ્રમાણે ઉત્સાહ પૂર્વક શાસન પ્રભાવના વગેરે સુક્રિયા અવશ્ય થાય. જો પોતાની શક્તિ પ્રમાણે સુક્રિયા ન થાય તો સમજવું જોઇએ કે શુદ્ધ ભાવાજ્ઞાબહુમાન થયો નથી. કારણ કે નિશ્ચયનયના અભિપ્રાયથી જે કારણ પોતાના કાર્યને સાધે તે જ કારણ વાસ્તવિક કારણ છે. આથી શુદ્ધ ભાવાજ્ઞા બહુમાનની વિદ્યમાનતામાં સુક્રિયા અભિપ્રેત છે. (૨૩૯)

ततोऽपि किमित्याह—

**एईए उ विसिट्ठं, सुवन्नघडतुल्लमिह फलं नवरं ।**
**अणुबंधजुयं संपुन्नहेउओ सम्ममवसेयं ॥२४०॥**

**एतस्याः पुनः-सुक्रियायाः सकाशाद् विशिष्टम्-अपरक्रियाजन्यपुण्यविलक्षणम् । अत एवाह-सुवर्णघटतुल्यं-शातकुम्भकुम्भसन्निभमिह-जगति फलं-पुण्यलक्षणं नवरं-केवलं जायते अनुबन्धयुतम्-उत्तरोत्तरानुगमरूपवत् । कुत इत्याह-'सम्पूर्णहेतुतः' सम्पूर्णेभ्यो हेतुभ्यो भावाद्, हेतवश्चास्य प्राणिकरुणादयः । यथोक्तम्—"दया भूतेषु संवेगो, विधिवद् गुरुपूजनम् । विशुद्धा शीलवृत्तिश्च, पुण्यं पुण्यानुबन्ध्यदः ॥१॥" सम्यग्-यथावद् अवसेयमिदम् । न हि पूर्णकारणारब्धा भावाः कदाचिद् निरनुबन्धा भवितुमर्हन्ति, अन्यथा तत्तयाऽनुपपत्तेः ॥२४०॥**

સુક્રિયાથી પણ શું થાય છે તે કહે છે–

**ગાથાર્થ–** સુક્રિયાથી સુવર્ણઘટ તુલ્ય વિશિષ્ટ ફળ થાય છે, અને તે ફળ અનુબંધ યુક્ત જ હોય છે. કારણ કે તે ફળ સંપૂર્ણ કારણોથી થાય છે. આ વિષયને સમ્યગ્ જાણવો.

**ટીકાર્થ– વિશિષ્ટ ફલ–** બીજી ક્રિયાથી થનારા પુણ્યથી વિલક્ષણ એવું પુણ્ય રૂપ ફળ, અર્થાત્ પુણ્યાનુબંધી પુણ્યરૂપ ફળ.

**અનુબંધયુક્ત**–જેની ઉત્તરોત્તર પરંપરા ચાલે તેવું.

પુણ્યાનુબંધી પુણ્યના સંપૂર્ણ હેતુઓ જીવદયા વગેરે છે. કહ્યું છે કે– **"પ્રાણિદયા, વૈરાગ્ય[1] (–સંસારથી કંટાળો), વિધિપૂર્વક ગુરુપૂજન (ભક્ત–પાન પ્રદાન અને વંદન વગેરે) અને વિશુદ્ધશીલવૃત્તિ (–અહિંસાદિ વ્રતોનું નિરતિચાર પાલન) આ ચાર પુણ્યાનુબંધી પુણ્યનાં કારણો છે."** (હા. અ. ૨૪ ગા. ૮)

સંપૂર્ણ કારણોથી શરૂ કરાયેલાં કાર્યો કયારેય અનુબંધ રહિત થવાને યોગ્ય થતા નથી, અર્થાત્ સંપૂર્ણ કારણોથી શરૂ કરાયેલાં કાર્યો કયારેય અનુબંધ રહિત હોતા નથી. જો કાર્યો અનુબંધથી રહિત હોય તો સંપૂર્ણ કારણોથી શરૂ કરાયેલાં છે એવું ઘટી શકે નહિ.

આ વિષયને સમ્યગ્ જાણવો એટલે કે આ વિષય જે રીતે છે તે રીતે જાણવો.

૧. અહીં ગાથામાં 'સંવેગ' શબ્દ છે. પણ હારિભદ્રીય અષ્ટકમાં સંવેગના સ્થાને વૈરાગ્ય શબ્દ હોવાથી અહીં વૈરાગ્ય શબ્દનો ઉલ્લેખ કર્યો છે.

**સુવર્ણઘટતુલ્ય** એમ કહેવાનો તાત્પર્યાર્થ આ પ્રમાણે છે–જેમ માટીનો ઘડો ભાંગે તો નકામો જાય છે, પણ સોનાનો ઘડો ભાંગે તો નકામો જતો નથી. કેમ કે સુવર્ણનો ભાવ(–પૈસા) ઉપજે છે, અથવા તેનાથી જ નવો સુવર્ણનો ઘડો બનાવી શકાય છે. તેવી રીતે ભૂતકાળમાં બંધાઇ ગયેલાં તેવા પ્રકારનાં અશુભકર્મોના ઉદયથી પુણ્યાનુબંધી પુણ્યનો બંધ અટકી જાય તો પણ ભવિષ્યમાં ફરી અવશ્ય સુક્રિયા કરવા દ્વારા પુણ્યાનુબંધી પુણ્યનો બંધ થાય છે. અથવા તેવા પ્રકારના પ્રતિકૂળ કર્મોના ઉદયને કારણે સુક્રિયા ન કરી શકે તો પણ સુક્રિયા કરવાના ભાવ જતા નથી. એથી અંતરમાં રહેલા સુક્રિયા કરવાના ભાવથી પુણ્યાનુબંધી પુણ્યનો બંધ થયા કરે. (૨૪૦)

**ननु क्रियामात्रमप्याज्ञाबहुमानशून्यानां कथं ज्ञायते ? इत्याशङ्क्याह—**

**किरियामेत्तं तु इहं, जायति लद्धादवेक्खयाएऽवि ।**
**गुरुलाघवादिसन्नाणवज्जियं पायमियरेसिं ॥२४१॥**

**क्रियामात्रं पुनरुक्तरूपमिह-दूरभव्येष्वभव्येषु च जायते लब्ध्याद्यपेक्षयापि, इह लब्धिर्वस्त्रपात्रकीर्त्त्यादिलाभलक्षणा गृह्यते, आदिशब्दात् स्वजनाद्यविरोधकुल-लज्जादिग्रहः, तान्यप्यपेक्ष्य स्यात् । गुरुलाघवादिसंज्ञानवर्जितं गुणदोषयोः प्रवृत्तौ गुरुलाघवमादिशब्दात् सत्त्वादिषु मैत्र्यादिभावग्रहस्तेषु यत्संज्ञानं शुद्धसंवेदनरूपं तेन विनिर्मुक्तं, प्रायो-बाहुल्येनेतरेषां-शुद्धाज्ञाबहुमानविहीनानामिति ॥२४१॥**

**આજ્ઞાબહુમાનથી રહિત જીવોને માત્ર બાહ્ય ક્રિયા હોય એ પણ કેવી રીતે જાણી શકાય તેવી આશંકા કરીને ગ્રંથકાર કહે છે–**

**ગાથાર્થ**– બીજાઓને અહીં મોટાભાગે લબ્ધિ આદિની અપેક્ષાએ પણ ગુરુ-લાઘવ આદિના સમ્યગ્જ્ઞાનથી રહિત માત્રક્રિયા હોય છે.

**ટીકાર્થ– બીજાઓને**– શુદ્ધ આજ્ઞા બહુમાનથી રહિત જીવોને.

**અહીં**–દૂરભવ્ય અને અભવ્ય જીવોમાં.

**લબ્ધિ**–વસ્ત્ર-પાત્ર-કીર્તિ આદિનો લાભ.

આદિ શબ્દથી સ્વજન આદિનો અવિરોધ અને કુલલજ્જા વગેરે સમજવું.

**ગુરુ-લાઘવ આદિના સમ્યગ્જ્ઞાનથી રહિત**– ગુણ-દોષની (=ગુણવાળી કે દોષવાળી) પ્રવૃત્તિ કરે તેમાં ગુરુ-લાઘવનું એટલે કે સારાસારનું(–લાભ-હાનિનું) સમ્યગ્જ્ઞાન ન હોય.

આદિ શબ્દથી જીવો વગેરેમાં મૈત્રી આદિ ભાવો સમજવા. તે આ પ્રમાણે– સર્વ જીવો પ્રત્યે મૈત્રી ભાવના રાખવી જોઇએ. ગુણોથી અધિક જીવો પ્રત્યે પ્રમોદ ભાવના

રાખવી જોઈએ. દુઃખી જીવો પ્રત્યે કરુણા ભાવના રાખવી જોઈએ. અવિનીત(--ઉપદેશ આપવાને અયોગ્ય) જીવો પ્રત્યે માધ્યસ્થ્ય ભાવના રાખવી જોઈએ. શુદ્ધ આજ્ઞાબહુમાનથી રહિત જીવોને આનું સંજ્ઞાન-શુદ્ધસંવેદન ન હોય.

**ભાવાર્થ**– અભવ્ય અને દૂરભવ્ય જીવો શુદ્ધ આજ્ઞાબહુમાનથી રહિત હોય અને એથી કોઈપણ પ્રવૃત્તિ કરે તેમાં તેમને સારાસારનું (=લાભ-હાનિનું) સમ્યગ્જ્ઞાન ન હોય, તથા સર્વ જીવો પ્રત્યે મૈત્રી-ભાવના વગેરે ચાર ભાવનાઓ તેમનામાં ન હોય. આમ છતાં તે જીવો વસ્ત્ર-પાત્ર-કીર્તિ આદિ મેળવવા માટે ધર્મક્રિયાઓ કરે. કોઈ દીક્ષા સ્વીકારે. કોઈ શ્રાવકનાં વ્રતો સ્વીકારે. કોઈ જિનપૂજા વગેરે ધર્મક્રિયા કરે. આ બધું કરવાની પાછળ વસ્ત્ર આદિ મેળવવાનો હેતુ હોય છે, પણ આત્મહિતનો હેતુ ન હોય, આથી તેમની આ ધર્મક્રિયા સમ્યગ્જ્ઞાનથી રહિત કેવળ બાહ્ય ક્રિયા હોય છે. (૨૪૧)

**एत्तो उ निरणुबंधं, मिम्मयघडसरिसमो फलं णेयं ।**
**कुलडादियदाणाइसु, जहा तहा हंत एयंपि ॥२४२॥**

**इतस्तु-क्रियामात्रात् पुनर्निरनुबन्धम्-उत्तरोत्तरानुबन्धशून्यम्, अत एव 'मिम्मयघड-सरिसमो' इति मृत्तिकामयघटसदृक्षं फलं पुण्यबन्धलक्षणं ज्ञेयम् । पुनरपि दृष्टान्तान्तरेण भावयति-कुलटाया-दुश्चारिण्याः स्त्रिया द्विजदानादयो-ब्राह्मणविभववितरण-पर्वदिवसोपवास-तीर्थस्नानप्रभृतयो धर्मक्रियाविशेषास्तेषु यथा निरनुबन्धं फलं, तथा, हन्तेति कोमलामंत्रणे, एतदपि क्रियामात्रजन्यं पुण्यमिति ॥२४२॥**

**ગાથાર્થ**–માત્ર બાહ્યધર્મક્રિયાથી માટીના ઘડા સમાન નિરનુબંધ પુણ્યરૂપ ફલ જાણવું. જેવી રીતે કુલટા સ્ત્રીને બ્રાહ્મણોને દાન કરવું વગેરેથી નિરનુબંધ ફલ મળે તેમ માત્ર બાહ્યધર્મક્રિયાથી પણ નિરનુબંધ ફલ મળે.

**ટીકાર્થ–નિરનુબંધ**–ઉત્તરોત્તર અનુબંધથી (=પરંપરાથી) રહિત.

**માટીના ઘડા સમાન**– માટીનો ઘડો ફૂટે નહિ ત્યાં સુધી કામમાં આવે. ફૂટી ગયા પછી કામમાં ન આવે. તેમ નિરનુબંધ પુણ્યથી એ પુણ્યોદય હોય ત્યાં સુધી સુખ મળે, પણ તેની પરંપરા ન ચાલે (એટલે કે એ પુણ્ય પૂર્ણ થયા પછી દુઃખ આવીને ઊભું રહે.)

**કુલટા**(–દુરાચારિણી)સ્ત્રી બ્રાહ્મણોને ધન આપવું, પર્વ દિવસોમાં ઉપવાસ કરવો, તીર્થમાં સ્નાન કરવું વગેરે ધર્મક્રિયાઓ કરે. આ ધર્મક્રિયાઓમાં તેને પુણ્યનો બંધ થાય, પણ તે બંધ અનુબંધથી રહિત હોય. તે જ પ્રમાણે શુદ્ધ આજ્ઞા બહુમાન વિના માત્ર બાહ્ય ધર્મક્રિયાથી અનુબંધરહિત પુણ્ય બંધાય. (૨૪૨)

**तम्हा भावो सुद्धो, सव्वपयत्तेण हंदि परलोए ।**
**कायव्वो बुद्धिमया, आणोवगजोगतो णिच्चं ॥२४३॥**

**यस्मादेवं क्रियामात्रं निरनुबन्धफलं तस्माद् भावो-मनःपरिणामः शुद्धो-रागद्वेष-मोहमलविकलः सर्वप्रयत्नेन-सर्वस्वसामर्थ्यागोपनरूपेण; हंदीत्युपप्रदर्शने, परलोके-स्वर्गापवर्गादिलक्षणे साध्ये कर्त्तव्यो-घटयितव्यो बुद्धिमता-प्रशस्तमतिना पुरुषेण। कथमित्याह—'आज्ञोपयोगतो' आज्ञामुपगच्छन्ति-अनुवर्त्तन्ते ये ते आज्ञोपगास्ते च ते योगाश्च-अनुष्ठानभेदाः तेभ्यो, जिनाज्ञानुसारिणो धर्मारम्भान् प्रतीत्येत्यर्थः, नित्यम् - अहर्निशमिति ॥२४३॥**

**ગાથાર્થ**– તેથી બુદ્ધિમાને પરલોકમાં (=પરલોકનું હિત કરવામાં) જિનાજ્ઞાનુસારી એવા ધર્મકાર્યોના આરંભને આશ્રયીને સર્વપ્રયત્નથી નિત્ય શુદ્ધભાવ કરવો જોઈએ.

**ટીકાર્થ–તેથી**- માત્ર બાહ્ય ધર્મક્રિયાથી નિરનુબંધ ફળ મળે છે તેથી.

**બુદ્ધિમાને**–પ્રશસ્તમતિવાળા પુરુષે.

**પરલોકમાં**–સ્વર્ગ-અપવર્ગ વગેરે સાધવાનું હોય તેમાં, અર્થાત્ પરલોકનું હિત સાધવામાં.

**સર્વપ્રયત્નથી**–પોતાની બધી શક્તિને ગોપવ્યા વિના.

**નિત્ય**–રાત-દિવસ.

**શુદ્ધભાવ**–રાગ-દ્વેષ-મોહ રૂપ મલથી રહિત માનસિક પરિણામ.

**ભાવાર્થ**–પરલોકના હિત માટે કાંઈ પણ કરવું હોય ત્યારે બુદ્ધિમાન પુરુષે રાત-દિવસ પોતાના માનસિક પરિણામને રાગ-દ્વેષ-મોહથી રહિત કરવા જોઈએ. રાગ-દ્વેષ-મોહથી રહિત માનસિક પરિણામથી થતી ધર્મક્રિયાથી પુણ્યાનુબંધી પુણ્યનો બંધ થાય. (૨૪૩)

सम्प्रत्याज्ञामेव पुरस्कुर्वन् दृष्टान्तमाह—

**जो आणं बहु मन्नति, सो तित्थयरं गुरुं च धम्मं च ।**
**साहेति य हियमत्थं, एत्थं भीमेण दिट्ठंतो ॥२४४॥**

**यो जन्तुरासन्नभव्य आज्ञाम्-उक्तरूपां बहु मन्यते-पुरस्करोति, स-आज्ञाबहुमन्ता तीर्थकरम्- अर्हन्तं गुरुं च धर्म्माचार्यं धर्मं च श्रुतचारित्ररूपं बहु मन्यते, आज्ञाबहुमानस्य तीर्थकरादिबहुमानाविनाभूतत्वात् । साधयति-घटयति, चः समुच्चये, हितं-कल्याण-रूपमर्थं-पुरुषार्थलक्षणम् । अत्र-अस्मिन्नाज्ञाबहुमाने भीमेन राजसूनुना दृष्टान्तः-उदाहरणं वाच्यम् ॥२४४॥**

હવે આજ્ઞાને જ આગળ કરતા ગ્રન્થકાર દૃષ્ટાંતને કહે છે–

**ગાથાર્થ**–જે જીવ આજ્ઞાને બહુ માને છે, એટલે કે આજ્ઞાને આગળ કરે છે, તે તીર્થંકર, ગુરુ અને ધર્મને બહુમાને છે, એટલે કે તેમના ઉપર બહુમાન ભાવ રાખે છે, તથા કલ્યાણકારી પુરુષાર્થને સાધે છે. અહીં ભીમનું દૃષ્ટાંત કહેવું.

**ટીકાર્થ**–**જે જીવ**– આસન્નભવ્યજીવ. (આસન્નભવ્ય જ જીવને આજ્ઞા ઉપર બહુમાન હોય છે.)

**આજ્ઞાને**–જિનવચનને.

**તે**–આજ્ઞા ઉપર બહુમાનવાળો જીવ.

**ગુરુ**– ધર્માચાર્ય.

**ધર્મ**–શ્રુત-ચારિત્રરૂપ ધર્મ.

અહીં તીર્થંકર વગેરે પ્રત્યે બહુમાન થયા વિના આજ્ઞા પ્રત્યે બહુમાન ન જ થાય. આથી એ નિશ્ચિત થાય છે કે જે આસન્નભવ્ય જીવને આજ્ઞા પ્રત્યે બહુમાન છે તેને તીર્થંકર વગેરે પ્રત્યે અવશ્ય બહુમાન છે. (અગ્નિ વિના ધૂમાડો ન જ હોય એવો નિયમ છે. એ નિયમથી એ નિશ્ચિત થાય છે કે જ્યાં ધૂમાડો હોય ત્યાં અગ્નિ અવશ્ય હોય. એમ તીર્થંકર વગેરે પ્રત્યે બહુમાન થયા વિના આજ્ઞા પ્રત્યે બહુમાન ન જ થાય એવો નિયમ છે. આ નિયમથી એ નિશ્ચિત થાય છે કે જેને આજ્ઞા પ્રત્યે બહુમાન છે તેને તીર્થંકર વગેરે પ્રત્યે અવશ્ય બહુમાન છે.)

**અહીં**– આજ્ઞાં પ્રત્યે બહુમાનમાં. આજ્ઞા પ્રત્યે બહુમાનમાં રાજપુત્ર ભીમનું દૃષ્ટાંત છે.(૨૪૪)

एनमेव भावयति—

**तगराए रतिसारो, राया पुत्तो य तस्स भीमो त्ति ।**
**साहुसगासं णीओ, धम्मं सोऊण पडिबुद्धो ॥२४५॥**

**परमुवयारी ताओ, इमस्स सति अप्पियं ण कायव्वं ।**
**घेत्तूणऽभिग्गहं तो, सावगधम्मं सुहं चरति ॥२४६॥**

**वणिकन्न राय रागे, वरणं णो पुत्तरज्ज न करेमि ।**
**तुह पुत्त न परिणेमी, कालेणं बंभयारित्ति ॥२४७॥**

**दिन्ना पुत्तो राया, भीमो गिहबंभ सक्कथुति आणा ।**
**देवाऽऽयङ्गग गणिया, वावज्जति निक्किपाऽधम्मो ॥२४८॥**

आणाभावणजोगा, रागाभावो इमस्स धीरस्स ।
वयभंसपाव वावत्ति रक्खणे सुकरुणा धम्मो ॥२४९॥

आयारामो जाओ, आणं सरिऊण वीयरागाणं ।
इय धम्मो सेसाणवि, विसए एयं करेंताणं ॥२५०॥

तगरायां पुरि प्रतिहतापरपुरीसमृद्ध्यभिमानतगरायां निजलावण्यजितरतिपत्याकारो रतिसारो नाम राजा समभूत् । पुत्रस्तस्य भीम इति समजायत । स च मुक्तबालभावः साधुसकाशं-तथाविधधर्म्माचार्यान्तिकं पित्रा नीतः सन् धर्मम्-उक्तरूपं श्रुत्वा प्रतिबुद्धो-लब्धबोधिः सम्पन्नः ॥२४५॥

चिन्तितं चानेन परमोपकारी-अत्यन्तहितविधायी मे तातो येनाहं सकल-त्रिलोकसारभूते जैनधर्मे नियोजितः । ततोऽस्य प्राणप्रदानेनापि प्रत्युपकर्त्तुम-शक्यमिति सदा-सर्वकालमप्रियम्-अनिष्टं न कर्त्तव्यं मया । एवंरूपं गृहीत्वा-ऽभिग्रहं-नियमम् । ततः-तदनन्तरं गृहस्थित एव श्रावकधर्म्मं-श्रमणोपासकजनो-चितानुष्ठानं शरच्छशरधरकरनिकरप्राग्भारनिर्मलं सम्यग्दर्शनमूलाणुव्रतगुणव्रतशिक्षा-व्रतलक्षणम्, कीदृशमित्याह-सुखं स्वर्गापवर्गसमुद्भवशर्महेतुत्वात् सुखं वा यथा भवत्येवं, चरति-आसेवते, वर्त्तमानकालादेशस्तत्कालापेक्षयेति ॥२४६॥

एवं प्रतिवासरमपूर्वापूर्व्वपवित्रपरिणामपरंपरामधिरोहतः सतो भीमस्य याति कालः । 'वणिकन्नरायरागे'त्ति वणिजः-सागरदत्तनामधेयस्य कन्या चन्द्रलेखाभिधाना श्रृङ्गारक्षीरनीरधिलहरी सुभगलावण्योपहसितामरसुन्दरीका हर्म्यतलगता काञ्चनकन्दुक-क्रीडारसमनुभवन्ती वातायनस्थितस्य राज्ञो रतिसारस्य लोचनमार्गमागता । ततस्तदीयराजहंसानुसारिसलीलगमनादिगुणाक्षिप्तमानसोऽसौ तद्गोचरे रागे अभिष्वङ्ग-लक्षणे सम्पन्ने सति दारुणां मदनावस्थामाससाद । तदवस्थं च तं समुपलभ्याऽवोचद् मन्त्री-देव ! किमिदमकाण्ड एव युष्मच्छरीरस्यापाटवम्?, तेनापि नास्य गोप्यमस्तीति परिभाव्य निवेदितं निजस्वरूपं, ततो मन्त्री सागरदत्तगृहं गत्वा वरणं चन्द्रलेखायाः कर्त्तुमारब्धः । सागरदत्तेन चोक्तं 'नो पुत्तरज्ज'त्ति नो-नैवाहं राज्ञे स्वपुत्रीं प्रयच्छामि, यतस्तस्य भीमनामा राज्यार्हः पुत्रोऽस्ति स राजा भविष्यति न मत्पुत्रीपुत्र इति । ततो ज्ञातवृत्तान्तेन भीमेनोक्तम्—'न करेमि'त्ति नाहं राज्यं करोमीति देहि राज्ञे कन्याम् । ततः पुनरपि वणिजोक्तं-यदि त्वं पितुरप्रियं परिजिहीर्षुर्न करिष्यसि राज्यं, तथापि तव

पुत्रो विधास्यतीति । एवं निबिडनिबन्धं वणिजं ज्ञात्वा भूयोऽपि भीमो जगाद-यद्येवं त्वं निपुणदर्शी तर्हि 'न परिणेमि' त्ति नाहं परिणेष्यामि काञ्चित् कुलबालिकाम् । अतो नास्त्येव मत्पुत्रसम्भव इति प्रतिज्ञाय कालेन व्रजता ब्रह्मचारी भीमकुमारः समजनि । इतिः परिसमाप्त्यर्थः ॥२४७॥

एवं सम्पूर्णमनोरथेन वणिजा राज्ञे दत्ता चन्द्रलेखा । परिणीता च प्रशस्ते वासरे प्रचुरद्रविणव्ययेन । तया च समं विषयशर्म्मानुभवतस्तस्य पुत्रः समभूत् । कृतश्च समुचितसमये स राजा । 'भीमो गिहबंभ' त्ति भीमोऽपि गृहस्थित एवाज्ञाभावितात्माऽपारसंसारपातभीतो निष्कलङ्कमब्रह्मविरतिव्रतं परिपालयन् दिनान्यनैषीत्। 'सक्कथुइ आणा' इति अथ कदाचिच्छक्रस्तदीयदृढव्रताभिप्रायमवेत्य सौधर्मसभायामुपविष्टस्त्रिविष्टपसदामग्रतः तस्य स्तुतिं श्लाघालक्षणां चकार-यथैष भीमकुमारः संक्रन्दनसहायैः सुरैरपि जगज्जनताचित्तचमत्कारकारणसौभाग्यादिगुणान्वितोऽपि ब्रह्मचर्यपरिपालनारूपायाः सर्वज्ञाज्ञायाश्चालयितुं न शक्यः, किं पुनर्मानवादिभिर्वराकैः । 'देवायल्लगगणिया' इति । ततो देवेन 'आयल्लग' त्ति देशीभाषया मदनज्वरातुरशरीरा वेश्या विकुर्व्य दर्शिता । भणितश्च तज्जननीरूपधारिणा तेन-ममात्यन्तवल्लभेयं सुता त्वया असंपाद्यमानसमीहितसिद्धिरिति कष्टकालदशां प्राप्ता नियतं व्यापद्यते। निष्कृप ! स्त्रीहत्योपेक्षकत्वेन हे निर्दय? अधर्मस्तथाविधानुष्ठानेनाप्यसाध्यसिद्धिः सम्पत्स्यत इति ॥२४८॥

एवमुक्तस्यास्य व्याघ्रदुस्तटीन्यायमाकलय्य आज्ञाबहुमानकरणाद् यदभूत् तदाह—'आणाभावणजोगा' इति । आज्ञायास्तीर्थकृद्वचसो भावनाऽऽलोचना, यथा—"अपकारपरा एव, योषितः केन निर्मिताः । नरकागाधकूपस्य, समाः सोपानपङ्क्तयः? ॥१॥ दोषाणां राशयो ह्येताः, पराभूतेः परं पदम् । मोक्षाध्वध्वंसकारिण्यः, प्रत्यक्षा नूनमापदः ॥२॥ एता हसन्ति च रुदन्ति च कार्यहेतोर्विश्वासयन्ति च परं न च विश्वसन्ति। तस्मान्नरेण कुलशीलसमन्वितेन, नार्यः श्मशानघटिका इव वर्जनीयाः ॥३॥ सल्लं कामा विसं कामा, कामा आसीविसोवमा । कामे पत्थेमाणा, अकामा जंति दुग्गइं ॥४॥" इत्यादि, ततस्तया आज्ञाभावनया योगः-सम्बन्धस्तस्मात् सकाशात् किमित्याह—'रागाभावः'अभिष्वङ्गनाशोऽस्य धीरस्य वर्त्तते । तथा, आज्ञाबहुमानादेवैवं विचारितवानसौ, यथा—'वयभंसपाव' त्ति व्रतभ्रंशे-ब्रह्मविरतिविनाशे ध्रुवं पापं स्यात्, यथोक्तम्—"वरं

प्रवेष्टुं ज्वलितं हुताशनं, न चापि भग्नं चिरसञ्चितं व्रतम् । वरं हि मृत्युः सुविशुद्धकर्मणा, न चापि शीलस्खलितस्य जीवितम् ॥१॥'' तस्माद् व्रतरक्षणे एव यत्नो विधेयः । 'वावत्तिरक्खणे सुकरुणाधम्मो' इति एतस्या मय्यनुरक्ताया व्यापत्तावपि न मे बन्धः । यत इत्थमागमः—''अणुमेत्तोऽवि न कस्सवि बन्धो परवत्थुपच्चयो भणिओ । तहवि य जयंति जइणो परिणामविसुद्धिमिच्छंता॥१॥'' तथापि व्यापत्तिरक्षणेऽस्याः शोभना करुणा सुकरुणा जैनधर्मकथनरूपा कर्त्तुं युक्तेति दुस्सहानङ्गदावानलविध्यापनाम्भोधरप्रतिमस्तेन धर्म्मो जगदे तस्यै । यथा—''मूलमेतदधर्म्मस्य, भवभावप्रवर्द्धनम् । यस्मान्निदर्शितं शास्त्रे, ततस्त्यागोऽस्य युज्यते ॥१॥ धन्यास्ते वन्दनीयास्ते, तैस्त्रैलोक्यं पवित्रितम् । यैरेष भुवनक्लेशी, काममल्लो निपातितः ॥२॥'' तदनु तस्यामरगिरेरिवाप्रकम्पतां ज्ञात्वा निजरूपमादर्श्य देवो द्यामगच्छत् ॥२४९॥

भीमोऽपि यदकरोत्, तदाह-आत्मैवारामो-नन्दनवनलक्षणो यस्य स तथा बाह्यवस्तुविषयरतिरहित इत्यर्थः, जातः-सम्पन्नः, आज्ञाम्—''अप्पहियं कायव्वं, जइ सक्कं परहियं च कायव्वं । अप्पहियपरहियाणं, अप्पहियं चेव कायव्वं ॥१॥'' इति लक्षणामाज्ञां स्मृत्वा अवधार्य वीतरागाणाम्-अर्हताम् । साम्प्रतमेतन्मुखेनान्येषामुपदेशमाह-इति अनेन प्रकारेण धर्मः श्रुतचारित्ररूपः शेषाणामपि प्रस्तुतभीमव्यतिरिक्तानां स्यात्, विषये यो यदा कर्त्तुमुचितोऽर्थः तत्रैवं भीमन्यायेन कुर्वतामाज्ञाम्-उचितप्रवृत्तिरूपाम् । तदुक्तम्—''उचियं खलु कायव्वं, सव्वत्थ सया नरेण बुद्धिमया। एवं चिय फलसिद्धी, एसच्चिय भगवओ आणा ॥१॥'' ॥२५०॥

ભીમના દૃષ્ટાંતને જ છ ગાથાઓથી વિચારે છે–

ગાથાર્થ–તગરાનગરીમાં રતિસાર નામનો રાજા છે. તેનો ભીમ નામનો પુત્ર છે. તેને સાધુ પાસે લઇ જવામાં આવ્યો. ધર્મ સાંભળીને તે પ્રતિબોધ પામ્યો. (૨૪૫) પિતા પરમ ઉપકારી છે માટે મારે તેમને જે અપ્રિય હોય તે સદા ન કરવું એવો અભિગ્રહ લઇને તે સુખપૂર્વક શ્રાવક ધર્મને આચરે છે. (૨૪૬) રતિસાર રાજાને વણિકની કન્યા ઉપર રાગ થયો. મંત્રીએ રાજા માટે કન્યાની માગણી કરી. કન્યાના પિતાએ કહ્યું: રાજાનો ભીમ નામનો પુત્ર છે. આથી તે રાજા થશે. મારી પુત્રીના પુત્રને રાજ્ય ન મળે. આથી હું રાજાને કન્યા નહિ આપું. આ જાણીને ભીમે કન્યાના પિતાને કહ્યું: હું રાજ્ય નહિ કરું. તેથી તમે રાજાને કન્યા આપો. કન્યાના પિતાએ કહ્યું: તમારો પુત્ર રાજ્ય કરશે. ભીમે કહ્યું: જો એમ

છે તો હું લગ્ન નહિ કરું. પછી સમય જતાં તે બ્રહ્મચારી થયો. (૨૪૭) આથી વણિકે રાજાને પોતાની કન્યા આપી અને તેનો પુત્ર રાજા થયો. ભીમે પણ ઘરમાં રહીને જ બ્રહ્મચર્યનું પાલન કર્યું. ઈન્દ્રે પ્રશંસા કરી કે ભીમને બ્રહ્મચર્ય પાલન રૂપ જિનાજ્ઞાથી દેવ પણ ચલાયમાન કરવા સમર્થ નથી. તેથી દેવે કામરૂપ જ્વરથી પીડિત શરીરવાળી વેશ્યા ભીમને બતાવી. પછી દેવે ભીમની માતાનું રૂપ ધારણ કરીને ભીમને કહ્યું: મને અત્યંત પ્રિય આ પુત્રીની ઈચ્છાને તું પૂરી કરતો નથી તેથી કષ્ટકારી મરણ દશાને પામેલી તે નિયમા મૃત્યુ પામી જશે. તું સ્ત્રીહત્યાની ઉપેક્ષા કરનારો હોવાથી નિર્દય છે. આનાથી તને અધર્મ થશે. (૨૪૮) ભીમે જિનાજ્ઞાની વિચારણા કરી. તેથી તેને તે સ્ત્રી ઉપર રાગ ન થયો. ભીમે વિચાર્યું કે બ્રહ્મચર્યની વિરતિના નાશમાં નિયમા પાપ થાય. તે મરણ ન પામે એ માટે મારે તેના ઉપર જૈનધર્મ કથનરૂપ સુકરુણા કરવી યોગ્ય છે. તેના કામની શાંતિ થાય તેવો ધર્મ તેને કહ્યો. પછી દેવ તેને મક્કમ જાણીને પોતાનું રૂપ બતાવીને દેવલોકમાં જતો રહ્યો. (૨૪૯) ભીમ અરિહંતોની આજ્ઞાને યાદ કરીને આત્મારામ થયો, અર્થાત્ આત્મારૂપ નંદનવનમાં રમણ કરનારો થયો. આ પ્રમાણે જ્યારે જે કરવું ઉચિત હોય ત્યારે તે ઉચિતને કરતા બીજા જીવોને પણ ધર્મ થાય. (૨૫૦)

**ટીકાર્થ**– અન્ય નગરીની સમૃદ્ધિનું અભિમાન રૂપ તગરવૃક્ષનો જેણે નાશ કર્યો છે તેવી તગરા નામની નગરીમાં પોતાના લાવણ્યથી કામદેવના રૂપને જિતનાર રતિસાર નામનો રાજા હતો. તેનો ભીમ નામનો પુત્ર થયો. બાલ્યાવસ્થાને વટાવી ગયેલા તેને પિતા તેવા પ્રકારના (–આચાર સંપન્ન) આચાર્યની પાસે લઈ ગયો. શ્રુત-ચારિત્રરૂપ ધર્મને સાંભળીને તે સમ્યક્ત્વને પામ્યો. (૨૪૫) તેણે વિચાર્યું કે મારા પિતાએ મને સંપૂર્ણ ત્રણ લોકમાં સારભૂત એવા જૈન ધર્મમાં જોડ્યો. આથી પિતા મારા અતિશય હિત કરનારા અને પરમોપકારી છે. આથી પ્રાણના ભોગે પણ પિતાના ઉપકારનો બદલો વાળવો અશક્ય છે. આથી "મારે સદા–(સર્વકાળે) તેમનું અનિષ્ટ ન કરવું" એવો અભિગ્રહ કર્યો. ત્યાર બાદ ઘરે રહીને જ શરદઋતુના ચંદ્રના કિરણોના ઢગલા જેવો નિર્મલ અને સુખકારી તથા શ્રાવકોને ઉચિત અને સમ્યગ્દર્શન જેનું મૂલ છે એવા અણુવ્રત-ગુણવ્રત-શિક્ષાવ્રત રૂપ ધર્મને આચરે છે.[1] શરદઋતુના ચંદ્રના કિરણોના ઢગલા જેવો નિર્મળ ધર્મ કરે છે. (અર્થાત્ અતિચાર ન લાગે તે રીતે ધર્મનું પાલન કરે છે.) આ ધર્મ સ્વર્ગ-મોક્ષમાં થનારા સુખનું કારણ હોવાથી સુખ છે–સુખકારી છે. (૨૪૬)

આ પ્રમાણે પ્રતિદિન નવા નવા પવિત્ર પરિણામની પરંપરામાં ચઢી રહેલા ભીમનો કાળ પસાર થાય છે. સાગરદત્ત નામના વણિકની ચંદ્રલેખા નામની કન્યા હતી. તે શૃંગાર

૧. અહીં "ધર્મને આચરે છે" એ પ્રમાણે વર્તમાન કાલનો નિર્દેશ તે કાળની (–ભીમ જ્યારે વિદ્યમાન હતો તે કાળની) અપેક્ષાએ સમજવો.

રૂપ સમુદ્રની લહરી જેવી હતી, તથા સુંદર લાવણ્યના કારણે સુરસુંદરીઓનો પણ તિરસ્કાર કરનારી હતી. આ કન્યા એક વાર હવેલીની અગાસીમાં સુવર્ણના દડાની ક્રીડાનો રસ અનુભવી રહી છે. આ વખતે ઝરુખામાં બેઠેલા રતિસાર રાજાની દૃષ્ટિપથમાં આવી (–જોવામાં આવી). તેથી તેની રાજહંસ સમાન લીલા પૂર્વકની ગતિ વગેરે તેના ગુણો પ્રત્યે તેનું મન આકર્ષાયું. તેના ઉપર રાગ થતાં રાજા પ્રબળ કામરાગની અવસ્થાને પામ્યો. રાજાને તેવી અવસ્થાવાળા જોઈને મંત્રીએ રાજાને કહ્યુંઃ હે દેવ ! કોઈ કારણ વિના જ આપના શરીરની આ અકુશળતા કેમ છે ? રાજાએ પણ આની આગળ કાંઈ પણ છુપાવવા જેવું નથી એમ વિચારીને પોતાનું સ્વરૂપ જણાવ્યું. પછી મંત્રીએ સાગરદત્તના ઘરે જઈને ચંદ્રલેખાની સગાઈ કરવા માટે શરૂ કર્યું. અર્થાત્ રાજાની સાથે ચંદ્રલેખાના લગ્ન કરવા માટેની વાત માંડી. સાગરદત્તે કહ્યુંઃ હું રાજાને સ્વપુત્રી આપતો નથી. કારણ કે રાજાને રાજ્યને યોગ્ય ભીમ નામનો પુત્ર છે, તેથી તે રાજા થશે, મારી પુત્રીનો પુત્ર રાજા ન થાય. આ વૃત્તાંતની ભીમને ખબર પડી. તેથી ભીમે સાગરદત્તને કહ્યુંઃ હું રાજ્ય નહિ કરું, માટે રાજાને તમારી કન્યા આપો. પછી ફરી પણ સાગરદત્ત વણિકે કહ્યુંઃ પિતાને જે અપ્રિય છે તેનો ત્યાગ કરવાની ઈચ્છાવાળો તું રાજ્ય નહિ કરે, તો પણ તારો પુત્ર રાજ્ય કરશે. વણિકના આ પ્રમાણે ગાઢ આગ્રહને જાણીને ફરી પણ ભીમે કહ્યુંઃ જો તમે આ પ્રમાણે સૂક્ષ્મદૃષ્ટિથી જોનારા છો તો હું કોઈ પણ કુલબાલિકાને (–કન્યાને) પરણીશ નહિ. આથી મારા પુત્રનો સંભવ નથી જ. આ પ્રમાણે પ્રતિજ્ઞા કરીને ભીમકુમાર સમય જતાં બ્રહ્મચારી થયો. અર્થાત્ લોકમાં તે બ્રહ્મચારી તરીકે પ્રસિદ્ધિને પામ્યો. (૨૪૭) આ પ્રમાણે મનોરથ પૂર્ણ થવાથી વણિકે રાજાને ચંદ્રલેખા આપી. ઘણા ધનનો ખર્ચ કરીને સારા દિવસે રાજા ચંદ્રલેખાને પરણ્યો. તેની સાથે વિષય સુખને અનુભવતા તેને પુત્ર થયો. યોગ્ય સમયે તેને રાજા કર્યો. જેણે આત્માને જિનાજ્ઞાથી ભાવિત કર્યો છે તેવા અને અપારસંસારમાં પતનથી ભય પામેલા ભીમકુમારે પણ ઘરમાં (–સંસારમાં) રહીને જ નિષ્કલંક અબ્રહ્મવિરતિરૂપ વ્રતનું પાલન કરતાં દિવસો પસાર કર્યા. હવે ક્યારેક સૌધર્મ સભામાં બેઠેલા શક્રેન્દ્રે ભીમકુમારના વ્રતમાં દૃઢતાના અભિપ્રાયને જાણીને દેવસભાની આગળ પ્રસંશા કરી કે ભીમકુમાર જગતના જનસમૂહના ચિત્તમાં ચમત્કારની ઉત્પત્તિનું કારણ એવા સૌભાગ્ય વગેરે ગુણોથી યુક્ત હોવા છતાં ઈન્દ્રોની સહાયવાળા દેવોથી પણ બ્રહ્મચર્ય પરિપાલન રૂપ જિનાજ્ઞાથી ચલાયમાન કરવા સમર્થ નથી, તો પછી બિચારા માનવો વગેરેથી ચલાયમાન ન કરી શકાય તેમાં શું કહેવું? તેથી કોઈ દેવે તેને ચલાયમાન કરવા માટે કામરૂપ જ્વરથી પીડાયેલા શરીરવાળી વેશ્યા વિકુર્વીને બતાવી. પછી દેવે માતાનું રૂપ ધારણ કરીને ભીમકુમારને કહ્યુંઃ મને અત્યંતપ્રિય આ પુત્રીની ઈચ્છાને તું પૂરી કરતો નથી તેથી કષ્ટકારી મરણ દશાને પામેલી તે નિયમા મૃત્યુ પામી જશે. તું સ્ત્રી હત્યાની ઉપેક્ષા કરનારો હોવાથી નિર્દયી છે. આનાથી તને અધર્મ

થશે, એટલે કે તેવા પ્રકારના અનુષ્ઠાનથી પણ સાધ્યની સિદ્ધિ નહિ થાય. (૨૪૮)

આ પ્રમાણે કહેવાયેલા ભીમને વ્યાઘ્ર-દુસ્તટી ન્યાય થયો છે એમ જાણીને આજ્ઞા-બહુમાન કરવાના કારણે જે થયું તે વિગતને ગ્રંથકાર કહે છે–

આ સમયે ભીમકુમારે જિનાજ્ઞાની વિચારણા કરી. તે આ પ્રમાણે–**"સ્ત્રીઓ અપકાર કરવામાં જ તત્પર હોય છે. અને નરકરૂપ ઊંડા કૂવાના પગથિયાઓની સુંદર શ્રેણીઓ છે. આવી સ્ત્રીઓનું નિર્માણ કોણે કર્યું છે?" (૧) સ્ત્રીઓ દોષોનો સમૂહ છે, પરાભવનું ઉત્તમસ્થાન છે, મોક્ષમાર્ગનો નાશ કરનારી છે અને ચોક્કસ પ્રત્યક્ષ આપત્તિરૂપ છે. (૨) સ્ત્રીઓ(ઘડીકમાં) હસે છે અને (ઘડીકમાં) રડે છે. કામ કરાવવા માટે બીજાઓને વિશ્વાસ પમાડે છે પણ પોતે વિશ્વાસ કરતી નથી. તેથી કુલ અને શીલથી યુક્ત પુરુષે શ્મશાનની ઘટિકાઓની(–ઘડીઓની) જેમ સ્ત્રીઓનો ત્યાગ કરવો જોઈએ. (૩) "શબ્દાદિ[1] કામભોગો શલ્ય જેવા છે, વિષ જેવા છે, સર્પની ઉપમાવાળા છે. શબ્દાદિ કામભોગોની પ્રાર્થના કરતા જીવો ભોગોની પ્રાપ્તિ વિના જ દુર્ગતિમાં જાય છે."(૪) ઈત્યાદિ.**

આવી જિનાજ્ઞાની વિચારણા કરવાથી ધીર એવા તેને તે સ્ત્રી ઉપર રાગ ન થયો. આજ્ઞાબહુમાન હોવાના કારણે જ તેણે વિચાર્યું કે બ્રહ્મચર્યની વિરતિના નાશમાં નિયમા પાપ થાય. કહ્યું છે કે–**"બળેલા અગ્નિમાં પ્રવેશ કરવો એ સારું છે, પણ લાંબા કાળથી પાળેલું વ્રત ભાંગવું એ સારું નથી. સુવિશુદ્ધ કાર્યથી મરણ સારું છે, પણ ખંડિત શીલવાળાનું જીવન સારું નથી."** તેથી વ્રતરક્ષણમાં જ પ્રયત્ન કરવો જોઈએ. મારા ઉપર અનુરાગવાળી આ સ્ત્રીનું મરણ થાય તો પણ મને કર્મબંધ ન થાય. કારણ કે આગમમાં આ પ્રમાણે કહ્યું છે–**"બાહ્ય વસ્તુના નિમિત્તથી કોઈનેય અલ્પ પણ બંધ કહ્યો નથી. અર્થાત્ કોઈને ય બાહ્ય વસ્તુના નિમિત્તથી જરા પણ બંધ થતો નથી, કિંતુ આત્મપરિણામથી જ બંધ થાય છે."**

**પૂર્વપક્ષ– જો એમ છે તો પૃથ્વીકાય આદિની યતના ન કરવી, કેવળ પરિણામ શુદ્ધિ રાખવી.**

**ઉત્તરપક્ષ– જો કે બાહ્ય વસ્તુના નિમિત્તથી બંધ થતો નથી તો પણ પરિણામની વિશુદ્ધિને ઈચ્છતા મુનિઓ પૃથ્વીકાય આદિમાં યતના કરે છે. અહીં ભાવાર્થ એ છે કે પૃથ્વીકાય આદિમાં યતના ન કરવામાં આવે તો પરિણામની વિશુદ્ધિ ન જ થાય. (યતિલક્ષણ સમુચ્ચય ગા. ૬૨)**

૧. **सल्लं कामा** ઈત્યાદિ ગાથા ઉત્તરાધ્યયનસૂત્રમાં નમિપ્રવ્રજ્યા અધ્યયનમાં છે.

તો પણ એ મરણ ન પામે એ માટે મારે તેના ઉપર જૈનધર્મ કથન રૂપ સુકરુણા કરવી જોઇએ. આ પ્રમાણે વિચારીને તેણે દુઃસહ કામરૂપ દાવાનલને બુઝાવવા માટે મેઘ સમાન ધર્મ તે સ્ત્રીને કહ્યો. તે આ પ્રમાણે–"અબ્રહ્મસેવન અધર્મનું મૂળ છે. સંસારના ભાવોને વધારનારું છે એમ શાસ્ત્રમાં કહ્યું છે. માટે અબ્રહ્મ સેવનનો ત્યાગ કરવો એ યોગ્ય છે. (૧) તેઓ ધન્ય છે, તેમનાથી ત્રણ લોક પવિત્ર કરાયા છે, કે જેમણે વિશ્વને ક્લેશ પમાડનાર કામરૂપ મલ્લનો વિનાશ કર્યો છે. (૨) ત્યાર બાદ તે દેવ ભીમકુમારમાં મેરુ પર્વતના જેવી નિશ્ચલતા જાણીને પોતાનું રૂપ બતાવીને સ્વર્ગમાં જતો રહ્યો. (૨૪૯)"

પછી ભીમકુમારે પણ શું કર્યું તે વિગતને ગ્રંથકાર કહે છે–ભીમકુમાર અરિહંતોની આજ્ઞાને યાદ કરીને આત્મારામ થયો, અર્થાત્ આત્મારૂપ નંદનવનમાં રમણતા કરનારો થયો, એટલે કે બાહ્યવસ્તુઓના રાગથી રહિત થયો. ભીમકુમાર અરિહંતોની જે આજ્ઞાને યાદ કરીને આત્મારામ થયો તે આજ્ઞા આ પ્રમાણે છે–"**સ્વહિત કરવું, શક્તિ હોય તો પરહિત પણ કરવું. સ્વહિત અને પરહિત એ બેમાંથી કોઇ એક જ હિત થઇ શકે તેમ હોય તો સ્વહિત જ કરવું.**"

હવે ગ્રંથકાર ભીમકુમારના દૃષ્ટાંત દ્વારા બીજા જીવોને ઉપદેશ કહે છે–આ રીતે ભીમકુમારના દૃષ્ટાંતની જેમ ઉચિત પ્રવૃત્તિરૂપ જિનાજ્ઞાને કરતા, અર્થાત્ જ્યારે જે કરવું ઉચિત હોય ત્યારે તે ઉચિતને કરતા બીજા જીવોને પણ શ્રુત-ચારિત્રરૂપ ધર્મ થાય. જ્યારે જે ઉચિત હોય ત્યારે તે ઉચિત કરવું જોઇએ એ વિષે કહ્યું છે કે–"**બુદ્ધિમાન મનુષ્યે સદા સર્વસ્થળે ઉચિત કરવું જોઇએ. આ પ્રમાણે કરવાથી જ ફલની સિદ્ધિ થાય છે અને આ જ(–ઉચિત કરવું એ જ) જિનાજ્ઞા છે.**" (૨૫૦)

**लौकिकैरप्याज्ञाप्रामाण्यमेवाश्रितमिति दर्शयन् भीष्मवक्तव्यतामाह—**

**अन्ने गयपिंडो दब्भहत्थगाणातो दब्भदाणेणं ।**
**भीमं पियामहं खलु, पाएणेवं चिय कहेंति ॥२५१॥**

**अन्ये-अपरे सूरयो भीष्मपितामहमेव कथयन्तीत्युत्तरेण योगः । स च किल कदाचिद् गयायां पुरि लोकप्रसिद्धायां पितृपिण्डप्रदानार्थं जगाम । तत्र च तेन कृत्येषु जलाभिषेकाग्निकर्म्मादिषु पिण्डप्रदानोचितेषु कृतेषूपस्थापिते पिण्डदाने पितृभिरेको हस्तो दर्भाङ्कुरकलिततया दर्भहस्तकः सर्वापरपिण्डप्रदातृसाधारणो वटाद् निःसार्य**

**पिण्डग्रहणार्थे प्रगुणीकृतः द्वितीयस्तु तदीयब्रह्मचर्यादिगुणावर्जितैस्तैरेव नानामणिखण्ड-मण्डितकनकचूडालंकृत इति । ततस्तेनेतरहस्तापहस्तितेन दर्भहस्तकाज्ञया "दर्भहस्तके पिण्डः प्रदातव्यः" इत्येवंरूपायाः सकाशाद् दर्भदानेनेति- दर्भहस्ते यद्दानं पिण्डस्य विहितं तेनोपलक्षितं सन्तं भीष्मं-सान्त्वनुसूनुं गाङ्गेयापरनामकं पितामहं-पाण्डवकौरवाणां पित्रोरपि पितृभूतं, खलु वाक्यालङ्कारे, 'प्रायो' बाहुल्येन, एवमेव भीमकुमारवदाज्ञा-बहुमानवन्तं कथयन्तीति ॥२५१॥**

**લૌકિકોએ(–જૈનધર્મને નહિ પામેલાઓએ) પણ આજ્ઞાના પ્રમાણપણાનો (–આજ્ઞા જ પ્રમાણ છે એવો) જ આશ્રય કર્યો છે એમ જણાવતા ગ્રંથકાર ભીષ્મ અંગે જે કહેવા યોગ્ય છે તેને કહે છે–**

**ગાથાર્થ**– જે હાથમાં દર્ભ(–દાભ નામનું ઘાસ) હોય તે હાથમાં પિંડ આપવું જોઇએ એવી આજ્ઞાને યાદ કરીને ભીષ્મ પિતામહે ગયાતીર્થમાં પિતાના દર્ભવાળા હાથમાં પિતાને પિંડનું દાન કર્યું. આ કારણથી બીજા આચાર્યો પ્રાયઃ કરીને ભીષ્મપિતામહને જ ભીમકુમારની જેમ આજ્ઞાબહુમાનવાળા કહે છે. (અર્થાત્ આજ્ઞાબહુમાનમાં ભીમકુમારના સ્થાને પિતામહને જ કહે છે–ભીષ્મ પિતામહનું જ દૃષ્ટાંત કહે છે.)

**ટીકાર્થ**–ભીષ્મ ક્યારેક લોકપ્રસિદ્ધ [1]ગયાનગરીમાં પિતૃપિંડ આપવા માટે ગયા. ત્યાં તેમણે પિંડ આપવામાં ઉચિત એવા જલાભિષેક અને અગ્નિપૂજા વગેરે કાર્યો કર્યાં. પછી પિંડદાન કરવાની વિધિ આવી ત્યારે ભીષ્મના પિતાઓએ વડમાંથી એક હાથ બહાર કાઢ્યો. એ હાથ દર્ભના અંકુરાથી યુક્ત હતો. તથા તે હાથ પિંડદાન કરનારા બીજા બધાઓ માટે સાધારણ છે. અર્થાત્ જે કોઇએ પિંડદાન કરવું હોય તેમણે દર્ભવાળા હાથમાં પિંડદાન કરવું જોઇએ એવો વિધિ છે. ભીષ્મના પિતાઓએ વડમાંથી દર્ભવાળો હાથ બહાર કાઢીને પિંડને ગ્રહણ કરવા માટે ભીષ્મની સામે ધર્યો. ભીષ્મના બ્રહ્મચર્ય વગેરે ગુણોથી આકર્ષાયેલા ભીષ્મના પિતાઓએ જ બીજો હાથ વિવિધ પ્રકારના મણિખંડોથી વિભૂષિત એવા સુવર્ણમય બાહુભૂષણથી અલંકૃત કર્યો. પછી ભીષ્મે (પિતાઓના) બીજા હાથનો ત્યાગ કરીને દર્ભવાળા હાથમાં પિંડ દાન કર્યું. આ રીતે પિંડદાનથી ઓળખાયેલા ભીષ્મને જ અન્ય આચાર્યો મોટા ભાગે ભીમકુમારની જેમ આજ્ઞાબહુમાનવાળા કહે છે. (અર્થાત્ આજ્ઞાબહુમાનમાં ભીમકુમારના સ્થાને ભીષ્મ પિતામહને જ કહે છે–ભીષ્મપિતામહનું જ દૃષ્ટાંત કહે છે). ભીષ્મ શાંતનું રાજાના પુત્ર

૧. બિહાર પ્રદેશમાં ગયા નગરી છે અને લોકમાં તે નગરી તીર્થ તરીકે પ્રસિદ્ધ છે.

હતા. (ગંગારાણીના પુત્ર હોવાના કારણે) તેમનું બીજું નામ ગાંગેય હતું. તેઓ પાંડવો અને કૌરવોના દાદા(–પિતાઓના પણ પિતા) હતા.[1] (૨૫૧)

अथ 'आणापरतंतेहिं ता बीयाहाणमेत्थ कायव्वं' एतत् प्रपञ्च्य साम्प्रतं येषामिदमाज्ञापारतन्त्र्यं न स्यात् तानाह—

**एवं च पारतंतं, आणाए णो अभिन्नगंठीणं ।**
**पडिसोतोभिमुहाणवि, पायमणाभोगभावाओ ॥२५२॥**

**एवं च-भीमकुमारवत् पारतन्त्र्यं-परवशभावलक्षणमाज्ञाया नो-नैवाभिन्न-ग्रन्थीनाम्-अविदारितघनरागद्वेषमोहपरिणामानां जीवानाम् । कीदृशानामपीत्याह-'प्रतिस्रोतोऽभिमुखानामपि' । इह द्विधा जीवनदीपरिणतिरूपं स्रोतः-संसारस्रोतो निर्वृतिस्रोतश्च, तत्र संसारस्रोत इन्द्रियाणामनुकूलतया प्रवृत्तिरनुस्रोत उच्यते। द्वितीयं च तत्प्रतीपतया प्रतिस्रोत इति । ततः किञ्चित् परिपक्वभव्यतया तृणवत्तुलित-धनजीवितव्यादीनां संसारप्रतीपप्रारब्धचेष्टानामपि तथाविधबालतपस्विनां प्रायो-बाहुल्येनानाभोगभावात्-तथाविधप्रज्ञापकाभावेनालब्धाज्ञास्वरूपत्वात् । तथा हि तीर्थान्तरीया अपि केचिद् निर्विण्णभवाभिसन्धयो निर्वाणं प्रति दृढबद्धाभिलाषा उपलभ्यन्ते, परमभिन्नग्रन्थितया आज्ञास्वरूपमविकलमजानाना न तत्परतन्त्रा भवितुमर्हन्ति । न च वक्तव्यमभिन्नग्रन्थीनामाज्ञालाभ एव नास्ति ॥२५२॥**

**તેથી અહીં આજ્ઞાને આધીન બનીને ધર્મબીજોની વાવણી કરવી જોઇએ (ગાથા ૨૨૫) એ વિષયનું વર્ણન કરીને હવે જે જીવોને આ આજ્ઞાની આધીનતા ન હોય તે જીવોને કહે છે–**

**ગાથાર્થ–** પ્રતિશ્રોતની સન્મુખ થયેલા પણ અભિન્નગ્રન્થિ જીવોને ભીમકુમારની જેમ જિનાજ્ઞાની આધીનતા ન હોય. કારણકે તે જીવોને મોટા ભાગે અનાભોગ ભાવ હોય છે.

૧. શાંતનું નામનો રાજા હતો. તેને ગંગા અને સત્યવતી નામે બે રાણીઓ હતી. તેને ગંગારાણીથી એક પુત્ર થયો. તેનું ગાંગેય નામ પાડ્યું. પાછળથી તે લોકમાં ભીષ્મ તરીકે પ્રસિદ્ધ થયો. શાંતનું રાજાને સત્યવતીરાણીથી વિચિત્રવીર્ય પુત્ર થયો. વિચિત્રવીર્યને અંબા, અંબિકા અને અંબાલિકા એમ ત્રણ રાણીઓ હતી. તેમાં તેને અંબિકારાણીથી ધૃતરાષ્ટ્ર નામે પુત્ર થયો. અંબાલિકારાણીથી પાંડુ નામનો પુત્ર થયો. અંબારાણીથી વિદુર નામનો પુત્ર થયો. ધૃતરાષ્ટ્રને જુદી-જુદી રાણીઓથી દુર્યોધન વગેરે સો પુત્રો થયા. પાંડુને કુંતી રાણીથી અનુક્રમે યુધિષ્ઠિર, ભીમ અને અર્જુન એમ ત્રણ-પુત્રો થયા અને માદ્રી રાણીથી સહદેવ અને નકુલ એમ બે પુત્રો થયા. આગળ જતા ધૃતરાષ્ટ્રના સો પુત્રો કૌરવો તરીકે પ્રસિદ્ધ થયા. પાંડુના પાંચ પુત્રો પાંડવો તરીકે પ્રસિદ્ધ થયા.

અહીં જીવને નદીની ઉપમા આપી છે. જીવના પરિણામને શ્રોતની ઉપમા આપી છે. શ્રોત એટલે પ્રવાહ. જીવરૂપ નદીના પરિણામ રૂપ શ્રોતના બે પ્રકાર છે. તે આ પ્રમાણે—સંસારશ્રોત અને મોક્ષશ્રોત. સંસાર તરફનો પ્રવાહ તે સંસારશ્રોત. મોક્ષ તરફનો પ્રવાહ તે મોક્ષશ્રોત. ઇંદ્રિયોને અનુકૂલ પ્રવૃત્તિ કરવી તે સંસારશ્રોત. સંસારશ્રોતને અનુશ્રોત પણ કહેવામાં આવે છે. ઇંદ્રિયોને પ્રતિકૂલ પ્રવૃત્તિ કરવી એ બીજું પ્રતિશ્રોત છે.

**અભિન્નગ્રંથિ જીવો**—ગ્રંથિ એટલે રાગ-દ્વેષ-મોહનો ગાઢ પરિણામ. ગ્રંથિનો એટલે કે રાગ-દ્વેષ-મોહના ગાઢ પરિણામોનો જેમણે ભેદ કર્યો નથી તેવા જીવો અભિન્નગ્રંથિ છે.

**અનાભોગ ભાવ**—તેવા પ્રકારના પ્રજ્ઞાપક(ગુરુ)નો અભાવ હોવાના કારણે જિનાજ્ઞાના સ્વરૂપની પ્રાપ્તિનો અભાવ.

**ભાવાર્થ**— તેવા પ્રકારના બાલતપસ્વીઓ ભવ્યત્વનો કંઇક પરિપાક થવાના કારણે ધન અને જીવનને ઘાસતુલ્ય માને છે, અર્થાત્ તેમને ધન અને જીવનનો લોભ હોતો નથી, તથા સંસારને પ્રતિકૂળ ધર્મક્રિયાઓ શરૂ કરી હોય છે, અર્થાત્ સંસાર ઘટે તેવી ધર્મ ક્રિયાઓ શરૂ કરી હોય છે, આમ છતાં તેમણે ગ્રંથિનો ભેદ ન કર્યો હોવાના કારણે તેમને જિનાજ્ઞાની આધીનતા ન હોય. કારણ કે તેમને જિનાજ્ઞાની પ્રરૂપણા કરનારા ગુરુનો યોગ ન થવાના કારણે આજ્ઞાના સ્વરૂપનું જ્ઞાન હોતું નથી. તે આ પ્રમાણે—કેટલાક અન્યદર્શનીઓ પણ સંસારથી અતિશય કંટાળેલા અને મોક્ષની તીવ્ર ઇચ્છાવાળા જોવામાં આવે છે. પણ ગ્રંથિનો ભેદ ન થયો હોવાના કારણે જિનાજ્ઞાના યથાર્થ સ્વરૂપને નહિ જાણનારા તેઓ જિનાજ્ઞાને આધીન થવા માટે યોગ્ય નથી.

અભિન્નગ્રંથિ જીવોને આજ્ઞાલાભ ન જ હોય એમ ન કહેવું. અર્થાત્ કેટલાક અભિન્નગ્રંથિ જીવોને આજ્ઞાલાભ હોય છે. (૨૫૨)

**कीदृशी तेषां तत्परतन्त्रतेह चिन्त्येत्याशङ्क्याह—**

**गंठिगसत्तापुणबंधगाइयाणंपि दव्वतो आणा ।**
**नवरमिह दव्वसद्दो, भइयव्वो समयणीतीए ॥२५३॥**

**इह ग्रन्थिरिव ग्रन्थिः घनो रागद्वेषपरिणामः । एतदुक्तम्—"गंठित्ति सुदुब्भेओ, कक्खडघणरूढगूढगंठिव्व । जीवस्स कम्मजणिओ, घणरागद्दोसपरिणामो ॥१॥" ततो ग्रन्थिकसत्त्वा-ग्रन्थिस्थानप्राप्ताः प्राणिनः, ग्रन्थिकसत्त्वाश्च तेऽपुनर्बन्धकादिकाश्च ग्रन्थिकसत्त्वापुनर्बन्धकादिकास्तेषामपि द्रव्यतो द्रव्यरूपा आज्ञा भवति । तत्रापुनर्बन्धकः**

**'पावं न तिव्वभावा कुणइ' इत्यादिलणक्षणः, आदिशब्दाद् मार्गाभिमुखमार्गपतितौ यथाप्रवृत्तकरणचरमभागजौ सन्निहितग्रन्थिभेदौ, अभव्या दूरभव्याश्च सकृद्बन्धकादयो गृह्यन्ते । नवरं-केवलमिह विचारे द्रव्यशब्दो भक्तव्यो-विकल्पयितव्योऽर्थमपेक्ष्य समयनीत्या-सिद्धान्तस्थित्या, द्वयोरर्थयोः सिद्धान्ते द्रव्यशब्दो वर्त्तत इत्यर्थः ॥२५३॥**

અભિન્નગ્રંથિ જીવોની કેવી આજ્ઞાધીનતા અહીં વિચારવા યોગ્ય છે એવી આશંકા કરીને ગ્રંથકાર કહે છે–

**ગાથાર્થ**–ગ્રંથિસ્થાનને પામેલા (–ગ્રંથિસ્થાને આવેલા) અપુનર્બંધક આદિ જીવોને જિનાજ્ઞા દ્રવ્યથી હોય છે. ફક્ત આ વિષયમાં દ્રવ્યશબ્દ શાસ્ત્રનીતિથી વિકલ્પ કરવા યોગ્ય છે.

**ટીકાર્થ**– ગ્રંથિ એટલે રાગ-દ્વેષનો ગાઢ પરિણામ. કહ્યું છે કે– **"ગ્રંથિ એટલે કાષ્ઠની કર્કશ, ઘન, રૂઢ (શુષ્ક) અને ગૂઢ ગાંઠની જેમ જીવનો અતિશય, દુર્ભેદ્ય, કર્મજનિત અને અતિગાઢ એવો રાગ-દ્વેષનો પરિણામ." (વિશેષાવશ્યક ગા. ૧૧૯૫)**

ગ્રંથિસ્થાનને પામેલા છે (પણ હજી ગ્રંથિને ભેદી નથી) તેવા અપુનર્બંધક વગેરે જીવોને પણ દ્રવ્ય જિનાજ્ઞા હોય છે. અપુનર્બંધક જીવનું લક્ષણ આ પ્રમાણે છે– **"અપુનર્બંધક જીવ હિંસાદિ પાપ તીવ્રભાવથી (–ગાઢ સંક્લિષ્ટ પરિણામથી) ન કરે, ભયંકર સંસાર ઉપર બહુમાન ન રાખે, દેશ-કાલ આદિ સંયોગોની અપેક્ષાએ દેવ-ગુરુ, અતિથિ, માતા-પિતા આદિ બધા વિશે ઔચિત્યનું પાલન કરે (–દેવ વગેરેને અનુરૂપ સેવા-ભક્તિ કરે").** (યોગશતક ૧૩, ઉપદેશ રહસ્ય ૨૨)

"અપુનર્બંધક આદિ જીવોને" એ સ્થળે આદિ શબ્દથી માર્ગાભિમુખ, માર્ગપતિત, અભવ્ય, દૂરભવ્ય અને સકૃદ્બંધક વગેરે જીવો લેવા–સમજવા. તેમાં માર્ગાભિમુખ અને માર્ગપતિત એ બે પ્રકારના જીવો યથાપ્રવૃત્તિકરણના છેલ્લા ભાગમાં રહેલા હોય છે. અને નજીકના કાળમાં જ ગ્રંથિનો ભેદ કરનારા હોય છે. શાસ્ત્રમાં દ્રવ્યશબ્દના બે અર્થ છે. (આ બે અર્થ હવે પછીની ગાથામાં કહેવાશે.)

**ભાવાર્થ**–જીવો યથાપ્રવૃત્તકરણથી ગ્રંથિસ્થાને આવે છે. યથાપ્રવૃત્તકરણ શબ્દમાં યથાપ્રવૃત્ત અને કરણ એમ બે શબ્દો છે. તેમાં કરણ એટલે જીવનો પરિણામ–અધ્યવસાયવિશેષ. કર્મક્ષયના આશય વિના કર્મક્ષય જેનાથી થાય તે અધ્યવસાયવિશેષને યથાપ્રવૃત્તકરણ કહેવામાં આવે છે. જેમ નદીનો પથ્થર હું ગોળ બનું એવી ઇચ્છા વિના અને એ માટે કશાય પ્રયત્ન વિના પાણી વગેરેથી આમ-તેમ અથડાઇને ગોળ બની જાય છે. તેમ હું કર્મક્ષય કરું એવા

આશય વિના અને એના માટે કોઇ પ્રયત્ન વિના થતા કર્મક્ષયમાં "નદીઘોલપાષાણ" ન્યાય લાગુ પડે છે. આનો ભાવાર્થ એ આવ્યો કે 'નદી ઘોલપાષણ' ન્યાયથી, એટલે કે કર્મક્ષયના આશય વિના, જેનાથી કર્મક્ષય થાય, (કર્મસ્થિતિ ઘટે) તેવા અધ્યવસાયવિશેષને[1] યથાપ્રવૃત્ત કરણ કહેવામાં આવે છે. સંસારી જીવોને કર્મક્ષય કરવાના આશય વિના પણ અનાદિકાળથી પ્રતિસમય (ઉદયમાં આવેલા) કર્મનો ક્ષય થઇ રહ્યો છે. આથી આ કરણ સંસારીજીવોને અનાદિ કાળથી છે. આથી જ તેનું 'યથાપ્રવૃત્ત' એવું નામ છે. યથા એટલે જેમ. પ્રવૃત્ત એટલે પ્રવર્તેલું. અનાદિકાળથી જેવી રીતે પ્રવર્તેલું છે તેવી રીતે પ્રવર્તેલું.

**યથાપ્રવૃત્તિકરણ-** યથાપ્રવૃત્તિકરણ વડે જીવ આયુષ્ય સિવાયના સાત કર્મોની સ્થિતિ ઘટાડી નાખે છે. સાત કર્મોમાં મોહનીયકર્મની સ્થિતિ ૭૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ છે. યથાપ્રવૃત્તિકરણથી એ સ્થિતિને ઘટાડીને ૬૯ કોડાકોડી સાગરોપમ પ્રમાણ કરે, એમાંથી પણ ઘટાડીને ૬૮ કોડાકોડી સાગરોપમ પ્રમાણ કરે, એમાંથી પણ ઘટાડીને ૬૭ કોડાકોડી સાગરોપમ પ્રમાણ કરે, આમ ઘટાડતાં ઘટાડતાં એક કોડાકોડી સાગરોપમ જેટલી કરી નાખે છે. તેમાંથી પણ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલી કર્મસ્થિતિ ઘટાડી નાખે છે. આટલી સ્થિતિને શાસ્ત્રમાં દેશોન એક કોડાકોડી સાગરોપમ કહેવામાં આવે છે.

આમ જીવ યથાપ્રવૃત્તિકરણ વડે આયુષ્ય સિવાય સાત કર્મોની દેશોન એક કોડાકોડી સાગરોપમ જેટલી સ્થિતિ રહે ત્યાં સુધી કર્મો ખપાવી શકે છે.

**અપૂર્વકરણ–** .આ પ્રમાણે યથાપ્રવૃત્તિકરણ વડે આયુષ્ય સિવાય સાત કર્મોની સ્થિતિ દેશોન એક કોડાકોડી સાગરોપમ જેટલી જ રહે ત્યારે ગ્રંથિનો (–રાગ-દ્વેષના તીવ્ર પરિણામનો) ઉદય હોવાથી તે અવસ્થાને ગ્રંથિદેશ કહેવામાં આવે છે. અહીંથી આગળ વધવા માટે અપૂર્વકરણ વડે ગ્રંથિને ભેદવી પડે છે.

અપૂર્વકરણ એટલે અપૂર્વ વીર્યોલ્લાસ. તેનું અપૂર્વ એવું નામ સાર્થક છે. અપૂર્વ=પૂર્વે કદી ન થયું હોય તેવું. જ્યારે રાગ-દ્વેષની ગાંઠને છેદવાનો ઉલ્લાસ જાગે છે, ત્યારે જ અપૂર્વકરણ આવે છે. સંસારી જીવો પૂર્વે કહ્યું એમ યથાપ્રવૃત્તિકરણથી અનેકવાર ગ્રંથિ દેશ સુધી આવી જાય છે. પણ પછી રાગ-દ્વેષની ગાંઠને છેદવાનો પુરુષાર્થ ન કરી શકવાથી ફરી કર્મની સ્થિતિ વધારી દે છે. પણ ક્યારેક કોઇક સત્ત્વશાળી આસન્નભવ્ય જીવમાં ગ્રંથિ દેશે આવ્યા પછી રાગ-દ્વેષની ગાંઠને ભેદવાનો વીર્યોલ્લાસ પ્રગટે છે. રાગ-દ્વેષની

૧. **अनादिकालात् कर्मक्षपणप्रवृत्तोऽध्यवसायविशेषः** (વિશેષા. ૧૨૦૩)

ગાંઠને ભેદવાના તીવ્ર વીર્યોલ્લાસને જ અપૂર્વકરણ કહેવામાં આવે છે. કારણ કે પૂર્વે અનેકવાર ગ્રંથિદેશે આવવા છતાં ક્યારેય તેવો તીવ્ર વીર્યોલ્લાસ જાગ્યો નથી. આથી તેનું અપૂર્વ નામ સાર્થક છે. રાગ-દ્વેષની ગાંઠને ભેદવાનો તીવ્ર વીર્યોલ્લાસ પ્રગટતાં જીવ તેનાથી એ ગાંઠને ભેદી નાંખે છે. માટે જ કહ્યું છે કે "ગ્રંથિને ભેદતાં બીજું અપૂર્વકરણ હોય છે"

**અનિવૃત્તિકરણ–** અનિવૃત્તિકરણ એટલે સમ્યક્ત્વને પમાડનાર વિશુદ્ધ અધ્યવસાયો. આનું 'અનિવૃત્તિ' એવું નામ સાર્થક છે. અનિવૃત્તિ એટલે પાછું ન ફરનાર. જે અધ્યવસાયો સમ્યક્ત્વને પમાડ્યા વિના પાછા ફરે નહિ=જાય નહિ તે[1] અનિવૃત્તિ. અનિવૃત્તિકરણને પામેલો આત્મા અંતર્મુહૂર્તમાં જ અવશ્ય સમ્યક્ત્વ પામે છે. આથી જ કહ્યું છે કે– "જીવ સમ્યક્ત્વાભિમુખ થાય ત્યારે અનિવૃત્તિકરણ હોય છે."

અહીં અપૂર્વકરણના વર્ણનમાં આપણે જોયું કે યથાપ્રવૃત્તિકરણથી અનેકવાર ગ્રંથિદેશ સુધી આવી જાય છે. પણ પછી રાગ-દ્વેષની ગાંઠને છેદવાનો પુરુષાર્થ ન કરી શકવાથી ફરી કર્મની સ્થિતિને વધારી દે છે. પણ જે જીવ જે યથાપ્રવૃત્તિકરણ પછી અવશ્ય અપૂર્વકરણ વડે રાગ-દ્વેષની ગાંઠને ભેદે છે તે જીવનું તે યથાપ્રવૃત્તિકરણ ચરમયથા-પ્રવૃત્તિકરણ છે. ચરમ એટલે છેલ્લું. છેલ્લું યથાપ્રવૃત્તિકરણ તે ચરમયથાપ્રવૃત્તિકરણ છે. એકવાર અપૂર્વકરણ થયા પછી જીવને ક્યારેય યથાપ્રવૃત્તિકરણ થતું નથી.

**પ્રશ્ન–** જીવ ગ્રંથિદેશે કેટલો કાળ રહે ?

**ઉત્તર–** જીવ જઘન્યથી એક અંતર્મુહૂર્ત જેટલા કાળ સુધી અને ઉત્કૃષ્ટથી અસંખ્ય વર્ષો સુધી ગ્રંથિ દેશે રહે છે. આનો અર્થ એ થયો કે ગ્રંથિ દેશે આવેલા જીવનું યથાપ્રવૃત્તિ કરણ ચરમ હોય તો પણ યથાપ્રવૃત્તિકરણ કર્યા પછી તુરત જ રાગ-દ્વેષની ગાંઠને ભેદે એવો નિયમ નથી. પણ ભેદશે અને સમ્યક્ત્વ પામશે એ વાત ચોક્કસ છે. હવે તે ક્યારેય અંતઃકોડાકોડી સાગરોપમથી અધિક કર્મસ્થિતિને નહિ બાંધે.

યથાપ્રવૃત્તિકરણથી જીવને આટલી અવસ્થા પ્રાપ્ત થઈ શકે છે. અહીંથી આગળ વધવા અપૂર્વકરણ આદિની જરૂર પડે છે. આનાથી એ પણ સિદ્ધ થયું કે જીવ પુરુષાર્થ વિના જ તેવી ભવિતવ્યતા આદિના બળે આટલી અવસ્થા (દેશોન એક કોડાકોડી સાગરોપમ સ્થિતિ) સુધી પહોંચી શકે છે. અહીંથી આગળ વધવા પુરુષાર્થ કરવો પડે છે. પુરુષાર્થ વિના અહીંથી આગળ ન વધાય. અભવ્યજીવો આટલી અવસ્થા પ્રાપ્ત કરવા છતાં પુરુષાર્થ

૧. જેમ અનિવૃત્તિકરણમાં આવેલા જીવો પાછા ફરતા નથી. એમ અપૂર્વકરણમાં આવેલા જીવો પણ પાછા ફરતા નથી.

ન કરી શકવાથી આગળ વધી શકતા નથી. આથી અભવ્યોને એક યથાપ્રવૃત્તિકરણ જ હોય છે. અભવ્યની જેમ દૂરભવ્યો પણ પુરુષાર્થ ન કરી શકવાથી અહીંથી આગળ વધી શકતા નથી. આથી દૂરભવ્યોને પણ એક યથાપ્રવૃત્તિકરણ જ હોય.

**(૧) સકૃત્‌બંધક**–સકૃદ્‌બંધકમાં સકૃત્ અને બંધક એમ બે શબ્દો છે. સકૃદ્ એટલે એકવાર. બંધક એટલે બાંધનાર. જે જીવો યથાપ્રવૃત્તિકરણથી ગ્રંથિ દેશે આવેલા છે. પરંતુ ગ્રંથિભેદ કર્યો નથી. તથા ગ્રંથિભેદ કરવા પહેલાં એક જ વાર સંક્લેશવાળા થઈને મોહનીયકર્મની ઉત્કૃષ્ટ ૭૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિને બાંધશે તે જીવો સકૃત્ બંધક છે.

**(૨) માર્ગાભિમુખ**[૧]–માર્ગાભિમુખ શબ્દમાં માર્ગ અને અભિમુખ એમ બે શબ્દો છે. માર્ગ એટલે મોહનીયકર્મનો વિશિષ્ટ પ્રકારનો ક્ષયોપશમ. અભિમુખ એટલે સન્મુખ થયેલો. મોહનીયકર્મના વિશિષ્ટ પ્રકારના ક્ષયોપશમ રૂપ જે માર્ગ, તે માર્ગની સન્મુખ થયેલો જીવ માર્ગાભિમુખ છે. અહીં ભાવાર્થ એ છે કે મોહનીયકર્મના વિશિષ્ટ ક્ષયોપશમ રૂપ માર્ગમાં પ્રવેશ કરવાને યોગ્ય (=આવો ક્ષયોપશમ થવાને યોગ્ય) ભાવને પામેલો જીવ માર્ગાભિમુખ છે. માર્ગાભિમુખ જીવ ઉક્ત પ્રકારના માર્ગમાં પ્રવેશ્યો નથી, પણ પ્રવેશ કરવાને લાયક થઈ ગયો છે.

**(૩) માર્ગપતિત**–ઉક્ત પ્રકારના માર્ગમાં જેનો પ્રવેશ થઈ ગયો છે તે માર્ગપતિત. માર્ગાભિમુખ અને માર્ગપતિત એ બંને ચરમયથાપ્રવૃત્તિકરણમાં આવેલા હોય છે અને (એથી જ) નજીકના જ કાળમાં ગ્રંથિનો ભેદ કરે છે.

**(૪) દૂરભવ્ય**–એક પુદ્‌ગલપરાવર્તથી અધિક સંસારકાળ જેમનો બાકી હોય તે દૂરભવ્ય.

**(૫) અભવ્ય**–મુક્તિને પામવાની લાયકાત જેમાં ન હોય તે અભવ્ય. યથાપ્રવૃત્ત કરણથી ગ્રંથિસ્થાને આવેલા અભવ્ય વગેરે જીવોને જિનાજ્ઞાનું પાલન દ્રવ્યથી હોય છે. ભાવથી નહિ. પ્રસ્તુત વિચારણામાં દ્રવ્ય શબ્દના બે અર્થ છે. (૨૫૩)

**भजनामेवाह—**

**एगो अप्पाहन्ने, केवलए चेव वट्टती एत्थ ।**
**अंगारमद्दगो जह, दव्वायरिओ सयाऽभव्वो ॥२५४॥**

**एको द्रव्यशब्दो-ऽप्राधान्येऽप्रधानभावे केवलके चैव-प्रधानभावकारणभावांश-विकले एव वर्त्तते ।अत्रानयोर्द्रव्यशब्दयोर्मध्ये दृष्टान्तमाह-अङ्गारमर्द्दको यथा द्रव्याचार्यो-ऽभूतभविष्यद्भावाचार्ययोग्यभावः सदा-सर्वकालमभव्यो वक्ष्यमाणरूपः सन् ॥२५४॥**

૧. ઉપદેશરહસ્ય ગાથા-૧૮.

દ્રવ્ય શબ્દના બે અર્થને જ કહે છે–

**ગાથાર્થ**– એક દ્રવ્યશબ્દ કેવળ અપ્રધાન દ્રવ્ય અર્થમાં છે. જેમકે સદા અભવ્ય એવા અંગારમર્દકને (અપ્રધાન) દ્રવ્ય આચાર્ય કહ્યાં છે.

**ટીકાર્થ– કેવલ અપ્રધાન દ્રવ્ય**– જે દ્રવ્યમાં ભવિષ્યમાં ભાવરૂપ બનવાની લાયકાત ન હોય તે કેવલ અપ્રધાન દ્રવ્ય છે. જેમ કે અંગારમર્દ આચાર્ય કેવલ અપ્રધાન દ્રવ્ય આચાર્ય હતા. કેમ કે અભવ્ય હોવાના કારણે તેમનામાં ભવિષ્યમાં ભાવાચાર્ય બનવાની લાયકાત ન હતી. અંગારમર્દક આચાર્યનું સ્વરૂપ હવે પછી કહેવામાં આવશે.

**ભાવાર્થ**– શાસ્ત્રમાં દ્રવ્ય શબ્દના પ્રધાન દ્રવ્ય અને અપ્રધાન દ્રવ્ય એમ બે અર્થ છે. જે પદાર્થ હમણાં દ્રવ્યરૂપ હોય, પણ ભવિષ્યમાં ભાવરૂપ બનવાની યોગ્યતાવાળો હોય તે પદાર્થ પ્રધાનદ્રવ્ય કહેવાય. જેમ કે કોઇક સાધુને તાત્કાલિક આચાર્યપદ આપવાનો પ્રસંગ આવ્યો. પણ તે સાધુમાં હમણાં આચાર્યપદ પામવાની લાયકાત નથી. આમ છતાં ભવિષ્યમાં આ સાધુ આચાર્ય પદ પામવાની લાયકાતવાળો બની જશે એવી યોગ્યતા તેનામાં ગુરુને દેખાય છે. આવી યોગ્યતા જોઇને ગુરુ તેને તાત્કાલિક આચાર્યપદનું પ્રદાન કરે છે. આ આચાર્ય હમણાં આચાર્યપદને પામવાની લાયકાતવાળા ન હોવાથી દ્રવ્ય આચાર્ય છે. ભાવ આચાર્ય નથી. આમ છતાં તે આચાર્ય ભવિષ્યમાં ભાવ આચાર્ય બનશે એ અપેક્ષાએ હમણાં તે પ્રધાન દ્રવ્ય આચાર્ય છે.

જે પદાર્થ હમણાં દ્રવ્યરૂપ હોય અને ભવિષ્યમાં પણ તેનામાં ભાવરૂપ બનવાની લાયકાત ન હોય તે અપ્રધાન દ્રવ્ય કહેવાય. જેમકે અંગારમર્દક નામના આચાર્ય. આચાર્યના ગુણોથી રહિત હોવાના કારણે તે દ્રવ્ય આચાર્ય હતા. તેમનામાં ભવિષ્યમાં પણ ભાવ આચાર્ય બનવાની લાયકાત ન હતી. આથી શાસ્ત્રમાં અંગારમર્દક આચાર્યને અપ્રધાન દ્રવ્ય આચાર્ય કહ્યા છે. (૨૫૪)

**अन्नो पुण जोगत्ते, चित्ते णयभेदओ मुणेयव्वो ।**
**वेमाणिओववाउत्ति दव्वदेवो जहा साहू ॥२५५॥**

**अन्यः पुनर्द्रव्यशब्दो योग्यत्वे–तत्पर्यायसमुचितभावरूपे चित्रे–नानारूपे एक-भविकबद्धायुष्काभिमुखनामगोत्रलक्षणे नयभेदतः–संग्रहव्यवहारनयविशेषाद् मुणितव्यो–बोद्धव्यः । यथोक्तं—''नामाइतियं दव्वट्ठियस्स भावो उ पज्जवनयस्स । संगहववहारा पढमगस्स सेसा उ इयरस्स ॥१॥'' द्वितीयार्द्धस्यायमर्थः–संग्रहव्यवहारौ प्रथमकस्य द्रव्यास्तिकस्य प्रतिबद्धौ, शेषास्तु ऋजुसूत्रादय इतरस्य पर्यायास्तिकस्यायत्ता इति । एतदेव प्रयोगत आह–वैमानिकेषु देवेषूपपातो यस्य स तथेत्येवं कृत्वा द्रव्यदेवो यथा**

**साधुर्मुनिर्देवत्वकारणभावापन्न इति । अन्यत्राप्युक्तम्—"मिउपिंडो दव्वघडो, सुसावगो तह य दव्वसाहुत्ति । साहू य दव्वदेवो, एमाइ सुए जओ भणियं ॥१॥"॥२५५॥**

**ગાથાર્થ**–બીજો દ્રવ્ય શબ્દ (ભાવરૂપે બનવાની) યોગ્યતા અર્થમાં છે અને તે (–યોગ્યતા અર્થવાળો) દ્રવ્ય શબ્દ વિવિધ નયોના ભેદથી વિવિધ યોગ્યતા અર્થમાં જાણવો. જેમકે–જે સાધુ વૈમાનિક દેવલોકમાં ઉત્પન્ન થવાના છે તે સાધુ હમણાં દ્રવ્ય દેવ કહેવાય.

**ટીકાર્થ**–સાધુમાં કહેલી દેવપણાની યોગ્યતા જુદા-જુદા નયથી ત્રણ પ્રકારની કહી છે. તે આ પ્રમાણે-(૧) એકભવિક (૨) બદ્ધાયુષ્ક (૩) અભિમુખનામગોત્ર. જે સાધુએ વર્તમાનભવમાં દેવગતિનું આયુષ્ય બાંધ્યું ન હોય, પરંતુ અનંતર ભવમાં દેવભવમાં જવાની યોગ્યતા ધરાવે, તે સાધુ એકભવિક દ્રવ્યદેવ કહેવાય. જે સાધુએ વર્તમાન ભવમાં દેવલોકના આયુષ્યનો બંધ કરી દીધો છે, તે સાધુ બદ્ધાયુષ્ક દ્રવ્યદેવ કહેવાય. દેવલોકના આયુષ્યનો બંધ કર્યા પછી વર્તમાન ભવના છેલ્લા અંતર્મુહૂર્તમાં દેવગતિમાં ઉદયમાં આવનારી નામકર્મની પ્રકૃતિઓ અને ગોત્રકર્મ ફલાભિમુખ બન્યા હોય, તેવા સાધુ અભિમુખનામ-ગોત્ર દ્રવ્યદેવ કહેવાય. આ પ્રમાણે ભિન્ન ભિન્ન નયની અપેક્ષાએ દેવભવની યોગ્યતા ઉક્ત રીતે ભિન્ન ભિન્ન છે. સંગ્રહ અને વ્યવહાર નય ઉક્ત ત્રણે પ્રકારની યોગ્યતાને સ્વીકારે છે. આ વિષે કહ્યું છે કે–**નામ-સ્થાપના-દ્રવ્ય એ નિપેક્ષા દ્રવ્યાસ્તિક નયને જ અભિમત છે. ભાવનિપેક્ષ પર્યાયાસ્તિક નયને જ અભિપ્રેત છે. સંગ્રહ અને વ્યવહાર એ બે નયો દ્રવ્યાસ્તિક નયના મતને સ્વીકારે છે, અર્થાત્ તે બેનો દ્રવ્યાસ્તિક નયના મતમાં અંતર્ભાવ થાય છે. બાકીનાં નયો પર્યાયાસ્તિક નયના મતને સ્વીકારે છે.** (વિશેષા. ગા. ૭૫)

આ જ વિષયને (શાસ્ત્રમાં દેખાતા) પ્રયોગથી ગ્રંથકાર (ગાથાના ઉત્તરાર્ધમાં) જણાવે છે–જે સાધુ વૈમાનિક દેવલોકમાં ઉત્પન્ન થવાના છે તે સાધુ હમણાં દ્રવ્યદેવ કહેવાય. કારણ કે તે સાધુ દેવમાં ઉત્પન્ન થવાના કારણભાવને પામેલા છે. બીજા સ્થળે પણ કહ્યું છે કે–"**માટીનો પિંડ દ્રવ્ય ઘટ છે. સુશ્રાવક દ્રવ્યસાધુ છે. સાધુ દ્રવ્યદેવ છે, ઇત્યાદિ અનેક પ્રયોગો (–ઉલ્લેખો) શાસ્ત્રમાં છે.** (પંચા. ૬-૧૧)"

માટીનો પિંડ દ્રવ્યઘટ છે. એટલે કે માટીનો પિંડ દ્રવ્યથી–યોગ્યતાથી ઘટ છે. માટીનો પિંડ સ્વરૂપે તો માટીનો પિંડ જ છે, પણ તેનામાં ઘટરૂપે બનવાની યોગ્યતા હોવાથી તેને દ્રવ્યઘટ કહેવામાં આવે છે. સુશ્રાવક દ્રવ્યથી=યોગ્યતાથી સાધુ છે, અર્થાત્ સુશ્રાવક સાધુ બનવાની યોગ્યતાવાળો હોવાથી દ્રવ્યસાધુ છે. સાધુ દ્રવ્યથી=યોગ્યતાથી દેવ છે, અર્થાત્ સાધુ દેવ બનવાની યોગ્યતાથી યુક્ત હોવાથી દ્રવ્યદેવ છે. (૨૫૫)

इत्थं द्रव्यशब्दं द्व्यर्थमभिधाय यथायोग्यं योजयति—

**तत्थाभव्वादीणं, गंठिगसत्ताणमप्पहाण त्ति ।**
**इयरेसि जोगताए, भावाणाकारणत्तेण ॥२५६॥**

**तत्र-तयोर्द्रव्यशब्दयोर्मध्येऽभव्यादीनामभव्यसकृद्बन्धकादीनां ग्रन्थिकसत्त्वानां द्रव्यत आज्ञाभ्यासपराणामप्रधानोऽप्रधानार्थो द्रव्यशब्दो वर्त्तते । इति वाक्यालङ्कारे । भवति चाभव्यानामपि ग्रन्थिस्थानप्राप्तानां केषाञ्चिद् आज्ञालाभो द्रव्यतः । यथोक्तम्— "तित्थकराईपूयं दट्ठूणण्णेण वावि कज्जेण । सुयसामाइयलंभो, होज्जाऽभव्वस्स गंठिम्मि ॥१॥" इतरेषामपुनर्बन्धकादीनां योग्यतायां द्रव्यशब्दो वर्त्तते । कथमित्याह-भावाज्ञा-कारणत्वेन-सद्भूताज्ञाहेतुभावेनेति ॥२५६॥**

આ પ્રમાણે દ્રવ્યશબ્દના બે અર્થોને કહીને (એ બે અર્થોની) યથાયોગ્ય યોજના કરે છે–

**ગાથાર્થ**– બે પ્રકારના દ્રવ્ય શબ્દમાં ગ્રંથિદેશે આવેલા અભવ્ય વગેરેને આશ્રયીને દ્રવ્યશબ્દનો અપ્રધાન અર્થ છે. બીજા જીવોને આશ્રયીને દ્રવ્ય શબ્દનો યોગ્યતા અર્થ છે. કારણ કે તેમનામાં ભાવાજ્ઞાનું કારણ વિદ્યમાન છે.

**ટીકાર્થ**– ગ્રંથિદેશે આવેલા અને દ્રવ્યથી આજ્ઞાનું પાલન કરવામાં તત્પર એવા અભવ્ય અને સકૃદ્બંધક વગેરે જીવોને આશ્રયીને દ્રવ્ય શબ્દનો અપ્રધાન અર્થ છે. કેમકે તે જીવોમાં ભાવાજ્ઞાને પામવાની યોગ્યતા નથી. ગ્રંથિદેશે આવેલા કેટલાક અભવ્યોને પણ દ્રવ્યથી આજ્ઞાનો લાભ થાય છે. કહ્યું છે કે–**"તીર્થંકર આદિની પૂજાને જોઈને અથવા અન્ય કોઈ કારણથી ગ્રંથિદેશે આવેલા અભવ્ય જીવને શ્રુત સામાયિકનો લાભ થાય છે."** (વિ. આ. ભા. ૧૨૧૬)

અપુનર્બંધક વગેરે જીવોને આશ્રયીને દ્રવ્ય શબ્દનો યોગ્યતા અર્થ છે. કારણ કે તેમનામાં ભાવાજ્ઞાનું કારણ વિદ્યમાન છે, અર્થાત્ તેમનામાં ભાવાજ્ઞાને પામવાની યોગ્યતા રહેલી છે. (૨૫૬)

अथ प्रधानाप्रधानयोर्द्रव्याज्ञयोश्चिह्नान्यभिधातुमाह—

**लिंगाण तीए भावो, न तदत्थालोयणं ण गुणरागो ।**
**णो विम्हओ ण भवभयमिय वच्चासो य दोण्हंपि ॥२५७॥**

लिङ्गानां-चिह्नानां तस्यामाज्ञायां सत्यां भावः-सत्तालक्षणो वाच्यः । द्वयोरपीत्युत्तरेण योगः । तत्राप्रधानायां स तावदुच्यते । न-नैव तदर्थालोचनमाज्ञाभिधेयार्थपर्यालोचनं, न गुणरागः-नाज्ञाप्ररूपकाध्यापकादिपुरुषगुणपक्षपातः, तथा न विस्मयोऽहो ! मयाऽप्राप्तपूर्वेयं जिनाज्ञाऽनादौ संसारे कथञ्चित् प्राप्तेत्येवंरूपः; तथा न भवभयं-संसारभीतिः, सामान्येनाज्ञाविराधनायां वा, एतावन्त्यप्रधानद्रव्याज्ञाया लिङ्गानि । प्रधानद्रव्याज्ञाया इति विपर्यासश्च-पूर्वोक्तलिङ्गव्यत्ययः पुनः यथा, तदर्थालोचनं गुणरागो विस्मयो भवभयं चेति द्वयोरपि प्रधानाप्रधानार्थयोर्द्रव्यशब्दयोः प्रयोगे सतीति ॥२५७॥

હવે પ્રધાન અને અપ્રધાન દ્રવ્યાજ્ઞાનાં લક્ષણોને કહેવા માટે ગ્રંથકાર કહે છે–

**ગાથાર્થ–** પ્રધાન દ્રવ્યાજ્ઞાનાં અને અપ્રધાન દ્રવ્યાજ્ઞાનાં જે લક્ષણો હોય તે લક્ષણો કહેવા જોઈએ. તેમાં અપ્રધાન દ્રવ્યાજ્ઞાનાં લણક્ષો આ પ્રમાણે છે–(૧) તદર્થાલોચન (૨) ગુણરાગ (૩) વિસ્મય અને (૪) ભવભય, આ ચારનો અભાવ હોય. પ્રધાન દ્રવ્યાજ્ઞાનાં લક્ષણો આનાથી વિપરીત છે. અર્થાત્ પ્રધાન દ્રવ્યાજ્ઞામાં તદર્થાલોચન વગેરે ચાર હોય.

**ટીકાર્થ– (૧) તદર્થાલોચન[1]**–તદર્થાલોચન એટલે આજ્ઞાના અર્થની વિચારણા કરવી.

**(૨) ગુણરાગ**–આજ્ઞાના પ્રરૂપક અને અધ્યાપક આદિ પુરુષોના ગુણો ઉપર પક્ષપાત રાખવો તે ગુણરાગ.

**(૩) વિસ્મય**–અહો! અનાદિ સંસારમાં પૂર્વે ક્યારેય પ્રાપ્ત ન થઇ હોય તેવી જિનાજ્ઞા કોઇ પણ રીતે મને પ્રાપ્ત થઇ છે એવો વિસ્મય.

**(૪) ભવભય**–ભવભય એટલે સંસારભય, અથવા સામાન્યથી આજ્ઞાની વિરાધનાનો ભય.[2] (૨૫૭)

प्रागप्रधानार्थद्रव्यशब्दप्रयोगचिन्तायामङ्गारमर्दकः केवल एवोक्तः । साम्प्रतं यौगपद्येन प्रधानाप्रधानार्थद्रव्यशब्दं नियोजयन्नङ्गारमर्दकगोविन्दवाचकावुररीकृत्याह—

**अंगारमद्दगो च्चिय, आहरणं तत्थ पढमपक्खम्मि ।**
**गोविंदवायगो पुण, बीए खलु होति णायव्वो ॥२५८॥**

---

૧. તદર્થાલોચન શબ્દમાં તદ્, અર્થ અને આલોચન એમ ત્રણ શબ્દો છે. તેમાં તદ્ શબ્દથી આજ્ઞા સમજવી. આલોચન એટલે વિચારણા. આજ્ઞાના અર્થની વિચારણા તે તદર્થાલોચન.

૨. ઉપદેશ રહસ્ય ગાથા - ૧૯

**अङ्गारमर्द्दक इहाज्ञाविचारपक्षे आहरणं तयोर्द्वयोर्द्रव्यशब्दयोः प्रथमपक्षेऽप्रधानार्थतालक्षणे । गोविन्दवाचकः पुनर्द्वितीये प्रधानार्थतालक्षणे । खलु पूर्ववत् । भवति ज्ञातव्य उदाहरणतयेति ॥२५८॥**

**પૂર્વે અપ્રધાન અર્થવાળા દ્રવ્યશબ્દના પ્રયોગની વિચારણામાં કેવલ અંગારમર્દક આચાર્યનો જ ઉલ્લેખ કર્યો હતો. હમણાં પ્રધાન અર્થવાળા અને અપ્રધાન અર્થવાળા દ્રવ્યશબ્દની એકી સાથે યોજના કરતા ગ્રંથકાર અંગારમર્દક અને ગોવિંદ વાચકને સ્વીકારીને (-ઉદ્દેશીને) કહે છે–**

**ગાથાર્થ**–આજ્ઞાની વિચારણા કરવામાં અપ્રધાન અર્થવાળા પ્રથમ પક્ષમાં અંગારમર્દકનું ઉદાહરણ જાણવું અને પ્રધાન અર્થવાળા બીજા પક્ષમાં ગોવિંદ વાચકનું ઉદાહરણ જાણવું.

**ટીકાર્થ– અંગારમર્દકાચાર્યનો વૃત્તાંત–**

શ્રી વિજયસેનસૂરિ નામના સદાચાર સંપન્ન આચાર્ય મહારાજ માસકલ્પ પ્રમાણે વિહાર કરતાં કરતાં ગર્જનક નામના નગરમાં પધાર્યા. ત્યાં તેમના ઉત્તમ સાધુઓએ ગાયો છોડવાના સમયે (અર્થાત્ પ્રભાતે) "ભદ્રક પાંચસો હાથીઓથી યુક્ત ભુંડ આપણા સ્થાને આવ્યો" એવું સ્વપ્ન જોયું. તેમણે આશ્ચર્યકારી તે સ્વપ્ન આચાર્ય મહારાજને જણાવ્યું અને તેનો ભાવાર્થ પૂછ્યો. આચાર્ય મહારાજે કહ્યું કે– સુસાધુઓના પરિવારવાળા આચાર્ય આજે આવશે અને તમારા પરોણા થશે. પણ તે અભવ્ય છે એ ચોક્કસ છે. સાધુઓ સમક્ષ આચાર્ય મહારાજ આ પ્રમાણે વાત કરી રહ્યા હતા તેટલામાં અતિશય સૌમ્ય ગ્રહોના સમૂહથી યુક્ત શનિગ્રહની જેમ તથા મનોહર કલ્પવૃક્ષોના સમૂહથી યુક્ત એરંડવૃક્ષની જેમ સુસાધુઓથી યુક્ત રુદ્રદેવ નામના આચાર્ય ત્યાં આવ્યા. પરિવાર યુક્ત તેનો સાધુઓએ શાસ્ત્રોક્ત વિધિ મુજબ જલદી ઊભા થવું વગેરે યથાયોગ્ય અતિથિ સત્કાર કર્યો. પછી સાંજે ભુંડ જેવા તે આચાર્યની પરીક્ષા કરવા માટે સાધુઓએ પોતાના આચાર્યની આજ્ઞાથી પેશાબ કરવા માટે જવાના માર્ગમાં કોલસી પાથરી, પછી રાત્રે શું થાય છે તે છુપા રહીને જોવા લાગ્યા. છુપા રહીને તેમણે જોયું કે–નવા આવેલા સાધુઓ પેશાબ કરવા જતાં પગથી દબાયેલી કોલસીના કશ કશ શબ્દો સાંભળતાં કદાચ પગ નીચે જીવો ચગદાઇ ગયા હશે એવી શંકાથી મિચ્છા મિ દુક્કડં એમ બોલવા લાગ્યા અને આવો અવાજ શા કારણે થયો છે તે દિવસે જોઇ લઈશું એ દૃષ્ટિથી જ્યાં કશ કશ અવાજ થયો ત્યાં નિશાની કરી દીધી. હવે આચાર્ય રુદ્રદેવ પેશાબ કરવાની ભૂમિ તરફ ચાલ્યા ત્યારે પણ પૂર્વ મુજબ અવાજ સંભળાયો. પણ તેને જીવોની શ્રદ્ધા નહિ હોવાથી "પ્રમાણથી સિદ્ધ ન થતા હોવા છતાં જિનોએ આમને પણ (પૃથ્વીકાયને પણ) જીવ કહેલા છે" એમ બોલ્યા. ત્યાં રહેલા સાધુઓએ છૂપી રીતે જોયેલી આ હકીકત શ્રી વિજયસેનસૂરિ આચાર્ય મહારાજને કહી. આચાર્ય મહારાજે કહ્યું: તમે

સ્વપ્નમાં જે ભુંડ જોયો હતો તે આ આચાર્ય છે અને ભદ્રક હાથીઓ જોયા હતા તે આ સાધુઓ છે. આમાં તમારે કોઇ જાતની શંકા કરવી નહિ. પછી તેમણે સવારે રુદ્રદેવ આચાર્યના શિષ્યોને રાત્રે બનેલી હકીકત કહીને આવી ચેષ્ટાથી આ અભવ્ય છે અને તમારે ઘોર સંસારરૂપ વૃક્ષનું કારણ એવો તેનો ત્યાગ કરવો જોઇએ એમ યુક્તિથી ચેતવી દીધા. આથી તે સાધુઓએ પણ તેવા ઉપાયથી ધીમે ધીમે તેનો ત્યાગ કરી દીધો. સાધુઓ નિષ્કલંક ચારિત્ર પાળીને દેવલોકમાં ઉત્પન્ન થયા. તે બધાય ત્યાંથી ચ્યવીને આ જ ભરતમાં વસંતપુરનગરમાં જિતશત્રુ રાજાના પુત્રપણે ઉત્પન્ન થયા. સમય જતાં તે બધા યુવાન બન્યા. તે બધા સુંદર રૂપવાળા અને કળાઓમાં કુશળ હોવાથી સર્વત્ર તેમની કીર્તિ ફેલાણી. આથી હસ્તિનાગ નગરના કનકધ્વજનામના રાજાએ પોતાની કન્યાના વરના નિર્ણય માટે તેના સ્વયંવર મંડપમાં આવવા તે રાજપુત્રોને જલદી આમંત્રણ આપ્યું. ત્યાં આવેલા તેમણે એક ઊંટને જોયો. તે ઊંટની પીઠ ઉપર ઘણો ભાર હતો. ગળામાં મોટું કુતુપ (ઘી આદિ રાખવાનું સાધન) બાંધ્યું હતું. તે કરુણ અવાજ કરી રહ્યો હતો. તેના શરીરે ખસ થઇ હતી. શરીરનાં બધાં અંગો જીર્ણ થઇ ગયાં હતાં. તેને દુઃખમાંથી છોડાવનાર કોઇ ન હતું. આથી તે અતિશય દુઃખી હતો. આવા ઊંટને જોતાં બધા રાજકુમારોને તેના ઉપર ખૂબ દયા આવી અને એ શુભભાવના કારણે તેમને જાતિસ્મરણ જ્ઞાન થયું. આથી તેમણે દેવભવમાં થયેલા (અવધિ)જ્ઞાનથી (અમારા ગુરુ ઊંટ થયા છે એમ) જાણ્યું હોવાથી આ ઊંટ અમારો ગુરુ છે એમ સ્પષ્ટ તેને ઓળખી લીધો. આથી દયાળુ તેમણે "સંસારના દુષ્ટવર્તનને ધિક્કાર થાઓ! કે જેથી તેવું જ્ઞાન પામીને પણ આ ખરાબ ભાવના કારણે આવી અવસ્થાને પામ્યો અને સંસારમાં પરિભ્રમણ કરશે." આમ વિચારીને તેના માલિકો પાસેથી તેને છોડાવ્યો. ત્યાર પછી તેમણે આવું સંસાર નિર્વેદનું કારણ પામીને તે જ વખતે વિષયસુખોનો ત્યાગ કરીને પ્રવ્રજ્યા લીધી. ત્યારબાદ સદ્ગતિની પરંપરા પામી ટુંકા કાળમાં એ બધા મોક્ષ પામશે. ઊંટનો જીવ અભવ્ય હોવાથી સંસાર-અટવીમાં પરિભ્રમણ કરશે.

## ગોવિંદ વાચકનું ઉદાહરણ

ગોવિંદ વાચકના આ વૃત્તાંતને આચાર્યો આ પ્રમાણે જાણે છે–

દુષ્કૃતોનું સ્થાન એવા કોઇક નગરમાં સર્વ વિદ્વાન લોકના મદને દૂર કરનાર, મહાવાદી અને દાનવોની જેમ નિરંકુશ ચેષ્ટાવાળો ગોવિંદ નામનો બૌદ્ધ ભિક્ષુ હતો. સિદ્ધાંત, શબ્દ, સાહિત્ય, છન્દ અને તર્ક શાસ્ત્રમાં નિપુણ એવા મુનિઓથી પરિવરેલા, ઘણા ભવ્યજીવો રૂપ કમળોના વિકાસ માટે સૂર્યસમાન અને સ્થિરયશ સમૂહવાળા શ્રીગુપ્ત નામના આચાર્ય વિહાર કરતાં કરતાં ક્યારેક તે નગરીમાં પધાર્યા અને સાધુલોકને ઉચિત એવા સ્થાનમાં રહ્યા. જેવી

રીતે આકાશતળને પ્રકાશિત કરનારા ગ્રહ-તારાઓના સમૂહથી ચંદ્ર શોભે તેવી રીતે આ આચાર્ય પોતાના શિષ્યોથી અતિશય શોભે છે. જેવી રીતે સુવાસના સમૂહથી સર્વદિશાઓના મુખને ભરી દેનારા અને કમળોનું ઘર એવા માનસ સરોવરમાં ભમરાઓ લીન થાય તેવી રીતે હર્ષયુક્ત અને ગુણોને જાણનારા તે નગરીના લોકો શલ્યનો નાશ કરનારા તે આચાર્યના ચરણકમળોમાં લીન બન્યા. આનંદકારી શબ્દોથી આકાશને વ્યાપ્ત કરનારા તે આચાર્ય વડે કહેવાતા, કર્મક્ષયને કરનારા અને જિનોએ કહેલા ધર્મને લોકોએ સાંભળ્યો. લોકમાં એવો પ્રવાદ થયો કે હું માનું છું કે નગરમાં આ આચાર્યથી અધિક અન્ય કોઇ શ્રુતરૂપ રત્નોના મહાસાગર નથી, છતાં આ આચાર્ય અભિમાનથી રહિત છે. જેવી રીતે સાતપુડા વૃક્ષની સુવાસથી હાથી મદને પામે છે. તે રીતે આચાર્યનો આવો પ્રવાદ સાંભળવાથી ગોવિંદ વિહ્વલ થયો. પાંડિત્ય રૂપ મહાસાગરના પારને પામનારા એવા મારો વિકાસ થઇ રહ્યો છે ત્યારે પૃથ્વી ઉપર ઉજ્જ્વલ યશને કોણ પામી શકે ? ગર્વના કારણે ઊંચી ડોક રાખવાથી આગળ કંઇ પણ સમ્યક્ ન જોતો તે સૂરિની પાસે આવ્યો અને વાદ કરવાની પ્રતિજ્ઞા લીધી. જેવી રીતે મેઘધારાઓથી ધૂળ શાંત થઇ જાય તે રીતે આચાર્ય ભગવંતે વિવિધ સુંદર વચન યુક્તિઓથી ગોવિંદને તેજહીન કરી દીધો. અતિશય વિલખા બનેલા તેણે વિચાર્યું કે, જ્યાં સુધી એમના સિદ્ધાંતનો સાર ન મેળવાય ત્યાં સુધી તે આચાર્ય કોઇ પણ રીતે ન જીતી શકાય. આવો વિચાર કરીને તે દેશમાંથી નીકળીને અન્ય દૂરના દેશમાં જઇને બીજા કોઇ આચાર્યની પાસે કુશળતાથી વિશ્વાસ ઉત્પન્ન કરાવીને દીક્ષા લીધી. પછી ઉત્તમ સિદ્ધાંતને જલદી જલદી ભણવા લાગ્યો. વિપર્યાસના કારણે સિદ્ધાંતને સમ્યક્ રીતે સમજવા સમર્થ થતો નથી. કેટલાક દિવસો પછી ફરી તે દીક્ષા છોડીને બૌદ્ધ સાધુ થઇ ગયો. પછી શ્રીગુપ્તસૂરિની પાસે વાદ કરવા આવ્યો. આચાર્યે તેને નિરુત્તર કરી દીધો. ફરી પણ અન્ય દિશામાં જઇને જૈન દીક્ષા લીધી. આગમને કંઇક ભણીને પૂર્વની જેમ દીક્ષા છોડીને બૌદ્ધ સાધુ થયો. પછી અભિમાની તે વાદની ઇચ્છાથી તે જ આચાર્યની પાસે આવ્યો. આચાર્યે પણ સ્વશક્તિથી તેને તેજહીન કરી દીધો. ફરી ત્રીજીવાર તેણે દૂરના અન્ય દેશમાં જઇને દીક્ષા લીધી. આચારાંગ શાસ્ત્રના પહેલા અધ્યયનમાં આવેલા વનસ્પતિકાયના ઉદેશામાં શુદ્ધયુક્તિઓથી વનસ્પતિમાં ચૈતન્યને સિદ્ધ કરનારા આલાવાઓને તે ભણ્યો. આ આલાવા આ પ્રમાણે છે–**"જેવી રીતે મનુષ્યશરીર ઉત્પન્ન થવાના સ્વભાવવાળું છે, તેમ વનસ્પતિનું શરીર પણ ઉત્પન્ન થવાના સ્વભાવવાળું છે. જેમ મનુષ્યનું શરીર વધે છે તેમ વનસ્પતિનું શરીર પણ વધે છે. જેમ મનુષ્યશરીરમાં ચૈતન્ય છે તેમ વનસ્પતિના શરીરમાં પણ ચૈતન્ય છે. જેમ મનુષ્યનું શરીર છેદવાથી સુકાય છે તેમ વનસ્પતિનું શરીર પણ છેદવાથી સુકાય છે. જેમ મનુષ્યને આહારની જ જરૂર છે તેમ વનસ્પતિને પણ આહારની જરૂર છે. જેમ મનુષ્યનું શરીર**

**અનિત્ય છે. તેમ વનસ્પતિનું શરીર પણ અનિત્ય છે. જેમ મનુષ્યનું શરીર અશાશ્વત[1] છે તેમ વનસ્પતિનું શરીર પણ અશાશ્વત છે. જેમ મનુષ્યના શરીરની હાનિ-વૃદ્ધિ થાય છે તેમ વનસ્પતિના શરીરની પણ હાનિ-વૃદ્ધિ થાય છે. જેમ મનુષ્યના શરીરમાં અનેક વિકારો ઉત્પન્ન થાય છે તેમ વનસ્પતિનાં શરીરમાં પણ અનેક વિકારો ઉત્પન્ન થાય છે. માટે વનસ્પતિ સજીવ છે."**

તે ગોવિંદ પૂર્વે બૌદ્ધ મતના સંસ્કારના કારણે વનસ્પતિમાં જીવ છે એવી શ્રદ્ધા કરતો ન હતો. તે વખતે કોઈપણ રીતે મોહનો હ્રાસ થવાથી જેવી રીતે જન્મથી અંધને દૃષ્ટિની પ્રાપ્તિ થાય તેમ તેને (સાચી) દૃષ્ટિની પ્રાપ્તિ થતાં તે વનસ્પતિમાં જીવને જોવા લાગ્યો, અર્થાત્ વનસ્પતિમાં જીવ છે એમ માનવા લાગ્યો. પછી તેણે પ્રગટ થઈને પોતાનો આશય ગુરુને કહ્યો. ગુરુએ પણ તેને ફરી પહેલેથી દીક્ષા આપી. પછી તે વાચકપદને પામીને યુગપ્રધાન થયા.

આ પ્રમાણે ગોવિંદ વાચકને પૂર્વે કેવળ પ્રધાન દ્રવ્યાજ્ઞા હતી. પછી તે જ દ્રવ્યાજ્ઞા ભાવાજ્ઞારૂપ અમૃતના સ્વરૂપને પામી. (૨૫૮)

**अथ भावाज्ञामधिकृत्याधिकारिणमाह—**

**भावाणा पुण एसा, सम्मद्दिट्ठिस्स होति नियमेण ।**
**पसमादिहेउभावा, णिव्वाणपसाहणी चेव ॥२५९॥**

**भावाज्ञा पुनरेषा-सद्भूताज्ञापरिणामः पुनरयं सम्यग्दृष्टेर्भिन्नग्रन्थितया यथावद्दृष्ट-वस्तुतत्त्वस्य भवति-जायते नियमेनावश्यतया । कीदृशीत्याह-प्रशमादिहेतुभावात्-प्रशमसंवेगनिर्वेदानुकम्पास्तिक्यमोक्षकारणसद्भावाद् निर्वाणप्रसाधनी चैव-निवृति-संपादिकैवेति ॥२५९॥**

**હવે ભાવાજ્ઞાનો ઉલ્લેખ કરીને ભાવાજ્ઞાના અધિકારીને (–ભાવાજ્ઞાના અધિકારી કોણ છે તેને) કહે છે–**

**ગાથાર્થ–** આ ભાવાજ્ઞા નિયમા સમ્યગ્દૃષ્ટિ જીવને હોય છે, આ ભાવાજ્ઞા પ્રશમ વગેરે કારણોના સદ્ભાવથી નિયમા મોક્ષને સાધનારી છે.

**ટીકાર્થ– ભાવાજ્ઞા–** સદ્ભૂત આજ્ઞાનો પરિણામ.

**સમ્યગ્દૃષ્ટિ–** ગ્રંથિનો ભેદ થવાના કારણે વસ્તુના સ્વરૂપને યથાર્થ રીતે જેણે જોયું છે તેવો જીવ.

૧. અશાશ્વત એટલે પ્રતિક્ષણ બદલાતું.

**પ્રશમ વગેરે કારણોના સદ્ભાવથી-** મોક્ષના પ્રશમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિક્ય એ પાંચ કારણોનો સદ્ભાવ હોવાથી.

**ભાવાર્થ–** જે જીવની ગ્રંથિનો ભેદ થયો હોય તે જીવમાં જિનાજ્ઞાનો સાચો પરિણામ ઉત્પન્ન થાય છે. તેથી તે જીવ સર્વ વસ્તુના સ્વરૂપને યથાર્થ રીતે જુએ છે. તે જીવને સર્વવસ્તુઓનું જ્ઞાન ન પણ હોય, આમ છતાં તે જીવમાં **तमेव सच्चं निःशंकं जं जिणेहिं पवेइयं**—"તે જ નિઃશંકપણે સાચું છે કે જે જિનેશ્વરોએ કહ્યું છે" આવી શ્રદ્ધા હોવાના કારણે સર્વ વસ્તુના સ્વરૂપને યથાર્થ રીતે જુએ છે. તથા તેનામાં જિનાજ્ઞાનો પરિણામ સાચો હોય છે. દેખાવનો નથી હોતો. સમ્યક્ત્વની હાજરીમાં પ્રશમ વગેરે લિંગો અવશ્ય હોય છે. અલબત્ત તરતમતા અવશ્ય હોઈ શકે. એટલે સમ્યક્ત્વની હાજરીમાં એક જીવને જેટલા પ્રમાણમાં પ્રશમ વગેરે હોય તેનાથી બીજા જીવને ઓછા પ્રમાણમાં પ્રશમ વગેરે હોય એવું બની શકે છે. પણ સમ્યક્ત્વની હાજરીમાં કોઈક જીવને પ્રશમ વગેરે ન પણ હોય એવું ન જ બને. આથી જ શ્રાવકપ્રજ્ઞપ્તિપ્રકરણની ૬૨મી ગાથાની ટીકામાં લખ્યું છે કે–**"અનંતાનુબંધી કષાયોનો ક્ષયોપશમ વગેરે થયા વિના તત્ત્વાર્થશ્રદ્ધા ન થાય. અનંતાનુબંધી કષાયોનો ક્ષયોપશમ વગેરે વિદ્યમાન હોય ત્યારે જે જીવોને અનંતાનુબંધી કષાયોનો ઉદય છે તે જીવોની અપેક્ષાએ આ જીવમાં પ્રશમ વગેરે ગુણો હોય જ છે."**

મોક્ષના પ્રશમ વગેરે કારણો વિદ્યમાન હોવાના કારણે ભાવાજ્ઞા અવશ્ય મોક્ષને પમાડે છે. (૨૬૯)

**ततोऽस्यां यदसौ करोति तदाह—**

**एयाए आलोचइ, हियाहियाइमतिनिउणनीतीए ।**
**किच्चे य संपयट्टति, पायं कज्जं च साहेति ॥२६०॥**

**एतस्यां भावाज्ञायां सत्यां आलोचयति जीवः । किमित्याह-हिताहितानि इहलोकपरलोकयोर्हितानि नीतिव्यवहारादिलक्षणानि, अहितानि च तद्विपरीतानि परद्रव्यापहारादीनि । कथमित्याह-अतिनिपुणनीत्या-वज्रसूचेरप्यतितीक्ष्णयोहापोहयुक्त्या। तथा कृत्ये च कर्त्तव्येऽर्थे धर्मश्रवणादौ संप्रवर्त्तते-सम्यक् चेष्टावान् भवति प्रायो बाहुल्येन । तथा, कार्यं च धर्मार्थादिरूपं साधयति-निर्वर्तयति प्राय एवावन्ध्यबुद्धित्वेन सफलचेष्टत्वात् ॥२६०॥**

**તેથી ભાવાજ્ઞા હોય ત્યારે જીવ જે કરે છે તેને કહે છે–**

**ગાથાર્થ**–ભાવાજ્ઞા હોય ત્યારે જીવ અતિનિપુણનીતિથી હિતાહિતને વિચારે છે. પ્રાયઃ કર્તવ્યમાં સમ્યક્ પ્રવર્તે છે અને પ્રાયઃ કાર્યને સાધે છે.

**ટીકાર્થ– અતિનિપુણનીતિથી–** વજ્રની સોયથી પણ અતિતીક્ષ્ણ તર્ક-વિતર્કવાળી યુક્તિથી.

**હિતાહિતને-** આ લોક અને પરલોક સંબંધી હિતને અને અહિતને. નીતિથી વ્યવહાર કરવો વગેરે હિત છે= હિતકર છે. તેનાથી વિપરીત પારકાનું ધન લેવું વગેરે અહિત છે= અહિતકર છે.

**પ્રાયઃ કર્તવ્યમાં સમ્યક્ પ્રવર્તે છે–** પ્રાયઃ ધર્મશ્રવણ વગેરે કરવા યોગ્ય કાર્યોમાં સમ્યક્ પ્રવૃત્તિ કરે છે.

**પ્રાયઃ કાર્યને સાધે છે–** નિષ્ફળ ન જાય તેવી બુદ્ધિવાળો હોવાથી સફલ ચેષ્ટાવાળો હોય છે. અને એથી ધર્મ અને અર્થ (ધન) વગેરે કાર્યને પ્રાયઃ સિદ્ધ કરે છે. (૨૬૦)

**आह-किं कदाचिदन्यथाभावोऽपि स्याद् येनात्र प्रायोग्रहणं कृतमिति । उच्यते-सत्यमेवैतत्, कदाचित् कस्यचित् प्रतिबन्धसम्भवात् । तमेव दर्शयन्नाह—**

**पडिबंधो वि य एत्थं, सोहणपंथम्मि संपयट्टस्स ।**
**कंटगजरमोहसमो, विन्नेओ धीरपुरिसेहिं ॥२६१॥**

**प्रतिबन्धोऽपि च स्खलनारूपः किं पुनरप्रतिबन्ध इत्यपिचशब्दार्थः, अत्र-भावाज्ञायां लब्धायां सत्यां तथाविधावश्यंवेद्यकर्मविपाकात् शोभनपथे-सर्वसमीहितसिद्धि-सम्पादकत्वेन सुन्दरे पथि पाटलिपुत्रकादिपुरसम्बन्धिनि सम्प्रवृत्तस्य कस्यचित् पथिकस्य ये कण्टकज्वरमोहाः प्रतिबन्धहेतुत्वात् प्रतिबन्धा जघन्यमध्यमोत्कृष्टरूपास्तैः समस्तुल्यः कण्टकज्वरमोहसमो विज्ञेयो धीरपुरुषैः ॥२६१॥**

**પ્રશ્ન– ક્યારેક કર્તવ્યમાં ન પણ પ્રવર્તે ક્યારેક ધર્મ વગેરે કાર્ય ન પણ સાધે એવું શું બને ? જેથી અહીં 'પ્રાયઃ' કહ્યું.**

**ઉત્તર– તમે કહ્યું તે સાચું જ છે. કોઈક સમ્યગ્દૃષ્ટિ જીવને ક્યારેક વિઘ્નનો સંભવ છે. એથી કોઈક સમ્યગ્દૃષ્ટિ જીવ કર્તવ્યમાં ન પણ પ્રવર્તે અને ધર્મ વગેરે કાર્ય ન પણ સાધે એવું બને. આ જ વિષયને બતાવતા ગ્રંથકાર કહે છે–**

**ગાથાર્થ–** ભાવાજ્ઞા પ્રાપ્ત થયે છતે સારા માર્ગમાં સમ્યક્ પ્રવૃત્ત થયેલા જીવને વિઘ્ન પણ આવે. ધીરપુરુષોએ આ વિઘ્નને કંટક, જ્વર અને મોહ તુલ્ય જાણવો.

**ટીકાર્થ–** જેમ પાટલિપુત્ર વગેરે નગરમાં જવા માટે પ્રવૃત્ત થયેલા કોઈક મુસાફરને કંટક, જ્વર અને મોહરૂપ વિઘ્ન થાય તે રીતે પ્રસ્તુતમાં મોક્ષમાર્ગ રૂપ સુંદર માર્ગમાં

પ્રવૃત્ત થયેલા કોઈક જીવને તેવા પ્રકારના અવશ્ય ભોગવવા પડે તેવા કર્મના વિપાકથી કંટક, જ્વર અને મોહતુલ્ય વિઘ્ન આવે. મુસાફરને કાંટો વાગે તો તેટલો સમય આગળ વધવામાં વિલંબ થાય. મુસાફરને તાવ આવે તો તેટલો સમય આગળ વધવામા વિલંબ થાય. મુસાફરને દિશાને ભૂલી જવારૂપ મોહ થાય તો તેટલો સમય આગળ વધવામાં વિલંબ થાય. કંટક, જ્વર અને મોહ આગળ વધવામાં અટકાવનારા હોવાથી વિઘ્ન છે. તેમાં કંટકનું વિઘ્ન જઘન્ય છે. જ્વરનું વિઘ્ન મધ્યમ છે અને મોહનું વિઘ્ન ઉત્કૃષ્ટ છે. પ્રસ્તુતમાં મુસાફર જીવને જઘન્ય-મધ્યમ-ઉત્કૃષ્ટ વિઘ્ન આવે એથી તેને આગળ વધવામાં વિલંબ થાય.

**પ્રશ્ન**–મોક્ષમાર્ગને સુંદર માર્ગ કેમ કહ્યો ?

**ઉત્તર**–મોક્ષમાર્ગ સર્વ ઈષ્ટની સિદ્ધિને કરનારો હોવાથી સુંદર છે. (૨૬૧)

**तथा—**

**जह पावणिज्जगुणणाणतो इमो अवगमम्मि एतेसिं।**
**तत्थेव संपयट्टति, तह एसो सिद्धिकज्जम्मि ॥२६२॥**

**यथा प्रापणीयस्य प्रापयितव्यस्य पुरग्रामादेर्गुणाः-सौराज्यसुभिक्षजनक्षेमादयस्तेषां ज्ञानतस्तेषु परिज्ञातेषु सत्स्वित्यर्थः, अयं पथिकोऽपगमेऽभावे जाते एतेषां-कण्टकादीनां तत्रैव प्रापणीये संप्रवर्त्तते न पुनरन्यत्रापि, 'तथा' निरूपितपथिकवदेष भावाज्ञावान् सिद्धिकार्ये-सिद्धिलक्षणेऽभिधेयेऽर्थेऽजरामरत्वादितद्गुणपरिज्ञानादिति ॥२६२॥**

तथा–

**ગાથાર્થ**–જેવી રીતે જવા યોગ્ય નગર-ગામ વગેરેના ગુણોનું જ્ઞાન થયે છતે મુસાફર કંટક વગેરે વિઘ્ન દૂર થતાં જવા યોગ્ય નગર-ગામ વગેરે તરફ આગળ વધે છે, પણ બીજે ક્યાંય જતો નથી. તે રીતે પ્રસ્તુતમાં ભાવાજ્ઞાને પામેલો જીવ કંટક વગેરે સમાન વિઘ્ન દૂર થતાં મોક્ષ તરફ આગળ વધે છે.

**ટીકાર્થ**–સારું રાજ્ય, સુકાલ અને (રહેનારા) લોકોનું કુશળ થાય વગેરે નગર-ગામ વગેરેના ગુણો છે. જરા અને મરણનો અભાવ વગેરે મોક્ષ ગુણો છે. ભાવાજ્ઞાને પામેલા જીવને મોક્ષના આવા ગુણોનું જ્ઞાન હોવાથી કંટક વગેરે સમાન વિઘ્ન દૂર થતાં મોક્ષ તરફ જ આગળ વધે છે. (૨૬૨)

अधुना प्राक्प्रतिपादितप्रतिबन्धानधिकृत्य दृष्टान्तेनाह—

मेहकुमारो एत्थं, डहणसुरो चेव अरिहदत्तो च।
आहरणा जहसंखं, विन्नेया समयनीतीए ॥२६३॥

मेघकुमारोऽत्र-प्रतिबन्धे प्रतिज्ञापयितुमुपक्रान्ते, तथा, दहनसुरश्चैव द्वितीयः, अर्हद्दत्तश्च तृतीयः 'आहरण'त्ति उदाहरणानि यथासंख्यं कण्टकादिप्रतिबन्धेषु विज्ञेयाः समयनीत्या-ज्ञाताधर्मकथादिसिद्धान्तस्थित्या ॥२६२॥

હવે પૂર્વે જણાવેલા વિઘ્નોનો ઉલ્લેખ કરીને દૃષ્ટાંતથી કહે છે–

ગાથાર્થ–અહીં શાસ્ત્રનીતિથી કંટકાદિ વિઘ્નોમાં અનુક્રમે મેઘકુમાર, દહનસુર અને અર્હદ્દત્ત એ ત્રણ દૃષ્ટાંતો જાણવાં.

ટીકાર્થ–અહીં–જણાવવાને શરૂ કરેલા વિઘ્ન વિષે.

શાસ્ત્રનીતિથી–જ્ઞાતાધર્મકથા વગેરે સિદ્ધાંતની સ્થિતિથી.

અનુક્રમે–કંટક સમાન વિઘ્નમાં મેઘકુમારનું, જ્વરસમાન વિઘ્નમાં દહનસુરનું અને મોહસમાન વિઘ્નમાં અર્હદ્દત્તનું દૃષ્ટાંત જાણવું. (૨૬૩)

तत्र मेघकुमारोदाहरणमादावभिधित्सुर्गाथानवकमाह—

रायगिहे सेणिए धारणी य गयसुमिण दोहलो मेहे ।
अभए देवाराहण, संपत्ती पुत्तजम्मो य ॥२६४॥

मेहकुमारो नामं, सावगसंवेगओ य पव्वज्जा ।
संकुडवसहीसेज्जा, राओ पादादिघट्टणया ॥२६५॥

कम्मोदयसंकेसो, गिहिगोरव तीमि तहिं चिंता ।
गोसे वीराभासण, सच्चंति न जुत्तमेयं ते ॥ २६६॥

जमिओ उ तइय जम्मे, तमासि हत्थी सुमेरुपहनामा ।
वुड्ढो वणदवदड्ढो, सरतित्थे अप्पसलिलम्मि ॥२६७॥

गयभिन्नो वियणाए, सत्तदिण मओ पुणो गजो जाओ ।
मेरुप्पभजूहवईवणदव जातीसर विभासा ॥२६८॥

वासे थंडिलकरणं, कालेण वणदवे तहिं ठाणं ।
अन्नाण वि जीवाणं, संवट्टे पायकंडूयणं ॥ २६९॥

तद्देसे ससठाणे, अणुकंपाए य पायसंवरणं ।
तह भवपरित्तकरणं, मणुयाउ य ततियदिणपडणं ॥२७०॥

एत्थं जम्मो धम्मो, तम्मि मयकलेवरे सिगालाई ।
तह सहणाओ जह गुणो, एसोत्ति गओय संवेगं ॥२७१॥

मिच्छादुक्कडसुद्धं, चरणं काउं तहेव पव्वज्जं ।
विजओववाओ जम्मंतरम्मि तह सिज्झणा चेव ॥२७२॥

अथ संग्रहगाथाक्षरार्थः—राजगृहे नगरे श्रेणिको नाम राजा धारिणी च तद्देवी 'गयसुमिण'त्ति गजस्वप्नस्तया दृष्टः ततस्तृतीये मासे दोहदो मेघविषयः समजायत। ततः 'अभए' इति अभयकुमारेण 'देवाराधनसंपत्ति' देवताराधनेन प्राप्तिस्तस्य कृता। पुत्रजन्म कालेन बभूव ॥२६४॥ मेघकुमारो नाम तस्य कृतम् । श्रावकसंवेगतस्तु श्रावकस्य भगवदन्तिके धर्म्मं श्रुतवतः सतः प्रथमवेलायामपि यः संवेगो मोक्षाभिलाषलक्षणस्तस्मादेव प्रव्रज्या जातेति । 'संकुडवसति' द्वारे संकीर्णायां वसतौ द्वारदेशे शय्या संस्तारकभूमिरस्य संजाता ततो रात्रौ पादादिघट्टनया हेतुभूतया ॥२६५॥

कर्म्मोदयसंक्लेशश्चारित्रमोहोदयात् संक्लेशो मालिन्यरूपो जातः । कथं 'गिहि-गोरव'त्ति गृहिणो मम सत एते मे गौरवमकार्षुस्ततो व्रजामि 'तहिं'त्ति गृहे, इति चिन्ता समुत्पन्ना। 'गोसे वीराभासण'त्ति प्रभाते वीरेणाभाषणं कृतं यथा रात्रावित्थं भवांश्चिन्तितवानिति । सत्यमिति प्रतिपन्नं च तेनेति । उक्तं च भगवता न युक्तमेतत्तु इदं पुनस्ते इति ॥२६६॥

यद्यस्मादितस्तु इत एव भवात् तृतीयजन्मनि त्वमासीर्हस्ती सुमेरुप्रभनामा । ततो वृद्धः सन् वनदवदग्धः सरोऽतीर्थेऽल्पसलिलेऽवतीर्ण्णः सन् ॥२६७॥

गजभिन्नः दशनाभ्यां वेदनया 'सत्त दिण'त्ति सप्तदिनानि यावत् स्थित्वा मृतः । पुनर्गजो हस्ती जातः मेरुप्रभनामा यूथपतिः । 'वणदव'त्ति पुनर्दवे प्रवृत्ते जातिस्मरो जातः । ततो विभाषा विविधार्थभाषणरूपा वक्तव्या, यथा मया पूर्वभवे इतो वनदवाद् मरणं प्राप्तं ततः करोमि प्रतिविधानमिति ॥२६८॥

'वर्षे' वर्षाकाले सञ्जाते स्थण्डिलकरणं तृणकाष्ठाद्यपनयनेन कालेन चोष्ण-काललक्षणेन वनदवे प्रवृत्ते तत्र स्थण्डिले 'स्थानं' स्थितिः सञ्जाता तस्य । अन्येषामपि जीवानां तत्र स्थानमिति सम्बध्यते । ततः 'संवर्त्ते'ऽत्यन्तसम्बाधलक्षणे वर्त्तमाने पादकण्डूयनं निजाङ्गस्य पादेन कण्डूनमारब्धं भवतेति ॥२६९॥

'तद्देशे' पादप्रदेशे 'शशस्थानं' शशकजीवस्थितिर्जाता । अनुकम्पया त्वया पाद-संवरणं विहितम् । 'तथेति' समुच्चयार्थो भिन्नक्रमश्च । ततो भवपरीत्तकरणं संसारतुच्छभावसम्पादनं 'मणुयाउय'त्ति मनुष्यायुश्च निबद्धम् । तृतीये दिने पतनं भूमौ सम्पन्नमिति ॥२७०॥

ततोऽत्र राजगृहे जन्म । धर्म्मश्चारित्रभावलक्षणः। तस्मिन् मृगकलेवरे मृगस्याट-व्यजन्तोः सतः, अथवा मृगस्याप्रबुद्धस्य सतो यत् कलेवरं तत्र ये शृगालादयो जीवा भक्षकतया लग्नाः प्राग्भवे, तेषामिति गम्यते, तथा सहनतो यथा लग्नाधिस-हनाच्चकाराच्छशकानुकम्पया च गुण उपकार एषः प्रव्रज्यालाभलक्षण इत्येतच्छ्रुत्वा गतस्तु गतश्च संवेगम् ॥२७१॥

मिथ्यादुष्कृतशुद्धं 'मिथ्यादुष्कृतं शुद्धं मेऽस्तु' एवंरूपप्रायश्चित्ताद् निर्मलं चरणमन्तश्चारित्रपरिणतिरूपं कृत्वा तथैव प्रव्रज्यां यावज्जीवमेव शुद्धप्रवृत्तिरूपाम्, 'विजयोपपातो' विजयविमानोपपत्तिर्जन्मान्तरे तथा 'सिज्झणा चेव'त्ति सिद्धिश्च सम्पत्स्यत एव ॥२७२॥

कंटगखलणातुल्लो, इमस्स एसो त्ति थेवपडिबंधो ।
तत्तो य आभवंपि हु, गमणं चिय सिद्धिमग्गेण ॥२७३॥

कण्टकस्खलनातुल्यो मार्ग्गे प्रवृत्तपथिककण्टकवेधसमोऽस्य मेघमुनेरेष इति चित्तसंक्लेशः । 'कीदृश' इत्याह-'स्तोकप्रतिबन्धः' परिमितविघ्नकारी । ततश्च प्रतिबन्धाद् उद्वृत्ताद् उत्तरकालं आभवमपि च गमनमेव सिद्धिमार्ग्गेण सम्यग्-दर्शनादिरूपेण॥२७३॥

अथ दहनसुरोदाहरणमभिधित्सुराह—

पाडलिपुत्त हुयासण, जलणसिहा चेव जलणडहणा य ।
सोहम्मपलियपणगं, आमलकप्पाय णट्टत्थे ॥२७४॥

पाटलिपुत्रे नगरे 'हुयासण'त्ति हुताशनो नाम ब्राह्मणोऽभवत् । तस्य ज्वलनशिखा चैव जाया समजायत । श्रावके चैते । तयोश्च 'जलणडहणा य'त्ति ज्वलनो दहनश्च पुत्रौ जातौ। तयोश्च कृतप्रव्रज्ययोः 'सोहम्म'त्ति सौधर्मे देवलोके पल्यपञ्चकमायुरजनि। आमलकल्पायां नगर्यामवतीर्णयोर्भगवतो महावीरस्य पुरतो 'नाट्यार्थे' नाट्यनिमित्तं कृतवैक्रिययोर्गणधरेण पृच्छा कृतेति ॥२७४॥

अथैनामेव गाथां गाथाषट्केन भावयन्नाह—

संघाडग सज्झिलगा, कुडुंबगं धम्मघोसगुरुपासे ।
पव्वइयं कुणति तवं, पव्वज्जं चेव जहसत्तिं ॥२७५॥

जलणडहणाण णवरं, रिजुभावो तत्थ पढमगो सम्मं ।
बिदिओ पुण मायावी, किरियाजुत्तो उ तह चेव ॥२७६॥

किरियाण अइसंधति, इतरं मायाए तग्गयाए उ ।
एवं पायं कालो, संलेहण मो उ सोहम्मे ॥२७७॥

अब्भिंतरपरिसाए, पणपलियाऊ महिड्डिया जाया ।
आमलकप्पोसरणे, णट्टविहिविवज्जओ तेसिं ॥२७८॥

एवंविउव्वइस्सं, एवं चिय तत्थ होति एक्कस्स ।
इयरस्स उ विवरीयं, जाणगपुच्छा गणहरस्स ॥२७९॥

भगवंत कहण मायादोसो किरियागतो उ एसोत्ति ।
अणुगामिओ य पायं, एवं चिय कइचि भवगहणे ॥२८०॥

अथ संग्रहगाथाक्षरार्थः—

'संघाडग'त्ति संघाटको हुताशनज्वलनशिखालक्षणो भर्तृभार्याभावरूपः । 'सज्झिलम'त्ति भ्रातरौ ज्वलनदहननामकौ । कुटुम्बकमित्थं जनचतुष्टयरूपं सम्पन्नभववैराग्यं पाटलिपुरे धर्मघोषगुरुपार्श्वे प्रव्रजितं सत् करोति 'तपो'ऽनशनादि 'प्रव्रज्यां' चैवाशेषां साधुसामाचारीरूपां 'यथाशक्ति' स्वसामर्थ्यानुरूपमिति ॥२७५॥

ज्वलनदहनयोर्मध्ये 'नवरं' केवलमृजुभावः सरलाशयः सन् तयोर्द्वयोर्भ्रात्रोः 'प्रथमको' ज्वलननामा 'सम्यग्' यथावत्तपः प्रव्रज्यां च करोति । 'द्वितीयः पुनः' दहननामा मायावी शाठ्यबहुलः सन् 'क्रियायुक्तस्तु' प्रत्युपेक्षणाप्रमार्जनादिसामाचारी सम्पन्नस्तथैव ज्वलनवदेव ॥२७६॥

ततः किमित्याह-क्रियया एष आगच्छामीत्यादि प्रतिपद्यापि स्थानादिकरण-लक्षणया 'ऽतिसन्धयते' वञ्चयति 'इतरं' ज्येष्ठं भ्रातरम् । किमनाभोगादिनेत्या-शङ्क्याह-'मायया' तृतीयकषायरूपया 'तद्‌गतया' तु क्रियागतयैव न पुनः पदार्थप्रज्ञापनादिगतयापि । 'एवं' क्रियावञ्चनेन 'प्रायो' बाहुल्येन 'कालः' प्रव्रज्या-परिपालनरूपो व्रजति । 'संलेहणमोउ' इति पर्यन्ते च संलेखना द्रव्यभावकृशी-करणलक्षणा द्वयोरप्यजनि अनशनं च । ततः सौधर्मदेवलोके ॥२७७॥

अभ्यन्तरपर्षदि पञ्चपल्यायुषौ महर्द्धिकौ देवौ जातौ। अन्यदा च भगवतो महावीरस्य 'आमलकप्पो सरणे' इति आमलकल्पायां नगर्यामाम्रशालवने समवसरणं समपद्यत । तत्र च वन्दनार्थं गतयोर्नाट्यविधिविपर्ययो नृत्यक्रिया-विपर्यासः सञ्जातस्तयोः ॥२७८॥

कथमित्याह-'एवं' स्त्रीपुरुषादितया विकुर्विष्यामि वैकुर्विकं रूपं करिष्यामीति चिन्तयतः सत एवमेव यथाभिलषितमेव 'तत्र' तयोर्मध्ये भवति 'एकस्य' ज्वलन-सुरस्य । द्वितीयस्य का वार्त्तेत्याह-'इतरस्य तु' द्वितीयस्य पुनर्विपरीतं चिन्तितरूप-प्रतिकूलं भवति । ततो 'ज्ञायकपृच्छा' जानतो गणधरस्य पृच्छा सम्पन्ना कथमस्य भगवन् ! विपर्यासो जायते? इति ॥२७९॥

'भगवत्कथना' भगवता प्रज्ञापितं, यथा-मायादोषो वञ्चनापराधोऽस्य 'क्रिया-गतस्तु' क्रियागत एव प्राग्भवविहित 'एष इति' विपरीतरूपनिष्पत्तिरूपः । अनु-गमिकश्चानुगमनशीलः पुनः 'प्रायो' बाहुल्येन सर्वक्रियास्वेवमेव नाट्यविधिन्यायेन 'कतिचित्' कियन्त्यपि भवग्रहणानि । अयमत्राभिप्रायः-बोधिविपर्यासेन ह्याभवमनु-शीलितेनानेकेषु भवेषु बोधिविपर्यासः सम्पद्यते मायापूर्वकेण च क्रियाविपर्यासेन क्रियाविपर्यास इति ॥२८०॥

एतदेव भावयितुमाह—

विवरीयविगलकिरियानिबंधणं जं इमस्स कम्मंति ।<br>
एवंविहकिरियाओ, उ हंदि एतं तदुप्पन्नं ॥२८१॥

'विपरीतविकलक्रियानिबन्धनं' विपर्यस्ताऽसम्पूर्णचेष्टाकारणं यद्यस्मादस्य दहन-सुरस्य 'कर्म' वैक्रियशरीरनामकर्म्मादि, इत्यस्माद्धेतोरेवंविधक्रियातस्त्वेवंरूपक्रियात एव 'हंदी'ति पूर्ववत्, 'एतत्' कर्म्म 'तदा' दहनभवे उत्पन्नमिति ॥२८१॥

ता कइयवि भवगहणे, सबलं एयस्स धम्मणुट्ठाणं ।
थोवोवि सदब्भासो, दुक्खेणमवेति कालेणं ॥२८२॥

यत एवं सानुबन्धमस्य कर्म 'ता' इत्यादि तत्तस्मात् 'कतिचिद् भवग्रहणानि' कियन्त्यपि जन्मान्तराणि 'सबलं' दोषबहुलतया कर्बुरमेतस्य दहनजीवस्य 'धर्म्मानुष्ठानं' स्वर्गापवर्गलाभफला क्रिया। कुतः? यतः, स्तोकोऽप्यणीयानपि किं पुनर्बहुरित्यपि-शब्दार्थः, असदभ्यासोऽसतोऽसुन्दरस्य मार्गप्रतिकूलतयार्थस्याभ्यासः पुनः पुनरनुशीलनमसदभ्यासजन्यं कर्मेत्यर्थः, दुःखेन महता यत्नेनापैति कालेन भूयसेति ॥ २८२ ॥

अथ प्रस्तुते योजयन्नाह—

जरखलणाए सरिसं, पडिबन्धमिमस्स आहु समयण्णू ।
तत्तो भावाराहण, संजोगा अविगलं गमणं ॥२८३॥

ज्वरस्खलनया तथाविधपथप्रवृत्तपथिकस्य ज्वरकृतविघ्नेन सदृशं प्रतिबन्धं प्रतिघातमस्य दहनजीवस्याहुर्ब्रुवते 'समयज्ञाः' सिद्धान्तविदः । कुतः? यतस्ततः प्रतिबन्धादुत्तरकालं 'भावाराधनसंयोगात्' तात्त्विकसम्यग्दर्शनादिसमासेवनारूपात् अविकलमखण्डं गमनं निर्वाणे भविष्यतीति ॥२८३॥

अथार्हद्दत्तोदाहरणम् —

एलउरं जियसत्तू, पुत्तो अवराजिओ य जुवराया ।
बिदिओ य समरकेऊ, कुमारभुत्तीए उज्जेणी॥।२८४॥

पच्चंत विग्गहजए, आगच्छंतस्स नवरि जुवरन्नो ।
राहायरियसमीवे, धम्मभिवत्तीए णिक्खमणं ॥२८५॥

तगरा विहार उज्जेणीओ तत्थऽज्जराह साहूणं ।
आगमणं पडिवत्ती, विहारपुच्छा उचियकाले ॥२८६॥

रायपुरोहियपुत्ता, अभद्दगा तक्कओ उ उवसग्गो ।
सेसो उ निरुवसग्गो, तत्थ विहारो सति जईणं ॥२८७॥

अवराजियस्स चिंता, पमत्तया भाउणो महादोसो ।
तह चेव कुमाराणं, अनुकंपा अत्थि मे सत्ती ॥२८८॥

गुरुपुच्छ गमण संपत्ति पवेसो वंदणादि उचियठिई ।
सति कालुग्गाहणमच्छणं खु अहमत्तलद्धी उ ॥२८९॥

ठवणकुलादिनिदंसण, पडणीयगिहम्मि धम्मलाभो त्ति ।
अंतेउरियासन्नणमवहेरि कुमारगागमणं ॥२९०॥

पढमं दुवारघट्टण, वंदण णच्चाहि तत्थ सो आह ।
कह गीयवाइएणं, भणंति अम्हे इमं कुणिमो ॥२९१॥

आरंभविसमतालं, अकोवकोवे ण एवं णच्चामि ।
कड्ढण जयण निउद्धं, चित्तालिहियव्व साहुगमो ॥२९२॥

पीडंतराय न अडण, पइरिक्के चिंत सोहणनिमित्तं ।
होहिति चरणंति धितीजोगो सज्झायकरणं तु ॥२९३॥

रायकुमारावेयण, गुरुमूलागमण खमसु अवराहं ।
आह गुरू नवि जाणे, साहूहिं थंभिया कुमरा ॥२९४॥

पुच्छा ण केणइ ततो, रायाह न एयमन्नहा भंते! ।
आगंतुगम्मि संका, साहण रायागमण जाणं ॥२९५॥

विलितो रायणुसासण, मिच्छादुक्कड कुमारविन्नवणं ।
जोएह ते गुणेहिं, इच्छामो पुच्छह ततेत्ति ॥२९६॥

न चएंति तत्थ गमणं, मुहुजोयण कहण पुच्छ संवेगो ।
तहबीजब्भासाओ, संजोयण चरिय निक्खमणं ॥२९७॥

रायकुमारे चिंता, उवगारी सुट्ठु अम्ह भगवंति ।
इयरस्स वि एस च्चिय, मणागमविहिम्मि उ पओसो ॥२९८॥

अपडिक्कमणं कालो, देवोववाओ उदार मो भोगा ।
चवणनिमित्ते पुच्छा, बोही ते दुल्लहा भयवं! ॥२९९॥

किंतु निमित्तं थेवं, न महाविसयं कता णु लाभत्ति ।
एत्थाणंतरजम्मे, कत्तो नियभाति जीवाओ ॥३००॥

कहिं सो कोसंबीए, किंनामो मूयगो उ बितिएणं ।
पढमेणऽसोगदत्तो, किमेयमिति पुव्वभवकहणा ॥३०१॥

एत्थ उ तावससेट्ठी, आरंभजुओ मओ गिहे कोलो ।
सरणं सूवारीए, णिहओ मज्जारिमन्नुहतो ॥३०२॥

तत्थोरग सूयारी, भय सरणं बोल घातितो जातो ।
नियपुत्तसुओ सरणं, मूयव्वय कुमर चउणाणी ॥३०३॥

खेत्ताभोगे णाणं, समओ एयस्स बोहिलाभम्मि ।
आलोचिऊण साहूसंघाडगपेसणं पाढो ॥३०४॥

तावस! किमिणा मूयव्वएण पडिवज्ज जाणिउं धम्मं।
मरिऊण सूयरोरग, जातो पुत्तस्स पुत्तोत्ति ॥३०५॥

विम्हय वंदण पुच्छा, गुरु जाणति कत्थ सो महाभागो ।
उज्जाणे तग्गमणं, वंदण कहणा य संबोही ॥३०६॥

तहवासणातो णामं, णावगयं तं ततो उ मूओत्ति ।
एवं बितियं णामं, एयं एयस्स विन्नेयं ॥ ३०७॥

एत्तोवि कत्थ बोही, रम्मे वेयड्ढसिद्धकूडम्मि ।
कह पुण जाईसरणा, तं कत्तो कुंडलजुयाओ ॥३०८॥

कोसंबागम मूयगसाहण संगार गमण वेयड्ढे ।
कूडे कुंडलठावण, सतिफलचिंतारयणदाणं ॥३०९॥

गमणं चवणुप्पाओ, अंबेसु अकालडोहलो किसया ।
संका सच्चा उ जिणा, चिंतारयणाओ तस्सिद्धी ॥३१०॥

निप्फत्ति पसव नवकारपीहगो अरहदत्तनामंति ।
चेतियसाहूणयणं, अभत्तिरडणम्मि चउकन्ना ॥३११॥

साहणमप्पत्तियणं, मूयगपव्वज्ज देवलोगो त्ति ।
ओहिपउंजण जाणण, गाढं मिच्छंति संकेसो ॥३१२॥

वाहिविहाणं वेज्जा, पच्चक्खाणंति वेयणा अग्गी ।
देवस्स सबरघोसण, दिट्ठो रुद्धो पयत्तेण ॥३१३॥

मज्झंपि एस वाही, ता एवमडामि जावणाहेउं ।
एसोवि हु जति एवं, ता फेडेमित्ति पडिवत्ती ॥३१४॥

चच्चरमादिट्ठाणं, वाही निग्गमणऽवेयणा पउणो ।
असमय साहुविउव्वण, मुवाय मो दव्वपव्वज्जा ॥३१५॥

तच्चागगिहागमणेवमादिपडिवत्ति तह पुणो वाही ।
विह्राण सयण वेज्जस्स पासणा सेव पण्णवणा ॥३१६॥

एवं पुणोवि नवरं, मए समं अडतु एव पडिवन्ने ।
गोणत्तगहण निग्गम, सदावि मत्तुल्लमो किरिया ॥३१७॥

गामपलित्तविउव्वणमुम्मग्गो जक्खपूयपडणं च ।
कुंडगचाई सूयरकूवे गो जुंजम दुरुव्वा ॥३१८॥

तणविज्झवणादीसुं, जंपंतो किंच चोदितो णिउणं ।
णो माणुसो मणागं, संवेगे साहियं सव्वं ॥३१९॥

वेयड्ढनयण कूडे, कुंडलजुयलम्मि भावसंबोही ।
पव्वज्जा गुरुभत्ती, अभिग्गहाराहण सुरेसु ॥३२०॥

अथैतत्संग्रहगाथाक्षरार्थः-एलपुरं नाम नगरमासीत् । तत्र जितशत्रू राजा, पुत्रोऽपराजितश्च युवराजो बभूव । द्वितीयश्च पुत्रः समरकेतुर्नाम । तस्य च कुमारभुक्तावुज्जयिनी समजायत ॥२८४॥ अन्यदा च प्रत्यन्तविग्रहजये निजदेशसीमापालभूपालस्य विग्रहे व्युत्थाने सति यो जयः परिभवस्तस्मिन् समुपलब्धे, आगच्छतः स्वदेशाभिमुखं 'नवरि'त्ति नवरं केवलं युवराजस्यापराजितस्य राधाचार्यसमीपे धर्म्माभिव्यक्तौ सत्यां निष्क्रमणं व्रतमभूत् ॥२८५॥

अन्यदा च 'तगराविहार'त्ति तगरा नाम नगरी, तस्यां राधाचार्याणां विहारः सम्प्रवृत्तः । प्रस्तावे चोज्जयिनीतस्तत्र तगरायामार्यराधसाधूनामागमनं समजनि । विहिता प्रतिपत्तिः प्राघूर्णकोचिता, विहारपृच्छा उचितकाले समुचितसमये सन्ध्यादौ कृता सूरिभिः ॥२८६॥

भणितं च तैः राजपुरोहितपुत्रावभद्रकौ, 'तत्कृतस्तु' तत्कृत एवोपसर्गः साधूनाम्। शेषस्त्वन्नपानादिशुद्धिस्तल्लाभादिरूपो 'निरुपसर्गो' बाधाविरहितस्तत्रोज्जयिन्यां विहारः सदा सर्वेषु प्रावृडादिकालेषु यतीनां साधूनामिति ॥२८७॥

ततोऽपराजितस्य चिन्ता संजाता ।'प्रमत्तता' कुमारोपेक्षालक्षणा भ्रातुर्मम महादोषो बोधिलाभघातकत्वात्, तद् निग्रहीतुमसौ मम युज्यते । तथा चैव कुमारयोरप्यनुकम्पा दया कर्तुमुचिता । अस्ति मे शक्तिः सामर्थ्यं प्रस्तुतनिग्रहे ॥२८८॥

'गुरुपुच्छ'त्ति गुरुमापृच्छ्येत्यर्थः । गमनमुज्जयिनीं प्रति । सम्प्राप्तिश्च । तत्र प्रवेशश्च साधूपाश्रये । कृता च वन्दनादिका उचिता स्थितिः । सति काले भिक्षाभ्रमणरूपे उद्ग्राहणं पात्रप्रगुणीकरणरूपं यदा तेन विहितं तदा साधुभिः 'अच्छणं खु'त्ति आसनमेव आद्ध्वं यूयमित्येवं प्रज्ञापनं कृतम् । तेन चोक्तमहमात्मलब्धिको न परलब्धिमुपजीवामि ॥२८९॥

ततः स्थापनाकुलानि प्रतीतानि । आदिशब्दाद् दानश्रद्धालुश्रावक-सम्यग्दृष्ट्यादिकुलग्रहः । यतः पठ्यते—"दाणे अभिगमसद्धे सम्मत्ते खलु तहेव मिच्छत्ते । मामाए अचियत्ते कुलाइं जयणाए दाइंति ॥१॥ सागारिवणिगसुणए गोणे पुत्ते दुगंछियकुलाइं । हिंसागं मामागं सव्वपयत्तेण वज्जेज्जा ॥२॥" एवमुपलब्धस्थापनादिकुलविभागः स साधुः प्रत्यनीकगृहे प्रविष्टः, भणितं च धर्म्मलाभ इति । ततोऽन्तःपुरिकासंज्ञानमन्तःपुरिकाभिस्तस्य संज्ञा अकारि यथापसरेति 'अवहेरि'त्ति अवधीरणा तेन कृता । धर्मलाभशब्दश्रवणे कुमारकागमनं तत्पार्श्वे सम्प्रवृत्तम् ॥२९०॥

ताभ्यां च प्रथमं 'दुवारघट्टण'त्ति द्वारकपाटपुटस्थगनं कृतम् । 'वंदण णच्चाहि'त्ति वंदितोऽसौ, भणितश्च नृत्य त्वं तत्रेत्येवं भणिते सति स आह—कथं गीतवादितेन विना 'नृत्यते' इति गम्यते । ततो भणतस्तौ कुमारौ—आवामिदं गीतादि कुर्व इति ॥२९१॥

'आरम्भविषमतालम्' आरम्भे एव विषमो विसंस्थुलस्तालो गीतवादितसंयोगरूपो यत्र तत्तथा नृत्यं प्रवृत्तम् । तदाऽकोपस्य साधोर्यः कोपस्तत्र सति तेनोक्तं 'न' नैव 'एवं' विषमताललतायां नृत्यामि, विडम्बनारूपत्वाद् अस्य नृत्यस्य । ततः कर्षणे

हस्तपादादिशरीरावयवेषु तस्य ताभ्यां क्रियमाणे यतनयात्यन्तपीडापरिहारेण यन्नियुद्धं बाहुयुद्धं तद्विधाय यत्नेन तेन चित्रलिखिताविव तौ कृतौ । ततः साधोस्ततः स्थानाद् गमोऽपसरो जातः ॥२९२॥

'पीडंतराय'त्ति पीडा तच्छरीरगताऽन्तरायश्च भोजनादिविघ्नरूपोऽनयोर्वर्त्तत इति परिभाव्य न नैवाटनं कृतं भिक्षानिमित्तं तेन साधुनेति, किन्तु 'पइरिक्के'त्ति एकान्तेऽवस्थानं कृतम् । तत्र तस्य चिन्ता-कथमिदं मच्चेष्टितं सुन्दरपरिणामं स्यादिति। तत्काले च शोभननिमित्तमङ्गस्फुरणादि किञ्चिन्निमित्तं सुन्दरं प्रवृत्तम् । ततो भविष्यति चरणमिति धृतियोगस्तस्य सम्पन्नः । 'स्वाध्यायकरणं तु' स्वाध्यायकरणमेव प्रारब्धम् ॥२९३॥

'राज्ञः' समरकेतोः 'कुमारावेदनं' परिजनेन कुमारवृत्तान्तकथनं कृतम् । स च गुरुमूलागमनं विधाय क्षमस्वापराधं कुमारकृतमित्युक्तवान् । तं प्रति गुरुराह-'न वि जाने' न वेद्मि साधुभिर्यथा स्तम्भितौ कुमारौ ॥२९४॥

तदनुपृच्छा कृता साधूनां, तैरप्यूचे-नास्माकं केनचित् कस्यापि किञ्चित्कृतम्। ततो राजा आह-नैतत्कुमारस्तम्भनमन्यथा साधून् विहाय भदन्त कल्याणकारक !। तत आगन्तुके साधौ शङ्का जाता, मा तेन कृतं कुमारस्तम्भनमिति । ततः 'साधनं' निवेदनं प्राघूर्णकसाधो राज्ञः कृतं गुरुणा । ततो राज्ञा गमनं तस्य साधोः समीपे कृतम् । ततश्च ज्ञानं प्रत्यभिज्ञानं समजनि ॥२९५॥

व्रीडितो लज्जावान् राजा जातः । ततोऽनुशासने मुनीनां शिक्षणे कृते मिथ्यादुष्कृते च तेन दत्ते कुमारविज्ञापनं समजायत, यथा-योजयत प्रगुणीकुरुत तौ कुमारौ । मुनिराह-गुणैः सम्यग्दर्शनज्ञानचारित्रैर्योजयितुमिच्छामः । पृच्छत च तौ कुमारौ । इत्येवं मुनिनोक्ते युवराजः प्राह ॥२९६॥

न शक्नुतस्तौ वक्तुम् । ततश्च तत्र कुमारस्थाने गमनमकारि साधुना । ततो मुखयोजना कथना च धर्मस्य । पश्चात् पृच्छायां संवेगः संजातस्तयोः । कुत इत्याह-'तथा बीजाभ्यासात्' तत्प्रकाराज्जन्मान्तरविहितगुणज्ञप्रमोदादिधर्मकल्पतरुमूलानुशीलनरूपात् । ततश्च संयोजने शरीरावयवानां 'चर्यायां' च भिक्षाभ्रमणरूपायां मुनिना कृतायां 'निष्क्रमणं' व्रतमभूत् तयोः ॥२९७॥

तत्र राजकुमारे चिन्ता उपकारे चिन्ता–उपकारी सुष्ठ्वावयोर्भगवान् अयमित्येवं-लक्षणा संजाता, इतरस्यापि पुरोहितपुत्रस्य एषैव राजपुत्रसम्बन्धिनी चिन्ता, परं मनाक् अविधौ तु प्रव्रज्यादानकालभाविनि पुनर्विषये गुरौ प्रद्वेषो जातः ॥२९८॥

'अप्रतिक्रमणं' गुरुप्रद्वेषलक्षणस्यापराधस्यानालोचनं यावज्जीवमपि तस्य सम्पन्नम्। 'कालो' मरणं तदवस्थस्यैव । देवोत्पादः । तत्र 'चोदारा' उग्राः मोकारः पूरणे, भोगाः शब्दादयः। 'च्यवननिमित्ते' माल्यम्लान्यादिके सम्पन्ने सति, पठ्यते— "माल्यम्लानिः कल्पवृक्षप्रकम्पः श्रीह्रीनाशो वाससां चोपरागः । दैन्यं तन्द्रा काम-रागाङ्गभङ्गौ दृष्टिभ्रान्तिर्वेपथुश्चारतिश्च ॥१॥" पृच्छा महाविदेहे जिनान्तिके बोधाबोध-विषये तेन पुरोहितपुत्रसुरेण कृता किमहं सुलभबोधिरितरो वेति बोधिस्ते तव दुर्लभेति भगवान् आह ॥२९९॥

सुरः-किन्तु किं प्रमाणं पुनस्तन्निमित्तं दुर्लभबोधिकत्वे? । जिनः-स्तोकं गुरु-प्रद्वेषमात्रलक्षणं निमित्तं न महाविषयं नात्यन्तमनुबन्धि । सुरः-'कता णु' कदा पुनर्लाभो बोधेरिति? । जिनः-अत्र स्तोकदिनमध्य एवं लभ्यत्वेन समीपवर्त्तिनि सुरभवादनन्तरजन्मनि। सुरः-कुतः सकाशात्? : जिनः-निजभ्रातृजीवात् ॥३००॥

सुरः-कुत्रासौ भ्रातृजीवः ? कौशाम्ब्याम् । सुरः-किं नामा सः? जिनः-मूकस्तु तु-शब्दस्य क्रमभेदेन योजनाद् द्वितीयेन तु नाम्ना मूककः प्रथमेनाशोकदत्त इति। सुरः-किमेतद् नामद्वयम्? इत्येवमुक्तरूपेण ततो जिनेन पूर्वभवकथना कृतेति ॥३०१॥

यथात्र चास्यामेव कौशाम्ब्यां पुरि तापसश्रेठी आरम्भयुक्तः सदैवासीत् । स मृतः सन् गृहे स्वकीये एव कोलः शूकरो बभूव । स्मरणं पूर्वजन्मनस्तस्य सम्पन्नम् । ततः सूपकार्या निहतो मारितः कीदृशः सन्नित्याह-मार्जारीमन्युहतो बिरालीरोषेण हतस्ताडितः सन् ॥३०२॥

'तत्थोरग'त्ति तत्र निजगृहे एव उरगः सर्प्पो जातः । 'सूयारीभय सरणं बोलघाइओ' इति यथायोग्यं पदयोजनाज्जातिस्मरणमभूत् । सूपकार्या भयेन बोले कोलाहले कृते घातितो व्यापादितः सन् जातः निजपुत्रसुतः । स्मरणं तत्रापि प्रागजातेः । ततो 'मूयव्वय कुमर चउणाणी' इति मूकव्रतं लज्जितेन कृतम् । ततः कुमारस्याकृतपरिणयनस्यैव सतश्चतुर्ज्ञानी मुनिः समवससारेति ॥३०३॥

तस्य च क्षेत्राभोगे कृते ज्ञानमभूत्, यथा-समय एष एतस्य बोधिलाभे विधेये इत्यालोच्य साधुसंघाटकप्रेषणं विहितम् । तेन च तद्वृत्तान्तगतः पाठः कृतः ॥३०४॥

कथमित्याह-तापस ! किमनेन निरर्थकेन मौनव्रतेन, प्रतिपद्यस्व ज्ञात्वा धर्म्मं जिनप्रणीतम् । कुतो ? यतो मृत्वा 'सूयरोरग'त्ति सूकर उरगश्च जातस्तथा पुत्रस्य पुत्रस्त्वमसीति ॥३०५॥

'विस्मयवन्दनपृच्छा' प्रथमतो विस्मयस्ततो वन्दनं तदनुपृच्छा जाता कथमिदं भवद्भ्यां मम चरितं ज्ञातमिति?। गुरुर्जानाति, न पुनरावां किञ्चनेति । कुत्र स महाभागस्तिष्ठति? उक्तं च ताभ्यामुद्याने । 'तद्गमनं' मूककगमनमुद्याने । तत्र वन्दना कृता, कथना च धर्मस्य गुरुणा । सम्बोधिः सम्यक्त्वरूपा ॥३०६॥

तथावासनातो लोकेऽस्य नाम नापगतं तत्, ततस्तु तत एव मूक इति । एवमनेन विधिना द्वितीयं नाम एतद् मूक इति एतस्य विज्ञेयमिति ॥३०७॥

सुरः-इतोऽपि भ्रातृजीवात् कुत्रस्थाने बोधिः? जिनः-रम्ये वैताढ्यसिद्धकूटे सर्वकूटश्रेणिप्रथमस्थानभाविनीति । सुरः-कथं केन विधिना पुनः? जिनः-जातिस्मरणात्। सुरः-तज्जातिस्मरणं कुत इति? जिनः-कुण्डलयुगात् ॥३०८॥

ततः कोशाम्ब्यागमो मूककसाधनं तीर्थकृत्कथितवृत्तान्तनिवेदनं मूककाग्रतस्तेन विहितम् । संगारः संकेतस्ततो द्वयोरपि गमनं वैताढ्ये कूटे सिद्धनाम्नि । कुण्डलस्थापना। तथा, स्मृतिफलं चिन्तारत्नदानं स्मृत्या स्मरणमात्रेण फलं यस्मात् तत्तथा तच्च तच्चिन्तारत्नं चेति ॥३०९॥

गमनं सुरस्य स्वस्थाने, च्यवने सत्युत्पादश्च्यवनोत्पादः ।आम्रेष्वकालदोहदो जनन्याः समजनि। तदसम्प्राप्तौ कृशता । ततः शङ्का मूकस्य विमर्शो जातः किमयं स उत्पन्नोऽन्यो वेति । निश्चितं च तेन, यथा सत्या एव जिनाः । ततोऽसौ सुरजीवो गर्भतयोत्पन्न इति चिन्तारत्नात् सकाशात् तत्सिद्धिरकालदोहदसिद्धिः ॥३१०॥

निष्पत्तिर्गर्भस्य । प्रसवश्च समये । नमस्कारपीठकः प्रतीतरूपेण नमस्कारेण युक्तः पीठको नवजातशिशुयोग्यपातव्यवस्तुरूपो दत्तः ।अर्हद्दत्तो नामेति कृतम् ।अर्हतां भगवतां पुनः पुनर्नामस्मरणार्थम् । 'चेइयसाहूनयणं'त्ति चैत्यानां साधूनां च समीपे नयनं तस्य यदा क्रियतेऽभक्तिरटनेऽबहुमानाद् आक्रन्दनं, परिज्ञातधर्म्मनिस्पृहचित्तस्य सम्पन्नयौवनस्य च 'चउकन्ना' इति पितृभ्यां चतसृणां कन्यकानां परिणयनं कारितः ॥३११॥

साधनं च मूककेन प्राच्यवृत्तान्तस्य कृतम् । अप्रत्ययनमश्रद्धानमर्हद्दत्तस्योत्पन्नम् । ततो वैराग्याद् मूककप्रव्रज्या जाता । मृतस्य च देवलोके स्वर्गलाभः समजनीति । तत्रस्थस्य च तस्यावधेः प्रयोजनम् । 'जाणण'त्ति ज्ञातं च यथा गाढं निबिडं 'मिच्छंति' मिथ्यात्व-मित्येतस्मात् कारणात् संक्लेशो मार्गाश्रद्धानरूपः सम्पन्नोऽस्य ॥३१२॥

ततः प्रतिबोधार्थं 'व्याधिविधानं' जलोदरादिमहारोगकरणम् । तस्य सम्पन्न-व्याधेर्वैद्याः पितृभ्यामाकारिताः तैश्च प्रत्याख्यानं तदनादरणीयतालक्षणं कृतमिति वेदना महती जाता । निर्विण्णेनाग्निः साधयितुमारब्धः । देवस्य 'सबरघोसण'त्ति सबररूपकरणं, घोषणा च यथाहं सर्वव्याधिवैद्यः । दृष्टोऽसौ तेन, भणितं च रौद्रोऽयं व्याधिः प्रयत्नेनापगमिष्यति ॥३१३॥

ममाप्येष व्याधिरासीत् । तस्मादेवं निःसंगरूपोऽटामि ग्रामनगरादिषु यापनाहेतो-र्बाधानिवृत्तिनिमित्तम् । 'एसोवि हु'त्ति एषोऽपि यद्येवमहमिवाटति ततः स्फुटयामि व्याधिमित्येवमुक्ते प्रतिपत्तिरङ्गीकारोऽनेन कृतः ॥३१४॥

ततश्चत्वरं नीत्वा 'मातृस्थानं' मायारूपं कृतम्, यथा-चत्वरपूजा तत्र तस्योप-वेशनं तथाविधमन्त्रौषधादिप्रयोगः, ततो व्याधिनिर्गमनं प्रत्यक्षरूपस्य दर्शितं तत्क्षणमेवावेदना वेदनापगमः । ततश्च प्रगुणः समजनि । ततो 'असमय'त्ति असमयोऽयं प्रव्रज्याया इत्यात्मनि साधुविकुर्वणं साधुरूपकरणम् । 'उवाय मो'त्ति उपायोऽयमिति कृत्वा द्रव्यप्रव्रज्या लिङ्गग्रहणरूपा तस्य तदा तेन दत्ता ॥३१५॥

सुरे च स्वस्थानं गते 'तत्त्यागात्' प्रव्रज्यापरित्यागाद् गृहमागमोऽनेन कृतः । एवमनेन विधिना आदिप्रतिपत्तिरादाविव कलत्राद्यङ्गीकाररूपा जाता । तथा पुनर्द्वितीयवारं स एव व्याधिरुत्पादितः । विद्रावणाः स्वजनाः । वैद्यस्य सबररूपाधारिणः 'पासणे' इति दर्शने सैव प्रज्ञापना ॥३१६॥

एवं प्राग्वत् पुनरपि प्रव्रज्या दत्ता, भणितं च नवरं मया सममटत्वेवं प्रतिपन्ने तेन 'गोणत्तगहणं' कारितो गोणतश्च तच्छस्त्रकोशः । निर्गमस्ततः स्थानात् । उक्तश्च सदापि मत्तुल्या क्रिया कर्त्तव्या ॥३१७॥

अन्यदा देवेन 'गामपलित्तविउव्वण'त्ति ग्रामस्य प्रदीप्तस्य विकुर्वाणमुन्मार्गे गमनं च, यक्षपूज्यपतनं च यक्षस्य पूज्यस्य सतः पतनं, कुडङ्गत्यागी सूकरो विष्ठालग्नो दर्शितः । तथा, कूपे गोर्बलीवर्दस्य 'जुंजम'त्ति जुंजमाख्यचारिपरिहारेण दूर्वाभिलाषविषयी कृता दर्शितेति ॥३१८॥

तृणविध्यापनादिषु यथाक्रमं प्रदीप्तग्रामस्य तृणैर्विध्यापने, आदिशब्दादुन्मार्गे गमने वैद्येन क्रियमाणे, यक्षस्य पूज्यमानस्याप्यधः परिपतने, कुडंगपरिहारेण सूकरस्य विष्ठोपजीवनेन, गोश्च जुंजमचारिपरिहारेण कूपे दूर्वासमीपे, जल्पन्नर्हद्दत्तः, अहो! अयुक्तमेषामेतदाचरितमिति ब्रुवाणः, किञ्चेति पुनः सुरेण प्रेरितो निपुणं निःस्पृहवृत्त्या परिभावितवान्, न मानुषोऽयं वैद्यस्ततो मनाक् संवेगे सम्पन्ने साधितं सर्वं पूर्वचेष्टितमिति ॥३१९॥

ततस्तस्य वैताढ्यनयनमकारि कूटे सिद्धनाम्नि कुण्डलजुगले दर्शिते भावतः सम्बोधिः संवृत्तः । ततः क्रमेण प्रव्रज्या । तत्रापि गुरुभक्त्यभिग्रहाराधनात् सुरेषूद-पद्यतेति ॥३२०॥

તેમાં પ્રથમ મેઘકુમારનું ઉદાહરણ કહેવાની ઈચ્છાવાળા ગ્રંથકાર નવ ગાથાઓથી કથાનકને કહે છે–

## મેઘકુમારનું કથાનક

ઊંચા ઉજ્જ્વળ પ્રાસાદ પંક્તિઓથી શોભાવાયો છે નભાંગણનો વિસ્તાર જેના વડે, ભોગમાં તત્પર લોકોના વાસથી તુલના કરાઈ છે દેવલોકના સમૃદ્ધિની શોભા જેના વડે, નગરોમાં અતિ રમ્ય એવું રાજગૃહ નામનું પ્રાચીન નગર છે. તે નગરનો ગુણસમૂહ સમસ્ત પૃથ્વીતળમાં ફેલાયો છે. પોતાના ભૂજારૂપી આલાન સ્તંભમાં રહેલી શક્તિથી ઉત્પન્ન કરાયા છે શત્રુની સંપદા રૂપી હાથીઓ જેના વડે એવો શ્રેણિક નામનો રાજા ત્યાં હતો. તેને સર્વગુણોને ધારણ કરનારી એવી ધારિણી નામની પ્રિયા હતી જે ચંદ્રમંડલ જેવી નિર્મળ મુખવાળી અને ખોડ વિનાની સપૂર્ણપણે સુંદર શરીરવાળી હતી. કોઈક વખત તે ગંગાના કાંઠા જેવી ઉજ્જ્વળ વિશાળ શય્યાતળમાં સૂતેલી રાત્રિના મધ્યભાગમાં ચાર દાંતવાળા, ઉન્મત્ત, સતત મદપ્રવાહને ઝરાવતા, શ્રાંત, રજતગિરિ જેવા ગૌરવર્ણી કાયાવાળા, વિશાળ, દુર્ધર સૂંઢવાળા, સુરમ્ય શરીરવાળા હાથીને આકાશમાંથી અવતરતો અને પોતાના મુખમાં પ્રવેશ કરતો જોયો. તત્ક્ષણ જ જાગેલી સ્વપ્નને મનમાં ધારીને શ્રેણિકની પાસે આવીને કોયલના આલાપ જેવી કોમળ વાણીથી જગાડીને કહે છે કે મેં આવા પ્રકારના સ્વપ્નને જોયું તો કેવા પ્રકારના ફળની પ્રાપ્તિ થશે ? સ્વાભાવિક બુદ્ધિથી વિચારીને તે કહે છે કે પ્રિયતમે! કુલરૂપી મુકુટ માટે મણિ સમાન, કુળ માટે કલ્પવૃક્ષ સમાન, કુલનિધાન, ઉત્તમ, પવિત્ર (શુભ) આચરણથી પ્રાપ્ત કરાઈ છે શ્રેષ્ઠકીર્તિ જેના વડે એવો પુત્ર તને થશે.

આ પ્રમાણે કહ્યા પછી વિસર્જન કરાયેલી પોતાની શય્યામાં પાછી ફરી અને કુસ્વપ્ન દર્શનના ભયથી બાકીની રાત્રિ નિદ્રા વિના શંખ જેવી ઉજ્જ્વળ વિચિત્ર પ્રકારની ધર્મકથાઓથી પસાર કરવા લાગી. પ્રભાત સમય થયે છતે રાજા આઠ સ્વપ્ન પાઠકોને બોલાવે છે અને

સર્વેનો સત્કાર કરાયે છતે સુખાસનો પર બેઠા ત્યારે રાજા પૂછે છે કે ધારિણી દેવીએ જોયેલા આ સ્વપ્નનું શું ફળ મળશે? તેઓ પણ પરસ્પર પોતાના સ્વપ્નશાસ્ત્રોની વિચારણા કરીને વિકસિત મુખકમળવાળા કહે છે કે હે સ્વામિન્! જિનેશ્વર અને ચક્રવર્તીઓની માતાઓ હાથી આદિ મંગળ કલાપ (સમૂહ) કરનારા આ ચૌદ મહાસ્વપ્નોને જુએ છે. જેમકે-ગજ, વૃષભ, સિંહ, અભિષેક કરતી લક્ષ્મી, ફૂલની માળા, ચંદ્ર, સૂર્ય, ધ્વજ, કુંભ, પદ્મ સરોવર, સાગર, દેવ વિમાન, રત્નનો ઢગલો અને અગ્નિ. જે વાસુદેવની માતા છે તે આમાંથી કોઈપણ સાત સ્વપ્નો જુએ છે, બળદેવની માતા આમાંથી ચાર સ્વપ્નો જુએ છે, માંડલિક રાજાની માતા પુત્રના ગર્ભના લાભ કાળે આમાંથી કોઈપણ એક સ્વપ્નને જુએ છે. તેથી આને ઉત્તમ પુત્ર થશે અને સમયે રાજ્યનો સ્વામી અથવા મુનિ થશે. જેઓને રાજા તરફથી ઘણી આજીવિકા મળી છે એવા તેઓ પોતાના ઘરે ગયા અને તે ધારિણીદેવી સુખપૂર્વક ગર્ભને વહન કરે છે. ત્રણ માસ પૂર્ણ થયે છતે તેને અકાલમેઘનો દોહલો થયો. (૧૯) જેમકે—

હું સેચનક હસ્તિરાજ ઉપર આરૂઢ થઈ હોઉં તથા મારી ઉપર આતપત્ર ધરેલું હોય, શ્રેણિકરાજાથી યુક્ત હોઉં. પરિવાર સહિત હોઉં, વર્ષાલક્ષ્મીની સમૃદ્ધિથી નગર સુશોભિત હોય, વૈભારગિરિના પરિસરમાં તથા ચારેબાજુ પર્વતમાંથી નીકળતી નદીઓ વહેતી હોય, મયૂરોના સમૂહો નાચતા હોય, દિશાચક્ર ઉદ્દંડ વિદ્યુતદંડના આડંબરથી સુશોભિત હોય, દેડકાઓના સમૂહના અવાજોથી આકાશ વિવરો પુરાયેલા હોય, પથરાયેલા લીલા વસ્ત્રોની જેમ પોપટના પીંછા જેવા વનસ્પતિના લીલા અંકુરોથી પૃથ્વીવલય શોભતું હોય, ત્યારે સર્વ અલંકારને પહેરીને હું ફરતી હોઉં તો આ જન્મ કૃતાર્થ માનું. તે દોહલો પરિપૂર્ણ થશે કે કેમ એવો સંદેહ થયો ત્યારે દુર્બળ દેહવાળી અને નિસ્તેજ થઈ. શરીરની ચાકરી કરનાર સેવિકાઓ તેવી અવસ્થાવાળી તેને જોઈને રાજાને કહ્યું કે હે દેવ! દેવી હમણાં નિસ્તેજ દેખાય છે. આ પ્રમાણે દેવીના વૃત્તાંતને સાંભળીને રાજા સસંભ્રમ થયો અને તેની પાસે જઈને આ પ્રમાણે કહેવા લાગ્યો-દુર્વાર શત્રુઓ જેના વડે પરાભવ કરાયે છતે તથા હું ક્રોધી થયે છતે શત્રુઓમાં એવો કોણ છે જે તારો સ્વપ્નમાં પરાભવ કરવા સમર્થ છે? સદા જીવિતથી અધિક એવી તારા વિષે મારો પ્રણયભંગ પણ થયો નથી. ઇચ્છામાત્રથી તુરત જ ચિંતિત અર્થની પ્રાપ્તિ કરાવાઇ છે. હે દેવી! તારા ચરણરૂપી કમળમાં ભ્રમર સમાન, સર્વ-ઇચ્છિત કરવામાં સમર્થ એવા સખીવર્ગમાં પણ હું દૃઢ (ઘણાં) શઠત્વને જોતો નથી. બંધુવર્ગમાં તારા આજ્ઞાભંગની પણ સંભવના કરાતી નથી તથા કિંકરવર્ગમાં કોઇ શું કંઇ કરે? આ પ્રમાણે સંતોષના પોષને તોડનારા પ્રતિઘાતક વચનોનો અભાવ હોતે છતે તારા ઉદ્‌વેગનું શું કારણ છે? હે શરદઋતુના ચંદ્રના જેવી સૌમ્યમુખી! તે તું કહે.

એ પ્રમાણે શ્રેણિકવડે પૂછાયેલી તે દેવી કહે છે કે હે સ્વામિન્! મને અકાળ મેઘનો દોહલો થયો છે. તેથી શ્રેણિકે કહ્યું: તું દુઃખી ન થા. તારો આ દોહલો જલદીથી પરિપૂર્ણ થાય તેમ કરીશ. પછી શ્રેણિકને મોટો ચિંતાશલ્યરૂપી પિશાચ વળગ્યો. નિસ્તેજ થયો છે દૃષ્ટિનો સંચાર જેનો એવો સભામાં બેઠેલો રાજા અભયવડે જોવાયો અને પૂછાયો હમણાં તમે કેમ નિરાશ દેખાઓ છો? રાજાએ કહ્યું: તારી સાવકી માતાને આ અસાધ્ય મનોરથ થયો છે જેનો કોઈ ઉપાય જણાતો નથી. તત્ક્ષણ પ્રાપ્ત થયો છે ઉપાય જેને એવા અભયે કહ્યું: કાર્યની ચિંતાના ભારને છોડીને તમો શાંતિથી રહો. હું જલદીથી કાર્યને સાધી આપું છું. તત્ક્ષણ જ ઉપવાસ કરીને અભય પૌષધશાળામાં ગયો અને કઠોર બ્રહ્મચર્યવ્રત ધારણ કરી, ઘાસનો સંથારો પાથરીને રહ્યો. પછી પૂર્વના મિત્ર દેવની આરાધનાથી ત્રીજે દિવસે પ્રભાત સમયે તે દેવ પ્રત્યક્ષ થયો. દિવ્યવસ્ત્રના વેશને ધરનારો, આભરણના રત્નોના કિરણોથી દિશાઓના સમૂહોને પૂરતો, સુંદર મુગટવાળો, સૂર્યથી આરૂઢ કરાયું છે શિખર જેનું એવા હિમગિરિ જેવો, જાનુ સુધી લટકતી કુસુમવનની માળાથી શોભતો એવો દેવ સ્નેહપૂર્વક કહે છે કે મારું શું કાર્ય છે? પછી અભય કહે છે કે– મારી સાવકી માતાને આવા પ્રકારનો દોહલો થયો છે તેથી તેની ઈચ્છા પરિપૂર્ણ થાય તેમ જલદીથી કર. હા એ પ્રમાણે કહીને તત્ક્ષણ જ ઉદ્દામ મેઘમાળા વિકુર્વીને પરિપૂર્ણ વર્ષાકાળની ઋદ્ધિને વિકુર્વીને દેવીનો દોહલો પરિપૂર્ણ કરીને દેવ જેમ આવ્યો હતો તેમ ગયો.

ગ્રહો ઉચ્ચસ્થાનમાં રહ્યે છતે, વાયુ અને ધૂળની ડમરીઓ શાંત થયે છતે અને આથી જ આકાશમાં સર્વ દિશાઓ સુપ્રસન્ન થઈ ત્યારે વ્યાધિ અને વિયોગાદિથી રહિત એવી તે ધારિણી પણ કંઈક અધિક નવ માસ પસાર કરીને સર્વાંગથી શોભતા પુત્રને જન્મ આપે છે. વર્ધાપનક કરાયે છતે અપાતું છે ઘણું દાન જેમાં, વાગી રહ્યા છે શુભ વાજિંત્રોના સમૂહો જેમાં, ઘરમાં કોટવાળનો પ્રવેશ નથી જેમાં અર્થાત્ કોઈની પણ જડતી લેવાતી નથી તેવું, દંડ નથી લેવામાં આવતો જેમાં, કુદંડ નથી લેવામાં આવતો જેમાં, મુક્તાફળો (મોતીઓ)થી રચાયા છે સ્વસ્તિકો જેમાં એવું સકળ નગર એકસરખા મહોત્સવમય થયું. દશ દિવસો થયા એટલે બંધુવર્ગ અને મિત્રવર્ગનું સન્માન કરીને માતા-પિતાએ તેનું નામ 'મેઘ' રાખ્યું. જેમાં ચંક્રમણાદિ હજારો મહોત્સવોથી લાલન-પાલન કરાયેલો તે પર્વતપર રહેલા ચંપકવૃક્ષની જેમ દેહ અને શોભાથી વધવા લાગ્યો. સમયે સકળ કલાકલાપમાં કુશળ થયેલો, વિશાળ શોભાનું સ્થાન, સંપૂર્ણ પુણ્ય અને લાવણ્યના સમુદ્ર એવા યૌવનને પામ્યો. પછી સમાનકળા, સમાનગુણ, સમાન કાયાવાળી આઠકન્યાને ઉચિત વિધિથી પરણ્યો. શ્રેણિક રાજાએ તે દરેકને એકેક મહેલ

આપ્યો. તથા ક્રોડો સુવર્ણ અને રુપ્ય પ્રત્યેકને આપ્યા. અને બીજું પણ જે કંઇ ધનવાનના ઘરને યોગ્ય હોય તે સર્વવસ્તુ શ્રેણિક રાજાએ **આઠના**[1] સમૂહથી આપી, અર્થાત્ દરેકને સરખી વસ્તુ સરખી સંખ્યામાં આપી. તે વિષાદરૂપી વિષના વેગથી રહિત થઇને તેઓની સાથે દેવાલયમાં દોગુંદુક દેવની જેમ વિષયો જેટલામાં ભોગવે છે તેટલામાં ભુવનને પ્રકાશિત કરવામાં સૂર્ય સમાન, સર્વજીવોને વિષે કરુણાવાળા ચરમ તીર્થપતિ વર્ધમાન સ્વામી ગુણશીલ ઉદ્યાનમાં સમોવસર્યા. તેમની પધરામણીનો વૃત્તાંત પ્રાપ્ત થયો છે જેને એવો રાજા પરિવાર સહિત ઈન્દ્રની જેમ વંદન કરવા નગરમાંથી નીકળ્યો. મેઘકુમાર પણ સુંદર ઘંટથી સહિત અશ્વરથ ઉપર આરૂઢ થયો અને વિકસિત નયણથી ત્રિલોકગુરુને જોયા અને વંદન કર્યું. અને પ્રભુએ ધર્મદેશના કરી.

જેમ બળી રહેલી અગ્નિજ્વાળાઓથી સમાકુલ ઘરમાં બુદ્ધિમાનને રહેવું યોગ્ય નથી તેમ જન્મ જરા મરણથી ભયંકર, પ્રિય-વિપ્રિય યોગથી વિરસ, વિદ્યુતના ઉદ્યોતની જેમ ચંચળ, **ફોતરા**[2] ખાંડવાની જેમ અસાર, એવા આ સંસારમાં બુદ્ધિમાનને રહેવું યોગ્ય નથી તો પણ સંસારમાં રમ્ય મનુષ્ય જન્મ અતિ દુર્લભ છે. આ વિષયો વિષમ છે. ધર્મમાં સર્વઇન્દ્રિયોના નિગ્રહપૂર્વકનું આચરણ સમુચિત છે. સર્વે પણ સમાગમો મુસાફરના સમાગમ સમાન છે અને દુઃખના અંતવાળા છે. જીવિત પણ મરણના અંતવાળું છે. તેથી એને બુઝાવવું (શાંત કરવું) ઉચિત છે. કોઇક જીવ જિનધર્મ રૂપી મેઘથી શમાવવા સમર્થ બને છે. તેથી તે ધર્મને સમ્યગ્ ગ્રહણ કરવો.

આ પ્રમાણે દેશનાને અંતે ઘણા પ્રાણીઓ પ્રતિબોધ પામ્યા ત્યારે આંસુથી ભિની થઇ છે આંખો જેની, રોમાંચથી અંકુરિત થયું છે સર્વ શરીર જેનું એવો મેઘકુમાર ત્રણ પ્રદક્ષિણા આપીને વંદીને આ પ્રમાણે કહે છે કે તમે જે કહો છો તે સર્વથા તેમજ છે તેમાં કંઇપણ ખોટું નથી. હે ભગવન્! માતા-પિતાને પૂછીને આ ભવ રૂપી સ્મશાનમાંથી નીકળીને હું તમારી પાસે દીક્ષા લેવા ઇચ્છું છું. પછી તે પોતાના ઘરે જઇ માતાને પૂછે છે કે હે માત ! મેં આજે વીર ભગવાનને વંદન કરી તેમની પાસે કર્ણપ્રિય અમૃતસમાન ધર્મ સાંભળ્યો પછી માતા તેને કહે

૧. अट्ठगदायेण=अट्ठग એટલે અષ્ટક અર્થાત્ આઠનો સમૂહ અને દાય એટલે દાન. આઠવસ્તુના સમૂહનું કરાયું છે દાન જેના વડે એવો શ્રેણિક એમ મધ્યમપદ લોપી સમાસ છે. કહેવાનો ભાવ એ છે કે શ્રેણિકે આઠેયને સરખી અને સમાન વસ્તુઓ આપી.

૨. **ફોતરા ખાંડવા**– તલના ફોતરા ગમે તેટલા ખાંડવામાં આવે તો પણ તેમાંથી સારભૂત તેલની પ્રાપ્તિ થતી નથી તેમ સંસારમાં ગમે તેટલી મહેનત કરવામાં આવે તો જીવનું સારભૂત સુખ પ્રાપ્ત થતું નથી.

છે કે હે પુત્ર! તું એકલો **કૃતલક્ષણ**[૨] છે. પ્રાપ્ત થઇ છે પૂર્ણ ઇચ્છા જેને એવો તું જ સુકૃતાર્થ છે. હે વત્સ! પ્રફુલ્લિત મનવાળા તેં જગતના એક ગુરુ, ત્રિલોકચૂડામણિ, ગુણનિધિ એવા ભગવાનના દર્શન કર્યા. પછી મેઘે કહ્યું: હે માત! આ તીક્ષ્ણ દુ:ખવાળા ગૃહવાસથી નીકળીને હું ભગવાન પાસે દીક્ષા લેવા ઇચ્છું છું. તીક્ષ્ણ કુહાડીથી છેદાયેલી ચંપકલતાની જેમ તે જલદીથી પૃથ્વીપીઠ ઉપર પડી. સર્વ અંગમાં આભૂષણો તૂટી જવાથી તેનું સૌભાગ્ય તુટ્યું. પવનથી, શીતળ પાણીથી અને ઘણાં ચંદન રસોથી સિંચાયેલી ઘણાં તાલવૃક્ષના પંખાથી વીંઝાયે છતે બે આંખો ખોલી અને ફરી ચેતના પામેલી પુત્રને કહે છે કે ઉંબરાને પુષ્પની પ્રાપ્તિ દુર્લભ છે તેમ તું મને કોઇક રીતે મળ્યો છે તેથી જ્યાં સુધી હું જીવું ત્યાં સુધી વ્રત વિના ઘરે જ રહે. હે કુલતિલક! તારા વિરહમાં મારો જીવ જલદીથી જશે. હું પરલોક ગયા પછી તું દીક્ષા લેજે અને આ પ્રમાણે તું કરીશ તો તારાવડે કૃતજ્ઞતા કરાઇ છે.

**મેઘ**— જળના પરપોટા, વિદ્યુતલતા, ઘાસના અગ્રભાગ પર રહેલા જળબિંદુ તથા ધ્વજપટની સમાન મનુષ્યનું જીવન છે તેથી પહેલા કે પછી કોણ મરશે તે કોણ જાણે છે? આ અતિદુર્લભ બોધિ કોને ક્યારે થશે? તેથી હે માત! ધીરજ ધરીને મને દીક્ષાની રજા આપો.

**ધારિણી**—તું સુકુળમાં જન્મેલી, સુમનોહર, લાવણ્યરૂપી પાણીની નદીઓ, નિર્મળકળાઓની વેલડીઓ, સુવર્ણ-તારુણ્યથી પરિપૂર્ણ, મિત મધુર ભાષિણીઓ, લજ્જા મર્યાદા ગુણોથી શોભતી, શરદઋતુના ચંદ્રના સમાન મુખવાળી, નીલકમળના પત્રના જેવી આંખોવાળી, પ્રશંસનીય નિપુણ વિનયવાળી એવી આઠ રાજપુત્રીઓને પરણ્યો છે. પોતાના ઘરે રહીને તેઓની સાથે પાંચ પ્રકારના સારભૂત વિષયો ભોગવ પછી એકાંતે વૈરાગી થયેલો દીક્ષાને લેજે.

**મેઘ**—આ સ્ત્રીઓ સ્વયં અશુચિનું સ્થાન છે. જેઓના અશુચિમાંથી જ જન્મ થયો છે. અશુચિથી ઉપષ્ટંભ કરાયો છે અર્થાત્ અશુચિમય પુદ્‌ગલોથી પોષણ થયું છે તેથી જેણે પરમાર્થ જાણ્યો હોય એવો કોણ બુદ્ધિમાન પ્રાય: અનાર્ય કાર્યમાં તત્પર રોગ જરાથી પરિજર્જરિત થયેલી, મરણના અંતવાળી સ્ત્રીઓની સાથે રમણ કરે ?

**ધારિણી**— હે પુત્ર ! વંશ પરંપરાથી પ્રાપ્ત થયેલી આ લક્ષ્મીને ભોગવ. દીનાદિને દાન આપીને, બંધુવર્ગની સાથે ભોગો માણીને, બંદિજન વડે ગવાતો છે ગુણ સમૂહ જેનો, ઘણો યશ ઉછળ્યો છે જેનો એવો તું પછી વૃદ્ધાવસ્થામાં દીક્ષા લેજે.

૨. **કૃતલક્ષણ**— ગુણથી પ્રસિદ્ધ થયેલ.

**મેઘ**–જેના ઉપર વારસદાર, જળ અને અગ્નિનો અધિકાર ચાલે છે, તથા જે નદીના તરંગની જેમ ચંચળ છે એવા ધનાદિ પદાર્થો વિષે કોઇ મતિમાન રાગ ન કરે.

**ધારિણી**–જેમ તલવારની ધાર પર ચાલવું દુષ્કર છે તેમ હે પુત્ર! તારા જેવાને વ્રતનું પરિપાલન અતિદુષ્કર છે.

**મેઘ**–પુરુષ જ્યાં સુધી પુરુષાર્થ નથી કરતો ત્યાં સુધી સર્વ અતિદુષ્કર છે. ઉદ્યમ એ જ ધન છે જેનું એવા પુરુષને અતિ કઠીન કાર્ય સિદ્ધ થતું દેખાય છે.

આ પ્રમાણે અતિ આગ્રહ કરનાર માતાને, બંધુવર્ગને તથા દીક્ષાની વિરુદ્ધ બોલનાર સર્વને નિરુત્તર કરીને, વિચિત્ર પ્રકારની સેંકડો યુક્તિઓથી સમજાવીને, વિનયથી યુક્ત પ્રત્યુત્તરોથી પોતાના આત્માને છોડાવ્યો, અર્થાત્ દીક્ષા માટે અનુમતિ મેળવી. પછી મેઘકુમારે વિદ્યમાન વસ્તુનો ત્યાગ કરાવનારી અર્થાત્ નિષ્પરિગ્રહી કરનારી, કાયર જનમાં ઉત્પન્ન કરાયો છે વિસ્મયનો ઉત્કર્ષ જેના વડે, સમસ્ત ભવોના દુઃખોને છોડાવવામાં દક્ષ એવી દીક્ષા ગ્રહણ કરી. જિનેશ્વરે કરણીય વસ્તુ સંબંધી મધુર આલાપવાળી પ્રરૂપણા (દેશના) કરી. તે આ પ્રમાણે–હે સૌમ્ય તારે આ પ્રમાણે આચરણ કરવું. અર્થાત્ તારે સાધુ સમાચારીનું પાલન કરવું. ગણાધિપને સોંપવામાં આવ્યો. સંધ્યા સમયે ક્રમાનુસારથી સંથારાભૂમિને આપતા મેઘનો સંથારો દરવાજા પાસે આવ્યો અને રાત્રે કારણવશથી આવતા જતા સાધુઓના પગાદિથી દઢ સંઘટ્ટો પામેલા મેઘકુમારને આંખ ભેગી થવા જેટલી ઊંઘ રાત્રે ન આવી અને વિચારે છે કે હું જ્યારે ગૃહસ્થવાસમાં હતો ત્યારે આ સાધુઓ મારું ગૌરવ જાળવતા હતા. હમણાં મારા ઉપર વૈરાગી થયા હોય તેમ મારો પરાભવ કરે છે તેથી સાધુપણાનું પાલન કરવું મને દુષ્કર તેમજ અશક્ય જણાય છે. પ્રભાત સમયે ભગવાનની રજા લઇને ઘરે જઇશ. (૯૭)

હવે સૂર્યોદય થયો ત્યારે સાધુઓની સાથે જિનેશ્વરની પાસે આવ્યો અને પ્રભુને ભક્તિથી વંદન કરીને પોતાના સ્થાનમાં બેઠો. ભગવાને તેને બોલાવ્યો કે હે મેઘ! રાત્રે તારા મનમાં આવો વિકલ્પ થયો કે હું સવારે ઘરે જાઉં. પરંતુ તારે આ ઉચિત નથી. તારે આ પ્રમાણે ચિંતવવું ઉચિત છે કે પૂર્વના ત્રીજા ભવમાં આ ભરતક્ષેત્રનાં વૈતાઢ્ય પર્વતની તળેટીમાં તું હાથી હતો. વનવાસીઓએ હાથીનું નામ સુમેરુપ્રભ રાખેલું હતું જે સર્વ અંગથી પૂર્ણ હતો. એક હજાર હાથીઓનો અધિપતિ હંમેશા જ રતિમાં પ્રસક્ત ચિત્તવાળો હતો અને અત્યંત મનપ્રિય **કલભ**[1] અને કલભીઓની સાથે ગિરિગુફા, વન, નદી તથા નિર્ઝરણા, સરોવરમાં અતૂટ ઉગ્રપણે વિચરે છે.

૧. કલભ એટલે બાળ હાથી અને કલભી એટલે બાળ હાથણી.

હવે ક્યારેક ઊનાળો આવ્યો ત્યારે રુક્ષ, કર્કશ, દારુણ તથા જેમાં ઘણી ધૂળની ડમરીઓ ઊડે છે તેવો પવન ફૂંકાવા લાગ્યો. પછી હાથી પરસ્પરના સંઘર્ષથી વૃક્ષોના સમૂહમાં પ્રલયકાળના અગ્નિ સમાન ઉત્પન્ન થયેલા તીવ્ર દાવાનળને જુએ છે. વનો બળે છતે શરણ વિહીન શ્વાપદનો સમૂહ ભુવનતળને ભયંકર અવાજોથી ભરી દેતો પલાયન થયો. ધૂમાળાના ગોટેગોટાથી દિશાઓ ધૂંધળી થઇ. દાવાનળથી સર્વત્ર ઘાસ લાકડાનો સમૂહ ભસ્મીભૂત થયો. તેની જ્વાળાથી પીડાયેલા શરીરવાળો, સૂંઢને ઘણી સંકોચતો, ભયંકર ચિચિયારી કરતો, લિંડપિંડ (લાદ)ને મૂકતો વેલડીઓના મંડપોને ભાંગતો, સર્વાંગે તરસથી પીડાયેલો, યૂથના નાયકપણાને છોડીને ભાગતા એવા હાથીએ એક સરોવરને જોયું, અતિ અલ્પપાણી અને ઘણાં કાદવવાળા **અતીર્થ**[2] પાસે પહોંચ્યો અને તેમાં ઊતર્યો. સરોવરમાં પાણીને નહીં પી શકતો કાદવમાં ખુંચ્યો અને એક પગલું માત્ર પણ ચાલવા અસમર્થ બનેલો યુદ્ધમાંથી હાંકી કઢાયેલ યુવાન હાથી વડે જોવાયો. તેણે અણીવાળા તીક્ષ્ણ દાંતોથી પીઠનો પ્રદેશ ભેદ્યો. ઘણા દુઃખથી સહન કરી શકાય તેવી વેદનાને પામ્યો. સાધિક એકસો વીશ વરસ જીવીને આર્તધ્યાનને પામેલો મરીને આ જ ભરતક્ષેત્રમાં વિંધ્ય પર્વતની તળેટીમાં હાથીરૂપે ઉત્પન્ન થયો. ચારદાંતવાળો, પોતાની દુર્ધર ગંધથી નિયંત્રિત કરાયો છે સર્વ હાથીઓનો દર્પ જેના વડે, સમાંગથી પરિપૂર્ણ, શરદઋતુના વાદળ જેવો. ઉજ્જવળ શરીરવાળો એવો તે હાથી કાળથી ભર યૌવનને પામ્યો અને સાતસો હાથીઓનો સ્વામી (નાયક) થયો. ભીલોએ તેનું નામ 'મેરુપ્રભ' રાખ્યું. પોતાના પરિવારથી વીંટળાયેલ, લીલાથી ચંક્રમણ કરતો તે (તું) તે વનમાં ક્યારેક ઉનાળામાં સળગેલા ભયંકર દાવાનળને જુએ છે. તત્કાળ જ જાતિસ્મરણ જ્ઞાન થયું અને પૂર્વે ઘણા કષ્ટથી દાવાનળથી પોતાને બચાવ્યો હતો. પછી તેં વિચાર્યું કે આવો દાવાનળ હંમેશા ઉનાળામાં ઉત્પન્ન થાય છે તેથી હું ભવિષ્યના કંઇક પ્રતિઉપાયને વિચારું. પ્રથમ વરસાદ પડ્યો ત્યારે પોતાના પરિવારથી વીંટળાયેલો તું ગંગાનદીના દક્ષિણ કાંઠે સર્વ વૃક્ષોને ઊખેડીને એકસ્થાનમાં દાવાનળ સદંતર ન સળગી શકે તેવા એક મોટા માંડલાને કર્યું. પછી ફરી પણ વરસાદને અંતે પરિજનથી યુક્ત તે જ માંડલાને ફરીથી સર્વથી શોધે છે અર્થાત્ પછી પણ જે કાંઇ ઘાસ તેમાં ઊગ્યું હતું તેને ફરીથી સાફ કર્યું અને ચોમાસા પછી ફરી પૂર્વની જેમ સાફ કર્યું. આ પ્રમાણે દરવર્ષે માંડલું કરીને સુખપૂર્વક રહે છે. (૧૨૧)

૨. **તીર્થ**–એટલે જ્યાંથી નદી કે સરોવરમાં ઊતરી સામે પાર જઈ શકાતું હોય તેવું સ્થાન. અતીર્થ એટલે જ્યાંથી નદી કે સરોવરમાં ન ઊતરી શકાય તેવું સ્થાન.

હવે કોઈક વખતે પૂર્વની જેમ જ દાવાનળ સળગ્યો ત્યારે પરિવાર સહિત તું તે માંડલામાં ગયો. બીજા પણ દાવાનળથી સંત્રાસ પામેલા વન્યપશુઓ તે માંડલામાં એવી રીતે ભરાયા કે કોઈપણ જીવ ક્યાંય પણ થોડો પણ સરકી શકવા સમર્થ ન થયો. જેવી રીતે એક બિલમાં પરસ્પર મત્સર ભાવને છોડીને પ્રાણી સમૂહ વસે છે તેવી રીતે ઘણા ભયથી પીડિત થયેલો પ્રાણીસમૂહ એક માંડલામાં વસે છે. ક્યારેક શરીરને ખંજવાળવા નિમિત્તે તેં એક પગ ઊંચો કર્યો ત્યારે બળવાન પ્રાણીથી ધક્કો મરાયેલ એક સસલો પગ મૂકવાની જગ્યાએ ભરાયો. તેં તેને જોયો એટલે તત્ક્ષણ જ તારું મન દયાથી ભરાયું. પોતાની પીડાની જેમ અન્યજીવની પીડા વિચારીને ઊંચો કરેલો પગ ઊંચો જ લટકતો ધરી રાખ્યો. અર્થાત્ દાવાનળથી પોતાને જેવી પીડા થાય છે તેવી પીડા આને પણ થશે એમ સમજીને પગને નીચે ન મૂક્યો. અતિદુષ્કર દયાથી તેં સંસાર તુચ્છ (અલ્પ) કર્યો, મનુષ્ય આયુષ્ય બાંધ્યું અને સમ્યક્ત્વનું બીજ પ્રાપ્ત કર્યું. અઢી દિવસને અંતે જ્યારે દાવાનળ શાંત થયો ત્યારે પ્રાણીસમૂહ તે પ્રદેશમાંથી ચાલી ગયે છતે જેટલામાં તું પગ નીચે મૂકે છે તેટલામાં વૃદ્ધપણાથી સર્વથા જીર્ણ શીર્ણ થયું છે શરીર જેનું, લોહીથી ગંઠાઈ ગયા છે સાંધાઓ જેના એવો તું ઘણા ક્લેશને પામતો વજ્રથી હણાયેલા પર્વતની જેમ ધસ કરતો પૃથ્વીતળ ઉપર પડ્યો. દાહજ્વરથી પીડાયેલા શરીરવાળો તથા કાગડા, શિયાળાદિથી ભક્ષણ કરાતો તીક્ષ્ણ વેદનાને પામેલો ત્રણ દિવસ રાત્રિ જીવીને સો વર્ષનું આયુષ્ય પુરું કરીને શુભભાવને પામેલો કાળ કરીને અહીં ધારિણીની કુક્ષિમાં પુત્રપણે ઉત્પન્ન થયો. તેથી હે મેઘ! દુસ્તર ભવના સ્વરૂપને નહીં જાણનાર તિર્યંચના ભવમાં તેં આવા પ્રકારની વેદના સહન કરી છે તો આજે મુનિના શરીરના સંઘટ્ટાને કેમ સહન નથી કરતો? પોતાના પૂર્વ ભવને સાંભળીને તેને ક્ષણથી જાતિસ્મરણ જ્ઞાન થયું ત્યારે તે ઘણા ઉગ્ર વૈરાગ્યને પામ્યો અને હર્ષના આંસુથી ભીની થઈ છે આંખો જેની એવો તે ત્રણ પ્રદક્ષિણા કરીને ભાવથી વાંદીને ભગવાનને મિચ્છા મિ દુક્કડં આપીને કહે છે કે મારી બે આંખોને છોડીને બાકીનું સંપૂર્ણ શરીર સાધુઓને અર્પણ કરું છું તો ઈચ્છા મુજબ એનો ઉપયોગ કરે એવો અભિગ્રહ લે છે. પછી તે મેઘમુનિ અગીયાર અંગ ભણીને ભિક્ષુપ્રતિમાને વહન કરીને, **ગુણરત્ન**[1] સંવત્સર તપ કરીને સર્વાંગ સંલેખના કરીને વિચારે છે કે સર્વસુખના (મોક્ષસુખના) અર્થી જિનેશ્વર જ્યાં

૧. **ગુણરત્ન સંવત્સર તપ**—આ તપ સોળ માસનો છે. તેમાં પ્રથમ માસે ચોથ ભક્તને પારણે ચોથ ભક્ત, બીજે માસે છઠ્ઠને પારણે છઠ્ઠ, ત્રીજે માસે અઠ્ઠમને પારણે અઠ્ઠમ, ચોથે માસે ચાર ઉપવાસને પારણે ચાર ઉપવાસ, પાંચમે પાસે પાંચ ઉપવાસને પારણે પાંચ ઉપવાસ, છઠ્ઠે માસે છ ઉપવાસને પારણે છ ઉપવાસ, એમ એકેક માસે એકેક ઉપવાસથી વધતા યાવત્ સોળમે માસે સોળ ઉપવાસને પારણે સોળ ઉપવાસ. આમ સોળ મહીના સુધી સળંગ તપ કરવાનો હોય છે.

સુધી હયાત છે ત્યાં સુધીમાં મારે અંતિમકાળની ક્રિયા અર્થાત્ અનશન કરી સમાધિ સાધી લેવી ઉચિત છે. પછી ભગવંતને પૂછે છે કે હે સ્વામિન્! હું તમારી અનુજ્ઞાથી રાજગૃહીની બહાર આ વિપુલ નામના પર્વત ઉપર વિશેષ તપપૂર્વકના **નિષીદન**[1](આસન) આદિ કષ્ટવાળા અનુષ્ઠોથી અનશન કરવાની ઈચ્છાવાળો છું. પછી પ્રભુની અનુજ્ઞાને પામેલો શ્રમણસંઘને ખમાવીને અન્ય કૃતયોગી મુનિઓની સાથે ધીમે ધીમે વિપુલ પર્વત ઉપર ચઢે છે. તે પર્વત ઉપર વિશુદ્ધ શિલાતલ ઉપર સર્વ શલ્યથી મુકાયેલો, પંદર દિવસનું અનશન કરીને વિજય નામના અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થયો. તેનો બાર વરસનો ચારિત્રપર્યાય થયો. ત્યાંથી ચ્યવીને તે મહાવિદેહક્ષેત્રમાં સિદ્ધ થશે, બુદ્ધ થશે.

**ગાથાનો અક્ષરાર્થ**–રાજગૃહીનગરીમાં શ્રેણિક નામનો રાજા અને તેને ધારિણી નામની રાણી હતી. તેણે એકવાર હાથીનું સ્વપ્ન જોયું. પછી ત્રીજે માસે તેને મેઘ (વાદળ) સંબંધી દોહલો થયો. અભયકુમારે દેવતાની આરાધના કરીને દોહલો પૂર્ણ કરાવ્યો. કાળે પુત્રનો જન્મ થયો. (૨૬૪)

તેનું નામ મેઘકુમાર રાખ્યું. ભગવાનની પાસે શ્રાવકનો ધર્મ સાંભળ્યા પછી પ્રથમ વખતે મોક્ષના અભિલાષા રૂપ સંવેગ થયો અને સંવેગથી પ્રવ્રજ્યાની પ્રાપ્તિ થઈ. સાંકડા ઉપાશ્રયમાં દરવાજા પાસે તેનો સંથારો આવ્યો. પછી રાત્રે પગાદિના સંઘટ્ટાના નિમિત્તથી ચારિત્ર મોહનીયકર્મના ઉદયથી સંક્લેશ થયો. હું જ્યારે ગૃહસ્થ હતો ત્યારે આઓ મારો ગૌરવ કરતાં હતાં. તેથી હું પાછો ઘરે જાઉં એવી ચિંતા થઈ. સવારે ભગવાન વીરે તેને કહ્યું કે રાત્રિએ તે આવું ચિંતવન કર્યું હતું. તમારી વાત સત્ય છે એમ મેઘે કબુલ કર્યું ભગવાને કહ્યુંઃ તારે આવું વિચારવું યોગ્ય નથી. (૨૬૬)

આ ભવથી પૂર્વના ત્રીજા ભવમાં તું સુમેરુપ્રભ નામનો હાથી હતો પછી વૃદ્ધ થયો ત્યારે તું દાવાનળથી દાઝેલો સરોવરમાં અતીર્થથી ઊતર્યો. (૨૬૭)

બે દાંતોવડે હાથીથી ભેદાયેલો તું સાત દિવસ સુધી વેદના ભોગવીને મર્યો. ફરી મેરુપ્રભ નામનો જૂથપતિ હાથી થયો. ફરી દાવાનળ સળગ્યો ત્યારે તને જાતિસ્મરણ જ્ઞાન થયું. પછી વિવિધ અર્થ બોલવા રૂપ (આમ થયું, આમ થશે, તેમ થયું, તેમ થશે ઈત્યાદિ રૂપ) વિભાષા કહેવી. જેમકે પૂર્વભવમાં આવા પ્રકારના દાવાનળથી મારું મરણ થયું છે તેથી હું તેના પ્રત્યુપાય કરું. ૨૬૮)

૧. નિષીદન એટલે આસન વિશેષ અર્થાત્ તપસ્વીઓ તપ કરતી વખતે અથવા ધ્યાન ધરતી વખતે જે જુદી જુદી રીતે શરીરને રાખે છે તે સિદ્ધાસન વગેરે ૮૪ આસનો છે. આમાં પદ્માસન, સ્વસ્તિકાસન, ભદ્રાસન, વજ્રાસન અને વીરાસન એ પાંચ મુખ્ય ગણાય છે.

વર્ષાકાળ શરૂ થયો ત્યારે તૃણ-વૃક્ષ આદિને સાફ કરીને માંડલું કર્યું. પછી ઉનાળામાં દાવાનળ સળગ્યો ત્યારે તે માંડલામાં આવીને રહ્યો અને બીજા જીવોએ પણ તે માંડલાનો આશ્રય કર્યો. પછી અત્યંત પીડાકારક ખણજ ઉપડી ત્યારે તું પગથી શરીરને ખંજવાળવા લાગ્યો. (૨૬૯)

ભીંસાયેલો સસલો પગ મૂકવાની જગ્યાએ આવ્યો. અનુકંપાથી તેં પગને અદ્ધર જ ધારી રાખ્યો. પછી તેં સંસારને પાતળો=ઘટાડ્યો-પરિમિત કર્યો અને મનુષ્યનું આયુષ્ય બાંધ્યું. ત્રીજા દિવસે ભૂમિ ઉપર પટકાયો. (૨૭૦)

પછી રાજગૃહમાં તારો જન્મ થયો અને ભાવ ચારિત્ર સ્વરૂપ ધર્મની પ્રાપ્તિ થઈ. પછી "પૂર્વભવમાં પટકાઈને પડેલા તારા શરીરને[1] શિયાળ વગેરે જીવો ભક્ષણ કરવા લાગ્યા તથા તેઓની વેદના સહન કરવાથી અને સસલાની અનુકંપાથી તને પ્રવ્રજ્યાના લાભ સ્વરૂપ ઉપકાર થયો." આ પ્રમાણે સાંભળીને મેઘ સંવેગ પામ્યો. (૨૭૧)

પછી તેણે શુદ્ધ મિચ્છા મિ દુક્કડં આપ્યું અને આવા પ્રકારના પ્રાયશ્ચિત્તથી શુદ્ધ ચારિત્રવાન થયો અને તે જ રીતે યાવજ્જીવ સુધી શુદ્ધ ચારિત્ર પાળ્યું. પછી વિજય વિમાનમાં ઉત્પન્ન થયો અને પછીના ભવમાં સિદ્ધિ પામશે. (૨૭૨)

આનો આ પ્રતિબંધ કંટકની સ્ખલના તુલ્ય છે અર્થાત્ અલ્પ રુકાવટવાળો છે અને પછી તેનું આખા ભવ સુધી સિદ્ધિમાર્ગમાં ગમન ચાલું રહ્યું. (૨૭૩)

કંટક સ્ખલના તુલ્ય એટલે માર્ગમાં ચાલતા મુસાફરને કાંટો લાગે અને તેમાં જેટલું વિઘ્ન થાય તેટલું ચિત્તના સંકલેશ રૂપ મેઘમુનિને વિઘ્ન થયું. અને પછી તે વિઘ્નથી પાર પામેલા મેઘમુનિનું સિદ્ધિગમન આખા ભવ સુધી અવિરત થયું.

**હવે દહનસૂરનું ઉદાહરણ કહેવાની ઈચ્છાવાળા ગ્રંથકાર કહે છે–**

**ગાથાર્થ–** પાટલિપુત્ર નગર, હુતાશન જ્વલનશિખા દંપતી, જ્વલન અને દહન બે પુત્રો. સૌધર્મમાં પાંચ પલ્યોપમનું આયુષ્ય, આમલકલ્પનગરીમાં નૃત્ય માટે આવ્યો. (૨૭૪)

આ જ કથાનકને છ ગાથાથી જણાવતા કહે છે–

## દહનસુરનું કથાનક

પાટલિપુત્ર નગરમાં પાટલિપુત્ર (ગુલાબના ફૂલ)ની સુગંધ સમાન શીલવાન, આંખ અને મનને હરવામાં સમર્થ, સારા ભોગથી દેવસમૂહની તોલે આવે એવો લોક રહેતો હતો. ત્યાં દુર્વિનીત રૂપ લાકડાને બાળવા માટે સારી રીતે હોમાયેલ હુતાશન (અગ્નિ)

---

૧. ગાથામાં मयकलेवरे શબ્દ છે. ટીકામાં તેનો मृगकलेवरे એવો અર્થ કર્યો છે. પણ मृतकलेवरे એવો અર્થ વધારે સંગત થાય.

સમાન હુતાશન નામનો બ્રાહ્મણ હતો. તેને વિનયરૂપી માણેકનું ભાજન એવી જ્વલનશિખા નામની સ્ત્રી હતી. જે દુ:શીલ લોકના મનના વિકલ્પરૂપ ભ્રમર-શ્રેણી માટે અગ્નિની જ્વાળા સમાન હતી. શ્રાવકધર્મમાં તત્પર, કુળને સમુચિત મર્યાદા પાળવામાં રત એવા તેઓને કેટલાક દિવસો ગયે છતે જ્વલન અને દહન ક્રમથી બે પુત્રો થયા. સર્વકાર્યોમાં માતા-પિતાના ચિત્તને અનુસરતા વૃદ્ધિ પામ્યા. (૫)

હવે સમસ્ત ભવ્ય જીવોરૂપી કમળોને બોધ કરવામાં સૂર્ય જેવા ધર્મઘોષ નામના સૂરિ વિહાર કરતા આવ્યા અને મુનિને ઉચિત વસતિમાં રહ્યા. જેમને ઘણો સંતોષ (હર્ષ) થયો છે એવા નગરલોકે ભગવાનને વંદન કર્યું. ભવરૂપી કારાગારમાંથી સર્વથા છોડાવનાર ધર્મ સાંભળ્યો. આસન ઉપરથી ઊભો થઈને વંદન કરીને હુતાશન આ પ્રમાણે કહે છે કે હે ભગવન્! ભવથી ભયભીતમનવાળો હું કુટુંબ સહિત તમારા ચરણરૂપી કમળમાં દીક્ષા ગ્રહણ કરવા ઈચ્છું છું. હે સૌમ્ય! તારે અહીં વિલંબ કરવો ઉચિત નથી. આ પ્રમાણે ગુરુના અભિપ્રાયને જાણીને, જિનપૂજાદિ કરણીય કરીને હુતાશને કુટુંબ સહિત અતિ આશ્ચર્યકારી દીક્ષા ગ્રહણ કરી અને સર્વ આશ્રવદ્વારો બંધ કર્યા. તે કુટુંબને અતિ ઉગ્ર ભવવિરાગવાળો કરે છે, ઘોર તપ આચરે છે, શુદ્ધ અધ્યવસાયથી યુક્ત વજ્રના ચણા ચાવવા સમાન દીક્ષાને પાળે છે, પરંતુ સર્વક્રિયામાં દહન જ્વલનને માયાથી ઠગે છે. આ હું આવું છું એમ બાના બતાવીને માયા સ્થાનોનું સેવન કરે છે, પરંતુ વિપરીત પદાર્થની પ્રરૂપણા વગેરે આચરતો નથી. આ પ્રમાણે તેનો આ જન્મ પ્રમાદમાં ગયો અને ક્યારેય ગુરુની પાસે માયાશલ્યની આલોચના કરતો નથી. વિધિથી સંલેખનાદિ અનશન કરીને મરીને સૌધર્મ દેવલોકમાં દેવરૂપે ઉત્પન્ન થયો. જ્વલન પણ ઋજુભાવથી તેવા પ્રકાર (સાધુ)ની ક્રિયામાં નિરત ત્યાં જ દેવપણે ઉત્પન્ન થયો. (૧૫)

બાહ્ય, મધ્ય અને અભ્યંતર એમ શક્રેન્દ્રની ત્રણ પર્ષદાઓ છે જેના અનુક્રમે જવણા, ચંડા અને સમિતા નામ છે. ઇન્દ્ર આંતરપર્ષદાની સાથે કાર્યની વિચારણા કરે છે અને મધ્યપર્ષદાની સાથે નિર્ણય કરે છે, નિશ્ચિયથી કરવા યોગ્ય કાર્યનો આદેશ ત્રીજી અભ્યંતર પર્ષદાની સાથે કરે છે. અભ્યંતર સમિતા પર્ષદા બોલવવામાં આવે ત્યારે જ આવે છે. મધ્યપર્ષદા બોલાવે ત્યારે આવે અથવા સ્વયં પણ આવે અને જવણા પર્ષદા સંતોષના વશથી ઉત્સુક થયેલી સ્વયં જ ઇન્દ્રની પાસે રહે છે. તે બંને ઇન્દ્રની અભ્યંતર પર્ષદામાં પાંચ પલ્યોપમના આયુષ્યવાળા મહર્દ્ધિક દેવ થયા. અન્યદા પૂર્વ ભવના સ્નેહના વશથી યુગપદ્ આમલકલ્પ નગરીના આમ્રશાલ વનમાં ભગવાન મહાવીરસ્વામીનું સમોવસરણ રચાયું ત્યારે પોતાના પરિવાર સહિત આવ્યા, ત્રણ પ્રદક્ષિણા કરીને વંદન કર્યું. તેઓએ

ત્યાં અતિભક્તિના નિર્ભરતાથી નૃત્ય કર્યું. જ્વલનને પોતાની ઇચ્છા મુજબ રૂપની નિષ્પત્તિ થઇ અને દહનને તેનાથી વિપરીત (અર્થાત્ પોતે ઇચ્છા કરે તેના કરતા બીજી જ) થઇ. ગૌતમસ્વામી મહારાજા જાણવા છતાં પણ અબુધ લોકના બોધ માટે પૂછે છે કે આને રૂપો શાથી વિપરીત થાય છે? જિનેશ્વર કહે છે કે આણે પૂર્વભવમાં માયા કર્મ આચરેલું છે જેથી તેને આવા પ્રકારનું રૂપ નિર્માણ થયું. પૂર્વ જન્મ સંબંધી સર્વ વૃત્તાંત કહ્યો. કપટને કારણે ગહન સંસારમાં આવો દારૂણ અનુબંધ બંધાયો છે. તે હકીકતને સાંભળીને અનેક જીવો પ્રતિબોધ પામ્યા અને સર્પની વક્રગતિ અને સાપના ઝેરના વેગ જેવી વિષમ માયાદોષથી પાછા ફર્યા.

**સંગ્રહ ગાથાનો શબ્દાર્થ**—હુતાશન અને જ્વલનશિખા બંને પતિ-પત્ની હતા. જ્વલન અને દહન બંને ભાઇઓ હુતાશનના પુત્રો હતા. આ પ્રમાણે ચાર જણાનું કુટુંબ વૈરાગ્ય પામ્યું અને પાટલિપુત્ર નગરમાં ધર્મઘોષ ગુરુની પાસે દીક્ષા લીધા પછી-પોતાના સામર્થ્ય અનુરૂપ અનશનાદિ તપનું તથા સાધુ સમાચારીનું સારી રીતે પાલન કરે છે. (૨૭૫)

જ્વલન અને દહન તે બે ભાઇઓમાંથી જ્વલન સરળ હોવાથી યથાવત્ તપ અને દીક્ષા આરાધે છે. પણ બીજો દહન જ્વલનની જેમ જ પ્રત્યુપેક્ષણા-પ્રમાર્જનાદિ સર્વ સમાચારીને આરાધે છે. પણ માયાપૂર્વકની કરે છે. (૨૭૬)

કેવી રીતે માયા કરે છે? "આ હું હમણાં આવ્યો" એમ કહીને માયાથી મોટાભાઇને ઠગે છે. શું અનાભોગથી આવું કરે છે? ના, કષાયના ત્રીજા ભેદ માયાપૂર્વકની ક્રિયાથી કરે છે પરંતુ પદાર્થની પ્રજ્ઞાપનાદિ સંબંધી નહીં. આ પ્રમાણે માયાવી ક્રિયાથી ઘણાં સમય પ્રવ્રજ્યાનું પાલન કરે છે. અંત સમયે બંનેએ **દ્રવ્ય**[1] અને ભાવ કૃશ કરવા રૂપ સંલેખના કરી અને અનશન કર્યું. ત્યાર પછી સૌધર્મ દેવલોકમાં દેવ થયા. (૨૭૭)

અભ્યંતર પર્ષદામાં પાંચ પલ્યોપમવાળા મહર્દ્ધિકદેવ થયા. કોઇક વખત આમલકલ્પ નગરીના આમ્રશાલ વનમાં ભગવાન મહાવીર સ્વામીનું સમોવસરણ થયું અને ત્યાં વંદન કરવા માટે ગયેલા તે બેનો નૃત્યક્રિયામાં વિપર્યાસ થયો. (૨૭૮)

કેવી રીતે વિપર્યાસ થયો? હું સ્ત્રી-પુરુષ આદિના રૂપને વિકુર્વીશ એમ ચિંતવ્યે છતે તેમાના જ્વલન દેવને અભિલષિત રૂપની વિકુર્વણા થઈ. ત્યારે બીજાની શું વાત કરવી? બીજાને પોતે ચિંતવેલા રૂપ કરતા પ્રતિકૂલ રૂપ થાય છે. પછી જાણતા હોવા છતાં ગણધરે પૂછ્યું: ભગવન્! આને કેમ વિપર્યય થાય છે. (૨૭૯)

---

૧. દ્રવ્યથી શરીરને કૃશ કરવા રૂપ અને ભાવથી કર્મોને કૃશ કરવા રૂપ સંલેખના.

ભગવાને કહ્યું: આણે પૂર્વભવમાં ક્રિયા કરવામાં માયા કરી હતી તેથી આનું ક્રિયાથી વિકુર્વેલું રૂપ વિપરીત થાય છે. ઘણું કરીને આનું ક્રિયાનું વિપરીતપણું સર્વક્રિયાઓને અનુસરશે અર્થાત્ સર્વક્રિયાઓ આવી વિપરીત થશે. **નાટ્યવિધિ**[1] ન્યાયથી આના કેટલાક ભવો આવા વિપરીત ક્રિયાવાળા થશે. (૨૮૦)

**વિપર્યાસને જણાવતા કહે છે–**

વિપર્યસ્ત અને અસંપૂર્ણ ચેષ્ટાના કારણ દહન દેવનું વૈક્રિયશરીરનામકર્મ વગેરે છે. તે તેણે દહનના ભવમાં માયાથી કરેલી ક્રિયાના કારણે છે. (૨૮૧)

જે કારણથી આનું કર્મ સાનુબંધવાળું છે તે કારણથી કેટલાક ભવો સુધી દહનનું ધર્મ અનુષ્ઠાન (સ્વર્ગ-અપવર્ગના લાભના ફળવાળી ક્રિયા) દોષવાળું થશે. શાથી? થોડાક **પણ**[2] માર્ગની પ્રતિકૂળતાના અભ્યાસથી બંધાયેલ કર્મ મોટા કષ્ટથી ઘણાં દુઃખથી દૂર થશે. (૨૮૨)

**હવે પ્રસ્તુત વિષયને કહેતા કહે છે–**

તેવા પ્રકારના માર્ગમાં પ્રવૃત્ત થયેલા મુસાફરને તાવ આવી જવાથી જેટલી રૂકાવટ થાય તેટલી રૂકાવટ દહનના જીવને થઇ એમ શાસ્ત્રકારો જણાવે છે. તેથી તાવ ઊતરી ગયા પછી મુસાફરનું ગમન અખંડ થાય તેમ પ્રતિબંધક કર્મ ભોગવાઇ ગયા પછી તાત્ત્વિક સમ્યગ્દર્શનાદિ ધર્મની આરાધનાથી દહનનું મોક્ષગમન અખંડ થશે. (૨૮૩)

હવે અર્હદ્દત્તના ઉદાહરણને કહે છે–

## અર્હદ્દત્તનું ઉદાહરણ

પરિતુલના કરાયો છે **કુબેરના**[3] આલયનો વૈભવ જેનાવડે એવું એલપુર નામનું નગર છે, અર્થાત્ એલપુર નગર કુબેરના વૈભવની તોલે આવે એવું સમૃદ્ધ છે. તે નગરમાં બળવાન શત્રુપક્ષનો નાશ કર્યો હોવાથી યથાર્થ નામવાળો જિતશત્રુ રાજા હતો. નિર્મળ સામાદિ નીતિમાર્ગથી સકલપૃથ્વીનું પાલન કરવાથી ઉજ્જ્વળ પ્રસિદ્ધિ પ્રાપ્ત કરી હતી. તેને કમલમુખી નામની રાણી હતી, જે વિનયાદિગુણોરૂપી મણિની ખાણ હતી, લક્ષ્મીની જેમ

૧. **નાટ્યવિધિ ન્યાય**–રંગભૂમિ ઉપર નટ જેટલા નાટકો કરે તેમાં તેનું ખરૂં રૂપ હોતું નથી પણ બનાવટી હોય છે તેમ આ જે ક્રિયા કરવા ધારશે તે ક્રિયા થવાને બદલે અન્ય ક્રિયા થશે.

૨. માર્ગની પ્રતિકૂળતાના થોડા પણ અભ્યાસથી બંધાયેલા કર્મ મોટા કષ્ટથી ઘણાં દુઃખથી દૂર થાય તો માર્ગની પ્રતિકૂળતાના ઘણા અભ્યાસથી બંધાયેલા કર્મની તો શું વાત કરવી એમ अपि શબ્દનો અર્થ છે.

૩. एलविल એટલે કુબેર.

રૂપથી, યૌવનથી સ્વયં જ પ્રીતિકારક પૂર્વદિશાની લક્ષ્મી હતી. જેનો વિષાદ અત્યંત ચાલ્યો ગયો છે, લક્ષ્મીની સાથે વિલાસને માણતા ઇંદ્રની જેમ તેની (કમલમુખીની) સાથે વિષયસુખો ભોગવતા રાજાના દિવસો જેટલામાં પસાર થાય છે તેટલામાં તેને ક્રમથી અપરાજિત અને સમરકેતુ એમ બે પુત્રો થયા. સર્વકળા રૂપી સમુદ્રના પારને પામેલો, કામદેવની સમાન સુંદર રૂપવાળો અપરાજિત કુમાર યુવરાજ પદ ઉપર સ્થાપન કરાયો. પરંતુ સમરકેતુને કુમારભુક્તિમાં ઉજ્જૈની નગરી આપી. ૬

આ પ્રમાણે દિવસો પસાર થાય છે ત્યારે ક્યારેક તેના દેશને ઉપદ્રવ કરનાર એક રાજા ઘણા રોષવાળો થયો. રાજાની પાસે અનુજ્ઞા મેળવીને તેને જીતવા માટે ચતુરંગ સૈન્યથી યુક્ત અપરાજિત તેની સાથે યુદ્ધ કરવા ચાલ્યો. તેનું શત્રુરાજાની સાથે ખળભળેલા સમુદ્રના મોજાઓની જેમ જેમાં સૈન્ય જલદીથી આકુળવ્યાકુળ થાય તેવું યુદ્ધ થયું. નિરંકુશ બાણોના ક્ષેપથી સ્થગિત કરાયું છે નભોમંડળ જેમાં, વેરવિખેર કરાયું છે સંપૂર્ણ શત્રુસૈન્ય જેમાં, મુકાયેલા તીક્ષ્ણ અર્ધચંદ્રાકાર બાણોના સમૂહથી છેદાતા છે **ચિહ્ન**[2], ધ્વજ અને છત્રો જેમાં, મુકાયેલ ભૈરવ (ભયંકર) અવાજના સમૂહથી કોલ્લાહલ કરાઇ છે સર્વ દિશાઓનો સમૂહ જેમાં, અતિ ઉગ્ર ખડ્ગથી હણાવાથી નાચી રહ્યા છે દુર્ધર કબંધો (ધડો) જેમાં, યમનગરના પરિસર સમાન, બીભત્સ અને અપ્રેક્ષણીય એવું ભયંકર યુદ્ધ થયું. યુદ્ધમાં કુમાર જયશ્રી રૂપી લક્ષ્મીને ભેટ્યો, અર્થાત્ કુમારનો વિજય થયો. (૧૨)

પછી ત્યાંથી પાછો ફરતો કુમાર ક્ષિતિપ્રતિષ્ઠિત નગરમાં વિહાર કરી પધારેલા, વિશુદ્ધ ચારિત્રવાળા, સુવિશુદ્ધ શ્રુતરૂપી મણિઓના ભંડાર એવા રાધ નામના સૂરિને જુએ છે. તેમની પાસે ધર્મ સાંભળ્યો અને ભવથી સમ્યગ્ વિરક્ત થયો. વસ્ત્રના છેડાના અગ્રભાગ ઉપર લાગેલા ઘાસના તણખલાની જેમ કુમાર સંપૂર્ણ પણ રાજ્યલક્ષ્મીનો ત્યાગ કરે છે અર્થાત્ દીક્ષા લે છે અને વજ્ર જેવા સારભૂત ચિત્તવાળો વિહિત કાર્યમાં ઉદ્યત બને છે. ગ્રહણ અને આસેવન એમ બંને પ્રકારની શિક્ષા મેળવી. કુશલ આશયવાળો, હંમેશા ગુરુના ચરણરૂપી કમળને સેવવામાં ભ્રમર સમાન પૃથ્વીતળ ઉપર વિહાર કરે છે. (૧૨)

હવે કોઇ વખત રાધાચાર્ય વિહાર કરતાં તગરા નગરીમાં પધાર્યા ત્યારે ઉનાળામાં તપેલી ભૂમિમાં નવીન મેઘધારાથી વનસ્પતિના અંકુરા ફૂટતા મનોહર લીલીછમ પૃથ્વી થાય તેમ આચાર્ય ભગવાનની વાણી રૂપી મેઘધારાથી વૈરાગ્યરૂપી અંકુરા ફૂટ્યા અને ઉજ્જૈની નગરીમાંથી બે સાધુઓ તેમની પાસે તગરા નગરીમાં આવ્યા. સાધુઓએ

૨. ચિહ્ન—પ્રતિષ્ઠાસૂચક નિશાન.

યથોચિત સત્કાર કર્યો. અવસરે સૂરિએ ઉજ્જૈની નગરી સંબંધી ચૈત્યોની, સંઘની કુશલ વાર્તા પૂછી. તેઓએ જણાવ્યું કે જિનચૈત્યોમાં હંમેશા શ્રેષ્ઠ પૂજાઓ રચાય છે અને રથયાત્રાઓ નીકળે છે અને સુગુરુઓ પાસે નવી જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવાય છે. મોક્ષમાં જેને તીવ્ર શ્રદ્ધા છે એવો સંઘ પણ વિઘ્ન રહિત પોતાની અવસ્થાને ઉચિત ગુરુ શુશ્રુષાદિ ક્રિયાઓ કરે છે. પરંતુ દુષ્ટશીલ રાજપુત્ર અને પુરોહિત પુત્ર સાધુઓનો પરાભવ કરે છે જેથી સાધુઓનો વિહાર બહાર ગયો, અર્થાત્ સાધુઓ નગરમાં ઊતરતા નથી પણ નગરની બહાર ઉતરે છે. નગરમાં ઉપસર્ગ રહ્યો છે. અર્થાત્ સાધુઓ નગરમાં ઉતરે તો તેઓને ઉપસર્ગો જ થાય છે. તેને સાંભળીને અપરાજિત સાધુને ઘણી ચિંતા થઇ કે અહો! મારો સગો ભાઇ રાજા થઇને આવો પ્રમાદી કેમ થયો? જે ઉત્તમ ચારિત્રને પાળતા, સર્વ જગતને વાત્સલ્ય કરનારા એવા સાધુઓનો દુર્વિનય કરતા કુમારોને નિવારતો નથી. "અરિહંતના ચૈત્યોના શત્રુને તથા જિન પ્રવચનના અવર્ણવાદને સર્વ સામર્થ્યથી અધિક વારણ કરવું જોઈએ." આ પ્રમાણે આજ્ઞાના અનુસ્મરણથી તે વિચારે છે કે તેઓનો નિગ્રહ કરવાની શક્તિ મારી પાસે છે તેથી તેઓના નિગ્રહમાં મારે મોટી દયાનું પાલન થશે નહીંતર સાધુ ઉપરના પ્રદ્વેષથી આવર્જિત (ખેંચાયેલા) અને દુર્જય અજ્ઞાન સમૂહમાં ખુંચેલા, દુઃખથી પીડાયેલા જાતિઅંધની જેમ અનંત સંસારમાં ભમશે, ક્રમથી સાધુની વસતિ(સ્થાન)માં પહોંચ્યો. વંદનાદિ ઉચિત આચાર કર્યો અને પાદ શોધનાદિ કર્યું. ભિક્ષાકાળ થયો એટલે પાત્રાની ઝોળી તૈયાર કરી ગોચરી માટે તૈયારી કરે છે ત્યારે ત્યાં રહેલા સાધુઓએ કહ્યું: તમે આજે અમારા પ્રાઘૂર્ણક (મહેમાન) છો તેથી તમે આજે ગોચરી જવાનું માંડીવાળો. પછી અપરાજિત મુનિ કહે છે– હું **આત્મલબ્ધિવાળો**[૨] છું, બીજાએ લાવેલ ગોચરી મને ઉપકારક થતી નથી તેથી સ્થાપનાકુળો, અભદ્રકકુળો તથા લોકમાં જુગુપ્સનીયકુળો છે તે મને બતાવો. એક સાધુએ ક્રમથી તે કુળો બતાવ્યે છતે પ્રત્યનીક કુમારનું ઘર બતાવ્યું. તેને જાણ્યા પછી અપરાજિત મુનિએ તે સાધુને રજા આપી. પછી અપરાજિત મુનિ મોટા અવાજથી ધર્મલાભ બોલતા તેના ઘરમાં પ્રવેશ્યા. આમ કહ્યે છતે ભયથી વ્યાકુળ થયેલી અંતઃપુરની સ્ત્રીઓ હાથ ચલાવીને મંદસ્વરથી મોટેથી ન બોલવાનો સંકેત કરે છે. પ્રતિકાર કરવામાં ઉત્તમ મુનિ જેટલામાં ઊભા છે તેટલામાં કુમારો તેના શબ્દને સાંભળી, આવીને દરવાજો બંધ કરીને મશ્કરી કરવામાં તત્પર વંદન કરીને કહે છે– હે ભગવન્! તમે નૃત્ય કરો. મુનિ કહે છે કે ગીત અને વાંજિત્ર વિના કેવી રીતે નૃત્ય થઇ શકે ? અહો ! તમને સુખકારક પણ કેવી રીતે થઈ શકે? પછી તેઓ કહે છે કે અમે ગીતાદિ ગાઈશું અને

૨. **આત્મલબ્ધિવાળો**– પોતાના પુરુષાર્થથી મેળવેલા આહાર-પાણી આદિ વાપરનાર.

તમે નૃત્ય કરો. પછી તેઓ ઉત્તાલ-વિષમ તાલ કરે છે (ઢંગધડાપૂર્વક ગીત વાજિંત્રોને વગાડે છે). અભ્યંતરથી ઉપશાંત બાહ્યથી ક્રોધી મુનિ કહે છે કે મૂર્ખ લોકને ઉચિત ગીત વાજિંત્ર વગાડશો તો હું નૃત્ય નહીં કરું. પછી કુમારો ગુસ્સાથી મુનિને ખેંચીને કાઢવા લાગ્યા. બાહુયુદ્ધમાં કુશળતા પ્રાપ્ત કરેલા જયણાપૂર્વક શરીરના સાંધાના બંધને ઉતારીને, ચિત્રમાં આલેખાયેલા જેવી સ્થિતિ કરીને મુનિ પણ ચાલ્યા ગયા. તેઓની પીડા ભોજનાદિના અંતરાયને યાદ કરતા અપરાજીત મુનિએ ભિક્ષાચર્યા પર જવાનું ટાળ્યું, અર્થાત્ ગોચરી લેવાનું માંડી વાળ્યું. નગર બહાર એકાંત સ્થાનમાં બેઠેલા મુનિને શુભ શુકન થયે છતે તેઓને અવશ્ય ચારિત્રની પ્રાપ્તિ થશે એમ જાણી ધીરજ થઈ. વિશુદ્ધ મનવાળો જેટલામાં સ્વાધ્યાય કરે છે તેટલામાં કુમારના પરિવારે રાજાને કુમારનું સર્વ ચરિત્ર જણાવ્યું. પછી **ગુરુની**[1] પાસે જઈને રાજા કહે છે– અપરાધી ઉપર પણ મુનિઓ ક્ષમાવાળા હોય છે તેથી હમણાં મારા કુમારના અપરાધની ક્ષમા કરો. ગુરુ કહે છે- હું જાણતો નથી કે ક્યા સાધુએ કુમારોને સ્તંભિત કર્યા છે. પછી ગુરુ સાધુઓને પૂછે છે અને તેઓ કહે છે કે અમારામાંથી કોઈ સાધુએ આવું કર્યું નથી. રાજા કહે છે કે આ વાત બીજી કોઈ રીતે ઘટતી નથી. ચોક્કસ તે આગંતુક મુનિએ કર્યું હશે એમ કહીને તેની તપાસ કરવા લાગ્યો. તેની ભાળ મળી એટલે તેની પાસે ગયો અને જેટલામાં જુએ છે તેટલામાં રાજાના જાણવામાં આવ્યું કે અપરાજિત નામનો મારો મોટો ભાઈ છે. અહો! દુષ્ટ કાર્ય થયું જે કુમારોવડે પરાભવ કરાતા સાધુઓ રક્ષણ ન કરાયા. આ પ્રમાણે લજ્જાથી મ્લાન થયું છે મુખ જેનું એવો રાજા બે આંખોથી ભૂમિને સ્પર્શીને તેના બે પગમાં પડે છે. ઉપાલંભ આપવામાં તત્પર નિઃસ્પૃહ મનવાળા મુનિએ કહ્યું: શરદઋતુના ચંદ્રમંડળ જેવા નિર્મળ કુળમાં જન્મેલા એવા તારા વડે અધમજનને યોગ્ય એવી આવા પ્રકારની ઉપેક્ષા કરાઈ તે તારો પ્રમાદ છે. વિકરાળ જ્વાળાથી યુક્ત અગ્નિ જો પાણીના કુંડમાં ઉત્પન્ન થાય તો શું જગતમાં તેવું બીજું કોઈ પાણી છે જેનાવડે અગ્નિ બુઝાવી શકાય? તેથી આ નિર્મળ કુળમાં સાધુઓનો જે પરાભવ થયો તેનું થોડું પણ રક્ષણ કરી શકે તેવો કોઈ પુરુષ નથી. રાજા પગમાં પડીને તેની ક્ષમાપના કરે છે અને કહે છે કે અનુકંપા લાવીને આ લોકો જલદી સાજા થાય તેવું કરો. મુનિ કહે છે—જો તેઓ મારી પાસે દીક્ષા લે તો હું સાજા કરું. પછી રાજા કહે છે– તમને જ અર્પણ કર્યા. પરંતુ તેઓના મનના અભિપ્રાયને હું જાણી લઉં. પરંતુ તેઓ હાલમાં બોલી શકતા નથી તેથી તેવું કરો જેથી ક્ષણથી બોલતા થયા. રાજાની આ પ્રમાણેની વિનંતિ સાંભળીને મુનિ તેની પાસે ગયા. તેઓના મુખરૂપી યંત્રને સાજા કરીને મુનિએ સવિસ્તર ધર્મ કહ્યો. દીક્ષા લેવા પૂછાયા. સંવેગને પામેલા તેઓ દીક્ષા

૧. **ગુરુની પાસે**=અપરાજીત મુનિ પૂર્વે તે નગરમાં જે સાધુઓ પાસે રહ્યા હતા તેમની પાસે .....

લેવા તૈયાર થયા. તેવા પ્રકારના પૂર્વભવના અભ્યાસથી ક્ષાંતિ આદિ ગુણોથી યુક્ત યોગોથી સંવેગને પામેલા તેઓ આ પ્રમાણે વાણીથી બોલે છે અને દીક્ષા લેવા સ્વીકારે છે. પૂર્વની જેમ સર્વ અંગના સાંધા ચઢાવીને નિરુજ શરીર કર્યા પછી મુનિ સાધુચર્યાથી નીકળ્યા. (૫૯)

અન્ય દિવસે શુભ મુહૂર્તે રાજ્યકુળને ઉચિત રીત (રીવાજ)થી બંનેએ પણ દીક્ષા લીધી. રાજપુત્ર વિચારે છે કે આ મુનિ મારા ઉપકારી છે કારણ કે તેણે મને આ દુષ્ટ અધ્યવસાયથી બચાવ્યા, આનું ફળ નરકગમન સિવાય બીજું કંઈપણ ન થાત. આના સિવાય નરકપાતના રક્ષણનો બીજો કોઈ ઉપાય નથી, અર્થાત્ દીક્ષા જ નરકના દુઃખથી બચાવનાર છે. તેથી આ વિડંબના તાત્ત્વિક નથી પણ **ઔષધ**[1] જેવી છે. આ પ્રમાણે પુરોહિત પુત્ર વિચારે છે પરંતુ જેમ વિડંબના કરીને દીક્ષા આપી તે એમણે સુંદર ન કર્યું. અકલંક ચારિત્ર આરાધીને, સમાધિના સારવાળા મરીને દેવલોકમાં ઉત્પન્ન થયા તેમજ પુરોહિત પુત્રના ચિત્તમાંથી કોઈપણ રીતે ગુરુ પરનો પ્રદ્વેષ ન ગયો. તેણે સર્વ પણ અંતિમ આરાધના પ્રદ્વેષપૂર્વક કરી. દેવલોકમાં શ્રેષ્ઠ ભોગો પ્રાપ્ત થયા. જિનેશ્વરોનો મહિમા કર્યો. ચ્યવન સમય આવ્યો ત્યારે કલ્પદ્રુમ આદિથી પોતાના મરણને જાણ્યું. મહાવિદેહ ક્ષેત્રમાં જિનેશ્વરની પાસે ધર્મ સાંભળીને અવસરે પૂછે છે કે અમે પછીના ભવમાં સુલભબોધિ થઈશું કે દુર્લભબોધિ? આ પ્રમાણે તેઓએ પ્રશ્ન કર્યો ત્યારે ભગવાન કહે છે કે આ પુરોહિત પુત્ર દુર્લભબોધિ છે. **દેવ**– દુર્લભબોધિમાં શું કારણ છે ? **જિન**- ગુરુ પરનો પ્રદ્વેષ દુર્લભબોધિમાં કારણ છે અને તે અલ્પ છે. **દેવ**– હે ભગવન્! બોધિનો લાભ ક્યારે થશે? **જિન**– આગલા ભવમાં થશે. **દેવ**– કેવી રીતે થશે? **જિન**- પોતાના ભાઈના જીવથી થશે. **દેવ**– તે ભાઈ હમણાં ક્યાં છે? **જિન**– તે હમણાં કૌશાંબી નામની શ્રેષ્ઠ નગરીમાં વસે છે. **દેવ**– હે ભગવન્ ! તેનું શું નામ છે. **જિન**– તેનું બીજું નામ મૂક છે. પણ પ્રથમ નામ અશોકદત્ત છે. **દેવ**– લોકમાં તેનું મૂક નામ કેવી રીતે થયું ? **જિન**– તું એકાગ્રચિત્તવાળો થઈને તેને સાંભળ. (૭૨)

પોતાની શોભાથી સ્વર્ગપુરીનો પરાભવ કરનારી કૌશાંબી નામની નગરીમાં પૂર્વે ધન-ધાન્યથી સમૃદ્ધ તાપસ નામનો શ્રેષ્ઠી રહેતો હતો. નિર્મળ ચારિત્રવાળી, વિશ્વાસનું સ્થાન, તેની સ્વચ્છાયા હોય એવી પત્ની હતી. તેના ગર્ભમાં જન્મેલો કુલધર નામનો ઉત્તમ પુત્ર હતો. પરિગ્રહમાં ઘણો આસક્ત, ઘણાં પ્રકારના આરંભમાં પ્રવૃત્ત થયેલો, ધર્મથી પરાઙ્મુખ એવો તે શ્રેષ્ઠી કાળે મરીને પોતાના ઘરના જ ખાડામાં જડભાવને પામેલો ડુક્કરના

૧. **ઔષધ**– જેમ ઔષધ શરૂઆતમાં કડવું લાગે અને પરિણામે રોગ નાશ કરી હિતકારી બને તેમ આ દીક્ષા અત્યારે કઠીન લાગવા છતાં આત્માના ભાવ આરોગ્યને લાવનારી છે, તેથી દીક્ષા પરમાર્થથી દુઃખકરી નથી.

ભવમાં ઉત્પન્ન થયો. પોતાના જ કુટુંબને જોઇને પૂર્વભવનું જાતિસ્મરણ થયું કે હું પ્રેમના પાશથી બંધાયેલો આનો (કુટુંબનો) સ્વામી હતો. પ્રાયઃ તે જ ઘરમાં અહીં તહીં ભમતો રહે છે. તેની જ સંવંત્સરી તિથિ ઉપર બ્રાહ્મણોના ભોજન નિમિત્તે ઘણું માંસ રાંધવામાં આવ્યું ત્યારે રસોયણ કોઇક રીતે પ્રમાદી થઇ એટલે બિલાડીએ રાંધેલા માંસમાં મોઢું નાખ્યું. પછી ગુસ્સે થયેલી રસોયણે બીજા માંસને નહીં મેળવતી તે જ ડુક્કરને હણીને જલદીથી તેનું માંસ રાંધ્યું. ક્રોધથી પરવશ તે ડુક્કરનો જીવ મરીને તે જ ઘરમાં સાપ થયો. તેને જાતિસ્મરણ થયું. રાગથી નિઃશંકપણે પોતાના કુટુંબને જોતો તે જ ઘરમાં ભમતો રહે છે. રસોયણે તેને જોયો. કોલાહલથી વ્યાકુલિત થયું છે ગળું જેનું એવી, ભય પામેલી રસોયણે અતિગાઢ લાકડીના પ્રહારથી તેને મારી નાખ્યો. પ્રાપ્ત થયો છે કંઇક શુભ અધ્યવસાય જેને એવો સાપ મરીને પોતાના પુત્રનો જ પુત્ર થયો. પિતૃજને તેનું નામ અશોકદત્ત પાડ્યું. પ્રતિદિન વૃદ્ધિ પામતો તે બાળક જ ક્યારેક જાતિસ્મરણ જ્ઞાન પામી લજ્જિત થયેલો પુત્રને પિતા અને પુત્રવધૂને માતા કહેવા તૈયાર થતો નથી. પછી તેણે પરમ મૌનવ્રતને ધારણ કર્યું અને મુંગાપણાને પામ્યો. કુમારપણામાં એકાંતથી (સંપૂર્ણપણે) જ વિષય વિમુખ રહ્યો.

હવે કોઇક વખતે ગ્રામ, નગર, આકરાદિથી યુક્ત પૃથ્વી મંડળ પર વિહાર કરતા, ચાર જ્ઞાનના ધણી ધર્મરથ નામના આચાર્ય તે નગરની બહાર ઉદ્યાનમાં પધાર્યા. આચાર્યે જ્ઞાનનો ઉપયોગ મૂક્યો કે કોને શેનાથી બોધિનો લાભ થશે? પછી જાણ્યું કે તાપસ શ્રેષ્ઠીનો જીવ મુંગાપણાને પામ્યો છે. તેના બોધિલાભનો અવસર પ્રાપ્ત થયો ત્યારે એક સાધુ સંઘાટકને તેની પાસે મોકલ્યો અને આ પ્રમાણેની ગાથા બોલે છે– હે તાપસ! અહીં તારે મૌનવ્રતથી શું? ધર્મને જાણીને સ્વીકાર કર. ડુક્કર અને સાપના ભવમાં મરીને પછી તું પુત્રનો પુત્ર થયો છે. તેને સાંભળીને વિસ્મિત થયેલો સાધુઓને વાંદે છે તથા પૂછે છે કે તમે મારા આ વૃત્તાંતને કેવી રીતે જાણ્યો? પછી તેઓ કહે છે–અમારા ગુરુ જાણે છે અમે કંઇપણ જાણતા નથી. તેણે સાધુને પૂછ્યુંઃ તે ભગવાન હમણાં કયાં છે? તેઓ કહે છે–મનોરમ નામના ઉદ્યાનમાં હમણાં રહેલા છે. પછી ઉત્કંઠિત બનેલો તે વંદન કરવા જાય છે અને જિનભાષિત ધર્મ સાંભળે છે. સકલ આધિ, વ્યાધિના સમૂહરૂપ પર્વતને ભેદવા માટે વજ્રસમાન એવી બોધિને પ્રાપ્ત કરી. મુંગાપણાનો ત્યાગ કર્યો પછી બોલવા લાગ્યો પરંતુ લોકમા પ્રસિદ્ધ થયેલ 'મુંગો' એ પ્રમાણેનું નામ ન ભુંસાયું. આ પ્રમાણે આનું 'મુંગો' એવું નામ લોકમાં વિખ્યાત થયું.

**દેવ**– હે ભગવન્! આ મુંગાથી મને બોધિ કેવી રીતે મળશે? **જિન**– વૈતાઢ્ય પર્વતના શિખર ઉપર સિદ્ધકૂટમાં પ્રાપ્ત થશે. **દેવ**– કયા ઉપાયથી આ બોધિ મળશે. **જિન**– જાતિસ્મરણથી પૂર્વભવનું સ્મરણ થશે. **દેવ**– તે પણ કયા નિમિત્તથી થશે?

**જિન**– પોતાના કુંડલયુગલના દર્શનથી થશે. આ પ્રમાણે બોધના ઉપાયને જાણીને ભગવાનને બહુમાનથી નમીને તે દેવ કૌશાંબી નગરીમાં મૂકની પાસે ગયો. પોતાની રૂપ- લક્ષ્મીને બતાવીને કહે છે કે હું તારો નાનો ભાઇ થઇશ તેથી તું તેવું કરજે જેથી મને જલદીથી બોધિ પ્રાપ્ત થાય. પછી તેને વૈતાઢ્ય પર્વત ઉપર સિદ્ધકૂટના જિનભવનમાં લઈ ગયો અને તેના દેખાતા પોતાના કુંડલયુગલને સ્થાપ્યા. સર્વઈચ્છિત કાર્યની સિદ્ધિ કરનારું ચિંતામણિરત્ન તેને આપીને તે દેવ સ્વર્ગમાં ગયો. (૧૦૧)

હવે ક્યારેક માતાને અકાળે આમ્રફળનો દોહલો થયો. તે ઘણી કૃશાંગી થઇ. મુંગાને શંકા થઇ પછી તેણે જાણ્યું કે જિનેશ્વરનું વચન સત્ય જ છે કે તે દેવ અહીં જ ઉત્પન્ન થયો છે. અને તે જ રત્નના પ્રભાવથી અકાળે પણ આંબો ફળ્યો. પરિપૂર્ણ થયો છે દોહલો જેનો એવી તે ગર્ભ વહન કરવા લાગી. કંઇક અધિક નવમાસ પસાર થયે છતે પૂર્વદિશા સૂર્યના બિંબને જન્મ આપે તેમ તેણે મનોહર રૂપવાળા પુત્રને જન્મ આપ્યો અને તેને નવકારનો સાર એવું **પીઠક**[1]નું પાન કરાવવામાં આવ્યું. કુળના આનંદમાં વૃદ્ધિ કરનારો એવો ઘણો મોટો જન્મ મહોત્સવ થયો. નામકરણનો દિવસ આવ્યો ત્યારે આનું નામ અર્હદ્દત્ત થાઓ એમ કહી અર્હદ્દત્ત નામ સ્થાપન કરવામાં આવ્યું. ક્રમથી વૃદ્ધિ પામતો જિનેશ્વરો તથા સાધુઓની પાસે લઇ જવાતો અને તેઓના ચરણરૂપી કમળમાં લગાવાતો ત્યારે જાણે માર મરાયેલો ન હોય એમ અતિકટુક રડે છે. કહેવાનો ભાવ એ છે કે તેના હૈયામાં ધર્મ પ્રત્યે અતિશય અરૂચિ છે જેથી ધર્માનુષ્ઠાનમાં ઉદ્વેગ અનુભવે છે. ભરયૌવનને પામ્યો ત્યારે ઘણા લાવણ્યવાળી ચાર કન્યાને પરણ્યો. પછી અવ્યાબાધપણે તેઓની સાથે દિવસ રાતના વિભાગ વિના અર્થાત્ રાત-દિવસ જોયા વિના વિષય સુખોને ભોગવે છે. સમયે અશોકદત્તે તેને પૂર્વનો સંકેત જણાવ્યો. તલના ફોતરા જેટલો પણ ધર્મ સ્વીકારતો નથી તેટલામાં તીવ્ર સંવેગ પામેલો અશોકદત્ત દીક્ષા લઇ ઉગ્ર તપ કરીને ઉત્તમ દેવ થયો. સમયે અવધિજ્ઞાનનો ઉપયોગ મુક્યો અને જાણ્યું કે આ અર્હદ્દત્ત અતિગાઢ મિથ્યાત્વને પામેલો છે તેથી આને હમણાં અશ્રદ્ધા છે. જેટલામાં આને શારીરિક પીડા નહીં કરવામાં આવે ત્યાં સુધી આ પ્રતિબોધ નહીં પામે એમ વિચારીને તેને ઘોર જલોદર નામનો વ્યાધિ ઉત્પન્ન કર્યો. જે વૈદ્યને પણ ત્યાગ કરવા લાયક થયો, અર્થાત્ વૈદ્યો પણ તેના રોગનો ઉપાય કરી શકતા નથી. તેને સર્વાંગે યંત્રમાં પીલાવા જેવી ઘોર વેદના થઇ. તે પોતાના જીવિત ઉપર ઉદ્વિગ્ન થઇ અગ્નિમાં પ્રવેશ કરવા ઇચ્છે છે તેટલામાં શબરનું રૂપ લઇને તે દેવ આવ્યો અને ઉદ્ઘોષણા કરી કે હું સર્વવ્યાધિની ચિકિત્સા કરનારો વૈદ્ય છું. તેણે અર્હદ્દત્તને જોયો અને કહ્યું: આ વ્યાધિ અતિરૌદ્ર છે અને કષ્ટથી ચિકિત્સા કરી શકાય તેવો છે.

૧. **પીઠક**–નવા જન્મેલા બાળકને પીવડાવવામાં આવતી એક વસ્તુ.

મને પણ પૂર્વે આવો રોગ થયો હતો અને સર્વ સંગનો ત્યાગ કરીને અર્થાત્ દીક્ષા લઈને આ રોગ શાંત કરાયો હતો જેથી હમણાં દરેક નગરમાં ફરું છું. આ રોગને દૂર કરવાનો આ જ ઉપાય છે. આ પ્રમાણે તું ભમે (વિહાર કરે) તો હું તારા રોગને દૂર કરું. દુઃખથી દુઃખી થયેલા અર્હદ્દત્તે સર્વ અંગીકાર કર્યું. શબર તેને ચાર રસ્તા ઉપર લઈ ગયો અને કપટ કરીને તેને ત્યાં રાખ્યો અને ચાર રસ્તા ઉપર પૂજા કરી પલાયન થતા વ્યાધિને બતાવ્યો. વેદના દૂર થઈ અને ક્ષણથી જ તે સાજો થયો. તેને દીક્ષા આપવા દેવે સ્વયં પણ મુનિરૂપ કર્યું. દિવ્યરૂપથી દીક્ષા આપી અને મુનિનો આચાર બતાવ્યો અને તે દેવ સ્વસ્થાને ગયો. પછી તે પણ દીક્ષા છોડીને ઘરે ગયો તેમજ ભાર્યાદિનો સ્વીકાર કર્યો એટલે તે દેવે તેને ફરીથી વ્યાધિવાળો કર્યો. તેને અતિ વેદનાથી પીડાયેલો જોઈને સ્વજનવર્ગ અતિ શોકાતુર થયો અને શબરના રૂપને ધારણ કરતા વૈદ્યને જુએ છે અને પોતાની કહીકત જણાવે છે. વૈદ્ય પણ પૂર્વની જેમ જ તેને સર્વ કહે છે. હવે અર્હદ્દત્ત પણ તે પ્રમાણે સ્વીકારે છે. વૈદ્યે પણ કહ્યું: તારે મારી સાથે પૃથ્વી પર વિહાર કરવો પડશે. તેણે સ્વીકાર કર્યો. પછી તેણે ગોણક નામના શાસ્ત્રના કોથળાને તેને ઊંચકવા આપ્યો. સુપ્રસન્નમુખે આદરપૂર્વક તેણે કોથળાને ઉપાડ્યો. પછી ત્યાંથી નીકળીને દેવે તેને કહ્યું: તારે હંમેશા મારી સમાન ક્રિયા કરવી. (૧૨૬)

હવે કોઈક વખત ગામમાં જ્વાળાના સમૂહથી વિકરાળ અગ્નિ વિકુર્વ્યો અને કોલારવ ઊઠ્યો. પછી તે વૈદ્ય હાથમાં મોટો ઘાસનો પૂળો લઈને જેટલામાં બુઝાવવા જ્વાળા સન્મુખ જાય છે તેટલામાં અર્હદ્દત્તે તેને શિખામણ આપી કે આ અગ્નિ બુઝાવવા માટે પાણીની જરૂર છે તો ઘાસના પૂળાથી કેવી રીતે બુઝાવી શકીશ? **વૈદ્ય**– તું પણ જન્મ-જરા-મરણ સ્વરૂપ આ ભયંકર ભવારણ્યમાં વ્રતને છોડીને સંસારરૂપ દાવાનળ સન્મુખ કેમ જાય છે? તું નિશ્ચયથી સચ્ચરિત્ર નથી પછી તે મુંગો રહ્યો. (૧૨૯)

પછી સન્માર્ગને છોડીને વૈદ્ય ઉન્માર્ગમાં જવા લાગ્યો તેને જોઈને કહે છે કે તેં આ સન્માર્ગનો કેમ ત્યાગ કર્યો? તું ભૂલી ગયો હોય તેમ લાગે છે. **વૈદ્ય**– તું પણ સિદ્ધિમાર્ગને છોડીને સંસારમાર્ગમાં કેમ પ્રયાણ કરે છે? ફરી પણ આને એક દેવકુળમાં પૂજાતી અધોમુખી પડતી પ્રતિમા બતાવે છે. સીધી કરવામાં આવે છતાં પણ અધોમુખી થઈ જાય છે. **અર્હદ્દત્ત**– અહો! આ ઘણું વિપરીત છે, જે આ પ્રતિમા આ પ્રમાણે ઊલટી રહે છે. **વૈદ્ય**– સકલજનને પૂજનીય દીક્ષાને છોડીને સાવદ્ય ઘરકાર્યને કરે છે તે શું વિપરીત નથી? ફરીપણ તે દેવ શાલિધાન્યાદિને છોડીને અત્યંત અનિષ્ટ વિષ્ટાને સતત રસપૂર્વક ભોજન કરતા ડુક્કરને વિકુર્વે છે. **અર્હદ્દત્ત**– આ ડુક્કર અતિ કુત્સિત પ્રકૃતિવાળો છે જે આ ધાન્યોને છોડીને આવા પ્રકારના મળને ખાય છે. **વૈદ્ય**- તું

આના કરતા પણ હલકો છે જે સંયમને છોડીને જુગુપ્સિત-ચરબી-આંતરડા-મૂત્ર-માંસાદિની કોથળીવાળી સ્ત્રીઓ વિષે રમણ કરે છે. ફરીપણ દેવ એક બળદને વિકુર્વે છે. તે નીરેલા સુગંધથી સમૃદ્ધ લીલા ઘાસને છોડીને અતિ ઊંડા કૂવાના ઘણા વિકટ કાંઠા ઉપર ઊગેલા અતિતુચ્છ દુર્વાના ઘાસને ઇચ્છતો તેના તરફ મુખ નાખે છે. તથા નીરેલા ઘાસને બે પગથી કૂવાની અંદર નાખે છે. **અર્હદ્દત્ત**– આ ખરેખર પશુ જ છે, નહીંતર કેવી રીતે આ સુલભ ઘાસને છોડીને અતિ દુરંત દૂર્વાકુંરને અભિલાષે? **વૈદ્ય**– આના કરતા પણ તું બદતર પશુ છે, નહીંતર કેવી રીતે એકાંતે સુખવાળા મોક્ષમાર્ગને છોડીને નરકાદિ દુર્ગતિના ફળવાળા વિષય સુખમાં આસક્ત થાય? આ પ્રમાણે તેને વારંવાર કહ્યું અને પ્રેરણા કરી ત્યારે તેને શંકા થઇ અને પૂછે છે કે તું મનુષ્ય નથી. તે વખતે તેને કંઇક સંવેગ પામેલો જાણીને તેના બોધિ માટે પૂર્વભવનો સર્વ વૃત્તાંત જણાવે છે. તે તેને વૈતાઢ્ય પર્વત ઉપર સિદ્ધકૂટમાં લઇ ગયો અને પોતાના બે કુંડલો બતાવ્યા. તત્ક્ષણ જ તે જાતિસ્મરણ જ્ઞાન પામ્યો અને બોધ પામી ભાવથી દીક્ષા લીધી અને ઘણો ક્ષાંત, દાંત, ગુરુભક્તિ અને વિનયમાં તત્પર થયો. શ્રદ્ધા ઘણી ઉલ્લસિત થઇ. એકાગ્ર થઇ ઘણું શ્રુત ભણ્યો. અપૂર્વ-અપૂર્વ અભિગ્રહોમાં હંમેશા રત રહે છે. આ પ્રમાણે અસાધારણ શ્રમણપણું આરાધીને અંતિમ સમયે કષાય અને શરીરની સંલેખના કરીને, સર્વથા નિઃશલ્ય બની, શુદ્ધ સમાધિમાં તત્પર મરીને વૈમાનિક દેવ થયો. ત્યાં પણ (દેવલોકમાં) ચૈત્ય અને જિન વંદનાના વ્યાપારમાં રાગી થઇને ત્યાંથી ચ્યવીને મહાવિદેહ ક્ષેત્રમાં વિશાળકુળમાં જૈનધર્મ આરાધીને શાશ્વત સ્થાન (મોક્ષ)ને પામ્યો. (૧૪૯)

**સંગ્રહ ગાથાનો શબ્દાર્થ**–એલપુર નામનું નગર હતું તેમાં જિતશત્રુ રાજા હતો અને અપરાજિત નામનો પુત્ર યુવરાજ થયો. તેને બીજો સમરકેતુ નામનો પુત્ર હતો જેને કુમારભુક્તિમાં ઉજ્જૈની નગરી આપી. કોઇ વખત તેના દેશના સીમાળાના રાજાની સાથે વિગ્રહ થયે છતે તેનો જય થયો. પોતાના દેશ તરફ પાછા ફરતા અપરાજિત યુવરાજને રાધાચાર્યની પાસે ધર્મની **અભિવ્યક્તિ**[1] થયે છતે દીક્ષાની પ્રાપ્તિ થઇ. (૨૮૫)

અને કોઇક વખત તગરા નામની નગરીમાં રાધાચાર્યના સાધુઓનું આગમન થયું. પ્રાઘૂર્ણકની ઉચિત પ્રતિપત્તિ (સત્કાર) કરાઇ. સમુચિત સમયે (સાંજે) આચાર્યે વિહારની પૃચ્છા[2] કરી. (૨૮૬)

---

૧. **અભિવ્યક્તિ**–કોઇ કારણથી પહેલા ન દેખાતી વસ્તુનું પ્રત્યક્ષ દેખાવાપણું જેમકે અંધારામાં રહેલી ચીજનો અજવાળામાં દેખાવ. તેમ પ્રસ્તુતમાં અજ્ઞાનરૂપી અંધકારમાં અપ્રગટ ધર્મ, જ્ઞાનરૂપી પ્રકાશમાં દેખાવા લાગ્યો.

૨. **વિહારની પૃચ્છા**– સાધુઓનો સંયમ નિર્વાહ સુખપૂર્વક થાય છે ને ?

અને તેઓએ કહ્યું કે રાજપુત્ર અને પુરોહિત પુત્ર અભદ્રક છે. તેમના તરફથી સાધુઓને ઉપસર્ગો જ થાય છે. બાકી ઉજ્જૈનીમાં સાધુઓને શુદ્ધ અન્નપાનાદિની પ્રાપ્તિ અને વિહાર સર્વકાળ બાધા રહિત થાય છે. (૨૮૭)

પછી અપરાજિતને ચિંતા થઇ કે કુમારની ઉપેક્ષા સ્વરૂપ મારા ભાઇની પ્રમતત્તા બોધિલાભનો ઘાત કરનારી હોવાથી મહાદોષ રૂપ થઇ. તેથી મારે તેનો નિગ્રહ કરવો ઉચિત છે તથા જો મારામાં સામર્થ્ય હોય તો તેનો નિગ્રહ કરી બંને કુમાર ઉપર અનુકંપા કરવી યોગ્ય છે. (૨૮૮)

પછી ગુરુની રજા લઇને ઉજ્જૈની તરફ ગમન કર્યું. અને ત્યાં પહોંચ્યા પછી ઉપાશ્રયમાં પ્રવેશ કર્યો. વંદનાદિક ઉચિત પ્રવૃત્તિ કરી. ભિક્ષાકાળ થયો ત્યારે ઝોળી લઇને ગોચરીએ જવા તૈયાર થાય છે તેટલામાં સાધુઓએ વિનંતિ કરી કે તમે ગોચરી જવાનું રહેવા દો અમે લઇ આવશું. અપરાજિત મુનિએ કહ્યું: હું આત્મલબ્ધિક છું, અર્થાત્ મારી લાવેલી ગોચરી વાપરવાનો મારે નિયમ છે. બીજાની લાવેલી ગોચરી હું વાપરતો નથી. (૨૮૯)

પછી અપરાજિત મુનિ સાધુઓ પાસેથી સ્થાપના કુળો, દાનશ્રદ્ધાળુ કુળો, શ્રાવકકુળો. સમ્યગ્દષ્ટિ કુળોનો વિભાગ જાણે છે. કહ્યું છે કે–**दाणे अभिगमसड्ढे, सम्मत्ते खलु तहेव मिच्छत्ते । मामाए अचियत्ते, कुलाइं जयणाए दाइंति ॥** (ઓઘ.નિ.ગાથા-૪૩૬)

દાનરુચિવાળા કુળો, અણુવ્રત ધરનારા કુળો, સમ્યક્ત્વધારી કુળો, મિથ્યાત્વકુળો તથા **મામક કુળો**[1], નહીં આપવાના સ્વભાવવાળા કુળોને વાસ્તવ્ય સાધુ પ્રયત્નપૂર્વક બતાવે છે.

**सागारि वणिग सुणए, गोणे पुन्ने दुगुंछियकुलाइं । हिंसागं मामागं, सव्वपयत्तेण वज्जेज्जा ॥** (ઓઘ.નિ.ગાથા-૪૩૭)

પછી શૈય્યાતરનું તથા દરિદ્રનું ઘર બતાવે છે. દરિદ્રના ઘરે ભિક્ષા ન લેવાય કેમકે તેના ઘરે ભોજન ન રાંધ્યું હોય તો લજ્જા પામે છે અથવા અલ્પ રાંધ્યું હોય તો તેને આપી દીધા પછી પોતા માટે ફરી રાંધે છે. તથા દુષ્ટ કૂતરો અથવા ગાય બાંધેલા ઘરે ભિક્ષા લેવા ન જાય તથા નિંદિત, હિંસક અને મામકકુળોનો સર્વ પ્રયત્નથી ત્યાગ કરે. (૨૮૯)

આ પ્રમાણે સ્થાપનાદિકુલોના વિભાગને જાણીને તે સાધુ પ્રત્યનીકના ઘરે પ્રવેશ્યા અને ધર્મલાભ આપ્યો. પછી અંતઃપુરની સ્ત્રીઓએ તેને ચેતવણી આપી કે તમે પાછા ચાલ્યા જાઓ. મુનિએ ચેતવણીનો તિરસ્કાર કર્યો, અર્થાત્ ચેતવણીને ન માની. ધર્મલાભ શબ્દ સાંભળીને બંને કુમારો તેની પાસે દોડી આવ્યા. (૨૯૦)

૧. **મામકકુળો** એટલે મારે ઘરે સાધુઓ ન પ્રવેશે એવા વિચારસરણી ધરાવનારા કુળો.

શરૂઆતમાં જ ગીત અને વાજિંત્રનો કોઇ મેળ ન બેસે તેવા તાલમાં નૃત્ય શરૂ થયું પછી ઉપશાંત સાધુ ગુસ્સે થયા અને કહ્યું આવા વિષમ તાલમાં હું નૃત્ય નહીં કરું, કેમકે વિષમ તાલ નૃત્યની બિડંબના રૂપ છે. પછી તે બેએ તેની હાથ-પગાદિ શરીરના અવયવોની ખેંચાખેંચી કરી ત્યારે સાધુએ યતનાથી વધારે પીડા કર્યા વિના બાહુયુદ્ધ કરીને પ્રયત્નથી ચિત્રમાં આલેખાયેલા જેવા કર્યા. પછી સાધુ તે સ્થાનમાંથી નીકળી ચાલ્યા ગયા. (૨૯૨)

તે બેને શરીરની પીડા અને ભોજનનો અંતરાય થાય છે એમ વિચારીને સાધુ ભિક્ષા લેવા ન ગયા પરંતુ એકાંતમાં રહ્યા. ત્યાં તેને ચિંતા થઇ કે મારી આ ચેષ્ટાનું પરિણામ સુંદર કેવી રીતે થાય? તે વખતે અંગના સ્ફુરણ રૂપ સારું નિમિત્ત થયું. તેથી જાણ્યું કે આ બંનેને ચારિત્રની પ્રાપ્તિ થશે એમ ધીરજ થઇ અને સ્વાધ્યાય કરવા લાગ્યા. (૨૯૩)

પરિજને રાજાને આ વૃત્તાંતનું નિવેદન કર્યું અને તે ગુરુની પાસે આવીને કુમારોના કાર્યની ક્ષમાપના માંગી. ગુરુએ તેને કહ્યું: સાધુઓએ આ બે કુમારોને સ્તંભિત કર્યા છે તે હું જાણતો નથી. (૨૯૪)

ત્યારે પછી ગુરુએ સાધુઓમાં પૃચ્છા કરી. સાધુઓએ કહ્યું: અમારામાંથી કોઇએ પણ કોઇનું પણ ખરાબ કર્યું નથી. પછી રાજાએ કહ્યું: હે કલ્યાણકારક ભગવંત! સાધુઓ સિવાય કુમારોનું સ્તંભન બીજા કોઇ વડે થઇ શકે નહીં. પછી આગંતુક સાધુ વિષે શંકા થઇ કે તેણે તો સ્તંભન નહીં કર્યું હોય ને ? પછી ગુરુએ રાજાને જણાવ્યું કે કદાચ આગંતુક સાધુએ કર્યું હોય! રાજા તેની પાસે ગયો ત્યારે હકીકત જાણી. (૨૯૫)

રાજા લજ્જિત થયો. મુનિઓના અનુશાસનમાં શિક્ષા અપાયે છતે રાજાએ મિથ્યાદુષ્કૃત કર્યું અને કુમારોની પરિસ્થિતિ જણાવી કહ્યું કે બંને કુમારોને સાજા કરો. મુનિએ કહ્યું: **સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર**[1] રૂપ ગુણોથી હું સાજા કરવા માગું છું અને તમે બંને કુમારોને પૂછો. એ પ્રમાણે મુનિએ કહ્યું, ત્યારે યુવરાજ કહે છે કે– (૨૯૬)

તે બંને બોલી શકતા નથી. પછી સાધુ કુમારોની પાસે ગયા, મુખને સાજા કરી ધર્મ દેશના કરી. પછી પૂછ્યું ત્યારે બંનેને સંવેગ થયો.

**પ્રશ્ન**–શેનાથી સંવેગ ઉત્પન્ન થયો ?

**ઉત્તર**–તેવા પ્રકારના જન્માંતરમાં કરાયેલા ગુણવાનોના પ્રમોદાદિ ધર્મ રૂપ કલ્પવૃક્ષના મૂળનું ચિંતન કરવાથી સંવેગ થયો.

૧. અર્થાત્ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રની આરાધના જેનાથી થઇ શકે એવી દીક્ષા સ્વીકારે એમ ઇચ્છું છું.

પછી શરીરના અવયવોનું સંયોજન કરી, ભિક્ષા ભ્રમણ રૂપ ચર્યા કરીને તે બંનેને દીક્ષા આપી. (૨૯૭)

તેમાં આ ભગવાન અમારા બંનેના ઉપકારી છે એવી વિચારણા રાજકુમારની થઈ. બીજા પુરોહિત પુત્રને પણ આવી જ વિચારણા થઈ પરંતુ અવિધિથી દીક્ષા આપવા સંબંધી ગુરુ ઉપર જરાક પ્રદ્વેષ થયો. ગુરુ ઉપરના પ્રદ્વેષની આલોચના નહીં કરવાંથી તે દોષ જાવજ્જીવ રહ્યો. તે જ અવસ્થામાં તેનું મરણ થયું અને દેવલોકમાં ઉત્પન્ન થયો. ત્યાં શબ્દાદિ ઉદાર ભોગો પ્રાપ્ત થયા. ચ્યવન સમયે માળા કરમાયે છતે મહાવિદેહમાં ભગવાનની પાસે જઈને પુરોહિત પુત્રદેવે બોધ અબોધના વિષયમાં પૃચ્છા કરી કે હું સુલભબોધિ છું કે દુર્લભબોધિ છું? ભગવાન કહે છે તું દુર્લભબોધિ છે. કહ્યું છે કે–"**माल्यम्लानिः कल्पवृक्षप्रकम्पः, श्रीह्रीनाशो वाससां चोपरागः। दैन्यं तन्द्रा काम-रागाङ्गभङ्गौ, दृष्टिभ्रान्ति-र्वेपथुश्चारतिश्च॥**"

માળાનું કરમાવું, કલ્પવૃક્ષનું ધ્રુજવું, કાંતિ અને લજ્જાનો નાશ, વસ્ત્રોનો **ઉપરાગ**[1] દીનતા, તન્દ્રા, કામરાગ, અંગભંગ, દૃષ્ટિભ્રાંતિ, ધ્રુજારી અને અરતિ આ ચ્યવન વખતે દેવના લક્ષણો છે. (૨૯૯)

**દેવ**– દુર્લભબોધિ થવામાં કારણ શું છે? **જિન**– ગુરુ ઉપર જે થોડો પ્રદ્વેષ થયો તે કારણ છે પણ કોઈ મોટું કારણ નથી. **દેવ**– ફરી બોધિલાભ ક્યારે થશે? **જિન**– દેવભવથી પછીના ભવમાં થોડા દિવસોમાં થશે. **દેવ**– કોનાથી થશે? **જિન**– પોતાના ભાઈના જીવથી થશે. (૩૦૦)

**દેવ**– આ ભાઈનો જીવ ક્યાં છે? **જિન**– કૌશાંબી નગરીમાં છે. **દેવ**– તેનું નામ શું છે? **જિન**– તેનું નામ મુંગો છે. તુ શબ્દ આપેલ છે તેનાથી તેનું બીજું નામ મુંગો છે એમ ભિન્ન ક્રમથી જાણવું પણ પ્રથમનું નામ અશોકદત્ત છે. **દેવ**– આ બે નામ થવામાં કારણ શું છે? આ પ્રમાણે કથામાં કહેવાયેલા સ્વરૂપથી જિનેશ્વરે પૂર્વભવનું કથન કર્યું. (૩૦૧) જેમકે–

આ કૌશાંબી નગરીમાં સદા આરંભથી યુક્ત તાપસ શ્રેષ્ઠી હતો. તે મરે છતે પોતાના ઘરે ડુક્કર થયો. પૂર્વજન્મનું સ્મરણ થયું. પછી રસોયણે તેને માર્યો. કેવા પ્રકારની અવસ્થામાં હણાયો ?

બીલાડીએ માંસને એઠું કર્યું ત્યારે ગુસ્સે થયેલી રસોયણે તેને માર્યો. પછી પોતાના ઘરે સાપ થયો.

૧. ઉપરાગ–ભ્રમના કારણે જે વસ્ત્રનો જેવો રંગ હોય તેવો ન દેખાય પણ જુદો જ દેખાય.

**'सूयारीभय सरणं बोलघाइओ'** એ પદોમાં સરણ પદનો અર્થ યથાયોગ્ય ક્રમથી કરતા પ્રથમ સાપને જાતિસ્મરણ જ્ઞાન થયું. પછી રસોયણે ભય પામી કોલાહલ કર્યો અને સાપનો ઘાત કર્યો. મરીને પોતાના પુત્રનો પુત્ર થયો. તે ભવમાં પણ જાતિસ્મરણ જ્ઞાન થયું પછી લજ્જાથી મૌનવ્રત ધારણ કર્યું. કુમારે લગ્ન નહીં કરે છતે ત્યાં ચતુર્જ્ઞાની મુનિ પધાર્યા. (૩૦૩)

ચતુર્જ્ઞાની મુનિએ ક્ષેત્ર વિષે ઉપયોગ મુક્યો. "સમયે આને બોધિ લાભ થાય તેમ કરવું ઉચિત છે એમ વિચારીને એક સાધુ સંઘાટકને ત્યાં મોકલાવ્યો અને સાધુ સંઘાટકે તેના પૂર્વભવ સંબંધિ પાઠ કહ્યો. (૩૦૪)

કેવી રીતે પાઠ કર્યો? સંઘાટકે કહ્યુંઃ હે તાપસ! આ નિરર્થક મૌન વ્રતથી શું? જિનપ્રણીત ધર્મને જાણીને સ્વીકાર કર. કેમકે તું મરીને ડુક્કર થયો, પછી સાપ થયો. પછી પુત્રનો પુત્ર થયો. મુંગો પ્રથમ વિસ્મય પામ્યો પછી વંદન કર્યું, પછી પૃચ્છા કરી કે તમે મારું ચરિત્ર કેવી રીતે જાણ્યું? અમે કંઇ જાણતા નથી, અમારા ગુરુ જાણે છે. તમારા તે ગુરુ હમણાં કયાં છે? તેઓએ કહ્યુંઃ ઉદ્યાનમાં રહેલા છે. પછી મુંગો ઉદ્યાનમાં ગુરુ પાસે ગયો. ત્યાં જઇ વંદના કરી. ગુરુએ ધર્મદેશના કરી. તેને સમ્યક્ત્વની પ્રાપ્તિ થઇ. (૩૦૬)

તેવા પ્રકારનો સંસ્કાર લોકમાં રૂઢ થયો હોવાથી તેનું 'મૂક' નામ ભુંસાયું નહીં. ત્યારપછી મુંગા તરીકે પ્રસિદ્ધ થયો. આ કારણથી તેનું બીજું નામ મૂક પડ્યું હતું એમ જાણવું. (૩૦૭)

**દેવ**– અહીં પણ ભાઇના જીવથી ક્યા સ્થાને બોધિ પ્રાપ્ત થશે? **જિન**– જે સર્વકૂટશ્રેણિમાં પ્રથમ કૂટ છે તે રમ્યવૈતાઢ્ય સિદ્ધકૂટ ઉપર થશે. **દેવ**– કઇ રીતે થશે? **જિન**– જાતિસ્મરણથી થશે. **દેવ**– તે જાતિસ્મરણ કેવી રીતે થશે? **જિન**– બે કુંડલથી થશે. (૩૦૮)

પછી તે દેવ કૌશાંબી નગરીમાં મુંગાને સાધવા માટે આવ્યો, અર્થાત્ મુંગો પોતા વિષે અનુકૂળ રહે એ નક્કી કરવા આવ્યો. પછી તીર્થંકરે કહેલા વૃત્તાંતને કહ્યો. પછી વૈતાઢ્યના સિદ્ધકૂટ ઉપર જવાનો સંકેત થયો અને કુંડલની સ્થાપના કરી. પછી સ્મરણ કરવા માત્રથી ફળ આપે એવું ચિંતામણિ રત્ન આપીને દેવ સ્વસ્થાને ગયો. (૩૦૯)

પછી ચ્યવન થયે છતે તેનો ઉત્પાદ થયો. માતાને આમ્રફળનો અકાલે દોહલો થયો. દોહલો પરિપૂર્ણ નહીં થયે છતે શરીર કૃશ થયું, તેથી મુંગાને શંકા થઇ અને વિચારણા કરી. શું આ તે જ અહીં ઉત્પન્ન થયો છે કે બીજો કોઇ? પછી તેણે નિશ્ચય કર્યો કે આ તે જ દેવનો જીવ છે, કેમકે જિનેશ્વરો હંમેશા સત્ય વચની જ હોય છે. પછી આ દેવનો જીવ ગર્ભપણે ઉત્પન્ન થયો. ચિંતામણિ રત્નથી અકાળ દોહલાની સિદ્ધિ તુરત થઇ. (૩૧૦)

ગર્ભની નિષ્પત્તિ થઈ અને સમયે જન્મ થયો. નમસ્કાર બોલવા પૂર્વક પીઠક પીવડાવવામાં આવ્યો. અરિહંત ભગવંતોનું ફરી ફરી સ્મરણ થાય તે માટે અર્હદ્દત્ત નામ પાડવામાં આવ્યું. દેરાસર અને સાધુઓ પાસે જ્યારે લઈ જવામાં આવે છે ત્યારે અબહુમાનથી રડવા લાગે છે. જણાયું છે ધર્મ વિષે નિઃસ્પૃહ ચિત્ત જેનું અને પ્રાપ્ત થયું છે નવયૌવન જેને એવા અર્હદ્દત્તને માતા-પિતાએ ચાર કન્યા પરણાવી. (૩૧૧)

મૂકે તેને પૂર્વનો વૃત્તાંત જણાવ્યો છતાં પણ અર્હદ્દત્તને શ્રદ્ધા ન થઈ પછી વૈરાગ્યથી મૂકે દીક્ષા લીધી. તે મરીને દેવલોકમાં ગયો. દેવલોકમાં રહેલા તેણે અવધિજ્ઞાનથી ઉપયોગ મુક્યો અને જાણ્યું કે આને ગાઢમિથ્યાત્વનો ઉદય થયો છે આ કારણથી મોક્ષમાર્ગ પર શ્રદ્ધા ન થવા રૂપ સંક્લેશ થયો છે. (૩૧૨)

પછી તેને પ્રતિબોધ કરવા જલોદરાદિ મહારોગો ઉત્પન્ન કર્યા. માતા-પિતાએ તેને સાજો કરવા વૈદ્યો બોલાવ્યા અને વૈદ્યોએ રોગોની અનાદરતા કહી (=પ્રતિકાર થઈ શકે તેમ નથી એમ કહ્યું). તેથી ભારે વેદના થઈ. રોગથી ખેદ પામેલો અર્હદ્દત્ત અગ્નિમાં પ્રવેશ કરવા ઇચ્છે છે. દેવે શબરનું રૂપ કર્યું અને ઘોષણા કરી કે હું સર્વવ્યાધિનો ચિકિત્સક છું. તેણે તેને તપાસ્યો અને કહ્યું: આ રોગ અતિભયંકર છે તેથી પ્રયત્નથી દૂર થશે. (૩૧૩)

મને પણ આવો વ્યાધિ થયો હતો. તેથી હું પીડા દૂર કરવા આ પ્રમાણે નિઃસંગ થઈ ગ્રામ નગરાદિમાં ફરું છું. આ પણ આ પ્રમાણે ફરશે તો પછી હું તેનો વ્યાધિ મટાવી શકીશ. અર્હદ્દત્તે તેમ કરવું કબુલ્યું. (૩૧૪)

પછી તેને ચાર રસ્તે લઈ જઈ માયા કરી. જેમકે ત્યાં જઈ ચત્વર પૂજા કરી એટલે કે ચાર રસ્તા ઉપર બેસી તેવા પ્રકારના મંત્રૌષધાદિ પ્રયોગ કર્યો અને શરીરમાંથી નીકળતા વ્યાધિને પ્રત્યક્ષ બતાવ્યો. તત્ક્ષણ વેદના શમી. અને પછી સાજો થયો. પ્રવ્રજ્યા માટે આ અકાલ છે એટલે તેણે સાધુનું રૂપ વિકુર્વ્યું. દીક્ષા લેવી એ વ્યાધિનો ઉપાય છે એમ જણાવી તેને સાધુનો વેશ માત્ર આપ્યો પરંતુ વિધિપૂર્વક દીક્ષા ન આપી. (૩૧૫)

અને દેવ જેવો દેવલોકમાં ગયો કે તુરત સાધુવેશ છોડીને ઘરે આવી ગયો અને પૂર્વની જેમ સ્ત્રી આદિનો પરિગ્રહ કર્યો. પછી દેવે ફરી બીજી વાર વ્યાધિ વિકુર્વ્યો. સ્વજનો દુઃખી થયા. શબર રૂપ ધરનાર વૈદ્યને જોયો અને ફરી પૂર્વની જેમ જણાવ્યું. (૩૧૬)

આ પ્રમાણે ફરી પણ પૂર્વની જેમ દીક્ષા આપી. પરંતુ જણાવ્યું કે હવે મારી સાથે જ તારે ફરવું પડશે. તેણે સ્વીકાર કર્યો અને તેની પાસે શાસ્ત્રોનો કોથળો ઉપડાવ્યો. તે સ્થાનથી નીકળ્યા અને કહ્યું તારે હંમેશા પણ મારી જેમ ક્રિયા કરવી. (૩૧૭)

કોઈક વખત દેવે સળગતા ગામને વિકુર્વ્યું, ઉન્માર્ગમાં ગમન, પૂજાતા યક્ષનું પતન તથા સારા અન્નને ત્યાગીને વિષ્ઠા ખાતા ડુક્કરને બતાવ્યો તથા કૂવા ઉપર સારા ચારાને છોડી દૂર્વાનો અભિલાષી બળદ બતાવ્યો. (૩૧૮)

સળગતા ગામને ઘાસના પૂળાથી બુઝાવવું આદિ શબ્દથી વૈદ્યનું ઉન્માર્ગ ગમન, પૂજાતા યક્ષનું નીચે પતન, ઉત્તમ આહારનો ત્યાગ કરી ભૂંડનું વિષ્ટા ઉપર જીવવું, કૂવા કાંઠે ઉત્તમ ચારાને છોડી દૂર્વાનું ચરવું જોઈ અર્હદ્દત્ત બોલ્યો આ લોકોનું આચરણ અવિચારિત છે ત્યારે દેવે એને પ્રેરણા કરી એટલે તેણે કંઈક નિઃસ્પૃહ વૃત્તિથી વિચાર્યું. તે આ વૈદ્ય મનુષ્ય નથી. કંઈક સંવેગ પામ્યો ત્યારે દેવે સર્વ પૂર્વ ચેષ્ટા કહી. (૩૧૯)

પછી દેવ તેને વૈતાઢ્ય પર્વત ઉપર લઈ ગયો. સિદ્ધકૂટ ઉપરં કુંડલ યુગલને બતાવ્યું પછી ભાવથી બોધિ પ્રાપ્ત થઈ એટલે ક્રમથી દીક્ષા લીધી. ગુરુભક્તિ આદિ આરાધનાથી દેવોમાં ઉત્પન્ન થયો. (૩૨૦)

उपसंहरन्नाह—

**मोहक्खलणसमाणो, एसो एयस्स एत्थ पडिबंधो ।**
**णेओ तओ उ गमणं, सम्मं चिय मुत्तिमग्गेण ॥३२१॥**

**मोहस्खलनासमानो दिग्मोहादिमोहविघ्नसमः, 'एष' प्रथमतोऽत्यन्तधर्म्मारुचिरूपः । एतस्यार्हद्दत्तस्यात्र मोक्षमार्गे प्रतिबन्धो निरूपितरूपो ज्ञेयः । ततस्तु तदुत्तरकालमेव गमनं सम्यगेव सर्वातिचारपरिहारं मुक्तिमार्गेण सम्यग्दर्शनादिना ॥३२१॥**

ઉપસંહાર કરતા ગ્રંથકાર કહે છે–

**ગાથાર્થ**–મોક્ષમાર્ગમાં અર્હદ્દત્તનો પ્રારંભથી ધર્મમાં અરુચિ થવા રૂપ આ વિઘ્ન દિશામોહાદિ રૂપ મોહવિઘ્ન સમાન જાણવું. ત્યાર બાદ તેનું સારી રીતે જ મોક્ષમાર્ગમાં ગમન (=આગળ પ્રયાણ) થયું.

**ટીકાર્થ–સારી રીતે=** સર્વ અતિચારના ત્યાગ પૂર્વક.
**મુક્તિમાર્ગમાં=** સમ્યગ્દર્શનાદિ રૂપ મુક્તિ માર્ગમાં.

**ભાવાર્થ**–અર્હદ્દત્તને મોક્ષમાર્ગમાં પ્રારંભથી ધર્મમાં અત્યંત અરુચિ થવા રૂપ જે વિઘ્ન આવ્યું તે વિઘ્ન દિશામોહાદિ રૂપ મોહવિઘ્નસમાન જાણવું. વિઘ્ન દૂર થયા પછી અતિચાર વિના જ સમ્યગ્દર્શનાદિ રૂપ મોક્ષમાર્ગમાં તે આગળ વધ્યો. (૩૨૧)

इत्थं भिन्नग्रन्थेरप्यवश्यवेद्यचित्रकर्मवशात् त्रिविधः प्रतिबन्धो भवतीति दृष्टान्तैः प्रतिपाद्य साम्प्रतमुक्तमर्थमुपसंहरन् यथासौ न सम्पद्यते तथोपदिशन्नाह—

**एवं णाऊण इमं, परिसुद्धं धम्मबीयमहिगिच्च ।**
**बुद्धिमया कायव्वो, जत्तो सति अप्पमत्तेण ॥३२२॥**

**'एवं' मेघकुमारादिज्ञातानुसारेण ज्ञात्वेमं धर्म्मप्रतिबन्धं दारुणपरिणामं परिशुद्धं सर्वातिचारपरिहारेण धर्म एव श्रुतचारित्राराधनारूपो बीजमनेककल्याणकलापकल्पपादपस्य प्ररोहहेतुर्धर्मबीजं तदधिकृत्यापेक्ष्य विधेयतया 'बुद्धिमता' निरूपितबुद्धिरूपधनेन पुंसा कर्त्तव्यो यत्न-आदरः, सदा-सर्वावस्थास्वपि, अप्रमत्तेनाज्ञानसंशयमिथ्याज्ञानादिप्रमादाष्टकपरिहारवता । न ह्यशुद्धबीजवप्तारः कृषीवलाः कृतयत्ना अपि कृषावविकलं फलं कदाचिदुपलभन्त इति। यथा ते तच्छुद्धावधिकं यत्नमवलम्बन्ते, तथा प्रस्तुत-धर्मबीजशुद्धौ भवभीरुभिर्भव्यैरादरपरैर्भाव्यमिति भावः ॥३२२॥**

આ પ્રમાણે ભિન્નગ્રંથિ જીવને પણ અવશ્ય ભોગવવા યોગ્ય વિચિત્ર કર્મના કારણે ત્રણ પ્રકારનું વિઘ્ન થાય એમ દૃષ્ટાંતોથી જણાવીને હવે ઉક્ત અર્થનો ઉપસંહાર કરવા પૂર્વક જેવી રીતે વિઘ્ન ન આવે તે રીતે ઉપદેશ આપતા ગ્રંથકાર કહે છે–

**ગાથાર્થ**–મેઘકુમારાદિ દૃષ્ટાંતના અનુસારે ધર્મવિઘ્નને ભયંકર પરિણામવાળું જાણીને બુદ્ધિમાન પુરુષે સદા પરિશુદ્ધ ધર્મબીજને કરવામાં (=વાવવામાં) અપ્રમત્ત બનીને યત્ન કરવો જોઈએ.

**ટીકાર્થ–સદા**=સઘળીય અવસ્થાઓમાં.
**પરિશુદ્ધ**=સર્વ અતિચારથી રહિત.
**ધર્મ**=શ્રુત-ચારિત્રની આરાધના.

અનેક કલ્યાણના સમૂહરૂપ કલ્પવૃક્ષને ઊગવાનું કારણ હોવાથી અહીં ધર્મને બીજની ઉપમા આપી છે.

**અપ્રમત્ત બનીને**=અજ્ઞાન, સંશય, મિથ્યાજ્ઞાન, રાગ, દ્વેષ, મતિભ્રંશ (ભૂલી જવું વગેરે), ધર્મને વિષે અનાદર અને યોગોનું દુષ્પ્રણિધાન (=અયોગ્ય પ્રવૃત્તિ) એ આઠ પ્રકારનો **પ્રમાદ**[1] છે.

**ભાવાર્થ**–અશુદ્ધબીજને વાવનારા ખેડૂતો ખેતીમાં પ્રયત્ન કરવા છતાં ક્યારેય સંપૂર્ણ ફળ મેળવતા નથી. (તેથી) જેવી રીતે ખેડૂતો બીજની શુદ્ધિમાં અધિક યત્ન કરે છે, તે રીતે ભવભીરુ ભવ્યજીવોએ પ્રસ્તુત ધર્મબીજની શુદ્ધિ કરવાના યત્નમાં તત્પર બનવું જોઈએ. (૩૨૨)

---

१. अन्नाणं संसओ चेव, मिच्छानाणं तहेव य। रागो दोसो मइब्भंसो धम्मंमि य अणायरो ॥१॥
जोगाणं दुप्पणिहाणं, पमाओ अट्ठहा भवे । संसारुत्तारकामेणं, सव्वहा वज्जिअव्वओ ॥२॥

अथ धर्मबीजशुद्धेः साक्षादेव फलमभिधित्सुराह—

परिसुद्धाणाजोगा, पाएणं आयचित्तजुत्ताणं ।
अइरोद्दंपि हु कम्मं, ण फलइ तहभावओ चेव ॥३२३॥

'परिशुद्धाज्ञायोगात्' सर्वातिचारपरिहारेण धर्म्माराधनात् प्रायेणात्यन्तनिकाचनावस्था-प्राप्तं कर्म परिहृत्येत्यर्थः, 'आत्मचित्तयुक्तानां' आत्मन्येव परवृत्तान्तेष्वन्धबधिरमूकभावा-पन्नतया यद् मनश्चित्तं तेन युक्तानां बहिर्व्याक्षेपपरिहारेण सदा आत्मन्येव निक्षिप्तशुद्ध-चित्तानामित्यर्थः, 'अतिरौद्रमपि' नरकादिविडम्बनादायकत्वेन दारुणमपि कर्म ज्ञानावरणादि 'न' नैव 'फलति' स्वविपाकेन पच्यते । कुत इत्याह-'तथाभावतश्चैव' तत्प्रकारस्वाभाव्या-देव। यथा ह्याम्रतरवः समुद्गतनिरन्तरकुसुमभरभ्राजिष्णुशाखासंदोहा अपि बहलविद्युदुद्योत-परामृष्टपुष्पाः निष्फलीभावं दर्शयन्ति, तथास्वाभाव्यनियमात्, तथा परिशुद्धाज्ञाभ्यासात् सुप्रणिहितमानसानामत्यन्तनिर्गुणभवभ्रान्तिपरिश्रान्तानां जन्तूनां दारुणपरिणाममिथ्या-त्वादिनिमित्तोपात्तमप्यशुभकर्म्म न स्वफलमुपधातुं समर्थं स्यादिति ॥३२३॥

હવે ધર્મબીજની શુદ્ધિનું સાક્ષાત્ જ ફલને કહેવાની ઇચ્છાવાળા ગ્રંથકાર કહે છે—

**ગાથાર્થ**—પરિશુદ્ધ આજ્ઞાના યોગથી આત્મચિત્તયુક્ત જીવોનું અતિરૌદ્ર પણ કર્મ તેવા પ્રકારના સ્વભાવથી જ પ્રાયઃ ફળતું નથી.

**ટીકાર્થ**—**પરિશુદ્ધ આજ્ઞાના યોગથી**—સર્વ અતિચારોનો ત્યાગ કરીને ધર્મની આરાધનાથી.

**આત્મચિત્તયુક્ત**=આત્મામાં જ રહેનારું જે ચિત્ત, તે ચિત્તથી યુક્ત, અર્થાત્ અન્યજીવોના વૃત્તાંતને જોવામાં આંધળા, સાંભળવામાં બહેરા અને બોલવામાં મૂંગા બનેલા ચિત્તથી યુક્ત. અહીં તાત્પર્ય એ છે કે બાહ્ય વ્યાક્ષેપનો ત્યાગ કરીને સદા આત્મામાં જ સ્થાપેલા શુદ્ધ ચિત્તવાળા જીવો આત્મચિત્તયુક્ત છે.

**અતિરૌદ્ર પણ કર્મ**=નરકાદિની વિંડબના આપનાર હોવાથી ભયંકર પણ જ્ઞાનાવરણીયાદિ કર્મ.

**તેવા પ્રકારના સ્વભાવથી જ**=આમ્રવૃક્ષોમાં અંતરરહિત કુસુમસમૂહ ઊગ્યો હોય અને એથી એ વૃક્ષોની શાખાઓ શોભી રહી હોય, આમ છતાં એ પુષ્પો ઉપર ઘણો વિજળીનો પ્રકાશ પડે, અર્થાત્ વધારે પ્રમાણમાં વિજળી પડે, તો તે વૃક્ષો ફળતાં નથી, અર્થાત્ તે વૃક્ષો ઉપર કેરીઓ પાકતી નથી. કારણ કે વિજળીનો ફળનો નાશ કરવાનો સ્વભાવ છે એવો નિયમ છે. તે જ પ્રમાણે પરિશુદ્ધ આજ્ઞાનો અભ્યાસ કરવાથી જેમનું મન મોક્ષમાર્ગમાં સારી રીતે સ્થિર થયેલું છે અને જેઓ અત્યંત અસાર ભવના ભ્રમણથી થાકી ગયેલા છે તેવા જીવોનું ભયંકર પરિણામવાળું અને મિથ્યાત્વાદિથી ઉપાર્જન કરેલું પણ અશુભ કર્મ

પોતાનું ફળ આપવા માટે સમર્થ ન થાય. કારણ કે પરિશુદ્ધ આજ્ઞાની આરાધનાનો ભયંકર પણ અશુભકર્મોના ફળનો નાશ કરવાનો સ્વભાવ છે. (૩૨૩)

एतदेव प्रतिवस्तूपमया भावयति—

**वाहिम्मि दीसइ इमं, लिंगेहिं अणागयं जयंताणं ।**
**परिहारेतरभावा, तुल्लनिमित्ताणवि विसेसो ॥३२४॥**

**'व्याधौ' कुष्ठज्वरादौ समुद्भवितुकामे 'दृश्यते'ऽध्यक्षत एवावलोक्यत इदमफलत्वम्। कुतः? यतः, 'लिङ्गैः' रोगोत्पत्तिगमकैः शरीरास्वास्थ्यादिभिरुपस्थितैर्ज्ञातैश्च सद्भिरनागतं रोगोत्पत्तेः प्रागेव यतमानानामतियत्नं कुर्वताम् । कुत इत्याह-परिहारेतरभावात्। परिहार-भावात् पिशितघृतादीनामुत्पित्सुरोगनिदानभावापन्नानामनासेवनात् । रोगनिदानपरिहारश्चैवं पठ्यते, यथा-"वर्जयेद् द्विदलं शूली, कुष्ठी मांसं ज्वरी घृतम् । नवमन्नमतीसारी, नेत्ररोगी च मैथुनम् ॥१॥" इतरभावादन्येषां केषांचिदनागतमयतमानानां तन्निमित्तापरिहारात् । उभयेषामपि कीदृशानां तुल्यनिमित्तानामपि प्राक् समानरोगोत्पादककारणानां विशेष उद्भवानुद्भवरूपः प्रत्यक्षसिद्धो वर्त्तत इति ॥३२४॥**

આ જ વિષયને સમાનવસ્તુની ઉપમા દ્વારા વિચારે છે—

**ગાથાર્થ**—રોગોત્પત્તિને જણાવનારાં ચિહ્નોથી રોગ આવશે એમ જાણીને રોગ થયા પહેલાં જ યત્ન કરનારાઓને રોગ રૂપ ફળનો અભાવ પ્રત્યક્ષ જોવામાં આવે છે. તથા તુલ્ય નિમિત્તવાળા પણ જીવોને રોગનાં કારણોનો ત્યાગ કરવાથી અને રોગનાં કારણોનો ત્યાગ ન કરવાથી વિશેષતા પ્રત્યક્ષથી સિદ્ધ છે.

**ટીકાર્થ**—કોઢ અને જ્વર વગેરે રોગોની ઉત્પત્તિને જણાવનારાં શરીરમાં અસ્વસ્થતા વગેરે ચિહ્નો ઉપસ્થિત થયેલાં દેખાય ત્યારે સત્પુરુષો એ ચિહ્નોને જાણીને રોગની ઉત્પત્તિ થયા પહેલાં જ રોગ ન થાય એ માટે અતિશય પ્રયત્ન કરે, ભવિષ્યમાં થનારા રોગનાં માંસભક્ષણ, ઘી વગેરે જે કારણો હોય તે કારણોનો ત્યાગ કરે, આથી તેમને રોગોત્પત્તિ ન થાય. આમ રોગ થયા પહેલાં પ્રયત્ન કરવાથી રોગના ફળનો અભાવ પ્રત્યક્ષ જ દેખાય છે.

રોગનાં કારણોનો ત્યાગ વૈદ્યકશાસ્ત્રમાં આ પ્રમાણે કહેવામાં આવે છે—**"શૂળનો રોગી (જેને પેટ વગેરેમાં શૂળ ઉત્પન્ન થતું હોય તેવો રોગી) દ્વિદળનો (=કઠોળનો), કોઢ રોગી માંસનો, તાવ રોગવાળો ઘીનો, અતીસારના રોગવાળો નવા અન્નનો અને નેત્રના રોગવાળો મૈથુનનો ત્યાગ કરે."**

રોગોત્પત્તિનાં કારણો જાણવા છતાં જે જીવો રોગ થયા પહેલાં જ રોગનાં કારણોનો

ત્યાગ કરતા નથી તે જીવોને રોગ થાય છે. રોગનાં કારણોનો ત્યાગ ન કરવાથી રોગની ઉત્પત્તિ થાય અને રોગનાં કારણોનો ત્યાગ કરવાથી રોગની ઉત્પત્તિ ન થાય.

આ પ્રમાણે તુલ્યનિમિત્તવાળા પણ જીવોમાં, એટલે કે રોગને ઉત્પન્ન કરનારાં કારણો સમાન હોય તેવા પણ જીવોમાં રોગની ઉત્પત્તિ રૂપ અને રોગની ઉત્પત્તિના અભાવ રૂપ વિશેષતા પ્રત્યક્ષથી સિદ્ધ છે. (૩૨૪)

**एनमेवार्थं विशेषेण भावयति—**

**एगम्मि भोयणे भुंजिऊण जाए मणागमज्जिण्णे ।**
**सइ परिहारारोग्गं, अउण्णहा वाहिभावो उ ॥३२५॥**

**एकस्मिन्नभिन्नजातीये भोजने सूपोदनादौ 'भुंजिऊण'त्ति भुक्त्वा भुक्ते सतीत्यर्थः। 'जाते' समुत्पन्ने 'मनाग्' ईषदजीर्णे भुक्तान्नाजरणलक्षणे सति, आमादयश्चाजीर्णभेदाः, यथोक्तं-''अजीर्णप्रभवा रोगास्तच्चाजीर्णं चतुर्विधम् । आमं विदग्धं विष्टब्धं, रसशेषं तथैव च ॥१॥'' तथा परिहारादुपस्थितरोगनिदानपरित्यागाद् आरोग्यं नीरोगता एकस्य जायते । द्वितीयस्य त्वन्यस्यातोऽज्ञानादिदोषादन्यथा निदानापरिहाराद् व्याधिभावस्तूपस्थितव्याधिसमुद्भव एव सम्पद्यते । यो हि यन्निमित्तो दोषः स तत्प्रतिपक्षासेवात एव निवर्त्तते, यथा शीतासेवनादुत्पन्नं जाड्यमुष्णासेवात इति ॥३२५॥**

આ જ અર્થને વિશેષથી વિચારે છે–

**ગાથાર્થ**–બે મનુષ્યોને સમાન ભોજન કર્યા પછી બંનેને કંઇક અજીર્ણ થતાં એક માણસ અજીર્ણના કારણોનો ત્યાગ (=અજીર્ણ ન મટે ત્યાં સુધી ભોજનનો ત્યાગ) કરે તો તેને આરોગ્યની પ્રાપ્તિ થાય. બીજો માણસ અજીર્ણના કારણોનો ત્યાગ ન કરે (અજીર્ણ હોવા છતાં ભોજન કરે) તો તેને રોગ થાય.

**ટીકાર્થ**–બે માણસોએ ભાત-દાળ વગેરે સમાન ભોજન કર્યું. ભોજન કર્યા પછી બંનેને કંઇક અજીર્ણનાં ચિહ્નો દેખાયાં. એક મનુષ્યે અજીર્ણ હોય ત્યાં સુધી ભોજનનો ત્યાગ કરીને (અને હિંગાષ્ટક વગેરે પાચક ચૂર્ણ લઇને) અજીર્ણનાં કારણોનો ત્યાગ કર્યો. આથી એને આરોગ્યની પ્રાપ્તિ થઇ. બીજા માણસે અજ્ઞાનતા આદિ દોષના કારણે અજીર્ણનાં કારણોનો ત્યાગ ન કર્યો તો ભયંકર અજીર્ણ (અને તાવ વગેરે) રૂપ રોગ થયો. આ એક સર્વ સામાન્ય નિયમ છે કે જે કારણથી દોષ થાય તેનાથી વિરુદ્ધનું સેવન કરવાથી દોષ દૂર થાય. જેમકે– શીતલ દ્રવ્યોના સેવનથી ઉત્પન્ન થયેલી ઠંડી ઉષ્ણદ્રવ્યોના સેવનથી દૂર થાય.

અજીર્ણના આમ વગેરે ભેદો છે. કહ્યું છે કે–**''બધા રોગો અજીર્ણથી થાય છે. તેમાં અજીર્ણના આમ, વિદગ્ધ, વિષ્ટબ્ધ અને રસશેષ એમ ચાર પ્રકાર છે. ૧આમ અજીર્ણમાં**

૧. આમ અજીર્ણમાં....વગેરે વિગત ઉપદેશ પદની ટીકામાં ન હોવા છતાં ઉપયોગી હોવાથી ધર્મબિંદુમાંથી લીધી છે.

મળ ઢીલો થાય અને કોહાયેલી છાશ આદિના જેવી દુર્ગંધવાળો હોય. વિદગ્ધ અજીર્ણમાં મળમાં ધૂમાડા જેવી દુર્ગંધ હોય. વિષ્ટબ્ધ અર્જીણમાં શરીર તૂટે. રસશેષ અજીર્ણમાં શરીરમાં જડતા આવે. મળ અને વાયુમાં દુર્ગંધ આવે, ઢીલો મળ, શરીર ભારે બને, અરુચિ અને અશુદ્ધ ઓડકાર આ છ અજીર્ણનાં સ્પષ્ટ ચિહ્નો છે." (૩૨૫)

ननु कारणभेदपूर्वकः कार्यभेद इति सर्वलोकसिद्धो व्यवहारः । तत् कथं भोजनादिनिमित्ततुल्यतायामपि द्वयोरयं निष्फलसफलभावरूपो व्याधेर्विशेषः सम्पन्न इत्याशङ्क्याह—

**ववहारओ णिमित्तं, तुल्लं एसोवि अत्थ तत्तंगं ।**
**एतो पवित्तिओ खलु, णिच्छयनयभावजोगाओ ॥३२६॥**

'व्यवहारतो' व्यवहारनयादेशाद् बहुसदृशतायां भावानामेकत्वप्रतिपत्तिरूपात्, निमित्तं भोजनादि व्याधेस्तुल्यं समानं, न तु निश्चयतः, तस्य तुल्यकार्यानुमेयत्वेनातुल्यफलोदये कथञ्चिदभावात् । तथा चैतन्मतं- "नाकारणं भवेत् कार्यं, नान्यकारणकारणम् । अन्यथा न व्यवस्था स्यात्, कार्यकारणयोः क्वचित् ॥१॥" तत्र सोपक्रमनिरुपक्रमकर्मसाहाय्यकृतो व्याधिनिदानानामन्तरङ्गो भेदो विद्यते, यतोऽयं व्याधिः सफलनिष्फलभाव इति । न च वक्तव्यं व्यवहारस्यासांवृतरूपतया असंवृतत्वात् कथं तन्मताश्रयेण प्रकृतव्याधौ निमित्ततुल्यतोद्घुष्यत इति । यत एषोऽपि व्यवहारो न केवलं निश्चयो'ऽत्र' जगति 'तत्त्वाङ्गं' तात्त्विकपक्षलाभकरणं वर्त्तते । कुतः ? यतः 'एतो' व्यवहारनयादनन्तरमेवोक्तरूपाद् या 'प्रवृत्तिः' कार्यार्थिनां छद्मस्थानां चेष्टा, खलुरवधारणे, ततस्तस्या एव न तु निश्चयपूर्विकाया अपि, तस्या विशिष्टज्ञानातिशययुक्तपुरुषविशेषविषयत्वात् । किमित्याह-'निश्चयनयभावयोगाद्' निश्चयनयेन-निश्चयनयप्रवृत्त्या यो भावः-साध्यरूपतामापन्नः पदार्थः तेन योगाद्-घटनात् । तथाहि-कृषीवलादयो बीजशुद्ध्यादिपूर्वकमसति प्रतिबन्धे नियमादितोऽभिलषितफललाभः सम्पत्स्यत इति व्यवहारतो निश्चितोपायाः प्रवर्त्तमानाः प्रायेण विवक्षितफललाभभाजो भवन्तो दृश्यन्त इति ॥३२६॥

કારણના ભેદ પૂર્વક કાર્યમાં ભેદ થાય, અર્થાત્ કારણો ભિન્ન હોય તો કાર્ય ભિન્ન થાય. આવો સર્વલોકમાં પ્રસિદ્ધ વ્યવહાર છે. તો પછી ભોજન વગેરે નિમિત્તોની સમાનતા હોવા છતાં પ્રસ્તુતમાં બે માણસોમાં એકને વ્યાધિ ન થયો અને એકને વ્યાધિ થયો, રોગની આ વિશેષતા કેમ થઈ? આવી આશંકા કરીને ગ્રંથકાર કહે છે—

**ગાથાર્થ**—તુલ્ય નિમિત્ત વ્યવહારનયથી છે. આ વ્યવહારનય પણ વિશ્વમાં તત્ત્વનું અંગ છે. વ્યવહારનયથી થતી પ્રવૃત્તિથી જ નિશ્ચયનયથી જે સાધ્ય છે તેનો યોગ (=પ્રાપ્તિ) થાય છે.

**ટીકાર્થ**– પદાર્થો લગભગ સમાન હોય ત્યારે વ્યવહારનય એકપણાનો (=કારણોની સમાનતાનો) સ્વીકાર કરે છે. આથી પ્રસ્તુતમાં રોગનું કારણ ભોજન વગેરેની દેખાતી સમાનતા વ્યવહારનયથી છે, નિશ્ચયનયથી નહિ. કારણ કે નિશ્ચયનય કાર્ય સમાન હોય તો નિમિત્ત સમાન હતું એમ અનુમાન કરે છે. અસમાન કાર્ય થાય ત્યારે નિશ્ચયનયના મતે કારણ સમાન નથી. નિશ્ચયનયનો મત આ છે–

**"કાર્ય ક્યારેય કારણના અભાવમાં ન થાય. તેમજ જે કાર્યનાં જે કારણો પ્રસિદ્ધ છે તે કાર્ય પ્રસિદ્ધ કારણો સિવાય અન્યકારણોથી પણ ન થાય. અન્યથા ક્યાંય કાર્ય-કારણની વ્યવસ્થા ન રહે."**

વ્યાધિનું કારણ સમાન દેખાતું હોય ત્યાં **સોપક્રમ**[1] કર્મ અને નિરુપક્રમ કર્મની સહાયથી કરાયેલો વ્યાધિનાં કારણોનો આંતરિક ભેદ હોય છે. (જેનું કર્મ સોપક્રમ હોય તેનો રોગ તેવા નિમિત્તથી દૂર થાય અને જેનુ કર્મ નિરુપક્રમ હોય તેનો રોગ તેવા નિમિત્તથી દૂર ન થાય.) આથી એકના રોગનો નાશ થાય છે અને એકના રોગનો નાશ થતો નથી.

**પ્રશ્ન**–વ્યવહારનય સ્થૂલ હોવાથી શા માટે વ્યવહારનયનો આશ્રય લઈને પ્રસ્તુત રોગમાં નિમિત્તની સમાનતા જાહેર કરવામાં આવે છે.

**ઉત્તર**–વ્યવહાર નય સ્થૂલ હોવા છતાં તેનો આશ્રય લઈને પ્રસ્તુત રોગમાં નિમિત્તની સમાનતા એટલા માટે જાહેર કરવામાં આવે છે કે વ્યવહારનય પણ વિશ્વમાં તત્ત્વનું અંગ છે=તાત્ત્વિક પક્ષના લાભનું કારણ છે.

**પ્રશ્ન**–વ્યવહારનય તાત્ત્વિક પક્ષના લાભનું કારણ કેમ છે?

**ઉત્તર**–કાર્યના અર્થી એવા છદ્મસ્થ **જીવો**[2] વ્યવહારનયથી જે પ્રવૃત્તિ કરે છે તે પ્રવૃત્તિથી જ નિશ્ચયનયથી જે સાધવા યોગ્ય છે (=મેળવવા યોગ્ય છે) તેનો યોગ (=પ્રાપ્તિ) તે જીવોને થાય છે. તે આ પ્રમાણે–ખેડૂતો બીજશુદ્ધિ આદિ પૂર્વક (જમીનમાં શુદ્ધ બીજ વાવવું વગેરે પ્રયત્ન પૂર્વક) વ્યવહારથી પ્રવૃત્તિ કરે છે. તેમાં જો વિઘ્ન ન આવે તો ખેડૂતોને વ્યવહારનયથી કરેલી પ્રવૃત્તિથી નિયમા ઈષ્ટફળનો લાભ થશે. આ પ્રમાણે વ્યવહારથી ઉપાયોનો નિશ્ચય કરીને (=આ કાર્યનાં આ ઉપાયો છે એવો નિશ્ચય કરીને) પ્રવૃત્તિ કરનારા જીવો પ્રાયઃકરીને વિવક્ષિત ફલનો લાભ પામનારા દેખાય છે.

૧. તેવા પ્રકારના નિમિત્તથી (=કારણથી) જેનો નાશ કરી શકાય તેવું કર્મ સોપક્રમ છે, અને તેવા પ્રકારના નિમિત્તથી જેનો નાશ ન કરી શકાય તેવું કર્મ નિરુપક્રમ છે.

૨. ટીકામાં આવેલા अनन्तरमेवोक्तरूपात् એ પદોનો અર્થ આ પ્રમાણે છે– હમણાં જ बहुसदृशतायां भावानामेकत्वप्रतिपत्तिरूपाद् એ પદોથી જેનું સ્વરૂપ કહેવામાં આવ્યું છે તેવા વ્યવહારનયથી.

**પ્રશ્ન**–કાર્યના અર્થી એવા છદ્મસ્થ જીવો વ્યવહારનયથી પ્રવૃત્તિ કેમ કરે છે? નિશ્ચયનયથી પ્રવૃત્તિ કેમ કરતા નથી ?

**ઉત્તર**–નિશ્ચયનયથી પ્રવૃત્તિનો વિષય વિશિષ્ટ જ્ઞાનરૂપ અતિશયથી યુક્ત એવા વિશિષ્ટ પુરુષો છે, અર્થાત્ વિશિષ્ટજ્ઞાનીઓ જ નિશ્ચયનયથી પ્રવૃત્તિ કરે છે, છદ્મસ્થ જીવો નહિ. (વિશિષ્ટજ્ઞાનીઓ પોતાના જ્ઞાનથી એમ જાણે કે અમુક પ્રવૃત્તિ કરવાથી તેનું ફળ મળશે તો અમુક પ્રવૃત્તિ કરે, ફળ નહિ મળે એમ જાણે તો પ્રવૃત્તિ ન કરે. આમ વિશિષ્ટ જ્ઞાનીઓ જ નિશ્ચયનયથી પ્રવૃત્તિ કરે છે.) (૩૨૬)

**अथैनमेवार्थं प्रकृते योजयति—**

**एवमिहाहिगयम्मिवि, परिसुद्धाणाउ कम्मुवक्कमणं ।**
**जुज्जइ तब्भावम्मि य, भावारोग्गं तहाभिमयं ॥३२७॥**

**एवं यथाऽजीर्णदोषस्य इह जने निदानपरिहारादुपक्रमोऽध्यक्षसिद्धः समुपलभ्यते, तथाऽधिकृतेऽप्याज्ञामाहात्म्यख्यापने वक्तुमुपक्रान्ते परिशुद्धाज्ञातः सर्वोपाधिशुद्धसम्यग्-दर्शनादिमोक्षमार्गाराधनात् कर्मोपक्रमणं ज्ञानावरणादिदुष्टादृष्टनष्टभावापादनं युज्यते, जलानलयोरिवानयोरनिशं विरोधात् । तद्भावे च-कर्मोपक्रमसद्भावे पुनर्भावारोग्यं सर्व-व्याध्यधिकसंसाररोगक्षयात् तथा-क्षपकश्रेण्यादिलाभप्रकारेणाभिमतं-सर्वास्तिकप्रवादि-सम्मतं सम्पद्यत इति ॥३२७॥**

હવે આ જ અર્થને પ્રસ્તુત વિષયમાં જોડે છે–

**ગાથાર્થ**–જે પ્રમાણે લોકમાં કારણોનો ત્યાગ કરવાથી અજીર્ણ દોષનો ઉપક્રમ(=દોષનો નાશ) પ્રત્યક્ષથી સિદ્ધ થયેલો જોવામાં આવે છે તે પ્રમાણે પ્રસ્તુતમાં પણ પરિશુદ્ધ આજ્ઞાથી કર્મનો ઉપક્રમ ઘટે છે. કર્મનો ઉપક્રમ થયે છતે તે રીતે અભિમત ભાવારોગ્ય પ્રાપ્ત થાય છે.

**ટીકાર્થ**–**પ્રસ્તુતમાં**=આજ્ઞાનું માહાત્મ્ય જણાવવા માટે કહેવાનું શરૂ કર્યું છે એ પ્રસ્તુત વિષયમાં.

**પરિશુદ્ધઆજ્ઞાથી**=સર્વ રીતે શુદ્ધ એવી સમ્યગ્દર્શનાદિરૂપ મોક્ષમાર્ગની આરાધનાથી.

**કર્મનો ઉપક્રમ**=જ્ઞાનાવરણીય વગેરે **દુષ્ટકર્મોનો**[1] નાશ.

**તે રીતે**–ક્ષપકશ્રેણિનો લાભ વગેરે રીતે.

**અભિમત**–સર્વ આસ્તિક વાદીઓને સંમત.

૧. नष्टभावापादनं નો શબ્દાર્થ "નાશની પ્રાપ્તિ કરવી" એવો થાય.

ભાવારોગ્ય–સર્વ વ્યાધિઓથી અધિક એવો સંસારરૂપ જે રોગ, તે રોગના ક્ષયથી પ્રાપ્ત થતું આરોગ્ય.

પરિશુદ્ધ આજ્ઞા અને અશુભકર્મ એ બેનો પાણી અને અગ્નિની જેમ વિરોધ છે. આથી પરિશુદ્ધ આજ્ઞા જ્યાં હોય ત્યાં અશુભ કર્મો ન રહે. આથી પરિશુદ્ધ આજ્ઞાથી અશુભ કર્મોનો ક્ષય થાય છે અને એથી ભાવ આરોગ્યની પ્રાપ્તિ થાય છે. (૩૨૭)

अथाज्ञायोगमेव तथा तथा स्तुवन्नाह—

**एयमिह होइ विरियं, एसो खलु एत्थ पुरिसगारो त्ति ।**
**एयं तं दुण्णेयं, एसो च्चिय णाणविसओवि ॥३२८॥**

**'एतदिह' कर्म्मोपक्रमे भवति वीर्यमात्मसामर्थ्यम् । यः प्रागुक्तः परिशुद्धाज्ञायोगस्तथैष खलु-एष एव परिशुद्धाज्ञायोगोऽत्र-प्रस्तुते कर्म्मोपक्रमे पुरुषकारो, न पुनरन्यो धावनवल्गनादिरूपः । इति पूरणार्थः । एतत् तद् दुर्व्विज्ञेयं यद् मोहबहुले जीवलोके प्रायेणेत्यर्थः, प्रचारिण्ययमेव शुद्धाज्ञायोगो विवेकिना जनेनानुष्ठीयते, न पुनर्गतानुगतिकलक्षणा लोकहेरिः । तथैष एव विभागोपलक्षणारूपो ज्ञानविषयोऽपि गहनपदार्थविवेचकतया ज्ञानस्य निश्चयतः स्वरूपलाभात् । पठ्यते च 'बुद्धेः फलं तत्त्वविचारणं स्याद्' इति । इदमुक्तं भवति यः खलु भिन्नग्रन्थेर्जीवस्य परिशुद्धाज्ञालाभः प्रादुर्भवति, स औदयिकभावनिरोधादात्मवीर्यमुच्यते । एष एव च पुरुषकारः, सर्वकर्म्मविकारविलक्षणेन मोक्षेण कथञ्चिद् एकात्मभावादस्य अत एवैष एव च कर्मोपक्रमहेतुरपि निश्चीयते, अनेनैवोपक्रान्तानां कर्म्मणां पुनरुद्भवाभावात् । दुर्विज्ञेयश्चायं मूढमतीनाम् । अत एव च प्रौढज्ञानविषयतया व्यवस्थित इति ॥३२८॥**

હવે આજ્ઞાયોગની જ તે તે રીતે પ્રશંસા કરતા ગ્રંથકાર કહે છે–

**ગાથાર્થ**–અહીં પૂર્વે કહેલા પરિશુદ્ધ આજ્ઞાયોગ(=પરિશુદ્ધ આજ્ઞાયોગનો લાભ) જ વીર્ય છે, પરિશુદ્ધ આજ્ઞાયોગ જ પુરુષાર્થ છે, પરિશુદ્ધ આજ્ઞાયોગ જ દુર્વિજ્ઞેય છે, પરિશુદ્ધ આજ્ઞાયોગ જ જ્ઞાનનો વિષય પણ છે.

**ટીકાર્થ–અહીં**=કર્મના ઉપક્રમમાં.
**વીર્ય**=આત્મસામર્થ્ય.

**પુરુષાર્થ**–કર્મનો ઉપક્રમ કરવામાં પરિશુદ્ધ આજ્ઞાયોગ જ પુરુષાર્થ છે, દોડવું-કૂદવું વગેરે અન્યક્રિયા પુરુષાર્થ નથી. (ધન વગેરે મેળવવા માટે થતી મહેનત એ સાચો પુરુષાર્થ નથી.)

**દુર્વિજ્ઞેય**–એક ગતિમાંથી બીજી ગતિમાં પ્રસરતા અને મોહની અધિકતાવાળા જીવલોકમાં શુદ્ધ આજ્ઞાયોગ દુઃખે કરીને (=બહુ મુશ્કેલીથી) જાણી શકાય તેવો છે. વિવેકી લોક શુદ્ધ આજ્ઞાયોગને કરે છે=શુદ્ધ આજ્ઞા પ્રમાણે જ ધર્મ કરે છે, લોકહેરીથી ગતાનુગતિકપણે ધર્મ કરતો નથી.

**જ્ઞાનનો વિષય છે**–પરિશુદ્ધ આજ્ઞાયોગ જ્ઞાનનો વિષય પણ છે, એટલે કે પરિશુદ્ધ આજ્ઞાયોગથી હેયોપાદેયના વિભાગની (=આ હેય છે અને આ ઉપાદેય છે એવા વિભાગની) ઓળખાણ થાય છે. કારણ કે જ્ઞાન ગહન પદાર્થોનું વિવેચન કરતું હોવાના કારણે નિશ્ચયથી સ્વરૂપનો (=પોતાના સ્વભાવનો) લાભ થાય છે. જ્ઞાનીઓ કહે છે કે "તત્ત્વોની વિચારણા કરવી એ બુદ્ધિનું ફલ છે."

**અહીં ભાવાર્થ આ પ્રમાણે છે**– ભિન્નગ્રંથિ જીવને જે પરિશુદ્ધ આજ્ઞાનો લાભ થાય છે તે પરિશુદ્ધ આજ્ઞાના લાભથી ઔદયિકભાવોનો નિરોધ થતો હોવાથી તે પરિશુદ્ધ આજ્ઞા લાભ આત્મવીર્ય કહેવાય છે. તથા પરિશુદ્ધ આજ્ઞાલાભ પુરુષાર્થ છે. કારણ કે પરિશુદ્ધ આજ્ઞાલાભથી સર્વકર્મોના વિકારથી ભિન્ન એવા મોક્ષની સાથે આત્માનો કથંચિત્ એકાત્મભાવ થાય છે, અર્થાત્ આત્મા કથંચિત્ મોક્ષસ્વરૂપ બને છે. આથી જ પરિશુદ્ધ આજ્ઞાલાભ જ કર્મના ઉપક્રમનો (=નાશનો) હેતુ છે એમ નિર્ણય કરાય છે. કારણ કે પરિશુદ્ધ આજ્ઞાલાભથી નાશ કરાયેલાં કર્મોની ફરી ઉત્પત્તિ થતી નથી. પરિશુદ્ધ આજ્ઞાલાભ મૂઢમતિવાળા જીવો માટે દુર્વિજ્ઞેય છે. આથી જ પરિશુદ્ધ આજ્ઞાલાભ પ્રૌઢજ્ઞાનના વિષય તરીકે નિશ્ચિત કરાયેલો છે, અર્થાત્ પ્રૌઢજ્ઞાનથી જ પરિશુદ્ધ આજ્ઞાલાભ જાણી શકાય છે. (૩૨૮)

**साम्प्रतमुक्तमर्थं प्रसाधयन् दृष्टान्तमाह—**

**आहरणं पुण एत्थं, सव्वणयविसारओ महामंती ।**
**मारिणिवारणखाओ, णामेणं नाणगब्भोत्ति ॥३२९॥**

**'आहरणं' दृष्टान्तः 'पुनरत्र' पुरुषकारात् कर्म्मोपक्रमे सामान्येन साध्ये 'सर्वनयविशारदः' सर्वेषामान्वीक्षिकीत्रयीवार्त्तादण्डनीतिलक्षणानां नयानां विचारणेन विचक्षणो 'महामन्त्री' सर्वराज्यकार्यचिन्ताकरत्वेन शेषमन्त्रिणामुपरिभागवर्त्ती 'मारीनिवारणाख्यातः' सहसैव समुपस्थितसर्वकुटुम्बमरणस्य निवारणात् प्रसिद्धिमुपगतो नाम्नाऽभिधानेन प्राग् नामान्तरतया रूढोऽपि ज्ञानगर्भ इति । इहान्वीक्षिकी नीतिः जिनजैमिन्यादिप्रणीतन्यायशास्त्राणां विचारणा, त्रयी सामवेदऋग्वेदयजुर्वेदलक्षणा, वार्त्ता तु लोकनिर्वाहहेतुः कृषिपाशुपाल्यादिवृत्तिरूपा, दण्डनीतिस्तु नृपनीतिः सामभेदोपप्रदाननिग्रहरूपेति ॥३२९॥**

હવે કહેલા અર્થને સિદ્ધ કરતા ગ્રંથકાર દૃષ્ટાંતને કહે છે–

**ગાથાર્થ**–આ વિષયમાં સર્વનય વિશારદ મહામંત્રીનું દૃષ્ટાંત છે. આ મહામંત્રી મારિનિવારણના પ્રસંગથી જ્ઞાનગર્ભ એવા નામથી પ્રસિદ્ધિને પામ્યો.

**ટીકાર્થ–આ વિષયમાં**=પુરુષાર્થથી કર્મનો ઉપક્રમ (=નાશ) થાય એ વિગતને સામાન્યથી સિદ્ધ કરવાના વિષયમાં.

**સર્વનય વિશારદ**=આન્વીક્ષિકી, ત્રયી, વાર્તા અને દંડ નીતિરૂપ નયોની વિચારણા કરવામાં વિચક્ષણ.

**આન્વીક્ષિકી**=જિન અને જૈમિની આદિએ રચેલાં ન્યાયશાસ્ત્રોની વિચારણા તે આન્વીક્ષિકી નીતિ છે.

**ત્રયી**= ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદ એ ત્રણ વેદો.

**વાર્તા**=લોકના નિર્વાહનું કારણ એવી ખેતી અને પશુપાલન આદિ આજીવિકાને વાર્તા કહેવામાં આવે છે.

**દંડનીતિ**=દંડનીતિ એ રાજનીતિ છે. સામ, ભેદ, ઉપપ્રદાન અને નિગ્રહ એમ ચારપ્રકારની રાજનીતિ છે. (ઉપપ્રદાન એટલે ભેટ કે લાંચ.)

**મહામંત્રી**=સર્વ રાજ્ય કાર્યોની ચિંતા કરનારો હોવાથી અન્ય સર્વ મંત્રીઓનો ઉપરી હતો. આથી તે મહામંત્રી હતો.

**જ્ઞાનગર્ભ**=આ મહામંત્રી બીજા કોઈ નામથી પ્રસિદ્ધ હતો. પણ એકવાર તેના સમગ્ર કુટુંબના મરણનો પ્રસંગ સહસા જ ઉપસ્થિત થયો. તેણે (પોતાની બુદ્ધિથી) કુટુંબનું મરણ અટકાવ્યું. આથી તે જ્ઞાનગર્ભ એવા નામથી પ્રસિદ્ધ થયો. (૩૨૯)

इदमेवोदाहरणं भावयितुं गाथादशकमाह—

**वेसाली जियसत्तू, राया सचिवो उ णाणगब्भो से ॥**
**णेमित्तागम पुच्छा, अत्थक्कत्थाणि किं कस्स ॥३३०॥**

**मंतिस्स मारिपडणं, कइया पक्खारउत्ति तुसिणीया ।**
**सव्वेवि मंतिणिग्गम, काले णेमित्तिगाहवणं ॥३३१॥**

**पइरिक्के पुच्छा कह, सुयदोसा पच्चओ कुसुमिणोत्ति ।**
**पूजा वारण संवाय पुत्तमालोच्चण णिरोहो ॥३३२॥**

मंजूसाए पक्खस्स भोयणं पाणगं च ताला य ।
अत्थं साहर रण्णो, भणणमणिच्छे तयाणयणं ॥३३३॥
देव इह सव्वसारं, किमणेणं पक्खमेगरक्खावे ।
दारण्णतालसीसगमुद्दा अट्ठ पाहरिया ॥३३४॥
तेरसमम्मि य दियहे, रण्णो धूयाए वेणिछेओत्ति ।
मंतिसुया किल फुट्टं, रुवणे रण्णो महाकोवो ॥३३५॥
घाएह तयं अहवा, सव्वेच्चिय डहह मत्तगा एए ।
किंकरगम गेण्हण भंडणाय पेच्छामु देवत्ति ॥३३६॥
दिट्ठिम्मि एत्थ जोगा, तत्तं जाणाहि मुद्दसंवाओ ।
उग्घाडणे णिरूवण, छुरियावेणीय मंतिसुओ ॥३३७॥
सज्झस किमिदं देवो, जाणइ तह विम्हओ उ सव्वेसिं ।
तप्पुच्छ पूयणा सव्वणास णो वेणिछेयाउ ॥३३८॥
एत्तो उ किल पयट्टो, एत्थाहं जाव एवमेव त्ति ।
एवमचिंतं कम्मं, विरियंपि य बुद्धिमंतस्स ॥३३९॥

अथ संग्रहगाथागमनिका—वेसाली नगरी, जितशत्रू राजा, सचिवस्तु ज्ञानगर्भस्तस्य । अन्यदा सभास्थस्य राज्ञो 'नेमित्तागम'त्ति नैमित्तिकागमने पृच्छा राज्ञोऽभूत् । 'अत्थ-क्कत्थाणि' इति अतिकुतूहलपरतया अनवसरे आस्थाने सभायां किं सुखं दुःखं वा कस्यापूर्वं भविष्यतीति ॥३३०॥

नैमित्तिकः प्राह—मन्त्रिणो मारीपतनं । राजा-कदा? नैमित्तिकः-पक्षादारत इति । ततस्तूष्णीका बद्धमौनाः सर्वेऽपि राजादयो बभूवुः । 'मंतिनिग्गम'त्ति तत आस्थानाद् निर्गमे कृते मन्त्रिणा काले प्रस्तावे नैमित्तिकाह्वानमकारि स्वगृहे ॥३३१॥

ततः 'पइरिक्के' एकान्ते पृच्छा कथमियं मारी पतिष्यतीति । नैमित्तिकः-सुतदोषात् प्रत्ययस्तव कुस्वप्न इति । ततः पूजा नैमित्तिकस्य, वारणा प्रकाशननिषेधरूपा च कृता। 'संवायत्ति' संवादे स्वप्नस्य 'पुत्तमालोय'त्ति पुत्रेण सहालोचनं विधाय निरोधः कृतस्तस्य ॥३३२॥

क्वेत्याह-मञ्जूषायां तथा पक्षस्य भोजनं पानकं च पुत्रनिमित्तं निरूपितं । 'तालाश्च' तालकानि दत्तानि । ततो मन्त्रिणा अर्थं 'संहर' स्वीकुर्विति राज्ञो भणनमकारि। अनिच्छे नृपतौ कथञ्चिदुपरुध्य 'तदानयनं' मञ्जूषानयनं राजकुले कृतम् ॥३३३॥

उक्तं च-देव इह मञ्जूषायां सर्वसारं तिष्ठति । राजा-किमनेन सर्वसारेण त्वद्व्यसन-पाते सति कार्यम्? मंत्री-तथापि देव पक्षमेकं 'रक्षयत' रक्षां कारयत । ततो राज्ञा द्वारान्यतालशीर्षमुद्रास्तथा 'अट्ठट्ठ'त्ति अष्टौ दिनेऽष्टौ निशि प्राहरिका निरूपिताः ॥३३४॥

एवं व्यवस्थापिते त्रयोदशे च दिवसे राज्ञो दुहितुरकस्मादेव वेणिच्छेदो जातः । इत्येतन्मन्त्रिसुतात् किलेति जनप्रवादात् स्फुटितं प्रकाशीभूतं रोदने दुहितुः स्वयमेव दृष्टे राज्ञो जितशत्रोर्महाकोपः समजनीति ॥३३५॥

भणितं च तेन यथा घातयत 'तकं' मन्त्रिसुतमथवा किमनेनैकेन घातितेन 'सर्वाण्येव' मन्त्रिमानुषाणि 'दहत' भस्मीकुरुत । येनोन्मत्तकान्येतानि वर्त्तन्त इति । ततः किंकरगमो मन्त्रिगृहे । ग्रहणं कुटुम्बस्य प्रारब्धं । भण्डना च मन्त्रिपरिवारेण सह लग्ना । मन्त्रिणोक्तं प्रेक्षामहे तावद्देव ! इति ॥३३६॥

दृष्टे चात्र राज्ञि मन्त्रि प्राह-योगाद् मञ्जूषासम्बन्धात् समुद्घाट्येत्यर्थः । तत्त्वं मत्पुत्रकृतोऽन्यकृतो वाऽयमनर्थ इत्येवंलक्षणं 'जानीहि' समवबुध्यस्व स्वात्मनैव । ततो गतो राजा मञ्जूषोद्घाटनार्थम् । दृष्टायां च तस्यां मुद्रासंवाद उद्घाटने कृते सति निरूपणानि भालना यावत् क्रियते, तावत् क्षुरिकायुक्तया वेण्या समुपलक्षितो मन्त्रिसुतो दृष्टः ॥३३७॥

साध्वसं भयं तद्दर्शने किमिदमित्थमसंभाव्यं दृश्यते । एवं मीमांसयितुमारब्धे मन्त्रिणोक्तं देवो. जानाति तत्त्वं योऽस्या रक्षकत्वेन व्यवस्थित इति । तस्माद् विस्मय-स्त्वाश्चर्यं च सर्वेषामहोऽदृष्टाऽश्रुतपूर्व्वमिदमिति । ततः 'तत्पुच्छ'त्ति मन्त्रिपृच्छा, पूजना च तस्य राज्ञा कृता । मन्त्रिणोक्तं-देव! सर्वनाशस्ते पुत्राद् भविष्यतीति एतावदेव नैमित्तिकादुपलब्धं नो वेणिच्छेदादिति ॥३३८॥

इतस्त्वेतस्मादेव नैमित्तिकवचनात् किलेत्याप्तप्रवादरूपात् प्रवृत्तोऽत्र पुत्रसंगोपनेऽहं यावत्तावदेतद् नैमित्तिकोक्तं संवृत्तम् । इतिरर्थपरिसमाप्तौ । अथ निगमयन्नाह-एवमुक्त-नीत्याऽचिन्त्यमचिन्त्यसामर्थ्यं कर्म यदित्थं विहितप्रतीकारमपि फलाय समुपस्थितम् 'वीर्यमपि च' पराक्रमोऽपि बुद्धिमतोऽचिन्त्य एव य इत्थं समुपस्थितमपि कर्म विफली-करोतीति ॥३३९॥॥

॥ समाप्तं ज्ञानगर्भोदाहरणम् ॥

આ જ ઉદાહરણને દશ ગાથાથી વર્ણન કરતા કહે છે–

## જ્ઞાનગર્ભ મંત્રીની કથા

શ્રી વર્ધમાનસ્વામીના મામા ચેટક રાજાના મહેલોથી શોભતી વૈશાલી નામે નગરી હતી. તે નગરીમાં સુવિશાલ કુલીન-સુવિશુદ્ધ શીલસંપન્ન લોકો રહેતા હતા. જે હિમાલય પર્વતના શિખર જેવા ઊંચા મનોહર શિખરના રૂપ(શોભા)થી ઝાંખું કરાયું છે અંબરતળ જેના વડે એવા શ્રી મુનિસુવ્રતસ્વામીના સ્તૂપથી જેનો મધ્યભાગ સુરમ્ય છે. આ નગરીનો યશ પુરાણ કથાઓમાં વર્ણન કરાયેલ ઉત્તમ નગરોમાં વિખ્યાત થયો છે. તેમાં પોતાના સત્ત્વથી સ્વાધીન કરાઇ છે પૃથ્વી જેના વડે એવો જિતશત્રુ રાજા રહેતો હતો. તેને યથાવસરે સામ-દામ-દંડ-ભેદ નીતિને પ્રવર્ત્તાવનાર, રાજવંશની સાથે ઉત્પન્ન થયેલ મંત્રીવંશમાં પ્રાપ્ત થયો છે પવિત્ર જન્મ જેને, સકળ રાજકાર્યમાં સજ્જ, તે તે કાર્યો પાર પાડવામાં આશ્ચર્યકારી, સર્વ વેરીઓ માટે શૂળ સમાન, દુઃખેથી અને સૂક્ષ્મબુદ્ધિથી જાણી શકાય તેવા કાર્યોમાં ચક્ષુષ્માન અર્થાત્ સૂક્ષ્મ બુદ્ધિવાળો, હંમેશા હિતચિંતા કરવાથી પિતા જેવો એવો જ્ઞાનગર્ભ નામે મંત્રી હતો. સામંત વગેરે લોકને માન્ય હતો. તેને હંમેશા રાજકૃપા પ્રાપ્ત થઇ હતી. સર્વ **અર્થથી**[1] પરિપૂર્ણ હતો. સુવિશાલ-સુશીલ-કુલવાળો હતો. સંપૂર્ણ અનુચિત કાર્યોનો ત્યાગી હતો. રાજાની સાથે સમાન ચિત્તવાળો દિવસો પસાર કરે છે.

અન્યદા રાજસભામાં પોતપોતાના સ્થાને સભાવર્ગ બેઠેલો હતો ત્યારે અને ઈન્દ્ર જેવી સારભૂત શોભાવાળો રાજા સિંહાસન ઉપર બેઠો હતો ત્યારે પૃથ્વીતલ ઉપર મસ્તક નમાવીને દ્વારપાળે પ્રણામ કરીને આ પ્રમાણે વિંનતી કરી "હે સ્વામિન્! સ્વામીના દર્શન માટે ઉત્સુક એક નિમિત્તિઓ ક્યાંયથી આવીને દરવાજા ઉપર ઊભો છે." દ્વારપાળે રાજાની અનુજ્ઞા મેળવીને તેને રાજસભામાં દાખલ કરાવ્યો. ઉચિત સત્કાર કરીને કૌતુક સહિત સિંહાસન પર બેઠેલા રાજાએ તેનું જ્ઞાન જાણવા પૂછ્યુંઃ થોડા દિવસોમાં કોને અપૂર્વ સુખ કે દુઃખ થશે? પછી અષ્ટાંગ નિમિત્તશાસ્ત્રને જાણનારાએ કહ્યુંઃ હે સ્વામિન્! સ્વચ્છંદતાથી રહિત તમારા વડે પૂછાયે છતે શાસ્ત્રમાં કહેવાયેલા અર્થને કહેતા હું દોષવાળો નહીં થાઉં. જે આ મંત્રીઓની શ્રેણિમાં શિરોમણિપણાને પામેલ છે તેના સ્વકુળમાં અતિ ઘોર મારિ ઉત્પન્ન થઇ છે. રાજા– કેટલા કાળ પછી નિશ્ચય થશે? નૈમિત્તિક–વર્ષોથી નહીં, મહિનાઓથી નહીં પણ આટલા પખવાડિયાની આસપાસ નિશ્ચય થશે. પછી વજ્રથી હણાયેલાની જેમ સભા ક્ષણથી પીડાવાળી મૌન થઇ. પછી જલદીથી ધીરમાનસવાળો મંત્રી કોઇથી પણ ન જણાય એ રીતે ત્યાંથી નીકળી ગયો અને નૈમિત્તિકને પોતાને ઘરે લાવે છે. વસ્ત્ર-પુષ્પ શ્રેષ્ઠ-

૧. **સર્વ અર્થ**= બધા પ્રયોજનો પૂર્ણ થતાં હતાં.

ભોજનાદિના દાનથી તેનો મોટો સત્કાર કર્યો અને ઘણાં પ્રેમપૂર્વકના વાર્તાલાપથી સંતોષ્યો. થોડીવાર રહીને પૂછ્યું કે કયા અસાધારણ(ખાસ)કારણથી આ મારિ પ્રગટ થશે? **નૈમિત્તિક**– આ તારા મોટા પુત્રના નિમિત્તથી થશે. આ મારિ નિશ્ચયથી મારા કુળમાંથી પ્રગટ થશે એની ચોક્કસ નિશાની શું છે? **નૈમિત્તિક**– અમુક દિવસે તને રાત્રિમાં ખરાબ સ્વપ્ન આવશે. આ પ્રમાણે કાર્યનું રહસ્ય જાણીને તથા નૈમિત્તિકનું પૂજન કરીને, પરમ આદરથી તેને વારે છે કે તારે આ વાત ક્યાંય ન જણાવવી. નૈમિત્તિક પોતાના સ્થાને ગયો.

અન્ય દિવસે પ્રધાને ચારેબાજુ અતિ ઘણાં અંધકારના સમૂહથી શ્યામ કરાયું છે આકાશ જેના વડે એવા ધૂમ જ્વાળાઓથી મારું ઘર સળગે છે એમ સ્વપ્નમાં જોયું. પછી મંત્રીએ કુળના મૂળ સમાનપુત્રને વિશ્વાસપૂર્વક જણાવ્યું કે તારા જન્મ સમયે ભેગા થયેલા જ્યોતિષીઓએ વિશ્વાસપૂર્વક જેને કહ્યું હતું તે પ્રલય હમણાં તારા નિમિત્તે ઉત્પન્ન થતો જણાય છે તેથી એક પખવાડિયા માટે તું સુવિશુદ્ધ ભાવમાં સ્થિર થા જેથી ઉત્પન્ન થયેલા આ સંકટને કોઈપણ રીતે નિષ્ફળ કરીએ. જો હું આ સંકટને નિષ્ફળ ન કરું તો સકળ જગતમાં પ્રસિદ્ધ એવી મારી આ બુદ્ધિની પ્રાપ્તિ થવાનો શો લાભ? ગ્રહચાર, સ્વપ્ન, શકુનાદિ અને નિમિત્તની ગતિ અતિ વિચિત્ર છે અને ઉત્પન્ન થયેલા ગ્રહચારાદિ દેવની જેમ કોઈકને ક્યારેક ફળે છે. તેથી બુદ્ધિમાનોએ તેનાથી ભય ન પામવો જોઈએ પરંતુ તેને જીતવા ધીરજને ધરતા પુરુષોએ હંમેશા ઉચિત ઉપાયો કરવા જોઈએ. નિપુણ નીતિને વરેલા, જેમણે સદંતર કુમાર્ગ(દુરાચાર)નો ત્યાગ કર્યો છે એવા પુરુષોનો કાર્યારંભ ભાગ્યથી અન્યથા નિર્માણ કરાયો હોય તો પણ દોષ માટે થતો નથી. અર્થાત્ નીતિમાન સજ્જનોએ કાર્યનો આરંભ કર્યો હોય અને કદાચ ભાગ્યથી નિષ્ફળ નીવડે તો પણ દોષ માટે નથી. તેથી હે પુત્ર! આ પેટીમાં એક પખવાડિયા માટે પ્રવેશ કર. શરીરને ટકવા માટે ભોજન જળ આદિની વ્યવસ્થા કરવામાં આવી છે.

પછી તે પ્રમાણે કરાયે છતે મંત્રીએ રાજા પાસે જઈને નિવેદન કર્યું કે આ ધન વંશ પરંપરાથી પ્રાપ્ત થયેલું છે અને પ્રયોજન વશથી આપને સ્વાધીન કરેલ છે. પછી રાજાએ કહ્યું: તું ભય ન પામ. કોણ જાણે છે કાલે શું થશે? રાજા પેટીને લેવા ઇચ્છતો નથી છતાં પ્રધાને તેને સુપ્રત કરી. તે પેટી રાજાના ભંડારઘરમાં લઈ જવાઈ અને કહ્યું: હે દેવ! આ પેટીમાં સર્વસારભૂત વસ્તુઓ છે અને મારા ઉપર ઉપકાર કરીને સર્વ આદરથી એક પખવાડિયા સુધી રાખો. અને પેટીને સર્વબાજુએથી તાળા લગાવવામાં આવ્યા અને ઢાંકણ ઉપર મહોર લગાવવામાં આવી. દરેક પહોરમાં બે પહેરેગીરો ગોઠવવામાં આવ્યા.

આ પ્રમાણે કાર્યની સારી રીતે વ્યવસ્થા કરીને પ્રધાન એક ક્ષણ વિસ્મયથી રહે છે. શું આ મારો પ્રયોગ નિષ્ફળ થશે? અને ભાગ્ય અચિંત્યને કરનારું છે અથવા કંઇપણ નહીં બને એમ વિષાદથી જેટલામાં રહે છે તેટલામાં તેરમા દિવસે પ્રભાત સમયે કન્યાના અંતઃપુરમાં રહેલી રાજાની એક કન્યાનો વેણીછેદ થયો. આ વેણીછેદ કોણે કર્યો ? એ પ્રમાણે રાજા કારણની ચિંતામાં છે તેટલામાં ક્યાંયથી પ્રવાદ થયો કે મંત્રીના મોટા પુત્રે આ વેણીછેદ કર્યો. નક્કીથી મંત્રીપુત્ર વડે આ પોતાના ઘરની શય્યામાં સૂતેલી કન્યાની પાસે આવીને વિનંતિ કરાઇ છે કે હે સારી રીતે વિકસિત કમલાક્ષી! મારી સાથે રમણ કર. ઘણી પણ વાર કહેવાયેલી જેટલામાં આ ઇચ્છતી નથી તેટલામાં ગુસ્સે થયેલા મંત્રીપુત્રે હાથમાં છૂરી લઇ તેની વેણી છેદી. પછી આંસુથી પૂર્ણ આંખવાળી, વિષાદમુખી વિરસ રડતી કન્યાએ પિતાની પાસે જઇ સર્વ વૃત્તાંત જણાવ્યો. ઉત્પન્ન થયેલ પ્રચંડકોપ રૂપી દાવાનળથી લાલ થયું છે શરીર જેનું એવો રાજા નગરના આરક્ષકોને આ પ્રકારે કહે છે કે તમો શૂળારોપણ વગેરે દુઃખોના મારથી મંત્રીપુત્ર જલદીથી મરે તેમ કરો અથવા સચીવાધમના ઘરની ચારેબાજુ ઘાસ, છાણ અને લાકડાના ભારાઓ ખડકીને મોટો ભડકો કરીને સર્વ સળગાવી દો કારણ કે મારી પરમ કૃપા મેળવીને આ ઉન્મત્ત થયો છે, નહીંતર આઓને આવા પ્રકારનું આચરણ કેવી રીતે હોય? ભયંકર કપાળની ભૃકુટિના ભંગવાળા, યમરાજના સૈનિક સમાન, વિકરાળ આંખોવાળા, તત્ક્ષણ જ નિયુક્ત પુરુષો અમાત્યના ઘરે પહોંચ્યા. જેટલામાં મંત્રીના કુટુંબને હાથ પકડીને કાઢવા લાગ્યા તેટલામાં મંત્રીના પણ ભટો હાકોટા કરતા ઊભા થયા. દંડ ઉગામીને લડાઇ કરવા તૈયાર થયેલા સૈનિકોને જોઇને ધીરચિત્તથી મંત્રીએ નિવારણ કરતા રાજપુરુષોને કહ્યુંઃ "આવા પ્રકારનો અણઘટતો પ્રસંગ ઉપસ્થિત થયો તેમાં શું કારણ છે?" તેઓ કહે છે કે આજે તારા પુત્રે રાજકન્યાનો વેણીચ્છેદ કર્યો છે. પછી મંત્રી વિચારે છે કે આ અચિંત્ય કર્મ ઉપસ્થિત થયું. આવા પ્રકારના અપરાધ સેવનારાઓને આના સિવાય બીજો કોઇ દંડ નથી તો પણ હું સ્વામીને મળું એમ સૈનિકોને કહ્યું.

સૈનિકોના રોધથી વિકૃત દૃષ્ટિને છુપાવીને સભામાં રહેલા રાજાને જોઇને મંત્રી પ્રણામ કરી પૂછે છે કે હે દેવ! મારી મંજૂષાને જોઇને, વાસ્તવિક પરિસ્થિતિની વિચારણા કરીને પછી મને દંડ આપવો યોગ્ય છે, કારણ કે મહાપુરુષો સારી રીતે વિચારણા કરીને કાર્યો કરનારા હોય છે. રાજા મંત્રીની વાતનો સ્વીકાર કરી જેટલામાં મંજૂષાની પાસે જાય છે અને મુદ્રાને જુએ છે ત્યારે પૂર્વની જેમજ તાળા અને મુદ્રા લગાવેલા છે. મંત્રી નગરના પરિજન સમક્ષ તાળાઓ ખોલાવીને જુએ છે ત્યારે સર્વે નગરજનો હાથમાં રહેલી છુરિકા અને વેણીવાળા, સુપ્રસન્ન મુખવાળા સચિવપુત્રને જુએ છે. પછી ભયથી પરમ વિહ્વળતાને વહન કરતા પરસ્પરના મુખને જોતા કહેવા લાગ્યા કે હે અમાત્ય! આ શું આશ્ચર્ય જોવાય છે? મંત્રી જવાબ આપે છે કે અહીં દેવ જ પરમાર્થને જાણે છે બીજો કોઇ જાણતો નથી.

જેના ઘરમાં મંજૂસા રાખવામાં આવી છે, જેના ઉપર ચોકીદારો ગોઠવવામાં આવ્યા છે, જેના ઉપર મુદ્રાઓ લગાવેલી છે, જેના ઉપર તાળાઓ મારેલા છે ત્યાં રાજા સિવાય બીજો કેવી રીતે જાણી શકે? મોહિત થયેલો રાજા કહે છે કે આ સર્વ તારા જ્ઞાનનો વિષય છે. પછી રાજાવડે સર્વ અલંકારો મંત્રીને અર્પણ કરાયે છતે સચિવ કહે છે કે હે દેવ! આના ઉપરથી મેં એટલું જાણ્યું કે તે મારા પુત્રથી આનો સર્વ વિનાશ થાત પણ આટલો વેણીછેદ ન થાત. તમારા વિશ્વાસને માટે મેં પુત્રને મંજૂષામાં સારી રીતે છુપાવીને તમારી સમક્ષ રાખેલ હતો જેથી હું અપરાધી બનતો નથી. પૂર્વભવના કોઇ વૈરી દેવે મારા દુઃખ માટે આવા રૂપને લઇને સર્વ કાવતરું કરેલ છે. વિશ્વાસ પામેલા સર્વેએ કહ્યું કે 'આ એમ જ છે.' નહીંતર કેવી રીતે સારી રીતે રક્ષાયેલો મંત્રીપુત્ર આવું કાર્ય કરી શકે? હે દેવ! કર્મ અચિંત્ય છે ઉપાય કરવાથી આવી રીતે અનુરૂપ ફળ આપે છે. બુદ્ધિમાનનું ચારિત્ર પણ કર્મના ઉદયને હરે છે. અવસરને મેળવીને કોઇકનું કર્મ બળવાન બને છે તથા કોઇકનો પુરુષાર્થ બળવાન બને છે. આ પ્રમાણે જ પરિણત પુરુષોના વ્યાપાર જેવું આઓનું ચરિત્ર છે. કહ્યું છે કે, "ક્યાંક જીવ બળવાન છે, ક્યાંક કર્મો બળવાન હોય છે ક્યાંક ધનવાન બળવાન છે ક્યાંક કરજદાર બળવાન છે." આ પ્રમાણે તે જ્ઞાનગર્ભ મંત્રીએ પોતાના નામ મુજબ આચરણ કરીને લોકમાં લક્ષ્મી તથા ચંદ્રના કિરણ સમાન ઉજ્જ્વળ યશ પ્રાપ્ત કર્યો.

**હવે સંગ્રહ ગાથાનો શબ્દાર્થ–**

વૈશાલી નામની નગરી છે તેમાં જિતશત્રુ રાજા છે તેનો જ્ઞાનગર્ભ નામનો મંત્રી છે કોઇક વખત રાજા સભામાં બેઠેલો હતો ત્યારે નૈમિત્તિકનું આગમન થયું. અતિકુતૂહલતાથી રાજાએ અવસર વિના નૈમિત્તિકને પ્રશ્ન કર્યો કે સભામાં કોને અપૂર્વ સુખ કે દુઃખ આવશે? (૩૩૦)

**નૈમિત્તિકે** કહ્યું: મંત્રી ઉપર મારિ પડશે. **રાજા**– ક્યારે થશે? **નૈમિત્તિક**– પખવાડીયાની અંદર થશે. ત્યારે રાજા વગેરે સર્વે પણ મૌન થયા. પછી સભામાંથી મંત્રી નીકળીને ઘરે ગયો અને પ્રસંગે નૈમિત્તિકને પોતાના ઘરે બોલાવ્યો. (૩૩૧)

પછી એકાંતમાં **નૈમિત્તિકને** પૂછ્યું કે કેવી રીતે મારિ પડશે? **નૈમિત્તિક**– પુત્રના દોષથી મારિ પડશે. કુસ્વપ્નથી તને ખાતરી થશે. પછી નૈમિત્તિકની પૂજા કરી અને નૈમિત્તિકને નિષેધ કર્યો કે તારે આ વાત કોઇને ન કહેવી. કુસ્વપ્નથી ખાતરી થઇ ત્યારે પુત્ર સાથે વિચારણા કરીને તેનો નિરોધ કર્યો. (૩૩૨)

ક્યાં નિરોધ કર્યો? પેટીમાં પુત્રને પૂર્યો અને પુત્ર નિમિત્તે ભોજન પાનની પંદર દિવસની વ્યવસ્થા કરી અને તાળા મારવામાં આવ્યા. પછી મંત્રીએ રાજાને કહ્યું કે મારા ધનનો સ્વીકાર કરો. રાજાની ઇચ્છા નહીં હોવા છતાં કોઇક ઉપરોધથી તેનો સ્વીકાર કરી રાજકુળમાં લઇ ગયો. (૩૩૩)

અને કહ્યું: હે દેવ! આ મંજૂષામાં સર્વસારભૂત વસ્તુ છે. **રાજા**– તારા ઉપર સંકટ આવવાનું છે ત્યારે આ સર્વ સારભૂત વસ્તુનું તારે શું પ્રયોજન છે? **મંત્રી**– તો પણ હે દેવ! એક પખવાડિયું આનું રક્ષણ કરો અને બીજા પાસે રક્ષણ કરાવો. પછી રાજાએ ઢાંકણ ઉપર તથા અન્યસ્થાને તાળા અને શીર્ષમુદ્રા લગાવડાવી તથા આઠ-દિવસ રાત્રિ સુધી પહેરેગીરો રાખ્યા. (૩૩૪)

આ પ્રમાણે વ્યવસ્થા કર્યા પછી તેરમા દિવસે રાજાની પુત્રીનો અકસ્માત વેણીછેદ થયો અને આ વેણીછેદ મંત્રીપુત્રથી થયો છે એવો જનપ્રવાદ પ્રગટ થયો. સ્વયં જિતશત્રુ રાજાએ પુત્રીને રડતી જોઇ ત્યારે ઘણા કોપવાળો થયો. (૩૩૫)

રાજાએ કહ્યું: મંત્રીપુત્રને મારી નાખો અથવા આ એકને મારવાથી શું? બધા જ મંત્રી પરિવારને સળગાવી દો. કેમકે તેઓ આવા ઉન્મત્ત થયા છે. પછી રાજસૈનિકો મંત્રીના ઘરે ગયા. મંત્રીના ઘરે જઇ કુટુંબને પકડવા લાગ્યા અને મંત્રીના પરિવાર સાથે ઝગડો થયો એટલે મંત્રીએ કહ્યું: હું રાજાને મળું છું. (૩૩૬)

મંત્રી રાજાને મળ્યો અને કહ્યું: પેટી સંબંધી તપાસ કરી મારા પુત્રનો દોષ છે કે અન્યનો દોષ છે તે સત્ય હકીક્ત તમે સ્વયં જ જાણો પછી રાજા પેટી ખોલવા માટે ગયો અને તે પેટી ઉપર મુદ્રા યથાવત્ જાણી પછી ઉઘાડીને પેટીને જુએ છે તો છુરિકાથી યુક્ત વેણી સહિત મંત્રીપુત્ર જોવામાં આવ્યો. (૩૩૭)

તેના દર્શનથી ભય ઉત્પન્ન થયો અને આ પ્રમાણે અસંભવ્ય વસ્તુ કેમ જણાય છે? આ પ્રમાણે લોક વિચારવા લાગ્યો. મંત્રીએ કહ્યું: દેવ તત્ત્વને જાણે છે. કેમકે રાજાએ જ આ પેટીના રક્ષણની વ્યવસ્થા કરેલી છે. તેનાથી સર્વને વિસ્મય અને આશ્ચર્ય થયું કે અહો! આવું અપૂર્વ ક્યારેય જોયું કે સાંભળ્યું નથી. પછી રાજાએ મંત્રીને પૂછ્યું અને સત્કાર કર્યો. મંત્રીએ કહ્યું: હે દેવ! અમારો (મંત્રી કુટુંબનો) સર્વનાશ પુત્રથી થશે પણ વેણીછેદથી નહીં થાય આટલું મેં નૈમિત્તિક પાસેથી જાણ્યું હતું. (૩૩૮)

આથી જેટલામાં આપ્ત એવા આ નૈમિત્તિકના વચનથી હું પુત્રને છુપાવવા પ્રવૃત્ત થયો તેટલામાં નૈમિત્તિકે બતાવ્યા મુજબ સર્વ હકીકત બની. ઇતિ શબ્દ સમાપ્તિ માટે વપરાયો છે.

હવે ઉપસંહાર કરતા જણાવે છે કે આ પ્રમાણે કહેવાયેલી નીતિ મુજબ આ કર્મ અચિંત્ય સામર્થ્યવાળુ હતું અને આવા પ્રકારના ઉપાયથી રોકવા માટે પ્રયત્ન કરાયો હોવા છતાં ફળ આપવા ઉપસ્થિત થયું અને બુદ્ધિમાનનું પરાક્રમ પણ અચિંત્ય છે જે આવા પ્રકારના ઉપસ્થિત થયેલ કર્મને નિષ્ફળ કરે છે. (૩૩૯)

જ્ઞાનગર્ભ મંત્રીનું ઉદાહરણ સમાપ્ત થયું.

आह—"अवश्यमेव हि भोक्तव्यं कृतं कर्म शुभाशुभम् । नाभुक्तं क्षीयते कर्म्म कल्पकोटिशतैरपि" ॥१॥ इति सर्वलोकप्रवादप्रामाण्यात् कथं तत्कर्म फलदानाभिमुखमप्यदत्तफलमेव निवृत्तमित्याशङ्क्याह—

अणिययसहावमेयं, सोवक्कमकम्मुणो सरूवं तु ।
परिसुद्धाणाजोगो, एत्थ खलु होइ सफलो त्ति ॥३४०॥

इहाध्यवसायवैचित्र्यात् प्रथमतोऽपि जीवा द्विप्रकारं कर्म्म बध्नन्ति । तत्रैकं शिथिलपरिणामतया फलं प्रत्यनियतरूपम्, अन्यच्चात्यन्तदृढपरिणामनिबद्धतयाऽवश्यं स्वफलसम्पादकत्वेनावन्ध्यसामर्थ्यमिति । एवं कर्मणो द्वैविध्ये व्यवस्थितेऽनियतस्वभावं फलं प्रत्येतदनन्तरदृष्टान्तनिरूपितम्, सोपक्रमकर्मणः सोपक्रमस्य तत्तद्द्रव्यादिसामग्रीमपेक्ष्य प्रतीकारसहस्य कर्मणोऽसद्वेद्यायशःकीर्त्तिलाभान्तरायादिलक्षणस्य स्वरूपं तु स्वलक्षणं पुनः । यदि नामैवं ततः किमित्याह—परिशुद्धाज्ञायोगो यः प्राक् "परिसुद्धाणाजोगा पाएणं आयचित्तजुत्ताणं । अइघोरंपि हु कम्मं न फलइ तहभावओ चेव ॥१॥" अनेन ग्रन्थेन सर्वकर्मोपक्रमकारणतया सामान्येन निरूपितः सोऽत्रानियतस्वभावे कर्मस्वरूपे, खलुरवधारणे, भवति सफल उपक्रमरूपस्वफलप्रसाधक इति ॥३४०॥

"કરેલું શુભકર્મ કે અશુભકર્મ અવશ્ય ભોગવવું પડે છે. અબજો કલ્પ[1] સુધી પણ ભોગવ્યા વિના ક્ષય પામતું નથી." એ પ્રમાણે સર્વલોકમાં પ્રવાદ છે, અને એ પ્રવાદ પ્રામાણિક છે. તેથી ફલ આપવા માટે સન્મુખ થયેલું પણ કર્મ ફલ આપ્યા વિના જ નિવૃત્ત કેવી રીતે થાય? આવી આશંકા કરીને કહે છે—

**ગાથાર્થ**—સોપક્રમ કર્મનું આ સ્વરૂપ અનિયતસ્વભાવવાળું છે. તેથી અહીં પરિશુદ્ધ આજ્ઞાયોગ અવશ્ય સફળ થાય છે.

**ટીકાર્થ**—અહીં અધ્યવસાયની વિચિત્રતાથી જીવો પહેલાંથી બે પ્રકારનું કર્મ બાંધે છે. તેમાં એક કર્મ શિથિલ પરિણામથી બંધાયું હોવાના કારણે ફળ પ્રત્યે અનિયત સ્વરૂપવાળું હોય છે. બીજું કર્મ અત્યંત દૃઢ પરિણામથી બંધાયેલું હોવાના કારણે અવશ્ય પોતાનું ફળ પ્રાપ્ત કરતું હોવાથી અવંધ્ય(=નિષ્ફળ ન જાય તેવા) સામર્થ્યવાળું હોય છે. આથી જ્ઞાનગર્ભ મંત્રીના દૃષ્ટાંતથી હમણાં જ જણાવેલું સોપક્રમકર્મનું સ્વરૂપ ફળ આપવામાં અનિયત સ્વભાવવાળું છે.

૧. બ્રહ્મા જગતની સૃષ્ટિ કરે છે અને જગતનો વિનાશ પણ કરે છે એમ અજ્ઞાન લોકો માને છે. અહીં જગતની સૃષ્ટિથી માંડીને જગતનો પ્રલય થાય ત્યાં સુધી જેટલો કાળ થાય તેટલા કાળને કલ્પ કહેવામાં આવે છે. આવા અબજો કલ્પ સુધી પણ ભોગવ્યા વિના કર્મ ક્ષય પામતું નથી.

તે તે દ્રવ્યાદિ સામગ્રીની અપેક્ષા રાખીને અસાતાવેદનીય, અયશ-કીર્તિ (નામકર્મ) અને લાભાન્તરાય વગેરે જે કર્મનો પ્રતિકાર થઇ શકે તે કર્મ સોપક્રમ (ઉપક્રમથી સહિત) છે, એટલે કે ફળ આવ્યા વિના પણ નાશ પામે તેવું છે.

પૂર્વે (૩૨૩મી ગાથામાં) પરિશુદ્ધ આજ્ઞાયોગ સર્વકર્મના ઉપક્રમનું કારણ છે એમ સામાન્યથી પરિશુદ્ધ આજ્ઞાયોગનું સ્વરૂપ જણાવ્યું છે. તે આ પ્રમાણે-"પરિશુદ્ધ આજ્ઞાના યોગથી આત્મચિત્તયુક્ત જીવોનું અતિરૌદ્ર પણ કર્મ તેવા પ્રકારના સ્વભાવથી જ પ્રાયઃ ફળતું નથી."

તે પરિશુદ્ધ આજ્ઞાયોગ અનિયતસ્વભાવવાળા કર્મસ્વરૂપમાં અવશ્ય સફલ બને છે, એટલે કે ઉપક્રમ(=નિમિત્ત દ્વારા કર્મનો નાશ થવા) રૂપ પોતાના ફલને સાધે છે. (૩૪૦)

**अथ प्रस्तावादेव कर्मसंज्ञकस्य दैवस्यात्मवीर्यरूपस्य च पुरुषकारस्य समस्कन्धतां दर्शयन्नाह —**

**इत्तो उ दोवि तुल्ला, विण्णेया दिव्वपुरिसकारत्ति ।**
**इहरा उ णिप्फलत्तं, पावइ णियमेण एक्कस्स ॥३४१॥**

**इतस्त्वित एव कर्म्मोपक्रमाद् द्वावपि तुल्यौ सर्वकार्याणां तदधीनत्वाच्च सदृशसामर्थ्यौ वर्त्तेते दैवपुरुषकारौ । इतिः पूरणार्थः । विपर्यये बाधकमाह-'इतरथा' त्वतुल्यतायां पुनर्निष्फलत्वमकिञ्चित्करत्वं प्राप्नोति नियमेनावश्यंभावेनैकस्यानयोर्मध्ये। यदि ह्येकस्यैव कार्यमायत्तं स्यात् तदा द्वितीयस्याकिञ्चित्करत्वेन वन्ध्यासुतादिवद् निष्फलभावेनावस्तुत्वमेव प्रसज्यत इति ॥३४१॥**

## દૈવ-પુરુષાર્થનું વર્ણન

**હવે પ્રસંગથી જ જેની કર્મસંજ્ઞા છે એવા દૈવના અને આત્મવીર્ય રૂપ પુરુષાર્થના સમાન બળને બતાવતા ગ્રંથકાર કહે છે–**

**ગાથાર્થ**–આથી જ દૈવ અને પુરુષાર્થ એ બંને તુલ્ય જાણવા. અન્યથા બેમાંથી એક નિયમા નિષ્ફળપણાને પામે.

**ટીકા–આથી જ**= કર્મનો ઉપક્રમ થતો હોવાથી જ.

**તુલ્ય છે**=તુલ્ય સામર્થ્યવાળા છે. સર્વ કાર્યો દૈવ અને પુરુષાર્થ એ બેને આધીન હોવાથી એ બંને સમાન બળવાળા છે.

**અન્યથા**=દૈવ અને પુરુષાર્થ એ બંને સમાન બળવાળા ન હોય તો.

સર્વકાર્યો દૈવ અને પુરુષાર્થ એ બેને આધીન છે, એટલે કે એ બંને ભેગા થાય તો જ કોઇપણ કાર્ય થાય. એથી જ બંને સમાન બળવાળા છે. જો કાર્ય એક જ કારણને આધીન હોય એટલે કે એક જ કારણથી કાર્ય થઇ જતું હોય તો બીજું કારણ

નકામું બને. બીજું કારણ નકામું બને તો ફળ ન મળવાના કારણે વન્ધ્યાપુત્રની જેમ અવસ્તુપણાનો (=વસ્તુના અભાવનો) પ્રસંગ આવે. (૩૪૧)

**अथानयोरेव स्वरूपं व्याचष्टे—**

**दारुयमाईणमिणं, पडिमाइसु जोग्गयासमाणत्तं ।**
**पच्चक्खादिपसिद्धं, विहावियव्वं बुहजणेण ॥३४२॥**

**'दारुकादीनां' काष्ठोपलाम्रादीनामिदं दैवं 'प्रतिमादिषु' प्रतिमादेवकुलपाकादिषु चित्ररूपेषु साध्यवस्तुषु 'योग्यतासमानं' योग्यभावतुल्यमिति । कीदृशं सदित्याह- 'प्रत्यक्षादिप्रसिद्धं' प्रत्यक्षानुमानोपमानादिप्रमाणप्रतिष्ठितं विभावयितव्यं 'बुधजनेन' विपश्चिता लोकेन । तथा हि-यथा दार्वादीनां सूत्रधारादयः प्रत्यक्षत एव विवक्षितं प्रतिमादिफलं प्रति योग्यतया निश्चिन्वन्ति, कृषीवलादयस्तु मुद्गादिषु सामान्येन विविक्षतकार्यं प्रति योग्यतया रूढेषु कुतोऽपि निमित्तात्सम्पन्नसंदेहा अङ्कुरोद्गमादिभिस्तैस्तैरुपायैः कार्ययोग्यतां समवधारयन्ति, एवं दिव्यदृशः साक्षादेव कर्म भाविफलयोग्यं निश्चिन्वन्ति। शेषास्तु तैस्तैः शकुनाद्युपायैरिति इत्युक्तं दैवलक्षणम् ॥३४२॥**

હવે દૈવ અને પુરુષાર્થ એ બેનું જ સ્વરૂપ કહે છે–

**ગાથાર્થ**–દૈવ પ્રતિમા આદિ વિવિધ કાર્યોમાં કાષ્ઠ આદિની યોગ્યતા સમાન છે. આ વિષય પ્રત્યક્ષ આદિથી પ્રસિદ્ધ છે. વિદ્વાનલોકોએ આ વિષયને વિચારવો.

**ટીકાર્થ**–**'પ્રતિમા આદિ'** એ સ્થળે 'આદિ' શબ્દથી મંદિર અને પાક (=પાકી જવું) વગેરે સમજવું.

**"કાષ્ઠ આદિની"** એ સ્થળે 'આદિ' શબ્દથી પથ્થર અને આંબો (=કેરી) વગેરે સમજવું.

**'પ્રત્યક્ષ આદિથી'** એ સ્થળે 'આદિ' શબ્દથી અનુમાન અને ઉપમાન વગેરે પ્રમાણ સમજવા.

**ભાવાર્થ**–જેવી રીતે સુથાર વગેરે પ્રત્યક્ષથી જ વિવક્ષિત પ્રતિમા આદિ ફલ (=કાર્ય) પ્રત્યે કાષ્ઠ આદિની યોગ્યતાનો નિશ્ચય કરે છે, કોઈક કારણથી સંદેહને પામેલા (=અમુક કાર્યમાં અમુકની યોગ્યતા છે કે નહિ એમ સંદેહને પામેલા) ખેડૂત વગેરે સામાન્યથી વિવક્ષિત કાર્યમાં યોગ્યતા રૂપે પ્રસિદ્ધ થયેલા મગ આદિમાં અંકુરનો ઉદ્‌ગમ વગેરે તે તે ઉપાયોથી કાર્યની યોગ્યતાનો નિર્ણય કરે છે, એવી રીતે ભાગ્યને જોનારાઓ પ્રત્યક્ષથી જ ભવિષ્યમાં મળનારા ફળને યોગ્ય કર્મ છે એવો નિશ્ચય કરે છે, અર્થાત્ કર્મ પ્રમાણે ભવિષ્યમાં ફળ મળે એવો નિશ્ચય કરે છે. આનો તાત્પર્યાર્થ એ છે કે જેવી રીતે પ્રતિમા આદિનું મુખ્ય કારણ સુંદર કાષ્ઠ વગેરે છે તેમ કોઈ પણ કાર્યનું મુખ્ય કારણ કર્મ છે એમ ભાગ્યને જોનારાઓ (=જાણનારાઓ) માને છે.

બાકીના (=ભાગ્યને જોનારા સિવાયના) જીવો તે તે શકુન વગેરે ઉપાયોથી ભવિષ્યમાં મળનારા ફળની યોગ્યતાનો નિર્ણય કરે છે, અર્થાત્ શકુન સારાં થયા હોય તો સારું ફળ મળશે ઇત્યાદિ નિર્ણય કરે છે. (૩૪૨)

**अथ योग्यतयैव भावानां स्वफलोदयो भविष्यति किमन्तर्गडुकल्पेन पुरुषकारेण कल्पितेनेत्याशङ्क्य पुरुषकारं समर्थयंस्तल्लक्षणमाह—**

**न हि जोगे नियमेणं, जायइ पडिमादि ण य अजोगत्तं ।**
**तल्लक्खणविरहाओ, पडिमातुल्लो पुरिसगारो ॥३४३॥**

**'न' नैव 'हि' यस्माद् 'योग्ये' दलभावापन्ने दार्वादौ नियमेनावश्यंतया जायते प्रतिमादि, किंतु कस्मिंश्चिदेव पुरुषकारोपगृहीते । न च वक्तव्यं "शक्तयः सर्वभावानां कार्यार्थापत्तिगोचरा:"इति वचनात् कार्यानुदये कथं योग्यता समस्तीति ज्ञातुं शक्यत इत्याशङ्क्याह-'न च' नैवायोग्यत्वं योग्यतया संभावितानां समस्ति । कुत इत्याह- तल्लक्षणविरहादयोग्यतालक्षणविपर्ययात् । न हि फलानुदयेऽपि व्यवहारिणः कारणम- कारणतया व्यपदिशन्ति, भिन्नलक्षणतया योग्यायोग्ययोः रूढत्वात्। यद्येवं शुभाशुभकार्यानु- कूलतया स्थिते दैवे किंरूपस्तत्र पुरुषकारः प्रवर्त्तते इत्याशङ्क्याह-'प्रतिमातुल्यः' प्रतिमानिष्पादनक्रियासदृशः पुरुषकारः । यथा हि योग्यमपि दारु न स्वयमेव प्रतिमात्वेन परिणमति, किंतु पुरुषकारादेव । एवं पुरुषकारापेक्षं दैवमपि स्वफलकारणमिति ॥३४३॥**

**હવે યોગ્યતાથી જ પદાર્થોના સ્વફલનો ઉદય (=ઉત્પત્તિ) થશે. આથી નકામા જેવા પુરુષાર્થની કલ્પના કરવાથી શું? આવી આશંકા કરીને પુરુષાર્થનું સમર્થન કરતા ગ્રંથકાર પુરુષાર્થના લક્ષણને કહે છે–**

**ગાથાર્થ**–યોગ્ય પણ કાષ્ઠ આદિમાં પ્રતિમા વગેરે થાય જ એવો નિયમ નથી. છતાં કાષ્ઠ આદિમાં અયોગ્યતા નથી. કેમકે (કાષ્ઠ આદિમાં) અયોગ્યતાનું લક્ષણ નથી. પુરુષાર્થ પ્રતિમાતુલ્ય છે.

**ટીકાર્થ**–પ્રતિમારૂપે બનવા માટે યોગ્ય પણ કાષ્ઠ આદિમાં પ્રતિમા વગેરે અવશ્ય થાય એવો નિયમ નથી. કિંતુ કોઇક જ કાષ્ઠ વગેરેમાં પુરુષાર્થની સહાયથી પ્રતિમા વગેરે થાય છે.

**પ્રશ્ન**–"શક્તિઓ સર્વપદાર્થોના કાર્ય રૂપ પદાર્થની સિદ્ધિના વિષયવાળી છે, અર્થાત્ જે પદાર્થમાં જે કાર્ય કરવાની શક્તિ હોય તે પદાર્થથી તે કાર્યની અવશ્ય સિદ્ધિ થાય છે." આવું વચન હોવાના કારણે જે પદાર્થમાં જે કાર્ય કરવાની શક્તિ હોય તે પદાર્થથી તે કાર્ય ન થાય તો તે પદાર્થમાં તે કાર્ય કરવાની યોગ્યતા છે એમ કેવી રીતે જાણી શકાય?

**ઉત્તર**–જે પદાર્થોમાં કાર્યની યોગ્યતા રૂપે સંભાવના કરાયેલી હોય તે પદાર્થોમાં કાર્ય ન થવા છતાં તે પદાર્થોમાં અયોગ્યતા નથી, અર્થાત્ તે પદાર્થોમાં કાર્યની યોગ્યતા નથી એમ ન મનાય. કારણ કે અયોગ્યતાનું જે લક્ષણ છે તે લક્ષણ તેમાં દેખાતું નથી. વ્યવહાર કરનારાઓ ફલ (–કાર્ય) ન થવા છતાં કારણનો અકારણ તરીકે (કારણ નથી એવો) વ્યવહાર કરતા નથી. કારણ કે યોગ્યતાનું અને અયોગ્યતાનું લક્ષણ ભિન્ન હોવાથી આ યોગ્ય છે અને આ અયોગ્ય છે એમ લોકમાં પ્રસિદ્ધ છે.

જો આ પ્રમાણે દૈવ (=કર્મ) અનુકૂળ હોય તો શુભ કે અશુભ કાર્ય થાય એમ નિશ્ચિત થયે છતે કેવા પ્રકારનો પુરુષાર્થ કાર્યમાં પ્રવર્તે છે, અર્થાત્ પુરુષાર્થનું સ્વરૂપ કેવું છે? એવી આશંકા કરીને ગ્રંથકાર કહે છે કે–પુરુષાર્થ પ્રતિમા સમાન છે, અર્થાત્ (કાષ્ઠમાં) પ્રતિમા ઉત્પન્ન કરવાની ક્રિયા સમાન છે. (આનો તાત્પર્યાર્થ એ છે કે કાષ્ઠમાં પ્રતિમા રૂપે બનવાની યોગ્યતા હોવા છતાં જો સુથાર વગેરે પ્રતિમા ઘડવાની ક્રિયા ન કરે તો કાષ્ઠમાંથી પ્રતિમા ન થાય. આથી) જેવી રીતે યોગ્ય પણ કાષ્ઠ સ્વયમેવ પ્રતિમારૂપે બની જતું નથી, કિંતુ પુરુષાર્થથી જ પ્રતિમા રૂપે બને છે, તેમ દૈવ પણ પુરુષાર્થના સહકારથી પોતાના ફલનું (=કાર્યનું) કારણ બને છે. (૩૪૩)

**अत्रैव प्रतिपक्षे बाधामाह—**

**जइ दारुं चिय पडिमं, अक्खिवइ तओ य हंत णियमेण ।**
**पावइ सव्वत्थ इमा, अहवा जोग्गं पजोग्गंति ॥३४४॥**

**यदि दार्वेव प्रतिमामाक्षिपति साध्यकोटीमानयति, 'ततश्च' तस्मादेव प्रतिमाक्षेपात् 'हंतेति' पूर्ववत्, नियमेन प्राप्नोत्यापद्यते सर्वत्र दारुणि 'इयं' प्रतिमा। प्रतिज्ञान्तरमाह- अथवा प्रतिमाऽनाक्षेपे योग्यमपि दारु अयोग्यं स्यादिति ॥३४४॥**

અહીં જ પ્રતિપક્ષમાં (પુરુષાર્થને કારણ તરીકે ન માનવામાં) થતી બાધાને (=દોષને) કહે છે–

ગાથાર્થ–જો કાષ્ઠ જ પ્રતિમાને બનાવી દે તો નિયમા સર્વકાષ્ઠમાં પ્રતિમાની પ્રાપ્તિ થાય, અથવા યોગ્ય પણ કાષ્ઠ અયોગ્ય બને. (૩૪૪)

**नन्वेवमप्यस्तु को दोष इत्याशङ्क्याह—**

**न य एवं लोगणीई, जम्हा जोगम्मि जोगववहारो ।**
**पडिमाणुप्पत्तीयवि, अविगाणेणं ठिओ एत्थ ॥३४५॥**

'न च' नैवैवं योग्यस्याप्ययोग्यतया लोकनीतिः शिष्टव्यवहारो दृश्यते, यस्माद् योग्ये योग्यव्यवहारो योग्यमिदमिति शब्दज्ञानप्रवृत्तिरूपः प्रतिमानुत्पत्तावपि कुतोऽपि हेतोः पुरुषकारवैगुण्येन प्रतिमायामनुत्पन्नायामप्यविगानेन बालाबलादिजनाविप्रतिपत्त्या स्थितोऽत्र दारुणि ॥३४५॥

ભલે એ પ્રમાણે થાઓ, એમાં શો દોષ છે? એવી આશંકા કરીને ગ્રંથકાર કહે છે–

**ગાથાર્થ**–યોગ્યને અયોગ્ય માનવાની લોકનીતિ નથી. કારણ કે પ્રતિમા ઉત્પન્ન ન થાય તો પણ કાષ્ઠમાં યોગ્યતાનો વ્યવહાર વિવાદ વિના રહેલો છે.

**ટીકાર્થ**–**લોકનીતિ**=શિષ્ટ લોકોનો વ્યવહાર. યોગ્યને યોગ્ય માનવું એવો શિષ્ટલોકોનો વ્યવહાર છે. કારણ કે યોગ્ય કાષ્ઠમાં કોઇપણ કારણથી પુરુષાર્થની ખામીના કારણે પ્રતિમાની ઉત્પત્તિ ન થઇ હોય તો પણ બાળક અને સ્ત્રી આદિ લોકના કોઈ વિવાદ વિના કાષ્ઠમાં "આ કાષ્ઠ પ્રતિમાને યોગ્ય છે" એવા શબ્દોની અને જ્ઞાનની પ્રવૃત્તિ થાય છે, અર્થાત્ "આ કાષ્ઠ પ્રતિમાને યોગ્ય છે" એવા શબ્દો બોલાય છે અને તેવું જ્ઞાન થાય છે. (૩૪૫)

एवं योग्यं दार्वेव प्रतिमामाक्षिपतीति निरस्तं प्रस्तुते योजयन्नाह—

**एवं जइ कम्मं चिय, चित्तं अक्खिवइ पुरिसगारं तु ।**
**णो दाणाइसु पुण्णाइभेय मोऽज्झप्पभेएण ॥३४६॥**

'एवं' परोपन्यस्तप्रतिमामिव यदि चेत् 'कर्मैव' दैवसंज्ञितं 'चित्रं' नानारूपमाक्षिपति स्वोपग्रहकारितया सन्निहितं करोति गलगृहीततथाविधकिङ्करवत् पुरुषकारमुक्तरूपं पुनः। तदा नो 'दानादिषु' परलोकफलेषु क्रियाविषेशेषु शुभाशुभरूपेषु 'पुण्यादिभेदः' पुण्यपापनानात्वं स्यात् । मो पूर्ववत् । अध्यात्मभेदतोऽध्यवसायभेदात् । यदि हि दैवायत्त एव पुरुषकारः क्रियासु शुभाशुभरूपासु व्याप्रियते प्रकृतिरेव करोतीति सांख्यमतमास्थितानां, तदा योऽयं दानादिक्रियासु शुभाशुभरूपकर्ममात्रहेतुका-स्वध्यात्मभेदात् पुण्यपापयोरुत्कर्षापकर्षकृतो भेदः सर्व्वास्तिकसम्मतः स कथं संगच्छते इति । तथा च पठ्यते-"अभिसन्धिः फलं भिन्नमनुष्ठाने समेऽपि हि । परमोऽतः स एवेह वारीव कृषिकर्मणि ॥१॥" इति ॥३४६॥

આ પ્રમાણે "યોગ્ય કાષ્ઠ જ પ્રતિમાને બનાવે" એ મતનું નિરાકરણ કર્યું. હવે તેને પ્રસ્તુતમાં જોડતા ગ્રંથકાર કહે છે–

**ગાથાર્થ**– એ પ્રમાણે જ જો વિવિધ કર્મ જ પુરુષાર્થને ખેંચી લાવે તો દાનાદિ ક્રિયાઓમાં અધ્યાત્મભેદથી પુણ્યાદિનો જે ભેદ થાય છે તે કેવી રીતે ઘટે?

**ટીકાર્થ–એ પ્રમાણે**=બીજાએ સ્થાપેલ પ્રતિમાની જેમ.

**અહીં ભાવાર્થ આ પ્રમાણે છે–** હમણાં જ બીજાએ કહ્યું કે કાષ્ઠની યોગ્યતા જ પ્રતિમાને બનાવે. જેમ કાષ્ઠની યોગ્યતા જ પ્રતિમાને બનાવે તેમ વિવિધ પ્રકારનું કર્મ જ પુરુષાર્થને ખેંચી લાવે, એટલે કે જેવી રીતે ગળે પકડીને નોકરને ખેંચી લાવવામાં આવે છે તેવી રીતે કર્મ જ પોતાને સહાય કરનારા પુરુષાર્થને નજીકમાં ખેંચી લાવે, તો પરલોકમાં ફલ આપનારી દાનાદિ શુભાશુભ ક્રિયાઓમાં અધ્યવસાયના ભેદથી પુણ્ય-પાપમાં જે ભેદ પડે છે તે ભેદ ન ઘટે.

સાંખ્યમતમાં શ્રદ્ધા રાખનારાઓ પ્રકૃતિ (=કર્મ) જ બધું કરે છે. એથી પુરુષાર્થ પણ કર્મને આધીન બનીને જ શુભાશુભ ક્રિયાઓમાં પ્રયત્ન કરે છે એમ માને છે. જો આમ માનવામાં આવે તો જે ક્રિયાઓ માત્ર શુભ કે અશુભ ફળનું કારણ છે તે દાનાદિ ક્રિયાઓમાં અધ્યવસાયના ભેદથી પુણ્ય-પાપના ઉત્કર્ષ-અપકર્ષથી કારેયલો ભેદ (આ ઊંચું પુણ્ય છે અને આ હીન પુણ્ય છે. આ અધિક પાપ છે અને આ અલ્પ પાપ છે. એવો ભેદ) કે જે ભેદ સર્વ આસ્તિકોને સંમત છે તે કેવી રીતે ઘટે? આ વિષે કહેવાય છે કે–

**"સમાન પણ અનુષ્ઠાનમાં તેવા પ્રકારના અધ્યવસાયથી ફલ ભિન્ન થાય છે. આથી ફલની સિદ્ધિમાં ખેતીના કામમાં પાણીની જેમ અધ્યવસાય જ મુખ્ય છે."**

**અહીં ભાવાર્થ આ પ્રમાણે છે**–ખેતીથી ફલની પ્રાપ્તિમાં પાણી મુખ્ય છે. જેવું પાણી હોય તેવું ફળ મળે. અનેક ખેડૂતો ખેતી એક સરખી કરે છતાં જુદા જુદા પાણીના કારણે દરેક ખેડૂતને ખેતીનું ફળ ભિન્ન-ભિન્ન મળે છે. આ પ્રમાણે ખેતીમાં જેમ પાણી મુખ્ય છે તેમ શુભાશુભ ક્રિયાઓમાં અધ્યવસાય (=ભાવ) મુખ્ય છે. તેથી જ અનેક જીવો ધર્મક્રિયા કે પાપક્રિયા સમાન કરે, છતાં દરેક જીવને પોતાના અધ્યવસાય પ્રમાણે એ ક્રિયાનું ફળ ભિન્ન-ભિન્ન મળે છે.

**તાત્પર્યાર્થ**–આ વિગત કર્મ (=પ્રકૃતિ) જ સર્વ શુભાશુભ ક્રિયા કરે છે એમ માનનાર સાંખ્યને આંખ સામે રાખીને કહેવામાં આવેલ છે. પ્રકૃતિ જ બધું કરે છે એમ માનવામાં આ ફળભેદ ન ઘટે. જેમ માલિક પોતાના નોકરને ગળે પકડીને ખેંચી લાવે તેમ કર્મ (=પ્રકૃતિ) પુરુષાર્થને (પુરુષને) ગળે પકડીને ખેંચી લાવે અને તેની પાસે દાનાદિ ક્રિયા કરાવે છે. આમ સાંખ્યના મતે કર્મ (=પ્રકૃતિ) જ મુખ્ય છે. એ પ્રકૃતિ એક પ્રકારની છે અને દાનાદિનું ફળ ભિન્ન-ભિન્ન મળે છે=વધારે–ઓછું મળે છે. તો આ કેવી રીતે ઘટે? પ્રકૃતિને જ કાર્ય કરનારી તરીકે માનવામાં પ્રકૃતિ એક જ પ્રકારની હોવાથી દાનાદિના ફળમાં પડતો ભેદ ઘટી શકે નહિ.[1] (૩૪૬)

૧. યોગબિંદુ ગાથા-૩૩૪.

पुनरपि परमतमाशङ्क्य परिहरति—

तारिसयं चिय अह तं, सुहाणुबंधि अज्झप्पकारित्ति ।
पुरिसस्स एरिसत्ते, तदुवक्कमणम्मि को दोसो? ॥३४७॥

'तादृशकं' विवक्षितभविष्यदध्यवसायसदृशमेव सत् । अथेति परिप्रश्नार्थः । तत्कर्म शुभानुबन्ध्यध्यात्मकारीति । उपलक्षणमिदं, ततः शुभानुबन्धिनोऽशुभानुबन्धिनश्चाध्यात्मस्य मनःपरिणामस्य कारणं वर्त्तत इति । आचार्यः-'पुरुषस्येदृशत्वे' तथाविधचित्रस्वभावत्वे सति 'तदुपक्रमणे' तस्य कर्मण उपक्रमणं परिकर्म मूलनाशो वा तत्र साध्ये को दोषः सम्पद्यत इति । यथा हि कर्मवादिनः कर्मैव कार्यकारि, पुरुषकारस्तु तदाक्षिप्तत्वाद् न किञ्चिदेव, तथा यदि पुरुषकारवादी ब्रूयाद् एष एव तादृशस्वभावत्वात्कर्मोपक्रम( ?मेण )शुभमशुभं वा फलमुपनेष्यतीति न कर्मणा किञ्चित्साध्यमस्तीति तदा को निषेधायकस्तस्य स्यादिति ॥३४७॥

ફરી પણ અન્યમતની આશંકા કરીને તેનું નિરાકરણ કરે છે–

**ગાથાર્થ**–ભવિષ્યમાં થનારા અધ્યવસાયના જેવું જ કર્મ શુભાનુબંધી કે અશુભાનુબંધી ચિત્તપરિણામનું કારણ છે. પુરુષાર્થને પણ તેવા વિચિત્ર સ્વભાવવાળો માનીને કર્મને ઉપક્રમ કરવા દ્વારા પુરુષાર્થ જ ફળને ઉત્પન્ન કરે એમ માનવામાં શો દોષ છે?

**ટીકાર્થ**–(પૂર્વ ગાથામાં "જીવને પોતાના અધ્યવસાય પ્રમાણે ક્રિયાનું ફળ ભિન્ન મળે છે" એમ સિદ્ધ કરવામાં આવ્યું છે. અહીં પ્રશ્ન થાય કે આ પ્રમાણે તો અધ્યવસાયના ભેદથી ફળભેદ થાય. પણ કર્મભેદથી ફળ ભેદ ન થાય. પ્રસ્તુતમાં કર્મવાદી કાર્યના કારણ તરીકે કર્મને જ માને છે. એટલે કારણમાં ભેદ હોય તો કાર્યમાં ભેદ થાય. આથી કર્મ પણ વિવિધ પ્રકારનું હોવું જોઈએ. આ પ્રશ્નના સમાધાનમાં અહીં ગ્રંથકાર કહે છે કે) ભવિષ્યમાં જેવા અધ્યવસાય થવાના હોય તેવા જ પ્રકારનું કર્મ ઉદયમાં આવીને શુભાનુબંધી કે અશુભાનુબંધી ચિત્તપરિણામનું કારણ છે. (આનાથી કર્મવાદીએ કર્મની વિચિત્રતા સિદ્ધ કરીને કર્મ જ કાર્ય કરનારું છે એમ સિદ્ધ કર્યું.)

અહીં આચાર્ય જવાબ આપે છે કે- જેમ કર્મવાદીના મતે કર્મ જ કાર્ય કરનારું છે, પુરુષાર્થ તો કર્મથી ખેંચાઇને આવેલું હોવાથી નકામો છે, તેમ પુરુષાર્થવાદી પણ કહી શકે કે પુરુષાર્થ જ તેવા પ્રકારના સ્વભાવવાળો હોવાથી (=કર્મનો ઉપક્રમ કરવાના સ્વભાવવાળો હોવાથી) કર્મનો ઉપક્રમ કરીને શુભ કે અશુભ ફળ (આત્માની) પાસે લઇ આવશે. આમ કર્મથી કંઇપણ સિદ્ધ કરવાનું રહેતું નથી. પુરુષાર્થવાદી આમ કહે તો તેનો નિષેધ કોણ કરી શકે? (૩૪૭)

पुनरप्याशङ्क्य परिहरति—

**एत्थ परंपरयाए, कम्मंपि हु तारिसंति वत्तव्वं ।**
**एवं पुरिसं चिय एरिसन्तमणिवारियप्पसरं ॥३४८॥**

**'अत्र' केवलकर्मवादिमते परंपराऽनादिसन्तानरूपया 'कम्मं पि हु'त्ति कर्मैव तादृश्यमुत्पस्यमानकर्मसदृशमिति वक्तव्यं कर्मवादिना । नहि परंपराकारणानामपि कालव्यवधानेन भविष्यत्कार्येष्वनुकूलतामन्तरेण कदाचित् कार्योत्पत्तिं संभावयन्ति सन्त इति। एवं कर्मणीव 'पुरुषेऽपि' पुरुषकारेऽपि परम्परया ईदृशत्वमुत्पत्स्यमानफलसदृशत्वं पुरुषकारवादिना स्थाप्यमानमनिवारितप्रसरं, न्यायस्योभयत्राऽपि समानत्वात् । ततः पुरुषकारादेव समीहितसिद्धिर्भविष्यति, किं कर्मणा कार्यमिति ॥३४८॥**

ફરી પણ આશંકા કરીને તેનું નિરાકરણ કરે છે–

**ગાથાર્થ**–કર્મવાદીના મતમાં કર્મવાદીએ પરંપરાથી કર્મ જ તેવું કહેવું જોઇએ. એ પ્રમાણે પુરુષાર્થવાદીના મતમાં પુરુષાર્થવાદી પુરુષાર્થને પણ તેવો જ કહે તો તેને કોણ રોકી શકે?

**ટીકાર્થ**–તેવું એટલે ભવિષ્યમાં ઉત્પન્ન થનાર કર્મ જેવું.

**અહીં ભાવાર્થ આ પ્રમાણે છે**– કર્મો અનાદિથી બંધાઇ રહ્યા છે. એટલે અનાદિકાળથી કર્મસંતાન રૂપ પરંપરા ચાલી રહી છે. કેવલ કર્મવાદીના મતમાં કર્મવાદીએ હમણાં ઉત્પન્ન થનારાં કર્મને જ ભવિષ્યમાં ઉત્પન્ન થનારા કર્મની સમાન કહેવું જોઇએ=માનવું જોઇએ. કારણ કે કાર્યની ઉત્પત્તિમાં જે કારણો પરંપરાએ કારણો છે તે પરંપરાકારણોમાં પણ કાલવ્યવધાનથી ભવિષ્યમાં થનારાં કાર્યોને ઉત્પન્ન કરવાની અનુકૂલતા (=શક્તિ) ન હોય તો ક્યારેય કાર્યની ઉત્પત્તિની સંભાવના સજ્જન પુરુષો કરતા નથી.

આ જ હકીકત પુરુષાર્થવાદીઓના મતે પુરુષાર્થમાં પણ ઘટે છે, એટલે કે પુરુષાર્થવાદીઓ પુરુષાર્થને આશ્રયીને પણ પોતાનો એવો મત સ્થાપી શકે કે પુરુષાર્થમાં પણ પરંપરાથી ભવિષ્યમાં ઉત્પન્ન થનારા ફલનું સમાનપણું છે, એટલે કે ભવિષ્યમાં જે પુરુષાર્થથી ફલ ઉત્પન્ન થશે તે પુરુષાર્થ જેવો જ વર્તમાન પુરુષાર્થ છે.

(**અહીં તાત્પર્ય આ છે**–કર્મવાદીઓ એમ કહે કે પૂર્વ પૂર્વ કાળના કર્મથી ઉત્પન્ન થતા ઉત્તર ઉત્તર કર્મમાં વિશિષ્ટ પ્રકારની શક્તિનું આધાન થાય છે, અને તેનાથી અમુક ચોક્કસ પ્રકારનું કાર્ય (ફળ) પ્રગટે છે, તો અહીં પુરુષાર્થવાદીઓ પણ એમ કહી શકે કે પૂર્વ પૂર્વકાળના પુરુષાર્થથી ઉત્પન્ન થતા ઉત્તરોત્તર પુરુષાર્થમાં વિશિષ્ટ પ્રકારની શક્તિનું આધાન થાય છે અને તેનાથી અમુક ચોક્કસ પ્રકારનું ફળ પ્રગટે છે.) પુરુષાર્થવાદી આ પ્રમાણે પોતાનો મત સ્થાપે તો કર્મવાદીઓ તેને રોકી શકે નહિ. કારણ કે ન્યાય બંનેય સ્થળે સમાન છે. તેથી પુરુષાર્થથી જ ઇષ્ટની સિદ્ધિ થશે, કર્મનું શું કામ છે? અર્થાત્ કર્મનું કોઇ કામ નથી. (૩૪૮)

इत्थं दैवपुरुषकारयोः प्रत्येकपक्षदोषमभिधाय सिद्धान्तमाह—

**उभयतहाभावो पुण, एत्थं णायण्णसम्मओ णवरं ।**
**ववहारोवि हु दोण्ह वि, इय पाहण्णाइनिप्फण्णो ॥३४९॥**

'उभयतथाभाव' उभयोर्दैवपुरुषकारयोस्तथा-परस्परानुवर्त्तनेन कार्यकारको भावः स्वभावः 'पुनरत्र' कार्यसिद्धौ न्यायज्ञसम्मतो-नीतिज्ञलोकबहुमतः 'नवरं' केवलं वर्त्तत इति प्रथमत एवासौ बुद्धिमतामभ्युपगन्तुं युक्त इति । तथा, व्यवहारो दैवकृतमिदं पुरुषकारकृतमिदमिति विभागेन यः प्रवर्त्तमान उपलभ्यते सोऽपि द्वयोरपि दैवपुरुषकारयोरित्येवमुभयतथाभावे सति 'प्राधान्यादिनिष्पन्नः' प्रधानगुणभावनिष्पन्नो वा (?) वर्त्तते ॥३४९॥

આ પ્રમાણે દૈવ અને પુરુષાર્થ એ પ્રત્યેક પક્ષના દોષને કહીને સિદ્ધાંતને કહે છે–

**ગાથાર્થ**–દૈવ અને પુરુષાર્થ એ બંનેનો એક-બીજાને અનુસરીને કાર્ય કરવાનો સ્વભાવ છે. નીતિને જાણનાર લોકમાં દૈવ-પુરુષાર્થનો આ સ્વભાવ (=પરસ્પરને અનુસરીને કાર્ય કરવાનો સ્વભાવ) સંમત છે=બહુમત છે. વ્યવહાર પણ બંનેના આવા સ્વભાવના કારણે પ્રધાનતા આદિથી થયેલો છે.

**ટીકાર્થ**–દૈવ અને પુરુષાર્થ એ બંનેનો એક-બીજાને અનુસરીને (=એક-બીજાની સહાયથી) કાર્ય કરવાનો સ્વભાવ છે. નીતિને જાણનાર લોકમાં દૈવ-પુરુષાર્થનો આ સ્વભાવ સંમત છે. આથી બુદ્ધિમાન પુરુષો પહેલાંથી જ દૈવ-પુરુષાર્થના આ સ્વભાવનો સ્વીકાર કરી લે એ યુક્ત છે. તથા આ કાર્ય દૈવે કર્યું અને આ કાર્ય પુરુષાર્થે કર્યું એવા વિભાગથી જે વ્યવહાર જોવામાં આવે છે તે વ્યવહાર પણ દૈવ-પુરુષાર્થના આવા સ્વભાવના કારણે જ એક-બીજાના પ્રધાન-ગૌણભાવથી થયેલો છે. જેમાં પુરુષાર્થની પ્રધાનતા હોય અને કર્મ ગૌણ હોય તે કાર્ય પુરુષાર્થે કર્યું એવો વ્યવહાર જોવામાં આવે છે. જેમાં કર્મની પ્રધાનતા હોય અને પુરુષાર્થ ગૌણ હોય તે કાર્ય દૈવે કર્યું એવો વ્યવહાર જોવામાં આવે છે. (૩૪૯)

प्रधानगुणमेव भावयन्नाह—

**जमुदग्गं थेवेणं, कम्मं परिणमइ इह पयासेण ।**
**तं दइवं विवरीयं, तु पुरिसगारो मुणेयव्वो ॥३५०॥**

यदुदग्रमुत्कटरसतया प्राक्समुपार्जितं स्तोकेनापि कालेन परिमितेन 'कर्म' सद्वेद्यादि परिणमति फलप्रदानं प्रति प्रह्वीभवति, 'इह' जने 'प्रयासेन' राजसेवादिना पुरुषकारेण, तद् दैवं लोके समुद्घुष्यते । विपरीतं तु यदनुदग्रं बहुना प्रयासेन परिणमति पुनस्तत्पुरुषकारो मुणितव्य इति ॥३५०॥

પ્રધાન-ગૌણભાવને જ વિચારતા ગ્રંથકાર કહે છે–

**ગાથાર્થ**–જે કર્મ ઉદગ્ર (=તીવ્રરસવાળા) હોય અને એથી (અલ્પ) પુરુષાર્થથી થોડા કાળમાં ફળ આપે તે લોકમાં દૈવ કહેવાય છે અને એનાથી વિપરીત પુરુષાર્થ કહેવાય છે.

**ટીકાર્થ**–**ઉદગ્ર** એટલે પૂર્વે ઉત્કટ (પ્રબળ) રસથી ઉપાર્જન કરેલું.

**અહીં ભાવાર્થ આ છે**–સાતાવેદનીય વગેરે જે કર્મ પૂર્વે ઉત્કટરસથી બાંધ્યું હોય અને એથી જ રાજસેવા વગેરે (અલ્પ) પુરુષાર્થથી થોડા કાળમાં ફળ આપે તે કર્મ દૈવ છે, એટલે કે તેનાથી મળેલું ફળ ભાગ્યકૃત છે એમ લોકમાં કહેવાય છે. સાતાવેદનીય વગેરે જે કર્મ પૂર્વે ઉત્કટ રસથી ઉપાર્જન ન કર્યું હોય અને એથી પુરુષાર્થથી ફળ આપે તે પુરુષાર્થ જાણવો, એટલે કે તેનાથી મળેલું ફળ પુરુષાર્થકૃત જાણવું. (૩૫૦)

**अहवप्पकम्महेऊ, ववसाओ होइ पुरिसगारो त्ति ।**
**बहुकम्मणिमित्तो पुण, अव्ववसाओ उ दइवोत्ति॥३५१॥**

**अथवेति पक्षान्तरद्योतनार्थः । अल्पं तुच्छं कर्म दैवं पुरुषकारापेक्षया हेतुर्निमित्तं फलसिद्धौ यत्र स तथाविधो 'व्यवसायः' पुरुषप्रयत्नो भवति पुरुषकार इति । बहु प्रभूतं पुरुषकारमाश्रित्य कर्म निमित्तं यत्र स पुनरप्यवसाय इह नञोऽल्पार्थत्वादल्पो व्यवसायः पुनर्दैवमिति । यत्र हि कार्यसिद्धावल्पः कर्मणो भावो बहुश्च पुरुषप्रयासस्तत्कार्यं पुरुषकारसाध्यमुच्यते । यत्र पुनरेतद्विपर्ययस्तत्कर्मकृतमिति । पूर्वगाथायामल्पप्रयाससाहाय्येन फलमुपनयमानं कर्म दैवमुपदिष्टं विपर्ययेण पुरुषकारः, इह तु पुरुषकार एवाल्पकर्मसाहाय्योपेतः पुरुषकारः प्रज्ञप्तो बहुकर्म्मसाहाय्योपगृहीतस्तु स एव पुरुषकारोऽदृष्टमित्यनयोः प्रज्ञापनयोर्भेद इति ॥३५१॥**

**ગાથાર્થ**–અથવા જેમાં અલ્પ કર્મ હેતુ છે તેવો પ્રયત્ન પુરુષાર્થ છે, અને જેમાં ઘણું કર્મ હેતુ છે તેવો અલ્પ પ્રયત્ન દૈવ છે.

**ટીકાર્થ**–ફળસિદ્ધિમાં પુરુષાર્થની અપેક્ષાએ કર્મ અલ્પ હોય તેવો પુરુષનો પ્રયત્ન પુરુષાર્થ છે, અર્થાત્ જે કાર્યમાં કર્મ અલ્પ હોય અને પુરુષાર્થ ઘણો હોય તે કાર્ય પુરુષાર્થ સાધ્ય છે, એટલે કે તે કાર્યમાં પુરુષાર્થની મુખ્યતા છે. જ્યાં પુરુષાર્થની અપેક્ષાએ કર્મ ઘણું હોય અને પુરુષાર્થ અલ્પ હોય ત્યાં દૈવ છે, અર્થાત્ જે કાર્યમાં કર્મ ઘણું હોય અને પુરુષાર્થ અલ્પ હોય તે કાર્ય કર્મથી કરાયેલું છે, એટલે કે તે કાર્યમાં કર્મની પ્રધાનતા છે.

પૂર્વની ગાથામાં અલ્પપ્રયત્નની સહાયથી ફળને નજીક લાવનાર (=ફળ આપનાર) કર્મને દૈવ કહ્યું છે, અને એનાથી વિપરીત રીતે (=ઘણા પ્રયત્નથી ફળ લાવનાર કર્મને)

પુરુષાર્થ કહ્યો છે. આ ગાથામાં અલ્પકર્મની સહાયથી યુક્ત પુરુષાર્થને જ પુરુષાર્થ કહ્યો છે અને ઘણા કર્મની સહાયથી ઉપકૃત કરાયેલો તે પુરુષાર્થ જ કર્મ છે, એમ કહ્યું છે. આ પ્રમાણે આ બે પ્રતિપાદનમાં ભેદ છે. (૩૫૧)

अमुमेवार्थमुदाहरणेन साधयन्नाह—

णायमिह पुण्णसारो, विक्कमसारो य दोण्णि वणियसुया ।
णिहिपरतीरधणागम, तह सुहिणो पढमपक्खम्मि ॥३५२॥
दाणुवभोगा णिहिलाभओ दढं अविगलाउ एक्कस्स ।
परतीरकिलेसागमलाभाओ एवं बीयस्स ॥३५३॥
रायसवणम्मि पुच्छा, णिवेयणं अवितहं दुविण्हंपि ।
दइवेयरसंजुत्ता, पवायविण्णासणा रण्णो ॥३५४॥
एगणिमंतणमविगलसाहणजोगोऽकिलेसओ चेव ।
भोगोवि य एयस्स उ, एवं चिय दइवजोगेण ॥३५५॥
अण्णस्स वच्चओ खलु, भोगम्मिवि पुरिसगारभावाओ ।
रायसुयहारतुट्टणरुयणे तप्पोयणाभोओ ॥३५६॥

अथ संग्रहगाथाक्षरार्थः-ज्ञातमुदाहरणमिह दैवपुरुषकारयोर्गुणप्रधानभावे पुण्यसारो विक्रमसारश्च द्वौ वणिक्सुतौ । कथमित्याह-'निहिपरतीरधणागम'त्ति निधिपरतीरधनागमाभ्यां कृत्वा तथा सुखिनावक्लेशलभ्यशर्म्मसमन्वितौ सन्तौ । तत्र प्रथमपक्षे दैवप्राधान्यरूपे ॥३५२॥

'दानोपभोगौ' दानं कृपणादीनां भोगो वस्त्रताम्बूलादीनां प्रवृत्तौ 'निधिलाभतो' निधानलाभाद् दृढमतिशयेनाविकलौ तु परिपूर्णावेव 'एकस्य' पुण्यसारस्य । तथा, 'परतीरक्लेशागमेन लाभात्' परतीरात् क्लेशागमेन यो लाभो धनस्य तस्मादेवं पुण्यसारवद् द्वितीयस्य 'विक्रमसारस्य' दानोपभोगौ जातावविकलाविति ॥३५३॥

अथैतद्वृत्तान्तस्य राजश्रवणे सति पृच्छा तेन कृता । निवेदनमवितथं यथावद् द्वाभ्यामपि कृतम् । ततो दैवेतरसंयुक्ताविति 'प्रवादविन्यासना' तत्परीक्षारूपा राज्ञः समपद्यत ॥३५४॥

कथमित्याह-एकं निमन्त्रणं पुण्यसारस्य भोजनार्थं स्वगृहे निरूपणमकारि । तत्राविकलसाधनयोगः परिपूर्णभोजनाङ्गयोगोऽक्लेशत एव लीलयैव, भोगोऽपि च

भोजनस्यैकस्य पुण्यसारस्यैवाक्लेशादेव व्यापारान्तरस्य तदानीमनुपस्थानात् । 'दैवयोगेन' परिपक्वप्रौढपुण्यसम्बन्धेन ॥३५५॥

'अन्यस्य' विक्रमसारस्य 'व्यत्ययः' खलु विपर्यास एव विकलभोजनसाधनयोगरूपो जातो भोगेऽपि भोजनस्य । कस्मादित्याह-पुरुषकारभावात्, पुरुषकारमेव भावयति 'रायसुयहारतुट्टणरुयणे' इति राजसुताहारत्रोटने रोदने च तस्यास्तत्प्रोतनातः त्रुटितहार-प्रोतनादेव ॥३५६॥

આ જ અર્થને ઉદાહરણથી સિદ્ધ કરતા કહે છે–

## પુણ્યસાર અને વિક્રમસારનું કથાનક

આ ભરતક્ષેત્રમાં પર્વત જેવા ઊંચા મનોહર દેવભવન સમાન ક્ષિતિપ્રતિષ્ઠિત નામનું નગર હતું. અતિ બળવાન શત્રુપક્ષના ગર્વના ખંડનથી પ્રાપ્ત થયો છે નિર્મળ યશ જેને એવો પુણ્યયશ નામનો રાજા તે નગરનું પાલન કરતો હતો અને તેને પવિત્ર અંગવાળી પ્રિયા હતી. રાજકુળને યોગ્ય વ્યવસાયને કરતો તે કાળ પસાર કરે છે. તે નગરમાં ધનાઢ્ય વણિકનો પુણ્યસાર નામે પુત્ર હતો અને બીજો વિક્રમવણિકનો વિક્રમસાર નામે પુત્ર હતો. કળા કલાપો ભણીને અસાધારણ તારુણ્યને પામ્યા. તે બંને પણ ધનકાંક્ષી આ પ્રમાણે ચિંતાતુર થયા. જો પૂર્ણ યૌવન પ્રાપ્ત થયા પછી પણ ધન ઉપાર્જન ન કરી શકીએ તો તે અનાર્યનો કયો પુરુષાર્થ કહેવાય? અર્થાત્ તે પુરુષાર્થ વિનાનો અનાર્ય ગણાય છે. દાનાદિ કાર્યોમાં જેની લક્ષ્મી ખૂટી જતી નથી તેનું જ લોકમાં અધિક સૌભાગ્ય છે અને ત્યાં સુધી જ તે યશસ્વી અને કુળવાન છે. તેથી હવે તેવો પ્રયત્ન કરવો જેથી લક્ષ્મી સ્વયં વરે. પ્રણયીજનના વંછિત અર્થોને પ્રાપ્ત કરાવીને આશ્ચર્ય કરીએ. દેશાંતરમાં જઈશું અને પરાક્રમ રૂપી પર્વત ઉપર આરોહણ કરશું. જેથી લોકને પ્રિય એવી લક્ષ્મી અમને દુર્લભ ન થાય, અર્થાત્ પરાક્રમથી લક્ષ્મી સુલભ થાય. જેટલામાં પ્રયાણ કરીને સાર્થના સન્નિવેશમાં પહોંચ્યા તેટલામાં પુણ્યસારને વિધિના વશથી, ક્ષણથી મોટો નિધિ પ્રાપ્ત થયો. તે લઈને ઘરે પાછો આવ્યો અને ધનથી કરી શકાય તેવા કાર્યોમાં પ્રવૃત્ત થયો.

અને બીજા વિક્રમસારે સમુદ્રપાર જઈને ધન ઉપાર્જન કર્યું. કેટલાક કાળ પછી ત્રાજવામાં જીવને મૂકીને (જીવ સટોસટ કાર્ય કરીને) પોતાના ઘરે આવ્યો. અને તે પણ પોતાના ધન અનુસાર યોગ્ય પ્રવૃત્તિમાં જોડાયો. નગરમાં પ્રવાદ થયો કે એક (પુણ્યસાર) પ્રૌઢપુણ્યના પ્રભાવથી સકલ વંછિત સંપત્તિને મેળવીને સુખી થયો અને બીજો વિક્રમસાર દારૂણ સમુદ્રપાર જઈને ઘણી ધનઋદ્ધિ મેળવીને બંધુવર્ગની સાથે અતિ સ્નેહાળ સંબંધ બાંધીને ભોગો ભોગવે છે. તેથી આમાં પ્રથમ પુણ્યસાર ઘણો ભાગ્યશાળી છે અને બીજો વિક્રમસાર પણ અખંડ સાહસી પુરુષાર્થથી યુક્ત છે.

રાજાએ તેઓના ગુણો સાંભળ્યા અને અતિ કૌતુકથી સભામાં તેડાવ્યા અને પૂછ્યું: લોકમાં તમારા વિષે જે પ્રવાદ થયો તે સત્ય છે કે અસત્ય છે? તેઓએ કહ્યું: હે દેવ! આ જનપ્રવાદ અસત્ય નથી કારણ કે પ્રાયઃલોક અતિ ગુપ્ત પણ કરેલા કાર્યને તરત જાણે છે. પછી રાજાએ સ્વયં જ તેઓની **વિન્યાસના**[1] શરૂ કરી.

પુણ્યસાર એકલો જ ભોજન માટે નિમંત્રિત કરાયો અને રસોઇઆઓને કહ્યું કે આજે તમારે રસોઇ ન બનાવવી. અમારે આના પુણ્યના પ્રભાવથી તૈયાર થયેલું ભોજન કરવું છે. ભોજનનો સમય થયો ત્યારે દેવીએ મુખ્ય પુરુષને મોકલીને રાજાને વિનતિ કરી કે આજે તમારે દેવીને ઘરે ભોજન કરવું. રાજાએ પૂછ્યું: શા માટે મારે દેવીને ઘરે ભોજન કરવું? મુખ્ય પુરુષે કહ્યું: આજે પોતાના નગરથી જમાઇ પધાર્યા છે તેના માટે આજે દાળ-ભાતાદિ વિવિધતાવાળું ભોજન તૈયાર કર્યું છે તેથી હે દેવ! તમારી સાથે ભોજન કરતો જમાઇ સૌભાગ્યને મેળવશે. પછી બધાએ સુખપૂર્વક ભોજન કર્યું. (૨૧)

અને બીજા દિવસે વિક્રમસાર ભોજન માટે નિમંત્રણ કરાયો. પછી બધા રસોઇઆઓને જણાવવામાં આવ્યું કે સર્વ આદરથી ભોજન તૈયાર કરો. ભોજન અવસર પ્રાપ્ત થયો ત્યારે આસનો પાથરવામાં આવ્યા. અને ભોજન પીરસવામાં આવ્યું તે વખતે રાજપુત્રીનો આમળા પ્રમાણ મોતીથી બનેલો અઢાર સેરવાળો હાર નિમિત્ત વિના પણ તુટ્યો. રોતી દીનમુખી રાજપુત્રી રાજાની પાસે આવી અને કહે છે કે આ મારો હાર હમણાં જ બનાવી આપો નહીંતર હું ત્યાં સુધી ભોજન નહીં કરું, એ પ્રમાણે તે બોલી ત્યારે રાજા વિક્રમસારના મુખને જુએ છે. વિક્રમસારે ભોજન કાર્યને છોડીને દક્ષતાથી નવા સૂતરના દોરાથી ક્ષણથી હાર સાંધી આપ્યો. પછી બંનેએ પણ **યથાસ્થિત**[2] વિધિથી સુખપૂર્વક ભોજન કર્યું. રાજાને ખાત્રી થઇ કે લોકપ્રવાદ સત્ય છે.

**હવે સંગ્રહગાથાનો શબ્દાર્થ–**

દૈવગુણ પ્રધાનતામાં પુણ્યસાર વણિકપુત્રનું અને પુરુષકારગુણ પ્રધાનતામાં વિક્રમસાર વણિકપુત્રનું ઉદાહરણ છે. કેવી રીતે? પુણ્યસાર સાર્થ સંન્નિવેશમાં નિધિ મેળવીને સુખી થયો અને વિક્રમસાર દરિયાપાર મુસાફરી કરી, ક્લેશ ભોગવી, ધન મેળવી સુખી થયો. તેમાં પુણ્યસારના ઉદાહરણમાં દૈવનું પ્રાધાન્ય છે. (૩૫૨)

નિધિના લાભથી પુણ્યસારને કૃપણાદિને દાન આપવા સ્વરૂપ તથા વસ્ત્ર, તાંબુલાદિના ઉપભોગ રૂપ અતિશય પ્રવૃત્તિ થઇ તથા વિક્રમસારને દરિયાપાર ક્લેશ ભોગવીને પ્રાપ્ત કરેલ ધનથી પુણ્યસારની જેમ દાન અને ઉપભોગની અતિશય પ્રવૃત્તિ થઇ. (૩૫૩)

૧. **વિન્યાસના** એટલે પ્રમાણપૂર્વક સાબિત કરવું તે.

૨. **યથાસ્થિત**– પૂર્વે જે સ્થિતિ હોય તે પ્રમાણે.

પછી રાજાએ આ વૃત્તાંત સાંભળી તપાસ કરી પૃચ્છા કરી. બંનેએ યથાવત્ નિવેદન કર્યું. પછી દૈવ અને પુરુષકાર એ બેથી આ બંને યુક્ત છે. એવા **લોકપ્રવાદની**[1] ખાતરી રાજાએ કરી. (૩૫૪)

કેવી રીતે ખાતરી કરી?

પુણ્યસારને પોતાના ઘરે જમવાનું નિમંત્રણ કર્યું. ત્યાં તેને પરિપૂર્ણ ભોજનવિધિ કોઈપણ કષ્ટ ભોગવ્યા વિના પ્રૌઢ પુણ્યના ઉદયથી થઇ. (૩૫૫)

વિક્રમસારને ભોજનની પ્રાપ્તિ વિકલભોજનના સાધનના યોગરૂપ વિપર્યાસ જ થયો. અને તે વિપર્યાસ પુરુષકારથી દૂર થયો. પુરુષકારની જ ભાવના કરતા કહે છે કે રાજપુત્રીનો હાર તુટ્યો, અને તેનું રડવું થયું. તૂટેલા હારને પરોવવાથી વિક્રમસારને ભોજનની વિકલતા નષ્ટ થઇ. (૩૫૬)

**इत्थं लोकिकयोर्दैवपुरुषकारयोर्ज्ञातमभिधाय सम्प्रति लोकोत्तरयोस्तदभिधातुमाह—**

**पक्खंतर णायं पुण, लोउत्तरियं इमं मुणेयव्वं ।**
**पढमंतचक्कवट्टी, संगणियलच्छेदणे पयडं ॥३५७॥**

**'पक्षान्तरे' प्राक्पक्षापेक्षया पक्षविशेषे ज्ञातमुदाहरणं 'लोकोत्तरिकं' लोकोत्तरसमयसिद्धमिदमुपरि भणिष्यमाणं मुणितव्यम् । किमित्याह-'प्रथमान्त्यचक्रवर्त्तिनौ' भरतब्रह्मदत्तनामानौ । क्व ज्ञातं तावित्याह-'सङ्गनिगडच्छेदने' विषयाभिष्वङ्गान्दुकत्रोटने प्रकटं जनप्रतीतमेव ॥३५७॥**

**આ પ્રમાણે દૈવ અને પુરુષકાર સંબંધી લૌકિક ઉદાહરણ કહીને હમણાં લોકત્તર ઉદાહરણને કહેવાની ઈચ્છાવાળા ગ્રંથકાર કહે છે—**

---

૧. પુણ્યસારને રાજાએ ભોજનનું આમંત્રણ આપીને પણ ભોજન તૈયાર ન કરાવ્યું. પણ પુણ્યસારના ભાગ્યથી દેવીનો જમાઇ આવ્યો અને તેના માટે દેવીએ ભોજન બનાવી રાજાને ભોજન માટે આમંત્રણ કર્યું અને રાજાની સાથે પુણ્યસારને પણ ભોજન પ્રાપ્ત થયું. રાજાએ વિક્રમસારને ભોજનનું આમંત્રણ આપી ભોજન તૈયાર કરાવ્યું છતાં રાજપુત્રીનો અઢાર સેરો મોતીનો હાર તુટ્યો એટલે જ્યાં સુધી હાર સંધાય નહીં ત્યાં સુધી રાજાપુત્રી ભોજન ન કરે. રાજપુત્રી ભોજન ન કરે ત્યાં સુધી રાજા પણ ભોજન ન કરે અને રાજા ભોજન ન કરે ત્યાં સુધી વિક્રમસારને ભોજન ન અપાય. આમ વિક્રમસારના ભાગ્યે ભોજનનો અંતરાય ઊભો કર્યો. વિક્રમસારે પોતાના પુરુષાર્થથી રાજપુત્રીનો હાર સાંધી આપ્યો. રાજપુત્રી ભોજન કરવા તૈયાર થઇ એટલે રાજા ભોજન કરવા તૈયાર થયો સાથે નિમંત્રિત કરાયેલ વિક્રમસારને ભોજનની પ્રાપ્તિ થઇ. વિક્રમસારે રાજપુત્રીનો હાર સાંધવા રૂપ પુરુષાર્થ કર્યો ત્યારે ભોજનની પ્રાપ્તિ થઇ. આમ પુણ્યસારને કાર્યસિદ્ધિમાં દૈવ મુખ્ય છે અને વિક્રમસારને કાર્ય સિદ્ધમાં પુરુષાર્થ મુખ્ય છે.

**ગાથાર્થ–ટીકાર્થ**–સંગરૂપી બેડીને છેદવા માટે પ્રથમ અને છેલ્લા ચક્રવર્તીનું લોકોત્તરિક ઉદાહરણ પ્રથમપક્ષ (દેવ)માં જાણવું. આ દૃષ્ટાંત જનપ્રસિદ્ધ જ છે.

**જન પ્રસિદ્ધ હોવાથી આચાર્યે માત્ર સૂચન કર્યું છે પણ તેનું વ્યાખ્યાન કર્યું નથી તો પણ સ્થાન શૂન્ય ન રહે માટે કંઇક કહેવાય છે–**

## ભરત-બ્રહ્મદત્ત ચક્રવર્તીનું દૃષ્ટાંત

શ્રી ઋષભદેવ ભગવાનના પુત્ર ભરત ભરતક્ષેત્રના સ્વામી હતા. જેણે પરાક્રમથી શત્રુરાજાઓને જીતીને નિરવદ્ય સામ્રાજ્ય મેળવ્યું હતું. તે નવનિધિના સ્વામી હતા. સંપૂર્ણ સૌભાગ્યશાળી, અભગ્નમાનવાળી સુંદર ચોસઠ હજાર સ્ત્રીઓના સ્વામી હતા. વ્યાકુળતાથી નમતા હજારો મોટા ભક્ત રાજાઓએ પહેરેલી માળાઓમાંથી ખરતા ફૂલોથી જેના ચરણો હંમેશા પૂજાયેલા છે. જેણે છ લાખ પૂર્વ વર્ષ સુધી રાજ્ય લક્ષ્મીનો ભોગવટો કર્યો છે એવા ભરત મહારાજા કોઇક વાર શૃંગાર સજીને ઉજ્જવળ સ્ફટિક મણિથી બનાવેલ અતિ સુંદર આરીસાભવનમાં પોતાના શરીરની શોભા જોવા પ્રવેશે છે. ફૂલેલા કલ્પવૃક્ષની જેમ પોતાને જુએ છે તેટલામાં હાથની એક આંગળીમાંથી આભૂષણ (વીંટી) સરકી ગયેલ છે એવા હાથને જુએ છે. હાથની કંઇક ઝાંખપ જોઇ અને આ પ્રમાણે વિચારે છે કે, આ શરીરને શોભાવનારા આ આભૂષણોથી સર્યું અને ક્રમથી આભૂષણો ઉતારવા લાગ્યા અને તીવ્ર વૈરાગ્ય પામ્યા અને આ રાજ્ય લક્ષ્મી પ્રબળ ઝંઝાવાતથી આંદોલિત કરાયેલ વૃક્ષ જેવી છે. તુચ્છ છે, અંતે નષ્ટ થનારી છે, મારે આવી શોભાથી સર્યું. આ પ્રમાણે શુદ્ધ ધ્યાનમાં ચડેલા રહે છે તેટલામાં છઠ્ઠા ગુણસ્થાનકના પ્રથમ સંયમ સ્થાનને પામ્યા, અર્થાત્ છઠ્ઠાગુણસ્થાને આરોહણ કર્યું પછી ક્ષણથી કેવલી થયા. અસંખ્ય લોકપ્રમાણ સંયમ સ્થાનોમાં જે જીવ છઠ્ઠા ગુણસ્થાનકના પ્રથમ સંયમ સ્થાને આરોહણ કરે છે તે ક્ષણથી વધતા પરિણામવાળો સંયમ શ્રેણીના મસ્તક પર પહોંચીને કેવળજ્ઞાનને મેળવે છે જેમકે ભરત ચક્રવર્તી. આ વસ્તુ કલ્પભાષ્યમાં જણાવી છે. (૧૦)

હવે ગૃહસ્થવેશનો ત્યાગ કરી વિશિષ્ટ મુનિવેશ ધરનારા થયા. અને ઇંદ્રે પરમ પ્રગટ કેવલી મહોત્સવ કર્યો. તે જિનેશ્વરની જેમ દેવ નિર્મિત સુવર્ણકમળ-ઉપર બિરાજમાન થઇ નવા વાદળના ગર્જારવ જેવા સ્વરથી પર્ષદાને દેશના આપવા લાગ્યા. એકલાખ પૂર્વવર્ષ સુધી અખંડપણે પૃથ્વીતલ ઉપર વિહરીને તે ભગવાન કર્મરજ દૂર કરીને અષ્ટાપદ પર્વત ઉપર સિદ્ધ થયા. (૧૫)

## બ્રહ્મદત્ત ચક્રવર્તી

જે આ બ્રહ્મદત્ત ચક્રવર્તી થયા તેનું આ ચક્રવર્તી રૂપ ફળ નિયાણાથી પ્રાપ્ત થયેલું છે. તેના પૂર્વભવો આ પ્રમાણે સંભળાય છે. સાકેતપુર નગરમાં નિર્મળ ન્યાયનિષ્ઠ, શ્રાવકવર્ગમાં આભૂષણ રૂપ ચંદ્રાવતંસ નામનો રાજા હતો. તેને સુપવિત્ર ચિત્તવાળો મુનિચંદ્ર નામનો પુત્ર હતો. તેણે કામભોગથી વિરક્ત થઇ સાગરચંદ્રની પાસે અતિ ઉગ્ર દીક્ષા લીધી અને ગુરુચરણનું સેવન કરતો તે તે દેશોમાં વિહાર કરતો કોઇક વખત એક ગામમાં ભિક્ષા માટે ગયો અને સાર્થની સાથે વિકટ અટવીમાં વિહાર કર્યો અને સાર્થથી વિખૂટો પડ્યો. ચાર ગોવાળ પુત્રો તેને ક્ષુધા અને તૃષાથી પીડાયેલો જુએ છે. ભક્તિ અને બહુમાન જાગ્યા છે જેઓને એવા તે ગોવાળપુત્રો તે મુનિની સેવા કરે છે. તેની દેશનાથી બોધ પામી ચારેયે દીક્ષા લીધી. પછી તેમાંથી બે મોહના ઉદયથી કંઇક ધર્મ ઉપર દુર્ગંચ્છા કરીને મર્યા અને દેવલોકમાં ઉત્પન્ન થયા. દસપુરનગરમાં સાંડિલ્ય નામના બ્રાહ્મણથી યશોમતી દાસીને વિષે યુગલિક પુત્રો થયા અને ક્રમથી યૌવન પામ્યા. **અરક્ષેત્રનું**[1] રક્ષણ કરવા વનમાં ગયા. વડ નામના વૃક્ષની નીચે રાત્રે સૂતા. ત્યાં ઝાડની બખોલમાંથી બહાર નીકળેલા સાપે એકને ડંસ માર્યો. બીજો પણ સાપને શોધવા નીકળેલો તે જ સાપથી તત્ક્ષણ ભક્ષણ કરાયો. પછી વિષનો કોઇપણ ઉપાય નહીં કરાયેલા મરીને કાલિંજર નામના શ્રેષ્ઠ પર્વત ઉપર મૃગીના બે પુત્રો થયા. પૂર્વભવના સ્નેહથી પાસે ચરતા એક શિકારી વડે એક જ બાણથી બંને સાથે હણાઇને મરણ પામ્યા અને બંને પણ મૃતગંગા નદીના કાંઠે એક હંસીને વિષે યુગલપણે હંસ થયા અને યૌવન પામ્યા. એક માચ્છીમારે જાળમાં સપડાવીને. પકડીને ડોક મરડીને મારી નાખ્યા. પછી વાણારસી નગરીમાં ભૂતદિન્ન નામના પાડાના અધિપતિ ભૂતદિન્ન ચાંડલના પુત્રપણે ઉત્પન્ન થયા. નામથી ચિત્ર અને સંભૂત પરસ્પર અતિ સ્નેહથી બંધાયેલા ચિત્તવાળા થયા. તે વખતે તે નગરીમાં શંખ નામનો રાજા હતો અને તેનો નમુચી નામનો પ્રધાન હતો. નમુચીએ તેવા તેવા પ્રકારનો અપરાધ કર્યો ત્યારે રાજાએ તેના વધ માટે ભૂતદિન્નને અર્પણ કર્યો. રાજા આવેશ પ્રધાન છે, અર્થાત્ અલ્પ અપરાધમાં ઘણો ગુસ્સે થનાર છે એમ જાણ્યું. તેથી સચિવ મારવા યોગ્ય નથી પરંતુ ખાનગીમાં રાખી રક્ષણ કરવું જોઇએ એમ વિચારીને કહ્યું: હે ભદ્ર! તું ભોંયરામાં રહીને મારા પુત્રોને ભણાવે તો હું તને જીવતો છોડું નહીંતર નહીં. જાતિ, કુળ અને વિદ્યાના પારગામીપણાની અવગણના કરીને પોતાના જીવિતના અર્થી મંત્રીએ તત્ક્ષણ સર્વ પણ સ્વીકાર્યું.

પછી ભૂતદિન્નના પુત્રોને કળાકલાપમાં કુશળ કરતા આના દિવસો જેટલામાં પસાર થાય છે તેટલામાં કોઇક દિવસે ભૂતદિન્ને જાણ્યું કે આની (સચિવની) સાથે મારી પત્ની ભ્રષ્ટ થઇ છે. ચાંડાલભાવને કારણે સહજતાથી ઉગ્ર કોપને પામ્યો અને તેને મારવા તૈયાર થયો.

૧. અર=એક જાતનું વૃક્ષ.

આ અમારો અધ્યાપક છે એમ મનમાં વિચારીને ગુપ્તપણે જ પુત્રોએ તેને જીવતો ભગાડી મુક્યો. તે હસ્તિનાપુર શ્રીમાન્ સનત્કુમાર રાજાનો મંત્રી થયો અને પોતાની બુદ્ધિથી સર્વમંત્રીઓમાં શિરોમણિ થયો. તે ચાંડલ પુત્રો યૌવન-લાવણ્ય-રૂપાદિથી તથા નૃત્ય-ગીત-વાંજિત્ર વગેરેથી અને કલાકલાપથી નગરીના લોકોના મનને ઘણા આનંદને આપનારા થયા.

હવે કોઈક વખત તરુણોનો મનોહર મહોત્સવ પ્રવર્ત્યો ત્યારે જુદી જુદી નાટક મંડળીઓ નગરની અંદર ગીતો ગાતી થઈ અને તરુણ મનુષ્ય અને સ્ત્રીનો સમૂહ નૃત્ય કરવા લાગ્યો. તે ચાંડાલપુત્રોને આગળ કરીને (મુખ્ય રાખીને) ચાંડાલ તરુણોની નૃત્યમંડળી નીકળી. નગરની અંદર નૃત્ય કરતી ચાંડાલમંડળીને સાંભળીને તેના ગીતના સ્વરથી મોહિત થયેલ બાકી સર્વ નૃત્યમંડળીઓ અને ભક્તમંડળીઓ બ્રાહ્મણોની સાથે ત્યાં આવી. ઈર્ષ્યાથી રાજાને વિનવે છે કે હે દેવ! આ ચાંડાલ લોકે આ નગરને વટલાવી દીધું છે. તેઓનો નગર પ્રવેશ અટકાવાયો. પછી કેટલોક કાળ પસાર થયા પછી ક્યારેક કૌમુદી સમય પ્રવૃત્ત થયો ત્યારે મહામહોત્સવ પ્રવર્ત્યો. તે ભૂતદિન્નના પુત્રો, બીજા ચાંડલોની સાથે વીંટળાયેલા, કુતૂહલથી ચંચળ મનવાળા રાજાના શાસનને ભૂલી ગયેલા નગરની અંદર પ્રવેશ્યા. હરણો જેમ ગૌરીના ગીતો સાંભળે તેમ નૃત્યમંડળીના ગીતો સાંભળીને લોક નૃત્ય જોવા લાગ્યો. (૩૩)

હવે વસ્ત્રથી મુખને ઢાંકીને ગીત ગાવા લાગ્યા અને જલદીથી તેના ગીતથી આકર્ષાઈને સકળ નગરલોક ભેળો થયો. અમૃતના રસ સમાન આ ગીત કોના વડે ગવાય છે એમ જેટલામાં જુએ છે તેટલામાં ભૂતદિન્નના પુત્રો ગીત ગાય છે એમ જણાયું. મારો, મારો એમ બોલતા બ્રાહ્મણોએ માર મારીને નગરમાંથી હાંકી કાઢ્યા અને બહાર ઉદ્યાનમાં રહ્યા. ધિક્ ધિક્ કુલદોષથી કલાકલાપ હલકાઈને પામ્યો. તેથી આપણને હવે મરણ સિવાય બીજી કોઈ ગતિ નથી. દક્ષિણ દિશામાં જવા લાગ્યા અને દૂર દેશાંતર ગયા. એક મોટો પર્વત જોયો અને તેના ઉપર આરોહણ કરતા તેઓએ એક શિલાતલ ઉપર બે ભુજાને પ્રસારેલા વિકૃષ્ટ તપવાળા કાઉસ્સગ્ગમાં રહેલા એક મહામુનિને જોયા. પ્રણય સહિત તેઓએ પ્રણામ કર્યા. મુનિએ પણ ધ્યાન સમાપ્ત કરી અતિમધુર અને ગંભીર સ્વરવાળા ધર્મલાભથી આદર કર્યો. ભૂતદિન્નના પુત્રો આનંદ પામ્યા અને પૂછ્યું તમે કયા કારણથી અહીં આવ્યા છો? તેઓએ સાચી હકીકત કહી કે અમો આ પર્વત ઉપર મરવા આવ્યા છીએ. સર્વ જાતિઓમાં ચાંડાલજાતિ અધમ છે કેમકે સારી રીતે પ્રાપ્ત કરેલા પણ ગુણો દોષને માટે થાય છે, જેમકે અમને દોષ પ્રાપ્ત થયો તેમ. મુનિએ કહ્યું: આપઘાત કરવાથી ભવાંતરમાં પણ કલ્યાણ થતું નથી માટે તમારો આ મનોરથ સારો નથી. સકળ સંસારના દુઃખો રૂપી વ્યાધિને નાશ કરવા માટે જિનમત સિવાય કોઈ ઔષધ નથી. કલ્પવૃક્ષની જેમ સમીહિત સિદ્ધિ માટે ધર્મ કરવો જોઈએ. પછી

તેઓને દીક્ષાના ભાવ થયા અને મુનિવર પાસેથી દીક્ષા સ્વીકારી, તેથી તેઓને ઉચિત ભાવથી પરિણામ પામી. કાળ ક્રમથી તેઓ ગીતાર્થ થયા અને છઠ્ઠ અઠ્ઠમાદિ તપમાં નિરત થયા. અનિયમિત વિહારચર્યાને કરતા ગજપુર નગરમાં ગયા. બહાર ઉદ્યાનમાં ઊતર્યા અને માસખમણના પારણાના દિવસે સંભૂતમુનિ ગજપુરનગરની અંદર ભિક્ષા લેવા ગયા. ઈર્યાસમિતિપૂર્વક એક ઘરથી બીજે ઘર ફરતા સંભૂત મુનિને નમુચિમંત્રીએ જોયા. તેણે 'આ ચાંડાલમુનિ છે' એમ ઓળખ્યા અને અપયશના ભયથી પોતાના પુરુષને મોકલીને છૂપી રીતે હણવા લાગ્યો. તપથી શોષાયેલા શરીરવાળા નિરવદ્ય સાધુચર્યાને પાળવા છતાં મુનિ હણાયા ત્યારે મુનિ ધર્મધ્યાનથી ભ્રષ્ટ થયા અને કોપાગ્નિથી પ્રજ્વલિત થયા. જેમ નવા વર્ષાદના સમયે આકાશમાં વાદળો શોભે તેમ તેના મુખરૂપી આકાશમાંથી નીકળેલા ધૂમાડાના ગોટાઓ શોભે છે. જેમ વાદળાઓમાંથી ભયંકર વીજળી ચમકે તેમ ધૂમમાળામાંથી તેજોલેશ્યા નીકળી. પછી પ્રલયકાળના વાદળથી જાણે યુક્ત ન હોય એવા આકાશતળને જોતો બાળ-વૃદ્ધ સહિત નગરલોક સંક્ષુબ્ધમનવાળો થયો. પછી પરિવાર સહિત શ્રીમાન્ સનત્કુમાર ચક્રવર્તી હકીકત જાણીને તેઓને શાંત કરવા આવ્યો. ભાલતલને પૃથ્વીપર અડાળીને, હાથ જોડીને, પ્રણામ કરી ચક્રવર્તીએ વિનંતિ કરી કે મુનિઓ ક્ષમાપ્રધાન હોય છે. જો કોઈએ અલ્પબુદ્ધિથી અનાર્યચેષ્ટાવડે તમારો અપરાધ કર્યો હોય તો તમારે તેની જેવા ન થવું જોઈએ, અર્થાત્ તમારે તેનો બદલો ન લેવો જોઈએ. જો **વિષધર**[1] (ઝેરી સર્પ) કોઈકને ડંશ મારે તો શું બુદ્ધિમાન માણસે સાપને કરડવું ઉચિત છે? આમ કહ્યે છતે મુનિ જેટલામાં રાજા ઉપર કૃપાવાન થતા નથી તેટલામાં હકીકતને જાણીને ચિત્રમુનિ જલદીથી તેની પાસે આવ્યા અને કહ્યું: ક્રોધનો ઉપશમ કરો. આ નિરંકુશ સળગેલો પ્રચંડતાપવાળો કોપરૂપી અગ્નિ ગુણરૂપી વનને ક્ષણથી ભસ્મીભૂત કરે છે. જેથી સૂત્રમાં કહ્યું છે કે– જેમ એકાએક[2] પ્રજ્વલિત થયેલો દાવાનળ ક્ષણથી વનને બાળે છે તેમ કષાય પરિણામી જીવ તપ અને સંયમરૂપી ઉદ્યાનને બાળે છે. તથા ઉદ્વેગનું કારણ, દારૂણ દુઃખોની મૂળખાણ એવો ક્રોધ સાપના ફૂંફાડાની[3] જેમ કોના પાપને વિસ્તારનારો નથી થતો? આ પ્રમાણે ચિત્રમુનિ દેશના રૂપી મેઘધારાએ વરસ્યા ત્યારે સંભૂત મુનિનો ક્રોધાગ્નિ શાંત થયો, ઉગ્ર વૈરાગ્યને પામ્યો. રાજા નમુચિ સચિવને બાંધીને તેની પાસે લઈ આવ્યો. તેણે પણ અનુકંપાથી શિક્ષામાંથી છોડાવ્યો પછી વૈરાગ્ય પામેલા બંને પણ અંતસમયે કરવા યોગ્ય આરાધના સ્વીકારીને જેટલામાં રહે છે તેટલામાં કોઈક વખતે રાજા તેના વંદન માટે આવ્યો અને તેઓના જ ચરણની પર્યુપાસના કરવામાં ઉદ્યત થાય છે તેટલામાં તત્ક્ષણ જ તેની પાછળ તેનું સ્ત્રીરત્ન આવ્યું અને સભ્રાંતથી પ્રણામ કરીને

૧. કર્દમ એ સાપની એક જાત છે.

૨. दवदमस्स ને બદલે અહીં दवदवस्स શુદ્ધ જણાય છે.

૩. ફૂંફાડો સાપના ક્રોધનું કાર્ય છે માટે કાર્યમાં કારણનો ઉપચાર કરી જણાવ્યું છે.

તેના પગમાં પડતા અગ્રકેશોની લટનો સ્પર્શ તેના પગને થયો. સંભૂત જલદીથી પ્રમાદ ચિત્તવાળો (વિહારી) થયો. જો આના કેશના લટનો સ્પર્શ પણ આવો છે તો નક્કીથી આના સર્વસંગનો સ્પર્શ અદ્ભૂત સુખને કરનારો હશે એમ હું માનું છું.

આ પ્રમાણે વિચારતા તેણે એકાએક આવા પ્રકારનું નિયાણું કર્યું. જો મારા તપનો (ચારિત્રનો) કોઈ પ્રભાવ હોય તો મને ભવાંતરમાં આવા સ્ત્રીરત્નનો લાભ થાઓ. 'કાકિણીને માટે ક્રોડને હારવું તારે યુક્ત નથી' એમ ભાઈ વડે ઘણો વારણ કરાયે છતે નિયાણાથી પાછો ન ફર્યો. પછી મરીને સૌધર્મ દેવલોકમાં નલિનીગુલ્મ વિમાનમાં સૌભાગ્યના સાગર એવા દેવો થયા. કાળે કરી તે વિમાનમાંથી ચ્યવીને આ ભરતક્ષેત્રમાં સંભૂતનો જીવ બ્રહ્મદત્ત નામનો ચક્રવર્તી થયો. જેનું વર્ણન પૂર્વે આવી ગયું છે. પણ જે ચિત્રમુનિનો જીવ હતો તે પ્રાચીન પુરિમતાલ નગરમાં વણિક પુત્ર થયો. ધર્મ સાંભળીને સંસારરૂપી કારાગૃહથી અતિશય વિરક્ત થઈ દીક્ષા લીધી અને શાંત દાંત ઉત્તમ મુનિ થયા અને કાંપીલ્યપુર નગરમાં આવ્યા. પ્રસંગના વશથી બ્રહ્મદત્ત ચક્રવર્તીને જાતિસ્મરણ જ્ઞાન થયું. તે આ પ્રમાણે–

એક નટે વિનંતિ કરી કે હું આજે મધુકરી ગીત નામના નાટકને ભજવીશ. અતિ ઉદ્ભટ, શ્રેષ્ઠ, વિવિધ ચિત્ર-વિચિત્ર પ્રકારના વેષવાળા પોતાના પરિવારની સાથે બપોર પછી નાટક કરવું શરૂ કર્યું. આ ક્ષણે ફૂલોથી બનાવેલી, અતિ સુગંધિ, ગોળ દડા આકારની, ભ્રમરાના સમૂહના ગુંજારવથી રમણીય એવી એક ફૂલની માળાની સુગંધને સૂંઘતા ચક્રવર્તીને જાતિસ્મરણ જ્ઞાન થયું. જેમકે હું સૌધર્મ દેવલોકના નલિનીગુલ્મ વિમાનમાં સુરવર હતો ત્યાં મેં આ સર્વ સુખો અનુભવ્યા હતા. તત્ક્ષણ જ મૂર્ચ્છા પામ્યો. નજીકમાં રહેલા લોકોએ શીતળજળ અને ચંદનરસથી બ્રહ્મદત્તને સિંચન કર્યું. ફરી ચૈતન્યને પામ્યો. લોકમાં મૂર્ચ્છાનું કારણ ગુપ્ત રાખવા બ્રહ્મદત્તે પોતાના હૃદયતુલ્ય વરધનુ મંત્રીને પોતાના પૂર્વભવના ભાઈની તપાસ કરવા જણાવ્યું. પોતાના ચરિત્રના રહસ્યને જણાવતા તે આ શ્લોકના ખંડ(ભાગ)ને રાજકુળના દરવાજાના તોરણમાં બંધાવો. તે વખતે તેઓએ પત્રક બંધાવ્યો. જેમ–"અમે[1] બે દાસ, બે મૃગ, બે હંસ, બે ચાંડાલ તથા બે દેવ હતા...." આના ઉત્તરાર્ધને જે પૂરશે તેને હું અર્ધું રાજ્ય આપીશ, આવું પત્રક રાજકુળમાં લખાવ્યું. લોક રાજ્યનો અભિલાષુ થયો અને શ્લોકને પૂરવા મશગુલ બન્યો. તથા આ શ્લોક ત્રણ રસ્તે-ચાર રસ્તે બધાવડે બોલાવા લાગ્યો. (૮૫)

હવે ચિત્રનો જીવ એવો સાધુ વિહાર કરતો જાતિસ્મરણજ્ઞાન પામેલો કાંપીલ્યપુરના ઉદ્યાનમાં આવીને ઊતર્યો. રહેંટને હાંકતા માણસવડે પત્રની અંદર લખેલી હકીકત ભણાતી સાંભળી. પછી તત્ક્ષણ મુનિએ આ શ્લોક પૂરી આપ્યો. જેમકે–એકબીજાથી વિખૂટા પડ્યાનો આ આપણો છઠ્ઠો જન્મ છે. તેને સાંભળીને જલદીથી રાજાની પાસે જઈને બોલે છે. મૂર્ચ્છાથી વિકરાળ થઈ છે આંખો જેની

૧. અહીં आश्व શબ્દને બદલે आस्व હોવું જોઈએ એમ લાગે છે જે अस् ધાતુનું यस्तन ભૂતકાળનું પ્રથમા દ્વિ.વિ.નું રૂપ છે.

એવો રાજા પૃથ્વી ઉપર ઢળી પડ્યો. આ શ્લોક સાંભળ્યા પછી તરત રાજાને આવું સંકટ પ્રાપ્ત થયું છે એમ જાણીને જેટલામાં પરિજન તેને મારવા ઊઠે છે તેટલામાં તે કહે છે કે આ ઉત્તરાર્ધ મેં સાધુ પાસેથી જાણ્યું છે. ચેતનાને પામેલો રાજા પૂછે છે કે તે સાધુ ક્યાં છે? હે દેવ! તે મારા ઉદ્યાનમાં છે. પછી રાજા અત્યંત હર્ષ પરવશ થયો. પોતાની સર્વરિદ્ધિથી તેના દર્શન કરવા આવ્યો. સૂર્યોદય થાય અને જેવું કમલવન વિકસે તેવું વિકસિત થયું છે મુખ રૂપી કમળ જેનું એવો રાજા વંદન કરીને બેઠો અને સર્વ સુખસાતા પૂછી. રાજાએ કહ્યું કે આ રાજ્ય આપણે સાથે જ ભોગવીએ. આ ધર્મનું વિશેષ ફળ છે કે જે આવા પ્રકારની મોટી રાજ્ય સંપત્તિ મળી છે. તેથી આ ભોગ સમયે દુષ્કર વ્રત પાળવું શોભારૂપ નથી. ભોગો પરિણામે ભયંકર અને દુઃખે કરીને સહન કરી શકાય તેવા સ્વરૂપવાળા છે એમ જાણતા મુનિએ વિષયો વિષ જેવા છે એમ નિંદા કરી. જેમકે–**કામભોગો શલ્ય છે. કામભોગો વિષ છે, કામભોગો આશીવિષ સર્પ સમાન છે, કામની પ્રાર્થના કરતા જીવો ઈચ્છા પૂર્ણ થયા વિના દુર્ગતિમાં ચાલ્યા જાય છે.** સર્વ ગીત વિલાપ છે, સર્વ નૃત્ય વિડંબના છે. સર્વ આભરણો ભાર છે. સર્વ કામો દુઃખે કરીને વહન કરી શકાય છે. આ પ્રમાણે ઉપમાના સારવાળા આશ્ચર્યકારી તે તે વચનોથી ચક્રી કંઈક વૈરાગ્યને પામેલો આ પ્રમાણે બોલવા લાગ્યો. હે મુનિ! તમે જે આ વચનો મને કહો છો તે તેમજ છે એમ હું જાણું છું. આ ભોગો કર્મબંધ કરાવનારા થાય છે જે અમારા જેવાને આજે દુર્જય છે. મુનિ– જો તું ભોગો છોડવા આજે અસમર્થ છે તો હે રાજન્! શિષ્ટજન ઉચિત કાર્યો કર. ધર્મમાં રહેલો તું સર્વપ્રજાની અનુકંપા કરનારો થઈશ તો તું અહીંથી મરેલો વૈક્રિય શરીરી દેવ થઈશ. જો તારે ભોગો છોડવાની બુદ્ધિ નથી અને આરંભ પરિગ્રહમાં આસક્ત છે, તો મેં તને પ્રતિબોધ કરવા આટલો વિપ્રલાપ કર્યો તે ફોગટ થયો. તેથી હે રાજન્! હું જાઉં છું. અને પંચાલ રાજા બ્રહ્મદત્ત તે સાધુના વચનોને નહીં માનીને અનુત્તર કામભોગો ભોગવીને અનુત્તર નરકમાં ગયો, અર્થાત્ ઉત્કૃષ્ટ કામભોગો ભોગવીને ઉત્કૃષ્ટ નરકમાં ગયો. ચિત્ર પણ કામોથી વિરક્ત મનોરથવાળો, મહાઋષિ ઉગ્રચારિત્ર-તપ આરાધીને, અનુત્તર સંયમ પાળીને અનુત્તર સિદ્ધિગતિમાં ગયો. પ્રૌઢ પરાક્રમને કરીને ક્ષણથી કર્મો ખપાવીને, સર્વોત્તમ જ્ઞાનલક્ષ્મી મેળવીને તે ભરત મહારાજા સંસાર તરી ગયા. જે અહીં બીજો બ્રહ્મદત્ત ચક્રવર્તી નિયાણાથી મિથ્યાત્વ અને ચારિત્રનો ઘાત કરનારા **વિઘાતિ**[1] કર્મો બાંધી, કર્મોને વશ પડેલો મરીને દુઃખના માર્ગમાં પ્રવેશ્યો, અર્થાત્ નરકના મહાદુઃખને પામ્યો. (૩૫૭)

**બ્રહ્મદત્ત ચક્રવર્તીની કથા સમાપ્ત**

**उपसंहरन्नाह-**

**कयमेत्थ पसंगेणं, सुद्धाणाजोगतो सदा मतिमं ।**
**वट्टेज्ज धम्मठाणे, तस्सियरपसाहगत्तेण ॥३५८॥**

---

૧. વિઘાતિકર્મ– આત્માના ગુણોનું વિશેષ પ્રકારે ઘાત કરે તે કર્મ.

'कृतं' पर्याप्तमत्राज्ञामाहात्म्यवर्णने प्रस्तुते 'प्रसङ्गेन' दैवपुरुषकारस्वरूपनिरूपणादिना, शुद्धाज्ञायोगादुक्तस्वभावात् 'सदा' सर्व्वकालं 'मतिमान्' अतिशयबुद्धिधनो 'वर्त्तेत' प्रवृत्तिमान् भवेद् 'धर्म्मस्थाने' सम्यक्त्वादिप्रतिपत्तिलक्षणे । अथ हेतुमाह-तस्य शुद्धाज्ञानुसारिणो धर्म्मानुष्ठानस्य स्वल्पस्यापीतरप्रसाधकत्वेनोत्तरोत्तरदेशविरत्यादिधर्म्मानुष्ठाननिष्पादकत्वेन ॥३५८॥

ઉપસંહાર કરતા ગ્રન્થકાર કહે છે–

**ગાથાર્થ**–અહીં પ્રાસંગિક વર્ણનથી સર્યું. મતિમાન પુરુષ સદા શુદ્ધાજ્ઞાયોગ પૂર્વક ધર્મસ્થાનમાં પ્રવર્તે. કારણકે શુદ્ધાજ્ઞાનુસારી ધર્માનુષ્ઠાન અન્ય ધર્માનુષ્ઠાનનો પ્રસાધક છે.

**ટીકાર્થ**–પ્રસ્તુત આજ્ઞા માહાત્મ્યના વર્ણનમાં દેવ-પુરુષાર્થના સ્વરૂપનું નિરૂપણ વગેરે પ્રાસંગિક વર્ણન આટલું બસ છે. મતિમાન પુરુષ સર્વકાલ શુદ્ધાજ્ઞાયોગ (=શુદ્ધાજ્ઞા પાલન) પૂર્વક સમ્યક્ત્વાદિ સ્વીકાર રૂપ ધર્મસ્થાનમાં પ્રવર્તે. કારણ કે શુદ્ધાજ્ઞાનુસારી અતિશય અલ્પ પણ ધર્માનુષ્ઠાન ઉત્તરોત્તર દેશવિરતિ આદિ ધર્માનુષ્ઠાનને ઉત્પન્ન કરે છે.

[શુદ્ધાજ્ઞાયોગનો સ્વભાવ કેવો છે તે પૂર્વે (૩૨૩મી ગાથામાં) જણાવ્યું છે.] (૩૫૮)

एतदेव भावयति—

**तस्सेसो उ सहावो, जमियरमणुबंधई य नियमेण ।**
**दीवोव्व कज्जलं सुणिहिउत्ति कज्जंतरसमत्थं ॥३५९॥**

तस्योक्तलक्षणस्य धर्म्मानुष्ठानस्यैष त्वेष एव वक्ष्यमाणस्वभावलक्षणं यदितरधर्म्मानुष्ठानमनुबध्नाति न केवलं स्वयं भवतीति चकारार्थः, नियमेनाव्यभिचारेण, कार्यान्तरसमर्थमित्यत्रापि संबध्यते, ततः कार्यान्तरसमर्थमुत्तरोत्तरसुगतिलाभलक्षणम् । दृष्टान्तमाह-'दीप इव' प्रदीपवत् 'कज्जलं' प्रतीतरूपमेव, सुनिहितोऽनिवातस्थाननिवेशित इति कृत्वा 'कार्यान्तरसमर्थं' प्रस्तुतप्रकाशमपेक्ष्य यत् कार्यान्तरं तरुणीनयननिर्मलताप्रदानादि तत्सम्पादकमिति । यथा-प्रदीपः सुनिहितोऽवश्यं कार्यान्तरसमर्थं कज्जलमनुबध्नाति तथा प्रस्तुतमनुष्ठानमप्यनुष्ठानान्तरमिति ॥३५९॥

આ જ વિષયને વિચારે છે–

**ગાથાર્થ**–શુદ્ધાજ્ઞાનુસારી ધર્માનુષ્ઠાનનો આ સ્વભાવ છે કે નિયમા કાર્યાંતર કરવા સમર્થ એવા અન્ય અનુષ્ઠાનનો અનુબંધ કરે છે. જેમકે–સારી રીતે મૂકેલો દીપક કાર્યાંતર સમર્થ એવા કાજળનો અનુબંધ કરે છે.

**ટીકાર્થ**–શુદ્ધાજ્ઞાનુસારી ધર્માનુષ્ઠાનનો આ સ્વભાવ જ છે કે કેવલ સ્વયં થાય છે એમ નહિ, કિંતુ અન્ય એવા ધર્માનુષ્ઠાનનો અનુબંધ (=પરંપરા) કરે છે કે જે ધર્માનુષ્ઠાન

અન્ય કાર્ય કરવા સમર્થ હોય. જેમકે શુદ્ધાજ્ઞાપૂર્વક સમ્યગ્દર્શનનો સ્વીકાર કરવામાં આવે તો તે સમ્યક્ત્વ અન્ય દેશવિરતિ આદિ ધર્માનુષ્ઠાનોની પરંપરા સર્જે છે. દેશવિરતિ આદિ ધર્માનુષ્ઠાન ઉત્તરોત્તર સુગતિના લાભ રૂપ અન્ય કાર્ય કરવા સમર્થ છે, અર્થાત્ એનાથી ઉત્તરોત્તર સુગતિની પ્રાપ્તિ થાય છે.

આ વિષે દીપકનું દૃષ્ટાંત છે. પવન ન આવે તેવા સ્થાનમાં મૂકેલો દીપક માત્ર પ્રકાશ જ કરે છે એમ નહિ, કિંતુ કાજળનો પણ અનુબંધ કરે છે, અને એ કાજળ તરુણીઓના નયનોને નિર્મલ બનાવે છે, [પ્રસ્તુતમાં દીવાના સ્થાને સમ્યગ્દર્શન છે. કારણ કે તે પ્રકાશ કરે છે. કાજળના સ્થાને ઉત્તરોત્તર પ્રગટ થતો દેશવિરતિ વગેરે ધર્મ છે. તરુણીઓના નયનોને નિર્મલ બનાવવાના સ્થાને ઉત્તરોત્તર સુગતિની પ્રાપ્તિ છે. દીવાને નિર્વાત સ્થાનમાં મૂકવાના સ્થાને વિશુદ્ધ આજ્ઞાયોગ છે. કારણ કે તેનાથી કાર્યની પરંપરા ચાલે છે.] (૩૫૯)

## ભાવાનુવાદકારની પ્રશસ્તિ

સુગૃહીત નામધેય પ.પૂ. આચાર્યદેવ **શ્રીહરિભદ્રસૂરિ** વિરચિત અને સમર્થ સાહિત્ય સર્જક પ.પૂ. આચાર્યદેવ **શ્રીમુનિચંદ્ર** વિરચિત ટીકા સહિત ઉપદેશપદ ગ્રંથનો સિદ્ધાંત મહોદધિ સ્વ. પ.પૂ. આચાર્યદેવ **શ્રીપ્રેમસૂરીશ્વરજી મહારાજ**ના પટ્ટાલંકાર પરમ ગીતાર્થ સ્વ. પ. પૂ. આચાર્યદેવ **શ્રીહીરસૂરીશ્વરજી મહારાજ**ના પટ્ટાલંકાર વર્ધમાન તપોનિધિ પ. પૂ. આચાર્યદેવ **શ્રીલલિતશેખરસૂરીશ્વરજી મહારાજ**ના શિષ્ય પંચસૂત્ર, પંચવસ્તુક, પંચાશક, ધર્મબિંદુ, શ્રાદ્ધદિનકૃત્ય, વીતરાગ સ્તોત્ર, શીલોપદેશમાલા, અષ્ટક પ્રકરણ, યોગદૃષ્ટિ સમુચ્ચય, શ્રાવકધર્મવિધિ પ્રકરણ, ગુરુતત્ત્વવિનિશ્ચય, ઉપદેશમાલા (પુષ્પમાલા), પ્રશમરતિ આદિ અનેક ગ્રંથોના ભાવાનુવાદ કરનારા આચાર્ય **શ્રીરાજશેખરસૂરિ**એ વિસ્તારવાળી કથાઓ સિવાય કરેલા ગુજરાતી ભાવાનુવાદ સહિત પ્રથમ ભાગ પૂર્ણ થયો.

**इति-प्रकरणचतुर्दशशतीसमुत्तुङ्गप्रासादपरम्परासूत्रणैकसूत्रधारैरगाधसंसारवारिथिनिमज्जज्जन्तुजातसमुद्धरणप्रधानधर्मप्रवहणप्रवर्तनकर्णधारैर्भगवत्तीर्थकर-प्रवचनावितथतत्त्वप्रबोधप्रभूतप्रज्ञाप्रकाशतिरस्कृतसमस्ततीर्थिकचक्र-प्रवादप्रचारैःप्रस्तुतनिरतिशयस्याद्वादविचारैःश्रीमद्-हरिभद्र-सूरिभिः प्रणीते अनेकप्रकरणकुलकटीकादिग्रन्थनिर्मातृ-पूज्यश्रीमुनिचन्द्रसूरिविरचितसुखसम्बोधनीवृत्तियुते श्रीउपदेशपदमहाग्रन्थे प्रथमो भागः समाप्तः ।**

## ॥ प्रथमो भागः समाप्तः ॥

# ।। मूलगाथानामकारादिक्रमः ।।


( अ )

अइदुक्खं च एयं .... ४
अइरागपाणवसणे .... ११०
अकए बीजक्खेवे .... २२४
अक्किरियाएँ विसुद्धो .... ८०३
अक्खुद्दाईधण्णाइया उ .... ११६
अक्खोभिरिया लोयण .... ६१०
अगए विसकरजवमेत्त .... ११६
अग्गियए पव्वयए .... १३८
अग्गिं सूरं च विणा .... ६३
अग्गीजालण रयणा .... ५६८
अग्गीयादाइण्णो .... ८४१
अज्झप्पमूलबद्धं .... ३६८
अट्टज्झाणाभावे .... ५४३
अण्णस्स वच्चओ खलु .... ३५६
अण्णं च निमित्ताओ .... ७६२
अण्णंपि इहाहरणं .... ४८०
अण्णे भणंति तिविहं .... १५०
अण्णे वि एत्थ धम्मे .... १०३२
अण्णेहिं समं पासण .... ५१७
अण्णोण्णभित्तिजवणिग .... ३६३
अण्णोण्णागमणिच्चं .... ६४३
अण्णोविय धम्मरूई .... ६४८
अणियमसहावमेयं .... ३४०
अणियमसहावयाविय .... १०११
अणुकूल पवणजोगा .... ४७४
अणुबंधं च निरूवइ .... १८०
अणुमाण हेउ दिट्ठंत .... ४८
अत्थे बालदुमाया .... १०३
अत्थो वक्खाणंतिय .... ८५७
अन्नत्थ गमणथाणं .... ७११
अन्नत्थ रागकालेण .... १०१८
अन्नत्थवि विन्नेओ .... १९७
अन्ने गयपिंडो दब्भा .... २५१
अन्नेवि महासत्ता .... ४२१
अन्नो उ का अहिंसा .... १८४
अन्नो उ किं इम .... २३६
अन्नो पुण जोगत्त .... २५५
अपडिक्कमणं कालो .... २११
अपमायसारयाए .... १२६
अपरिणए पुण एयम्मि .... १३३
अप्पपरोभयभेया .... ७६०
अप्पाउहत्थिअप्पण .... ६०
अप्पुव्वणाणगहणे .... ५०२
अब्भिंतरपरिसाए .... २७८
अब्भिंतराण बज्झं .... १६१
अभए सेट्ठिकुमारे .... ४१
अभयमिव मण्णमाणो .... ६३२
अमावस्साए संधीए .... ६६
अरिहागमम्मि पुच्छा .... १८७
अवणेइ य तं मज्झे .... ८३१
अवयारवियारम्मी .... ३११
अवराजियस्स चिंता .... २८८
अवरो रायासण्णो .... १२८
अविराहणाए सुद्धे .... ४८४
अविहिकरणम्मि आणा .... ८६८
असढेण समाइन्नं .... ८१४
असदभिणिवेसवंसो .... ४४२
असंखोसप्पिणि स० .... १७
अस्सद्दहणे देवस्स .... ६२५
अह कहवि तव्विसेसो .... १०१०
अहवप्पकम्महेउं .... ३५१
अहिदंसे जीवावण .... ७१७
अहियं च धम्मचरणं .... ७६८
अहियासिऊण तग्गय .... २१७
अहो निच्चं तवोकम्मा .... ६८५

( अं )

अंके वंचिय पल्लट्टयंमि .... १८
अंगतिया धणसेट्ठी .... ५५२
अंगारमद्दगोच्चिय .... २५८
अंगिरस गालवावाण .... ३७८

( आ )

आईसद्दा सुमती .... १५०
आउट्टो उयसंतो .... ६५१
आउत्ताइएसुवि .... ६८६
आगच्छंतो य तओ .... ५५७
आगम अहिगादाणं .... ५३४
आगमण रायदंसण .... ५६७
आगमणीईण तओ .... ८७६
आगमवियारपंथे .... ६०१
आगमविहितं तम्मि .... ८८०
आगमिय किरिय णाणं .... ४८१
आढवति सम्ममेसो .... १७१
आणाजोगेण य रक्खणा .... ८५१
आणापरतंतेहिं .... २२५
आणाबज्झाणं पुण .... ८११
आणाबहुमाणाओ .... २३८
आणाबाहाए जओ .... १८६
आणाबाहाए तहा .... ८७२
आणाभावणजोगा .... २४१
आणेह सगं अगडं .... ६१
आमंडेत्ति परिच्छा .... १४५
आयपरपरिच्चाओ .... ३६
आयरणावि हु आणा .... ८१३
आयणियणिहिसुय .... ५१०
आयारपढमसुत्ते .... ६८१
आयारामो जाओ .... २५०
आरंभ विसमतालं .... २१२
आरंभि पमत्ताणं .... ८६७
आराहणा कालगओ .... ४६५
आराहिऊण ततियं .... २१३
आरुह मे पिट्ठीए .... ६३४

आलोचियव्वमेयं .............४७६
आवाग थंडिल पिपी .........६४९
आसण्णसिद्धियाणं० .......... .३५
आसासण वेज्जाण य.........७१२
आसे रक्खिय धूया............११२
आहरणं पुण एत्थं .............३२९
आहरणं सेट्ठिदुगं................४५३
आहरणा पुण एत्थं ............७३५

(इ)

इक्खाहारा सोत्तिय ............७५२
इच्चाइसु गुरु लाघ० ..........६८७
इच्चाइ महं रण्णा ..............१०५
इत्तो अकरणनियमो...........६९३
इत्थी वंतरि सच्चित्थि .......... .९३
इय एक्कवारबीयं ................६२९
इय एयम्मिवि काले...........७९९
इय एयस्साबाहा ................८८१
इय चिंतिऊण य भयं...... .१०३०
इय थोवोऽवइयारो.......... .१०१९
इयर गह पइदिणमिह .........५३३
इयरस्स गहणकहणा .........८०६
इयरस्सवि सुविणम्मी.........९७७
इयरेसुंपि य पओसो ...........८४०
इयरो उज्जेणीए..................२१४
इय सुविगायवि .................९७६
इय सुहुमरागदोसा .......... .१०१७
इय सो महाणुभावो ...........४१२
इरिसमियाइयाओ .............६०३
इह तेल्लपत्तिधार .................९२३
इहरा अण्णयरगमा ............८८३
इहरा एयं चिय ...................८९६
इहरावि हंदि एयम्मि ..........४३४
इहरा सपरुवघाओ.............८४२
इहराऽसमंजसत्तं ............ .१००१

(इं)

इंदउरसामिणो पुत्त.............१३१
इंदपुर इंददत्ते ....................९३७

(ई)

ईसाणजम्म भोगा ..............९८३
ईसालुगाइणाणं ................... .२५

(उ)

उउसमवाए अंबग ................ .२१
उच्चार वुड्ढ तरुणी............. .८६
उच्छिण्ण कुमारो...............४९३
उज्जेणि सिलागामे .............. .५२
उज्जेणीए रोगो ...................५३६
उड्डेह वयामोत्ती .................६३३
उत्तमगुणबहुमाणो......... .१०२४
उदहिजुगे पुव्वावर .............. .१४
उदिओदय सिरिकंता .........१३२
उन्नयमवेक्ख इयरस्स ........७८४
उन्निक्खमणं वाही ............३९६
उप्पत्तिय वेणइया ............... .३८
उभयण्णू विय किरिया......८५३
उभयतहाभावो .................... ३४९
उम्मत्तस्स व णेतो..............४४७
उवएस सफलयावि ........ .१००४
उवओगदिट्ठसारा ................. .४६
उवओगपरिन्नाणं...............२०६
उववासोवि हु एक्का...........६८४
उव्वेलंतो बहुसो..................५९५
उस्सग्गववायाणं ...............७८२

(ए)

एएहिं दिट्ठेहिं ......................७४१
एईए सुविसिट्ठं....................२४०
एएण पगारेणं ....................७१९
एएणं चिय कोई ..................९१९
एएणं बीजेणं ............... .१०२५
एएणाहरणेणं .....................८४९
एए पउंजिऊणं ....................४७०
एएसिं च सरूवं ..................८६२
एगणिमंतणमविगल ..........३५५
एगम्मि भोयणे भुंजि० ........३२५
एगं तणिच्चवाए..................४४५
एगंपि उदगबिंदू.............. .१०२३
एगिंदिएसु पायं .................३१७
एगेणमप्पसारियदेसे...........१७०
एगो अप्पाहण्णे..................२५४
एत्तो अईयसावेक्ख ...........८७१
एत्तो उ अप्पमाओ .............३१०
एत्तो उ इओ वीरा ..............३१३
एत्तो उ किल पयट्टो............३३१
एत्तो उ दिट्ठिसुद्धी................३६०
एत्तो उ दोवि तुल्ला ............३४१
एत्तो उ निरणुबंधं ...............२४२
एत्तो उ वीयरागो ...............७३२
एत्तो चिय झाणाओ ...........८९८
एत्तो च्चिय अवणीया.........१११
एत्तो च्चिय एयम्मि ............३७७
एत्तो च्चिय जाणिज्जति .......१६६
एत्तोच्चिय भणियमिणं .......४१३
एत्तोवि कत्थ बोही .............३०८
एत्तो सुद्धविसुद्धी ...............८५५
एत्थ उ तावससेट्ठी .............३०२
एत्थ परंपरयाए...................३४८
एत्थ य इमं निमित्तं ............७४३
एत्थ य जो जह सिद्धो .... .१००६
एत्थ वि आहरणाइं ............५०४
एत्थवि मणोरहोच्चिय........४८३
एत्थ हु मणोरहो ................४५६
एत्थं अकरणनियमो ..........७१८
एत्थं जम्मो धम्मो ..............२७१
एत्थं पुण आहरणं .............८४४
एत्थेव अत्थसत्थे ...............१०८
एत्थेव एरिसिच्चय ............७१४
एत्थेव मंतिधूया .................७०४
एत्थेव सेट्ठिधूयाण .............७०१
एमाइ रोहगाओ ...................६४

एमादि पुच्छवागर ............ .६००
एमादुचियकमेणं ............ .२१९
एमेव कोलिगोऽविहु ............ .१२३
एमेव थूलभद्दे ............ .१४०
एयम्मिह अयाणंता ............ .६७७
एयम्मिह दुक्खरूवो ............ .४९८
एयम्मिह होइ विरियं ............ .३२८
एयम्मि एयजोगेण ............ .४३५
एयम्मि पुन्नखेत्ते ............ .२११
एयम्मिवि कालम्मी ............ .७३६
एयं एवं अहिगरण ............ .८७३
एयं च अत्थि लक्खण ............ .२००
एयं च ण जुत्तिखमं ............ .९५१
एयं तु तहाभव्वत्त ............ .९९८
एयं पुण एवं खलु ............ .१६
एयाए आलोचइ ............ .२६०
एयापगमणिमित्तं ............ .३८८
एयारिसओ लोओ ............ .९०९
एयासिं आहरणा ............ .६०७
एरिसयाणं धम्मो ............ .५७०
एलउरं जियसत्तू ............ .२८४
एवमणंताणं इह ............ .१३२
एवमतिणिउणबुद्धीए ............ .४४९
एवमसंतोसाओ ............ .५८९
एवमिह दुस्समेयं ............ .९४९
एवमिहाहिगयम्मि ............ .३२७
एवं उचियपवित्ती ............ .२२२
एवं एसा अणुबंध ............ .८६९
एवं ओसहणायं ............ .४३०
एवं कम्मोवसमा ............ .२३०
एवं घोडगलिया ............ .५८६
एवं चइज्ज गंथं ............ .८७०
एवं च एत्थ णेयं ............ .२३१
एवं च पारतंतं ............ .२५२
एवं च मग्गलंभो ............ .९७०
एवं च हवइ लोगा ............ .५६६
एवं चिय तिलतेणो ............ .५८३
एवं चिय भव्वस्सवि ............ .६७०
एवं चिय विन्नेओ ............ .१००३
एवं चिय सेसम्मि ............ .५८५
एवं जइ कम्मं चिय ............ .३४६
एवं जिणोवएसो ............ .९३४
एवं णाऊण इमं ............ .३२२
एवं णाऊण इमं ............ .१०३३
एवं तवझाणाई ............ .८७४
एवंति अब्भुवगयं ............ .७६३
एवंति तेसिं बोहो ............ .९६५
एवं तु पयत्थाई ............ .८६५
एवं नियसन्नाय ............ .७५३
एवं पइसुत्तं चिय ............ .८८२
एवं पडिवत्तीए ............ .८७९
एवं पव्वइऊणं ............ .७९४
एवं पसत्थमेयं ............ .८७७
एवं पाएणं अणा ............ .८३९
एवंपि ठिए तत्ते ............ .१०१२
एवं पुणोऽवि पुच्छा ............ .७१
एवं पुणोवि नवरं ............ .३१७
एवं पुणोऽवि पुच्छा ............ .७०
एवं भावाराहण ............ .७९८
एवं वयपरिणामो ............ .५११
एवं विउव्वइस्सं ............ .२७९
एवं विणट्ठवहणो ............ .५८०
एवं विसयगयं चिय ............ .९९६
एवं विसिट्ठकाला ............ .८०८
एवंविहं तु तत्तं ............ .९४६
एवंविहो उ भावो ............ .६६४
एवं सज्झायाइसु ............ .६९१
एवं सज्झायाइसु ............ .६७२
एसणसुद्धातिजुओ ............ .२०४
एसा ण लंभणीया ............ .१००८
एसा य असइदोसा ............ .१८
एसो उ तहाभव्वत्तयाए ............ .३७०
एसो उ तंतसिद्धो ............ .१००२
एसो मुणेइ आणं ............ .४७८
एसो य एत्थ गहओ ............ .१९८
एसो य एत्थ पावो ............ .३७६
एसो य मए गहिओ ............ .५१६


(क)


कणगउरे कणगधजो ............ .१०२६
कत्थइ ण णाणमेयस्स ............ .४४३
कत्थ छगणम्मि किमि ............ .५८२
कन्नारयणे चेवं ............ .१५६
कप्पेऽतीते तक्किरिय० ............ .२२१
कम्मयबुद्धीएविहु ............ .१२१
कम्मं जोगनिमित्तं ............ .४७१
कम्मोदयसंकेसो ............ .२६६
कयमेत्थ पसंगेणं ............ .४७१, ............ .१६१, .३५८, ............ .७८८, .८८७
करकट्टुलाभपुच्छा ............ .१८१
करणं वाहानयणं ............ .७४५
कलसा य दुहा एगे ............ .८३२
लअवयारे किल ............ .८३८
कल्लाणमित्तजोगा० ............ .१६३
कल्लाणमित्तजोगा ............ .१०३४
कस्स मम चिय किं णो ............ .७५५
कहणा देवी संवेग० ............ .४९७
कह तु अकालपओगे ............ .४३८
कहणे चालण संबद्ध ............ .५५
कहवि असंपत्तिए ............ .४००
कह सत्ति? मिय णु सत्ति ............ .६१७
कहिं सो कोसंबीए ............ .३०१
कंटगखलणातुल्ले ............ .२७३
काइ कुमारी पइदेवय ............ .२३
काइयगुत्ताहरणं ............ .६६०
काऊण कालधम्मं ............ .७८१
काऊण वेज्जरूवं ............ .५३७
कागे संखेवं चिय ............ .८५

कायंदी ओसरणे ............ .१०२१
कारण पडिसेवा पुण .........८०२
कारणपुच्छा रज्जं ................ .७४
कालातिक्कमभुक्खा ........... .३७९
कालेण दलण पायं ...........८३३
कालेण पीइवुड्ढी ...............५५१
कालेण भिण्णवाहण .........७५१
कालेण मिलणमसणी ........४८२
कालेण रायणिग्गम ...........४६०
कालेणं बहुएणं .................१७६
कालोविय दुब्भिक्खा .........६६९
कालो सहावो नियई ..........१६४
किरियाए अइसंधति ..........२७७
किरियामेत्तं तु इहं ..............२४१
किरिया विणए बारस ........४९४
किं एत्थ रागजणणं ...........७०१
किं च उदाहरणाइं .............८१४
किंतु निमित्तं थेवं ..............३००
किं विसमं ? कज्जगती .......५९९
कुणइ जणसण्णिवाए .......४३९
कुण सेइयं बलं तह ...........१५७
कुमरे पुंडरि भा० ...............१३०
कुसलाए चिंतियमिणं.........५७४
कुसलासयहे ......................९७२
कुसुमपुरे अग्गिसिहो...........४८६
कूवावाहाजीवण ...............८३४
कूवे सिराइणाणं ................१११
केवइ कहण णिसेहे ..........८२५
केणइ रन्ना दिट्ठा ...............८१६
केवलि आगम पुच्छा .........४९१
केवलिजोगे पुच्छा .............४०७
को कुवलयाण गंधं........ .१००५
कोडिच्चागा कागिणि .......५४५
को धम्मो जीवदया............५९८
कोसंबागममूयग साहण......३०९
कोसंबीए सड्ढो० ...............५२६
कोसंबीसेट्ठिसुय.................२२७

(ख)

खग्गीसावगपुत्ते ................१४८
खमए अमच्चपुत्ते ............... .५०
खमए मंडुकिथंभे ..............१३७
खरफरुसणिट्ठुरेहिं...............६३०
खविऊण तयं कम्मं...........४२५
खंभे तलागमज्झे ................ .९०
खीरतरुसुहच्छाया ............८२२
खुड्डगपारिव्वाई .................. .९१
खुड्डगमंतिपरिक्खा ............. .८२
खेत्ताभोगे णाणं .................३०४

(ग)

गच्छंतेहि य दिट्ठं ................५७५
गणिए य अंकणासो..........११०
गणिया रहिए एक्कं.............११७
गद्दभ तरुणो राया .............११३
गमणं चवणुप्पाओ ............३१०
गमणं चिइवंदण................५९७
गयतुलणा मंतिपरिक्ख........ .८७
गयभिन्नो वियणाए ...........२६८
गयवाणरतरुपंखे...............८१७
गयसीसे वेयाली ...............७२२
गरुओ य इहं भावो ...........४७२
गलमच्छभवविमोयग० .......१८८
गंगातीरे सोत्तिय ................७४९
गंठिगसत्ता पुणबंध.............२५३
गंठीओ आरओ विहु० .......३८६
गंठी मुरुंड गूढं ..................११५
गंतव्वं सगईए.....................९६३
गंधव्वमुरवसद्दो.................... .६८
गंभीरदेसणाउ ...................७०२
गंभीरभावणाणा ................६८८
गंभीरमिणं बाला ...............९३५
गाम पलित्त विउव्वण.........३१८
गामाऽवरवणसंडं................. .६२
गिहमुद्दावत्तिग्गहकुरु ..........७२९
गीयणिवेयणमागम............८९३
गीयनिवेयणमागम.............९०२
गुणठाणगपरिणामे ...........६०२
गुणठाणगपरिणामे ............५४६
गुणठाणगपरिणामे ............५०३
गुणठाणगपरिणामे ............६०१
गुणरागो कायव्वो ......... .१०३८
गुरुणावि सुत्तदाणं .............. .२९
गुरुणो जहत्थवीणण ..........७६६
गुरुपुच्छगमण संपत्ति ........२८९
गुव्विणि विसज्जगाणं ........७३९
गेलण्ण मरण वत्था ...........४९६
गेवेज्जतियसगज्जण ............७९६
गोणत्तं विद्दाणा ..................९०५
गोणे णेत्तुद्धरणं .................१२०
गोलग जउमय णक्के............ .८९
गोसम्मि तहिं गमणं ...........२१८

(घ)

घडकारपुढविभाणं............१२७
घणमिच्छत्तो कालो ...........४३२
घयणेऽणामयदेवी .............. .८८
घाएह तयं अहवा...............३३६
घुट्टं च अहोदाणं................७२३

(च)

चउ कल पुच्छा जोइस........९८०
चउदसपुव्वधराणं ..............३८५
चक्केणवि कण्णाहरण ........ .१२
चच्चरमादिट्ठाण...................३१५
चम्मावनद्धदहमज्झ ............. .१३
चरणा दुग्गतिदुक्खं ...........५४७
चरमद्धादोसाओ ...............७६९
चरिमाइ कइ पिया ते .......... .७२
चरिमाए कोंचिगाओ ..........१७७
चलणाहण आमंडे .............. ५१
चलणाहणेत्ति तरुणे .........१४४

चलपासाएसु गया .............८१८
चलिया य जण्णयत्ता ........६५५
चंपा धण सुंदरि ताम० ........३०
चाणक्के वणगमणं .............१३९
चारग तुब्भे समणा ...........६१६
चित्तविणोए वाणर.............३२
चिंतेइ किं करेमी .............६३७
चेइयकुलगणसंघे .............४१९
चेइयदव्वविणासे..............४१५
चेइय साहारणं च .............४१४
चेडग निहाण लाभे ..........१०१
चेडी पेस अणिच्छे ...........७०५
चेडी पेसण पीती..............५२७
चोरनिरूवण इंदमह............२२
चोल्लगपासगधण्णे ..................५
चोल्लत्ति भोयणं बंभ .............६
(छ)
छट्ठोववासपारण ................६२७
(ज)
जइ एवं किं भणिया.........५०१
जइ एवं रिसिघाएवि .........४६६
जइ तस्सहावमेयं ...........१००७
जइ दारुं चिय पडिमं .........३४४
जइ सव्वहा अजोग्गेवि.....१००९
जउणावंके जउणाए ..........४५१
जक्खब्भत्थण विण्णवण ...१३०
जच्चंधो इह णेओ..............४७७
जणणीए पक्खोडिय .........५८४
जणणी पुच्छमणिच्छे..........२१६
जणदगसिंचण संका ......१०२२
जमिओ उ तइयजम्मे..........२६७
जमिणं असप्पवित्तीए ........३७५
जमुदग्गं थेवेणं ..................३५०
जयणा उ धम्मजणणी .......७७०
जयणाए वट्टमाणो ............७७१
जयणाविवज्जिया पुण .......७७८
जरखलणाए सरिसं ..........२८३
जलणडहणाण णवरं ........२७६
जवणीविक्खेवेणं..............३६५
जस्स जहिं गुणलाभो.........२१२
जह एसा वट्टंती ................७१२
जह कह साहुसमीवे........१०१६
जह खलु सद्धो भावो ........७८६
जह चेव चंदउत्तस्स ...........११६
जह चेव सदेसम्मी ............६६८
जह चेवोवट्टंती ..................७१३
जह चेवोवहयणयणो ........४४१
जह जोइसिओ कालं .........७७५
जह ठिइणिबंधणेसु ...........९१८
जह तम्मि तेण जोगा..........३७२
जह तेणमेसणा णो............६३९
जह पावणिज्जगुण० ..........२६२
जं अत्थओ अभिण्णं .........६१४
जं आणाए चरणं..............१८५
जं आणाए बहुगं ..............७८७
जं गुणति एवमेवं..............११५
जं दव्वखेत्तकालाइ ...........७७९
जं दव्वलिंगकिरिया ...........२३३
जं साणुबंधमेवं .................७७३
जं सो पहाणतरओ ............७३१
जाइणिमयहरियाए..........१०४०
जाणइ उप्पएण रुई ...........५१२
जाणण विज्जेस विमाण .....९८१
जाणविवत्ती फलगं ..............३१
जाणंतो वयभंगे.................५१३
जातिच्छिदाणधारा.............४५५
जायण दाण विग्गह गह .....६११
जाया य देहपीडा ..............६४६
जावज्जीवं एवं ..................६४४
जिणधम्मो सव्वोवि य .......५०५
जिणपवयणवुड्ढिकरं..........४१७
जिणपवयणवुड्ढिकरं..........४१८
जीए बहुतरास ..................७७२
जीवणदाणे पेसण ...............७७
जुज्झावेयव्वो कुक्कुडो .....५७
जुयधरकलहकुलेयर० .......८३७
जूयंमि थेर नियसुय..............९
जे पुण थेवत्तणओ ...........९१५
जे संसारविरत्ता ................८००
जो आणं बहु मन्नति ..........२४४
जोगियपासिच्छियपाड ............७
जोग्गं अतीयभावं .............४१६
जो मंदरागदोसो.................१८९
जो हेउवायपक्खंमि ...........८५४
(झ)
झुंटणतुल्ले धम्मो ..............५५१
(ट)
टाराधिवास पेसण .............१५५
(ठ)
ठवणकुलादिनिदंसण........२९०
(ड)
डिंभगवंदपरिगया .............५८८
(ण)
णइपूरकूलपाडण .............७९१
ण उ भावस्सीसिं पिहु ........६११
ण गणइ तं फरुसगिरं ........६३६
णगरी उ तामलित्ती ...........९८१
णग्गोहतले सवणं .............१०६
णट्ठं रायाहरणं ....................९२९
ण य अत्थंडिलभोगो .........६६२
ण य तत्तओ तयंपिहु .........४४०
ण य दुक्करं तु अहिगा० ......९२१
णासिक्कसुंदरी नंद .............१४१
ण हि एयंमिवि ण गुणो .....६७९
णाऊण अत्तरोसं ...............४५०
णाऊणमिणं पच्छा ............५६४
णाणंमि दंसणंमि अ ..........६७४
णाणस्स फलं विरई ...........४४८

णाणस्स होइ भागी ...........६८२
णाणी य णिच्छएणं ..........८८८
णाणे वंचिय पञ्च................ .९९
णायम्मिह पुण्णसारो...........३५२
णासिक्के नन्ददुगं ................५३१
णिमित्ते अत्थसत्थे अ .......... .४४
णियदेसागमणकहण.........७५७
णिवपत्ती णिव्विण्णा .........८९१
णिवपरिवारुवलंभा...........९५५
णिवमंतिसिड्डिपमुहा...........६९७
णिव्विण्णनंदिवद्धण .........६२३
णिव्वोदे पोसिय जार .........११९
णीया वड्णिसमीवं ............५७१
णेगंतेण चिय लोयणाय......८१२
णेरिसयाणं एसो ...............५६०
णो अण्णहावि सिद्धी ........१४४
णो सड्ढे थेरीपाय ...............५२२
(त)
तगराए इब्भसुओ...............४०६
तगराए रतिसारो ................२४५
तगराए वसुसुया ................४८१
तगराविहारउज्जेणीओ .........२८६
तच्चागगिहागमणे...............३१६
तणविज्झवणादीसु............३१९
तण्हाछुहाभिभूओ..............४०४
तत्तो आगमचिण्णव्वतो ......३८१
तत्तो उच्छुब्भंतो ................५९१
तत्तो उ पइदिणं चिय .........६७६
तत्तो कीडगभक्खण .........८२७
तत्तो चुया उ चंपा..............७२०
तत्तो पओसरण्णो ..............५२९
तत्तो मेंढगपेसण.................. .५६
तत्तो य कज्ज बुज्झण ........१७९
तत्थ य दसन्नकूडो .............२०९
तत्थ वसंताणं कह..............६१४
तत्थाभव्वादीणं .................२५६
तत्थोरगं सूयारी .................३०३
तद्देसे ससठाणे....................२७०
तन्निक्खेवो नियमा.............१८७
तन्निव्वत्तणचिंता ...............७०६
तन्नेहासयगहणं ..................७४०
तब्बंधूणभिहाणं .................१७८
तम्हा उ दुस्समाएवि ...........६७३
तम्हा भावो सुद्धो ..............२४३
तलघाय अच्छिपाडण ........२०८
तवखीण साहुदंसण ..........८९२
तव सुत्त विणयपूया ..........४८५
तव्वयणा गीओऽवि ...........७७४
तस्स परिवज्जणत्थं ............७५०
तस्स य धारिणि भज्जा .......६१९
तस्संपायणभावो ...............४५२
तस्साणयणं चातरु ............१५२
तस्सागिच्छण कहणा ........५३८
तस्सुवसमणणिमित्तं ..........९२७
तस्सेसो उ सहावो ..............३५९
तह किट्टलोहमयगा............५३२
तह चित्तकम्मदोसा............८०५
तह जह ण पुणो बंधइ .......६९२
तहभव्वत्तं चित्तं............. .१०००
तह भावसंजयाणं ..............७३३
तह मुयण सम्मचोयण .......६४१
तह यामच्चे राया ...............१३६
तह वासणातो णामं...........३०७
तहवि ण मणगुत्तीए ..........६५३
तह सप्पदंसणेणं................६४२
तह य अपच्चपुत्ते................१३८
तंबगकरंडि पट्टग...............५६३
ता आणाणुगयं .................९११
ता एयम्मि पयत्तो ..............२३४
ता ओहेणं इहयं..................९०७
ता कइयवि भवगहणे........२८२
ता जह सो असुइभया ........७५८
ता तस्स परिच्चाया ............६८३
ता दव्वओ य तेसिं.............८४३
तारिसयं चिय अह .............३४७
तावस किमिणा मूय० .......३०५
ता सुद्धधम्मदेसण .............८१९
ताहे अभित्थुणित्ता ............६३८
तित्थगराणामूलं.................६८०
तित्थयरजोग पुच्छा............३९९
तित्थयरपवयणसुयं............४२३
तित्थे सुत्तत्थाणं ................८५२
तिल्लसममाणगहणं .......... .५८
तिविह निमित्ता उवओ० ....७७६
तीए भणिया य गुरू ..........५७९
तीएवि तम्मि जत्तो .............६९०
तीएवि तस्स वहणं ...........५७७
तुच्छं कज्जं भंगे .................५१४
तुच्छा वग्गाणंपिहु .............८७५
तुट्ठो राया सव्वेसि .............. .७९
तुब्भेहिं गहियमुक्को.............६५७
तेणगरक्खसदंसण ............ .२४
तेणदुगे भोगम्मि ...............८०४
तेणेहिं गहियमुसिय............६५६
तेणोढा जणवाओ .............७२५
तेरसमम्मि य दियहे............३३५
तेविय जणपरिभूया ...........८२९
तेसिं खडा उ पायं .............८२३
तो सो सासणवण्णो ..........९०८
(थ)
थूभिंदे एक्कं चिय ...............१४९
थेरीए रायकहणं.................५२३
थेवोवि हु अतियारो ........१०१३
(द)
दइयाकण्णुप्पलताडणं व ...६६७
दइवपुरिसाहिगारे...............९९९
दक्खिणमहरा गोट्ठी...........५२१
दट्ठूण रायलज्जा ................४६२

दट्ठु पुरिसमेत्तं दूरे ...............८६३
दव्वादिएहिं जुत्तस्स ...........७८५
दव्वादिया न पायं ..............६६६
दंगियपुत्ता गोहरण .............२२९
दंता पुक्खरणीओ .............२१०
दंसण संपत्ती भव..............९९५
दाणपसंसाईहिं ..................८७८
दाणाइभेयभिण्णो ..............५७२
दाणुवभोगाणिहि० ............३५३
दारिद्दकुलुप्पत्तिं ...................४०५
दारुयमाईणमिणं ...............३४२
दासो मे आणत्तिं ...............५०८
दिट्ठम्मि एत्थ जोगा ............३३७
दिट्ठो उस्सग्गठिओ ..............६५१
दिन्ना पुत्तो राया ..................२४८
दुज्जम्मजायमेसो .................६५८
दुण्हवि जहजोगत्तं .............२२०
दुप्पसहंतं चरणं ..................८१०
दुस्सीलगारिभियगे० ..........५७६
दूयापुच्छा रण्णो ..................३६२
दूरनिहित्तंपि निहिं ..............१६०
देव इह सव्वसारं ...............३३४
देवयकंदण सच्चा .............७४६
देवय जोइय पिडिया..........५८७
देवहरयम्मि देवा .................४११
देवीए सप्पभक्खण ............५३०
देवी दोहल थंभप्पासाय....... .२०
देवी य पुप्फचूला ...............१३१
देवी य पुप्फचूला ..............५४०
देवो नामणगारो .................४२१
देसण निवसंबोही...............७०८
देसविरइगुणठाणे ...............७३०
देह इमं गच्छ निवं .............३८०
देहत्थपीडाणाया.................५३९
देहाऽसामत्थम्मिवि..............६६५
दो थूलभद्दसीसा ..................२०३
दोसाओ य णराणं .............७६१
दोसा जेणं निरुब्भंति.........७८३
दोसावेक्खा चेव ...............४३७
दोसो उ कम्मजो च्चिय ......४७३

( ध )

धणदत्तसुमित्थी.................१३४
धणपुत्तसंखधूया ...............५५३
धण्णाइसुविगच्छा .............११४
धण्णेति भरहधण्णे ................८
धम्मकरणेण भोगी ............१६०
धम्मट्ठाणमहिंसा ................१८३
धम्मरुई णामेणं..................६४५
धम्मो मे हारविओ ............... .७६
धंखा वावीय तडे ..............८२४
धिज्जाइसामलिज्जो.............६४०
धी भवठिई अणसणं .........९९४
धूलिक्किरियामाणं ..............१५४

( न )

न चएंति एत्थ गमणं..........२९७
नणु सुद्धाणाजोगा .............३८७
नमिऊण महावीरं.......................१
न य एव लोगणीई.............३४५
नरसुंदरवुत्तंतं .................. .१०१४
नवरं पवेसिऊणं ................९२०
नवि किंचिवि अणुणातं......७८०
न सुहा एसा विन्ना ............१५३
न हि जोगे नियमेणं ...........३४३
निच्चलचित्ता साहण .........८९४
निच्छयओ पुण एसो..........४३३
निट्ठीवणाइकरणं ...............४१०
निप्फत्ति पसवनव० ...........३११
निवतोस एरिसच्चिय..........७०७
नो परलोओ न जिणा ........४३६

( प )

पइरिक्के पुच्छा कह ............३३२
पउमागरा अ पउमा ...........८२८
पक्खदुगं दिणराई ............... .६५
पक्खंतरणायं पुण .............३५७
पच्चग्गकयंपि तहा ............४५७
पच्चंतविग्गहजए ................२८५
पच्छा ण केणइ ततो..........२९५
पच्छा भज्जारूवं ................६५२
पच्छायावाइसया ...............४६४
पच्छायावो बोहणमेसा........७५६
पट्टगसरिसी आणा.............५६९
पट्टवणमागयाणं.................७४४
पडजुण्णादंगोहलि ............... .८३
पडिबंधवियारम्मि य ..........३९२
पडिबंधोवि य एत्थं............२६१
पडिवण्णमिणं तेणं ...........५५६
पडिवालणं तु रण्णो ..........७००
पढमस्स संकिलेसो ...........४८७
पढमं दुवारघट्टण ...............२९१
पढमाए उज्झियाते .............१७५
पणिए पभूतलोमसि............ .८०
पतिदुग तुल्ल ण परिच्छा ...... .९४
पत्ताइं तओ एवं..................५९२
पत्तीए रयणसारं .................८९७
पत्तेयं अप्पिएणं...................१७४
पन्नवण किं करेमि..............७१३
पन्नवणमप्पमासण ..............१५९
पयवक्कमहावक्कत्थ ............८६०
परतीर वहण भंगे ...............७१०
परमाणु खंभ पीसण............ .१५
परमुवयारी ताओ ................२४६
परिणामविसेसेणं.................४२०
परिणामिया य अभए..........१२८
परिणामिया य महिला ........१४३
परिणीया जम्मंतर ...............७२१
परिवालण आराहण ...........४०२
परिसुद्धाणाजोगा ...............३२३
पवए तरंडचागा..................१२५

पव्वज करण कालेण .....१०१५
पसयच्छि ! रतिवियक्खं .....७२६
पाडलिपुत्त हुयासण ..........२७४
पाडलिपुत्ते महागिरी ..........२०२
पाणगदव्वंति तहिं ............६२८
पायद्धगुणविहीणा ............११७
पायमणक्खेयमिणं ............२३२
पालिज्जय परिसुद्धे ............४५१
पावे अकरणनियमो...........६१६
पिट्टूण बोले राया...............५०१
पितिसम उज्जेणीगम ............५३
पीडंतराय न अडण............२१३
पुच्छण चिता गोट्ठी ............५२४
पुच्छा किं णो पढमं ...........३८२
पुच्छा न केणई ततो ..........२९५
पुच्छा साहण पावा ............९०४
पुच्छा साहु निमित्तं ..............५४
पुढवीदरिसणविउलं.............६७
पुत्ते सवत्ति माया.................९५
पुरिसं तस्सुवयारं ...............२३७
पुव्वमदिट्ठमस्सुयमवे०..........३१
पुव्विं दुच्चिन्नाणं.................५४२
पुव्विं सरूव पच्छा.............६०६
पुहविपुरम्मि उ पुण्णो ........८४५
पूजत्ति आहु पायं...............९६६
पूजा महंत सेट्ठिमि० ...........५२०

(ब)

बज्झेयरचिट्ठाणं .................९६८
बडु सवरासय तग्गम .........७१५
बब्भिंदभोग चवणं............९८६
बब्बर पुलिंद चंडाल...........३९८
बहि चेईहर अभि अमिय.....७४८
बहुकुग्गहम्मिवि ................८५०
बहुगुणविहवेण .................११३
बहुजणपवित्तिमेत्तं ............११०
बहुवाणरमज्झगया ............८२०
बहुसोवि मरि सियालो .......७२८
बंभसुरमहुरराया ...............७९५
बालगिलाणाईणं ...............६२४
बालस्स साहुदंसण०..........४०१
बावीसेहि ण विद्धा ...........९४०
बाहिंमि दीसइ इमं .............३२४
बीएसु करिसगो .................८३०
बुज्झति य जहाविसयं........१६८
बुद्धिजुआ खलु एवं ............३७
बुद्धिजुओ आलोयइ ..........१६७
बेइ गिरं धिय मुंडिय ..........६३५
बेइ गिलाणो पडिओ .........६२६
बोल्लेमि य जं उचियं..........९६४

(भ)

भक्खामि णिच्चमुच्छं ........७५४
भगवंत कहणमाया ...........२८०
भणिओ तीए कहिं सो .......५५८
भण्णइ अप्पडियारो...........४६७
भण्णइ जहोसहं खलु ........३८१
भत्तीए बुद्धिमंताण .............१६२
भरनित्थरणसमत्था .............४३
भरहसिल पणिय रुक्खे........४०
भरह सिल मिंढ कुक्कुड ........४१
भरुयच्छे जिणधम्मो ..........५०६
भवदुक्खं जमणंतं .............९२२
भवसुट्ठितप्परित्तीकरणं .......४८८
भवहेउ णाणमेयस्स...........४४६
भावब्भासाहरणं ................९८८
भावविद्याणणकित्तिम .......७१६
भावाणाबहुमाणाओ..........२३१
भावाणा पुण एसा ............२५१
भिन्ने तु इतो णाणं .............३७४
भुक्खाकच्छगे कक्कडि.......९९२
भुजग्गह तत्तो देवि ...........७२७
भयंग तव्वेस णास ............१००
भूसिय जंपाणगओ ............९५७
भोगो विज्जाहरसाहणेहिं......९८५
भोयणरसण्णुणोऽण्णुव० .....६७१

(म)

मउईएवि किरियाए............८०१
मग्गण विप्पडिवत्ती...........५११
मग्गणुसारी सद्धो ..............१११
मग्गण्णुणो तहिं ................१४५
मग्गंमि मूलकंडरि...............९२
मग्गे य जोयइ तहा ...........८८१
मज्झंपि एस वाही ..............३१४
मणगुत्तिमाइयाओ .............६०४
मणगुत्तीए कोई.................६५०
मणि पन्नगवच्छाओ ..........१४६
मणुयत्तं जिणवयणं...........७८१
मन्ना माणेयव्वा .............१०३७
मय विगम लेह कोवे .........९११
महिला इव स विलोठो ......५८१
महुराए जियसत्तू...............४५८
महुसित्थकरुब्भामिय ...........९६
महुसित्थमुद्दियंके .................४२
मंगलपाहाउयसद्द ..............७६५
मंजूसाए पक्खस्स ..............३३३
मंडल सिद्धी रन्नो ..............१५१
मंडलिणिसिज्जअक्खा .......८५८
मंडुक्क सप्प कुर रज्ज .......१०२७
मंडुक्क इव लोगो ............१०२८
मंतट्ठि हरिय घायत्थ..........९७८
मंतागयरयणाणं ...............४६१
मंतिणिवेयणजाणण..........९५६
मंतिस्स मारि पडणं............३३१
माउलके संवड्ढण०............६२०
मायापिइपडिवत्ती..............९५४
मायापिईहिं भणिओ ..........९६२
मायापिउणा भणिओ.........९६२
मारइ विसलेसोऽविहु .........४६८
मारेंति दुस्समाएवि............८०१

मा रूस णत्थि एत्थं ..........१८२
मालालुगप्पभोगा ..........९६१
मासतुसादीयाणं ..........१९३
मा सुण लोगस्स तुमं..........६२१
मिच्छत्त सङ्किहासो ..........२०७
मिच्छादुक्कडसुद्धं ..........२७२
मिलणं गुरुबहुमाणो..........७६७
मुद्दिय पुरोह णासा .......... ९७
मूइंगलियारक्खण ..........४२७
मेहकुमारो एत्थं ..........२६३
मेहकुमारो नामं..........२६५
मोत्तियउक्खेवेणं..........१२४
मोहक्खलणसमाणो ..........३२१

(र)

रण्णो अंगयदरिसण ..........७४७
रण्णो कोवो एयं वितहं .......... २६
रण्णो दियाइगहणं..........८३६
रण्णो विम्हय तोसो ..........३६६
रन्नो भावपरिन्ना..........५२५
रयणत्थिणोऽतिथोवा ..........११२
रयणेत्ति भिन्नपोयस्स .......... १०
राईए भुंजंतो..........५९३
रायकुमारावेयण..........२९४
रायकुमारे चिंता ..........२९८
रायगिहे धणसेट्ठी..........१७२
रायगिहे सेणिए ..........२६४
रायणिवेयण दंसण ..........९५९
रायणिवेयण पडहग ..........८४६
रायनिवेयण दोसो ..........५२८
रायपुरोहियपुत्ता..........२८७
रायसवणम्मि पुच्छा..........३५४
रायसुओ उवसंतो ..........७९०
रायसुओ इह साहू..........९४२
रायसुया उ परीसह..........९४३
राया दंसण मग्गण० ..........९९३
रायापुच्छणमेगो..........३६४
राया रइबीएणं.......... ७३
रिसिमित्तदंसणेणं ..........९०१
रुक्खे फलपडिबंधो .......... ८१
रुद्दो खलु संसारो..........११४
रुद्दो य इमो एत्थं ..........३८३
रुद्दो सिक्खवणाए..........३९५

(ल)

लक्खणरामे देवी ..........११४
लद्धं च णेण कहवी..........६६१
लद्धूण माणुसत्तं .......... ३
ललियं गब्भुवगम..........९८२
लाभग चेयग भोगी ..........९५८
लावेसूसासाणा ..........५०७
लिंगाण तीए भावो..........२५७
लेसुवएसेणेते ..........१०३९
लेहे लिवीविहाणं ..........१०९
लोउत्तरं पि एत्थं..........३८४
लोउत्तरा उ एए..........८८४
लोगपसंसा सव्वण्ण० .......... ३४
लोगमिणणम्मि वयणं ..........५७८
लोयम्मिवि अत्थेणं..........८८५
लोयावन्ना पुच्छा..........४२६
लोलणपुच्छा भावा ..........५१०

(व)

वइरंमि संघमाण ..........१४२
वक्खाइ सद्दओ जं..........८८६
वडवद्दे सच्चो खलु..........५१६
वड्डइ रहाइ दारु..........१२६
वणिकन्न रायरागे ..........२४७
वयगुत्तीए साहू..........६५४
वयणं तोसा अकरण०..........७०३
वयपरिणामे चिंता ..........१७३
वरदत्तसाहु इरिया..........६०८
ववहारओ उ जुज्जइ ..........९५२
ववहारओ णिमित्तं ..........३२६
ववहारओ पसिद्धा..........९६७
वसुदेव पुव्वजम्मो ..........६१८
वालुगवरहाणत्ती .......... ५९
वासे थंडिलकरणं ..........२६९
वाहिम्मि दीसइ इमं..........३२४
वाहिविहाणं वेज्जा..........३१३
विज्जाहर खिंसा माणुसो ..........९८४
विणयरओ उ उदाई ..........४९२
विम्हय देवय कहणा ..........८०७
विम्हय वंदण पुच्छा..........३०६
विरलतरा तह केई ..........८१९
विरलाणमलिंपणया ..........८२१
विलितो रायणुसासण..........२९६
विवरीय विगल किरिया ..........२८१
विसयपडिहासमित्तं ..........३७३
विसयब्भासाहरणं ..........९७१
विहिणा गुरुविणएणं .......... २७
विहिणाणुव्वयगहणं..........५७३
विंतर जाइविसाओ ..........५९४
वीसउरीए पयडो..........५६२
वीसत्थभासियाणं..........७४२
वीसासाणण पुच्छा.......... ७८
वेणइयाइ णिमित्ते ..........१०७
वेमाणियऽसुहमाणु० ..........४२८
वेयड्ढ नयन कूडे..........३२०
वेयरहस्सपरिच्छा ..........१६९
वेयावच्चं न पडति..........२३५
वेसमणे अहिलासे ..........१५८
वेसविवज्जासम्मिवि..........८६४
वेसालि वासठाणं..........४५४
वेसाली जियसत्तू..........३३०
वेहपरिणामरहिते ..........३७१
वोच्छं उवएसमए.......... २
वोसिरणा अंधारं..........६४७

(स)

सइ एयम्मि विचारति ..........५४१
सइ गरहणिज्जवावार ..........७३४

सक्कारंति य सोवण ............. .६९
सज्झस किमिदं देवो.......... .३३८
सज्झायभूमि खुड्डुग ........... .४९०
सज्झायाइसु जत्तो............. .६७५
सत्तीए जतितव्वं ................ .२०१
सत्थत्थि माहणपुरे ............. .९४७
सत्थभणिएण विहिणा ...... .७५९
सत्थि मईण माहण ............ .९०३
सत्थो लग्गपरिच्छा ............ .१०४
सदसदविसेसणाओ........... .४४४
सद्दाविऊण भणिओ .......... .५६५
सद्धातिसया दंसण ............ .७२४
सद्धो पण्णो राया.............. .९२४
सप्पत्ति चंडकोसिग............ .१४७
सफलो एसुवएसो.............. .४९९
समणीयंपि जरुदये............. .२८
समिओ नियमा गुत्तो.......... .६०५
सम्मकिरियाए जे पुण......... .१९२
सम्मत्तं पुण इत्थं.................. .१९
सम्मं अण्णायगुणे ............. .६८९
सम्माणुट्ठाणं चिय ............. .११७
सम्मे कुंतलदेवी ................. .४९५
सययब्भासाहरणं............... .९५३
सयसाहस्सी धुत्तो .............. .१०६
सरडऽहिगरणे सन्ना ............ .८४
सवणमवंतिसुकुमाले.......... .२१५
सव्वट्ठायर उज्झाय० .......... .७९७
सव्वत्थ माइठाणं ................ .५४४
सव्वप्पवायमूलं .................. .६९५
सव्वम्मि चेव कज्जे............ .१६५
सव्वस्सेणं जूयं.................. .५१८
ससरक्खविज्जमादि ........... .८९५
सहकारि कारणं खलु......... .५००
संकासु गंधिलावइ.............. .४०३
संखो कलावई तह ............ .७३७
संखो नामेण निवो............ .७३८
संगच्छण जहसत्ती............. .९३१
संगय साहू कारणिय ......... .६१३
संघाडग सज्झिलगा........... .२७५
संथारपरावत्तं ..................... .२२३
संपुण्णेहिं जायइ ............... .८६१
संमुच्छिमयाओ सवण......... .९००
संमोहसत्थयाए................... .११०
संहरणरूवदंसण ................ .६१२
सा एयम्मि महबलो ........... .३६१
साकेए रायसुया ................ .६९८
साणागिई तओ खलु .......... .५५४
सा णिच्छए विसण्णो ......... .६२२
सा पुण महाणुभावा .......... .४७५
सामंताईयाणवि ढुक्कं.......... .८४७
सावत्थी सिद्धगुरू ................ .३३
सावय वयंसिरागे................ .१३५
साहणग दिट्ठपुव्वा ............. .५३५
साहणमप्पत्तियणं............... .३१२
साहाविओ य वयपरि० ...... .५१५
साहुत्ति महापूजा................ .३६७
साहुपरिग्गह संथण ............. .७५
साहुपदोसी खुद्दो ............... .३९४
साहुवगारित्ति अहं ............ .६३१
साहुसमीवे गमणं............... .४६३
साहू य णंदिसेणे ............... .१३३
सिक्खा य दारपाठे ............ .१०२
सिट्ठे णत्थि उवाओ तं ........ .८४८
सिद्धीए साहगा तहू० ......... .९३६
सिद्धा य केवलसिरि....... .१०३१
सिरिउरणगरे णंदण ........... .५५०
सिरिउरसिरि महसोमा ........ .५४९
सीआ साडी दीहं च............. .४५
सीतग्गहसंपाडण............... .६६३
सीता साडी कज्जं .............. .११८
सीयल विहारओ ............... .४२२
सीसविसेसे णाउं ............... .८५९
सीहो वणमज्झम्मी............ .८२६
सुगणिहि कुंडल सोधम्म..... .९७३
सुगमरण रायपत्ती.............. .९७५
सुत्ता अत्थे जत्तो............... .८५६
सुत्तुट्ठियचिंतण.................. .९४८
सुत्ते तह पडिबंधा ............. .७७७
सुद्धाणाजोगाओ ............... .३६९
सुद्धुंछाइसु जत्तो................ .६७८
सुमिणंमि चन्दगिलणे .......... .११
सुमिणो य चरमजामे ......... .७६४
सुव्वइ दीसइ किंची ........... .६१५
सुविगा पुरंदरजसा ............ .९७४
सुव्वइ निवस्स पत्ती ........... .८१०
सुव्वइ य तेणणायं............. .२२६
सुव्वति दुग्गयनारी .......... .१०२०
सुव्वंति य गुणठाणग......... .५४८
सुहभावपवित्तीओ ............ .४०९
सेट्ठीस्स विम्हओ खलु......... .२०५
सेट्ठीपवास भज्जा ............... .१२९
सेवेयव्वा सिद्धंतजाण० .. .१०३५
सेसाण लेट्ठुखेवे ................. .४६१
सो तज्जएण सइ ................ .९४१
सो तम्मि तव्विवागा........... .४२४
सो पुण उस्संघट्टो.............. .५५५
सो माहणेरिसच्चिय ........... .५६१
सोवि य न एत्थ सवसो ... .१०२९
सोहम्मभोगचवणं .............. .९७९

(ह)

हत्थंगुलिदुग घट्टण ............ .८३५
हरिसो मज्झत्थत्तं .............. .२२८
हिंसिज्ज ण भूयाइं ............ .८६६
हेराण्णिए करिसए.............. .४७
हेराण्णिओ हिरण्णं............. .१२२
होति अकालपयोगो........... .४३१

卐 समाप्त 卐

સિદ્ધાંતમર્મજ્ઞ પૂજ્યપાદ આચાર્યદેવ

# શ્રીમદ્ વિજય રાજશેખરસૂરીશ્વરજી મહારાજ

આદિ દ્વારા લેખિત-સંપાદિત-અનુવાદિત પ્રાપ્ય પુસ્તકો

## સંપૂર્ણ ટીકાના ભાવાનુવાદવાળા પુસ્તકો

- પંચસૂત્ર
- ધર્મબિંદુ
- યોગબિંદુ
- પ્રતિમાશતક
- ઉપદેશપદ
- આત્મપ્રબોધ
- પાંડવ ચરિત્ર
- શ્રાદ્ધદિનકૃત્ય
- વીતરાગ સ્તોત્ર
- અષ્ટક પ્રકરણ
- યોગદૃષ્ટિ સમુચ્ચય
- પંચવસ્તુક ભાગ-૧-૨
- ભવભાવના ભાગ-૧-૨
- શ્રાદ્ધવિધિ પ્રકરણ
- પ્રશમરતિ પ્રકરણ
- શ્રાવક ધર્મવિધિ પ્રકરણ
- ઉપદેશમાલા (પુષ્પમાલા) ભાગ-૧-૨

## ગુજરાતી વિવેચનવાળા પુસ્તકો

- પ્રભુભક્તિ
- શ્રાવકના બારવ્રતો
- જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ
- પ્રભુભક્તિ મુક્તિની દૂતિ
- શત્રુંજય તીર્થ સોહામણું
- આહાર શુદ્ધિથી આત્મશુદ્ધિ
- ચિત્ત પ્રસન્નતાની જડીબુટ્ટીઓ
- સ્વાધીન રક્ષા- પરાધીન ઉપેક્ષા
- તપ કરીએ ભવજલ તરીએ (બાર પ્રકારના તપ ઉપર વિસ્તારથી વિવેચન)
- આધ્યાત્મિક પ્રગતિનાં પાંચ પગથિયાં
- ભાવના ભવ નાશિની (બાર ભાવના)
- એક શબ્દ ઔષધ કરે, એક શબ્દ કરે ઘાવ

## અભ્યાસી વર્ગને ઉપયોગી પુસ્તકો

- સિદ્ધહેમ શબ્દાનુશાસન (મધ્યમવૃત્તિ ભાગ-૧-૨-૩)
- તત્ત્વાર્થાધિગમ સૂત્ર (મહેસાણા પાઠશાળા દ્વારા પ્રકાશિત)
- તત્ત્વાર્થાધિગમ સૂત્ર (પોકેટ બુક)
- વીતરાગ સ્તોત્ર (અન્વય સહિત શબ્દાર્થ-ટીકાર્થ)
- વીતરાગ સ્તોત્ર (અન્વય સહિત શબ્દાર્થ-ભાવાર્થ)
- જ્ઞાનસાર (અન્વય સહિત શબ્દાર્થ-ભાવાર્થ)
- અષ્ટક પ્રકરણ (અન્વય સહિત શબ્દાર્થ-ભાવાર્થ)
- પ્રશમરતિ પ્રકરણ- અન્વય સહિત શબ્દાર્થ-ભાવાર્થ
- સંસ્કૃત શબ્દ રૂપાવલી
- સંસ્કૃત ધાતુ રૂપાવલી- કૃદન્તાવલી

## સૂત્રોના અનુવાદવાળા પુસ્તકો

- ચૈત્યવંદન મહાભાષ્ય
- યતિ લક્ષણ સમુચ્ચય
- હીર પ્રશ્ન

## શ્રી અરિહંત આરાધક ટ્રસ્ટના આગામી પ્રકાશનો

- શ્રાવક પ્રજ્ઞપ્તિ સટીક ભાવાનુવાદ
- આચાર પ્રદિપ સટીક ભાવાનુવાદ

## સંસ્કૃત પ્રાકૃત પ્રત-પુસ્તકો

- अष्टादश सहस्त्रशीलाङ्गग्रन्थ
- सिरिसिरिवालकहा
- श्राद्धदिनकृत्य • आत्मप्रबोध


: પ્રાપ્તિસ્થાન :

**શ્રી અરિહંત આરાધક ટ્રસ્ટ**

C/o. હિન્દુસ્તાન મીલ સ્ટોર્સ, ૪૮૧, ગની એપાર્ટમેન્ટ,
રતન ટોકીઝ સામે, મુંબઈ-આગ્રા રોડ, ભિવંડી-૪૨૧૩૦૫.
ફોન : (૦૨૫૨૨) ૨૩૨૨૬૬, ૨૩૩૮૧૪



'ભરત ગ્રાફિક્સ'-અમદાવાદ. ફોન : (મો) ૯૯૨૫૦૨૦૧૦૬, (૦૭૯) ૨૨૧૩૪૧૭૬.